શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ 

પૂર : ૨૨,૨૩

શ્રીસ્વામિનારાયણ મંદિર - જેતલપુરધામ

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX





ભાગ-૯

(પૂર - ૨૨, ૨૩)

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૨, આસો વદ-૩૦, દીવાળી, ૩૦/૧૦/૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦


કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-32-1



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **નવમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



પ્રસ્તાવના

અનંતકોટિ બ્રહ્માંડના આધાર અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ અક્ષરમુક્તો સાથે અવની ઉપર પ્રગટ થયા. અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવા માટે તેઓએ જે જે નરનાટન કર્યું, તે સર્વને સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં અનુપમ ન્યાય આપ્યો છે.

આપણે જાણીએ છીએ કે, 'કોઈ એક જ સંતની કલમે શ્રીસ્વામિનારાયણ પરમાત્માના સહુથી વધુ ચરિત્ર કે ઉપદેશ ભાગ લખાણા હોય તો તે સંત છે સદ્.શ્રીઆધારાનંદસ્વામી.' આ સત્સંગ સમાજ ઉપર સ્વામીશ્રીનો અવર્ણનીય ઉપકાર છે.

જેમ પ્રચંડ ગરમીમાં વરસાદ થાય તો સર્વત્ર શીતળતા લહેરાય, આખી પૃથ્વી હરિયાળી બની જાય, જીવ-પ્રાણી માત્રને આનંદ આનંદ થઈ જાય; તેમ જ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન જ્યારથી પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારથી સર્વે મુમુક્ષુઓના અંતરમાં સુખ-શાંતિ અને આનંદ વધતા રહ્યા છે.

શ્રીહરિનાં દર્શન, સ્પર્શ, સેવન, ચરિત્રો અને સાનિધ્ય ધરતી પરનું દિવ્યામૃત છે. તેમાં પણ શ્રીહરિવરનાં વચનો વેદ, વેદાંત, ગીતા અને ભાગવતાદિક સર્વે શાસ્ત્રોનાં સારરૂપ છે. અને તમામ જીવોના અનાદિ અજ્ઞાનને ટાળી મહામુક્ત બનાવનારી સ્વામિનારાયણીય ઉન્મત્તગંગા છે.

આવા શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્ર અને ઉપદેશામૃતનો સહુથી વધારે સંગ્રહ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં કરેલો છે. સદ્.અ.મુ.શ્રીમુક્તાનંદસ્વામી, સદ્.અ.મુ.શ્રીગોપાળાનંદસ્વામી વગેરે ચાર પરમહંસોએ મળી **"વચનામૃત"** ગ્રંથની રચના કરી છે. આ નવમા ભાગમાં પ.પૂ.આધારાનંદસ્વામીએ શ્રીજીમહારાજના વચનામૃતોનો નજરે જોયેલો-સાંભળેલો એવો ખુલાસા સાથે વિશેષ પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રંથમાં લખાયેલા પુરુષોત્તમનારાયણની પરાવાણીરૂપ વચનોનું મનન કરી નિચોડ કાઢીએ તો પાંચ વાત ઉડીને આંખે વળગે છે. ૧. શ્રીહરિના વચનરૂપ **ધર્મ**, ૨. આત્માનિષ્ઠારૂપ **જ્ઞાન,** ૩. ભગવાન સિવાયની તમામ વસ્તુમાં અરુચિરૂપ **વૈરાગ્ય,** ૪. હરિવરમાં સમહિમ પરાપ્રીતિરૂપ **ભક્તિ,** ૫. પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો યથાર્થ સર્વોપરી **નિશ્ચય** અને નિશ્ચયમાં પણ સહુથી અગત્યની વાત એ છે કે, 'જે ભક્ત ભગવાનને જેવા સમજે તેવો તે મુક્ત બને છે.' આ ગ્રંથના ૧૫/૮૫ માં સ્વામી કહે છે,

सर्वोपरि जानत हरि कु जेता, सर्वोपरि होई जावत तेता;
भगवान ताकु ही जिस रीता, जानत जन होत तिस रीता...११

જે મનુષ્ય જેવી રીતે ભગવાનને સમજે છે તેવો તે પોતે થઈ જાય છે. કેમ જે, જે ભગવાનને સર્વોપરિ જાણે છે તે પોતે સર્વોપરિ મહામુક્ત થઈ જાય છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સર્વોપરી ઉપાસનના સેતુ સમાન આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના ભાગ-૯ માં પૂર ૨૨-૨૩ નો સમાવેશ કરેલો છે. શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા સમજવા, અને દઢ કરવા માટે આ ગ્રંથનું પઠન-પાઠન અતિ આવશ્યક છે. સંશોધિત ગુજરાતી અનુવાદ સાથેના આ ગ્રંથનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્યભાગી બનાવીએ; એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ-કુંડળધામના
ભાવભીના જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

મારા પ્રાતઃસ્મરણીય ગુરુ પૂજ્યપાદ સદ્‌ગુરુ પુરાણી શ્રીત્રિકમચરણ-દાસજીસ્વામી ઘણીવાર મુખથી બોલતા કે,

सत्संगश्च विवेकश्च निर्मलं नयनद्वयम्।
यस्य नास्ति स्वयं सोऽन्धः कथं न स्यात् कुमार्गगः॥

સત્સંગ અને વિવેક, એ બે મનુષ્યજીવનમાં નિર્મળ નેત્ર છે. તે બે જેને ન હોય તે સ્વયં અંધ છે. આવા લોકો કુમાર્ગે કેમ ન ચાલે ? આવા લોકોને આનંદ આપવા આ ગ્રંથમાં સદ્‌.શ્રીઆધારાનંદસ્વામીએ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ શ્રીહરિનાં ચરિત્રોને, તેમની મૂર્તિને સમાન ગણાવ્યા છે. અને સાથોસાથ અનંત વાર પ્રતિપદ સત્સંગનું ગૌરવ ગાયું છે. સ્વામી લખે છે કે,

उद्धार होनेके एक हे द्वारा, सत्संग नाव नविन अब वारा।
एसे नाव कबु न बनेऊ, आगबोट रहेउ निरभेऊ॥१२॥
दोहा : वा सडक की गाडी सम, सत्संग अब रहेउ।
एसे सत्संग न सुने कबु, आज दिन लग तेऊ॥१३॥

(પૂર-૨૩/૮૦)

અત્યારે તો સંસાર સાગરથી જીવનો ઉદ્ધાર કરવાનું એક જ દ્વાર છે. અને તે સત્સંગરૂપી નવું બનાવેલું વહાણ છે. આવું બીજું કોઈ વહાણ ક્યારેય બન્યું નથી. આ સત્સંગ તો નિર્ભય આગબોટ છે, અથવા તો સડક ઉપર ચાલતી નિર્ભય ગાડીના જેવો છે. આવો સત્સંગ આજ દિવસ સુધી ક્યારેય સાંભળ્યો નથી. ગમે તેવાં ઘોર પાપ કર્યાં હોય, તોપણ જીવ જો સત્સંગ કરે છે, સત્સંગને શરણે આવે છે અર્થાત્ શ્રીહરિને શરણે રહીને તેમનો આશ્રિત-સત્સંગી થાય છે, તો તે બધાં જ પાપોથી છૂટી જાય છે. અને શ્રીહરિના આશ્રયના પ્રતાપથી જન્મ-મરણ, લખચોરાશીમાં ભ્રમણ અને યમયાતનાથી મુક્ત થઈને શ્રીહરિના અક્ષરધામને પામે છે. લગભગ બધા જ સત્ત્વગુણ પ્રધાન જીવોના દિલમાં કાળ, માયા, પાપમય કર્મ અને યમયાતનાનો ભય તો રહેતો જ હોય છે, પણ ઉપર કહ્યો તેવો સત્સંગ જીવને થાતો નથી, ત્યાં

સુધી તે મુમુક્ષુ મુક્ત થાતો નથી. પ્રસ્તુત ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ વર્ણવેલી બાબતમાં ત્રણ વસ્તુ મુખ્ય છે. તેમાં એક શ્રીહરિનું સ્વરૂપ, બીજી તેમની મૂર્તિના જેવાં જ અનુપમ ચરિત્ર અને ત્રીજી વસ્તુ છે સત્સંગ અર્થાત્ વ્રતમાન-નિયમ ધારીને શ્રીહરિને શરણે થાવું.

સત્સંગ માનવજીવનમાં સર્વોત્તમ નેત્રના સ્થાન સમાન છે. સત્સંગ અને વિવેક નિર્મળ બે નેત્ર છે. ભાગવતમાહાત્મ્યના અધ્યાય-૨/૭૬માં નારદજીએ સનકાદિકોની આગળ સત્સંગનો મહિમા બતાવતા કહ્યું છે કે,

भाग्योदयेन बहुजन्मसमर्जितेन, सत्सङ्गमं च लभते पुरुषो यदा वै।
अज्ञानहेतुकृतमोहमदान्धकारनाशं विधाय हि तदोदयते विवेकः॥

અનેક જન્મનાં ભેળાં થયેલાં શુભકર્મોનો જ્યારે એક સામટો ઉદય થાય છે ત્યારે જ મનુષ્યને સત્પુરુષનો સમાગમ મળે છે. અને સત્સંગ મળ્યા પછી તેના પ્રભાવથી અજ્ઞાનને લીધે થયેલા મોહ અને મદરૂપી અંધકારનો તત્કાળ નાશ થાય છે. પછી વ્યક્તિને સત્ય-અસત્યનો વિવેક થાય છે. સિદ્ધાનંદસ્વામી કહે છે કે, તેથી જ શ્રીહરિએ વિવેકને સર્વાંતર્યામીની જેમ જ પ્રધાનતા આપી છે. "જેમાં જેટલો વિવેક હોય તેટલો તે ઉત્તમ કહેવાય છે. વિવેક ચિંતામણિ અને કલ્પતરુના સમાન છે. વિવેક મોટામાં મોટો ખજાનો છે, નિધિ છે. જપ, તપ દ્વારા ભગવાન મળ્યા હોય પણ વિવેક ન હોય તો તેનો કશો ઉપયોગ થઈ શકતો નથી. પ્રમાણભૂત અને વિવેકયુક્ત વાતને જ સન્માર્ગ કહેવાય છે. બીજો બધો અસન્માર્ગ કહેવાય છે." (હ.ચ.સા.૨૩/૭૮/૧૧-૧૪)

જેમાં જેટલો વિવેક હોય તેટલો જ તે મનુષ્ય કહેવાય છે. આવા વિવેકના સ્વરૂપનું ફળ બતાવતા શ્રીહરિ કહે છે કે, "લોકો વિવેક વગરની જે વાત કહે છે તેને અંતરના નેત્ર હોતા નથી. માટે તે અંધ છે, પશુતુલ્ય છે. તેથી જ તે જ્ઞાન મેળવ્યા પછી પણ નિરંકુશ થઈને વર્તે છે. માટે તે પાપીમાં પણ અધિક પાપી છે. સત્ય જ્ઞાન આપવા માટે જ અપાર ગ્રંથો રચ્યા છે. પણ જે ચંડાળ જેવા હોય છે તે બધા શાસ્ત્રોના જ્ઞાનને પામીને પણ પોતે ભગવાન થઈ જાય છે. શાસ્ત્રોનું થોડું ઝાઝું જ્ઞાન મેળવ્યા પછી જો કોઈ ભગવાન થઈને પૂજાતો હોય તો તે કરોડો બ્રહ્મહત્યારા જેવો મહાપાપી તથા ચંડાળ તુલ્ય કહેવાય છે. ભગવાનના જે સાચા ભક્તો હોય છે તે આવા

ખોટાને ક્યારેય માનતા નથી. તેથી તેવા ખોટા લોકો આસુરી માયા રચે છે. કેમ જે, અસુરોનો સ્વભાવ જ એવો હોય છે.

અનંતવાર અનંતકોટિ બ્રહ્માંડો થયા છે, પરંતુ તેમાં કોઈ પોતાના સામર્થ્યે કરીને કે બુદ્ધિએ કરીને આજ સુધી ભગવાન થઈ શક્યા નથી. અસુરો અનંત ઉપાય કરે તોપણ ભગવાન જેવા ગુણ કોટી કલ્પે પણ તેમાં આવે નહિ. છતાં આવા અસુરોને પોતાના પાપનો ડર હોતો નથી. તેથી તે મનફાવે તેમ ચાલે છે અને બોલે છે. પરંતુ ભગવાનના સાચા ભક્તો મિથ્યા બની બેઠેલા ભગવાનને ભૂલે પણ માનતા નથી." શ્રીહરિએ કહેલાં આ વચનોના આધારે જે સાચા અર્થમાં સત્સંગને સ્વીકારે છે, અને તેનું રાત્રિ-દિવસ મનન ચિંતન કરે છે; તેનાં જીવનમાં વિવેક ઉદય થાય છે. અને જ્યારે વિવેકરૂપ યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે તે મુમુક્ષુ સત્સંગ અને વિવેકરૂપી, બે નેત્ર દ્વારા સર્વાવતારી ભગવાન પુરુષોત્તમનારાયણને પામવાના માર્ગને યથાર્થ સમજી શકે છે, અને મોક્ષરૂપી પુરુષાર્થને તત્કાળ સિદ્ધ કરે છે.

પ્રસ્તુત ગ્રંથના નવમા ભાગમાં બાવીશ અને ત્રેવીશ એમ બે પૂરનો સમાવેશ કર્યો છે. બંને પૂરના મળીને એકસો ચોરાણું તરંગ થાય છે. તેમાં બાવીસમા પૂરનો પ્રારંભ ગઢડા પ્રથમ પ્રકરણના અઠ્યોતેરમા વચનામૃતથી થાય છે. આ વચનામૃત તે પ્રકરણનું છેલ્લું છે અને સાત તરંગમાં કહ્યું છે. ત્યારબાદ ગઢડા મધ્ય પ્રકરણના અમુક વચનામૃતો કહ્યા છે. તેમાં પણ પહેલું વચનામૃત લખ્યું નથી. પ્રથમ અને મધ્ય પ્રકરણને સળંગ કેમ લીધા ? તથા બધા જ વચનામૃતોમાં માસ અને તીથિની પહેલા સંવત્ વર્ષ લખવું આવશ્યક છે, પરંતુ સિદ્ધાનંદસ્વામીએ તેનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. અને તેને નિરુત્તર છોડી દીધા છે. તે પછી મધ્ય પ્રકરણના વચનામૃત બે થી લઈને બાર સુધીના લખ્યા છે.

તરંગ-૨૦માં શ્રીહરિએ ઉત્સવ સમૈયા પ્રસંગે પત્ર લખીને સહુને બોલાવ્યા. ભક્તો આવ્યા ત્યારે તેમને ઉતારાની સગવડતા કરી આપવી, કુશળ સમાચાર પૂછવા, સત્સંગ અંગેના લોકોના વિચારો પૂછવા વગેરે અનેક વાતો હેતથી પૂછતા. અને ભક્તોને એવા સાચવતા કે તેથી તેમને સત્સંગની કાયમ ખુમારી રહેતી. અને જે મુખ્ય હરિભક્ત હોય તે આગળ ચાલી સંઘ તૈયાર કરી

સમૈયામાં આવતા. અને ગામોગામ મુખ્ય હરિભક્ત સત્સંગ અને શ્રીહરિના મહિમાની વાતો કરતા હતા. તરંગ ૨૧ અને ૨૨માં શુભમતિવાળાની સમજણ અને સત્સંગનો મહિમા કહ્યો છે. અને ભગવત્સ્વરૂપમાં વિનિયોગ કરવાથી દોષોની પણ ગુણવત્તા વર્ણવી છે. ગઢપુરમાં શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો ત્યારે હરિભક્તો સંતોનો મહિમા કેવો સમજતા ? તેનું નિરૂપણ કર્યું છે. પછી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી છે. અતિશય વસ્ત્રાલંકારો અને પુષ્પમાળાથી પૂજાયેલા શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા. સંતો-ભક્તો સાથે સ્નાન કરી ધામધૂમથી જીવા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં સભામાં સંતો અને હરિભક્તોના અનુકૂળ યોગની મહત્તા બતાવી. અને પરસ્પર મહિમા સમજી સત્સંગ કરવાથી અતિ સુખ મળે છે, વગેરે વાતો કહી છે.

ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યા પછી શ્રીહરિએ નિષ્કામાનંદસ્વામી વગેરે ચાર સંતોને શ્રીનરનારાયણ દેવની મૂર્તિઓ બનાવડાવવા ડુંગરપુર મોકલ્યા. ચાર મહિનામાં ચાર મૂર્તિઓ કરાવી આ સંતો અમદાવાદ લાવ્યા. શ્રીહરિ ત્યારે ગઢપુર હતા. કેટલાક સંતોને બોટાદ, કારિયાણી અને ગઢપુરમાં રાખી વિદ્વાન સંતોની પાસે શાસ્ત્રાભ્યાસ કરાવતા હતા. પરમાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે સમર્થ વિદ્વાનો હતા. તે બીજા સંતોને ભણાવતા હતા. તે પછી મધ્ય પ્રકરણના ૧૩ થી ૧૭ સુધીના વચનામૃતો લખ્યા છે. તે દિવસોમાં વચ્ચે જળઝીલણીનો ઉત્સવ ધામધૂમથી કર્યો. અને ભગવાનનો નૌકાવિહાર કરાવીને જીવા ખાચરના દરબારમાં પધાર્યા. અને તેમને રાજી કરી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં રહ્યા હતા.

શ્રીહરિએ ગઢપુરમાં રહીને દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કરાવ્યો. તે પ્રસંગે આવેલા ભક્તોની આગળ શ્રીહરિના સંબંધની મહત્તા, દાસપણું, નિષ્કપટતા અને સાધુતાની પ્રશંસા કરી. અને કપટનો ત્યાગ કરવાની ઘણી જ વાતો કરી છે. દિવાળીની રાતે ભક્તોએ દીપમાળા પુરાવી તેની વચ્ચે શ્રીહરિને પધરાવ્યા. સંતોએ શ્રીહરિને મધ્યે બેસાડી, સુંદર પદ ગાયા અને આખી રાત રાસ લીધો. પછી સવારે શ્રીહરિ સંતો ભક્તો સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા. ત્યારબાદ સુશોભિત વસ્ત્રો તથા અલંકારોને ધારણ કરી શ્રીહરિએ ભક્તોને અલૌકિક દર્શન દીધાં. દાદા ખાચરે દરબારગઢમાં અન્નકૂટ કરાવ્યો.

તેની વાત ગ્રંથકારે અદ્ભુત રીતે વર્ણવી છે. અનેક વિપ્ર ભક્તોએ મળીને અન્નકૂટ બનાવ્યો હતો. તે વિપ્રોના નામ પણ સ્વામીએ લખ્યા છે. ભાવનગર ઠાકોર સાહેબના જીભાઈ અને પરમાનંદ નામે બે નાગર દીવાનો ગઢપુર અન્નકૂટોત્સવ કરવા આવ્યા હતા. તે દીવાનોએ પોતાના અનુભવોની ઘણી વાતો શ્રીહરિ આગળ કહી છે. શ્રીહરિએ પણ તેને ઘણી વાતો સમજાવી છે.

શ્રીહરિ જ્યારે દિવ્ય સત્સંગમાં વિચરી રહ્યા હતા, તે દિવસોમાં વેરાગી ભેખધારીઓ અને કેટલાક શક્તિપંથી બ્રાહ્મણો તથા અનાચારી નાના-મોટા રાજાઓ સત્સંગનો ખૂબ જ દ્વેષ કરતા હતા. અને તેને લીધે શ્રીહરિ તથા સંત-હરિભક્તોને અનેક પ્રકારના કષ્ટ સહન કરવા પડ્યા હતા. જ્યારે દેશમાં અંગ્રેજોનું શાસન થયું અને તેનું નીતિનું ધોરણ ઘણું ઊંચું દેખ્યું ત્યારે શ્રીહરિએ અંગ્રેજી શાસનની ઘણી જ પ્રશંસા કરી છે. જે જે અંગ્રેજ અધિકારીઓ અમદાવાદ, ખેડા કે બીજે કોઈ પણ સ્થાને અધિકારપદે નિયુક્ત થતા હતા, તે બધા પોતાની આગવી દૃષ્ટિથી શ્રીહરિને ખૂબ જ ચાહતા હતા. અને ગ્રંથકાર સિદ્ધાનંદસ્વામી પણ પ્રસંગે પ્રસંગે અંગ્રેજી શાસનના પુષ્કળ વખાણ કરતા હોય તેમ જણાય છે. તત્કાલીન વિપદ્ગ્રસ્ત સ્થિતિને જે જાણતા ન હોય તેવા ત્યાર પછીના કાળના લોકોને તેનાથી મનમાં ઘણો વિસ્મય થઈ શકે છે.

અન્નકૂટનાં દર્શન કર્યાં પછી દાદા ખાચરે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સહુ સંતો-ભક્તોને ખૂબ પ્રેમથી જમાડ્યા. સ્વામીએ તે પ્રસંગે શ્રીહરિની સેવામાં તત્પર રહેતા ક્ષત્રિય જ્ઞાતિના અને બીજા પણ ચાલીસથી વધારે પાર્ષદોનાં નામ લખ્યાં છે. તેમાં મહાશૂરવીર પાર્ષદવર્ય ભગુજીની અનેક વિશેષતાઓ દર્શાવી છે. દાદા ખાચરે સંતો અને વર્ણી વગેરેની પૂજા કરી છે. શ્રીહરિએ દીવાનની આગળ શુષ્કવેદાંતની અરુચિ બતાવી અને બ્રહ્મભાવે દાસપણાની ભક્તિની સર્વોત્તમતા કહી છે. આ પ્રસંગે દાદા ખાચર તથા જીવા ખાચરના પરિવારે ઘણા દિવસ શ્રીહરિ અને સંતોને રસોઈ આપી અલભ્ય લાભ લીધો છે. તરંગ ૫૪ થી ૫૬માં મધ્ય પ્રકરણના ૧૮ થી ૨૦ વચનામૃત કહ્યા છે. પછી શ્રીહરિએ ભુજના નારાયણજીભાઈ સુતારની પાસે નરનારાયણ દેવની બીજી બે છાપો(બ્લોક) કરાવી. તેમજ ભક્તોના સંતોષ માટે ધર્મ-ભક્તિ સાથે પોતાના સ્વરૂપની એક છાપ કરાવી. ત્યારબાદ વસંતપંચમીનો ઉત્સવ કર્યો.

પછી શ્રીહરિએ અમદાવાદમાં તૈયાર થયેલા નૂતન મંદિરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા જવાનું વિચાર્યું. ફાગણ સુદ-૩ના દિવસે મૂર્તિ પ્રતિષ્ઠાનું મૂહુર્ત આવ્યું. તે સમયમાં શ્રીહરિ મોક્ષધર્મની પાવન કથા સાંભળતા હતા. પછી મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને અમદાવાદ મોકલ્યા અને પોતે પણ કાઠી, દરબારો અને ક્ષત્રિયોની સવારી લઈને ગઢપુરથી નીકળ્યા. જેતલપુર આવ્યા. ત્યાંથી અમદાવાદમાં કાંકરિયા સરોવરે બધા સંઘોને ઊતરવાનું નક્કી કર્યું. અંગ્રેજ અધિકારી દુલાપ સાહેબને મળ્યા. તેથી અનેક કૌભાંડીઓ દાઝી રહ્યા હતા. પણ શ્રીહરિએ પોતાનો અપાર પ્રતાપ જણાવી અમદાવાદ શહેરમાં અત્યંત ભવ્યતા અને દિવ્યતાપૂર્વક મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ કર્યો. અને ત્યાંના ચોક્સી હરિભક્તોએ શ્રીહરિને જમાડી, પૂજા કરી. તેમજ સંતોને પણ જમાડીને પૂજા કરી. આ દિવસોમાં શ્રીહરિ નિત્ય કાંકરિયા સરોવરની કાંઠે સભા કરતા હતા. અને તેમાં અનેક પ્રકારની વાતો કરતા.

એક દિવસ દુલાપ સાહેબે ભદ્રમાં શ્રીહરિની પધરામણી કરાવી. શ્રીહરિએ વિપ્રો પાસે યજ્ઞ શરૂ કરાવ્યો. અને વેદોક્ત વિધિથી મૂર્તિ પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. ત્યારે સંતો-ભક્તોને દિવ્ય અદ્‌ભુત સ્વરૂપનાં દર્શન થયાં. બીજે દિવસે અમદાવાદના બ્રાહ્મણોની ચોરાશી કરી જમાડવાનો વિચાર કર્યો. અને શ્રીહરિએ પોતાનો અલૌકિક પ્રતાપ જણાવી એક દિવસમાં અમદાવાદની ચોરાશી કરી. આમ તે ઉત્સવ પૂર્ણ કરી ત્યાંની વ્યવસ્થા સંતો-ભક્તોને સોંપી પોતે ચાલી નીકળ્યા. તે જેતલપુર થઈ ગણેશ ધોળકાની રાયણોમાં જઈને રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા તે ગઢપુર પહોંચ્યા. પછી ગઢડા મધ્ય પ્રકરણનું ૨૧ અને ૨૨, આમ બે વચનામૃતો કહ્યા. તે સમયમાં સંતોને દિવબંદર મોકલી ત્યાં આવેલા ઠગથી ભક્તોની રક્ષા કરી. અને વડોદરાના રામચંદ્ર વૈદ્ય સત્સંગી થયા, આ વાત સાથે બાવીસમા પૂરના ૧૧૧ તરંગ પૂરા થાય છે.

ત્રેવીશમા પૂરમાં ૮૩ તરંગ છે. દાદા ખાચરના ગરાસના વિવાદ અંગે શ્રીહરિએ તેમાં વિશેષ ધ્યાન દઈને તેમની બધી જ અડચણો ટાળી નાખી. પછી શ્રીહરિ જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે સારંગપુર પધાર્યા. ત્યાં અદ્‌ભુત રીતે જન્માષ્ટમીનો ઉત્સવ કરાવ્યો. સંતો તથા હરિભક્તોને દર્શન, કથા-વાર્તા, સ્નાનલીલા, પૂજન અને ભોજન આદિકથી ખૂબ જ પોતાનાં સ્વરૂપનું

સુખ આપ્યું. જીવુબા તથા લાડુબા વગેરે બહેનોના અત્યંત પવિત્ર જીવનની વાત તથા સત્સંગની શ્રેષ્ઠતા કહી. કુંડળના અમરા પટગીર વગેરેની પણ શુદ્ધતાની વાતો કહી છે. અને આ પ્રસંગે ક્રમ પ્રમાણે સારંગપુર પ્રકરણના બધા વચનામૃતોનો ઉપદેશ આપ્યો છે. એક ચારણના બાળકની નિર્મળ અને તેજસ્વી બુદ્ધિ જોઈને શ્રીહરિ તેના ઉપર અતિ રાજી થયા. અને રાજીપાના રૂપમાં મસ્તકની પાઘ વગેરે પુરસ્કાર તેને આપ્યો છે.

મુક્તાનંદસ્વામી સાથે બ્રહ્માનંદસ્વામીને થયેલા વૈમનસ્યનું કારણ જણાવીને તે સંતોના અનુપમ સદ્‌ગુણો, સરળતા અને નિર્મળતા કહી છે. પછી ભડકવા ગામના રાજાની તથા જસદણના ચેલા ખાચરની વાત કહી છે. અને દીનાનાથ ભટ્ટને શ્રીહરિએ પોતાનું પુરુષોત્તમપણું બતાવીને તેના બધા જ સંશયો ટાળી નાખ્યા. પછી શ્રીહરિ સારંગપુરથી કારિયાણી આવ્યા છે. ત્યાંના દરબાર વસ્તા ખાચર વગેરે ભક્તોને શ્રીહરિએ પોતાની સેવાનું અલૌકિક સુખ આપ્યું. અને ક્રમ પ્રમાણે ત્યાંના ૧ થી ૧૨ વચનામૃતોનો ઉપદેશ આપ્યો છે. તે પ્રસંગે ભાવનગર ઠાકોર સાહેબના ભાણેજ શ્રીહરિનાં દર્શન કરવાં માટે કારિયાણી આવ્યા છે. તેમનો સત્કાર કરી સારો સત્સંગ કરાવ્યો. અને તેને ભાગ્યશાળી કર્યા છે. પછી કારિયાણીથી જ ઝમરાળાના વિપ્ર જીવા દવેને ઘેર પધરામણી કરી. ત્યાં થાળ જમ્યા અને તેને ધન્યભાગી બનાવ્યા છે. તે દિવસોમાં ભુજના સુતાર હીરજીભાઈ શ્રીહરિનાં દર્શન કરવાં કારિયાણી આવ્યા. ત્યારે તેમના તથા તેમના ભાઈઓના સત્સંગની વિશેષતાઓ ભરી ઘણી સુંદર વાતો કહી છે.

પછી શ્રીહરિ ત્યાંથી બોટાદ ગયા. ત્યાં સત્સંગ અને વિવેકની મહત્ત્વપૂર્ણ વાતો કહી. ત્યાંથી લોયા તથા નાગડકા સુરા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં ભાવિ સંપ્રદાયના હિતનો વિચાર કરીને વાસુદેવાનંદ બ્રહ્મચારીને ગાદીએ બેસાડ્યા અને સહુ સંતોએ તેમની વિશેષ પૂજા કરી, તેનું વર્ણન છે. આ પ્રમાણે આ ગ્રંથના નવમા ભાગનું ત્રેવીશમું પૂર સંક્ષિપ્તમાં પ્રસ્તુત કર્યું છે.

આપણા સંપ્રદાયમાં શ્રીહરિનાં ચરિત્રો સાથેનો સરળ ઉપદેશ જેમાં પુષ્કળ પ્રમાણમાં હોય એવો અજોડ ગ્રંથ માત્ર આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' એક જ છે. આ ગ્રંથના લેખક સિદ્ધાનંદસ્વામી અને ત્યાર પછી અત્યાર

સુધીના સંતોની કાળજીથી આ ગ્રંથ આજ સુધી સચવાઈ રહ્યો છે. તે આપણું સદ્‌ભાગ્ય છે. આગળ પ્રસિદ્ધ થઈ ચૂકેલા ભાગ - ૧ થી ૮ સુધીમાં સંપાદકીયમાં હું મારી સમજ અને શક્તિ પ્રમાણે તે લખી ગયો છું. અને તે પ્રમાણે પ્રસ્તુત ગ્રંથના નવમા ભાગને તૈયાર કરવામાં પણ **મારા આદરણીય અને વડીલ પથદર્શક પૂજ્યપાદ શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસજીસ્વામી જ મુખ્ય રહ્યા છે. અને તેમના કાર્યના સર્વવિધ સૌકર્યમાં સહયોગી એવા પૂજ્યપાદ શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ) જ અવિરતપણે રહ્યા છે.** છેલ્લા પાંચ મહિનાથી હું અહીં કુંડળધામમાં પૂ.સ્વામીના સંતમંડળ સાથે રહીને આ ગ્રંથનું ભાષાંતર વગેરેનું કામ કરી રહ્યો છું.

આટલા થોડા સમયમાં પૂર-૧૫ થી લઈને ૨૩ સુધીનું બધું કામ સાતત્ય પૂર્ણ થઈ શક્યું છે, તે ઉપર્યુક્ત પૂજ્ય સ્વામીજી અને તેમના શિષ્યમંડળને જ આભારી છે. અહીં ત્યાગી સંતો, પાર્ષદો, સાધકો અને મુમુક્ષુઓ, બધા જ સત્સંગમાં દિવ્યભાવવાળા છે. અને તેવી ભાવભરી દૃષ્ટિથી જ સહુ મને સાચવે છે. વિષયોનું શોધન કરવું, ઉદ્ધરણોનું ચયન અને શીર્ષક વગેરે તૈયાર કરવામાં ઉપર્યુક્ત પૂ.સ્વામીજીના શિષ્યમંડળનો સોત્સાહ સહકાર મને મળતો રહ્યો છે. માટે તે સંપૂર્ણ શિષ્યમંડળે સહિત તે સહુના ગુરુજીનો હું કૃતજ્ઞભાવે આભાર માનું છું. આ નવમા ભાગને વાંચનારા શ્રીહરિના પ્યારા દરિયાવ દિલના આપ સહુ સંતો તથા સત્સંગી ભાઈઓ-બહેનો મારી કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તો તેની મને ક્ષમા આપશો અને શુભ આશીર્વાદ આપશો કે, 'મારા ઉપર શ્રીહરિ સદા પ્રસન્ન રહે તથા શરૂ રહેલું આ ગ્રંથનું કાર્ય નિરંતરાય પૂર્ણ થાય.'

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ




INDEX

અનુક્રમણિકા

પૂર-૨૨

પૂર-૨૩

INDEX



અનુક્રમણિકા

પૂર - ૨૨

પૂર - ૨૩



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૨

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર બાવીશમું : તરંગ - ૧

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું વચનામૃત

✵ મંગલાચરણ :

दोहा : श्रीसहजानंद सुखकर, दुःखहरन जो दयाल;
आय बसो मम अंतरे, अंतरजामी क्रपाल...०१
बावीस में अब हि पूर के, आरंभ करत जोउ;
प्रताप हि बल तुमारकर, समर्थ न तुम सम कोउ...०२

હે ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામી ! આપ પરમ સુખકારી અને દુ:ખહારી દયાળુ છો, સહુના અંતર્યામી અને કૃપાળુ છો. માટે મારા અંતરમાં આવીને નિવાસ કરો. ૧. આપના સમાન અન્ય કોઈ સમર્થ નથી. માટે હવે આપના પ્રતાપનું બળ લઈને હું બાવીશમું પૂર લખવાની શરૂઆત કરું છું. ૨. અષાઢ સુદિ ત્રીજને શુભ દિવસ સ્વામી શ્રીસહજાનંદ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં જ્યાં વાસુદેવનારાયણનું અનુપમ મંદિર છે ત્યાં આથમણા બારના ઓરડાની ઓસરીએ આવીને વિરાજમાન થયા હતા. તે વખતે શ્વેત ખેસ પહેર્યો હતો, એક શ્વેત ચાદર ઓઢી હતી, મસ્તક

ઉપર શ્વેત પાઘ બાંધી હતી, કંઠમાં શ્વેત ફૂલના હાર પહેર્યા હતા. તે વખતે આવા ધર્મના દુલારા શ્રીહરિના મુખારવિંદની આગળ આવીને સહુ મુનિજનો બેઠા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩-૭.

❋ શુભાશુભ દેશ-કાળાદિકના પ્રભાવની વિગત :

પછી શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા કે, "દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, શાસ્ત્ર તથા ઉપદેશ; તે આઠ સારા હોય તો તે વખતે પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે. અને અનુપમ શુભ ગુણ પામે છે. ૮-૯. એ આઠ જો ભૂંડા હોય તો પુરુષની બુદ્ધિ તત્કાળ જ ભ્રષ્ટ થઈ જાય છે; તેમાં કાંઈ મિથ્યા નથી. ૧૦. માટે એ આઠેય સારા કે ભૂંડા થાય તે બંનેમાં પૂર્વસંસ્કાર કર્મનું કાંઈ બળ છે કે નથી ?" પછી સંતો બોલ્યા જે, "અમને એવું લાગે છે કે, પૂર્વકર્મનું બળ જણાય છે તો ખરું. કેમ જે, જ્યારે સારા પૂર્વકર્મ હોય તો માણસ પવિત્ર દેશમાં જન્મ પામે, અને કર્મને અનુસારે સુખને પામતો રહે. આ વાત નિર્ધારિત છે. ૧૦-૧૩. અને પૂર્વનાં જો ભૂંડાં કર્મ હોય તો ભૂંડા દેશમાં જન્મ પામે અને તે રીતે જ એવા દુઃખને પામે, જે મુખથી કહી શકાતું નથી. ૧૪. તે રીતે જ કાળ આદિક સાત છે, તેમાં પણ માણસનાં જેવાં પૂર્વકર્મ હોય તે રીતે તેને સુખ-દુઃખનો યોગ બને છે. ૧૫. માટે દેશ, કાળ આદિક બધામાં પૂર્વકર્મનું પ્રધાનપણું દેખ્યામાં આવે છે. ૧૬. અને દેશ કાળાદિક જે આઠ છે તેનું તો કોઈ ઠેકાણે પ્રધાનપણું દેખાય છે, પણ પૂર્વકર્મનું બળ તો બધી જગ્યાએ મુખ્યપણે કરીને ઘણું દેખાય છે." ૧૭.

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા કે, "દેશ-કાળથી લઈને દેવતા જે પરમેશ્વર ત્યાં સુધી બધામાં તમે પૂર્વકર્મની પ્રધાનતા કહો છો, તે કયા શાસ્ત્રની રીતે કહો છો ? તેમાં કોઈ શાસ્ત્રનું પ્રમાણ-વચન હોય તો તમે બોલી બતાવો, તો અમે માનીએ. શાસ્ત્રનાં વચન સિવાય અમને પ્રતીતિ આવે નહિ. એક કર્મની જ મુખ્ય પ્રધાનતા ૧૮-૨૦. જૈનોનાં શાસ્ત્રોમાં છે, પણ બીજાં કોઈ શાસ્ત્રમાં દેખાતી નથી. બીજાં શાસ્ત્રોમાં તો એક પરમેશ્વર અને તેના ભક્તના સંગનું પ્રધાનપણું કહ્યું છે. છતાં તમે કેવળ પૂર્વકર્મનું પ્રતિપાદન કરો છો, તે ઉપરથી સત્સંગી થયા છો અને છાના કાંઈક નાસ્તિક

રહી ગયા છો કે શું ? કેમ જે, નાસ્તિક સિવાય બીજા ક્યારેય આ રીતે કર્મનું પ્રતિપાદન કરતા નથી, તે વાત અમે જાણીએ છીએ. અને એટલે જ અમે આ વાત કહીએ છીએ. નાસ્તિકો છે તે તો વેદ, શાસ્ત્ર, પુરાણ અને મહાભારતાદિક ઈતિહાસ તે બધાને ખોટા જાણે છે. અને માગધી(બિહાર પ્રાંતની) ભાષામાં રહેલા પોતાના ગ્રંથોને જ સાચા માને છે. ૨૧-૨૫.

માટે તેઓ તો મૂર્ખપણે કરીને બધી બાબતમાં કર્મનું જ પ્રતિપાદન કરે છે. ૨૬.જો પૂર્વકર્મને લીધે દેશ, કાળ આદિક આઠેય ફરતા હોય તો મારવાડ જેવા દેશમાં કેટલાક પુણ્યશાળી રાજાઓ ઘણીવાર થયા છે. પણ તેવા પુણ્યશાળીને માટેય સો હાથ ઊંડા પાણી હતા તે ક્યારેય ઉપરછલાં થયા નથી. આ વાત અમે મનમાં બરાબર વિચારી છે. જો પૂર્વકર્મને અનુસારે દેશ થતો હોય તો પુણ્યકર્મવાળાને માટે પાણી ઊંચા ચોક્કસ આવ્યા જોઈએ, અને પાપીને માટે પાણી ઊંડા જવા જોઈએ. આ રીતે સમજી લેવું જોઈએ. ૨૭-૩૦. પણ આવું તો થતું નથી. કેમ જે, મારવાડ દેશમાં તો અપાર પુણ્યવાળા હોય અથવા અપાર પાપી હોય, પણ પાણીમાં કોઈ ફરક પડતો નથી. જ્યાં ઊંડું પાણી હોય ત્યાં ઊંડું જ રહે છે. કોઈ દિવસ દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી. માટે દેશ-કાળ આદિક પૂર્વકર્મના ફેરવ્યા ફરે નહિ, તે વાત નક્કી છે. તે માટે જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તે સહુને અમે હેતથી કહીએ છીએ કે, નાસ્તિકો કહે છે તે રીતે એકલા કર્મનું જ બળ કોઈએ રાખવું નહિ. અને ભૂંડા દેશ-કાળાદિકનો ત્યાગ કરીને શુભ દેશ-કાળ આદિક આઠનું હંમેશાં સેવન કરવું. અને દેશ તો બહારની જેમ અંતરમાં પણ સારો-નરસો રહ્યો હોય છે. ૩૧-૩૫.

અને પોતાનો દેહરૂપ જે દેશ તે પણ હંમેશાં સારો-મોળો રહેતો હોય છે. જ્યારે દેહરૂપી સારા દેશને વિશે જીવ રહેતો હોય ત્યારે શીલ, સંતોષ, દયા, ધર્મ ઈત્યાદિક કલ્યાણકારી ગુણ તેમાં વર્તતા હોય છે. ૩૬-૩૭.

❋ દેશ-કાળાદિકના પ્રધાનપણાની વિગત :

અને જ્યારે દેહરૂપી ખરાબ દેશને વિશે જીવ રહ્યો હોય ત્યારે તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદિક ખરાબ ગુણો તે ખરાબ

દેશના ગુણને લીધે ચોક્કસ વૃદ્ધિ પામે છે. ૩૮-૩૯. અને સારો કે ભૂંડો જે સંગ થાય છે તેની વિગત અમે કહીએ છીએ. **જેનો સંગ થાય તે સાથે કોઈ રીતનું અંતર રહે નહિ, ત્યારે તેના સંગનો રંગ દઢપણે લાગ્યો જાણવો. કેમ જે, ઉપરથી તો શત્રુને પણ બાથમાં લઈને ભેટે છે, પણ અંતરમાં તો તેનાથી લાખો ગાઉનું છેટું હોય છે. ૪૧.**

छंद हरिगीत :

एसी रीत उपर से संग होत तेहि न संग जो;
मन क्रम बचन करी संग करना उमंग जो;
तेही संग नकी करेउ केवात हि अचल जो;
मन क्रम बचन एसी रीत संग कहे अमल जो...४२

छंद परधरी :

परमेश्वर रहे ताके जोऊ, अथवा भक्त वाके रहे सोऊ;
ताके संग हि करना कहेऊ, जीव के कल्याण तासु रहेऊ...४३

એ રીતે ઉપરથી જે સંગ હોય તે સંગ કહેવાય નહિ. પણ મન, કર્મ તથા વચને કરીને ઉમંગથી જે સંગ કરે, તે જ દઢ સંગ કર્યો કહેવાય. માટે એવી રીતે મન, કર્મ અને વચને કરીને પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્તનો જ નિર્દોષભાવે સંગ કરવો. કેમ જે, તેનાથી જીવનું કલ્યાણ થાય છે. ૪૨-૪૩. પણ પાપીનો સંગ તો સાર જાણીને ક્યારેય ન કરવો." પછી મધ્યાહ્ન સમય થયો ત્યારે શ્રીજીમહારાજે સર્વે નાના નાના વિદ્યાર્થી સંતોને પોતાની સમીપે બોલાવ્યા અને પછી તેમને કહ્યું, "તમે જે કોઈ વિદ્યાર્થી છો તે બધા અમને પ્રશ્ન પૂછો." પછી મોટા શિવાનંદસ્વામીએ પ્રથમ પ્રશ્ન પૂછ્યો જે, "જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય તે કઈ રીતે ઓળખાય ?" ૪૪-૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર બાવીશમું : તરંગ - ૨

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત

મોટા શિવાનંદસ્વામીએ જે પ્રશ્ન પૂછ્યો તેનો શ્રીહરિએ તે વખતે ઉત્તર કર્યો કે, "જે સાચા ભગવાન છે તેના ભક્તની વાત કહું છું અને તેની સાથે મિથ્યા ભગવાનના ભક્તની પણ વાત કહું છું. ૧-૨. જે અસુરોમાં પણ અત્યંત અસુર હોય તે મિથ્યા ભગવાન થાય છે. તેઓ અધર્મને પણ ધર્મ માનીને અધર્મમાં ભરપૂર વર્તે છે. જે ભોળા લોકો હોય તેમને તો એક પેટ ભરવાનું જ જ્ઞાન હોય છે. તેથી તેઓ મોક્ષની સુગમ વાત સાંભળીને ખોટા ભગવાનમાં લોભાય છે. ૩-૪.

તેઓ મોક્ષની સુગમ વાતમાં લોભાયા વિના રહેતા નથી. કેમ જે, સામાન્ય દેહધારી જીવો તો માયિક પંચવિષયની પ્રાપ્તિ માટે રાત્રિ-દિવસ તેનું જ ભજન કરતા રહે છે; પણ તેમાં તેને તૃપ્તિ થતી નથી. તેમને જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં પણ અખંડ વિષયની જ રટના લાગેલી રહે છે. ૫-૬. તેથી જે લોકો પંચવિષય ભોગવવામાં જ મોક્ષ દેખાડતા હોય, તે ચાહે તે જાતિના હોય પણ તેને જ શ્રેષ્ઠ ભગવાન માને છે. ૭. પછી તેઓ તે મિથ્યા ભગવાનના અપાર ગુણોને કહેતા રહે છે, પણ તેનો લગાર પણ દોષ લેતા નથી. એટલું જ નહીં પણ તે મિથ્યા ભગવાનમાં જે કોઈ દોષ દેખાડે, તેને તે અધર્મી કહે છે. ૮. સત્સંગ વિનાના આવા બુદ્ધિશાળી નરનારીઓ પણ તેવા મિથ્યા ભગવાનમાં પરમ મોક્ષ માને છે. અને તેમાં તે બૂડી જાય છે, તે ફરીવાર ક્યારેય નીકળતા નથી. ૯. એ જ એના ઉપર સત્યસ્વરૂપ ભગવાનનો કોપ છે તેમ સાચા સત્સંગી જાણે છે. સત્સંગ સિવાયના જે લોકો છે તે બધા તો મોક્ષમાર્ગમાં અંધ રહ્યા છે. ૧૦.

તે મિથ્યા ભગવાન તથા તેના જે આશ્રિતો, તેને માટે જમપુરીમાં અતિ ભયંકર દુઃખ તૈયાર રાખ્યું છે. જે દુઃખનું મુખથી વર્ણન કરી શકાતું નથી. ૧૧. અહીંયા તે ભલે ચાહે તેમ ચાલે, પણ તેનું ફળ તેમને જમપુરીમાં મળશે. જે લોકો અધર્મને માર્ગે ચાલે છે તેને સત્યસ્વરૂપ ભગવાન જરૂર અપાર દુઃખ આપે છે, જે મુખથી કહી શકાતું નથી. સાચા ભગવાનના

ભક્તને ક્યારેય દુઃખ રહેતું નથી. ૧૨-૧૩. સાચા અને મિથ્યા ભગવાનમાં જેમ હંસ અને બગલામાં ફરક છે તેવો અપાર ફરક હોય છે. તે આ રીતે જાણવો. ૧૪. સાચા અને મિથ્યા ભગવાનમાં હાથી અને ગધેડાની જેમ પુષ્કળ ફરક રહ્યો છે. ૧૫. જે લોકો મિથ્યા માર્ગને સાચો માનીને ચાલે છે તેઓ આંધળા અને બહેરા જેવા છે. તેઓ મોક્ષના સાચા માર્ગે ક્યારેય ચાલી શકતા નથી. ૧૬.

જે સ્થળે સાચો સત્સંગ હોય તેની વાત ઘણી જોરદાર હોય છે. જેના અંતરમાં સત્ય અને અસત્યનો વિવેક વર્તતો હોય તે અસત્ય વાતને દેખે છે. અને તેથી જ તેમાં ક્યારેય પોતાનું ચિત્ત પરોવતા નથી. જ્યાં સ્ત્રી-પુરુષનો કોઈ વિભાગ જ ન હોય અને બધા એકાકાર થઈને રહેતા હોય; વળી, જેમાં બધી વાતો નિયમ વગરની જ હોય, તે સાક્ષાત્ અસત્ માર્ગ છે. જે જમપુરી, લખચોરાશી અને જેટલાં દુઃખમાત્ર કહેવાય છે તે બધું અસત્ માર્ગે ચાલવાનું ફળ છે. તેને અમે પ્રગટરૂપમાં બતાવી દીધું છે. જેમાં તલભાર પણ દુઃખ નથી હોતું અને જે કાંઈ સુખમાત્ર કહેવાય છે તે સર્વે સત્ય માર્ગે ચાલવાનું ફળ છે. સત્યસ્વરૂપ ભગવાન, સાચા સંત અને સાચો સત્સંગ એ ત્રણ આસુરી લોકોને મળે, તોપણ તેઓ પોતાના આસુરી સ્વભાવને છોડતા નથી. સાચો સત્સંગ તો કલ્પતરુ તથા ચિંતામણિ જેવો છે. ૧૭-૨૨.

જે માણસ સત્સંગને સાચા અર્થમાં જેમ છે તેમ સમજે છે તેને અંતર્યામી ભગવાન તેવું ઉત્તમ ફળ આપે છે. કારણ કે, ભગવાનમાં તો એવું અમાપ સામર્થ્ય રહ્યું છે. ૨૩. જે જમપુરીના અધિકારી હોય તેઓ શ્રીહરિની વાત સાંભળીને તેની દેશી કાઢે છે.(નકલ કરે છે.) પણ તે બધા મરીને જમપુરીમાં જાય છે. ૨૪. તેના શિષ્યો પણ મર્યા પછી જમપુરીમાં જાય છે અને વિકટ યમયાતનાનાં ઘણાં દુઃખને પામે છે, જે કહી શકાતું નથી. ૨૫.

दोहा : साचे हरि के दास जो, साचे करी सत्संग;
जावत हरि के धाम महिं, मन भरे अति उमंग...२६

જે સાચા શ્રીહરિના દાસ છે તે સાચો સત્સંગ કરીને અંતરમાં અતિ ઉમંગભર્યા શ્રીહરિના ધામમાં જાય છે. ૨૬.

❋ અચળ નિશ્ચયવાળાનાં લક્ષણ :

જેને સાચા ભગવાનનો અચળ નિશ્ચય હોય એવા ભક્તની વાત હવે કહું છું. ૨૭. **તે ભક્તને સાચા ભગવાન ગમે તેવી ક્રિયા કરે, પણ તે બધી ક્રિયાઓ કલ્યાણકારી અને અલૌકિક જ ભાસે. ૨૮.** જે સાચા ભગવાન છે, તે જીતે અથવા હારે, અથવા કોઈ સ્થળેથી ભાગે, અથવા ક્યારેક કોઈ સ્થળે પ્રસન્ન રહે અથવા ક્યારેક શોક કરે, ઈત્યાદિક અનંત પ્રકારની ક્રિયાઓ દેખાડે, પણ તે સાચા ભગવાનની તેવી અપરંપાર ક્રિયાઓને જોઈને અચળ નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, 'ભગવાનની બધી ક્રિયાઓ કલ્યાણ માટે જ છે. આ વાત તે એમ જ છે.' ૨૯-૩૧. તે ભક્ત જ્યારે બોલે ત્યારે વારંવાર એવું ને એવું જ બોલે, ત્યારે તેને ભગવાનના પરિપક્વ નિશ્ચયવાળો જાણવો." ૩૨.

પછી નિર્માનાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાન અને ભગવાનના સંતને વિષે ક્યારેય દોષબુદ્ધિ ન આવે, તેનો જે ઉપાય હોય તે હે પ્યારા હરિ ! આપ કહો." પછી શ્રીજીમહારાજ અમૃતના સમાન વચન બોલ્યા જે, "જેવો પ્રથમ કહ્યો તેવો જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય ત્યારે તેને કોઈ રીતે ભગવાનમાં લગાર પણ દોષબુદ્ધિ આવે નહિ. આ વાત અમે નક્કી કરીને કહી છે. વળી, એવા મોટા જે ભગવાન તેના દાસનો મહિમા જ્યારે ઉત્સાહથી વિચારે ત્યારે ભગવાનના ભક્તનો પણ અવગુણ કોઈ દિવસ કોઈ રીતે આવે જ નહિ. તે વાત નિશ્ચિત છે." ૩૩-૩૭.

પછી નિર્માનાનંદસ્વામી અને સુજ્ઞ એવા નાના પ્રજ્ઞાનાનંદસ્વામી, બંનેએ મળી પ્રયાણ-તૈયારી કરીને પ્રશ્ન પૂછ્યો જે, "જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, તે ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ કેમ જણાય-દેખાય ?" પછી શ્રીજીમહારાજ આનંદથી હસતે મુખે બોલ્યા. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર બાવીશમું : તરંગ - ૩

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત

તે મુનિના પ્રશ્નને સાંભળીને પરમ સુજાણ અને અમૃતરસની ખાણ જેવા શ્રીહરિ હવે ઉત્તર કરવા લાગ્યા કે, "જેને પૂર્વજન્મનો કોઈ અત્યંત બલિષ્ઠ શુભ સંસ્કાર હોય તેને કારણે તે ભક્તના હૃદયમાં ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં અખંડ એકતાર દેખાય છે. અથવા તો ભય, કામ અને સ્નેહ, એ ત્રણ જેમાં તીવ્રપણે અખંડ રહેતા હોય તેવા માણસને ભગવાન સિવાયના બીજા પદાર્થ પણ જો ત્રણેય અવસ્થામાં અખંડ દેખાતા હોય તો તે ભક્તને ત્રણેય અવસ્થામાં ભગવાન અખંડ દેખાય, તેમાં શું વાત કહેવી ? ૨-૫.

चोपाई :

देखावे भगवान जरुरा, लगनी चैये तीव्रकर पूरा;
तीव्र भाव बिन हर कोउ बाता, सिद्ध न होवत इमि देखाता...०६

જો પૂરેપૂરી તીવ્રપણે લગની લાગેલી હોય તો ભગવાન જરૂર દેખાય છે. કેમ જે, તીવ્ર ભાવના સિવાય કોઈ પણ બાબત સિદ્ધ થાતી નથી; એમ બધે જોવા મળે છે." ૬.

પછી નાના શિવાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "જે ભક્તનો સત્સંગમાં જેવો અચળ પાયો હોય તે તેવો જ કઈ રીતે જણાય ? એક તો આપને હું આ પ્રશ્ન પૂછું છું અને બીજો પ્રશ્ન હવે પૂછું છું કે, માન, કામ, ક્રોધ, મદ, મત્સર અને ઈર્ષ્યા ઇત્યાદિક વિવિધ પ્રકારના જે અંતઃશત્રુઓ છે તેનો કઈ રીતે નાશ થાય ? તેનો જે ઉપાય હોય તે કહો." ૭-૯.

પછી પરમ કૃપાળુ અને અત્યંત દયાળુ આવા શ્રીજીમહારાજ બોલ્યા, "જેને સત્સંગનો અતિ દઢપણે પક્ષ હોય, તે જ્યારે કોઈ બીજો માણસ તેના મોઢેથી સત્સંગનું ઘસાતું બોલે તો તે ભક્ત લેશમાત્ર પણ ખમી શકે નહિ, આવું જેને હંમેશાં વર્તતું હોય. (તેનો સત્સંગમાં અચળ પાયો કહેવાય.) જેમ કોઈ માણસને પોતાના નજીકના કુટુંબી હોય તેની સાથે કચવાણ(મનદુઃખ,

બોલાચાલી) થઈ હોય, તોપણ જ્યારે બીજો કોઈ તે કુટુંબીનું ઘસાતું બોલે ત્યારે તે ખમે નહિ, **એવી રીતે તે સંબંધીનો જેવો પક્ષ રહે છે તેવો જ જેને સત્સંગનો પક્ષ હોય, તેનો પાયો સત્સંગમાં દૃઢપણે અચળ છે.** ૧૨-૧૪.

હવે તમારા બીજા પ્રશ્નનો ઉત્તર કરું છું જે, આગળ કહ્યો તેવો જેને સત્સંગનો પક્ષ છે, તે ભક્તને સંત સાથે અથવા સત્સંગી સાથે માન, મત્સર કે ઈર્ષ્યા, કેમ રહે ? ન જ રહે. ૧૫-૧૬. માટે જેને સત્સંગનો પક્ષ દૃઢપણે હોય તેના માન, મદ, મત્સર અને ઈર્ષ્યા આદિક જે શત્રુ તેનો નાશ થઈ જાય છે; આ વાત તે આમ જ છે. અને જેને સત્સંગીનો કાંઈ પક્ષ ન હોય અને સત્સંગી તથા કુસંગીમાં સમાન ભાવ વર્તતો હોય, તે ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય, તોપણ અંતે જાતા તે વિમુખ થાય, આ વાત અમે ચોક્કસપણે કહીએ છીએ. પછી નાના આત્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન અને ભગવાનના સંતો કોઈકને તો જે કાંઈ કહેવું ઘટે તેમ નિધડકપણે કહે છે અને તેનો ભરોસો રહે છે કે, 'આનું અપમાન કરીશું અથવા તિરસ્કાર કરશું તોપણ કોઈ રીતે ક્યારેય એ સત્સંગમાંથી પાછો નહિ પડે.' આવો જે દૃઢ ભરોસો તે ભગવાન અને ભગવાનના સંતને કેમ કરીએ તો આવે ?" આ મારો એક પ્રશ્ન છે. હવે બીજો પ્રશ્ન પૂછું છું, ૧૭-૨૩. "જે સંતની પાસે આપણે રહેતા હોઈએ, તેમને આપણા ઉપર જેવું હેત હોય તેવું સમગ્ર સંતોને હેત કઈ રીતે રહે ?" ૨૪.

પછી તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા કે, "શિવાનંદસ્વામીના પ્રશ્નનો જેવો ચોક્કસ ઉત્તર કર્યો તે રીતનો જેને સત્સંગનો અતિશય દૃઢ પક્ષ હોય, તો તેને નિધડકપણે કહેવામાં ભગવાન અને ભગવાનના સંતને ક્યારેય સંશય ન રહે. અને એનો કોઈ રીતે ક્યારેય અણવિશ્વાસ ન આવે કે, 'આને કાંઈક કહેશું તો તે સત્સંગને છોડીને જતો રહેશે.' તે કહેવામાં દૃઢપણે દેખાઈ આવે છે. ૨૫-૨૮. **કોઈ કાંઈક કહે અને તેમાં જ્યાં સુધી ગુણ લેતો રહે ત્યાં સુધી તે સત્સંગમાં દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે. ૨૯.** કોઈ ઉપર ઉપરથી ગુણ લે અને મનમાં અભાવ રાખે આવું જ્યારે જેને વર્તે; વળી, ઉપરથી હરિભક્ત થઈને રહે અને મનમાં તો કુસંગ વર્તતો હોય,

नम्रता श्रद्धा भाव में तेही, अंतर प्रगट देखावत एही;
नम्रता श्रद्धा भाव हि जेता, जामें वरतत रहत तेता...३१
तितना सत्संग तामें रहाते, नम्रता श्रद्धा भाव कहाते;
सत्संग के जितना जामें, गुण वरतत रहत हेउ तामें...३२

તો નમ્રતા, શ્રદ્ધા અને ભાવમાં તેનું અંતર પ્રગટ દેખાઈ આવે છે. જેમાં જેટલી નમ્રતા, શ્રદ્ધા અને ભાવના રહે તેટલો તેમાં સત્સંગ રહે છે. વળી, જેમાં જેટલી નમ્રતા, શ્રદ્ધા અને ભાવના હોય તેટલા તેમાં સત્સંગના ગુણ વર્તતા રહે છે. ૩૦-૩૨. આમ, ગુણ જ બીજા ગુણોને બતાવી દે છે; સત્સંગની વાત એવી છે. સત્સંગમાં આવી અપાર બાબતો નિવાસ કરીને રહી છે. ૩૩. સત્સંગની જેવી વાત છે તેવી સહુની આગળ કહી શકાતી નથી. આ સત્સંગ જેને જેવો સમજ્યામાં આવ્યો હોય તે તો તેની વાતમાં જ કહી દે છે. કેમ જે, જેને જેવો સત્સંગ હોય તે તેની વાત છુપાવી રાખતી નથી. જેમાં જેટલો સત્સંગનો ખપ હોય તે તો તેના સત્સંગના વર્તનમાં દેખાઈ આવે છે. જેટલું સત્સંગનું વર્તન છે તે હરિભક્તોનાં સાચા આભૂષણો છે. ૩૪-૩૬.

સત્સંગના શુભ વર્તનરૂપ ઘરેણાં જેવું બીજું કોઈ ઘરેણું નથી. બીજાં ઘરેણાં કરોડોની કિંમતના હોય, તોપણ સત્સંગના ગુણ આગળ તે કાંઈ નથી. ૩૭. સત્સંગીમાં સત્સંગના ગુણરૂપ જે આભૂષણ છે તેના જેવું બ્રહ્માંડમાં બીજું કોઈ આભૂષણ નથી. ૩૮. **સત્સંગમાં સુખ છે એવું સુખ બીજે ક્યાંય રહ્યું નથી. પ્રકૃતિપુરુષ સુધીનું બીજું જે સુખ તે તો દુઃખ જ છે. ૩૯. આવી જેને સમજણ હોય તથા જે નિષ્કપટ અને નિર્દંભ હોય તે જ સાચા હરિભક્ત છે. દંભીનો ક્યારેય મોક્ષ થતો નથી." ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર બાવીશમું : તરંગ - ૪

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત

એક પ્રશ્નની વાતમાં બીજી પણ અપાર વાતો દેખાય છે-આવી જાય છે. શ્રીહરિને જેવી વાત કહેતા આવડે તેવી બીજા કોઈને કહેતા આવડે નહીં. કેમ જે, શ્રીહરિ તો જે કાંઈ કહે છે તે છેક અક્ષર સુધીનું બધું દેખે છે. હવે શ્રીહરિ નાના આત્માનંદસ્વામીના બીજા પ્રશ્નનો ઉત્તર કરે છે. ૧-૨. જેની પાસે પોતે પ્રથમ હૃદયના ભાવથી રહેતો હોય તેની સાથે પછી કદાચ સ્વભાવ-પ્રકૃતિ ન મળતા ફાવે નહિ, ત્યારે બીજા પાસે જઈને રહે તોપણ પ્રથમ જેની પાસે રહ્યો હોય તે સંતનું જો કોઈક મુખથી ઘસાતું બોલે તો તેને સાંભળીને ખમી શકે નહિ. ત્યારે તેના વિશે સર્વે સંતોને એમ સમજાય કે, ‘આપણી પાસે જે આવ્યો છે તે ક્યારેય કૃતઘ્ની નથી. કેમ જે, જેની પાસે રહીને જેટલો કાંઈ સંત સમાગમ કર્યો અને તેમાં કાંઈક ચાર અક્ષર શીખ્યો છે, તેનો ગુણ હજુ સુધી મૂકતો નથી; માટે આ સાધુ બહુ સારો છે.’ એમ જાણીને સર્વે સંતને તેના ઉપર અપાર હેત થાય છે, અને આવું તેનું વર્તન જોઈને તે ઘણો વ્હાલો બને છે. ૩-૭.

તેનું આવું નિષ્કપટ વર્તન જુએ ત્યારે તેમાં સહુને દિવસે દિવસે ભાવ થાય છે. કારણ કે, જેનું નિષ્કપટ વર્તન હોય તે નિષ્કપટપણું તેની મોટાઈ વધારે છે. ૮. લોક તો એવું પણ કહે કે, ‘આ અવતારી પ્રગટ થયા છે.’ કેમ જે, દંભીને નરનારી ઓળખતા નથી. લોકોને તો જે માન આપે તેને ભગવાન કરતાં પણ અધિક માને છે. ૯. જે કોઈ અજ્ઞાની માણસો છે તે બધા તો માનના ભૂખ્યા છે. માન લોકોને વશ કરવાનું સાધન છે. પ્રાકૃત લોકો માટે તો આ માન જ સહુથી શ્રેષ્ઠ અને માન જ કલ્યાણ છે. ૧૦. લોકની અને સત્સંગની સમજણમાં પૂર્વ-પશ્ચિમ જેટલો ફરક છે. કરોડો કલ્પ વીતી જાય તોપણ તે ફરક મટવાનો નથી. ૧૧.

સત્યમાં જેટલું અસત્ય ભળી જાય છે, પછી તે તેટલું સત્ય કહેવાતું નથી. સત્સંગ જેનું નામ છે તેને જે યથાર્થરૂપમાં જાણે છે, તેનું કામ સિદ્ધ થઈ જાય છે. ૧૨. જે લોકો સત્ય અને અસત્યને એકસમાન જાણે છે, તેને

કુસંગરૂપ દેખીને હરિભક્ત તજી દે છે. ૧૩. જે ભક્તને ભગવાન સિવાયનું બીજું સુખ જમપુરી જેવું લાગે તે ભક્તને અંતર્યામી શ્રીહરિ વિવેક આપતા રહે છે. ૧૪. જે મનુષ્ય દંભી હોય તેને જોઈને અંતર્યામી ભગવાન તેના વિવેકને હરી લે છે. તે દંભીને દેખાતું નથી. ૧૫. પછી તે દંભીને દંભમાં મોક્ષ મનાય છે અને જ્યાં ખરો મોક્ષ હોય ત્યાં દંભ દેખાય છે. ભગવાને આવું કરીને તેને અંધ કર્યો હોવા છતાં તેને કાંઈ ગમ પડતી નથી. ૧૬. જે લોકો જમપુરીના અધિકારી છે તે સત્ય માર્ગને દેખતા નથી. પછી તેવા અજ્ઞાનથી આંધળા બનેલા તે લોકો જે સત્યમાર્ગે ચાલે છે તેની પણ હાંસી-મશ્કરી કરે છે. ૧૭.

જે લોકો હરિભક્તોનું જેટલું અપમાન કરે છે તે મૂઢ મનુષ્યો ખરેખર પોતાનું જ તેટલું અપમાન કરી રહ્યા છે. ૧૮. વિમુખ લોકો હરિભક્તનું જેટલું ઘસાતું બોલે છે, માનો તે તેની જીભથી હરિભક્તોના મેલને વારંવાર ધોઈ રહ્યા છે. ૧૯. હરિભક્તો આવું સમજે છે પણ વિમુખ લોકો તેમ સમજતા નથી. સમજણ વિના તે વિમુખ કહેવાય છે અને મરીને જમપુરીમાં જાય છે. ૨૦. **જે ખરા હરિભક્ત હોય તે તો જરૂર ભગવાનના ધામમાં જાય છે.** (હવે બીજા પ્રશ્નના ઉત્તરની બાકીની વાત કહે છે.) કોઈ એક સાધુ પ્રથમ કોઈ સંત પાસે રહ્યો હોય પછી જ્યારે તેનાથી ઉદાસ થાય ત્યારે બીજા સાધુની પાસે જઈને રહે. પછી પ્રથમ જેની સાથે રહ્યો હોય તેની નિંદા કરતો રહે તેને સાંભળીને સંત કહે જે, 'આ તો કૃતઘ્ની પુરુષ છે, તે જ્યારે તેને આપણી સાથે નહિ બને ત્યારે આપણી પણ નિંદા કરશે.' એમ જાણીને સહુ હેત છોડી દે છે. ૨૧-૨૩.

✵ જે મોટા સંતની મરજીમાં વહે તેમાં શ્રીહરિ રહે :

चोपाई :

संत कु हित होवेउ जीमी, विवेकि संत वरतत रहे तीमी;
सब साधन यह करत रहाता, संत की मरजी जिमि वरताता...२४

दोहा : श्रीहरि की मरजी जिस विध, साधन यह सब हि पर;
वरतत हि संत तिस विध हि, संत यह रहे अफर...२५

अफर संत जो जितने हि, हरि की मरजी हि तामें;
निशदिन रहे निवासकर, तन महिं रही यामें...२६

सोरठा : संत की मरजी तामें, वरतत रहे जन जाहीं लग;
प्रगट रहेउ यामें, भगवान जो निवास कर...२७

બધા સંતોને પોતાના ઉપર જેમ હેત થાય તેમ વિવેકી સંત વર્તતો રહે છે. સંતોની મરજી પ્રમાણે જે વર્તે છે, તેણે બધાં જ સાધન કર્યાં છે. ૨૪. શ્રીહરિની જેવી મરજી હોય તેમાં રહેવું તે સહુથી શ્રેષ્ઠ સાધન છે, અને તે પ્રમાણે જે સંત વર્તે તે પાકો સંત છે. ૨૫. જે કોઈ પાકા સંત છે તે શરીરમાં રહ્યા હોવા છતાં ભગવાનની મરજીમાં જ રાત-દિવસ વાસ કરીને રહે છે. ૨૬. મનુષ્ય જ્યાં સુધી સંતોની મરજીમાં રહે છે ત્યાં સુધી ભગવાન તેમાં નિવાસ કરીને પ્રગટ રહે છે. ૨૭.

જે લોકો સંતોની મરજીનું જેટલું ઉલ્લંઘન કરે છે તેને તેટલો સનેપાત-રોગ થયો છે. તેને સંતો પારખી લે છે. ૨૮. એ પ્રકારના સનેપાતમાં પણ સાધ્ય અને અસાધ્ય બે પ્રકાર હોય છે. જો તે રોગનો પ્રકાર સાધ્ય હોય તો ઉપાય કરી શકાય છે, પણ અસાધ્ય કક્ષાએ પહોંચેલા માટે અપાર ઉપાય કરવામાં આવે તોપણ તે લગારેય માને નહિ. ૨૯. છતાં પણ કોઈને ઉપાય કર્યા સિવાય શાંતિ થતી નથી. જેટલા કાંઈ ઉપાય કરવામાં આવે તેને જે રોગી ન માને તો તે વચ્ચે જ મર્યા સિવાય રહે નહિ. ૩૦. ઉપાય કરવા છતાં જો મરી જાય તો તેમાં ઉપાય કરનારાનો દોષ ન ગણાય. પછી તો જેનું જેવું ભાગ્ય હોય તેવું તે ફળ ભોગવે છે. ૩૧. નિર્દોષ મનુષ્ય દોષમાં આવતા નથી, તે નિર્દોષનો સ્વભાવ છે. જેમાં જેટલો નિર્દોષપણાનો ગુણ હોય તે તેટલા સંત છે. ૩૨. **ભગવાન અને સંતના સંબંધ વિનાની જે જે ક્રિયા કરવામાં આવે, તે બધી ક્રિયાઓ ઉપાધિ અને કલેશ કહેવાય છે.** તેવી કલેશજનક ક્રિયાને સંતો ક્યારેય કરતા નથી. ૩૩.

સંતના જે કાંઈ સાધુતારૂપી સ્વભાવ છે તેને જે સંત હોય તે રાત-દિવસ શીખતા રહે છે. સંતમાં છળ-કપટ હોતા નથી. તે જેવા બહાર દેખાતા

હોય તેવા જ અંદર હોય છે. ૩૪. આવા સંતને જે સેવે છે તેના અપાર ભાગ્ય ઉદય થાય છે. જે શક્તિશાળી સંતો છે તે ભગવાનમાં હેત તથા સંબંધ કરાવે છે. ૩૫. ભગવાનના સંબંધ સિવાયનું બીજું ભાગ્ય-સુખ જે ઇચ્છે છે, તે તો બ્રહ્મા જેવા હોય તોપણ અભાગિયા છે. ૩૬.

કોઈ પુરુષ-પ્રકૃતિ સમાન થયો હોય, આખું બ્રહ્માંડ તેને વશ હોય તથા જેટલું અનંત બ્રહ્માંડોનું સુખ છે તેને એકલો જ ભોગવતો હોય, કલ્પવૃક્ષ, ચિંતામણિ અને જે કાંઈ રિદ્ધિ-સિદ્ધિ કહેવાય છે, તે બધું ભોગવતો રહે; એવો સમર્થ હોવા છતાં જો ભગવાનના સંબંધ વિના તે સાધુ કહેવાતો હોય તો તેને સાચા સંતો દુર્ભાગી દેખે છે. ૩૭-૩૯. પછી ઘણા નાના છતાં બુદ્ધિશાળી એવા દહારાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, "આ જે ભગવાન તે તો અક્ષરથી પણ પર છે અને મન-વાણીથી પણ તે પરમાત્મા પર જ રહ્યા છે. આમ અગોચર એવા તે પરમાત્મા બધા લોકોને પ્રત્યક્ષ દેખાય છે, તેનો શું હેતુ છે ?" ૪૦-૪૨. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન મુખ થઈને અમૃતરસથી ભરેલા વચનને બોલવા લાગ્યા. ૪૩.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર બાવીશમું : તરંગ - ૫

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત

હવે પરમ સુખનિધિ અને કૃપાળુ એવા શ્રીજીમહારાજ દહરાનંદસ્વામીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, "અક્ષરાતીત તથા મન વાણીથી પર અને સર્વને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે કે, 'જ્ઞાની અને અજ્ઞાની એવા જે મૃત્યુલોકના બધા મનુષ્યો તે મને દેખો' તેમ ધારે છે. પછી સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપા કરીને

મૃત્યુલોકના મનુષ્યોને પોતાનું સ્વરૂપ દેખાય એવા થાય છે. અર્થાત્ પરમ કૃપાળુ અને દયાળુ એવા ભગવાન કૃપા કરીને સહુને દેખાય છે." ૧-૫. પછી ત્યાગાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાન કેમ રાજી થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા કે,

चोपाई :

भगवानकु प्रसन्न करना जाकू, तन के सुखकु न इच्छना ताकू;
हरि के दरशन ताकु जेहू, बचन उलंघी के कबहु तेहू...०७
लोभ ताकु न रखना कबही, भगवान कहे तीमी हि सबही;
करना हि भगवान कु एही, प्रसन्न करन साधन हि तेही...०८

"જેણે ભગવાનને રાજી કરવા હોય તેને તો પોતાના દેહનું સુખ ઈચ્છવું નહિ. આજ્ઞા-વચનને ઉલ્લંઘીને ક્યારેય ભગવાનનાં દર્શન કરવાનો પણ લોભ રાખવો નહિ અને ભગવાન જેમ કહે તેમ જ બધું કરવું; એ જ ભગવાનને રાજી કરવાનું સાધન છે. ૬-૮.

❋ જો મહિમા અને દિવ્યભાવ થાય તો અખંડ આનંદ લહેરાય :

પછી લક્ષ્મણાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન અને ભગવાનના સંતનો સમાગમ કેમ સમજીએ ત્યારે આશ્ચર્ય સરખો જણાય ? તે આશ્ચર્યનો ક્યારેય નાશ ન થાય પરંતુ આઠે પહોર ઉલ્લાસ અને અહો અહો સરખું કેમ સમજીએ તો રહે ? તે આપ કહો." પછી ભક્તજનોના ભયને હરનારા એવા શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે ભક્તજનો છે તે અમે કહીએ એમ સમજે જે, 'આ ભગવાન તથા આ સંતો-હરિભક્તો છે, તે બધા વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર ધામના જ નિવાસી છે. ૯-૧૩

આ સંતો અને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ બધાં ધામ રહ્યાં છે.' આવું તે ભક્ત સમજે. ૧૪. વળી, 'આવા સંતો અને ભગવાનની ભેળો મારો નિવાસ થયો છે તથા મને અત્યારે સત્સંગ થયો છે તે મારું મોટું ભાગ્ય છે.' ૧૫. આ રીતે જ્યારે સમજે ત્યારે તે ભક્તને આઠે પહોર આશ્ચર્ય વર્તે અને સદા આનંદના સાગરમાં ઝૂલતો રહે." ૧૬.

પછી પરમાત્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, (ભાગવતના એકાદશ સ્કંધમાં) સંતનાં ત્રીશ લક્ષણ કહ્યાં છે, તે શો ઉપાય કરે તો આવે ? ૧૭.

चोपाई :

त्रिस लक्षण जुक्त कर हि जेऊ, संत जो ताके विषे तेऊ...१८
गुरुबुद्धि देवबुद्धि रखीता, मन क्रम वचन संग करीता;
संत के संग तब करत तामें, त्रिस लक्षण आवत हे वामें...१९

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જે ત્રીશ લક્ષણેયુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખવામાં આવે અને મન, કર્મ, વચને કરીને તેમનો સંગ કરવામાં આવે તો તેવી રીતે સંતનો સંગ કરવાથી તે ત્રીશ લક્ષણ આવે છે. ૧૮-૧૯. આ રીતે સર્વે શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે, **'જેવા પુરુષને જે સેવે, તેવા જ ગુણ તેમાં આવે છે.** અર્થાત્ સંતના સંગે સંત જેવો તે થાય છે." ૨૦.

પછી શાંતાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "એક ભક્ત છે તે ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખે એવો છે અને બીજો ભક્ત છે તે ભગવાનનું ભજન, સ્મરણ તથા કથા-કીર્તન પણ ઘણા કરે અને સાંભળે છે; આ બે પ્રકારના ભક્તો કહ્યા તેમાં કોણ શ્રેષ્ઠ છે ? તે નિર્ધાર કરીને કહો. કેમ જે, કહ્યા વિના સમજ્યામાં આવતું નથી." પછી શ્રીજીમહારાજ તેનો યથાર્થ ઉત્તર કહેવા લાગ્યા જે, "જેને નિર્વિકલ્પ સમાધિ થતી હોય અને દેહની સ્મૃતિ ન રહેતી હોય એવો જે ભક્ત છે, તે કથા-કીર્તન ન કરે તોપણ શ્રેષ્ઠ છે. પણ જેને દેહની સ્મૃતિ રહેતી હોય અને ધ્યાન-ભજન-સ્મરણ માંથી પોતાની મેળે ઊઠીને ખાવું-પીવું વગેરે બધી દેહની ક્રિયાઓને તત્પર થઈને કરતો હોય, તે જો કથા-કીર્તન ન કરે અને ન સાંભળે તો તેના કરતાં જે કથા-કીર્તન કરે-સાંભળે તે શ્રેષ્ઠ છે. ૨૧-૨૮.

પછી આધારાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કેવી રીતે વર્તીએ તો ભગવાન અને ભગવાનના સંત રાજી થાય ? તે ઉપાય જે રીતનો હોય તે રીતે કૃપા કરીને હે હરિ ! આપ કહો." પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે,

पंच वर्तमान कहावत जेही, संपूरण तेहि रखीये तेही;
तामें कोउ रीतकर जबहू, खोट न आवने दैये तबहू...३१
भगवान भगवान के संता, प्रसन्न होवत रहे अतंता;
लेशमात्र संशे जो यामें, नहीं रहावे कबहु हि तामें...३२

"પંચવ્રતમાનને સંપૂર્ણ રાખીએ અને તેમાં જ્યારે કોઈ રીતે ખોટ ન આવવા દઈએ ત્યારે ભગવાન અને ભગવાનના સંત અત્યંત પ્રસન્ન થાય છે, તેમાં લેશમાત્ર પણ સંશય ક્યારેય રહે નહીં." ૨૯-૩૨.

❋ જો શ્રીજી-સંતની દયા થાય તો દોષો દૂર જાય :

પછી વેદાંતાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "પહેલા જેનાથી કાંઈક ગોબરું વર્તન થઈ ગયું હોય પણ પછી તે કેવો ઉપાય કરે તો તેના ઉપર ભગવાન અને ભગવાનના સર્વ સંતો રાજી થાય ? તે વાત આપ કહો." પછી શ્રીહરિ બોલ્યા કે, "પોતામાં જે ખરાબ સ્વભાવ હોય તેને દેખીને સર્વ સંતો અને ભગવાન કુરાજી થતા હોય તે સ્વભાવની સાથે જ્યારે વૈર કરીએ, ત્યારે જેને જે સાથે વૈર હોયતે તો સર્વ જગત જાણે એવું હોય; તેથી તે વૈરને બધા સંતો પણ જાણે. પછી આ સંતો તો તે ભૂંડા સ્વભાવના વૈરી છે જ, તેથી તે આપણા પક્ષમાં ભળીને દયા કરે છે. ૩૩-૩૮. અને જે પ્રકારે તે સ્વભાવને આપણે જીતીએ તેવો ઉપાય બતાવે છે, માટે તે સંતોને સેવવા. ૩૯. અને જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય તે સ્વભાવની સાથે સુધું દૃઢ જીવનભર વૈર રાખવું. ૪૦.

પછી જેટલા કાંઈ તે નિંદિત સ્વભાવો કહેવાય છે તે સર્વેના જેમ મૂળ ઉખડી જાય તેમ ઉપાય કરવા. આ રીતે જ્યારે વર્તન રાખીએ ત્યારે ભગવાન અને સંતો આપણા ઉપર પૂર્ણ દયા કરે છે. ૪૧. **અને જેના ઉપર ભગવાન અને ભગવાનના ભક્તોની દયા થાય છે ત્યારે તેના હૃદયમાં અતિ ઘણું સુખ વર્તે છે, અને કલ્યાણના માર્ગમાં ચાલવાનું સામર્થ્ય વધે છે અને કામ, ક્રોધ, લોભ આદિક શત્રુનું બળ ઘટી જાય છે. ૪૨** માટે જેનાં હૃદયમાં જે અંતઃશત્રુ અતિશય પીડતા હોય તેની સાથે ઘણું વૈર કરીએ તો પરમેશ્વર તેની સહાય કરે છે. પછી પરમેશ્વરની કૃપાથી તે સર્વ કામાદિક શત્રુઓ

જીતાય છે. એટલા માટે ભક્તજનોએ કામાદિક શત્રુઓની સાથે જરૂર વૈર કરવું ઘટે છે. કેમ જે, પોતાના અંતઃશત્રુઓની સાથે વૈર કરવામાં તો તેનો અત્યંત રંગ રહે છે. અર્થાત્ ઘણો જ લાભ થાય છે. ૪૩-૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર બાવીશમું : તરંગ - ૬

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત

પછી ભગવદાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જેવી ભગવાનની બીક પાસે બેઠા હોઈએ અને લાગે છે, તેવી ને તેવી જ બીક જ્યારે દૂર જાઈએ તોપણ કેમ સમજીએ તો રહે ?" ૧-૨.

❋ ભગવદ્‌મહિમા સમજવાની રીત :

પછી શ્રીજીમહારાજ સંતોના સમૂહ સમક્ષ ઉત્તર કરતા થકા બોલ્યા જે, "જો ભગવાનનું પૂરું માહાત્મ્ય નિષ્કપટભાવે સમજે તો ભગવાનની પાસે રહેતા હોઈએ ત્યારે જેવી બીક રહે છે તેવી જ દૂર થઈએ તોપણ બીક રહે, પછી તે કોઈ પણ જાતનું ખરાબ વર્તન રાખી શકે નહિ. હવે તે માહાત્મ્ય જે રીતે સમજવું જોઈએ તે રીતને અમે પ્રેમથી કહીએ છીએ. ૩-૫.

चोपाई :

अक्षरातीत हि एसे जेहा, पुरुषोत्तम भगवान हि तेहा;
ताकी इच्छा करीके अनंता, कोटि कोटि ब्रह्मांड रहंता...०६

उत्पत्ति ताकि होवत रहावा, निज शक्ति धरी रहे मुद पावा;
व्यतिरेक थके भगवान जेऊ, अन्वयपनेउ सब में तेऊ...०७

रहेउ अंतरजामी हि रूपा, अन्वय थके व्यतिरेक अनूपा;
रहेउ भगवान यह जेसे, प्रत्यक्ष प्रमाण रहे तेसे...०८

तेसे के तेसे अणु अणु ही, अंतरजामी रूपे हि त्युं ही;
विराजमान रहे भगवाना, एहि सम समर्थ कोउ न रहाना...०९

'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ છે તેમની ઈચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. વળી, તે જ ભગવાન પોતાની શક્તિએ કરીને પ્રેમથી તે બ્રહ્માંડોને ધરી રહ્યા છે, અને તે બ્રહ્માંડોથી વ્યતિરેકપણે-જુદા રહ્યા થકા સહુમાં અન્વયપણે કરીને રહ્યા છે. ૬-૭. અને અંતર્યામીરૂપે રહેલા તે ભગવાન સર્વમાં અન્વયપણે રહ્યા થકા અનુપમ રીતે વ્યતિરેકપણે પણ રહ્યા છે. વળી, આ ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા જ અંતર્યામીરૂપે કરીને અણુ અણુ પ્રત્યે વિરાજમાન છે. એ ભગવાન સમાન બીજો કોઈ સમર્થ નથી. ૮-૯. તે ભગવાનના ડોલાવ્યા વિના કોઈ એક તરણું પણ ડોલવા સમર્થ નથી. **વળી, અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જે રીતે થાય છે અને તેમાં જીવને સુખ-દુઃખનો જે કાંઈ સંબંધ થાય છે, તે બધું ભગવાન પુરુષોત્તમના હાથમાં જ નિશ્ચિત રહ્યું છે. એવા તે ભગવાન શ્રીહરિ પોતાના હૃદયમાં જેટલું ધારે છે તેટલું જ થાય છે, તેમાં કાંઈ ખોટું નથી. ૧૦-૧૨.**

અમે કહ્યા એવા તે સર્વજ્ઞ ભગવાન જીવોનાં કલ્યાણ કરવાં માટે જ ભૂમિ ઉપર પધારે છે. ૧૩. ત્યારે પોતે ઘોડા ઉપર બેસીને ચાલે એટલે તે ઘોડો ભગવાનને ઉપાડીને ચાલતો હોય એવું લાગે છે, પણ એ તો ઘોડાના પણ આધાર છે. અને જ્યારે તેઓ પૃથ્વી ઉપર બેઠા હોય ત્યારે એમ દેખાય છે કે, તે ભગવાનને ભૂમિ ધરી રહી છે. પણ એ ભગવાન તો સ્થાવર, જંગમે સહિત આખી પૃથ્વીને ધરી રહ્યા છે. અને જ્યારે રાત્રિ હોય ત્યારે ચંદ્રમા, દીવો કે મશાલ, તેના અજવાળે કરીને ભગવાનનાં દર્શન થાય અને દિવસે સૂર્યને અજવાળે દર્શન થાય. પરંતુ એ ભગવાન તો સૂર્ય, ચંદ્ર અને અગ્નિ, એ સર્વને પ્રકાશના દાતા છે. ૧૪-૧૯.

આવું અદ્‌ભુત સામર્થ્ય ભગવાનમાં રહ્યું છે, છતાં પણ મહારાજાધિરાજ તે ભગવાન જીવોનું કલ્યાણ કરવાં માટે મનુષ્યનાં જેવાં થઈને મને દર્શન આપે છે.' આવી રીતે જો ભગવાનનું માહાત્મ્ય સમજે તો પાસે રહેતો હોય ત્યારે જેવી મર્યાદા તથા બીક રહે છે તેવી ને તેવી જ મર્યાદા તથા બીક દૂર જાય તોપણ રહે."

તે પછી ફરીને ભગવદાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જ્યારે ભગવાનના કર્યા સિવાય કાંઈ થતું નથી અને જે કાંઈ થાય છે તે સર્વે ભગવાનનું જ કર્યું થાય છે ત્યારે ભગવાન અથવા ભગવાનના ભક્તને કાંઈક ભૂંડા દેશ-કાળ આવે છે ત્યારે તેમને તે દુઃખ કેમ રહે છે ? ૨૦-૨૪. અર્થાત્ તે દુઃખને ભગવાન કેમ ટાળતા નથી ? અને તે દુઃખને ટાળવાના સંકલ્પો કેમ કરતા રહે છે ? તે સમજાવીને કહો." ૨૫.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જ્યારે ભગવાન મનુષ્યજન્મ ધારણ કરે છે ત્યારે ભગવાનની એવી જ રીત હોય છે કે, 'મનુષ્યની રીતે જ બધો વ્યવહાર કરે, પરંતુ પોતાનું અલૌકિક સામર્થ્ય પ્રગટ કરે નહિ.' એવી રીતે સર્વે શાસ્ત્રમાં ભગવાનનાં ચરિત્ર કહ્યાં છે. તેથી જ્યારે ભગવાન તેનાથી કાંઈક નવાં ચરિત્ર કરે ત્યારે સંશય કરજો. પણ સમજણ વિનાના જે કુતર્કો થાય તેનો ત્યાગ કરી દેવો. ૨૬-૨૯. જ્યાં સુધી પૂર્વે અવતારો થયા તેના જેવાં ચરિત્રો કરતા રહે, ત્યાં સુધી તમારે ક્યારેય સંશય કરવો નહિ." ૩૦.

❋ જેટલો મહિમા હોય તેટલો અહોભાવ મનાય :

પછી નિર્મળાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કેમ સમજીએ ત્યારે ભગવાનના સંતનો મહિમા અતિશય જણાય ? તે કૃપા કરીને જેમ હોય તેમ કહો." પછી શ્રીજીમહારાજે જે કહ્યું તે હું કહું છું, ૩૧-૩૨. **"મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, પરશુરામ અને રામ-કૃષ્ણ એ આદિક જે ભગવાનના અનંત અવતારો થયા, તેના મહિમાને જ્યારે વિચારે, ત્યારે સંતનો જેવો છે તેવો મહિમા દેખ્યામાં આવે છે. વિચાર કર્યા સિવાય લેશ પણ દેખાતો નથી.** ૩૩-૩૪. તે મહિમા એમ વિચારવો કે, જે ભગવાને રામ-કૃષ્ણાદિક અવતારોએ કરીને અપાર જીવનો ઘણો ઉદ્ધાર કર્યો, તે સર્વાવતારી ભગવાનના આ સંતો છે. તે સંતો શુક-સનકાદિક સમાન છે. તેવા સંતોનો મને સમાગમ મળ્યો છે, માટે હું ઘણો ભાગ્યવાન થયો છું. ૩૫-૩૬.

આમ સમજે ત્યારે દિવસે દિવસે સંતોનો મહિમા અધિક અધિક જણાતો જાય છે." ૩૭. પછી નારાયણાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "સ્થૂળ,

સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ શરીરમાં જીવ અન્વયપણે કેમ રહ્યો છે ? અને વ્યતિરેકપણે કેમ રહ્યો છે ? તે આપ કહો." પછી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થઈને અમૃત સમાન વચન બોલ્યા. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર બાવીશમું : તરંગ - ૭

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું બાકીનું વચનામૃત

હવે શ્રીજીમહારાજ તે પ્રશ્નનો ઉત્તર કરે છે કે, "જ્યારે જીવને દેહમાં સુખ-દુઃખનો યોગ થાય ત્યારે તે સુખ-દુઃખને જીવ જો પોતાને વિષે માને, તો તે જીવ અન્વયપણે રહ્યો છે અને જ્યારે ત્રણ શરીરનાં સુખ-દુઃખથી પોતાને ન્યારો-જુદો-અલિપ્ત સમજે, ત્યારે તે જીવ વ્યતિરેકપણે રહ્યો કહેવાય છે. આ રીતે જીવ દેહમાં અન્વય-વ્યતિરેકપણે રહ્યો છે, તે અમે તમને શાસ્ત્રની રીતે વાત કરી." ૧-૪.

❋ સત્સંગમાં હોવા છતાં ઘટી જાય તેનું કારણ :

પછી શૂન્યાતીતાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "માણસ જ્યારે પ્રથમ સત્સંગ કરે છે ત્યારે તેને સંતો તથા સત્સંગીઓ ઉપર અતિશય હેત હોય છે અને પછી તેવું ને તેવું હેત રહેતું નથી, તે ઓછું કેમ થઈ જાય છે ?" ૫-૬. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જીવ જ્યારે પ્રથમ સત્સંગ કરે છે ત્યારે તેને સંતોને વિષે એવી અલૌકિક બુદ્ધિ હોય છે, જે મુખથી કહી શકાતી નથી. **પછી તો તે સંતમાં કોઈ અલ્પ-જેવો તેવો દોષ હોય તેને જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો દોષ લે છે-પરઠે છે. પછી તેની અસદ્‌વાસના થઈ જાય છે. તેણે કરીને સંતો ઉપરથી ભાવ ઘટી જાય છે.** તે જો મનમાં વિચાર કરીને તે અસદ્‌વાસનાને ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થઈ જાય અને જો તે અસદ્‌વાસના ન ટાળે તો તે અંતે જાતા વિમુખ થઈને સત્સંગથી નોખો પડી જાય છે." પછી પ્રસાદાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, ૭-૧૨.

दोहा : जीवकु मोक्ष हि तिनके, हेतु हि कहा रहेउ;
पीछे श्रीमहाराज जो, बोलत भयेउ तेउ...१३
साचे संत कहे तिमी हि, संशय रहित हि जोउ;
करना एह जीव हि कु, मोक्ष के हेतु सोउ...१४

"જીવના મોક્ષનો હેતુ શું છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સાચા સંત જેમ કહે તેમ જ સંશયે રહિત કરવું, એ જ જીવના મોક્ષનો હેતુ છે." ૧૩-૧૪.

પછી ત્રિગુણાતીતાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "દેશ, કાળ, ક્રિયા અને સંગ તેનું જ્યારે વિષમપણું હોય ત્યારે ત્યાં શો ઉપાય કરવો ? તે આપ કહો. કેમ જે, આપ બધી બાબતને જાણો છો." ૧૫-૧૬ પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા કે, "જ્યારે દેશકાળાદિક વિષમ હોય ત્યારે તેમાંથી ઉગરવાનો એ જ ઉપાય છે કે, ત્યાંથી જે તે પ્રકારે કરીને ભાગી છૂટવું."

પછી નાના નિર્વિકારાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૧૭-૧૮. "ભગવાનનો નિશ્ચય તો છે તોપણ અસદ્‌વાસના કેમ ટળતી નથી ? હવે આપ તેનો ઉપાય કહો." ૧૯. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનનું જેવું યથાર્થ માહાત્મ્ય છે તેવું તેના જાણ્યામાં આવ્યું નથી, તેથી તેની અસદ્‌વાસના ટળતી નથી. અસદ્‌વાસના નહિ ટળવાનું આ કારણ છે. તમારા પ્રશ્નનો આવો ઉત્તર છે." ૨૦-૨૧.

❋ શ્રીજી, સંતો અને સત્સંગમાં હેત થવાના ઉપાય :

પછી મોટા યોગાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનનો નિશ્ચય તો પરિપૂર્ણ છે, તોપણ ભગવાનમાં અને તેમના કથા-કીર્તનમાં હેત નથી થાતું તેનું શું કારણ છે ?" ૨૨-૨૩. પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા કે, "ભગવાનનું જેવું માહાત્મ્ય છે તેવું તેને સમજવામાં આવ્યું નથી. **જો ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજાય જાય તો ભગવાન સિવાયના અન્ય પદાર્થમાં હેત રાખવું હોય તોપણ ન રહે. આવું જ્યારે ચિત્ત થાય ત્યારે ભગવાન, ભગવાનના સંત અને ભગવાનના કથા-કીર્તનને વિષે જ અચળ પ્રીતિ થાય છે." ૨૪-૨૭.**

પછી પ્રતોષાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનની ભક્તિ અચળ કેવી રીતે રહે ?" ૨૮. પછી શ્રીજીમહારાજ ઘણા ખુશ થઈને બોલ્યા કે, "અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ, એ ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ અને વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન, તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો ભગવાનની શ્રવણ આદિક નવ પ્રકારની ભક્તિ અચળ રહે." આવી રીતે શ્રીહરિએ સર્વ સંતોના પ્રશ્નના ઉત્તર કર્યા.

પછી શ્રીજીમહારાજે સર્વે મુનિઓને પૂછ્યું કે, "કામ, ક્રોધ અને લોભ, એ ત્રણને ગીતામાં નરકનાં દ્વાર કહ્યા છે, એમાંથી જેને જે જે દોષ અતિશય જિતાયા હોય તે સર્વે વિચારીને કહો. કેમ જે, તમે સહુ અપાર બુદ્ધિમાન છો." ૨૯-૩૪. પછી જેને જે બાબતની અતિશય દૃઢતા હતી તે સંતો તેવી રીતે બોલ્યા. ત્યારે તેમનાં વચન સાંભળીને શ્રીજીમહારાજ તેમના ઉપર અતિશય પ્રસન્ન થયા. પછી આત્માનંદસ્વામી, યોગાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી અને શિવાનંદસ્વામી, એ ચારની ઉપર રાજી થઈને તેમની છાતીમાં શ્રીહરિએ પોતાનાં ચરણકમળ દીધાં. પછી એમ બોલ્યા કે, જેમ મહાનુભાવાનંદસ્વામી આદિક જે મોટા સંતો છે, તેમની ભેળા આ ચાર સંતોને પણ ગણવા. ૩૫-૩૮. તેમને બુદ્ધિમાન જાણીને તેમનું ક્યારેય કોઈથી અપમાન થવા દેવું નહિ; આવું મુક્તાનંદસ્વામી આદિક મોટેરા સંતોને શ્રીહરિએ કહ્યું. પછી અત્યંત પ્રસન્ન થઈને થાળ જમવા માટે વર્ણીની સાથે પોતાને ઉતારે પધાર્યા. શ્રીહરિ તો પૂર્ણમનોરથ અને પૂર્ણકામ છે તે ભક્તજનોનું હિત કરવા માટે જ પ્રગટ થયા છે. ૩૯-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યોતેરમું બાકીનું વચનામૃત પૂરું થયું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર બાવીશમું : તરંગ - ૮

ગઢડા મધ્ય પ્રકરણનું બીજું વચનામૃત

શ્રાવણ સુદિ ત્રીજને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ રેશમની ગાદી ઉપર વિરાજમાન થયા હતા. ત્યારે અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિજનો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને મુનિ ઝાંઝ, મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

❋ આત્મા-પરમાત્માના સુખે પૂર્ણકામ રહેવું :

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “હે સંતો ! હવે તમે કીર્તન રાખો, અમે વાત કરીએ છીએ.” આમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, “જેને આત્યંતિક કલ્યાણ પામવું હોય તથા નારદ, સનકાદિક જેવા સાધુ થવું હોય તેને હવે અમે કહીએ તેને અનુસાર એમ વિચાર કરવો જે, આ દેહમાં જે જીવ રહ્યો છે તે તો શુદ્ધ છે, અને સર્વ ઈન્દ્રિયો, અંતઃકરણ છે તે તો જીવની સાથે વળગી રહ્યા છે. ઈન્દ્રિયો, અંતઃકરણ બહાર પણ પંચવિષયમાં વળગી રહ્યા છે, તેમ દેખાય છે. આ જીવ અજ્ઞાને કરીને ઈન્દ્રિયો, અંતઃકરણને પોતાનું રૂપ માને છે. ૧-૯. પણ વસ્તુગતે આ જીવ તે ઈન્દ્રિયો-અંતઃકરણથી ચોક્કસ નોખો છે. અને પંચવિષય અંતઃકરણથી નોખા છે; એવું અનુભવથી દેખાય છે, પણ એ તો વિષયના કાયમી અભ્યાસે કરીને અંતઃકરણને વિશે પંચવિષયની એકતા જણાય છે. વિષયની જે ઉત્પત્તિ તે ઈન્દ્રિયો થકી થાય છે, પણ અંતઃકરણમાંથી થતી નથી; આ વાત એમ જ છે. જેમ અતિશય તડકો હોય અથવા તો ઘણી વધારે ઠંડી હોય તેનો પહેલા બહાર ઈન્દ્રિયોની સાથે સંબંધ થાય છે.

પછી તે ઈન્દ્રિયો દ્વારે કરીને ઠંડી-ગરમીનો શરીરમાં પ્રવેશ થાય છે પણ તેની ઉત્પત્તિ અંદરથી થાતી નથી. ઠંડી અને ગરમી બહારથી ઉત્પન્ન થઈને અંદર પ્રવેશ કરે છે, તેમ જે પંચવિષય છે તે પ્રથમ અંતઃકરણમાંથી

ક્યારેય ઉપજતા નથી. એ તો પ્રથમ ઈન્દ્રિયોને બહાર પંચવિષયનો સંબંધ થાય છે, પછી તે વિષય અંતઃકરણમાં પ્રવેશ કરે છે. માટે જેમ કોઈને બહાર ગૂમડું થયું હોય તો તેનું ઔષધ જ્યારે બહારના ભાગમાં ચોપડવામાં આવે ત્યારે તરત આરામ થાય છે, પણ કેવળ તેની વાત સાંભળવાથી જ ક્યારેય આરામ થતો નથી. ૧૦-૧૯. અને જેમ જેને ભૂખ-તરસ ઘણી લાગી હોય તેની નિવૃત્તિ તો ખાવા-પીવાથી થાય છે, પણ કેવળ અન્ન-જળની વાત કરવાથી ભૂખ-તરસની નિવૃત્તિ થાતી નથી. એ રીતે જ આ પંચવિષયરૂપ રોગનું ઔષધ ખાવામાં આવે ત્યારે જ નીરોગી થવાય છે. ૨૦-૨૧.

હવે તે ઔષધની રીત કહીએ છીએ. તમે સહુ પ્રેમથી સાંભળો. જ્યારે ત્વચા ઈન્દ્રિયને સ્ત્રી આદિક વિષયનો સ્પર્શ થાય છે ત્યારે તે વિષયનો ત્વચા દ્વારાએ અંતઃકરણમાં પ્રવેશ થાય છે. તે બાબત જેમ છે તેમ પછીથી દેખાય છે. ૨૨-૨૩. અને તે વિષય અંતઃકરણ દ્વારાએ જીવમાં પ્રવેશ કરે છે, પણ ખરેખર તો વિષયની ઉત્પત્તિ જીવમાંથી થાતી નથી અને અંતઃકરણથી પણ વિષયની ઉત્પત્તિ થાતી નથી. જે જે વિષય અંતઃકરણમાં સ્ફુરતા દેખાય છે તે પણ પૂર્વજન્મે બહારથી જ ઈન્દ્રિયો દ્વારે અંતઃકરણમાં આવ્યા છે. ૨૪-૨૬. માટે વિષય-વાસના ટાળવાના ઔષધ-ઉપાય તો એ છે કે, 'ત્વચાએ કરીને સ્ત્રી આદિક પદાર્થનો સ્પર્શ તજી દેવો. અને નેત્રે કરીને ક્યારેય તેનું રૂપ ન જોવું. જીભથી ક્યારેય તેની વાત ન કરવી. અને કાને કરીને ક્યારેય સ્ત્રીની વાત સાંભળવી નહિ.

અને નાસિકાએ કરીને ભૂલથી પણ સ્ત્રીઆદિકનો સુગંધ લેવો નહિ.' આ બધી ખાસ ટેક રાખવી. કેમ જે, કરી-પરહેજ-ચરી રાખ્યા વિના રોગ નીકળતો નથી. આ રીતે પંચ ઈન્દ્રિયો દ્વારા વિષયનો દૃઢપણે ત્યાગ કરે તો બહારથી વિષયનો પ્રવાહ અંદર જીવમાં ક્યારેય પ્રવેશ કરે નહિ. માટે આ રીતે જ વર્તન રાખવું. ૨૭-૩૧. જેમ કૂવામાં પાણીની સેર આવતી હોય, પછી તેને ગોદડાના ગાભાથી બંધ કરે ત્યારે તે કૂવાને ખોદવામાં અનુકૂળ આવે. તે રીતે જ બાહ્ય ઈન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતરમાં ક્યારેય પ્રવેશ ન થાય. વળી, **જેમ કોઈકને પેટમાં જેવો રોગ થયો**

હોય તેવું ઔષધ જ્યારે પેટમાં જાય ત્યારે તે રોગ તરત મટી જાય. તેમ પ્રથમથી ઈન્દ્રિય દ્વારાએ કરીને હજારો હજાર વિષય અંતઃકરણમાં આવીને જે ભરાયા હોય, તે બધાને આત્મવિચાર કરીને તથા હૃદયમાં ભગવાનને ધારીને ટાળી દેવા. ૩૨-૩૬. તે આત્મવિચાર એ રીતે કરવો કે, 'હું તો અચળ આત્મા છું. મારે વિષે કોઈ રીતે ઈન્દ્રિય-અંતઃકરણનો સંબંધ ક્યારેય નથી. આમ દૃઢ વિચાર કરીને પોતાના ચૈતન્યમાં

सोरठा : भगवान हि जो ताकि, मूर्ति को धार करहि जोउ;
स्मृति जो रखना वाकि, अरु निज आत्म के सुख करि...३९
पुर्ण रे'ना निश दिन, जिमि कूप जल करिके तेहि;
पुरण भरे जो तीन, जब बाहिर से आप महिं...४०

ભગવાનની મૂર્તિ ધારીને તેની સ્મૃતિ રાખવી અને પોતાના આત્માના સુખે કરીને રાત-દિવસ પૂર્ણ રહેવું. જેમ કૂવો પાણીથી પૂરેપૂરો ભરેલો હોય તો બહારથી તેમાં જે સેરનું પાણી આવતું હોય તેને અંદર રહેલું જે પાણી છે તે ઠેલી રાખે છે. પછી તે સેરના પાણીને અંદર આવવા દેતું નથી. ૩૭-૪૧. અને જો કૂવામાં ભરેલું પાણી ઊલેચાઈને ખાલી થઈ જાય તો સેરનું પાણી બહારથી અંદર આવવા લાગે છે. ૪૨. **એવી રીતે આત્મસુખે કરીને તથા નિત્ય ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારી, તે ભગવાનના સુખે કરીને અંદરથી પૂર્ણ જ રહેવું. અને બહાર પાંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો.** એ જ કામાદિક વિષયને જીતવાનો દૃઢ ઉપાય છે. આ વાત ક્યારેય ભૂલવી નહિ. ૪૩-૪૪. પણ તે વિના એકલા ઉપવાસ કરવાથી કામાદિક દોષોનો પરાજય ક્યારેય થતો નથી. કામાદિક પંચવિષયનો પરાજય કરવા માટે અમે જે આ વિસ્તારે કરીને વાત કરી છે તેને સહુ પ્રેમથી દૃઢ કરી રાખજો. ૪૫-૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બીજું વચનામૃત કહ્યું" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર બાવીશમું : તરંગ - ૯

ગઢડા મધ્ય પ્રકરણનું ત્રીજું વચનામૃત

❋ રસિકમાર્ગે અને જ્ઞાનમાર્ગે નિર્વિઘ્ન પાર ઊતરવાની રીત :

શ્રાવણ સુદિ ચોથને દિવસ સ્વતંત્રમૂર્તિ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં પ્રભુ શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ ગાદી ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. એવા ધર્મપુત્ર શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિજનો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની શોભા પ્રફુલ્લિત પોયણાંના-રાત્રીકમળના સમૂહ જેવી લાગતી હતી. તે વખતે પોતાની આગળ પરમહંસો ઝાંઝ, મૃદંગ લઈને પ્રેમથી કીર્તન ગાતા હતા. ૩-૫.

પછી શ્રીજીમહારાજે નેત્રકમળની સાને કરીને સહુને છાના રાખ્યા-કીર્તનગાન બંધ કરાવ્યું. પછી અંતર્યામી પ્રભુ પોતે બોલ્યા જે, ૬. "મોટા-મોટા પરમહંસ તમે બધા આગળ આવો, એક વાત કરવી છે." એમ કહીને હરખભર્યે હૈયે બોલ્યા જે, "જે ભગવાનને ભજતા હોય તેને મોટી પદવી પામવાના બે ઉપાય છે અને પડવાના પણ બે ઉપાય છે. ૭-૮.

હવે તે બે ઉપાય કહીએ છીએ. તે બંને ઉપાય અત્યંત શ્રેષ્ઠ છે અને અત્યંત કનિષ્ઠ પણ છે. તેમાં એક તો રસિકમાર્ગે કરીને(શ્રૃંગારરસમય સખીભાવની) ભગવાનની ભક્તિ કરવી તે મોટી પદવી પામવાનો માર્ગ છે અને બીજો માર્ગ આત્મજ્ઞાનનો છે. આ બે માર્ગ ઘણા મોટા કહેવાય છે. ૯-૧૦. તે બંને મોટપ પામ્યાના તથા પડવાના પણ માર્ગ છે. તેમાં રસિકમાર્ગે ચાલીને તો હજારો ને લાખો લોકો પડી ગયા છે. ૧૧. પણ ભગવાનને તો કોઈક જ પામ્યા છે. અને જે કોઈ મોટા મોટા આચાર્યો થયા તે બધાએ રસિકમાર્ગે કરીને ભગવાનની ઘણી ભક્તિ કરાવી છે. પણ તેમાં બગાડ ઘણો થયો છે અને કલ્યાણ તો કોઈકનું થયું છે. ૧૨-૧૩.

કેમ જે, ભક્ત જ્યારે રસિકપણે કરીને ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાનની સાથે રાધિકાજી, લક્ષ્મીજી અને તેની સખીઓનું પણ વર્ણન

આવે, અને જ્યારે તે સ્ત્રીઓનું વર્ણન આવે ત્યારે તેના અંગેઅંગનું વર્ણન કરે, ત્યારે તે વર્ણન કરનારાનું મન કઈ રીતે નિર્વિકાર રહે ? ૧૪-૧૬. અને ઈન્દ્રિયોનો તો એવો જ સ્વભાવ છે જે, સુંદર વિષય ઉપર સહેજે જ પ્રીતિ થાય. ૧૭. અને રાધિકાજી તથા લક્ષ્મીજીના જેવું ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ ન હોય. તે રીતે જ તેની સખીઓ પણ તેવી જ રૂપવાળી કહેવાય છે. ૧૮. વળી, તેના જેવી કોઈની બોલી પણ મીઠી ન હોય તથા તેના શરીરની સુગંધી જેવી કોઈની સુગંધી હોય નહિ. માટે એવા રૂપને દેખીને અથવા સાંભળીને કોઈને પણ કેમ મોહ ન થાય ? તે દેખે કે સાંભળે તેને મોહ થાય જ. ૧૯-૨૦. અને જો લેશમાત્ર પણ મન વિકાર પામે તો તે મનુષ્ય કલ્યાણના માર્ગેથી પડી ગયો; એવું દેખાય છે. ૨૧. માટે રસિકમાર્ગે કરીને જે ભગવાનને ભજે છે તેને આ મોટું વિઘ્ન છે. તે જેને વિવેક હોય તેને દેખાય છે. ૨૨.

અને બ્રહ્મજ્ઞાનમાં જો સવળું ન સમજાય તો જેટલા બ્રહ્મજ્ઞાની વેદાંતી છે તે એવું સમજે છે કે, ‘જે એક બ્રહ્મ કહેવાય છે તે જ પોતાની ઈચ્છાએ કરીને પ્રકૃતિપુરુષરૂપે થાય છે. ૨૩-૨૪. અને પછી તે અનુપમ બ્રહ્મ જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપે થાય છે. ૨૫. પછી તે બ્રહ્મ જ પોતાની ઈચ્છાએ કરીને સ્થાવર, જંગમરૂપે થાય છે. ૨૬. અને સ્થાવર-જંગમરૂપ જે આકાર તેને વિષે અગોચરરૂપે જે જીવ રહ્યા છે તે રૂપે પણ આ બ્રહ્મ થાય છે. એવી રીતે બ્રહ્મજ્ઞાનને અવળું સમજીને, પછી તે સમજનારો પોતે પોતાના જીવને પણ ભગવાન માને છે. કેમ જે, તેના મતે ભગવાન સિવાય બીજું કોઈ તત્ત્વ નથી. ૨૭-૨૯. ત્યારે એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો. માટે તે બ્રહ્મજ્ઞાની પણ ભગવાનના માર્ગ થકી પડી ગયો. ૩૦. આ રીતે બ્રહ્મજ્ઞાનમાં ભગવાનની ઉપાસનાનું ખંડન થાય તે મોટું વિઘ્ન છે. આવી બાબત રૂડી બુદ્ધિવાળાને દેખાય-સમજાય છે. ૩૧. કેમ જે, સમજી સમજીને સહુના કારણ અને સહુના સ્વામી એવા જે ભગવાન કહેવાય છે તેનું જ ખંડન થયું. ૩૨. માટે એમ સમજનારો પણ કલ્યાણના સારા માર્ગથી પડી ગયો જાણવો. તેમાં કોઈ સંદેહ નથી. ૩૩. આ બે કલ્યાણના ઘણા મોટા

માર્ગ છે અને તે બંને માર્ગમાં વિઘ્ન પણ ઘણા મોટા મોટા રહ્યા છે. ૩૪. માટે જેને કલ્યાણનો ખપ હોય તેણે કેમ સમજવું જોઈએ ? તે કહો. આ પ્રશ્નનો તમે પ્રથમ પોતાના હૃદયમાં વિચાર કરીને પછી ઉત્તર કરો.” ૩૫.

પછી બધા પરમહંસો વિચાર કરવા લાગ્યા પણ કોઈથી ઉત્તર ન થયો. ત્યારે આ પ્રશ્નનો જે રીતનો યથાર્થ ઉત્તર છે તેને ભક્તજનોના પરમ મિત્ર એવા શ્રીહરિ કરવા લાગ્યા જે, “જેમ પોતાની માતા અથવા બહેન તથા દીકરી રૂપવંતી હોય, તોપણ તેને દેખીને તથા તેમની સાથે બોલે કે સ્પર્શ કરે છતાં ક્યારેય મનમાં વિકાર થતો નથી. ૩૬-૩૯. એવી રીતે ભગવાનની ભક્ત જે બહેનો હોય, તેને વિષે મા, બહેન અને દીકરીની જ બુદ્ધિ જો રહે તો ક્યારેય વિકાર થાય નહિ. અને તે રસિકમાર્ગે કરીને ભગવાનને સુખેથી ભજે.

❋ ભક્તમાં જો કુબુદ્ધિ થાય તો તે મહાપાપ ગણાય :

અને અભયપદને પામે. તેમાં ક્યારેય વિઘ્ન થાય નહીં. પણ જો એમ ન સમજે અને ભગવાનની ભક્ત બાઈઓને દેખીને મનમાં કુબુદ્ધિ થઈ જાય તો તેને તેનો મોટો દોષ લાગે છે. પછી તેનાથી છૂટવાનો કોઈ ઉપાય કહ્યો નથી. ૪૦-૪૩. કેમ જે, અન્ય સ્ત્રીને જોવાથી જે કાંઈ દોષ લાગ્યો હોય તે દોષ તો ભગવાનના ભક્તના દર્શને કરીને નાશ થઈ જાય, પણ ભગવાનના ભક્તને જોઈને જે દોષ લાગ્યો હોય તે દોષને ટાળવાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો નથી. તે રીતે જ ભગવાનના ભક્ત જે પુરુષો છે, તેને દેખીને ભગવાનની ભક્ત સ્ત્રીઓ જો તે પુરુષોની સાથે વિષયભોગનો મનમાં સંકલ્પ કરે તો તેને અપાર પાપ લાગે છે. ૪૪-૪૭. તે વખતે ત્યાં ધર્મશાસ્ત્રનો એક શ્લોક શ્રીહરિ બોલ્યા અને તેનો અર્થ પણ પોતે કર્યો, તે હવે કહું છું. ૪૮.

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति।।

અન્ય ક્ષેત્રમાં જે પાપ કર્યું હોય તે તીર્થક્ષેત્રમાં નાશ પામી જાય છે અને તીર્થક્ષેત્રમાં જેટલું પાપ કરે છે તે બધું તો વજ્રલેપ થાય છે, પણ તેનાથી

છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી. તેથી જે કાંઈ સત્સંગ કર્યો હોય તે પણ ખોઈ બેસે છે. ૪૯-૫૦. કેમ જે, સત્સંગ કરતાં કરતાં પણ સત્સંગમાં જે પાપ કરે છે તે વજ્ર કરતાં પણ વધારે કઠોર થઈને તે વ્યક્તિને લાગે છે. ૫૧. પછી જેનાથી મોક્ષ માન્યો હોય તેનો પણ તત્પર થઈને મન, કર્મે કરીને દ્રોહ કરે છે. ૫૨. જે જેટલો સત્સંગનો દ્રોહ કરે તેને તેટલું વજ્રલેપ પાપ લાગે છે. પછી તે પોતાના પાપે કરીને જ સત્સંગથી વિમુખ થાય છે. ૫૩. જો માણસ પોતે પોતામાં દોષ દેખતો રહે અને સત્સંગને કલંક રહિત-નિર્દોષ કહે તો, પછી કોઈક દિવસ તે સત્સંગના પ્રતાપે કરીને તેના અમાપ પાપથી છૂટે છે. ૫૪. પાપોથી છૂટવાનો ઉપાય સત્સંગ વિના બીજો કોઈ દેખાતો નથી. સત્સંગનો મહિમા એવો અમાપ છે કે તેનું કોઈથી માપ કરી શકાતું નથી. ૫૫. **જ્યારે સારમાં સાર વસ્તુનો વિચાર કરતાં કરતાં કરોડો કલ્પ વીતી ગયા ત્યારે સારામાં સારો તો એક સત્સંગ જ દેખાયો છે.**

તે સત્સંગમાં શ્રીહરિ પ્રગટપણે અથવા ગુપ્તપણે પોતાની ઈચ્છા પ્રમાણે વિચરે છે. તેમના પ્રગટ અથવા ગુપ્ત ચરિત્ર છે તે નટની કળા જેવા છે. ૫૬-૫૭. જે માણસ નટની કળાની રીતને જાણે છે તેને ભગવાનનાં ચરિત્રમાં મોહ થાતો નથી, પણ જે નટની રીતને જાણતો નથી, તેને ભગવાનનાં ચરિત્ર વિપરીત લાગે છે. ૫૮.

❋ જો કરો સત્સંગ, તો રહે રંગ :

चोपाई :

हरि दास न होत जिहाँ लगहू, विपरीत मति रहत तिहाँ लगहू;
विपरीत मतिकु विपरीत देखाते, जिहाँ लग सत्संग न कराते...५९
सत्संग न करत जिहाँ लगही, फेर फरन रहत तिहाँ लगही;
सत्संग के एहि सिद्धांत रहावा, सिद्धांत बात न फिरत देखावा...६०

જ્યાં સુધી માણસ ભગવાનનો દાસ નથી થતો ત્યાં સુધી તેની વિપરીત બુદ્ધિ રહે છે. વિપરીત મતિવાળો જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને બધું વિપરીત જ દેખાય છે. ૫૯. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને જન્મ-મરણના ચક્કરમાં ફર્યા કરવું પડે છે; આ સત્સંગનો

સિદ્ધાંત છે. જે સિદ્ધાંતની વાત હોય તે ક્યારેય ફરતી દેખાતી નથી. ૬૦. **સિદ્ધાંતની વાત વિનાની અન્ય વાતોમાં વિરાટ જેવા મોટા હોય, તોપણ તે ક્યારેય સ્થિરતા પામતા નથી. ૬૧. તો બીજા જીવના તો શા લેખા ? જે સત્સંગ કરે છે તેને સંસારના ફેરા ટળી જાય છે અને સ્થિરતા પામે છે. માટે સત્સંગનું પદ સર્વોત્તમ પદ છે. ૬૨. જે લોકો સત્સંગ કરે છે તે શ્રીહરિનાં ધામને પામે છે; આવો સત્સંગનો પ્રતાપ છે. સત્સંગથી પર કોઈ વાત નથી. ૬૩.** જ્યાં સુધી જીવ સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેનું કરેલું બધું કુસંગ છે એમ કહેવાય. સત્સંગ આવો છે. ૬૪.

સત્સંગ વિનાના સર્વે મનુષ્ય જીવ વિનાનાં શરીર-મડદાં જેવાં લાગે છે. જેને સત્સંગ થયો છે તેને આવું સમજાય છે. સત્સંગ વગરના લોકો તો આંધળા જ રહે છે. ૬૫. કદાચ કોઈ મનુષ્ય પ્રકૃતિપુરુષ જેવો થાય, તોપણ તેને જો સત્સંગ ન હોય તો તે અંધ કહેવાય છે. કારણ કે, સત્સંગરૂપી દૃષ્ટિ આવી મહાન છે. ૬૬. **સત્સંગ વિના ચાહે તેવા મોટા હોય તોપણ તે બધા કાળનું ચવાણું છે.** આવી જ્યારે સમજણ આવે ત્યારે તે નિષ્કપટ થાય છે અને તેનું જ નામ સત્સંગ કહેવાય છે. જેટલું કપટ રહે તેટલો કુસંગ છે. કપટી મનુષ્ય સહુથી સરસ વાતો કરે અને નિષ્કપટીની વાતને દબાવી દે, પણ માત્ર મોટી વાતો કરવાથી કાંઈ મોટાઈ મળતી નથી. **જેટલું નિષ્કપટપણું હોય તેટલી મોટાઈ મળે છે.** સત્સંગની આવી વાતોએ કરીને બ્રહ્માંડ ભર્યું છે. ૬૭-૬૯. માનો કોઈ એવો અમાપ ધનવાન હોય કે, તેનું ધન તેના માપ્યામાં પણ આવતું ન હોય. પછી એવા અમાપ ધનને કારણે તે શ્રીમંત જેટલાં શહેરો હોય તેટલી દુકાનો બનાવે. ૭૦.

અરે..! છેક વિલાયત(ઈંગ્લેન્ડ) સુધી દુકાનો-વેપાર કરે અને તેમાં રોજ કરોડો રૂપિયા કમાય. છતાં પણ જો તે ધર્મ નિમિત્તે દસમા કે વિસમા ભાગનું ધન પણ કાઢે નહીં તો અધર્મે કરીને ડૂબી જતા(દુઃખી થતા) દેખાય છે. કેમ જે, ધર્મે કરીને માણસ તરી જાય-સુખી થાય છે. જે લોકો અધર્મથી ડરે છે, તે જ ધર્મને જીવનમાં રાખતા રહે છે. ૭૧-૭૨. જેને પાપનો ભય લાગતો નથી તે મન ચાહે તેમ કરતા રહે છે. પણ છેવટે તેને મનોવાંછિત

ફળ મળતું નથી, પરંતુ એક દુઃખ જ તેને રહે છે. ૭૩. જે લોકો દુઃખને માર્ગે ચાલે છે, તેને જીવનમાં એક દુઃખ જ રહે છે. તે દુઃખ પ્રગટ આવતું દેખાય છતાં તે દુઃખના માર્ગને છોડતા નથી. ૭૪. દુઃખને માર્ગે ચાલીને પણ જે મનોવાંછિત સુખને ઈચ્છે છે તેવા લોકો તો કુબુદ્ધિવાળા કહેવાય છે. ૭૫. જે કોઈ કુબુદ્ધિવાળા છે તે શાસ્ત્રોની વાતને કાનથી સાંભળતા નથી. તે જે કાંઈ ક્રિયા કરે તે પ્રમાણભૂત હોતી નથી. ૭૬.

શુભ શાસ્ત્રને દેખીને તે પ્રમાણે જેટલી ક્રિયા કરવામાં આવે તે બધી જ ક્રિયાઓ લેખે ગણાય છે. ૭૭. જે શાસ્ત્રના પ્રમાણ સિવાયની વાત કરે છે તે વાત નથી પરંતુ ઉત્પાત છે. જ્યારે હૃદયમાં ભગવાન વસે છે ત્યારે તેને એવું દેખ્યામાં આવે છે. ૭૮. માટે જેને રસિક માર્ગે કરીને ભગવાનને ભજવા હોય તેણે તો અમે જે રીતે વાત કરી તેવી રીતે ચાલવું જોઈએ. ૭૯. અર્થાત્ તેણે હંમેશાં નિર્દોષબુદ્ધિ રાખીને રસિકમાર્ગે ચાલવું. કેમ જે, જે નિર્દોષબુદ્ધિવાળા છે તે ભગવાનના ધામને પામે છે અને દૂષિત ભાવનાવાળો મનુષ્ય તો બીજા સ્થાનમાં રહે છે. ૮૦.

❋ બ્રહ્મજ્ઞાનના માર્ગે નિર્વિઘ્ન મોક્ષની રીતિ :

માણસ જેવા કર્મને કરતા રહે છે તેને કર્મના ફલપ્રદાતા અંતર્યામી પરમેશ્વર તત્કાળ તેવું જ શરીર આપે છે. જનપ્રતિપાલક ભગવાનની આવી રીત છે. ૮૧. હવે બ્રહ્મજ્ઞાનનો જે માર્ગ છે તેમાં તો એમ સમજવું કે, "જે સનાતન બ્રહ્મ છે તે તો નિર્વિકાર અને નિરંશ જ છે. ૮૨. માટે તે વિકારને પામે નહિ અને તેનો કોઈ અંશ પણ થાય નહિ. વળી, એ અનુપમ બ્રહ્મને જ સર્વરૂપે થયેલા કહે છે તે વાત તો એમ છે જે, એ બ્રહ્મ તો પ્રકૃતિપુરુષ એ આદિક સર્વના કારણ છે, સહુના આધાર છે અને સહુના અંતર્યામી છે. ૮૩-૮૪. તે પોતાની અંતર્યામી શક્તિરૂપ ગુણે કરીને વ્યાપક છે. માટે જે કારણ, આધાર અને વ્યાપક થઈને રહેવાના ગુણવાળા હોય તે પોતાના કાર્યથી પૃથક્ હોય નહિ. એવી સમજણને કારણે બ્રહ્મને શાસ્ત્ર સર્વરૂપ કહે છે. પણ તે બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર-સ્થાવર-જંગમ જીવરૂપે થઈ ગયા છે, એમ સમજવું નહિ. ૮૫-૮૭.

વળી, એ બ્રહ્મથી પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમનારાયણ તો જુદા જ છે. ૮૮. **તે પરબ્રહ્મ બ્રહ્મના પણ કારણ, આધાર અને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માની એ બ્રહ્મ સાથે એકતાની ભાવના કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે અખંડ ઉપાસના કરવી.** આવી રીતે સમજે ત્યારે તે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન અને શ્રેષ્ઠ માર્ગ છે." આ રીતે શ્રીહરિએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો. ૮૯-૯૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ત્રીજું વચનામૃત કહ્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦

ગઢડા મધ્ય પ્રકરણનું ચોથું વચનામૃત

શ્રાવણ સુદિ પાંચમને દિવસ જગદ્‌વંદ્ય એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારની મેડીની ઓસરીએ ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા. તે સમયે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેમાં દોકડ, સરોદા અને સિતારની ધૂમ મચી રહી હતી. કેમ જે, તે વખતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી અને દેવાનંદસ્વામી એટલા સંતો શ્રીહરિની આગળ મલાર રાગના કીર્તન જુદી જુદી રીતે ગાઈ રહ્યા હતા. પછી શ્રીજીમહારાજે કહ્યું, "હવે તમે કીર્તન ગાવાનું રાખો." ૧-૬.

પછી જ્યારે કીર્તન બંધ રાખ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા જે, "હવે અમારા મનમાં જેવો પ્રશ્ન ઉપજ્યો છે, તેવો તમને પૂછીએ છીએ. ૭. શાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મને પ્રેમથી પાળતો હોય અને ભગવાનની ભક્તિ પણ કરતો હોય તેવા ભક્તને એવો કોઈ આપત્કાળ પ્રાપ્ત થાય કે, 'જો ભક્તિ રાખવા જાય તો ધર્મ ન રહે અને જો ધર્મને રાખવા જાય તો ભક્તિ ન રહે.' આવો

બે પ્રકારનો વિષમકાળ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે કોને રાખવા અને કોનો ત્યાગ કરવો ? તે તમે કહો." ૮-૧૦.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, **"ભગવાનની જેવી મરજી હોય તે પ્રમાણે કરવું તે શ્રેષ્ઠ છે.** ૧૧. જો ભક્તિ રાખવાથી ભગવાન રાજી હોય તો ભક્તિને દૃઢ કરીને રાખવી અને જો ધર્મને રાખવાથી પ્રભુ રાજી હોય તો ધર્મ રાખવો." ૧૨. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, **"જ્યારે પ્રગટ ભગવાન હોય ત્યારે તો તેમ જ કરવું તે તમારી વાત સાચી છે. કેમ જે, પ્રગટ પ્રભુની જેમ મરજી હોય તેમ કરવું; તે બરાબર છે.** આ વાતને અમે તેમ સમજીએ છીએ. ૧૩-૧૪. પણ જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે કેમ કરવું ? તે વાત હવે કહો." ૧૫.

પછી મુક્તાનંદસ્વામી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા પણ ઉત્તર ન થયો. ત્યારે શ્રીજીમહારાજ પોતાના ભક્તજનોના ઉપર ઘણું હેત જણાવીને કૃપા કરીને બોલ્યા કે, "જ્યારે ભગવાન પરોક્ષ હોય અને કોઈ એવો આપત્કાળ આવી પડે કે, જે તે બાબત બીજાને આધીન થઈ જાય અને આપણા હાથમાં કોઈ વાત ન રહે ત્યારે તો ભગવાનનું એક અખંડ ચિંતવન કરતો રહે,૧૬-૧૮. તો તે ભક્ત ભગવાનના માર્ગથી ક્યારેય પડે નહિ.

પછી શ્રીજીમહારાજે ફરીવાર પ્રશ્ન પૂછ્યો કે,૧૯. "જે ભક્ત ભગવાનનો અતિશય મહિમા સમજતો હોય તેણે કરીને તે એમ જાણે જે, 'ગમે તેટલાં પાપ કર્યાં હોય તોપણ ભગવાનનું એકવાર નામ ઉચ્ચારે તો બધાં જ પાપ બળીને ભસ્મ થઈ જાય.' આવું માહાત્મ્ય સમજતો હોય.૨૦-૨૧. તે ભક્ત કઈ રીતે સમજે તો ધર્મમાંથી ક્યારેય ડગે નહિ ?" પછી મુક્તાનંદસ્વામી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ થયો નહિ. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "જે ભક્ત ભગવાનનો અતિશય મહિમા જાણતો હોય તેને જ્યારે આવી રીતે મનમાં દૃઢપણે ચોક્કસ સમજાય ત્યારે તેનાથી ધર્મમાં રહેવાય, તે વાતને હવે અમે કહીએ છીએ. ૨૨-૨૪. 'મારે તો ભગવાનનું અખંડ ચિંતવન કરીને એકાંતિક ભક્ત થાવું છે. ૨૫. અને જો કામ, ક્રોધ, લોભાદિક

જે વિકાર, તેમાં મારી વૃત્તિ જાશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થાશે જ,' એમ જાણીને તે ભક્ત જો કુમાર્ગથી અતિશય ડરતો રહે તો તે અધર્મને વિષે કોઈ દિવસ પ્રવર્તે જ નહિ. ૨૬-૨૮. આવી રીતે કોઈ ભગવાનનું માહાત્મ્ય અતિ ઘણું સમજે તોપણ તે કોઈ કાળે ધર્મમાંથી પડે નહિ. ૨૯. **અને ભગવાનનું જે અખંડ ચિંતવન કરવું તે કાંઈ થોડી વાત નથી. કેમ જે, ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો શરીર છૂટી જાય તો તે ભક્ત અતિ મોટી પદવીને પામે છે."**

પછી બ્રહ્માનંદસ્વામીએ ત્યારે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! આપે જે વાત કહી તે રીતે અમે સમજીએ છીએ તોપણ ભગવાનનું અખંડ ચિંતવન થાતું નથી. તેનું શું કારણ છે ? તેનો કૃપા કરીને આપ ઉત્તર કરો." પછી શ્રીજીમહારાજ, તેમની આગળ અમૃત જેવું મીઠું બોલ્યા જે, "એક તો અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ. અને જો એવી શ્રદ્ધા ન હોય તો એટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ન્યૂનતા છે, એવું એ દેખ્યામાં આવે છે. જ્યારે માહાત્મ્ય સમજવામાં જેટલી ન્યૂનતા રહે છે ત્યારે એટલી ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયમાં પણ ન્યૂનતા દેખાય છે, એમ તે વાત જણાય છે. ૩૦-૩૬.

❋ જો મહિમા સમજાય તો અખંડ ચિંતવન થાય :

માટે જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અને શ્રદ્ધા હોય તો ભગવાનનું અખંડ ચિંતવન થાય. ૩૭. તે માહાત્મ્ય તમારે આવી રીતે સમજવું કે, 'ભગવાન તો જેવા પ્રકૃતિ-પુરુષથી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિ-પુરુષમાં આવ્યા છે તોપણ પ્રતાપે યુક્ત જ છે. ૩૮-૩૯. અને પ્રકૃતિ પુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તોપણ ભગવાન તો તેવા ને તેવા જ પ્રતાપે યુક્ત છે, પણ ભગવાનની મૂર્તિને કોઈ રીતે માયાનો એક લેશ પણ સ્પર્શતો નથી. જેમ અન્ય ધાતુ અને સોનું, તે બંનેને ભેળા કરીને ભૂમિમાં દાટી દ્યો તો સોના સિવાયની બીજી જે ધાતુ હોય તે ઘણા લાંબા કાળે કરીને સર્વે ધૂળ ભેળી ધૂળ થઈ જાય છે. **અને સોનું તો જેમ ભૂમિમાં રહે તેમ વૃદ્ધિ પામે છે પણ ઘટતું નથી. તેમ ભગવાન અને બીજા જે બ્રહ્માદિક**

દેવતાઓ તથા મુનિઓ, તેને કાંઈ સરખા જાણવા નહિ. તે તો અધિક-ન્યૂન દેખ્યામાં આવે છે. કારણ કે, જ્યારે વિષયરૂપી ધૂળનો યોગ થાય ત્યારે ભગવાન સિવાયના બીજા ગમે તેવા મોટા હોય, તોપણ વિષયમાં એકરસ થઈ જાય. ૪૦-૪૬.

चोपाई :

अरु भगवान मनुष्य हि जेसे, जनाते होय तो पण तेसे;
याकू मायिक हि जोउ जितने, पदारथ कहावत सो तितने...४७
बाध करने समरथ न होऊ, एसे बात रहे यह सोऊ;
अरु चाय तेसे विषय तिनमें, कोउ दिन लोपाय न इनमें...४८

અને ભગવાન તો મનુષ્યના જેવા જણાતા હોય તોપણ તેમને જે કોઈ માયિક પદાર્થમાત્ર છે તે કોઈ જ બાધ કરવા માટે સમર્થ થાતા નથી; આવી આ વાત છે. કેમ જે, ગમે તેવા વિષયમાં પણ ભગવાન કોઈ દિવસ લોપાય નહિ. ૪૭-૪૮.

दोहा : एसी रीत भगवान महि, अलौकिक जो अपार;
सामरथ्य रहे सहज हि, कहत न आवत पार...४९
एसे भगवान तिनके, महात्म्य जानत जोउ;
भगवान के अखंड तब, चिंतवन होवे तोउ...५०

આ રીતે ભગવાનમાં અલૌકિક અને અપાર સામર્થ્ય સહેજે રહ્યું છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૪૯. આવું જે ભગવાનનું માહાત્મ્ય જાણે છે તેને ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. ૫૦. **જ્યાં સુધી જે ભક્ત વિષયનો લીધો લેવાય જાય ત્યાં સુધી એ ભક્તએ ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો જ નથી.** અને ઉદ્ધવજીને ભગવાને એમ કહ્યું હતું કે, 'હે મારા પ્યારા ભક્ત ઉદ્ધવજી ! તું મારા કરતાં એક અણુ જેટલો પણ ન્યૂન નથી.' તેવું શા માટે કહ્યું ? તો, તેઓ ભગવાનના અલૌકિક માહાત્મ્યને જાણતા હતા, તેથી પંચવિષયના લીધા તે લેવાતા ન હતા અને જેને ભગવાનનો મહિમા સમજાય છે તેની પાસે રાજ્યસમૃદ્ધિ હોય અથવા તો ભીખ માગીને ખાય, તે બંને એકસરખું વર્તે-સમાન લાગે. તથા બાળસ્ત્રી

હોય, સોળ વરસની યુવાન સ્ત્રી હોય કે એંસી વરસની સ્ત્રી હોય, તે બધામાં એકસરખો ભાવ સદા રહે. ૫૧-૫૬.

અને સંસારમાં જે જે સારાં-નરસાં પદાર્થ હોય, તે બધામાં સદાય એકસરખી ભાવના રહે, પણ સારા પદાર્થમાં પતંગિયાની જેમ આપત્કાળ પડે તોપણ ક્યારેય અંજાઈ જાય નહિ. ૫૭-૫૮. અને ભગવાન સિવાયના બીજા કોઈ પદાર્થમાં ક્યારેય લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. એવી રીતે જે દઢપણે વર્તતો હોય, તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં તે બંધાય નહિ. ૫૯-૬૦. અને આવી રીતનો મર્મ જેને સમજાયો ન હોય તો તેને ફાટી લંગોટીમાંથી અને તૂંબડીમાંથી પણ મનને ઊખેડવું કઠણ પડે છે. માટે આવી રીતે ચિત્તમાં ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજા કરોડો સાધન કરે, તોપણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી. ૬૧-૬૩. **માટે જે ભક્ત ભગવાનના સ્વરૂપના માહાત્મ્યને જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. ૬૪.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચોથું વચનામૃત કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર બાવીશમું : તરંગ - ૧૧

ગઢડા મધ્ય પ્રકરણનું પાંચમું, છઠ્ઠું અને સાતમું વચનામૃત

શ્રાવણ સુદિ સાતમને દિવસ સર્વ સુખનું કારણ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ ઓટા ઉપર ચાકળો નંખાવીને વિરાજમાન થયા હતા. ૧-૨. ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મુખકમળ પ્રસન્ન હતું. પોતાના મુખારવિંદની આગળ બધા મુનિઓ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. જાણે કે, ખીલેલા કમળનું વન હોય તેવી તે સભા જણાતી હતી. ૩-૪. અને સંતો તાલ તથા મૃદંગ આદિ વાજિંત્ર વગાડીને

કીર્તન ગાતા હતા. પછી શ્રીજીમહારાજે નેત્રકમળની સાને કરીને કીર્તન ગાવાનું બંધ કરાવ્યું અને ઘણા રાજીપાથી બોલ્યા જે, "તમે સહુ સાંભળો. અમારાં મનમાં જેવો વિચાર ઉપજ્યો છે તેની વાત કરીએ છીએ. ૫-૬.

✵ પતિવ્રતાપણું અને શૂરવીરપણું રાખવાની વિગત :

જે ભગવાનના ભક્ત હોય તેણે એક તો **પતિવ્રતાનો ધર્મ** દૃઢ કરીને રાખવો અને બીજું **શૂરવીરપણું** રાખવું. ૭. જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ વૃદ્ધ હોય, રોગી હોય, નિર્ધન હોય તથા કુરૂપ હોય, તોપણ તે પતિવ્રતાનું મન બીજા કોઈ પુરુષના સારા ગુણને દેખીને ડોલે નહિ; તેને જ દૃઢ પતિવ્રતા કહેવાય. ૮-૯. અને જો કોઈક રાંકની સ્ત્રી પણ પતિવ્રતા હોય તો તે કદાચ કોઈ મોટા રાજાના અત્યંત રૂપ, ગુણને દેખે, તોપણ તે પતિવ્રતાનું મન તેમાં ચલાયમાન ન થાય. તે સ્ત્રીને પતિવ્રતા કહેવાય. એવી રીતે જે ભગવાનના ભક્ત કહેવાતા હોય તેમણે ભગવાનને વિષે પતિવ્રતાનો ધર્મ મનમાં દૃઢ કરીને રાખવો. ત્યારે તે ભગવાનનો દૃઢ ભક્ત કહેવાય. ૧૦-૧૨. અને પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તો તે ઠેકાણે તેમણે ગરીબ-કાયર થઈને મૌન રહેવું નહિ, પણ અતિશય શૂરવીર થઈને તેને જવાબ દેવો. પણ કોઈ પાજીપળાવની(દુષ્ટ માણસની) છાયામાં-પ્રભાવમાં ભક્તએ દબાઈ જાવું નહિ. ૧૩-૧૪.

આવી રીતે ભક્તજને ભગવાનની ભક્તિમાં ઘણા પ્રેમથી શૂરવીરપણું રાખવું તો ભગવાન તેના ઉપર પ્રસન્ન થાય છે. ૧૫. અને લોકમાં એમ કહે છે કે, 'જે સાધુ હોય તેને તો સમદૃષ્ટિ વર્તતી હોવી જોઈએ;' પણ તે શાસ્ત્રનો મત નથી. **કેમ જે, નારદ, શુકજી, સનકાદિક, ધ્રુવ અને પ્રહ્લાદ વગેરે જે કોઈ ભગવાનના ભક્ત થયા છે, તે સહુએ ભગવાન અને ભગવાનના ભક્તોનો જ ઘણો પક્ષ રાખ્યો છે, પણ વિમુખ જીવનો પક્ષ રાખ્યો નથી. અને જે વિમુખનો પક્ષ રાખે છે તે આ જન્મે અથવા બીજે જન્મે જરૂર વિમુખ થઈ જાશે. માટે ભગવાનના ભક્ત હોય તેને તો જરૂર એક ભગવદીયનો જ પક્ષ રાખવો જોઈએ અને વિમુખના પક્ષનો જરૂર ત્યાગ કરવો જોઈએ.** આ અમારી વાતને હૃદયમાં કંડારી રાખજ્યો." ૧૬-૨૦. આ વાત અહીં

પૂરી થઈ. હવે બીજા દિવસની વાત (મુક્તાનંદસ્વામી દાદા ખાચરને) કહે છે. તે સર્વે સાવધાન થઈને સાંભળો. આવી વાત ક્યારેય મળે નહિ. ૨૧.

❋ ગ.મ.૬ હૂંડીનું તથા ચિત્તના સ્વભાવનું :

શ્રાવણ સુદિ અષ્ટમીને દિવસ પરમ નિપુણ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ વેદિકા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે વખતની એવી સુંદર શોભા હતી કે જે કહી શકાતી નથી. ૨૨-૨૩. અને પોતાના મુખારવિંદની આગળ અપાર પરમહંસો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨૪. સંતો તાલ, મૃદંગ લઈને કીર્તન ગાઈ રહ્યા હતા. પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, “કીર્તન રાખો, હવે ભગવદ્‌વાર્તા કરીએ.” ત્યારે સહુ સંતો બંને હાથ જોડીને બેઠા. ૨૫-૨૬.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “આ સંસારમાં જે અજ્ઞાની લોકો છે તે એવી રીતે બોલે છે કે, ગંગાજીનું પાણી અને બીજું પાણી એકસરખું છે. શાલગ્રામરૂપ વિષ્ણુ અને બીજા પથ્થર બધા એકસરખા છે. ઠાકોરજીનું પ્રસાદીભૂત અન્ન અને બીજું અન્ન તે બંનેને અજ્ઞાનીજન સરખા કહે છે. ૨૭-૨૯. તેમજ તુલસી અને બીજા બધા વૃક્ષ એકસમાન છે. બ્રાહ્મણ તથા સર્વ શૂદ્ર તે સરખા જ દેખાય છે. ૩૦. એકાદશીને દિવસ ભૂખ્યા રહ્યા અને બીજા દિવસોમાં ભૂખ્યા રહ્યા, એ બેય સરખા જણાય છે અને જેટલા સાધુ કહેવાય છે તથા જે અસાધુ છે, તે બંને સરખા છે. તે માટે વિધિ-નિષેધનો જે આ વિભાગ કર્યો છે તે મોટા પુરુષો કહેવાયા તેમણે શાસ્ત્રોમાં શા માટે કહ્યો હશે ?’ એમ જે દુષ્ટ બુદ્ધિવાળા જીવો છે તે લજાયા વિના બોલતા રહે છે. ૩૧-૩૩. માટે અમે તમને સહુ સંતોને પ્રશ્ન પૂછીએ છીએ કે, અતિ મોટા પુરુષોએ શાસ્ત્રમાં જે વિધિ-નિષેધનો વિભાગ કહ્યો છે તે સાચો છે કે કલ્પિત છે ? આ પ્રશ્નનો ઉત્તર નાના પરમહંસ હોય તે કરો.” ૩૪-૩૫.

❋ જેટલો મોટા પુરુષનો વિશ્વાસ તેટલું કલ્યાણ થાય છે :

પછી જે નાના નાના પરમહંસો હતા તે બોલ્યા કે, “સત્પુરુષોએ વિધિ-નિષેધનો જે વિભાગ બાંધ્યો છે તે બધો સત્ય છે, પણ કલ્પિત નથી.

તેવું અમને દેખ્યામાં આવે છે. અને જો તે સત્ય ન હોય તો સ્વર્ગ-નરક કહ્યા છે તે કોને માથે કહેવાય ? આ વાત કોઈથી મિથ્યા થઈ શકે તેમ નથી." પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, ૩૬-૩૮. "પરમહંસ નાના છે, પણ સારી દિશા ઉપર આટલું સમજે છે માટે તેઓ બુદ્ધિમાન છે." ૩૯. આમ કહીને શ્રીહરિ તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા તેને હવે હું આદરથી કહું છું. ૪૦.

"મોટા પુરુષોએ શાસ્ત્રમાં જે બાબતનું પ્રતિપાદન કર્યું હોય તે સર્વે સત્ય જ છે. ૪૧. ત્યાં દૃષ્ટાંત છે જે, જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈના ઉપર હૂંડી લખી આપે, ત્યારે કાગળમાં તો એકેય રૂપિયો દેખાતો નથી પણ તે રૂપિયા સાચા છે. કેમ જે, જે શાહુકારના ઉપર હૂંડી લખી હોય તેને જ્યારે આપે ત્યારે તે હૂંડીમાં જે રૂપિયા લખ્યા હોય તે જરૂર મળી જાય છે, તેમાં કાંઈ ફેરફાર નથી. ૪૨-૪૪.

चोपाई :

तिमी हि बडे पुरुष हि जो ताके, बचने करीके यह सद्य वाके;
धर्म पाले तब हमणे जेही, विधि निषेध हि ता महिं तेही...४५
जनावत नहीं हे कछु तामें, पण अंत्ये धर्म पालेमें यामें;
कल्याण होवत रहे जरुरा, यामें तिलभर नहि हे कूरा...४६

તેમ મોટા પુરુષોના વચને કરીને જે તત્કાળ ધર્મનું પાલન કરે, તેને અત્યારે ભલે તે વિધિ-નિષેધનું ફળ કાંઈ જણાતું નથી પણ અંતે ધર્મ પાળનારનું જરૂર કલ્યાણ થાય છે, તેમાં એક તલભાર પણ ખોટું નથી. ૪૫-૪૬. જેમ હૂંડીમાંથી રૂપિયા નીકળે છે તેમ (જે મોટા પુરુષનાં વચન પાળે છે, તેનું જરૂર કલ્યાણ થાય છે.) સમર્થ શાહુકારે હૂંડી લખી હોય તેનો જે વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો. કેમ જે, તેને શાહુકારના પ્રતાપની લગાર પણ ખબર નથી. આ બાબત જેનામાં અપાર વિવેક હોય તેને દેખાય છે. ૪૭-૪૮. નારદ, સનકાદિક, વ્યાસ અને વાલ્મીક ઇત્યાદિક જે મોટા પુરુષો થઈ ગયા છે, તેમનો જેને વિશ્વાસ નથી તેમને તો નાસ્તિક અને મહા પાપી જાણવા, તેમ કહ્યું છે. વળી, જે નાસ્તિક બુદ્ધિવાળા છે તે મુખથી એવું વચન બોલે છે કે, 'બીજા પથ્થર અને ઠાકોરજીની મૂર્તિમાં કાંઈ ફેર નથી. બધા પથ્થર સરખા જ છે. ૪૯-૫૧. પરણેલી સ્ત્રી અને ન પરણેલી

સ્ત્રી તેમાં કોઈ ફરક નથી. બધી સ્ત્રીઓ એકસમાન જ છે. ૫૨. પોતાની સ્ત્રી-પત્ની અને મા, બહેન તથા દીકરી, તેમાં ફરક દેખાતો નથી. આકાર તો બધી સ્ત્રીઓનો સમાન જ છે. ૫૩.

તથા રામ-કૃષ્ણાદિક ભગવાનની જે કાંઈ અનેક આકૃતિઓ છે તે પણ સર્વે મનુષ્યના જેવી જ છે. માટે અધિક-ન્યૂનભાવ તો માણસે કલ્પીને ઊભો કર્યો છે, પણ શું કરીએ ? માણસની સાથે કાયમ અવશ્ય રહેવું પડે છે, એટલે માણસની રીતી પ્રમાણે ચાલ્યા સિવાય ચાલે તેમ નથી. તેથી અમે માણસની હાયે હા કહેતા રહીએ છીએ, પણ જે વિધિ-નિષેધના માર્ગ છે તે તો ખોટા દેખાય છે.' ૫૪-૫૬. આ રીતે જે પાપી અને નાસ્તિકો હોય તે પોતાના મનમાં દઢપણે સમજે છે. પરંતુ તેને કારણે તે મરીને જમપુરીમાં જાય છે. ૫૭. માટે આવી રીતની જેની બોલી સાંભળવામાં આવે તેને પાપિષ્ઠ જાણવો અને નાસ્તિક છે એમ માનવો. ૫૮. પછી જે હરિભક્તને પોતાનું હિત કરવું હોય તેણે તેવા નાસ્તિકને ચાંડાળ જાણીને તેનો કોઈ રીતે સંગ રાખવો નહિ. ૫૯.

⁕ ચિત્તના સ્વભાવનું વર્ણન :

અને વળી શ્રીહરિએ બીજી વાર્તા કરી જે, "જે કોઈ મનુષ્ય છે તેનું ચિત્ત કેવું છે ? તો જેમ મધ હોય અથવા ગોળ, સાકર કે ખાંડનું ઘાટું પાણી હોય તેના જેવું ચિત્ત છે. મધ કે ગોળ, સાકર, ખાંડના ઘાટા પાણીમાં માખ, કીડી કે મકોડો, જે તેમાં આવીને પડે તે ચોંટી જાય અને જો માણસ આવીને હાથ અડાડે તો તેની આંગળીએ પણ ચોંટી જાય; તેમ ચિત્તનો સ્વભાવ એવો છે કે, જે જે પદાર્થ ચિત્તમાં સાંભરે તે તે પદાર્થમાં ચોંટી જાય છે. તે જો પથ્થર, કચરો કે કૂતરાનો મળ ઈત્યાદિક જે નકારી વસ્તુ હોય, જેમાં લેશમાત્ર પણ સુખ ન હોય, તેમાં પણ ચિત્ત ચોંટે છે. ૬૦-૬૫. અને તે સાંભરી આવ્યું હોય તો તેનું પણ તે ચિંતવન કરે છે, આવો ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે. ૬૬.

જેમ કોઈ મોટા કાચનું દર્પણ હોય તેમાં મોટા સાધુ આવે તો તેનું પ્રતિબિંબ દેખાય તથા કૂતરા, ગધેડા કે ચાંડાળ ઈત્યાદિક જે કોઈ જે સમયે

આવે ત્યારે તેનું પણ પ્રતિબિંબ તેમ જ દેખાય. તેમ ચિત્તને વિશે તેવું નિર્મળપણું છે. તેથી જે જે પદાર્થ સાંભરે તે તરત તેમાં દેખાઈ આવે છે, તેમાં સારા-નરસાનો કાંઈ મેળ નથી. કારણ કે ચિત્તનો સ્વભાવ જ એવો છે. ૬૭-૬૯. માટે જે મુમુક્ષુ હોય તેણે એમ ન વિચારવું કે, 'મારામાં વૈરાગ્ય નથી, તેથી સ્ત્રી આદિક પદાર્થ મારા ચિત્તમાં વારંવાર સ્ફુરી આવે છે.' કેમ જે, એ તો જે વૈરાગ્યવાન હોય તેના ચિત્તમાં પણ જે સમયે જે પદાર્થ સાંભરી આવ્યું, તે ચાહે તેટલો વૈરાગ્ય હોય તોપણ સહેજે સ્ફુરી આવે છે. માટે વૈરાગ્ય હોય કે વૈરાગ્ય ન હોય તેનું કોઈ કારણ દેખાતું નથી. ૭૦-૭૨.

ચિત્તનો સ્વભાવ જ એવો છે કે, સારું-ભૂંડું જે કાંઈ સાંભરી આવે, તેનું તે ચિંતવન કરતું રહે છે. જાગ્રત કે સ્વપ્નમાં પણ એકસરખી જ રીત છે. ૭૩. **અને ચિત્ત જ્યારે જે પદાર્થનું ચિંતવન કરે છે ત્યારે તે પદાર્થ જેમ દર્પણમાં દેખાય તેમ દેખાઈ આવે છે. તે માટે એમ સમજવું કે, 'હું ચિત્તથી અતિ જુદો રહ્યો છું અને ચિત્તનો જાણનારો આત્મા છું,' તેમ જાણીને ચિત્તના સારા કે ભૂંડા સંકલ્પોએ કરીને મનમાં ગ્લાનિ પામવી નહિ. ૭૪-૭૬.** પોતાને ચિત્તથી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું." ૭૭. આ વાત પૂરી થઈ. હવે બીજા દિવસના પ્રશ્નની વાત સંતો-હરિભક્તોનું હિત કરવા માટે (મુક્તાનંદસ્વામી) કહે છે. ૭૮.

❋ ગ.મ.૭ : શ્રીહરિ અને સંતની કૃપા પામ્યાની વિગત :

શ્રાવણ સુદિ એકાદશીને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ નિપુણ એવા પરમહંસોની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની એવી શોભા બની હતી કે તે મુખથી કહી શકાતી નથી. ૭૯-૮૧. પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો કે, "જે ભગવાનના ભક્ત હોય તેના મનમાં તો એમ હોય કે, 'ભગવાનનું ભજન કરવામાં અંતરાય કરે એવો એક પણ સ્વભાવ રાખવો નથી.' તોપણ અનેક અયોગ્ય સ્વભાવ રહી જાય છે, તેનું શું કારણ છે ? અમને તે સમજાતું નથી."

પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા કે, "જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને અયોગ્ય સ્વભાવ ટાળવાની શ્રદ્ધા હોય તોપણ અયોગ્ય સ્વભાવ ટળે નહિ. જેમ કોઈ દરિદ્રી-નિર્ધન હોય તે સારાં સારાં ભોજન અને સારાં સારાં વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ જેને વૈરાગ્ય ન હોય તેના હૃદયમાં સાધુતાના ગુણ આવતા નથી. ૮૨-૮૭. કેમ જે, સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે."

❋ શ્રીહરિ અને સંતકૃપાની વિશેષતા :

પછી મુક્તાનંદસ્વામીએ ફરીને શ્રીહરિને પૂછ્યું કે, "જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે તો તેના બધા વિકાર ટળી જાય ?" પછી શ્રીહરિ બોલ્યા કે,

सोरठा : वैराग्य न होय जेहि, बडे कोउ संत की जोउ;
अति सेवा करे तेहि, परमेश्वर के बचन महिं...९०

छंद मोतीदाम :
जिमि हि कहे तिमी संत हि ताय, बचन में वरतत हित लाय;
पीछे परमेश्वर ताकु हि जेहि, कृपा दृष्टिकर देखत हि तेहि...९१

"જેને વૈરાગ્ય ન હોય તે કોઈ મોટા સંતની અતિશય સેવા કરે અને પરમેશ્વરનાં તથા સંતનાં વચનમાં જેમ કહે તેમ હેતથી વર્તે. પછી પરમેશ્વર તેને કૃપાદષ્ટિએ કરીને જુએ જે, **'આ બિચારો વૈરાગ્યરહિત છે અને તેને કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓ બહુ પીડે છે, માટે તેના બધા જ વિકારો ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો ઘણા દિવસ મહેનત કરતાં કરતાં આ જન્મમાં કે અન્ય જન્મમાં તે દોષો ટળે કે કદાચ ન પણ ટળે અને તરત જે વિકારમાત્ર ટળી જાય છે, તે તો પરમેશ્વરની કૃપાએ કરીને** ટળે છે." ૮૮-૯૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પાંચમું, છઠ્ઠું અને સાતમું વચનામૃત કહ્યું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥

પૂર બાવીશમું : તરંગ - ૧૨

ગઢડા મધ્ય પ્રકરણનું આઠમું વચનામૃત

❋ એકાદશીનું વ્રત કરવાની રીત :

શ્રાવણ સુદિ બારસને દિવસ પ્રાતઃકાળને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિર આગળ ચાકળા ઉપર વિરાજમાન હતા. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને પરમહંસ તાલ અને મૃદંગ લઈને કીર્તન ગાતા હતા. પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા જે, "એકાદશીનું વ્રત કરવું. ૧-૫. તે એકાદશીની ઉત્પત્તિની રીતને જાણીને પ્રેમથી વ્રત કરવું. તેની શાસ્ત્રમાં જેવી રીત કહી છે, તે પ્રમાણે જ અમે પણ કહીએ છીએ. પૂર્વે ભગવાન દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન, તેને અંતર સન્મુખ કરી નિદ્રાને અનુસરીને પોઢ્યા હતા. ૬-૭.

તે સમયે નાડીજંઘ નામે બળવાન દૈત્ય હતો તેનો પુત્ર મુરદાનવ યુદ્ધ કરવા માટે આવ્યો. ૮. પછી ભગવાનના અગિયાર ઈન્દ્રિયોના તેજમાંથી અત્યંત રૂપવાળી એક કન્યા ઉત્પન્ન થઈ. ૯. ત્યારે મુરદાનવ મનમાં ખુશ થઈને તે કન્યાની આગળ બોલ્યો કે, 'તું અત્યારે મને વર.' ત્યારે એ કન્યા બોલી કે, 'મારે તો એવી પ્રતિજ્ઞા છે કે, 'મારી સાથે યુદ્ધ કરીને જે મને જીતે તેને હું જરૂર વશ થાઉં. અર્થાત્ મારી પ્રતિજ્ઞાને જે પૂરી કરે તેને હું વરું.' ૧૦-૧૧. પછી તે સમયે મુરદાનવ અને કન્યાને અવર્ણનીય યુદ્ધ થયું. તે યુદ્ધમાં કન્યાએ મુરદાનવનું મસ્તક કાપી નાખ્યું. ૧૨. પછી ભગવાને પ્રસન્ન થઈને તે કન્યાને કહ્યું જે, 'તું મનોવાંછિત વર માંગ.' ત્યારે કન્યા બોલી કે, 'મારા વ્રતને દિવસ કોઈ ક્યારેય અન્ન ખાય નહિ, તેવો હું વર માગું છું. ૧૩-૧૪.

અને બીજું એ કે, હું આપના અગિયાર ઈન્દ્રિયોના તેજમાંથી પ્રગટ થઈ છું, માટે હવે મારું નામ એકાદશી છે અને હું તપસ્વિની છું તથા નિષ્કામ છું, માટે મારા વ્રતને દિવસે મન આદિક અગિયાર ઈન્દ્રિયોનો જે

આહાર તે કોઈ કરે નહિ. આવું એકાદશીનું વચન સાંભળીને પરમ સુજાણ એવા ભગવાને તે વર તેને આપ્યો. આવી રીતની કથા અમે પુરાણમાંથી સાંભળી છે. ૧૫-૧૮. અને વળી, ધર્મશાસ્ત્રમાં પણ એમ વચન કહ્યું છે કે, **'એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ અને ક્રોધ છોડી દેવા. અને લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાંથી દૂર કરવા તથા શરીરથી તો કોઈ જ ભૂંડું આચરણ ક્યારેય કરવું નહિ. ૧૯-૨૦.** અમે પણ શાસ્ત્ર પ્રમાણે જ કહીએ છીએ જે, એકાદશીને દિવસ કોઈએ ઢોરલાંઘણ કરવી નહિ.(મન-ઈન્દ્રિયોને જીત્યા વિના ફક્ત ભૂખ્યા રહેવું, એવું કરવું નહીં.) અગિયાર ઈન્દ્રિયોના આહારનો જ્યારે ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી કહેવાય. તે વિનાનો ઉપવાસ તો ઢોરલાંઘણ કહેવાય, તેનું ફળ કાંઈ દેખાતું નથી. ૨૧-૨૨. જેમ પ્રાણને અન્નનો આહાર છે, તેમ જ કાનને શબ્દરૂપી આહાર નક્કી છે. તેવી રીતે ચામડીને સ્પર્શનો આહાર છે, નેત્રને રૂપનો આહાર છે. ૨૩. જીભને રસનો અને નાકને ગંધનો આહાર છે અને મનનો સંકલ્પ-વિકલ્પનો સદાય આહાર છે; એમ તમે જાણો. ૨૪

આ રીતે અગિયાર ઈન્દ્રિયોના જુદા જુદા આહાર છે. જ્યારે તે સર્વે આહારનો ત્યાગ કરવામાં આવે ત્યારે એકાદશીનું વ્રત પૂરું થયું કહેવાય. પણ એકાદશીના દિવસે અગિયારેય ઈન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાનાં અન્નને ખાય તે એકાદશીનું વ્રત ભાંગ્યું-ખંડિત થયેલું કહેવાય. તે વ્રતને શાસ્ત્ર પ્રમાણ કરતા નથી. ૨૫-૨૭. માટે એકાદશીનું વ્રત કરવું તે દિવસે અગિયારેય ઈન્દ્રિયોને આહાર કરવા દેવો નહિ. ૨૮. **આવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે, તે ખબડદાર થઈને કરવું. તેમાં પ્રમાદ અને કાયરતાનો ત્યાગ કરવો. ૨૯.** આવું વ્રત કરે ત્યારે તેના ઉપર ભગવાન અપાર પ્રસન્ન થાય છે. પણ તે વિના જે ઢોરલાંઘણ કરે તેના ઉપર ભગવાન કોઈ રીતે પ્રસન્ન થાતા નથી, તેવું દેખાય છે. શાસ્ત્રનો જ્યારે અભ્યાસ કરીએ ત્યારે બંધન અને મોક્ષ જેમ છે તેમ શાસ્ત્રમાં દેખાય છે. ૩૦-૩૧.

જેને વ્યાસ આદિક મોટા મુનિઓનાં વચનમાં વિશ્વાસ નથી તેને નાસ્તિક બુદ્ધિવાળો જાણવો અને તે અસુરોનો વંશ છે તેમ જાણવું. ૩૨.

નરનારી જ્યારે મુખથી વચન બોલે છે ત્યારે તે દૈવી છે કે આસુરી એ દેખાઈ આવે છે. ૩૩. જે દૈવી મનુષ્યો છે તે ભગવાનને ઈષ્ટ માને છે અને જેટલી શુભ નીતિની વાતો હોય તેને તે ભગવાનની વાતો છે તેમ દેખે છે. જે આસુરી લોકો છે તે ભગવાનને માનતા નથી અને ભગવાનના દ્રોહીને ઈષ્ટના રૂપમાં માને છે. ૩૪-૩૫. જેટલી અશુભ તથા અનીતિ ભરેલી વાત હોય છે, તે તેમને અતિશય રુચે છે. તેમજ ભગવાન સંબંધી જેટલા વ્રત છે, તેને આસુરી લોકો કરતા નથી. ૩૬. આસુરી જીવોના જે વ્રત છે તે ભગવાન સંબંધી વ્રતોથી સાવ જુદા હોય છે. આમ દૈવી-આસુરીની કોઈ વાત મળતી નથી. ૩૭. **સત્શાસ્ત્રનાં જેટલાં મોક્ષપરક વચન છે, તેને મોક્ષભાગી જીવો ગ્રહણ કરે છે. આ ભૂમિ ઉપર સર્વે સદ્‌ગ્રંથો ચિંતામણિ અને કલ્પવૃક્ષ જેવા છે. ૩૮-૩૯.**

શ્વેતદ્વીપમાં જે નિરન્નમુક્તો રહ્યા છે, તેઓ ભાવયુક્ત થઈને હંમેશાં એકાદશીનું વ્રત રાખે છે. ૪૦. તેઓ ક્યારેય પણ એકાદશીના વ્રતનો ભંગ થવા દેતા નથી. તેથી જ તેમનું 'નિરન્નમુક્ત' એવું નામ કહેવાય છે. આપણે પણ ઈચ્છા તો એમ રાખવી કે, 'શ્વેતદ્વીપમાં જેવા નિરન્નમુક્તો છે તેવા જ થવું છે,' પણ એ બાબતમાં ક્યારેય હિંમત હારવી નહિ. આવી રીતે હિંમત રાખીને એકાદશીનું વ્રત ધારણ કરવું. અને તે દિવસે ભગવાનના કથા-કીર્તન કરવા તથા સાંભળવા અને રાતે જાગરણ કરવું; તે વ્રતને સાચું-પ્રમાણભૂત માનવું. ૪૧-૪૨. શાસ્ત્રમાં તેનું જ નામ એકાદશી કહેવાય છે." આટલી વાત કરીને શ્રીહરિ મૌન થયા. ૪૩. પછી સંતો કીર્તન ગાવા લાગ્યા ત્યારે ફરીને શ્રીહરિ જે વાત કરવા લાગ્યા તે હવે કહું છું. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું આઠમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર બાવીશમું : તરંગ - ૧૩

ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું આઠમું વચનામૃત

❋ યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞનાં લક્ષણ :

તે સમયે પોતાના મનમાં જેવી વાત પ્રગટ થઈ આવી તેવી શ્રીહરિ કરવા લાગ્યા. તે વાત અલૌકિક અને સંસારને તારનારી છે. ૧. "જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું, 'તમારે બધાએ યજ્ઞ કરવા. યજ્ઞ કરવાથી તમારા બધા જ પુરુષાર્થ નિશ્ચિત સિદ્ધ થાશે. ૨-૩. અને તેણે કરીને સૃષ્ટિની વૃદ્ધિ પણ થાશે. માટે અમે કહ્યું એમ તમે યજ્ઞ જરૂર કરજ્યો.' ૪. પછી વેદમાં બહુ પ્રકારના યજ્ઞ કહ્યા છે, તે બધી પ્રજાને તે વખતે બ્રહ્માએ વિધિએ સહિત પ્રેમથી બતાવ્યા. ૫. તેમાં જે પ્રવૃત્તિમાર્ગમાં રહ્યા હતા તેમને પ્રવૃત્તિમાર્ગના રાજસ, તામસ એવા યજ્ઞ કરવાના બતાવ્યા. ૬.

અને જે નિવૃત્તિમાર્ગમાં રહ્યા હતા તેવા મનુષ્યને માટે સાત્ત્વિક યજ્ઞ બતાવ્યા. તે યજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્‌ગીતામાં કહ્યા છે. માટે આપણે નિવૃત્તિમાર્ગમાં ચાલ્યા છીએ તો સાત્ત્વિક યજ્ઞ કરવા. ૭-૮. પણ જેમાં પશુની હિંસા થતી હોય એવા રાજસ, તામસ યજ્ઞ આપણે કરવા નહિ. આપણે જે સાત્ત્વિક યજ્ઞ કરવાના છે તે સાત્ત્વિક યજ્ઞની રીત કહીએ છીએ જે, **'દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન તે પોતાના જે જે વિષયમાં ચોંટે તેને ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મઅગ્નિમાં હોમવા; તેનું નામ યોગયજ્ઞ કહેવાય.** આ રીતે હોમતાં હોમતાં જેમ યજ્ઞ કરનારાને ચોક્કસ ભગવાન દર્શન આપે છે, તેમ એ યોગયજ્ઞના કરનારાના અંતરમાં પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે શ્રીપુરુષોત્તમનારાયણ તે પ્રગટ થઈ આવે છે; એ યોગયજ્ઞનું ફળ પ્રાપ્ત થયું કહેવાય. **જે ભગવાનના ભક્ત હોય તેને અંતર્દૃષ્ટિએ કરીને વર્તવું, તેને જ્ઞાનયજ્ઞ કહેવાય;** તેમ જાણવું.

❋ સર્વત્ર શ્રીહરિને જોઈ રહેવા, તેનું નામ અંતર્દૃષ્ટિ :

હવે કોઈ એમ પૂછે કે, અંતર્દૃષ્ટિ એટલે શું ? તો તેનો ઉત્તર એમ છે જે, 'બહાર કે અંતરમાં ભગવાનની સન્મુખ વૃત્તિ રાખવી તે અંતર્દૃષ્ટિ છે.' તે સિવાય તો અંતર્દૃષ્ટિ કરીને બેઠો હોય તોપણ તે બાહ્યદૃષ્ટિ જ છે.

તેનું કાંઈ ફળ નથી. માટે બહાર વારંવાર જે ભગવાનનું દર્શન, પૂજન કરવું તથા કથા, કીર્તન આદિક જે કાંઈ ભગવાન સંબંધી ક્રિયાઓ કરવી તે સર્વે અંતર્દષ્ટિ છે અને તે સર્વેને જ્ઞાનયજ્ઞ કહેવાય છે. ૧૬-૧૯.

चोपाई :

अरु भगवान की मूर्ति हि ताके, अंतरधारी प्रेम जुत वाके;
पूजन वंदनादिक जितने, करना तेहि सब हि तितने...२०
तेहि पण अंतरदृष्टि रहावा, ज्ञानजज्ञ ही तेहि कहावा;
माट हि सत्संगी सब हि तिनकू, एसे ज्ञान जज्ञ जो इनकू...२१
अखंड तेही होवत रहाता, प्रसन्न होत हरि बात न कहाता;
समाधि से अधिक यह बाता, रहेउ हमकु आवत देखाता...२२

અને તેવી જ રીતે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારી પ્રેમે સહિત માનસ પૂજન, વંદન ઇત્યાદિક જે કાંઈ સાધન કરવા તે સર્વે પણ અંતર્દષ્ટિ જ છે અને જ્ઞાનયજ્ઞ કહેવાય છે. માટે સર્વ સત્સંગીઓને તો આવી રીતનો જ્ઞાનયજ્ઞ અખંડ થાય છે અને તેના ઉપર શ્રીહરિ એટલા બધા રાજી થાય છે કે, તે વાત કહી શકાતી નથી. આ વાત સમાધિ કરતાં પણ અધિક છે, તેમ અમને દેખાય છે. ૨૦-૨૨. કેમ જે, **જેને સમાધિ થાતી હોય એવા પણ વિમુખ થઈ ગયા છે. તેથી સત્સંગ છે તે જ અચળ સમાધિ છે અને સમાધિનું ફળ પણ સત્સંગ થાય એટલું જ છે.** સત્સંગથી અધિક બીજું કાંઈ ન દેખાય એવી મતિ દિન પ્રતિદિન દૃઢ કરવી, તેનું જ નામ સત્સંગ કહ્યું છે. આવી દૃઢ મતિ થયા સિવાય સત્સંગ કર્યો જ નથી. ૨૩-૨૪.

સત્સંગને દૃઢ કરવા માટે જ વેદ, પુરાણ અને કીર્તન ઇત્યાદિકમાં અપાર વાતો રહી છે, તેનો કહેતા પાર આવતો નથી. ૨૫. જેને સત્સંગ દૃઢ થયો હોય તેનાથી જ બીજાને સત્સંગ દૃઢ થાય છે, કુસંગના પ્રસંગથી તો થયેલો સત્સંગ પણ નાશ પામે છે. ૨૬. કુસંગનો પ્રસંગ રાખીને જેટલા કથા, કીર્તન કરવામાં આવે છે તે તો કુસંગ જ કરવામાં આવે છે. આ બાબત જેને સત્સંગ દૃઢ થયો હોય તે જાણે છે. ૨૭. સમાધિ તો કોઈકને થાય છે અને કોઈકને નથી થાતી. તે તો પરમેશ્વરની ઇચ્છાએ કરીને એમ રહ્યું છે.

✻ ભગવાનના સંબંધમાં આવે તે સહુ નિર્ગુણ છે :

અને કોઈક જગ્યાએ તો ભક્તની ક્યાશે કરીને પણ એમ રહ્યું છે. જે મૂર્ખ લોકો હોય તે તેના મોઢેથી એવી વાતો કરે છે કે, 'ગોપીઓના અંગનાં જે કીર્તન હોય તે ન ગાવા અને જે નિર્ગુણ કીર્તન હોય તે ગાવા.' પરંતુ તે મૂર્ખને નિર્ગુણ એટલે શું ? તેની કાંઈ ભાન નથી. ૨૮-૩૦. જેને નિર્ગુણપણાની કાંઈ ગમ જ નથી એવા મૂર્ખ લોકો વસ્ત્ર વિના ઉઘાડા ફરનારાને નિર્ગુણ પુરુષ કહે છે. ૩૧. જો ઉઘાડા રહ્યે નિર્ગુણ થવાતું હોય તો કૂતરાં, ગધેડાં આદિક પશુ પણ નિર્ગુણ કહેવાય; માટે તે તો મૂર્ખ મનુષ્યની સમજણ છે. ૩૨.

જે જ્ઞાની ભક્તો છે તેઓ તો એમ જાણે છે કે, 'ભગવાનનું જે સ્વરૂપ છે તે જ નિર્ગુણ-દિવ્ય છે. ૩૩. અને **જેને જેને જેટલો ભગવાનનો સંબંધ હોય તે બધા તેટલા નિર્ગુણમાર્ગવાળા છે.' તેમ દૃઢપણે ચોક્કસ જાણવું. ૩૪.** અને જે જે કથા-કીર્તનમાં ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે બધી બાબતો નિર્ગુણ જ છે. ૩૫. અને જે કથા-કીર્તનમાં ભગવાનનો સંબંધ ન હોય તે બધા માયિક ગુણે યુક્ત છે, માટે તે સગુણ કહેવાય. ૩૬. અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય તો તે કદાચ ઉઘાડા ફરે તોપણ તે નિર્ગુણ નથી. અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તે ગૃહસ્થાશ્રમી હોય તોપણ તે નિર્ગુણ જ છે. ૩૭-૩૮. અને જો તે ત્યાગી હોય તો તે પણ નિર્ગુણ કહેવાય. માટે ભગવાનની પ્રાપ્તિનો જે માર્ગ છે તે જ નિર્ગુણમાર્ગ છે. ૩૯.

सोरठा : अरु जो जो यह जेहि, भगवान सबंधी क्रिया;
करत रहाये तेहि, निर्गुण रहेउ सब हि एहु...४०

चोपाई :

अरु जिनकु भगवान हि ताके, सबंध भयेउ जितना वाके;
भाग्य ताके आवत न पारा, एही बात रहे सार में सारा...४१

અને તેવો ભક્ત જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે. ૪૦. અને જેને ભગવાનનો સંબંધ થયો છે તેના ભાગ્યનો તો કહે પણ પાર આવતો નથી. કેમ જે, એ જ સારમાં સાર બાબત છે. તેમાં જે

સાર ન માને તેને અંતરમાં અસુખ વર્તે છે. તે ભગવાનનો સંબંધ એક જન્મના પુણ્યે કરીને થતો નથી. તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે, **'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्'**(*ગીતા.૬/૪૫*) 'અનેક જન્મોએ કરીને સંસિદ્ધ થયેલો ભક્ત પરાગતિને પામે છે. ૪૧-૪૩. તે શ્લોકનો એવો અર્થ છે કે, **'અનેક જન્મના સત્કર્મ ભેળા થાય તેણે કરીને જે સંસિદ્ધ થયો હોય તે પરમપદને પામે છે.'** તે પરમપદ તે શું ? તો જે **પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ કહ્યું છે.** ૪૪-૪૫.

અને વળી, શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં એમ પણ કહ્યું છે કે,

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।

'આ સંસારમાં જેટલા ભગવાનના અંશરૂપ જીવ છે તે તો મને સહિત પાંચ જ્ઞાનેન્દ્રિયોને પંચવિષયમાંથી પાછી ખેંચીને પોતાને જ વશ રાખે છે. ૪૬-૪૭. અને જે જીવ ભગવાનના અંશ નથી તેને તો ઈન્દ્રિયો પરાણે ખેંચીને જ્યાં તેની ઈચ્છા હોય ત્યાં લઈ જાય છે. માટે આપણે જો ઈન્દ્રિયોના સંગમાં દોર્યા દોરાતા નથી. ૪૮-૪૯. તેથી આપણે ભગવાનના અંશ છીએ; એવું જાણીને અતિશય આનંદમાં રહીને ભગવાનનું પ્રેમથી ભજન કરવું. અને સર્વે ઈન્દ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપમાં જ અખંડ હોમતા રહેવું, તેવો જ્ઞાનયજ્ઞ સદાય કરતા રહેવું. ૫૦-૫૨. કેમ જે, જે કોઈ યજ્ઞ રહિત છે તેનું ક્યારેય કલ્યાણ થાતું નથી. તે ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર, એ આદિક બધા શાસ્ત્રનો પણ એ જ સિદ્ધાંત છે કે, 'એવો યજ્ઞ નહીં કરનારાનું ક્યારેય કલ્યાણ થાતું નથી.' ૫૩-૫૫. માટે અમારી પણ એ જ આજ્ઞા છે કે, 'સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગીઓએ તેવો જ્ઞાનયજ્ઞ કરતા રહેવું.' ૫૬.

જ્યારે એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેમાં પરબ્રહ્મ એવા ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે; એમ અમે કહીએ છીએ. ૫૭-૫૮. એવી રીતે અત્યંત પ્રેમરસથી જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપ ધામમાં રહેલા નિરન્નમુક્તના જેવી

સ્થિતિ થાય ત્યારે જ્ઞાનયજ્ઞની સર્વ વિધિનો અવધિ આવી રહ્યો. પછી તેને કોઈ બાબતનો ડર રહેતો નથી. ૫૯-૬૦. જ્યાં સુધી એવી રીતની રુચિ ન થાય ત્યાં સુધી તેટલી તેમાં ન્યૂનતા જાણવી. ૬૧. અને નિરન્નમુક્ત જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની મનમાં અતિ ભાવયુક્ત ઈચ્છા રાખવી, પણ તેમાં ક્યારેય શ્રદ્ધા છોડી દેવી નહિ. ૬૨ અમે જે આ વાત કરી છે તે અગાધ વાતને સાંભળીને કોઈએ પોતાના મનમાં અપૂર્ણતા માનવી નહિ. ૬૩. પણ **જે ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનવું અને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો." ૬૪.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું આઠમું વચનામૃત પૂરું થયું" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર બાવીશમું : તરંગ - ૧૪

ગઢડા મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત કહ્યું

શ્રાવણ સુદિ ચૌદશને દિવસ જગદ્વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ મશરૂના ચાકળા ઉપર વિરાજમાન હતા. ૧-૨ તે સમયે આનંદાનંદસ્વામીએ શ્રીહરિની ઘણા પ્રેમભાવથી પૂજા કરી હતી. ૩. શ્રીહરિએ રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો, તે તેમને ઘણો શોભતો હતો. કિનખાબની ડગલી પહેરી હતી. ૪. મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબલ રેંટો બાંધ્યો હતો. કમરે જરકસી શેલું બાંધ્યું હતું. ૫. ગૂઢા આસમાની રંગનો રેંટો ખભા ઉપર ધારણ કર્યો હતો. અને બંને હાથમાં મોટી મોટી રેશમની પંચરંગી સોનાના તારવાળી રાખડીઓ બાંધી હતી. તેમાં પાંચ પાંચ મોટા મોતી હતા. તેની શોભા એટલી સુંદર હતી કે તે મુખેથી કહી શકાતી નથી. ૬-૭. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના અપાર હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ સ્વરૂપનિષ્ઠાની શ્રેષ્ઠતા અને આવશ્યકતા :

પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, "અમે કીર્તન બોલીએ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "લ્યો હવે અમે પરમેશ્વરની વાત કરીએ." એમ કહીને પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો કે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. એવી સાવધાની વાત કરવામાં ચોક્કસ રાખવી. ૮-૧૧. કોઈ સમયે ભગવાનના વચનનો લોપ થાય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ. કેમ જે, કદાચ ભગવાનનું વચન લોપાય જાય તો ભગવાનની પ્રાર્થના કરીને પણ અપરાધ માફ થાય, પણ ભગવાનના સ્વરૂપનો જે દ્રોહ કરે તેનો તો કોઈ રીતે છૂટકો થાતો નથી. તે તો વજ્રલેપ થઈ જાય છે. ૧૨-૧૫. માટે **જે સમજુ હોય તેણે ભગવાનના વચનમાં તો જેટલું પોતાનું સામર્થ્ય હોય તે પ્રમાણે તત્પર થઈને અવશ્ય રહેવું. પણ ભગવાનની આ મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ભગવાનનું જે સ્વરૂપ છે તે જ સ્વરૂપ મને પ્રાપ્ત થયું છે, તેમ દૃઢપણે કરીને જાણવું.** ૧૬-૧૮.

આ રીતે ભગવાનના સ્વરૂપને દૃઢ રીતે જે સમજતો હોય તેનાથી કદાચ સત્સંગમાંથી બહાર નીકળી જવાણું હોય, તોપણ તે પોતામાં જ દોષ સમજે અને તેથી તેને ભગવાનની મૂર્તિમાંથી ક્યારેય હેત ટળે નહિ; આવો હોય તે કદાચ હમણા તો સત્સંગથી બહાર છે, પણ તે દેહ મૂકીને અંતે તો ભગવાનના અક્ષરધામમાં નિવાસ કરીને ભગવાનની પાસે જ રહેશે. ૧૯-૨૧. જે ભક્ત હમણાં તો સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે, પણ તેને જો ભગવાનના સ્વરૂપની પાકી નિષ્ઠા નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો તે બ્રહ્માના લોકમાં રહેશે કાં કોઈક અન્ય દેવતાના લોકમાં જરૂર રહેશે. પણ તે ભગવાન પુરુષોત્તમના ધામમાં નહિ જાય; તેમાં તલભાર પણ ખોટું નથી. ૨૨-૨૪. જેમ અર્જુનજીને ભગવાનના સ્વરૂપનું અવર્ણનીય અપાર બળ હતું. અને યુધિષ્ઠિરને તો શાસ્ત્રના વચનનું યથાર્થ બળ હતું. તે શાસ્ત્રના વચનનો ક્યારેય લોપ કરતા નહિ. ૨૫-૨૬. પછી જ્યારે મહાભારતની લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું જે,

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥ *(ગીતા : ૧૮/૬૬)*

એ શ્લોકનો જેવો અર્થ છે તેવો હવે કહીએ છીએ. ૨૭-૨૮.

'હે અર્જુન ! (તારા મનના માનેલા) સર્વ ધર્મોનો ત્યાગ કરીને પ્રસન્નતાથી મારા જ શરણે આવ. હું તને સર્વે પાપથી જરૂર છોડાવીશ. ૨૯. તું તેનો કાંઈ શોક કરીશ નહિ.' શ્રીકૃષ્ણ ભગવાનના તે વચનને માનવાથી બુદ્ધિમાન એવા અર્જુનને લડાઈમાં અનંત દોષ થયા, તોપણ મનમાં લેશમાત્ર ઝાંખા થયા નહિ. પરંતુ ભગવાનના આશ્રયનું અપાર બળ રાખી રહ્યા. તેથી પ્રભુ તેના ઉપર અપાર પ્રસન્ન થયા. ૩૦-૩૧ જ્યારે યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું ન હતું, પણ તેઓ શાસ્ત્રના વચનનો માપબહાર વિશ્વાસ રાખી રહ્યા હતાં, તેથી તેણે એમ જાણ્યું કે, 'હવે મારું કોઈ દિવસ કલ્યાણ નહિ થાય.' પછી તેમને બધા ઋષિઓએ આવીને સમજાવ્યા. ૩૨-૩૩. તથા વ્યાસમુનિએ સમજાવ્યા અને શ્રીકૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા, તોપણ તેમણે ત્યારે શોકનો ત્યાગ કર્યો નહિ. ૩૪.

પછી શ્રીકૃષ્ણ ભગવાન તેમને ભીષ્મ પાસે લઈ ગયા ત્યારે ભીષ્મે શાસ્ત્ર સંબંધી કથાઓ સંભળાવી ત્યારે તેમને કાંઈક વિશ્વાસ આવ્યો, તોપણ તેઓ અર્જુનના જેવા નિઃસંશય થયા નહિ. માટે જે બુદ્ધિમાન હોય તેમણે ભગવાનના સ્વરૂપનું જ બળ દૃઢપણે અતિશય રાખવું જોઈએ. કેમ જે, ભગવાનના સ્વરૂપનું બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે છે. આ વાત પણ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહી છે, તે વચનનું આ પ્રમાણ છે જે,

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्। *(ગીતા : ૨/૪૦)*

એ શ્લોકનો જે અર્થ છે તે અમે જેમ છે તેમ કહીએ છીએ, 'ભગવત્સ્વરૂપના બળની લેશમાત્ર પણ જો દૃઢતા હોય તો તે મોટા ભયને નિવારી દે છે.' ૩૫-૪૦. જેમ અર્જુને ભારતીય લડાઈ કરી ત્યારે તેમાં કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા. ૪૧. પણ ત્યારે તે ભયથી અર્જુનની જે રક્ષા થઈ તે ભગવાનના સ્વરૂપના બળના પ્રતાપે કરીને

થઈ હતી. ૪૨ માટે **જેને બધાં જ સાધન કરતાં ભગવાનના સ્વરૂપનું બળ અધિક હોય તે જ એકાંતિક ભક્ત કહેવાય.** ૪૩. તે જ પાકો સત્સંગી છે અને અમે જે વાત કહી તે વાત શ્રીમદ્ભાગવતમાં પણ પ્રધાનપણે કહી છે જે, 'શ્રુતિ-સ્મૃતિના ધર્મને કદાચ કાંઈક તજાય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનના આશ્રયને ક્યારેય તજવો નહિ.' આથી અધિક બીજી કોઈ વાત નથી. અને તેમાં કોઈ એમ જાણે જે, 'આવી વાત કરીએ તો ધર્મ ખોટા થઈ જાય,' તો તે મૂર્ખ માણસની સમજણ કહેવાય. આ વાત કાંઈ ધર્મને ખોટા કરવા માટે કહી નથી. ૪૫-૪૭.

આ વાત તો એટલા માટે કહીએ છીએ કે, દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા - એટલા વાના શુભ અને અશુભ બે પ્રકારના છે. તેમાં જો અશુભ દેશકાળાદિકનો યોગ થાય અને તેને કાંઈ વિઘ્ન કરે ત્યારે જો ભગવાનના સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગથી ક્યારેય પડે નહિ. છેવટે તેનો મોક્ષ થાય છે. ૪૮-૫૧. જો ભગવાનના સ્વરૂપની નિષ્ઠામાં કાચપ હોય તો જ્યારે તેને ભગવાનની નિષ્ઠા ન રહે ત્યારે ધર્મ સંબંધી નિયમ પણ ન રહે. જ્યારે ધર્મ સંબંધી નિયમ ન રહે ત્યારે દેશકાળ વિપરીત થઈ જાય. તે દિવસે તે કેવળ ધર્મનિષ્ઠાવાળો પોતાના મનમાં એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવાનના સ્વરૂપનું બળ જેટલું અધિક રહે તેટલો તે પાકો સત્સંગી છે. ૫૨-૫૪.

चोपाई :

अरु जिनकु भगवान ताकी, स्वरूप की निष्ठा रहे पाकी;
शास्त्र हि तामें तिनकु जोऊ, एकांतिक भक्त कहे सोऊ...५६

આવી સમજણ વિનાના જે હરિભક્ત છે તે તો ગુણબુદ્ધિવાળા કહેવાય. તેથી જેની સમજણ પાકી હોય તે પાકો સત્સંગી છે. ૫૫. અને જે ભક્તને ભગવાનના સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં એકાંતિક ભક્ત કહ્યા છે. ૫૬. આ સમયે સત્સંગમાં જેવી વાત થાય છે તે વાતને અત્યારે નારદ, સનકાદિક જેવા સાંભળે અને બ્રહ્માદિક દેવતા પણ આવી વાતને જો સાંભળે તો સાંભળીને તેઓ એમ કહે કે, 'આવી વાત તો અમે ક્યારેય સાંભળી નથી.

અને આવી વાત ક્યારેય સાંભળશું પણ નહિ. આ વાર્તા તો **'न भूतो न भविष्यति'** એવી છે.' આવી જે આ વાત તેને સાંભળતા સાંભળતા તેઓ તૃપ્તિ પામતા જ નથી. ૫૭-૫૯. વેદ, પુરાણ અને બીજા જેટલા સદ્‌ગ્રંથ છે તથા જેને મોક્ષ ઉપર તાન છે તે બધા આ વાતને આશ્ચર્યકારી માને છે. અને આ વાત અતિશય ઝીણી છે, તોપણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય; એવી મૂર્તિમાન વાત થાય છે. આ વાત સર્વે શાસ્ત્રનું તત્ત્વ-રહસ્ય છે. માટે આ સમયમાં જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો કોઈ પાર આવે તેમ નથી. ૬૦-૬૨. આવું સમજીને સત્સંગીએ પોતાને વિષે કૃતાર્થપણું માનવું જોઈએ એમ અમે કહીએ છીએ. ૬૩.

જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો કદાચ આ વાત સમજાય કે ન સમજાય, તોપણ તેને કોઈ વાત બાકી રહેતી નથી. પરંતુ જેને પરમેશ્વરમાં અતિશય પ્રીતિ ન હોય તેણે તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજવો જ જોઈએ. ૬૪-૬૬. જે બુદ્ધિમાન હોય તેણે તો આવી વાતને સમજી-વિચારીને ભગવાનનો અતિશય દૃઢ આશ્રય કરવો. આ જ મત અતિ સારમાં સાર છે, તેના જેવો બીજો કોઈ મત-સિદ્ધાંત નથી. એમ બુદ્ધિમાન લોકો જાણે છે. ૬૭-૬૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત કહ્યું” એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર બાવીશમું : તરંગ - ૧૫

ગઢડા મધ્ય પ્રકરણનું દસમું વચનામૃત

શ્રાવણ વદિ તૃતિયાને દિવસ જગદ્‌વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. ૧. ત્યાંથી ઘોડી ઉપર બેસીને લક્ષ્મીવાડીએ આવ્યા. ત્યાં આંબાના વૃક્ષની નીચે વેદી ઉપર ઉત્તરાદું મુખારવિંદ રાખીને વિરાજમાન થયા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૩. અને

પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "શ્રીમદ્‌ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ વક્તાને જેવું સમજાય છે તેવું તે બીજાને સમજાવે છે. તેમાં જે વક્તાના હૃદયમાં ભગવાનની ભક્તિ ન હોય તો તે વાંચનારો ભાગવતમાંથી પણ ભગવાનના સ્વરૂપને નિરાકાર સમજે છે. વળી, બીજા સ્કંધમાં જ્યાં આશ્રયના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે ત્યાં પણ જેને ભગવાનના સ્વરૂપની ભક્તિ ન હોય તેને નિરાકાર સમજાય છે. ૪-૮. પણ ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી. કારણ કે, આ કહ્યા એવા સાકાર ભગવાનથી જ અનંત પ્રકારની ચિત્ર-વિચિત્ર સ્થાવર-જંગમ અપાર સૃષ્ટિ થાય છે. તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કઈ રીતે થાય ? એ વાત તો જે બુદ્ધિ માન હોય તેને સમજ્યામાં આવે. તમે તપાસીને જુઓ તો ખ્યાલ આવશે કે, જેમ આકાશ નિરાકાર છે તો પૃથ્વીમાંથી જેવા ઘટાદિક આકાર થાય છે તેવા આકાશમાંથી થતા નથી. આ રીતે નિશ્ચિત સમજ્યામાં આવે છે. ૯-૧૨.

તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના રચનારા પરમેશ્વર પણ સાકાર જ છે. ભાગવતમાં અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ- આ ત્રણનો આધાર ભગવાનનું સ્વરૂપ છે, તેમ નક્કી કહ્યું છે. હવે તેની વાત કરીએ છીએ. ૧૩-૧૫. તેને તમે સાંભળો. અધ્યાત્મ જે વિરાટપુરુષના ઈન્દ્રિયો, અધિભૂત જે તેના પંચમહાભૂત અને અધિદેવ જે વિરાટના ઈન્દ્રિયોના દેવતાઓ, તે બધા વિરાટને વિશે આવ્યા તોપણ તે વિરાટ ઊભો થયો નહિ. પછી વાસુદેવ ભગવાને પુરુષરૂપે થઈને જ્યારે વિરાટપુરુષમાં પ્રવેશ કર્યો ત્યારે તે વિરાટપુરુષ ઊભા થયા. તે ભગવાન વિરાટપુરુષના અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ - તે બધામાં તદાત્મકપણે કરીને રહ્યા છે અને પોતાના સ્વરૂપે કરીને તો તેનાથી પૃથક્-ન્યારા જણાય છે. ૧૬-૨૦. અને તેને જ આશ્રય કરવા યોગ્ય સ્વરૂપ કહ્યું છે.

❋ જો સાકાર શ્રીહરિનો નિશ્ચય થાય તો અક્ષરધામમાં જાય :

જેમ અગ્નિદેવ છે તે પ્રકાશરૂપે તો અરૂપ છે, પણ અગ્નિ પોતે તો

મૂર્તિમાન છે. તે જ્યારે અગ્નિને અજીર્ણ-અપચો થયો ત્યારે મૂર્તિમાન અગ્નિ પાંડુરોગી જેવા થઈ વિપ્રનું રૂપ ધારીને શ્રીકૃષ્ણ તથા અર્જુનની સમીપે આવ્યા હતા. પછી ઈન્દ્રના ખાંડવ વનને જ્યારે બાળવા ગયા ત્યારે તે જ અગ્નિએ અનુપમ જ્વાળારૂપે થઈ સમગ્ર વનમાં વ્યાપીને બધું વન બાળી દીધું. તેમ જ પરમ નિપુણ એવા પુરુષોત્તમ ભગવાન છે,

दोहा : तेही ब्रह्मरुप जे आपकी, शक्ति करी के जेहु;
सबके विशे व्यापक रहे, मूर्तिमान थके तेउ...२५
सबसे रहे जुदे एहि, अरु जो ब्रह्म ही जेहि;
पुरुषोत्तम भगवान की, कीरण रहेउ तेहि...२६

सोरठा : अरु पोते भगवान, सदा रहे साकार यह;
सुंदर मूर्ति जो मान, रहे अक्षरधाम महिं...२७
माट हि जिनकु जोउ, कल्याण हि इच्छना तेही;
भगवान ताकु सोउ, मूर्तिमान समझीकर दृढ...२८

તે પોતાની બ્રહ્મરૂપ એવી અંતર્યામી શક્તિએ કરીને સહુમાં વ્યાપક છે અને મૂર્તિમાન થકા સહુથી જુદા રહ્યા છે. અને જે બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે-તેજની જ્યોતિ છે. ૨૧-૨૬. અને તે પોતે ભગવાન તો સદાય સાકાર મૂર્તિ જ છે. અર્થાત્ સુંદર મૂર્તિમાન થકા અક્ષરધામમાં વિરાજમાન છે. ૨૭.

માટે જેને કલ્યાણની ઈચ્છા હોય તેમણે ભગવાનને દૃઢપણે મૂર્તિમાન સમજીને તેમનો દૃઢ આશ્રય રાખવો. તથા બીજાને પણ એવી જ વાત કરવી કે, કોઈને સાકાર ભગવાનનો આશ્રય હોય તે દૃઢ રહે. જેમ સ્ત્રીના ઉદરમાં ગર્ભ હોય, પછી તેમાંથી પુત્રરૂપ ફળ ઉદય થાય છે તેમ **જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયરૂપી પરમ અનુપમ ગર્ભ હોય તેને ભગવાનનાં અક્ષરધામરૂપ અપાર ફળની પ્રાપ્તિ થાય છે.** આ વાત ચોક્કસ નિર્ધારિત છે. માટે સત્સંગમાં તેવી જ વાત કરવી અને તે પ્રમાણે જ વર્તવું. ૨૮-૩૨. પણ તે નિશ્ચયરૂપ ગર્ભને જે રીતે કાંઈ જ વિઘ્ન ન થાય તે રીતે બીજા ભક્તની આગળ પણ પરમ પ્રેમરસ ભરી વાત કરવી.

જેણે કરીને ભગવાનના નિશ્ચયરૂપી ગર્ભનો ક્યારેય પાત ન થઈ જાય, આવું તેનું જતન કરવું." ૩૩-૩૪. આટલી વાત કરીને બહુનામી શ્રીહરિ ઘોડી ઉપર બેસીને લક્ષ્મીવાડીથી દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૩૫.

પછી સર્વ સુખનું મૂળ અને વિશ્વવંદ્ય એવા મનોહરમૂર્તિ શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ પર વિરાજમાન થયા. ૩૬. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી. પછી શ્રીજીમહારાજે નાના નાના પરમહંસોને પોતાની પાસે બોલાવીને પરસ્પર ચર્ચા કરાવી. પછી અચિંત્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ, એ ત્રણમાં ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થવાનું વિશેષ-અધિક દૈવતવાળું કારણ કોણ છે ?" ૩૭-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું દસમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર બાવીશમું : તરંગ - ૧૬

ગઢડા મધ્ય પ્રકરણનું દસમું ચાલું વચનામૃત

અચિંત્યાનંદસ્વામીએ જે પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર કોઈથી થયો નહિ. પછી શ્રીજીમહારાજ મુનિઓની સામે જોઈને બોલ્યા જે, ૧. "આ પ્રશ્નનો ઉત્તર અમે જ કરીએ છીએ. તેમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ - એ ત્રણેયના સ્વરૂપને જુદા જુદા કહીએ છીએ. જીવમાત્રનો એવો સ્વભાવ છે કે જ્યારે સારું પદાર્થ દેખે ત્યારે તેનાથી જે ઊતરતું પદાર્થ હોય તેમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે. ૨-૪.

✵ વૈરાગ્યનું લક્ષણ :

ચોપાઈ :

माटे भगवान ताके जेहा, अक्षरधाम रहाये तेहा;
ताके विषे सुख रहे अपारा, तिनकी आगे मायिक सुख सारा...०५

तेहि सब नकल जेसे देखाता, अचल सुख यह नहीं रहाता;
अचल सुख भगवान ताके, धाम के विषे रहेउ वाके...०६
माटे हि परमेश्वर की जेऊ, बात सुनत सुनत जोउ तेऊ;
भगवान सबंधी सुख हि जेहू, जथार्थ जाने आवे तेऊ...०७

માટે ભગવાનના અક્ષરધામને વિષે જે અપાર સુખ રહ્યું છે તેની આગળ આ બધું માયિક સુખ છે તે તો નકલ જેવું દેખાય છે. આ કોઈ જ માયિક સુખ અચળ રહેતું નથી. અચળ સુખ તો એક ભગવાનના ધામને વિષે જ રહ્યું છે. ૫-૬. માટે પરમેશ્વરની વાત સાંભળતાં સાંભળતાં જ્યારે ભગવાન સંબંધી યથાર્થ સુખ જાણ્યામાં આવે ત્યારે જેટલું માયાથી ઉત્પન્ન થયેલું છે તે બધું જ તુચ્છ દેખાય છે. જેમ કોઈ માણસના હાથમાં તાંબાનો પૈસો હોય તેને જ્યારે કોઈ તે તાંબાના પૈસાને બદલે સોનામહોર આપે તો તે પૈસા ઉપરથી તત્કાળ હેત ઊતરી જાય છે અને સોનામહોરમાં ઘણું હેત થાય છે. એ રીતે જ **જ્યારે ભગવાન સંબંધી સુખમાં દષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ હોય છે તે બધામાંથી વૈરાગ્યને પામે છે અને એક ભગવાનની મૂર્તિમાં અપરંપાર હેત થાય છે.** આ રીતે અમે વૈરાગ્યનું ચોક્કસ સ્વરૂપ કહ્યું. હવે અમે જ્ઞાનનું સ્વરૂપ કહીએ છીએ. ૭-૧૨.

❋ જ્ઞાનનું લક્ષણ :

જ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ કરનારા બે શાસ્ત્ર છે. તેમાં એક સાંખ્યશાસ્ત્ર અને બીજું યોગશાસ્ત્ર કહેવાય છે. તેમાં સાંખ્યશાસ્ત્રનો મત આ પ્રમાણે છે- જેમ આ આકાશ છે તે પૃથ્વી, જળ, તેજ અને વાયુ, તે બધામાં વ્યાપીને રહ્યો છે. આકાશ વિના એક અણુમાત્ર પણ ક્યાંય ખાલી નથી. ૧૩-૧૫. તોપણ તે આકાશને પૃથ્વી આદિકના જે વિકારો છે તે સ્પર્શતા જ નથી. તેમ પુરુષોત્તમ ભગવાનને આકાશની પેઠે કોઈ જ માયિક વિકાર ચોક્કસપણે સ્પર્શતા નથી. એ વાર્તા કૃષ્ણતાપિની ઉપનિષદમાં કહી છે કે, જ્યારે દુર્વાસા ઋષિ વૃંદાવનમાં આવ્યા. ૧૬-૧૮.

ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, “દુર્વાસા મુનિ ભૂખ્યા છે માટે ભોજનના થાળ ભરી તેને લઈને તમે તેમને જમાડવા માટે જાઓ.”

ત્યારે ગોપીઓ બોલી કે, "રસ્તામાં આડાં યમુનાજી છે, તેને અમે કઈ રીતે ઊતરીએ ?" ૧૯-૨૦. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા કે, "તમે યમુનાજીને જઈને કહેજો કે, 'શ્રીકૃષ્ણ સદા બાળ બ્રહ્મચારી હોય તો હે પ્યારી યમુના મૈયા ! તમે અમને માર્ગ આપો." ૨૧. પછી ગોપીઓ હસતી હસતી ચાલી, અને યમુનાજીને કાંઠે આવી અને એમ કહ્યું. ત્યારે યમુનાજીએ ગોપીઓને તત્કાળ માર્ગ દીધો. પછી ગોપીઓએ પરમ નિપુણ ઋષિને જમાડ્યા. ત્યારે ઋષિ ગોપીઓના બધા થાળ જમી ગયા. એક તલભાર અન્ન પણ રહેવા દીધું નહિ. ૨૨-૨૩.

પછી ગોપીઓએ કહ્યું કે, "હવે અમે અમારે ઘેર કઈ રીતે જઈએ ? રસ્તામાં આડાં યમુનાજી છે." ત્યારે ઋષિએ કહ્યું કે, "તમે કેમ કરીને આવ્યાં હતાં ?" પછી ગોપીઓ જે રીતે આવી હતી તે વાત તેમણે કહી. તે સાંભળીને ઋષિવર્ય પરમ પ્રસન્ન થયા. ૨૪-૨૫. પછી તે ઋષિ બોલ્યા જે, "હવે તમે યમુનાજીને કિનારે જઈને હું કહું છું તે પ્રમાણે કહેજો, 'દુર્વાસા ઋષિ જો સદા ઉપવાસી હોય તો તમે અમને માગ દેજ્યો', એમ તમને કહીએ છીએ." પછી ગોપીઓ હસતી હસતી જઈને યમુનાજીને એમ કહ્યું ત્યારે યમુનાજીએ તત્કાળ તેમને માગ દીધો. ૨૬-૨૮.

તે સમયે ગોપીઓ આ બંને બાબતને જોઈને મનમાં ઘણું આશ્ચર્ય પામી. માટે ભગવાનનું સ્વરૂપ તો આકાશની જેમ સદાય નિર્લેપ અને અનુપમ એવું છે. કેમ જે, ભગવાન તો બધી ક્રિયાઓને કરતા થકા પણ અકર્તા જ છે. વળી સર્વના સંગમાં રહ્યા થકા પણ સદાય અસંગી જ છે. એવી રીતે સાંખ્યશાસ્ત્ર તે ભગવાનના સ્વરૂપને નિર્લેપપણે કરીને કહે છે. આવી રીતે સમજવાની જે વાત છે તે સાંખ્યના મતે જ્ઞાન છે. હવે યોગશાસ્ત્રનો મત કહું છું. ૨૯-૩૨. યોગશાસ્ત્રનો મત એ રીતે છે કે, જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેણે પ્રથમ તો પોતાની દૃષ્ટિને સ્થિર કરવાનું શીખવું. દૃષ્ટિને સ્થિર કરવા માટે એકાગ્રચિત્તથી ભગવાનની (મનોમય) મૂર્તિને અથવા ભગવાનની પ્રતિમાને અથવા તો બીજા કોઈ પણ પદાર્થને નિશાનને ઠેકાણે

રાખીને તેમાં દૃષ્ટિ સ્થિર કરવી. કેમ જે, નિશાન-લક્ષ્ય વિના વૃત્તિ સ્થિર ન થાય. એકના એક આકારને જોતા રહેવાથી દૃષ્ટિ તે ઠેકાણે સ્થિર થઈ જાય છે. ૩૩-૩૫. દૃષ્ટિની સાથે અંતઃકરણ પણ સ્થિર થાય છે. જ્યારે અંતઃકરણ સ્થિર થાય ત્યારે ભગવાનની મૂર્તિને હૃદય વિષે ધારવામાં ધારણા કરનારા યોગીને કાંઈ પ્રયાસ પડતો નથી. અર્થાત્ મૂર્તિ સુખેથી ધારી શકાય છે. ૩૬-૩૭. **અને જો પ્રથમથી જ અભ્યાસ કરીને અંતઃકરણને સ્થિર ન કરે તો જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે બીજા પણ કેટલાક ટીખળ આડા આવીને ઊભા રહે.** ૩૮-૩૯. માટે યોગશાસ્ત્રનો એ સિદ્ધાંત સર્વત્ર કહ્યો છે જે, 'પહેલા અભ્યાસ કરીને વૃત્તિને સ્થિર કરવી. પછી તે વૃત્તિને ભગવાનની સાથે ધીરજ રાખીને જોડવી. આમ આ વાત સમજવી.

*** ભક્તિનું લક્ષણ :**

તે યોગશાસ્ત્ર સંબંધી અનુપમ જ્ઞાન છે. આ રીતે એ બે શાસ્ત્રના મતે કરીને સમજણને દૃઢ કરવી તેનું નામ જ્ઞાન છે. હવે ભક્તિની રીત કહું છું. જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીકળ્યા. પછી તેમણે હાથમાં પ્રેમથી વરમાળા લઈને વરવા માટેનો વિચાર કર્યો કે, 'વરવા-પસંદ કરવા જેવા કોણ છે ? જેને હવે હું વરું ?' ૪૦-૪૪. પછી જ્યારે તેમણે તપાસીને જોયું તો જેમાં રૂપ હતું તેમાં રૂડા ગુણ ન હતા અને જેમાં ગુણ હતા તેમાં રૂપ ન હતું. આ રીતે બહુ પ્રકારે જોયું, પણ મોટા મોટાને કલંકથી ભર્યા દેખ્યા. પછી તો દેવતામાત્ર તથા દૈત્યમાત્રને પણ કલંકોથી ભર્યા દેખ્યા. ૪૫-૪૬.

પછી સર્વ ગુણોએ કરીને સંપૂર્ણ અને સર્વ દોષોથી રહિત એવા સુખધામ એક ભગવાનને જ દેખ્યા. ત્યારે લક્ષ્મીજીને તે ભગવાનના સ્વરૂપમાં દૃઢ ભક્તિ-પ્રીતિ થઈ. પછી અતિશય પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવીને તેમને વર્યા-પરણ્યા. ૪૭-૪૮. **માટે આવા કલ્યાણકારી ગુણોને જાણવા અને તે વિચારીને પરમેશ્વરનો આશરો કરવો, આનું જ નામ ભક્તિ કહેવાય છે. ૪૯.** આ વાત સાંભળીને મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને શ્રીહરિને પૂછ્યું, "હે મહારાજ ! તે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ - એ ત્રણમાં પરમેશ્વરને

વિષે પ્રીતિ થવા માટેનું વધું દૈવત-સામર્થ્ય શેમાં આવ્યું ? તે વાત અમને સમજાણી નહિ." ૫૦-૫૨. પછી શ્રીહરિએ કહ્યું કે, **"જ્ઞાન અને વૈરાગ્ય કરતાં ભક્તિમાં ઘણું અધિક દૈવત રહ્યું છે."** ૫૩.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું દસમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર બાવીશમું : તરંગ - ૧૭

ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું દસમું વચનામૃત

પછી મુક્તાનંદસ્વામીએ જે પ્રશ્ન કર્યો તેના ઉપર હવે શ્રીહરિ વાત કહે છે કે, "આ ભક્તિ અતિ દુર્લભ છે. તે પ્રેમ વિના આવતી નથી. ૧. હવે તે ભક્તિવાળાં ભક્તનાં જેવાં લક્ષણ છે તે કહું છું. એ પવિત્ર ભક્તો આવા હોય છે. ૨. જ્યારે જીવોનું કલ્યાણ કરવા માટે ભગવાન આ પૃથ્વીને વિષે મનુષ્ય જેવી મૂર્તિ ધારણ કરીને વિચરે છે ત્યારે તે ભગવાનનાં કેટલાંક ચરિત્ર તો દિવ્ય હોય અને કેટલાંક ચરિત્ર તો માયિક જેવાં દેખ્યામાં આવતાં હોય. જેમ કે, જ્યારે શ્રીકૃષ્ણાવતાર ધારણ કર્યો ત્યારે પ્રથમ તો દેવકી અને વસુદેવને ચતુર્ભુજરૂપે દર્શન દીધાં. પછી ગોકુળમાં આવ્યા. ત્યાં પૂતના આવી ત્યારે તેનાં પ્રાણ હર્યાં. ૩-૬.

તે પછી તૃણાવર્ત આદિક જે જે દૈત્યો આવ્યા તે બધાને માર્યા, ગોવર્ધન પર્વતને ધાર્યો અને કાળિયનાગનું દમન કરીને તેને રહેવા માટે બીજી જગ્યા આપી. એ રીતે યમુનાજીનું જળ ઝેર રહીત કર્યું. બ્રહ્માનો મોહ ટાળ્યો. અદ્ભુત રાસક્રીડા કરી છતાં અખંડ બ્રહ્મચર્ય વ્રતથી યુક્ત રહ્યા. ૭-૮. તે સિવાય બીજા પણ કેટલાક આશ્ચર્યો દેખાડ્યા. જેનો ગણતા પાર પમાતું નથી. અક્રુરજીને યમુનાજીના જળમાં અદ્ભુત દર્શન આપ્યાં. ૯. કુવલયાપીડ હાથી, ચાણૂર મલ્લ અને કંસાદિકને માર્યા તથા બધા યાદવોનું કષ્ટ ટાળ્યું. તે રીતે જ રામાવતારમાં ધનુષ્ય ભાંગ્યું. રાવણાદિક જે જે દુષ્ટ હતા તેને

મારીને દેવતા અને ઋષિઓના અપાર કષ્ટોનું નિવારણ કર્યું. ઈત્યાદિક જે ભગવાને પરાક્રમો કર્યા તે બધાં ભગવાનનાં દિવ્ય ચરિત્ર કહેવાય. જ્યારે સીતાજીનું અપહરણ થયું ત્યારે પ્રભુ રઘુનાથજી રડતાં રડતાં ઘેલા જેવા થઈ ગયા. વળી, કૃષ્ણાવતારમાં પણ એવાં ચરિત્રો કર્યા છે તેને કહું છું. ૧૦-૧૩. જેમ કે, કાળયવનની આગળ ભાગ્યા. એક વખત જરાસંધની આગળ હાર્યા. ૧૪.

❋ નિર્દોષભાવરૂપી ભક્તિ એ જ પરમપદ છે :

પછી પોતાની રાજધાની મથુરાને છોડીને ભગવાન સુખદાયી સમુદ્રના બેટમાં જઈને વસ્યા. ઈત્યાદિક ભગવાનનાં જે ચરિત્ર છે તે પ્રાકૃત જેવાં જણાય છે. માટે દિવ્ય ચરિત્રમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ ભગવાન જ્યારે પ્રાકૃત ચરિત્ર કરે ત્યારે તેમાં પણ પરમેશ્વરનું દિવ્યપણું જ જણાય ત્યારે તે ભગવાનનો સાચો ભક્ત છે તેમ જાણવું. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે,

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन!।।(ગીતા:૪/૯)

એ શ્લોકનો એવો અર્થ છે કે, 'હે અર્જુન ! મારાં જે જન્મ અને કર્મ-કાર્યો છે તે દિવ્ય છે. ૧૫-૧૯. તે જન્મ તથા કર્મને જે દિવ્ય જાણે છે તે દેહ છોડીને ફરીવાર જન્મને પામતો નથી, પરંતુ એ ભક્ત તો મને જ પામે છે. ૨૦. માટે ભગવાન જે કાંઈ દિવ્ય ચરિત્ર કરે છે તે તો ભક્ત-અભક્ત બંનેને દિવ્ય જણાય છે. ૨૧.

चोपाई :

पण जब भगवान मनुष्य जेसे, प्राक्रत चरित्र करेउ तेसे;
तो पण ताके विषे जबहू, दिव्यपणा देखाय हि तबहू...२२
कोउ रीते भगवान हि ताके, चरित्र में अभाव न आवे वाके;
एसी जिनकी बुद्धि जेऊ, ताकु परमेश्वर की तेऊ...२३
भक्ति यह दृढ करी कहाता, एसी भक्ति जाकू रहाता;
तेउ दृढ करी भक्त कहाते, एही श्लोक में कहे रहाते...२४

પણ ભગવાન જ્યારે મનુષ્યનાં જેવાં પ્રાકૃત ચરિત્રો કરે છે, તોપણ તેને વિષે જેને દિવ્યપણું જ દેખાય, અને કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ ન આવે; એવી જેની દિવ્ય બુદ્ધિ હોય તેને પરમેશ્વરની દૃઢ ભક્તિ કહેવાય. અને આવી રીતની જેને ભક્તિ હોય તેને જ દૃઢ ભક્ત કહેવાય છે. ૨૨-૨૪. અને તે શ્લોકમાં કહેલું ફળ તે આવા ભક્તને જ જરૂર મળે છે. જેમ ગોપીઓ, ઉદ્ધવજી અને હનુમાનજી તેવા ભક્ત હતા તો તેમણે કોઈ રીતે ભગવાનનો અવગુણ ક્યારેય લીધો જ નહીં. અને પરીક્ષિત રાજાએ તો ફક્ત ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો. પછી શુકદેવજી જેવા પરમ ભક્ત મળ્યા હતા, તેથી તેમણે ભગવાનનું સમર્થપણું દેખાડ્યું અને તેના અવગુણોને ખોટા કરી નાંખ્યા. ૨૫-૨૮. કેટલાક અતિ અધર્મી પાપી જીવ હોય તે પોતે ભગવાન ન હોવા છતાં પણ સાચા ભગવાનની વાત સાંભળીને તે ભગવાન બની બેસે છે. એવા તે અતિ નીચ હોય છે. ૨૯. જેની મા ચાર વર્ણની અને જેનો બાપ ચાંડાળ કે શ્વપચ હોય એવા જે કોઈ વ્યભિચારી પુરુષો હોય તે ભગવાનની દેશી કાઢે છે.(અનુકરણ કરે છે.) ૩૦.

જે કોઈ અંધ-અજ્ઞાની નરનારી હોય તેઓ તે દુષ્ટને માને છે. પછી તે દુષ્ટની જેવી ગતિ થાય છે તેવી ગતિને તે અજ્ઞાની નરનારીઓ પણ પામે છે. ૩૧. એવા જે મનુષ્યો હોય તે તો છતે દેહે જમપુરીમાં પડેલા છે. એવા મનુષ્યોનું ભૂંડું કરવાની ભગવાનને જરૂર રહેતી નથી. ૩૨. કારણ કે, તે દુષ્ટ લોકોના દુષ્ટ પાપ અને દુષ્ટ વર્તન જ તેનું ભૂંડું કરે છે. ભગવાન તો સહુનું ભલું કરે છે, કોઈનું લગાર પણ ભૂંડું કરતા નથી. ૩૩. ભગવાનમાં તો ઘણી મોટાઈ રહી છે. તેનો કોઈ પાર પામી શકે તેમ નથી. જે લોકો દુષ્ટ બુદ્ધિવાળા છે, તેઓ તો ઘણું બૂરું ફળ પામે છે, જે મુખથી કહી શકાતું નથી. ૩૪. એવા દુષ્ટ બુદ્ધિવાળાની શું વાત કરવી ? પણ એવા પ્રસંગે કરીને કહેવામાં આવે છે. પ્રસંગ પ્રમાણે જે વાત કહેવામાં આવે તેમાં રતીભાર પણ દોષ નથી. ૩૫. જેમ કે, વિવાહના પ્રસંગમાં મોઢેથી ચાહે તેવી ગાળો દેવામાં આવે તોપણ તે વાલી લાગે છે. તેના ઉપર કોઈને લગાર પણ રોષ ચઢતો નથી. ૩૬.

હોળીના દિવસોમાં લોકો અયોગ્ય અને અપરંપાર ફાગ(અપશબ્દ) બોલે છે, તેવા અપશબ્દ ભગવાનના ભક્ત લગાર પણ બોલતા નથી. કેમ જે, ભગવાનના જે ભક્ત હોય તે એવું સમજે છે કે, 'જે મુખથી ગાળ બોલે છે તે તો વિષ્ઠા ખાય છે.' ૩૭-૩૮. ગાળો દેનારા તો કૂતરાં અને ગધેડાં જેવાં દેખાય છે. જે સાચા ભગવાનના ભક્ત હોય તે ખરે સમયે દેખાઈ આવે છે. ૩૯. જે સાચા ભગવાન હોય તે જ્યારે મનુષ્ય જેવા થઈને અવતરે છે ત્યારે તે પોતે પોતાના મુખથી 'હું ભગવાન છું' તેમ કહેતા નથી. ૪૦.

જેવો બીજી બાબતનો ખપ હોય તેવો જ ખપ જેને ભગવાનનો હોય તેવા ભક્તો માટે બહુનામી અને અંતર્યામી ભગવાન મનુષ્યદેહ ધારે છે. ૪૧. ભગવાનને તો વિપ્ર, ક્ષત્રિય કે વૈશ્યમાં જ જન્મવાનો કોઈ નિયમ હોતો નથી. તેઓ તો પોતાની ઈચ્છા મુજબ જ પ્રગટે છે. એ બાબત પ્રભુનો જેટલો પ્રતાપ છે તે તેને પ્રગટ કરી દે છે. ૪૨.

જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે તેનો પ્રતાપ-પ્રકાશ જ તેને કહી દે છે. તેમ ભગવાનની પણ તેના જેવી જ રીત છે, તે તેમના પ્રતાપથી દેખાઈ આવે છે. ૪૩. ભગવાનમાં જે જે બાબત જેટલી કાંઈ હોય તે બધી મોક્ષદાયક જ હોય છે. તે મોક્ષભાગી જીવનો મોક્ષ કરે છે, પણ તેને મોક્ષભાગી સિવાયના કોઈ ઓળખી શકતા નથી. ૪૪. જે મોક્ષભાગી જીવ નથી તેને તો 'આ તૂત ચાલ્યું છે' તેવું દેખાય-મનાય છે. કારણ કે, મનુષ્ય પોતે જેવો હોય તેવા જ તેને ભગવાન દેખાય છે. ૪૫.

माटे भगवान जे जे जेहा, चरित्र करत रहाये तेहा;
तेहि सब गोपियु की रीत जेहू, दिव्य देखत रहे जो तेहू...४६
पण कोउ रित्ये प्राक्रत जानी, अभाव लेवत नहीं कबु प्रानी;
एसी रीत की भक्ति जेहि जाही, अति दुर्लभ कहे रहे ताही...४७

માટે ભગવાન જે જે ચરિત્રો કરે તે બધાને ગોપીઓની જેમ દિવ્ય જ દેખે પણ કોઈ રીતે તેને માયિક જાણીને અભાવ-અવગુણ લે નહીં; આવી રીતની જે ભક્તિ હોય તે તો અતિશય દુર્લભ કહી છે. ૪૬-૪૭. એવી ભક્તિ એક કે બે જન્મનાં સત્કર્મે કરીને આવતી નથી, પણ જ્યારે અનેક

જન્મના શુભ સંસ્કારો ભેળા થાય છે ત્યારે તેને ગોપીઓના જેવી ભક્તિ ઉદય થાય છે. ૪૮-૪૯. આવી જે ભક્તિ છે તેને જ પરમપદ કહી છે. આવી રીતની જે ભક્તિ તે બીજા સર્વ ગુણોથી અધિક છે. માટે એને જ્ઞાન અને વૈરાગ્યથી અધિક કહી છે. આવી રીતની ભક્તિ જેનાં હૃદયમાં પ્રગટ થઈ હોય તેને ભગવાનને વિષે પ્રેમ થવામાં કાંઈ જ બાકી રહ્યું નથી." આવી રીતે શ્રીહરિએ આ વાત કહી. ૫૦-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું દસમું વચનામૃત પૂર્ણ થયું" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર બાવીશમું : તરંગ - ૧૮

ગઢડા મધ્ય પ્રકરણનું અગિયારમું વચનામૃત

શ્રાવણ વદિ પંચમીને દિવસ સમગ્ર સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ નીચે પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

❋ કર્મમાત્ર ભક્તિરૂપ કરવાના ઉપાયો :

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા જે, "જેટલા ગ્રંથ છે તેને સાંભળીને કેટલાક મનુષ્યો તો તે ગ્રંથને ધર્મ, અર્થ અને કામ પર સમજે છે. આવું સમજ્યા પછી તે લોકો ધર્મ, અર્થ અને કામ માટે જ યજ્ઞ, વ્રત વગેરે શુભ કર્મ તત્પર થઈને કરતા રહે છે. પછી તે કર્મના ફળરૂપે તેને દેવલોક, સત્યલોક અથવા મૃત્યુલોક મળે છે. તેને વિષે તે કર્મનું ફળ ભોગવીને પછી ફરી પાછા પડે છે અને છેવટે તેવા લોકો નરક-ચોરાશીમાં પણ જાય છે. ૮. માટે ધર્મ, અર્થ અને કામને વિશે પ્રીતિ રાખીને જે કોઈ સુકૃત કરે છે તે બધા સાત્ત્વિકી, રાજસી અને તામસી થાય છે. ૯. અને તે કર્મોનું સર્વ

ફળ સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળ- એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે. ૧૦. પણ ગુણાતીત એવું જે ભગવાનનું ધામ તેને તે પામતો નથી. અને જ્યાં સુધી જીવનો મોક્ષ થતો નથી ત્યાં સુધી તેને જન્મ-મરણ, નરક-યાતના તથા લખચોરાશીનું અપાર દુઃખ મટતું નથી તે વાત નક્કી છે. પરંતુ ધર્મ, અર્થ તથા કામ સંબંધી ફળની ઈચ્છાનો ત્યાગ કરીને જો તેના તે શુભ કર્મો ભગવાનની પ્રસન્નતા માટે જ કરે, તો એ જ શુભ કર્મ ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને માટે જ થાય છે. ૧૧-૧૪. ત્યાં શ્લોક છે જે,

आमयो येन भूतानां जायते यश्च सुव्रत !।
तदेव ह्यामयं द्रव्यं न पुनाति चिकित्सितम्।। *(ભા. ૧/૫/૩૩)*

તથા બીજો એવો શ્લોક છે,

एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः।
त एवात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे।। *(ભા. ૧/૫/૩૪)*

આ જે શ્લોક કહ્યા તેનો ભાવ તો જે પહેલા વાત કહી તે જ છે. માટે આ વાર્તા છે તે તો ઘણી અટપટી છે. તે જો પૂરી સમજવામાં ન આવે તો ભગવાનના ભક્તનો પણ અજ્ઞાની જીવના જેવો દેહનો વ્યવહાર જોઈને તે ભગવાનના ભક્તનો અવગુણ લે, અને તેથી તે અવગુણ લેનારો નિશ્ચિત નારકી થાય છે. તે ઉપર જય, વિજય અને ચિત્રકેતુની વાતને વિચારો. એવી તો કેટલીયે વાત છે જે કહી શકાય તેમ નથી. ૧૫-૧૯. ભગવાનના ભક્તની અને વિમુખ જીવની ક્રિયામાં અપરંપાર ફરક રહ્યો છે. ૨૦. કેમ જે, **વિમુખ જીવ જે જે ક્રિયા કરે છે તે પોતાના ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે. ૨૧. જ્યારે ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન અને ભગવાનના ભક્તની સેવાને માટે પરમ હેતથી કરે છે. ૨૨. ભક્તને તો ભગવાનને રાજી કરવામાં જ એક તાન રહે છે.**

વળી, ભક્તની સમજણમાં તો જેમાં તલભાર પણ દુઃખ નથી એવાં જે જે સુખ કહેવાય છે તે બધાં ભગવાનની પ્રસન્નતામાં જ રહ્યા છે. ૨૩. કાળ અને કર્મનું દુઃખ સહુથી અધિક કહેવાય છે. તે દુઃખ પ્રભુપ્રસન્નતામાં રહ્યું નથી. એવી સમજણને કારણે હરિભક્તની જે જે ક્રિયા છે તે બધી

ભક્તિરૂપ થાય છે. અને જે ભક્તિ છે તેને નૈષ્કર્મ્ય જ્ઞાનરૂપ-નિર્બંધક શુદ્ધ જ્ઞાનરૂપ કહી છે. ૨૪-૨૫. માટે હરિભક્તની જેટલી ક્રિયા છે તે બધી નૈષ્કર્મ્યરૂપ છે. ૨૬. ત્યાં ભગવદ્‌ગીતાનો શ્લોક છે,

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः।

स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत्।। *(ગીતાઃ૪/૧૮)*

તે શ્લોકનો એવો અર્થ છે કે, 'જે ભગવાનનો ભક્ત ભગવાનની પ્રસન્નતાને માટે જે જે કર્મ કરે છે, તે તે કર્મને વિષે અકર્મ જે જ્ઞાન તેને જે દેખે છે, અને જે વિમુખ જીવ હોય તે નિવૃત્તિ માર્ગને પકડી તેમાં અકર્મને જ દેખાતો હોય તોપણ તે કર્મમાં બૂડ્યો છે, એમ જે દેખે-સમજે છે તે ભક્ત સર્વ મનુષ્યોમાં અધિક બુદ્ધિમાન છે. ૨૭-૨૯. **માટે ભગવાનની આજ્ઞાએ કરીને, ભગવાનની પ્રસન્નતાને માટે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરતો હોય તેનો કોઈ પણ રીતે જે મનુષ્ય અવગુણ લે તો તેનાં હૃદયમાં કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે.** માટે તે બાબતનો વિચાર કરીને મોક્ષભાગી જે જીવ હોય તે ભગવાનના ભક્તના અવગુણ લેતા નથી. તેથી તેનાં હૃદયમાં કુટુંબે સહિત ધર્મ નિવાસ કરીને રહે છે. ૩૦-૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું અગિયારમું વચનામૃત કહ્યું" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર બાવીશમું : તરંગ - ૧૯

ગઢડા મધ્ય પ્રકરણનું બારમું વચનામૃત

શ્રાવણ વદિ છઠને દિવસ વિશ્વવંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારની ઓસરીએ વાસુદેવનારાયણના મંદિરની આગળ પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

※ પરમપદ પામવું હોય તો પુરુષાતન રાખવું :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે એક વાત કહીએ છીએ, તેને સહુ સાવધાન થઈને સાંભળો. ૫. આ જે વાત અમે કરીએ તેમાં જીવના કલ્યાણને માટેનું એક જ સાધન છે, તે કહીએ છીએ. તે એક સાધનમાં બધાં જ સાધન આવી જાય એવું તે કલ્યાણનું બળવાન સાધન છે. હવે તે સાધનને કહીએ છીએ. ૬-૭. દેહને વિશે જે જીવ રહ્યો છે તે એમ જાણે છે કે કામ, ક્રોધ ઈત્યાદિક કેટલીક ખરાબ પ્રકૃતિ છે તે મારા જીવની સાથે જડાઈને અખંડ રહી છે. આવી રીતે કામાદિક જે કોઈ પ્રકૃતિ જેને વિષે મુખ્ય હોય, તે પ્રકૃતિના યોગે કરીને તે જીવ પોતે પોતાને કામી, ક્રોધી, લોભી ઈત્યાદિક કુલક્ષણથી યુક્ત અને અજ્ઞાનમાં ખૂંતેલો માને છે પણ જીવને વિષે તે એક પણ કુલક્ષણ છે નહિ. ૮-૧૧. **તેમ છતાં તે જીવે પોતાની મૂર્ખાઈએ કરીને તે દોષોને પોતામાં માની લીધા છે. માટે જે જીવ પરમપદ પામવા ઈચ્છતો હોય તેણે પોતાને વિષે મરદ થઈને કાંઈક પુરુષાતન-શૂરવીરપણું રાખવું, પણ નાદાર-ફોશી થઈ જવું નહિ. ૧૨-૧૩.** મુમુક્ષુએ એમ વિચાર કરવો કે, 'જેમ આ દેહમાં ચાર અંતઃકરણ, દસ ઈન્દ્રિયો અને પાંચ પ્રાણ નિશ્ચિત રહ્યા છે, તેમ હું જીવાત્મા પણ આ દેહને વિષે સમર્થપણે રહ્યો છું અને સહુથી અધિક છું. ૧૪-૧૫.

અને તે ઈન્દ્રિયો-અંતઃકરણાદિકનો નિયંતા છું;' પણ એમ ન માનવું કે, 'હું તો અતિશય તુચ્છ છું અને ઈન્દ્રિયો-અંતઃકરણ તો ઘણા બળવાન છે.' જેમ કોઈક રાજા હોય, તે કાંઈ રાજનીતિને ભણેલો ન હોય, તેથી તે રાજાને બુદ્ધિહીન જોઈને તેના ઘરના મનુષ્યો પણ તેના એકેય વચનને માને નહિ. ૧૬-૧૮. પછી તે વાતની જ્યારે ગામના મનુષ્યોને જાણ થાય ત્યારે તે ગામના મનુષ્યો પણ તેના કોઈ હુકમને માને નહિ. ૧૯. પછી દેશના મનુષ્યો પણ તે વાત જ્યારે સાંભળે ત્યારે તેઓ પણ કોઈ રાજાના હુકમને માને નહિ. પછી એ રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને ઘરમાં બેસી રહે છે, પણ કોઈના ઉપર ક્યારેય જરાય હુકમ ચલાવી શકતો નથી. ૨૦-૨૧.

તેમ અહીં રાજાને ઠેકાણે જીવ છે અને ઘરના મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે, તેમજ ગામ અને દેશના મનુષ્યને ઠેકાણે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો છે. તે જીવ જ્યારે નાદાર થઈને વર્તે ત્યારે અંતઃકરણ ઉપર બળજબરીથી હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઈચ્છે છતાં અંતઃકરણ તેનું કહ્યું કરતું નથી. પછી જીવ ઈન્દ્રિયોને વશ કરવા માટે મનાવે પણ તે ઈન્દ્રિયો માનતા નથી. ૨૨-૨૫. પછી એ જીવ કાયાનગરનો રાજા હોવા છતાં રાંકની જેમ ઓશિયાળો થઈ નિર્બળ બનીને બેઠો રહે છે. પછી તેની ઈન્દ્રિયો-અંતઃકરણરૂપી જે પ્રજા તે રાજાના ઉપર હુકમ ચલાવે છે. ૨૬-૨૭. અને જ્યારે રાજા પોતે જ નાદાર થઈ જાય ત્યારે તેના નગરના બધા મનુષ્યો સાંઢ થઈ જાય છે. અર્થાત્ સામે થનારા ખૂંટિયા જેવા થઈ જાય છે. ૨૮.

પછી તે રાજાનું લેશમાત્ર પણ ચાલવા દેતા નથી. તેમ આ જીવના કાયાનગરને વિષે કામાદિક શત્રુઓ રાજા નથી, છતાં રાજા થઈને રહે છે અને એ જીવનું લેશમાત્ર પણ ચાલવા દેતા નથી. ૨૯-૩૦. **માટે જેને કલ્યાણ ઈચ્છવું હોય તેણે એવું કોઈ પ્રકારનું નાદારપણું રાખવું નહિ; પણ થોડુંક તો પુરુષાતન અવશ્ય રાખવું. ૩૧.** હવે પોતાના સર્વ ઈન્દ્રિયો-અંતઃકરણ જે રીતે પોતાના હુકમમાં વર્તે એવા શાસ્ત્રોમાં કહેલા તેના ઉપાયો શીખવા. કેમ જે, શીખ્યા વિના તે ઉપાય આવતા નથી. જેમ કોઈ કુશળ રાજા હોય તે રાજનીતિના ગ્રંથોને ભણીને પોતાના રાજ્યમાં પોતાનો હુકમ ચલાવે, પણ તે પ્રજાનો દબાવ્યો ક્યારેય દબાય નહિ. ૩૨-૩૪. અને જો રાજનીતિ ન જાણતો હોય તો પ્રજા તેનો હુકમ ન માને. પછી તે પ્રજાને મારવા માંડે તો તેનો દેશ વસ્તી રહીત વન જેવો થઈ જાય. ૩૫. અથવા તો પ્રજા હુકમ ન માને તેથી તેનું પોતે શૂળી જેવું દુઃખ માને. આ રીતે રાજનીતિને જાણ્યા વિના રાજાને બંને વાતે અતિ નુકશાન થાય છે. તે રીતે જ જીવ પણ રાજનીતિને જાણ્યા વિના કાયાનગરમાં હુકમ કરવા જાય, અને જો તેનો હુકમ ન ચાલે તો પછી રાત-દિવસ દુઃખી થતો રહે છે.” ૩૬-૩૮.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, “જે કલ્યાણને ઈચ્છે તેને રાજનીતિ કેમ ભણવી ?” ૩૯. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે,

"જે કલ્યાણને ઇચ્છતા હોય તેણે જે રીતે રાજનીતિ ભણવાની હોય છે, તે રીતને હું કહું છું. ૪૦. પહેલા તો ભગવાનનું યથાર્થ માહાત્મ્ય સમજવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરતા શીખવું. તથા ભગવાનની કથા વારંવાર સાંભળીને શ્રોત્ર ઇન્દ્રિયને વશ કરતા શીખવું. ૪૧-૪૨. પણ જે કાંઈ ગ્રામ્ય વાર્તા હોય તેને સાંભળવી નહિ. તે રીતે જ ત્વચા ઇન્દ્રિય ભગવાન અને ભગવાનના ભક્તનો જ યોગ્ય રીતે સ્પર્શ કરે, પણ તે સિવાયનાનો અયોગ્ય સ્પર્શ ન કરે. તેમજ નેત્ર ઇન્દ્રિય પરમેશ્વર અને પરમેશ્વરનાં દાસનાં જ દર્શન કરે. ૪૩-૪૪. અને રસના ઇન્દ્રિય અખંડ ભગવાનના ગુણોનું ગાન કરે અને ભગવાનનો જે પ્રસાદ હોય તેનો જ એક સ્વાદ લે. ૪૫. અને નાસિકા ઇન્દ્રિય ભગવાનના પ્રસાદીભૂત જે પુષ્પ, તેનો જ એક સુગંધ લે; આવો પરમ વિવેક શીખવો. ૪૬ પણ ઇન્દ્રિયોને કોઈ રીતે કુમાર્ગમાં નક્કી ચાલવા દે નહિ.

આ રીતે જ્યારે જીવ વર્તે ત્યારે દેહરૂપી નગરમાં તે જીવનો હુકમ કોઈ ફેરવે નહિ. આમ જે પુરુષપ્રયત્ને યુક્ત તત્પર થઈને વર્તે અને નાદારપણાનો સારી પેઠે જે ત્યાગ કરી દે એ જ મહાભાગ્યશાળી જીવ કલ્યાણને માર્ગે ચાલ્યો છે. અને એ જ સ્વભાવને જીત્યાનો અતિ મોટો ઉપાય છે. જો એ પુરુષપ્રયત્નરૂપ જે ઉપાય તેને કહ્યું તે રીતે સાવધાન થઈને કરે, તો જેટલાં કલ્યાણ માટેનાં સાધનો છે તે બધાં પુરુષપ્રયત્નરૂપી સાધનમાં આવી જાય છે. માટે આવો પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણ માટેનાં સર્વ સાધનોથી શ્રેષ્ઠ સાધન છે." ૪૭-૫૨. આટલી શ્રીહરિએ વાત કરી. તે વખતે ગઢપુરમાં જન્માષ્ટમીના ઉત્સવ ઉપર દેશદેશના હરિભક્તો આવતા રહેતા હતા. ૫૩. તે સહુ હરિભક્તો શ્રીહરિની મનોહર મૂર્તિને દેખીને ઘણા ઉત્સાહભર્યા પગે લાગતા હતા. ૫૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બારમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર બાવીશમું : તરંગ - ૨૦

ઉત્સવ સમૈયા ઉપર શ્રીહરિ પત્ર લખતા તેની વિગત કહી

જે જે ગામના હરિભક્તો આવતા રહેતા તે બધાને શ્રીહરિ જેમ યોગ્ય હોય તેમ બોલાવતા હતા. ૧. તેણે કરીને તે હરિભક્તો મનમાં રાજી રાજી થતા. તેમને ઘણી ખુમારી ચડી જતી, અને પોતાને બહુ જ કૃતાર્થ માનતા હતા. ૨. શ્રીહરિ પોતે હરિભક્તોને ઉતારા આપવાની પૂરી સંભાળ રાખતા હતા. ગમે તેટલી ભીડ હોય તોપણ ક્યારેય કોઈની સંભાળ લેવાનું ભૂલતા નહિ. ૩. ઉત્સવના દિવસો દરમ્યાન જ્યાં જ્યાં શ્રીહરિ સમૈયો કરતા ત્યારે જે દેશમાં હરિભક્તો રહેતા હોય ત્યાં પ્રથમ પત્ર લખતા હતા. ૪. સત્સંગના જે જે દેશ તથા ગામ છે ત્યાં કોઈ એક હરિભક્ત બાઈ-ભાઈ મુખ્ય રહેતા. તે બીજા લોકોને સત્સંગ કરાવતા હતા. ૫.

જેને સત્સંગ ઉપર રુચિ જ ન હોય તેઓ તો કુસંગી કહેવાય. તેવા લોકો ચાહે તેમ સત્સંગની વિરુદ્ધ ઉત્પાતભર્યું ઘણું ઘણું બોલતા. ૬ જેને પાપનો લગાર પણ ડર ન હોય એવા કુસંગીઓ અપાર પાપ કરતા રહે છે. વળી, તેવા પાપી લોકો જે પાપ કરતાં હોય તેને ધર્મના રૂપમાં માને છે. પણ એના જેવા તો બીજા કોઈ અંધ-અજ્ઞાની નથી. કેમ જે, જે લોકો પરમેશ્વર તથા શાસ્ત્રનો દિલમાં ડર રાખતા નથી તે તો અજ્ઞાનીઓમાં પણ અધિક અજ્ઞાની કહેવાય. ૭-૮. **કોઈ સ્ત્રી પોતાનો ઉદ્ધાર કરવા માટે કોઈને ગુરુ કરીને તેને શરણે જાય ત્યારે ઘણા ગુરુ પોતાનું માહાત્મ્ય ગાઈને શરણે થયેલી તે નારી સાથે વ્યભિચાર કરતા હોય છે. જે ગુરુઓ પોતામાં શ્રીકૃષ્ણનો આવેશ માનીને આવાં પાપ કરતાં હોય તેવા ગુરુ ખરેખર ગુરુ નથી પણ ગમાર છે. ૯-૧૦**

✵ જે સત્સંગના ગુણ ગાય તે સહેજે ધામમાં જાય :

જ્યાં દિવસ હોય ત્યાં રાત ન હોય અને જ્યાં રાત હોય ત્યાં દિવસ ન હોય, તેમ જ્યાં કામ હોય ત્યાં કૃષ્ણ ન હોય અને કૃષ્ણ હોય ત્યાં કામ ન હોય; એમ શાસ્ત્ર કહે છે. ૧૧. આવી મોક્ષના માર્ગની અનાદિની રીત છે, છતાં જે ગમાર ગુરુઓ તેમાં પણ દોષ દેખાડે છે તેવા કર્મચાંડાળ જેવા

બીજા કોઈ ચાંડાળ નથી. જે મનુષ્ય પોતામાં દોષ માને અને પોતાના મુખે સત્સંગના ગુણ ગાતો રહે પણ સત્સંગના ક્યારેય અવગુણ લે નહીં; તેને અંતર્યામી પરમેશ્વર સત્સંગમાં જન્મ આપે છે. ૧૨-૧૪.

सोरठा : बहुत गुन लेत जाही, आपमें दोष हि जितना;
त्याग करत रहे ताही, सत्संग हि करत रहेउ...१५
भगवानहु के तेही, एके एही देह कर;
धाम हि पावत एही, सत्संग के जो प्रताप कर...१६

જે સત્સંગનો ઘણો ગુણ લે અને પોતામાં જેટલાં દોષ હોય તેનો ત્યાગ કરતો રહે તથા સત્સંગ કરતો રહે તો, તે ભક્ત સત્સંગના પ્રતાપ વડે આ એક જ દેહે કરીને ભગવાનના ધામને પામે છે. ૧૫-૧૬. મોક્ષ બાબતે સત્સંગ અને ભગવાનની એક રીત છે. પરંતુ આ પ્રગટ ભગવાન છે તેના સંબંધમાં જે સુખ રહ્યું છે **તેવું પ્રભુ પ્રગટ ન હોય ત્યારે પ્રગટ જેવું સુખ આવતું નથી; એટલો સુખમાં ફરક રહે છે. પછી ભક્તો પ્રગટનાં ચરિત્ર સાંભળે છે.** ૧૭-૧૮. તે ચરિત્રોમાં જેટલું સુખ રહ્યું છે તે સુખને લેતા રહે છે. જેને જેટલો સત્સંગ પ્રધાન હોય તે હરિભક્ત તેટલો મુખ્ય છે. ૧૯.

ગામે ગામ જે હરિભક્તો હતા તેનાં નામ શ્રીહરિ સમૈયામાં આવવા માટે પત્રમાં લખતા. તેથી ત્યાં ત્યાં જે મુખ્ય હરિભક્તો હતા તેઓ બીજા હરિભક્તોનો સંઘ લઈને આવતા હતા. તે મુખ્ય હરિભક્તો ગામમાં સત્સંગ કરાવતા રહેતા. કારણ કે, તેમને સત્સંગની વાતો કરતા આવડતું અને સત્સંગ અને કુસંગનું રૂપ જેવું છે તેવું અલગ અલગ દેખાડી દેતા આવડતું હતું. ૨૦-૨૧. તેમને વાત કરવામાં વિવેક રહેતો હતો તેથી અનેક નવા હરિભક્તો થતા હતા. જેટલો વિવેક હોય તેટલી જ વાત ખરી કહેવાય. વિવેક વગરની જે વાત તે વાતો તો ઉત્પાતરૂપ છે. તેનાથી તો થયેલા હરિભક્તો પણ ઘટી જતા. પછી તે ગામમાં જ્યારે વિવેકી સંતોનાં મંડળ આવે ત્યારે તેઓ હરિભક્તોને પરસ્પર એક કરતા રહેતા. ૨૨-૨૩.

જે કુસંગી ભેખધારીઓ અને વિપ્રો હતા તે બધા ગૃહસ્થને ઘેર આવીને બાઈઓને એવી રીતે બોધ આપતા હતા કે તે બાઈઓને ઘણો

પ્રેમરૂપ લાગતો. ૨૪. તેઓ ભવિષ્ય ભાખતા રહેતા. પણ ખરેખર તો તેમને સત્સંગની જે રીતે લોકોને અરુચિ થાય તેનું જ તાન હતું. ૨૫. શરીરમાં જે રોગ આવે તેને કોઈ પહેલા દેખતું નથી, પરંતુ તે રોગ જ્યારે બહાર આવે ત્યારે દેખાય છે. ૨૬. શરીરમાં જે રોગ આવી જાય તે પછી તરત મટતો નથી પણ જો કોઈ પાકો ઇલમી-રોગ પારખું વૈદ્ય મળે તો તે રોગ ધીરે ધીરે મટી જાય. તેમાં પણ જો રોગી કોઈ કુપથ્ય(પરેજી વિરુદ્ધ આહાર) ન કરે તો તે વૈદ્ય-ચિકિત્સકની કમાલ-ઉપાય ચાલે છે. જો રોગી કુપથ્ય કરતો રહે તો વૈદ્યના ઉપાયનું કાંઈ જોર ચાલતું નથી. ૨૭-૨૮.

✵ જેને સંતસેવામાં જેટલી શ્રદ્ધા તેટલો તેનો મોક્ષ :

चोपाई :

श्री हरि के बचन रहे तामें, मोक्ष मानत जिहाँ लग यामें;
तिहाँ लग तेही साध्य रहे बाता, हरिजन तिहाँ लग कहाता...२९
संत की सेवा करने तिनमें, जिहाँ लग श्रद्धा रहत इनमें;
तिहाँ लग ताके मोक्ष रहाते, श्रद्धा में मोक्ष रहे देखाते...३०
सत्संग सबंधी श्रद्धा जेती, मोक्ष के उपजोग आवत तेती;
सत्संग बिन श्रद्धा जितनी, मोक्ष के अर्थ न आवत तितनी...३१

શ્રીહરિના વચનમાં જ્યાં સુધી મોક્ષ મનાય ત્યાં સુધી તેનો રોગ સાધ્ય-ટાળી શકાય તેવું ગણાય. અને વચનને માને ત્યાં સુધી જ તે હરિભક્ત કહેવાય. ૨૯. સંતોની સેવા કરવામાં જ્યાં સુધી શ્રદ્ધા રહે ત્યાં સુધી તેનો મોક્ષ થઈ શકે છે. કારણ કે શ્રદ્ધામાં મોક્ષ રહેલો દેખાઈ આવે છે. ૩૦. સત્સંગ સંબંધી જેટલી શ્રદ્ધા હોય તે બધી મોક્ષના ઉપયોગમાં આવે છે. સત્સંગ સિવાયની જેટલી કાંઈ શ્રદ્ધા છે તે મોક્ષના ઉપયોગમાં આવતી નથી. ૩૧. આવી તો અપાર વાતો છે. જેમાંથી લગારેક અહીં સૂચવી છે. આ લગાર જેટલી વાતોમાં પણ વાતોના બ્રહ્માંડો ભર્યાં છે. ૩૨. વાત કરવાનો વિવેક જાણતા હોય તેવા લોકો અનેક હોતા નથી. સોનું, હિરા અને મોતીની જેમ તે વિવેકી વક્તા પણ કોઈક ઠેકાણે જ હોય છે. ૩૩.

❋ સત્સંગનો યોગ એટલે ચિંતામણિની પ્રાપ્તિ :

સત્સંગ માનસરોવર છે અને તેમાં હરિભક્તોરૂપી મોતી ઉપજે છે. સત્સંગની વાતે કરીને સોનાં અને હિરા જેવા હરિભક્તો અપાર થતા રહે છે. સત્સંગ વિના તેવા થવાનો નિર્ધાર નથી. જે સત્સંગને ઉપર કહ્યા પ્રમાણે (હરિભક્તોની ખાણરૂપ) દેખે છે, તે સત્સંગ જેવી બીજી કોઈ બાબતને દેખતા નથી. ૩૫. પછી તેની સત્સંગમાં દિનપ્રતિદિન અધિક વૃદ્ધિ થાય છે. જેને જ્યાં સુધી સત્સંગમાં ભાવ રહે છે ત્યાં સુધી તેમાં અમૂલ્ય સદ્‌ગુણો રહે છે. ૩૬. સત્સંગ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. તેથી સત્સંગને જેવો જાણે છે તેવું તે ફળ પામે છે. જે ભક્તો સંસાર કરતાં સત્સંગને જ મુખ્ય રાખતા હતા, તેવાં ભક્તોનાં નામ શ્રીહરિ સમૈયા નિમિત્તે લખેલા પત્રમાં લખતા હતા. ૩૭-૩૮. એવાં બાઈ-ભાઈ હરિભક્તો સમૈયામાં આવતાં હતાં, તેને લીધે જ સમૈયો અતિશય શોભતો હતો. સત્સંગ વિના બ્રહ્માંડમાં ક્યાંય પણ કોઈ હરિભક્ત શોભા દેખતા નહિ, તેઓને સત્સંગ એવો ઉત્તમ દેખાતો હતો. ૩૯-૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ઉત્સવ સમૈયા ઉપર શ્રીહરિ પત્ર લખતા તેની વિગત કહી" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર બાવીશમું : તરંગ - ૨૧

શુભ મતિની સમજણ અને સત્સંગનો મહિમા

જન્માષ્ટમીને દિવસ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં બિરાજતા હતા. પછી લીંબડાના વૃક્ષની ફરતો જે ચોતરો છે તેના ઉપર રહેલા પલંગ પર શ્રીહરિ સવારના પહોરમાં આવીને પૂર્વમુખે બેઠા. તે સમયે સહુ સંતો અને હરિભક્તો સભામાં આવીને બેઠા. ૧-૩. જેટલી જાતનાં વાજિંત્રો હતાં, તે બધાં વાજિંત્રો તે સમયે વાગતાં હતાં. તે સંતો મળીને શ્રીહરિનું ગુણગાન કરતા હતા. ૪.

✵ કરે કીર્તન-ભક્તિનું ગાન, તો મળે મહારસ પાન :

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી આદિક જે સંતો કીર્તનગાનમાં કુશળ હતા તે શ્રીહરિની આગળ ગાન કરતા હતા. ત્યારે શ્રીહરિ પણ સંતોની ભેળા ગાતા હતા, તેને લીધે તે કીર્તનગાનમાં ખૂબ જ રસ જામતો હતો. ૫-૬. આ બ્રહ્માંડમાં જે કાંઈ પણ રસ-આનંદ રહ્યા છે તે બધા આ કીર્તનગાનના રસને દેખીને અતિશય ફિક્કા લાગતા હતા; એવો આ કીર્તનગાનનો રસ હતો. ૭. આવો રસ જે હરિભક્તોએ જોયો-જાણ્યો હતો, તે બધા જીવ્યા ત્યાં સુધી તે રસનું પાન કરતા રહેતા. કારણ કે, તેમણે બીજા બધા રસને મળ જેવા જાણ્યા હતા. ૮.

चोपाई :

हरि सबंधी रस रहे जेते, जेते नाम धरावत तेते;
एक एक से अधिक रहेऊ, एक रस में ब्रह्मांड के तेऊ...०९
सुख जो जो कहावत जितना, गिनत पार न लहत हे तितना;
हरि के एक सबंध सुख मांही, ब्रह्मांड के सुख जेते कहाही...१०
अनंतकोटि ब्रह्मांड रहावा, ताके जितने सुख कहावा;
सो सब सुख जनावत एसा, जेसे हि उलक करेउ तेसा...११

વિવિધ નામ ધરાવતા ભગવાન સંબંધી જે જે રસ છે તે રસ એક એકથી અધિક છે. વળી, ભગવાન સંબંધી તે કોઈ એક રસમાં સંપૂર્ણ બ્રહ્માંડનાં જે જે સુખો કહેવાય છે કે, જેનો ગણતા પણ પાર આવતો નથી તે બધા આવી જાય છે. ૯-૧૦ અરે ! અનંત કોટિ બ્રહ્માંડનાં જેટલાં સુખ કહેવાય છે, તે બધાં સુખો શ્રીહરિ સંબંધી સુખની આગળ ઊલટી કરેલાં અન્ન જેવાં જણાય છે. ૧૧. ઊલટીના અન્નમાં અને મળમાં કૂતરાં સિવાય બીજો કોઈ સ્વાદ માને નહીં. જે ક્યારેય શ્રીહરિને સંભારતા નથી તે એવા સ્વાદમાં લોભાઈ રહે છે. અથવા જે એવા તુચ્છ સ્વાદમાં લોભાઈ રહે છે તેને શ્રીહરિ ક્યારેય સંભારતા નથી. ૧૨.

જીવ કદાચ મનુષ્ય, રાજા કે દેવ થયો હોય તોપણ શું ? કેમ જે, જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી એ બધું કુસંગ જ કહેવાય છે. ૧૩.

જે હરિભક્ત છે તે એમ સમજે છે કે, 'એક ભગવાન સિવાયની બીજી જે કોઈ ઇચ્છા જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે કુસંગ જ છે.' ૧૪. આવી સમજણવાળા જે સંતો તથા હરિભક્તો છે તે અક્ષરધામના મુક્ત છે. તે તેમનું વર્તન જ દેખાડે છે. વર્તન સિવાય તે દેખાતું નથી. ૧૫. જે જેટલાં સમર્થ હોય તે તેનાં વર્તન અને વાત ઉપરથી શુભ મતિવાળાને સ્પષ્ટ રીતે ઓળખાય જાય છે. ૧૬. શુભ મતિ વિના સંતો અને હરિભક્તો જેવા હોય તેવા કાયમ ભેળા રહેવા છતાં ઓળખી શકાતા નથી. તો પછી દૂર રહેતા હોય એવા બીજાની તો વાત જ શું કહેવી ? ૧૭.

સત્સંગની જે કાંઈ રહસ્યમય વાત છે તે શુભ મતિ વિના સમજાતી નથી. કદાચ કોઈ વેદ અને પુરાણને ભણ્યો હોય, પણ જો તેમાં શુભ મતિ ન હોય તો તેને સત્સંગની જેવી વાત છે તેવી તેને ક્યારેય જણાતી નથી. શુભ મતિ એટલે શું ? તો, જે વાત જેવી હોય તેને તેવી યથાર્થરૂપમાં જાણવી તેનું જ નામ શુભ મતિ કહેવાય છે. એવી શુભ મતિવાળા માટે સત્સંગ છે. શુભ મતિવાળા ઠેકઠેકાણે હોતા નથી. આખા ગામમાં કોઈક જ એવી શુભ મતિવાળા દેખ્યામાં આવે છે. ૧૮-૨૦. કોઈક ગામમાં તો એવી શુભ મતિવાળો અને હરિભક્ત હોય તેવો એક પણ જીવ દેખાતો નથી. જ્યારે શુભ મતિ વિનાના જીવો તો અપાર હોય છે, તેને સત્સંગ પર લગાર પણ ભાવ હોતો નથી. ૨૧.

એવા કુબુદ્ધિવાળા લોકો બ્રહ્માંડમાં વારંવાર ભટકતા રહે છે. જેટલાં શુભ મતિવાળા જીવો સત્સંગ કરે છે તે શુભ મતિરૂપી ઉપાયથી સહેજે જ ભગવાનના ધામને ઉમંગથી પામે છે. જેને જન્મમરણ, લખચોરાશી અને જમપુરીનો ડર લાગતો હોય તેની સામે ભગવાન જુએ છે. જ્યારે ભગવાન કૃપાદૃષ્ટિ કરે છે ત્યારે તેની મતિ શુભ થઈ જાય છે. ૨૨-૨૪. જ્યારે શુભ મતિ થાય છે ત્યારે તેને સત્ય અને અસત્યનો વિવેક પ્રાપ્ત થાય છે. પછી સત્સંગ કરવાથી તેનો મોક્ષ થાય છે. પણ શુભ મતિ પ્રાપ્ત થયા સિવાય મોક્ષ થતો નથી. ભલે તે બીજાં કરોડો સાધન કરે તોપણ તેનો જન્મ વ્યર્થ જાય છે. ૨૫-૨૬. શુભ મતિની આવી મહત્તા છે, એમ સમજીને જેટલા હરિભક્ત છે તેઓ સત્સંગ કરતા રહે છે. ૨૭. વળી, સત્સંગ થયો હોવા છતાં પણ

જે રીતે સત્સંગની વૃદ્ધિ થતી રહે તેવો અભ્યાસ તે રાખતા રહે છે. કારણ કે, જો અભ્યાસ ન રાખે તો આ થયેલો સત્સંગ પણ ઘટી જાય છે. ૨૮.

❋ માનની ભયંકરતા :

જે અભ્યાસ નથી રાખતા તેવા કેટલાક સત્સંગ કરતા હોવા છતાં પણ ઘટી જાય છે. **અરે ! આશ્ચર્યની વાત છે કે, કેટલાક તો સત્સંગની સર્વોપરિ વાતને શીખીને તેનો અભ્યાસ કરતાં કરતાં પણ ઘટી જાય છે !! ૨૯. કારણ કે, તેને તે વાતનું માન આવ્યું હોય છે. જેટલું માન આવે છે તેટલો સત્સંગ ઘટી જાય છે. સત્સંગના અનંત ગુણો છે, છતાં જે જે ગુણનું માન આવે તે માન બીજા હરિભક્તને તુચ્છ દેખાડે છે.** હરિભક્તો મોક્ષનું દ્વાર છે, તેથી જ્યારે હરિભક્ત તુચ્છ દેખાય ત્યારે તેનું મોક્ષનું દ્વાર બંધ થઈ જાય છે. ૩૦-૩૧. જે હરિભક્ત નીચ માણસના સંગે પોતાનો મોક્ષ માને છે અને એવાનો સંગ કરતો રહે છે તે મોક્ષના માર્ગેથી પડી રહ્યો છે. ૩૨.

❋ ભગવદ્‌મહિમા તથા દાસત્વની આવશ્યકતા :

मोक्ष मग से तेहि पड गयेऊ, मान जितना आवत भयेऊ;
सत्संग की समझ रहे जेती, मान रहित रहाये तेती...३३
मान रहित रहे वर्तन जिनके, सत्संग यह करीके तिनके;
मोक्ष रहत हे ताकी पासा, हरिजन कु दुबवत पावत त्रासा...३४
हरि सम समर्थ नहि हे कोऊ, मोक्ष ताके दाता रहे सोऊ;
धारत आप हि होवत तेसे, काल माया कर्म के लेशे...३५
पाप ताके चलत नहि जोरा, थर थर ध्रुजत तेही यह ठोरा;
मनुष्य तन धारत यह जबही, अपार जन उधारने तबही...३६

જેટલું માન આવે છે તેટલો તે મોક્ષને માર્ગેથી પડી ગયો છે. સત્સંગની જેટલી સમજણ છે તે બધી માન રહિત જ છે. ૩૩. આવો સત્સંગ કરીને જે ભક્તનું વર્તન માન રહિત હોય અને ભગવાનના ભક્તને દુભવતા ત્રાસ પામતો હોય તેની પાસે જ મોક્ષ રહે છે. ૩૪. શ્રીહરિ સમાન કોઈ સમર્થ નથી. તે તો મોક્ષના દાતા છે. તેઓ પોતે જેવું ધારે છે તેવું જ થાય છે.

ભગવાનની આગળ કાળ, માયા અને પાપમય કર્મનું લેશમાત્ર જોર ચાલતું નથી. તે બધા તો ભગવાનની પાસે થર થર ધ્રૂજતા રહે છે. તેમ છતાં જ્યારે તે ભગવાન અનેક લોકોનો ઉદ્ધાર કરવા મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે

ભગવદ્‌ભક્તને દુભવતા મનમાં ત્રાસ પામે છે; આવી રીતે હરિ પોતે વર્તે છે. પોતે અવિનાશી ભગવાન હોવા છતાં ભક્તોની આગળ અતિ દાસ થઈને વર્ત્યા છે. વ્રજની ગોપીઓ અને ગોવાળો જેમ કહેતાં હતાં તેમ સ્વયં કરતા હતા. ૩૫-૩૮. પાંડવોના યજ્ઞમાં ભગવાને ઋષિઓનાં ચરણ ધોયાં હતાં. તેમજ અર્જુનના સારથિ થયા હતા. ૩૯. પોતે સંસારના ભયને હરનારા હોવા છતાં ઉજ્જૈનમાં જ્યારે વિદ્યા ભણવા આવ્યા ત્યારે જેમ ગુરુ કહેતા તેમ જ કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શુભ મતિની સમજણ અને સત્સંગનો મહિમા કહ્યો" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર બાવીશમું : તરંગ - ૨૨

ભગવાનની સાથે જોડવાથી દોષો પણ ગુણરૂપ થાય છે

❋ મુખ્ય હરિભક્તનાં લક્ષણો :

જે હરિભક્તો સમજતા હતા તે આવી રીતે વાત કહેતા. જે નિષ્કપટ થઈને રહે તે હરિભક્ત મુખ્ય છે. ૧. હરિભક્તોના દાસના પણ દાસ થઈ જેનું નિષ્કપટતાભર્યું વર્તન હોય તે હરિભક્તોમાં મુખ્ય છે. ૨. **સત્સંગના જેટલા ગુણો છે તે બધા જે એક હરિભક્તમાં વર્તતા હોય એ હરિભક્ત મુખ્ય છે. ૩. જે હરિભક્ત જ્યાં સુધી નિર્માનીપણે વર્તતો રહે છે ત્યાં સુધી તેમાં દિવસે દિવસે અસંખ્ય ગુણ આવતા રહે છે. ૪.**

चोपाई :

गुन के जिमि जिमि आवत माना, तिमि तिमि बडता मानत रहाना;
बडता मानत आपमें जबहू, सत्संग के गुण जितना तबहू...०५

एक एक गुन तब चलत रहाते, गुन में मान तेही दोष देखाते;
मान रहेउ अधर्म के ताही, शुभ गुन रहेउ धर्म के वाही...०६

ગુણનું જેમ જેમ માન આવતું જાય છે તેમ તેમ તે માની પોતામાં મોટાઈ માનતો રહે છે. જ્યારે પોતે પોતામાં મોટાઈ માનવા લાગે છે ત્યારે જેટલાં સત્સંગના ગુણો હોય તે બધા એક પછી એક ચાલતા થાય છે. કેમ જે, તેનામાં આવેલું માન ગુણોમાં દોષ દેખાડે છે. કારણ કે, માન અધર્મનો અંશ છે અને શુભ ગુણ છે તે ધર્મનો અંશ છે. ૫-૬.

જ્યાં અધર્મવંશનો એક પણ દોષ આવીને નિવાસ કરીને રહે છે ત્યાં ધર્મવંશને રહેવા દેતો નથી. કારણ કે, અધર્મવંશનો સ્વભાવ જ એવો છે. ૭. જ્યારે માનને લીધે હરિભક્તોના જીવ પરસ્પર જેટલા જુદા પડી જાય છે ત્યારે પ્રેમનો નાશ થવાથી એકબીજાનો વિશ્વાસ કરતા નથી. ૮. પછી હરિભક્ત થઈને પણ મનમાં એકબીજાનું બૂરું ચાહવા લાગે છે; એ અધર્મવંશનો પ્રતાપ છે. ભગવાનના ભક્ત તો અમાપ હોય છે-કળી ન શકાય એવા મહાન હોય છે, એવું જ્યાં સુધી સમજતો રહે ત્યાં સુધી તે પોતે હરિભક્ત રહે છે. પોતાના માનરૂપ અધર્મવંશનો જ્યાં સુધી દોષ લેતો રહે છે ત્યાં સુધી તેનો આ સત્સંગ દૃઢપણે રહે છે. જ્યારે હરિભક્તો આ અધર્મના વંશને ઓળખતા નથી ત્યારે તે હરિભક્તો પરસ્પર એકબીજાનો અવગુણ લે છે અને એકબીજાની સાથે બોલતા પણ નથી. પછી જ્યારે તેમને સંતો મળે ત્યારે જેમાં જે દોષ-ભૂલ હોય તે તેને દેખાડી-સમજાવી દે છે. ૯-૧૨.

જ્યારે હરિભક્તો સંતનાં વચનમાં વિશ્વાસ રાખીને પોતાના દોષને દોષરૂપે દેખે છે ત્યારે એકબીજામાં થયેલો જે કુસંપ તેનો નાશ થાય છે. ૧૩. પણ જેને સંતની વાત જ્યારે ગમતી-મનાતી નથી ત્યારે તેનો દોષરૂપ રોગ અસાધ્ય થયો ગણાય; પછી તેને કુસંગ રુચે છે. ૧૪. **છતાં સંતો તો તેના અગાઉના સદ્ભાવને દેખીને તેને પ્રેમ આપે છે. કારણ કે, સંતો સરલ ચિત્તના હોય છે અને માતા કરતાં પણ હરિભક્તનું અધિક હિત કરે છે. ૧૫.** સંતો સરલ ચિત્તના છે તેથી પોતાની સાથે વિમુખપણે વર્તનારાની ઉપર

પણ અતિશય સદ્ભાવ રાખે છે. કેમ જે, (સંત એવું સમજે છે કે) છેવટે જે ભાવ હોય તે ફળીભૂત થાય છે. ૧૬. એક પણ જીવને ભગવાન તરફ ચલાવવામાં આવે તેનું એક બ્રહ્માંડનું કલ્યાણ કરવા જેટલું ફળ થાય છે. ૧૭.

એક જીવને પ્રભુ સુધી પહોંચાડવાનું આટલું ફળ થાય છે, તેવું સંતો નક્કી માને છે, પણ જ્યારે જીવને આ બાબતનું જ્ઞાન રહેતું નથી ત્યારે તે આ વાતને કથનમાત્ર-કહેવા પૂરતી સમજે છે. તેથી તે સત્સંગથી વિમુખ થઈ જાય છે. સંતોને જીવના કલ્યાણનું જ્ઞાન હોય છે તેથી તે સામાન્ય જીવને પણ માન આપે છે. ૧૮-૧૯. માન કોઈ એક ચોક્કસ પ્રકારનું જ નથી હોતું. જે માનમાં ફળમાત્ર રહ્યા છે એ માન બીજી જ પ્રકારનું છે. ૨૦. તે જ રીતે કામ, ક્રોધ અને લોભ- એ ત્રણ દોષ પણ એક રીતના જ નથી હોતા. કેમ જે, તેની એક રીત (માયા સાથે જોડેલા કામાદિકનો પ્રકાર) નરકનું દ્વાર બને છે અને એક રીત (ભગવાન સાથે જોડેલા કામાદિકનો પ્રકાર) જીવનો ઉદ્ધાર કરનાર છે. ૨૧.

જેમ કે, ભગવાનને પ્રસન્ન કરવા માટેના જે કાંઈ કામ, ક્રોધ અને લોભાદિક છે તે ઉદ્ધાર કરનારા છે. એ કામ એટલે શું ? તો, ભગવાનને પ્રસન્ન કરવા માટે જે મનોરથ કરવા તેને અહીં (ઉદ્ધાર કરનાર) કામ જાણવો. પણ વિષય વાસનારૂપ જે મલિન કામ છે તેનું તો અહીં નામ પણ લેવું નહીં. તે રીતે જ ભગવાન માટે જે કાંઈ બાબત કરતા હોઈએ તેમાં કોઈ વિઘ્ન કરે ત્યારે તે માટે જો ક્રોધ થાય તો તે ક્રોધ તો મોક્ષકારી છે. તેમ જ ભગવાનની સેવા કરવા માટે જેટલો લોભ કરવામાં આવે તો તે લોભ તો અલોભ(નિર્લોભ) છે. એમ જ ભગવાન સંબંધી જે કામ તે નિષ્કામ છે. ભગવાન સંબંધી જે ક્રોધ તે અક્રોધ છે. જો એ આ રીતે ભગવાનને પ્રસન્ન કરવાના ઠેકાણા હોય તો. ૨૨-૨૫. તે રીતે જ કેટલીક વિપરીત બાબતો હોય તે પણ ભગવાનના સંબંધને લીધે નિર્ગુણ થઈ જાય છે. તે રહસ્યને બુદ્ધિથી આંધળો-અજ્ઞાની માણસ જાણતો નથી. ૨૬. જે હરિભક્તો છે તેમાં જેને જેવી બુદ્ધિ હોય તેવી બાબત (તેવાં સાધન) તે કરતા રહે છે. સર્વનો સિદ્ધાંત તો એક ભગવાનને રાજી કરવા તે જ છે. ૨૭.

જેમ કે, નટ અથવા નાચનારને જેવી રમત આવડે તેવી રમત તે કરતા રહે છે, પણ તાન તો લોકોને રીઝવવાનું જ હોય છે. ૨૮. લોકો જ્યારે રાજી થાય ત્યારે તેની ઇચ્છા પૂરી કરે છે. તેમ હરિભક્તને તો એક ભગવાનને જ રાજી કરવાનું તાન રહે છે. ૨૯. ભગવદ્ભક્ત વિવિધ પ્રકારની બાબતોએ કરીને ભગવાનને પ્રસન્ન કરતો રહે છે. જ્યારે ભગવાન પ્રસન્ન થાય ત્યારે તે ભક્તએ જેવું ધાર્યું હોય તેવું ફળ તેને ભગવાન આપે છે. ૩૦. ભગવાન તો અંતર્યામી છે, તેથી ભક્તના જેવા મનોરથ હોય તેને ઘણું હેત લાવીને પૂરા કરે છે. શ્રીહરિ સમાન બીજા કોઈ જીવનું હિત કરનાર દેખાતા નથી. ૩૧.

❋ અક્ષરાધિપતિનું બધું અક્ષરરૂપ છે :

भगवान के धाम अक्षर रहेऊ, भगवान अक्षर रहे तेऊ;
अक्षर ताके सुख ही रहाता, अक्षर भक्तजन होई जाता...३२
अक्षर में नाम धरावत जितना, अक्षर सबकर रहाये तितना;
इहाँ हरिजन जो जो बाता, श्रीहरि के हित करत रहाता...३३
यह सब हि अक्षर जो रहाते, यत्किंचित् हि जेते कराते;
हरि की एसी रहे बात अपारा, सबके कुन करे निरधारा...३४

ભગવાનનું ધામ અક્ષર છે, ભગવાન પોતે પણ અક્ષર(અવિકારી) છે, તેમનું સુખ પણ અક્ષર(અવિનાશી) છે. અને ભગવાનની કૃપાથી ભક્તજન પણ અક્ષરરૂપ થઈ જાય છે. ૩૨. અક્ષરધામમાં નામધારી જે કાંઈ છે તે બધું અક્ષરરૂપ જ છે. આ લોકમાં પણ હરિભક્તો જે જે બાબત શ્રીહરિને માટે જ કરતા હોય તે બધું અક્ષરરૂપ જ છે. અર્થાત્ પ્રભુપ્રસન્નતા માટે યત્કિંચિત્-જે કાંઈ કરવામાં આવે તે બધું અક્ષરરૂપ છે. આવી તો શ્રીહરિની અપાર વાતો છે, તે બધી બાબતોનો નિર્ધાર કોણ કરી શકે ? ૩૩-૩૪.

પોતાની બુદ્ધિના માપમાં જેટલું આવે એટલું બધા કવિઓ બોલે કે લખે છે. તે કવિઓ ભગવાન અને ભગવાનના ભક્તની વાતને જેવી જાણતા હોય તેવી તે કરતા રહે છે. ૩૫. ભગવાન સંબંધી વાતોએ કરીને તે સહજ સ્વભાવે સંસારરૂપી સાગરને તરી જાય છે. ભગવાનની વાત

સિવાય આ ભવસાગરને તરવાનો બીજો કોઈ ઉપાય નથી. ૩૬. **તેટલા માટે જ ભગવાનની વાતોથી સભર એવા આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં શ્રીહરિના સંબંધ વિનાનો એક પણ અક્ષર મૂક્યો-લખ્યો નથી. ૩૭. શ્રીહરિના સંબંધ સિવાયની જેટલી વાત કરવામાં આવે તેટલું તે ઝેર પીવે છે; પણ યથાર્થ જ્ઞાન સિવાય આ બાબત સમજાતી નથી. ૩૮.**

બુદ્ધિશાળી માણસ યોગ્ય પ્રસંગે કરીને અપાર બુદ્ધિ-સમજણ પામે છે; પણ યોગ્ય પ્રસંગ આવ્યા વિના બુદ્ધિશાળી પણ કોઈ બાબતને લગાર પણ પામી શકતા નથી. ૩૯. આવી જે જે વાત કરવામાં આવે છે તે વાતમાં આશ્ચર્ય રહ્યું હોય છે, પણ તે બુદ્ધિ વિના કળી શકાતું નથી. જે બુદ્ધિમાન હોય તે જ તેને સમજી શકે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ભગવાનની સાથે જોડવાથી દોષો પણ ગુણરૂપ થઈ જાય છે " એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર બાવીશમું : તરંગ - ૨૩

માયિક અને અમાયિક સાધુના ગુણ-દોષ કહ્યા છે

જેને જે જે બુદ્ધિ જે રીતે પ્રાપ્ત થઈ છે, તે બુદ્ધિ કોણે આપી છે ? તે વાત હવે ફરી હેતથી કહે છે. ૧. જેણે આ જીવને મનુષ્યદેહ આપ્યો છે, તેણે જ બુદ્ધિ આપી છે. તથા વિચિત્ર પ્રકારનું આ બ્રહ્માંડ પણ તેણે જ રચ્યું છે, પણ એવા તે ભગવાનને જીવ ઓળખતો નથી. ૨. જ્યાં સુધી જીવ શ્રીહરિને ઓળખતો નથી ત્યાં સુધી જેવડી આ પૃથ્વી છે, તે બધી ભૂમિનું રાજ્ય કરે તેવી બુદ્ધિ કદાચ તે પામ્યો હોય. તથા તે સિવાયની પણ બીજી જે કાંઈ અપાર બુદ્ધિને પામ્યો હોય. અને મનમાં જેવું ધારે તેવું બધું કામ કરી શકતો હોય, તોપણ જ્યાં સુધી તેમાં ભગવાનને ભજવાની બુદ્ધિ આવતી નથી ત્યાં સુધી તે જીવ સંસારમાં ભટકતો જ રહે છે. અને

કહી ન શકાય તેટલાં દુઃખને પામતો રહે છે. ૩-૫. આ જીવ સંસારના મિથ્યા સુખને પામવા માટે અપાર ઉદ્યમ-પરિશ્રમ કરે છે, પરંતુ સાચા સુખને પામવા માટે તે ક્યારેય લગાર પણ ઉદ્યમ કરતો નથી. ૬. જ્યાં સુધી જીવને મોક્ષનો ખપ ઉદય થયો નથી ત્યાં સુધી તેને કશી જ બુદ્ધિ મળી નથી. વેદ અને પુરાણ તો એમ કહે છે કે, મોક્ષનો ખપ નથી ત્યાં સુધી તે પશુબુદ્ધિ જ કહેવાય છે. ૭.

❋ ભોગ તજી ભગવાન ભજવા એ જ મનુષ્યદેહનું ફળ છે :

મનુષ્ય મરી જાય ત્યાં સુધી આવી મોક્ષ સંબંધી વાતને ક્યારેય કાને ધરતો નથી. આ મનુષ્યનો દેહ તો ચિંતામણિ જેવો છે. વારે વારે આવો મનુષ્યદેહ મળતો નથી. ૮. **મનુષ્યદેહને પામીને જે કોઈ જેટલાં ભગવાનને ભજે છે તેને જ તેટલું મનુષ્યદેહનું ખરું ફળ પ્રાપ્ત થયું છે. ૯. મનુષ્યદેહ પામીને જીવ ભગવાનનું ભજન કરતો નથી અને બીજી અપાર બાબતો કરે છે, પણ જ્યારે આ મનુષ્યદેહ છૂટી જાય ત્યારે તે બીજી બાબતો કોઈ જ કામમાં આવતી નથી. ૧૦. ભગવાનને ભજવા માટે મનુષ્યશરીરમાં જે જે બાબત જરૂરી હોય તે બધી બાબતો ભગવાને આપી છે, છતાં તે જીવ ભગવાનનો દોષ લે છે. ૧૧.**

તે પાપને લીધે જીવ નરકમાં જાય છે અને ત્યાં અવર્ણનીય દુઃખને પામે છે. તે દુઃખ પામ્યા પછી જીવ ઘણો પશ્ચાત્તાપ કરે છે, પણ એકવાર સમય વીતી ગયો તે પછી કામમાં આવતો નથી. ૧૨. મનુષ્યદેહને પામીને જીવ જેવી અનીતિને માર્ગે ચાલે છે તેનું તેવું ફળ તે અવશ્ય પામે જ છે. ૧૩. કેટલાંક ફળ તો તે જમપુરીમાં જઈને પામે છે. કેટલાંક પાપનાં ફળ લખચોરાશીમાં પ્રાપ્ત થાય છે. ૧૪. જમપુરીનાં અને લખચોરાશીનાં જે દુઃખો છે તે કહી શકાતા નથી. એટલાં બધાં અનીતિ કરનારને દુઃખ થાય છે. ૧૫.

જીવને જેટલું કાંઈ દુઃખ થાય છે તે બધું સહન કરતો રહે છે, પણ જ્યારે ફરીવાર મનુષ્યશરીર પામે છે ત્યારે તે તપાસીને જોતો નથી. ૧૬. જમપુરી અને લખચોરાશીમાં જીવને જેટલું જે જે દુઃખ થાય છે તે સમય

આવ્યે જ્યારે મનુષ્યશરીર પામે છે ત્યારે તે દુઃખની લેશ પણ તેને સ્મૃતિ રહેતી નથી. જીવ જે જે શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે કર્મફળને આપનારા પરમેશ્વર તે જીવનાં કર્મને અનુસારે તેને અપાર દુઃખ યુક્ત વિવિધ પ્રકારના તે શરીર આપે છે. પરંતુ જીવને દુઃખમાં પણ સુખ મનાય છે તેથી તે અપાર દુઃખને પણ દેખી શકતો નથી. ૧૭-૧૯. જ્યાં સુધી દુઃખમાં પણ સુખ દેખાય ત્યાં સુધી જીવ ભગવાનની સન્મુખ ચાલતો નથી. લૌકિક સુખમાં પણ દુઃખ બતાવે એવા સત્પુરુષ જ્યારે મળે ત્યારે તે ગૃહસ્થ અથવા ત્યાગી હોય તેમાં આવી સાચી સમજણ આવે છે. આવી સમજણ સત્પુરુષ આપે છે અને તે સમજણને જ સત્સંગ કહેવાય છે. ૨૦-૨૧.

✻ નિરંતરાય સત્સંગ થાય તેના દોષ જાય :

चोपाई :

ताके संग करे जेही वारा, मन न रखे यह जूदे लगारा;
तब सत्पुरुष में गुन हि जितना, पावत भयेउ सहज हि तितना...२२
हरि भजवे के गुन जो जबहू, आवत भये जिनमें तबहू;
भवदुःख से जेही छूट रहाते, फेर न दुःख तेही कबहु आते...२३

તેવા સત્પુરુષનો જ્યારે સમાગમ કરે અને તેનાથી પોતાનાં મનને લગાર પણ જુદું ન રાખે ત્યારે તે સત્પુરુષમાં જેટલા સદ્‌ગુણો હોય તે બધા સમાગમ કરનારાને સહેજે જ પ્રાપ્ત થાય છે. ૨૨. જ્યારે ભગવાનનું ભજન કરવાનો ગુણ જેમાં આવે છે ત્યારે તેને સંસારનાં દુઃખથી છૂટકારો મળે છે, અને ફરીથી ક્યારેય તે દુઃખ તેને આવતું નથી. ૨૩. જ્યારે ભગવાનના પરમ સુજાણ સંત આપણને મળ્યા ત્યારે તેમણે આપણને ઘણું માન આપીને બોલાવ્યા; છતાં ઘણાં જીવે તેને સ્વીકાર્યા નહીં. કારણ કે, તેને અમુક વૈરાગીઓ અને અમુક વિપ્રો પોતાનું પેટ ભરવા માટે ‘આ ઠગ છે’ એમ કહેતા હોય છે. ૨૪-૨૫.

એ સ્વાર્થી ઠગ શાહુકાર બની બેઠા છે અને ખરા શાહુકારને તે ઠગ કહેવા લાગ્યા છે. પણ આ જીવને જ્યારે સત્સંગ થાય છે ત્યારે જે સાચા સંતને ઠગ કહ્યા હતા તે શાહુકારરૂપે સ્વીકારાય છે. અને જે પોતાની મેળે

શાહુકાર બની બેઠા હતા તે અસાધુ પછી ઠગ રૂપે જણાઈ જાય છે. ૨૭. જ્યાં સુધી સત્ય મળતું નથી ત્યાં સુધી અજ્ઞાની લોકોની આગળ અસત્ય જ સત્ય થઈને ખીલી ઊઠે છે. કારણ કે, ચોર લોકો રાતને જ ચાહે છે. ૨૮. આ સત્સંગ જેવો છે તેવો જ્યારે સંતો મળ્યા ત્યારે તેમણે દેખાડ્યો છે. જે જીવ સાચા મોક્ષને ઓળખતો નથી ત્યાં સુધી તે જ્યાં ત્યાં મોક્ષ માને છે. ૨૯. જ્યાં સુધી સાચો ગોળ મળ્યો નથી-ઓળખાયો નથી ત્યાં સુધી તે ખોળને પણ નિશ્ચિત ગોળ માનતો રહે છે. જ્યારે સાચો ગોળ મળે ત્યારે તે ગોળ સાચો ગોળ દેખાય છે અને ખોળ તેને સાચો ખોળ જણાય જાય છે. સત્સંગનો એવો પ્રતાપ છે કે, જે અસત્ય છે તે ક્યારેય સત્ય દેખાતું નથી. ૩૦-૩૧.

કુસંગમાં તો જે અસત્ય છે તે સત્ય થઈને ચાલ્યું જાય છે, ત્યાં કોઈ પૂછનારું હોતું નથી. કેમ જે, ત્યાં કુસંગમાં કોઈને મોક્ષના ખપની જરૂર જ હોતી નથી. સહુને પોતાના ઈન્દ્રિયોને લાડ લડાવવાનો જ પૂરે પૂરો ખપ હોય છે. ૩૨. પોતાના ઈન્દ્રિયોને લાડ લડાવવાનું જ્યાં મળે ત્યાં જ આ પ્રભુના ચોર(માયાના અનુરાગી અને ભગવાનના દ્વેષી) મોક્ષ માને છે. હવે આપણને સત્સંગ થયો એટલે તેનાથી સત્ય અને અસત્ય જેવા છે તેવું જ તેનું યથાર્થ જ્ઞાન અત્યારે થયું છે. જ્યારે સાચા સુજ્ઞ સંતો મળ્યા છે ત્યારે તે સંતોને માટે હવે શું ન કરીએ ? તેઓ જે માગે તે તેમને આપી દઈએ. ૩૩-૩૪. અત્યારે અનેક જીવોનું કલ્યાણ કરવા જે ભગવાન પ્રગટ થયા છે; તેનાં સ્વરૂપનું જ્ઞાન તે સંતોએ ખૂબ પ્રેમ આપીને કરાવ્યું છે. ૩૫. **જેને ધન અને સ્ત્રીનો પ્રસંગ જ ન હોય એવા સંતો તો ક્યારેય દેખ્યા કે સાંભળ્યા નહોતા. ભગવાનનાં ધામ સિવાય આવા સંતો ક્યાંય હોતા નથી. ૩૬.**

જે કોઈ માયિક સંત છે તે ધન અને સ્ત્રીને માટે લોકોને ઘણા પ્રેમથી ઉપદેશ દેતા હોય છે. ૩૭. તેવા ખોટા સંતો નિયમ-ધર્મની ક્યારેય વાત કરતા નથી, અને અપાર પ્રેમભર્યા હૃદયથી સ્ત્રીઓના જ ગુણો ગાતા હોય છે. ૩૮. તેઓ એવું કહે છે કે, 'સ્ત્રીના પ્રેમને દેખીને તો જે ભગવાન છે તે પોતાનાં ધામને છોડીને સ્ત્રીના ઉદરમાં આવે છે-જન્મ લે છે.' ૩૯. તે

માયિક સંતોએ કહેલી વાતને ભોળી સ્ત્રીઓ સાચી માને છે, તેથી તેનાં વચનમાં તે લેવાઈ જાય છે. કેમ જે, વચનમાં સાચી-ખોટી બધી વાત રહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "માયિક અને અમાયિક સંતોના ગુણ-દોષ કહ્યા" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર બાવીશમું : તરંગ - ૨૪

જન્માષ્ટમીના ઉત્સવ ઉપર આવેલા હરિભક્તોએ પૂજા કરી

મોક્ષ અને નરક એ બંનેની જે વાતો તે વચનમાં જ રહી છે. તે વાત હરિભક્તો ફરી આ રીતે કરવા લાગ્યા. ૧. આપણા ધન્યભાગ્ય છે. કેમ જે, આપણને આવા અમાયિક-દિવ્ય સંત મળ્યા છે અને તેમણે આપણને માયાના બંધનથી છોડાવી લીધા છે. ૨. પહેલા તો આપણે સંસાર તરવાને માટે માયામાં પડેલા સંતને પણ અત્યંત ભાવ રાખીને માનતા હતા. પછી જ્યારે આ અમાયિક સંતો મળ્યા ત્યારે માયિક સંતોનું જેવું વર્તન હતું તે દેખાડી દીધું. તેથી આપણને તેનું જ્ઞાન થયું અને સ્પષ્ટ દેખવામાં આવ્યું કે, 'આ માયિક સંતો તો ધૂતારા છે.' ૩-૪.

❋ સાચા અને ખોટા સંતની સેવાનું ફળ :

चोपाई :

धूते संत को सेवत ताके, फल नरक देखाये जो वाके;
साचे संत को सेवत तिनके, फल भगवान के धाम इनके...०५
प्रत्यक्ष हि दोउ देखाय दियेऊ, अमायिक संत मिले जब तेऊ;
अमायिक संत के वरतन जितना, अमायिक रहाये सब तितना...०६

વળી, ધૂતારા સંતોની સેવાનું ફળ નરકયાતના દેખાડ્યું અને સાચા સંતની સેવાનું ફળ ભગવાનના ધામની પ્રાપ્તિ છે એમ જણાવ્યું. ૫. જ્યારે અમાયિક-દિવ્ય સંતો મળ્યા ત્યારે તેમણે તે બંને બાબત આપણને પ્રત્યક્ષ બતાવી દીધી છે. જ્યારે આ અમાયિક સંતોનાં જે કાંઈ વર્તન છે તે તમામ

અમાયિક છે. ૬. આટલી વાત કરીને પછી જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિની પૂજા કરવા માટે પૂજાનો સામાન લઈને આવ્યા. તેની એવી ભીડ થઈ હતી કે જે વર્ણવી શકાતી નથી. ૭. જેને જેવો મનોરથ હતો તેઓ તેવી રીતની પૂજા કરવા લાગ્યા. પછી એક એક ગામના હરિભક્તો ભેળામળીને પૂજા કરવા આવવા લાગ્યા. શ્રીહરિ જે રીતે કહે તે રીતે આવીને સહુએ શ્રીહરિની પૂજા કરી. તેમાં લલાટમાં કેસરચંદનની અર્ચા કરી, ફૂલના હાર પહેરાવી, બાજુબંધ અને તોરાઓ પણ ધરાવતા હતા. તે ઘણી સુગંધ ફેલાવતા હતા. વળી, અપાર હેતથી વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો પણ ધરાવતા હતા. ૮-૧૦. જે ભક્તને વસ્ત્ર અને ઘરેણાં લાવવાની પહોંચ-શક્તિ ન હોય તેઓ ફૂલના હાર ધરાવતા અને શ્રીફળ કે રૂપિયા મૂકતા હતા. આ રીતે સહુ શ્રીહરિની પૂજા કરતા હતા. ૧૧.

શ્રીહરિની પૂજા કરી રહ્યા પછી કેટલાક ભક્તોએ સંતો અને બ્રહ્મચારીની પૂજા કરી. તેમના લલાટમાં ચાંદલો કરી ફૂલના હાર પહેરાવતા હતા. ૧૨. કોઈક હરિભક્ત સંતની પૂજા કરી તેમને વસ્ત્ર પણ ઓઢાડતા હતા. જો કે સંતો તે બાબતની કાંઈ ઈચ્છા રાખતા ન હતા. ૧૩. હરિભક્તો કોઈક સંતની પૂજા કરતા અને કોઈકની ન કરતા. આ બાબત તો જેવું ખેતરમાં વાવેતર કરે તેવું તેને ફળ મળે એવી છે. ૧૪.

❋ સાચા સંતની સમજણ અને લક્ષણ :

જેમ ખેતરને તો કોઈની સાથે રાગ-દ્વેષ હોતો નથી. તેમ જ સંતોને ભગવાન મળ્યા છે તેનાથી જ ઘણા સુખી છે. ૧૫. **સંતો એમ સમજતા કે, 'ભગવાનની મૂર્તિમાં મનની વૃત્તિ એક લવ કે નિમેષ જેટલા સમય સુધી જ રહે તેની સરખામણીમાં ત્રિલોકીનું સુખ પણ કાંઈ ગણાતું નથી.' ૧૬.**

जगत सबंधी सुखकर जेहा, सुख दुःख मानत जेता तेहा;
मायिक इतना संत रहाये, अमायिक संत न भये ताये...१७
मायिक सुख के जब करे त्यागा, भगवान में करी अनुरागा;
भगवान के सुखकर सुख जेता, साचे मन में रहेउ तेता...१८

જગત સંબંધી સુખને લીધે જે જેટલું સુખ-દુઃખ માને છે તેટલા તે માયિક સંત છે, પણ તે અમાયિક સંત થયા નથી. ૧૭. અમાયિક સાચા સંત ક્યારે બનાય ? તો, જ્યારે સર્વ માયિક સુખનો ત્યાગ કરે, ભગવાનમાં પ્રીતિ કરે અને એક ભગવાનના સાચા સુખે કરીને જ અંતરમાં સુખ રહે ત્યારે તેઓ જગત સંબંધી સુખ કે દુઃખમાં ક્યારેય ક્ષોભ પામે નહીં. તેવા સંતોના સુખનાં મૂળ તો પાતાળ સુધી રહેલા હોય છે. ૧૮-૧૯. જેને જગત સંબંધી સુખ કે દુઃખમાં જેટલો હર્ષ કે શોક થાય છે તેટલા તે ભગવાનના સુખથી જ સુખી થયા નથી. ૨૦.

જેટલાં મોટા હરિભક્તો છે તે સાચા સંતોના સંગને લીધે ભગવાન વતે જ સુખ માને છે. અને માયિક સુખને તો દુઃખદાયક જ દેખે છે. ૨૧. સાચા હરિભક્ત અને સાચા સંતની સમજણ એક જ હોય છે. તેમને ભગવાનના સુખે કરીને જગતનાં સુખ-દુઃખમાં સમાન ભાવ રહે છે. ૨૨. જે ભગવાનનાં સુખથી જ જેટલાં સુખી નથી તેને તેટલું જગતનું સુખ-દુઃખ રહે છે. ૨૩. આ શરીર માયિક છે. તેમાં ચાહે તેટલા રોગ હોય તોપણ સાચા સંતો-ભક્તો તે રોગના દુઃખથી દુઃખી થતા નથી. કેમ જે, તેમને તે દેહ નખથી શિખા પર્યંત રોગરૂપ જ દેખાય છે. ૨૪.

✻ શ્રીહરિ અને સમજણમાં જ સુખ છે :

दोहा : समझ रूप द्रव्य जितना, संच करत रहे जाय;
अर्थ में आवत तितना, कठिन समे में ताय...२५
सुख कहावत जितने जो, भगवान में रहाय;
दुःख कहावत तितने यह, हरि बिन रहेउ छाय...२६

જે કોઈ સમજણરૂપી ધન જેટલું ભેળું કરી રાખે છે તે તેમને કઠણ કાળમાં તેટલું ઉપયોગી થાય છે. ૨૫. જેટલી જાતનાં સુખ કહેવાય છે તે બધાં ભગવાનમાં રહ્યાં છે. અને જેટલી જાતનાં દુઃખ કહેવાય છે તે બધાં શ્રીહરિ સિવાય બીજે છવાઈ રહ્યા છે. ૨૬. આ જગતના જીવ ભગવાન સિવાય જેટલું સુખ માને છે તે બધું ભગવાનના જ્ઞાનના અભાવે છે. ૨૭.

જેટલાં કૂતરાં છે તે બધાં સૂકાં હાડકાંમાં પણ સ્વાદ માનીને વારંવાર તેને ચાખતા રહે છે. ૨૮. આ બ્રહ્માંડમાં ભગવાન સિવાયનાં જેટલાં સુખ રહ્યાં છે તે બધાં ભગવાનનાં સુખની આગળ સૂકાં હાડકાં જેવાં છે. ૨૯. દેવ, દૈત્ય, મનુષ્ય અને તે સિવાય જે કોઈ જીવ-પ્રાણી છે તે બધાં તુચ્છ સુખમાં સુખ માનીને ઘણાં બધા દુઃખને સહન કરતા રહે છે. ૩૦.

✵ સાચા સંતો-ભક્તોની સમજણ :

જીવને જ્યારે આ સંસારનાં દુઃખ જણાઈ આવે છે ત્યારે તે જીવ ભગવાનની સન્મુખ થાય છે. જેને અંતરથી સાચા સુખમાં જ સુખ મનાય ત્યારે તેની સમજણ પૂરી કહેવાય. ૩૧. આવું સમજીને જે હરિભક્ત થયા છે તે જગત સંબંધી સુખ-દુઃખના પૂરમાં તણાતા નથી, અને એક શ્રીહરિનાં સુખમાં જ તેને સુખ મનાય છે. ૩૨. જે કોઈ સંત અને હરિભક્ત કહેવાય છે તે બધા ભગવાન સંબંધી બાબતનો રોજ રોજ અભ્યાસ કરતા રહે છે અને તેમાં જ તેમને અધિક ઉત્સાહ રહે છે. ૩૩. **વળી, ભગવાનના સંબંધ વિનાની બાબતમાં ગયેલા સમયને તેઓ વ્યર્થ સમય માને છે. આવા સંતો-હરિભક્તોની જેવી સમજણ છે તેવી સમજણ બ્રહ્માંડમાં ક્યાંય નથી. ૩૪.**

✵ બુરાનપુરના હરિભક્તોએ કરેલી પૂજા :

જ્યારે બીજા બધા હરિભક્તો શ્રીહરિ અને સંતોની પૂજા કરી રહ્યા પછી બુરાનપુરના જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૩૫. તે હરિભક્તો ઘણા ભારે રેંટા લાવ્યા હતા. તેના છેડે અને કોર ઉપર સોનું લગાવેલું હતું. તે રેંટામાં કેટલાક રેંટા કસુંબી-લાલ હતા અને કોઈક ગુલાબી રંગના કરેલા હતા. ૩૬. અમુક આસમાની રંગના રેંટા હતા, અમુક લીલા રંગના હતા, કોઈક રેંટા પીળા રંગના અને કોઈક તો ગૂઢા રંગના રેંટા હતા. ૩૭. જે ઘણો ભારે કસુંબલ રેંટો હરિભક્તો લાવ્યા હતા તે શ્રીહરિને મસ્તકે બંધાવ્યો; તે અત્યંત શોભતો હતો. જાણે કે, શ્રીહરિનાં મસ્તક ઉપર સોનાની પાઘ ધરાવી હોય તેમ લાગતું હતું. તે પાઘની વચ્ચે રહેલા સુંદર છોગા જાણે મુગટ હોય તેવા લાગતા હતા. શ્રીહરિ

જ્યારે મસ્તક ઉપર પાઘ બાંધતા ત્યારે તેની કોઈ અદ્‌ભુત છટા બનતી. તેને જોઈને ભક્તજનોને અધિક પ્રેમ થતો હતો. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જન્માષ્ટમીના ઉત્સવ ઉપર આવેલા હરિભક્તોએ પૂજા કરી" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર બાવીશમું : તરંગ - ૨૫

મૂર્તિસુખનો મહિમા તથા મૂર્તિવર્ણન

બુરાનપુરના જે આ હરિભક્તો આવ્યા હતા તે કેટલાક સોનાનાં ઘરેણાં બનાવીને લાવ્યા હતા. ૧. તેમાં જે બાજુબંધ હતા તે તો નંગજડિત હતા. શિરપેચ ઉપર રાખવાની કલગી પણ નંગજડિત હતી. ૨. પહોંચીમાં નંગ જડેલા હતા અને વીંટીમાં પણ નંગ જડ્યા હતા. સોનાનાં કડાં અને સોનાની છડી પણ નંગજડિત હતી. ૩. સોનેરી તારવાળી જે મોજડીઓ હતી તેમાં નંગ જડ્યા હતા. એ નંગ પચરંગી હતા અને તેની સારી શોભા થઈ હતી. ૪. જે હરિભક્તો આ ઘરેણાં લાવ્યા હતા તેમણે આવીને શ્રીહરિને ધરાવ્યા. જેમનાં વસ્ત્ર હતા તેમણે આવીને વસ્ત્ર ધરાવ્યા. વળી, તે સમયે કેટલીયે જાતના મેવા અને મીઠાઈના થાળ ભરી ભરીને ધરાવ્યા. જેનાં મનમાં જેવાં મનોરથ હતા તેમણે તેવી શ્રીહરિની પૂજા કરી. ૫-૬. તે સહુએ ધૂપ, દીપ કરીને આરતી ઉતારી. મૂર્તિની ઘણી અદ્‌ભુત શોભા થઈ હતી.

❋ મૂર્તિસુખનો મહિમા :

चोपाई :

संत हरिजन रहाये जितना, मूर्तिकु नखशिख निरखी तितना...०७
उर महीं उतारत हि रहाते, सुख होवत तेहि कहे न जाते;
इंद्रिय अंतःकरण एक करीता, हरिजन बहुत करीके प्रीता...०८
मूर्ति कु धारत उर में जबही, मूर्ति चोटत जीव में तबही;
मूर्ति जीय में चोटत जेहि वेरी, पिंड ब्रह्मांड यह तेहि वेरी...०९

देखात नहि मूर्ति बिन केहू, देखावत मूर्ति एक तेहू;
मूर्ति देखावत एक हि जबहू, सुख के सिंधु अपार हि तबहू...१०
अनुभव होवत रहेउ एसा, यह सुख हि जो अब छूटे केसा;
यह सुख ताकु करने त्यागा, समर्थ नहि होवत बडभागा...११

ત્યારે જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની મૂર્તિને નખથી શિખા પર્યંત નીરખી પોતાનાં હૃદયમાં ઉતારતા રહેતા. તેનાથી તેમને એટલું સુખ થતું કે તે કહી શકાતું નથી. હરિભક્તો જ્યારે પોતાના ઈન્દ્રિયો અને અંતઃકરણને એકાગ્ર કરીને મૂર્તિને અતિ પ્રેમથી હૃદયમાં ધારતા હતા ત્યારે મૂર્તિ તેમના જીવમાં ચોંટી જતી હતી. મૂર્તિ જ્યારે જીવમાં ચોંટી જતી હતી ત્યારે એક મૂર્તિ સિવાય આ પિંડ-બ્રહ્માંડ કાંઈ જ દેખાતું નહિ. એક શ્રીહરિની મૂર્તિ જ દેખાતી હતી. જ્યારે એકલી મૂર્તિ દેખાતી ત્યારે ભક્તોને એવો અનુભવ થતો હતો કે, અપાર સુખનો અગાધ સાગર ઉમટ્યો હોય !! આવું જે અલૌકિક સુખ આવતું હોય તે હવે ક્યાંથી છૂટે ? તેથી આ મહાસુખને છોડવા માટે તે ભાગ્યશાળી ભક્તો સમર્થ થતા નહિ. ૮-૧૧.

તે ભક્તોને આ આલોકની જે કાંઈ સ્મૃતિ હતી તેમાંથી લેશમાત્ર પણ સ્મૃતિ રહી નહોતી. તેઓ તો મૂર્તિ સંબંધી સુખમાં જ નિમગ્ન રહેતા હતા. ૧૨. મૂર્તિમાં જે સુખ છે એવું સુખ તેમને બીજી કોઈ જગ્યાએ દેખાતું નહોતું. કેમ જે, એવું જ એ સુખ હોય છે. ૧૩. તેમને એક મૂર્તિ દેખાતી હતી. આ પિંડ-બ્રહ્માંડને તો તેઓ સડી ગયેલાં કૂતરાં જેવાં દેખતાં હતાં. ૧૪. **તે ભક્તજનો મૂર્તિનાં સુખનો ત્યાગ કરી જ શકતા નહિ, તેથી આ દુર્ગંધ યુક્ત પોતાનું શરીર પણ તેમને ફરીથી સારું લાગતું નહિ. ૧૫. શ્રીહરિની મૂર્તિએ ભક્તોની બીજી બધી સ્મૃતિ હરી લીધી અને એ સ્મૃતિ એક મૂર્તિસુખની જ થઈ ગઈ. પછી તો ભક્તના દેહની સ્મૃતિ પણ હરી લીધી. કારણ કે, એ મૂર્તિમાં એવી જ કોઈ અલૌકિક કળા રહી છે. ૧૬.**

❋ સ્નાન માટે નીકળેલા શ્રીહરિની અસવારી :

જ્યારે હરિભક્તો શ્રીહરિ તથા સંતોની પૂજા કરી રહ્યા તે વખતે શ્રીહરિએ અશ્વ તૈયાર કરાવ્યો. તે અશ્વને નાનભક્ત લઈ આવ્યા. ૧૭. અશ્વ

ઉપર સોનેરી સાજ સજાવ્યો હતો. તેના ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ બેઠા. કુબેરસિંહ ચોપદાર-નેકી પોકારનાર હતા, તે 'જય જય...જય જય...' શબ્દ બોલતા હતા. ૧૮. ભગુજી નામના જે પાર્ષદ હતા તે શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધારી રહ્યા હતા. તે વખતે થયેલી શોભા કહી શકાતી નથી. ૧૯.

જ્યારે શ્રીહરિ સ્નાન કરવા માટે ઉન્મત્તગંગા તરફ ચાલ્યા ત્યારે સંતો, વર્ણી અને હરિભક્તો શ્રીહરિની આગળ ચાલતા હતા. તે વખતે ઢોલ, તાંસા, ભેરી, તુરાઈ તથા રણશિંગી એવા વાજિંત્રો વાગતાં હતાં. હરિભક્તો ઉત્સાહથી કીર્તન ગાતા હતા. આમ રંગલહેરી શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા. ત્યારે હાથમાં સોનેરી છડી ધારણ કરી હતી. ૨૦-૨૧. બીજા હાથમાં રૂમાલ ધારી રહ્યા હતા. લલાટમાં કેસર ચંદન ચરચ્યું હતું. બજારમાં હરિભક્તો ક્યાંય સમાય નહીં એટલા બધા સાથે ચાલી રહ્યા હતા. ૨૨. જે સંતો, વર્ણી અને હરિભક્તો સાથે હતા તેમણે તેમનાં નેત્ર જાણે શ્રીહરિની મૂર્તિમાં ચોંટાડી દીધા હોય એ રીતે તેઓ બજારે ચાલ્યા જતા હતા. ૨૩.

તે સમયે કેટલાક હરિભક્તો શ્રીહરિના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરતા હતા. તેમને એટલો બધો પ્રેમ છવાયો હતો કે તે કહી શકાતો નથી. ૨૪. જેટલા પાર્ષદો હતા તે એવા શ્રીહરિના ભક્ત હતા કે તે બધા પોતાના ઘરનો ત્યાગ કરીને હેતથી સેવા કરવા માટે આવ્યા હતા. ૨૫. શ્રીહરિના વચને તે સહુએ બંદૂકો બાંધી હતી. ઉત્સવનો દિવસ હોવાથી તે સહુ બંદૂકોના અવાજ કરતા હતા. ૨૬. શ્રીહરિ ધીરે ધીરે ઉન્મત્તગંગાને કિનારે આવ્યા અને ગંગાનું નિર્મળ નીર જોઈને પ્રસન્ન થયા. ૨૭.

તે વખતે નારાયણધરે આવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. સર્વ ઘરેણાં અને વસ્ત્ર ઉતાર્યાં. એક શ્વેત ખેસ પહેર્યો હતો. હાથમાં સોનાનાં કડાં રાખ્યાં. કંઠમાં સોનાનો દોરો અને એક કંઠો પહેરી રાખ્યો હતો. ૨૮-૨૯.

❋ શ્રીહરિની સોહામણી મૂર્તિનું સુંદર વર્ણન :

તે વખતે હરિભક્તોએ શ્રીહરિનાં સર્વ અંગ ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું. મૂર્તિ કેસરચંદનમય બની ગઈ. તેથી શ્રીહરિનો નટવર વેષ સોહામણો લાગતો હતો. ૩૦. શ્રીહરિનાં સર્વ અંગો એક એકથી ખૂબ જ સુંદર

લાગતા હતા. જે કોઈ ચરણની શોભા નીરખતા, તેને જોતા જોતા તૃપ્તિ થાતી ન હતી. ૩૧. શ્રીહરિનાં જે જે અંગને સંતો-ભક્તો દેખતા તે ક્યારેય તૃપ્ત થતા નહિ. જે અંગને જે કોઈ દેખતા તે તેને જોતા જ તેમાં લીન થઈ જતા. ૩૨. શ્રીહરિનાં એક અંગને નીરખતા થકા જ્યારે કોઈ સંત-ભક્ત તૃપ્તિ પામતા ત્યારે તે બીજા અંગને જોતા. આવી શ્રીહરિની અદ્‌ભુત મૂર્તિ હતી. ૩૩. શ્રીહરિની મૂર્તિ બહુ ઊંચી કે બહુ નીચી નહોતી. મૂર્તિનો મધ્ય ભાગ બહુ જ શોભાયમાન હતો. તે મૂર્તિ બહુ જાડી કે પાતળી નહોતી. આવા એક સમાન સર્વ અંગો સુશોભિત લાગતા હતા. ૩૪. હાથીનાં રમણીય બચ્ચાના જેવી મૂર્તિ સોહામણી હતી. એક સુશોભિત યુવાન મલ્લ જેવો હોય તેવી શ્રીહરિની મૂર્તિ દેખાતી હતી. ૩૫.

જ્યારે શ્રીહરિ જળમાં જઈને નહાવા લાગ્યા ત્યારે સંતો, વર્ણી અને હરિભક્તો પણ શ્રીહરિની સાથે નહાવા લાગ્યા. સહુ તેનો અલૌકિક લાભ લેવા લાગ્યા. ૩૬. આ સમયમાં જેટલા સંતો અને વર્ણીઓ હતા તેમણે શ્રીહરિનો ઘણી રીતે લાભ લીધો હતો. ૩૭. જેણે જે રીતનો લાભ લીધો તે લાભને તો તેઓ જ જાણતા. તે બધી રીત મારાથી લખી શકાતી નથી, મેં તો આ અતિ થોડું લખ્યું છે. ૩૮. જેનો પાર નથી આવતો, તેવી બાબત થોડી થોડી લખાય છે. આટલી આ વાતને જો કોઈ ભાવથી કહે કે સાંભળે તો તે કહેવા-સાંભળવામાં જેવો ભાવ હોય તેને તેવું ફળ જરૂર મળે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "મૂર્તિસુખનો મહિમા કહ્યો તથા મૂર્તિવર્ણન કર્યું" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર બાવીશમું : તરંગ - ૨૬

સંતો, વર્ણી અને કાઠી વગેરે હરિભક્તોની સાથે શ્રીહરિએ ગંગાસ્નાન કર્યું

શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા છે તેમ જાણીને દરબાર જીવા ખાચર તથા તેના ભાઈ મૂળુ ખાચર તે બંને પોતાના પુત્રોને સાથે લઈ જલ્દીથી ત્યાં આવ્યા. પછી શ્રીહરિ સાથે નાવા લાગ્યા અને પ્રેમમગ્ન

થઈ ગયા. ૧-૨. તે સમયે દરબાર દાદા ખાચર પણ શ્રીહરિની સાથે નાવા લાગ્યા. તે સિવાય બીજા પણ કોણ કોણ ભક્તો શ્રીહરિ સાથે નાતા હતા ? તો, દાદા ખાચરના મામા ઘેલા ધાધલ હતા. ૩.

અમરા કહર તથા અલૈયા કહર તે બંને ભાઈ તથા અમરાના પુત્ર જીવો તથા મેપો એ બંને હતા. નાજા જોગિયા તથા તેમના પુત્ર દાહા જોગિયા વગેરે શ્રીહરિની સાથે ઉત્સાહભર્યા નાતા હતા. ઉકા ખાચર, તેમના પુત્ર વાલેરા ખાચર અને ઉકા ખાચરના નાના ભાઈ લાખા ખાચર પણ નાતા હતા. ૪-૫. તેનાથી પણ નાના તેના ભાઈ નાન ખાચર હતા, જે શ્રીહરિના અશ્વની સેવા કરતા હતા. વળી, નાગ માલા કે જે દાદા ખાચરના બનેવી હતા. તે સહુ શ્રીહરિની સાથે નાહ્વા લાગ્યા. માતરા પટગિર પણ શ્રીહરિની સાથે નાવા લાગ્યા. ૬-૭. આ બધા કાઠી હરિભક્તો દાદા ખાચરના સંબંધી હતા. તે બધા શ્રીહરિની સેવા કરવા માટે જેમ કહે તેમ પરમ પ્રેમથી કરતા હતા. ૮.

બીજા પણ ગઢપુરના હરિભક્તો શ્રીહરિની સાથે નાતા હતા. ઝીંઝાવદર ગામના અલૈયા ખાચર તથા જેઠસુર ખાચર- તે બંને ભાઈ હરિભક્ત હતા. તે પણ શ્રીહરિની સાથે નાવા લાગ્યા. શ્રીહરિને રાજી કરવા માટે જ આ જેઠસુર ખાચર પ્રેમે કરીને લલકાર કરી રહ્યા હોય તેમ સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. એમ મુખથી બોલતા હતા. વળી, શ્રીહરિને જેમ ગમે તેમ બીજી અપાર રમૂજ પણ કરતા હતા. ૯-૧૧. આ જેઠસુર ખાચર જેવો સમય હોય તેવી રમૂજ કરતા. તેઓ સમય પારખવામાં નિપુણ હતા. સમય પ્રમાણેની રમૂજ કરવામાં કેટલાક અન્ય કાઠી ભક્તો ઘણા નિપુણ હતા. ૧૨. જેમ રાજાની આગળ નટવો રમૂજ કરીને હરેક વાતે રાજાને રાજી કરે છે, તેમ શ્રીહરિને પ્રસન્ન કરનારા કેટલાક હરિભક્તો હતા. તે ભક્તો, કે જેને મેં દેખ્યા છે તેમના હવે નામ કહું છું. ૧૩-૧૪.

નાગડકા ગામના સુરા ખાચર, વાંકિયા ગામના મોકા ખાચર અને બોટાદના માતરા ધાધલ, એ બધા શ્રીહરિની આગળ યોગ્ય સમય પર રમૂજ કરતા હતા. ૧૫-૧૬. શ્રીહરિ જ્યારે નાહી રહ્યા અને પાણીથી બહાર

આવ્યા ત્યારે રૂમાલ વડે સર્વ અંગો લૂછ્યા. લૂછ્યા વિનાનું કોઈ એક પણ અંગ ન રહ્યું. ૧૭. પછી કોરો ખેસ પહેરીને જરિયાની સુરવાળ પહેર્યો. તે રંગબેરંગી હતો. તેની નાડી રેશમની હતી. ૧૮. તે નાડી પણ રંગબેરંગી હતી. લટકી રહેલી એ નાડી અતિ સોહામણી લાગતી હતી. પછી સુંદર જરિયાની જામો પહેર્યો. ૧૯. તેમાં ઘણી રંગબેરંગી ભાતો હતી. તેને દેખનાર ભક્તો તૃપ્તિ પામતા નહિ. એક જરિયાની ભારે રેંટો હતો તે, તે વખતે મસ્તક ઉપર બાંધ્યો. ૨૦. તે પાઘ ઉપર અમૂલ્ય તથા અનુપમ શિરપેચ બાંધીને તેમાં કલગી મૂકી. પછી તે પાઘ ઉપર મોતીના તોરા લટકાવ્યા. ૨૧. મોતીના હાર પહેરાવ્યા. મોતીના બાજુબંધ બાંધ્યા. તે સુરતના વણિક શાહુકાર મહાલક્ષ્મીબાઈ લાવ્યા હતા. ૨૨.

વળી, એક જરિયાની શેલું વડોદરાના હરિભક્ત રેવાબાઈ નામે નાગર લાવ્યા હતા, તે શ્રીહરિની કમરે બંધાવ્યું. ૨૩. અમદાવાદના ગંગાબાઈ અને જમનાબાઈ- એ બંને નાગર હરિભક્ત હતા. તે જરિયાનું શેલું લાવ્યા હતા તે શ્રીહરિના ખભા ઉપર ધરાવ્યું. ૨૪. તે સમયે ગોપી ભટ્ટ નામના જે ગોર હતા, તેમણે શ્રીહરિના લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. તેનાથી સર્વ સુખનાં મૂળ એવા શ્રીહરિ પ્રસન્ન થયા. ૨૫. તે ગોપી ભટ્ટને પોતાનું જરિયાની શેલું તત્કાળ આપી દીધું. પછી અશ્વ ઉપર બેઠા. ત્યાં જેટલા વિપ્ર હાજર હતા તે સહુને એક એક રૂપિયાનું દાન દીધું. પછી નોમને દિવસે ચોરાશી કરવાનું શ્રીહરિએ કહ્યું. ૨૬-૨૭.

પછી શ્રીહરિ ચાલતા થયા. વિપ્રો જયજયકાર કરતા હતા. પુરમાં પધાર્યા ત્યારે આગળ વાજિંત્રો વાગતાં હતાં. ૨૮. તે સમયે જીવા ખાચરે શ્રીહરિને વિનંતિ કરી અને પોતાના દરબારમાં ઘણા ભાવથી લઈ ચાલ્યા. ૨૯. હાથીની પીઠ જેટલી ઊંચી પોતાના ભવનની ઓસરી હતી તેના ઉપર તત્કાળ સોનેરી પલંગ બિછાવી દીધો. ૩૦. તેના ઉપર મખમલના ગાદીતકિયા મૂક્યા. તે શ્રીહરિને માટે જ હેતથી રાખી મૂક્યા હતા. શ્રીહરિ જ્યારે પધારતા ત્યારે તે બિછાવી દેતા. પછી સાચવીને મૂકી રાખતા હતા. શ્રીહરિ તે પલંગ ઉપર આવીને ઘણાં હેતથી બેઠા. ૩૧-૩૨.

સહુ સંતો પણ તે ઓસરી પર બેઠા. કારણ કે, એ ઓસરી ઘણી લાંબી હતી. હરિભક્તો બધા ચોકમાં બેઠા. એક તલ જેટલી પણ જગ્યા ખાલી રહી નહિ. ૩૩. પછી શ્રીહરિએ કહ્યું, 'સંતો ! ગરબીનાં પદ બોલો.' પછી સંતો તે પદ બોલવા લાગ્યા. તેથી તે વખતે ત્યાં ઘણો જ રસ જામ્યો. ૩૪. તે સમયે જીવા ખાચરે સાકરના થાળ ભરીને આગળ મૂક્યા. જ્યારે ગરબીનાં ચાર પદ બોલી રહ્યા ત્યારે શ્રીહરિ ઊઠીને ચાલ્યા. ૩૫. જીવા ખાચર શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. તેમના અંતરમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. તેમના જે કુટુંબીજનો હતા તે બધા પણ આવીને ત્યારે શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૩૬.

પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને રાજબજારે ચાલ્યા. ત્યારે જેટલા વિવિધ પ્રકારનાં વાજિંત્રો હતાં, તે બધાં વાગવાં લાગ્યાં. ૩૭. પુરજનોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ ધીરે ધીરે ચાલવા લાગ્યા. આમ, સંતોએ સહિત દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૩૮. ત્યાં લીંબતરુની નીચે ઓટા ઉપર પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર શ્રીહરિ બેઠા. જેટલા હરિભક્તો હતા તે પણ બધા આવ્યા અને તેની સભા થઈ. ૩૯. પછી શ્રીહરિએ સિદ્ધાનંદમુનિને કહ્યું કે, 'લાલજીને ઝૂલાવવા માટે એક સારો હિંડોળો બાંધો.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સંતો, વર્ણી અને કાઠી વગેરે હરિભક્તોની સાથે શ્રીહરિએ ગંગાસ્નાન કર્યું" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર બાવીશમું : તરંગ - ૨૭

સંતો અને હરિભક્તોના યોગથી જ મોક્ષ થવાનું મહત્ત્વ

જ્યારે શ્રીહરિએ આજ્ઞા કરી ત્યારે સિદ્ધાનંદ મુનિએ જઈને વાસુદેવનારાયણના મંદિરની ઉત્તર તરફની ઓસરીમાં રંગબેરંગી શણગારેલો હિંડોળો ઉત્તર મુખે બાંધ્યો. ૧-૨. હિંડોળાના ઉપર સરસ ઘૂમટી કરી અને તેના ઉપર સોનાના પાંચ કળશ સુંદર રીતે શણગારેલા મૂક્યા. ૩.

તે ઘૂમટીની આગળના ભાગમાં સુશોભિત રીતે છજા કર્યા હતા. અને તે છજાની આગળના ભાગમાં ગોળાકાર બે દર્પણ મૂક્યા હતા. ૪. શ્રીહરિ તે હિંડોળો જોઈને રાજી થયા. પછી જ્યારે સંધ્યા વખત થયો ત્યારે બે-ચાર મશાલો થઈ. ૫. પછી હરિભક્તોએ ઊભા થઈને આરતી અને ધૂન કરી. ત્યારે શ્રીહરિવર પણ ઊભા રહીને ઘણા હેતથી ધૂન કરતા હતા. ૬.

શ્રીહરિની જ્યાં સુધી મરજી હતી ત્યાં સુધી સહુ ધૂન કરતા રહ્યા. પછી જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુએ 'જય જય...જય જય...' શબ્દ ઉચ્ચાર્યા. ૭. પછી 'જય સ્વામિનારાયણ' આવો શબ્દ બોલીને આખી સભા બેઠી. ત્યારે સહુને શ્રીહરિએ બોલતા બંધ કરાવ્યા. ૮. પછી ભક્તજનો ઉપર ઘણું હેત દેખાડીને શ્રીહરિ વાત કરવા લાગ્યા કે, "હરિભક્તો સમાન બીજી કોઈ બાબત નથી. એ તો સર્વોપરિ વાત છે. ૯. જે રીતે હરિભક્તો સર્વોપરિ છે તે રીતે તમારે વાત સમજવી. વાતને સમજ્યા વિના તેનો જેવો હોય તેવો પરિપૂર્ણ આનંદ આવતો નથી. ૧૦.

અને આનંદ આવ્યા વિના સુખ આવતું નથી. જો સુખ ન જણાય તો દુઃખ દેખાય છે. કોઈ પણ મનુષ્ય દુઃખને માર્ગે ચાલતો નથી. એવી જ તે રીત છે. ૧૧. સત્સંગનું જેટલું સુખ છે તે બધું સમજણમાં રહ્યું છે. જગતના જે માણસો છે તે સમજુ કે અણસમજુ તે બધા રાત-દિવસ જગત તરફ દોડી રહ્યા છે. અને તેમાં જ સુખ માને છે, પણ તેમાં આવતાં દુઃખને તેઓ દેખતા નથી. ૧૩. પૃથ્વી પર અને આકાશમાં જેટલા જીવ છે તે બધાની દોડ સહજ સ્વભાવે જગત તરફ છે. ૧૪.

✵ સંસારનાં સુખ એ જ દુઃખ છે, ભોગ એટલા રોગ છે :

જગતમાં જીવો અપાર દુઃખ પામે છે, છતાં સુખની આશાને લીધે તેને તે તલભાર ગણતા નથી. ૧૫. જીવને જેમાં સુખ મનાયું હોય તેમાં અપાર દુઃખ હોય, તોપણ તે દુઃખ દેખાતું નથી. માન્યતાના સુખની આવી રીત છે. ૧૬. સત્સંગનાં સુખ વિનાનું જે કોઈ 'સુખ' એવા નામથી કહેવાય છે તે બધું જ અપાર દુઃખે યુક્ત સુખ છે. જગતનું સુખ આવું કહેવાય છે. ૧૭.

આવા તે દુઃખયુક્ત સુખને પણ જીવ જીવનપ્રાણ માને છે. તેથી જ તે કહેવાતા જગતસુખને માટે વારંવાર અપાર દુઃખને પામે છે. ૧૮.

છતાં પણ જીવને તે દુઃખભર્યા સુખનો અભાવ આવતો નથી. એનું જ નામ અજ્ઞાન કહેવાય છે. એ અજ્ઞાન અપાર છે તોપણ જીવ તેને લગારેય દેખતો નથી. ૧૯. વેદ અને પુરાણને માણસ ભણે છે તોપણ તે અજ્ઞાનને દેખતો નથી તો બીજાની તો વાત જ શી કહેવી ? એક સત્સંગ થયા સિવાય આ જ્ઞાન થાતું નથી. ૨૦. માટે વારંવાર સત્સંગ કરીને, ફરી ફરીને આ વાત સમજવી. એનું જ નામ સત્સંગ થયો કહેવાય છે, માટે આવી વાતને ઉમંગભેર કરવી. ૨૧. **જેટલી ખાવા, પીવા કે સૂવાની હોંશ છે, તેટલી જો સત્સંગ ઉપર નથી તો તેને તેટલી સત્સંગ કરવામાં કસર રહી ગઈ છે; તેમ જાણવું. ૨૨.**

જગતનાં સુખ ઉપર જેવી દોડ રહે છે એવી દોડ સત્સંગ કરવામાં રાખવી. જેને જેની ઉપર દોડ હોય તેને તેમાં દુઃખ આવે, છતાં સુખ મનાય છે. ૨૩. એ જ રીતે જે સત્સંગ કરે છે તેને કોઈ વિઘ્ન નડી શકતા નથી. એ સત્સંગને જ નિર્વિઘ્ન સમજવો. તથા તેવા હરિભક્તને મુખ્ય માનવા. ૨૪. જેટલા હરિભક્તો વિઘ્નના પુરમાં તણાઈ જાય છે તેને અમે કહીએ છીએ કે, 'જે વિઘ્નમાં લેવાઈ જતા નથી, એવા હરિભક્તનો સમાગમ તમારે પોતાના મોક્ષને માટે નિત્ય કરવો.' ૨૫-૨૬.

સાગર ઘણો અપાર છે. તે કોઈથી પાર થઈ શકે તેવો નથી, છતાં પુલ હોય અથવા તો વહાણ હોય તો તેનો પાર લઈ શકાય છે. ૨૭. ગમે તેવા વિઘ્ન આવે છતાં તેમાં જેટલા સંતો કે હરિભક્તો લેવાય નહિ તે પુલ અને વહાણ જેવા છે. (જે કોઈ તેવા સંત-ભક્તને શરણે થાય છે તે વિઘ્નરૂપી સાગરને તરી જાય છે.) ૨૮. મોક્ષના માર્ગ ઉપર જે ચાલે છે તેને માન આવીને વિઘ્ન કરે છે. તેમાં પણ જે માન શાહુકાર અને મિત્ર બનીને આવે છે તે માનને શત્રુ માનવું; તે કામ કઠિન છે. ૨૯. અરે ! માનમાં તો એવી કળા રહી છે કે, 'શાહુકાર અને મિત્ર બનીને આવેલા માનને જે શત્રુરૂપે દેખાડે તેને જ તે માન શત્રુ કરીને દેખાડી કે મનાવી દે છે.' ૩૦.

❋ સંત-ભક્તના યોગ વિના મોક્ષ અશક્ય છે :

ચોપાઈ :

संत हरिजन रहे मोक्ष के द्वारा, ततकाल जिनसे होत उद्धारा;
संत हरिजन के जोग बिनही, मोक्ष होत हे सुने न किनही...३१
अन्न जल बिन चले जो जबही, संत हरिजन बिन हि सो तबही;
जन के मोक्ष होय जरूरा, यामें नाहीं तलभर कूरा...३२
सूर्य बिन तम जबहि जो जावे, जल बिन अन्न जब होउ आवे;
नरेश बिन प्रजा जो जेसे, सुख ताकु पावत रहे तेसे...३३
संत हरिजन बिन हि एसा, जन के मोक्ष होत रहे तेसा;
एसि बात रहे अनंत अपारा, लिखत ताके न आवत पारा...३४

સંતો અને હરિભક્તો મોક્ષનું દ્વાર છે. કેમ જે, તે બંનેથી જીવનો તત્કાળ ઉદ્ધાર થાય છે. સંતો અને હરિભક્તોના યોગ વિના મોક્ષ થાય છે; તેવું અમે ક્યાંય સાંભળ્યું નથી. ૩૧. જો માણસને અન્ન અને જળ વિના ચાલી શકતું હોય તો સંતો અને હરિભક્તો વિના તેનો નિશ્ચિત મોક્ષ થાય. અર્થાત્ સંત-હરિભક્ત વિના મોક્ષ શક્ય જ નથી. તેમાં તલભાર પણ ખોટું નથી. ૩૨. સૂર્ય વિના જો અંધારું જાય, પાણી વિના જો અનાજ ઉત્પન્ન થાય અને રાજા વિના પ્રજા જો સુખ પામે, તો સંતો અને હરિભક્તો વિના પણ મનુષ્યનો મોક્ષ થાય. આવી વાતો તો અનંત અને અપાર છે, તેનો લખે પાર આવે તેમ નથી. ૩૩-૩૪.

જે જે બાબત છે તે કોઈ ને કોઈના યોગ વિના સિદ્ધ થાતી નથી; તેમ જ સંતો અને હરિભક્તોના યોગ વિના મોક્ષ સિદ્ધ થાતો નથી. ૩૫. **જેમ કોઈ મનુષ્ય ભૂમિરૂપ આધારનો ત્યાગ કરીને ચાલવા ઈચ્છે, તેમ જે સંતો અને હરિભક્તોનો ત્યાગ કરે છે તે એવી રીતે મોક્ષ મેળવવા ઈચ્છે છે. અર્થાત્ તે કદાપિ શક્ય નથી.** ૩૬. આ અમારી કહેલી થોડી વાતમાં પણ અપાર મર્મ રહ્યો છે. તે વાતમાં જો મર્મ સમજાય તો તેમાં મોક્ષ રહ્યો છે. ૩૭. સંતોને પરસ્પર સંતોમાં અને હરિભક્તોને પરસ્પર હરિભક્તોમાં જેટલું મન મળતું રહે છે તેટલું તેમને સુખ રહે છે. ૩૮. **જે મનુષ્ય સંતો અને હરિભક્તોથી જેટલું પોતાનું મન ચોરે છે-જુદું રાખે છે તેને સુખને**

માર્ગે ચાલ્યો હોવા છતાં પણ તેટલું સુખ રહેતું નથી. ૩૯. સુખને માર્ગે ચાલવા છતાં તેમાં જેટલી બાળબુદ્ધિ રાખે છે, તે મોક્ષમાર્ગે આગળ જતા તેની સમજણમાં દેખાઈ આવે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સંતો અને હરિભક્તોના યોગથી જ મોક્ષ થવાનું મહત્ત્વ કહ્યું" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર બાવીશમું : તરંગ - ૨૮

શ્રીહરિએ ખપ અને પ્રગટના મેળાપની મહત્તા કહી

શ્રીહરિ ફરીને સંતો તથા હરિભક્તોની આગળ વાત કહેવા લાગ્યા કે, "જેટલો ચમત્કાર છે તે બધો વાતમાં રહ્યો છે. ૧. જેમાં જેટલું દૈવત હોય તે વાતમાં દેખાઈ આવે છે. વાત સિવાય તે દેખાતું નથી, આવું અમને સમજ્યામાં આવે છે. ૨. મનુષ્યમાત્રની રુચિ અલગ અલગ છે. તેથી સહુની પ્રકૃતિ એકસરખી મળતી નથી. ૩. મનુષ્યોની અનેક પ્રકારની પ્રકૃતિને કારણે પદાર્થો પણ અનેક પ્રકારના થયા છે. ૪. જેમ કે, ઘરેણાં અને વસ્ત્ર એટલાં જાત જાતનાં છે કે તેનો ગણતા પાર આવતો નથી. તે રીતે જ ખાવા-પીવાના પદાર્થો અને મેવા-મીઠાઈનો પણ પાર આવતો નથી. ૫. તેમજ ગંધ અને રૂપ પણ અનંત પ્રકારના છે. વાહન અને મકાન પણ કેટલાય પ્રકારના છે. ૬. તે રીતે જ શબ્દોના પ્રકારનો ગણતા પાર પમાતો નથી. શાસ્ત્ર અને શસ્ત્રના પ્રકાર ગણતા તેનો અંત આવતો નથી. ૭. લોકો અનંત પ્રકારની રુચિવાળા છે. તેથી પ્રકૃતિમાં જેવું મળતું આવે તેવું તે સ્વીકારે છે. જેમાં પોતાની રુચિ મળતી ન આવે તે તેને ગમતું નથી. ૮.

❋ શ્રીહરિ, સંતો અને ભક્તો જ અંતે કામ આવે છે :

चोपाई :

रुचि पर सबके दोर रहाये, अंत समे करत न एक सहाये;
अंत समे हरि संत हरिजन ही, काम इतना आवत इनही...०९

ता पर रुचि करत रहे जितना, अर्थ में आवत रहेउ तितना;
ओर रुचि निर्थक होई जाते, हरि बिन रुचि जितनी कराते...१०

સહુ કોઈની દોડ પોતાની રુચિ પ્રમાણે છે, પણ અંતસમયે તે એક પણ પદાર્થ સહાય કરતા નથી. અંતસમયે તો શ્રીહરિ, સંતો અને હરિભક્તો એટલા જ કામમાં આવે છે. ૯. માટે તે ત્રણ ઉપર જેટલી રુચિ(પ્રીતિ) કરી હોય તેટલી જ તે ઉપયોગમાં આવે છે. ભગવાન સિવાય બીજામાં કરેલી તમામ રુચિ નિરર્થક થઈ જાય છે. ૧૦. માટે અંતસમયે જે કામ આવે તેમાં જ જોઈ વિચારીને તેટલી રુચિ-પ્રીતિ કરવી જોઈએ. કદાચ કોઈ સંપૂર્ણ ભૂમિનું રાજ્ય કરતો હોય, તોપણ તે રાજ્ય તેને અંતસમયે નકામું થઈ જાય છે. ૧૧. માણસ જેટલો ભગવાનની સન્મુખ ચાલે છે તેટલું જ તેને અંતસમયે કામ આવે છે; એમ સર્વે શાસ્ત્રો કહે છે. ૧૨. અંતસમયમાં જે રીતે જે જે ઉપયોગી થાય તેના ઉપર જ દોડ રાખવી, એમ અમે તમને હેત કરીને કહીએ છીએ. ૧૩. અમે જે જે વાત કરીએ છીએ તેને સંભારી રાખવી. કારણ કે, અમારી કહેલી વાતમાં સર્વે મોક્ષ રહ્યો છે; તેમાં કોઈ સંદેહ નથી. ૧૪.

सोरठा : संत संत हि तामें, हरिजन हरिजन तिन महीं;
अलोकिक मति यामें, जितना जो वर्तत रहत...१५
भगवानहु के धाम, तामें बैठे जाइकर;
नर अरु एसे वाम, सत्संग भये कहत यह...१६

સંતોને સંતોમાં અને હરિભક્તોને હરિભક્તોમાં જેટલી અલૌકિક બુદ્ધિ રહે છે તેટલા તે બધા ભગવાનના ધામમાં જ જઈને બેઠા છે. આવા જે નર અને નારીઓ છે તેને જ ખરો સત્સંગ થયો છે; એમ અમે કહીએ છીએ. ૧૫-૧૬. જે કાંઈ માયિક પદાર્થ છે તે પણ અતિ ગરજુ થયા વિના ક્યારેય પ્રાપ્ત થતા નથી. જેની ખરી જરૂર હોય ત્યાં કોઈ માન રાખતું નથી. ૧૭. આ ભૂમિ ઉપર જે રાજાઓ પ્રજાને જેટલી પીડે છે, તે રાજાઓને તેમ જ નીતિમાન મોટો રાજા પીડે છે. ૧૮. એવો જે નીતિમાન મોટો રાજા તેને પ્રસન્ન રાખવા માટે બીજા મોટા મોટા રાજાઓ મનમાં અતિ ભાવ દેખાડીને

રાત-દિવસ હાજરાહજૂર રહે છે. તેમાં ક્યારેય પ્રમાદ રાખતા નથી. તે બધા જાણે છે કે, 'અમારું આખું રાજ્ય આ મોટા રાજાને આધીન છે.' ૧૯-૨૦. આવી સમજણ જ્યાં સુધી છે ત્યાં સુધી જ એ રાજા રહે છે. કેમ જે, તે નીતિમાન મોટા રાજાની જે જેટલી મરજી લોપે છે તે તેટલું તેનું ફળ પામે છે. પછી તે ક્યાંય ખોળ્યો પણ મળતો નથી. તે મોટા રાજાનો આવો પ્રતાપ દેખીને બીજા રાજાઓ તેની મરજી લોપતા નથી. ૨૧-૨૨.

જ્યાં કોઈ પ્રતાપ દેખાય નહીં ત્યાં બધા એકબીજાની મર્યાદાને લોપતા રહે છે. જ્યારે પરસ્પર મર્યાદાનો ભંગ કરે છે ત્યારે ત્યાં શાંતિ રહેતી નથી. ૨૩. જ્યારે સદ્‌ગુણો દેખીને એકબીજાની મોટાઈને રાખે-સ્વીકારે ત્યારે જેમાં જેટલા ગુણ રહ્યા હોય તેટલું તેનું સન્માન રખાય છે-જળવાય છે. ૨૪. જેનામાં જેટલા ગુણ હોય તેટલી તેમાં ગુણોએ કરીને મોટપ દેખાય છે.અત્યારે જે પ્રગટ ભગવાન મળ્યા છે એના સમાન બીજું કોણ કહેવાય ? ૨૫. પ્રગટ ભગવાન મળ્યા એ જ સહુથી શ્રેષ્ઠ ગુણ છે. તે પ્રગટને મળેલા ભક્તોનો જેટલો અનાદર કરે તેટલો તેમનો દ્રોહ કર્યો ગણાય. ૨૬. જે તેમનો અનાદર કરી, તેને દબાવીને વર્તે છે તે પોતે પોતામાં મોટપ માની તેનો દ્રોહ કરે છે. ૨૭. એ દ્રોહ કરનારો વાત કરવામાં ઘણો ચતુર હોય તેથી લોકો તો કહે છે કે, 'આ સંતની સમાન બીજા કોઈ સંત નથી.' ૨૮. કેમ જે, જેને વાત કરવામાં જેટલી ચતુરતા હોય તેને લોકો તેટલો સહુથી અધિક માને છે. પણ પ્રગટ ભગવાન મળ્યાની જે મોટપ છે તે મોટપને લોકો દેખતા નથી. એવા લોકો તો કળા-ચાતુર્યને જ મોટપ દેખે છે. પરંતુ **જે ભગવાનના સંબંધના માહાત્મ્યને જાણતા હોય તે તો જેને ભગવાનનો સંબંધ થયો હોય તેવા સંતો અને હરિભક્તોને જ સર્વોપરિ જાણે છે. અને તેટલો તેનો આદર પણ રાખે છે.** ૨૯-૩૧.

જેને પોતાની મોટાઈનું જ એક માન હોય અને ભગવાનનો સંબંધ ન હોય તેવા લોકો પ્રગટ ભગવાનનો જે સંબંધ થયો હોય તેને પણ તુચ્છ કરીને જુએ છે. ૩૨. તે લોકો તેવા ભક્તની મોટપ છુપાવી રાખે છે અને પોતાની મોટપ સહુને અપાર બતાવતા રહે છે, તેમાં તેને તલભાર પણ શરમ

આવતી નથી. તે માની લોકો આ જગતમાં પોતાની મોટાઈ દેખાડવામાં જ અધિક લાભ માને છે. પરંતુ જેને પ્રગટ ભગવાન મળ્યા હોય તેની સમજણ તો અલૌકિક હોય છે. ૩૩-૩૪. આ જગતની જેટલી મોટપ છે તેને તેઓ બંધનરૂપ માને છે અને આ જગતની મોટાઈ છે તે તો વીંછી સમાન છે તેમ તે બુદ્ધિમાન માને છે. ૩૫. જેને પ્રગટ ભગવાન મળ્યા છે તેની આગળ તો આ દુનિયાની જેટલી મોટપ છે અને જે કોઈ મોટાઈ એવું નામ ધરાવે છે તે બધી મોટપ ભીખ માગનારા જેવી છે. ૩૬.

❋ પ્રગટ હરિના વચનમાં રહેવું તે જ સત્સંગ છે :

दोहा : प्रगट हि मिले भगवान हि, ताके बचन तामें;
वरतत वरतावत जोउ, ओर जनकु वामें...३७
एसे संत अरु वर्णि जो, बाई भाई हरिजन;
सत्संग महीं बडे यह, कहत जो तेहि रहन...३८

सोरठा : भगवानहु के जोउ, बचन में ततपर होई;
वरतना नित हि सोउ, निष्कपट निरदंभ होई...३९
सत्संग सबंधी बात, जो जो रहे जितनी जोउ;
निष्कपट जो रहात, कपट तितना कुसंग यह...४०

એવા ભક્તો જે પ્રગટ ભગવાન મળ્યા છે તેના આજ્ઞા-વચનમાં પોતે વર્તે છે અને બીજા લોકોને પણ વર્તાવે છે. આવી રીતે વર્તનારા જે સંતો, વર્ણી અને બાઈ-ભાઈ હરિભક્ત છે તે આ સત્સંગમાં મોટા કહેવાય છે. ૩૭-૩૮. ભગવાનના ભક્તએ ભગવાનના આજ્ઞા-વચનમાં તત્પર થઈને નિષ્કપટ અને નિર્દંભપણે નિત્ય વર્તવું જોઈએ. ૩૯. સત્સંગ સંબંધી જે જે બાબત હોય તે નિષ્કપટ હોવી જોઈએ. તેમાં જેટલું કપટ ભળે તેટલો કુસંગ કહેવાય." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ ખપ અને પ્રગટના મેળાપની મહત્તા કહી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર બાવીશમું : તરંગ - ૨૯

જન્માષ્ટમીનો ઉત્સવ, ડુંગરપુરમાં મૂર્તિ કરાવી. સંતોને ભણવાની વિગત

શ્રીહરિએ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે, "હવે તમે મૃદંગ અને ઝાંઝ વગાડીને ઉત્સવ કરો." ૧. પછી તે ઉત્સવ કરવા લાગ્યા. તેમાં મુક્તાનંદસ્વામીના શ્રીકૃષ્ણ જન્મ સંબંધી પદ ગાતા હતા. ૨. પછી બ્રહ્માનંદસ્વામી તેમના રચેલાં (***બાબા નંદતણે દરબાર નોબત વાજે રે,***) પદ ગાતા હતા. પછી પ્રેમાનંદસ્વામીએ તેમના રચેલાં પદ પણ ગાયા. ૩. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનના જન્મનો સમય થયો ત્યારે બાલમુકુંદને પંચામૃતથી સ્નાન કરાવ્યું. ૪. મોરમુકુટ સહિત બધા શણગાર ધરાવ્યા. જરિયાની જામો પહેરાવ્યો. પછી ભગવાનને પારણામાં બેસાડીને લાવ્યા. પછી હિંડોળામાં પધરાવ્યા. ૫. નૈવેદ્યમાં પંચાજીરી ધરાવી. પછી ધૂપ, દીપ કરીને આરતી કરી. જ્યારે આરતી કરી ત્યારે ઘંટા, ઘડિયાળ, ઢોલ, તાંસા અને નોબત વગેરે વાજિંત્ર વાગતાં હતાં. કેટલાક બંદૂકોના અવાજ થયા. સહુ લોકો 'જય જય...જય જય...' બોલવા લાગ્યા. આ રીતે વર્ણીએ આરતી ઉતારી. ૬-૭.

શ્રીહરિ હિંડોળા પાસે આવીને જ્યારે ઊભા રહ્યા ત્યારે હરિભક્તો ખૂબ ઉત્સાહથી દર્શન કરતાં હતાં. આરતી કરી રહ્યા તે વખતે વર્ણી હરિભક્તોને પંચામૃત અને પંચાજીરી પ્રેમથી આપવા લાગ્યા. જે જે હરિભક્તો પ્રસાદ લેવા આવતા હતા તેને પડિયા ભરી ભરીને દેતા હતા. આ રીતે પડિયા આપતા સવાર થઈ ગયું. પછી સહુ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. સંતો અને હરિભક્તો સ્નાન કરીને આવ્યા. પછી હરિભક્તોએ સહુને પારણા કરાવ્યા. ૮-૧૦.

❋ દાદા ખાચરે કરાવેલી અનોખી રસોઈ :

દરબાર દાદા ખાચરે વર્ણીની પાસે સંતો માટે રસોઈ કરાવી. શ્રીહરિને માટે પણ થાળ કરાવ્યો. તે રસોઈમાં દૂધપાક, પૂરી, બિરંજ અને મોતીચૂરના લાડુ કરાવ્યા હતા. વળી, જલેબી, હરિસો અને પેંડા બનાવરાવ્યા હતા. તથા બરફી, મેસૂબ, સાટા અને શીરો જેવા ઘણા જ શ્રેષ્ઠ પકવાન કરાવ્યા હતા. શાક તો પાર વિનાના કર્યા હતા. આમ, જેટલી ભાતનાં ભોજન છે

તે બધાં કર્યાં હતાં. કેટલીક જાતનાં અથાણાં કરાવ્યાં હતાં જે ગણી શકાતા નથી. ૧૧-૧૩. તે બધાં ભોજનોનો થાળ લાલજીને ધરાવ્યો. પછી પહેલા શ્રીહરિ જમ્યા. તે પછી સંતો તથા પાર્ષદોને જમાડ્યા. પછી જેટલા ગામેતી-ગામધણી કાઠી દરબારો હતા તેમજ જે નામચીન-પ્રખ્યાત હરિભક્તો હતા તેને પણ જમાડ્યા. ૧૪-૧૫. જે હરિભક્તો બહાર ગામથી આવ્યા હતા તે બધા શ્રીહરિને પગે લાગીને પોતાને ગામ જવા માટે ચાલતા થયા. આ રીતે ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ સારો થયો. ૧૬

❋ સંતોનું સત્સંગ વિચરણ :

બુરાનપુર સુધી, ભુજ સુધી, સિદ્ધપુર અને સુરત સુધીમાં હરિભક્તોના જેટલા પ્રદેશો હતા; તે દરેક દેશમાં સંતોનું એક એક મંડળ સત્સંગ કરાવવા માટે શ્રીહરિએ નક્કી કર્યું. તે સહુ સંતોને ભેટીને શ્રીહરિએ ફરવા જવા માટેની આજ્ઞા કરી. પછી જે સંતો માટે જે દેશ નક્કી કર્યો હતો ત્યાં જવા માટે તે નિપુણ સંતો ચાલતા થયા. તે સંતો શ્રીહરિ જે આજ્ઞા કરે તેમાં જ પરમ સુખ માનતા હતા. ૧૭-૧૯. શ્રીહરિનાં વચન જે જેટલાં માને છે તેટલું તેનાં અંતરમાં સુખ રહે છે. જે રમતા સંતો કહેવાતા હતા તે પણ સત્સંગમાં ફરવા માટે ચાલ્યા. **જે કોઈ પ્રેમથી શ્રીહરિનાં જેટલાં વચન માનતાં હતાં તેટલી તેના ઉપર શ્રીહરિની પ્રસન્નતા થતી હતી.** ૨૦-૨૧

❋ ડુંગરપુરમાં કરાવેલી મૂર્તિઓની માહિતી :

તે વખતે નરનારાયણ દેવની મૂર્તિ લેવા માટે ચાર સંતો અને હીરાભાઈ સલાટ-શીલ્પીને ડુંગરપુર મોકલ્યા. તેમની સાથે એક બીજા કમાભક્ત નામના પાર્ષદને મોકલ્યા. ૨૨-૨૩. તે સંતોમાં નિષ્કામાનંદસ્વામી, જુક્તાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી અને પ્રભાનંદસ્વામી- એ ચારને શ્રીહરિએ જમીને પોતાના થાળની પ્રસાદી આપી. ૨૪. પછી તેમને શ્રીહરિ ભેટ્યા અને ફૂલના હાર આપ્યા. તેઓ ડુંગરપુર ગયા અને ચાર મૂર્તિ કરાવી. ૨૫. બે મૂર્તિ બબ્બે ગજની કરાવી અને બે મૂર્તિ સવા સવા ગજની કરાવી. આ મૂર્તિઓ કરવામાં ગુલાબ નામનો સલાટ મુખ્ય હતો. ૨૬. ચાર સલાટોએ મળી, એક દિલ થઈને તે અમૂલ્ય મૂર્તિઓ બનાવી હતી. તે કામમાં ચાર માસ જેટલો સમય

લાગ્યો હતો. ૨૭. જ્યારે મૂર્તિઓ બની ગઈ ત્યારે તેને અમદાવાદ લાવ્યા. જન્માષ્ટમીનો ઉત્સવ કર્યા પછી શ્રીહરિ ગઢપુરમાં જ રહ્યા હતા. શ્રીહરિએ ગઢપુરમાં રહીને સહુની આગળ જે વાત કહી હતી તે વાત મને અત્યારે જેટલી યાદ આવે તેટલી હું કહું છું. ૨૮-૨૯. કરોડો વાતોમાંથી કોઈ એક વાતના કરોડ વિભાગ કરીએ, તેના એક ભાગના કરોડ ભાગ કરીએ, તેના એક ભાગ જેટલી જે વાત મને યાદ આવે છે તે હું લખું છું. શ્રીહરિએ કેટલાક ભણનારા સંતોને કારિયાણી ગામમાં રાખ્યા. ૩૦-૩૧.

❋ ભણનારા સંતોની વિગત :

કેટલાક ભણનારા સંતો હતા તેમને બોટાદ ગામમાં રાખ્યા હતા. તે સંતો કાવ્ય, કોષ અને સારસ્વત નામના વ્યાકરણને ભણતા હતા. તેમાં જે સંતો કારિયાણી ગામમાં હતા, તેને હવે વિગત કરીને કહું છું. ૩૨-૩૩. સારસ્વત વ્યાકરણના આચાર્ય પરમાનંદસ્વામી હતા. કાવ્ય તથા કોષના આચાર્ય ભજનાનંદ મુનિ કહેવાતા હતા. ૩૪. જેટલા સંતો સિદ્ધાંતકૌમુદી અને તેની ટીકાના ગ્રંથોને ભણતા હતા, તે દશ-બાર જેટલા સંતો ગઢપુરમાં રહીને ભણતા હતા. તેમને સિદ્ધાંતકૌમુદીના આચાર્ય નિત્યાનંદસ્વામી ભણાવતા હતા. ૩૫-૩૬. નિત્યાનંદસ્વામી પુરાણો અને રામાનુજાચાર્યના ગ્રંથોને ભણાવવામાં ઘણા નિપુણ હતા. ૩૭. યોગશાસ્ત્રના સર્વ ગ્રંથ, ધર્મશાસ્ત્રના ગ્રંથ અને જ્યોતિષના ગ્રંથ- તેને ભણાવવામાં ગોપાળાનંદસ્વામી તત્પર રહેતા હતા. તેઓ સાંગોપાંગ તે ગ્રંથોને ભણ્યા હતા. અને જેટલી યોગકળાઓ છે તેને તેમણે સિદ્ધ કરી હતી. ૩૮-૩૯ શ્રીહરિના પ્રતાપથી સંતોએ આ બધી બાબતોને સિદ્ધ કરી હતી. જ્યારે તે સહુ સંતો શ્રીહરિને શરણે આવ્યા ત્યારે તો તે સંતો અમાપ શક્તિવાળા થઈ ગયા હતા." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જન્માષ્ટમીનો ઉત્સવ, ડુંગરપુરમાં મૂર્તિ કરાવી અને સંતોને ભણવાની વિગત કહી" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર બાવીશમું : તરંગ - ૩૦

ગઢડા મધ્ય પ્રકરણનું તેરમું વચનામૃત

શ્રાવણ વદિ અમાસને દિવસ પરમ આનંદના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની ઓસરીમાં ચાકળા ઉપર વિરાજમાન થયા હતા. ૧-૨. ત્યારે શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪.

પછી પરમ નિપુણ શ્રીજીમહારાજે પોતાના બંને હાથ ઊંચા કરીને તાળી વગાડી, જે ભક્તજનો બોલતા હતા તેને છાના રાખ્યા. પછી આરતી, ધૂન અને સ્તુતિ કરીને બેઠેલા સંતો પ્રત્યે શ્રીહરિ હેતથી બોલ્યા, "હે સંતો ! જે મોટેરા મોટેરા હો અને વાતમાં સમજતા હો તે આગળ આવીને બેસો. અમે એક વાત કરીએ છીએ. ૭. તમે સર્વે ચિત્ત દઈને અમે જે વાત કરીએ તેને કાન દઈને સાંભળો. આ અમારી જેમ છે તેમ જ વાત કરવી છે, પણ કાંઈ દંભે કરીને આ વાત કરવી નથી. તથા કોઈ પ્રકારના માને કરીને પણ આ વાત કહેવી નથી; તેમ તમે સહુ ચોક્કસ જાણો. ૮-૯ તથા પોતાની મોટપ વધારવા માટે આ વાત કરવી નથી. એ તો અમે એમ જાણીએ છીએ જે, આ બધા સંતો અને હરિભક્તોમાંથી કોઈને આ વાત સમજાય જાય તો તેના જીવનું તત્કાળ અતિ રૂડું થાય. ૧૦-૧૧. તે માટે જ અમે આ વાત કરીએ છીએ. તેમાં અમારો બીજો કોઈ મતલબ-સ્વાર્થ નથી. આ જેટલી વાત અમે કહેવાના છીએ તે દેખીને કહીએ છીએ. અમારા અનુભવે કરીને સિદ્ધ કરેલી આ વાત છે. સર્વ શાસ્ત્રમાં પણ તે વાત મળતી આવે છે. ૧૨-૧૩.

❋ શ્રીહરિ પોતાના નિમિત્તે મહામુક્તની જ્ઞાનપક્વતા વર્ણવે છે :

જો કે, આ વાત સભામાં કરવા યોગ્ય નથી તોપણ સભામાં કરીએ છીએ જે, **અમારે સહજ સ્વભાવે એમ વર્તે છે કે, આ સંસારમાં અતિ રૂડા શબ્દ તથા અતિ રૂડા સ્પર્શ, અતિ રૂડો ગંધ, અતિ રૂડું રૂપ તથા અતિ રૂડો રસ- એવા જે પંચવિષય; તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તોપણ તેમાં**

બંધાતું નથી. પણ સારા-નરસા જે વિષય તેમાં અતિ ઉદાસ જ રહે છે. ૧૪-૧૭. જેટલા સારા-નરસા પંચવિષય દેખવામાં આવે છે તે બંને મને સમ વર્તે છે. તથા રાજા અને રંક સમ દેખાય છે. ૧૮. ત્રિલોકીનું રાજ્ય કરવું અને ભિક્ષાપાત્ર લઈને માગી ખાવા માટે ઘેર ઘેર ફરવું, તે પણ સમ વર્તે છે. ૧૯.

વળી, હાથીના હોદ્દા ઉપર જઈને બેસવું તથા પગે ચાલીને જવું, તે પણ સમ વર્તે છે. ૨૦. કોઈ ચંદન, પુષ્પ તથા સારા વસ્ત્રાભૂષણ લાવી અપાર હેતથી અમને ચઢાવે કે ધૂળ નાખે અને ડારો દે, તે બંને પણ સમ વર્તે છે. અમે તો એક મૂર્તિમાં ચિત્ત પરોવી દીધું છે. કોઈ અમારું માન કરે અથવા અપમાન કરે, તે બંને પણ અમને સમ વર્તે છે. ૨૧-૨૨. અમૂલ્ય સોનું, રૂપું, હીરા અને કીચડ- તે બંને મને સમ વર્તે છે. વળી, આ હરિભક્ત મોટો છે અને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું. જેટલા હરિભક્ત છે તે સમાન દેખાય છે. અને મારાં અંતઃકરણમાં અતિ તીવ્ર વૈરાગ્ય રહ્યો છે, તેનો પણ મને કાંઈ ભાર(સ્વશ્રેષ્ઠતાનું વજન, પ્રભાવ) જણાતો નથી. જેમ કોઈએ માથા ઉપર પથ્થર લીધો હોય તેમજ રૂપિયા કે સોનામહોરની થેલી કમર સાથે બાંધી હોય તેનો જેમ ભાર જણાય તેમ તીવ્ર વૈરાગ્યનો મને ભાર જણાતો નથી. અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર જણાતો નથી. મારે વિષે જ્ઞાન છે જે, **'હું તો બ્રહ્મ છું, કોઈ દિવસ જીવ હતો નહિ,' તેનો પણ કાંઈ ક્યારેય ભાર જણાતો નથી.** ૨૩-૨૮.

चोपाई :

अरु यह जोउ उपर से जेहा, कोउक पदार्थ तिनकु तेहा;
वखाण करत हु वेर वेरा, कोउ पदार्थ कु कोउ फेरा...२९
कुवखाणत रहे कोउ वेरी, जानी जानीके करत हुँ एरी;
अरु जो जो पदार्थ यह ताके, विशे इंद्रियुं की वृत्ति वाके...३०
बलात हि कार करीके जेहू, जोडत रहेउ तामें तेहू;
मांड हि मांड हि पदार्थ तिनके, सन्मुख रहत हे जोउ इनके...३१

અને આ જે હું ઉપર ઉપરથી કોઈક પદાર્થને વારંવાર વખાણું છું અને કોઈ પદાર્થને કોઈ વખતે કુવખાણું છું, તે તો જાણી જાણીને તેમ કરું છું. અને જે જે પદાર્થને વિષે ઇન્દ્રિયોની વૃત્તિને હું બળાત્કારે જોડું છું ત્યારે માંડ

માંડ તે પદાર્થ સન્મુખ ઈન્દ્રિયો રહે છે. ૨૯-૩૧. અને જ્યારે હું ઈન્દ્રિયોને ઢીલી મૂકું છું ત્યારે તે તરત પાછી વળી આવે છે.

જેમ આકાશને વિષે પથ્થરને ફેંકીએ તે જ્યાં સુધી હાથના જોરે કરીને ઠેલાય ત્યાં સુધી આકાશને વિષે તે પથ્થર રહે. ૩૨-૩૩. પછી તે પથ્થર પાછો પૃથ્વી ઉપર આવીને પડે છે. વળી, જેમ કોઈક પૂંછલેલ(શક્તિહીન) પશુ હોય તેને માણસ બળ કરીને પકડી રાખે તેટલીવાર તે ઊભું રહે અને જ્યારે છોડી દે ત્યારે ધબ દઈને પડી જાય. ૩૪-૩૫. અને જેમ કોઈક પુરુષ ગમે તેટલો બળિયો હોય ને તે દાંતથી સોપારીને ભાંગી નાખે એવો હોય, પણ તે જ પુરુષને દસ-વીશ લીંબુ ચુસાવ્યાં હોય તો શેકેલા ચણા પણ તેનાથી માંડ માંડ ચવાય. તે રીતે જ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ ત્યારે માંડ માંડ જોડાય છે. અર્થાત્ જ્યાં સુધી મને ભક્તો ઉપર દયા રહે છે ત્યાં સુધી તે દયાએ કરીને તેમણે આપેલા વિષયમાં પરાણે વૃત્તિ રહે છે. (પછી તરત જ વૃત્તિ પાછી હૃદયાકાશમાં વળી આવે છે.) ૩૬-૩૯. આવી રીતે જે અમને વર્તે છે તેનું કારણ હવે કહીએ છીએ. કેમ જે, કહ્યા સિવાય તે જણાતું નથી.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું તેરમું ચાલું વચનામૃત કહ્યું” એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર બાવીશમું : તરંગ - ૩૧

ગઢડા મધ્ય પ્રકરણનું તેરમું ચાલું વચનામૃત

❋ શ્રીહરિ પોતાના વર્તનથી મહામુક્તની સ્થિતિ કહે છે :

પછી શ્રીજીમહારાજ પોતાના વર્તનની બાકીની જે વાત તેને કહેવા લાગ્યા. ૧. (એવી રીતે જે અમને વર્તે છે તેનું શું કારણ છે ? તો) “મારા ઈન્દ્રિયોની જેટલી વૃત્તિ છે તે બધી પાછી વળીને હૃદયમાં જે આકાશ છે તેને વિષે રહે છે. અને તે હૃદયાકાશને વિષે અતિશય તેજ રહ્યું છે. જેમ

ચોમાસામાં આકાશને વિષે વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારાં હૃદયને વિષે અપાર તેજ વ્યાપી રહ્યું છે. તે તેજને વિષે ચોક્કસરૂપમાં એક ભગવાનની મૂર્તિ નિરંતર દેખાય છે. ૨-૫.

चोपाई :

अति प्रकाशमय रहे तेही, मूर्ति यह घनश्याम रहेही;
तोउ पण अतिशे तेज करीता, श्याम नहि जनावत रहीता...०६
अतिशे श्वेत जनावत ताही, मूर्ति रहे द्विभुजकर वाही;
दोउ चरण रहाये तिनके, अति मनोहर रूप रहे इनके...०७
चार भुज के अष्ट भुज जेहू, के सहस्र भुज हि जोउ तेहू;
यह मूर्ति कु नहीं रहाते, यह मूर्ति अति सौम्य देखाते...०८

એ મૂર્તિ અતિશય પ્રકાશમય છે અને ઘનશ્યામ છે, તોપણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી; પણ તે મૂર્તિ અતિશય શ્વેત જણાય છે. તે મૂર્તિ દ્વિભુજ છે, તે મૂર્તિને બે ચરણ છે અને તેનું અતિ મનોહર રૂપ છે. ૬-૭. પણ તે મૂર્તિને ચાર ભુજ, અષ્ટ ભુજ કે સહસ્ર ભુજ નથી. તે મૂર્તિ તો અતિશય સૌમ્ય છે. ૮. અને તે મૂર્તિની આકૃતિ મનુષ્યના જેવી છે અને કિશોર છે. ક્યારેક તો તે મૂર્તિ એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી હોય એમ દેખવામાં આવે છે. અને ક્યારેક હરતી-ફરતી દેખાય છે ને ક્યારેક મંદ મંદ હાસ્ય કરતી દેખાય છે. ૯-૧૦.

❋ પ્રગટનો મહિમા સ્વીકારાય એટલા દોષોનો નાશ થાય :

અને તે મૂર્તિની ચારેકોર મુક્તનાં ઘણાં મંડળ ભરાઈને બેઠા છે અને તે બધા મુક્તો એક નજરે કરીને ભગવાનની તે મૂર્તિ સન્મુખ જોઈ રહ્યા છે. **તે મૂર્તિને અમે પ્રેમે કરીને પ્રગટ પ્રમાણ અત્યારે પણ નિત્ય દેખીએ છીએ. અને સત્સંગમાં આવ્યા નહોતા ત્યારે પણ દેખતા. અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ અમે દેખતા. ૧૧-૧૪. અને ગર્ભમાં આવ્યા પહેલા પણ દેખતા. અત્યારે અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ; આ વાતને તમે ચોક્કસ જાણજો. અને તમે બધા પણ ત્યાં જ બેઠા છો; એમ હું દેખું છું.** ૧૫-૧૬. પણ આ ગઢપુર શહેર કે આ

ઓરડાની ઓસરી, આ કાંઈ અમને દેખાતું નથી. અને આ સ્વરૂપ જ્યારે જેને જાણવામાં આવે ત્યારે તેને પણ અમને જેમ કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ નહિ રહે. અને તે સ્વરૂપને તો તમે બધા પણ દેખો છો. પણ તે તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે આ વાત સમજાશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવને જીતવામાં પ્રયાસ પડશે નહિ, સહેજે જ તે જિતાઈ જશે. સમજ્યા વિના એ બાબત કઠિન છે. ૧૭-૨૧.

अरु एक रस तेज रहे जेहु, आत्मा तिनकु ही कहिये तेहु;
तथा ब्रह्म कहिये जो तेहि, अक्षरधाम कर कहिये एहि...२२
अरु यह प्रकाश रहे तिनके, विषे रहे भगवान की इनके;
मूर्ति हि तिनकु आत्मा ताके, तत्त्व हि करीके कहिये वाके...२३
तथा परब्रह्म कर हि कहिये, तथा पुरुषोत्तम कर लहिये;

અને એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ તથા તેને અક્ષરધામ કહીએ. ૨૨. અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. અને તે જ ભગવાન રામ-કૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઈચ્છાએ કરી જીવોનાં કલ્યાણ કરવાં માટે યુગ યુગને વિશે પ્રગટ થાય છે. અને તે ભગવાન ક્યારેક તો બે તત્ત્વ ગ્રહણ કરીને પ્રગટ થાય છે, ક્યારેક ચાર તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે, ક્યારેક પાંચ તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે, અને ક્યારેક ચોવીશ તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે. અને ક્યારેક તો તે શ્રીહરિ કૈવલ્યરૂપે પ્રગટ દેખાય છે. **માટે આ લોકમાં ભગવાન મનુષ્ય જેવા દેખાય છે તોપણ તે ક્યારેય મનુષ્ય જેવા નથી. જે ભગવાન મનુષ્ય જેવા દેખાય છે તોપણ તે અક્ષરધામના પતિ છે.** ૨૩-૩૦. એ વાત શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम।। *(गीता:१५/१६)*

આ શ્લોકે કરીને પરમ પ્રેમથી કહી છે. માટે તે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તોપણ અક્ષરાતીત કૈવલ્યમૂર્તિ જ છે. ૩૧-૩૨. અને ભગવાન જે મનુષ્યના જેવો દેહ ધારણ કરે છે, તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે, તે ધ્યાનના કરનારાને આ મૂર્તિ તેજોમય અક્ષરધામમાં જેવી છે તેવી જ કૈવલ્યસ્વરૂપે ભાસે છે. ૩૩-૩૪. એ રીતે ધ્યાન કરનારો જીવ સહજ રીતે માયાને તરી જાય છે અને સહજ સ્વભાવે પરમપદને પામે છે. ૩૫. માટે ભગવાન મનુષ્યદેહને ધારણ કરે છે તોપણ કૈવલ્યરૂપે જ રહ્યા છે. આ વાત તે ચોક્કસ આમ જ છે. ૩૬. અને તે ભગવાન જે જગ્યામાં રહ્યા હોય તે જગ્યા પણ નિર્ગુણ થઈ જાય છે, તે વાત પણ નિશ્ચિત છે. ૩૭. અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહનાદિક પણ નક્કી નિર્ગુણ છે. ૩૮. અને એ ભગવાનની પરિચર્યા-સેવાના કરનારા જે સેવક અને ખાન-પાનાદિક અપાર પદાર્થ, તે બધાંનાં નામ (તથા આકાર ભલે) તેના તે રહે પણ ભગવાનનો સંબંધ થવાથી તે સર્વે નિર્ગુણ થઈ જાય છે." ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું તેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર બાવીશમું : તરંગ - ૩૨

ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું તેરમું વચનામૃત પૂર્ણ

વળી, શ્રીહરિ વાત કરવા લાગ્યા કે, "અમે કહ્યું એ રીતે જે ભગવાનના પવિત્ર સ્વરૂપને જાણે છે તેને અમારી જેમ જ પંચવિષય બંધનરૂપ જણાય છે, પછી તેમાં લેશ પણ પ્રીતિ રહેતી નથી. ૧-૨.

सोरठा : **अरु स्वतंत्र हि होउ, अक्षरातीत एसे जेहि;**
पुरुषोत्तम हि सोउ, भगवान जो रहे तेहि...०३
तेहि ज सब अवतार, ताके यह कारण रहेउ;
अवतार वार वार, पुरुषोत्तम तिनसे रहे...०४

સર્વ અવતારનું કારણ પુરુષોત્તમનારાયણ છે, અને તે ભક્ત સ્વતંત્ર થાય છે. આવા અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારોનું કારણ છે. સર્વે અવતારો આ પુરુષોત્તમનારાયણથી વારંવાર પ્રગટ થાય છે. અને તે પુરુષોત્તમમાં જ ફરી લીન થઈ જાય છે. તે ભગવાન જ્યારે મૂર્તિ ધારણ કરીને પાછા અંતર્ધાન થાય છે ત્યારે તે ભગવાનની જે મૂર્તિ હોય તે ક્યારેક તો મનુષ્યની રીતે પૃથ્વી ઉપર જ પડી રહે છે. ૩-૬.

તે જેમ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને લઈને સુજ્ઞ રુક્મિણીજી બળી ગયા; એમ પણ થાય છે. ૭. અને ક્યારેક તો હાડ-માંસે સહિત સંપૂર્ણ દિવ્યભાવ પામીને કાંઈ બચે નહિ, તે રીતે અંતર્ધાન થઈ જાય છે. ૮. અને તે ભગવાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે પણ ક્યારેક એવું દેખાય છે કે, સ્ત્રી થકી જન્મ ધારણ કરે ને ક્યારેક તો પોતાની ઈચ્છામાં આવે ત્યાંથી પ્રગટ થઈ આવે છે. આમ, ભગવાનની જન્મ અને દેહ મૂકવાની જે રીત તે પ્રીત ઉપજાવે તેવી અલૌકિક હોય છે. ૯-૧૦. **જ્યારે એવું ભગવાનનું જે સ્વરૂપ છે તેને અમે કહ્યું તે રીતે દૃઢપણે કરીને સમજશો ત્યારે તમને કલ્યાણના માર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન નહિ થાય, તેમ તમે જરૂર જાણો. આમાં તલભાર પણ ખોટું નથી. ૧૧-૧૨.** એ ભગવાનના સ્વરૂપની દૃઢતા કર્યા વિના ગમે તેટલો ત્યાગ રાખો કે ગમે તેટલા ઉપવાસ કરો, પણ તેનાથી ક્યારેય ખામી ભાંગશે નહિ. આ વાત સત્ય અને ચોક્કસ કહું છું. ૧૩-૧૪.

અને જો તમે એમ કહેશો કે, અમને તો તમે જેવી કહી તેવી જ ભગવાનના સ્વરૂપની ચોક્કસ દૃઢતા છે, તોપણ આ ઈન્દ્રિયો અને પ્રાણ કેમ લીન થતા નથી ? તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ કરીને એમ રહ્યું છે, એમ સમજવું. ૧૫-૧૬. માટે અમે જેમ આ વાત કહી તેને તેમ જ તમારે પ્રેમથી સમજવી. કેમ જે, તે સમજ્યા પછી તેને કાંઈ કરવું રહ્યું નથી. તે ભક્ત તો કૃતાર્થ થઈ ગયો છે. ૧૭. વળી, તે ભક્ત બધા સાધનોના અંતને નક્કી પામી ગયો છે. અને જેને ભગવાનના સ્વરૂપની આવી દૃઢતા હોય તેને નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ- એ પંચવ્રતમાનમાં

કદાચ થોડી ઘણી કાચપ રહી જાય તો તેની કાંઈ ચિંતા રાખવી નહિ, પણ અમે કહ્યું તેવી સમજણ પાકી રાખવી. ૧૮-૨૦.

પરંતુ જો તમે ભગવાનનાં પરમ અનુપમ તે સ્વરૂપને સમજવાની બાબતમાં કોઈ રીતની કસર રાખશો, તો તેનો વાંધો કોઈ રીતે ભાંગે એવો ચોક્કસ નથી. માટે છતે દેહે જે પ્રકારે અમારું આવું રહસ્ય સમજાય જાય તેવો ઉપાય કરવો. આમાં જેટલું રહસ્ય છે તેણે સહિત જો આ વાત યથાર્થરૂપમાં જેને સમજાણી હોય, અને પછી કોઈ પ્રારબ્ધકર્મે કરીને તેને ઉચ્ચ-નીચ દેહની પ્રાપ્તિ થઈ જાય, તોપણ તેને આ જ્ઞાન રહે છે. ૨૧-૨૪. વૃત્રાસુરની જેમ તેનું જ્ઞાન નાશ પામતું નથી. તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તોપણ પૂર્વજન્મનું જ્ઞાન તેને ટળ્યું નહિ, એવું આ જ્ઞાનનું અતિ માહાત્મ્ય છે. ૨૫-૨૬. વળી નારદજી, શુકદેવજી અને સનકાદિક જેવા મોટા સિદ્ધો તથા બ્રહ્માદિક દેવોની સભામાં પણ નિરંતર આવી વાતો થતી રહે છે. તેઓ આ વાતને વારંવાર કહેતા-સાંભળતા ધરાતા નથી; એવી મહિમાવંતી આ વાત છે. ૨૭-૨૮.

✻ શાસ્ત્રો સત્પુરુષ દ્વારા જ સમજાય છે :

चोपाई :

भगवत स्वरूप सबंधी एसी, वारता शास्त्र में सुँ तेसी;
हम जेसे गुरु बिन कोउ दिनही, जथार्थ समझे न आवत कीनही...२९
सद्ग्रंथु में एसी हि रीता, वारता तेहि होय खचीता;
पण सत्पुरुष प्रगट होय जबही, तिनके मुख करीके तबही...३०
समझेमें आवत यह बाता, पण बुद्धि करी कबु न समझाता;
एसी हि रीत करी जथार्थ जिनकू, भगवान के स्वरूप जो तिनकू...३१

આવી ભગવાનનાં સ્વરૂપ સંબંધી વાતો તો અમારા જેવા ગુરુ પાસેથી સમજ્યા સિવાય શાસ્ત્રોમાંથી પણ યથાર્થરૂપમાં કોઈ દિવસ કોઈથી સમજી શકાતી નથી. ૨૯. **સદ્ગ્રંથોમાં આવી વાતો જરૂર હોય છે, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ હોય ત્યારે તેનાં મુખથી જ આ વાત સમજાય છે; પણ પોતાની બુદ્ધિએ કરીને ક્યારેય સમજાતી નથી.** આ જ રીતે જેને ભગવાનનું સ્વરૂપ

યથાર્થરૂપે દૃઢપણે કરીને સમજ્યામાં આવ્યું હોય તેને તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળમાં દૃષ્ટિ પહોંચતી હોય તોપણ એ વાતનો તેને કોઈ જ ગર્વ હોય નહિ. વળી, તે જ્ઞાની પુરુષ કોઈને વર કે શાપ દે નહિ અને કોઈ ઠેકાણે વર કે શાપ દે પણ ખરા. ૩૦-૩૩.

તેઓ કોઈક ઠેકાણે નિર્ભય રહે અને કોઈક ઠેકાણે બીવે પણ ખરા; પરંતુ તેણે કરીને પોતે મનમાં હર્ષ કે શોક લાવે નહિ. રાત્રિ-દિવસ તેનું મન એક ભગવાનમાં જ નિમગ્ન રહે છે. ૩૪. અને જેને અમે કહ્યો તેવો ભગવાનનો દૃઢ આશ્રય હોય તે ભક્ત ક્યારેય જાણીને તો કોઈ અયોગ્ય કર્મ કરે જ નહિ. ૩૫. પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકના યોગે કરીને તેનાથી ન કરવાનું કામ થઈ જાય, તોપણ ભગવાનનો દૃઢ આશ્રય છે. તેથી તે કલ્યાણના માર્ગથી પડી જાતો નથી. માટે આવો જે ભગવાનનો દૃઢ આશ્રય છે તેના જેવો નિર્વિઘ્ન માર્ગ બીજો કોઈ નથી. આ રીતે આ વાત જેને સમજાણી હોય તેનો સહુથી અધિક મોટો આશય હોય છે. જુઓને, અમારે પરમહંસ તથા હરિભક્તો પાસેથી કોઈ પ્રકારનો જરા પણ સ્વાર્થ સાધવો નથી, તોપણ અમે વારંવાર કોઈને બોલાવીએ છીએ, કોઈને વઢીએ છીએ, કોઈને કાઢી મૂકીએ છીએ; પણ તેનું પ્રયોજન એ જ છે કે, કોઈ રીતે આ વાત સમજાય જાય તો તેનું બહું જ ભલું થાય. માટે આ વાર્તાનો અભ્યાસ દૃઢ કરીને રાખજો. તેનાથી અજ્ઞાનરૂપ અંધારાનો જરૂર નાશ થઈ જાશે. ૩૬-૪૨.

अरु तेज के विषे मूर्ति जेहा, तेही ज या प्रत्यक्ष हि तेहा;
महाराजहु की मूर्ति रहेऊ, एसे जानियो तुम हि तेऊ...४३
अरु एसे जो जाने में न आवे, तोउ ईतना जरुर रहावे;
जानज्यो तुम एसी हि रीता, अक्षररुप जो तेज कहीता...४४
ते तेज में मूर्ति जो रहाये, ते मूर्तिकु महाराज ताये;
प्रत्यक्ष हि देखत हे जोऊ, इमि जानोगे तो पण सोऊ...४५
तुमारे मेरे विषे हीता, रेव हि जरुर हि तेही करीता;
तुमारे जो परम कल्याना, होव हि निश्चे करीके जाना...४६

અને 'જે તેજને વિશે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજની મૂર્તિ છે' એમ તમે જાણજ્યો. ૪૩. અને જો એમ ન જણાય તો એટલું તો તમે જરૂર

જાણજ્યો કે, 'અક્ષરરૂપ જે તેજ છે, તે તેજમાં જે મૂર્તિ રહી છે તે મૂર્તિને મહારાજ પ્રત્યક્ષ દેખે છે.' એમ જાણશો તોપણ તેણે કરીને તમને મારે વિષે જરૂર હેત રહેશે. તેથી તમારું પરમ કલ્યાણ થશે; એમ તમે નક્કી જાણજો. ૪૪-૪૬. **અને અમે જે આ વાત કરી છે તેને નિત્ય નવી ને નવી રાખજો, પણ ગાફલ થઈને તેને ક્યારેય કોઈ વિસારી દેશો નહિ. ૪૭.** આજે જેવી છે તેવી ને તેવી કાલ પણ નવીન રાખજો. અને તેવી ને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ રોજે રોજ અતિશય નવી ને નવી ખાસ રાખજો. અને ભગવાનની જે જે વાતો કરો તે તે વાત કરવામાં ખટકો રાખીને આ વાતનું બીજ લાવજો; એવી અમારી તમને સહુને જરૂર આજ્ઞા છે. ૪૮-૫૦.

આ વાર્તા તો એવી બહુ જ જીવનદાર છે, અર્થાત્ અત્યંત લાભકારી છે. તેમ જાણીને દેહપર્યંત નિત્ય પ્રત્યે આ વાત કરતા રહેજો. ૫૧. અને દેહ મૂક્યા પછી પણ ભાગવતી તનુ પામીને આ જ વાત જરૂર કરવાની છે. માટે આ વાતને ક્યારેય ભૂલી જતા નહિ. ૫૨. અમે તમને સહુને ઘણા હેતથી આ વાત કહી છે. તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. અને અનુભવમાં પણ એમ જ દૃઢ રહે છે. ૫૩. કેમ જે, તમને જે વાત કહી તે અમે પ્રત્યક્ષ નજરે જોઈને પ્રેમથી કહી છે. અને જો અમે આ વાત પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે." આ રીતે શ્રીહરિએ પોતાના ભક્તજનો પ્રત્યે સાચી વાત સમજાવવા માટે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાત કરી. ૫૪-૫૬. આ વાત સાંભળીને સર્વે સાધુ તથા સર્વ હરિભક્તોએ એમ માન્યું કે, **'જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે. તે જીવોના મોક્ષરૂપી કાર્ય કરવા માટે જ આપણને મળ્યા છે, તે આપણું મોટું ભાગ્ય છે.** ૫૭-૫૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું તેરમું વચનામૃત પૂર્ણ થયું" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર બાવીશમું : તરંગ - ૩૩

ગઢડા મધ્ય પ્રકરણનું ચૌદમું વચનામૃત

ભાદરવા સુદિ પ્રતિપદાને દિવસ જગદ્‌વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની પાસે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને ફેંટાની ઉપર રાતા કર્ણિકારના પુષ્પનું છોગું વિરાજમાન હતું. ૧-૪. અને સુંદર, સુશોભિત કુંકુમનો ચાંદલો લલાટને વિષે વિરાજમાન હતો. તેની શોભા કહી શકાતી નથી. ૫. અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૬.

❋ નિરુત્થાન નિશ્ચય એ જ નિર્વિકલ્પ સમાધિ છે :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનના સ્વરૂપમાં જે સંત તદાત્મકપણાને પામે છે તે સમાધિએ કરીને પામે છે કે તેનો બીજો પણ કોઈ ઉપાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૭-૮. "જેણે ભગવાનના અનુપમ સ્વરૂપને કાલે અમે કહ્યું તે રીતે યથાર્થરૂપમાં જાણ્યું હોય અને તેમાં ક્યારેય કોઈ જાતનું ઉત્થાન રહ્યું ન હોય, ૯. જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એકવાર જાણી લીધા પછી કોઈ વાર મનમાં સંકલ્પ થાતો નથી કે, 'આ લીંબડો હશે કે નહિ હોય ? એવી રીતે ગમે તેવાનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે, પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો મનમાં જે નિશ્ચય કર્યો હોય તેનાથી મન ડગમગે નહિ. ૧૦-૧૨. આ રીતે જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય થયો હોય તેને અમે તદાત્મકપણું કહીએ છીએ. અને તેને જ સમજીને નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ, તેમ નિશ્ચય જાણો. ૧૩-૧૪.

सोरठा : एसी हि रीत्य की जाहि, निर्विकल्प समाधि जोऊ;
भये संत के ताहि, स्वरूप निर्गुण ब्रह्म रहे...१५
एसे अडग हि जेहि, निश्चे वारे संत तेउ;
निवृत्ति मारग तेहि, वरते वा प्रवृत्ति मग हि...१६

આવી રીતની જેને નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તેવા સંતનું સ્વરૂપ પણ નિર્ગુણબ્રહ્મ જ છે. ૧૫. આવા અડગ નિશ્ચયવાળા સંત તે નિવૃત્તિ માર્ગમાં પ્રવર્તે કે પ્રવૃત્તિ માર્ગમાં પ્રવર્તે, તોપણ તે નિર્ગુણ સ્વરૂપ જ છે. જેમ નારદજી અને સનકાદિક નિવૃત્તિ માર્ગમાં પ્રવર્ત્યા છે અને સપ્તર્ષિ તથા જનક આદિક સારા રાજાઓ થયા હતા તે બધા પ્રવૃત્તિ માર્ગમાં પ્રવર્ત્યા હતા તેમ દેખાય છે. ૧૬-૧૮. પણ તે બધા ભગવાનના દૃઢ નિશ્ચયે કરીને નિર્ગુણ થયા, તેમ જાણવું. તેમાં ક્યારેય સંશય કરવો નહિ. ૧૯. અને જે નિવૃત્તિ માર્ગમાં પ્રવર્ત્યા હોય અને તેને જો ભગવાનનો દૃઢ નિશ્ચય ન હોય તો તેઓ માયિક ગુણે કરીને સગુણ છે એમ જાણવા. અને એમ જાણવું કે આ દેખાવમાં તો અપાર ત્યાગી છે, પણ તેનાં હૃદયમાં ભગવાનનો નિશ્ચય નથી, તેટલા માટે તે અજ્ઞાની છે અને મર્યા પછી જરૂર તે નરકમાં જાશે. ૨૦-૨૨.

चोपाई :

अरु जो भगवान के स्वरूपा, ताके निश्चे रहाये अनूपा;
अरु जो तामें कोउक रीता, थोरी घनी कबहु कसर रहीता...२३
तोउ पण तेहि दूरगति ताकू, नहीं पावत रहे कबु वाकू;
अंत वखत यह निर्गुण रहेऊ, निर्गुण धामकु पावत तेऊ...२४

અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અનુપમ હોય, અને તેના જીવનમાં જો કદાચ કોઈ રીતે થોડી ઘણી કસર રહી હોય, તોપણ તે દુર્ગતિને ક્યારેય પામતો નથી. અને અંતે જાતા તો તે નિર્ગુણ થઈને નિર્ગુણ એવા ભગવાનના ધામને જ પામે છે. ૨૩-૨૪. અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય ન હોય તે સંપૂર્ણપણે ત્યાગી રહ્યો હોય, જિંદગીભર કાંઈ આહાર ન લેતો હોય, વસ્ત્ર, વાહન કે જગ્યા ન બાંધી હોય, કોઈ પદાર્થનો સંગ્રહ પણ ન કરતો હોય, તેમજ કામ, ક્રોધ, લોભ આદિક જે અંતઃશત્રુઓ કહેવાય છે તેને ટાળવામાં સાવધાન વર્તતો હોય, તોપણ તે દોષો તેના ટાળ્યા ક્યારેય નહિ ટળે. ૨૫-૨૭. અને અંતે જાતા તે ખરાબ થઈને જરૂર નરકમાં જાશે, તેમાં કોઈ ફરક નથી. કારણ કે, તેને ભગવાનના સ્વરૂપની ગમ જ નથી. ૨૮. **અને જેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયું હોય, પછી**

ભલે તે થોડી બુદ્ધિવાળો હોય તોપણ એને મોટો બુદ્ધિમાન જાણવો. અને કોઈ અત્યંત બુદ્ધિમાન હોય, પણ તેને ભગવાનનો નિશ્ચય ન હોય તો તે બુદ્ધિહીન કહેવાય." ૨૯-૩૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચૌદમું વચનામૃત કહ્યું" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર બાવીશમું : તરંગ - ૩૪

ગઢડા મધ્ય પ્રકરણનું પંદરમું વચનામૃત

ભાદરવા સુદિ બીજને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા. ૧-૨. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની ઘાટી સભા ભરાઈને બેઠી હતી. ૩-૪.

પછી શ્રીજીમહારાજે સર્વ પરમહંસોના પ્રત્યે એક પ્રશ્ન પૂછ્યો કે, "ગમે તેવો કઠણ સ્વભાવ હોય, તોપણ જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય એવો એક કયો વિચાર કહેવાય ? ૫-૬. અને તે વિચારને છોડીને બીજા અપાર હજારો વિચાર કરવામાં આવે તોપણ તે ભૂંડો સ્વભાવ જાય નહિ એવો કયો વિચાર છે ? ૭. જેને જે રીતે સમજાય તેનો તે રીતે તમે ઉત્તર કરો." પછી જેમ સમજાયું તેમ પરમહંસો બોલ્યા, પણ તેનો યથાર્થ ઉત્તર કોઈથી થયો નહિ.

❋ સ્વભાવને વિષે શત્રુભાવ રાખવો, તે શ્રેષ્ઠ વિચાર છે :

પછી શ્રીજીમહારાજ તેનો જેમ છે તેમ ઉત્તર કરવા લાગ્યા, ૮-૯. "જેમ કોઈ આપણો શત્રુ હોય, તે આપણા જે જે કામ થતા હોય તેને તરત બગાડી દેતો હોય અને નિરંતર દુ:ખ આપતો રહેતો હોય, ૧૦. તથા પોતાની મા અને બહેન સામી ગાળો દેતો હોય, પછી તેનો અતિ અભાવ આવે છે

કે જે કહી શકાતો નથી. ૧૧. પછી જે ઉપાયે કરીને તે શત્રુનું ભૂંડું થાય તે રીતના ઉપાય કરાય છે, અથવા કોઈક બીજા દ્વારા તે શત્રુનો પરાજય થાય ત્યારે તે સાંભળીને ઘણી પ્રસન્નતા થાય છે. ૧૨-૧૩. તેમ જે મોક્ષને માટે પ્રયત્ન કરતો હોય ને તેમાં કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓ આવીને જો વિઘ્ન કરે, તો તેને શત્રુ જાણીને બહારના શત્રુમાં કહ્યું તેવી વૈરબુદ્ધિ અંતઃશત્રુમાં પણ થઈ જાય. અને તેનો રાત-દિવસ અતિ ખટકો રહે. તે ખટકો ક્યારેય ટળે નહિ. ૧૪-૧૬. આવો વિચાર જ્યારે પ્રાપ્ત થાય ત્યારે તે વિચારે કરીને જે જે અંતઃશત્રુ આવીને પીડતા હોય તે સર્વેને ટાળી દે છે. ૧૭.

અને જ્યારે બીજા કોઈ સંત તે કામાદિક શત્રુની નિંદા કરે અથવા તો તે શત્રુને વારંવાર ખોદે, ત્યારે તેમાં જેને આગળ કહ્યા તેવા વિચાર રહેતા હોય તો તેને તે સાધુનો ક્યારેય અભાવ આવે નહિ. ૧૮-૧૯. **ઊલટાનો તે સાધુનો અતિશય ગુણ લે અને મનમાં એમ જાણે કે, આ સાધુ મારા અંતઃશત્રુને મારવા માટે ઘણા ઉપાય કરે છે. માટે આ સાધુ મારા અતિ પરમ હેતુ છે. જેના હૃદયમાં આ જાતનો પ્રિય વિચાર આવતો હોય તો તે તેના શત્રુમાત્રનો નાશ કરી દે છે. અને જેટલા ભૂંડા સ્વભાવ કહેવાય છે તે તેના હૃદયમાં ક્યારેય રહી શકે નહિ; આવો આ વિચાર છે. આ વિચાર સિવાય બીજા ગમે તેટલા કરોડો વિચાર કરે, તોપણ તેનાથી કામાદિક સ્વભાવરૂપી જેટલા અંતઃશત્રુ છે તેનો કોઈ રીતે નાશ થાય નહિ.** આ વાત અમે નક્કી નિર્ધારિત કરી છે. ૨૦-૨૪. માટે પોતામાં જે કામાદિક ભૂંડા સ્વભાવ રહ્યા હોય તેના ઉપર નિરંતર શત્રુબુદ્ધિ રાખવી. ૨૫. એ જ સર્વે વિચારોમાં શ્રેષ્ઠ વિચાર છે. આ રીતે અમે જે વાત જાણીએ છીએ તે તમારા સહુની આગળ કહી." ૨૬.

પછી શ્રીજીમહારાજે સંતોનો સમાજ બેઠો હતો તેની આગળ ફરીને પ્રશ્ન પૂછ્યો જે, ૨૭. "ધર્મ, વૈરાગ્ય અને ત્રીજું આત્મજ્ઞાન તથા માહાત્મ્યે સહિત પરમેશ્વરની ભક્તિ, આ ચાર સાધન કહ્યાં તેમાંથી કોઈ કાળે પડે નહિ એવો જે ભગવાનનો ભક્ત હોય તે કયા લક્ષણે કરીને ઓળખવો ? તે વાત કહો." પછી જે સંતો હતા તેમને જેને જેવું સમજાયું તેમણે તેવો ઉત્તર

કર્યો. ૨૮-૩૦. પણ યથાર્થ ઉત્તર કોઈથી થયો નહિ. પછી શ્રીજીમહારાજ યથાર્થ ઉત્તર કરતા બોલ્યા જે, ૩૧. "જેનો બચપણથી જ એવો સ્વભાવ હોય કે તે કોઈની છાયામાં તો ક્યારેય દબાય જ નહિ. ૩૨. અને તે જ્યાં બેઠો હોય ત્યાં બીજા કોઈ માણસથી હાંસી મશ્કરી કરી શકાય નહિ. અને તેને કોઈથી હલકું વચન પણ કહેવાય નહિ. આવી રીતનાં જેનાં પુનિત લક્ષણ હોય તે કોઈ દિવસ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને ભગવાનની ભક્તિમાંથી પડે નહિ. જો કે તેનો સ્વભાવ માનીના જેવો દેખાતો હોય, તોપણ તેને કલ્યાણનો ખપ હોય માટે તે સત્સંગનો ક્યારેય ત્યાગ કરે નહિ." ૩૩-૩૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પંદરમું વચનામૃત કહ્યું" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર બાવીશમું : તરંગ - ૩૫

ગઢડા મધ્ય પ્રકરણનું સોળમું વચનામૃત

ભાદરવા સુદિ દશમને દિવસ જગદ્‌વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ વાસુદેવનારાયણના મંદિરની પાસે પાટ ઉપર ઘણા ઉલ્લાસથી વિરાજમાન હતા. ૧-૨. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની એટલી સરસ શોભા થઈ હતી કે જે કહી શકાતી નથી. ૩-૪.

❋ સ્વરૂપનિષ્ઠા તથા ધર્મનિષ્ઠા રાખવાનો વિવેક :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "એક તો અર્જુનજીની પેઠે ભગવત્ સ્વરૂપની નિષ્ઠા અને બીજી તો યુધિષ્ઠિરના જેવી ધર્મનિષ્ઠા - એ બે નિષ્ઠા છે તેમાં જો સ્વરૂપનિષ્ઠાનું બળ રાખે તો તેને ધર્મનિષ્ઠા મોળી પડી જાય અને જો ધર્મનિષ્ઠાનું બળ રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય. માટે એવો કેવો ઉપાય કરે તો બંને નિષ્ઠામાંથી એક પણ નિષ્ઠા ક્યારેય મોળી પડે નહિ ?" ૫-૮.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધમાં પૃથ્વી અને ધર્મનો સંવાદ છે. તેમાં સત્ય, શૌચ આદિક કલ્યાણકારી એવા ઓગણચાળીશ ગુણોએ સહિત ભગવાનનું સ્વરૂપ કહ્યું છે. માટે જે ધર્મ કહેવાય છે તે ભગવાનની મૂર્તિને આધારે રહ્યો છે. તે સારુ ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે. વળી, તે શ્રીમદ્‌ભાગવતમાં પ્રથમ સ્કંધને વિષે શૌનકાદિક ઋષિઓએ સૂત પુરાણીને પૂછ્યું છે કે, 'ધર્મના કવચરૂપ શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા પછી ધર્મ કોને શરણે રહ્યો ?' ૯-૧૪. માટે જે ધર્મ છે તે ભગવાનની મૂર્તિને જ શરણે રહે છે. તેટલા માટે ભગવાનની મૂર્તિમાં જો નિષ્ઠા રાખે તો તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે. એટલે તેનાં હૃદયમાં ધર્મ પણ આવીને રહે. માટે **જે સ્વરૂપનિષ્ઠા રાખે તેના હૃદયમાં ધર્મનિષ્ઠા સહેજે જ આવીને રહે છે.** ૧૫-૧૭. અને એકલી ધર્મનિષ્ઠા રાખે ત્યારે જે સ્વરૂપનિષ્ઠા છે તે મોળી પડી જાય છે. તે માટે વાત કરીને દેખાડીએ છીએ. માટે **જે બુદ્ધિમાન હોય તેમણે સ્વરૂપનિષ્ઠા દૃઢ કરીને રાખવી. તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે. આ વાત યથાર્થપણે કહીએ છીએ."**

❋ નિયમ રાખે પ્યારા, તો વિષય જીતાય નઠારા :

પછી મુક્તાનંદસ્વામીએ ફરીને બીજો પ્રશ્ન પૂછ્યો કે, ૧૮-૨૦. "જે પંચવિષય છે તે કઈ રીતે જિતાય ? વૈરાગ્યે કરીને જિતાય કે તેનો કોઈ બીજો ઉપાય છે ? તે આપ કૃપા કરીને કહો." પછી શ્રીજીમહારાજ ઘણું હેત કરીને બોલ્યા જે, ૨૧-૨૨. "વૈરાગ્ય હોય કે ન હોય, પણ પરમેશ્વરે કહેલા જે નિયમ તેને વિષે ખબડદાર થઈને રહે, ૨૩. તો તેણે કરીને પંચવિષય સહેજે જ જીતાય છે. અને જો કોઈ શબ્દ થકી વૈરાગ્યે કરીને શ્રોત્રની વૃત્તિને પાછી ખેંચે તો તેમાં ઘણો પ્રયાસ કરે તોપણ શબ્દ સંભળાય ખરો, ૨૪-૨૫. અને જો કાનને બંધ કરી લે તો સહેજે જ શબ્દ ક્યારેય સંભળાય નહિ. ૨૬. તે રીતે જ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ તો સહેજે જ સ્પર્શ વિષય જિતાય. તે પ્રમાણે અયોગ્ય વસ્તુને નેત્રે કરીને દેખે નહિ તો સહેજે જ રૂપ વિષય જિતાય. તેમજ સ્વાદુ ભોજનને મેળવી, પાણી નાખીને જમે અને યુક્ત આહાર કરે તો તેનાથી સહજસ્વભાવે રસના

ઇન્દ્રિય જીતી શકાય. તેમજ અયોગ્ય ગંધમાંથી નાકને બંધ કરી લે તો સહેજે જ ગંધ વિષય જિતાય. એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય છે. નિયમ સિવાય પંચવિષય જિતાતા નથી. ૨૭-૩૧.

चोपाई :

नियम बिन गमे तेता जोऊ, वैराग्यवान होवे तोऊ;
तथा ज्ञानी होय जो अपारा, ताके ठा न रहे कोउ वारा...३२
माट हि विषय जितने ताके, कारण नियम देखात वाके;
परमेश्वरे नियम बंधे जेसा, त्यागी अरु ग्रहस्थ कु तेसा...३३
तामें साधन जितना जेहू, निवास करीके रहाये तेहू;
जोगकला कहावत हि जेती, नियम हि तामें रहायेउ तेती...३४

નિયમ વિના ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા અપાર જ્ઞાની હોય તોપણ તેનો કોઈ રીતે ઠા રહે નહિ. ૩૨. માટે વિષય જીતવાનું કારણ તો પરમેશ્વરે બાંધેલા નિયમ જ દેખાય છે. તેથી ત્યાગી અને ગૃહસ્થે તે નિયમમાં રહેવું. ૩૩. તે નિયમમાં બીજાં જેટલાં સાધન છે તે બધાં નિવાસ કરીને રહ્યાં છે. જેટલી યોગકળા કહેવાય છે તે નિયમમાં રહી હોય છે. ૩૪. નિયમ સમાન બીજું કોઈ સાધન નથી. મોક્ષની જેટલી વાત છે તે સર્વે પણ નિયમમાં આવી જાય છે. મોક્ષ નિયમથી બહાર રહ્યો નથી. ૩૫. તેમાં પણ જેને મંદ વૈરાગ્ય હોય તેને તો નિયમમાં વર્તવું તે જ ઊગર્યાનો ઉપાય છે. જેમ માંદા માણસને કરી(પરેજી-ચરી) હોય છે, તે કરી પાળીને ઔષધ ખાય ત્યારે જ તે નીરોગી થાય છે તેવી જ આ વાત રહી છે." ૩૬-૩૭.

પછી અખંડાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "માંદાને તો કરી પાળવાનો નિયમ હોય કે, આટલા દિવસ કરી રાખવી, તેમ કલ્યાણના સાધનમાં કોઈ નિયમ છે કે નથી ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જેને જેવી શ્રદ્ધા હોય તેને તેવું કાર્ય સુધરે છે." ૩૮-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું સોળમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥

પૂર બાવીશમું : તરંગ - ૩૬

ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું સોળમું વચનામૃત પૂર્ણ

અખંડાનંદસ્વામીના પ્રશ્નનો ઉત્તર શ્રીહરિએ જે કર્યો તે હવે કહું છું, ૧. "જેને મંદ શ્રદ્ધા હોય તેને તો ઘણા જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. ૨. તે ભગવદ્‌ગીતામાં શ્લોક કહ્યો છે કે, '**अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्**' ૩. એ શ્લોકનો અર્થ હવે કહું છું, 'અનેક જન્મે કરીને સંસિદ્ધ થયો જે યોગી તે પરમપદને પામે છે. એ મંદ શ્રદ્ધાવાળાનો પક્ષ છે. ૪-૫. અને જેને શ્રદ્ધા અતિશય બળવાન હોય તો તે તત્કાળ સંસિદ્ધ થાય છે. તે પણ ભગવદ્‌ગીતામાં કહ્યું છે. ૬.

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥ *(ગીતા:૪/૩૯)*

એ શ્લોકનો અર્થ એમ છે કે, 'જેના ઈન્દ્રિયો નિયમમાં હોય તેવો શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાનને સહજભાવે પામે છે, અને જ્ઞાનને પામ્યા પછી તત્કાળ અખંડ પરમપદને પામે છે.' ૭-૮. માટે જે અતિશય શ્રદ્ધાવાળો હોય તેને સાધનની સમાપ્તિ તત્કાળ થાય છે, આવી રીત દેખાય છે. ૯. અને જેને મંદ શ્રદ્ધા હોય તેને સાધનની સમાપ્તિ અનેક જન્મે કરીને થતી દેખાય છે. જેમ કોઈ પુરુષ કાશીએ જાતો હોય અને આખા દિવસમાં બે જ ડગલાં ચાલે તો તેને કાશીએ જતા ઘણા દિવસ થાય. ૧૦-૧૧. પણ અહીંથી કાશી જતા રોજ વીશ-વીશ ગાઉ ચાલે તો થોડા દિવસમાં તે પહોંચે છે, તેને કાશી દૂર રહ્યું નથી. ૧૨. તેમ જેને બળવાન શ્રદ્ધા હોય અને તે હમણા સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઈ જાય છે. ૧૩. સારાપણું અને નરસાપણું તો શ્રદ્ધામાં રહ્યું છે. જેને પ્રગટ ભગવાન ન મળ્યા હોય તેની તે વાત કહી છે. ૧૪.

❋ પાળે પ્રગટની મરજી એક, તો સાધન પૂરા થાય અનેક :

सोरठा : प्रगट मिले भगवान, साधन जितना हि तिनके;
फल यह मिले रहान, मरजी जिमि चलना तेही...१५
मरजी रखना एक, तामें साधन जितना तेहु;
आई रहे अनेक, प्रसन्नता तामें रहेउ सब...१६

चोपाई :

प्रगट हरि की मरजी जिमी, करना उछरंग होई तिमी;
साधन की समाप्ति यह भयेऊ, मरजी बिन साधन रहे न तेऊ...१७
भगवान की मरजी हि जेसा, उछाह सहित करत रहे तेसा;
उछाह तितना मोटप तामें, सहज ही आवत रहे यामें...१८

સર્વે સાધનનું ફળ તો પ્રગટ ભગવાન મળ્યા તે જ છે. માટે જેને પ્રગટ ભગવાન મળ્યા હોય તેને તો તેમની જેમ મરજી હોય તેમ ચાલવું. ૧૫. કેમ જે, એક ભગવાનની મરજી સાચવામાં જ સર્વે સાધન આવી જાય છે અને તેમાં જ બધી પ્રસન્નતા રહી છે. ૧૬. માટે પ્રગટ ભગવાનની જેમ મરજી હોય તેમ ઉત્સાહિત થઈને કરવું, તે જ સાધનની સમાપ્તિ છે. કેમ જે, ભગવાનની મરજી બારું એક પણ સાધન રહ્યું નથી. ૧૭. ભગવાનની જેમ મરજી હોય તેમ ઉત્સાહે સહિત કરતો રહે તો જેટલો ઉત્સાહ હોય તેટલી તેમાં મોટાઈ સહજ રીતે આવીને રહે છે. ૧૮. જેને મંદ શ્રદ્ધા હોય તે ઘણા કાળથી સત્સંગી થયો હોય, તોપણ લોચોપોચો રહે છે અને અંતરમાં ઝાંખો રહે છે." ૧૯.

❋ મંદ શ્રદ્ધાવાળાનું કલ્યાણ મોડું થાય છે :

પછી શ્રીગુરુચરણરતાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "જ્યારે મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મના પુણ્યે કરીને કલ્યાણ થાય છે. તો ત્યાં સુધી તે ક્યાં રહેતો હશે ?" પછી શ્રીજીમહારાજ સંતના પ્રત્યે બોલ્યા જે, ૨૦-૨૧. "સુંદર દેવલોક હોય તેમાં જઈને તે રહે છે. તેનું જે કારણ છે તે હું નિશ્ચય કરીને કહું છું. ૨૨. કારણ કહ્યા સિવાય ન સમજાય એવી આ બાબત છે. જ્યારે કારણ કહેવામાં આવે ત્યારે તેમાં સંશય રહે નહિ. ૨૩.

મંદ શ્રદ્ધાવાળો ભક્ત જ્યારે ભગવાનનું ધ્યાન કરતો ત્યારે તે ભક્ત ભગવાનની સામે જોતો, ૨૪. ત્યારે ભગવાન પણ તે ભક્તની સામે જોતા. તે ભક્ત ધ્યાન કરતા જ્યારે જેવા સંકલ્પ કરતો, તથા ધ્યાન કરતી વખતે જે જે વિષયનું ચિંતવન કર્યું હતું, તથા તેને જે જે વિષયમાં જેવું હેત હતું તે ભગવાન દેખતા હતા. ૨૫-૨૬. તેથી મંદશ્રદ્ધાવાળો ભક્ત જ્યારે દેહને છોડે ત્યારે જેવા ભોગ તે ભક્તને પ્રિય હતા, તે ભોગ જે લોકમાં હોય તે

લોકમાં મંદશ્રદ્ધાવાળાને પહોંચાડે છે. અને જે ભગવાન મળ્યા છે તે કાળને એમ કહે છે કે, આ ભક્તના જે ભોગ છે તેને તેમાં જ્યાં સુધી ભાવ હોય ત્યાં સુધી તેનું તારે ખંડન કરવું નહિ. ૨૭-૨૯ માટે જ્યાં સુધી તેને વિષયભોગમાં ભાવ રહે છે ત્યાં સુધી તે નિરંતર દેવલોકમાં રહીને ભોગોને ભોગવે છે. ૩૦. પછી તે મૃત્યુલોકમાં આવીને અનેક જન્મે કરીને મોક્ષને પામે છે. આ રીતે મંદ શ્રદ્ધાવાળા ભક્તની વાત કહી." ૩૧.

❋ તીવ્ર શ્રદ્ધાવાળા ભક્તનાં લક્ષણ :

પછી અખંડાનંદસ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે, "જે તીવ્ર શ્રદ્ધાવાન ભક્ત હોય તેમનાં લક્ષણ કેવાં હોય ? તે જાણ્યા સિવાય સમજાતું નથી." પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૩૨-૩૩. **"જેને તીવ્ર શ્રદ્ધા હોય તે ભક્તને જ્યારે ભગવાનનાં દર્શન કરવાં માટે આવવું હોય, ત્યારે તેનાં મનમાં ઘણો ઉત્સાહ વધે છે. ૩૪.** અથવા ભગવાનની કથા વાર્તા સાંભળવામાં, કીર્તન અને ઉત્સવ કરવામાં, તેમજ માનસી પૂજા કરવામાં; ઈત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા કરવી હોય તેમાં અપાર શ્રદ્ધા વર્તે છે. તેની શ્રદ્ધા લગાર પણ મંદ પડતી નથી. ૩૫-૩૬. ભગવાન સંબંધી ક્રિયા કરવા માટે દેહની સ્નાનાદિક ક્રિયા કરવામાં શીઘ્રતા વર્તે તથા કાગળ લખીને કોઈ વ્રતમાન ફેરવ્યું હોય તો તેને પાળવા માટે ઘણી રીતે આતુર થઈ જાય. અને તે ભક્ત ઘણો મોટો રાજા હોય કે ધનાઢ્ય હોય, તોપણ ભગવાનનાં દર્શન કરવાં જવું હોય ત્યારે બાળકની જેમ ઘણો આતુર થઈ જાય. આ રીતે ભગવાનમાં અતિશય હેત વર્તે. ૩૭-૩૯. આ કહ્યું તેમ જેને વર્તતું હોય તો તેને તીવ્ર શ્રદ્ધા છે તેમ જાણવું. ૪૦.

એવી શ્રદ્ધાવાળા હરિભક્તો છે તે અધિક પ્રમાણભૂત છે. તે અમે તેની શ્રદ્ધા દેખીને કહીએ છીએ. ૪૧. પોતાની સર્વે ઈન્દ્રિયોને જે જેટલી વિશેષ વશ રાખે તે તેટલો અધિક શ્રદ્ધાવાળો હરિભક્ત કહેવાય છે. જે શ્રદ્ધાવાળો ભક્ત છે તે પોતાની સર્વે ઈન્દ્રિયોને વશ રાખે છે અને ભગવાનના માર્ગમાં જેની શ્રદ્ધા મંદ રહેતી હોય તેની બધી ઈન્દ્રિયો વિષયની સન્મુખ અતિ તીક્ષ્ણપણે વર્તતી હોય તેમ દેખાય છે. ૪૨-૪૪. તે ગમે

તે રીતે તેને સંતાડવા જાય તોપણ તેની વૃત્તિમાં તીક્ષ્ણપણું દેખાઈ આવે છે. જેવો અંતરમાં ભાવ હોય તે વર્તનમાં આવી જાય છે. તે છુપાવ્યો છુપાતો નથી. ૪૫. બોલવામાં પણ તે પરખાઈ જાય છે. માણસની રુચિ અને તેનો સંગ પણ તેને જણાવી દે છે. ખાતાં, પીતાં, સૂતાં, જોતાં, વસ્ત્ર પહેરતાં ઈત્યાદિકમાં તે દેખાઈ આવે છે પણ છૂપું રહેતું નથી. જેમ હિંગ, લસણ અને કપૂરનો દુર્ગંધ કે સુગંધ જેવો હોય તે તેને દેખાડી દે છે. તેમ વ્યક્તિની ક્રિયા તેનું વર્તન બતાવી દે છે. ૪૬-૪૭.

ઈન્દ્રિયોનું રૂપ તો વાયુના વેગના સમાન છે. જેમ વાયુ દેખાતો નથી પણ વૃક્ષને હલાવે તેણે કરીને જણાય છે કે વાયુ ચાલી રહ્યો છે, તેમ ઈન્દ્રિયોની વૃત્તિ દેખાતી નથી, પણ વિષય સન્મુખ દોડે તેણે કરીને સહુને જણાય છે. અને જો કપટે કરીને ક્યારેય ઢાંકવા જાય તો તેને કપટી જાણીને સહુને ઊલટીના અન્નની જેમ તેનો અતિશય અવગુણ આવે છે. ૪૮-૫૧. માટે જેના ઈન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની જેટલી તીક્ષ્ણતા હોય છે તે કોઈ રીતે છાની રહેતી નથી. માટે જે જેટલો નિષ્કપટ હોય છે તે તેટલો પ્રત્યક્ષ દેખાઈ આવે છે. આવી આ વાત છે." ૫૨-૫૩.

✵ જે નિયમમાં રહે છે તે મહાન છે :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ઈન્દ્રિયોની વૃત્તિમાં વિષય સન્મુખ જે તીક્ષ્ણતા હોય, તેને ટાળ્યાનો ઉપાય શું છે ?" પછી શ્રીજીમહારાજ તે પ્રશ્નને સાંભળીને બોલ્યા કે, ૫૪-૫૫. "ઈન્દ્રિયોની તીક્ષ્ણતાને ટાળવાનો ઉપાય તો એ છે કે, પરમેશ્વરે ત્યાગી અને ગૃહસ્થના જે નિયમ બાંધ્યા છે, તેમાં બધી ઈન્દ્રિયોને મરડીને રાખે તો સહેજે જ ઈન્દ્રિયોની વૃત્તિની તીક્ષ્ણતા ટળી જાય. પછી તેનું અંતઃકરણ શુદ્ધ રહે છે અને શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ, આ જે પાંચ ઈન્દ્રિયો છે તેને જ્યારે કુમાર્ગમાં જવા દે નહિ ત્યારે ઈન્દ્રિયોનો જે જે આહાર હોય છે તે શુદ્ધ થઈ જાય છે. ૫૬-૫૯. તે પછી તેનું અંતઃકરણ પણ અતિ શુદ્ધ થઈ જાય છે. માટે જેને વૈરાગ્યનું બળ હોય કે ન હોય, તોપણ જો ઈન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરે બાંધેલા નિયમોમાં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ

તે નિયમવાળાને વિશેષપણે વિષય જિતાય છે. તેમાં પ્રયાસ કરવો પડતો નથી. ૬૦-૬૨. માટે પરમેશ્વરે બાંધેલા જે નિયમ છે તેને ઘણા ઉત્સાહથી અતિશય દૃઢ કરીને રાખવા.” ૬૩.

પછી અખંડાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, “જેને મંદ શ્રદ્ધા હોય તેને શ્રદ્ધા વૃદ્ધિ કેમ પામે ?” ૬૪. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, **“જો ભગવાનનું જેવું કહ્યું છે તેવું માહાત્મ્ય યથાર્થરૂપમાં જણાય તો જેને મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિ પામે છે.** જેમ પાણી પીવાનું પાત્ર મૃતિકાનું હોય તો તેમાં સહેજે જ પ્રીતિ થાય નહિ. અને જો તે પાત્ર સોનાનું હોય તો તેમાં સહેજે જ પ્રીતિ થાય, તેમ ભગવાનની કથા, કીર્તનાદિકનું માહાત્મ્ય યથાર્થ જણાય તો સહેજે શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. માટે જે રીતે ભગવાનનું તથા કથા-વાર્તાનું માહાત્મ્ય સમજાય તે રીતે ઉપાય કરવો. તેનાથી શ્રદ્ધા વધે છે. ૬૫-૭૦. અને જે ઉપાય કરે છે તેને કાંઈ શ્રદ્ધા ન હોય તોપણ તેની શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. માટે જો મંદ શ્રદ્ધા હોય તો તેમની શ્રદ્ધા ઉપાય કરવાથી વૃદ્ધિ પામે છે. માટે ઉપાય કરવાની વાત અવશ્ય રહી છે. ૭૧-૭૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું સોળમું વચનામૃત પૂર્ણ થયું” એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર બાવીશમું : તરંગ - ૩૭

ભગવાનના પરમ એકાંતિક ભક્તની તથા વિમુખની વાત

શ્રીહરિએ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ગઢપુરમાં કર્યો. ૧. દસ-વીશ કોશ ઉપર જેટલા સંતનાં મંડળ હતાં તે બધાં શ્રીહરિની મરજી દેખીને ગઢપુર આવ્યા. ૨. જેને પ્રેમભાવ હતો એવા સર્વે દેશદેશના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે ગઢપુર આવ્યાં. ૩. શ્રીહરિ જ્યાં રહેતા ત્યાં વરસોવરસ જેટલા ઉત્સવ કરતા ત્યારે સંતો, વર્ણી તથા હરિભક્તો તે ઉત્સવ ઉપર દેશકાળને જોઈને આવી જતા. જેટલા સંતો અને વર્ણી હતા, **તે બધા**

તો શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે શ્રીહરિનાં દર્શન કરતાં હતાં તથા કથા, કીર્તન અને વાતોને સાંભળતા. શ્રીહરિની આગળ કથા, કીર્તન અને વાતોનો તો રાત-દિવસ ઉત્સવ થયા કરતો હતો. ૪-૬.

જ્યાં સાચો સત્સંગ, સાચા ભગવાન, સાચા સંતો અને સાચા હરિભક્તો રહેતા હોય ત્યાં જ સાચા કથા, કીર્તન અને વાતોનો સાચો ઉત્સવ-આનંદ રહ્યો હોય છે. ૭. જ્યાં સત્ય હોય ત્યાં સાચો મોક્ષ રહે છે. ત્યાં અસત્ય આવીને રહી શકતું નથી. જે અસત્ય હોય તે અસત્યમાં મળી જાય છે, પણ સત્યમાં અસત્ય મળતું નથી. ૮. જે સાચો સોની હોય તે સોનામાં ભળેલા ભેગને અગ્નિમાં વારંવાર તપાવીને ઘણું શુદ્ધ કરે છે. ૯. જેમ સોનાને તપાવવાથી તેમાં રહેલ ભેગ-અશુદ્ધિ બળી જાય છે અને કાંચન જ રહે છે, તેમ સાચો સત્સંગ છે તે કાંચનના જેવો છે અને અસત્ય છે તે બગાડ જેવો છે. ૧૦. ક્યારેક શુદ્ધ સોનાં જેવાં સત્સંગમાં અસત્યરૂપી ભેગ ભળી જાય છે, પણ તે અસત્યરૂપી ભેગ સત્સંગરૂપી સોનું થઈ શકતો નથી.ભગવાન સંબંધી કથા, કીર્તન અને વાતો તો અગ્નિના સમાન છે. તે શુદ્ધ સોનાં સિવાયનાને બાળી દે છે. જેને જેટલો મોક્ષનો સાચો ખપ હોય તેટલા તે કાંચનના કણ છે. અર્થાત્ અગ્નિ જેમ કાંચન સિવાયનાને બાળી દે છે તેમ સત્સંગ પણ ખપ વિનાનાને બાળી દે છે. ૧૧-૧૨.

❋ અસત્યના ત્યાગ વિના સુખ-શાંતિ અશક્ય છે :

જેને માત્ર દેખાડવા પૂરતો જ મોક્ષનો ખપ હોય તેમાં તેટલો ભેગ-બગાડ રહ્યો છે. તે સત્સંગમાં બળ્યા સિવાય રહે નહિ. ૧૩. સત્સંગમાં આવીને જેટલી અસત્ય વાત હોય તે બધીનો ત્યાગ કરવો જોઈએ. ૧૪. જેટલી અસત્ય વાત કરાય તે બધી પાપરૂપ છે. જેટલું પાપ છોડાય તેટલો સત્સંગ કરાય છે. ૧૫. ભગવાનના શરણ વિના જ્યાં સુધી માણસ સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી તે પાપથી યુક્ત રહે છે. ૧૬.

આ જગતમાં સત્સંગ વિના સ્થાવર કે જંગમ તમામ પ્રાણી છે તે બધા નખથી શિખા પર્યંત પાપમાં ડૂબેલાં છે. જ્યારે તેને સત્સંગ અથવા ભગવાનનો યોગ થાય છે ત્યારે તેઓ મન, કર્મ, વચનથી તેમનાં શરણને પામે છે. તેથી

તે પ્રાણી સત્સંગ કરીને જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનાં દુઃખથી છૂટી જાય છે. જ્યારે તે સત્સંગ ઉપર પ્રેમ રાખે ત્યારે તે જેવો પ્રેમ રાખે તેવા સદ્‌ગુણો તેમાં આવીને રહે છે. ૧૭-૧૯. **જેટલો પ્રેમ હોય તેટલો સત્સંગ રહે છે. પણ ખપ વિના પ્રેમનો ભંગ થઈ જાય છે. વળી ભય સિવાય ખપ થતો નથી. માટે ખપનું કારણ ભય દેખાય છે. ૨૦.** વિષમ કાળના યોગના કારણે તેનાથી ડરવાથી ભય ઊપજે છે. જ્યારે વિષમ કાળ સાપનું રૂપ લઈને તત્કાળ પરીક્ષિત પાસે આવ્યો ૨૧. અને વિપ્રની શાપરૂપ કૃપા થઈ ત્યારે પરીક્ષિતને સાત દિવસમાં જ મરણ સમીપ આવ્યું. અને તે સમીપ આવેલા મૃત્યુના ડરથી તેને પ્રબળ વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૨૨. પછી ખાન, પાન આદિક બધાનો ત્યાગ કર્યો. રાજ્યવૈભવમાં આસક્તિ ન રહી. પોતાનું મૃત્યુ મૂર્તિમાન નજર આગળ દેખાવા લાગ્યું. ૨૩.

પછી ભગવાનના અવતારના જેટલાં ચરિત્ર હતાં તે સાંભળવામાં અપાર પ્રેમ થયો અને તેણે આળસ અને ઊંઘને છોડી દીધા. ૨૪. જેમ જેમ એક એક દિવસ વીતતો ગયો તેમ તેમ ભગવાનની વાતમાં અપાર પ્રેમ કરવા લાગ્યા. ૨૫. તેણે ભગવાનની વાત સિવાય કોઈ શરણ દેખ્યું નહિ. ભગવાન સિવાયનું જે કાંઈ હતું તે બધું દુઃખમય દેખ્યું. ૨૬.

* એક ભગવાનનો જ આશરો રહે તે પ્રભુની શ્રેષ્ઠ પ્રસન્નતા છે :

જ્યારે ભગવાન જેના ઉપર અપાર પ્રસન્ન થાય છે ત્યારે તેને ભગવાન સિવાય કોઈ આશ્રય દેખાતો નથી. ૨૭. જ્યારે જેને ભગવાન સિવાય કોઈ આશ્રય ન દેખાય ત્યારે તેના ઉપર ભગવાનની અત્યંત પ્રસન્નતા રહી છે, એમ જાણવું. ૨૮. એવા ભક્તને ભગવાનના પરમ એકાંતિક ભક્ત કહેવાય છે. અને પછી ભગવાન ચાહે તેવી ક્રિયા કરે તોપણ તે ભક્તને પરમ કલ્યાણકારી જ દેખાય છે. તેમાં તેને તલભાર પણ સંશય થતો નથી. જેમ સાકરનું નાળિયેર હોય તે સંપૂર્ણ(નખશિખ) સાકરરૂપ જ હોય છે. ૨૯-૩૦.

ચોપાઈ :

भगवान की मूर्ति मूर्ति के जेहा, जितनी बात कहावत तेहा;
मूर्तिमान यह रहे कल्याना, जीय में एसे आवत जब जाना...३१

जाग्रत स्वप्न सुषुप्ति तामें, एसे ज्ञान रहाये यामें;
देह तामें चाय जो जेसे, दुःख रोग प्राप्त होय तेसे...३२
भगवान के ज्ञान भये तिनमें, परम सुख मानत रहे इनमें;
सुख जो जो कहावत जितना, भगवान की बात में देखत तितना...३३

તેમ ભગવાન અને ભગવાનની મૂર્તિની જે જે વાત કહેવાય છે તે બધી મૂર્તિમાન કલ્યાણ છે; એમ જ્યારે જીવમાં સમજાય છે ત્યારે તેને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થામાં આવું જ્ઞાન રહે છે. પછી તેને દેહમાં ગમે તેવાં દુઃખ આવે કે રોગ થાય, તોપણ ભગવાનનું જે આવું જ્ઞાન થયું તેમાં જ પરમસુખ મનાય છે. અને જે જે સુખ કહેવાય છે તે બધું ભગવાનની વાતમાં તેને દેખાય છે. ૩૧-૩૩.

જે પરમ ભાગવત સંત થયા છે તેમાં ત્યાગી, ગૃહીનો કોઈ નિયમ નથી. તે બધા આવી નિર્બાધ સમજણે કરીને સંસારરૂપી સાગરને સહજભાવે તરી જાય છે. જ્યારે જેના ઉપર ભગવાનનો પૂરેપૂરો કોપ થાય ત્યારે તે પ્રબળ નારકી જેવા જેટલા માણસો હોય છે તે ભગવાનની વાતોને સાંભળીને પછી તે પોતે પોતાને ભગવાન માને છે. પછી તે ચાહે તેવાં પાપને કરે છે અને તે પાપમાં પણ મોક્ષ માનતા રહે છે. ૩૪-૩૬. પોતે સ્વયં નારકી થઈને અનેક જનોને જમપુરીમાં લઈ જાય છે. તેને સામાન્ય લોકો દેખતા નથી. ૩૭. જેના ઉપર ભગવાનનો પૂરેપૂરો કોપ થયો હોય તેને સામાન્ય લોકો ભગવાન માની બેસે છે. પછી તે અમૃત જેવા સત્સંગને થૂંકી દઈને પેશાબ પીવે છે. ૩૮. જેમ દારૂ પીધેલો ઉંદરડો જ્યાં સુધી બિલાડીના મોઢામાં નથી આવતો ત્યાં સુધી ઘણો મલકાતો રહે છે. (તેમ આવા અજ્ઞાની લોકો મોત નથી આવ્યું ત્યાં સુધી મલકાતા રહે છે.) ૩૯. જે સાચા ભગવાનના ભક્ત હોય છે તે તો ભગવાનના તેવા કોપને પ્રત્યક્ષ દેખી શકે છે, પણ જે વિમુખ અને આંધળાં છે તે તે કોપને દેખી શકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “ભગવાનના પરમ એકાંતિક ભક્તની તથા વિમુખની વાત કહી” એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ।।૩૭।।

પૂર બાવીશમું : તરંગ - ૩૮

જળઝીલણીનો ઉત્સવ અને ભગવાનના સંબંધની શ્રેષ્ઠતા

જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે ભગવાન શ્રીહરિ બાલમુકુંદ લાલજીને જળમાં ઝુલાવવા માટે આવ્યા. ૧. એક સારી સુખપાલમાં બાલમુકુંદ લાલજીને પધરાવ્યા અને ગણપતિજીને પાટ ઉપર બેસાડ્યા. પછી તે બંનેને લઈને ચાલતા થયા. ૨. હરિભક્ત વિપ્રો સુખપાલ ઉપાડીને ચાલ્યા. સંતો ઝાંઝ અને મૃદંગ લઈને ઉત્સવ કરતા ચાલ્યા. ૩. શ્રીહરિ લાલજીની આગળ આગળ ચાલતા હતા. અને જેટલા પાર્ષદો હતા તે બંદૂકો ફોડતા હતા. ૪. ઢોલ, તાંસા, રણશિંગી, તુરાઈ, ભેરી, ભુંગળ અને શરણાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. જેટલાં પચરંગી નિશાન હતાં તે બધાં આગળ આગળ ચાલતાં હતાં. ૫.

ગઢપુર ગામની રાજબજારમાં સહુ ચાલ્યા. બધા પુરવાસી લોકો બજારમાં આવીને ઊભા રહ્યા. ૬. લાલજીનાં દર્શન, શ્રીહરિનાં દર્શન તથા ગણપતિજીનાં દર્શન કરવાં માટે લોકો આવ્યાં હતાં. આવી બાબત ક્યારેય કોઈએ દેખી ન હતી. ૭. શ્રીહરિ ઉન્મત્તગંગાએ આવ્યા. દરવાજાની પાસે જ ગંગાનો પ્રવાહ હતો. ત્યાં ત્યારે પાણી ઘણું ઊંડું રહેતું. ત્યાં તરતું વહાણ દેખાયું. ૮. ગામના જે ભાવસાર હતા તે બધા ત્યાં કપડાં ધોતા હતા, પણ ચોમાસામાં ધોતા નહિ, તેથી ત્યાં પાણી સ્વચ્છ હતું. ૯. શ્રીહરિ આવીને ઉન્મત્તગંગાને કિનારે બેઠા. ત્યારે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ત્યાં સંતો અને હરિભક્તો પણ આવીને બેઠા. ૧૦. તે સમયમાં કોઈ એક સંત ફૂલના દસ-બાર જેટલા હાર લઈને આવ્યા અને શ્રીહરિને ઘણા પ્યારથી પહેરાવ્યા. ૧૧. તોરા તથા બાજુબંધ ધરાવ્યા. કાન ઉપર ગુચ્છ ધર્યા અને એક ગુચ્છ હાથમાં દીધો. રંગભીના શ્રીહરિ તે ગુચ્છ સૂંઘવા લાગ્યા. ૧૨.

પછી શ્રીહરિએ તે સંતને પૂછ્યું કે, 'તમે અમને જે હાર પહેરાવ્યા તે લાલજીને ધરાવીને પહેરાવ્યા ? ૧૩. સંતને તે વાતની ખબર ન હતી. પણ શ્રીહરિએ તો સંતોને વાત જણાવવા માટે પૂછ્યું હતું. ત્યારે તે સંત પ્રેમથી બોલ્યા, ૧૪. 'મહારાજ, હાર તો લાલજીને ધરાવ્યા ન હતા. ત્યારે

તરત જ શ્રીહરિએ તે બધા હાર તોડીને નીચે જમીન ઉપર ફેંકી દીધા. ૧૫. (પછી શ્રીહરિ બોલ્યા જે,) જ્યારે પૃથુ ભગવાનનો અવતાર થયો ત્યારે તેમણે ભગવાનની મૂર્તિની સેવા રાખી હતી, અને તેઓ મૂર્તિનું સન્માન સહુથી અધિક રાખતા હતા. ૧૬. ભગવાનના કેટલાક અવતારો આચાર્યના રૂપમાં થાય છે અને કેટલાક વિપ્રના રૂપમાં અવતાર ધારે છે, તે વખતે તેઓ અપાર સમર્થ હોય છે. ૧૭.

શ્રીહરિએ કહ્યું, “અમે વિપ્ર જાતિમાં આ સમયે પ્રગટ થયા છીએ. અયોધ્યાના પ્રાંત ભાગ(છપૈયા)માં પ્રગટ થયા અને જ્યારે અમે અયોધ્યાપુરીમાં આવીને રહ્યા, ૧૮. ત્યારે ત્યાં અયોધ્યામાં રામાનંદી સાધુના પુષ્કળ મંદિરો હતા. તેમાં તેઓ સીતાજી, રામચંદ્રજી અને લક્ષ્મણજીની મૂર્તિઓને અધિકપણે કરીને પૂજતા હતા. ૧૯. હનુમાનગઢી ઉપર જે ખાખીઓ રહેતા હતા તેના મોટા અખાડા હતા. અને જેટલાં મંદિરો હતાં તે બધા મંદિરોમાં તુલસીકૃત રામાયણમાં લખાયેલા તે બધાં રામચંદ્રજીનાં ચરિત્ર છે તે ચરિત્ર અનેક પ્રકારનાં હતાં, તેને તેઓ રાત-દિવસ વાંચતા હતા. ૨૦-૨૧.

જે મનુષ્ય એકાગ્રચિત્ત થઈને તે ચરિત્રોને સાંભળે તેને ઘરમાં રહેવું શોભતું નથી. પછી જ્યારે ધર્મદેવના દેહત્યાગ કરવાના સમયે અમારા મોટાભાઈ રામપ્રતાપજીએ ભાગવતની કથા વંચાવી તે અમે સાંભળી હતી. તેમાં અમે શ્રીકૃષ્ણનાં ચરિત્રને સાંભળ્યા. તે ચરિત્રોની વાત અમને ઘણી અદ્‌ભુત દેખાણી. ૨૨-૨૩. શુકદેવજી, નારદજી, ધ્રુવજી, પ્રિયવ્રત અને જડભરત, એ બધાની વાત અમે સાંભળી અને તે વાતને અમે મનમાં યાદ રાખી. ૨૪. તે દિવસોમાં રામપ્રતાપભાઈ અમારા વિવાહ કરવા માટે પ્રવૃત્તિ કરવા લાગ્યા. તે વાત સાંભળીને અમે છાની રીતે ઊઠીને ચાલતા થયા. ૨૫. હિમાલય પર્વત સુધી ગયા. મુક્તનાથ, જગન્નાથજી અને રામેશ્વર સુધી અમે તીર્થ કરવા ફર્યા. ૨૬. ઘણું કઠણ તપ કર્યું, ઘાટા વનમાં ફર્યા અને ફરતાં ફરતાં સુરત બંદર આવ્યા. ૨૭. ત્યાંથી ખંભાત બંદર આવીને ભાલ પ્રદેશમાં થઈને ભાવનગર રહ્યા. ત્યાંથી ચાલીને ગોપનાથ ગયા. પછી ત્યાંથી ગુપ્તપ્રયાગ આવ્યા. ત્યાંથી પ્રાચીપાટણ થઈને માંગરોળ આવ્યા. ૨૮-૨૯.

પછી ત્યાંથી અમે લોજપુર આવ્યા. જ્યારે અમે મુક્તાનંદસ્વામીને મળ્યા ત્યારે તેમણે રામાનંદસ્વામીની વાત કહી. તે વાત અમને સાચી જાણવામાં આવી. ૩૦. લોજમાં સંતો અને હરિભક્તો અમને સત્ય દેખાયા. તેમની બધી રીત સાચી દેખીને અમે ત્યાં બંધાઈને રહ્યા. જેટલી અમને સત્ય વાત દેખાતી હતી તેને અમે સહુથી અધિક કરીને માનતા હતા. ૩૧.

* મોક્ષ સિવાયની સર્વે પ્રાપ્તિ નિરર્થક છે :

સાચી વાતને માનવામાં અમે લાજ-શરમ રાખતા નહીં. અમને જે સનાતન શુદ્ધ મોક્ષની વાત દેખ્યામાં આવતી, ૩૨. તથા શાસ્ત્રમાં જ્યાં જ્યાં એવી વાતો હતી, તે વાતોને શોધી શોધીને અમે તેને ગ્રંથના રૂપમાં બનાવીને ઘણું જતન કરીને રાખતા હતા. ૩૩. જેટલી સરસ વાત હોય તે ગ્રંથના રૂપમાં કર્યા સિવાય ટકતી નથી. મોક્ષ સિવાયની જેટલી વાત કરાતી હોય તે બધી ઠાલા નીર વલોવ્યા જેવી જણાય છે. જેમ રેતી પીલવાથી જો તેલ મળે કે ખારી ભૂમિમાં વાવવાથી જો અનાજ મળે તો એવી નિરર્થક વાતોથી મોક્ષ મળે. કેમ જે, એવી વાતમાં અનંત પ્રકારના બાધ હોય છે. ૩૪-૩૫. **મોક્ષ સિવાયની જેટલી વાતો છે તે બધી નિરર્થક છે. કદાચ અનંત કોટિ બ્રહ્માંડનું રાજ્ય પ્રાપ્ત થાય, તોપણ તેને અંતે નરક દેખવું પડે છે.** જે લોકોને જ્ઞાન થયું હોય તેમને માટે ભગવાનની વાત સમાન બીજી કોઈ વાત નથી હોતી. ૩૬-૩૭.

दोहा : रूपिये कोटि कोटि हि, राल कोटि जो जेहु;
कोटि सोनामोर हि जो, ताके हीरा तेहु...३८

सोरठा : अवकाश हि जेतेउ, ताके भरीये लईकर;
चिंतामणि कर जेउ, अवकाश भरीये सब...३९
तोउ जोउ भगवान, ताकि बात तिनके तेही;
होवत ही न प्रमान, एसी रहे बात जो यह...४०

કરોડો કરોડ રૂપિયા કે કરોડો રાળ(એક જાતનો સિક્કો, તેના તે જમાનામાં અઢી રૂપિયા ગણાતા) કે કરોડો સોનામહોરની કિંમતના હીરાથી બધો અવકાશ ભરી દેવામાં આવે, અને ચિંતામણિઓથી પણ બધો અવકાશ

ભરી દેવામાં આવે (એ પ્રમાણે વાતોમાં કે ગ્રંથોમાં બીજી અનેક મહત્ત્વની બાબતો ભરી હોય) તોપણ જો તેમાં મોક્ષકારક ભગવાનની વાત ન હોય તો તે બધી વાત પ્રમાણભૂત થાતી નથી. એવી મોક્ષની વાતની મહત્તા છે. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જળઝીલણીનો ઉત્સવ અને ભગવાનના સંબંધની શ્રેષ્ઠતા કહી" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર બાવીશમું : તરંગ - ૩૯

ભગવત્સેવાની રીત કહીને લાલજીને જળમાં ઝિલાવ્યા અને જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા

પછી શ્રીહરિએ ફરીને કહ્યું, "ભગવાનની વાત જેમ છે તેમ યથાર્થરૂપમાં સમજવી કઠિન છે. ભગવાન સંબંધી વાત તો આ મનુષ્યદેહમાં રહેલા જીવને જ સમજાય છે. આ મનુષ્યદેહ નાશ પામે પછી બીજા દેહમાં ભગવાનની વાત સમજાતી નથી. ૧-૨. જે માણસ દિવસે લેશમાત્ર ઉદ્યમ કે ધંધો ન કરે અને સૂતો રહે તો જ્યારે રાત પડે ત્યારે તેને અન્ન, વસ્ત્ર મળવા કઠિન છે. મોટા રાજાઓ હોય તે પણ યોગ્ય ઉદ્યમ કરે છે. ૩-૪. જેની પાસે જેવો ઉદ્યોગ હોય અને જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તે રાત-દિવસ મહેનત કરતો રહે છે. તેને તે કામ કરતા તૃપ્તિ થતી નથી. ૫. પછી તે રૂપિયા, સોનામહોર, હીરા, માણેક અને મોતી વગેરે ઝવેરાતથી પોતાના ખજાના ને ખજાના ભરતો રહે છે. પણ મર્યા પછી તે કાંઈ ઉપયોગમાં આવતા નથી. ૬.

❋ સુખી થાવું હોય તો અન્ય ઈચ્છા ઉડાડો, મન હરિમાં લગાડો :

તે રીતે ધન ભેળું કરનાર કેટલાક માણસો તો મર્યા પછી વાસના રહેવાથી ભૂત થાય છે કાં સર્પ થાય છે. આ વાત ગામડામાં અને શહેરમાં પણ સંભળાય છે. આવું હોવા છતાં માણસ ધનને ઈચ્છે છે. તેમાં ઘણું દુઃખ

રહ્યું છે છતાં તેને તે દુઃખ દેખાતું નથી. ૭. જે માણસ જેટલું પ્રભુભજન કરે છે તેટલો તે મોક્ષને પામે છે. તોપણ મોક્ષ માટે તો કોઈક જ ઉદ્યમ કરે છે. ૮. જે જે બાબતમાં મોક્ષ રહ્યો છે તે બધી બાબતોને જોઈ જોઈને અમે સંગ્રહિત કરી છે. પછી તેનાથી ગ્રંથરૂપી ખજાનાને રાત-દિવસ અમે ભરતા રહીએ છીએ. ૯.

ચોપાઈ :

यह बात ताकू ग्रहण जितना, करत रहत हे जन जो तितना;
मोक्ष ताकू पावत रहावा, सरवोपरी यह बात कहावा...१०
सुक्रत बिन यह बात हि तामें, कबहु जन चोटत नहीं यामें;
भगवान में चोटत न जिहाँ लगहू, भव भटकत जन तिहाँ लगहू...११
जो जो बात रहाये जेती, सुने देखे बिन ही तेती;
मन में ईछा होत न ताकी, चाय तेसी बात रहे वाकी...१२

આ હું જે વાત કહું છું તેને જે મનુષ્ય જેટલી સ્વીકારે છે તે મનુષ્યનો તેટલો મોક્ષ થાય છે. આ વાત તો સર્વોપરિ કહેવાય છે. ૧૦. પૂર્વનાં પુણ્ય વિના આવી વાત માણસનાં ચિત્તમાં ક્યારેય ચોંટતી નથી. જ્યાં સુધી માણસનું ચિત્ત ભગવાનમાં નથી ચોંટતું ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે. ૧૧. જે જે વાત જેવી હોય તેવી તેને સાંભળ્યા વિના કે દેખ્યા વિના મનમાં તેની ઇચ્છા થાતી નથી. પછી તે વાત ભલે ગમે તેવી હોય. ૧૨. તેથી જીવનો મોક્ષ કરવા માટે સત્શાસ્ત્ર છે તે શ્રોત્ર અને નેત્ર સમાન છે તથા સૂર્ય જેવા છે. ૧૩. છતાં સત્પુરુષના યોગ વિના માણસને કોઈ દિવસ મોક્ષના માર્ગમાં રુચિ થાતી નથી. એવો અમે નિર્ધાર કર્યો છે. ૧૪. જે સત્પુરુષ છે તે મોક્ષમાર્ગની વાતને બીજી બધી વાતો કરતા સહુથી અધિક સત્યરૂપ જાણે છે. ૧૫. તેથી જ તે સત્પુરુષ પોતે મોક્ષમાર્ગે ચાલે છે અને અજ્ઞાની મનુષ્યો જે રીતે મોક્ષના માર્ગે ચાલે તેવી વાતો કરે છે. ૧૬.

ભગવાનની મૂર્તિ આઠ પ્રકારની કહેવાય છે. તેમાં પોતાને મોક્ષના માર્ગ ઉપર ચલાવનારા જે ગુરુ હોય તે જેવી મૂર્તિ પૂજવા આપે તેમાં પ્રગટ ભગવાનની બુદ્ધિ લાવીને જે મનુષ્ય નિરંતર સેવા કરતો રહે તો તેનો

નિશ્ચિત મોક્ષ થાય છે. ૧૭-૧૮. **વળી, પોતાના ગુરુએ પાળવા માટે જે નિયમ કહ્યા હોય તેને ગુરુની ઘણી કૃપા અને ગુરુનો પરમ પ્રસાદ છે, એમ માનીને તત્પર થઈને પાળતા રહેવા. તેમાં નિત્ય નવો નવો ભાવ રાખવો. કેમ જે, ભાવ વિના કરેલી ક્રિયા લૂખી કહેવાય છે. અને જેટલી ભાવનામાં કસર રહે છે તેટલો લૂખો ભાવ રહે છે. ૧૯-૨૦. જે જેટલો ભાવ રાખે છે તે તેટલું ભગવાન સંબંધી અપાર સુખ પામે છે અને તેને ક્યારેય લગાર પણ દુઃખ દેખાતું નથી. ૨૧.** આવી વાત સમજીને અમે તમને લાભની વાત બતાવીએ છીએ. જ્યાં સુધી તમારા સદ્‌ભાગ્ય હશે ત્યાં સુધી તમને સહુને અમારો યોગ રહેશે. ૨૨.

આવી ને આવી વાત કાયમ રહેતી નથી. એક વખત જે સમય ગયો તે ફરીવાર આવતો નથી. અમે જે દિવસથી પ્રગટ થયા છીએ તે દિવસથી ભક્તજનોને વધારે ને વધારે સુખ દિનપ્રતિદિન આપતા રહીએ છીએ. આવું સુખ અગાઉ કોઈ અવતારમાં આપ્યું નથી. હવે અમે આ પહેલા કોઈ દિવસ ન બાંધી હોય એવી મોક્ષની પ્રથા અત્યારે બાંધીએ છીએ. ૨૩-૨૪. આ વાત પૂર્વનાં શુભ પુણ્ય સિવાય મનાય નહિ તેવી છે. જીવને બીજી બધી વાત તરત મનાય જાય છે, પણ તે વાતો તો લખચોરાશીમાં ભટકાવનારી છે. જીવને જેમાં કોઈ વાતનો નિયમ પાળવાનો ન હોય એવી વાતો ગમે છે. પણ નિયમરૂપી રખેવાળ વગરના ખેતરને તો ગધેડાં ચરી ખાય છે. ૨૫-૨૬. જેમાં કોઈ જાતના નિયમ પાળવાના ન હોય તેવી વાતમાં જે મોક્ષ માને છે તેને અમે ગધેડાં જેવાં કહીએ છીએ. ૨૭. સદાચારમય ધર્મથી રહિત જે મનુષ્ય ભગવાનની મૂર્તિને પૂજે છે તેને તો બ્રહ્માંડ હણ્યાનું પાપ લાગે છે. ૨૮. બ્રહ્માંડ હણ્યાનું પાપ જ્યાં નિત્ય થયા કરતું હોય તેમાં હેત કરીને કરોડો લોકો દોડ્યા કરતા હોય છે. ૨૯. સાચા જ્ઞાન વિના મનુષ્ય આંધળા રહે છે. તેવા માણસને ધર્મ રાખવો ઘણો કઠણ છે. તે તો મોહમાં બંધાઈ રહે છે અને તેને માટે દુનિયાના ખાન પાન જ મોક્ષ છે. ૩૦.

જે અજ્ઞાની લોકો છે તે તો જ્યાં જેટલો વિષયનો યોગ વધારે રહેતો હોય ત્યાં તેટલો મોક્ષ માને છે. આવા લોકો ક્યારેય સત્સંગમાં રુચિ કરતા

નથી. ૩૧. બધા જ માણસને વિષયમાં રુચિ રહે છે તેથી વિષય છોડવા ઘણા કઠણ છે. પછી જે રીતે વિષયીનું કલ્યાણ થાય છે તેવું તેનું પણ કલ્યાણ થાય છે. ૩૨. સત્સંગ કરવો ઘણું કઠણ કામ છે અને દુનિયાના ફેલ છોડવા પણ તેવા જ કઠણ કહેવાય છે. માણસ મરી જાય તોપણ ફેલને છોડતો નથી; એવી ફેલમાં રુચિ કરે છે. ૩૩. ફેલી માણસના ગુરુ પણ અધિક ફેલ દેખાડે એવા ફેલી જ હોય છે. કીચડમાં મેલાં કપડાં ધોનારાઓ કોઈ એકબીજાના દોષને દેખતા જ નથી. ૩૪. કીચડવાળા પાણીમાં કપડાં ધોવાથી જો કપડાં ઊજળાં થાય તો ફેલી ગુરુના આશ્રિત ફેલી શિષ્યનો ઉદ્ધાર નિર્ધારિતરૂપમાં થાય." ૩૫. આટલી વાત શ્રીહરિએ કરી. પછી બાલમુકુંદ લાલજીને વહાણમાં આગળ પધરાવ્યા અને તેમની આરતી કરી. ૩૬.

પછી ગણપતિજીને વહાણમાં લઈને ગંગામાં પધરાવી દીધા. અને ઠાકોરજીને ગંગાના પાણીમાં ઝુલાવ્યા. ૩૭. જ્યારે લાલજી જળ ઝીલીને બહાર આવ્યા ત્યારે શ્રીહરિ ગંગાજળમાં નાહ્યા. જે સંતો અને હરિભક્તો નાહ્યા ન હતા તે બધા પછી શ્રીહરિની સાથે નાહ્યા. ૩૮. જ્યારે શ્રીહરિ નાહી રહ્યા અને બહાર નીકળીને વસ્ત્ર પહેર્યાં ત્યારે જીવા ખાચરે શ્રીહરિની પાસે આવીને કહ્યું, ૩૯. 'હે મહારાજ ! આપ, બાલમુકુંદ લાલજી તથા સહુ સંતો અને હરિભક્તોને લઈ અમને પોતાના જાણીને ઘણા ભાવથી અમારા દરબારગઢમાં પધારો. ૪૦. પછી શ્રીહરિ જીવા ખાચરના દરબાર તરફ ચાલ્યા. આગળ બધાં વાજિંત્રો વાગતાં હતાં, તે રીતે ઘણા ભાવથી ત્યાં પહોંચ્યા. ૪૧. જેટલા તેમના ભવન હતા ત્યાં બધે લાલજીને પધરાવ્યા અને જીવા ખાચરે શ્રીહરિને રાજી કરવા માટે લાલજીની પૂજા કરી. ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ભગવત્સેવાની રીત કહીને લાલજીને જળમાં ઝિલાવ્યા અને જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર બાવીશમું : તરંગ - ૪૦

જળઝીલણી કર્યા પછી ગઢડા મધ્ય પ્રકરણનું સત્તરમું વચનામૃત

જ્યારે લાલજીની પૂજા કરી રહ્યા તે પછી મોટા દરબારના બોરીચા અટકના જે ભાવિક આહીર હતા, તેમણે પોતાના જેટલા ઘર હતા ત્યાં લાલજીની પધરામણી કરી અને અતિ હેતથી ભાવપૂર્વક તેમની પૂજા કરી. ૧-૨. પછી ગઢપુર ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ ઘણા ભક્તિભાવથી લાલજીની ઘેર ઘેર પધરામણી કરી. ૩. પછી દાદા ખાચરના દરબારમાં આવ્યા. તેમણે પણ જેવો પોતાનો ભાવ હતો તે પ્રમાણે લાલજીની પૂજા કરી. ૪. પછી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં જે ઓરડાઓ છે ત્યાં સાંજે અને સવારે સંતો, વર્ણી તથા હરિભક્તોની સભા કરતા હતા. સહુને ઘણા સ્નેહભાવથી રોજ રોજ દર્શન દેતાં હતાં. તે સભામાં નિત્ય ભગવાન સંબંધી કીર્તન અને વાતો થયા કરતી હતી. ૫-૬.

❋ ગ.મ.૧૭ : ભગવાનના સ્વરૂપનું નિરૂપણ :

પછી માણેકઠારી એટલે કે શરદપૂનમનો ઉત્સવ શ્રીહરિએ ગઢપુરમાં કર્યો. પછી જ્યારે આસો વદિ એકાદશી આવી ત્યારે રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની સમીપે ઓરડાની ઓસરીએ સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. બે મશાલ પ્રગટાવેલી હતી. તે સમયે સંતોની સભા અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે સંતો કીર્તન ગાતા હતા તેથી સભામાં પરમ ભક્તિરસ જામી ગયો હતો. ૭-૧૧.

પછી શ્રીજીમહારાજ ઘણા હેતથી બોલ્યા કે, “હવે તમે કીર્તન ગાવાનું રાખો. અમે એક પ્રશ્ન પૂછીએ છીએ. ૧૨. એક વખત વાત જતી રહે તો પછી આવતી નથી. કોઈ વખત મનમાં જે વાત આવે છે તે પાછી ફરીવાર આવતી નથી. ૧૩. બીજી બધી વાતો ઘણી આવે છે પણ ગયેલી વાત ફરી પાછી આવતી નથી. આમ જાણીને અમે પ્રશ્ન પૂછીએ છીએ. ૧૪. કોઈક ભક્ત તો ભગવાનના અનુપમ સ્વરૂપને માયાનાં ચોવીસ તત્ત્વોથી યુક્ત

જાણે છે. તથા કોઈક ભક્ત તો માયાનાં તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય ભગવાનના સ્વરૂપને સમજે છે. આ રીતે બે પ્રકારના ભક્ત કહ્યા. ૧૫-૧૭. તે બેમાં કોની સમજણ ઠીક છે ? અને કોની સમજણ ઠીક નથી ? જે જેમ સમજતા હો તે તેમ વિચાર કરીને કહો." ૧૮. પછી મુક્તાનંદસ્વામી જેમ સમજતા હતા તેમ બોલ્યા જે, "ભગવાનના સ્વરૂપમાં માયિક ચોવીસ તત્ત્વને જે સમજે તેની સમજણ ઠીક દેખાતી નથી અને ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વથી રહિત કેવળ ચૈતન્યરૂપ સમજે, તેની સમજણ અનુપમ અને ઠીક દેખાય છે. તેમ છતાં જેમ આપ કહો તે ઠીક છે." ૧૯-૨૧.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સાંખ્યવાળાએ ચોવીસ તત્ત્વ કહ્યા છે. ૨૨. તે સાંખ્યના મતે કરીને ત્રેવીશ તત્ત્વ અને ચોવીસમો ક્ષેત્રજ્ઞ જે જીવ અને ઈશ્વરરૂપ ચૈતન્ય છે. ૨૩. આ રીતે તેણે ચોવીસ તત્ત્વ કહ્યા છે. કારણ કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને અન્યોન્ય આશ્રય રહ્યો છે. તેણે કરીને ક્ષેત્રજ્ઞ વિના કોઈ દિવસ ક્ષેત્ર કહેવાય નહિ અને ક્ષેત્ર વિના ક્ષેત્રજ્ઞ કહેવાય નહિ. એટલા માટે તે તત્ત્વોની ભેળા જ જીવ-ઈશ્વરને કહ્યા છે. ૨૪-૨૬. અને જે ભગવાન છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બંનેના આશ્રય છે. આમ વિચાર કરીને કહ્યું છે. ૨૭. માટે માયિક તત્ત્વને ભગવાનથી જુદા કેમ કહેવાય ? હવે અમે તે દૃષ્ટાંતથી સમજાવીએ છીએ. ૨૮. જેમ આકાશમાં બીજા ચાર તત્ત્વો રહ્યા છે, તોપણ તે આકાશને તે ચારમાંથી કોઈનો દોષ અડતો નથી. ૨૯. તે રીતે જ પરમેશ્વરના સ્વરૂપને પણ કોઈ માયિક તત્ત્વનો એકેય દોષ અડતો નથી. ૩૦. આવું જ ભગવાનનું સ્વરૂપ પરમ અનુપમ છે. પરમેશ્વરના સ્વરૂપમાં ચોવીશ તત્ત્વ કહીએ, તેમાં શો બાધ છે ? ૩૧. અને તત્ત્વથી રહિત પરમેશ્વરનું સ્વરૂપ કહેવું તેમાં શું અધિકતા આવી અને શું નિર્બાધપણું આવી ગયું ? કેમ જે, ભગવાનને સમાન બીજું કોઈ દેખાતું નથી. ૩૨. અમને જેવું દેખાય છે તેવી વાત કહીએ છીએ."

❋ ભક્ત માટે ભગવાન સદા દિવ્યમૂર્તિ જ છે :

પછી વિપ્ર દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો કે, ૩૩. "જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેણે ભગવાનના સ્વરૂપને તત્ત્વે સહિત સમજવું કે

તત્ત્વે રહિત સમજવું ? હે મહારાજ ! તેને આપ કહો." પછી શ્રીજીમહારાજ કોઈ રીતે બાધ ન આવે તે રીતે બોલ્યા, ૩૪-૩૫. "ભગવાનના સ્વરૂપને તત્ત્વે સહિત સમજે છે તે પણ અપાર પાપી છે, અને જે ભગવાનના સ્વરૂપને નિશ્ચિતપણે તત્ત્વે રહિત સમજે છે તે પણ પાપી કહેવાય છે. તે બંને સમજણ વગરના કહેવાય. ૩૬-૩૭. **જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નથી ? એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે કે ભગવાન એટલે ભગવાન જ છે. તેમાં ભાગ-ત્યાગ કરવાનો માગ નથી. ભગવાન તેવા જ છે."** ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જળઝીલણી કર્યા પછી ગઢડા મધ્ય પ્રકરણનું સત્તરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર બાવીશમું : તરંગ - ૪૧

ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું સત્તરમું વચનામૃત કહ્યું

પછી શ્રીહરિ આગળ બોલ્યા કે, "ભગવાન તો અનંત બ્રહ્માંડોના આત્મા છે. ૧. આ રીતની સમજણે કરીને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતે ઉત્થાન નથી, તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો અને જેની એક મતિ રહે છે તેને સ્થિતપ્રજ્ઞ જાણવો. ૨-૩. જે પુરુષને ભગવાનને વિષે આવી દૃઢ મતિ રહે છે તેને ભગવાન બધાં જ પાપોથી મુકાવે છે. તે ભગવાને ભગવદ્ગીતામાં અર્જુન પ્રત્યે કહ્યું છે કે,

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥(ગીતા:૧૮/૬૬)

અને આ સંસારમાં પણ એવી રીત રહી છે કે જેનાથી પોતાનો મોટો સ્વાર્થ સરતો હોય તેનો જે બુદ્ધિમાન હોય તે દોષ ગ્રહણ કરે નહિ. જેમ સ્ત્રી હોય તે પોતાના સ્વાર્થ માટે થઈને પતિનો દોષ ગ્રહણ કરતી નથી. અને પતિની જેમ મરજી હોય તેમ ચાલે છે તથા બીજા પણ જે ગૃહસ્થો

હોય તે પોતાના બંધુ, ભત્રીજા અને પુત્ર ઈત્યાદિક જે સંબંધીઓ તેને વિષે જો પોતાનો અતિશય સ્વાર્થ હોય, તો તેના દોષનું ગ્રહણ કરતા ક્યારેય દેખાતા નથી. તેમ જેણે ભગવાનથી મોટો સ્વાર્થ જાણ્યો હોય તો તે તલભાર પણ ભગવાનનો દોષ લેતા નથી. ૪-૧૦. અને ભગવાનને એવા સમજે કે ભગવાન સમાન બીજો કોઈ સમર્થ નથી. ભગવાન જ પાપ અને અજ્ઞાનથી છોડાવીને પોતાના ભક્તને અભયપદ આપે છે. એવો મોટો સ્વાર્થ જો જાણ્યો હોય તો કોઈ રીતે ભગવાનનો અવગુણ લે જ નહિ. ૧૧-૧૨.

જેમ શુકદેવજીએ 'રાસપંચાધ્યાયી'નું વર્ણન કર્યું ત્યારે પરીક્ષિત રાજાને સંશય થયો કે, 'ભગવાન થઈને આ રીતે પરસ્ત્રીનો સંગ કરતા ડર્યા નહિ ? પરસ્ત્રીનો સંગ કેમ કર્યો ? અને શુકદેવજીને તો તેમાં લેશમાત્ર પણ સંશય થયો નહિ. ૧૩-૧૫. અને ભગવાને ગોપીઓની સાથે અતિશય ઉમંગથી વિહાર કર્યો ત્યારે ગોપીઓને પણ સંશય થયો નહિ જે, ૧૬. 'ભગવાન હોય તો આમ કેમ કરે ? એવો કોઈ રીતે લેશમાત્ર પણ સંશય થયો નહિ. ઉલ્ટાનું વધારે ને વધારે હેત થયું. ૧૭. અને જ્યારે ભગવાન કુબ્જાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને સાથે લીધા હતા, તોપણ ઉદ્ધવજીને કોઈ રીતે સંશય ન થયો અને તેણે વધારે મહિમા ગ્રહણ કર્યો. વળી, તે ઉદ્ધવજીને જ્યારે વ્રજમાં મોકલ્યા ત્યારે જે ગોપીઓ હતી તેની બધી વાણી ઘણા હેતથી સાંભળી, પણ તેમાં તેમને કોઈ રીતે સંશય થયો નહિ. તેઓ તો ઉલ્ટાનું ગોપીઓનું અતિશય માહાત્મ્ય સમજ્યા. ૧૮-૨૦.

❋ ભક્ત હોય તે જ ભક્તને ઓળખી શકે છે :

માટે જેને ભગવાનનો અચળ આશ્રય થયો હોય તે અતિશય શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો જ હોય, પણ જેની બુદ્ધિમાં ભ્રમ ન થાય તે જ સર્વોપરિ ભક્તજન છે. અને જે ભગવાનનો અતિ દૃઢ ભક્ત હોય તેનું જે માહાત્મ્ય હોય તેને જે ભગવાનનો ભક્ત હોય તે જ જાણે છે. પછી તે શાસ્ત્રવેત્તા હોય કે ન હોય અથવા ભોળો હોય, પણ જેની ભગવાનમાં દૃઢ મતિ થઈ હોય તે જ ભગવાનના ભક્તનું અતિશય માહાત્મ્ય જાણે છે. ૨૧-૨૪. અને દૃઢ મતિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જ તેવા ભક્તોને નિશ્ચય કરીને

ઓળખે છે. ૨૫. અને ભગવાનના ભક્ત સિવાયના જગતના જે વિમુખ જીવ કહેવાય છે તે પંડિત હોય અથવા મૂર્ખ હોય, તોપણ તે ભગવાનને વિષે દૃઢ મતિ કોઈ દિવસ કરી શકે નહિ. ૨૬-૨૭. અને ભગવાનમાં દૃઢ મતિવાળા જે ભક્ત હોય તેને ઓળખે પણ નહિ અને ભગવાનના ભક્તનું માહાત્મ્ય પણ તે જાણે નહિ. માટે ભગવાનનો ભક્ત હોય તે જ ભગવાનના ભક્તને યથાર્થરૂપમાં ઓળખે અને તે જ માહાત્મ્ય પણ યથાર્થરૂપમાં જાણે.

જેમ ઉદ્ધવજીએ ગોપીઓનું અતિશય માહાત્મ્ય જાણ્યું, ૨૮-૩૦. તેમ ગોપીઓએ પણ ઉદ્ધવજીનું અતિશય માહાત્મ્ય જાણ્યું. અને જે પુરુષોત્તમ ભગવાન છે તે સર્વ ક્ષેત્રજ્ઞના પણ ક્ષેત્રજ્ઞ છે, ૩૧. તોપણ તેઓ નિર્વિકાર છે અને માયા આદિક જે વિકારવાન પદાર્થ, તેનો કોઈ વિકાર પુરુષોત્તમ ભગવાનને કોઈ દિવસ અડતો નથી. અને જે આત્મનિષ્ઠ પુરુષ છે તેને પણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણના કોઈ વિકાર અડતા નથી, તો જે પુરુષોત્તમ છે તેને ક્યારેય વિકાર ન અડે તેમાં શું કહેવું ? ભગવાન તો અત્યંત નિર્વિકાર અને નિર્લેપ છે. ૩૨-૩૫. આ રીતે ભગવાનના પરમ પુનિત સ્વરૂપને જે સમજે છે તે ભક્ત સ્થિતપ્રજ્ઞ કહેવાય. આવી તે બાબતની સમજણ રાખવી જોઈએ. ૩૬.

❋ ભક્ત માટે ભગવાનનાં બધાં ચરિત્ર દિવ્ય છે :

જેમ પોતાના આત્માને વિષે જેને સ્થિતિ થઈ હોય તે પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેમજ જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારનો લગારેય ઘાટ ન થતો હોય, વળી જેમ ભગવાનના સમર્થપણાનું અત્યંત પ્રેમમગ્ન થઈને વારંવાર ગાન કરે, તેમ જ જે અસમર્થપણાનું પણ નિત્ય ગાન કરે ૩૭-૩૯. તથા જે રીતે ભગવાનનાં યોગ્ય ચરિત્રોનું ગાન કરે તે રીતે જ અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે,

सोरठा : एसे घाट मन मांहि, करे न कोउ दिन तेहु;
एसे जो भक्त रहाहि, पुरुषोत्तम भगवान हु के...४२
स्वरूप के विषे तेहु, स्थितप्रज्ञ जानना यह;
अरु जिनकु एसेहु, पुरुषोत्तम के स्वरूप विषे...४३

दृढ हि निष्ठा भयेउ, तिनकु इनसे उपर कोउ;
समझना न रयेउ, दूजे कोउ बात तेही...४४

પણ ભગવાનનાં ચરિત્રને વિષે કોઈ દિવસ યોગ્ય-અયોગ્ય રીતનો મનમાં ઘાટ કરે નહિ. આવો જે ભક્ત હોય તેને પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જેને પુરુષોત્તમના સ્વરૂપમાં આવી દૃઢ નિષ્ઠા થઈ હોય તેને એથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું બાકી રહ્યું નથી. ૪૦-૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાકીનું સત્તરમું વચનામૃત કહ્યું" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર બાવીશમું : તરંગ - ૪૨

શ્રીહરિનો સંબંધ, દાસપણાનો ગુણ અને કપટરૂપ દુર્ગણ કહ્યો

શ્રીહરિએ દિવાળી ગઢપુરમાં કરી ત્યારે દેશમાં ફરનારા સંતો ગઢપુર આવ્યા. ૧. દેશદેશના હરિભક્તો પણ ગઢપુર આવ્યા અને શ્રીહરિનાં દર્શન કરીને મનમાં અત્યંત આનંદ પામ્યા. ૨. શ્રીહરિ હરિભક્તોને માટે રોજ નવા નવા ઉત્સવો કરતા હતા. મહારાજે એકે એક હરિભક્તને અપાર સુખ આપ્યું હતું. શ્રીહરિનું આ વખતનું સુખ જેને મળ્યું હોય તે જ તે સુખને જાણે છે. તેનો લખતા પાર આવતો નથી. ૩-૪. જે હરિભક્તોને જેવી રીતે શ્રીહરિનો સંબંધ(નિશ્ચય) થયો અને જેમાં જેવા ગુણ હતા એવું અને એટલું તેને શ્રીહરિએ સુખ આપ્યું હતું. ૫. આ વખતે હરિભક્તોમાં જેટલા ગુણ હતા તે શ્રીહરિના સંબંધે કરીને હતા. જેને જેટલી વખત શ્રીહરિનો સંબંધ થયો તેણે તેટલીવાર સુખ લીધું. ૬.

હરિભક્તો મનમાં જેવા સંકલ્પ કરતા હતા અને જેવો મનમાં ભાવ રાખતા તે પ્રમાણે તે ભક્તને વારંવાર બોલાવીને શ્રીહરિ તેવું સુખ આપતાં હતાં. ૭. હરિભક્ત સિવાયના પણ જે લોકોને આ વખતે શ્રીહરિનો સંબંધ

થયો તે બધાને શ્રીહરિએ અપાર સુખ આપ્યું અને જન્મ-મરણના ભટકણથી બહાર કરી દીધા. ૮. અને તેમને જમપુરી તથા લખચોરાશીનાં દુઃખથી પણ છોડાવી દીધા. આ વખતે જેને શ્રીહરિવરનો સંબંધ જાણે-અજાણે પણ થયો તેને (જન્મ-મરણ, કાળ, માયા અને જમપુરી) આ ચાર બાબતનાં દુઃખથી છોડાવી દીધાં. જેણે જાણે-અજાણે પણ કોઈ પાપ કર્યું હોય, તો તે બધાં પાપને શ્રીહરિ પોતાના સંબંધને કારણે માફ કરી દેતા હતા. ૯-૧૦. સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ આ ત્રણ પ્રકારનાં કર્મનું જીવને વજ્ર કરતાં પણ અતિ કઠોર પાકું બંધન રહ્યું છે. તે કર્મના બંધનથી બીજા કોઈ સાધન વડે છૂટી શકાતું નથી. ૧૧. કોઈ પોતાનાં મનનાં ધાર્યા ચાહે તેવાં કઠણ સાધન કરે.

જેમ કે ક્યારેય અનાજ ન ખાવું, ક્યારેય પાણી ન પીવું, નિત્ય કરોડો યજ્ઞ કરવા, નિત્ય કરોડો ગાયોનું દાન આપવું; એવાં બધાં કર્મ બ્રહ્માના કલ્પ સુધી કરે તોપણ તેનું બંધન તો રહે જ છે. ૧૨-૧૩. **કોઈ માણસ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ભૂમિનું દાન નિત્ય કરે, પણ જો તેને ભગવાનનો સંબંધ ન હોય તો તે ઊલટું બંધન કરનારું છે, તેમ જાણવું. ૧૪. જેમાં ભગવાનનો સંબંધ ન હોય એવાં કર્મ કોઈ કરે તો તેને પાર ન લઈ શકાય તેટલા બંધન કરનારા થાય છે. ૧૫. અને જો ભગવાનનો સંબંધ રાખીને લેશમાત્ર પણ કર્મ કરવામાં આવે તો તેનું બ્રહ્માંડના જેટલું વિશાળ ફળ થાય છે. ૧૬.**

✵ ભગવાનનો સંબંધ જ મહાસુખનું દ્વાર છે :

चोपाई :

हरि के सबंध करिके जेता, करत रहत फल तेहि जेता;
सुधे उंधे कन जोऊ जेहा, भोमि पर परत रहेउ तेहा...१७

प्रथम कन भोमि पर जितना, परत नहि देखावत तितना;
पण समय तेहि होवत जबही, एक कन से अनंत कन तबही...१८

ભગવાનના સંબંધે કરીને જે કાંઈ કર્મ કરવામાં આવે તેનું અનંત ફળ મળે છે. જેમ ભૂમિમાં ઊંધા કે છતા જે જે કણ વાવવામાં આવે તે ભૂમિ

ઉપર પડેલા કણ પ્રથમ તો દેખાતા નથી, પણ તેનો જ્યારે યોગ્ય સમય આવે ત્યારે એક એક કણમાંથી અનંત કણ થાય તેવું દેખાય છે. તે રીતે જ ભગવાનનો સંબંધ હોય તો અપાર શુભ ફળ મળે છે. ભગવાનના સંબંધ વગરનાં કર્મ તો ખારી ભૂમિમાં બીજ વાવ્યા જેવા છે. ૧૭-૧૯. ખારી ભૂમિમાં ચાહે તેવા કિંમતી બીજ વાવવામાં આવે, પણ તે બધા વ્યર્થ જાય છે. તેમાંથી ફળની જે લાલચ રાખે તે પંડિત હોય તોપણ મૂર્ખ છે. ૨૦. જેને ભગવાનનો સંબંધ થયો હોય અને જે હરિભક્ત થયો હોય તે જેમ જેમ સત્સંગ કરે છે તેમ તેમ તેને આવું જ્ઞાન થતું રહે છે. ૨૧. **જ્ઞાન વિના સત્સંગની વાત યથાર્થપણે સમજાતી નથી. જેને જેટલું જ્ઞાન થાય છે તેટલું તેને સત્સંગનું અપરંપાર સુખ આવે છે. પછી તેને સત્સંગ સિવાયનું જે કાંઈ પણ છે તે સત્સંગની સમાન લગાર પણ કોઈ રીતે દેખાતું નથી. ૨૨-૨૩.**

તેઓ ભગવાનના સંબંધને લીધે જન્મ-મરણનું દુઃખ પામતા નથી. પણ જે ભગવાનથી વિમુખ જીવ હોય તે કાળ, માયા, લખચોરાશી અને જમપુરીનું દુઃખ પામે છે. ૨૪. સત્સંગીને ભગવાનના સંબંધે કરીને તે દુઃખો આવતા નથી. જે જે મોટાં દુઃખ હોય તે બધાનો તત્કાળ જ નાશ થઈ જાય છે. પણ જો ઉપર ઉપરથી સત્સંગ કરે તો જ્ઞાનદૃષ્ટિ ન આવે. જે કપટી માણસ છે તેને છેવટે સત્સંગ ગમતો નથી. ૨૫-૨૬. જેટલા કપટી લોકો છે તે હરિભક્ત કરતાં અધિક થવા માટે સત્સંગની વાતોને શીખે છે. ૨૭. કપટી માણસના કપટને હરિભક્ત જાણતા નથી, પણ તે કપટી જ્યારે વિમુખ થાય છે ત્યારે તેનું બધું કપટ દેખાઈ આવે છે. ૨૮. કપટી માણસ જ્યાં સુધી સત્સંગમાં રહે છે ત્યાં સુધી સારા હરિભક્ત કરતાં પણ વધારે સારું વર્તન દંભે કરીને રાખે છે. ૨૯.

કપટીના અધિક વર્તનને દેખીને જેટલા વિશ્વાસી ભક્ત હોય તે બધા કપટીને વધારે મોટો સંત માને છે અને સાચા સંતને કપટી માનવા લાગે છે. ૩૦. ત્યારે તેને નિષ્કપટી સંતના અપમાન કર્યાનું અપાર પાપ લાગે છે. જેટલા કપટી હોય છે તે બધા નઠારા હોય છે. અંતે જાતા જ્યારે તે વિમુખ

થાય ત્યારે તેનું કપટ દેખાઈ આવે છે. પછી તે કપટીને પાપનાં મળરૂપ જાણીને હરિભક્તો તેની સાથે બોલતા નથી. ૩૧-૩૨. સત્સંગની સત્ય વાત જોવા છતાં જે સત્સંગનો દ્રોહ કરે છે તેના સમાન બીજો કોઈ દ્રોહી નથી, તે સહુથી વધારે મોટો દ્રોહી છે. પછી તે વારંવાર સંસારમાં ભટક્યા કરે છે અને જમપુરીમાં પુષ્કળ પ્રમાણમાં માર ખાય છે. જ્યારે તે મરે છે ત્યારે વારંવાર પથ્થર જેવામાં કે લોઢા જેવામાં પ્રવેશ પામે છે. અર્થાત્ જન્મ લે છે. ૩૩-૩૪. તે દ્રોહી કરોડો કલ્પ વીતી જાય, તોપણ ક્યારેય મનુષ્યના જન્મને પામતો નથી. સત્સંગનો દ્રોહ કરનારાને એટલું મોટું દુઃખ થાય છે કે જે કહી શકાતું નથી. ૩૫.

❋ દાસપણું દ્રોહથી બચવાની શ્રેષ્ઠ ચાવી છે :

જે સત્સંગનો અપાર ગુણ લે અને એક દઢાવ રાખીને દાસબુદ્ધિ રાખે, અને પોતામાં ગમે તેટલા ઊંચા ગુણ હોય તોપણ હરિભક્તનો દાસ થઈને રહે તો સહેજે જ દ્રોહ કે વિઘ્નથી બચી જાય. ૩૬.

दोहा : सब गुण से अधिक यह, गुण रहाये अपार;
हरिजन के वर्तत दास होइ, विघ्न न ताहि लगार...३७
ईश्वर जेसे गुण हि जो, सत्संग के प्रताप;
वरतत रहे हरिजन में, छक न ताके लगार...३८

सोरठा : छक न जितना जामें, जो जो गुण तिनके जेहि;
दासबुद्धि हि तामें, तितना शोभीत गुण तेहि...३९
जो जो गुण रहे तामें, दासपना जिहाँ हि लगहु;
वरतत नहीं यामें, एक गुण न शोभीत तेहु...४०

આ દાસપણાનો ગુણ બધા જ શુભ ગુણોમાં સહુથી અધિક છે, અપાર છે. જે હરિભક્તોના દાસ થઈને વર્તે છે તેને લગાર પણ વિઘ્ન આવતું નથી. ૩૭. સત્સંગના પ્રતાપથી તેવા હરિભક્તમાં ઈશ્વરના જેવા ગુણો વર્તતા હોય છે, તોપણ તેને તે બાબતનો લગાર પણ ગર્વ હોતો નથી. ૩૮. પોતામાં જે જે ગુણ હોય તેનો જેને જેટલો ગર્વ ન હોય અને દાસભાવ હોય તો

તેના તે બધા ગુણો સારી રીતે શોભી ઊઠે છે. ૩૯. જ્યાં સુધી દાસપણું ન હોય ત્યાં સુધી માણસમાં જે જે શુભ ગુણ હોય તે એક પણ ગુણ શોભતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિનો સંબંધ, દાસપણાનો ગુણ અને કપટરૂપ દુર્ગણ કહ્યો" એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર બાવીશમું : તરંગ - ૪૩

નિષ્કપટપણું અને સાધુતાની પ્રશંસા

વળી, મુક્તાનંદસ્વામીએ હરિભક્તની વાત કહી, "હરિભક્તના જેવી બીજી કોઈ વાત નથી. તે વાત જ મોક્ષ કહેવાય છે. ૧. શ્રીહરિ અને હરિભક્તની વાત કહેવી અને સાંભળવી, તે વાતમાં જ બધો મોક્ષ રહ્યો છે એમ જાણવું. ૨. જો મનથી નિષ્કપટ થઈને પોતાના મોક્ષ માટે જ ભગવાન અને ભગવાનના ભક્તની વાત કહે-સાંભળે તો તેનો મોક્ષ થાય છે. ૩. પણ જેટલું કપટ રાખીને વાતને કહે સાંભળે તેટલો તેનો મોક્ષ થતો નથી. પછી તે કપટને કારણે સંસારમાં ભટકતો રહે છે. ૪.

ભવભટકણના જેટલા કારણો છે તે બધા કપટમાં રહ્યા છે. જ્યાં સુધી જેટલું કપટ રાખવામાં આવે છે ત્યાં સુધી તે તેટલો સંસારમાં ભટકે છે. ૫. કપટી અને નિષ્કપટી એ બંનેની એકસરખી ગતિ થતી નથી. જેટલું દુઃખ કહેવાય છે તે બધી દુર્ગતિને કપટી માણસ પામે છે. ૬. જે અતિ નિષ્કપટભાવે સત્સંગ કરે છે તેને અંતર્યામી ભગવાન દેખે છે. પછી રાજી થઈને જેટલા પ્રકારનાં સુખ કહેવાય છે તે પ્રાપ્ત થાય એવી ઉત્તમગતિ તેને આપે છે. ૭. કદાચ કોઈ જીવ પશુ, વૃક્ષ અથવા પથ્થરમાં જાય પણ જેટલો નિષ્કપટભાવે (અર્થાત્ સરળ તેમજ નક્કરપણે) રહે છે તો તેને મનુષ્યો તેટલો ભાવ રાખીને પૂજે છે. ૮.

✵ નિર્માની જ નિષ્કપટપણે રહી શકે છે :

चोपाई :

हरिजन रहे जितना जेऊ, निष्कपट रहे तितना तेऊ;
भगवान के धाम जो तामें, जाई निवास करत रहे यामें...०९
कपटी जब कपट यह तिनकू, शत्रु जानी त्याग कर हि इनकू;
हरिजन के दास हि दास होऊ, दीनता पद जब पाव हि सोऊ...१०
दीनता पद पावत जेही वेरी, हरि हरि के जन तेही वेरी;
प्रसन्न होत लगत न वारा, प्रसन्न भये एही तेही वारा...११
हरि के धाम में बैठत जाई, वेर लगत हि नहीं कछु ताई;
निष्कपट होनमें वेर रहाते, एसे कर यह बात कहाते...१२

જે હરિભક્ત જેટલો નિષ્કપટ હોય છે તેટલો તે ભગવાનના ધામમાં જઈને નિવાસ કરે છે. ૯. જ્યારે કપટી મનુષ્ય કપટને પોતાનો શત્રુ જાણીને તેનો ત્યાગ કરીને દીનતાના પદને પામે છે ત્યારે હરિભક્તના દાસનો દાસ થઈને રહે છે. ૧૦. અને વળી, જ્યારે દીનતાના પદને પામે છે ત્યારે ભગવાન અને ભગવાનના ભક્તને રાજી થતા વાર લાગતી નથી. જ્યારે તે બંને પ્રસન્ન થાય છે ત્યારે તે ભગવાનના ધામમાં જઈને બેસે છે, તેમાં જરાય વાર લાગતી નથી. પણ માણસને નિષ્કપટ થવામાં વાર લાગે છે એટલા માટે આ બધી વાત કહી છે. ૧૧-૧૨.

જ્યાં સુધી મનુષ્યને કપટમાં દોષ દેખાતો નથી ત્યાં સુધી તે ભગવાનના ધામને પામશે જ નહીં. જ્યારે કપટમાં દોષ દેખાતો રહે છે ત્યારે જ ભગવાનના ભક્તનો દાસ થઈને રહે છે. ૧૩-૧૪. જ્યાં સુધી કપટનો નાશ કરીને ભગવાનના ભક્તનો દાસ નથી થતો ત્યાં સુધી ભગવાન અને ભગવાનના ભક્તની પ્રસન્નતા થાતી નથી. ૧૫. **ભગવાન અને ભગવાનના ભક્તની પ્રસન્નતા થયા વિના ક્યારેય કોઈનો મોક્ષ થતો નથી. મોક્ષની જેવી સનાતન રીત રહી છે તેવી જ અમે આ રીતે કહી. ૧૬.**

આવી મોક્ષની સનાતન રીતને જે નથી જાણતા તે મનમાં ફાવે તેમ મોક્ષને માની લે છે. તે કારણે મરીને તે જમપુરીમાં જાય છે. ૧૭. ત્યાં જે

જમના દૂતો રહ્યા છે તે બધા તેની (માર મારવારૂપ) પૂજા કરે છે. યમદૂતને પૂજા કરવાનો ઘણો ભાવ રહે છે. તેનાથી જમપુરીમાં ગયેલાને જે દુઃખ થાય છે, તે કહ્યું જાતું નથી. ૧૮. તે જ્યાં જાય છે ત્યાં દુઃખ પામે છે. આ મૃત્યુલોકમાં કપટ કરીને સુખ પામ્યો હોય અને કપટ કરીને ચાહે તેમ પૂજાતો હોય, પણ તે કપટનું ફળ તો જમપુરી, જન્મ-મરણ અને લખચોરાશી કહેવાય છે. બીજા પણ જે જે દુઃખ કહેવાય છે તે બધાં કપટનાં ફળનાં રૂપમાં રહ્યાં છે. ૧૯-૨૦.

હરિભક્તોની સમજણ જેવી હોય છે તે અમે આ રીતે કહી. હરિભક્તો જેટલી શુદ્ધ વાત હોય તેને ગ્રહણ કરે છે અને જેટલી નિંદાસ્પદ વાત હોય એટલીનો ત્યાગ કરે છે. ૨૧. સત્ય વર્તને કરીને જ સંત અને હરિભક્ત કહેવાય છે. જ્યાં જેટલું સત્ય વર્તન હોય ત્યાં તેટલો મોક્ષ રહે છે. ૨૨. સત્ય બાબતમાં જ્યારે અસત્ય બાબતનો લોભ આવીને નિવાસ કરે છે ત્યારે સત્યના ઓઠા નીચે રહેલું અસત્ય કોઈને બહાર લગાર પણ જાણવામાં આવતું નથી. ૨૩. ભગવાન જ્યારે મનુષ્યદેહનો ત્યાગ કરીને અંતર્ધાન થાય છે ત્યારે તે લોભને લાગ મળે છે. પછી સત્યને ઓઠે અસત્ય પણ સત્ય થઈને મળી જાય છે, તેને કોઈ જાણતું નથી. ૨૪. પછી તો લોભ પણ હરિભક્તના ભેળો હરિભક્ત થઈને ભળી જાય છે. જ્યારે તે પણ હરિભક્ત થઈ જાય છે ત્યારે તેને કોઈ શું કહે ? ૨૫.

સંતોના નિર્લોભી વ્રતમાનની આગળ લોભનું કાંઈ બળ ચાલતું નથી. પછી તો તે લોભ રાત-દિવસ સંતોના જીવનમાં છિદ્ર ખોળતો રહે છે. ૨૬. સંતો જ્યાં સુધી લોભના સ્વરૂપને દોષના રૂપમાં દેખે છે ત્યાં સુધી તે લોભ સંતના શુદ્ધ વર્તનને દેખીને ચુપ બેસી રહે છે. ૨૭. પરંતુ જે સંતને જે દિવસે લોભમાં ગુણ મનાશે ત્યારે તે સંતનો અવગુણ લોભ જરૂર લેશે. ૨૮. મોક્ષના ઉપયોગમાં આવે એટલો લોભ સંતને બાધ કરતો નથી, આવા લોભને સંતો નિર્લોભ જાણીને તથા હિતકારી માનીને ક્ષમા રાખે છે. ૨૯. છતાં પણ જેના હૃદયમાં ભગવાનનો નિવાસ છે તેવા સંતો તે લોભનો વિશ્વાસ કરતા નથી. તે સંતો સાધુતાની રીતને લોપતા નથી. કારણ કે, તેઓ સાધુતામાં જ પોતાનું હિત માને છે. ૩૦.

✵ સાચા સંતનાં લક્ષણો અને તેમની મોટાઈ :

संत साचे रहे जो जेता, भगवान कु अधिक देखत तेता;
भगवान कु अधिक जिहाँ लगही, देखत संत तिहाँ लगही...३१
भगवान तामें निवास करीता, पलक एक न दूर रहिता;
भगवान निवास करत जामें, प्रगट देखावत वरतन तामें...३२

જે સાચા સંતો છે તે ભગવાનને જ અધિક દેખે છે. અને જ્યાં સુધી સંત ભગવાનને અધિકપણે દેખે છે ત્યાં સુધી ભગવાન તેમાં નિવાસ કરીને રહે છે, એક પલકવાર પણ તેનાથી દૂર રહેતા નથી. જેમાં ભગવાન નિવાસ કરતા હોય તે સંતના વર્તનમાં પ્રગટ દેખાય આવે છે. ૩૧-૩૨. જેને કોઈ પદાર્થને માટે ક્ષોભ ન થતો હોય તે તો તેનાં વેણ અને નેણમાં દેખાઈ આવે છે. એવા નિર્લોભી સંતને કોઈ માને કે ન માને, તેની સામે તેઓ ધ્યાન દેતા નથી. કારણ કે, લોકો માને તોપણ તેનાથી શી વિશેષતા ? ૩૩. પોતાનું માન કે પ્રતિષ્ઠા વધારવા માટે તેઓ વિચાર જ કરતા નથી. **જેને જ્ઞાનરૂપી દ્વાર ખુલ્યું છે એવા સત્પુરુષ સર્વ સંતો અને હરિભક્તોની પ્રતિષ્ઠા જેમ જેમ દિનપ્રતિદિન વધે તેમ તેમ તે મનમાં અપાર રાજી રાજી રહે છે.**

જ્યાં સુધી કોઈ પણ બાબતમાં ક્ષોભ પામે છે ત્યાં સુધી તેમાં સાધુતા આવી નથી, પણ સાધુતાના માર્ગે ચાલ્યા છે તેમ જોઈ લેવું. જે સંતને માર્ગે ચાલે છે તેને ધીરે ધીરે સાધુપણું આવશે; તેમાં કોઈ સંદેહ નથી, એવો સત્સંગનો પ્રતાપ છે. સત્સંગથી અપાર લોકો સુધરી જાય છે. ૩૪-૩૭. પ્રહ્લાદજી દૈત્ય હતા તોપણ સત્સંગથી સુધરી ગયા. તો પછી મનુષ્ય સુધરે તેમાં શી વાત કહેવી ? ૩૮. સત્સંગના પ્રતાપથી શબરી, પિંગલા અને કુબ્જા જેવા અનેક અધમ સંસારસાગરને તરી ગયા. ૩૯. અરે ! તેના સિવાય બીજા પણ ગણવાથી પાર ન આવે તેટલા બધા અધમો સત્સંગના યોગથી સહેજે સંસારસાગરને પાર પામ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "નિષ્કપટપણું અને સાધુતાની પ્રશંસા કહી" એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥

પૂર બાવીશમું : તરંગ - ૪૪

દિવાળીનો ઉત્સવ અને સંતોના રાસ વગેરેની લીલા

અષાઢી વર્ષ પ્રમાણે સં.૧૮૭૮ની સાલમાં ગઢપુરમાં દિવાળીને દિવસે નિષ્કુળાનંદસ્વામીએ સુશોભિત સુંદર દીપમાળા બાંધી હતી. ૧. વાસુદેવનારાયણના મંદિરની આગળ કમાનોવાળી આ દીપમાળા બાંધી હતી. ૨. તે દીપમાળાને પાંચ પાંચ દરવાજા ચારેબાજુ કર્યા હતા. જ્યારે રાતે દીપમાળા પ્રગટાવી ત્યારે તેમાં દીવાઓનો કોઈ પાર ન હતો. ૩. તે દીપમાળાની વચ્ચે સિંહાસન મૂક્યું હતું. તે સમયે શ્રીહરિ ત્યાં આવીને સિંહાસન ઉપર બેઠા હતા. ૪. દીપમાળાની આગળના ભાગમાં દીવાના બે ઝાડ પ્રગટાવ્યા હતા. તે વખતે તેની શોભા ઘણી સુંદર થઈ હતી. ૫. ત્યારે ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની ઘણી મોટી સભા થઈ. પછી ઝાંઝ અને મૃદંગ વગાડીને આરતી તથા ધૂન કર્યા. તે સમયે ચોતરફ જયજયકાર થઈ રહ્યો હતો. જ્યારે આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ કરેલાં દિવાળીનાં પદ ઉત્સવમાં બોલ્યા.

❋ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી વગેરે સંતોની વિશેષતાઓ :

चोपाई :

मुक्तमुनि बोलत भये जबही, हरि की मूर्ति उर धरीके तबही...०८
अंग में रोम रहेउ जितना, प्रफुलित होवत रयेउ तितना;
रोम रोम प्रति मूर्ति जेही, हरि की वास जनु कर रहे तेही...०९
मूर्ति ता महिं तनकु प्रोई, गावत भयेउ इस रीत सोई;
मूर्ति बिन तब कोउ आकारा, देखावत नहीं तेही वारा...१०

જ્યારે મુક્તાનંદસ્વામી શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને ***'દીપમાળ સુખકારી, કનૈયા જાકી દીપમાળ સુખકારી...'*** આ પદ બોલતા હતા ત્યારે તેમનાં શરીર ઉપર રહેલા રોમે રોમ પ્રફુલ્લિત થઈ ગયા હતા. જાણે કે તેમના રોમે રોમમાં શ્રીહરિની મૂર્તિ નિવાસ કરીને રહી હોય તેમ જણાતું હતું. ૬-૯. આ રીતે સ્વામી પોતાના તનને શ્રીહરિની મૂર્તિમાં ઓતપ્રોત કરીને જ્યારે ગાતા હતા ત્યારે તેમને મૂર્તિ સિવાય બીજો કોઈ આકાર

દેખાતો નહિ. ૧૦. જ્યારે મુક્તાનંદસ્વામી દિવાળીનાં પદ ગાઈ રહ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી સ્વરચિત દિવાળીના પદો બોલ્યા. તે અત્યંત સર્વોત્તમ પ્રેમરસથી ભરેલાં હતાં. ૧૧. તે સમયે શ્રીહરિની મૂર્તિની જેટલી શોભા કહેવાતી હતી તે શોભાએ સહિત ગવાતા મૂર્તિના પદમાં ભગવાન પ્રગટ દેખાતા હતા. ૧૨. તે પદોમાં પરમ અનુપમ એવી મૂર્તિનું જે રીતે ગાન થઈ રહ્યું હતું, તેને જે ભક્તજનો પોતાના હૃદયમાં ધારતા હતા તેમને તે શ્રીહરિનું સ્વરૂપ પ્રગટ દેખાતું હતું. ૧૩.

જ્યારે બ્રહ્માનંદસ્વામી ઉત્સવનાં પદ ગાઈ રહ્યા, તે સમયે પ્રેમાનંદસ્વામી પણ સારી રીતે ઉત્સવના પદને ગાવા લાગ્યા. જેટલાં પદ ગવાયાં તેમાં એક પણ પદ ભગવાન શ્રીહરિની મૂર્તિ સિવાયનું ન હતું. હરેક પદમાં શ્રીહરિની મૂર્તિ જેવી હતી તેવી જ મૂર્તિનો નિવાસ કરાવી દીધો હતો. એવાં બધાં પદો બ્રહ્માંડ રહે ત્યાં સુધી રહે તેમ રચ્યાં હતાં. ૧૪-૧૬. શ્રીહરિના સમયના આ સત્સંગમાં જેટલાં કવિઓ હતાં, તેમણે શ્રીહરિની મૂર્તિને જેવી દેખી હોય અને જેવાં વસ્ત્ર આભૂષણ ઈત્યાદિક પહેર્યાં હોય, હરિભક્તોએ જેવી પૂજા કરી હોય, તે બધું જેવું પોતાની બુદ્ધિમાં આવ્યું, તેવું પોતપોતાના ગ્રંથમાં ગૂંથી દીધું હતું. ૧૭-૧૮.

જેમ અમૃતનો પ્રવાહ ચાલતો હોય ત્યારે અમૃતના ભાવિક લોકો જેવા પોતા પાસે વાસણ હોય તેમાં ભરીને રાખી લે છે. ૧૯. અમૃતના મહાસાગરમાંથી પણ જેને જે કોઈ પાત્ર મળે તેમાં જેમ સહુ અમૃત ભરી લે છે, તે રીતે જ તે અમૃત કરતાં પણ અધિક મહત્ત્વપૂર્ણ શ્રીહરિનાં સ્વરૂપ સંબંધી પરમ અમૃતમય વાતોને કવિ સંતો પોતાના પદરૂપી પાત્રમાં ભરી લેતા હતા. અર્થાત્ યથાશક્તિ પોતાની કૃતિઓમાં ગૂંથી લીધી હતી. પછી તે પદો વગેરેમાં શ્રીહરિની મૂર્તિ પણ નિવાસ કરીને રહેતી હતી. ૨૦-૨૧. મધ્યરાત્રિ થઈ ત્યાં સુધી સંતોએ ઉત્સવ કર્યો. જે સંતો ઉત્સવમાં બેઠા ન હતા તે બધા રાસમાં ફરી શકે તેવા સંતો શ્રીહરિને રાજી કરવા દીપમાળાની બહારના ભાગમાં ફરીને ગરબીનાં પદ ગાતાં હતાં. ૨૨-૨૩. અઢાર વર્ષથી લઈને ચાળીશ વર્ષ સુધીની ઉંમરના સંતો હતા તે રાસના રૂપમાં ફરીને

જેમાં શ્રીહરિની મૂર્તિનું વર્ણન હોય તેવાં પદ ગાતાં હતાં. ૨૪. તે બધાં પદ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીનાં રચેલાં હતાં. ૨૫. ગુણાતીતાનંદસ્વામી, વિરક્તાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી અને નિષ્કામાનંદસ્વામી, તે બધા હરેક સંતોએ એક એક હજાર પદ કંઠસ્થ કરેલા હતા. ૨૬-૨૭. શરદપૂનમનાં ઉત્સવનાં મુક્તાનંદસ્વામીનાં પદ ***'મોર મુગટ શિરપર ધર્યો, કર મુરલી અભિરામ,'*** એ રચેલાં હતાં તેને તે સંતો બોલતા હતા. ૨૮. શ્રીહરિ ઝાંઝ અને મૃદંગ સાથેના તે ઉત્સવના પદને સાંભળતા રહ્યા અને સંતોને રાસમાં ફરતા જોઈને પરમ આનંદ પામીને પોતે તરત જ ઊઠ્યા. ૨૯.

❋ શ્રીહરિની મૂર્તિનું વર્ણન :

નટવરમૂર્તિ સુંદર શ્યામ બનેલા શ્રીહરિ સંતોની સાથે રાસમાં ફરવા લાગ્યા. શ્રીહરિના લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી હતી અને વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૩૦. બુરાનપુરનો અમૂલ્ય કસુંબી રંગનો અદ્‌ભુત રેંટો સોનેરી ચાર આંગળ પહોળી કોરવાળો અને રમણીય પાલવવાળો હતો, તેની શોભા કહી શકાતી નથી. તેની મસ્તક ઉપર પાઘ બાંધી હતી. તેના ઉપર છોગા મૂક્યા હતા. જાણે મસ્તક પર મુગટ ધાર્યો હોય તેવી તે પાઘ શોભતી હતી. ૩૧-૩૨. પાઘ ઉપર મોતીના તોરા લટકતા હતા અને નંગજડિત શિરપેચ બાંધેલો હતો અને તેમાં સુંદર કલગી શોભી રહી હતી. ૩૩. બંને કાન ઉપર હજારીગલના ગુચ્છ હતા. મુખકમળ ભારે શોભતું હતું. સંતો જે રીતે ફરતા અને નમતા હતા તે રીતે જ શ્રીહરિ પણ ફરતા અને નમતા હતા. ૩૪.

અને તે કીર્તનનાં પદનાં ચરણ જેમ કંઠસ્થ કર્યા હોય તેમ સંતો બોલતા હતા. ત્યારે શ્રીહરિ પણ તે જ રીતે હાથનાં લટકાં કરીને સંતો સાથે કીર્તન બોલતા હતા. ૩૫. શ્રીહરિને રાસમાં ફરતા દેખીને હરિભક્તો ખૂબ જ ઉલ્લાસ પામતા હતા. તેમના મનનો આનંદ કહી શકાતો નથી. **આ રીતે હરિભક્તો અને સંતોને રાજી કરવા માટે શ્રીહરિ પ્રેમરસ સભર થઈને રાસ રમતા હતા. ૩૬.** તે સમયે હરિભક્તો અને સંતો શ્રીહરિના સ્વરૂપનો વિવિધ પ્રકારનો રસ વારંવાર પીતા હતા. તેનો કહેતા પાર આવતો નથી. ૩૭. આ વખતે શ્રીહરિએ

પોતાની મૂર્તિમાં અનેક પ્રકારનો રસ પ્રગટ કર્યો હતો. ૩૮. શ્રીહરિની નખથી શિખા પર્યંતની મૂર્તિ રસમય બની હતી. પરંતુ જેમ અનંત પ્રકારના પુષ્પોમાં અપાર સુગંધ હોય તેને ગીંગો જીવન પર્યંત જાણી શકતો નથી, તેમ મૂર્તિના ખરા રસિયા ભોગી સિવાય શ્રીહરિનો રસ પામી શકાતો નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “દિવાળીનો ઉત્સવ અને સંતોના રાસ વગેરેની લીલા કહી” એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર બાવીશમું : તરંગ - ૪૫

શ્રીહરિ દિવાળીનો ઉત્સવ, રાસ અને ગંગાસ્નાન કરીને પાછા પધાર્યા

મુક્તાનંદસ્વામી દાદા ખાચરની આગળ ફરીને દિવાળીના ઉત્સવની વાત કરવા લાગ્યા. તે શ્રીહરિની વાત હરિભક્તો માટે તો નિધિ સમાન છે. ૧.

✵ શ્રીહરિની વાતો તથા ચરિત્રોની વિશેષતાઓ :

दोहा : हरि की जो जितनी वारता, परम रस रहे ताय;
परम रहायेउ निधि यह, हरिजन हि मीन रहाय...०२

सोरठा : हरिजन भ्रंग रहेउ, हरि की जितनी हि बात जोउ;
अमूल अमूल तेउ, पुष्प रहे सुगंध कर हि...०३
हरि की बात हि ताके, सुगंध कर ब्रह्मांड सब;
भर रहे अब वाके, गींगे सुगंध न लहत यह...०४

શ્રીહરિની જે જે વાત છે તે પરમ રસમય છે. હરિભક્તોને માટે તે વાતો મહાસાગરરૂપ છે અને હરિભક્તો તેમાં રહેલાં માછલાં છે. ૨. શ્રીહરિની જેટલી અણમોલ વાતો છે તે સુગંધી પુષ્પ છે અને તેનો સુગંધ માણનારા હરિભક્તો ભમરા છે. ૩. શ્રીહરિની વાતોના સુગંધથી અત્યારે સમગ્ર બ્રહ્માંડ ભર્યું છે. પણ ગીંગા જેવા અભાગિયા જીવ તે સુગંધને લઈ શકતા નથી. ૪. જે ભગવાનથી વિમુખ જીવ છે તે ભગવાન સિવાયના પંચવિષયરૂપી છાણના ગંધમાં સુખ માનતા હોય છે. ૫. જે નરનારીઓ

ભગવાનથી વિમુખ વર્તે છે તે બધા વિષયરૂપી છાણમાં ગુલતાન રહે છે. ખરેખર વિમુખ જીવને તે જ યોગ્ય છે. ૬. આ સમયમાં જે ભગવાનના ભક્ત નરનારીઓ થયા છે તે બધા ભગવાન સ્વામિનારાયણના સંબંધવાળા યત્કિંચિત્ સુખનું રાત-દિવસ વારંવાર પાન કરે છે, અને ભગવાન સંબંધી વાતમાં નિરંતર અપાર મગ્ન રહે છે. ૭-૮.

શ્રીહરિ તો સંતો અને હરિભક્તોની સાથે વિચરતા રહીને સંતો-હરિભક્તોની રુચિ અનુસાર અપરંપાર લીલાચરિત્ર કરતા રહે છે. ૯. તે ચરિત્રો અપરંપાર કહ્યા છે. કારણ કે, તેમાં શ્રીહરિનાં બધાં જ ચરિત્રો આવી જાય છે, એક પણ બહાર રહેતું નથી. માટે તેનાથી આખું બ્રહ્માંડ ભરાયેલું છે. ૧૦.

चोपाई :

अंत लेवन हि जेते जाते, चरित्र हरि के जेते कहाते;
कहत कहत चरित्र में तेहू, लीन होई जावत एहू...११
शेष शारद महेश हि जेसे, इन्द्र चंद्र ब्रह्मादिक तेसे;
लीन होत हे एसे अपारा, इतना चरित्र हे अब वारा...१२

શ્રીહરિના તે ચરિત્રોનો પાર લેવા માટે જે પ્રયત્ન કરે છે, તેઓ ચરિત્રોને કહેતાં કહેતાં તેમાં લીન થઈ જાય છે. ૧૧. શેષ, શારદા, મહેશ્વર, ઈન્દ્ર, ચંદ્ર અને બ્રહ્માદિક બધા દેવતાઓ લીન થઈ જાય એટલાં અપાર આ વખતનાં શ્રીહરિનાં ચરિત્રો છે. ૧૨. **આગળના અવતારોમાં જે જે ચરિત્રો કર્યાં છે તે બધાં તો આ વખતનાં ચરિત્રોની આગળ અણુના જેવા સૂક્ષ્મ લાગે છે. ૧૩.** અત્યારે તે બધા પૂર્વનાં ચરિત્રો શ્રીહરિનાં આ ચરિત્રોમાં લીન થઈ ગયા છે. અત્યારનાં આવાં જે ચરિત્રો છે તેનો અભાગિયા લોકો લાભ લઈ શકતા નથી. ૧૪. એવા જે અભાગી લોકો છે તે સંસારસાગરમાં તણાતા રહે છે, છતાં તેઓ પોતાના મનમાં પોતાને અધિક નિપુણ માને છે. ૧૫. **પોતાના ડહાપણનો ત્યાગ કરીને જેણે જેણે શ્રીહરિની વાત માની એવા અપાર લોકો સંસારના પારને પામી ગયા છે. ૧૬.** જીવોને ભવપાર કરવા માટે જ આ વખતે શ્રીહરિએ ચરિત્રો કર્યાં છે. તે શ્રીહરિના ચરિત્રોને

જે જેટલા કાનથી સાંભળે છે તે બધા ફરીવાર ભવભટકણમાં આવતા નથી. કેમ જે, શ્રીહરિનાં ચરિત્રો જ આવાં મહાન છે.

❋ રાસ રમતી શ્રીહરિની મૂર્તિનું અલૌકિક વર્ણન :

શ્રીહરિ સંતોની વચ્ચે આવીને જે રાસમાં ફરતા હતા તેની વાત હવે કહું છું. ૧૭-૧૮. તે વખતે શ્રીહરિએ લાલ કિનખાબનો સુરવાળ અને જામો પહેર્યો હતો. કસુંબી રંગનું જરિયાની કોરવાળું વિવિધ ભાતનું રંગબેરંગી જરિયાની પાલવવાળું બુરાનપુરી શેલું દૃઢતાથી કમર ઉપર કસીને બાંધ્યું હતું. ૧૯-૨૦. વળી, દસેય આંગળીઓમાં સોનાનાં વેઢ-વીંટી પહેર્યાં હતાં અને કાંડાંમાં નવીન ઘાટના સોનેરી કડાં પહેર્યાં હતાં. ભુજ ઉપર બાજુબંધ અને નંગજડિત પહોંચી ધારણ કરી હતી. છાતી ઉપર મોતી જડેલાં સોનાનાં ઘણા હાર પહેર્યા હતા. ૨૧-૨૨. વસ્ત્રોમાં અત્તર લગાડેલું હતું, તેનો ઘણો સુગંધ આવી રહ્યો હતો. જે હરિભક્તો આવેલા હતા તે બધાએ દિવસે શ્રીહરિની પૂજા કરી હતી. ૨૩. શ્રીહરિ જ્યારે સંતોની વચ્ચે આવીને રાસમાં ફરવા લાગ્યા ત્યારે એકની પાછળ એક એમ ત્રણ મંડળ થયાં હતાં. ૨૪.

જ્યારે મુક્તાનંદસ્વામીનાં પદ બોલાઈ રહ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી ઉત્સવમાંથી ઊભા થઈને પોતે રચેલાં દાણ લીલાનાં ***'એક સમે હરિ વનમાં, ઉભા વેણ વાય રે'*** એ પદ બોલવા લાગ્યા. તે વખતે જેટલા દેવતાઓ હતા તે બધા વિમાનમાં બેસીને જ્યાં શ્રીહરિ રાસમંડળમાં ફરતા હતા ત્યાં દર્શન કરવાં માટે આવ્યાં. તેથી બધું આકાશ વિમાનોથી છવાઈ ગયું. ૨૫-૨૭. બધા દેવતાઓએ ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરી, મુખથી 'જય જય...જય જય...' એમ બોલ્યા અને પરમ આનંદ પામ્યા. ૨૮. તે સમયે દેવતાઓના દુંદુભિ વાગતાં હતાં અને દેવોના જે ગંધર્વો હતા તે બધાં પ્રકારનાં વાજિંત્રો લાવ્યાં હતાં તેને વગાડતાં હતાં. ૨૯. જેટલી દેવાંગનાઓ હતી તે બધી આકાશમાં ગાતી હતી અને બધી અપ્સરાઓ નૃત્ય કરતી હતી. ૩૦. તેના શબ્દથી બધું આકાશ છવાઈ ગયું હતું. તે સમયે પ્રેમાનંદસ્વામી ***'આવોને અલબેલા રે અલબેલા, મંદિરિયે મારે છેલા રે...'*** એ બે પદ બોલ્યા. ૩૧.

તેટલીવારમાં તો સવાર થઈ ગયું એટલે શ્રીહરિએ ઉત્સવ બંધ કરાવ્યો. અને સંતો, હરિભક્તો તથા શ્રીહરિ ઉન્મત્તગંગાએ જઈને ઘણી ખુશીથી નાહ્યા. નાહ્યા પછી સહુ પુરમાં આવવા માટે ચાલ્યા. ત્યારે સુખકારી શ્રીહરિએ ભારે વસ્ત્ર તથા આભૂષણો પહેર્યાં અને પછી અશ્વ ઉપર બેઠા. ૩૨-૩૩. જેના ઉપર ધર્મકુમાર પોતે બેઠા હતા, તે અશ્વને પણ વિવિધ ભાતનાં સોનાનાં અનેક આભૂષણો પહેરાવ્યા હતા. ૩૪. તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું, ચોપદાર છડી પોકારતા હતા અને સંતો કીર્તન ગાતા હતા. તે રીતે બધા રાજબજારે ચાલ્યા આવતા હતા. ૩૫. ઢોલ, તાંસા, રણશિંગી, તુરાઈ, ભૂંગળ, ભેરી અને શરણાઈ વગેરે વાજિંત્રો વાગતાં હતાં. કાઠીના જે રાવળ હતા તેમાં જે હરિભક્ત થયા હતા તે બધા મનમાં ખૂબ આનંદિત થઈને પોતાના હાથમાં રવાજ અને તાલ આદિક વાજિંત્રો લઈને વગાડતા હતા અને ગાતા હતા. ૩૬-૩૭.

વળી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીના પરજ રાગના પદને પણ ગાતા હતા. ૩૮. તેમાં નાગાજણ અને હમીર આદિ રાવળ ગાતાં ગાતાં નાચતાં હતાં. તે સમયે જેટલા હરિભક્ત થયા હતા તે બધા એક મતિથી વર્તતા હતા. ૩૯. આ રીતે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને તરત અશ્વ ઉપરથી ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ દિવાળીનો ઉત્સવ અને રાસ કર્યા પછી ગંગામાં સ્નાન કરીને પાછા પધાર્યા" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર બાવીશમું : તરંગ - ૪૬

ગઢપુરમાં દાદા ખાચરે અન્નકોટ શરૂ કરાવ્યો

દાદા ખાચરના ભવનની ઓસરીમાં આવીને શ્રીહરિ સિંહાસન ઉપર બેઠા હતા. ૧. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા ચિત્ર પ્રતિમાની પૂજા કરીને આવ્યા ત્યારે તેમની સભા થઈ. ૨. પછી શ્રીહરિએ અશ્વ મગાવ્યો

અને જે નાગાજણ નામનો રાવળ ગાતો હતો તેને માણકી જાતિનો અશ્વ ભેટ આપ્યો. ૩. બીજા જેટલા હરિભક્ત રાવળ ગાતા હતા તે બધાને એક એક પાઘ બંધાવી. ૪. અને શ્રીહરિએ પ્રેમથી તે બધાને એક એક ફૂલનો હાર આપ્યો. વળી, રાતે રાસમાં ફરીને જે ગરબી ગાતા હતા અને ઉત્સવ કરતા હતા, તે બધા સંતોને પણ શ્રીહરિએ ફૂલનો એક એક હાર આપ્યો. અને પછી ઓસરી ઉપર ઊભા રહીને સહુને ભેટ્યા. ૫-૬.

❋ ભાવનાને આધીન ભગવાન છે :

चोपाई :

श्रीहरि की मरजी अनुसारा, संत वर्णि पदाति लगारा;
सत्संग हित श्रम जो जेता, करत रहे भाव कर तेता...०७

ता उपर हरि प्रसन्न होई, बोलावत रहायेउ सोई;
वसन प्रसादि देवत ताही, फूल के हार देवत रहाही...०८

प्रसन्नता बिन श्रम ताके, भूल न जावत एक हि वाके;
तिन करी श्रद्धा जन हि तिनकू, बढत रहत अधिक हि इनकू...०९

श्रद्धा जन की रहे जिस रीता, श्रीहरि एसी रीत रखीता;
श्रद्धा अधिक रहे जन तामें, श्रीहरि प्रसन्न रहत यामें...१०

શ્રીહરિની મરજી પ્રમાણે જે સંતો, વર્ણી અને પાર્ષદો સત્સંગને માટે ભાવથી થોડોક પણ શ્રમ કરતા તેમને શ્રીહરિ પ્રસન્ન થઈને બોલાવતા, અને વસ્ત્ર, પ્રસાદી તેમજ ફૂલના હાર પણ દેતા હતા. ૭-૮. રાજીપો આપ્યા સિવાય કોઈના કરેલા એક પણ શ્રમને શ્રીહરિ ક્યારેય ભૂલતા નહિ. તેનાથી ભક્તજનોની શ્રદ્ધા અધિક અધિક વધતી રહેતી હતી. ૯. ભક્તજનની શ્રદ્ધા જે રીતે ટકે અને વધતી રહે તેવી રીત શ્રીહરિ રાખતા હતા. હરિભક્તોમાં જેમ અધિક શ્રદ્ધા રહે તેમ શ્રીહરિ પ્રસન્ન રહેતા હતા. ૧૦. જો શ્રદ્ધા ઘટી જાય તો તેમાં શ્રીહરિ ખુશ રહેતા નહિ. ભક્તજનને વધારેમાં વધારે જેમાં ભાવ રહે તેમાં શ્રીહરિનો રાજીપો રહેતો હતો. ૧૧.

શ્રીહરિ દરેક બાબતમાં ભાવનાને મુખ્ય દેખતા હતા. જેમાં રતીભાર પણ ભાવ ન દેખાય તેને તો જીવ વિનાના શરીર જેવો દેખતા. ૧૨. શ્રીહરિનું જેટલું વિચરણ હતું તે ભાવ ઉપર જ આધાર રાખતું હતું. ભાવ

વિના ગમે તેટલી વસ્તુ હોય તોપણ તેને સ્વીકારતા નહિ. ૧૩. મેરુ પર્વત કરતાં પણ ઝાઝું સોનું કોઈ આગળ ધરી દે, પણ તેમાં જો ભાવ ન હોય તો શ્રીહરિ તેની સામે પણ ક્યારેય દેખતા નહિ. ૧૪. અતિ ભાવથી ગદ્ગદ કંઠ થઈને કોઈ એક તુલસીપત્ર જ આપે તોપણ તેને શ્રીહરિ સ્વીકારતા. ૧૫. શ્રદ્ધાએ સહિત યત્કિંચિત્ વસ્તુને કોઈ આપે તો તેને શ્રીહરિ મેરુ કરતાં પણ કોટિગણું અધિક માનતા હતા. ૧૬.

✻ ભક્તપણાને જ શ્રીહરિ પરમનિધિ માને છે :

જ્યારે ભક્તજન અતિશય ભાવથી શ્રીહરિને વસ્તુ અર્પણ કરતા ત્યારે તેને શ્રીહરિ પ્રેમથી ગ્રહણ કરતા. શ્રીહરિ ભક્તના અંતરમાં જેટલું ભક્તપણું હોય તેને દેખતા રહેતા. ૧૭.

भक्तपना तितना हरि ताकू, रुचत रहे निरंतर हि वाकू;
परम निधि मानत हरि एता, जामें भक्तपना रहे जेता...१८
भक्तपने बिन चाय तेसे, सिद्ध भूप देव रहाये केसे;
हरि मानत हि तेहि दुरभागी, लगन जिहाँ लग हरि से न लागी...१९

જેમાં જેટલું ભક્તપણું હોય તેટલો તે શ્રીહરિને નિરંતર ગમે છે. જેમાં જેટલું ભક્તપણું હોય તેને શ્રીહરિ પરમનિધિ માનતા હતા. ૧૮. ભક્તપણા સિવાય ચાહે તેવા સિદ્ધ, રાજા કે દેવ હોય તોપણ શું ? જ્યાં સુધી ભગવાન સાથે લગની લાગી નથી ત્યાં સુધી તેને શ્રીહરિ દુર્ભાગી માનતા હતા. ૧૯. ભગવાન સિવાયની આ જેટલી ભૂમિ છે અને જેટલો સાગર છે તે બધાની અપાર વાતોને કોઈ વારંવાર કર્યા કરે અને રોજ સોનાનું દાન આપે, પણ ભગવાન સાથે રતીભાર પણ સંબંધ ન હોય તો તે બધી વાતોનું અને દાનનું ફળ ઠાલું નીર વલોવ્યા જેવું વૃથા છે. ૨૦-૨૧.

જે વાતમાં ભગવાનનો જેટલો સંબંધ હોય અને જે વાત ભગવાનના સંબંધવાળી વાતમાં મળતી આવતી હોય; એવી વાતને માણસ જ્યાં સુધી સમજતો નથી ત્યાં સુધી તે વારંવાર સંસારમાં ભટકતો રહે છે, અને ઘણું જ દુઃખ પામતો રહે છે. જ્યારે ફરીને સત્સંગનો યોગ મળે છે ત્યારે તેનો ભવરોગ ટળે છે. ૨૨-૨૩. ભક્તરાજ દાદા ખાચરે અન્નકોટ કરાવ્યો હતો,

તેની વાત જેવી મેં દેખી છે તેવી હવે કહું છું. ૨૪. જેટલા કંદોઈ હરિભક્ત હતા તે બધાને બોલાવીને, જેટલી જાતનાં પકવાન ગણાતા તેટલી ભાતના કરાવ્યાં હતાં. ૨૫. જેચંદભાઈ અને લખુભાઈ, એ બે કંદોઈ હરિભક્ત મુખ્ય હતા. લખુ કંદોઈનો બધો જ પરિવાર હરિભક્ત થયો હતો. ૨૬. શ્રીહરિ સંબંધી કે શ્રીહરિના સંતો સંબંધી જે કાંઈ સેવા હોય તેને તે બધા અતિશય ભાવ રાખીને કરતા હતા. ૨૭.

શ્રીહરિને અને સંતોને પ્રસન્ન કરવાનો તે બધા કંદોઈને દિનપ્રતિદિન અધિક ભાવ રહેતો. જેવો સંગ થાય તેવી બુદ્ધિ થાય છે. ૨૮. મનુષ્યને જેનો મન, કર્મ, વચને કરીને સંગ થાય છે તેને તે ભગવાન કરતાં પણ અધિક માને છે. લોકોની આવી સમજણ હોય છે. ૨૯.

✵ આધારાનંદસ્વામીએ પોતાનો અનુભવ કહ્યો :

મેં મારી પ્રત્યક્ષ નજરે જે જોયું છે તે પ્રમાણે હું આ વાત કરી રહ્યો છું. ધ્રુવ કાંટાને દેખીને જેમ તોલ(દિશાનું માપ) કરાય છે, એવી પ્રમાણભૂત વાતોનો આ ગ્રંથ છે. ૩૦. રાગ-દ્વેષવાળી બુદ્ધિથી (વાંચતા-વિચારતા) કરોડો કલ્પ જાય, તોપણ આ ગ્રંથ એવી વિગ્રહવાળી બુદ્ધિથી અલ્પ પણ સમજી શકાતો નથી. કેમ જે, જેનાં અંતરમાં ભગવાન આવીને વસે છે તેના માટે જ આ ગ્રંથ (મેં લખ્યો) છે. ૩૧. જેને પોતાની બુદ્ધિનું ઘણું માન હોય તે ભલે ચાહે તેટલો ભણેલો હોય પણ તેમાં લગાર વિનય ન હોય તો તે આ ગ્રંથ બાબતમાં તલભાર પણ સમજી કે સમજાવી શકશે નહિ. ૩૨. જેની સમજણમાં મોહ રહ્યો હશે તે તો ઊલટો તેનો દ્રોહ કરશે. જેનો સ્વભાવ વિનયી હોય અને અંતરમાં કુટીલતા બિલકુલ ન હોય તેવા નિષ્કપટ વ્યક્તિ માટે આ ગ્રંથ છે. અને કપટી લોકોને માટે તો (મયદાનવે રચેલા) પાંડવોના સભાગ્રહના જેવો આ ગ્રંથ મોહકારી છે. ૩૩-૩૪.

सरल चित्त रहाये जिनके, यह ग्रंथ रहाये ईनके;
सरल चित्त जन वारे हीता, जानकर यह ग्रंथ रचीता...३५
प्रभु के डर रखत रहे जेता, अंतरजामी जानीके तेता;
ताके यह ग्रंथ रहे हितकारी, बालक की जीमी रहे मेंतारी...३६

જેનું ચિત્ત સરળ હોય તેના માટે આ ગ્રંથ છે. સરળ ચિત્તવાળાનું હિત જાણીને મેં આ ગ્રંથની રચના કરી છે. ૩૫. જે પ્રભુને અંતર્યામી જાણીને અંતરમાં તેમનો ડર રાખે છે, તેના માટે તો બાળકને જેમ માતા હિતકારી છે તેમ આ ગ્રંથ હિતકારી છે. ૩૬. જે પ્રસંગની વાત ચાલતી હોય તેમાં જે જે બીજા પ્રસંગ આવે છે તેને હું કહેતો રહું છું. કેમ જે, જે પ્રસંગ કહ્યા વિનાના જતા રહે તો તે ફરીવાર આવતા નથી. ૩૭. જે જે વાતનો સમય હોય તે ચાલ્યો જાય પછી બ્રહ્માંડ રહે ત્યાં સુધીમાં તે સમય ફરીવાર આવતો નથી. ૩૮.

ચાલુ પ્રસંગની વાતમાં બીજી જેટલી વાતો ઉપયોગમાં આવે તે રીતે તેના યોગને સમજીને પ્રસંગ અનુસારે વાત કહું છું. ૩૯. વસ્ત્ર અને આભૂષણ વિના માણસ જેવો શોભે છે અને પાંદડાં, ફળ-ફૂલ વિનાનું કલ્પવૃક્ષ જેવું દેખાય તેમ પ્રસંગ વિનાની વાતોવાળો ગ્રંથ તેવો દેખાય છે. જેમ ઘણું સારું ભોજન હોય પણ તેના સહકારી ભોજન વિના જમનારાને પ્રસન્નતા થતી નથી, તેમ જે તે પ્રસંગની કથાને જાણનારા વિદ્વાનો હોય છે તેની દૃષ્ટિમાં પ્રસંગ વિનાનો ગ્રંથ તેવો કહેવાય છે. એવું સમજીને મેં આ ગ્રંથમાં જે તે પ્રસંગને અનુરૂપ વાતો કહી છે." ૪૦-૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢપુરમાં દાદા ખાચરે અન્નકોટ શરૂ કરાવ્યો" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર બાવીશમું : તરંગ - ૪૭

અન્નકોટ કરનારા વિપ્રોની ને ભાવનગરના નાગર દીવાનની વાત કહી

ગઢપુરના અન્નકોટ ઉત્સવમાં વર્ણી તથા હરિભક્ત વિપ્રો રસોઈ કરવા માટે આવતા હતા. અને એક એકથી સરસ ભોજન બનાવવામાં સહુને ભાવ રહેતો હતો. ૧. દાદા ખાચરના ગોર ગોપી ભટ્ટ અને તેના પુત્ર લાલજી ભટ્ટ હતા. બેચરજી અને લખીરામ, તે બંને ભાઈ હતા. ૨. રાવળ કુંવરજી, હરજીવન અને ભગા પંચોળી, તે નાગર બ્રાહ્મણ હતા. વિપ્ર રામચંદ્ર જાંબુ

અટકના બ્રાહ્મણ હતા. ૩. જીવરામ નામે એક વિપ્ર વિદ્યાર્થી ભણતા હતા, જે પછીથી વાસુદેવાનંદ નામે વર્ણી થયા હતા. ૪. પીઠવડીના વિપ્ર જીવા જોષી અને ધારીના કચરા વિપ્ર, આખા ગામના વાલજી વિપ્ર જે શ્રીહરિના બાલ મિત્ર હતા. ગોંડળ શહેરના કાનજી વિપ્ર, બીજા એક જેઠા ભટ્ટ, આ બધા વિપ્રો અન્નકોટમાં કામ કરતા હતા. ૫-૬. મયારામ ભટ્ટ અને તેમના ભાઈ ગોવિંદરામ ભટ્ટ એ બંને બધો અન્નકોટ તૈયાર કરવા-કરાવવાની વ્યવસ્થા કરવામાં સહાયક રહ્યા હતા. ૭. તે સિવાય માણાવદર ગામના જે જે હરિભક્ત નાગરો હતા અને જૂનાગઢના કેટલાક નાગરો પાકા હરિભક્ત થયા હતા. જેવા કે, ભીમજીભાઈ, રામજીભાઈ, વૃંદાવન, હિંમતરામ, માણેકલાલ અને રૂપશંકર આ બધા નાગર હરિભક્તો થયા હતા. ૮-૯.

તે સહુએ અલગ અલગ ભોજનો બનાવ્યા હતા. તે ભોજન સહુથી અધિક શ્રેષ્ઠ હતા. ઊના શહેરના નાગર હરિભક્ત પણ આવ્યા હતા. ૧૦. ભાવનગરના ઠાકોર સાહેબ વિજયસિંહજીના બે દીવાન નાગર હતા. એક જીભાઈ અને બીજા પરમાનંદજી નામે કહેવાતા હતા. ૧૧. તે બંને સત્સંગ અને શ્રીહરિના ઉપર હૃદયથી ઘણો ભાવ ધારી રાખતા હતા. તેઓ સત્સંગ અને શ્રીહરિની સમાન બીજું કાંઈ સમજતા નહિ, પણ ઉપરથી એવી રીતે રહેતા કે તેમને કોઈ જાણી શકતા નહિ. ૧૨. તેઓ અન્નકોટને દિવસે કોઈ બીજા કામને બહાને ઘોડા ઉપર બેસીને રાતે ગઢપુર આવ્યા. ૧૩. વડનગર, વિસનગર, અમદાવાદ અને ભુજના જે નાગર હરિભક્તો હતા તે બધા અન્નકોટ ઉપર ગઢડા આવ્યા હતા. ૧૪.

જ્યારે અન્નકોટનો સમય થયો તે વખતે પાત્રોમાં ભરી ભરીને બધો અન્નકોટ વાસુદેવનારાયણની મૂર્તિની આગળ ધરાવ્યો. ૧૫. મુકુંદાનંદ વર્ણીએ અન્નકોટ ભર્યો હતો. જ્યારે આરતી કરી ત્યારે ભાવનગરના દીવાન દર્શન કરવાં માટે આવ્યાં. ૧૬. અન્નકોટ ભરવાની ચતુરતા દેખીને તેમણે શ્રીહરિને કહ્યું કે, “આ રીતે ભરેલો અન્નકોટ અમે ક્યાંય જોયો નથી. ૧૭. દુનિયા તો માયામાં લોભાયેલી લબાડ છે. સહુને અધર્મમાં રુચિ છે. આપની શુદ્ધ ધર્મની રીતને જોઈને તેમના અંતર બળી ઊઠે છે. ૧૮. અધર્મી અને અન્યાયી લોકોનું દમન

કરવા માટે જ આપનાં બધાં ચરિત્રો છે. જેને આપની રીત રુચતી નથી તેઓ તો અધર્મી અને અસુર છે. ૧૯. મને આવું બધું જોવામાં આવ્યું છે, એટલે આપની આગળ નિષ્કપટ થઈને હું કહું છું. જ્યાં જ્યાં જેવું રાજ્ય હોય છે ત્યાં ત્યાં તેવું પાપ થતું હોય છે. ૨૦. ત્યાં દારૂ અને માંસ મુખ્ય રહે છે. તેના વિના ચાલતું નથી. જે રાજદ્વાર કહેવાય છે ત્યાં અમારો ગુજારો થાય છે. ૨૧.

માટે જેવી રાજાની રુચિ હોય તે પ્રમાણે અમે ચાલીએ છીએ. રાજાનું યત્કિંચિત્ જે કાંઈ રાજ્ય હોય તે બધું જ્યારે રાજાની રુચિમાં આવે ત્યારે અમને સોંપી દે છે. પરંતુ રાજાની રુચિ અનુસારે ચાલવામાં જ અમારી મોટાઈ રહી છે. ૨૨-૨૩. જેમ જેમ અમે રાજાની રુચિને જાળવીએ છીએ તેમ તેમ રાજા અમને મોટાઈ આપે છે, પણ જ્યારે રુચિનો તાલ ન રહે તે દિવસે અમારા ભૂંડા હાલ કરે છે. ૨૪. સિંહ, સાપ અને અગ્નિની સેવા કર્યા જેવી રાજાની સેવા અમને દેખાય છે. ૨૫. રાજાને જ્યાં સુધી રુચિ રહે છે ત્યાં સુધી તે અપાર મોટાઈ આપે છે અને રુચિ ન રહે તો તરત જ મનમાં ફાવે તેવો નિર્ણય લે છે. ૨૬. **માટે અમારી અત્યારે જે મોટાઈ છે તેનો અમે વિશ્વાસ રાખતા નથી. પણ હે મહારાજ ! જે આપની કૃપા છે તેનો ક્યારેય નાશ થતો નથી. ૨૭.** માટે દિનપ્રતિદિન આપ જેવી રીતે અમારા ઉપર પ્રસન્ન રહો અને અમારા વંશમાં જે થાય તે પણ તેવા જ થાય; આવો વર અમે પ્રેમથી માગીએ છીએ. ૨૮.

❋ ભાવનગરના દીવાને કરેલ દાદા ખાચરની પ્રશંસા :

આ ગઢપુરવાસીઓના અપાર ભાગ્ય છે. કેમ જે, તેઓને રોજ આપનાં દર્શન થાય છે. આપનાં રોજ દર્શન થવાં તેનાં જેવી બીજી કોઈ વાત નથી. ૨૯. હાલમાં દરબાર દાદા ખાચરના પણ અપાર ભાગ્ય છે. અપાર ભાગ્ય વિના આપનો યોગ રહે નહિ; તેવું અમે ચોક્કસપણે માનીએ છીએ. ૩૦. **દાદા ખાચર જન્મથી જ સાધુ સ્વભાવના છે. ક્યારેય કોઈ જાતનો કુફેલ કરતા નથી. જેવી આપની મરજી હોય તે પ્રમાણે તેઓ વર્તે છે. ૩૧.** અમે ઠાકોર સાહેબના લશ્કરની ભેળા ઘણો સમય રહ્યા છીએ. જેની ભેળા ઝાઝો સમય રહીએ તેનો જેવો સ્વભાવ હોય તે દેખાયા સિવાય

લગાર પણ રહેતો નથી. જ્યારે સોબત થાય છે ત્યારે તે બહાર દેખાય છે. (દાદા ખાચર એકવાર તે લશ્કરની છાવણીમાં રહ્યા હતા તે સમયે) દાદા ખાચર જ્યારે રાત બે ઘડી બાકી રહે ત્યારે ઊઠતા. ૩૨-૩૩.

સ્નાન કરીને એક પીતાંબર પહેરી અને બીજું ઓઢીને ચાખડીઓ પહેરીને તંબુમાં ઘાસિયા ઉપર આવીને બેસતા. પછી ભગવાનમાં મન રાખીને નિત્ય નિયમોએ સહિત માનસીપૂજા કરતા. ૩૪-૩૫. માનસીપૂજા કરીને કપાળમાં સુંદર તિલક કરતા. પછી નિત્ય લાલજીની પૂજા કરતા. ૩૬. ધૂપ-દીપ કરીને વિધિ પ્રમાણે આરતી કરતા. પછી પ્રદક્ષિણા અને દંડવત્-પ્રણામ કર્યા બાદ પ્રાર્થના કરતા. ૩૭. વળી, ભગવદ્‌ગીતાના એક અધ્યાયનો રોજ પાઠ કરતા; એમ મેં નજરે જોયું છે. ૩૮. આપે ઘણી કૃપા કરીને મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીને પણ લશ્કરમાં મોકલ્યા હતા. ૩૯. ત્યારે તે દાદા ખાચરના તંબુમાં આવીને રહ્યા હતા. તે બંને સંતો જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહેતો ત્યારે ચંદનીની નીચે સરોદ અને દોકડ વગાડીને નિત્ય કીર્તન ગાતા હતા. અમે ત્યાં આવીને રોજ સાંભળતા હતા. શું અદ્‌ભુત એ કીર્તન ગાતા હતા ! ૪૦-૪૧. કીર્તન ગાયા પછી ભગવાન સંબંધી વાતો કરતા. તે અદ્‌ભુત વાત તો કહી શકાતી નથી. પથ્થર જેવો માણસ પણ તેમની વાતથી સુધરી જતો હતો.” ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “અન્નકોટ કરનારા વિપ્રોની તથા ભાવનગરના નાગર દીવાનની વાત કહી” એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર બાવીશમું : તરંગ - ૪૮

જીભાઈએ અંગ્રેજોની પ્રશંસા કરી અને નાગર દીવાનોની સ્થિતિ કહી

☀ ખપવાળાને જ સાચી વાત સમજાય છે :

વળી દીવાન જીભાઈએ કહ્યું, “હે મહારાજ, આપની વાત સત્ય છે. જ્યાં ભગવાન હોય ત્યાં આવી વાતો હોય છે. ૧. **જેને ભગવાનનો ખપ હોય તેના માટે આપની વાતો છે, જેને ભગવાનની જરૂર નથી તેને તે ઉપયોગી**

થાતી નથી. ૨. જેના ઉપર આપની કૃપા થાય તેના જીવમાં ભગવાનનો ખપ ઉદય થાય છે, આપની કૃપા સિવાય કશું બનતું નથી, તેમ અમે જોઈએ છીએ." ૩. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "અત્યારે તો અમારી અપાર કૃપા થઈ છે. તોપણ આવા સમાગમ સિવાય લોકોને તે વાત સમજાતી નથી. ૪.

चोपाई :

मोक्ष करे एसे पुरुष ताकू, मिलत तोउ न मनावत वाकू;
ताके कारण निज बुद्धि केरा, मान रहेउ अधिक घनेरा...०५

જીવનો મોક્ષ કરે એવા સત્પુરુષ મળે તોપણ વાત મનાતી નથી, તેનું કારણ તો પોતાની બુદ્ધિનું ઘણું અધિક માન રહ્યું છે. ૫. તેવા માની માણસોને અસત્પુરુષમાં સત્પુરુષની બુદ્ધિ રહે છે અને સત્પુરુષને અસત્પુરુષ માને છે. ૬. જ્યાં સુધી આવી બુદ્ધિ હોય છે ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી. જ્યારે એવી સમજણનો ત્યાગ કરે ત્યારે તે બડભાગી બને છે. ૭. મથુરાના ઋષિઓ ભગવાનને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરતા હતા. માનો તેના ઉપર ભગવાને પ્રસન્ન થઈને ભોજન લેવાની ઈચ્છા કરી. ૮. આના જેવી બીજી કૃપા કઈ કહેવાય ? આ તો સર્વોપરિ કૃપા કહેવાય. તેઓ અપાર વેદને ભણ્યા હતા, છતાં તેમને કૃપાનું લગાર પણ જ્ઞાન હતું નહિ. ૯. ભગવાન શ્રીકૃષ્ણે ગોપાળ બાળકોને અન્ન લેવા માટે મોકલ્યા. ત્યારે તેમણે અન્ન ન આપ્યું. જેને માટે તેઓ યજ્ઞ કરતા હતા અને પ્રસન્ન થઈ વેદો ભણ્યા હતા, છતાં તે ભગવાન તેમના જાણ્યામાં આવ્યા નહિ.

❋ સત્પુરુષના યોગની મહત્તા :

ગમે તેવો ભણેલો વિદ્વાન હોય પરંતુ સત્પુરુષના યોગ સિવાય ભગવાનને ઓળખી શકતો નથી. ૧૦-૧૧. જેનાથી ભગવાનની પ્રસન્નતા થાય તે પણ સમજી શકતો નથી. પરંતુ સત્પુરુષને ઓળખવા તે અટપટી વાત રહી છે. ૧૨. અજ્ઞાનરૂપી સાગર અપરંપાર છે. કરોડો કલ્પ સુધી તેમાં કોઈ ચાલે તોપણ તેમાં ચોક્કસ ડૂબી જાય છે. ૧૩.

दोहा : चाय तेसे जो नीच जन, श्वपच लग रहे ताय;
भगवान के होत ज्ञान जेहि, विधि से अधिक रहाय...१४

કોઈ માણસ ચાહે તેવો નીચ હોય કે ચાંડાળ હોય, તોપણ તેને જો ભગવાનનું જ્ઞાન થયું હોય તો તે બ્રહ્મા કરતાં પણ અધિક છે. ૧૪. અને જ્યારે આવું જ્ઞાન થાય છે ત્યારે તેણે વેદ, પુરાણો, સ્મૃતિઓ તથા બધી વિદ્યાઓ ભણી લીધી છે અને તે સર્વે જ્ઞાનના અંતને પામ્યો છે. ૧૫. કોઈ જેટલાં સાધન કહ્યાં તેના પારને પામી જાય, તોપણ કહેલી રીત પ્રમાણે જો કરે તો તેનાથી બીજી કોઈ અધિક વાત નથી. ૧૬. કરોડો કલ્પ સુધી સત્સંગ કરીને પણ ઉપર કહ્યા પ્રમાણેની સમજણ આવે ત્યારે તેનો રંગ રહે છે. આ મોક્ષની એટલી ચાવી છે, તે તમને બતાવી દીધી છે. ૧૭.

આવી ચાવી સિવાય બીજી અપાર ચાવીઓ હોય, તોપણ તેને નિશ્ચિત ભવભટકણ રહે છે." આટલી વાત જ્યારે શ્રીહરિએ કરી ત્યારે તે સાંભળીને દીવાન જીભાઈ શ્રીહરિના ચરણમાં પડ્યા અને બોલ્યા કે, "આવી વાત કોણ સમજાવે ? કરોડોનું ધન અમને આપે એવા હજારો રાજા રહ્યા છે. પરંતુ આવી વાતો સમજાવનારા તમારા જેવા શ્રીહરિ તો આપ એક જ છો; એવું મને સમજ્યામાં આવ્યું છે. ૧૮-૨૦. અમારામાં રણછોડજી જેવા જેટલા નાગરો છે તે મોટા મોટા રાજાઓના દીવાન થઈને રહે છે. ૨૧. ટોપીવાળાના જેવા બુદ્ધિશાળી આજ કોઈ રાજાઓમાં રાજા નથી. અત્યારે કોઈની પાસે ચાહે તેવું લશ્કર હોય, તોપણ તે તેને આધીન થઈને રહે છે. ૨૨.

જે જે રાજાઓ અંગ્રેજોની સામે થયા તે અત્યારે ક્યાંય ખોળ્યા મળતા નથી. જો તેની પાસે બુદ્ધિ છે તો પરદેશથી અહીંયા આવીને રાજ્યના સુખને ભોગવે છે. ૨૩. તે અંગ્રેજો આપના સમાન સત્પુરુષને પ્રસન્ન કરે તેવા છે. તેમની જેટલી પ્રજા છે તે બધી અત્યંત સુખમય વર્તે છે. ૨૪. તે રાજા પ્રજાને સુખી દેખીને મનમાં બહુ ખુશ ખુશ રહે છે. જે પ્રજાને દુઃખ આપે છે તે ફરીવાર ક્યાંય દેખાતા નથી. ૨૫. સિંહ, ચિત્તા વગેરે જેવા જેટલા હિંસક પશુઓ પ્રજાને પીડતા હતા તેનો પણ નાશ કર્યો છે. ૨૬. તેમને મરવાનો ડર નથી. જે રીતે પોતાની કીર્તિ થાય તે રીતે જ તે કામ કરે છે. તેમને કીર્તિમાં જ સુખ દેખાય છે. આવા કોઈ રાજા થયા નથી. ૨૭. તેમનું 'સાહેબ' આવું નામ તેઓ સાર્થક કરે છે. તેમનું વર્તન દેખીને પ્રજા તેમને

ચાહતી રહે છે. ૨૮. પોતે પ્રજાને અપાર સુખી દેખીને અપાર સુખ માને છે. ભગવાનની નીતિરૂપી શક્તિ અંગ્રેજોમાં આવીને નિવાસ કરી રહી છે. તેણે કરીને પ્રજા અત્યારે આનંદમાં રહે છે. ભગવાનની નીતિરૂપી શક્તિ છે તેને જ્યારે ભગવાન અંગ્રેજો પાસેથી ખેંચી લેશે ત્યારે તે પણ પ્રજા ઉપરથી તત્કાળ દયાનો ત્યાગ કરી દેશે. જ્યારે અંગ્રેજોમાં લોભ પ્રવેશ કરશે ત્યારે તેની નીતિ લેશમાત્ર પણ રહેશે નહિ. ૨૯-૩૧.

અત્યારે મોટા મોટા ટોપીવાળા અંગ્રેજો ઘણા બુદ્ધિમાન છે. તેઓ બુદ્ધિ માન નાગરોને રાજ્યના કારભારમાં લેવા ઇચ્છે છે, પણ નાગરો માટે તેમની નોકરી કરવી કઠણ છે. જો તેના કાયદાનો તલભાર પણ લોપ કરે તો તેની લગાર પણ આબરૂ રાખતા નથી. ૩૨-૩૩. અને રાજાઓ જ્યાં સુધી અમને નાગરોને રાખે છે ત્યાં સુધી અમે નાગરો તેમનો કારભાર ચલાવીએ છીએ, તોપણ તે અંગ્રેજો (અમારા કરતાં પણ વધારે) બુદ્ધિવાળા છે તેથી તેમણે જેટલા રાજાઓ કહેવાય છે તેને પોતાને વશ કરી રાખ્યા છે. તે અંગ્રેજોની મરજી વિના તે રાજાઓ અધિક આગળ જઈ શકતા નથી અને જાવું હોય તેટલું તેમને પૂછતા રહે છે; પૂછ્યા સિવાય કાંઈ કરતા નથી. નાગર ચાહે તેવા બુદ્ધિમાન હોય તોપણ તે અંગ્રેજો તેના ગુરુ બની ગયા છે. ૩૪-૩૬.

નાગર જેટલા બુદ્ધિશાળી છે તે બધા બ્રહ્મજ્ઞાની થાય છે. લગભગ તેઓ શિવના ભક્ત હોય છે અને કેટલાક શક્તિમાર્ગી પણ હોય છે. ૩૭. નાગરો ભગવાન નારાયણની મૂર્તિને માનતા નથી. રાજ્ય અને ધનના ઓઠે કરીને લોકો તેને 'ભાઈ ભાઈ' કહે છે." ૩૮. ત્યારે શ્રીહરિ બોલ્યા, "તેમાં નાગરોનો કાંઈ વાંક નથી. તેઓ જેવા ગુરુને સેવે તેવી તેની બુદ્ધિ થાય છે. ૩૯. જો નાસ્તિક ગુરુને સેવે તો બુદ્ધિ નાસ્તિક થાય છે અને આસ્તિક ગુરુને સેવે તો બુદ્ધિ આસ્તિક થાય છે." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જીભાઈએ અંગ્રેજોની પ્રશંસા કરી અને નાગર દીવાનોની સ્થિતિ કહી" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર બાવીશમું : તરંગ - ૪૯

અન્નકોટ દર્શન કર્યા પછી સંત-હરિભક્ત સહુને ભોજન કરાવ્યું

શ્રીહરિએ જીભાઈને કહ્યું કે, "જે અંગ્રેજો છે તે ઘણા બુદ્ધિમાન છે અને આસ્તિક પણ છે. ૧. **જે અંતર્યામી પરમેશ્વર છે તે મૂર્તિમાન રહ્યા છે. આ લોકમાં જીવ જેવાં કર્મ કરે છે તેને તે દેખતા રહે છે.** ૨. અંગ્રેજોને નીતિ ગમે છે, પણ અનીતિ ગમતી નથી; તે ભગવાન જાણે છે. તેઓ નીતિને જોઈ જોઈને રાજ્ય કરી રહ્યા છે. તેવા કોઈ રાજા થયા નથી. અંગ્રેજોએ નીતિને ઈષ્ટ(પ્રિય) કરી રાખી છે. તેથી તેઓ સહુના ઉપરી થયા છે. ૩-૪. આપણા સત્સંગના જેટલા નિયમ છે તેને અમે જોઈ વિચારીને આ લોક અને પરલોકમાં જેમ અધિક અધિક સુખ થાય તેમ સર્વોપરી કર્યા છે. ૫. ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણેય કાળમાં જીવને અતિશય સુખ થાય તેવા નિયમો અમે બાંધ્યા છે. તે નિયમોનું ઉલ્લંઘન કરીને ત્યાગી કે ગૃહસ્થ જેટલાં ચાલશે તેટલું તે દુઃખ પામશે, તેમાં કોઈ સંદેહ નથી. પછી તેનો વિચાર કરવામાં આવે, પણ જે સમય ચાલ્યો ગયો તે ફરીથી આવતો નથી. કારણ કે કોઈ પણ બાબત યોગ્ય સમયમાં જ સુધરી શકે છે. ૬-૭.

જે જે વાત કહેવાય છે તે બધી યોગ્ય સમય ઉપર કરે તો સુધરે છે." શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે બધા સંતો અને હરિભક્તો અન્નકોટનાં દર્શન કરી રહ્યાં. પછી શ્રીહરિ અન્નકોટ જમ્યા અને સંતોની પંક્તિ કરાવી. ૮-૯. રંગોળી પૂરીને તેમાં સંતોને બેસાડ્યા અને શ્રીહરિ સહુને પીરસવા લાગ્યા. શ્રીહરિનાં બધાં અંગ ઉપર નખથી શિખા પર્યંત કેસરચંદનનો લેપ કર્યો હતો. ૧૦. છાતી ઉપર સુગંધી ફૂલના હાર પહેર્યા હતા અને મસ્તક ઉપર ફૂલના હારની સુંદર પાઘ ધારણ કરી હતી. ૧૧. તેમાં ફૂલના તોરા લટકતા હતા. કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા હતા. ફૂલના બાજુબંધ ભુજા ઉપર બાંધેલા હતા અને હાથમાં ગજરા હતા, તે ઘણા સોહામણા લાગતા હતા. ૧૨. મૂર્તિ સુંદર નટવર બની હતી, તેની શોભા કહી શકાતી નથી. સુંદર પીતાંબર પહેર્યું હતું અને દૃષ્ટિ ઘણી ચંચળ દેખાતી હતી. ૧૩. તે સમયે મૂર્તિ એવી બની હતી કે, દર્શન કરનારાં ભક્તોની

દૃષ્ટિને અને મનને વારંવાર ખેંચતી હતી. ૧૪. જેટલી જાતનાં પકવાનો હતાં તે બધાં શ્રીહરિએ પીરસ્યા. તે સિવાયના જેટલાં ભોજન, શાકભાજી, ફરસાણ, કેટલીક પ્રકારનાં રાઈતા જેનો ગણે પાર આવતો નથી. અને અપાર અથાણાંઓ જ્યારે પીરસાઈ રહ્યા ત્યારે શ્રીહરિએ પોતાની બંને ભુજાઓ ઊંચી કરીને જય બોલાવી. અને કહ્યું કે, 'હવે સહુ સંતો જમવા લાગો.' પછી સહુ સંતો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન બોલતા,

❋ શ્રીહરિના વચનમાં સ્વાદ માનનારા સંતની વિશેષતા :

સહુ સંતો પાત્રમાં પીરસેલા ભોજનોને ભેળાં કરી તેમાં જળનું પ્રોક્ષણ કરીને જમવા લાગ્યા. **શ્રીહરિનાં આજ્ઞા-વચનમાં અમૃત કરતાં પણ વધારે સ્વાદ છે તેમ જાણીને સંતો શ્રીહરિના સ્વરૂપમાં મનને રાખીને જમતા હતા. મુખથી કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારતા હતા.** ૧૫-૧૯.

चोपाई :

स्वादु भोजन न स्वादु तिनके, चिंतवन कबु न करत मन इनके;
सदा एक रहे स्वाद जिनमें, फिर नहि जावत कबहु तिनमें...२०
एसे श्रीहरि हि सबंधी जितना, जितनी बात रहायेउ तितना;
भोजन परम मानत रहे ताऊ, जेती प्रकार के स्वाद रहाऊ...२१
हरि की बात हि तामें अपारा, स्वाद मानत हि वार न पारा;
हरि के सबंध बिन बात जेता, एक रीत की न रहत हे तेता...२२

સંતો સ્વાદવાળું ભોજન કે સ્વાદ વગરનું ભોજન, તેનું મનમાં ક્યારેય ચિંતવન કરતા નહિ. જેમાં સદા એકસરખો સ્વાદ રહે અને ક્યારેય ફરી જાતો નથી; આવી શ્રીહરિ સંબંધી જે બાબત, તેને જ સંતો પરમ ભોજન માનતા હતા. સંતો જેટલી પ્રકારના સ્વાદ છે તે બધા સ્વાદ ભગવાનની વાતમાં જ અપાર માનતા હતા. ભગવાનના સંબંધ સિવાયની જે બાબત છે તે એક રીતની રહેતી નથી. ૨૦-૨૨.

તેથી સંતો તેમાં કોઈ જાતનો સ્વાદ દેખતા નહિ, તેણે કરીને સંતો નિ:સ્વાદી રહ્યા હતા. આવી રીતે સમાનપણે જ પાંચેય વિષયમાં પરમ પુનિત સંતો નિર્વિષયી રહેતા હતા. ૨૩. છતાં તે વાતનો સંતોને કાંઈ

ગર્વ હતો નહિ. તેથી સંતો નિર્માની કહેવાય છે. જેને જેટલો ભગવાનનો સંબંધ થયો હોય તેને તેટલો તેનો કેફ વર્તે છે. ૨૪. જે બુદ્ધિમાન સંતોને શ્રીહરિનો એક દિવસનો પણ સંબંધ થયો હોય તો તેનું તેટલું ગૌરવ વર્તતું. તેને તેઓ છુપાવી છુપાવીને રાખતા હતા. ૨૫.

સંતોને ભગવાનની વાતમાં અપાર સ્વાદ આવતો હતો. તેથી તે સિવાયની જેટલી વાત હોય તેમાં લગાર પણ સ્વાદ આવતો નહિ. ૨૬. સર્વોત્તમ ભોજનનો સ્વાદ અને મળનો સ્વાદ, આ બંનેના સ્વાદમાં જેટલો ફેર છે તેટલો ફરક ભગવાનની મૂર્તિનો મહાસ્વાદ અને વિષયના સ્વાદમાં છે. ૨૭. છતાં જેને વિષયસુખરૂપી મળમાં સ્વાદ આવતો હોય તે મળથી અધિક બીજી કોઈ વસ્તુને ક્યારેય માનતા નથી. તેને તો મળમાં જ કેટલાક કલ્પ જતા રહે છે. ૨૮. આવા વિષયરૂપ મળનો ત્યાગ કરીને શ્રીહરિની વાતના અધિક રસને સંતો પામ્યા હતા. પરંતુ જે બાળબુદ્ધિના હોય તે આવા સ્વાદને થૂંકી દે છે. ૨૯. જ્યાં સુધી શ્રીહરિની વાતમાં મનુષ્યને સ્વાદ આવતો નથી ત્યાં સુધી તે બાળબુદ્ધિ કહેવાય છે. આવી વાતને સંતો સમજતા હતા. ૩૦. **એક શ્રીહરિ સંબંધી વાતમાં જ સર્વોપરિ સ્વાદ માનવાવાળા સંતો દુર્લભમાં દુર્લભ છે. આ ભૂમિ ઉપર તે ખોળ્યા પણ મળતા નથી. ૩૧. જ્યાં પ્રત્યક્ષ શ્રીહરિ હોય છે ત્યાં જ આગળ કહ્યા તેવા સંતો હોય છે."**

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ઘણા ભાવથી પીરસવા ફરતા રહ્યા. સંતોએ ઘણો લાભ લીધો હતો. ભગવાન સંબંધી બાબતનો આવો લાભ બીજા કોઈએ લીધો ન હતો. ૩૨-૩૩. જ્યારે સંતો જમી રહ્યા એટલે તરત જ શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને તે વખતે સ્નાન કર્યું. ૩૪. આ ઉત્સવ ઉપર જેટલાં બાઈ-ભાઈ હરિભક્તો આવ્યા હતા, તે સહુને અન્નકોટમાં જે પકવાનો હતા તે દાદા ખાચરે અતિ ભાવથી જમાડ્યા. વિપ્રોની પંગતમાં વિપ્રો પીરસતા હતા. ૩૫-૩૬. નાગરોની પંગતમાં નાગરો પીરસતા હતા. ક્ષત્રિયોની પંગતમાં ક્ષત્રિયો પીરસતા હતા. ૩૭. વૈશ્યોની પંગતમાં વૈશ્યો પીરસતા હતા. આમ વિવેક રાખીને સહુ પીરસતા હતા. ૩૮. કાઠીની પંગતમાં કાઠીની જેવી રીત હોય તે પ્રમાણે

જેટલા કાઠી આવ્યા હતા તે બધાને જમાડ્યા. ૩૯. શૂદ્રોની જેવી રીત હોય તે પ્રમાણે શૂદ્રોને પરમ પ્રેમથી જમાડ્યા. આ રીતનો અન્નકોટ પહેલા ક્યારેય થયો ન હતો. ૪૦. જેટલા લોકો આવ્યા તે બધા જ્યારે જમી રહ્યા ત્યારે જ્યાં જમવા બેઠા હતા તે બધી જગ્યાને શુદ્ધ કરી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "અન્નકોટ દર્શન કર્યા પછી સંત-હરિભક્ત સહુને ભોજન કરાવ્યું" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર બાવીશમું : તરંગ - ૫૦

દાદા ખાચરે શ્રીહરિ અને સંતોની પૂજા કરી તથા સંતોની દિવ્યતા કહી

દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડા છે ત્યાં સાંજને સમયે સુંદર પલંગ ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા હતા. સંતો ત્યાં આવીને બેઠા. ૧-૨. જેટલા હરિભક્તો હતા તે પણ બધા ત્યાં આવીને બેઠા. સભા ઘણી સુંદર થઈ. ત્યારે સંતો કીર્તન ગાતા હતા. ૩. તે સમયે દરબાર દાદા ખાચર શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ઘેલા ધાધલે હાથમાં પૂજા લીધેલી હતી. ૪.

❋ અલૈયા કહર તથા ભગુજીના સદ્‌ગુણો :

અલૈયા કહર નામે જે કાઠી હરિભક્ત હતા તેમણે શ્રીહરિને રાજી કરવા માટે સંસારનો ત્યાગ કર્યો હતો. ૫. શ્રીહરિની સેવા કરવા માટે તેઓ કુંડળનો ત્યાગ કરી ગઢપુર આવીને સાથે રહ્યા હતા. તેઓ ધન કે સ્ત્રીમાં ક્યારેય લેવાતા નહિ. તેમની આવી દૃઢતા જાણીને શ્રીહરિએ તેમને હેતથી દાદા ખાચરની પાસે રાખ્યા હતા. પોતાનું વચન મનાવીને દાદા ખાચરની ખેતીનું કામ કરવા માટે તેમને પ્રેમથી રાખ્યા હતા. શ્રીહરિ તેમને 'અલૈયો' કહીને બોલાવતા હતા. તેઓ પૂજાનો સામાન લઈને આવ્યા અને ભગુજી પણ તેમની સાથે હતા. ૬-૮. ભગુજી ઉદયપુર પ્રદેશના (જોલાપુર ગામના) ક્ષત્રિય હતા. દંઢાવ્ય દેશના માથાસુલ ગામમાં રહેનારા દરબાર

રવાજીએ તેમને સત્સંગ કરાવ્યો હતો. ૯. રવાજી ગરાસિયા ક્ષત્રિય હતા. તેઓ ભગુજીને શ્રીહરિની પાસે લાવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરવાથી મૂર્તિ ભગુજીના હૃદયમાં વસી ગઈ. ૧૦.

પછી શ્રીહરિની સેવા કરવા માટે ભગુજી હજૂરી પાર્ષદ બનીને રહ્યા. તેઓ એક પલકવાર પણ ક્યારેય દૂર જતા નહિ. શ્રીહરિ તેમને જેવી સેવા બતાવતા તેવી તે આદરભાવથી કરતા હતા. ૧૧. જ્યાં જેવું કામ પડે ત્યાં ભગુજી દરેક બાબતમાં બધી રીતે સાવધાન રહેતા હતા. જે જાતનો મનુષ્ય હોય તેને તેવી રીતે વર્તાવવાની રીત તેમને આવડતી હતી. ૧૨. ક્ષત્રિય હરિભક્તોમાં કેટલાક તો ઘણા સારા સારા જમીનદાર હતા. તે બધા પણ શ્રીહરિની સેવામાં હજૂર રહ્યા હતા. ૧૩. હકાભાઈ, રતનજી, ગુમાનજી, હમીરજી, જોરાભાઈ, નથુજી, લાધાજી રાજા હતા. તેમના ભાઈ હરિભક્ત થયા હતા. તેઓ ગરાસનો ત્યાગ કરીને શ્રીહરિની હજૂર સેવામાં રહ્યા હતા. ૧૪-૧૫. વટામણ ગામના ભીમભાઈ સંસારનો ત્યાગ કરીને શ્રીહરિની હજૂરમાં રહ્યા હતા. ૧૬. લાખાજી, હરજી, રાહાજી, કસળાજી, જાદવજી, વીરાજી, દેવાજી, કમાજી, કાજાજી અને જેઠી ડોડિયા આદિક સેવકો હતા. માનજી, મલ્લારજી, મેઘજી, નારસિંહ, રામસિંહ, અર્જુન, બીજલ, જોધાભક્ત, કાલાભક્ત, ગુમાનજી, મિયાજી, બંને કરિમભાઈ, રૈયાભક્ત, હસનજી, નાથાભક્ત, રાજાભાઈ અને ભુલાભક્ત, આ બધા સદાય પોતાને જે યોગ્ય હોય તેવી સેવા કરતા હતા. ૧૭-૧૯.

જેને યોગ્ય જેવી સેવા હોય તે પ્રમાણે તે બધા સેવા કરતા હતા. લક્ષ્મણભક્ત, રાણાભક્ત, કલાભક્ત, દલાભાઈ, રાયજી, ગોપાળજી, બંને નથુભાઈ, બંને ધનાભક્ત, હરિભાઈ, હઠીભાઈ, હરજીભાઈ, ઉકાભક્ત તથા બે રામજીભક્ત, તે બધા ખેતીનું કામ કરતા હતા. ૨૦-૨૧. જગમાલજી, જાલમભાઈ, ઉકાભક્ત, કેસરીસિંહ અને માનસિંહ નામે બે પૂરબિયા ક્ષત્રિય, વગેરે કેટલાય પાર્ષદો હતા. ૨૨. આ જે બધા પાર્ષદો કહ્યા તે જેમ ભગુજી કહે તેમ કરતા હતા. દાદા ખાચર જ્યારે પૂજા લઈને આવ્યા ત્યારે ઉપર કહેલા બધા પાર્ષદો પણ સાથે આવ્યા. ૨૩. જરિયાની વસ્ત્ર હતાં તે બધાં

શ્રીહરિને ધરાવ્યાં અને સોનાનાં ઘરેણાંઓ પણ શ્રીહરિને ધરાવ્યાં. કેસરયુક્ત ચંદનની શ્રીહરિના લલાટમાં અર્ચા કરી અને તેને મધ્યે નિપુણતાથી કુંકુમનો ચાંદલો કર્યો. ૨૪-૨૫.

ચરણકમળ ઉપર પણ ચંદન ચરચ્યું. ધૂપ, દીપ વગેરે કરી પછી આરતી કરી. ૨૬. તે સમયે જેટલી જાતનાં વાજિંત્ર હતાં તે વાગવાં લાગ્યાં. સંતો અને હરિભક્તો મુખથી 'જય જય...જય જય...' બોલવા લાગ્યા. ભાવનગરના નાગર દીવાન જીભાઈ હતા, તેમનો સમય આવ્યો ત્યારે શ્રીહરિએ તેમને પૂજા કરવા બોલાવ્યા. ૨૭-૨૮. શ્રીહરિએ તેમને પોતાની સમીપમાં બિછાના ઉપર બેસાડ્યા. દાદા ખાચર જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે તે સંતોની પૂજા કરવા લાગ્યા. ૨૯. સંતોના લલાટમાં કેસરચંદનની અર્ચા કરી, ભુજા ઉપર પણ પરમ હેતથી ચંદન ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૩૦. તે રીતે જ વર્ણીઓની પૂજા પણ ઘણા પ્રેમથી કરી. તે પછી વસ્ત્ર લાવીને સહુને એક એક ઓઢાડ્યું. ૩૧. પછી દાદા ખાચર શ્રીહરિ, સંતો તથા વર્ણીના પગમાં પડ્યા. તે વખતે સંતોને જોઈને નાગર દીવાન બોલ્યા, ૩૨.

चोपाई :

हरि के धाम में संत जेसा, यह संत देखावत हि तेसा;
यामें लेश न फरक रहाते, दैवत नहीं रहत छिपाते...३३

"ભગવાનના ધામમાં જેવા સંત હોય તેવા જ આ સંતો દેખાય છે. તેમાં લેશમાત્ર પણ ફરક નથી. જેમાં જે દૈવત હોય તે છુપાવ્યું રહેતું નથી. ૩૩. દંભી લોકોના ઉચ્છેદન માટે આ સંતોનું વૃત્તાંત રહ્યું છે. આમના જેવા ધન અને સ્ત્રીના ત્યાગી સંતો આ ભૂમિ ઉપર ક્યાંય દેખાતા નથી. ૩૪. જગતમાં બીજા પરમહંસો, સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને ગુરુ કરીને અમે સેવતા હતા. એવા બીજા ઘણા ત્યાગીઓ જોવામાં આવ્યા છે. ૩૫.

તેઓ એવી વાતો કરતા રહે છે કે, 'અમે તો સાક્ષાત્ બ્રહ્મ છીએ. બ્રહ્મને કોઈ દોષ લાગતો નથી. જે બ્રહ્મ નથી માનતા તેને દોષ લાગે છે, પણ જે બ્રહ્મ માને છે તેને દોષ લાગતો નથી. ૩૬-૩૭. આ બ્રહ્માંડમાં રોજ રોજ જેટલી પ્રકારનાં પાપ થાય છે તે બધાં પાપ પોતાને બ્રહ્મ માનનારાને

ક્યારેય લાગતા નથી. જેના સદ્ભાગ્ય હોય તે જ બ્રહ્મદશાને પામે છે; આવું સમજ્યા વિના તેઓ બોલે છે.” ૩૮-૩૯. તે વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, “તેઓ તો પરબ્રહ્મનું જ્ઞાન ન હોવાથી પોતાને મનફાવ્યું વર્તવા માટે હું બ્રહ્મ છું, એમ માને છે.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “શ્રીહરિએ સહુને જમાડ્યા અને દાદા ખાચરે શ્રીહરિ તથા સંતોની પૂજા કરી” એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર બાવીશમું : તરંગ - ૫૧

શ્રીહરિએ ભાવનગરના દીવાન આગળ બ્રહ્મજ્ઞાનની સત્ય વાત કહી

दोहा : श्रीहरि पुनि बोलत भये, परब्रह्महु की जोउ;
उपासन बिन कोउ दिन, ब्रह्म न होवत कोउ...०१
परब्रह्म जो तिनकी यह, उपासन हि कर जोउ;
साचे ब्रह्म तब होत हि, मिथ्या से क्या होउ...०२

પછી શ્રીહરિ બોલ્યા કે, “પરબ્રહ્મની ઉપાસના સિવાય કોઈથી ક્યારેય બ્રહ્મ થવાતું નથી. ૧. જો પરબ્રહ્મની ઉપાસના કરે તો જ તે સાચો બ્રહ્મરૂપ થાય છે. મિથ્યા માની લેવાથી શું ફાયદો ? ૨. જેમ કે, પોતે લેશમાત્ર પણ જમીનદાર હોય નહિ અને મનથી પોતાને મોટો રાજા માને, તો તેનાથી રાજા થવાતું નથી. નામમાત્રના રાજાથી શું થાય ? ૩. મૂળ વગરનું એક પણ વૃક્ષ દેખાતું નથી. જેટલા મકાનો છે તે પણ પાયા વગરના દેખાતા નથી. ૪. તે રીતે જ પરબ્રહ્મની ઉપાસના વગરની જેટલી વાતો છે તે બધી નિર્મૂળ અને પાયા વગરની વાતો છે, તેમ અમારા ગુરુ શ્રીરામાનંદસ્વામીએ અમોને શીખવ્યું છે. ૫. જે લોકો નિર્મૂળ વાત કરે છે તે તો અધમમાં પણ અત્યંત અધમ છે. જેને મોક્ષનો ખપ ન હોય તેમની વાતો તો મૂળ વિનાની છે. ૬.

જેને મોક્ષનો ખપ ન હોય તેના ગ્રંથો પણ મૂળ વગરના છે. પૈડા વિનાની ગાડી જેવી ચાલે તેવી મૂળ વિનાની વાત ચાલે છે. અર્થાત્ તે

નિરર્થક છે. ૭. પિતા વગરના પુત્ર જેવો મૂળ વિનાનો જ્ઞાની કહેવાય છે. જેને શ્રીકૃષ્ણનારાયણ, પુરુષોત્તમ, પરમાત્મા, વાસુદેવ, શ્રીહરિ છે જે નિરંજન, નિર્લેપ, અખંડ, અભેદ્ય, અવિનાશી, પૂર્ણાનંદ, પૂર્ણસુખરાશી અને અંતર્યામી છે જેમનું ધામ પ્રકાશમય એવું અનુપમ છે. ત્યાં જે કોઈ નામના પદાર્થ છે તે બધા તેજોમય છે. ૮-૧૦. જે અનંત કોટિ બ્રહ્માંડના સ્વામી કહેવાય છે, તેને પરબ્રહ્મ, સર્વના સ્વામી, સચ્ચિદાનંદ અને બહુનામી પણ કહ્યા છે. ૧૧. જેમને વેદો 'નેતિ નેતિ' કહીને ઉચ્ચારે છે. જે અણુ અણુમાં પ્રવેશ કરીને રહ્યા છે. તેવો જે રીતે સહુમાં અન્વયપણે અને સહુથી વ્યતિરેકપણે રહ્યા છે, તેને યથાર્થરૂપમાં કોઈ જાણતું નથી. ૧૨.

મનુષ્ય જ્યારે સર્વ પાપોનો ત્યાગ કરીને એવા પરબ્રહ્મનો દાસ થાય છે ત્યારે પરબ્રહ્મ તેના ઉપર દયા કરે છે, પછી તે ભાગ્યશાળી આત્મા બ્રહ્મરૂપ થાય છે. ૧૩. પરબ્રહ્મના જ્ઞાન સિવાય તો તે કલ્પિત બ્રહ્મ કહેવાય છે. તે કલ્પિત બ્રહ્મથી ક્યારેય આ સંસૃતિ છૂટતી નથી. ૧૪. માટે જે મોક્ષભાગી મનુષ્ય હોય તે સંસૃતિ જોઈને તેવા કલ્પિત બ્રહ્મને માર્ગે ચઢે નહિ. ૧૫. જે મિથ્યા જ્ઞાની છે તે પુષ્કળ પાપી છે અને તે ઘણાં પાપે કરીને તેના મોક્ષનો અંકુર પણ નાશ થઈ જાય છે, કાંઈ બચતું નથી. ૧૬. પરબ્રહ્મને પામવાનો જે માર્ગ છે તે જ મોક્ષનો માર્ગ છે. જે મનુષ્યમાં મોક્ષનો અંકુર ન હોય તેને તો પરબ્રહ્મનો માર્ગ ઝેર જેવો લાગે છે. ૧૭. પરબ્રહ્મને માર્ગે ચાલનારાને વિષયભોગનો કોઈ અવકાશ જ રહેતો નથી. જ્યાં વિષયભોગ છે ત્યાં તો નરક હોય છે અને તેમાં અપાર સંસૃતિ દેખાય છે. ૧૮.

અપાર દુઃખોને ખોટા કરવા માટે તે મિથ્યા જ્ઞાનીઓ બ્રહ્મની ઓથ લે છે. તે બ્રહ્મજ્ઞાન સાચું છે પરંતુ પરબ્રહ્મના જ્ઞાન વિના તે બધું કાચું છે. ૧૯. વિધિ-નિષેધોને ખોટા કરવા માટે આ બ્રહ્મજ્ઞાન નથી. કારણ કે, પરબ્રહ્મનું જ્ઞાન મેળવવામાં જે જે વિધિ-નિષેધો અંતરાય કરે તેનો ત્યાગ કરવો; એમ તેમાં કહ્યું છે. પણ વિષયભોગ કરવા માટે કે ફેલ કરવા માટે વિધિ-નિષેધનો ત્યાગ કરવાનું કહ્યું નથી. ૨૦-૨૧. બ્રહ્મજ્ઞાન શીખીને જેટલા પરબ્રહ્મને માનતા નથી તે બધા મનફાવે તેમ વિષયભોગ અને ફેલ કરે છે. અને

તે જેમ જેમ ફેલ કરે તેમ લોકો તેને અધિક જ્ઞાની માને છે. ૨૨. આવા જે બ્રહ્મજ્ઞાનીઓ છે તે તો અધમોમાં પણ અત્યંત અધમ છે અને સાક્ષાત્ કળિયુગની મૂર્તિ સમાન છે. ૨૩. આવો જે સાચો મોક્ષભાગીનો મત છે, તે મેં તમારી આગળ યથાર્થરૂપમાં કહ્યો છે." ત્યારે દીવાન પરમાનંદ અને દીવાન જીભાઈ, બંને શ્રીહરિએ કહેલી વાત સાંભળીને મનમાં ઘણા જ ખુશ થયા. સાચી રીતની વાત સાંભળીને તેમને ઘણો વધારે પ્રેમ થયો. ૨૪-૨૫.

ફેલ કરવા માટે અને વિષયભોગ કરવા માટે જે બ્રહ્મજ્ઞાનને શીખે છે તેમને તે બંનેએ ચાંડાળ જેવા જોયા. ૨૬. પરબ્રહ્મના જ્ઞાનની દઢતા સિવાયનું લુખ્ખું બ્રહ્મજ્ઞાન તો ફેલ કરવા માટેનું ચોક્કસપણે દેખાયું. ૨૭. પરબ્રહ્મના જ્ઞાને કરીને જે બ્રહ્મજ્ઞાન છે તે સત્ય છે અને ફેલ કરવા માટેનું જે બ્રહ્મજ્ઞાન છે તે અસત્ય છે; એવી તેમની મતિ થઈ. ૨૮. મિથ્યા જ્ઞાનીઓને કરોડો બ્રહ્માંડનું પાપ રોજ લાગે છે, એવી સર્વે વાત તે પરબ્રહ્મનું જ્ઞાન થવાથી સાચી ઠરી. ૨૯. પરબ્રહ્મના જ્ઞાનથી યુક્ત જે જે બ્રહ્મજ્ઞાનના ગ્રંથ છે, તે તેમને સાચા દેખાયા. પરબ્રહ્મનાં જ્ઞાન વગરના વેદાંતના ગ્રંથ ગમે તેવા સરસ હોય, પણ જેમાં મોક્ષનો લેશમાત્ર અંકુર ન હોય અને જેને ફેલ કરવાની ઇચ્છા હોય તેને માટે લખાયા હોય તેમ જણાયું.

મોક્ષના અંકુર વગરના અને ફેલની ઇચ્છાવાળા લોકોને કામની વાતો મોક્ષભાગી મનુષ્ય ક્યારેય સાંભળે નહિ. એકના એક ગ્રંથમાં અનેક પ્રકારની વાતો ગ્રંથકારે અનેક પ્રકારના ખપવાળાને જોઈને કહી હોય છે. જેમ દરેક શહેરમાં એક જ વર્ણના મનુષ્યો નથી હોતા, ૩૦-૩૩. જે જે પદાર્થો છે તે બધા કાંઈ એકસરખા દેખાતા નથી, એક જ વૃક્ષ હોય તે અનેક બાબતોથી શોભતું હોય છે, ૩૪. મનુષ્યના એક જ શરીરમાં કેટલીયે જુદી જુદી બાબત રહી હોય છે, તે રીતે જ ગ્રંથોની પણ વાત છે; જે થોડી બુદ્ધિ વાળાને સમજાતી નથી. ૩૫.

ઓછી સમજણવાળાને કેટલીયે વાત કહેવામાં આવે તોપણ સમજાતું નથી. જે ગ્રંથની રીતને સમજતા નથી તેને માટે સદ્‌ગ્રંથો (કાંઈ કામના) નથી. ૩૬. **ગ્રંથકાર કહે છે, જેવી વાત હોય તેને તેની યથાર્થ રીતમાં સમજતો હોય તેને માટે આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ સારમાં સારરૂપ છે." ૩૭.**

તે સમયે તે દીવાને શ્રીહરિની આ વાતને માથે ચડાવી અને પગે લાગ્યા. પછી જ્યારે ચાલતા થયા ત્યારે શ્રીહરિને મસ્તક નમાવીને કહ્યું, ૩૮. 'મહારાજ ! અમારા ઠાકોર સાહેબ ઘણા બુદ્ધિમાન છે. તો એક વખત આપ ભાવનગર આવીને તેમને દર્શન આપો. ૩૯. ભાવનગર શહેરના લોકો પણ ઘણા ભાવિક છે. જ્યારે તે આપનાં દર્શન કરશે ત્યારે તેમના પણ ભાગ્ય ઉદય થશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ ભાવનગરના દીવાન આગળ બ્રહ્મજ્ઞાનની સત્ય વાત કહી" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર બાવીશમું : તરંગ - ૫૨

દીવાને શ્રીહરિને વિનંતીથી વાત કરી અને સંતો ચાલવા તૈયાર થયા

તે સમયે શ્રીહરિએ દીવાનની આગળ કહ્યું કે, 'પરમેશ્વર જેવી ઈચ્છા કરે છે તે પ્રમાણે અમે કરીએ છીએ. ૧. પરમેશ્વરની ઈચ્છા વિના અમે કોઈ કામ કરતા નથી. અમારું જે રીતનું વર્તન છે તે તમને કહ્યું. ૨. ત્યારે દીવાન બોલ્યા કે, 'આપના સમાન સત્પુરુષ ફરીને આ ભૂમિ ઉપર ક્યારેય પ્રગટ થશે નહિ. ૩.

❋ જેમાં જેટલી સામર્થી હોય તે આપોઆપ દેખાય છે :

सोरठा : परब्रह्म ईश्वर जेहि, अनंत जन के मोक्ष हित;
सत्पुरुष रूप तेहि, कोउक समय प्रगट होत...०४

चोपाई :

ईश्वर कहत न ईश्वर हमही, प्रताप अधिक हि जामें जिमही;
कहे बिन कबु न रहत छिपाये, सूर्य जेसे प्रगटत हि रहाये...०५

જે પરબ્રહ્મ પરમેશ્વર છે તે અનંત લોકોના મોક્ષને માટે સત્પુરુષના રૂપમાં કોઈક સમયે પ્રગટ થાય છે. ૪. પરમેશ્વર પોતે એમ નથી કહેતા કે, 'હું પરમેશ્વર છું.' જેમ સૂર્ય ઉદય થાય ત્યારે કહ્યા વિના જ તેનો પ્રતાપ પ્રત્યક્ષ દેખાય છે, તેમ જેમાં જેટલો પ્રતાપ હોય તે કહ્યા વિના પણ ક્યારેય

છુપો રહેતો નથી. ૫. જેમ સૂર્ય પોતે પોતાના કિરણો દ્વારા ત્રિલોકીના અંધકારને તત્કાળ જ નાશ કરી દે છે તેમ આપના સમાન મહાપુરુષ આ ભૂમિ ઉપર જ્યાં સુધી વિચરતા હોય છે ત્યાં સુધી ભૂમિ ઉપર અધર્મરૂપી અંધકાર દેખા દેતો નથી. જ્યાં સુધી આપ આ ભૂમિ ઉપર વિચરતા હોવ ત્યાં સુધી આપના ચરણકમળોથી ભૂમિ પણ ધન્ય ભાગ્યશાળી બને છે. અત્યારે આપ જ્યાં જ્યાં આ તમારા ચરણોને ધરો છો તેટલી ભૂમિ પરમ અનુપમ તીર્થરૂપ થતી જાય છે. જેના હૃદયમાંથી અજ્ઞાનનું અંધારું ટળી ગયું હોય તેને આ બધી વાત દેખાય છે. ૬-૯.

જેમ જેમ માણસને સત્સંગ થાય છે તેમ તેમ તેના હૃદયમાંથી કુસંગ ટળતો જાય છે. તેથી આપનો જેવો પ્રતાપ હોય તેવો યથાર્થરૂપમાં તેઓ દેખે છે. ૧૦. જે મનુષ્ય અમૃત પીતો હોય તે અમૃતના સ્વાદને જાણે છે. પણ જે મનુષ્ય ઝેર પીતો હોય તેને તે ઝેર અમૃત જેવું લાગતું નથી. અમૃતમાં જેવા ગુણ રહ્યા હોય તેવાં ફળને તે અમૃત આપે છે. તે રીતે ઝેરમાં જે જાતના ગુણ રહ્યા હોય તેવા ફળને ઝેર આપે છે. ૧૧-૧૨.

❋ સત્સંગનું ફળ તો સુખ, સુખ ને સુખ જ છે :

दोहा : सत्संग करत हि तिनकु, फल मिलत हि अपार;
जन्म मरण जमपुरी दुःख, होवत नहीं लगार...१३
दिव्य हि तनु यह पायके, अक्षर हि धाम रहत;
दुःख न देखत रहे कबहु, सुख हि सोउ सुख लहत...१४

જે માણસ સત્સંગ કરે છે તેને સત્સંગનું અપાર રૂડું ફળ મળે છે. તેને જન્મ, મરણ તથા જમપુરીનું દુઃખ લગાર પણ રહેતું નથી. ૧૩. તે સત્સંગ કરનારો દિવ્ય ભાગવતી તનુ પામીને અક્ષરધામમાં રહે છે. તેને ક્યારેય દુઃખ જોવા મળતું નથી. કેવળ સુખ, સુખ અને સુખને જ પામે છે. ૧૪. જે કુસંગ રાખે છે તેને દુઃખમાત્ર રહે છે; આવું અમને દૃઢપણે દેખાય છે. ૧૫. અમે જ્યારે આપની વાત સાંભળી ત્યારે સત્સંગ તથા કુસંગમાં જે રાત-દિવસ જેટલો ફરક છે તે સાક્ષાત્ દેખાયો. ૧૬.સત્સંગની યત્કિંચિત્ જે કાંઈ વાત કહેવાય છે તે બધી વાતો આ બ્રહ્માંડમાં એકલી સાક્ષાત્ સત્યરૂપે

રહી છે. ૧૭. સત્સંગ સિવાયની ચાહે તેટલી વાતો કરવામાં આવે તોપણ તે મિથ્યા જ છે. ચાહે તેટલા ખોટા રૂપિયાથી આખું બ્રહ્માંડ ભર્યું હોય, તોપણ તે ઝાઝા હોવાથી કાંઈ અધિક ગણાતા નથી. સાચો રૂપિયો એકલો હોય તોપણ તે સાચો કહેવાય છે. સાચા રૂપિયા થોડા હોય અને ખોટા રૂપિયા તેનાથી ઝાઝા હોય, તોપણ કોઈ દિવસ સાચા રૂપિયા છુપાવ્યા છુપાતા નથી. આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી જે ખોટા છે તે ખોટા જ રહેવાના. ૧૮-૨૦. કરોડો કલ્પ વીતી જાય તોપણ જે સત્ય છે તે ક્યારેય ખોટું થતું નથી. કદાચ કોઈ સત્યને અસત્ય કહે તો તેનાથી સત્ય હોય તે કાંઈ અસત્ય થઈ જતું નથી, એમ અમે નિશ્ચય કર્યો છે. ૨૧.

જે સત્ય છે તે સત્ય જ રહેવાનું છે. જે અસત્ય છે તે અસત્યમાં જ ખપવાનું છે. સત્યરૂપ અગ્નિ રતી જેટલો હોય તોપણ તેને ક્યારેય રતી જેટલો થોડો ન જાણવો. રતીભાર સત્યરૂપી અગ્નિના દૈવતથી આખું બ્રહ્માંડ ભરાઈ જાય છે, પણ આખું બ્રહ્માંડ ભરાય તેટલી રાખ હોય તો તે સત્યરૂપી અગ્નિના જેવી દૈવતવાળી કહેવાય નહિ. ૨૨-૨૩. દેહ જે રીતે દેખાય છે તે રીતે જીવ ક્યારેય દેખાતો નથી. પણ જીવમાં જેવું દૈવત છે તેવું દૈવત દેહમાં રહ્યું નથી. ૨૪. સત્સંગ અને કુસંગ બાબતે ઉપર કહી તેવી રીત છે. માટે અમને જેમાં અધિક દૈવત દેખાણું તેમાં કહ્યું છે.' ૨૫. આટલું કહીને ત્યારે દીવાન ચાલતા થયા.

પછી શ્રીહરિ ઊઠીને સંતોને ભેટ્યા. ૨૬. જ્યારે શ્રીહરિએ સંતોને વિદાય આપી છે તેવું સાંભળ્યું ત્યારે જીવા ખાચર ત્યાં આવ્યા અને શ્રીહરિને કહેવા લાગ્યા, ૨૭. "મહારાજ, આ સંતો જો પૂનમ સુધી રોકાય તો મારે તેમને રસોઈ આપવી છે. આ સમયમાં મને રસોઈ આપવાનો અવકાશ જ મળ્યો નથી. ૨૮. આ વખતે દાદા ખાચર, જીવુબાઈ, લાડુબાઈ તથા પરગામથી આવેલા કેટલાક હરિભક્તો રસોઈ દેતા રહ્યા હતા. ૨૯. હું રસોઈ દેવા માટે આવતો ત્યારે મને રસોઈ આપવાની ના કહેતા હતા. હરિભક્તો કહેતા કે અમે પરગામના હરિભક્તો છીએ. ૩૦. અમે ગરીબ છીએ માટે ફરીવાર આવો રસોઈ આપવાનો યોગ અમને નહિ મળે. તેમની આવી વાત

સાંભળીને મેં ધીરજ રાખી હતી. તે ધીરજમાં રસોઈ આપવાના બધા દિવસો જતા રહ્યા. ૩૧. દાદા ખાચર, જીવુબાઈ, લાડુબાઈ, પાંચુબાઈ, નાનબાઈ અને તે પાંચેયની માતા સુરબાઈ, દાદા ખાચરના ફઈબા સોમબાઈ, એ બધાની જ્યારે રસોઈ હોય ત્યારે તમારે બોલવું નહિ, એમ અમને તેઓ કહેતા. ૩૨-૩૩. તેથી જો હું બોલું તો તરત જ કલેશ થાય. કલેશમાં લેશમાત્ર સુખ ન રહે. અમારે જે જે બાબત કરવી હોય તે બધી આપને પ્રસન્ન કરવા માટેની હોય છે. ૩૪. જે કરવાથી આપ લગારેક પણ પ્રસન્ન ન થાઓ, એવી વાત હું ક્યારેય કરતો નથી. તે બાબતમાં હું ઘણો ખ્યાલ રાખું છું. ૩૫.

સંતોને રાખવામાં આપ જો રાજી હો તો સંતોને રોકો. આપની પ્રસન્નતામાં બધી શુભ વાત રહી છે. પ્રસન્નતા વગરની બધી બાબત વ્યર્થ થઈ જાય છે. ૩૬. આપની પ્રસન્નતા સિવાય કદાચ કોઈ નિત્ય કરોડો યજ્ઞ કરે, છતાં પણ આપ પ્રસન્ન થાતા નથી. આવી આપની રીત છે. ૩૭. આપને રાજી કરવાનો કોઈ નિર્ધાર નથી. આપ જેવો કહો છો તેવો અમારામાં ખપ પણ નથી. ૩૮. **જેમાં જેટલો ખપ હોય છે તેને દેખીને આપ પ્રસન્ન થાઓ છો. આપની પ્રસન્નતા તો ખપની અંદર રહી છે. ૩૯.** મને આપ ભગવાન મળ્યા છો, તેનાથી હું આ બધી રીતને જાણતો થયો છું. તેનાથી જગતમાં મારો વિજય થયો છે. જેટલો ખપ છે તેટલું હું કાર્ય કરું છું.” ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “દીવાને શ્રીહરિને વિનંતીથી વાત કરી અને સંતો ચાલવા તૈયાર થયા” એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર બાવીશમું : તરંગ - ૫૩

જીવા ખાચરની વિનંતીથી સંતોને રોક્યા અને શ્રીહરિએ ભાગવતની કથા શરૂ કરાવી

શ્રીજીમહારાજે ત્યારે જીવા ખાચરને કહ્યું કે, “તમારા જેવા મનુષ્યને અમે ક્યારેય દુભવતા નથી. ૧. તમારા જેવા મનુષ્યની વાત અમને જ્યારે

સાંભળવામાં આવે છે ત્યારે અમે તેની વાત પહેલી માન્ય રાખીએ છીએ. પણ સાંભળ્યા વિના તેનું ધ્યાન રહેતું નથી. ૨. દેશ-કાળની રીત તો તમારા કરતાં પણ વધારે મહત્ત્વની છે. માટે ક્યારેક અમે દેશ-કાળ પ્રમાણે કરીએ છીએ. આમ અમે બંને બાબતને રાખીએ છીએ. ૩. જ્યાં અમારો વિવેક ચાલે ત્યાં બેમાંથી જે અધિક દેખ્યામાં આવે તેને અમે કરીએ છીએ. ૪. કોઈ બે બાબતમાં જેનું વધારે ચલણ હોય તેને અમે અધિક રાખીએ છીએ, તેનું જ નામ વિવેક કહેવાય છે. તે વિનાનો વિવેક તો અવિવેક કહેવાય છે. ૫. આવી જે જે સમજણ હોય તેને અમે મુખ્યપણે રાખીએ છીએ. જેમાં જેવો વિવેક હોય તેની બુદ્ધિ તેવી વિવેકી હોય છે. ૬.

વિવેકરૂપી નેત્રથી માણસ જેવો હોય તેવો દેખાઈ આવે છે. વિવેકરૂપી મંદિરમાં અંતર્યામી રહે છે. ૭. જેમાં જેવો વિવેક હોય તેમાં તેવાં અંતર્યામી રહે છે. જ્યાં જેવું સ્થળ હોય ત્યાં સૂર્યનો તેવો પ્રકાશ દેખાય છે, તેમ પાત્રતા મુજબ અંતર્યામી શ્રીહરિ રહ્યા છે. શ્રીહરિએ આવી વાતો કહીને પૂનમ સુધી બધા સંતોને રોકી રાખ્યા. પછી પરમ નિપુણ જીવા ખાચર નિત્ય નવી રસોઈ આપતા હતા અને શ્રીહરિ જીવા ખાચરના ઉપર હેત કરીને રોજ સંતોને પીરસતા હતા. ૮-૧૦. શ્રીહરિ જીવા ખાચરનો એક ઘણો મોટો ગુણ નિત્ય સંભારી રાખતા. તે ગુણ કયો ? તો શ્રીહરિ તેમને ગમે તેવું કહે પણ તેઓ તેમાં પોતાનો જ દોષ માનતા હતા. ૧૧. જે શ્રીહરિને આકાશ જેવા નિર્દોષ સમજે તથા જીવના પાપનો નાશ કરનારા સમજે તેને શ્રીહરિ પોતાનો જાણે છે અને તેને ચાહે તેમ વઢીને કહેતા રહે છે. ૧૨.

❋ નિજદોષ જોનારા પર પ્રભુની પ્રસન્નતા રહે છે :

दोहा : जिहाँ लग अपने दोष हि, भक्तजन जेहि लहत;
तिहाँ लग श्रीहरि तेही, ता पर प्रसन्न रहत...१३
अपने दोष न देखे कबु, भक्तजन ही जो जेही;
ता पर प्रसन्न न होत हि, श्रीहरि यह जो तेही...१४

જ્યાં સુધી કોઈ ભક્ત પોતાનો જ વાંક લે છે. પોતામાં જ દોષ જુએ છે ત્યાં સુધી શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન રહે છે. ૧૩. જે ભક્તજન ક્યારેય

પોતાનો દોષ દેખે નહિ તો શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થતા નથી. ૧૪. પૂનમ જ્યારે વીતી ગઈ ત્યારે શ્રીહરિએ ફરીને સંતોને જે દેશમાં સત્સંગ હતો ત્યાં ફરવા જવા માટેની રજા આપી. ૧૫.

પછી શ્રીહરિએ ગઢપુરમાં પ્રાગજી દવેની પાસે ભાગવત સાંભળવા માટે કથાનો આરંભ કરાવ્યો. ૧૬. તે પ્રાગજી દવે રોજ શ્રીમદ્ભાગવતના દસ અધ્યાય સહેજે વાંચતા હતા. ૧૭. પ્રાગજી દવે જેવા પુરાણી-ગ્રંથ વાંચનાર દ્વારકાથી લઈ જગન્નાથપુરી સુધી અને ઉત્તરથી લઈ દક્ષિણ સુધી કોઈ સાંભળ્યા નથી. તેવા આ પુરાણી મહાભારત આદિક ઈતિહાસ, સર્વે પુરાણો તથા બધા ધર્મશાસ્ત્રોને જાણતા હતા. તેમજ ઉપનિષદ્ અને જટા(વેદના મંત્ર ઉચ્ચારવાની એક રીત) પર્યંતના વેદ, તે સિવાય સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વાલ્મીકિ રામાયણ, અધ્યાત્મ રામાયણ, રામાનુજાચાર્યના મતના પ્રસિદ્ધ ગ્રંથો, વેદાંતના બધા ગ્રંથો, યોગવાસિષ્ઠ, સારાદિક તેમજ વામ અને દક્ષિણ માર્ગના ગ્રંથ, એ બધાને જાણતા હતા. ૧૮-૨૨. જેટલા સંપ્રદાયો છે અને તેમના જેટલા ગ્રંથો છે તે બધા ગ્રંથોને જાણતા. તથા વલ્લભાચાર્ય આદિક જેટલા આચાર્ય થયા છે તે બધાના ગ્રંથ પણ શ્રીહરિએ જ્યારે વંચાવ્યા ત્યારે આ પ્રાગજી વિપ્રે વાંચ્યા હતા. તેઓ કોઈ પણ ગ્રંથમાં અટકતા નહિ. શ્રીહરિના પુરાણી આવા વિદ્વાન હતા. ૨૩-૨૪.

શ્રીહરિ પણ તે પુરાણીનો અન્ન, વસ્ત્ર, ઘરેણાં અને ધન વગેરેથી આદર સત્કાર કરતા હતા. ૨૫. શ્રીહરિની પાસે વિવિધ પ્રકારના મેવા તથા જેટલી ઉચ્ચ પ્રકારની વસ્તુઓ કહેવાય તે રોજ આવતી હતી. તેનો ગણતા પાર ન આવે. ૨૬. શ્રીહરિ રોજ પ્રાગજી દવે, દીનાનાથ ભટ્ટ અને મયારામ ભટ્ટ વગેરે વિપ્રને તે વસ્તુઓ આપતા હતા. ૨૭. તે વિપ્રોને આપતા જેટલા મેવા વધે તે દાદા ખાચર અને જીવા ખાચરને શ્રીહરિ આપતા હતા. વળી સુરા ખાચર તથા સોમલા ખાચર પોતાની પાસે હોય ત્યારે તેમને પણ શ્રીહરિ તે મેવા વગેરે આપતા ત્યારે તેઓ લેતા હતા. ૨૮-૨૯. તેમજ અલૈયા ખાચર અને વસ્તા ખાચર જ્યારે આવતા ત્યારે જો મેવા આવેલ હોય તો તેમને આપતા અને પોતે જમીને થાળ પણ આપતા હતા. ૩૦.

શ્રીહરિ માટે જેવું ભોજન હોય તેવું તો રાજાનું ભોજન પણ સાંભળ્યું નથી. શ્રીહરિ મનમાં ક્યારેય ઈચ્છા ન કરતા, તોપણ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચર્યા ત્યાં સુધી ક્યારેય દેખ્યા કે સાંભળ્યા ન હોય તેવાં ભોજન, વસ્ત્ર, ઘરેણાં અને વિવિધ પ્રકારના મેવાઓ વગર ઈચ્છે નિરંતર સહેજે આવતા હતા. ૩૧-૩૨. શ્રીહરિ પોતાના ભક્તજનોને રાજી કરવા માટે તેને પ્રસન્નતાથી સ્વીકારતા હતા. જેમ આ ભૂમિ ઉપર જેટલી નદીઓ છે તે બધી નિરંતર સમુદ્રને સન્મુખ આવે છે, તેમ બધા વિવિધ પ્રકારની અમૂલ્ય અપાર વસ્તુઓ શ્રીહરિ જે પુરમાં કે વનમાં વિરાજતા હોય ત્યાં પોતે ક્યારેય ન ઈચ્છતા, તોપણ બલાત્ ઘણા વેગથી આવતી રહેતી હતી. જો શ્રીહરિ ઈચ્છતા હોત તો તો તે આવેલી વસ્તુઓને ક્યાં સમાવવી ? ૩૩-૩૫.

✻ શ્રીહરિ જ અપૂર્ણ જીવને પૂર્ણકામ બનાવે છે :

શ્રીહરિ તો પૂર્ણકામ છે. તેમને માટે કોઈ વસ્તુ અપ્રાપ્ય કહેવાય નહિ. માણસ અપૂર્ણકામ છે. તેને પૂર્ણકામ કરવા માટે ઘનશ્યામ શ્રીહરિએ ભોજન, વસ્ત્ર, ઘરેણાં વગેરે વિવિધ પ્રકારની વસ્તુઓ રચી છે. **જે શ્રીહરિને જેવા સમજે છે તેને અંતર્યામી શ્રીહરિ તેવું આપે છે. છતાં જે શ્રીહરિને જેટલા સંભારતા નથી તેટલું તે દુઃખ પામે છે.** ૩૬-૩૮. **જીવે પૂર્વજન્મમાં શ્રીહરિને જેટલા સંભાર્યા હતા તેટલું આ જન્મમાં તેને સુખ મળ્યું છે, તે દેખી શકાય છે.** ૩૯. આગળના જન્મમાં જેણે શ્રીહરિને સંભાર્યા ન હોય તે આ જન્મમાં તેટલું દુઃખ પામે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જીવા ખાચરની વિનંતીથી સંતોને રોક્યા, તે પછી શ્રીહરિએ ભાગવતની કથા શરૂ કરાવી" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ।।૫૩।।



પૂર બાવીશમું : તરંગ - ૫૪

ગઢડા મધ્ય પ્રકરણનું અઢારમું વચનામૃત

માગશર વદિ છઠને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદીતકિયા ઉપર બેસીને દર્શન દેતાં હતાં. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને તેના ઉપર બુટ્ટાદાર રજાઈ ઓઢી હતી. મસ્તક ઉપર છોગાવાળી શ્વેત પાઘ વિરાજમાન હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી. અને પોતાની આગળ પ્રાગજી દવે ઉત્સાહથી કથા કરતા હતા.

✵ નાસ્તિક અને શુષ્કવેદાંતીરૂપી કુસંગનો ત્યાગ કરવો :

પછી શ્રીહરિ બોલ્યા કે, "અમે સર્વ પ્રકારે વિચારીને જે જોયું છે તે કહીએ છીએ. ૧-૬. આ સંસારમાં જેટલા કુસંગ કહેવાય છે, તે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે ? તે અમે ધ્યાનથી જોયું. ૭. તો જેને પરમેશ્વરને વિષે લવલેશ પણ ભક્તિ ન હોય અને બહુનામી ભગવાન સર્વના સ્વામી છે, અતિ ભક્તવત્સલ છે, પતિતપાવન અને અધમઉદ્ધારણ છે; આવી રીતનો ભગવાનનો જેના દિલમાં વિશ્વાસ ન હોય, ૮-૯. એવા તો આ સંસારમાં આધુનિક બે મતો છે : એક મત નાસ્તિકનો છે અને બીજો શુષ્ક વેદાંતીનો દેખાય છે. ૧૦. તે બંને મત અતિ કુસંગરૂપ છે અને મોક્ષનો માર્ગ ભંગ કરાવનારા છે. કોઈ પંચમહાપાપ કરે, તેને જો ભગવાનમાં દૃઢ વિશ્વાસ હોય તો ક્યારેક તે પાપથી છૂટી જાય છે તથા બાળહત્યા, ગૌહત્યા અને સ્ત્રીહત્યા આદિક જે મોટાં પાપ તેના કરનારાનો પણ ક્યારેક છૂટકો થાય ખરો; પણ **આ બે મતમાં જેને પ્રતીતિ આવી હોય તેનો છુટકારો કોઈ દિવસ થતો નથી અને તેનાં પાપ છૂટતા નથી.** ૧૧-૧૪. શા માટે ? તો, જે નાસ્તિક મત છે તેની સમજણ તો વેદ અને પુરાણોથી ઊંધી છે, તેથી તેનાં પાપ છૂટતા નથી. ૧૫.

તે નાસ્તિકો એવું સમજે છે કે, રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાન તો રાજા હતા અને શ્રીકૃષ્ણે તો ઘણા દૈત્યો માર્યા, પરદારાનો સંગ કર્યો; માટે તે

ત્રીજા નરકમાં પડ્યા છે. ૧૬-૧૭. એવી રીતે અધમ ઉદ્ધારણ, પતિતપાવન, પાપહારી અને અતિ સમર્થ પરમેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તે પરમેશ્વરપણાની બુદ્ધિ ક્યારેય કરતા નથી, અને કર્મે કરીને જ પોતાનો મોક્ષ માને છે. ૧૮-૧૯. અને કર્મ કરતાં કરતાં જ્યારે કેવળ જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે ભગવાન થઈ જાય છે, એવી રીતે તેમણે અનંત ભગવાન માન્યા છે, પણ તે નાસ્તિકના મતની સમજણમાં અનાદિ પરમેશ્વર કોઈ નથી, જેના ભજને કરીને મનુષ્ય સંસારના બંધનથી છૂટે. (માટે એ મત છે તે વેદથી વિરુદ્ધ છે) અને જે એવું જાણતા નથી તે બધા નાસ્તિક મત કહેવાય છે. ૨૦-૨૨.

અને જેટલા આધુનિક શુષ્ક વેદાંતીઓ થયા છે તેઓ વેદાંતની જેવી યથાર્થ સમજણ છે તેવી ક્યારેય સમજતા નથી. ૨૩. તેઓ એવી રીતે સમજે છે કે, 'જે બ્રહ્મ છે તે જ જીવરૂપે થયા છે અને જેમ સૂર્યનું પ્રતિબિંબ છે તેમ બ્રહ્મ જીવરૂપ છે.' માટે જ્યારે એમ સમજાય કે, 'હું બ્રહ્મ છું' ત્યારે તેને કોઈ સાધન કરવાનું રહ્યું નહિ અને જ્યારે પોતે પરમેશ્વર થયા ત્યારે હવે ભજન પણ કોઈનું કરવું રહ્યું નહિ. આમ માનીને પછી તે પાપ કરતાં પણ ડરે નહિ. વળી, મનમાં એમ સમજે છે જે, 'બ્રહ્મને પાપ સ્પર્શતું નથી. આપણે નિર્ગુણ માર્ગને પામ્યા છીએ માટે ફરીને જન્મ પણ ધરવો નહિ પડે.' ૨૪-૨૮. પણ એ આધુનિક શુષ્ક વેદાંતી છે તે મનમાં એવી તપાસ નથી કરતા કે, માયાથી પર જે નિર્ગુણ બ્રહ્મ છે તેને પણ તેમની સમજણે કરીને જન્મ-મરણ નક્કી ઠેરાણું. કેમ જે, તેમના મતે જે અનુપમ બ્રહ્મ છે તે જ સ્થાવર-જંગમરૂપ બહુ પ્રકારે થાય છે. ત્યારે જે જીવ હોય તેને માથે તો જન્મ-મરણની પીડા હોય, ૨૯-૩૧.

તે જન્મ-મરણ બ્રહ્મને માથે આવ્યું. પણ એ તો એમ જાણે છે જે, 'અમે જન્મ-મરણથી છૂટશું.' પણ તે એમ વિચારતા નથી કે, પોતાને મતે કરીને જ તે બ્રહ્મને માથે જન્મ-મરણનું દુઃખ સાચું થયું. પરંતુ તે વાતને તેઓ સમજતા નથી અને તે શુષ્ક વેદાંતી બહુ સમજશે તો પોતાને બ્રહ્મરૂપ માનશે, ૩૨-૩૪. તોપણ તેને જન્મ-મરણ ટળશે નહિ. માટે એને જ મતે કરીને એણે જે મોક્ષ માન્યો છે તે ખોટો થઈ જાય છે. ૩૫. તોપણ કોઈ તેની

તપાસ કરીને જે બાધ આવે છે તેને દેખતા નથી અને મુખથી તો એવું બકે છે કે આપણે તો બ્રહ્મરૂપ છીએ, તો હવે કોનું ભજન કરીએ ? અને કોને નમસ્કાર કરીએ ? એવું માનીને અતિશય અહંકારી થઈ જાય છે. ૩૬-૩૭.

તેને યથાર્થ બ્રહ્મની વાત સમજ્યામાં તો આવી નથી, છતાં જ્ઞાનીપણાનું મિથ્યા માન લઈને બેઠા છે. ૩૮. પણ તેઓ એમ વિચારતા નથી કે, 'પોતાના મતે કરીને જ પોતાનો જે મોક્ષ માન્યો હતો તેનો કોઈ નિર્ધાર રહ્યો નહિ. અર્થાત્ ખોટો થઈ ગયો.' ૩૯. અને જે તેનો સમાગમ કરે છે તેને પણ પોતાના જેવા જ મૂર્ખ કરી દે છે. તે ક્યારેય સવળું સમજતા નથી. ૪૦. અને સાચા જ્ઞાની જે નારદ, સનકાદિક, શુકજી અને તેના જેવા જેટલા છે તે સર્વે નિરંતર ભગવાનનું ધ્યાન કરે છે. ૪૧. તથા નામરટણ અને કીર્તન કરે છે. ભગવાન સિવાય ક્યાંય ચિત્તને રાખતા નથી અને શ્વેતદ્વીપ ધામમાં જે નિરન્નમુક્ત રહ્યા છે તે તો સદાય બ્રહ્મસ્વરૂપ છે. અને કાળના પણ કાળ છે, તોપણ તેઓ પરમેશ્વરનું ધ્યાન, નામરટણ, કીર્તન, પૂજન, અર્ચન અને વંદનને ઘણા હરખથી કરતા રહે છે અને પોતે અક્ષરસ્વરૂપ છે તોપણ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે; અને બદરિકામશ્રમમાં ઉદ્ધવજી તથા તનુ આદિક કેટલાક મોટા મુનિઓ રહ્યા છે તે નિરંતર ભગવાનની ભક્તિ કરતા રહે છે. ૪૨-૪૬.

જેટલા આધુનિક શુષ્ક વેદાંતીઓ છે તે તો દેહાભિમાની જીવ છે અને તેમાં બ્રહ્મના ગુણ પણ આવ્યા નથી, તોપણ ભગવાનનું ધ્યાન, સ્મરણ કે વંદન ક્યારેય કરતા નથી. વળી નારદ, સનકાદિક અને શુકદેવજીને જેવું સામર્થ્ય છે અને જેવું જ્ઞાન છે, તથા શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્તોને જેવું સામર્થ્ય અને જેવું જ્ઞાન છે, તેમજ બદરિકાશ્રમવાસી ઋષિઓમાં જેવું સામર્થ્ય અને જેવું જ્ઞાન છે તેના કોટિમા ભાગનું સામર્થ્ય કે જ્ઞાન આધુનિક શુષ્ક વેદાંતીઓમાં કાંઈ પણ આવ્યું નથી. ૪૭-૫૧. તોપણ તે પરમેશ્વરના સામાવડિયા થઈને બેઠા છે. તેથી તેને સમજણ વિનાના પાકા અજ્ઞાની કહ્યા છે. ૫૨. અને જગતમાં જેટલા મૂર્ખ કહેવાય છે તેના તે રાજા છે. તે કોટિ કોટિ કલ્પ સુધી નરકકુંડમાં પડશે. ૫૩. અને જમનો માર ખાશે તોપણ તેનો કોઈ રીતે છૂટકો

થશે નહિ, અને એવા દુષ્ટનો સંગ તેનું જ નામ કુસંગ કહેવાય છે. અને તે દુઃખનું ધામ છે. ૫૪. **જેમ સત્પુરુષનો જે સંગ તેનાથી કોઈ મોટું પુણ્ય નથી, તેમજ ચંડાળ જેવા આધુનિક શુષ્ક વેદાંતીના સંગથી કોઈ મોટું પાપ નથી.** માટે જેને કલ્યાણ ઇચ્છવું તેણે નાસ્તિક અને શુષ્ક વેદાંતીનો સંગ ક્યારેય કરવો નહિ." ૫૫-૫૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું અઢારમું વચનામૃત કહ્યું" એ નામે ચોપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર બાવીશમું : તરંગ - ૫૫

ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણીશમું વચનામૃત

માગશર વદિ ચૌદશને દિવસ જગદ્‌વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. ૧. પછી દિવસ ઊગ્યાને સમયે પરમહંસોને રહેવાની જ્યાં જાયગા છે ત્યાં પધાર્યા. ૨. ત્યાં ગાદીતકિયા બિછાવેલા હતા તેના ઉપર આવીને ઉદાસ થઈને બેઠા. તે કોઈને બોલાવે પણ નહિ. ૩. અને કોઈની સામે જુએ પણ નહિ અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો, તે છૂટીને શિથિલ થઈ ગયો હતો. ૪. તેને પણ સંભાળે નહિ. આ રીતે અત્યંત ઉદાસ થઈને એક ઘડી સુધી બેસી રહ્યા. તે વખતે નેત્રકમળમાં જળ ભરાઈ આવ્યાં; આવું કોઈ એક મનુષ્યચરિત્ર શ્રીહરિએ કર્યું.

✻ અસત્ય ગ્રંથોના વાંચનથી આઘા રહેવું :

પછી શ્રીજીમહારાજ પરમહંસોના પ્રત્યે બોલ્યા જે, ૫-૬. "અમે શુષ્ક વેદાંતશાસ્ત્રના મતને જાણવા માટે તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું. તેને સાંભળવા માત્રથી અમારાં અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કારણ કે, વેદાંતશાસ્ત્ર જે રીતનું છે તેને આધુનિક શુષ્ક વેદાંતીઓ તેવી સ્થિતિ થયા વિના શ્રવણ કરે તો તેને કાંઈ સમજાતું નથી. જેને પ્રથમથી જ ભગવાન અને ધર્મશાસ્ત્રનું દૃઢ

જ્ઞાન હોય એવા એ બંનેના જ્ઞાનની દૃઢતાવાળા જે સત્પુરુષ, તેના મુખથી જ્યારે નિષ્કપટ અંતરથી પ્રથમ ભગવાન સંબંધી જ્ઞાનને ઘણા હેતથી સાંભળે, ત્યારે ભગવાનનું જ્ઞાન થાય છે. જો એ રીતે ભગવાનનું જ્ઞાન થયું હોય તો તે જ્ઞાન ક્યારેય ફરી જતું નથી. ૭-૧૧. પછી ધર્મમાં જેવી મોટપ રહી છે તેનું જ્ઞાન શીખે; તો તેને ધર્મની એવી દૃઢતા થાય છે કે, તે ક્યારેય ધર્મમાંથી ડગે નહિ. ૧૨. તેને પણ જેમાં ભગવાન અને ધર્મ, આ બે મુખ્ય હોય એવા જે શુદ્ધ વેદાંતના ગ્રંથ તેને જ શ્રવણ કરવા. ૧૩.

જેમાં ભગવાન અને ધર્મ મુખ્ય ન હોય અને જેમાં તે બંનેનું ખંડન કરાતું હોય તેવા વેદાંતશાસ્ત્રમાં એવું સમજાવવામાં આવે છે કે, જીવને જ પરમાત્મા સમજ્યા પછી એથી ઉપરાંત તેને કોઈ સાધન કરવાનું રહેતું નથી. ૧૪-૧૫. કેમ જે, જેટલાં સાધન કહેવાય છે તે જીવને જ્યારે પરમાત્મા માને ત્યારે તેમાં આવી જાય છે. પછી કોઈ સાધન કરવાની વાત રહેતી નથી. ૧૬. આવું આત્મજ્ઞાન શીખ્યા પછી તે કહેવાતો આત્મજ્ઞાની વિષયભોગમાં પ્રવર્તે છે, અને માંસ-મદિરા ખાવાં-પીવાં લાગે છે અને તેમાં કોઈ પણ જાતનું પાપ નથી લાગતું એમ તે માને છે. ૧૭. માટે જેને મોક્ષને માર્ગે ચાલવું હોય તેને અમે હેત કરીને કહીએ છીએ કે, ઉપર કહેલા આવા શુષ્ક વેદાંતના ગ્રંથ ગમે તેવા હોય તોપણ તે ક્યારેય સાંભળવા નહિ. ૧૮. જેને મોક્ષનો ખપ ન હોય તે મન ફાવે તેમ વર્તે છે. જીવનું હિત ન કરે એવા તો કેટલાય ગ્રંથો રહ્યા છે. ૧૯. આવા ગ્રંથને સાંભળીને આજે અમારું મન અતિશય ઉદાસ થઈ ગયું છે. **જેણે આવા ગ્રંથો કર્યા હોય તેને કરોડો કલ્પ સુધી દુઃખ મટતું નથી.** ૨૦. તેના અપાર દુઃખને દેખીને અમારી આંખોમાંથી અપાર અશ્રુની ધારા ચાલી હતી. અમે તેને રોકવા ચાહતા હતા, પણ તે રોકાણી નહિ. ૨૧.

આધુનિક શુષ્ક વેદાંતશાસ્ત્રને શ્રવણે કરીને તરત જ તે જીવની બુદ્ધિમાં ભગવાનને રહેવા દેતું નથી. તેથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૃદયમાં સમભાવ આવી જાય છે, એવાં તે શાસ્ત્ર છે. ૨૨-૨૩. તેણે કરીને ભગવાનની ઉપાસનાનો પણ નાશ થઈ જાય છે. આધુનિક શુષ્ક વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે. પછી

તે બુદ્ધિ ભગવાનમાં રહેતી નથી, તેથી તે જીવનું ઘણું ભૂંડું થયું. ૨૪-૨૫. અમે તો કાંઈક પ્રયોજનને માટે આ શુષ્ક વેદાંતની વાતને સાંભળી હતી, પણ તેણે કરીને અમને એટલો શોક થયો કે જે કહી શકાતો નથી.” ૨૬. આટલી વાત કહીને શ્રીજીમહારાજ ઘણા ઉદાસી થયા અને ઘણીવાર સુધી દિલગીર રહ્યા. ૨૭. પછી પોતાને હાથે પોતાનાં નેત્રોનાં આંસુ લૂછીને બોલ્યા કે, “ભગવદ્ગીતા ઉપર રામાનુજાચાર્યનું જે ભાષ્ય છે તેની કથા સાંભળીને આજે રાત્રે અમે જ્યારે સૂતા તે પછી અમને સ્વપ્ન આવ્યું જે, ૨૮-૨૯.

જાણે અમે ગોલોકધામમાં ગયા. તે ધામ દેખીને અમને અપાર આનંદ થયો. ત્યાં અમે ભગવાનના અપરંપાર પાર્ષદોને દેખ્યા. ૩૦. તેમાં કેટલાક પાર્ષદો ભગવાનની સેવામાં રહ્યા છે, તે તો સ્થિર જેવા દેખાયા અને કેટલાક પાર્ષદો ભગવાનના કીર્તનોનું ગાન કરતા હતા. તે કીર્તન પણ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીનાં ગાય છે. ૩૧-૩૨. અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય. જેમ કેફે કરીને ગાંડા થઈ ગયા હોય અને પ્રેમથી ઉન્મત્ત થઈ ગયા હોય તેમ કીર્તનનું ગાન કરતા હતા. ૩૩. તેઓ કીર્તન ગાતા જેમ ડોલતા હતા તેને દેખીને અમે પણ તે જેમ ગાતા હતા તેમ તેમની ભેળા ગાવા લાગ્યા. ૩૪. તે ગાતાં ગાતાં અમને એવો વિચાર આવ્યો કે, આવી રીતની પરમેશ્વરની પ્રેમરસથી યુક્ત જે ભક્તિ છે અને આવી રીતની પરમેશ્વરની જે ઉપાસના છે તેનો ત્યાગ કરીને જે મિથ્યા બ્રહ્મજ્ઞાની થાય છે, ૩૫-૩૬. અને મનમાં એમ જાણે છે કે, ‘અમે પણ ભગવાન છીએ.’ એવું જે બોલે છે તે તો મહાદુષ્ટ છે.” ૩૭.

આમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા કે, “જે રીતે ધર્મથી અને ભગવાનની ભક્તિથી કોઈ દિવસ પાછું ન પડાય અને પોતાનાં ઈષ્ટદેવ પરમ પ્રવીણ શ્રીકૃષ્ણનારાયણમાંથી કોઈ રીતે પોતાની બુદ્ધિ, તેવાં શાસ્ત્ર સાંભળવાથી ડગે નહિ તેવો લાવો અમે એક પત્ર લખીએ. ૩૮-૪૦.

※ શુદ્ધ ઉપાસના માટે શ્રીહરિએ લખાવેલો પત્ર :

તે કાગળ લખીને દેશે દેશમાં કે ગામમાં હરિભક્તો રહેતા હોય તેને મોકલીએ.” આમ કહીને કાગળ લખાવવાનો આરંભ કર્યો. “લિખાવિતં

સુખદાતા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજના સહુ પરમહંસ તથા સહુ સત્સંગી બાઈ-ભાઈ ઘણા કરીને નારાયણ વાંચજો. જે અમારા આશ્રિત હોય તેમને અમે આજ્ઞા કરીએ છીએ જે, ૪૧-૪૩. શ્રીકૃષ્ણનારાયણ એવા જે ભગવાન પુરુષોત્તમ છે તેમના અવતારો ભૂમિ ઉપર ધર્મનું સ્થાપન કરવા માટે આવે છે. તથા બ્રહ્મચર્ય, અહિંસા આદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ, એ ચાર ગુણથી સંપન્ન એવા પોતાના એકાંતિકભક્તને દર્શન આપવાં માટે તથા તેમની નિપુણતાથી રક્ષા કરવા અને અધર્મનો ઉચ્છેદ કરવા માટે દેવ મનુષ્ય આદિકમાં અવતાર થાય છે. તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્ય નિષ્ઠા રાખીને, તેમને ઘણા હરખથી ભજવા. જેમ સતી સીતાજીને રામચંદ્ર ભગવાનને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેવી તમારે પણ નિષ્ઠા રાખવી, તેમ અમે તમને કહીએ છીએ. ૪૪-૪૯.

અને એવા ભગવાનની માનસી પૂજા દિવસમાં પાંચ વખત ઘણા હેતથી કરવી. ૫૦. તથા પ્રમાદનો ત્યાગ કરીને દેહે કરીને નવ પ્રકારની ભક્તિ ઘણા ઉત્સાહથી કરવી. ૫૧. અને શ્રીકૃષ્ણનારાયણના અવતાર જ્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ ન હોય ત્યારે તેમની પ્રતિમાની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુલસી, ધૂપ, દીપ ઈત્યાદિક સામગ્રી વડે ઘણા પ્રેમથી કરવી. પણ ભગવાન સિવાય અન્ય કોઈ દેવની ઉપાસના કરવી નહિ. અને જેને ભગવાનને રાજી કરવા હોય તે જો બીજા દેવની ઉપાસના કરે તો તેમાં મોટો દોષ લાગે છે, અને તેમાં પતિવ્રતાપણું કાંઈ રહેતું નથી. પછી તેની ભક્તિ તો વેશ્યાના જેવી શોભે છે. ૫૨-૫૬. માટે ભગવાનને વિષે સીતાજી અને રુક્મિણીના જેવી ભક્તિ કરવી. અને ધ્યાન પણ ભગવાનનું જ કરવું. તે સિવાય બીજા કોઈ દેવનું ધ્યાન ક્યારેય કરવું નહિ.

હવે અમે બીજી એક વાત કરીએ છીએ, જે કહ્યા સિવાય બધાને સમજાતી નથી. ૫૭-૫૮. જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય અને સમાધિનિષ્ઠ થયા હોય તેનું પણ ધ્યાન કરવું નહિ. ભગવાન સિવાય બધાનું ધ્યાન છોડી દેવું. ૫૯. અને તમારે સહુએ પોતપોતાના વર્ણાશ્રમના ધર્મમાં દૃઢપણે કરીને વર્તવું, એમ અમે તમને સહુને હેત કરીને કહીએ છીએ. ૬૦. આ જે

અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દૃઢપણે કરીને પાળશે તેને શ્રીકૃષ્ણનારાયણને વિષે નારદજીના જેવી દૃઢ ભક્તિ થશે. તેમાં કોઈ સંદેહ નથી. ૬૧-૬૨. અને આ અમારી આજ્ઞાને જે હરિભક્ત બાઈઓ દૃઢપણે પાળશે તેમને શ્રીકૃષ્ણનારાયણને વિષે લક્ષ્મીજી, રાધિકાજી તથા ગોપીઓના જેવી ભક્તિ થાશે. આ અમે નિશ્ચય કરીને કહીએ છીએ. ૬૩-૬૪. અને આ અમારાં વચનને કોઈ નરનારી નહિ માને તો તેની ભક્તિ વેશ્યાના જેવી થશે, તેમાં કોઈ સંદેહ નથી. ૬૫. સંવત્ ૧૮૭૮ના માગશર વદિ ચૌદશને દિવસ હરિભક્તોના પ્રત્યે પરમપ્રેમ વધારવાને માટે આ કાગળ લખ્યો છે." ૬૬. આ રીતે પત્ર લખીને મહારાજાધિરાજ શ્રીજીમહારાજે દેશદેશના હરિભક્તોના પ્રત્યે મોકલાવ્યો. ૬૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણીશમું વચનામૃત કહ્યું" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર બાવીશમું : તરંગ - ૫૬

ગઢડા મધ્ય પ્રકરણનું વીશમું વચનામૃત

પોષ વદિ ચૌદશને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. પછી વાસુદેવનારાયણના મંદિરની આગળ ઉત્તમ આસન ઉપર આવીને બેઠા. ૧-૨. તે સમયે શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચોફાળ ઓઢીને તેના ઉપર છીંટની રજાઈ ઓઢી હતી. ૩. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે પરમહંસો તાલ અને મૃદંગ વગાડીને કીર્તન બોલતા હતા. ૪-૫.

✻ સમાધિનિષ્ઠને જ્ઞાનાદિક શક્તિ વૃદ્ધિ પામ્યાનું કારણ :

પછી શ્રીજીમહારાજ પરમહંસોના પ્રત્યે બોલ્યા જે, "આજ અમારા ઉતારામાં અમારી પાસે રહેનારા સોમલા ખાચર આદિક હરિભક્તને અમે

પ્રશ્ન પૂછ્યો હતો. તેનો બધા પરમહંસ મળીને અત્યારે ઉત્તર કરો." પછી પરમહંસોએ કહ્યું, "હે પ્યારા મહારાજ ! તે તમારો પ્રશ્ન અત્યારે અમને સંભળાવો." ૬-૮. પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા કે, "જે સમાધિનિષ્ઠ પુરુષ થાય છે, તેને તો માયાથી પર સ્થિતિ થાય છે અને ભગવાનના સ્વરૂપનો પણ અનુપમ દૃઢ સંબંધ નિરંતર રહે છે. તેના સમાન કોઈ સુખ નથી હોતું. માટે એ સમાધિનિષ્ઠને તો જ્ઞાનશક્તિ અને દેહ, ઇન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામવી જોઈએ. તેના ઉપર એક વાત કહીએ છીએ, તે સાંભળો. માયાથી જે ચોવીશ તત્ત્વ ઉત્પન્ન થયા છે તે જડચૈતન્યરૂપ છે, પણ તેમને ક્યારેય એકલા જડ ન કહેવાય, તેમ જ એકલા ચૈતન્ય પણ ન કહેવાય. ૯-૧૩. અને તે તત્ત્વમાં શક્તિ પણ એકસરખી નથી. ઇન્દ્રિયો કરતાં અંતઃકરણમાં જ્ઞાનશક્તિ(જાણપણું) અધિક રહી છે. ૧૪.

અને અંતઃકરણથી ઇન્દ્રિય તથા અંતઃકરણના દ્રષ્ટા એવા જીવમાં વિશેષ જ્ઞાન(જાણપણું) રહ્યું છે. ૧૫. તે જીવને જ્યારે સમાધિ થાય છે ત્યારે તે જીવ ઇન્દ્રિયો, અંતઃકરણના દૃષ્ટાપણાનો ત્યાગ કરીને માયાથી પર જે બ્રહ્મ તેના સમાન અતિશય શુદ્ધ ચૈતન્ય થાય છે. ૧૬-૧૭. અને તેને ભગવાનના સ્વરૂપનો સંબંધ પણ સદા રહે છે. તે સમાધિવાળાને કેટલાક એમ સમજે છે કે, 'જેને સમાધિ થાય છે તેને મોરે જેટલી સમજણ હતી તેટલી પણ રહેતી નથી.' તે ઉપર અમે કહીએ છીએ કે, ૧૮-૧૯. એ સમાધિવાળાને જ્ઞાન તથા દેહ, ઇન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે છે કે કાંઈ વૃદ્ધિ થતી નથી દેખાતી ? ૨૦. આ અમે પ્રશ્ન પૂછ્યો હતો તે તમને કહી સંભળાવ્યો." પછી પરમહંસોની જેવી બુદ્ધિ પહોંચી તેવો તેમણે ઉત્તર કર્યો, પણ યથાર્થ ઉત્તર થયો નહિ.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તે પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ તેને તમે સહુ સાંભળો. ૨૧-૨૨. તેવી સ્થિતિ થયા સિવાય આ પ્રશ્નનો ઉત્તર કોઈથી થતો નથી. બ્રહ્મા જેવા કોઈ બુદ્ધિમાન હોય પણ તેને તેવી સ્થિતિ ન હોય, તો તેનાથી આ પ્રશ્નનો ઉત્તર ન થાય. કેમ જે, આ પ્રશ્ન એવો છે. અમે જે જે પ્રશ્નનો ઉત્તર કરીએ છીએ તે પ્રશ્નો જેવી રીતના હોય તેવી

સ્થિતિ કરાવવા માટે અમે પ્રથમ એવી સ્થિતિ કરીને ઉત્તર કરીએ છીએ. જે જે બાબતનો પ્રશ્ન હોય તે તેવી સ્થિતિ થયા સિવાય ગમે તેવો નિપુણ હોય તોપણ યથાર્થ વાત થઈ શકતી નથી. ૨૩-૨૬. નટ દોર ઉપર ચલાય એવી સ્થિતિ જ્યારે કેળવે છે ત્યારપછી દોર ઉપર ચાલે છે, પણ એવી સ્થિતિ-અભ્યાસ કર્યા વગર ક્યારેય હોડ કરતો નથી. ૨૭. **જે જેવી વાતનો તત્પર થઈને અભ્યાસ કરે છે તે તેવી વાતમાં નિપુણ થઈ જાય છે. ૨૮.**

હવે તે પ્રશ્નનો ઉત્તર અમે જેવો જાણીએ છીએ તેવો કરીએ છીએ, "જે સાક્ષી બ્રહ્મ છે તે સહુથી સમર્થ છે. ૨૯. તે બ્રહ્મ માયાથી ઉત્પન્ન થયું એવું જે ચોવીશ તત્ત્વાત્મક બ્રહ્માંડ તેને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્યમય કરે છે અને તેને અતિ સમર્થ એવું એ બ્રહ્મ સર્વ ક્રિયા કરવાની શક્તિ આપે છે. ૩૦-૩૧. અને તે બ્રહ્મનો એવો સ્વભાવ છે કે, કાષ્ઠ તથા પથ્થર જેવા જડમાં પણ તે જ્યારે પ્રવેશ કરે ત્યારે તે ચાલે-બોલે તેવું થઈ જાય છે. તેવા બ્રહ્મની સાથે સમાધિએ કરીને અલ્પ એવો જીવ પણ જ્યારે તુલ્યભાવને પામે છે ત્યારે એ જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે, અને તેને જ્ઞાનની અધિક વૃદ્ધિ થાય છે. અને ઈન્દ્રિયોની જે શક્તિ તેની વૃદ્ધિ તો જ્યારે તપ, નિવૃત્તિ ધર્મ તથા વૈરાગ્યથી યુક્ત યોગાભ્યાસ હોય તેને શુકદેવજીના જેવી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે; એવી સિદ્ધદશાની વાત છે. જેને તપ, નિવૃત્તિ ધર્મ અને વૈરાગ્ય ઝાઝા ન હોય તે ધર્મ, અર્થ અને કામરૂપ પ્રવૃત્તિ માર્ગમાં રહ્યો હોય, ૩૨-૩૬. તેને તો સમાધિ થાય તોપણ એકલા જ્ઞાનની જ વૃદ્ધિ થાય છે, પણ ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામીને સિદ્ધદશા પ્રાપ્ત થતી નથી. જેમ જનકરાજા જ્ઞાની હતા તેવો તે જ્ઞાની થાય, ૩૭-૩૮. પણ પ્રવૃત્તિમાર્ગવાળો તે નારદ, શુકદેવજી અને સનકાદિક જેવી સિદ્ધદશાને પામે નહિ. સમાધિ થવા છતાં પણ તે જ્ઞાની જ્ઞાની જ રહે છે. ૩૯-૪૦.

અને જે સિદ્ધ હોય તે તો શ્વેતદ્વીપ આદિક જે ભગવાનનાં ધામ તેમાં એના એ જ શરીરે કરીને જાય છે. જેટલાં આવરણ કહેવાય છે તે કોઈ તેને આવરણ કરતા નથી. અને જેટલા લોક-અલોક રહ્યા છે, ત્યાં બધે તે ગતિ કરે છે. ૪૧-૪૨. જ્યારે પ્રવૃત્તિમાર્ગવાળાને તો જનકરાજાની જેમ જ્ઞાનની જ

વૃદ્ધિ થાય છે, પણ જ્ઞાન ક્યારેય ઘટતું નથી. ૪૩. જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે તેમ તો થાય છે. ત્યાં શ્લોક કહ્યો છે કે,

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः।।*(ગીતાઃ૨/૬૯)*

તે શ્લોકનો જેમ અર્થ છે તેને અમે કહીએ છીએ, 'જેને વિષે ભૂત-પ્રાણી માત્ર સૂતા છે તેને વિષે સંયમી પુરુષ જાગ્યા છે, અને જેને વિષે ભૂત-પ્રાણી માત્ર જાગ્યા છે તેની કોરે સંયમી પુરુષ સૂતા છે.' માટે જે પુરુષની અંતરાત્માની સન્મુખ દૃષ્ટિ વર્તતી હોય તેને દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણની કોરે શૂન્યભાવ વર્તે છે. તેને દેખીને અણસમજુ હોય તે એમ જાણે છે કે, ૪૪-૪૮. 'સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે.' પછી રજોગુણ-તમોગુણમાં તથા મલિન સત્ત્વગુણમાં રહીને આ પ્રશ્નનો ઉત્તર કરવા જાય તો તેને એમ સમજાય છે જે, 'સમાધિવાળાને કોઈ રીતે કાંઈ જ્ઞાન રહેતું નથી.' પણ તે એમ નથી સમજતો કે, 'અણસમજુ તો હું છું અને હું દેહાભિમાની છું; તેથી મૂર્ખાઈમાંથી સમાધિવાળાને અણસમજુ કહું છું.' ૪૯-૫૨.

માટે **સમાધિવાળો તો દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણથી અત્યંત જુદો પડીને વર્તે છે, તોપણ તેણે કરીને તેના જ્ઞાનની વૃદ્ધિ થાય છે. તેનું જ્ઞાન ઘટી જાતું નથી.** આ રીતે બુદ્ધિશાળી લોકો સમજે છે. સમાધિવાળા ઈન્દ્રિયોમાં અને અંતઃકરણમાં પાછા આવીને વર્તે તોપણ પોતાને સમાધિમાં જે જ્ઞાન થયું છે, તેનો ક્યારેય નાશ થતો નથી. અને તત્પર થઈને તપ, નિવૃત્તિધર્મ અને વૈરાગ્યને ગ્રહણ કરીને પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરે તો જેમ જ્ઞાન વૃદ્ધિ પામ્યું છે તેમ ઈન્દ્રિયો, અંતઃકરણની શક્તિ પણ વૃદ્ધિ પામે અને નારદ, સનકાદિક અને શુકજી આદિકના જેવી સિદ્ધગતિને પણ પામે." ૫૩-૫૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું વીશમું વચનામૃત કહ્યું" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર બાવીશમું : તરંગ - ૫૭

નરનારાયણની મૂર્તિ પૂજવા આપી ને નારાયણજીભાઈએ શ્રીહરિની પૂજા કરી

નારાયણજીભાઈ સુતારે નરનારાયણ દેવની મૂર્તિઓ માટેની બીજી એક છાપ કરી. ૧. તે છાપમાં ઉદ્ધવજી અને નારદજીની મૂર્તિઓ પણ સેવામાં હોય એવી રીતે દેખાડ્યુ હતું. ૨. નરનારાયણ દેવના ચરણારવિંદની નીચેના ભાગમાં ગરુડજી કર્યા અને તેમાં સુંદર મંડપ કર્યો હતો, તેની ઘણી સુંદર શોભા બની હતી. ૩. સૂર્ય અને ચંદ્રના કિરણોવાળા બિંબ કર્યા હતા. તે છાપો શ્રીહરિના હાથમાં આપી. ૪. શ્રીહરિએ તે છાપની મૂર્તિને નખથી શિખા પર્યંત વારંવાર જોઈ. તે વખતે શ્રીહરિ વાસુદેવનારાયણના મંદિરની ઓસરી ઉપર બેઠા હતા. ૫. શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પરમ આનંદથી ભરપૂર જણાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી, આદિક જે સંતો તેમની ત્યાં સભા થઈ અને ત્યાં આવેલા દેશદેશના કેટલાક હરિભક્તો પણ તે સભામાં બેઠા. ૬-૮.

તે સંતો અને હરિભક્તોને શ્રીહરિનાં દર્શન કરવામાં જ એક તાન હતું. ચકોર જેમ ચંદ્રમાને જુએ તે રીતે સહુ ઘણા પ્યારથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૯. શ્રીહરિએ તે નરનારાયણની છાપની મૂર્તિના ખૂબ જ વખાણ કરતાં કહ્યું કે, “જાણે અત્યારે ભગવાને બદરિકાશ્રમથી આવીને બધા હરિભક્તોને દર્શન દીધાં હોય તેમ લાગે છે. જાણે પરમ કૃપાને લઈને આવ્યા હોય તેમ ભગવાન ખૂબ જ પ્રસન્નતામાં છે, અને હરિભક્તોના ઉપર પ્રેમભાવને કારણે જાણે બદરિકાશ્રમ છોડીને અહીં આવ્યા હોય તેમ લાગે છે.” ૧૦-૧૧. શ્રીહરિએ સહુ પહેલા મુક્તાનંદસ્વામીને છાપ દેખાડી. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, “જ્યારે ભગવાન નારાયણની ઈચ્છા થઈ ત્યારે જ જેવા ભગવાન નારાયણ પ્રગટ છે એવો ભાવ આ મૂર્તિમાં આવ્યો છે.” ૧૨-૧૩.

તે પછી બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી, એ આદિક સંતોએ પણ તે મૂર્તિની છાપને દેખી. તેમજ મોટા મોટા હરિભક્તોએ પણ છાપોને દેખી અને

મૂર્તિઓનાં વખાણ કર્યાં. સહુ જ્યારે દેખી રહ્યા તે પછી તે છાપો શ્રીહરિની પાસે લાવીને મૂકી. ૧૪-૧૬. પછી સિદ્ધાનંદ(આધારાનંદ) મુનિએ બધી છાપો ઉપરથી કાગળમાં મૂર્તિઓ છાપી. તે છાપેલી મૂર્તિઓ તેમણે શ્રીહરિને લાવીને બતાવી ત્યારે શ્રીહરિ તેમને જોતા જ રહ્યા. ૧૭. જેટલી તે મૂર્તિઓ હતી તેમાંથી એક એક મૂર્તિને હાથમાં લઈને ભક્તજનોના આશ્રયરૂપ શ્રીહરિએ જોઈ. તે જોતાં જોતાં મંદ મંદ હાસ્ય કરતાં હતાં. ૧૮. શ્રીહરિનું મુખ ખૂબ ખૂબ પ્રસન્ન હતું અને પૂર્ણચંદ્રના સમાન શોભતું હતું. તેમનાં નેત્ર અને વાણીમાંથી અમૃતની ધારા છૂટતી હતી. ૧૯.

પછી શ્રીહરિ બોલ્યા, “અહીંયા જેટલા સંતો છે તેઓ પ્રથમ એક એક આવીને આમાંથી છાપની મૂર્તિને લો, અમે મૂર્તિ આપીએ છીએ.” ૨૦. શ્રીહરિએ જ્યારે આમ કહ્યું ત્યારે સહુ પહેલા મુક્તાનંદસ્વામી ઊઠ્યા. પ્રેમમગ્ન થઈ ઘણા ઉત્સાહથી તેઓ શ્રીહરિ પાસે આવ્યા. ૨૧. મૂર્તિનો જે ખાસ મર્મ હતો તેને તો એક શ્રીહરિ જ જાણતા હતા. તે મર્મ શ્રીહરિએ એક મુક્તાનંદસ્વામીને સમજાવ્યો, કે જેમણે સત્સંગનાં બીજ રોપ્યાં હતાં. પહેલા ધર્મદેવ અને મૂર્તિદેવીમાંથી નર અને નારાયણ પ્રગટ્યા હતા. પછી તેમાંથી હરિ અને કૃષ્ણ પ્રગટ્યા. આમ આ ચાર સ્વરૂપ થયાં. પછી તે ચારે મળીને એક સ્વરૂપે રહ્યા, એમ શ્રીહરિએ મર્મ સમજાવ્યો. ૨૨-૨૩.

❋ અનેકમાં રહેલા એક શ્રીહરિની વ્યાપકતા :

જ્યાં જેવા ભક્તજન હોય ત્યાં તે ભક્તના મનોરથને પૂર્ણ કરવા, જેવા મનોરથ હોય તેવી મૂર્તિ શ્રીહરિ ધારણ કરે છે. પોતે એક હોવા છતાં અનંતરૂપે છે. ૨૪.

दोहा : अनंत होवत हि एक हि, एक अनंत रहात;
जोगकला रहे इनमें, कोउके तर्क न आत...२५
अक्षर प्रजंत जो तिनके, कले में आत न जोउ;
देव मनुष्य कुन लेख में, एसे रहे यह सोउ...२६

પોતે એક હોવા છતાં અનંતરૂપે થાય છે અને અનંત હોવા છતાં પોતે એક છે. તે પરમેશ્વરમાં એવી યોગકળા છે, જે કોઈના તર્કમાં આવતી

નથી. ૨૫. ભગવાન અક્ષર પર્યંત કોઈના કળ્યામાં આવતા નથી તો દેવ કે મનુષ્યના શા લેખા ? તેવા એ પરમેશ્વર છે. ૨૬. તેમના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ ભિન્ન ભિન્ન રીતે રહ્યા છે. ૨૭. **અક્ષર પર્યંત બધા શ્રીહરિની મૂર્તિમાં રહ્યા છે.** છતાં તે અત્યંત અલગ અલગ પણ રહ્યા છે. આવી ભગવાનની યોગકળા તે કોઈને સમજાતી નથી. ૨૮. સત્સંગ કરતાં કરતાં જીવ સદ્‌બુદ્ધિ પામે છે. જીવની સમજણ તો કૂવાના દેડકા જેવી અલ્પ છે. ૨૯. જીવની તો શું ? **અક્ષર પર્યંત બધાની સમજણ કૂવાના દેડકા જેવી છે. તે બધા જ્યારે પોતપોતાની સમજણનો ત્યાગ કરી દે,** ૩૦.

⁕ જે જેવા ભગવાનને જાણે તે તેવો થાય છે :

चोपाई :

भगवान कु सबसे निरबाधा, समझे समझ यह रहे अगाधा;
साचे सत्संग रहे ताही, भगवान सम कोउ कहे न जाही...३१
भगवान कु जानत जेसी रीता, भक्त यह होवत तेसी रीता;
जो जो बात करे यह तामें, भगवान अधिक रहावे यामें...३२

અને ભગવાનને સહુથી વધારે નિર્બાધ-નિર્લેપ સમજે, ત્યારે તેમની તે સમજણ અગાધ કહેવાય છે. ભગવાનને તુલ્ય બીજા કોઈને જ્યારે ન કહે ત્યારે તેનો સાચો સત્સંગ છે તેમ જાણવું. ૩૧. ભગવાનને જે રીતના જાણે છે તે ભક્ત તે રીતનો થાય છે. પછી તે જે જે વાત કરે તેમાં ભગવાન જ સહુથી અધિક રહે છે. ૩૨. આવી જે વાત છે તે જ ખરેખર સાચી વાત છે તે સિવાયની વાતો તો ઉત્પાત છે. જેટલું સદ્‌બુદ્ધિવાળાના મતમાં મળતું ન આવે તે બધું કુબુદ્ધિના મતનું કહેવાય છે. ૩૩. સત્સંગ સમૂહથી જેટલી સમજણ અલગ રહે અને જેટલી વાત ચોરી-કપટ રાખીને કરે તેટલો તે સત્સંગ સભાથી અલગ છે. ૩૪. એવા લોકો જ્ઞાન, ધ્યાન અને સમાધિ વગેરે કરતા રહે તોપણ તેને સત્સંગમાં ચોર જેવા દેખવા. પછી જે એવા કુનોરવાળા હોય તેને સત્સંગથી દૂર કરી દેવા. ૩૫.

જ્યારે તેને દૂર કરીએ ત્યારે તેનું જેવું રૂપ હોય તે તરત દેખાઈ આવે છે. દૂર કર્યા સિવાય તેનું રૂપ દેખાતું નથી.” ૩૬. આટલી વાત કરીને

શ્રીહરિએ નરનારાયણ દેવની મૂર્તિ સહુને પૂજવા માટે આપી. ૩૭. એકે એક સંત અને હરિભક્તને શ્રીહરિએ પ્રસન્ન થઈને મૂર્તિ આપી. ૩૮. પછી નારાયણજીભાઈ સુતાર હતા, તેમણે શ્રીહરિની કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. તોરા તથા બાજુબંધ ધરાવ્યા. તેમાંથી કેસરી ચંદન અને ફૂલની સુગંધ છૂટતી હતી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ નરનારાયણની મૂર્તિ પૂજવા આપી અને નારાયણજીભાઈએ શ્રીહરિની પૂજા કરી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર બાવીશમું : તરંગ - ૫૮

નારાયણજીભાઈ ઉપર શ્રીહરિનો રાજીપો અને સહુએ પૂજા કરી

જે રીતે નારાયણજીભાઈએ શ્રીહરિની પૂજા કરી તે રીતે જ (ગ્રંથકાર) સિદ્ધાનંદ મુનિએ શ્રીહરિની પૂજા કરી. ૧. વળી નિર્ગુણાનંદસ્વામી અને વૈષ્ણવાનંદસ્વામીએ પણ શ્રીહરિની પૂજા કરી. ૨. તે વખતે કેસરયુક્ત ચંદન ઉતારીને લાવ્યા હતા, તેમજ ફૂલના હાર બનાવીને લાવ્યા હતા. ૩. તેમણે પૂજા કરી પછી શ્રીહરિના ચરણારવિંદને કેસરચંદનનો લેપ કર્યો અને તે પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૪. સુતાર નારાયણજીભાઈએ કપૂરથી શ્રીહરિની આરતી ઉતારી અને નખથી શિખા પર્યંતની મૂર્તિ હૃદયમાં ધારી. પછી તે વખતે જેટલા સંતો અને વર્ણી હતા તે સહુની પૂજા કરી અને હરિભક્તોની પણ પૂજા કરી. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે તેઓ શ્રીહરિની પાસે બેઠા. સુખકારી શ્રીહરિએ પણ તેમને પરમ દાસ માનીને પોતાનાં જે ભારે ભારે વસ્ત્ર હતાં તે તેને પહેરાવ્યાં. ૫-૭. રેશમી લાલ રંગનો જામો બુટ્ટાદાર હતો અને તેમાં સોનેરી તૂઈ યોગ્ય રીતે લગાડેલી હતી. ૮.

આવો જામો તેને પહેરાવ્યો અને માથા ઉપર કસુંબી રેંટો બંધાવ્યો. બીજો કસુંબી રેંટો પણ આપ્યો અને ત્રીજી છાપ કરવા માટે ગઢપુરમાં

રહેવાનો ઉતારો આપ્યો. નારાયણજીભાઈ શ્રીહરિ જે રીતે કહે તે રીતે અત્યંત ઉત્સાહથી સેવા કરતા હતા. ૯-૧૦. કેટલાક મોટા મોટા રાજાઓ અને પ્રસિદ્ધ અંગ્રેજો(ટોપીવાળા)ની ઘડિયાળ જ્યારે અટકતી હતી અને કોઈથી ચાલુ થાતી નહિ ત્યારે તેને ગઢપુર મોકલતા હતા. અને શ્રીહરિના ઉપર પત્ર લખીને કહેતા કે, 'અમારું આટલું કામ તમારે ત્યાં જે કારીગર રહે છે તેની પાસે જરૂર કરાવી આપજો. આપ તો ઘણા મહાન છો અને અમારા સંબંધી કામકાજ હોય તો તરત લખજો.' ૧૧-૧૩.

શ્રીહરિ તે લોકોની વાતને જોઈને મનમાં પ્રસન્ન થાતા. શ્રીહરિ પોતે જ સર્વ કર્તા છે, છતાં તે દેખાડતા નહિ. જેટલા રાજ્યને પામ્યા છે તેમને પ્રાયઃ મોક્ષનો ખપ લેશપણ નથી હોતો. જ્યારે વ્યાવહારિક ખપ પડે ત્યારે તેઓ અટકે છે. ૧૪-૧૫. વ્યાવહારિક ખપ હોય તો તેમાં તેઓ ઘણા હરખથી કરોડોનું ધન ખર્ચે છે. ૧૬. ચાહે તે રીતે લોકો વર્તતા હોય પણ ભાગવત જેવા ગ્રંથના પ્રસંગ વિના તો જેને જેવો પ્રસંગ રહે તેની તેવી રુચિ થઈ જતી હોય છે. ૧૭. ભગવાનના સંત સિવાયના જેટલા ભેખધારી યતિ કે ફકીર કહેવાતા હોય છે તેમને ધન ઉપર તાન રહે છે. જેટલા ફેલ કહેવાય છે તે બધા ધનમાં રહ્યા છે. તેવા ધનલોલુપ લોકો જેટલા જપ, તપ, તીર્થાદિક સાધન કરે છે તેટલા જ મોટા મોટા રાજાઓને સેવે છે. કેમ જે, તે સહુને ધન ઉપર તાન રહે છે. મોક્ષનો માર્ગ તે કોઈને દેખાયો નથી હોતો. જે ઠેકાણે એવી રીત વર્તતી હોય ત્યાં તો અધર્મનું જોર રહે છે. ૧૮-૨૦.

❋ ભગવદ્‌બળે જ અધર્મ સર્ગના દોષો જીતાય છે :

અધર્મ અને મોક્ષ, તે બંને બાબત ક્યારેય ભેળી રહી શકતી નથી. જ્યાં ભગવાનની વાત થતી હોય ત્યાં અધર્મનું બળ દેખાતું નથી. ૨૧. જ્યાં ભગવાનની વાત કે બળ નથી ત્યાં અધર્મ રહે છે અને ત્યાં બીજી બાબતનો ખપ રહે છે, પણ ભગવાનનો ખપ દેખાતો નથી. ૨૨. એવા શ્રીહરિના ખપ વગરના માણસો ચાહે તેવા મોટા હોય તોપણ તેમણે માથા ઉપર મૃત્યુ રાખ્યું છે. જન્મ-મરણ અને લખચોરાશીના ફેરા જ્યાં સુધી માથા ઉપર રાખ્યા છે ત્યાં સુધી ચાહે તેવી વિશાળ બુદ્ધિ હોય અને મનમાં ધારે તેવું કામ કરતો

હોય, પણ તે જ્યાં સુધી ભગવાનને માર્ગે નથી ચાલતો ત્યાં સુધી તેની બુદ્ધિ વગેરે નિરર્થક કહેવાય છે. ૨૩-૨૪. જ્યાં સુધી ભગવાનના માર્ગે ચાલતો નથી ત્યાં સુધી બ્રહ્માના જેવા ભોગસુખ પામે, તોપણ તે કાળના મુખમાં પડેલા ચવાણાં જેવાં છે. ૨૫. માણસ જ્યાં સુધી ભગવાનના માર્ગમાં નથી ચાલતો ત્યાં સુધી તેને માયાનો અંધકાર મટતો નથી. ૨૬.

જે ભગવાનને માર્ગે ચાલે છે તે મુમુક્ષુ જેમ ભગવાનના આજ્ઞા-વચન હોય તે પ્રમાણે વર્તે છે. તે ભક્ત ભગવાનના માર્ગે ચાલ્યો છે તેથી તેણે સાધનમાત્ર કરી લીધા, વેદ પુરાણાદિક ભણી લીધા અને તેણે જે જે વાત કરવાની છે તે તલ તલ જેટલી કરી લીધી છે. ૨૭-૨૮. **જે જે અવતારો થયા છે તે સર્વેનું મૂળ કારણ સર્વોપરી ભગવાન શ્રીસહજાનંદસ્વામી છે.** જે ધર્મ અને ભક્તિને ઘેર પ્રગટ થયા અને જેમણે લોકોને મોક્ષનો બોધ શીખવવા માટે વર્ણીનો વેશ રાખ્યો. જેઓ ઘણા ઉચ્ચ કુળના સરવરિયા વિપ્ર હતા. ૨૯-૩૦.

તે વિપ્રોમાં જેટલા વૈષ્ણવ છે તે વિષ્ણુ તથા બાલમુકુંદને ઘણા પ્રેમથી પૂજે છે, કોઈ દૂરાચારને કરતા નથી. ૩૧. જેટલા કંઠમાં તુલસીની કંઠી રાખે છે તેઓ જીવની હિંસા કરતા નથી. જેટલા શૈવની દીક્ષા રાખનારા પૂરબિયા વિપ્ર છે, તે મોટે ભાગે જીવની હિંસા કરતા હોય છે. જ્યાં જેવા રાજા હોય ત્યાં તેવા ગુરુ અને ગ્રંથ હોય છે, તેમાં ઘણું કરીને કોઈને મોક્ષનો ખપ દેખાતો નથી. ૩૨-૩૩. રાજાના આશ્રયને લીધે તેઓ જમીનદાર હોવાથી કોઈની શંકા કે ડર રાખતા નથી. તે તલવારનું ઘણું જોર રાખનારા અતિ કઠોર અને અહંકારી હોય છે. ૩૪. તે જ્યારે અનીતિ કરતા હોય ત્યારે તેને કોઈ જો રોકે તો તેની સાથે ચાહે તેવો સંબંધ હોય, તોપણ તેને માર્યા વિના છોડે નહિ. ૩૫. તેઓ બ્રાહ્મણની હિંસા કરવામાં પણ પાપ ગણતા નથી.

જ્યારે વર્ણીરાજ શ્રીહરિએ તેમાં તલભાર પણ દયા કે ક્ષમા ન જોયા ત્યારે તે દેશને અતિ નિર્દય દેખીને તેનો ત્યાગ કર્યો. અને અતિ મોટા તે વર્ણીરાજ તીર્થ કરવા માટે ઉત્તર હિમાલય પ્રદેશ તરફ ચાલ્યા. ૩૬-૩૭. ઉત્તરમાં જેટલા પ્રસિદ્ધ પ્રસિદ્ધ તીર્થો હતાં તેની યાત્રા કરીને તેને પવિત્ર

કર્યાં. જેટલાં વન તથા પર્વત હતા, તે બધાને પણ પવિત્ર કર્યાં. ૩૮. પછી પૂર્વ દેશમાં ફરતાં ફરતાં પુરુષોત્તમપુરી સુધી ગયા અને મુમુક્ષુઓને શોધતા રહ્યા. ૩૯. ત્યાં જેટલા ધર્મના દ્વેષીઓ હતા તે બધા તીર્થને બહાને આવીને ભેળા થયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "નારાયણજીભાઈ ઉપર શ્રીહરિનો રાજીપો અને સહુએ પૂજા કરી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર બાવીશમું : તરંગ - ૫૯

સારમાં સાર વાત જીવને સત્સંગી કરવો તે જ છે

જે ધર્મના દ્વેષી અને અધર્મમાં ગળાડૂબ હતા તેવા અસુરો (જગન્નાથપુરી વગેરેમાં) અગણિત પરસ્પર વૈર કરીને લડી મર્યા. જેટલા ધર્મના દ્વેષી હોય તે બધા સહજ સ્વભાવે અધર્મી કહેવાય અને તે વર્ણીરાજને ગમતા નહિ. ૧-૨. પાપ કરવાથી અધર્મીઓના પાપનો ઘડો જ્યારે ભરાઈ જાય છે ત્યારે તે પરસ્પર વૈર કરીને અગણિત મરી જાય છે. ૩. વર્ણીના વેષમાં રહેલા શ્રીહરિ ધર્મનું સ્થાપન કરવા માટે અને સૂર્યની જેમ અધર્મનાં અંધારાનો નાશ કરવા માટે પ્રગટ્યા હતા. ૪.

સૂર્ય જ્યારે ઉદય થાય છે ત્યારે તે પોતાના સહજ પ્રતાપથી કિરણો દ્વારા જેટલું અંધારું છે તે બધાને પોતાના કિરણોમાં લય કરી દે છે. પછી તે અંધારું ક્યાં ગયું ? તે કોઈને કોઈ રીતે દેખાતું નથી. ૫-૬. તેમ નીલકંઠવર્ણીએ અધર્મના અંધારારૂપ નામ ધરાવતા જે કોઈ પણ હતા તે બધાને પોતાનાં શુભ વર્તનરૂપી કિરણ દ્વારા દબાવી દીધા. પછી તે કોઈ દેખાયા નહિ. તેમાં જે ઘુવડ જેવા મનુષ્ય હતા, તે બધા શ્રીહરિને સૂર્ય સમાન દેખતા. તેથી પોતાની અણસમજણરૂપ ગુફામાં છુપાઈને બેસી રહ્યા. કારણ કે, સૂર્ય જ્યારે ઉદય થાય ત્યારે ઘુવડની જાતિના બધા સૂર્યને દેખવો નહિ તેવો આજીવન નિયમ રાખી રહ્યા હોય છે, પણ તેનાથી સૂર્યનો પ્રતાપ તલ જેટલો પણ ઘટતો નથી. ૭-૧૦.

પછી શ્રીહરિ દક્ષિણ ભારતમાં જેટલા તીર્થ કહેવાય છે ત્યાં બધે ફર્યા અને ત્યાંથી પાછા પશ્ચિમ દેશમાં જ્યાં ગિરનારની છાયા કહેવાય છે ત્યાં આવ્યા. ૧૧. તેમાં ઓઝત નદીને કિનારે પીપલાણા ગામ છે. ત્યાં ઉદ્ધવજીના અવતાર શ્રીરામાનંદસ્વામીના શ્રીહરિને પ્રથમ દર્શન થયાં. ૧૨-૧૩. ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ શ્રીહરિને 'આ મારા સ્વામી છે,' એમ તત્કાળ ઓળખી લીધા. તેનાથી તેમના મનમાં અત્યંત આનંદ થયો. જે કહી શકાતો નથી. ૧૪. પરમ અનુપમ મૂર્તિ એવા વર્ણીરાજ શ્રીહરિ દોઢ વર્ષ સુધી રામાનંદસ્વામીની સાથે રહ્યા. સોરઠ દેશના હરિભક્તોના ગામોમાં ફર્યા. પછી રામાનંદસ્વામીએ જેતપુર ગામમાં સત્સંગની ગાદી ઉપર શ્રીહરિને બેસાડી દીધા. સંતો, વર્ણી તથા હરિભક્તોના ગુરુપદે કલ્યાણમૂર્તિ શ્રીહરિને સ્થાપ્યા. ૧૫-૧૭.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ સંતો, વર્ણી અને હરિભક્તોની આગળ કહ્યું કે, 'સ્વામિનારાયણ' નામના આ વર્ણી પૂર્ણ મનોરથવાળા અને પૂર્ણકામ છે. ૧૮. અમે જેવું ઇચ્છતા હતા તે રીતે જીવોનો મોક્ષ કરવા માટે આ વર્ણીરાજ સત્સંગમાં આવ્યા છે. તેથી હું પૂર્ણ મનોરથવાળો થયો છું. ૧૯. અમે જેમના સહજાનંદસ્વામી તથા નારાયણમુનિ નામ રાખ્યા છે એવા આ વર્ણી ભગવાનના સંબંધ વિનાના ચાહે તેવા સ્ત્રી, ધન, વસ્ત્ર, ઘરેણાં અને સુગંધીદાર ખાન-પાનાદિક પદાર્થો કે વિવિધ પ્રકારના શબ્દાદિક વિષયો તેમાં ક્યાંય બંધાશે નહિ. જે જીવ જાતિ કહેવાય છે તે તો ઉપર કહેલા વિષયમાં બંધાઈ જાય છે. ૨૦-૨૧. તે વિષયી જીવો તીર્થ, વ્રત, યજ્ઞ ઇત્યાદિક જે સાધન કરે છે તે પંચવિષયનાં સુખને માટે કરે છે અને તેને જ પરમ મોક્ષ માને છે. ૨૨. પછી એક મિથ્યાં સુખને માટે જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનું અપાર દુઃખ ભોગવે છે. ૨૩.

જ્યાં સુધી તે જીવ સત્સંગ નથી કરતા ત્યાં સુધી તે વિષયમાં દુઃખ દેખતા નથી. કેમ જે, બ્રહ્માના સમાન બુદ્ધિમાન હોય તોપણ સત્સંગ વિના તેનું અજ્ઞાન ટળતું નથી. ૨૪. તે વિષયી જીવોને ભગવાન અને સત્સંગ સિવાયની અન્ય બાબતોમાં અપાર તાન હોય છે. તેઓએ અનંત જન્મ

ગુમાવ્યાં છતાં વિષય ઉપરનું તાન લગાર પણ ઊતર્યું નથી. ૨૫. જેને ભગવાન અને સત્સંગનું ખરું જ્ઞાન થયું છે તેવા જ્ઞાની ભક્તો ભગવાનને નહિ ભજનારાને પશુ સમાન દેખે છે. ૨૬. કદાચ તે પુરુષ ચાર વેદ અને જેટલાં શાસ્ત્ર છે તે બધાંને ભણ્યો હોય તથા દેખી કે સાંભળી ન હોય તેવી નવી નવી વાતો કરતો હોય, ૨૭.

❋ ભગવાન ભજવા ને સત્સંગ કરવો તે જ સારમાં સાર છે :

તોપણ તે જીવ છે. અરે ! વૃક્ષમાંથી મનુષ્ય બનાવે કે વરસાદ વરસાવીને સહુનું પોષણ કરે તેવા હોય તોપણ તેનું કાંઈ જ આશ્ચર્ય નથી. ૨૮. **આશ્ચર્યમાં સહુથી મોટું આશ્ચર્ય અને સારમાં સારભૂત મુખ્ય વાત તેટલી જ છે કે, નિષ્કપટભાવે સત્સંગ કરવો અને ઉત્સાહથી ભગવાનનું ભજન કરવું. ૨૯.** ભગવાન અને સત્સંગના જેવી બીજી કોઈ વાત દેખાતી નથી. સત્સંગ વિના તો કોઈ એવો હોશિયાર-કળાબાજ હોય કે મરેલા મનુષ્ય જીવતો કરે અને કોઈ વિજ્ઞાની બળદ વિના ગાડીને ચલાવે, એક ઘડીમાં જ્યાં ધારે ત્યાં વાત પહોંચાડે, ૩૦-૩૧. દિવેલ વિના ઘેર ઘેર રાતમાં દીવા કરે અને યંત્ર દ્વારાએ જે ધારે તે વાતને સાક્ષાત્ દેખાડે, ૩૨. કલમ વિના અક્ષરો કરી દેખાડે, અસલ વાતને રદ કરીને બુદ્ધિ હરી લે, અસલ વાત કરતાં પણ નકલને સરસ દેખાડે અને બધા જ મનુષ્યો તેને પ્રમાણરૂપ પણ માને, ૩૩. તેઓ જેવી પોતાની સમજણ હોય તે પ્રમાણે સત્ય બતાવવાની કોશીશ કરતા હોય છે. અને ત્યારપછી પોતાની સમજણને અનુસારે તેમાં ઘણો અર્થ(લાભ) દેખાડે, પણ જ્યાં સુધી તેઓ ભગવાન ન ભજે કે, સત્સંગ કરવાની વાત ન કરે ત્યાં સુધી તે કરોડો વાત કરે, તોપણ તે જીવ વિનાનાં શરીર-મડદાં જેવી વૃથા છે. ૩૪-૩૫.

આવી સમજણ જ્યારે આવે છે ત્યારે તેનું જીવપણું મટી જાય છે. પછી તે જીવનું હરિભક્ત અથવા સત્સંગી નામ કહેવાય છે. ૩૬. **સારમાં સાર જે એક વાત છે તે સહજાનંદસ્વામી જાણે છે, તેથી તો તેઓ અંતર્યામી કહેવાય છે. ૩૭.** વ્યવહારના માર્ગમાં ચાલવાની તો સહુને દોડ છે, પણ મોક્ષને માર્ગે ચાલવાની જગ્યાએ મનુષ્ય અટકી જાય છે. ૩૮. **જીવ જ્યાં**

સુધી સત્સંગ નથી કરતો અને ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી તેણે કશી વાત કરી નથી. ૩૯. આ વાત એક સહજાનંદસ્વામી સિવાય કોઈ જાણતા નથી કે, આવી ખરી તત્ત્વની વાત સમજાવીને જીવોને કેવી રીતે નિષ્કામ બનાવવા." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સારમાં સાર વાત જીવને સત્સંગી કરવો તે જ છે" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર બાવીશમું : તરંગ - ૬૦

શ્રીહરિએ વિવિધ ઉપદેશ કહ્યો

જેમાં જેટલો પ્રતાપ હોય તે વાતમાં દેખાઈ આવે છે. ચાહે તેવો હોય તોપણ વાત વિના પ્રતાપ દેખાતો નથી. ૧. જ્યાં સુધી મોક્ષની રુચિ થતી નથી ત્યાં સુધી તે જીવ રહે છે. જ્યારે મોક્ષની રુચિ થાય છે ત્યારે તે મુક્ત કલ્પાય છે. ૨. જેટલા સારામાં સારા વિષય છે તે બધા શ્રીહરિની વાતમાં નિત્ય અધિક અધિક દેખાય છે. ૩. જે નરનારી ભગવાનના માર્ગે ચાલ્યા તે આકાશ કરતાં પણ કરોડગણી અધિક બુદ્ધિવાળા થયા જાણવા અને સર્વે વેદપુરાણોને ભણી રહ્યા, એમ જાણવું. ૪.

અનંત કોટિ બ્રહ્માંડના સ્રષ્ટા એવા શ્રીહરિ જ્યારે આ સત્સંગમાં આવ્યા ત્યારે બહુનામી શ્રીરામાનંદસ્વામીએ સ્વધામ જવાનું મનમાં નક્કી કર્યું. અને ભક્તજનોના મિત્ર જેવા મહાભાગ્યશાળી તે સ્વામીએ ફરેણી ગામમાં આવીને માનવશરીરનો ત્યાગ કર્યો અને દિવ્યધામમાં ગયા. ૫-૬. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોની આગળ વાત કરી કે, "રામાનંદસ્વામી સત્સંગનો ત્યાગ કરીને ક્યાંય ગયા નથી. ૭. આટલા દિવસ સ્વામી પ્રત્યક્ષ દેખાતા હતા અને આ રીતે સત્સંગને ધારી રહ્યા હતા. હવે હરિભક્તો જ્યારે હૃદયમાં ધારશે ત્યારે સ્વામી દેખાશે. ૮. જેને જેટલું હેત હશે તેટલાં તેને સ્વામીનાં દર્શન થશે. હેત વિના તેઓ દેખાતા નથી. તેઓ તો હેતરૂપી વૃત્તિમાં રહ્યા હોય છે. ૯.

ભૂમિમાં જેવા બીજના કણ રહ્યા હોય તે પાણીનો યોગ થયા સિવાય એક પણ દેખાતા નથી, એકલી ભૂમિ જ દેખાય છે. ૧૦. પણ જ્યારે બીજને પાણીનો યોગ થાય છે ત્યારે તે જેવા કણ હોય છે તેવા યથાર્થરૂપમાં દેખાય આવે છે. ૧૧. હેતરૂપી પાણીએ કરીને જ્યારે ભક્તો હૃદયમાં ધ્યાન કરશે ત્યારે જેવા રામાનંદસ્વામીને દેખ્યા હતા તેવા જ દેખાશે." ૧૨. આમ કહીને બહુનામી ભગવાન શ્રીસહજાનંદસ્વામી હરિભક્તોને તત્કાળ ધ્યાનમાં બેસાડતા હતા. ૧૩. પછી રામાનંદસ્વામીની જેવી મૂર્તિ હતી તેવી ને તેવી ધ્યાનમાં દેખાડી દેતા. ૧૪. અને દેખાયેલી રામાનંદસ્વામીની મૂર્તિ સહજાનંદસ્વામીની મૂર્તિમાં લીન થઈ જાતી હતી. ૧૫. શ્રીહરિ પોતામાં જે યોગકળા હતી તે હરિભક્તોનું હિત કરવા માટે દેખાડતા હતા. ૧૬.

હરિભક્તો મનમાં શ્રીહરિની મૂર્તિ જે રીતે ધારતા તે પ્રમાણે તેને સુખી કરવા તેના અંતરને જોઈને તેના અંતરમાં શ્રીહરિ તેવાં દર્શન દેતાં હતાં. તેણે કરીને બધા ભક્તજનો શ્રીસહજાનંદસ્વામીનું ભજન-સ્મરણ કરવા લાગ્યા. ૧૭-૧૮. પણ સહજાનંદસ્વામી પોતાનું ભજન-સ્મરણ કરવાની ભક્તોને ના પાડતા. તેમને સમજાવતા કે, જેને રામાનંદસ્વામી મળ્યા હોય અને જેને આત્માનંદસ્વામી મળ્યા હોય તેણે તેમનું ભજન કરવું. ૧૯. જેને શ્રીકૃષ્ણ ભગવાનમાં ભાવ હોય અથવા રામચંદ્રજીમાં ભાવ હોય તથા જેને જે અવતારમાં જેવો ભાવ હોય તેને તેનું ભજન કરવું. ૨૦. તેમાં અમે અપાર પ્રસન્ન છીએ. આ વાત અમને પ્રિય લાગે છે. અમે પણ એમ ભજન કરીએ છીએ. રામ, કૃષ્ણ, ગોવિંદ, શ્રીમન્નારાયણ, હરે, વાસુદેવ, માધવ, મુકુંદ, આનંદ અને નરનારાયણ એવા ભગવાનના નામોને પ્રેમથી કહીએ છીએ. ૨૧-૨૨.

※ શ્રીહરિના નામ જપનો ખુલાસો :

चोपाई :

एक भगवान कहावत ताके, अगणित नाम रहाये वाके;
जब अवतार धरे हित जेही, जेसे चरित्र करे तब तेही...२३

चरित्र तेसे कहावत नामा, सब हि नाम रहे सुखधामा;
एक नाम में नाम हि जेता, उचरत में आवत रहे तेता...२४

જે એક ભગવાન કહેવાય છે, તેમના અગણિત નામ છે. જ્યારે જે પ્રયોજન માટે અવતાર ધારણ કરે અને જેવાં ચરિત્ર કરે ત્યારે તેમનાં તે ચરિત્રોને અનુરૂપ નામ કહેવાય છે. ભગવાનના તે બધાં નામ સુખધામ છે. તેમાંથી કોઈ એક નામ ઉચ્ચારવાથી બીજાં બધાં નામ તેમાં આવી જાય છે. ૨૩-૨૪. આ રીતે સમજીને ભગવાનના નામોને ભક્તજનોએ વારંવાર શ્રદ્ધા-ભાવથી ઉચ્ચારવા જોઈએ. ૨૫. જે લોકો બાળબુદ્ધિના છે તેઓ એક જ નામમાં મોક્ષ માને છે, પણ તે પૂરું સમજતા નથી. ૨૬. કેટલાક લોકો ભગવાનનું ભજન કરતાં કરતાં ભગવાનનો દ્રોહ કરે છે, તેને તલ જેટલી પણ બુદ્ધિ નથી. તેવા લોકો બુદ્ધિમાનને ગણતા નથી. ૨૭. જેને બુદ્ધિ ન હોય છતાં બુદ્ધિમાનપણાનું અભિમાન રાખતા હોય તેવા લોકો પોતાના મનમાં બીજા કોઈને ગણકારતા નથી. ૨૮.

આ સત્સંગ કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવો છે. જેવી ભગવાનની મૂર્તિ અતિશય નિર્દોષ છે માનો તેવો જ આ સત્સંગ નિર્દોષ છે. આ સત્સંગમાં ધર્મવંશ નિવાસ કરીને રહ્યો છે. તે ધર્મવંશમાં જેટલો અધર્મવંશ પ્રવેશ કરે છે તેટલો તે અધર્મવંશ ધર્મવંશના માનનું ખંડન કરતો રહે છે. પણ જે રીતે અધર્મવંશનું કાંઈ ન ચાલે તે રીતે શ્રીહરિએ જોઈ વિચારીને બાઈ-ભાઈ સર્વ હરિભક્તોને વર્તવાના નિયમ બાંધ્યા છે. સંતો તથા વર્ણીની બધી રીત જોઈને તેમના પણ બધા નિયમો બાંધ્યા છે. ૨૯-૩૨.

આ કળિયુગમાં અધર્મવંશનું જોર ઘણું ચાલી રહ્યું છે. પરંતુ જ્યાં સુધી શ્રીહરિએ જેના જે નિયમો કહ્યા છે તેમાં લોકો વર્તશે ત્યાં સુધી તેમાં અધર્મવંશ પ્રવેશ નહિ કરે. જે લોકો નિયમોનો જેટલો ત્યાગ કરે છે તેટલો તેમાં અધર્મવંશ આવીને પ્રવેશ કરે છે. પછી તે હરિભક્ત પહેલા જેવો સારો રહેતો નથી. હરિભક્ત થઈને બીજા હરિભક્તમાં દોષ ન હોવા છતાં જો દોષની કલ્પના કરે, તો નિર્દોષમાં જેટલા દોષ કલ્પે તે બધા દોષો દોષોની કલ્પના કરનારાને લાગે છે. સૂર્ય અને આકાશ જેવા નિર્દોષ છે, તેવા જ ભગવાનના ભક્ત નિર્દોષ છે. ૩૩-૩૬. સૂર્ય અને આકાશને વાદળાં, આંધી અને ગ્રહણ જેટલું પોતાનું ચાલે તેટલું આવરણ કરીને જેમ અંધારું કરવા મથે છે, તેમ

જ જેટલા અંતઃશત્રુઓ છે તે પોતાનું જેટલું જોર ચાલે તેટલું હરિભક્તને તે સ્થળે આવરણ કરે છે. ૩૭-૩૮. પરંતુ જ્યારે ભક્ત ભગવાનનાં ચરિત્રને દેખે, સાંભળે અને સંભારે છે તથા **ભગવાનનાં સ્વામિનારાયણ, કૃષ્ણ અને હરિ, એવાં નામોને ઉચ્ચારવા લાગે છે તો શ્રીહરિ તે બાબત જાણતા હોવાથી તેના બધા જ અંતઃશત્રુઓ વિરામ પામી જાય છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ વિવિધ ઉપદેશ કહ્યો" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર બાવીશમું : તરંગ - ૬૧

ધર્મ-ભક્તિ યુક્ત શ્રીહરિની છાપ કરવા કહ્યું અને વસંતપંચમીએ રંગે રમ્યા

નારાયણજીભાઈ સુતારે શ્રીહરિની આગળ મસ્તક નમાવીને ઘણા હેતથી કહ્યું, 'મહારાજ ! આપ તો સમર્થ અંતર્યામી છો. ૧. આ સત્સંગમાં હરિભક્તોને જેવાં સંભારવામાં કામ લાગે તેવાં ચરિત્રો આપ અપાર કરો છો. ૨. આપના માતા પિતા ધર્મ-ભક્તિ છે તેમ સહુ મોટા મોટા હરિભક્તો જાણે છે. ૩. પણ જે સામાન્ય લોકો છે તે આ વાતને કોઈ જાણતા નથી. આ વાત ઘણી મહત્ત્વપૂર્ણ છે માટે તેને આપ પ્રસિદ્ધ કરો, તેમ હું કહું છું. ૪. લોકો ઠેકઠેકાણે પૂછે છે કે તમારા ગુરુ ઘણા મહાન છે. આવા અત્યારે બીજા કોઈ ગુરુ નથી. તેઓ જે પોતાના આશ્રિત થાય છે તેમાં કોઈ પણ કુફેલ હોય કે લોક અને શાસ્ત્રમાં નિંદિત એવું કોઈ આચરણ હોય, તો તેને છોડાવી દઈને શુદ્ધ કરે છે અને ભગવાનનું ભજન કરાવે છે. ૫-૬.

આજ સુધી આવા કોઈ ગુરુ થયા નથી કે, જે આશ્રિતોની પાસે કુફેલ છોડાવી દઈને ભગવાનને ભજાવે. આ વાત સહુથી પર અને ઘણી મોટી રહી છે. ૭. નારદજી, શુકદેવજી, સનકાદિકો, કપિલજી, દત્તાત્રેય, ભરતજી, પરશુરામ, રામ, કૃષ્ણ અને નરનારાયણ આદિક જે જે સમર્થ થયા, તે

બધાનાં માતા-પિતાનાં નામ શાસ્ત્રમાં લખેલાં છે. તેથી જ અત્યાર સુધી તે બધાં પ્રસિદ્ધ છે. ૮-૯.

પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને બોલાવીને ધર્માખ્યાન નામનો ગ્રંથ કરવાની અને વિચરણ કરવાની આજ્ઞા આપી. ૧૦. પછી શ્રીહરિવરે નારાયણજીભાઈને કહ્યું કે, “તમે ધર્મ અને ભક્તિની મૂર્તિની છાપ કરો અને તે ધર્મ-ભક્તિની વચ્ચે તમારો જેવો ભાવ હોય તેવું અમારું સ્વરૂપ કરો. દેશે દેશમાં જેટલાં ગામ છે તે ગામે ગામમાં રહેનારા સર્વે હરિભક્તો ઘેર ઘેર તે મૂર્તિની શ્રદ્ધાભાવથી પૂજા કરશે. ૧૧-૧૩. તે બધા ગામોમાં જેટલાં રૂડી બુદ્ધિવાળા હરિભક્તો છે તે અમારાં સ્વરૂપને દેખીને ખૂબ જ આનંદ પામશે. ૧૪. પણ જે આસુરી લોકો છે, ફેલ, વ્યસન અને જે અનીતિમાં રત છે તથા જેનાં હૃદય કુબુદ્ધિથી ભરેલાં છે તે બધાં પોતાના પાપથી બળી મરશે. ૧૫.

જે રૂડી બુદ્ધિવાળા છે તેવા સુજ્ઞ મનુષ્યો સત્સંગની જેટલી વાત છે તેમાં દિવસે દિવસે અધિક રુચિ કરે છે. ૧૬. જે કુબુદ્ધિવાળા મનુષ્યો છે તે પોતાના દોષને ક્યારેય જોતા નથી. તેઓ પોતામાં રહેલા દોષોને પણ ધર્મ માને છે અને સાચા ધર્મને અધર્મના રૂપમાં દેખે છે. ૧૭. રૂડી બુદ્ધિવાળા અને કુબુદ્ધિવાળા મનુષ્યોમાં રાત-દિવસ જેટલો ફરક છે. તે બંનેની ગતિ એકસરખી કહેવાતી નથી. તેમની ગતિ તો ઘણી ભિન્ન ભિન્ન છે. ૧૮. જેટલાં રૂડી બુદ્ધિવાળા લોકો છે તેમની ગતિ બ્રહ્માંડમાં જેટલાં સુખ છે તેને અધિક અધિક પામવારૂપ થાય છે, આ વાત ચોક્કસ છે. ૧૯. કુબુદ્ધિવાળા પુરુષોની ગતિ દુઃખરૂપ જ છે. આ બ્રહ્માંડમાં જેટલાં દુઃખ રહ્યાં છે તે બધાને કુબુદ્ધિવાળા ચોક્કસ પામે છે. તે અમે શાસ્ત્રમાં જોઈને ચોક્કસ વાત કહીએ છીએ.” ૨૦.

પછી શ્રીહરિની મરજી લઈને નારાયણજીભાઈ સુતારે ઘણા હેતથી તે છાપ બનાવવાનો આરંભ કર્યો. ૨૧. પછી જ્યારે વસંતપંચમી આવી ત્યારે વાસુદેવનારાયણના મંદિરમાં વસંતની પૂજા કરવા મંગળકુંભ બનાવ્યો. ૨૨.

ગુલાલનું આઠ પાંખડીવાળું કમળ જમીન ઉપર કર્યું. તે નિષ્કુળાનંદસ્વામીએ અને (ગ્રંથકાર) સિદ્ધાનંદસ્વામીએ કમળ ચીતર્યું. ૨૩. તે કમળ ઉપર કળશનું સ્થાપન કર્યું અને જેટલાં મંગળ દ્રવ્ય કહેવાય છે તે બધાં કુંભમાં સ્થાપન કર્યાં. ૨૪. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક સંતો ઝાંઝ અને મૃદંગ આદિક વાજિંત્રો લઈને વસંતનો ઉત્સવ કરવા લાગ્યા. ત્યાં આવીને શ્રીહરિ સહુને દર્શન દેવાં માટે બેઠાં. ૨૫-૨૬.

તે વખતે શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. જે સંતો હતા તે બધા અત્યંત હરખથી વસંત વધાઈનાં પદ બોલવા લાગ્યા. પછી જેટલો રંગ કર્યો હતો તે બધો લાવીને શ્રીહરિની આગળ મૂક્યો. ૨૭-૨૮. તે વખતે વસંતપૂજનને જાણે તેવા હરિભક્તો ત્યાં આવ્યા. તેમાં હળવદના શંભુ શુક્લ અને શિવા જાની હતા. શિયાણી ગામના શિવરામ ભટ્ટ હતા અને મેથાણ ગામના વ્યાસ ગોવિંદરામ વિપ્ર પણ હતા. ૨૯-૩૦. તે સહુ વિપ્રોએ વસંતની પૂજા કરી. તે વખતે નિત્યાનંદસ્વામીએ શ્રીહરિના મુખ ઉપર ન આવે તેમ કેસરી રંગનો કળશ ભરીને શ્રીહરિના ઉપર નાખ્યો અને કેસરી રંગથી શ્રીહરિને ભીંજવી દીધા. પછી તે રંગથી ભીંજાયેલા શ્રીહરિ ઉપર પોશ ભરી ભરીને ગુલાલ નાખ્યો. ૩૧-૩૨.

પછી શ્રીહરિ ઊભા થયા અને ખેસથી પોતાની કમર કસીને બાંધી અને વાસુદેવનારાયણના મંદિરની ઓસરીમાં જે સ્થળે પગથિયાં છે તે સ્થળે ભક્તજનનાં ચિત્તને ચોરનારા શ્રીહરિ આવીને ઊભા રહ્યા. તે સમયે સંતો અને હરિભક્તોની બધી સભા વાસુદેવનારાયણના મંદિર આગળના ચોકમાં થઈ. ૩૩-૩૪. ઢોલ, તાંસા, રણશિંગી, તુરાઈ, શરણાઈ આદિક વાજિંત્રો વાગવાં લાગ્યાં. જ્યારે જીવા ખાચર આવ્યા ત્યારે શ્રીહરિએ હાથમાં રંગ લીધો. ૩૫. તેમાં સહુ પહેલા મુક્તાનંદસ્વામીના ઉપર ઉમંગભેર રંગ નાખ્યો. પછી બ્રહ્માનંદસ્વામીના ઉપર હેતથી રંગ નાખ્યો. ૩૬. પછી સર્વે સંતો, વર્ણી અને હરિભક્તો ઉપર પ્રેમભાવથી અતિ ઉત્સાહભેર રંગ નાખ્યો. ૩૭. કેસર, કેસુડાં અને પતંગમાંથી બનાવેલો જેટલો રંગ હતો તે બધો શ્રીહરિએ ઉડાડી

દીધો. પછી ગુલાલના ટોપલા અને થાળ ભરી રાખ્યા હતા, તે ગુલાલ લઈને શ્રીહરિ ઉડાડવા લાગ્યા. ૩૮-૩૯. સંતો, બ્રહ્મચારી અને જેટલા હરિભક્તો હતા તે બધા અને શ્રીહરિ પોતે પણ રંગમય થઈ ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ધર્મ-ભક્તિ યુક્ત શ્રીહરિની છાપ કરવા કહ્યું અને વસંતપંચમીએ રંગે રમ્યા" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર બાવીશમું : તરંગ - ૬૨

શ્રીહરિએ બંને દરબારગઢમાં રંગક્રીડા કરીને ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું

દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ રંગે રમી રહ્યા ત્યારે જીવા ખાચરે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, ૧. 'મહારાજ, મારા દરબારગઢમાં પણ વિપ્ર હરિભક્તોની પાસે શુદ્ધ રંગ બનાવીને ઠામ ભરાવી રાખ્યા છે. ૨. કેસર, કેસુડાં અને પતંગનો રંગ આપને ઉડાડવા માટે કરાવી રાખ્યો છે અને ગુલાલ પણ લાવ્યા છીએ. ૩. તો આપ સહુ સંતો, વર્ણી અને હરિભક્તોને સાથે લઈને ત્યાં ચાલો. તેમાં અમે ખૂબ ખુશી છીએ. આવો યોગ આવવો ઘણો દુર્લભ છે. ૪. જીવા ખાચરનો ભાવ જોઈને પછી શ્રીહરિ ચાલતા થયા. જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધા પણ શ્રીહરિની સાથે ચાલ્યા. જેટલાં વાજિંત્રવાળા હતાં તે બધાં આગળ ચાલીને વાજિંત્ર વગાડી રહ્યાં હતાં. શ્રીહરિ જ્યારે રાજબજારે ચાલ્યા ત્યારે ગઢપુરના બધા લોકો રાજબજારમાં આવીને ઊભા રહ્યા અને ઘણો જ આનંદ પામીને દર્શન કરવાં લાગ્યાં. તેઓ રોજ શ્રીહરિનાં આવાં દર્શન કરીને પોતાને ધન્યભાગ્ય માનતા હતા. ૫-૭. **'જ્યારે પરિપૂર્ણ પુણ્ય કર્યા હોય ત્યારે જ તેને રોજ આવાં શ્રીહરિનાં દર્શન વારંવાર થાય છે. શુભ પુણ્ય વિના આવાં દર્શન ક્યારેય થાય નહિ.' ૮.** પુરવાસી લોકો આવું કહેતા હતા. તેને બીજા સંતો અને હરિભક્તો સાંભળતા હતા.

પરમ દયાળુ શ્રીહરિ આ રીતે જીવા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાં ઓરડાની ઓસરી ઉપર ચઢીને પરમ કૃપાળુ ઊભા રહ્યા. એક સરસ પલંગ બિછાવી દીધો હતો. ૯-૧૦. શ્રીહરિ જ્યારે તેના ઉપર બેઠા ત્યારે જેટલો

રંગ હતો તે બધો શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામી ઊઠ્યા અને કેસરી રંગનો ભરેલો કળશ હાથમાં લઈને ઉમંગભેર શ્રીહરિના ઉપર નાખ્યો. પછી શ્રીહરિ પણ ઊભા થયા અને કેસરી રંગનો બીજો કળશ ભરીને બ્રહ્માનંદસ્વામીના ઉપર નાખ્યો. ૧૧-૧૩. પછી શ્રીહરિ સંતો અને વર્ણીના ઉપર ઘણું હેત કરીને રંગ ઉડાડવા લાગ્યા. ૧૪. પછી રંગ લઈને જેટલા હરિભક્તો હતા તેના ઉપર રંગ ઉડાડવા લાગ્યા. જ્યારે રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલના થાળ ભર્યા હતા તે લઈને સંતો, વર્ણી અને હરિભક્તોના ઉપર ઉડાડવા લાગ્યા. ૧૫-૧૬.

જ્યારે ગુલાલ ઉડાડી રહ્યા પછી તરત જ ઉન્મત્તગંગામાં નાહવા માટે ચાલ્યા. ગંગાએ ચાલીને આવ્યા ત્યારે જ્યાં નારાયણધરો હતો ત્યાં ભક્તજનના ચિત્તચોર શ્રીહરિ, સંતો, વર્ણી અને શ્રીહરિવરના પાર્ષદો વગેરે બધા આવ્યા. ૧૭-૧૮. જેટલા હરિભક્તો હતા તે બધા નખશિખ રંગથી ભર્યા હતા. તે વખતની શોભા માનો પ્રફુલ્લિત કમળનું વન હોય તેવી બની હતી. ૧૯. હજારીગલનું વન હોય કે કેસુડાંનું વન હોય, તે ફૂલોથી પ્રફુલ્લિત થયું હોય તેવી શ્રીહરિ, સંતો અને હરિભક્તોની શોભા બની રહી હતી. ૨૦. તે નારાયણધરામાં રંગે સહિત સહુ નાહ્યા. તે વખતનું ઉન્મત્તગંગાનું પાણી હતું તે રંગ રંગ થઈ ગયું. તેથી ગંગા પણ ઘણું પ્રસન્ન થઈ. ૨૧. શ્રીહરિ, સંતો, વર્ણી અને હરિભક્તો, તે સહુનાં શરીર ઉપર રંગ ગુલાલ હતા તેનાથી ઉન્મત્તગંગા પણ બધી રંગમય બની ગઈ. ૨૨. રંગથી ભરેલી તે ગંગા નદીમાં બધી હરિભક્ત બાઈઓ પુરુષ ન દેખે તે રીતે દૂર રહીને નાહવા લાગી. ૨૩. જેનું અપાર ભાગ્ય ઉદય થયું હોય તેને શ્રીહરિ, સંતો અને વર્ણીનો પ્રસાદીભૂત રંગ ક્યારેક મળે છે; આવો દુર્લભ તે રંગ છે. ૨૪. કેમ જે, બ્રહ્મા આદિક દેવતાઓ છે તે બધા પણ શ્રીહરિ, સંતો અને વર્ણીના રંગને વારંવાર નિત્ય ઈચ્છે છે. ૨૫.

✻ સત્સંગનો સાચો રંગ ક્યારે લાગ્યો કહેવાય ?

ભગવાન સિવાયની ચાહે તેવી વસ્તુ હોય તોપણ જેનું મન તેને ક્યારેય ઈચ્છે નહિ, શ્રીહરિમાં જ સર્વે સુખ દેખે, શ્રીહરિના સ્વરૂપમાં જ

સુખ માને અને ભગવાન સિવાયના બધાં સુખને દુઃખરૂપ દેખતા રહે, તેવી સમજણ સમાન કોઈ રંગ નથી. ૨૬-૨૭. શ્રીહરિના હરિભક્ત બાઈઓ-ભાઈઓ, સંતો તથા વર્ણીઓ ઉપર કહ્યું તેવા જ સમજુ હતા. કેમ જે, તે શ્રીહરિનો એવો મહિમા જાણતા હતા. ૨૮. **શ્રીહરિએ જેને જેવું વર્તવા માટેની આજ્ઞા કરી હોય, તેમ તે શ્રીહરિના વચનમાં પ્રેમથી જ્યાં સુધી વર્તે ત્યાં સુધી તેમને શ્રીહરિનો આગળ કહ્યો તેવો રંગ લાગ્યો કહેવાય. વચનમાં વર્તવારૂપ જેવો રંગ કહ્યો તેવા રંગમાં સહુ હરિભક્તો ખેલતા હતા. જેટલાં શ્રીહરિનાં વચનો છે તે સાચો રંગ છે. ૨૯-૩૦.** હરિભક્તો રોજ રોજ આવા વચનરૂપી રંગનો ખેલ મચાવતા હતા. હરિભક્તોને સત્સંગરૂપી વસંતઋતુ સદાય રહે છે. ૩૧. બ્રહ્માંડમાં હરિભક્તનો આવો રંગખેલ સાચો છે. આ કહ્યો તેવો રંગખેલ બ્રહ્માંડમાં ક્યાંય દેખ્યો નથી. ૩૨.

✵ શ્રીહરિની મૂર્તિનું સુંદર વર્ણન :

चोपाई :

अपार ब्रह्मांड रहे यामें, रंग के खेल होत हि तामें;
हरिजन के रंग खेल समही, तपासी के जोये जब मनही...३३
एसे रंग खेल नहीं किनके, हरि के सबंध रहाये जिनके;
श्रीहरि संत वर्णि जो जितने, हरिजन जेते रहाये तितने...३४

અપાર બ્રહ્માંડો છે તેમાં રંગનો ખેલ તો થાય જ છે. પણ જ્યારે મનમાં તપાસીને જોયું ત્યારે શ્રીહરિ અને સંતો-ભક્તોના રંગખેલ જેવો બીજા કોઈનો રંગખેલ ન જોયો, કે જેને શ્રીહરિનો સંબંધ હોય. શ્રીહરિ, સંતો, વર્ણી અને હરિભક્તોએ જ્યારે ૩૩-૩૪. સ્નાન કરી લીધું ત્યારે પાણીથી બહાર આવ્યા. પછી શ્રીહરિએ પોતાના અંગો લૂછીને વસ્ત્ર પહેર્યાં. તે વખતે શ્રીહરિએ હરિભક્તોને રાજી કરવા અને લોકોના ચિત્તને મૂર્તિમાં ખેંચવા માટે સોનેરી સુરવાળ અને ડગલી પહેર્યા. મસ્તક ઉપર ભારે સોનેરી ભાતિદાર પાઘ ધારણ કરી. ૩૫-૩૬. એક સોનેરી શેલું ખભા ઉપર રાખ્યું. તે વખતે સેવક અશ્વને તૈયાર કરીને લાવ્યા. ૩૭. સોનાનાં કડાં, બાજુબંધ, પહોંચી, વેઢ અને સોનાનો શિરપેચ ધારણ કર્યો. દોરા અને ઊતરી પણ પહેર્યા. ૩૮. પાઘમાં મોતીનાં તોરા ધાર્યા. મોતીની કલગી અને પાઘમાં સુંદર છોગા સરસ

લાગતા હતા. ૩૯. જે શ્રીહરિની સેવા ભવ, બ્રહ્માદિક બધા દેવો કરે છે તે શ્રીહરિ તરત જ આવીને અશ્વ ઉપર બેઠા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "બંને દરબારગઢમાં રંગક્રીડા કરીને શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર બાવીશમું : તરંગ - ૬૩

ફગવા વહેંચ્યા પછી અમદાવાદ મૂર્તિ પ્રતિષ્ઠા કરવા માટે જવા વિચાર્યું

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ભક્તજને લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો, તેની સુંદર શોભા થઈ. ૧. શ્રીહરિએ હાથમાં સોનાની છડી લીધી, ભક્તએ શ્રીહરિના મસ્તક ઉપર સોનાનું છત્ર ધારણ કર્યું, તેથી ઘણી સુંદરતા થઈ. ૨. ઢોલ, તાંસા, પડઘમ વગેરે વાજિંત્રો વાગતાં હતાં અને તેનો ધ્વનિ આકાશમાં છવાઈ ગયો હતો. ૩. શ્રીહરિ રાજબજારે થઈને પુરમાં આવ્યા. તે વખતે ગામમાં જેટલા ભક્તજનો હતા તે બધાં દર્શન કરતાં હતાં. ૪. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને અશ્વ ઉપરથી ઊતર્યા. ત્યારે ઓરડાની ઓસરી ઉપર લાખાભગતે પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે થાળ ભરી ભરીને ફગવા લાવ્યા. શેકેલા ચણા, ધાણી, ખજૂર, ખારેક તથા ટોપરું વગેરે લાવ્યા અને તેનો શ્રીહરિની આગળ મોટો ઢગલો કર્યો. ૫-૭.

ગઢપુર ગામના અને દેશદેશના જે હરિભક્તો હતા, તેમાં જેને જેવી શ્રદ્ધા હતી તેટલા તે ફગવા લાવ્યા હતા. ૮. પહેલા વાસુદેવનારાયણની મૂર્તિ આગળ પ્રસાદીના કરાવીને પછી તે ફગવા શ્રીહરિની આગળ સમર્પણ કર્યા. શ્રીહરિ તે ફગવાને સ્વીકારીને હરિભક્તોનું હેત વધારતા હતા. ૯. દાદા ખાચર ગામમાં જઈને મણ, બે મણ જેટલા ફગવા લાવ્યા હતા. જીવા ખાચર પરમ ઉત્સાહથી ત્રણ, ચાર મણ જેટલા ફગવા લાવ્યા હતા. તે શ્રીહરિ આગળ ધરાવ્યા. જેટલા હરિભક્તો ફગવા લાવતા તેને શ્રીહરિ

પ્રથમ જમતા હતા. ૧૦-૧૧. ફગવા લાવનારા હરિભક્તો જ્યારે લાવતા બંધ થયા ત્યારે શ્રીહરિ તે ફગવા લઈને હરિભક્તોને આપવા લાગ્યા. ૧૨. પહેલા સંતો અને વર્ણીઓ હતા તેમને ફગવા આપ્યા. પછી બધા હરિભક્તોને નિપુણતાથી ફગવા આપ્યા. ૧૩. તેમાં જીવા ખાચરને જેટલા જોઈએ તેટલા ફગવા આપ્યા. તે રીતે દાદા ખાચરે કહ્યું તેટલા ફગવા તેમને આપ્યા. ૧૪. જેટલા ગામોના હરિભક્ત કાઠી દરબારો હતા તે બધાને બોલાવીને શ્રીહરિએ પ્રથમ ફગવા આપ્યા. ૧૫.

પછી હરિભક્તોને અને હરિભક્ત સિવાયના બધા લોકોને પણ બોલાવીને ફગવા આપ્યા અને તેઓએ આવીને લીધા. એકવાર સમય વીતી જાય પછી ફરીને તે સમય આવતો નથી. ૧૬. કેટલીક શુભ અને અશુભ વાતો દૈવને આધીન રહે છે. જેમ ગુરુ અને રાજા સમર્થ હોય તેમ દેશ-કાળાદિક પણ તેના વારંવારના યોગને કારણે ભૂમિ ઉપર વર્તે છે તેમ, અશુભના યોગે કરીને અશુભ બાબતો પૃથ્વી ઉપર પ્રવર્તે છે. ૧૭-૧૮. શુભના યોગથી શુભ બાબતો આ ભૂમિ ઉપર પ્રવર્તે છે. જે કોઈ પણ શુભ-અશુભ બાબત પ્રવર્તી છે તેની આ કહી તેવી રીત છે. ૧૯. **જ્યાં સુધી શુભ કાળ વર્તતો હોય ત્યાં સુધી લોકોના અંતરમાં અપાર સુખ સુખ રહે છે. તે વખતે ઉદ્વેગ કે દુઃખ લગારેય પણ હોતું નથી. ૨૦.** જ્યારે અશુભ કાળ વર્તતો હોય ત્યારે લોકોના અંતરમાં ઉદ્વેગ અને દુઃખ રહે છે. આવું બધું બુદ્ધિમાન લોકોને દેખાય છે. ૨૧.

✵ જે અખંડ ભગવાન ભજે છે તે જ સાચો બુદ્ધિશાળી છે :

જેને જેવી બુદ્ધિ હોય તેને તેવાં સુખ-દુઃખ દેખાય છે. કેટલાક બુદ્ધિના આંધળા મનુષ્યોને સુખ કે દુઃખનું જ્ઞાન હોતું નથી. ૨૨. કેટલાક અપાર બુદ્ધિમાન હોય છે અને રોજ કરોડોનું ધન એકત્ર કરે છે, પરંતુ તેને ભગવાનની ભક્તિ કરવા બાબતમાં બુદ્ધિ ઘણી અંધ રહે છે. ૨૩. જીવ કાયમને માટે સુખી રહે તેવી બુદ્ધિ તેમને હોતી નથી. કાયમને માટે જીવ સુખ પામે અને ક્યારેય દુઃખ દેખે નહિ, આવી રીતની જે બુદ્ધિ છે તે સહુથી શ્રેષ્ઠ છે. તે સિવાય બ્રહ્માના જેવી બુદ્ધિ હોય તોપણ નિરર્થક દેખાય છે. ૨૪-૨૫.

दोहा : चिंतामणि से कोटि गण, कल्पवृक्ष से कोटि;
भगवान कु भजना भाव जुत, बुद्धि रहे यह मोटि...२६
सोरठा : सत्संग होत जाहि, तेसी बुद्धि लहत तेहि;
चिंतामणि जिहाँ रहाहि, चिंतामणि मिलत हि तिहाँ...२७
कोटि चिंतामणि पाय, भगवान कु भजत तेही;
एसी बात रहाय, बुद्धि अंध न देखत कबु...२८

ભાવથી ભગવાનનું ભજન કરવાની બુદ્ધિ છે તે ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ કોટિ ગણી મોટી છે. ૨૬. જેને સત્સંગ થાય છે તે આવી બુદ્ધિ પામે છે. જ્યાં ચિંતામણિ હોય ત્યાંથી જ ચિંતામણિ મળે છે. ૨૭. જે ભગવાનને ભજે છે તે કરોડો ચિંતામણિ પામી ચૂક્યો છે; એવી આ અણમોલ વાત છે. પણ જે બુદ્ધિનો અંધ હોય તેને તે ક્યારેય દેખાતું નથી. ૨૮. માણસમાં અનંત પ્રકારની બુદ્ધિ હોય તે તેની ક્રિયા દ્વારા દેખાય છે. જેવી બુદ્ધિ હોય તે તેની ક્રિયા ઉપરથી પ્રત્યક્ષ દેખાય છે. ૨૯. જે કોઈ પણ બાબત હોય તે હરેકને પામવાનું એક દ્વાર હોય છે. તે દ્વાર વિના તે બાબત જેવી હોય તેવી ક્યારેય દેખી શકાતી નથી. ૩૦. **કોઈ પણ બાબતને દેખ્યા કે સાંભળ્યા સિવાય તેનો ખપ ક્યારેય ઉદય થતો નથી. ખપ તો દેખવાથી કે સાંભળવાથી થાય છે. ૩૧.**

આવી બાબત સમજીને ભગવાન પોતે પ્રગટ થઈને આવે છે, ત્યારે ભગવાનના ખપવાળા લોકો આવીને તેમાં ચોંટી જાય છે. ૩૨. જેને ભગવાનનો ખપ હોતો નથી તેવા જીવો સંસારમાં ભટકતા રહે છે. જીવ ભટકતો રહે છે તેમાં ભગવાનનો કાંઈ દોષ નથી. તેમાં તો તે તે જીવનો જ દોષ રહ્યો છે. ૩૩. જે લોકો ભગવાનનું ભજન કરે છે તે બધાએ પોતાના મનુષ્યજન્મને પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવની માફક સફળ કર્યો છે. ૩૪. ભગવાનના અવતારોને જે જે લોકો મળ્યા તેમણે તેમનું ભજન કર્યું છે. તે બધાએ ભગવાનમાં પોતાનું મન જોડીને મનુષ્યદેહને સફળ કર્યો છે. ૩૫. પરમ સુખદાતા શ્રીહરિ આવી વાતો વારંવાર કરતા હતા. જ્યારે ફગવા દઈ રહ્યા ત્યારે કાઠી હરિભક્તોને પોતે કહેવા લાગ્યા, ૩૬. “અમદાવાદ

શહેરમાં નરનારાયણ દેવનું મંદિર કર્યું છે તેમાં ફાગણ સુદિ ત્રીજને દિવસે નરનારાયણ દેવ પધરાવવાના છે. અમે ત્યાં જરૂર જઈશું, તમે સહુ ત્યાં આવજો, અમદાવાદ કાંઈ દૂર નથી. ૩૭-૩૮. જે બધા કાઠી હરિભક્ત છે તેમને અમે કહીએ છીએ કે તમે અમારી સાથે જરૂર આવજો. ૩૯. દેશદેશના હરિભક્તો બધા ત્યાં આવશે. સંતો, વર્ણી અને હરિભક્તોનાં દર્શન થાશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ફગવા વહેંચ્યા પછી અમદાવાદ મૂર્તિ પ્રતિષ્ઠા કરવા માટે જવા વિચાર્યું" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર બાવીશમું : તરંગ - ૬૪

સમૈયા ઉપર આવનારા ભક્તોના વિશાળ ને સંકુચિત મનની વાત કહી

શ્રીહરિએ સંતો, વર્ણી અને વિપ્ર હરિભક્તોને માટે રસોઈ કરાવી. ૧. પ્રથમ શ્રીહરિ પોતે જમ્યા. પછી સંતો વગેરેને જમાડ્યા. સાકર નાખીને શીરો તથા સરસ પૂરી બનાવી હતી. ૨. ખંભાળા ગામના દરબાર મોકા ખાચર શ્રીહરિના અનન્ય હરિભક્ત હતા. તે દિવસે તેમણે રસોઈ કરાવી હતી. ૩. જે જે ગામના જે કોઈ ગામેતી કાઠી દરબારો હરિભક્ત થયા હતા. તેઓ વરસ દિવસમાં બે, ત્રણ, ચાર વખતે શ્રીહરિ અને સંતોનાં દર્શન કરવાં માટે ઘણા પ્રેમથી આવતાં હતાં. વળી, જે જે ગામના ક્ષત્રિય રાજાઓ હરિભક્ત થયા હતા તે બધા વરસમાં બે, ત્રણ કે ચાર વખત દર્શન કરવાં માટે આવતાં. તેઓ જેટલી વખત દર્શને આવે તેટલી વખત એક એક રસોઈ આપતા હતા. ૪-૬. ગૃહસ્થ હરિભક્તો જે કોઈ પણ ગઢપુર આવતા તેમને શ્રીહરિ ઘણી ના કહેતા, તોપણ રસોઈ આપ્યા સિવાય રહેતા નહિ. પચાસ કોશ (૧ કોશ = ૧.૫ કે ૨ ગાઉં) જેટલે દૂર રહેતા હોય, તોપણ ઉદાર મનવાળા તે ભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે વર્ષમાં એક-બે વખત આવતાં. ૭-૮.

તે ભક્તો શ્રીહરિ અને સંતોને એક કે બે રસોઈ આપતા. જેને જેવો ભાવ હોય તે પ્રમાણે એક-બે રસોઈ આપતા. ૯. જે હરિભક્ત ધનાઢ્ય હોવા છતાં ટૂંકા મનના હોય તેનું દિલ તો ધનને વધારવામાં જ રહેતું. તે ચાર-પાંચ વર્ષ વીતી જાય ત્યારે શ્રીહરિને માટે ક્યારેક થાળ કરાવતા. ૧૦. કેટલાક તો દસ વર્ષ વીતી જાય ત્યારે શ્રીહરિને માટે થાળ કરાવતા. કોઈકે તો વીશ વર્ષ વીત્યા ત્યારે થાળ કરાવ્યો હતો. ૧૧.

કેટલાકને તો થાળ કરાવવાનો મનમાં ભાવ હોવા છતાં પણ શ્રીહરિને માટે થાળ કરાવી શક્યા નહિ. તેવા લોકો હરિભક્ત થયા હોવા છતાં પણ શ્રીહરિને નિમિત્તે ધન વાપરવામાં તેનું મન અતિ સાંકડું-લોભી રહે છે. અને સંસાર નિમિત્તે જ્યાં કામ પડે ત્યાં વારંવાર ધન ખરચે છે. ૧૨-૧૩. જેને સંસાર મુખ્ય હોય તેને શ્રીહરિ મુખ્ય રહેતા નથી. આવા હરિભક્તો હોય તે (સત્સંગમાં) મુખ્ય-મોટા નથી. ૧૪. ઘણા હરિભક્ત પૈસા ટકાથી ગરીબ હોય છતાં શ્રીહરિ અને સંતોને મુખ્ય કરીને રાખતા. તથા પોતાના ગજા પ્રમાણે જે સંપત્તિ હોય તેને મનથી દીન રહીને સત્સંગમાં વાપરતા.૧૫. આમ તે ભક્તો શ્રીહરિ અને સંતો ઉપર વધારે ને વધારે ભાવ રાખતા, અને સત્સંગનો જેટલો લાભ છે તે ઘણો જ લેતા હતા. ૧૬.

❋ સત્સંગની સેવામાં કામ લાગે તેટલી જ સંપત્તિ સાર્થક છે :

સો કોશ જેટલે દૂર રહેનારા જે હરિભક્તો હતા તે વરસમાં એક વખત જ્યારે શ્રીહરિ અતિશય ભારે સમૈયો કરતા ત્યારે ત્યાં આવતા હતા. તેમના દિલમાં ઘણું હેત રહેતું. તેમાં પણ જે હરિભક્ત ધનથી સમર્થ હોય અને જેનું મન ઉદાર હોય તે શ્રીહરિની યોગ્ય સેવા સમય સમય પ્રમાણે કરતા રહેતા. મનમાં જ્યારે ઉત્સાહ થતો ત્યારે યોગ્ય રીતે થાળ, વસ્ત્ર અને ઘરેણાં વગેરે અર્પણ કરતા. ૧૭-૧૯.

चोपाई :

आपकी संपत्त रहे जिस रीता, जोइकर हरिजन तिस रीता;
हरि संत हित सेवा जोऊ, करत रहाते जिमी सोऊ...२०

उछाह सहित सेवा जो करते, संपत्त ताकि रहत हे वधते;
सेवा में संकोच जो जितना, रखत रहत ही हरिजन तितना...२१
अन्न वसन धन में जो ताई, संकोच तेसे वरतत रहाई;
हरिजन निपुन रहाये जेता, हरि संत की घटित तेहि तेता...२२
सेवा करत उछाह सहीता, दिन दिन तिमी तेही वधीता;
हरि संत हित हि जेता आये, अन्न वसनादिक जो कहाये...२३
अन्न वसनादिक इतना जोऊ, अविनासी होय रहे सोऊ;
एसी शुद्ध समझ भये जाकी, आपकी शुद्ध मति कर वाकी...२४

પોતાની જેવી સંપત્તિ હોય તેને જોઈ વિચારીને હરિભક્તો તે રીતે શ્રીહરિ અને સંતોને માટે સેવા કરતા. જેમ જેમ ઉત્સાહ સહિત સેવા કરતા તેમ તેમ તેની સંપત્તિ વધતી રહેતી. જે હરિભક્ત સેવા કરવામાં જેટલો સંકોચ રાખતા હતા તેને તેટલો અન્ન, વસ્ત્ર અને ધનનો સંકોચ વર્તતો હતો. જેટલા વિચક્ષણ હરિભક્તો હતા તે જેમ જેમ શ્રીહરિ અને સંતોને માટે ઘટિત સેવા ઉત્સાહે સહિત દિનપ્રતિદિન કરતા હતા, તેમ તેમ તે આગળ વધતા હતા. શ્રીહરિ અને સંતોને માટે જેટલું અન્ન, વસ્ત્ર ઇત્યાદિક ઉપયોગમાં આવે છે એટલું અન્ન, વસ્ત્રાદિક અવિનાશી થઈ જાય છે. પોતાની શુદ્ધ બુદ્ધિને કારણે જેને આવી શુદ્ધ સમજણ થઈ હતી તે એવો લાભ લેતા હતા. ૨૦-૨૪.

જેનાં થોડાં પુણ્ય હોય તેને આવી બુદ્ધિ થતી નથી. તેથી તે અલ્પ પુણ્યવાળા ઘણા લોકો જ્યાં ઊગે એવું હોય ત્યાં વાવતા નથી. ૨૫. શ્રીહરિ અને સાચા સંતો સિવાય બીજે રોજ રોજ લોકો મેરુ જેટલું પુણ્ય કરે, તોપણ તેનું કાંઈ ફળ મળતું નથી. ૨૬. જે પાકા હરિભક્ત હોય છે તે આ રીતે સમજે છે. તે બધા શ્રીહરિના ધામના વાસી છે, તે તેમની સમજણ કહી દે છે. ૨૭. સમજણે કરીને માણસની કિંમત થાય છે. જેની સમજણ જેવી હોય તેની તેવી કિંમત થાય છે. ૨૮.

✵ સુમતિ અને કુમતિવાળા મનુષ્યનાં લક્ષણો :

શ્રીહરિ અને સંતોમાં જેની જેટલી દિવ્ય મતિ રહે છે તે મનુષ્યો એટલા સુમતિ કહેવાય છે અને શ્રીહરિ તથા સંતોમાં જેટલી જેની દિવ્ય મતિ ન રહેતી

હોય તે મનુષ્ય તેટલો કુમતિ સમજવો. ૨૯. જે સુમતિવાળો મનુષ્ય અને કુમતિવાળો મનુષ્ય છે, તે બંનેના એક માર્ગ હોતા નથી. સુમતિ મનુષ્યનો માર્ગ સુખનો છે, તે ક્યારેય દુઃખ પામતો નથી. ૩૦. જે કુમતિવાળો મનુષ્ય છે તેને તો જેટલાં દુઃખ કહેવાય છે તે બધાં જ તેના માર્ગમાં પ્રસિદ્ધ રીતે રહ્યા છે, પણ કુમતિવાળાને તે દેખાતા નથી. ૩૧. જે સુમતિવાળો મનુષ્ય છે તેને બીજા જેટલા સુમતિવાળા મનુષ્ય હોય તે ઓળખાય જાય છે. પછી તેમની સાથે મન મળી જાય છે અને તે બંને એક ચિત્તવાળા થઈને રહે છે. ૩૨. સુમતિવાળા લોકો પરસ્પર રાત-દિવસ સુમતિની વાત કરતા રહે છે. કુમતિવાળી જેટલી વાત હોય છે તેને સુમતિવાળા મનુષ્યો ક્યારેય કરતા નથી. ૩૩. સુમતિવાળો મનુષ્ય કુમતિની વાતનો ઉચ્છેદ કરી નાખે છે અને તે કુમતિની વાત ઉપર ખેદ રાખે છે. જ્યારે સુમતિ અને કુમતિવાળા મનુષ્ય રાત-દિવસ ભેળા રહે ત્યારે તે બંનેની જેવી વાત છે તેવી તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે.

જેને જેવી બુદ્ધિ હોય અને જેની જેવી રુચિ હોય તે વર્તનરૂપી દરવાજેથી તેના અંતરનું તલ તલ જેટલું દેખાઈ આવે છે. કોઈનું વર્તન ક્યારેય ગુણને છુપાવી રાખતું નથી. ૩૪-૩૬. જેટલો સત્સંગ તથા કુસંગ છે તે વર્તને કરીને દેખાય છે. તેમ જ સંત તથા અસંત તે પણ વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૩૭. શ્રીહરિએ આવું બધું જોઈને સંતો અને હરિભક્તોનાં જેનાં જેવાં રૂપ હતાં તે પ્રકારનાં વર્તનના નિયમ બાંધ્યા છે. ૩૮. સંતો જેવા હોય તેવા વર્તને કરીને ચોક્કસ દેખાય આવે છે. તેટલા માટે જ શ્રીહરિએ શુદ્ધ વર્તન કર્યાં છે. ૩૯. હરિભક્તો પણ જેવા હોય તેવા વર્તન ઉપરથી દેખાઈ આવે છે. તેથી શ્રીહરિએ હરિભક્તોના વર્તમાન કહ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સમૈયા ઉપર આવનારા ભક્તોના વિશાળ અને સંકુચિત મનની વાત કહી" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર બાવીશમું : તરંગ - ૬૫

સત્સંગમાં શુદ્ધ વર્તનની શ્રેષ્ઠતા અને કપટની હીનતા

જેમાં જે બાબત જેટલી હોય તે તેનું વર્તન તલ તલ જેટલું પ્રગટ બતાવી દે છે. ૧. જેનું જેટલું શુભ વર્તન હોય તેટલો તેને દિવસ રહે છે. તે ક્યારેય અસ્ત થાતો નથી. તે તેનો દિવસ જ કહી દે છે. ૨. બહુનામી સહજાનંદસ્વામીએ જેટલું શુદ્ધ વર્તન પ્રવર્તાવ્યું છે તે સૂર્યોદય કરી દીધો છે. શ્રીહરિએ શુભ વર્તનરૂપી જેટલો દિવસ પ્રગટ કર્યો છે તેનો બ્રહ્માંડ રહે ત્યાં સુધી ક્યારેય લય થવાનો નથી. ૩-૪. શુભ વર્તન સિવાયના જેટલા મતપંથ છે તેમાં નર અને નારીઓ બધા ભેળા રહે છે. દારૂ અને અગ્નિ જ્યારે ભેળા રહે ત્યારે તે ક્યારેય સળગ્યા સિવાય રહેતા નથી. ૫. જ્યાં સ્ત્રી અને પુરુષો ભેળામળીને એકલા બેઠા હોય ત્યાં વિવેક ઊભો પણ રહેતો નથી. વિવેક ગયા પછી તત્કાળ જ ત્યાં અતિશય વિકરાળ અવિવેક આવી જાય છે. ૬.

જ્યાં અવિવેકનો વાસ હોય ત્યાં અધર્મ નિવાસ કરે છે. જ્યાં અધર્મ આવીને વસે છે ત્યાં સહુને અધર્મની રુચિ વર્તે છે. ૭. અધર્મ નીતિનો નાશ કરે છે. જ્યાં નીતિ ન રહે ત્યાં લોકો ખેદ પામે છે. જ્યાં ધર્મ અને નીતિ નથી રહેતા ત્યાં જેટલા ચોર હોય તે આવીને રહે છે. ૮. જ્યાં બધા ચોર જ ભેળા થયા હોય ત્યાં કોઈ કોઈની સાચી વાત કરતા નથી. તેઓ પરસ્પર એકબીજાનાં વખાણ જ કરે છે. કેમ જે, એકબીજાની રુચિ મળતી હોય છે. ૯. જે પોતાની રુચિમાં મળતા નથી આવતા તેને તે લોકો અધર્મી બતાવે છે. જેને સત્સંગનો પ્રસંગ નથી તે ધર્મ કે અધર્મને સમજતા નથી. ૧૦. સત્સંગના પ્રસંગે કરીને ધર્મ અને અધર્મનું જેને યથાર્થ જ્ઞાન થાય છે તેને ધર્મ તથા અધર્મનું યથાર્થરૂપ દેખાય છે. ૧૧.

કદાચ કોઈ બ્રહ્માના જેવો વિચક્ષણ હોય, પણ જો તેને સત્સંગનો પ્રસંગ ન હોય તો તે ધર્મ અને અધર્મનાં યથાર્થરૂપને ક્યારેય દેખી શકતો નથી. ૧૨. ધર્મ અને અધર્મનાં યથાર્થરૂપ શાસ્ત્રમાં લખ્યા હોય છે, છતાં પણ તેને પંડિતો ઓળખી શકતા નથી. ૧૩. જેટલા પંડિતો અને ગુરુઓ

થાય છે તેમને પ્રાયઃ ધનનું મુખ્ય પ્રયોજન હોય છે. તેથી જ તેઓ ક્યારેય ધર્મ તથા અધર્મનાં રૂપને ઓળખી શકતા નથી. ૧૪. જેને મોક્ષનો ખપ હોય તેને જ્યારે સત્સંગ થાય છે ત્યારે જેવું ધર્મ અને અધર્મનું રૂપ હોય તે યથાર્થ દેખાઈ આવે છે. ૧૫. જ્યારે જેને સત્સંગ થાય ત્યારે તે જેટલો અધર્મ કહેવાતો હોય તે બધાનો તરત જ ત્યાગ કરી દે છે. જેમાં અધર્મ અને અનીતિ રહ્યા હોય તેનો પણ તે ત્યાગ કરે છે. સત્સંગ થયા પછી તે અધર્મ અને અનીતિનાં ફળનો વિચાર કરે છે તેમજ ધર્મ અને નીતિમાં જેવું ફળ રહ્યું છે તેનો પણ વિચાર કરે છે. ૧૬-૧૭.

તેને અડગ સત્સંગ રહે છે તે તો ભગવાનના ધામમાં જ જાય છે, તેમાં કોઈ સંદેહ નથી. આ રીતે હરિભક્તો જાણે છે. **જેવું ધર્મ અને અધર્મનું ફળ રહ્યું છે તેનો જે વિચાર નથી કરતા તેનો સત્સંગ મૂળ વગરનો છે; એમ ખરા હરિભક્તો જાણે છે.** ૧૮-૧૯. ગબરગંડનો સત્સંગ તો ગબરગંડ જ રહેવાનો છે. જ્યાં સુધી બાળબુદ્ધિ લોકો ચિંતામણિ અને કાચના ટૂકડાને સરખા દેખે છે ત્યાં સુધી ચિંતામણિમાં જેવું હેત રહે છે તેવું જ કાચમાં પણ હેત કરે છે. તે સત્સંગરૂપી ચિંતામણિમાં હેત કરે છે તોપણ બાળબુદ્ધિ છે. માટે આવો સત્સંગ ક્યારેય કરવો નહિ, એમ જે હરિભક્ત સમજે છે તેનો સત્સંગ દિવસે દિવસે વધતો રહે છે. ૨૦-૨૨.

❋ સત્સંગના લાભને જાણે તે જ સાચો સત્સંગી છે :

આ રીતના જેટલા સમજુ હરિભક્તો હતા તે બધા જ્યારે શ્રીહરિ સમૈયો કરતા ત્યારે ત્યાં ઘણા શ્રદ્ધાભાવથી દર્શન કરવાં માટે આવતાં, અને સત્સંગનો લાભ લેતા હતા. ૨૩. સત્સંગમાં જેટલો લાભ રહ્યો છે તેને પાકા હરિભક્તો જાણતા હતા. જેટલો લાભ કહેવાય છે તેને તેઓ કાયમ યાદ કરીને રાખતા. ૨૪. શ્રીહરિ વરસમાં જેટલી વખત, જ્યાં સમૈયો કરતા, ત્યાં તેટલી વખત હરિભક્તો દર્શન કરવાં માટે ઘણા ભાવથી આવતાં. ૨૫. હરિભક્તો સત્સંગ માટે જેટલી કાંઈ વાત કરતા તથા સત્સંગ નિમિત્તે કથા, કીર્તન, વાતો, સેવા, પૂજા, ભોજન એ આદિક જે કાંઈ કરતા અને ભજન-સ્મરણ કરતાં તેનો સહુ લાભ લેતા રહેતા. ૨૬-૨૭. **સત્સંગના નિમિત્તે**

જેટલો લાભ લેવાતો તે બધા લાભને ભક્તો અગણિત ચિંતામણિ કરતાં પણ અગણિત જાણતા હતા. ૨૮.

તેઓ સત્સંગને જેવો જાણતા હતા તેવો તે સત્સંગનો લાભ લેતા હતા. નિષ્કપટી ભક્ત જેટલો લાભ લેતા તેટલો કપટી ભક્ત લાભ લઈ શકતા નહિ. ૨૯. **કપટી માણસ કપટનું ફળ લેતો જ રહે છે. આ સત્સંગ તો અનાદિનો એવો છે કે તે નિષ્કપટ ભક્તોનો જ છે. ૩૦. કપટી મનુષ્ય જેટલો સત્સંગ કરે છે તેને અંતર્યામી પરમેશ્વર જાણે છે. તેથી કપટીને જેવી રીતનું ફળ હોય તેવું પરમેશ્વર તેને દે છે. ૩૧.** સત્ય અને અસત્ય બાબતોથી તો આખું બ્રહ્માંડ ભરાઈને રહ્યું છે. જેટલી અસત્ય બાબતો છે તે કપટીનું ફળ રહ્યું છે. ૩૨. અને જેટલી સત્ય બાબત છે તે નિષ્કપટીનું ફળ રહ્યું છે.

જે જેટલો સત્સંગ કરે છે તેટલું તેનું ફળ તેને દેખવામાં આવે છે. ૩૩. ફળના તો બ્રહ્માંડ ભરાઈને રહ્યા છે, પણ સત્સંગ કર્યા સિવાય તે દેખાતું નથી. આ સમયે જે લોકો નિષ્કપટભાવે સત્સંગ કરે છે તેનાં સદ્‌ભાગ્ય કહી શકાતા નથી. તેના ભાગ્ય અનંત કોટિ બ્રહ્માંડ ભરાઈ રહે તેવા છે. એટલે કહી કહીને કેટલું કહેવું ? કારણ કે મારી બુદ્ધિ તો અતિશય અલ્પ રહી છે. ૩૪-૩૫. જેમ કીડી બ્રહ્માંડને ઉપાડવા જાય તેવી આ વાત કહેવાય છે, પણ જ્યારે ભગવાનની ઈચ્છા હોય ત્યારે તો શી વાત ન બની શકે ? ૩૬. ભગવાન જેવી વાત ધારે છે તેવી કરે છે. કેમ જે, તેઓ જડને પણ ચૈતન્ય કરી દે છે. જેટલી આશ્ચર્યકારી વાત રહી છે તે જો સહજભાવે થઈ આવે તો, તે શ્રીહરિની ઈચ્છા હોય તો જ બની શકે છે; તેવું બધું આ દેખાય આવે છે. કેમ જે, જીવ ચાહે તેવો મોટો હોય તોપણ તેનાથી આશ્ચર્યકારી બાબત બની શકતી નથી. ૩૭-૩૮.

दोहा : भव ब्रह्मा अक्षर लग, समर्थ न कोउ रहेउ;
समर्थ हरि रहे एक हि, देखे जब ही तेउ...३९
हरिजन जो भगवान कु, एसे जानत जेहि;
निष्कपट हि होई कर हि, नकी हरिजन यह तेहि...४०

અશક્ય બાબતને શક્ય કરવા ભવ, બ્રહ્મા અને અક્ષર સુધી કોઈ

સમર્થ નથી. તેમાં તો એક ભગવાન શ્રીહરિ જ સમર્થ છે; એમ જ્યારે દેખી-વિચારીને હરિભક્ત ભગવાનને જાણે છે ત્યારે તે નિષ્કપટ થઈને પાકો હરિભક્ત થાય છે. ૩૯-૪૦. જે કપટી લોકો છે તે સત્સંગની બધી જ વાત શીખીને પાકા હરિભક્ત કરતાં પણ વધારે મોટા હોય એમ લોકોમાં ચોક્કસ વર્તે છે. પણ તે કપટી કથા, કીર્તન, ધ્યાન, ભજન, સ્મરણ અને વાતો પાકા હરિભક્તને ખોટા કરવા માટે કરતા હોય છે, તેમ જાણવું. ૪૧-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સત્સંગમાં શુદ્ધ વર્તનની શ્રેષ્ઠતા અને કપટની હીનતા કહી" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર બાવીશમું : તરંગ - ૬૬

સત્સંગમાં કપટીની માયાજાળનો વિસ્તાર

કપટી લોકો નિષ્કપટી સંતો અને હરિભક્તો કરતાં પણ વધારે સારા દેખાવા માટે અભ્યાસ કરે છે. ૧. સત્સંગની એવી રીત છે કે, જે નિષ્કપટ રહીને દીનપણે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે અભ્યાસ કરે છે, ૨. તે સત્સંગમાં જેટલા સંતો અને હરિભક્તો છે તેમને નિષ્કપટ થઈને દિવ્ય જાણે છે. ૩. અંતરમાં જેવો ભાવ હોય તે છુપાવી રાખવામાં આવે તોપણ છુપો રહેતો નથી. જેમ કોઈ સુગંધ કે દુર્ગંધ હોય તે છુપી રહેતી નથી. ૪. સત્સંગે કરીને જે મનુષ્ય જેવી રીતે અંતરથી વર્તતો હોય તેને જે યથાર્થ સત્સંગની રીત જાણતા હોય, ૫. તે તેના વર્તન ઉપરથી જાણી લે છે. જેવું જેના અંતરમાં વર્તતું હોય તેવું તેનું બહારનું વર્તન હોય છે. જે સંતપુરુષો છે તે તો જેવું વર્તન દેખ્યામાં આવે તેવી જ વાત કરતા હોય છે. ૬.

જે સંતો વાત કરી જાણતા હોય તે સત્ય અને અસત્ય જે રીતે રહ્યું છે તેને મૂર્તિમાન પ્રગટ કરીને બતાવી દે છે. ૭. જેટલા નિષ્કપટ લોકો હોય તેઓ તે સંતોની વાત સાંભળીને દિવસે દિવસે અપાર આનંદ પામે છે અને તે વાતને અંતરમાં ધારી રાખે છે. ૮. પણ જે કપટી હોય તે નિષ્કપટી

સંતની વાતને ક્યારેય સાંભળતા નથી. કપટી માણસ નિષ્કપટી સંતથી મન જૂદું રાખે છે અને તે નિષ્કપટી સંતથી ડરતો રહે છે. ૯. જેટલા પરસ્પર કપટી હોય છે તે બધા એકાંતમાં ભેળા બેસે છે અને એકબીજાનાં વખાણ કરે છે કે, 'તમારા જેવો તો બીજો કોઈ નથી. ૧૦. તમારી સમજણ તો સર્વોપરિ છે. મારી બુદ્ધિમાં તો એવું દેખાય છે કે તમે તો અક્ષરમુક્ત કરતાં પણ ઘણા મહાન છો. ૧૧.

જે અક્ષરમુક્તો છે તે પણ તમારા સમાગમને ઈચ્છે છે. અક્ષરમુક્ત જેવા પણ જ્યારે તમારો સમાગમ કરશે ત્યારે તેમાં જેટલી કસર રહી છે તે જાણશે. જ્યાં સુધી તમારો સમાગમ નહિ કરે ત્યાં સુધી તે પણ તેની કસર જાણી નહિ શકે. ૧૨-૧૩. નારદજી, સનકાદિક અને શુકદેવજીમાં જે કાંઈ કસર રહી છે તે તેમણે તમારો સમાગમ નથી કર્યો એટલે રહી છે. ૧૪. આગળના યુગમાં જે જે મોટા સંતો કે હરિભક્તો થયા છે અને મોટા મોટા પ્રહ્લાદજી, પ્રિયવ્રત અને ધ્રુવજી થયા છે. ૧૫. જે અવતારો થયા તેના જેટલા ભક્તો થયા છે, તેનો ગણે પણ પાર આવતો નથી. તે બધામાં પણ જેટલી કસર રહી છે, ૧૬. તે જ્યાં સુધી તમારો સમાગમ થયો નથી ત્યાં સુધી તેમાં કસર રહી છે અને તેમાં જે સમજણની કસર છે તે તમારો જ્યારે સમાગમ કરશે ત્યારે બધી કસર ટળી જશે. બધા અવતારોમાં પણ કસર રહી છે તે તમારા સમાગમ સિવાય દેખાતું નથી. ૧૭-૧૮.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ગોપાળાનંદ સ્વામી વગેરે ઘણા મોટા થયા છે. તેઓ જે ધારે તે તરત થાય છે. ૧૯. શુકાનંદસ્વામી, આત્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી અને કૃપાનંદસ્વામી આદિક કેટલાય મોટા સંતો થયા છે. ૨૦. પર્વતભાઈ, ઝીણાભાઈ, મયારામ ભટ્ટ આદિક અગણિત મોટા હરિભક્તો થયા છે. તે બધામાં પણ જેટલી કસર દેખાય છે તે તમારો સંગ જ્યારે થશે અને તેના ઉપર તમારી પૂર્ણ કૃપા થશે, ત્યારે તેની તલ તલ જેટલી કસર તમે દેખાડશો. અત્યારે તો અમારા ઘણા મોટા ભાગ્ય છે. જે શ્રેષ્ઠ શ્રેષ્ઠ હરિભક્તો છે, જે વાતમાં સમજે છે તે બધાને તમારો સમાગમ કરવાની ચેતવણી આપવી, તે અમારું કામ છે.' ૨૧-૨૩.

જેને ભગવાન મળ્યા હોય તેના કરતાં પણ જે કપટી લોકો છે તે પોતાના મનમાં પોતાને સમજણમાં અધિક માને છે. જેને ભગવાન મળ્યા છે તેઓ કપટીના જેટલાં કપટ છે તેને તલ તલ જેટલા જાણે છે. કપટીઓ ગુપ્ત બેઠક કરીને જે જે વાતો કરે છે, ૨૪-૨૫. તેમાં તેઓ પોતાનું જ ભૂંડું કરે છે અને તેનો સમાગમ કરનારાનું પણ ભૂંડું કરે છે. તેઓ કપટીના દોષને દેખતા નથી. ૨૬. જે કપટીના દોષને દેખતા નથી તે પોતાનું ભૂંડું કરે છે અને સત્સંગમાં રહીને તેનો જે સમાગમ કરે તેનું પણ ભૂંડું કરે છે. ૨૭. તેવા કપટીઓનાં કપટને જે જાણતા નથી, એવાં લોકો તેને અતિ સાધુતાવાળો માનીને સમાગમ કરે છે. ૨૮. અંતે તો જેનો જેવો ભાવ હોય તેને અંતર્યામી શ્રીહરિ દેખે છે. સારી કે નબળી, જેટલી વાત છે તે બધી અંતર્યામી પરમેશ્વર જાણે છે. ૨૯.

જે ગબરગંડ હોય છે તે જેને ભગવાન મળ્યા હોય તેના કરતાં પણ જેને ભગવાનનાં દર્શન નથી થયા તેવાને અધિક માને છે. ૩૦. જેને ભગવાન મળ્યા હોય અને જેને ન મળ્યા હોય તેમાં તો રાત-દિવસનો ફેર છે, પણ જે માણસ કપટી હોય અને જેને ભગવાનનાં દર્શન ન થયાં હોય, ૩૧. તે ભગવાનની વાતો શીખીને જેને ભગવાન મળ્યા હોય, તેના કરતાં પણ પોતાને અધિક મનાવે છે; આવા તે નિર્લજ્જ અને નકટાઓ હોય છે. ૩૨. જેને ભગવાન મળ્યા હોય તેને કપટી માણસ માથું નમાવતો નથી. જે લોકો કપટીનાં વખાણ કરે છે તે તો કપટીનો નિભાવ કરવા માટે કરે છે. ૩૩. જેને ભગવાન મળ્યા હોય તેના કરતાં પણ આ સંત ભારે અવતારી છે એમ માની તેને તે મસ્તક નમાવે છે તેવું અમે નજરે દેખ્યું છે. ૩૪.

* નિષ્કપટ ભક્ત માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે :

આ ગ્રંથમાં જે વાત મેં લખી છે તે પ્રગટ નજરે જોઈને લખી છે. છતાં પણ જે નઠારા લોકો છે તે લગાર પણ જાણ્યા વિના આ વાતનો નિષેધ કરશે. ૩૫. **જે નિષ્કપટ સંત કે નિષ્કપટ હરિભક્ત હોય, તેને ભગવાન મળ્યા હોય કે ન મળ્યા હોય, પણ તે સહુનું પરમ હિત કરવા માટે આ ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથ તો નિષ્કપટી ભક્તો માટે જીવનપ્રાણ છે અને તેના માટે**

અથથી ઈતિ સુધી આ ગ્રંથના જેવો બીજો કોઈ ગ્રંથ નથી. ૩૬-૩૭. આ ગ્રંથમાં જેટલા અક્ષરો રહ્યા છે તે નિષ્કપટી ભક્તનું હિત કરવા માટે અને કપટી લોકોનો ઉચ્છેદ કરવા માટેના છે. જે કપટી છે તે નિષ્કપટી મનુષ્યને જરૂર વિઘ્ન કરે છે. નિષ્કપટી સરળ ચિત્તવાળા હોય છે. તે ઘણું હેત રાખે છે અને કપટનો ત્યાગ કરે છે. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સત્સંગમાં કપટીની માયાજાળનો વિસ્તાર કહ્યો" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર બાવીશમું : તરંગ - ૬૭

શ્રીહરિ પીપળિયા ગામ આવ્યા તે લીલા કહી

(ગામ પીપળિયામાં સત્સંગ કેમ થયો ? તો એક વખત સચ્ચિદાનંદસ્વામી ગામ પીપળિયે પધાર્યા હતા. તે ગામમાં એક મંદિરમાં બે પીંપરનાં ઝાડ હતાં. તેની નીચે ફરતો પથ્થરનો ઓટો હતો. તે ઉપર બેસીને સ્વામી ભજન કરતા હતા. તે વખતે પીંપરના થડમાં બે મોટા નાગ રહેતા હતા. તે સ્વામી જ્યારે ભજન કરે ત્યારે બન્ને નાગ સ્વામીની ડોકે વીંટાય જતા હતા અને બન્નેની ફેણો શંકર ભગવાનના માથા ઉપર જેમ હોય તેમ દેખાતી હતી. પછી સ્વામી જ્યારે ધ્યાનમાંથી જાગે ત્યારે નાગ ઉપરથી ઊતરીને ચાલ્યા જાય. તે જોઈને ગામના લોકોને ઘણું આશ્ચર્ય થતું હતું. એવો સ્વામીનો પ્રતાપ જોઈને કેટલાક લોકોએ તો સ્વામીને હાથે વર્તમાન ધરાવ્યાં અને પીપળિયા ગામમાં આ રીતે સત્સંગનો આરંભ થયો. હવે આ તરંગમાં શ્રીહરિ આ ગઢપુર નજીકના પીપળિયા ગામના ભક્તોના આમંત્રણથી ત્યાં પધારે છે તે વાત લખી છે.)

❋ શ્રીહરિની મૂર્તિની શોભાનું વર્ણન :

ગઢપુરમાં જ્યારે વસંતપંચમીનો ઉત્સવ પૂરો થયો ત્યારે **પીપળિયા** ગામના હરિભક્ત વેલાભાઈએ શ્રીહરિ અને સંતોને પોતાને ગામ પધરાવ્યા.

તે ગામમાં જેટલા બહુ ભાવિક હરિભક્તો રહેતા હતા, તે સહુ ઢોલ અને વાજિંત્ર સાથે લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. શ્વેત સુરવાળ અને શ્વેત અંગરખું પહેર્યું હતું. કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૪. મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું અને છત્ર ઉપર સોનાનો કળશ હતો. જ્યારે બે ઘડી દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ પીપળિયા ગામમાં પધાર્યા. ૫. ગામના માલિક જે કાઠી હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમને શ્રીહરિ તથા સંતો ઉપર ઘણો ભાવ હતો. તેમને એટલો જ સત્સંગ હતો. ૬.

શ્રીહરિએ છાતી ઉપર ગુલદાવદીના હાર પહેર્યા હતા, ફૂલના બાજુબંધ અને પહોંચી બંને હાથ ઉપર બાંધેલા હતા. ૭. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ વિરાજમાન હતા અને પાઘમાં ફૂલના તોરા ધારણ કર્યા હતા. ૮. કસુંબી રંગનો સોનેરી કોર અને સોનેરી પાલવવાળો એક રેંટો કમરે બાંધ્યો હતો. બીજો રેંટો ખભા ઉપર ધારણ કર્યો હતો. ૯. જેટલા સંતો અને હરિભક્તો હતા તે સહુ શ્રીહરિની આગળ કીર્તન બોલતાં થકાં ચાલતાં હતાં. તે સમયની શોભા એટલી સુંદર હતી કે જે કહી શકાતી નથી. ૧૦. ગામની બધી રાજબજારોને સ્વચ્છ કરાવી હતી. ત્યાં જેટલા પાર્ષદો હતા તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. ૧૧. જેટલા પાર્ષદો હતા તે સહુએ બંદૂકો બાંધી હતી. આવતાની સાથે જ બંદૂકોના અવાજ કર્યા. ગામના જેટલા મનુષ્યો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. ૧૨. ગામના જે હરિભક્તો હતા તે ઉત્સાહભર્યા સવારી ઉપર ગુલાલ ઉડાડતા હતા. ૧૩.

શ્રીહરિના આવવાથી ગામની જેટલી બજાર હતી તે ઘણી શોભા ધરી રહી હતી, તે કહી શકાતું નથી. ૧૪. સંતોની જગ્યાની પાસે હરિભક્તનું જે ભવન હતું ત્યાં અવિનાશી શ્રીહરિ આવીને ઊતર્યા હતા. તે ઘરમાં રહેનારા જે હરિભક્ત હતા તે બીજા હરિભક્તના ઘેર પ્રસન્નમનથી રહેવા માટે ગયા હતા. ૧૫-૧૬. શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. તે વખતે જેટલા સંતો અને હરિભક્તો હતા તેની ત્યાં સભા થઈ. પછી સંતોએ ગોડી તથા

આરતી કરી. ૧૭. તે સમયે શ્રીહરિની આગળ મશાલ પ્રગટાવી. સંતો નારાયણધૂન બોલ્યા. વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ કરી અને શ્રીહરિ સ્નાન કરીને પછી જમ્યા. ૧૮. પીપળિયા ગામના જે હરિભક્તો હતા તેને શ્રીહરિએ જમીને થાળની પ્રસાદી આપી. ત્યાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વગેરે પચાસ જેટલા સંતો અને સો જેટલા હરિભક્તો ત્યાં હતા. જ્યારે દોઢ પહોર રાત ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. ૧૯-૨૧.

સવારમાં જ્યારે સંતો સ્નાન આદિ કરીને આવ્યા ત્યારે ગામની બહાર શ્રીહરિએ સભા કરાવી. પોતે ગાડા ઉપર બેઠા. જેટલા સંતો અને હરિભક્તો હતા તે હરખથી કીર્તન ગાવા લાગ્યા. શ્રીહરિ પણ તેમની સાથે ગાતા હતા. શ્રીહરિ જે જે ઉત્સવ કરાવતા તેમાં મુખ્યપણે કીર્તન ગવડાવતા હતા. ૨૨-૨૩. કીર્તને કરીને ઉત્સવ થતો હોય તેનો અધિક ઉદય થતો દેખાય છે. જેટલી મંગળમય બાબત હોય તેનો વાજિંત્ર અને કીર્તનો; આ બેને કારણે અધિક અભ્યુદય થતો દેખ્યામાં આવે છે. કીર્તન તેમજ વાજિંત્રના ગાન સિવાય કોઈ પણ માંગલિકકાર્યનો કાંઈ પણ અભ્યુદય થતો દેખાતો નથી. ૨૪-૨૫. જે સ્થળમાં શ્રીહરિ પ્રગટ બિરાજતા હોય અને જ્યાં તેમની મૂર્તિ રહી હોય ત્યાં પણ કીર્તન અને વાજીંત્ર, આ બંને વાતથી ભગવાનના ઉત્સવના દિવસનો અભ્યુદય થતો હતો. ૨૬.

તે વખતે ત્યાં હળવદ ગામના વિપ્ર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં. ૨૭. આવનારા હરિભક્તોમાંથી બે-ત્રણ વિપ્રોને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરવાથી સમાધિ થઈ. પછી શ્રીહરિએ તેને સમાધિમાંથી જગાડ્યા. ૨૮. તે વખતે વેલાભક્તે શ્રીહરિ અને સંતોને માટે બ્રાહ્મણની પાસે રસોઈ કરાવી. વળી કેટલુંક દહીં અને દૂધ ભેળું કરાવ્યું. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તેઓ બોલાવવા આવ્યા. પછી શ્રીહરિ જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં ગામમાં આવ્યા. ૨૯-૩૦. છાયા માટે મંડપ કર્યો હતો અને મંડપમાં પાણી છંટાવ્યું હતું. શ્રીહરિને મંડપમાં બાજોઠ ઉપર બેસાડ્યા અને ત્યાં નાહ્યા. ૩૧. નાહ્યા પછી એક પીતાંબર પહેરી લીધું અને લાલ પીતાંબર

ઓઢી લીધું. પછી ભક્તજનના ચિત્તને ચોરનારા એવા પરમ નિપુણ શ્રીહરિ ચાખડીઓ ઉપર ચઢીને જ્યાં રસોઈ તૈયાર કરી હતી ત્યાં ચાલીને આવ્યા. ત્યાં એક બાજોઠ ઉપર બેઠા અને બીજા બાજોઠ ઉપર જેટલી જાતનાં ભોજન બનાવ્યાં હતાં તે બધાં પાત્રોમાં ભરીને મૂક્યાં. મુકુંદાનંદ વર્ણીએ સાકરનો શીરો અને પૂરી તેમજ કેટલીક પ્રકારનાં શાક હરિભક્તના ભાવ પ્રમાણે કર્યાં હતાં. તેને તે રીતે જ પછી શ્રીહરિ જમ્યા. ૩૨-૩૫.

❋ શ્રીહરિના સહજ સ્વભાવનું વર્ણન :

चोपाई :

हरिजन कु प्रसन्न करन ताना, हरि कु ओर न तान रहाना;
भाव रस ताकी मूर्ति रहाते, भाव रस बिन स्वप्ने न देखाते...३६

दोहा : भाव रस कु छोड कर हि, हरिजन जितना जेह;
हरि कु प्रसन्न करन ही, इछत हि तितना तेह...३७

શ્રીહરિને હરિભક્તો રાજી થાય એ બાબતનું જ તાન રહેતું, બીજું કોઈ તાન રહેતું નહિ. શ્રીહરિ તો પ્રેમ-ભાવનાની મૂર્તિ હતા. સ્વપ્નમાં પણ શ્રીહરિ હરિભક્તોના ભક્તિભાવ વિના બીજું કાંઈ દેખતા નહિ. ૩૬. જેટલા હરિભક્તો પ્રેમભાવને છોડી દઈને ભગવાનને પ્રસન્ન કરવાનું ઈચ્છતા, તેઓ તેટલા પાણી પાયા સિવાય કોઈ શેરડી કરવા ઈચ્છે અથવા તો ઘી અને સાકર વગર કોઈ પકવાન કરવા ઈચ્છે તેવા છે. ભક્તિભાવ વગરના હરિભક્ત ઉપર કહ્યા તેવા છે. જે હરિભક્ત પ્રેમભાવ યુક્ત હોય તે મનમાં આ વાત સમજે છે. ૩૭-૩૯. શ્રીહરિ જમી રહ્યા પછી સંતોની પંગત કરી. હરિભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ સંતોને પીરસવા માટે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ પીપળિયા ગામ આવ્યા તે લીલા કહી" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર બાવીશમું : તરંગ - ૬૮

ગઢપુર આવીને મોક્ષધર્મની કથા શરૂ કરાવી

સંતો સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતા હતા. જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે સંતોને જમવા માટેની આજ્ઞા કરી. પછી સંતો જમવા લાગ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પણ પીરસતા બંધ થયા. ૧-૨. વેલાભક્તને ઘેર ઓસરીએ પલંગ બિછાવી દીધો હતો. ત્યાં આવીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ૩. તે સમયે જેટલા સંતો અને હરિભક્તો હતા તેની સભા થઈ. વેલાભક્ત અને તેમના ભાઈ વગેરે બધા કુટુંબીજનો કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર પ્રેમથી પૂજા કરવા માટે લાવ્યા. તે સમયે સંતો શ્રીહરિની મૂર્તિનાં કીર્તનો ગાતા હતા. ૪-૫. શ્રીહરિ પોતાના ભક્તજનોને જ્યારે જ્યારે જે જે રીતે સુખ આપતાં હતાં ત્યારે ત્યારે ભક્તો એવી રીતે તે સુખને માણતા હતા. ૬. શ્રીહરિ ભક્તજનોને રાજી કરવા માટે અગણિત ચરિત્રો કરતાં. શ્રીહરિએ જેટલાં ચરિત્રો કર્યાં છે તે બધાં આશ્ચર્યકારી જ હતાં. ૭.

શ્રીહરિ જે કાંઈ પણ ચરિત્ર કરતાં તે બધાં મંગળમય અને મોક્ષરૂપ કહેવાય. તે ચરિત્ર કોઈ ગ્રામ્યવાત જેવા નથી. ૮. તેથી જેને ભગવાનનો યોગ થયો છે એવા કવિજનો તે ચરિત્રમાં સહુનું હિત તથા મોક્ષ સમજીને તે ચરિત્ર સંબંધી અનેક પ્રકારનાં કીર્તન અને ગ્રંથ અપાર રૂપમાં રચતા રહેતા. ૯. તે કીર્તન વગેરેને જેટલાં અલૌકિક સમજીને લોકો ગાન કરે છે તે તેટલો પરમ મોક્ષ પામે છે, તેમાં કોઈ સંશય કરવો નહિ. ૧૦. આવો મહિમા સમજીને જે કીર્તન ગાય છે તેને તેમાં ઘણો જ ભક્તિભાવનો રસ આવે છે. આવી સમજણ વગર કીર્તન વગેરેનું ગાન થતું હોય ત્યાં તેવો રસ આવતો જણાતો નથી. ૧૧.

પીપળિયા ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધાએ શ્રીહરિની પૂજા કરી. જેના મનમાં જેવો મનોરથ હતો, તે સહુએ તેવી શ્રીહરિની પૂજા કરી. ૧૨. જે હરિભક્તને શ્રીહરિ ઉપર જેટલો ભાવ હતો, તે પૂજા કરવામાં પ્રગટ દેખાઈ આવતો હતો, ભાવના છુપાવી રહેતી નહિ. ૧૩. સહુ પહેલા વેલાભક્તે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૧૪. ફૂલના હાર

હતા તે પહેરાવીને આગળ ભેટ ધરી. પછી કપૂરની આરતી કરી. ૧૫. તેમના પછી બીજા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. ૧૬. પછી તે સહુ હરિભક્તો ઘણા ભક્તિભાવથી શ્રીહરિને પગે લાગ્યા. ત્યારબાદ તે સહુ ભક્તોએ સંતોની પૂજા કરી. પહેલા કેસરયુક્ત ચંદન ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને પગમાં પડ્યા. આ રીતે પૂજા કરીને પોતાનો મનુષ્યજન્મ સુફળ કર્યો. ૧૭-૧૮.

જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે કોઈક સંતને ઊંઘ આવવા માંડી. તેથી શ્રીહરિએ પ્રેમાનંદસ્વામીને કહ્યું કે, 'તમારા ગરબીનાં જે કીર્તન છે તેમાં ઊંઘને માતા કહી છે. તો તે ગરબીનાં પદ બોલો જેણે કરીને તેમાં કહેલી માતા દર્શન કરવામાં વિઘ્ન ન કરે.' પછી પ્રેમાનંદસ્વામી તે ગરબીનાં પદ બોલવા લાગ્યા. ૧૯-૨૧. તે કીર્તનના પ્રત્યેક ચરણનો અર્થ શ્રીહરિ કરવા લાગ્યા. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો ત્યારે ગઢપુર જવા માટે શ્રીહરિનો અશ્વ તૈયાર કરીને લાવ્યા અને શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા. તે સમયે ત્યાં રહેલા બધા સંતો, પાર્ષદો અને હરિભક્તો ગઢપુર જવા માટે તૈયાર થયા. ૨૨-૨૩. પીપળિયા ગામના જે હરિભક્તો હતા તે શ્રીહરિને વળાવવા ગામની બહાર થોડેક દૂર સુધી આવ્યા, ત્યારે શ્રીહરિએ તે સહુ હરિભક્તોને ત્યાં રોકી દીધા. ૨૪. શ્રીહરિ પીપળિયા ગામમાં કેટલીયે વાર આવ્યા છે અને પાછા ગયા છે, તેને મેં વારંવાર કહ્યું નથી. ૨૫. શ્રીહરિ જેટલી વાર પીપળિયા ગામમાં આવ્યા હતા તેટલી વાર સંભારીને હરિભક્તોને દર્શન દીધાં હતાં. ૨૬.

પછી શ્રીહરિ **ગઢપુર** આવ્યા અને બીજે જ દિવસ વિપ્ર પ્રાગજી દવેને બોલાવ્યા અને મોક્ષધર્મ ગ્રંથ વંચાવવાનો આરંભ કરાવ્યો. તે મોક્ષધર્મને શ્રીહરિ ઘણા પ્રેમથી સાંભળતા હતા. ૨૭-૨૮. શ્રીહરિ જેટલા ગ્રંથ વંચાવતા હતા ત્યારે તેમાં જે જે સાર સાર વાતના શ્લોક હોય, જે ક્યારેય ન મળે તેવા હોય, ૨૯. અને જે શ્લોકોમાં અનેક પ્રકારના વિવેકની વાતો કહી હોય તેવા તે ગ્રંથોના શ્લોકોને શ્રીહરિ શુકમુનિની પાસે રોજ રોજ લખાવી

લેતા હતા. કેમ જે, જો લખાવી ન લે તો તે શ્લોક સમય પર મળી શકે નહીં. તેથી જેટલા ગ્રંથો સાંભળવામાં આવતા તેમાંથી શ્રીહરિ સાર સાર વાતને લખાવી લેતા. ૩૦-૩૧. મોક્ષમાર્ગના તત્ત્વને શ્રીહરિ જેવું જાણે છે તેવું આ ભૂમિ ઉપર અનંત બુદ્ધિમાનો હોવા છતાં બીજા કોઈ જાણી શકે નહિ. ૩૨. જે બુદ્ધિ શ્રીહરિમાં જ સાર મનાવે અને જેનાથી શ્રીહરિ સિવાય બીજું બધું નકારું લાગે ત્યારે તેની બુદ્ધિ સાચી ગણાય અને તે સિવાયની બુદ્ધિ કાચી કહેવાય. ૩૩.

✵ સામર્થી પામે છતાં સહુનો દાસ થઈને રહે તે જ સમજુ છે :

જે જે ગ્રંથો છે તે બધાનો આવો જ અભિપ્રાય છે. બુદ્ધિનું એટલું જ ફળ છે કે, સારમાં સાર શ્રીહરિ જ દેખાય. ૩૪. જે લોકો પોતાને ભગવાન સમાન માને છે ત્યાં સુધી તેની ગમે તેવી રૂડી બુદ્ધિ કહેવાતી હોય, તોપણ તે બુદ્ધિ નથી પરંતુ કુબુદ્ધિ છે. ૩૫.

चोपाई :

विधि सम बुद्धि भये कहा होई, एसे ब्रह्मांड रचे कोई;
तोउ भगवान के दास रहाये, एसी समझ सो समझ कहाये...३६

दोहा : भगवान सो भगवान हि, यह सम कोउ न होत;
भगवान निज हि भक्तकु, ऐश्वर्य देवत बोत...३७
भगवान निज ऐश्वर्य हि, भक्त ताकू अपार;
देवत तोउ भक्त तेहि, दास रहत निरधार...३८

અરે ! બ્રહ્માના સમાન બુદ્ધિ હોય તેનાથી શું ? કોઈ આવા બ્રહ્માંડની રચના કરી શકે તેવા હોય, તોપણ તે ભગવાનના તો દાસ જ છે; એવી જે સમજણ છે તે જ સાચી સમજણ કહેવાય છે. ૩૬. ભગવાનના જેવા તો એક ભગવાન જ છે. તેના સમાન બીજા કોઈ થઈ શકે નહિ. ભગવાન તો પોતાના ભક્તને ઘણું ઐશ્વર્ય આપે છે. ૩૭. ભગવાન પોતાના ભક્તને પોતાનું અપાર ઐશ્વર્ય આપે છે, તોપણ ભક્ત તો સુદૃઢ દાસ થઈને જ રહે છે. ૩૮. જે જે ગ્રંથમાં રહસ્યમય અને જીવનરૂપ જે જે શ્લોક રહ્યા હોય તેને પારખીને શ્રીહરિ તેનો સંગ્રહ કરાવતા. જેવા શ્રીહરિ સહુનાં જીવનરૂપ

હતા તેવા જ તે શ્લોકો જીવનરૂપ હતા, તેથી શ્રીહરિએ તે અપાર શ્લોકોને લખાવ્યા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢપુર આવીને મોક્ષધર્મની કથા શરૂ કરાવી" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર બાવીશમું : તરંગ - ૬૯

મુક્તમુનિ ને બ્રહ્મમુનિ અમદાવાદ ગયા ત્યારે વચ્ચે અંગ્રેજ પલટણ મળી

શ્રીહરિએ મહા મહિનાના વદ પક્ષમાં તરત જ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને અમદાવાદ જવા માટે રજા આપી. પછી તે બંને સંતો ચાલ્યા. તેમણે પોતપોતાના સંતમંડળને સાથે લીધું અને બંને ભેળામળીને ઉત્સાહથી ચાલ્યા. ૧-૨. શ્રીહરિએ તે બંને સંતોને મોટા દેખીને અને પ્રતિષ્ઠિત જાણીને એક બળદગાડી ભાવથી કરી આપી. ૩. સત્સંગનો વિકાસ કરવા માટે શ્રીહરિએ સહુ પહેલા અમદાવાદમાં મંદિર કરાવ્યું. તે મંદિર કરાવવામાં કેટલાયે હેતુ રહ્યા હતા, તે બાબતને શ્રીહરિ એક જ જાણતા હતા. શ્રીહરિ યત્કિંચિત જે કાંઈ વાત કરતા તેનો જેમ છે તેમ હેતુ શ્રીહરિ એક જ જાણતા. કેમ જે, શ્રીહરિની એક જ વાત હોય તેમાં પણ કેટલાય હેતુ રહેતા. કારણ કે, હેતુ વિનાની જેટલી વાત હોય તેને શ્રીહરિ નિર્જીવ દેખતા હતા. ૪-૬.

જે કોઈ પણ વાતમાં જ્યાં સુધી પ્રાણ દેખાતો હોય ત્યાં સુધી શ્રીહરિ તે વાતને મુખ્ય કરી રાખતા હતા. ૭. જ્યારે તે વાતનો જેટલો સાર હોય તેટલો લઈ લેવાય પછી તરત જ તે બધી વાતનો શ્રીહરિ ત્યાગ કરી દેતા હતા. ૮. જ્યાં સુધી શ્રીહરિ આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી ઉપર કહી તેવી પ્રાણરૂપ વાતને મુખ્ય કરીને રાખતા હતા. ૯. **શ્રીહરિ એવા સદા સ્વતંત્ર તથા સ્વછંદ હતા કે પૃથ્વી પર વિચર્યા ત્યાં સુધી ક્યારેય કોઈના બંધનમાં આવ્યા નહીં અને બહુ પ્રકારનાં ચરિત્રો કર્યાં. ૧૦.** શ્રીહરિનાં તે બધાં ચરિત્રો સંભારવા યોગ્ય છે. કોઈ પણ ચરિત્ર ક્યારેય ત્યાગ કર્યા જેવું નથી.

જે જે વાત ભગવાનના સંબંધ વિનાની હોય તે ત્યાગ કરવા યોગ્ય છે. ૧૧. બીજી બધી વાતોનો ત્યાગ કરી દેવા માટે હું શ્રીહરિની વાતને પ્રેમથી લખું છું. પ્રસંગ મળે કે ન મળે, તેમાં હું રતીભાર સમજતો નથી. ૧૨.

ગ્રંથ લખવામાં શ્રીહરિની વાતનો પ્રસંગ જ મુખ્ય રાખું છું. બીજા પ્રસંગ તો ત્યાગ કરવા યોગ્ય છે. ૧૩. કેમ જે, શ્રીહરિની વાતના પ્રસંગમાં તો મોક્ષરૂપ ફળ મુખ્ય રહ્યું છે અને તે સિવાયની બીજી વાતોના પ્રસંગમાં સંસારનું ભટકણ રહ્યું છે. ૧૪. જે વાતમાં સંસારનું ભટકણ રહેતું હોય તેને અસાર જાણીને ત્યાગ કરી દેવાની હોય છે. તે અસારરૂપ વાતનો ત્યાગ કરવા માટે જ આ ગ્રંથ રચ્યો છે. ૧૫. આ ગ્રંથ જેટલી વખત વાંચો અને સાંભળો તેટલીવાર ભગવાન સિવાયની અન્ય વાતનો ત્યાગ રહે છે. ૧૬.

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી ધોળકા થઈને જ્યારે અમદાવાદને નજીક આવ્યા ત્યારે ત્યાં અંગ્રેજ સરકારની પલટન હતી. ૧૭. બે હજાર જેટલા સૈનિકોનું લશ્કર માર્ગની વચ્ચે તંબુ તાણીને રહ્યું હતું. તેમણે સંતોને પૂછ્યું, ૧૮. "સ્વામિનારાયણ કેટલા દૂરથી આવી રહ્યા છે ? તે તમે અમને જરૂર કહો. તેમની સાથે કાઠી દરબારો કેટલા છે ? તમે જે જાણતા હો તે કહો. ૧૯. આ નગરમાં જેટલા લુચ્ચાઓ અને કુભાંડીઓ છે તે બધાને સ્વામિનારાયણના ઉપર સંપૂર્ણ દ્વેષ રહ્યો છે. તેઓ વાતના એવા ગપ્પા લાવ્યા છે કે, સ્વામિનારાયણ કાઠીઓને લઈને આ નગરમાં આવે છે તે આ શહેરને જરૂર લૂંટી લેશે. ૨૦-૨૧. આ અમદાવાદ શહેરની રક્ષા ઉપર જે સાહેબ રહ્યા છે તેમણે અમને ખેડાથી બોલાવ્યા છે. તેટલા માટે જ અમે અહીં આવ્યા છીએ. ૨૨. અમે દસ-બાર તોપોને લાવ્યા છીએ અને સાહેબે સ્વામિનારાયણને આવવાની વાત પણ અમને કહી છે."

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ તેમને કહ્યું કે, "તમે ભલે આવ્યા. તમને દેખીને અમને શાંતિ થઈ છે. ૨૩. સાહેબ આ શહેરના રાજા થયા તે ઘણું સારું થયું. તેમનું બધું કામ શાહુકારી ભર્યું છે. જે દિવસથી સાહેબનું રાજ્ય થયું છે તે દિવસથી બધી પ્રજા સુખી થઈ છે. ૨૪. જેટલી અનીતિ ચાલતી

હતી અને જેટલા કુભાંડીઓ હતા તે બધા પ્રજાને દુઃખ દેતાં હતાં અને કોઈ પ્રજાનું કાંઈ સાંભળતા નહિ. ૨૫. આવું જે રાજ્ય હતું તેનો અત્યારે ઉચ્છેદ થઈ ગયો છે. જે કુભાંડીઓ અનીતિને માર્ગે ચાલતા હતા, તે બધા અત્યારે રડી રહ્યા છે. ૨૬. સ્વામિનારાયણને આ રાજ્ય તો બહુ ગમે છે. બધા શાહુકારો અને બધી પ્રજા અત્યારે મનમાં અત્યંત ખુશી ખુશી રહે છે. ૨૭.

અને સ્વામિનારાયણની જે રીત છે તેને વિલાયત(ઈંગ્લેન્ડ) સુધીના જેટલા મોટા સાહેબો છે તે બધા જાણે છે. ૨૮. સ્વામિનારાયણ હજુ સુધી તો ગઢપુરમાં છે. જેટલા કાઠી-કોળી અમારા સત્સંગના સેવકો થયા છે તે બધા અનીતિનો ત્યાગ કરીને ચોરી તથા લૂંટ કરતા નથી. અમારા શિષ્યો જે ન થયા હોય એવા કાઠી અને કોળી લોકોની વાતને સાહેબ જાણે છે. તેઓ સાહેબનું આપેલું રાજ્ય કરે છે તેથી તેઓ ઉપરથી બધા શાહુકાર બની રહ્યા છે, પણ તેમની અંદરની વાતને સાહેબ જાણે છે. ૨૯-૩૧. અમારાં લોકો જે સ્થળે ભેળા થઈને રહે છે તે સ્થળે જે ચોર જેવા કાઠી અને કોળી લોકો હોય છે તે આવતા નથી. ૩૨. જેટલી અનીતિ કહેવાય છે તેને અમે તો છોડાવી દઈએ છીએ. જેને અનીતિ છોડી દેવી હોય તેવા લોકો જ અમારામાં આવે છે." ૩૩.

જ્યારે બ્રહ્માનંદસ્વામી આવી રીતે બોલી રહ્યા ત્યારે સાહેબના માણસો બોલ્યા, "સાહેબને રુચે એવો તો એક આપનો જ મત છે. ૩૪. સાહેબ તો સાહેબ છે, એ સાહેબની રીતે ચાલે છે. સાહેબની રીતે ચાલ્યા વિના કોઈ સાહેબ થતું નથી. ૩૫. ભગવાન અને નીતિની એક જ રીત રહી છે. નીતિ અને ધર્મ, તે બંને પણ એક જ છે. પરંતુ ઘણા સારા કહેવાતા લોકો પણ આવી રીતને ભણતા નથી. ૩૬. અનીતિ અને અધર્મ, તે બંને પણ એક છે. અત્યારે નીતિએ અનીતિને દબાવી દીધી છે. તેથી અનીતિવાળાને ક્યાંય સુખ નથી. ૩૭. અંગ્રેજ સાહેબ અત્યારે અનીતિને શોધતા રહે છે. અનીતિને માટે તો તે લોકોને કેદ કરે છે. નીતિવાળાને માટે કેદ હોતી નથી. ૩૮. લોકોને અનીતિનો માર્ગ છોડાવી દઈને નીતિને માર્ગે ચલાવે છે. જે સાહેબની વાતને નથી માનતા તેને તેઓ તરત જ કેદ કરી દે છે." ૩૯.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "પરમેશ્વરની ઈચ્છાથી પ્રજાને સુખી કરવા માટે આ ધર્મવાળા રાજાનું રાજ્ય થયું છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "મુક્તમુનિ અને બ્રહ્મમુનિ અમદાવાદ ગયા ત્યારે વચ્ચે અંગ્રેજ પલટન મળી" એ નામે ઓગણસીત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર બાવીશમું : તરંગ - ૭૦

કાઠી ને રાજપૂત દરબારો અશ્વ ઉપર બેસીને જેતલપુરમાં શ્રીહરિને મળ્યા

શ્રીહરિ ગઢપુરથી મહા વદિ છઠને દિવસ ચાલ્યા, તે **કૌકા** ગામ થઈને **જેતલપુર** આવ્યા. ૧. જેટલા ગામધણી કાઠી દરબારો હતા તે સહુ પોતપોતાના અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. ૨. સો જેટલા ઘોડા હતા. ડંકા અને નિશાન સાથે હતા. દાદા ખાચર અને જીવા ખાચર પણ દરબારોની સાથે આવ્યા હતા. ૩. સોમલા ખાચર, દાહા ખાચર, સુરા ખાચર, માણસિયા ખાચર, કૂંપા ખાચર, ડોસા ખાચર, કાંધા ખાચર, અમરા ખાચર, વાઘા ખાચર, માતરા નામે ત્રણ ભક્તો, રાઠોડ ધાધલ, વસ્તા ખાચર, વેલા ખાચર અને વિસામણ ખાચર, અલૈયા ખાચર, જેઠસુર ખાચર, મૂળુ ખાચર, ઉન્નડ ખાચર, મોકા ખાચર અને માણસિયા વગેરે કાઠી દરબારો અને જીણાભાઈ, પૂંજાભાઈ, ભોજાભાઈ, મૂળુભાઈ, જીભાઈ, આ બધા રાજપૂત ક્ષત્રિય દરબારો હતા તે સહુ અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. ૪-૮.

ગઢપુરમાં જેટલા કાઠી હરિભક્તો હતા તે બધા અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. અને બોટાદ ગામના જેટલા કાઠી હરિભક્તો હતા તે પણ અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સાથે ઉલ્લાસથી આવ્યા હતા. નાગડકા ગામના જેટલા કાઠી હરિભક્તો હતા તે પણ અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સાથે આવ્યા હતા. તે સહુને શ્રીહરિમાં ખૂબ હેત હતું. તેમજ કોટડા ગામમાં જેટલા કાઠી હરિભક્તો હતા તે બધા અશ્વ ઉપર બેસી આવ્યા હતા અને તે પોતાના ધન્યભાગ્ય માનતા હતા. ભેંસજાળ ગામના જે રાજપૂત ક્ષત્રિય હરિભક્તો ૯-૧૨. જેવા કે, કાયાભાઈ, સજાભાઈ, જુણાજી વગેરે અશ્વ ઉપર

બેસીને શ્રીહરિ સાથે આવ્યા હતા. મેથાણ ગામના ક્ષત્રિય હરિભક્ત દરબાર પૂંજાભાઈ, કાકાભાઈ વગેરે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. તાવી ગામના ક્ષત્રિય દરબાર અખાભાઈ અને જેઠીભાઈ અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સાથે આવ્યા હતા. ધમડકા ગામના હરિભક્ત ક્ષત્રિય દરબાર રાયધણજી અને તેમના ભાઈઓ અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. દેવળિયા ગામના ક્ષત્રિય હરિભક્તો જાલમસિંહજી અને જેઠીભાઈ અશ્વ ઉપર બેસીને આવ્યા. અને દદુકા ગામના ક્ષત્રિય હરિભક્તો આવ્યા હતા. જેને અશ્વ હતા તે બધા અશ્વ ઉપર બેસીને આવ્યા અને જેને અશ્વ ન હતા તેવા જે જે ગામના હરિભક્તો હતા તે બધા ગાડી લઈને આવ્યા હતા. ૧૩-૧૯.

જે ગાડીઓ આવી હતી તેનો કોઈ પાર ન હતો. કેટલી ગાડી હતી તેનો કોણ નિર્ધાર કરે ? જે હરિભક્ત બાઈ-ભાઈઓ હતાં તે પોતપોતાના ઘરમાં જરૂર પૂરતા રહીને જેટલા અધિક હતા તે બધા આવ્યા. નાના, વૃદ્ધો અને યુવાન, સહુ આવીને જેતલપુરમાં શ્રીહરિની ભેળા રહ્યા. ૨૦-૨૧. મછિયાવ ગામના હરિભક્ત ક્ષત્રિય દરબાર બાપુભાઈ પોતાનો અશ્વ અને રથ લઈને આવ્યા અને જેતલપુરમાં શ્રીહરિનાં દર્શન કર્યાં. તે પાકા હરિભક્ત હતા. ગાંફ ગામમાં પણ જેટલા ક્ષત્રિય દરબારો સત્સંગી હતા તે બધા પણ અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. તેમાં દરબાર અજુભાઈ તો પોતાની સવારી લઈને આવ્યા હતા અને કેટલાક રથ પણ લાવ્યા હતા. ૨૨-૨૪. પીપળી ગામના હરિભક્ત ક્ષત્રિય દરબાર દાદાભાઈ નામે હતા, તે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. ૨૫. કમિયાળા ગામના જેટલા ક્ષત્રિય હરિભક્તો હતા તે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા.

ધોલેરા ગામના હરિભક્ત ક્ષત્રિય દરબારો હતા તેઓ પણ અશ્વ ઉપર બેસીને જેતલપુર આવ્યા હતા. રોજકા ગામના ક્ષત્રિય હરિભક્ત દરબાર કાકાભાઈ પણ અશ્વ ઉપર બેસીને શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં હતાં. ખરડ અને જીંજર ગામના જે ક્ષત્રિય દરબારો હરિભક્ત હતા, અને વાગડ ગામમાં જે ક્ષત્રિય હરિભક્તો હતા તે બધા પણ અશ્વ ઉપર બેસીને શ્રીહરિનાં દર્શન કરવાં આવ્યાં હતાં. ૨૬-૩૦. કુંડળ ગામમાં હરિભક્ત કાઠી હતા

અને સારંગપુર ગામમાં જે કાઠી હરિભક્ત હતા, બગડ તથા કારિયાણી ગામના જે કાઠી હરિભક્ત હતા. ૩૧-૩૨. ઝીંઝાવદર અને સરવઈ ગામના જે કાઠી હરિભક્તો હતા, ગોરડકા અને ગુંદાળા ગામના કાઠી હરિભક્તો હતા, કરિયાણા તથા ખંભાળા ગામના કાઠી હરિભક્તો તથા કોટડા ગામના જેટલા હરિભક્ત કાઠી કહેવાતા હતા, ભાડેર ગામમાં જે ક્ષત્રિય દરબારો હરિભક્ત હતા, જૂનાગઢ ગામના, પંચાળા ગામના, માંગરોળ બંદર વગેરે ગામના જેટલા કાઠી અને ક્ષત્રિય દરબારો હતા તે બધા અશ્વ ઉપર બેસીને શ્રીહરિનાં દર્શન કરવાં માટે ત્યાં આવ્યાં હતાં. અશ્વ ઘણા થઈ ગયા હતા, ગાડીઓનો તો કોઈ પાર ન રહ્યો. ૩૩-૩૯. જે બાઈ-ભાઈ હરિભક્તો આવ્યા તેનો ગણતા કોણ પાર લઈ શકે ? છતાં શ્રીહરિ તે સહુ હરિભક્તોની વારંવાર સંભાળ રાખતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "કાઠી અને રાજપૂત દરબારો અશ્વ ઉપર બેસીને જેતલપુરમાં શ્રીહરિને મળ્યા" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર બાવીશમું : તરંગ - ૭૧

શ્રીહરિએ અમદાવાદમાં કાંકરિયા ઉપર હરિભક્ત સંઘનો ઉતારો નક્કી કર્યો

જેટલા સંઘ આવ્યા હતા તે બધાને શ્રીહરિએ જેતલપુરમાં રાખ્યા અને પોતે ઉતારાનો મુકામ જોવા માટે અમદાવાદ ચાલ્યા. ૧. પચાસ-સાંઠ જેટલા ઘોડે સવારોને શ્રીહરિએ સાથે લીધા. કેટલાક પાર્ષદોને પણ સાથે લીધા. તે એકાદશીનો દિવસ હતો. ૨. જેતલપુર(જમાલપુર)ના દરવાજેથી શ્રીહરિ શહેરમાં વિચાર કરીને પ્રવેશ્યા. શ્રીહરિ છડી સવારીએ હતા. ૩. ચોપદાર કુબેરસિંહ સાથે હતા. વિપ્ર નથુ ભટ્ટ અને દામોદરભાઈ તથા ચોક્સી મંડળના જે હરિભક્તો હતા તે બધા અને શહેરના બીજા પણ કેટલાક હરિભક્તો શ્રીહરિની સાથે રહ્યા હતા. ૪-૫. શહેરના જેટલા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા હતા તે ગુલાબના અને શ્વેત ફૂલના હાર, તોરા અને ગુચ્છ લાવ્યા હતા. કેટલાક તો બાજુબંધ લાવ્યા હતા. તે બધા શ્રીહરિને ધરાવતા હતા.

શ્રીહરિએ બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને ફૂલોના હારને લીધે શ્રીહરિની મૂર્તિ નખશિખ પર્યંત ફૂલથી ભરેલી શોભતી હતી. ઉદય થયેલા પૂર્ણચંદ્રનાં જેવું શ્રીહરિનું મુખકમળ શોભી રહ્યું હતું. ૬-૮.

જ્યારે એકાદશીનો દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ **અમદાવાદ**માં આવ્યા. શહેરમાંથી કેટલાક સંતો શ્રીહરિની સન્મુખ આવ્યા. જે સંતો દર્શન કરવાં માટે આવ્યાં હતાં તે બધા શ્રીહરિની સાથે રહ્યા. શ્રીહરિનાં મસ્તક ઉપર તે વખતે અમૂલ્ય શ્વેત છત્ર ધારેલું હતું. લલાટમાં કુંકુમનો સુંદર ચાંદલો કર્યો હતો. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધાં શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૯-૧૧. શ્રીહરિ માંડવીની પોળના રસ્તે ચાલ્યા. પછી માણેકચોક થઈને ઉત્તર દિશા તરફ દિલ્લી દરવાજાને માર્ગે ચાલ્યા. તે વખતે ઘોડાના પગથી ભૂમિ ધમક ધમક થઈ રહી હતી. ૧૨-૧૩. દિલ્લી દરવાજાથી ઉત્તર દિશામાં સાબરમતીના કિનારા ઉપર પાદશાહવાડી નામની જગ્યા છે. ૧૪. ત્યાં નદીને કિનારે એક અનુપમ મહેલ છે. ત્યાં દુલાપ સાહેબ નામના શહેરના અધિપતિ રહેતા હતા. ૧૫.

તેમણે શ્રીહરિની સાથેના સંઘને તે પાદશાહવાડીની જગ્યામાં ઊતરવાની રજા દીધી. ત્યાં આંબલીનાં ઘણાં ઝાડ હતાં અને આખો દિવસ છાયો રહેતો હતો. ૧૬. જ્યાં આંબલી હતી ત્યાં તે ભાગમાં પરદેશી વૃક્ષોને રોપાવીને વન કર્યું હતું. તેને શ્રીહરિએ જોયું પણ ત્યાં ઉતારો કરવામાં નુકશાન દેખાયું. ૧૭. પરંતુ સાહેબને શ્રીહરિની સાથે એવું હેત થયું હતું કે, તેમણે તે નુકશાનને લેશમાત્ર પણ ગણ્યું નહિ. તેઓ ત્યાં સંઘ ઊતરે તેમાં અધિક લાભ માનતા હતા. ૧૮. શ્રીહરિવરે સાહેબનો અપાર ભાવ હતો તે જોઈ લીધો. તે મોતીશાહ મહેલને અડીને ઉત્તર તરફ એક બીજી અંધારી વાડી હતી. ૧૯. તેમાં સીતાફળીનાં ઘાટાં ઝાડ દેખ્યાં. કુબેરસિંહે તે વાડી બતાવી અને મહેલની ફરતે ઊતરવાની રજા અપાવી. ૨૦. સાહેબે જેટલી ભૂમિમાં ઊતરવાની રજા આપી હતી તે બધી જગ્યા શ્રીહરિએ દેખી. અહીંયા હરિભક્તોને સુખ-શાંતિ રહે તેવું શ્રીહરિએ ન દેખ્યું. ૨૧. મહેલની ચારેબાજુ દેખ્યું છતાં શ્રીજીમહારાજની નજરમાં થોડું પણ બેઠું નહિ. પછી તે

મુકામ દેખીને શ્રીહરિ ચાલતા થયા અને મોટેરા ગામને માર્ગે આવ્યા. ૨૨.

પછી શહેર તરફને રસ્તે ચાલ્યા અને ત્યાં કોટની પાસે આવ્યા. પછી કોટથી પૂર્વ દિશા તરફ ચાલ્યા અને કાંકરિયા સરોવરે આવ્યા. ૨૩. તે કાંકરિયા સરોવર આખું પાણીથી ભરેલું હતું. પુષ્કળ પાણી આવેલું દેખાતું હતું. તે પાણી અશ્વને પાયું અને પછી મુકામ દેખવા માંડ્યા. ૨૪. કાંકરિયા સરોવરથી દક્ષિણ બાજુ આંબલીના અપાર વૃક્ષો હતા. ત્યાં કોઈ એક પણ ખેતર ન હતું. ૨૫. પછી ખોખરા મહેમદાવાદના મુખી પટેલ હતા તેની પાસે સંઘનો ઊતારો કરવાની શ્રીહરિએ રજા લીધી. ૨૬. ત્યાં ઉતારો કરવાનો ઠેરાવ કરીને શ્રીહરિ **જેતલપુર** ચાલ્યા. ત્યાં રાત રહ્યા અને બારશને દિવસે પાછા જ્યારે ચાલ્યા ત્યારે જેટલી ગાડીઓ હતી તેમને કાંકરિયા સરોવર ઉપર મુકામ કરવાને માટે ચાલતી કરાવી. ૨૭-૨૮. જ્યાં રાયપુરનો દરવાજો છે ત્યાં શ્રીહરિ સવારી લઈને આવ્યા અને ઊભા રહ્યા.

તે વખતે જેટલા શહેરના હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. ઢોલ અને તાંસા ઈત્યાદિક જેટલાં વાજિંત્રોવાળા હતાં તે બધાં શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૯-૩૦. પડઘમ નામના અંગ્રેજી વાજિંત્રવાળા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. શહેરમાં જે સંતો અને વર્ણી રહેતા હતા તે બધા પણ શ્રીહરિની સામે આવ્યા. ૩૧. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો હતો ત્યારે સર્વના સ્વામી, બહુનામી આવા શ્રીહરિ અમદાવાદ શહેરમાં અશ્વ ઉપર બેસીને પ્રવેશ્યા. ૩૨. માણકી જાતનો શ્રીહરિના અશ્વ જેવો અશ્વ કોઈ ગામમાં હતો નહિ. શ્રીહરિનો તે અશ્વ વિમાનના જેવો કહેવાતો હતો. જેટલી જાતના સાજ કહેવાય છે તે બધા સોનેરી સાજ અશ્વ ઉપર મૂક્યા હતા અને શ્રીહરિએ ભારેમાંયલો બુરાનપુરી રેંટો મસ્તક ઉપર ધારણ કર્યો હતો. ૩૩-૩૪. એવી સુંદર પાઘ બાંધી હતી કે તેની ઉપમા કોઈને દઈ શકાતી નથી. સંપૂર્ણ ત્રિલોકીમાં નિહાળીને જોઈએ તોપણ તે સહુથી તેની ઉપમા-શોભા ન્યારી દેખાતી હતી. ૩૫.

સોનેરીકોર અને રમણીય ભાતવાળી, ચિત્તઆકર્ષક કસુંબલ પાઘને બંને બાજુ સોનેરી અનુપમ છેડા હતા. તેના અનુપમ છોગા પાઘની વચ્ચે

ધાર્યા હતા. શ્રીહરિ અનંત કોટિ બ્રહ્માંડના મહારાજાધિરાજ દેખાતા હતા. ૩૬-૩૭. અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલી શોભા હોય તે બધી છોગામાં આવીને રહી હોય તેવા છોગા બનેલા હતા. ૩૮. પાઘના પેચમાં બ્રહ્માંડની જેટલી શોભા હોય તે બધી દબાવીને ભરી હોય તેવી પાઘ થઈ હતી. ૩૯. મોતીના તોરા પાઘમાં એવી રીતે લટકી રહ્યા હતા કે માનો મોતીની વર્ષા થતી હોય ! ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ અમદાવાદમાં કાંકરિયા ઉપર હરિભક્ત સંઘનો ઉતારો નક્કી કર્યો" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર બાવીશમું : તરંગ - ૭૨

શ્રીહરિ રાયપુર દરવાજેથી શહેરમાં પ્રવેશ્યા અને સામેથી દુલાપ સાહેબ આવ્યા

❋ શ્રીહરિના શણગારનું વર્ણન :

શ્રીહરિની પાઘમાં સોનાનો નંગજડિત શિરપેચ હતો અને તેના ઉપર નંગજડિત કલગી પણ સોનાની હતી. ૧. સોનાનાં બાજુબંધ બંને ભુજાઓ ઉપર બાંધ્યા હતા. તેમાં જડેલા નંગ ઝગમગ ઝગમગ થતા હતા. ૨. બંને હાથમાં સોનાનાં કડાં અને સોનાની પહોંચી હતી. અને એક હાથમાં સોનાની છડી લીધેલી હતી. વળી સોનાની નંગજડિત વીંટીઓ દસે આંગળીઓમાં પહેરી હતી. તેના ચમકતા નંગ જાણે ખીલેલા તારામંડળ હોય તેવા લાગતા હતા ! ૩-૪. લાલ રંગના રેશમી સુરવાળ તથા ડગલી પહેર્યા હતા અને તે બંનેમાં સોનેરી મયૂર છાપની ઘાટી બુટ્ટીઓ હતી. ૫. તે બુટ્ટીઓ જાણે સંપૂર્ણ સોનાની હોય તેવી દેખાતી હતી !

વળી, એક સુખકારી બુરાનપુરી ભારે શેલું કમર ઉપર બાંધ્યું હતું. તેમાં પણ રંગબેરંગી ભાતો હતી. એક શેલું ખભા ઉપર ધારણ કર્યું હતું અને હાથમાં એક રૂમાલ રાખ્યો હતો. લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી હતી, તે અતિ

સુશોભિત લાગતી હતી. ૬-૭. તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો તે માનો પૂનમનો ચંદ્ર ઉદય થયો હોય તેવો સોહામણો લાગતો હતો ! અને કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા હતા. ૮. છાતી ઉપર ગુલાબના હાર હતા. **શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની છત્ર ધાર્યું હતું. અનંત કોટિ બ્રહ્માંડોની જેટલી ઉત્તમ શોભા હોય તે બધી આ શ્રીહરિની મૂર્તિમાં આવીને વસી રહી હતી. એવી શ્રીહરિની મૂર્તિ શોભતી હતી.** શહેરના જેટલા લોકો હતા તે બધા રાજમાર્ગ ઉપર ઊભા હતા. ૯-૧૦. સ્ત્રીઓની સાથે સ્ત્રીઓ અને પુરુષોમાં પુરુષો ઊભા હતા. તે સહુ શ્રીહરિનાં દર્શન કરીને દિલમાં ઘણા આનંદથી ભરપૂર થયા હતા. ૧૧. જમીન ઉપરથી લઈને દુકાન અને મકાનના જેટલા માળ તથા અગાશી સુધી બધે બાઈ-ભાઈ મનુષ્યો ભરાઈને ઊભા હતા. ૧૨.

જેટલી દુકાનો હતી તેને રંગબેરંગી કરીને શણગારી હતી અને બધા રાજમાર્ગ ઉપર પાણી છંટાવી દીધું હતું. ૧૩. બજારમાં બંને બાજુ કેળાની લૂમ સાથેના કેળનાં ઝાડ રોપાવી દીધાં હતાં. તેની ઠેકઠેકાણે શોભા થઈ હતી. ૧૪. સવારીની આગળના ભાગમાં જેટલા ઢોલ અને તાંસા હતાં તે બધાં વાગતાં હતાં અને તેનાથી આકાશ અને ભૂમિ ગાજી ઊઠ્યા હતા. ૧૫. વાજિંત્રોવાળાની પાછળ અપાર હરિભક્તો મુખથી કીર્તન બોલતાં બોલતાં ચાલતાં હતાં. ૧૬. તે હરિભક્તોની પાછળ જેટલા સંતો અને વર્ણી વગેરે હતા તે બધા કીર્તન ગાતા હતા. આનંદનો સાગર બધે ઊભરાતો હતો. ૧૭. સંસ્કૃત ભણેલા જેટલા સંતો અને વર્ણીઓ હતા તે બધા સ્તુતિ ભાગના શ્લોકોને ઘણા પ્રેમભાવથી બોલતા હતા. ૧૮. વેદસ્તુતિ, ગોપિકાગીત, યુગલગીત, વેણુગીત અને ભ્રમરગીત આદિના શ્લોકોને બોલતા હતા. ૧૯.

સંતો અને વર્ણીઓની પાછળના ભાગમાં પડઘમ નામનાં વિલાયતી વાજાં છત્રીશ પ્રકારનાં વાગતાં હતાં. અને તે બધા વાજાઓને ભિન્ન ભિન્ન ગતિથી વગાડતા હતા. ૨૦. તેમની પાછળ જેટલા બંદૂકધારી પાર્ષદો હતા તે બધા ખભા ઉપર બંદૂક રાખીને ચાલ્યા આવતા હતા. ૨૧. તે પાર્ષદોની પાછળ દસ-બાર ચોપદારો સહુ હાથમાં સોનાની છડી લઈને ક્ષણે ક્ષણે 'જય જય...જય જય...' આવા શબ્દો વારંવાર બોલતા હતા. તેમને શ્રીહરિ ઉપર

ઘણો ભાવ હતો. તે છડીદારની પાછળ શ્રીહરિનો અશ્વ ચાલ્યો આવતો હતો. ૨૨-૨૩. શ્રીહરિની પાછળ અપાર સવારી ચાલી આવતી હતી. તેનો પાર કોણ લઈ શકે ? શહેરના ભાવિક લોકો ફૂલના હારની વૃષ્ટિ લગાતાર કરતા હતા, અને સવારીના ઉપર ગુલાલની ડમરી ઊડતી હતી. તે ઘણી સોહામણી લાગતી હતી. ૨૪-૨૫. જરિયાની નિશાન અને ડંકા સવારીની આગળ ઘોડા ઉપર ચાલતા હતા. તેની ઘણી શોભા છવાયેલી હતી. ૨૬.

અમદાવાદ શહેરના હાકેમ અધિકારી ડુલાપ સાહેબ હતા. તેઓ શ્રીહરિ આવે છે તેમ સાંભળીને સન્મુખ આવ્યા હતા. ૨૭. તેઓ ઘોડા જોડેલી બગી(ચારટ) ઉપર બેઠા હતા. તેની સાથે મેડમ પણ બેઠાં હતાં અને સાહેબ પોતે બગી ચલાવતા હતા. ૨૮. જ્યારે શ્રીહરિની સવારી દરવાજે થઈને શહેરમાં આવી ત્યારે તે બજારે સાહેબ અને શ્રીહરિનો સામસામો ભેટો થઈ ગયો. ૨૯. સાહેબે પોતાની બગીને જમણા હાથ તરફ રાખી દીધી અને હરિભક્તોની જે રીત હતી તેને પહેલા ઘણા પ્રેમરસથી જોવા લાગ્યા. ૩૦. મનુષ્યની જેવી રીત હોય તેને જોઈને તેઓ પારખી લેતા. કારણ કે, સાહેબ લોકો મનુષ્યને પારખવામાં પ્રવીણ હતા અને ઘણા શાણા હતા. ૩૧. જ્યારે હરિભક્તો આવી રહ્યા ત્યારે તેમણે સંતોનાં મંડળોને દેખ્યા. તે સંતોની અલૌકિક રીતને સાહેબે દેખી. ૩૨. તેમણે એકે એક સંતોની આંખો નિયમમાં દેખી. આવી સંતોની અલૌકિક રીત દેખીને સાહેબ મનમાં ખૂબ જ ખુશી થયા. ૩૩. સાહેબે સંતોનાં નેત્ર, શ્રોત્ર, મન અને શરીરને નિયમમાં દેખ્યા. તે નિયમોને લીધે તેમણે પારખી લીધું કે, ચોક્કસ આમને મોક્ષના દાતા મળ્યા છે. ૩૪.

મોક્ષના દાતા મળ્યા સિવાય કોઈ આ રીતે નિયમમાં વર્તાવી શકે નહિ. એક ઘરના માણસ પણ બરાબર નિયમમાં વર્તતા નથી. ૩૫. તો અનેક ઘરના મનુષ્યોને સાધુતા રાખીને નિયમમાં એકસરખી રીતે વર્તાવવા તે ઘણું કઠિન કામ છે. ૩૬. સરકારના હાથમાં જેટલી પ્રજા છે તે સ્વાર્થને લીધે તથા ભયે કરીને નિયમમાં વર્તે છે. ૩૭. સરકારના નિયમમાં જે વર્તે છે તેને કોઈ પાબંધી, ફાંસી કે દંડ ક્યારેય મળતો નથી. ૩૮. તોપણ પ્રજામાં કેટલાય લોકો ઉન્મત્ત થઈને સરકારના કાયદાનું ઉલ્લંઘન કરીને

વર્તતા હોય છે. ૩૯. જેવા કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે તેવું તેને દંડરૂપ ફળ તરત જ મળે છે. ૪૦. સંતો રસ્તામાં ચાલતા આવી રહ્યા પછી સાહેબે બધા પાર્ષદોને દેખ્યા, ચોપદારોને દેખ્યા અને તેમના પછી શ્રીહરિને આવતા દેખ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ રાયપુર દરવાજેથી શહેરમાં પ્રવેશ્યા અને સામેથી દુલાપ સાહેબ આવ્યા" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર બાવીશમું : તરંગ - ૭૩

શ્રીહરિ અમદાવાદમાં પધાર્યા, વચ્ચે દુલાપ સાહેબનો મેળાપ થયો

દુલાપ સાહેબ પરમ વિવેક જાણતા હતા તેથી શ્રીહરિ અને તેમની નજર જ્યારે એક થઈ ત્યારે તે બોલ્યા કે, ૧. "પ્રભુ સ્વામિનારાયણ ! તમે દિલમાં ખુશી તો છો ને ? આપ આ શહેરમાં ભલે પધાર્યા. અમે આપના આવવાથી ખૂબ ખુશી થયા છીએ. ૨. આ શહેરમાં જેટલા કુભાંડીઓ છે તે આપના આવવાની વાત સાંભળ્યા પછી તેનાં દિલની ખુશી ટળી ગઈ છે. અને તેમનું ચાલ્યું તેટલો વિરોધ કરતા રહ્યા છે. ૩. હવે તેવા કુભાંડીઓને ઠીક કરવા માટે જ અમારું રાજ્ય થયું છે. જેટલા તે કુભાંડીઓ છે તે બધા ભેળા મળે તોપણ અમને જીતી શકે તેમ નથી. ૪. આપનું જેટલું શુભ વર્તન છે તે બધું કુભાંડીઓની શાંતિ રહેવા દેતું નથી. અને તેણે કરીને જેટલું પોતાનું ચાલે તેટલું તે કુબુદ્ધિથી આપનું અહિત કરે છે. પરંતુ તેના બધા પ્રયત્નો વ્યર્થ થઈ જાય છે. આપનું વર્તન શાસ્ત્રની રીતને અનુસારે શુદ્ધ છે. ૫-૬.

શાસ્ત્રોએ જે બાબતનો નિષેધ કર્યો છે, તેનો તમે પણ નિષેધ કરો છો. જે લોકો તમારો નિષેધ કરે છે તે ખરેખર શાસ્ત્રનો જ નિષેધ કરી રહ્યા છે. ૭. એ વાતને કુભાંડીઓ જાણતા નથી. અરે..! શાસ્ત્ર ભણ્યા હોય તોય શું ? કુભાંડીઓને શાસ્ત્ર મદદ કરતા નથી. અરે..! વેદ ભણ્યા હોય તોપણ શું ? ૮. જે લોકો શાસ્ત્રને અનુસારે તત્પર થઈને વર્તતા હોય છે તો તેની મદદ શાસ્ત્ર

કરે છે. અને તે બાબતને કુબુદ્ધિ લોકો દેખતા નથી. ૯. આપને અમારા જેવું કાંઈ કામકાજ હોય તો મનમાં સંકોચ રાખશો નહિ. જ્યારે આપ અમને સ્પષ્ટ જણાવશો ત્યારે જે કામ હશે તેને અમે કરી આપશું." ૧૦.

ત્યારે શ્રીહરિએ દુલાપ સાહેબને કહ્યું કે, "જે દિવસથી આ દેશમાં તમારું રાજ્ય થયું છે તે દિવસથી પ્રજા અને જે શાહુકારો કહેવાય છે તે બધા અપાર સુખી થયા છે. આવું રાજ્ય ક્યારેય થયું નથી. માટે પ્રજા અને શાહુકારો જે રીતે સુખી થાય તે રીતે તમારે તપાસ કરીને કામ કરવું. ૧૧-૧૨. જે કુભાંડી, પ્રપંચી અને કુટીલ લોકો છે તેમને અનીતિ ગમે છે. અને તે બધાનાં મૂળ ઊખેડવા માટે જ તમારું રાજ્ય થયું છે. ૧૩. જે પ્રજા અને શાહુકારોને નીતિ રુચે છે તે બધા તમારા રાજ્યથી ઘણા સુખી થયા છે. ૧૪. તમારું રાજ્ય થયા પહેલા જે રીતે શાહુકારો દુઃખી હતા તે રીતે અત્યારે જે કુમાર્ગે ચાલે છે તે બધાં તેવું દુઃખ પામે છે. ૧૫. જેટલા કુભાંડી રાજાઓ હતા તે બધા શાહુકારોને પીડતા હતા અને બધા કુભાંડી ગુરુઓ પણ શિષ્યની નારીને ભોગવવામાં લગાર પણ શંકા કરતા નહિ. એવા ગુરુઓના અપાર શિષ્યો હતા. સત્સંગ સિવાયના જેટલા અસત્ ગુરુઓ છે તે બધાની એક જ સરખી રીત હોય છે. ૧૬-૧૭.

અધર્મી ગુરુઓ અને તેમના શિષ્યોની એકસરખી રીત હોય છે. તેથી તેઓને પરસ્પર અધિક પ્રેમ રહે છે. તેઓ જેટલી પ્રીતિ હોય તેટલો તેઓ મોક્ષ થયો એમ માને છે, આવો કુભાંડીનો મત છે. ૧૮. અને તેઓ એમ બોલે કે, જે શિષ્ય ગુરુમાં દોષ દેખે તે જમપુરીમાં જાય છે, લખચોરાશીમાં ફરે છે અને તેને વારંવાર જન્મમરણ મળે છે. ૧૯. સંસારી લોકો તો ઘણા વિશ્વાસુ હોય છે. ગુરુથી કોઈ અંતર રાખતા નથી. પરંતુ જે કલ્યાણના ભોગી (નાશ કરનાર) નરનારીઓ છે તેને તેવા જ ગુરુ મળી રહે છે. પછી તે નરનારીઓ તે ગુરુને પોતાનું સર્વસ્વ આપી દે છે. અને જે અધર્મને પણ ધર્મ કહે તેને જ તે લોકો પરમ ગુરુ માને છે. ૨૦-૨૧. આ કહ્યા તેવા શિષ્યો અને ગુરુઓ કેવાં ફળને પામશે ? તેની તો તેમને ગમ નથી. તેથી તેઓ ગુરુમાં દોષ કલ્પતા નથી. ૨૨. 'જે ગુરુમાં દોષ કલ્પે છે તેનો

મોક્ષ થાતો નથી.' આમ કહેનારા ગુરુઓ અને તેવા જ અપરિમિત શિષ્યો ઠેકઠેકાણે રહ્યા હોય છે. ૨૩.

ઉપર કહ્યા તેવા ગુરુ અને શિષ્યોથી આખી ભૂમિ ભરાઈ ગઈ છે. એવા ગુરુ અને શિષ્યનો તો શાસ્ત્રની દૃષ્ટિએ જમપુરી તથા લખચોરાશીમાં નિવાસ થાય છે અને વારંવાર જન્મ-મરણને ભોગવે છે. તેમનો તેવો મોક્ષ થાય છે. ૨૪-૨૫. જેનું ફરીવાર જન્મ કે મરણ ન થાય, જમપુરીમાં જવું ન પડે અને લખચોરાશીનો ફેરો ફરવો ન પડે, આવી રીતની જે સમજણ છે તેને સચ્છાસ્ત્ર કલ્યાણ કહે છે. ૨૬. જેમ પરેજી પાળીને ઔષધ ખાધા સિવાય રોગીનો રોગ ક્યારેય જાતો નથી, તેમ સત્સંગ કર્યા સિવાય ક્યારેય જીવનું કલ્યાણ થાતું નથી. ૨૭. સત્સંગ અને સદ્‌ગ્રંથનો મત એક સમાન જ છે. અને તેના કહેવા મુજબ જ નિશ્ચિતપણે જીવનો મોક્ષ થાય છે. ૨૮.

અત્યારે તો લોકો સડકના માર્ગને છોડીને ચોર માર્ગે ચાલ્યા છે. જાવું છે કાશીએ અને ચાલ્યા છે પશ્ચિમ દિશામાં, કાશી ક્યાંથી આવે ? ૨૯. સત્સંગ અને સદ્‌ગ્રંથનું તાન નિશ્ચિતપણે સાચો મોક્ષ કરવામાં જ રહ્યું છે, તે સડકના માર્ગ જેવું છે. ૩૦. સત્સંગ અને સદ્‌ગ્રંથના ધોરીમાર્ગને છોડીને જે સંસૃતિના માર્ગે ચાલે છે તેનો મોક્ષ તો સંસારમાં કહ્યો હોય તેવો થાય છે, આવી એમની રીત રહી છે." શ્રીહરિ અને દુલાપ સાહેબ પરસ્પર આટલી વાત કરી રહ્યા પછી શ્રીહરિ માર્ગમાં આગળ ચાલતા થયા. ૩૧-૩૨. પછી સાહેબ કાંકરિયા સરોવર ઉપર ગયા. ત્યાં ફરીને જેટલા ઉતારા હતા તે જોયા. જ્યાં જોયું ત્યાં ગાડીઓ પડી હતી. ત્યાં રહેલા બધા લોકો શાહુકાર જેવા દેખાતા હતા. ૩૩. પછી સાહેબે પોતાની મેડમને હસતાં હસતાં કહ્યું કે, ‘કુભાંડી લોકો છે તે બધા તો તપાસ કર્યા વિના કેવું બોલતા હોય છે ? ૩૪.

❋ ક્ષમાની વિશેષતા :

જેટલા કુભાંડીઓ છે તે બધા સ્વામિનારાયણ ઉપર ઉત્પાત કરવાના શબ્દો ચાહે તેમ બોલે છે. આ સ્વામિનારાયણ કેટલા બધા ક્ષમાશીલ છે ? ૩૫. તેમણે ક્ષમારૂપી મંત્રી કરી રાખ્યો છે. ખરેખર ક્ષમાથી કોઈ વધારે સારો મંત્રી નથી. જે પરમ સાધુ હોય તેનો મંત્રી ક્ષમારૂપી ગુણ હોય છે. ૩૬.

चोपाई :

पुरे साधु भये बिन जेहा, खेमा रूप मित्र जो तेहा;
रखना बात यह कठीन रहाये, साधु के भूषण खेमा कहाये...३७
खेमारूप खडग धारत जेही, धारत काम सुधारत तेही;
अनंत प्रकार के शस्त्र तामें, खेमारूप शस्त्र जो यामें...३८
सबसे बडे शस्त्र हे ताही, साधुता मारग चले वाही;
साधु के गुण मुख्य खेमा कहेऊ, क्षेमा कर संत साचे तेऊ...३९

સંપૂર્ણ સાધુ થયા વિના ક્ષમારૂપી મિત્ર રાખવો, તે વાત ઘણી કઠણ છે. વાસ્તવમાં સાધુનું ભૂષણ તો ક્ષમા કહેવાય છે. ૩૭. જે ક્ષમારૂપી ખડગને ધારણ કરે છે તે ધાર્યું કામ સુધારી લે છે. અનંત પ્રકારનાં શસ્ત્રો છે તેમાં ક્ષમારૂપી શસ્ત્ર સહુથી મોટું રહ્યું છે. જે સાધુતાને માર્ગે ચાલ્યા હોય તેને માટે સાધુતાનો મુખ્ય ગુણ તો ક્ષમા કહેવાય છે. જે ક્ષમા કરે છે તે જ સાચા સંત ગણાય છે. ૩૮-૩૯. **પૃથ્વી જેવી ધીરજ, મીઠા સાગર જેવી વિશાળતા, શિતળ પવન જેવી સુખકારિતા, આકાશ જેવી નિર્લેપતા અને કલ્પતરુ જેવું હિતકારીપણું- એ બધા સાધુના ગુણો છે. ૪૦.**

શુભ ગુણે કરીને શુભ સંત થવાય છે, તેમ દેખાય છે. શુભ ગુણ આવ્યા વિના સાધુ થયા હોય તોયે નામમાત્રના કહેવાય છે. ૪૧. મોટાનું નામ ધારણ કરવાથી મોટા થઈ જવાતું નથી. જે ખરેખર મોટા હોય તેમાં મોટાઈના ગુણ પ્રગટ થાય છે. ૪૨. જેમાં અધિક બુદ્ધિ હોય તેમાં અધિક ઐશ્વર્ય-સત્તા પ્રગટ દેખાય છે, અને તે સામાન્ય બુદ્ધિવાળાને દબાવી દે છે. ૪૩. જેની પાસે જેટલું ધન વધારે હોય તેમાં તેટલી મોટપ કહેવાય છે. જે ધનહીન હોય તેને તો ધનને આધીન રહેવું પડતું હોય છે. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ અમદાવાદ શહેરમાં પધાર્યા, વચ્ચે દુલાપ સાહેબનો મેળાપ થયો" એ નામે તોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર બાવીશમું : તરંગ - ૭૪

શ્રીહરિ રઘુનાથદાસનાં મંદિર આગળ થઈને માણેકચોકમાં આવ્યા

શ્રીહરિ અમદાવાદ શહેરના રાજમાર્ગ ઉપર ધીરે ધીરે ચાલતા હતા. કુભાંડીઓ બધા ચુપ થઈ ગયા હતા. બધી સવારી ચાલી આવતી હતી. ૧. જે દ્વેષી કુભાંડીઓ હતા તે બધા મનમાં પસ્તાતા હતા. તેણે શ્રીહરિના વિરુદ્ધમાં જેટલા ઉપાયો કર્યા તેમાં તેનું લેશમાત્ર ઉપજ્યું નહિ. ૨. જેટલા અસુરો હોય તેને ક્યારેય સત્ય વાત ગમતી નથી. તેઓ તો અસત્ય વાતને જ ચાહે છે અને તેને લીધે તેઓ અસુરના રૂપમાં દેખાઈ આવે છે. ૩. જેણે સત્સંગ છોડી દીધો હતો અને વિમુખ થયા હતા એવા રઘુનાથદાસને શ્રીહરિ ઓળખતા હતા. ૪. તે રામાનંદસ્વામીએ બનાવેલા મંદિરમાં રહેતા હતા. જ્યારે શ્રીહરિ તે મંદિરની સમીપે આવ્યા ત્યારે તે વિમુખ રઘુનાથદાસ છુપાઈ ગયા અને મંદિરના દ્વાર બંધ કરાવી દીધા. તેણે શ્રીહરિને દેખ્યા પણ નહીં. શ્રીહરિ મંદિરના દ્વારની સમીપે આવી બે ઘડી સુધી ઊભા રહ્યા. ૫-૬. સવારીના વાજિંત્રોનો શબ્દ સાંભળીને વિમુખ રઘુનાથદાસ પોતાના દિલમાં અતિશય દુઃખી થયો. તેને ઘણું દુઃખ થયું છે તેમ જાણીને સુખના નિધિ એવા શ્રીહરિ ત્યાંથી આગળ ચાલતા થયા. ૭.

ત્યાંથી આગળ ચાલ્યા ત્યારે નાગર અંબાબાઈના ઘરની પછીત આવી. તેમાં એક બારી હતી. શ્રીહરિ આવે છે તેમ સાંભળીને તે અંબાબાઈ બારીમાં આવીને ઊભી રહી. તે વખતે તેણે ત્રણ-ચાર ફૂલના હાર હાથમાં લઈ રાખ્યા હતા. ૮-૯. જ્યારે શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તેણે શ્રીહરિને પોતાની પાસે બોલાવ્યા અને ફૂલના હાર પહેરાવીને પગે લાગી. ૧૦. તેણે બે હાથ જોડીને શ્રીહરિ આગળ કહ્યું, 'મહારાજ ! અમારી બુદ્ધિ તો થોડી છે. આપ જ્યારે અહીં પહેલી વખત આવ્યા ત્યારે શરીરથી ઘણા કૃશ હતા. ૧૧. તે સમયે આપ એકવીશ વર્ષના હતા. અમને રઘુનાથદાસજીએ એમ કહ્યું હતું કે, આપણા જે રામાનંદસ્વામી છે તેનાથી આપણે વિમુખ થવું નહિ. ૧૨. પણ રામાનંદસ્વામી અંતર્ધાન થયા પછી આ સહજાનંદસ્વામી પોતાનું ભજન કરાવે છે. ૧૩. જેમ આત્માનંદસ્વામીના જેટલા શિષ્યો હતા તે કોઈ રામાનંદસ્વામીનું

ભજન કરતા નહિ. ૧૪. તે રીતે જ આપણે બંનેએ પણ રામાનંદસ્વામીને કોઈ રીતે છોડવા નહિ. સ્વામી જેવા તો એક સ્વામી જ છે. ૧૫.

રામાનંદસ્વામીએ પ્રેમથી આ વર્ણીને માનવાનું જે કહ્યું હતું તે તો પોતાના ભક્તનો નિશ્ચય જોવાને માટે કહ્યું હતું. તે હું જાણું છું. ૧૬. સહજાનંદસ્વામી તો રોગી છે. ઝાઝા દિવસ આ સંભાળી નહિ શકે. લોકોને પોતાના સ્વરૂપમાં દૃઢતા કરાવવા માટે તે નવાં નવાં વર્તન કરે છે. ૧૭. તે સત્સંગમાં તો હજી હમણા જ આવ્યા છે. સત્સંગની કાંઈ રીત જાણતા નથી. બીજા બધા મતો કરતાં પોતાના મતને અધિક કરવાને માટે બધા જ મતોની સાથે વેર થાય તેવું આચરણ તેમને આવડે છે. કોઈને કાંઈ વાત પૂછતા નથી અને પછીથી ઉપાધિ થયા કરે છે. ૧૮-૧૯. સાધુએ તો ભજન કરવું જોઈએ. આવી ઉપાધિમાં સુખ ન આવે. જે આપણું માને તેને આપણે વાત કરવી જોઈએ. ૨૦. જે ન માને તેને ક્યારેય વાત ન કહેવી અને ફરીથી તેનું નામ પણ લેવું નહિ. રઘુનાથદાસે અમને જેવી વાત કહી હતી તે આપને મેં કહી. ૨૧.

પછી શ્રીહરિએ અંબાબાઈને ઘણા હેતથી કહ્યું કે, "તમે તો હજી મડદામાં જીવ જાણીને તેને બાઝી રહ્યા છો, માટે અમે તમને કહીએ છીએ, ૨૨. તમે સત્સંગને માટે ઘણું કર્યું છે, પણ છેવટે તેના માથે પાણી ફેરવી દીધું છે. તમારા ગુનાને અમે માફ કરીએ છીએ. હવે તમારે શું કરવું ? તે તમે પોતે જાણો. ૨૩. જેમાં જેટલા દોષ હોય છે તે દોષ બીજાના સંગથી આવે છે. છતાં અમે તો જેટલા દોષ માફ કરવા ઘટે તેટલા તેના દોષ માફ કરીએ છીએ." ૨૪. આટલી વાત કરીને શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા અને માણેકચોકમાં આવ્યા. ત્યાં આ જગતમાં જેટલા મત કહેવાય છે તે બધા મતના અગણિત લોકો શ્રીહરિનાં દર્શન કરવાં માટે ઊભાં હતાં. તેઓ જ્યારે દર્શન કરતાં ત્યારે જેનો જેવો ભાવ હતો તે દેખાતો હતો. ૨૫-૨૬.

શ્રીહરિ તો લોકોની આંખમાંથી જ સદ્ભાવ કે દુર્ભાવને દેખી લેતા હતા. કેમ જે, પોતે તો અંતર્યામી છે. ક્યાં જીવ અને ક્યાં ભગવાન ? ૨૭. જ્યાં સુધી સત્ય વાતને સમજતા નથી ત્યાં સુધી ઈન્દ્ર અને બ્રહ્મા સુધીના

પણ અલ્પ જીવ કહેવાય છે. ૨૮. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવોમાં જેવી બુદ્ધિ છે તેવી બુદ્ધિ મનુષ્યમાં હોતી નથી. ભગવાન જ્યારે જ્યારે મનુષ્યદેહ ધારણ કરે છે અથવા તો જળજંતુ કે પશુનાં જેવું શરીર ધારણ કરે છે. વળી, જ્યારે ભવ અને બ્રહ્મા જેવાની સ્તુતિ પ્રાર્થનાથી મનુષ્યશરીર ધારણ કરે છે અથવા જળજંતુ કે પશુનાં જેવું શરીર બતાવે છે. પરંતુ ગમે તેવું રૂપ ધારણ કરે છતાં પોતે તો સચ્ચિદાનંદમૂર્તિ જ રહ્યા હોય છે. ૨૯-૩૧.

દેવતાઓ આ બધું સારી રીતે સમજતા હોય છે તોપણ એ ભગવાનનાં ચરિત્રોમાં ભૂલા પડી જાય છે. તો પછી મનુષ્ય ભૂલા પડે તેમાં શું આશ્ચર્ય ? ૩૨. ભગવાન તો આવું બધું જાણતા હોય છે. કારણ કે, તેઓ સદા સર્વજ્ઞ છે. તેઓ સદા દિવ્ય ચક્ષુવાળા છે અને તેમનું સ્વરૂપ પણ સદા દિવ્ય છે. ૩૩. તેમ છતાં તે પરમેશ્વર મનુષ્ય, જળજંતુ કે પશુના સમાન દેખાય છે અને વળી, પરમેશ્વર એક હોવા છતાં અપાર રૂપે દેખાય છે અને અપાર હોવા છતાં એક રૂપે જણાય છે. ૩૪. આ બધી ભગવાનની અલૌકિક રીત છે. જે અપાર હોય તેનો પાર કોણ લઈ શકે ? મનુષ્ય તો અજ્ઞાનરૂપી અંધારામાં નિરંતર ભટકતો રહે છે. ૩૫.

આ જીવ જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી તે ભગવાનથી દૂર દૂર ચાલ્યો જાય છે. અને જેટલું દુઃખ હોય તે બધું પોતાને માથે કબૂલે છે. અર્થાત્ સામેથી દુઃખી થાય તેવું કરે છે. ૩૬. મનુષ્ય પોતે પોતાને ઘણો ચતુર માને છે, પણ સત્સંગ કરતો નથી. જ્યારે તે સત્સંગ કરે છે ત્યારે તેને કુસંગ ઓળખાય છે. જે કુસંગી હોય છે તે કુસંગની રીતે બોલે છે. કુસંગી અને પશુ-પક્ષીની એકસમાન રીત દેખાય છે. ૩૭-૩૮. જ્યારે શ્રીહરિ માણેકચોકથી આગળ ચાલ્યા ત્યારે ત્યાં શેઠ હિમા શાહનું ઘર આવ્યું. ૩૯. હિમા શાહના ઘરમાં જેટલી બાઈઓ હતી તે ગોખમાં ઊભી હતી. તેમણે સોનાનાં ફૂલથી શ્રીહરિને વધાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “શ્રીહરિ રઘુનાથદાસનાં મંદિર આગળ થઈને માણેકચોકમાં આવ્યા” એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥

પૂર બાવીશમું : તરંગ - ૭૫

શ્રીહરિએ મંદિર અને નરનારાયણ દેવની મૂર્તિઓને દેખી

શ્રીહરિ ત્યાંથી આગળ ચાલીને જ્યાં આપણું મંદિર છે ત્યાં આવ્યા. નવાવાસની સમીપે જ તે મંદિર હતું. ૧. શ્રીહરિ મંદિરના ચોકમાં આવ્યા પછી અતિ ઉત્સાહભર્યા તત્કાળ અશ્વ ઉપરથી ઊતર્યા. ૨. તે મંદિરનું એક શિખર તૈયાર થયું હતું. તે શિખરને તથા મંદિરની અંદર જઈને શ્રીહરિએ બધું જોયું. ૩. અંદર છો(પ્લાસ્ટર) કરીને સિંહાસન તૈયાર કર્યું હતું. શ્રીહરિએ બધું નિહાળીને જોયું અને ઘણું રાજી થયા. ૪. મંદિરની પહેલી એક કોળી તૈયાર કરી હતી. તેમાં શ્રીહરિ આવીને ઊભા રહ્યા અને આનંદાનંદસ્વામીને કહેવા લાગ્યા, ૫. "મંદિરનું જે કામ કરી રહ્યા છો તેમાં કોઈ જાતની કસર રાખશો નહિ. સાધુ, વર્ણી, પાર્ષદો અને જેટલા હરિભક્તો અહીં સેવામાં હોય તે બધાને બોલાવો. તેમને અમે ભેટીએ.

પછી તેમને ભેટવાનો સમય રહેશે નહિ." એમ કહીને તે સમયે જેટલા ફૂલના હાર પહેર્યા હતા તે બધા આનંદાનંદસ્વામીને પહેરાવી દીધા. હાર એટલા બધા હતા કે તે કહી શકાતા નથી. પછી આનંદાનંદસ્વામીને શ્રીહરિ ભેટ્યા. અને પછી મંદિરનું કામ કરનારા બીજા સંત-હરિભક્ત જેમ જેમ આવતા ગયા તેમ તેમ સહુને ભેટતા ગયા. આનંદાનંદસ્વામી જેને કહેતા હતા તેને શ્રીહરિ ભેટતા હતા. ૬-૯. અંબારામ અને કુબેર નામે કડિયા મંદિરનું કામ રાત-દિવસ કરતા હતા. આવી જે સેવા તે બધાને મળતી નથી. અર્થાત્ અતિ દુર્લભ હોય છે. ૧૦. શ્રીહરિ તે બંનેને ભેટ્યા અને તેમને માથે પાઘ બંધાવી અને દુપટ્ટા આપ્યા. અને બંનેને સોનાની એક એક બે સરવાળી કંઠી ગળામાં બાંધી.

પછી તે બંને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ધર્મકિશોર શ્રીહરિ સહુને જ્યારે ભેટી રહ્યા ત્યારે જ્યાં નરનારાયણ દેવની મૂર્તિ હતી તે જગ્યાએ તેને દેખવા માટે ચાલ્યા. ૧૧-૧૩. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદસ્વામી તથા

આનંદાનંદસ્વામી, એટલા સંતોને સાથે લઈને શ્રીહરિ જ્યાં મૂર્તિઓ હતી ત્યાં આવ્યા અને તે મૂર્તિઓને દેખી. ૧૪-૧૫. મૂર્તિઓને મંજન કરાવીને પૂર્વમુખે નિર્ધારિતરૂપમાં ઊભી કરી રાખી હતી, અને તેમનાં મસ્તક ઉપર રૂમાલ બાંધેલો હતો. ૧૬. તે મૂર્તિના ખભા ઉપર જનોઈની રીતે ઝીણા શ્વેત વસ્ત્રના પટકા ધરાવેલા હતા. પછી શ્રીહરિ નરનારાયણ દેવનાં વખાણ કરવાં લાગ્યાં. ૧૭. ભરતખંડના મુખ્ય દેવ તથા નિર્ભય એવા આ નરનારાયણ ભગવાન પરમ રસભરી પ્રીતિએ કરીને સંતો, વર્ણી અને હરિભક્તોનું બહુ પ્રકારનું હિત કરવા માટે અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધારી રહ્યા છે. જે ક્યારેય તે વ્રતને ખંડિત થાવા દેતા નથી. ૧૮-૧૯. આપણા સત્સંગમાં જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો છે તે બધા ઘરનો ત્યાગ કરીને મંદિરમાં રહે છે. ૨૦.

અત્યારે ભગવાનને અતિ રાજી કરવા માટે પુરુષોએ સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને સ્ત્રીઓએ પુરુષોનો ત્યાગ કર્યો છે. કેમ જે, તે બધાના ઈષ્ટદેવ જેવી રીતે રહે છે તેવી રીતના ગુણો તેમના ઉપાસક સેવકોમાં વર્તતા હોય છે, આવું બહુધા પ્રસિદ્ધ રીતે દેખાય છે. ૨૧-૨૨. જેવી રીતે ઈષ્ટદેવ વર્તતા હોય તેવી રીતનું વર્તવું અમને રુચે છે. જે રીતનું જે ધામ રહ્યું હોય છે તેવી રીતના જ ત્યાં દેવ રહ્યા હોય છે. ૨૩. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત દઢપણે રાખવામાં નરનારાયણ દેવ શ્રેષ્ઠ રહ્યા છે. નૈષ્ઠિકવ્રતનું જેવું ફળ છે તેવું શાસ્ત્રમાં કહ્યું છે. ૨૪.

આ નરનારાયણ દેવ ભરતખંડમાં જે જે નૈષ્ઠિકવ્રતને રાખે છે તે સહુને જાણે છે. ૨૫. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું ફળ જે રીતનું હોય છે તેને આ નરનારાયણ દેવ તેવી રીતે જ આપી રહ્યા છે. ૨૬. હિમાલયના નિવાસી નરનારાયણ દેવે હવે શહેરમાં નિવાસ કર્યો છે. તેઓ અપાર સુખના રાશિ છે અને નૈષ્ઠિકવ્રત તેમને પ્રિય છે. ૨૭. જે ભક્ત કોઈ પણ પ્રકારનું ભોજન, વસ્ત્ર, ઘરેણાં, વાહન, ભવન, ભૂમિ, અગણિત વૃક્ષો, ગાય, ભેંશ અને બળદ વગેરે, તેમજ કોઈ એક ફળ કે ફૂલનો હાર એકવાર પણ ભાવથી આ નરનારાયણ દેવને અર્પણ કરશે. અર્થાત્ જે કોઈ જે જે પદાર્થને ઘણા

ભાવથી આપશે તો એક ફળને બદલે તેને અપાર ફળ નક્કી મળશે. આ ભગવાનને ક્યારેય કોઈ પદાર્થ જોઈતા નથી. તેઓ તો સ્વયં સર્વ પદાર્થના દાતા છે. ૨૮-૩૦.

પ્રત્યેક બ્રહ્માંડમાં પદાર્થ નામથી જે કાંઈ કહેવાય છે, તેના આપનારા તો નરનારાયણ દેવ છે. આ નરનારાયણ ભગવાનના અપાર નામ કહેવાય છે. ૩૧. તથા તે ભગવાન એક હોવા છતાં તેમના અપાર પરમ અનુપમ રૂપ રહ્યા છે. જ્યારે જ્યારે આ લોકમાં ભગવાન પ્રગટ થાય છે ત્યારે તે ભગવાનના જ એ સર્વે રૂપો હોય છે. ૩૨. **જે પ્રગટ ભગવાનને નથી માનતા તે લોકો તો અજ્ઞાની છે. તેવા અજ્ઞાની લોકોનું હિત કરવાને માટે અમે આ પરોક્ષ સ્વરૂપનું સ્થાપન કર્યું છે.** ૩૩. ભગવાનનું સ્વરૂપ જે રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ રહ્યું છે તેને જેમ છે તેમ નિર્બાધપણે સમજવું ઘણું કઠણ છે. બ્રહ્માદિક દેવતાઓ પણ આવી સમજણના પારને પામતા નથી. ૩૪.

चोपाई :

प्रत्यक्ष प्रोक्ष भगवान तामें, एक भाव हि रहावे यामें;
प्रत्यक्ष प्रोक्ष भगवान ताके, चरित्र रहायेउ यह वाके...३५
प्रत्यक्ष प्रोक्ष चरित्र जो तिनके, मोय मिले भगवान हि इनके;
अपार चरित्र रहेउ ताही, पार पाव न जावत हि जाही...३६

પ્રત્યક્ષ ભગવાન અને પરોક્ષ ભગવાનમાં એકસરખો ભાવ રહેવો જોઈએ. તે પ્રત્યક્ષ તથા પરોક્ષ ભગવાનનાં અનેક ચરિત્રો છે. ૩૫. જેટલાં પ્રત્યક્ષ કે પરોક્ષ ચરિત્ર છે તે મને જે પ્રગટ ભગવાન મળ્યા છે તે ભગવાનનાં જ છે. તેમનાં ચરિત્ર એટલાં બધાં અપાર છે કે, જેનો પાર પામી શકાતો નથી. ૩૬. અક્ષર સુધીના કોઈ પણ એ ભગવાનનાં ચરિત્રોનો યથાર્થ પાર પામી શકતા નથી, તો પછી તુચ્છ માણસ તો તેનો પાર ક્યાંથી પામી શકે ? ૩૭. ગરુડ જેવા શક્તિશાળી પણ જે આકાશનો પાર પામી શકતા નથી તે આકાશનો પાર પામવા અણુના જેવું આ અલ્પ મચ્છર ચાલ્યું છે. ૩૮. જેમ કીડી બ્રહ્માંડને ઉઠાવવા પ્રયત્ન કરે, પણ તે કઈ રીતે ઉઠાવે ? તેવા અપાર

ભગવાનનાં આ ચરિત્રો છે. ૩૯. ભગવાનની જેટલી વાતો છે અને ભગવાનની જેટલી મૂર્તિઓ છે તે બધી અપાર કહેવાય છે. તેને ગમે તેટલા કહે તોપણ તેમાં અમુક રહી ગયા હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ મંદિર અને નરનારાયણ દેવની મૂર્તિઓને દેખી" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર બાવીશમું : તરંગ - ૭૬

શ્રીહરિએ નરનારાયણ દેવ સિવાયની બીજી મૂર્તિઓની સ્થાપના કરવાનો સંકલ્પ કહ્યો

શ્રીહરિએ પોતાના બંને હાથ નરનારાયણ દેવની મૂર્તિ ઉપર નખશિખ પર્યંત ફેરવ્યા. ૧. આમ શ્રીહરિએ વારંવાર મૂર્તિ ઉપર પોતાના જે હાથ ફેરવ્યા તે અવતારનું જેટલું દૈવત હતું તે બધું શ્રીનરનારાયણ દેવની મૂર્તિમાં સ્થાપન કર્યું. ૨.

અવતારના જેટલું મૂર્તિમાં દૈવત સ્થાપીને પછી બોલ્યા કે, "જે નરનારાયણ દેવ દૂર હતા તે હવે ભરતખંડના મનુષ્યોને માટે સુગમ થયા છે. હવે જેટલાં મોટાં મોટાં ધામ છે, (તે ધામમાં બિરાજીત દેવોને આપણે અહીં પૃથ્વી ઉપર ધામો બાંધીને તેમાં સ્થાપન કરવા છે.) ૩-૪. ભરતખંડના મનુષ્યોને ભગવાન ઉપર ઘણો ભાવ રહે છે. તેમનો મનોરથ પૂર્ણ કરવા અમે જ્યાં સુધી સત્સંગમાં રહ્યા છીએ ત્યાં સુધીમાં અમે (ધામ બાંધીને તેમાં ભગવાનની મૂર્તિઓ પધરાવીશું.) (વૈકુંઠમાં) જે ચતુર્ભુજ લક્ષ્મીનારાયણની મૂર્તિ છે તે, ગોલોકની, અક્ષરધામની અને શ્વેતદ્વીપની મૂર્તિ જે વાસુદેવનારાયણ, વૃંદાવનવિહારી, રણછોડજી, વળી, જેમનું હરિકૃષ્ણ એવું નામ છે અને તેમના માતા-પિતા ભક્તિ અને ધર્મદેવ, મત્સ્ય, કૂર્મ, વરાહ અને શેષશાયી વગેરેનાં જે પરમ અનુપમ સ્વરૂપ છે તે, તથા જે દયાળુ ભગવાને ભક્તની રક્ષા કરવા માટે તત્કાળ નૃસિંહ

સ્વરૂપ ધારણ કર્યું હતું; તે બધા સ્વરૂપોને પધરાવશું. અંધારામાં પ્રકાશ કરનારા સૂર્યનારાયણ કહેવાય છે. ૫-૯.

અનંત કોટિ બ્રહ્માંડોની અંદર જેટલું ઘાટું અંધારું રહ્યું છે તે ટાળવાને માટે જેટલાં બ્રહ્માંડો છે તેટલા સૂર્ય છે. તે સૂર્યનારાયણ બ્રહ્માંડોનો અંધકાર નાશ કરવા માટે રહ્યા છે. તેને લીધે દેવ, મનુષ્ય આદિક બધાને સુખ રહ્યું છે અને દુ:ખ દેખાતું નથી. ૧૦-૧૧. સૂર્યનારાયણને લીધે ઘણી બધી વાતોનો નિર્ધાર થાય છે. જેટલી જ્યોતિષ વિદ્યા છે તે બધી સૂર્યનારાયણને આધારે જ પ્રવર્તી છે. ૧૨. એક વર્ષમાં છ છ મહિના સુધી સૂર્ય દક્ષિણાયન અને ઉત્તરાયણમાં ગતિ કરે છે. ૧૩. તેથી તે બંને ઋતુમાં ઠંડી અને ગરમી રહે છે અને સૂર્યની ગતિ ઉપર જ વર્ષાઋતુનો સમય પણ પ્રતિવર્ષ થાય છે. ૧૪. જ્યોતિષ વિદ્યાનું ગણિત છે તે પણ સૂર્યને આધારે ચાલે છે. માટે એવા સૂર્યનારાયણનું અમે એક મંદિરમાં સ્થાપન કરશું. અને મંદિર કરાવીને શિવજી, ગણપતિજી તથા હનુમાનજીને પણ અમે પધરાવશું. ૧૫-૧૬.

નરનારાયણ નામ શ્રીકૃષ્ણનું જ નામ જાણવું. શ્રીકૃષ્ણના અપાર નામ છે. અલગ નામને લીધે તેને સમજવામાં થોડા પણ ભૂલા પડવું નહિ. જેટલી બુદ્ધિમાં જડતા હોય તેટલો તેમાં બુદ્ધિનો અભાવ હોય છે. કેટલાક તો નામને લીધે ન્યૂનાધિકભાવ કરે છે, પરંતુ પ્રગટ ભગવાન ઉપર નિશાન રાખતા નથી. ૧૭-૧૮.

चोपाई :

जिनकु प्रगट मिले हरि तिनके, अपार स्वरूप नाम इनके;
रहाये समझत रहे ईमी, प्रगट में अधिकता कहत तिमी...१९
ओर नाम के द्रोह न करही, प्रगट तामें सब बात समझही;
मुरख नहि समझत रहे तेसे, रुचत त्युं खेंचत रहे एसे...२०
भगवान एक रही कर जेहू, अपार मूर्ति धरत रहे तेहू;
अप्रमान हि रहेउ भगवाना, भगवान से न होत प्रमाना...२१
तिन करी भगवान रहे तामें, अज्ञानपना न आये यामें;
अपार के पार लहे जबही, अपार कहाँ रहाये तबही...२२

જેને પ્રગટ ભગવાન મળ્યા છે તે તો એવું સમજે છે કે, ભગવાનના જે અપાર સ્વરૂપો અને અપાર નામ છે તે મને મળેલા આ પ્રગટ ભગવાનનાં જ છે. આવી રીતે પ્રગટ ભગવાનમાં જ અધિકતા કહે છે. ૧૯. પ્રગટ પ્રભુનો સર્વોપરી નિશ્ચય હોવા છતાં તે બીજા કોઈ નામનો દ્રોહ કરે નહિ, અને પ્રગટ શ્રીહરિના સ્વરૂપમાં જ સર્વે વાત સમજે. પરંતુ જે મૂર્ખ છે તે આવું સમજતો નથી. તેથી જેમ પોતાના મનમાં રુચે તેમ તે ખેંચતો રહે છે. ૨૦. જે ભગવાન છે તે એકરૂપે રહ્યા થકા જ અપાર મૂર્તિઓને ધારણ કરે છે. ભગવાન અમાપ છે. સ્વયં ભગવાનથી પણ પોતાનું પ્રમાણ થઈ શકતું નથી, અને તેણે કરીને ભગવાનમાં અજ્ઞાનપણું આવતું નથી. કેમ જે, જ્યારે અપારનો પાર પામી જાય ત્યારે તે અપાર ક્યાંથી રહે ? ૨૧-૨૨.

✳ ભગવાનના વચનની મહત્તા :

ભગવાનથી પણ ઉપરની અપાર વાતો કરતા હોય તેઓને ભગવાનનું લગાર પણ જ્ઞાન નથી હોતું. આવા લોકો (મનફાવે તેમ) બોલતા રહે છે. પરંતુ તે પ્રમાણરૂપ થાતું નથી. ૨૩. પોતે ભગવાન તો ગમે ત્યારે ગમે તે રીતે બોલે. કેમ જે, તેઓ જે પ્રમાણ કરે તે જ પ્રમાણરૂપ ઠરે છે. અને જેને પ્રમાણ ન કરે તે અપ્રમાણરૂપ થાય છે. ૨૪. **ભગવાનનાં નાનાં-મોટાં જેટલાં વચન છે તે બધાં પ્રમાણરૂપ જ છે. ૨૫. ભગવાનનાં પ્રમાણભૂત વચનને જે અપ્રમાણ કરે છે, એટલામાં જ તેનું મૂલ્ય તરત થઈ જાય છે. ૨૬.**

ભગવાનનાં જેટલાં વચન છે તે ધ્રુવના તારા અને નટના દોર જેવાં છે, તે નિશ્ચિત જાણવું. અર્થાત્ આપણે તે મુજબ જ ચાલવાનું હોય છે. ૨૭. જે કવિ ધ્રુવ અને નટના દોરની જેમ ભગવાનની વાતને જેટલી મુખ્ય રાખે છે તેટલું તેને મુખ્ય વાતને પ્રાધાન્ય આપ્યું છે, તેથી શ્રેષ્ઠ જાણવો. ૨૮. જેમાં જેવી બુદ્ધિ હોય તેવી તેમાં મોટાઈ આવે છે. જેને બુદ્ધિ હોય તેને જ્ઞાન હોય, જેને બુદ્ધિ ન હોય તેને જ્ઞાન ક્યાંથી થાય ? ૨૯. જે માણસ આંધળો હોય તે ચિંતામણિને પથ્થરના જેવો દેખે છે. તે આંધળો થયો છે એટલે બિચારો શું કરે ? ૩૦. આંધળામાં પણ જે સમજુ હોય તે દેખતા માણસમાં જ્યારે વિશ્વાસ લાવે છે ત્યારે દેખતો માણસ જેમ કહે તેમ કરે છે.” ૩૧.

શ્રીહરિએ કહ્યું કે, **"અમે જેમ કહીએ તેમ જે કોઈ પણ ઉપાયે કરીને કર્યા કરે છે અને અમારાં સર્વે વચનો હિતકારી છે, તે વચનોને જે જેવા સમજે છે તેનામાં તેટલો પ્રતાપ આવે છે.** તેનો પ્રતાપ છુપાયો રહેતો નથી." આટલી વાત કહીને ચટક ચટક ચાખડીઓનો અવાજ કરતા શ્રીહરિ ચાલ્યા. ૩૨-૩૩. જ્યાં મંદિર થતું હતું તે મંદિરની જગ્યાનો દરવાજો ઘણો મોટો હતો. તેના ઉપર અગાશી કરી હતી. પછી શ્રીહરિ ત્યાં આવીને ઊભા રહ્યા. ૩૪. અપાર લોકો શ્રીહરિનાં દૂરથી દર્શન કરતાં હતાં અને 'જય જય...જય જય...' આવા શબ્દનો પોકાર કરતા હતા. તે 'જય જય' શબ્દથી આકાશ ભરાઈ ગયો, ખાલી ન રહ્યો. ૩૫.

પછી શ્રીહરિએ જે વાજિંત્ર વગાડવા આવ્યા હતા તેને રાજી કરીને રજા આપી. આમ, ભક્તજનોને દર્શન દઈને બહુનામી શ્રીહરિ થાળ જમવાને માટે જ્યાં મુકુંદાનંદ વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા અને પહેલા સ્નાન કર્યું. ૩૬-૩૭. કપડાથી શરીર કોરું કરીને પીતાંબર વસ્ત્ર પહેર્યું. પછી ચાખડીઓ પહેરીને આવ્યા અને બાજોઠ ઉપર બેઠા. ૩૮. વિવિધ પ્રકારનાં ભોજન પાત્રોમાં ભરી ભરીને શ્રીહરિની આગળ રાખ્યા. શ્રીહરિ તેમાંથી ભોજન જમ્યા. ૩૯. દૂધપાક, પૂરી, વડાં, ભજિયાં, કેળાં અને સાકરનો કંસાર વગેરે શ્રીહરિની આગળ ધર્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ નરનારાયણ દેવ સિવાયની બીજી મૂર્તિઓની સ્થાપના કરવાનો સંકલ્પ કહ્યો" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર બાવીશમું : તરંગ - ૭૭

શ્રીહરિ થાળ જમ્યા, ચોક્સી હરિભક્તોએ પૂજા કરી, સંતોને જમાડ્યા

કેટલીક જાતનાં શાકભાજી, ભજિયાં, રાઈતાં, અથાણાં, અડદના પાપડ વગેરેને શ્રીહરિ જમ્યા. તે દિવસે ચોક્સી હરિભક્તોની રસોઈ હતી. ૧-૨. શ્રીહરિએ જમીને પાણીથી હાથ ધોઈ મુખ શુદ્ધ કર્યું અને પછી તજ તથા એલચી આદિકનો મુખવાસ લીધો. જેટલા ચોક્સી હરિભક્તો હતા તેમણે કેસરયુક્ત ચંદન લાવીને શ્રીહરિની પૂજા કરી. ૩-૪.

શ્રીહરિની પૂજા કરનારામાં રણછોડ, ત્રિકમ, ગોવિંદ, ગોકુળ, બેચરજી, કેવળરામ, દોલતરામ, મોહનલાલ, હરિવલ્લભ આદિક ચોક્સી હરિભક્તો હતા. તેમણે ઘણા હેતથી જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૫-૬. (અમદાવાદમાં ભ.સ્વા. આ ગ્રંથમાં અમદાવાદના ૧૩૭ ભક્તોના નામોનો ઉલ્લેખ છે. આ બધા જ ભક્તો નિષ્ઠાવાન, સેવાભાવી, સમર્પિત અને પ્રભુપ્રેમી હતા.) તેમણે પૂજા કરીને પછી તરત જ ફૂલના હાર શ્રીહરિના કંઠમાં ધરાવ્યા. ફૂલના બાજુબંધ, ગજરા અને ફૂલની પાઘમાં ફૂલના તોરા લટકાવ્યા હતા. શ્રીહરિએ પીતાંબર વસ્ત્ર પહેર્યું હતું. પછી સહુ હરિભક્તોએ આરતી કરી. ૭-૮.

પછી સહુ શ્રીહરિને પગે લાગ્યા. ચરણકમળ ઉપર ચંદન ચરચ્યું હતું તે ચરણકમળને ઘણા હેતથી છાતીએ ચાંપ્યા અને પોતાના ઘણા ધન્યભાગ્ય માન્યા. ૯. ત્યાં રંગોળી પૂરીને કેળના સ્તંભ રોપીને સુંદર બાગ બનાવ્યો હતો. તેમાં સંતોની પંગત કરી. સંતો નારાયણધૂન બોલવા લાગ્યા. ૧૦. પછી ચોક્સી હરિભક્તોએ કેસરયુક્ત ચંદનથી સંતોની પૂજા ઘણા હેતથી કરી અને તેમને ફૂલના હાર પહેરાવ્યા. ૧૧. સંતોની પૂજા જ્યારે કરી રહ્યા ત્યારે હરિભક્તોને હેત વધારવા માટે શ્રીહરિ સંતોને પીરસવા આવ્યા. તે વખતે સાકરનો કંસાર કર્યો હતો. ૧૨.

❋ મહિમા સમજવો તે સહુથી અધિક વાત છે :

સંતો જેવું શ્રીહરિનું માહાત્મ્ય સમજે છે તે રીતે શ્રીહરિ પણ સંતોનું માહાત્મ્ય સમજે છે. તેથી જ શ્રીહરિ સંતોને પીરસતા રહેતા. ૧૩-૧૪.

सोरठा : जितना जो जो बात, महात्म कर बनत रहे;
ता विन हि न बनि आत, माहात्म यह रहे अधिक...१५

જે જે બાબત છે તે માહાત્મ્યે કરીને જ થતી હોય છે. તે સિવાય થઈ શકતી નથી. માટે માહાત્મ્ય સહુથી અધિક રહ્યું છે. ૧૫. જેની જેવી વાત હોય તે જ્યારે સાંભળવામાં આવે ત્યારે તેનું જેવી રીતનું માહાત્મ્ય હોય તેવું જણાય છે. ૧૬. સાંભળ્યા વગરની કોઈ પણ વાત ચાહે તેવી હોય તેનો કોઈ પ્રભાવ પડતો નથી. ભાવ અને અભાવનું મુખ્ય કારણ તો સાંભળવું તે જ હોય છે. ૧૭. વાત સાંભળવામાં પણ અપાર વિવેક રહ્યો હોય છે. તે સત્સંગ સિવાય લગાર પણ આવતો નથી. જે જે કાંઈ સારી બાબત હોય છે તે વિવેકને કારણે જ હોય છે. ૧૮.

હરેક બાબતમાં આ સત્સંગ મુખ્ય દેખાય છે. સત્સંગ વિના વિવેક આવતો નથી. જ્યારે મનુષ્ય સત્સંગને માર્ગે ચાલે છે ત્યારે તેમાં સાચો વિવેક આવે છે. ૧૯. સત્સંગ વગરનો જેટલો વિવેક છે તે તો વ્યાવહારિક કહેવાય છે, અને જે વ્યાવહારિક વિવેક છે તે તો આ દેહ રહે ત્યાં સુધી જ ઉપયોગમાં આવે છે, પણ તેનાથી ક્યારેય જન્મ-મરણ છૂટતું નથી. કેમ જે, સત્સંગ કર્યા વિના જન્મ-મરણ છૂટતું નથી. જેને સત્સંગ હોય છે તે આ વાતને જાણે છે. ૨૦-૨૧. અલ્પ પુણ્યે કરીને મનુષ્યને સત્સંગ રહે તેવો રંગ રહેતો નથી. શ્રીહરિ જે રીતે સત્સંગનો રંગ રહે તે રીતે વાતો કરતા હતા. ૨૨.

શ્રીહરિ યત્કિંચિત્ જે ચરિત્રો કરે છે તે બધા સત્સંગનો રંગ અધિક ચઢે તે માટે જ કરે છે. એવાં શ્રીહરિનાં ચરિત્રો સત્સંગનો રંગ ચઢાવનારા છે. ૨૩. **સમૈયામાં સંતોને અધિક ઉત્સાહ અને ભાવથી જમાડવામાં શ્રીહરિની શ્રદ્ધા તલભાર પણ ક્યારેય મંદ પડતી નહિ. ૨૪. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી આવી દરેક બાબતમાં નિત્ય પ્રત્યે વધારે વધારે શ્રદ્ધા રાખતા હતા. ૨૫.** જેટલી ભગવાન સંબંધી વાત હોય તે જ ખરી વાત કહેવાય છે. તે સિવાયની વાતો તો ઉત્પાત કહેવાય છે. ૨૬. જે હરિભક્તો છે તે ઉત્પાતની વાતોમાં બંધન માનીને તેનો ત્યાગ કરી

દે છે. ૨૭. **વેદ અને પુરાણોને ભણેલા વિદ્વાન હોય, તોપણ જ્યાં સુધી તે પોતાને થતા બંધનને દેખે નહિ ત્યાં સુધી તે અંધ જ ગણાય છે.**

સત્સંગ રહિત જેટલા વર્ણાશ્રમીઓ છે તે જ્યાં સુધી જેટલી બંધનરૂપ વાત કહેવાય છે તેને દેખતા નથી ત્યાં સુધી તે અંધ કહેવાય છે; આવો સત્સંગનો સિદ્ધાંત રહ્યો છે. જે ધર્માચાર્ય હોય તેનું મોટા મોટા રાજાઓ અપાર સન્માન કરે છે, તેમને અપાર ગામ તથા ધન આપે છે. પણ જેમાં મુખ્યપણે નિષ્કામધર્મ ન હોય એવા જેટલા ધર્મ વિનાના આચાર્ય અને ધર્મ વગરના ગુરુ કે સાધુ હોય છે; તે સહુ પથ્થરની નાવ સમાન કહ્યા છે. સત્સંગ વિના આ વાતને મનુષ્ય ક્યારેય સમજી શકતો નથી. ૨૯-૩૨. આવા તો અપાર યુગો વીતી ગયા, પણ અત્યારના જેવી રીત ક્યારેય થઈ નથી. વેદ, પુરાણ અને સ્મૃતિગ્રંથોમાં જે ભગવાનના અવતાર ચરિત્રો લખાયાં છે, તે ચરિત્રો જેવી રીતનાં હતાં તેવાં લખાયાં છે. તેણે કરીને આજ સુધી જાણે દેખ્યા હોય તેવા જણાય આવે છે. ૩૩-૩૪.

જેટલું લખવામાં ન આવે તે ક્યારેય દેખ્યામાં આવતું નથી. શુભ-અશુભ જે કોઈ પણ વાત હોય તે લખેલી હોય તો દેખવામાં આવે છે. ૩૫. ભગવાન જે જે વાત કરતા હોય છે તે બધી જીવનો મોક્ષ કરવા માટેની હોય છે; એમ જે ભગવાનના ભક્તો હોય તે સર્વેની સમજણ હોય છે. ૩૬. જેટલા અસુરો છે તે બધા જિંદગીભર સાચી વાતને પણ અસત્ય કરીને કહે છે. ૩૭. જે સાચી વાતને ખોટી કરી દેખાડે છે, તેવું તેનું વર્તન જ તેને અસુર છે એમ કહી દે છે. સત્ય અને અસત્ય વાત જેવી રીતની હોય તે વર્તન ઉપરથી દેખાય છે. વર્તન વિના તે દેખાય નહીં. ૩૮-૩૯. પછી સંતોને જમાડીને શ્રીહરિ ચાર ઘડી સુધી મંદિરમાં પોઢી ગયા અને જ્યારે જાગ્યા ત્યારે બોલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ થાળ જમ્યા, ચોક્સી હરિભક્તોએ પૂજા કરી અને સંતોને જમાડ્યા" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર બાવીશમું : તરંગ - ૭૮

શ્રીહરિએ કાંકરિયા જઈને સભા કરી અને પુરવાસી ભક્તો દર્શન કરવાં આવ્યાં

શ્રીહરિએ સંતોને કહ્યું, "અમે કાંકરિયા સરોવરે જઈને સભા કરશું. કારણ કે ત્યાં જગ્યાની ઘણી વિશાળતા છે. ૧. જ્યાં જગ્યાની વિશાળતા ન હોય ત્યાં જનોની અપાર ભીડ થાય છે. અને તે ભીડને લીધે બુઢ્ઢા કે બાળકોનું મરણ પણ થઈ શકે છે. ૨. અમે જે જે જગ્યાએ સમૈયા અને યજ્ઞ કરીએ છીએ ત્યાં અપાર લોકો ભેળા થાય છે, પણ ભીડને લીધે કોઈનું મરણ થયું નથી. ૩. કોઈ માણસ ભીડને લીધે કોઈ રીતે મરે નહિ, તે બાબતનો તો અમે અગાઉથી ઘણો વિચાર કરીએ છીએ. ૪.

અમે જે જે વાત કરીએ છીએ તેમાં અગાઉથી દસ-વીસ વાર વિચાર કરતા રહીએ છીએ અને તે વિચાર દૃઢ કર્યા પછી તે બાબતનો નિર્ણય લઈએ છીએ. ૫. આપણે ત્યાં લોકોની ભીડ થવા છતાં ક્યારેય બુઢ્ઢા કે બાળકનું મરણ થયું નથી. પણ સત્સંગ સિવાયના તીર્થોમાં અપાર જગ્યાએ લોકોની ઘણી ભીડ થવાને લીધે માણસો મર્યા હોય તેવું અમે ઘણીવાર સાંભળ્યું છે. ત્યાં તો ચાહે તેમ ચાલતું હોય છે, તોપણ તેનો કોઈ અભાવ લેતા નથી. ૬-૭.

જ્યાં અનીતિ ચાલતી હોય ત્યાં અનીતિવાળા લોકો તેનો અભાવ લેતા નથી. અનીતિરૂપી રાતનાં ઘાટાં અંધારામાં સત્ય અને અસત્ય એક જ રીતે વર્તતું હોય તેમ નિશ્ચિત દેખાય છે. અનીતિના અંધારામાં સન્માર્ગ કે કુમાર્ગ ક્યારેય વિવેકથી દેખાતો નથી. ૮-૯. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે માણસને સન્માર્ગ દેખાય છે, પણ જેને નેત્ર હોય તેને જ દેખાય છે, જેને નેત્ર નથી હોતા તેને ક્યારેય દેખાતો નથી. ૧૦. સત્સંગ વિના તીર્થોમાં અંધારું રહે છે. જેમાં કોઈ વાતનો નિયમ ન હોય તેમાં તેટલું અંધારું સમજવું. ૧૧. જે વાત જેવી હોય તે જેને (સમજણરૂપી) નેત્ર હોય છે તેને દેખાય છે. આમ કહી પરમ સુખદાયક શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. ૧૨.

એક પહોર દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને સહુ સંતો તથા હરિભક્તો સાથે રાજમાર્ગ ઉપર ચાલ્યા. ૧૩. તે માણેકચોક થઈને રાયપુર દરવાજેથી શ્રીહરિની સવારી શહેર બહાર નીકળી. ૧૪. કાંકરિયા સરોવરે આવીને તેનાથી દક્ષિણ દિશા તરફ જ્યાં ચોક જેવો વિશાળ રસ્તો હતો ત્યાં સભા કરી. ૧૫. નિષ્કુળાનંદસ્વામીએ ઘણા સ્નેહભાવથી સરસ મંચ કર્યો હતો. પછી શ્રીહરિ જ્યારે આવ્યા ત્યારે તરત જ તે મંચ ઉપર આવીને બેઠા. ૧૬.

મંચ ઉપર લાલ રેશમના ગાદીતકિયા બિછાવેલા હતા અને તેના ઉપર સફેદ ઓછાડ ઓછાડ્યા હતા. શ્રીહરિ તેના ઉપર બેઠા. ૧૭. મંચ ઉપર શ્રીહરિ પૂર્વ દિશા તરફ મુખ કરીને બેઠા હતા. તે વખતની મૂર્તિની શોભા કહી શકાતી નથી. જે જે સંતો, વર્ણી અને સંન્યાસી તથા હરિભક્તો ત્યાં આવ્યા હતા તેમની ચોતરફ સભા થઈ. તે સભા જાણે ખીલેલું કમળનું વન હોય તેવી શોભતી હતી. તારામંડળની વચ્ચે ચંદ્રમા જેમ શોભતો હોય તેમ શ્રીહરિની મૂર્તિ શોભતી હતી. દર્શન કરનારાં ભક્તજનોનાં નેત્રો તૃપ્તિ પામતાં ન હતાં. **ભક્તજનો જેમ જેમ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતાં હતાં તેમ તેમ દર્શન કરનારાં સહુને પોતાનાં શરીરની કાંઈ પણ સ્મૃતિ રહેતી નહિ. મૂર્તિમાં આવું અલૌકિક દૈવત હતું.** આવું દૈવત તો મૂર્તિમાં અપાર હતું, જેનો કોઈ પાર પામી શકતું નહિ. ૧૮-૨૧.

જેટલી હરિભક્ત બાઈઓ હતી તેમની સભા પણ ત્યાં અલગ થઈ હતી. સત્સંગમાં જેટલા હરિભક્ત બાઈ-ભાઈ હતા, તેમાં જે બાઈઓ હતી તે બાઈઓમાં આવીને બેસતી અને જે પુરુષો હતા તે પુરુષોમાં આવીને બેસતા હતા. ૨૨-૨૩. **સભામાં બેસીને બાઈ-ભાઈ સર્વ હરિભક્તો પરસ્પર ભગવાનનાં ચરિત્રોનું ગાન કરતા હતા. અને તેનાથી તે સહુનાં અનંત જન્મનાં પાપને શ્રીહરિ માફ કરી દેતા હતા. ૨૪.**

दोहा : मनुष्य हि तन धरी हरि कु, संभारत हि न जाहि;
तितना लगत पाप तेहि, गम नहीं रहे ताहि...२५

सत्संग करत हि तिनकू, विवेक जितना आत;
सत्संग बिन विवेक कबु, आवत नहीं रहात...२६

મનુષ્યદેહને પામીને પણ જે લોકો ભગવાનને સંભારતા નથી તેટલું તેને પાપ લાગે છે. પરંતુ લોકોને તેની ખબર નથી. ૨૫. જે જેટલો સત્સંગ કરે છે તેટલો તેમાં વિવેક આવે છે. સત્સંગ કર્યા સિવાય ક્યારેય વિવેક આવતો નથી. ૨૬. અમદાવાદ શહેરના તમામ નરનારીઓ શ્રીહરિનાં દર્શન કરવાં માટે ત્યાં આવ્યાં. ૨૭. ગાડી, રથ, બગી, ઘોડાવેલ, મ્યાના અને પાલખી વગેરેમાં બેસીને અપાર લોકો આવતા હતા. ૨૮. અમદાવાદ શહેરથી લઈને કાંકરિયા સરોવર સુધી હાથી, ઘોડા વગેરે લગાતાર આવતા જતા દેખાતા હતા. તેનો કોણ પાર લઈ શકે ? ૨૯.

જ્યાં સુધી નજર પહોંચતી ત્યાં સુધી શહેરના લોકો ઊભા દેખાતા હતા. શ્રીહરિનાં દર્શન કરવાથી થયેલી તેમના મનની પ્રસન્નતાને કહી શકાતી નથી. ૩૦. દર્શન કરવામાં લોકો પોતાના ઘરના કામકાજને ભૂલી જતા હતા. આ રીતે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરવામાં કોઈને તૃપ્તિ થાતી ન હતી. ૩૧. શ્રીહરિવર જ્યાં સુધી સભા કરીને બેસતા ત્યાં સુધી લોકોની ભીડ રહેતી. તે ભીડ કેળના બગીચાના જેવી સોહામણી લાગતી હતી. ૩૨. કેટલાક લોકો ઘણા પ્યારથી શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા હતા. વિવિધ પ્રકારના મેવા અને મીઠાઈ વગેરે પુષ્કળ પ્રમાણમાં આવતા હતા. ૩૩.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી, એ સંતો ગાનવિદ્યામાં ઘણા કુશળ હતા. ૩૪. તે બધા સંતો સરોદ, મૃદંગ આદિક વાજિંત્રોને વગાડવામાં પણ ઘણા કુશળ હતા. તેઓ આ સમયે વસંત તથા હોરીના પદો ગાતા હતા. ૩૫. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે અપાર મશાલો પ્રગટી. સહુ સંતો ઊભા રહીને આરતી વગેરે બોલ્યા. ૩૬. નારાયણધૂન કરી અને ઘણા ભક્તિભાવથી સહુ સ્તુતિના શ્લોકો બોલ્યા. ૩૭. જ્યારે સંતો નિત્યનિયમ કરીને બેઠા ત્યારે શ્રીહરિ બધા પુરજનોના પ્રત્યે બોલ્યા, ૩૮. "જેટલા તમે શહેરના લોકો છો તે બધા ભેળામળીને

શહેરમાં જાઓ. કોઈએ એકલા ચાલવું નહિ. ૩૯. જે શહેરના અધિકારી છે તેમણે લોકોની રક્ષા કરવા માટે બધા જ માર્ગ ઉપર શહેરના દરવાજા સુધી ચોકી રાખી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ કાંકરિયા જઈને સભા કરી અને પુરવાસી ભક્તો દર્શન કરવાં આવ્યાં" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર બાવીશમું : તરંગ - ૭૯

શ્રીહરિ અને દુલાપ સાહેબે પરસ્પર કરેલી વાતો

આ સમયમાં દુલાપ સાહેબ અમદાવાદના નગરપતિ-વરિષ્ઠ અધિકારી હતા. શ્રીહરિ અમદાવાદમાં રહ્યા ત્યાં સુધી તેઓ સાંજ-સવાર ઘોડા ઉપર બેસીને રોજ શ્રીહરિની પાસે આવતા રહેતા અને કહેતા કે, "અમારા સરખું જ્યારે જે કાંઈ કામ પડે ત્યારે તે જરૂર જણાવજો. અમારાથી જેટલું થશે તેટલું કરશું. ૧-૩. જે કાંઈ કામ હોય તે કહેવાથી જણાય છે. વગર કહ્યે ખબર પડતી નથી. હું બે વખત રોજ આવું છું. આપને જોઈને ખુશ થાઉં છું. ૪. અમારા જેટલા મોટા સાહેબો છે તે ઘણા બુદ્ધિમાન છે. તેઓ આપની નીતિને દેખીને એટલા ખુશી થાય છે કે હું કહી શકતો નથી. ૫. બુદ્ધિમાન લોકોને ખુશી થાય તેવી આપની પ્રથા છે. આપની નીતિભરી પ્રથાથી જેટલા બુદ્ધિમાન લોકો હોય છે તે દેખાઈ આવે છે. ૬. આપની આ બધી જે પ્રથા છે તે બુદ્ધિમાનને ઓળખવા માટેની છે. જે બુદ્ધિ વગરના છે તે તો આપની આ પ્રથાને દેખીને હાંસી-મશ્કરી કરતા રહે છે, અને તેનાથી બુદ્ધિહીનોનું રૂપ દેખાય આવે છે. અરીસો જેનું જેવું રૂપ હોય તેવું દેખાડી દે છે. ૭-૮.

તેવો જ આપનો સત્સંગ છે તેને દેખીને હું કહું છું. જેટલી ઉત્કૃષ્ટ બાબતો છે તે બધી આપના સત્સંગમાં દેખાય છે. ૯. તે ઉત્કૃષ્ટ બાબતોને લીધે જ સત્સંગ ઉત્કૃષ્ટ રહ્યો છે. જેની જેવી ક્રિયા હોય છે તેવી રીતની તે વાત કરે છે. જેનો જેવો માર્ગ(સંપ્રદાય) હોય છે તેવી વાતને તે લોકો પ્રમાણ

કરે છે. જ્યારે સ્ત્રીનો આઠ પ્રકારે દૃઢતાથી ત્યાગ રાખે છે ત્યારે તે સાચા ત્યાગી કહેવાય છે. જેટલા ત્યાગી એવા નામથી કહેવાય છે, તે બધા ધન કે ઘરેણાં જેવી કહેવાતી કોઈ વસ્તુને પોતાને માટે ક્યારેય રાખતા-રખાવતા નથી. ૧૦-૧૨.

दोहा : तन लग अपना कबहु जो, त्यागी मानत नाहि;
तन के सबंध तिस विध हि, जानत यह रहाहि...१३
भगवान हि भगवान के, भक्त बिन कोउ दिन;
सबंध न अपना मानहि, त्यागी तब हि प्रवीन...१४

सोरठा : ब्रह्मांड जो अनंत, संपत्ति रहे जितना यह;
विघ्न हि यह देखंत, भगवानहु की बात एक...१५
प्रिय यह लगत रहेउ, ओर जो बात जितनी जब;
अप्रिय होवत तेउ, साचे त्यागी भयेउ यह...१६

પોતાનું શરીર રહે ત્યાં સુધી ત્યાગી ક્યારેય કોઈ વસ્તુને પોતાની માનતા નથી. તે રીતે જ પોતાના શરીરને પણ પોતાનું માનતા નથી. ૧૩. જ્યારે ત્યાગી ભગવાન અને ભગવાનના ભક્ત સિવાય ક્યારેય કોઈનેય પણ પોતાના ન માને ત્યારે તે ખરા નિપુણ ત્યાગી કહેવાય છે. ૧૪. અનંત બ્રહ્માંડોની જેટલી સંપત્તિ છે તે સર્વેને કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ દેખે, અને જેને એક ભગવાનની વાત જ પ્રિય લાગે તથા તે સિવાયની બીજી સર્વે વાતો અપ્રિય થઈ જાય, ત્યારે તે સાચા ત્યાગી થયા કહેવાય. ૧૫-૧૬.

હે શ્રીહરિ ! આપના મતમાં આવી બધી શુભ વાતો રહી છે. આપ સત્પુરુષ પ્રગટ થયા છો, તેને લીધે બધી સાચી વાતની રીત રહી છે. ૧૭. જે પુરુષ જેવો સમર્થ હોય તે તેની વાણીમાં દેખાય છે. વાણી છે તે સહુની પરીક્ષા કરનાર છે. તે પુરુષ જેવો હોય તેવો તેને દેખાડે છે. ૧૮. જે લોકો વ્યભિચારમાં મોક્ષ માનતા હોય છે તેવા મતને અમે અસત્ મત માનીએ છીએ. અને એવા જેટલા મત છે તે બધા નરકના પ્રસિદ્ધ દ્વાર છે. ૧૯. વ્યભિચારીના મતમાં જે બંધાઈને રહ્યા હોય છે તે બધા છતે દેહે નરકમાં પડ્યા છે. ૨૦. તેઓ મનમાં ભલે ચાહે તેમ ફુલાય, પણ તેની ખરી હકીકત

એવી છે કે, વ્યભિચારી માણસ કામવાસના તજ્યા વિના જે ભગવાનનું નામ બોલે છે તે હાથીનાં સ્નાન જેવું છે. માણસ ચાહે તેવી કંઠી અને તિલક કરે, અપાર ભક્તિભાવ દેખાડે, પણ જ્યાં સુધી તે વ્યભિચારનો ત્યાગ કરતો નથી ત્યાં સુધી તેની કરેલી સેવા, પૂજા વગેરે સાધન શેકીને વાવેલાં બીજ જેવા છે. જેને આપનો સત્સંગ થયો હોય તેને આવી સમજણ હોય છે. ૨૧-૨૩.

આ આપની સમજણ સર્વોપરિ છે. અને તેથી જ તમે તેવા સર્વોપરિ કહેવાઓ છો. જે કોઈ મોટા કે નાના કહેવાતા હોય તે સમજણને કારણે હોય છે. ૨૪. જેમાં જેવું ઐશ્વર્ય હોય છે, તે સમજણે કરીને જણાઈ આવે છે. ૨૫. અમારા જેટલા મોટા સાહેબો છે તે ઘણા વિચક્ષણ હોય છે. તેઓ સમજણે કરીને લોકોનું માપ કાઢી લે છે." ૨૬. આ રીતે દુલાપ સાહેબે પ્રગટ શ્રીહરિને ઘણા સમર્થ જાણીને તેમની પાસે ઘણી વાતો કરી. ૨૭.

સાહેબ લોકો જેને સમર્થ સમજે છે તેની કીર્તિ દેશે દેશમાં અને વિલાયત સુધી વધારે છે. ૨૮. તે વિચક્ષણ સાહેબો એવું દેખે છે કે, જે રાજા અને ગુરુ નીતિ વગરના હોય તે ચાહે તેવા મોટા કહેવાતા હોય તોપણ નેત્રહીન રહ્યા છે. ૨૯. જેના વિચારો પ્રજાને સુખી કરવાના રહેતા હોય તેવો રાજા સામાન્ય મનુષ્ય નથી. પ્રજાને સુખી કરનારો રાજા તો દેવ કરતાં પણ અધિક કહેવાય છે. ૩૦. રાજા જેટલું ધન ભેળું કરે છે તે પ્રજાને સુખી કરવાને માટે કરે છે. અને જેટલું લશ્કર અને તોપ વગેરે અગણિત આયુધ રાખે છે તે પણ પ્રજાને સુખી કરવાને માટે રાખે છે. ૩૧. તે કોઈ પણ કામની શરૂઆત કરતા હોય છે તે જે રીતે પ્રજા સુખી થાય તે રીતની હોય છે.

પછી શ્રીહરિ બોલ્યા કે, "જે સર્વોપરિ પરમેશ્વર કહેવાય છે તેમની શક્તિ અપાર હોય છે. તેનો બ્રહ્મા આદિક દેવતાઓ પણ પાર પામતા નથી. પરમેશ્વર તે વિશાળ શક્તિમાંથી કોઈ એક શક્તિ રાજ્ય કરવા નિમિત્તે પ્રેરે છે. ૩૨-૩૩. તે પરમેશ્વરે પ્રેરેલા રાજાની રીત ભરતખંડની રીત કરતાં જુદી છે. પરમેશ્વરે તેમાં એવી કળા પ્રેરી છે કે, કોઈ રાજા ચાહે તેવો હોય તોપણ દાસ થઈને રાત-દિવસ સેવામાં રહે છે. જે તેની મરજીનો લોપ કરે છે તેના

ઉપર તેનો કોપ થાય છે. ૩૪-૩૫. અને તે ભૂમિ ઉપર દેખાતો નથી. તે રાજાની એવી ગતિ હોય છે કે, જેટલા રાજા તેની મરજીમાં વર્તતા હોય તે દેખાય આવે છે." ૩૬.

દુલાપ સાહેબની સાથે આવી વાતો જ્યાં સુધી શ્રીહરિ રહ્યા ત્યાં સુધી રોજ કરતા હતા. ૩૭. દુલાપ સાહેબ પણ શ્રીહરિને સુખ-શાંતિના કુશળ સમાચાર પૂછીને ઘોડો ફેરવતા, અને જેટલામાં સંઘ ઊતર્યો હતો તેની ચારેબાજુ એક આંટો મારતા. અને જ્યાં ચોકી બેસાડી હતી ત્યાં જઈને ચેતવણી આપતા રહેતા હતા. ૩૮-૩૯. શ્રીહરિ જેટલા દિવસ અમદાવાદમાં રહ્યા તેટલા દિવસ સંતોની જ્યારે રસોઈ તૈયાર થાય ત્યારે મંદિરમાં એક વખત આવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિ અને દુલાપ સાહેબે પરસ્પર કરેલી વાતો કહી" એ નામે ઓગણ્યાએંસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર બાવીશમું : તરંગ - ૮૦

શ્રીહરિનાં ચરિત્રોનું શ્રવણ કરવાનો મહિમા

તેરશને દિવસ નથુ ભટ્ટે જલેબી અને મોતીચૂરની રસોઈ કરાવી હતી. ૧. પ્રથમ શ્રીહરિને જમાડીને પછી સંતોને જમાડ્યા. ત્યારબાદ શ્રીહરિની પૂજા કરીને સંતોને પણ પૂજ્યા. ૨. જ્યારે એક પહોર દિવસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને કાંકરિયા સરોવર આવીને ત્યાં સભા કરી. ૩. કાંકરિયા સરોવરે શહેરના અપાર લોકો આવતા અને ફૂલના હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. ૪. જાત જાતના અપાર મેવા લાવીને શ્રીહરિને સમર્પણ કરતા હતા. કારણ કે, ગૃહસ્થોનો 'ખાલી હાથે દર્શન કરવાં ન જવું;' આવો ધર્મ છે. ૫. જે લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા હતા તેના સદ્‌ભાગ્ય તો કહી શકાતા નથી. જે શ્રીહરિની પાસે આવતા તે બધા જમપુરી અને લખચોરાશીથી છૂટી જતા હતા. ૬.

चोपाई :

प्रगट हरि के दरशन करेऊ, देव ताके गुन गावत रहेऊ;
हरि के महिमा रहेउ एसे, देव नहीं कहि सकत हे तैसे...०७
हरि के महिमा जानत जितना, सुख पावत रहेउ जन तितना;
महिमा में कसर रखत हि जेता, सुख में कसर रहत हे तेता...०८

જે લોકો પ્રગટ શ્રીહરિનાં દર્શન કરે છે તેના ગુણોને તો દેવતાઓ પણ ગાતા રહે છે. કારણ કે શ્રીહરિનો મહિમા એવો છે, તેને દેવતાઓ પણ કહી શકતા નથી. ૭. જે મનુષ્યો ભગવાનનો જેટલો મહિમા જાણે છે તેટલું તેને સુખ મળે છે. મહિમા સમજવામાં જેટલી કસર રાખે છે તેટલી તેને સુખમાં કસર રહે છે. ૮.

આનંદાનંદસ્વામીએ કોઈ હરિભક્તને પ્રેરણા કરીને જામનગરના કારીગર પાસે નરનારાયણ નામના અક્ષરોને સોનેરી તારથી શ્યામ રેશમી કાપડમાં વણાવ્યા હતા. તે કાપડની ડગલી અને સુરવાળ કરાવીને ઘણા ઉત્સાહથી શ્રીહરિ પાસે આવીને પહેરાવ્યા અને શ્રીહરિએ તે તરત જ પહેરી લીધા. ૯-૧૦. શ્યામ કાપડમાં શોભતી શ્યામ મૂર્તિ ગોલોકમાં રહેલી મૂર્તિના જેવી લાગતી હતી. તે મૂર્તિનાં દર્શન કરીને હરિભક્તોને ઘણો આનંદ થયો અને 'જય જય જગદ્‌વંદ્ય' એમ બોલતા હતા. ૧૧. સંતો સરોદ અને દોકડ લઈને હોરી તથા વસંતનાં પદ ઘણા હરખથી ગાતા હતા. તે વખતની શ્રીહરિની શોભાનું વર્ણન કવિઓથી પણ કહી શકાતું ન હતું. ૧૨.

તે મૂર્તિની શોભાનું વર્ણન કરતા કવિઓ પણ થાકી જાય એવી મૂર્તિ અદ્‌ભુત હતી. મૂર્તિની તે શોભા અતિ છટાદાર અને ક્ષણે ક્ષણે નવી ને નવી લાગતી હતી. ૧૩. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર મશાલો પ્રગટી, બધા સંતો ઊભા થઈને તે વખતે આરતી બોલ્યા. ૧૪. જ્યારે શ્રીહરિના 'સ્વામિનારાયણ' નામની બધા ધૂન બોલતા હતા ત્યારે તેની છટા ઘણી અદ્‌ભુત બની હતી. તે શબ્દથી આકાશ ભરાઈ ગયો હતો. ૧૫. જેટલા વૃક્ષો, વેલીઓ, સરોવર, નદી, પર્વત, પશુ અને પક્ષી, એ બધા જ માનો તે ધૂનને બોલતા હોય તેવું જણાયું. ૧૬.

શ્રીહરિ જ્યારે જે પુરમાં જઈને ઉત્સવ-સમૈયા કરતા અને જ્યાં પુરની બહાર સભા કરતા ત્યાં જ્યારે ધૂન બોલાવતા, અને જ્યારે કીર્તન બોલતા ત્યારે ઉપર કહ્યું તેમ બધું ભગવાનમય થઈ જતું હતું. ગ્રંથ વધી જવાના ડરથી હું વારે વારે આ બધું કહેતો નથી. ૧૭-૧૮. થોડી બુદ્ધિના મનુષ્યો નાના ગ્રંથને સાંભળવામાં શ્રદ્ધા રાખે છે, પણ જે નાના ગ્રંથોની પ્રશંસા કરે છે તે તો અલ્પ બુદ્ધિવાળા કહેવાય. ૧૯.

※ ભગવદ્વાર્તાનું શ્રવણ કરવાનો મહિમા :

भगवान की बात जो तिनके, विषेई न तिहाँ लग हि इनके;
तिहाँ लग मोक्ष न होत तावू, लखचोराशी भमत रहावू...२०
भगवान की बात हि यह ताके, पुरे विषेई होत जब वाके;
सुनत सुनत भगवान की बाता, मन कबु नहि त्रप्ति रहाता...२१
कल्प लग सुने बात हि जोऊ, तन मन एक हि करीके सोऊ;
तोउ जानत रहे इस रीता, एक पलक भर बात सुनीता...२२

જ્યાં સુધી ભગવાનની વાતના વિષયી-વ્યસની થવાતું નથી ત્યાં સુધી મોક્ષ થતો નથી અને લખચોરાશીમાં ભટકવું પડે છે. ૨૦. જ્યારે ભગવાન સંબંધી વાતના સંપૂર્ણ વિષયી થઈ જવાય છે ત્યારે તે ભગવાનની વાતને સાંભળતાં સાંભળતાં મન ક્યારેય તૃપ્ત થાતું નથી. ૨૧. તન-મનને એકાગ્ર કરીને એક કલ્પ પર્યંત ભગવાનની વાતને સાંભળે તોપણ તેનાં મનમાં એવું લાગે કે, મેં ભગવાનની વાત હજુ એક પલકવાર જ સાંભળી છે. ૨૨. આવો જે ભગવાનનો ઈશક છે તે જ ખરો ઈશક છે. એવા ઈશક-અનુરાગ સિવાય શ્રીહરિમાં પ્રેમ ઉત્પન્ન થાતો નથી. જેમાં કાયમ નરકરૂપ ફળ રહ્યું છે તેવી ગ્રામ્ય વાતોમાં તો લેશમાત્ર પણ સુખ હોતું નથી. ૨૩. ભગવાન સંબંધી વાતને સાંભળતાં સાંભળતાં અનંત કલ્પ વીતી ગયા હોય, તોપણ તે પ્રેમી ભક્તને તે વાતો સાંભળવામાં તૃપ્તિ થાતી નથી. આવી ભગવાનની વાત સહુથી અધિક મહત્ત્વની છે. ૨૪.

ભગવાનની વાતો સાંભળવામાં જેને તૃપ્તિ થઈ જાય અને ક્ષણવાર સાંભળે તેમાં પણ ઊંઘતો રહે તે ભક્ત કેવો ગણાય ? ૨૫. ઠીક છે,

મનુષ્યશરીર પામીને તે ભગવાનને શરણે થયો અને હરિભક્ત આવું નામ ધારણ કર્યું; આટલું તો તેણે કામ કર્યું ! ૨૬. કુસંગને છોડીને ભગવાનના ભક્ત થયા આ વાત કાંઈ થોડી નથી. ક્યાં કુસંગી અને ક્યાં હરિભક્ત ? ૨૭. જે હરિભક્ત થયો તે મોક્ષકારી ઉપદેશને યોગ્ય બને છે. જેટલો કુસંગ છે તે તો જમપુરીનો દરવાજો છે. ૨૮. જે હરિભક્ત થયો છે તે જેવો તેવો હોય, તોપણ થોડો થોડો સત્સંગ કરતાં કરતાં કોઈક જન્મમાં તો તેને ભગવાનની વાતનો અખંડ રંગ એવો લાગશે કે, બીજા બધા રંગ તેને ફિક્કા લાગવા માંડશે. ત્યારે જ તે પૂરો હરિભક્ત કહેવાય. પછી તે ભગવાનની વાતમાં ચિત્તને લગાવે છે. ૨૯-૩૦.

જેનું ચિત્ત ભગવાનની વાત સાંભળવામાં જેટલું લાગે છે તેટલો એ હરિભક્ત થયો છે; તેમ ભગવાનની વાત સાંભળવા ઉપરથી દેખાઈ આવે છે. ૩૧. જે મનુષ્ય ભગવાનની જેટલી વાત સાંભળે છે તેનાં તેટલાં પાપ બળી જાય છે. જેને જેટલો ભાવ હોય તે ભગવદ્‌વાર્તા સાંભળવામાં દેખાઈ આવે છે. ૩૨. ભગવદ્‌વાર્તા સાંભળવામાં જેટલો ભાવ થતો હોય એટલાં તેનાં પાપ બળી ગયાં જાણવાં. નહિ તો તે વિના તેનું ચિત્ત ભગવાનની વાતોમાં લાગે નહિ. **ભગવાનમાં ચિત્ત લગાડવાને માટે ભગવાનનાં આ ચરિત્રો લખ્યાં છે.** ૩૩. કવિતાની રીત જે નથી જાણતા તેને કદાચ ભગવાનનાં આવાં ચરિત્ર લખવાં-સાંભળવામાં સંકોચ થાય, પણ જે કવિતાની રીત જાણે છે તેને શબ્દોના દોષો દેખાતા નથી. ૩૪.

ખરેખર શ્રીહરિનાં ચરિત્ર તો અમૃતનો અપાર સાગર છે. અપાર સાગરમાં હર કોઈ નહાય છે. સાગરને તેનો કોઈ દોષ લાગતો નથી. ૩૫. સાગરમાં જે દોષ દેખાડે છે તે તો મૂરખમાં ખપે છે. જેમ સોનું ગમે તેનું હોય, તેને બ્રાહ્મણ સુધીના પવિત્ર માણસો પણ ગ્રહણ કરે છે. ૩૬. જેમ ગાય અને ભેંશના આંચળમાંથી દૂધ નીકળે છે, તે દૂધને તથા તેમાંથી થયેલા દહીં, માખણ, ઘીને દેવતાઓ અને બ્રાહ્મણો પણ સ્વીકારે છે. ૩૭. તેમ ભગવાન સંબંધી વાત છે તે સહુથી વધારે શુદ્ધ છે. તેને જે ભાવે કરીને કાનથી સાંભળે છે તેના ભાવ ભારોભાર પાપ બળી જાય છે. ૩૮.

જેટલાં પાપ બળી જાય તેટલું અંતઃકરણ શુદ્ધ થાય છે. કોઈ ઘણા ચાંદ્રાયણ કરે, પણ કદાચ તેનાથીય જે પાપ ન બળે તે આવી ભગવદ્‌વાર્તાનું શ્રવણ કરવાથી બળી જાય છે. ૩૯. જે ભગવદ્‌વાર્તાનું શ્રદ્ધાભાવથી શ્રવણ કરે છે તેને ધન ન મળ્યું હોય તો અપાર ધન મળે છે અને બધી ભૂમિનું રાજ્ય પણ મળે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિનાં ચરિત્રોનું શ્રવણ કરવાનો મહિમા કહ્યો" એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર બાવીશમું : તરંગ - ૮૧

દુલાપ સાહેબે શ્રીહરિની ભદ્રમાં પધરામણી કરાવી

મહા વદિ ચૌદશને દિન એક પહોર દિવસ જ્યારે ચઢ્યો ત્યારે ચોપદાર શ્રીહરિને બોલાવવા આવ્યો. ૧. સંઘમાં જેટલા અશ્વ હતા તેના ઉપર પલાણ રાખેલા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને શહેરમાં ચાલ્યા. ૨. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદસ્વામી અને શુકાનંદસ્વામી વગેરે સંતોને ગાડીમાં બેસાડીને શ્રીહરિએ પોતાની સાથે લીધા. ૩-૪. શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અશ્વ ઉપર સોનાનું સુંદર રીતે શણગારેલું પલાણ મૂક્યું હતું. શ્રીહરિ તેના ઉપર બેઠા હતા. મસ્તક ઉપર શ્વેત છત્ર ધારેલું હતું અને છત્રના ઉપર સોનાનો કળશ વિરાજતો હતો. ૫-૬.

રાયપુર દરવાજે થઈને અમદાવાદ શહેરમાં આવ્યા. શ્રીહરિના જે પાર્ષદો હતા તે તેમની આગળ ચાલ્યા. ૭. હાથમાં સોનાની છડી લઈને છડીદારો પણ શ્રીહરિની આગળ 'જય જય...જય જય...' શબ્દ બોલતા ચાલતા હતા. ૮. મહારાજાધિરાજ શ્રીહરિ શહેરના રાજમાર્ગમાં ચાલ્યા આવતા હતા. તે વખતે નગરજનો શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૯. કેટલાક હરિભક્તો શ્રીહરિની સાથે હતા અને કીર્તન બોલતાં હતાં. જ્યારે

શ્રીહરિ માણેકચોકમાં આવ્યા ત્યારે ઊભેલા માણસોનો કોઈ પાર ન હતો. ૧૦. માણેકચોકથી બહાર નીકળતા દુલાપ સાહેબે શ્રીહરિને રાજદરબારમાં પધરાવ્યા. શ્રીહરિની સાથે જેટલા અશ્વ હતા તે બધાને ભદ્ર વિસ્તારમાં ઊભા રાખ્યા. ૧૧. પાર્ષદો અને હરિભક્તો ત્યાં ઊભા રહ્યા. શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ત્યારે સાહેબ કચેરીના બંગલામાં હતા. ૧૨.

શ્રીહરિને આવેલા જોઈને સાહેબ એકદમ સામે આવ્યા. તેમણે અતિશય ખુશ થઈને શ્રીહરિનો હાથ પકડ્યો. ૧૩. જેટલા સંતો શ્રીહરિની સાથે હતા તે બધાને અને દાદા ખાચરને પણ શ્રીહરિએ સાથે લીધા. ૧૪. દરબાર જીવા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, મોકા ખાચર, વસ્તા ખાચર અને દરબાર ઝીણાભાઈ વગેરેને પણ સાથે લીધા. ૧૫-૧૬. પાર્ષદોમાં તો એક ભગુજી શ્રીહરિની સાથે ચાલ્યા. બીજા લોકોને ત્યાં જ રોકી જેટલી જરૂર હતી તેટલાને સાથે લીધા. ૧૭. સાહેબ શ્રીહરિને બંગલાના ઉપરના માળે લઈ ગયા. તે જગ્યા ઘણી સ્વચ્છ હતી અને ઈન્દ્રભવનના જેવી ઊજળી હતી. ૧૮. બંગલાની વચ્ચેના ભાગમાં સોનાનું સિંહાસન હતું. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા અને આગળના ભાગમાં સાહેબ ઊભા રહ્યા. ૧૯.

શ્રીહરિએ તે વખતે ખુરશી મગાવી અને ઘણા હેતથી તેના ઉપર સાહેબને બેસાડ્યા. સંતો અને હરિભક્તો જે સાથે હતા તેમને પણ યોગ્ય રીતે બેસાડ્યા. ૨૦. ત્યાં ઘણી જાતનાં બિલોરી કાચનાં ઝુંમર બાંધી રાખેલા હતા. માણસ જેટલા ઊંચે બિલોરી કાચના તકતા મૂકેલા હતા. ૨૧. બંગલાની ચારેબાજુના ભાગમાં સુરક્ષાની દૃષ્ટિએ ચોકીદારોને ઊભા રાખેલા હતા. અને પોતાની ચારેબાજુ પણ એક એક અંગરક્ષક રાખેલા હતા. ૨૨. શ્રીહરિની ત્યાં જે સભા હતી તે ચારેબાજુથી દેખાતી હતી. પછી સાહેબે શ્રીહરિને કહ્યું કે, “આપને રાજી કરવા માટે મેં અહીં બોલાવ્યા છે. ૨૩. અમે આપના બે નિયમોનું પાલન કરીએ છીએ. અમે ચોરી અને અવેરી કોઈ કરતા નથી. અને જે લોકો ચોરી કરે છે તે જ્યારે પકડાય જાય છે ત્યારે તેણે જેવી ચોરી કરી હોય તેને અનુરૂપ દંડ કરીએ છીએ. અને પગમાં બેડી નાખીને તેની પાસે મજૂરી કરાવીએ છીએ. ૨૪-૨૫. જેટલા દિવસની ટીપ પડી હોય તેટલા

દિવસ પર્યંત તેને બેડોળ કપડાં પહેરાવીએ છીએ અને ખાવાનું આપીએ છીએ. ૨૬. કોઈ માણસની હત્યા કરે તો અમે તે હત્યારાને પકડીને ફાંસી આપીએ છીએ. તેમાં કોઈની મહોબત રાખતા નથી. ભલે તે કોઈ મોટો ધનવાન હોય. ૨૭. વળી કાઠી, કોળી, જત, મિયાણા ઈત્યાદિક જે લોકો બીજાને લૂંટે છે અને ઉદ્ધતાઈથી વર્તે છે. ૨૮. અને તે ચોરી-લૂંટનો ચોથો ભાગ રાજાઓને આપે છે તેથી રાજાઓ પણ કાંઈ બોલતા નથી. તેથી કોઈ દેશ કે કોઈ ગામમાં પ્રજાને કાંઈ સુખ રહ્યું ન હતું. ૨૯. પ્રજા કોની આગળ જઈને રાવ કરે ? રાજા તો રાવ સાંભળતા નહિ. આવી સ્થિતિમાં અમારા સાહેબ લોકોએ પ્રજાને ઘણું દુઃખ હતું તે બધું જોયું. ૩૦.

જેની આગળ રાવ કરે તે લોભથી પરાધીન થયા હોય એટલે કોઈ પ્રજાની રાવ સાંભળતા નહિ. અને અમારા સાહેબ લોકો પ્રજાનાં દુઃખોનું નિવારણ કરવામાં ઘણા હોશિયાર હતા. ૩૧. લોભ અને માનનો ત્યાગ કરીને અમારા સાહેબો મોટા રાજાની સાથે મળતા રહ્યા. તે મોટા રાજાઓને તેના ભાયાતો રાત-દિવસ દબાવતા હતા. ૩૨. તે મોટા રાજાના પણ સાહેબ થઈને અમારા મોટા સાહેબો તે રાજાના ભાયાતોને સમજાવતા કે, 'તમે તમારા ભાઈને અનુસરીને રહો. અનુસરીને રહેવામાં જ ઘણું સુખ છે. અમે તમને વિનંતિ કરીને કહીએ છીએ. ૩૩. છતાં પણ જે અમારું માનતા નહિ ત્યારે અમે રાજાનું પુષ્કળ દુઃખ દેખીને જે ન માને તેને કેદ કરી લેતા અને એવી જગ્યાએ પહોંચાડી દેતા કે ફરીવાર ક્યારેય તે દેખાતા નહિ. ૩૪.

આ રીતે મોટા રાજાની સાથે મળીને અમે ઉદ્ધત લોકોને કેદ કરતા. તેનાથી પ્રજાને અપાર સુખ થયું. તેથી પ્રજા ઘણા પ્યારથી અમને ચાહવા લાગી. ૩૫. અમે પેશવાની મદદમાં રાત-દિવસ રહ્યા, પણ તેણે અમારી જ સાથે દગો કરવાનું વિચાર્યું. કેમ જે, તે પોતે વ્યભિચારી હતા. ૩૬. રાજા માટે પોતાની પ્રજારૂપ સ્ત્રીઓ તો મા, બહેન અને દીકરી જ ગણાય, પરંતુ પેશવા તો તેમાંય કુબુદ્ધિ કરવા લાગ્યો. ૩૭. તે પાપને લીધે તેનાં બધાં તપનો નાશ થયો. પરિણામે જે તેની સહાય કરનારા હતા તેની સાથે જ તેણે દગો કર્યો. ૩૮. જ્યારે પેશવાએ વિશ્વાસઘાત કર્યો એટલે તરત જ

તેનું રાજ્ય ગયું. અને જે પ્રજાની રક્ષા કરતા હતા તેનું રાજ્ય થયું. ૩૯. જ્યારે કોઈ વૃક્ષના મૂળ જ કપાઈ જાય ત્યારે તેની નાની-મોટી ડાળીઓ તો વગર કાપ્યે સહેજે કપાઈ જાય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "દુલાપ સાહેબે શ્રીહરિની ભદ્રમાં પધરામણી કરાવી" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર બાવીશમું : તરંગ - ૮૨

દુલાપ સાહેબની આગળ શ્રીહરિએ ભગવાનનો મહિમા કહ્યો

દુલાપ સાહેબે ફરીને શ્રીહરિ આગળ વાત કરી કે, "મહારાજ, આપની નીતિને દેખીને અમે તેની ઘણી પ્રશંસા કરીએ છીએ. ૧. અત્યારે આ અમદાવાદ શહેરમાં આપના આશ્રિત અપાર મનુષ્યો આવ્યા છે, પણ તે જાણે એક પણ માણસ ન આવ્યા હોય તેમ વ્યવસ્થિત શાંતિથી વર્તે છે. ૨. અત્યારે આપના આશ્રિતો જે રીતે વર્તે છે તે રીતે જ બધા લોકોને તમે ખૂબ પ્યારથી વર્તાવો. અમે તેમાં ઘણા ખુશી છીએ. ૩. જેટલો જનસમુદાય છે તેને આપ (સુનોરમાં) વ્યવસ્થિત વર્તાવો. લોકોમાંથી ઉદ્ધતાઈને કઢાવી નાખો. અમે તો તેને માટે કરોડોનું ધન ખરચીએ છીએ. ૪.

✵ સાચી કરામત એક શ્રીહરિમાં છે :

તમે સત્સંગની વાતો કરીને લોકોને જેટલા વ્યવસ્થિત ચલાવો છો તેટલા અમારાં ધનથી કોઈ વ્યવસ્થિત ચાલતા નથી. તે માટેની આપનામાં જે કરામત(જાદુટોના) છે તે અમને હેતથી શીખવાડો." ૫. ત્યારે શ્રીહરિ બોલ્યા, "જે કોઈ કરામત કહેવાય છે તેને અમે સાચી માનતા નથી. અમે તો ઈશ્વરને માનીએ છીએ. ૬.

चोपाई :

करामत कहावत ही जेती, ईश्वर तामें रहाये तेती;
ईश्वर कु भजत रहे तिनमें, ईश्वर दैवत देवत इनमें...०७

ईश्वर रहेउ अंतरजामी, सबकु देखत रहे बहुनामी;
मनुष्य तन जन करत रहे जेसा, ताकु फल देवत रहे तेसा...०८
करत तेसे फल देत हे ताई, अंतरजामी ईश्वर जाई;
ईश्वर जन से रहत न दूरा, जन के अंतर रहत हजूरा...०९

જેટલી કરામત કહેવાય છે તે પરમેશ્વરમાં રહેલી છે. અને જે તેમને ભજે છે તેને પરમેશ્વર દૈવત આપે છે. ૭. પરમેશ્વર તો અંતર્યામી છે અને તે બહુનામી સહુને દેખે છે. મનુષ્યદેહથી માણસ જે કાંઈ પણ કર્મ કરે છે તેનું તેવું ફળ પરમેશ્વર તેને આપે છે. ૮. અંતર્યામી પરમેશ્વર જીવ જેવું કર્મ કરે છે તેને તેવું ફળ આપે છે. ઈશ્વર મનુષ્યથી દૂર રહેતા નથી. માણસના હૃદયમાં હજૂર જ રહે છે. ૯. તે પરમેશ્વર બહાર દેખાતા નથી. પ્રયત્ન કરે તો અંતરમાં દેખાય છે. જે પરમેશ્વર અંતરમાં રહ્યા છે તે પોતાની ઈચ્છાથી ઘણી વખત મનુષ્યાકૃતિને ધારણ કરે છે, પણ તેમને ઓળખવા તે ઘણું કઠણ કામ છે. એક વાતથી તે ઓળખી શકાય છે. તેનું અમે લક્ષણ કહીએ છીએ. ૧૦-૧૧.

સોનું અને પિત્તળ એકસરખા હોય છે, પણ જ્યારે તે બંનેને અગ્નિ વિશે મૂકવામાં આવે છે ત્યારે સોનું આગના જેવું ચમકે છે અને પિત્તળ તરત શ્યામ પડી જાય છે. ૧૨. **જગતમાં જેટલા પદાર્થ છે તે કોઈ માટે ભગવાન ક્યારેય દીન નથી થાતા. અર્થાત્ તે પદાર્થમાં ક્યારેય બંધાઈ જાતા નથી. પદાર્થમાત્રને તુચ્છ કરીને દેખે છે. સહેજે મળે તેને ગ્રહણ કરે છે. ૧૩.** જેટલાં પદાર્થ કહેવાય છે તે બધાં પરમેશ્વરના જ છે. માણસ તો તેમની મરજી હોય ત્યાં સુધી તે પદાર્થોને ભોગવે છે, પણ તેમાં તે બંધાય જાય છે. ૧૪. પરંતુ શરીર સંબંધી કે બ્રહ્માંડ સંબંધી કોઈ પણ પદાર્થ અને વિષયોમાં પરમેશ્વર ક્યારેય બંધાતા નથી. તેઓ તો બંધાયેલા માણસને પણ છોડાવી દે છે. ૧૫. **તે પરમેશ્વર મનુષ્યચરિત્ર કરવા માટે મનુષ્યની રીતે વર્તે છે. તેણે કરીને તે બધાને ઓળખાતા નથી. પરંતુ તેમાં રહેલો દિવ્યભાવ જે ભક્ત હોય તેને દેખાય છે. ૧૬.**

ભગવાન જો અભક્ત જીવને દિવ્યભાવ દેખાડે છે, તોપણ તેને પરમેશ્વરપણાનો નિશ્ચય થાતો નથી. શ્રીકૃષ્ણ છે તે નિશ્ચિત ભગવાન છે. ૧૭. તેમણે વસુદેવજી અને દેવકીજીને પ્રથમ જન્મ સમયે દિવ્યભાવ દેખાડ્યો. બંનેએ તેમની સ્તુતિ કરી. ૧૮. વસુદેવજીની લોઢાની બેડી ખૂલી ગઈ અને દરવાજાનાં તાળાં પણ ખૂલી ગયા. પછી વસુદેવજી શ્રીકૃષ્ણ ભગવાનને લઈને ગોકુળ જવા ચાલ્યા ત્યારે યમુનાજીએ તેમને માગ આપ્યો. ગોકુળમાં મધરાતે આવ્યા. દેવીનો જન્મ થયો તેને યશોદાજી જાણતા ન હતા. ૧૯-૨૦. વસુદેવજી તેને જાણતા હતા. તેઓ ગુપચુપ નંદજીને ઘેર આવ્યા. ત્યાં યશોદાજી સૂતા હતા. ભગવાને ત્યાં અજવાળું કર્યું. ૨૧. પછી વસુદેવજીએ કન્યારૂપ દેવીને ઉઠાવી લીધા અને ત્યાં ભગવાનને મૂકી દીધા. વસુદેવજી જ્યારે મથુરા આવ્યા ત્યારે ચંદ્ર ઉદય થયો હતો. ૨૨. ભગવાન બાળકની જેમ રડવા લાગ્યા ત્યારે તરત યશોદાજી જાગ્યા. પછી તેણે પુત્રને દેખ્યા ત્યારે દિલમાં ન કહી શકાય તેવો અપાર આનંદ થયો. ૨૩.

નંદજીને ત્યાં પુત્રનો જન્મ થયો હોવાથી ઘેર ઘેર આનંદ થયો. આ બાજુ વસુદેવજી કન્યારૂપ દેવીને મથુરામાં જ્યારે લાવ્યા ત્યારે તે કન્યાને દેવકીની સમીપે મૂકી એટલે તરત જ બંધન જેવા હતા તેવા થઈ ગયા અને કન્યા રડવા લાગી. ૨૪-૨૫. તેથી કંસના જેટલા નોકર-ચાકરો ચોકી કરી રહ્યા હતા તે તરત જાગી ગયા. અને તે સહુએ જઈને કંસને બાળકના જન્મની વાત સંભળાવી. ૨૬. બાળજન્મને સાંભળીને કંસ દોડીને ત્યાં આવ્યો. કન્યાને પોતાની શત્રુ ધારીને હાથમાં પકડી. ૨૭. દેવકીજી રડવા લાગ્યા છતાં કંસને દયા ન આવી. કંસે કન્યાને પથ્થર ઉપર પછાડવા ઊંચી કરી, પણ તે તરત જ હાથમાંથી છટકી ગઈ. ૨૮. તે કન્યા આકાશમાં ઊંચે ઊડી ગઈ અને અષ્ટ ભુજાવાળી દેવીરૂપે થઈને કંસને દર્શન દીધાં અને બોલી કે, 'તારો શત્રુ અત્યારે પ્રગટ થઈ ચૂક્યો છે. ૨૯. તારે બચવાનો જેટલો પ્રયત્ન કરવો હોય તેટલો કરી લે. તે આવીને તને ચોક્કસ મારશે. પછી તો કંસ પોતે અને પૂતના ઇત્યાદિક તેના સાથીદારો બચવાના જેટલા ઉપાય જાણતા હતા તે બધા કરવા લાગ્યા. ૩૦. તેમણે જેટલા બચવાના

ઉપાયો કર્યા તે બધા નિષ્ફળ ગયા. છતાં કંસને ભગવાનનો નિશ્ચય થયો નહિ. માટે અભક્ત હોય તેને પરમાત્મા દિવ્યભાવ દેખાડે, તોપણ તેને ભગવાનપણાનો નિશ્ચય થાતો નથી. ૩૧.

ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળમાં અગિયાર વર્ષ સુધી રહ્યા ત્યારે ગોવાળોને પોતાનો અપાર પ્રતાપ દેખાડ્યો હતો. તે વેળાએ બ્રહ્મા અને ઈન્દ્ર સરખાને પણ ભગવાનનાં ચરિત્રમાં ઘણો મોહ થયો હતો. અક્રૂરે તો ઘણાં અનુપમ ઐશ્વર્ય દેખ્યાં હતાં. વળી, ભગવાને મહાન ભૂપ કંસને માર્યો તે પણ દેખ્યું હતું. ૩૨-૩૩. આવો મહાન પ્રતાપ અક્રૂરે દેખ્યો હોવા છતાં તે ભૂલી ગયા અને તેણે મણિ ચોરીને રાખ્યો. પરંતુ ઉદ્ધવજી અને અર્જુનને કોઈ વાતનો સંશય થયો હોય તેવું સંભળાતું નથી. ૩૪. તેમ જ ભગવાને ફાવે તેવાં ચરિત્ર કર્યાં, તોપણ ગોપીઓને સંશય ન થયો. માટે મનુષ્યની જેમ વર્તતા ભગવાનનો નિશ્ચય કરવો ઘણું કઠણ છે. ૩૫. એક વખત ભગવાનનો નિશ્ચય થયા પછી જે નિશ્ચય મટી જાય છે તે નિશ્ચય થયો ન ગણાય. નિશ્ચયમાં જેટલું કપટ, કહેતાં દંભ રાખવામાં આવે છે તે દેખાયા વિના રહેતું નથી. ૩૬.

ભગવાન પોતે જ્યારે પોતાના ધામથી આ ભૂમિ ઉપર આવે છે ત્યારે ધામના શક્તિશાળી મુક્તોને પણ સાથે લાવે છે. તે મુક્તો જે રીતે પ્રગટ ભગવાનને જાણતા હોય છે તે પુનિત વાતને બીજા આગળ કહે છે. તેણે કરીને પ્રગટ ભગવાનનો નિશ્ચય થાય છે. ૩૭-૩૮. તેમજ જે પૂરા જ્યોતિષી હોય તે ભગવાનની જન્મકુંડળીને દેખીને પારખી લે છે કે, આ જગતના માલિકે જન્મ લીધો છે. ૩૯. વળી, તેમણે જે હેતુને માટે જન્મ લીધો હોય તેને પણ તે જ્યોતિષી કહી દે છે. તેથી તે વખતે જ લોકો આ ભગવાન છે તેમ ઓળખી શકે છે.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “દુલાપ સાહેબની આગળ શ્રીહરિએ ભગવાનનો મહિમા કહ્યો” એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર બાવીશમું : તરંગ - ૮૩

સાહેબે શ્રીહરિની પાસે સંપ્રદાયનો અને સંતોનો આશ્ચર્યજનક મહિમા કહ્યો

દુલાપ સાહેબે શ્રીહરિને કહ્યું કે, "અયોધ્યાની પાસે સરયુને સામે કિનારે છપૈયા જમીનદાર વિપ્રોનું ગામ છે. બમનીપાહર ગામના અદ્‌ભુતસિંહ રાજાનું આ અનુપમ છપૈયા ગામ હતું. ૧-૨. તે છપૈયામાં આપના પિતાજી હરિપ્રસાદજીનો વિવાહ કર્યો અને પછી તેમને ત્યાં જ રાખ્યા. તે હરિપ્રસાદજીને ત્રણ પુત્ર થયા. તેમાં આપ વચેટ છો. અને જ્યારે આપને વૈરાગ્ય થયો ત્યારે ચાલતા થયા. ૩-૪. આપને ભગવાન સિવાયની બધી બાબતો અસત્ય દેખાણી અને ભગવાનની વાતમાં જ અધિક લાભ દેખાયો. ૫. આપ ઈટાર પાંડે સરવરિયા(સરયૂપારીણ) વિપ્ર છો, એમ મેં સાંભળ્યું છે. સરવરિયા વિપ્રમાં ત્રણ, તેર અને સોળ ઘર ઉત્તમ ગણાય છે. ૬.

આપના પિતા તે તેર ઘરમાં ઘણા ઉત્તમ હતા. સરવાર દેશમાં જે વિપ્રો કંઠી ધારણ કરે છે તેની વૃત્તિ ઉત્તમ કહેવાય છે. તે કોઈ જીવની હિંસા કરતા નથી. પણ જેટલા રુદ્રાક્ષ ધારણ કરે છે તે બધા દેવીના ભક્ત કહેવાય છે. ૭-૮. તેમને દેવીનો પ્રસાદ લેવામાં શંકા થતી નથી. તે વિપ્રો હથિયાર ધારણ કરીને રાજાની નોકરીમાં રહે છે. ૯. તેઓ ક્યારેય ખેતી કરતા નથી અને ભૂખ્યા મરે, તોપણ કોઈની પાસે માગતા નથી. દેશમાં અન્ન ન મળવાથી દુઃખી થાય તો પરદેશમાં જઈને નોકરી કરે છે. ૧૦. નોકરી કરવામાં તેને નાનપ દેખાતી નથી, પણ ભીખ માગવામાં તેને નાનપ દેખાય છે. જે ભગવાનના ભક્ત થાય છે તેને હિંસા થતી હોય તેવા દેશમાં ગમતું નથી. ૧૧. **આપ પ્રગટ થયા છો તેને લીધે હિંસાપ્રધાન દેશ પણ ઉત્તમ કર્યો છે. તમારે કારણે આ દેશ એવો તીર્થરૂપ થયો છે કે, ત્રિલોકીમાં એના જેવો કોઈ દેશ નથી. ૧૨.**

આપના પ્રતાપથી અમને આપનું જ્ઞાન થયું છે. અને અમે જે જાણીએ છીએ તેવું અજ્ઞાનીને ભાન હોતું નથી. ૧૩. બધા અજ્ઞાનીઓ તો અજ્ઞાનથી

ભર્યા છે. તેઓ મનમાં આવે તેમ બોલે છે. અને સત્યને પણ અસત્ય કરીને માને તેવા છે. ૧૪. તે બધા અજ્ઞાની લોકોને તો હવે અમે શિક્ષા કરનારા શિક્ષક થયા છીએ. તેથી કોઈ કાંઈ બોલતા નથી.

કેમ જે, તેઓને અમારી પાસે ઘણો સ્વાર્થ રહ્યો હોય છે. ૧૫. જેટલા અજ્ઞાનીઓ છે તે પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા માટે થઈને કાંઈ બોલી શકતા નથી. બધા જ પોતાના સ્વાર્થથી દબાઈ રહ્યા છે. ૧૬. જે અજ્ઞાની લોકો છે તેમને સ્વાર્થનો વધારે ખપ હોય છે. અને જે મોક્ષના ખપવાળા છે તે લોકો તો આપનો સત્સંગ કરે છે. તેઓ આપના સમાન બીજા કોઈને દેખતા નથી. આપ તો કલ્યાણની મૂર્તિ ધારીને આવ્યા છો. ૧૭-૧૮. જે લોકો જેટલી આપની સેવા કરશે તેટલું તેને ફરીવાર દુઃખ જોવું જ નહીં પડે. આપ અલૌકિક મૂર્તિ ધરીને આવ્યા છો. તે અમે પાખંડીઓની આગળ કબુલ કરાવીએ છીએ. ૧૯.

❋ દુલાપ સાહેબે કહેલી સાચા સંતની મહત્તા :

આપના જે સંતો છે તે બધા આપનાં વચન પ્રમાણે સ્ત્રી અને ધનથી દૂર રહે છે. તેમાં કોઈ દંભ કરતા નથી. ૨૦. સ્ત્રી અને ધનથી દૂર રહે તેવા સંત આજ સુધી અમે કોઈ સાંભળ્યા નથી, પણ તેવા આપના સંતોને આજ અમે નજરે દેખીએ છીએ. એવા અદ્‌ભુત સંતો આપે કર્યા છે. ૨૧. સ્ત્રી અને ધનથી દૂર રહેનારા સંતોથી બીજા કોઈને હું વધારે સમર્થ માનતો નથી. આ બે વાતે કરીને આપનો અવતાર સહુથી પર થયો છે, તે વાત ચોક્કસ છે. ૨૨. **આવા કરોડો બ્રહ્માંડને રચે તેવા સમર્થની કોઈ ખોટ નથી, પણ સ્ત્રી અને ધનનો સંગ્રહ ન કરે તેવા મહાપુરુષ તો વારંવાર થશે નહીં. ૨૩.** આવા સંતો જે થયા તે એકવાર થઈ ગયા. આ વખતે આવી બાબત સહુથી પર થઈ છે.” દુલાપ સાહેબે આટલી વાત કરી.

પછી તરત પૂજા કરવા આવ્યા. ૨૪. તેમણે શ્રીહરિને ગુલાબના હાર પહેરાવ્યા અને સરસ શાલ ઓઢાડી. અપાર મેવા ધરાવ્યા. શ્રીહરિની સાથે

જે આવ્યા હતા તે સહુને ઘણા ભાવથી ફૂલના હાર પહેરાવ્યા અને શ્રીહરિને કહેવા લાગ્યા કે, ૨૫-૨૬. **“જે નિર્દોષમાં પણ અનેક દોષની કલ્પના કરે છે તે ઘણા મોટા અપરાધ કરે છે. તેનું કોઈ રીતે નિવારણ થતું નથી. ૨૭. માટે આપ જેવા મહાપુરુષનો અપરાધ મારાથી કોઈ દિવસ ન થાય તેવું હું માગું છું. તો આપ દીનદયાળુ મને તે વર પ્રેમથી આપો.” ૨૮.**

શ્રીહરિએ દુલાપ સાહેબને કહ્યું, “અત્યારે તમારી જેવી નીતિ છે તે નીતિને અનુસારે તમે વર્તજો. જે નીતિ અનુસારે વર્તે છે તે વધારે ને વધારે અપાર મોટપને પામે છે. માટે ક્યારેય નીતિને ભૂલવી નહિ. જેટલો નીતિનો ત્યાગ કરી દેવામાં આવે છે તેના ઉપર પરમેશ્વરનો તરત જ કોપ થાય છે, અને તેનો બધો અધિકાર છૂટી જાય છે. જેટલી શુભ બાબત કરવામાં આવે છે તેની તેટલી શુભ કીર્તિ વધતી રહે છે. ૨૯-૩૧. જેટલી કોઈ શુભ વાત કરે છે અર્થાત્ સાચે રસ્તે ચાલે છે તેટલો તેના ઉપર પરમેશ્વરનો અનુગ્રહ રહે છે. અને શુભ વાતને ઉલ્લંઘીને જે અશુભ માર્ગે ચાલે છે તેના ઉપર પરમેશ્વરનો કોપ થાય છે, તે ઓળખવો જોઈએ. ૩૨. **જ્યારે ઈશ્વરનો કોપ થાય છે ત્યારે તે મનુષ્ય કોઈની વાત માનતો નથી. ભગવાન આટલું કરતા રહે છે પણ તે ભગવાન કોઈકને દેખ્યામાં-સમજ્યામાં આવે છે. પરંતુ જેમ અગ્નિ જતો રહે પછી ફક્ત ધૂમાડો વધે એવું તે થયું કહેવાય.** અર્થાત્ પ્રભુનો કોપ તો થઈ ગયો છે. હવે ફક્ત પસ્તાવો કરવાનો રહ્યો. એમાં પણ જેને પરમેશ્વરનું જ્ઞાન નથી તેને તો ભગવાન આટલું કરે છતાં ભગવાનનો કોપ દેખાતો નથી.” ૩૩-૩૪

ત્યારે સાહેબે કહ્યું, “આપે સાચી વાત કહી છે. તે વાત અમારા દિલમાં ઊતરી ગઈ છે. અમારા બધા સાહેબ લોકો છે તે અમે સાર સાર વાતને ગ્રહણ કરીએ છીએ અને અસારને ગ્રહણ કરતા નથી, તેનો ત્યાગ કરી દઈએ છીએ.” પછી શ્રીહરિ ત્યાંથી ઊઠીને ચાલ્યા અને આવીને અશ્વ ઉપર બેઠા. ૩૫-૩૬. સાહેબ ત્યાં સુધી શ્રીહરિની સાથે સાથે આવ્યા. શ્રીહરિ ચાલતા થયા ત્યાં સુધી તેઓ ત્યાં જ ઊભા રહ્યા. ૩૭. શ્રીહરિ જ્યારે ભદ્રથી બહાર આવ્યા તે વખતે સાહેબ પોતાની ખુરશી ઉપર બેઠા. ૩૮. શ્રીહરિ રાજમાર્ગ ઉપર થઈને મંદિરમાં આવ્યા, અશ્વ ઉપરથી ઊતર્યા

અને પછી જઈને સ્નાન કર્યું. ૩૯. શુદ્ધ આસન ઉપર બેસીને દેવની પૂજા કરી. તે સમયે રસોઈ તૈયાર થઈ અને શ્રીહરિ જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સાહેબે શ્રીહરિની પાસે સંપ્રદાયનો અને સંતોનો આશ્ચર્યજનક મહિમા કહ્યો" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર બાવીશમું : તરંગ - ૮૪

લાલદાસ ગોરાની રસોઈ જમ્યા પછી શ્રીહરિએ કાંકરિયા સરોવરે સભા કરી

લાલદાસ ગોરા નામે એક હરિભક્ત હતા, તેનું શરીર ગૌરવર્ણનું હતું. આજે તેની રસોઈ હતી. તેમાં બરફી અને પેંડા કર્યા હતા. ૧. ભજિયાં, વડાં, રાઈતું, સૂરણ, રતાળું આદિકના શાક કરાવ્યા હતા. તેમનો ભાવ ઘણો સરસ હતો. ૨. મંદિરની આગળના ભાગમાં વિશાળ ચોક હતો. તે બધો લીંપાવીને તેમાં રંગોળી પૂરાવી હતી. કેળનો બાગ બનાવ્યો હતો. કેળની વચ્ચે ફૂલ સહિતના હજારી રોપા રોપાવ્યા હતા. તેમાં સંતોની પંક્તિ કરી. ૩-૪. લાલદાસભાઈ કેસરયુક્ત સુગંધી ચંદન પ્રેમથી લાવ્યા. તેનો સોનેરી કટોરો ભર્યો હતો. તેનાથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૫. કેસરયુક્ત ચંદન હતું તેની અર્ચા પહેલા લલાટમાં અતિ હેતથી કરી. શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા. મૂર્તિ સોહામણી લાગતી હતી. ૬.

લાલ રંગનું પીતાંબર પહેર્યું હતું. તેની કોર જરીદાર હતી. કપાળમાં અનુપમ સુંદર કુંકુમનો ચાંદલો તે વખતે કર્યો. ૭. બંને ભુજાઓ ઉપર ચંદન ચરચ્યું. પેટ, છાતી અને કંઠ સુધી ચંદન ચરચ્યું. પીઠ, સાથળ, ઘૂંટણ, પીંડીઓ અને ચરણોના ઉપર ઘણા હરખથી ચંદન ચરચ્યું. ૮. ઉદાર ભાવનાવાળા તે ભક્તે કંઠમાં ગુલાબના સારા હાર પહેરાવ્યા. ગુલાબના બાજુબંધ અને પહોંચી પણ બંને ભુજાઓમાં બાંધ્યા. ૯. સફેદ ફૂલથી બનાવેલો ખૂંપ(પરણવા જતા વરને માથે પહેરાવાતો ફૂલનો શણગાર) મસ્તક ઉપર મૂક્યો. ફૂલના

ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા. શ્રીહરિ મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૧૦. ધૂપ અને દીપ કરીને આરતી કરી. ભક્તજનો મુખથી 'જય જય...જય જય...' બોલતા હતા. જ્યારે આરતી કરી રહ્યા ત્યારે સંતોની પૂજા કરવા લાગ્યા. ૧૧. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીની પહેલા પૂજા કરી. નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, આ બધા જે સંતો તથા વર્ણીઓ હતા તે બધાની ચંદનથી પૂજા કરી. ૧૨-૧૩. ચંદન ચરચ્યા પછી વિવિધ પ્રકારના ઘણી જાતના ફૂલના હાર પહેરાવ્યા. ૧૪.

❋ શ્રીહરિની પીરસણ લીલાનું અલૌકિક દર્શન :

પછી અગરબત્તીનો ધૂપ કર્યો અને સહુ સ્વામિનારાયણ નામની ધૂન હરખથી બોલવા લાગ્યા. ૧૫. પ્રત્યેક સંતની આગળ અગરબત્તીનો ધૂપ કર્યો હતો. તેનો ચારેબાજુ સુગંધ વ્યાપી ગયો હતો. પછી શ્રીહરિ ઉમંગથી સંતોને પીરસવા ઊઠ્યા. ૧૬. શ્રીહરિએ પહેલા બરફી પીરસી. બરફી પીરસી રહ્યા પછી પેંડા પીરસવા લાગ્યા. પેંડા મોટા મોટા હતા. બરફી અને પેંડા સિવાયની બીજી જે રસોઈ હતી તેને સંતો પીરસતા હતા. બધાં જ ભોજનો જ્યારે પીરસાઈ રહ્યા ત્યારે 'નારાયણ હરે..' આવું બોલીને શ્રીહરિએ સહુને જમવાની રજા આપી. સંતો પ્રસન્નતાથી જમવા લાગ્યા. ૧૭-૧૯. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પોતે બરફી અને પેંડા પીરસતા રહ્યા. પીરસવામાં શ્રીહરિનો ઘણો ઉત્સાહ દેખાતો હતો. ૨૦.

જેમ કોઈવાર પોતાના ઘણા વહાલા સંબંધી ખૂબ દૂરથી આવ્યા હોય અને તેના ઉપર જેવો હેતનો ઉત્સાહ આવી જાય, તેવો શ્રીહરિને સંતોને પીરસવામાં ઉત્સાહ રહેતો હતો. જ્યારે જ્યારે શ્રીહરિ સંતોને પીરસવા આવતા ત્યારે શ્રીહરિને અધિક અધિક ઉત્સાહ વર્તતો હતો. સંતો ઉપર જેવું હેત હતું તે શ્રીહરિ પીરસવામાં દેખાડતા હતા. કેમ જે, જેને જેના ઉપર હૃદયમાં ઘણો પ્રેમ હોય તે ભોજન જમાડતા હોય ત્યારે તેમાં છુપાયો રહેતો નથી. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. ૨૧-૨૪. શ્રીહરિ ત્રીજા પહોરે કાંકરિયા સરોવરે અશ્વ ઉપર બેસીને આવ્યા. તે વખતે

મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૨૫. શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરીને મંચ ઉપર બેઠા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વાજિંત્ર લઈને વસંત અને હોરીનાં પદ ગાવાં લાગ્યાં. પ્રેમાનંદસ્વામી પણ તેનાં પદ ઘણાં પ્રેમથી ગાતાં હતાં. ૨૬-૨૭. જેટલા સંતો અને હરિભક્તો હતા તે સહુની સભા બેઠી હતી. શહેરના લોકો લગાતાર આવતા-જતા રહેતા હતા. ૨૮.

બધા ફૂલના હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. કેટલાયે મેવા અને મીઠાઈ પણ લાવતા હતા, જેનો ગણે પાર આવતો નથી. ૨૯. કાંકરિયાની બાજુનું વન અને શહેર, બધું એક થઈ ગયું હોય તેવું દેખાતું હતું. સંધ્યા સમય સુધી આવું બધું રહેતું હતું. જેને દેખીને મતપંથીઓ અંતરમાં બળી મરતા હતા. ૩૦. જેટલા ખોટા ગુરુ બની બેઠા હતા તેના અંતરમાં તો સુખ નહોતું. જેટલું ચાલતું તેટલા શ્રીહરિના વિરોધમાં તેઓ ઉપાયો કરતા હતા. પણ તેના બધા જ પ્રયત્નો નિષ્ફળ થઈ જતા હતા. ૩૧. તેથી તેઓ પોતપોતાના ઈષ્ટદેવનું તત્પર થઈને પૂજન કરવા લાગ્યા. જે જે દેવતાની જે રીતની પૂજા હોય તે રીતે વિધિ સહિત કરવા લાગ્યા. ૩૨. પણ તેના ઈષ્ટદેવ તેને કાંઈ મદદ કરતા નહિ. છેવટે મનમાં પસ્તાઈને બેસી રહેતા. શ્રીહરિ જેટલા દિવસ અમદાવાદમાં રહ્યા તેટલા દિવસ તે મિથ્યા ગુરુઓને ઊંઘ ન આવી. ૩૩. સત્સંગની મહત્તા દેખીને તે મિથ્યા ગુરુઓને ખાવાનું ભાવતું નહિ, પણ જે શુદ્ધ બુદ્ધિના મનુષ્યો હતા તે તો સત્સંગને કાયમ ચાહતા હતા. ૩૪.

જેમ જેને સારી શુદ્ધ વાત ગમે તેનાથી દૈવીજનો દેખાઈ આવે છે. અને સારી શુદ્ધ વાત ઉપર પણ જે વૈર રાખે તેનાથી તેઓ આસુરી છે એમ દેખાઈ આવે છે. ૩૫. જેને ચોરી અને વ્યભિચાર કરવો હોય તેને અજવાળી રાત ગમે નહિ. તે રીતે જ જેને અધર્મને માર્ગે ચાલવું હોય તેને સત્સંગની મોટાઈ ગમે નહિ, પણ તેવા લોકોને નહિ ગમવાથી સત્સંગની મોટાઈ કોઈ દિવસ મટી જાતી નથી. તે મોટાઈ તો વધારે વધારે વધતી જાય છે. ૩૬-૩૭. જેમાં જેટલું વધારે દૈવત હોય તેનાં મૂળ પણ તેવા જ સહજ રીતે વધારે મજબૂત હોય છે અને તે કોઈ રીતે ટળતા નથી. ૩૮. **જેમાં અંદર અને બહાર જેટલો ધર્મ રહેતો હોય તેમાં તેટલું દૈવત વધારે ને વધારે**

રહેતું હોય છે. ૩૯. જે લોકો અધર્મને ધર્મ માનીને તે પ્રમાણે વર્તતા હોય છે પરંતુ તેમાં જેટલો અધર્મ હોય તેટલા તે ઘટતા જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "લાલદાસ ગોરાની રસોઈ જમ્યા પછી શ્રીહરિએ કાંકરિયા સરોવરે સભા કરી" એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર બાવીશમું : તરંગ - ૮૫

શ્રીહરિના સ્વરૂપમાં અનંત સુખ દેખીને ચિત્રકેતુ આદિકે કરેલ રાજ્યત્યાગ

શ્રીહરિને પોઢવા માટે ત્યાં એક ઘણો સુંદર તંબુ ખડો કર્યો હતો. અને તેમાં જઈને શ્રીહરિ પોઢતા હતા. ૧. અમાસને દિવસ સૂર્યોદય થતા શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. ઠંડી ઘણી લાગતી હતી. સંતો, વર્ણી, સંન્યાસીઓ અને બધા હરિભક્તો સ્નાન તથા પૂજાપાઠ કરીને સભામાં આવીને બેઠા. અને સંતો ગરબી રાગનાં પદ બોલવા લાગ્યા. તેની શોભા કહી શકાતી નથી. ૨-૪. જ્યાં શ્રીહરિ દર્શન આપતાં હોય ત્યાં મહાન આનંદોત્સવ થતો હતો. આ આનંદથી કોઈ વધારે આનંદ હતો નહિ. ૫. એટલે તે વખતે અપરંપાર આનંદ રહેતો હતો. જેવો આનંદ થતો તે કહી શકાતો નથી. ૬. જેવો અક્ષરધામમાં અખંડ આનંદ રહેતો હોય છે તેવો આનંદ શ્રીહરિ જ્યાં સુધી અમદાવાદમાં રહ્યા ત્યાં સુધી રહ્યો. ૭.

✵ શ્રીહરિના સંબંધનો આનંદ અને અન્ય આનંદનો તફાવત :

चोपाई :

जिहाँ जिहाँ हरि विचरत जाही, तिहाँ तिहाँ आनंद हि ताही;
अक्षरधाम जो ताकी रीता, वरतत रहाये तेसी रीता...०८

हरि में आनंद अति रहाता, ओर आनंद जेते कहाता;
सूर्य आगे पतंग हि जीमि, देखावत रहायेउ तीमि...०९

हरि के आनंद आगे जेते, अवर आनंद रहाये तेते;
चिंतामणि काच महिं जेहा, फरक जेसे रहाये तेहा...१०

આમ તો શ્રીહરિ જ્યાં જ્યાં વિચરણ કરતા ત્યાં ત્યાં અક્ષરધામમાં જેવો આનંદ હોય તેવો આનંદ રહેતો હતો. કેમ જે, શ્રીહરિના સ્વરૂપમાં અત્યંત આનંદ રહેલો છે. આ આનંદની આગળ બીજા જે કોઈ આનંદ કહેવાય છે તે તો સૂર્યની આગળ પતંગિયાં જેવા દેખાતા હતા. ૮-૯. શ્રીહરિના આનંદમાં અને બીજા બધા આનંદમાં તો ચિંતામણિ તથા કાચના ટુકડા જેટલો ફરક છે. ૧૦. સોનું અને પિત્તળમાં જેવો ફરક છે તેવો તફાવત શ્રીહરિ સંબંધી આનંદમાં અને બીજા આનંદમાં છે. ૧૧. **કારણ કે, અનંત કોટિ બ્રહ્માંડની જે સમૃદ્ધિ છે તે શ્રીહરિના એક રોમના આનંદની તુલનામાં પણ કાંઈ દેખાતી નથી. ૧૨.**

શ્રીહરિના સ્વરૂપમાં જે ખરેખર સાચો, અવિચળ અને અપાર આનંદ રહ્યો છે તે મંદબુદ્ધિના લોકોને દેખાતો નથી. ૧૩. (ગોપીચંદ નામના રાજાએ) શ્રીહરિના સ્વરૂપનો એવો આનંદ લેવા માટે સોળસો સ્ત્રીઓ, અઢાર લાખ ઘોડા તથા બે લાખ શહેરનો પણ ત્યાગ કરી દીધો હતો. ૧૪. તથા ચિત્રકેતુ રાજાએ ભગવાનને રાજી કરવા માટે કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો હતો. ૧૫. સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રત રાજાનું સાત સમુદ્ર પર્યંત રાજ્ય હતું. છતાં તેમણે ભગવાનને રાજી કરવા માટે તે રાજ્યને અનિત્ય જાણીને છોડી દીધું હતું. જે ઋષભદેવ ભગવાન હતા તે તો આત્મસુખથી સુખી હતા, છતાં રાજ્યથી ઉદાસ થઈ ગયા હતા. પરંતુ જે અજ્ઞાની રાજાઓ છે તે રાજ્યસુખની જે બેડી-હાથકડી છે તેમાં બંધાઈ જાય છે. અને તે બેડીમાં અપાર સુખ માને છે. અને પુષ્કળ પ્રમાણમાં પાપ કરીને પ્રાપ્ત કરેલી રાજ્યની બેડીમાં જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તે બેડીમાં વધારે ને વધારે બંધાવા ચાહે છે. અને તેમાંથી કોઈ દિવસ તે છૂટી શકતા નથી. તે રાજ્યની બેડીનું બંધન જે રીતે છૂટી જાય તેવો વિચાર ઋષભદેવ ભગવાને કર્યો અને પોતાના રાજ્યથી અતિશય ઉદાસ થઈ ગયા. તેમને સો પુત્ર હતા. તેમાં ભરતજી સહુથી મોટા હતા. ૧૬-૨૧.

ઋષભદેવે ભરતજીને વિવેકી જાણીને રાજગાદી ઉપર તેનો અભિષેક કર્યો. અને પોતે સ્વસ્વરૂપમાં પરમ સુખ માનતા રહ્યા. ૨૨. પછી ઋષભદેવે

અત્યંત શ્રેષ્ઠ ગુણવાળી પરમહંસ દશા ગ્રહણ કરી. શરીરનું ભાન પણ ભૂલી ગયા. પશુના જેવું પોતાના શરીરનું આચરણ કરી દેખાડ્યું. ૨૩. છેવટે વાંસના વનમાં શરીરથી પ્રવેશ કર્યો. તેમણે લેશમાત્ર પણ શરીરની સ્મૃતિ રાખી ન હતી. સૂકા વાંસ પરસ્પર ઘસાયા અને હરિઈચ્છાથી તેમાં આગ લાગી. ૨૪. તે આગમાં ઋષભદેવનું શરીર બળી ગયું. સ્વયં ભગવાન હતા તોપણ તેમણે આવું અલૌકિક ચરિત્ર કર્યું. ૨૫. **જે મનુષ્ય તેમનાં આવાં ચરિત્રને અલૌકિક બુદ્ધિથી ગાય છે તો તેમને સંસારનું ભટકણ આવતું નથી અને તે અવિચળ પદને પામે છે. ૨૬.**

તે પછી ઋષભદેવજીના મોટા પુત્ર ભરતજીએ પણ રાજ્યસમૃદ્ધિનો ત્યાગ કર્યો અને વનમાં ગયા. ૨૭. તેઓ નિરંતર ભગવાનનું ધ્યાન-ભજન કરતા હતા, પણ વધુ પડતી દયા કરી તો હરણના બચ્ચામાં બંધાઈ ગયા. ૨૮. ભરતજી જ્યારે ભગવાનનું ધ્યાન છોડીને હરણમાં બંધાઈ ગયા તેથી તેમને હરણની જાતિમાં જન્મ આવ્યો. પછી તો ઘણો પશ્ચાત્તાપ થયો. ૨૯. "અરેરે ! હું ભરતખંડનો રાજા હતો અને મેં ભગવાનને રાજી કરવા માટે રાજ્ય છોડ્યું હતું. છતાં હું એક હરણના બચ્ચામાં બંધાઈ ગયો અને તેને કારણે હું મૃગનો દેહ પામ્યો. ૩૦. અરેરે ! મારો આ જન્મ ખુવાર થઈ ગયો. હવે તો હું એક પળવાર પણ ભગવાનને છોડીશ નહિ." ત્યાર પછી તો તે મૃગના શરીરને છૂટવાનો સમય આવ્યો અને મૃગનું શરીર જ્યારે છૂટ્યું ત્યારે ભગવાનની ઈચ્છાએ કરીને વિપ્ર જાતિમાં દેહ ધાર્યો. ત્યાં જાણી જોઈને ગાંડાની જેમ વર્ત્યા, જેથી ભગવાન સિવાય કોઈ વસ્તુમાં ક્યારેય રાગ થાય નહિ. પછી એક રહુગણ રાજાને જ્ઞાનોપદેશ કર્યો અને તેનું બધું અજ્ઞાન હરી લીધું. ૩૧-૩૩.

તે ભરતજી ત્રણ જન્મે ભગવાનના ધામને પામ્યા હતા. દક્ષપ્રજાપતિના અગિયાર હજાર પુત્રો ઘણા બુદ્ધિમાન રાજકુમાર હતા. તેમની સર્વોપરિ બુદ્ધિ હતી એટલે નારદજીના વચને કરીને તેમણે ભગવાનમાં મન જોડી દીધું. ૩૪-૩૫. જેટલાં સુખ કહેવાય છે તે બધાના પૂર્ણનિધિ એક ભગવાન જ છે; તેવું જ્યારે તેમને દેખાય આવ્યું ત્યારે તેઓ રાજ્યને છોડીને

ચાલતા થયા. ૩૬. તેમને બ્રહ્માંડ જેટલી આયુષ્ય હતી તોપણ તેમને તે નાશવંત દેખાણી અને ભગવાનના સ્વરૂપનું સુખ અવિનાશી જણાયું. ૩૭. તે સિવાયના બીજા પણ કેટલાક રાજાઓએ ભગવાનના અવિનાશી સુખને દેખીને રાજ્યનો ત્યાગ કરી દીધો હતો. ૩૮. **જેટલું સુખ કહેવાય છે તે બધું ભગવાનના સ્વરૂપમાં અવિચળ રહ્યું છે. તે સુખનો ક્યારેય નાશ થતો નથી. અને તે સિવાયનાં જેટલાં સુખ છે તે બધાં દુઃખથી યુક્ત છે. ૩૯.** આવી જેની સમજણ હોય તે પાકા હરિભક્ત કહેવાય છે. પણ તે વિના તે પાકા હરિભક્ત કહેવાય નહીં." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિના સ્વરૂપમાં અનંત સુખ દેખીને ચિત્રકેતુ આદિકે કરેલ રાજ્યત્યાગ કહ્યો" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર બાવીશમું : તરંગ - ૮૬

સ્ત્રી તથા પુરુષની અલગ સભા અને વિધવાના ધર્મ કહ્યા

ઉપર કહ્યું તેવું ભગવાનનું અવિનાશી સુખ લેવા માટે જે કોઈ સત્સંગી થયા છે, તે હરિભક્ત બાઈ-ભાઈ જે જે ગામમાં રહે છે ત્યાં ત્યાં શ્રીહરિને શરણે રહીને તેમનું ભજન કરતા રહે છે. ૧-૨. જેટલી હરિભક્ત બાઈઓ ગામે ગામમાં રહે છે, તેઓ શ્રીહરિની કથા અને કીર્તન ઇત્યાદિક બાઈઓની સભામાં જ કરે છે. ૩. ગામે ગામ જેટલા પુરુષ હરિભક્ત છે, તે પુરુષો પુરુષોની સભામાં ભગવાન સંબંધી કથા અને કીર્તન ઇત્યાદિકને નિર્બાધ રીતે કરે છે. કેમ જે, જેટલી નિર્બાધ અને શુદ્ધપણે વાત કરાતી હોય તેમાં શ્રીહરિ તેટલા જ રાજી થાય છે. ૪-૫. જેટલી શુદ્ધ અને નિર્બાધ બાબતો હોય તેટલો તેનો ધર્મ શુદ્ધ અને નિર્બાધ રહ્યો છે. જે હરિભક્ત બાઈઓ સધવા હોય છે તે પોતાના પતિ સિવાયના પુરુષ નામ ધરાવતા બીજા કોઈ પુરુષની સાથે એકાંતમાં રહેતી નથી. કારણ કે, એવા એકાંતથી ધર્મ દૂર રહે છે. ૬-૭. જ્યારે ધર્મ દૂર રહે છે ત્યારે ત્યાં અધર્મ જોર કરે છે. જેટલી

પ્રકારનો વિવેક છે તે ધર્મની સાથે રહે છે. અધર્મની સાથે તો અવિવેક રહે છે. જેને સત્સંગ નથી તેને શિખામણ આપવામાં આવે તોપણ તે માનતા નથી. અને શિખામણ આપનારાને જ શત્રુ માને છે. અધર્મમાં આવી બધી બાબતો રહી છે. ૮-૯. તે સિવાયના પણ જેટલા દોષ કહેવાય છે તે બધા અધર્મમાં નિવાસ કરીને રહે છે. જ્યારે તેનો યોગ્ય સમય આવે ત્યારે તે દેખાય છે. ૧૦.

❋ વિધવાને પાળવાના ધર્મોની વિગત :

શુભ કે અશુભ જે કોઈ વાત હોય છે તે સમય આવે ત્યારે દેખાય છે. હરિભક્તને જેમાં દોષ દેખાય છે તેમાં તે રુચિ કરતા નથી. અને તેવા ગુણને લીધે જ તેનું હરિભક્તપણું દેખાઈ આવે છે. તે સિવાય ક્યારેય દેખાતું નથી. જે વિધવા બાઈ હરિભક્ત હોય તે એક જ વાર જમે છે. ૧૧-૧૨. તે વિધવાઓ જેટલાં ઘરેણાં કહેવાય છે તેને પોતાનાં શરીર ઉપર ધારણ કરતી નથી. અને રંગબેરંગી ઝાઝા ભાતીગળ વસ્ત્રનો પણ ત્યાગ કરે છે. ૧૩. તે એક ભગવાનની મૂર્તિનું જ મનમાં ચિંતવન કરે છે. તે સિવાય બીજી કોઈ વસ્તુનું મનમાં ચિંતવન કરતી નથી. ૧૪. ભગવાન સિવાયનાં જે કોઈ રૂપ છે તે નેત્રના રસરૂપ છે પણ વિધવા સ્ત્રી તો તેને ઊલટીના અન્ન સમાન માને છે. ૧૫. ભગવાન સિવાયના જે કોઈ શબ્દ હોય તેને વિધવા ક્યારેય સાંભળતા નથી, પણ ત્યાં કાન બંધ રાખે છે. ૧૬.

કેમ જે, વિધવા સ્ત્રી કોઈ પુરુષના શબ્દને સાંભળે છે તો તેમાં તેને બંધન થાય છે. ચુંબક અને લોઢું, બંને જડ છે. છતાં પણ જો તેનો સંબંધ થાય છે તો લોઢું ક્યારેય ચલિત થયા સિવાય રહેતું નથી. આમ સમજીને પંચવિષય અને પુરુષ બંનેનો ત્યાગ રાખવો. વિધવા સ્ત્રીએ જો ભગવાનને પ્રસન્ન કરવા હોય તો આ વાતને બરાબર વિચારીને પુરુષને કાળા નાગ જેવો દેખવો. અને એંસી વર્ષની ઉંમર થાય ત્યાં સુધી પોતાના શરીરને ક્ષીણ કરી રાખવું. ૧૭-૧૯. વિધવા સ્ત્રીએ કોઈ રાંક-ગરીબનું શરીર હોય તેવો શરીરનો દેખાવ રાખવો. અને જીવે ત્યાં સુધી દમનરૂપ અગ્નિમાં જ શરીરને રાખવું. ૨૦. વિધવા સ્ત્રી જેટલો શરીરનો અનાદર રાખે તેટલી

તે ધર્મની દૃષ્ટિએ સારી કહેવાય છે. પોતે વિધવા થઈને પોતાના શરીરનો જેટલો આદર રાખે છે તેટલો તેનો કોઈ વિશ્વાસ કરે નહિ કે, 'આ સ્ત્રી ધર્મને પૂરો પાળશે.' જેનું હૃદય જેવું હોય તેને તેનું બહારનું શરીર કહી બતાવે છે. ૨૧-૨૨. સ્ત્રીનું અંદરનું જેવું વર્તન હોય તે તેના આંખ અને કાનમાં પણ દેખાઈ આવે છે, તે છુપાવ્યું છુપાતું નથી. આ સત્સંગ તો દર્પણ જેવો કહેવાય છે. ૨૩. સ્ત્રીના શરીરમાં પુરુષનાં શરીર કરતાં આઠ ગણી વધારે કામની ભૂખ રહેતી હોય છે. તે ક્યારેય તૃપ્ત થાય તેમ જણાતું નથી. ૨૪. પુરુષમાં જે કાંઈ દૈવત હોય છે તેનો સ્ત્રી નાશ કરી નાખે છે. એટલા માટે જે શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ છે તે સ્ત્રીની પાસે એકાંતમાં જાતો નથી. ૨૫. સ્ત્રીનાં જેટલાં અંગ છે તે બધાં ઝેરથી ભર્યાં છે, પણ જે લંપટ પુરુષ હોય તે તેને અમૃતના સમાન માને છે. ૨૬.

જે પુરુષ સ્ત્રીને જમપુરીનું દ્વાર દેખે અને જ્યારે એક ભગવાનમાં જ સુખ દેખતો રહે ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. ૨૭. જે પુરુષ ભગવાનના સ્વરૂપમાં સુખ દેખે છે તે જ વાસ્તવમાં સુખી થાય છે. અને ભગવાન સિવાયનાં સ્ત્રી-ધનાદિક પદાર્થોમાં જેટલું દુઃખ દેખે છે તે તેટલો ક્યારેય દુઃખી થાતો નથી. ૨૮. જે કોઈ પણ હરિભક્તના ગામમાં સધવા અને વિધવા હરિભક્ત સ્ત્રીઓની જ્યાં સભા થતી હોય, ત્યાં ભગવાન શ્રીહરિએ બાંધેલી પરમ પવિત્ર મર્યાદા પ્રમાણે રહેવું. અને ગામે ગામમાં જે હરિભક્ત પુરુષો રહેતા હોય તેમણે પુરુષના પ્રત્યે જ ભગવાનની વાત કરવી. તેવી વાતોથી વિવેક પ્રાપ્ત થાય છે. જેવું ગુરુમાં દૈવત હોય તેવું શિષ્યમાં દૈવત આવે છે. ૨૯-૩૧. શિષ્યમાં જે રીતનું દૈવત દેખાતું હોય તે રીતનું દૈવત તેના ગુરુમાં દેખ્યામાં આવે છે. ૩૨.

આવી તો કેટલીયે વાત રહી છે. ગ્રંથ વધી જવાના ભયથી હું કહેતો નથી. ઉપર કહી તેવી વાતથી ગુરુની જેવી રીત હોય તે બધી દેખાઈ આવે છે. ૩૩. એક અંગ્રેજ સાહેબ રાજ્ય કરે છે અને બીજા અગણિત રાજાઓ રાજ્ય કરતા હોય છે. તે બંનેમાં જેટલો ફરક છે તેટલો ફરક સત્સંગમાં અને સત્સંગ વગરના લોકોમાં છે. ૩૪. જે બુદ્ધિમાન છે તેને આ બધો ફરક

દેખાઈ આવે છે. જેને ન્યાયની રીતમાં રુચિ હોય તેનામાં આ સત્સંગ રહે છે. ૩૫. જે લોકો અન્યાયી હોય છે તેઓ હરિભક્તોના ઉપર દ્વેષ રાખે છે. તેનું જેટલું ચાલે તેટલું તે સત્સંગના વિરુદ્ધનું બળ દેખાડે છે. ૩૬.

જે કોઈ ધર્માચાર્ય અને ગુરુઓ મર્યાદા રહિત સ્વચ્છંદી હોય છે તેને આપણા સત્સંગની વાત ક્યારેય રુચતી નથી. ૩૭. તેઓ કેવળ વ્યભિચાર કરવા માટે જ કથા તથા કીર્તન કરતા હોય છે, અને શ્રીકૃષ્ણની મૂર્તિ પૂજવામાં પ્રેમ દેખાડતા હોય છે. ૩૮. તેવા લોકો ધન મળે તેમ જાણીને મોટા મોટા તીર્થો કરી રહ્યા હોય છે અને મોટા મોટા સંઘોને પણ કાઢે છે. ૩૯. તેવા લોકો ધન માટે તીર્થે તીર્થે સદાવ્રત બાંધે છે. તેમજ જે વ્યભિચાર કરતા હોય તે સત્સંગ ઉપર વેર રાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સ્ત્રી તથા પુરુષની અલગ સભા અને વિધવાના ધર્મ કહ્યા" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર બાવીશમું : તરંગ - ૮૭

સત્સંગમાં હરિભક્તોની સંભાળ લેવાની તથા તેની સમજણની વાત કહી

શ્રીહરિ રોજ હરિભક્તો પ્રત્યે જે વાત કહેતા હતા તે જેટલી મને યાદ આવે છે તેટલી હવે કહું છું. ૧. જે માણસ પોતામાં રહેલા દોષોને જેટલા દેખે-જાણે છે તેટલી તે પોતાનામાં ન્યૂનતા માને છે. ૨. આ સત્સંગમાં જેટલા હરિભક્તો છે તે બધા સત્સંગના સૂર્ય સમાન પ્રતાપને દેખે છે. ૩. સત્સંગ ઉપર દિવસે દિવસે જેને જેટલો વધારે ભાવ રહેતો હોય તેટલો તે દૈવી મનુષ્ય છે અને તેનો ઉદ્ધાર થાય છે. ૪.

❋ ભક્ત સાથે જે જેવો ભાવ રાખે, તે તેવા ફળને ચાખે :

चोपाई :

हरिजन पर रहे भाव हि जितना, साधन जितना कर रहे तितना;
मोक्ष के द्वार लग पो'च रहे ताही, भाव साचे रखत हि रहाही...०५

प्रगट हरि के निश्चेउ जेता, हरि के वचन में वरतत तेता;
चिंतामनि कल्पवृक्ष समाना, हरिजन जेते एसे रहाना...०६
जेसे भाव रखत हे यामें, तेसे फल हि मिलत हे तामें;
हरिजन पर भाव रखत जेसा, ताकु फल जो मिलत हि तेसा...०७

જેને હરિભક્તો ઉપર જેટલો ભાવ હોય તેટલાં તેણે સાધન કરી લીધાં છે. તે ભક્ત મોક્ષના દરવાજા સુધી પહોંચી રહ્યો છે. માટે સાચો ભાવ રાખતા રહેવું. ૫. જેને પ્રગટ શ્રીહરિના સ્વરૂપમાં પાકો નિશ્ચય હોય તેટલો તે શ્રીહરિનાં આજ્ઞા-વચનમાં રહે છે. અને આજ્ઞા-વચનમાં રહેનારા જે હરિભક્તો છે તે તો ચિંતામણિ અને કલ્પવૃક્ષની સમાન છે. ૬. જેને હૃદયમાં જેવો ભાવ હોય તેવું તેને ફળ મળે છે. એટલે જે હરિભક્ત ઉપર જેવો ભાવ રાખે છે તેવું તેને ફળ મળે છે. ૭. પ્રહ્લાદજી ભગવાનના ખરા હરિભક્ત હતા, તેથી તેના પિતાએ પ્રહ્લાદમાં જેવો ભાવ રાખ્યો તેવું ફળ તેને તરત મળ્યું. તે વાત આખા જગતમાં પ્રસિદ્ધ છે. ૮. સીતાજી ભગવાનના પાકા ભક્ત હતા તેથી સીતાજી સાથે રાવણે જેવું વર્તન કર્યું તેવું ફળ તેને તરત મળ્યું. તેનો તરત નાશ થયો કે, જે હવે શોધતા પણ મળતો નથી. ૯. વસુદેવ અને દેવકીજીને કંસે જે દુઃખ દીધું તેનું ફળ તેને તરત મળ્યું. તેથી અત્યાર સુધી શોધવા છતાં તે મળતો નથી. ૧૦.

પાંડવો ભગવાનના કેવા મહાન ભક્ત થયા ? દુનિયામાં ખોળીએ તોપણ તેવા ભક્તો મળે નહિ, પણ તેમની સાથે કૌરવોએ જેવું ખરાબ વર્તન કર્યું તે રીતનું દુઃખ તે કૌરવોને થયું. ૧૧. **જ્યારે જ્યારે ભગવાનના ભક્તોની સાથે જેવી રીતનો ભાવ રાખવામાં આવે છે ત્યારે ત્યારે તેવી રીતનું તેમને પ્રગટ ફળ મળે છે. તે આજ સુધી તેવી રીત ચાલી આવે છે. ૧૨.**

હરિભક્તોના ઉપર જેને જેટલો ભાવ હોય તેટલો તે દૈવી મનુષ્ય કહેવાય છે. અને હરિભક્તોની સાથે જેટલી અરુચિ હોય તેટલા તે દૈત્ય અને અસુર ગણાય છે. ૧૩. હરિભક્તને દેખીને જેના નેત્ર પ્રફુલ્લિત થાય તથા અંતરમાં અતિ આનંદ થાય તો તે તેટલો દૈવી મનુષ્ય છે. ૧૪. **હરિભક્તના દુઃખને દેખીને જે મનુષ્ય પોતે દુઃખી થાય છે અને તેમને મદદ કરે છે તો**

તે મદદ કરનારો દૈવી મનુષ્ય કહેવાય છે. ૧૫. પોતે હરિભક્ત હોવા છતાં ભગવાનના ભક્તનાં દુઃખ દેખીને જે તેની ઉપેક્ષા કરે છે તો તેમાં તેટલો અસુરભાવ જાણવો. ૧૬.

❋ એક ભક્ત બીજા ભક્તની મદદ કરે તેને મહાનતા વરે :

हरिजन होय हरिजन के जेता, दुःख में सहाय न करत तेता;
चाय तेसे समरथ रहे ताई, असुर के इतना भाव रहाई...१७
हरिजन के दुःख में सहाया, करे हरिजन यह दैवी रहाया;
एकांतिक हरिजन हे इतना, हरिजन की रखे सहाय तितना...१८
साधन से अधिक यह रहे बाता, सब पर मोटप यह कहाता;
सत्संग के मूल इतना रहेऊ, ता बिन हरिजन नमूल रहेऊ...१९
ध्यान समाधि ज्ञान हि जेहु, कोटिक कल्प लग करे तेहु;
हरिजन के दुःख में सहाऊ, करत नहि यह वृथा रहाऊ...२०

પોતે હરિભક્ત થઈને બીજા હરિભક્તના દુઃખમાં જે મદદગાર નથી થતો, તો તે ગમે તેવો સમર્થ હોય તોપણ તેમાં તેટલો અસુરભાવ રહ્યો છે. ૧૭. ભગવાનના ભક્તને દુઃખમાં જે સહાય કરે છે તે હરિભક્ત દૈવી છે. જેટલો જે ભગવાનના ભક્તનો સહાયક થાય છે તેટલો તે એકાંતિક હરિભક્ત કહેવાય છે. ૧૮. બધા સાધનો કરતાં હરિભક્તને મદદ કરવી તે અધિક સાધન છે, અને તે જ સહુથી ઉત્તમ મોટપ છે. હરિભક્તોની જે સંભાળ રાખવી તે જ સત્સંગનું ખરું મૂળ છે. તે વિનાનો હરિભક્ત તો મૂળ વિનાનો છે. ૧૯. જે પોતે ધ્યાન, સમાધિ અને જ્ઞાનવાર્તા કરોડો કલ્પ સુધી કરે, પણ હરિભક્તના દુઃખમાં જો સહાયક ન થાય તો તેનું જ્ઞાન, ધ્યાનાદિક બધું નકામું છે. ૨૦.

અમે દેશે દેશમાં શિખરબંધ મંદિર કરવાનું જે ધાર્યું છે તે પરમેશ્વરની ઈચ્છા પર રહેલું છે. ૨૧. કેમ જે, **પરમેશ્વરની ઈચ્છા સિવાય કાંઈ બનતું નથી; એવો અમે નિર્ધાર કરી રાખ્યો છે. જે શુભ સંકલ્પ કરે છે તેને પરમેશ્વર મદદ કરે છે. ૨૨.** પરમેશ્વરમાં અપાર સામર્થ્ય છે. તેઓ આવા અનેક બ્રહ્માંડોની રચના કરે છે. તેઓ સત્યસંકલ્પ છે. અર્થાત્ જેવું ધારે

તેવું કરી શકે છે. ૨૩. મંદિરને કારણે જે હરિભક્તને જેવી સેવા કરવાની ઈચ્છા હોય તેને તેવો મોકો મળી રહે છે. જો સેવા કરવાનો અવસર જ ન મળે તો તે મૂંઝાતો રહે છે. ૨૪.

✻ સાચા હરિભક્તની સમજણ :

શ્રીહરિની વાત સાંભળીને બધા ભક્તો પ્રસન્ન થયા અને શ્રીહરિની આગળ વાત કહેવા લાગ્યા કે, "અમારે તો સેવા એ જ ધ્યાન, સમાધિ અને યોગ છે. ૨૫. હે હરિ ! આપ અન્ન, ધન આપો છો. આ શરીર પણ આપે જ આપેલું છે. આપ પુત્ર અને પરિવારને આપો છો અને વૃષ્ટિ પણ આપ જ કરો છો. ૨૬. અમે આપનું આપેલું જ ખાઈએ છીએ. અમારાં વસ્ત્ર કે ઘરેણાં પણ જ્યારે આપ આપો છો, ત્યારે અમે પહેરીએ છીએ. તેમ છતાં તે બધી વસ્તુને અમારી માનીએ છીએ તે તો અમારી અણસમજણ છે. ૨૭. **હે શ્રીહરિ ! આપ જ આપો છો. માટે આપને અર્થે કરવું તે કાંઈ કઠણ નથી, તે વાત ચોક્કસ છે. પણ આટલી સીધી વાત દસ મસ્તકવાળા રાવણને પણ સૂઝી નહિ. ૨૮.** જે કોઈ પણ વાત હોય તે ભગવાનને આધીન જ રહી છે, તેમ નિશ્ચય કરીને જે માને છે ત્યારે તે ખરો હરિભક્ત કહેવાય છે. ૨૯.

જ્યાં સુધી જે ભગવાનને દેખતો નથી ત્યાં સુધી તે માયાના અંધારામાં રહ્યો છે. જ્યાં સુધી જેટલું અજ્ઞાનનું અંધારું રહે છે ત્યાં સુધી તેને તેટલા હર્ષ અને શોક ક્ષણે ક્ષણે આવતા-જતા રહે છે. જે હૈયામાં હેત લાવીને સત્સંગ કરતા જ રહે છે તેને સત્સંગ કરતાં કરતાં ભગવાન દેખ્યામાં આવે છે. ૩૦-૩૧. પછી જેટલું માયાનું અજ્ઞાન હોય તે સર્વે નાશ થઈ જાય છે. માટે ભગવાનના સંબંધવાળી જ વાત કરવી, આટલું અમને સત્ય દેખાય છે." ૩૨.

આટલી વાત જ્યારે થઈ રહી ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને સંતોએ સહિત શહેરમાં આવ્યા. ત્યારે મંદિરમાં રસોઈ કરી હતી. ૩૩. તે દિવસે દામોદરની પોળના જેટલા કણબી હરિભક્ત હતા તે બધાએ મળીને રસોઈ કરાવી હતી. તેથી શ્રીહરિ પ્રેમથી મંદિરમાં પધાર્યા. ૩૪. જ્યાં વર્ણીએ રસોઈ કરી હતી ત્યાં શ્રીહરિ નાહીને આવ્યા અને જમવા લાગ્યા. દૂધપાક અને ઉજ્જ્વળ પૂરીની સુંદર રસોઈ કરાવી હતી. બહુ ભાતે વડાં

અને ભજિયાં કર્યાં હતાં. કેટલીયે જાતનાં રાઈતાં હતાં. સૂરણ, રતાળું અને પરવળનું અમૃત જેવું શાક કર્યું હતું. ૩૫-૩૬. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જળથી હાથ અને મુખ ધોયા. તજ અને એલચીનો મુખવાસ લીધો. ૩૭. મંદિરના ચોકમાં કેળનો બાગ બનાવ્યો હતો અને તેમાં રંગોળી પૂરી હતી. સંતો બધા ત્યાં બેઠા હતા. ૩૮. શ્રીહરિ ત્યાં આવ્યા અને પાટ ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢી લીધું હતું. ૩૯. જેની રસોઈ હતી તે ભક્તો બધો પૂજાપો લઈને આવ્યા. તેમણે કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર પણ હાથમાં લીધા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સત્સંગમાં હરિભક્તની સંભાળ લેવાની તથા હરિ ભક્તોની સમજણની વાત કહી" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર બાવીશમું : તરંગ - ૮૮

જમવા બેઠેલા સંતોના પ્રસંગે સાધુતાના ગુણની વાત કહી

હરિભક્તોને જેવો ભાવ હતો તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા અત્યંત પ્રેમરસથી કરી. ૧. દામોદર, બે વજેરામ, બે ગંગારામ, માણેકલાલ, મોતીલાલ, રતનજી અને લક્ષ્મીદાસ આદિક હરિભક્તોએ કેસરચંદનથી શ્રીહરિની અર્ચા કરી, ફૂલના હાર પહેરાવ્યા, બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને મસ્તક ઉપર ગુલાબના ફૂલની ટોપી પહેરાવી, તેની અદ્‌ભુત શોભા બની. પછી કપૂરથી આરતી ઉતારી. ૨-૪. પછી જેટલા સંતો હતા તેમની પણ પૂજા કરી. તત્કાળ સહુને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. ૫. તે પૂજા કરી રહ્યા પછી શ્રીહરિ પીરસવા આવ્યા. બધા સંતો નારાયણધૂન કરતા હતા. ૬. શ્રીહરિ દૂધપાક પીરસવા લાગ્યા. ડંકા ભરી ભરીને દૂધપાક પીરસતા હતા. શ્રીહરિ સંતોના કાષ્ઠના પાત્રને દૂધપાકથી પૂરા ભરી દેતા હતા. ૭. દૂધપાક સિવાયના જેટલાં ભોજન હતાં તેને સંતો પીરસતા હતા. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે ભોજન જમવાને માટે સંતોને શ્રીહરિએ

આજ્ઞા કરી. ત્યારે સંતો ભોજન જમવા લાગ્યા. ભોજન ચાહે તેવા હોય, પણ સંતો તો હંમેશાં બધું ભેળું કરીને જ જમતા હતા. ૮-૯.

સંતો નિત્ય ભોજનને નીરસ કરતા, પછી રસનાને આપતા હતા. ઋષ્યશૃંગ ઋષિને રસના ઈન્દ્રિયે તપથી પાડી દીધા હતા. ૧૦. તે દિવસથી ત્યાગી પુરુષો રસના ઈન્દ્રિયનો વિશ્વાસ રાખતા નથી. અલગ અલગ રીતે ભોજન લેવું તે તો ગૃહસ્થની રીત છે. ૧૧. ત્યાગી થઈને ગૃહસ્થની રીતને જે દેખાડે-રાખે છે તે તો અઘટિત વાત છે. જે આવી અઘટિત બાબતનો ત્યાગ રાખતા હોય તે પણ દેખ્યામાં આવે છે. ૧૨. ગૃહસ્થની રીતનો જેટલો જે ત્યાગ કરતા હોય તેટલા તેને સાચા ત્યાગી જાણવા. અને તે તેની રીતથી દેખાય છે. ૧૩. જે ગૃહસ્થો છે તેને સંતોના ત્યાગની વાત સાંભળીને સંતો જેમ કહે તેમ કરવા-માનવાનો પ્રથમ સાચો વિશ્વાસ આવે છે. પછી પ્રગટ ભગવાનની પ્રતીતિ આવે છે. ૧૪-૧૫. **સંતોના વર્તનમાં જ પ્રગટ શ્રીહરિનો નિશ્ચય રહ્યો છે, તેથી સંતોના વર્તનનું ફળ તે શ્રીહરિનો નિશ્ચય થવો એ જ છે. ૧૬.**

चोपाई :

कथा कीर्तन संत की हि बाता, संत के जेते वरतन रहाता;
सत्संग की रीत रहेऊ जेता, यत्किंचित कहावत हि तेता...१७
अनंत जन के करन उद्धारा, मोक्ष की सडक पकी अब वारा;
बाँधे पर चले जिहाँ लगहू, मन कहे तिमि न करे तिहाँ लगहू...१८

કથા, કીર્તન, સંતોની વાતો, સંતોનું બધું વર્તન અને સત્સંગની જેટલી રીત છે તે બધું અનંત જીવોના ઉદ્ધાર કરવા માટે છે. આ રીતની શ્રીહરિએ મોક્ષની આ વખતે પાકી સડક બાંધી છે. જ્યાં સુધી તે સડક ઉપર ચાલવું હોય ત્યાં સુધી મન કહે તેમ ન કરવું. ૧૭-૧૮. અંદર અને બહારનો કુસંગ બરાબર ઓળખી રાખી તેનો ચાંડાળની જેમ ત્યાગ કરવો. ક્યારેય સંતોથી પોતાનું મન જૂદું ન કરવું. **પોતાનું મન સંતોને અર્પીને વિચરવું-રહેવું. ૧૯. જે રીતે સંતો વધારેમાં વધારે પ્રસન્ન રહે તે રીતે ચાલવું-વર્તવું. જેને પોતાના સ્વાર્થ ઉપર કાંઈ તાન ન હોય તેને સંત કહેવાય છે.** ૨૦.

✵ જેને બીજાની મોટાઈ ગમે તેમાં સંતના ગુણ આવે :

જેને પોતાનો સ્વાર્થ સાધવામાં જ રાત-દિવસ તત્પરતા રહેતી હોય, તે જેમ તેમ કરીને પોતાનું મંડળ મોટું થાય તેમ રહેતા હોય તથા બીજા સંતોની તલભાર પણ મોટપને અંતરમાં લગાર સહન ન કરે, આવી તો અપાર રીત છે. તેનો કહ્યે પાર આવતો નથી. ૨૧-૨૨. પરંતુ જે સંત તે રીતે રહે છે, તેમાં સંતના ગુણ આવતા નથી. સંતોની રીતને જે જાણતા હોય તે તો જોવામાં દેખાઈ આવે છે. ૨૩. પોતાના કરતાં બીજા સંતોની મોટાઈને અધિક અધિક જોઈને જેનાં મનમાં જેટલો વધારે આનંદ થાય તેટલા તેમાં સંતોના ગુણ છે તેમ જાણવું. ૨૪.

સંત થયા હોય તોપણ તેમાં સંતોની રીત રાખતા ગુણ ભેળું માન આવે છે. તે માન ગુણનું રૂપ ધરીને પ્રવેશ કરે છે. ૨૫. પછી માન છે તે બીજા સંતમાં પોતાના સમાન સાધુતાને દેખવા દે નહિ. સંતોની રીતની વાતો કરવામાં બીજા સંતને ફજેત કરતો રહે. ૨૬. સાચા સંતો તો ગરીબ રહે છે, સહન કરે છે અને કુવચનો સાંભળતા રહે છે. કેમ જે, સહન કરવું તે તો સંતનો ગુણ છે. ૨૭. સાચા સંત આવું બધું સહન કરે, પણ જેને વાતો કરવાનું વધું પડતું માન હોય તે મનમાં ઘણો ફુલાય કે, 'મારા જેવો બીજો કોઈ સંત નથી.' ૨૮. ફક્ત વાતો કરવાના ગુણથી કે શાસ્ત્ર ભણવાના ગુણથી જ જે મોટપને પામ્યા હોય તેને તલભાર પણ સાધુતાની મોટપ કહેવાય નહિ. ૨૯. દત્તાત્રેયને ચોવીશ ગુરુ હતા. તેની રીત કહી છે તે લક્ષમાં લેવી જોઈએ. માટે સત્સંગની પ્રથામાં જેટલું મળતું આવે તેટલું ગ્રહણ કરવું જોઈએ. ૩૦.

સંતોની જેવી રીત છે તેને કહેવા માટે નિષ્કામશુદ્ધિ અને ધર્મામૃત આ બે ગ્રંથ કર્યા છે, તેમાં સંતોની બધી રીત કહી છે. શ્રીહરિએ જેવા સંતોને માન્યા છે તેને તે બંનેમાં પ્રસિદ્ધ રીતે દેખાડી દીધા છે. ૩૧. તે બે ગ્રંથ જ્યારે જેને પ્રમાણ કરે ત્યારે તે પૂરો સંત કહેવાય છે, પણ કોઈ પોતે પોતાના મનમાં જ બીજા કરતાં પોતાને અધિક માને, તો તેણે કરીને તે કાંઈ બીજા કરતાં અધિક થાતો નથી. દુનિયામાં તો એવું છે કે, જે ઊંચે

આસને બેસે તેને સહુ પહેલા આવીને પૂજે છે. ૩૨-૩૩. પણ **સાચા સંતને તો બીજા સંતોની આગળ ઊંચે આસને બેસવું પડે તે તો શૂળીએ ચડ્યા કરતાં પણ વધારે દુઃખદાયી લાગે છે, અને ત્યારે જ તે પૂરા સંત કહેવાય છે.** ૩૪. સંપૂર્ણ સંત અને સંપૂર્ણ ન હોય તેવા બંને સંતમાં આસમાન અને જમીન જેટલો ફરક છે. જે સંપૂર્ણ સાચા સંત છે તેને પૂરા સાચા સંત દેખાઈ-ઓળખાઈ જાય છે. ૩૫.

❋ સત્સંગમાં બધા ધામના મુક્તો આવ્યા છે :

चोपाई :

सत्संग में रहे संत जेते, अक्षरधाम से आये तेते;
गोलोक धाम से आये केता, वैकुंठ धाम से आये तेता...३६

दोहा : श्वेत हि द्वीप से कितना, बद्रिवन से आये;
प्रथक प्रथक हि समजसे, आवत हि देखाये...३७
धाम रहाये जितना, ताकि रीत रहे जेति;
प्रथक प्रथक हि रहे यह, एक न मिलत हे तेति...३८

અત્યારે સત્સંગમાં જેટલા સંતો રહ્યા છે તેમાં કેટલાક અક્ષરધામથી આવેલા છે. કેટલાક ગોલોકધામથી અને કેટલાક વૈકુંઠધામમાંથી પણ આવ્યા છે. ૩૬. કેટલાક શ્વેતદ્વીપથી અને કેટલાક બદરિકાશ્રમથી આવ્યા છે. તેઓ તેમની સમજણ ઉપરથી અલગ અલગ સ્થાનથી આવ્યા હોય તેમ દેખાઈ આવે છે. ૩૭. જેટલાણ ધામ છે તે બધા ધામની જેટલી રીત છે તે પૃથક્ પૃથક્ રહી છે, તે એક પણ ધામની રીત મળતી આવતી નથી. ૩૮. આ મર્ત્યલોકના જે સંતો છે તેની રીત જુદી જ રહી છે. સારા પદાર્થ મળે તેણે કરીને તેને આનંદ રહે છે. ૩૯. જે સંત જ્યાંના હોય છે તેને ત્યાંની રીત રુચે છે અને તે રીત ઉપરથી તે મુક્ત ઓળખાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "જમવા બેઠેલા સંતોના પ્રસંગે સાધુતાના ગુણની વાત કહી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર બાવીશમું : તરંગ - ૮૯

શ્રીનગરની લીલા તથા શ્રીહરિ અને સંતોનો મહિમા

જ્યારે શ્રીહરિએ સંતોને જમાડી લીધા પછી પોતે મંદિરમાં આવીને પોઢી ગયા. ૧. દિવસનો ત્રીજો પહોર ચાલુ હતો ત્યારે શ્રીહરિ ઊઠ્યા. પછી આવીને અશ્વ ઉપર બેઠા અને તે વખતે ચાલતા થયા. શ્રીહરિ શહેરના રાજમાર્ગ ઉપર થઈને ચાલ્યા હતા. મસ્તક ઉપર શ્રેષ્ઠ છત્ર ધાર્યું હતું. અને છડીદાર 'જય જય...જય જય...' બોલતા હતા. ૨-૩. જેટલા સંતો અને હરિભક્તો હતા તે સહુ શ્રીહરિની આગળ ચાલતા હતા અને બીજી જે સવારી હતી તે પાછળ ચાલી આવતી હતી. ૪. આગળ ચાલતા સંતો અને હરિભક્તો ગરબીનાં પદ બોલતા આવતા હતા. બજારમાં ઊભેલા નરનારીઓનો કોઈ પાર ન હતો. ૫. તેઓ દિવસમાં આવતા જતા એક વખત શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. કેટલાક લોકો તો ફૂલના હાર હાથમાં લઈને તે વખતે ઊભા રહેતા હતા. ૬.

સાંજે અને સવારે હાથમાં લીધેલા ફૂલને લીધે બધી બજારનો માર્ગ માનો ફૂલથી પ્રફુલ્લિત થયેલો બાગ હોય તેવો સુશોભિત જણાતો હતો. ૭. દર્શન કરનારા લોકો હાથમાં લીધેલા ફૂલના હારની શ્રીહરિના ઉપર જ્યારે વૃષ્ટિ કરતા હતા ત્યારે તેઓ પરસ્પર બોલતા હતા કે, "અત્યારે આ જગતમાં અપાર મતપંથો છે. ૮. જેનો જેવો મત હોય તે આજ સુધી તે રીતે ચાલતો રહ્યો છે, અને તે લોકો વ્યભિચાર કરવાને શ્રેષ્ઠ મોક્ષ માની રહ્યા છે. ૯. તે લોકોએ વેદનો માર્ગ લોપી દીધો છે અને પશુને માર્ગે ચાલ્યા છે. અત્યારે તો તેનું એવું પૂર ચાલ્યું છે કે તે કોઈથી રોકી શકાય તેમ નથી. ૧૦. તે બધાની એક જ સરખી રુચિ છે. અને તેમાં જ બધા પ્રસન્નપણે વર્તે છે. તે વ્યભિચારરૂપ પાપ કરનારને જમપુરી અને લખચોરાશીનો લવલેશ જેટલો પણ ડર નથી. ૧૧. પણ આ સ્વામિનારાયણ જે દિવસથી પ્રગટ થયા છે તે દિવસથી દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, આ દોષોને પોતાના મતમાં ક્યારેય રહેવા દેતા નથી. અને તેમના આશ્રિત જે નરનારીઓ છે તેમને તેઓ પોતાના પ્રતાપથી તે ચાર પાપ નહિ કરવાના નિયમો આપે છે. ૧૨-૧૩.

આ શ્રીહરિ પોતાના યોગબળે કરીને અન્યને સમાધિ કરાવે છે અને પોતાનો જેટલો અદ્‌ભુત પ્રતાપ છે તે દેખાડી દે છે. ૧૪. જે લોકો ચોરી કે વ્યભિચાર કરતા હોય છે અને દારૂ-માંસ ખાતાં-પીતાં હોય છે, તેને જમપુરીમાં જે દુઃખ થાય છે તે શ્રીહરિ સમાધિમાં નજરે દેખાડે છે. ત્યારે તે લોકો તે વાતને સત્ય માને છે. ૧૫-૧૬. જેટલા મતપંથો નિયમ વગરના હતા તે બધાને આ શ્રીહરિએ નિયમોએ કરીને ખોટા કરી દીધા છે. જે લોકો તેવા ખોટા મતમાં બંધાઈને રહે છે તેમને દુઃખનો કોઈ પાર રહેતો નથી. ૧૭. આ શ્રીહરિ સત્ય બાબતને દેખાડી દે છે અને જે તેને માને છે તેને કોઈ જાતનું દુઃખ રહેતું નથી.” લોકો આવી પરસ્પર વાતો કરતા હતા. પણ નિયમ રાખવા તે બધા માટે ઘણા કઠણ હતા. ૧૮.

લોકો અપાર દુઃખને સહન કરે છે પણ જેનાથી ઉદ્ધાર થાય છે, એવા શ્રીહરિના નિયમોની વાતને જ્યાં સુધી માનતા નથી ત્યાં સુધી તે બધાના ભવભટકણનો પાર આવતો નથી. તેનો તેઓ ક્યારેય વિચાર પણ કરતા નથી. જ્યારે શ્રીહરિ કાંકરિયા સરોવર ઉપર આવતા હતા ત્યારે લોકો પરસ્પર આવી વાતો કરતા હતા. ૧૯-૨૦. પછી શ્રીહરિ જ્યાં મંચ હતો ત્યાં આવીને તેના ઉપર બેસતા હતા. સંતો અને હરિભક્તોની સભા થાતી. સંતો વાજિંત્ર લઈને હોરી અને વસંતનાં પદ ગાઈને રંગ જમાવતા હતા. સવારે અને સાંજે બે વખત સંતો ગાન કરતા અને હોરીનાં પદ બોલતાં હતાં. ૨૧-૨૨. વસંત અને ધુમાર રાગનાં પદ અલગ અલગ રીતે જ્યારે સંતો ગાતા હતા ત્યારે સાંભળનારા લોકોને તેનાથી તૃપ્તિ થાતી નહિ. સંતો પ્રેમાનંદસ્વામી રચિત ‘***સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે;***’ આ કીર્તનનું ગાન કરતા હતા. ૨૩. સંતો ગાતા હોય ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે ગાતા રહેતા. જ્યારે જ્યારે સંતો ગાતા હતા, ત્યારે શ્રીહરિની પાસે જે ફૂલના હાર આવતા હતા તે બધા હાર શ્રીહરિ સંતોને આપતા હતા. ૨૪.

શ્રીહરિ ત્યાં રહ્યા હતા તેને લીધે શહેરના જે ભાવિક લોકો હતા તે ત્યાં આવતા રહેતા હતા. ૨૫. તે લોકો રોજ આવીને સંધ્યા આરતી સુધી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. તેમનાં હૃદયમાં ઘણો ભાવ હતો. જ્યારે સંધ્યા

આરતી થઈ રહેતી ત્યારે શ્રીહરિ તે સભાને વિદાય આપતા હતા અને પછી પોતે શહેરમાં આવતા હતા. ૨૬-૨૭. ફાગણ સુદિ પડવાને દિવસ સવારમાં શ્રીહરિ અતિશય હરખભર્યા કાંકરિયા સરોવરે આવીને નાહ્યા. ૨૮.

જે દિવસથી શ્રીહરિએ કાંકરિયા સરોવરની પાસે ઉતારો કર્યો હતો ત્યારથી આરંભીને સવાર સાંજ બે વખત ઘણા જ હરખથી સરોવરમાં સ્નાન કરતા હતા. ૨૯. શ્રીહરિ સંતો અને હરિભક્તોની સાથે ઘણા ઉમંગથી કાંકરિયા સરોવરમાં નાહતા હતા. અને તે સરોવર પણ સાગરના જેવું મોટું અને નિર્મળ પાણીથી ભરેલું હતું. જેનું વર્ણન કરી શકાય તેમ નથી. ૩૦.

❋ સર્વે તીર્થો ને સર્વે દેવો શ્રીહરિ અને સંતના ચરણમાં રહ્યા છે :

ચોપાઈ :

श्रीहरि नावत अधिक हि जामें, सर सरीता जेते जो तामें;
एहि ब्रह्मांड में तीर्थ जेता, नाम धरावत जो जो तेता...३१
हरि के महिमा रहे जिस रीता, जानत हि तीर्थ तेसी हि रीता;
हरि संग यह नावत रहेऊ, बडे भव ब्रह्मादिक हि तेऊ...३२
तेत्रिश कोटि देव ऋषि जेते, नावत हरि संग आय तेते;
हरि के चरणकमल हि तिनमें, तीर्थ जितने रहाये इनमें...३३
अडसठ तीर्थ संत जो ताके, चरण तामें रहे यह वाके;
हरि संत जिहाँ नात रहाते, तीर्थ तिहाँ तितने कहाते...३४

શ્રીહરિ જે સરોવર કે નદીમાં વધારે સ્નાન કરતા હતા, તે સરોવર કે નદી, આ બ્રહ્માંડમાં જેટલાં તીર્થ નામ ધરાવે છે તે સર્વથી શ્રેષ્ઠ કહેવાય છે. ૩૧. ભગવાન શ્રીહરિનો જે રીતનો મહિમા છે તે રીતનો મહિમા તે તીર્થો પણ જાણે છે. તેથી બીજા તીર્થો પણ આવીને શ્રીહરિની સાથે સ્નાન કરતા હતા. અને મોટા ભવ, બ્રહ્માદિક તથા તેત્રીશ કરોડ દેવતાઓ અને ઋષિઓ પણ શ્રીહરિની સાથે આવીને સ્નાન કરતા હતા. જેટલા તીર્થ છે તે શ્રીહરિના ચરણકમળમાં રહ્યા છે. ૩૨-૩૩. અડસઠ તીર્થો સંતોના ચરણોમાં પણ રહ્યા છે. માટે જ્યાં શ્રીહરિ અને સંતો સ્નાન કરે છે ત્યાં તે બધાં તીર્થો કહેવાય છે. ૩૪.

સત્યસ્વરૂપ શ્રીહરિ અને સાચા સંતોની આવી વાત હોય છે. તેવા સાચા શ્રીહરિ અને સાચા સંતો વિના આવો મહિમા હોતો નથી. ૩૫. સત્યસ્વરૂપ શ્રીહરિ અને સાચા સંતોનો અપાર મહિમા છે. તેને જે સત્યરૂપમાં સમજે છે તે સંસારના પારને પામી જાય છે. ૩૬. તે સત્યસ્વરૂપ શ્રીહરિ તથા સંતોના મહિમાને જે મિથ્યા કહે છે તે તો દૈત્ય, અસુર અને રાક્ષસ ગણાય છે. ૩૭. મિથ્યા ભગવાન અને મિથ્યા સંત તો ઠેકઠેકાણે હોય છે. અને તેવાનો જે મહિમા કહે છે તે નરકમાં જાય છે. ૩૮. અને જે સત્યસ્વરૂપ પરમેશ્વર છે તે પોતે નથી કહેતા કે, હું પરમેશ્વર છું. તેમ છતાં તેમનું પરમેશ્વરપણું તેમના પ્રતાપથી દેખ્યામાં આવે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીનગરની લીલા તથા શ્રીહરિ અને સંતોનો મહિમા કહ્યો" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર બાવીશમું : તરંગ - ૯૦

પ્રતિષ્ઠાવિધિમાં વિપ્રોની વરણી અને યજ્ઞકુંડમાં અગ્નિનું પ્રગટ કરવું

શ્રીહરિએ કાંકરિયા સરોવરમાં સ્નાન કર્યું. પછી ઉતારે આવીને દેવપૂજા વગેરે નિત્યકર્મ કર્યું અને ત્યાંથી આવીને મંચ ઉપર બેઠા. ૧. તે સમયે સંતો અને હરિભક્તોની સભા થઈ ત્યારે તેમાં સંતો પ્રેમરસથી ભર્યા બ્રહ્માનંદસ્વામીના '*પ્યારી લાગે છેલાજી તારી બાંસળીજી...*' એ કીર્તનો ગાતા હતા. જેનાથી ચારેબાજુનું વન ગાજી ઊઠ્યું હતું. ૨. શ્રીહરિના આનંદને લીધે હરિભક્તોનો આખો દિવસ આનંદ ભર્યો એક ક્ષણવારની જેમ વીતી જતો હતો. તે સહુ શ્રીહરિના સ્વરૂપનો વિશેષ આનંદ લેતા હતા. ૩. જ્યારે રસોઈનો સમય થયો ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસી, સંતોને સાથે લઈને શહેરમાં આવ્યા. ૪. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર ચાલતા હોય ત્યારે મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કરતા હતા. અને બજારમાં જેટલા લોકો ઊભા હોય તે બધા મુખથી 'જયજયકાર' કરતા હતા. ૫. શ્રીહરિ મંદિરમાં આવીને ઊતર્યા. પછી જે થાળ કર્યો હતો તે જમ્યા. જયાનંદ વર્ણી

નિત્ય જે રસોઈ કરતા તેને શ્રીહરિ હેતથી જમતા હતા. જેને શ્રીહરિને થાળ જમાડવાનો અંતરમાં ભાવ થતો તેવા હરિભક્તો બરફી, પેંડા અને પતાસાના થાળ ભરી ભરીને લાવતા હતા. જેને શ્રીહરિને જમાડવાનો જેવો ભાવ હોય તે તેવા થાળ ભરીને લાવતા હતા. અને તે શ્રીહરિ જમતા હતા. ૬-૮.

ચોપદાર કુબેરસિંહ તથા ઊંચી ભાવનાવાળા કણબી શંભુદાસ, લાલદાસ, કાળાભાઈ, કેવલભાઈ અને રણછોડભાઈ, આટલા હરિભક્તોની તે દિવસે રસોઈ હતી, તેમ તમે જાણો. રસોઈમાં જલેબી તથા મોતીચૂરના સુંદર લાડુ હતા. ૯-૧૦. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે હાથ ધોઈને મુખવાસ લીધો. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢેલું હતું. ૧૧. કેળનો બાગ બનાવીને તેમાં રંગોળી પૂરી હતી. તેમાં સંતોની પંગત કરી. ત્યાં એક પાટ હતી તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ઉપર કહેલા હરિભક્તો ભેળામળીને પૂજા કરવા આવ્યા. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર થાળમાં ભરીને લાવ્યા હતા. ૧૨-૧૩. સહુએ ખૂબ ભાવથી શ્રીહરિને કેસરયુક્ત ચંદન ચરચ્યું. ફૂલના હાર અને બાજુબંધ ઘણા પ્રેમથી પહેરાવ્યા. ૧૪. મસ્તક ઉપર ફૂલની પાઘ મૂકી. તેમાં ઘણા પ્રેમથી સુંદર તોરા લટકાવ્યા અને ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. ૧૫. લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો અને પછી શ્રીહરિને જગદ્‌વંદ્ય જાણીને કપૂરથી આરતી કરી. ૧૬.

પછી જે સંતો હતા તે સહુની પણ પૂજા કરી. જ્યારે સંતોની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ઊભા થયા. ૧૭. શ્રીહરિ જલેબી અને મોતીચૂરના લાડુને પીરસવા લાગ્યા અને બીજા ભોજનોને તે વખતે સંતો પીરસવા લાગ્યા. ૧૮. જ્યાં સુધી પંગતમાં ભોજન પીરસાયું ત્યાં સુધી બધા સંતો મુખથી નારાયણધૂન બોલતા હતા. માનો કે તે વખતે અમૃતની ધારા વરસતી હોય તેવું લાગતું હતું ! ૧૯. સંતોએ શ્રીહરિને ‘બધું પીરસાઈ રહ્યું છે’ તેમ કહ્યું. ત્યારે પરમ નિપુણ શ્રીહરિએ સંતોને જમવાની આજ્ઞા આપી અને સંતો જમવા લાગ્યા. ૨૦. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૨૧. મંદિરની આગળ

સુંદર મંડપ રચ્યો હતો. તેમાં જે શોભા કરી હતી તે વર્ણવી શકાતી નથી. વેદજ્ઞ વિપ્ર હરિભક્તોએ મંડપની વચ્ચે વેદી બનાવી હતી. ૨૨. (તે સમે ચાર વેદ બ્રાહ્મણને રૂપે આવ્યા ને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમને વરણીમાં વરાવ્યા. પછી વેદીનો કુંડ કરાવવા માંડ્યો, અને તેના ઉપર માંડવો કરાવ્યો ને ફરતી વળીઓ બંધાવી.)

ઉમરેઠના ખેડાવાળ વિપ્ર હરિભાઈ અને અમદાવાદના નાગર વિપ્ર સંપૂર્ણ વેદ ભણેલા હતા, તેમનાં નામ હિંમતરામ, નરભેરામ શાસ્ત્રી, રણછોડ શાસ્ત્રી, નારાયણજી, મહાદેવ, ગૌરીશંકર, ગણપતરામ, બે નથુ ભટ્ટ, બે હરિશંકર અને જીવણરામ હતા. ૨૩-૨૫. હળવદ ગામના શિવા જાની, શંભુ શુક્લ અને વિપ્ર પ્રાગજી વગેરે હતા. ૨૬. દીનાનાથ ભટ્ટ, લક્ષ્મીરામ(બંને આમોદના), રામનાથ શાસ્ત્રી, આપા શાસ્ત્રી, ન્યાયશાસ્ત્ર ભણેલા શોભારામ શાસ્ત્રી(વડોદરા), શિવરામ ભટ્ટ(શિયાણી), ચાર ગોવિંદરામ, પુરુષોત્તમ શાસ્ત્રી, વિદ્યાર્થી જીવરામ, ઝુમખરામ, ધનેશ્વર, નાગર મોતીરામ, કાશીરામ, તુલજારામ, રઘુનાથ, લાલજી, જીવરામ, રામચંદ્ર, લખીરામ, બેચરજી, દેવકૃષ્ણ, ઉગ્રચંદ, બે આશારામ, વાલજીભાઈ, બાપુભાઈ, ઉદ્ધવજી, વસ્તા રાવળ, મયારામ ભટ્ટ, બેચરજી, દુર્લભરામ, અંબારામ અને વિપ્ર કલાભાઈ ઇત્યાદિક એકસો આઠ વિપ્રોની વરણી કરીને યજ્ઞમાં બેસાડ્યા હતા. ૨૭-૩૨.

જેટલા વિપ્ર હતા તેમને બધાને બેસવા માટે બાજોઠ આપ્યા. શ્રીહરિએ પોતે હાથમાં ચંદન લઈને તે વિપ્રોની પૂજા કરી. અને જે વિપ્રોને પોતે બેસાડ્યા હતા તેમના લલાટમાં કેસરયુક્ત ચંદન ચર્ચીને કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૩૩-૩૪. અને પ્યારા શ્રીહરિએ તે સહુ વિપ્રોને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. તે વિપ્રોના જમણે કાંડે એક એક નાડાછડી બાંધી. ૩૫. દેવતાઓને પ્રસન્ન કરવા માટે ઘી, જવ, તલ ઇત્યાદિક જેટલી મંગળ વસ્તુઓ કહેવાય છે તે બધી ત્યાં તૈયાર કરીને આગળના ભાગમાં રાખી હતી. ૩૬. તે પ્રસંગે સમય સમય પ્રમાણે ઢોલ, તાંસા, ચોઘડિયા, નોબત, શરણાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. ૩૭. વિપ્રોએ યોગ્ય મુહૂર્ત જોઈને યજ્ઞકુંડમાં વેદમંત્ર ભણીને અગ્નિ પ્રગટાવ્યો. ૩૮. નરનારાયણ દેવની બંને

મૂર્તિ અદ્‌ભુત હતી. ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ જેવાં આયુધ ધારેલાં હતાં. શ્વેત વસ્ત્ર ધારણ કરાવ્યાં હતાં. આવા તે દેવો મંડપમાં આવ્યા અને બધા વિપ્રોને દર્શન દીધાં. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "પ્રતિષ્ઠાકર્મના પ્રારંભમાં વિપ્રોની વરણી અને યજ્ઞકુંડમાં અગ્નિનું પ્રગટ કરવું" એ નામે નેવુમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર બાવીશમું : તરંગ - ૯૧

નિત્યમુનિએ સ્તુતિનો અર્થ કહ્યો અને બે સાહેબો સભાને જોવા આવ્યા

જ્યારે નરનારાયણ દેવની મૂર્તિઓ મંડપમાં આવી ત્યારે તેમને હરિભક્ત વિપ્રોએ વેદી ઉપર પધરાવી. ૧. જેટલા વર્ણીઓ હતા તેમને ત્યાં સેવામાં રાખ્યા અને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને કાંકરિયા સરોવર ઉપર આવ્યા. ૨. ત્યાં આવી શ્રીહરિ મંચ ઉપર બેઠા. અને સંતો તથા હરિભક્તો આવ્યા હતા તેમની સભા થઈ, અને દસ-બાર મશાલો પ્રગટાવી. ૩. પછી સંતો આરતી બોલીને અતિ ભાવથી નારાયણધૂન બોલ્યા, અને તે પછી સ્તુતિના સારા શ્લોકો ઘણા ભાવથી બોલ્યા. તે બોલી રહ્યા પછી જીવના મિત્ર જેવા તે સંતો બેઠા. તે વખતે જીવા ખાચર શ્રીહરિ રાજી થાય તેવાં વચન બોલવાં લાગ્યાં. તે બહુ બુદ્ધિમાન દરબાર હતા. જેટલા કાઠી દરબારો હતા તેમાં જીવા ખાચર જેવા બુદ્ધિમાન કોઈ ન હતા. ૪-૬. જીવા ખાચરે શ્રીહરિને કહ્યું કે, "આ સંતો જે શ્લોક બોલ્યા તેમાં અમે કાંઈ સમજતા નથી. સંતોએ આ શ્લોકમાં શી વાત કહી ? શ્લોકોનો અર્થ જાણ્યા સિવાય તેમાં કાંઈ સ્વાદ આવતો નથી."

ત્યારે શ્રીહરિએ નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે આ સ્તુતિના અઢાર શ્લોકનો અર્થ જેવો હોય તેવો કરો." ત્યારે નિત્યાનંદસ્વામીએ તે શ્લોકના અર્થ કરવાનું શરૂ કર્યું. ૭-૯. તે શ્લોકોના અર્થ જેવા હતા તેવા

જ પરમ પ્રેમરસથી કરવા લાગ્યા. પરમહંસોએ શ્રીહરિની જે સ્તુતિ કરી હતી તે શ્લોકોનો અર્થ જે રીતે સહુને સમજાય તેમ ઘણા હેતે કરીને કહ્યો. તે સાંભળીને તેઓ ઘણું રાજી થયા. પછી જીવા ખાચરે શ્રીહરિને કહ્યું જે, "હે મહારાજ, આપ જેવા છો તેવા અમે આપને જાણતા નથી. આપ એવી રીતે રહો છો કે જેથી તમારું સ્વરૂપ થોડું જ સમજવામાં આવે છે. યથાર્થ જાણી શકતા નથી. ૧૦-૧૨. પણ જ્યાં સુધી અમે આપને યથાર્થ જાણતા નથી ત્યાં સુધી આ સંસાર છૂટતો નથી. માટે હે હરિ ! આપના સિવાય બીજા કોઈમાં અમને લગાર પણ હેત ન રહે એવી દયા કરજો." ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **"જ્યાં સુધી અન્ય કોઈ પણ બાબતને ભગવાનથી અધિક સમજવામાં આવે છે ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે. ૧૪.**

આ ભવભટકણમાં જીવ જ્યાં સુધી સુખ માનતો રહે છે ત્યાં સુધી તેમાં જે બુદ્ધિ હોય તે કુબુદ્ધિ જ છે. ૧૫. જે શાસ્ત્રનો પાર પામેલા હોય તેને આવી સમજણ હોય છે. જે જેટલો મોક્ષમાર્ગે ચાલે છે તે તેટલો જ ખરેખર બુદ્ધિવાળો કહેવાય છે. ૧૬.

❋ મોક્ષને માર્ગે ચાલનારા મુમુક્ષુની રીત :

ચોપાઈ :

मोक्ष के मग चले यह तितना, अपनी देखत भूल हि इतना;
मोक्ष मग चलत रहेउ जाही, अपने गुरु कर मानत ताही...१७
मोक्ष मग चलत रहे ताके, तिरस्कार सहन करे वाके;
अपनी भूल रहाये एता, मोक्ष मग चलत नहीं तेता...१८
मोक्ष मग चलत रहे तिनके, गुन गावत कपट तज इनके;
तिन करी तिनके मोक्ष रहाते, मिथ्या नहीं हम हि कहाते...१९

જે મનુષ્ય પોતાની ભૂલ જેટલી દેખે છે તેટલો જ તે મોક્ષમાર્ગ ઉપર ચાલે છે. જે કોઈ આ રીતે મોક્ષના માર્ગે ચાલી રહ્યા હોય તેને તે પોતાના ગુરુ કરીને માને છે. ૧૭. વળી, જે મોક્ષને માર્ગે ચાલતા હોય તેના તિરસ્કારને સહન કરે છે. છતાં પોતાની ભૂલ એટલી છે કે, પોતે મોક્ષને માર્ગે ચાલતા નથી. ૧૮. જે મોક્ષને માર્ગે ચાલતા હોય એવા સંતો-ભક્તોના

ગુણ નિષ્કપટપણે ગાતો રહે, તો તેનાથી તેનો મોક્ષ થાય છે. આમાં અમે કોઈ વાત મિથ્યા કહેતા નથી. ૧૯.

મોક્ષના અપાર દ્વારો છે, પણ કહ્યા સિવાય તેને કોઈ જાણી શકતા નથી. જે મોક્ષને માર્ગે ચાલે છે તેનો જેટલો પક્ષ રાખવામાં આવે છે તેનો તેટલો મોક્ષ થઈ રહ્યો છે. તે રાખેલો પક્ષ કોઈનોય મિથ્યા થતો નથી. અને જે માણસ હરિભક્તમાં જેટલો દોષ વિના દોષ આરોપે છે, તેટલો તેને અનેક કલ્પ સુધી નરકવાસ ભોગવવો પડે છે. **માણસ પોતાનાં મા-બાપના દોષોને જે રીતે ઢાંકી રાખે છે તે રીતે જ ભગવાનના ભક્તમાં કદાચ કોઈ દોષ હોય તો તેને ઢાંકી રાખવા જોઈએ. આ રીતે જે કોઈ મનુષ્ય સમજે છે તે લખચોરાશી અને નરકના દુઃખને સહેજે તરી જાય છે."** ૨૦-૨૩.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે તે સાંભળીને બધા ભક્તો ઘણું રાજી થયા. તે વખતે સંતો નિષ્કુળાનંદસ્વામીએ કરેલ ગરબીનાં *'ભજ ભજ રે મન તું સહજાનંદ..'* એ પદ બોલ્યા. ૨૪. બીજને દિવસ પણ સવારના પહોરમાં શ્રીહરિએ કાંકરિયા સરોવરમાં નાહીને દેવપૂજા વગેરે નિત્યકર્મ કર્યું. પછી આવીને મંચ ઉપર બેઠા. ૨૫. તે સમયે બધા સંતો અને હરિભક્તોની સભા થઈ; ત્યારે બે અંગ્રેજ સાહેબો ઘોડા ઉપર બેસીને ત્યાં આવ્યા. ૨૬. તેઓ આવીને સભાની બહાર ઊભા રહ્યા. તેમણે કુબેરસિંહ ચોપદારને પોતાની પાસે બોલાવ્યા. પછી તેમણે એ વાત પૂછી કે આ દેશમાં સ્વામિનારાયણ બહુ પ્રસિદ્ધ થયા છે. તેમના જેવો બીજો કોઈ મત પ્રસિદ્ધ નથી. ૨૭-૨૮.

તે પ્રસિદ્ધિનું કારણ શું છે ? તે જોવા માટે અમે આવ્યા છીએ. કારણ જોયા વિના તેમની મોટાઈ સમજવામાં આવતી નથી. ૨૯. અમે અહીં આવીને જ્યારે સભાની રીત દેખી ત્યારે તેનું કારણ દેખાઈ આવ્યું છે. તેઓ જે રીતે પ્રસિદ્ધ થાય તે રીતના જ માર્ગને અનુસારે ચાલી રહ્યા છે. ૩૦. બીજા જેટલા મત કહેવાય છે તે બધા ઊતરતે માર્ગે ચાલ્યા છે અને તે હીન માર્ગે ચાલીને પણ પોતાને શાહુકારને માર્ગે ચાલતા હોય તેવું મનમાં વિચારે છે, પણ તેની બુદ્ધિમાં ખરેખર અંધારું છે. જ્યારથી તેઓ ઊતરતે માર્ગે ચાલ્યા

ત્યારથી તેઓ વગર જીત્યે જિતાઈ ગયા છે. ૩૧-૩૨. ઊતરતો માર્ગ કોને કહેવાય ? તેને તે લોકો કાંઈ જાણતા નથી. આ એક સ્વામિનારાયણ એવા છે કે જે ઊતરતા મતને દેખી રહ્યા છે. ૩૩. તેથી તેઓ ઊતરતા માર્ગનો ત્યાગ કરીને ઉત્તમ માર્ગ ઉપર પ્રેમભાવ રાખે છે. અને તેથી જ તેમની ઉત્તમતામાં બીજા બધા મતો છુપાઈ-ઢંકાઈ ગયા છે. ૩૪.

જેટલાં લોકો ઊતરતે માર્ગે ચાલ્યા છે તે બધા દબાઈ ગયા છે. અને જેટલાં સ્ત્રી-પુરુષો ઉત્તમ માર્ગે ચાલ્યા છે તે બધાં બાઈઓની સભામાં બાઈઓ મર્યાદાથી બેસે છે, અને ભાઈઓની સભામાં ભાઈઓ મર્યાદા રાખીને બેસે છે. ૩૫-૩૬. તે લોકો જેટલી પ્રકારના વ્યસન અને નશા કહેવાય છે તેનો ત્યાગ કરી દે છે. અને **ભગવાન સંબંધી જ કથા, કીર્તન તથા વાત કરે છે. વળી, જે કોઈ અઘટિત વિષયો હોય તેનો તેઓ ત્યાગ કરી દે છે. માટે આ સ્વામિનારાયણનો મત ઉત્તમ રહ્યો છે.** ૩૭-૩૮. જો તમારા ગુરુ અમને કહે તો અમે તેમની પાસે આવીએ. તમે જઈને તેમની સમયની અનુકૂળતા પૂછીને મરજી જાણી લાવો. ૩૯. પછી કુબેરસિંહજી શ્રીહરિની પાસે આવ્યા અને બંને હાથ જોડીને તે સાહેબોએ કહેલી વાત કહી સંભળાવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "નિત્યમુનિએ સ્તુતિનો અર્થ કહ્યો અને બે સાહેબો સભાને જોવા આવ્યા" એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર બાવીશમું : તરંગ - ૯૨

સાહેબની આગળ નિષ્કામપણું કહ્યું અને ત્રણ પ્રકારના ભક્ત કહ્યા

કુબેરસિંહની વાત સાંભળીને શ્રીહરિ રાજી થયા. પછી હરિભક્તોની સભા વચ્ચે જગ્યા કરાવી. તે બંને અંગ્રેજો અશ્વ ઉપર બેઠા હતા, તેમને બોલાવ્યા. તેથી તે શ્રીહરિની પાસે આવ્યા. આવીને માથા ઉપરની ટોપી ઉતારી અને હેતથી બોલ્યા, **"જે ઉત્તમ પુરુષ હોય છે તે ઉત્તમ બાબતોને ગ્રહણ કરે છે. તેનાથી તેની ઉત્તમતા દેખાય આવે છે.** ૧-૩. જ્યાં સ્ત્રી

અને પુરુષની એકાકારતા રહી હોય તેનો મત ખોટો છે. ભલે તેઓ પોતાને ગમે તેવા માનતા હોય. ૪.

ત્રણ વર્ણના જેટલા ત્યાગી સંતો, વર્ણી કે સંન્યાસીઓ છે, તેમાં એક પરમહંસ ગુરુ હોય છે. કે જેમાં બુદ્ધિ અધિક હોય. ૫. જે ગુરુ હોય છે તેઓ કથા, વાર્તા અને કીર્તનને શીખતા રહે છે. વળી, બડભાગી તે ગુરુ બધી ઈન્દ્રિયો વડે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખે છે. ૬. સનકાદિકો તથા દત્તાત્રેય સાચા ત્યાગી ગુરુ હતા. ત્યાગી સંતની તે રીતને ભાગવતમાં શુદ્ધ રીતે કહી છે. ૭. જેણે સંસારનો ત્યાગ કર્યો હોય એવા વર્ણી, સંન્યાસી, સાધુ અને પરમહંસ કહેવાતા હોય તેમણે આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો, તેમ કહ્યું છે. તેવી રીતે તે પ્રસિદ્ધપણે જ્યારે તેનો ત્યાગ કરે છે ત્યારે સાચા ત્યાગી કહેવાય છે, અને જે ત્યાગ નથી રાખતા તે મિથ્યા ત્યાગી કહેવાય છે. ૮-૯. બ્રહ્મચર્યવ્રત ધારી વીર ત્યાગી પુરુષે કાષ્ઠ, ચિત્રામણ કે પાષાણની સ્ત્રીને અડવું કે દેખવી નહિ. અને સ્ત્રીસુખ બાબતનો મનમાં કોઈ રીતે ક્યારેય લગાર પણ સંકલ્પ કરવો નહિ. ૧૦.

જે ત્યાગી થઈને સ્ત્રીસુખ બાબતના મનમાં સંકલ્પ કરે છે, તે ત્યાગી જ્યાં સુધી સંકલ્પના ઘોડા ઘડે છે ત્યાં સુધી તે ત્યાગીના પદથી માનસિક રીતે નરકમાં પડ્યો કહેવાય. સ્ત્રીના ગુરુ સ્ત્રી હોય તો તે શિષ્યસ્ત્રી મોક્ષ પામે છે. ૧૧-૧૨. જે સધવા સ્ત્રી હોય તે પોતાના પતિની પાસેથી કોઈ વિદ્યા ભણતી હોય તો તેમાં કોઈ બાધ નથી. ૧૩. પછી જે સ્ત્રી પોતાના પતિ પાસેથી ભણી હોય તેની પાસેથી બીજી બધી સધવા તથા વિધવા સ્ત્રીઓ ભણે. ૧૪. આમ આપના મતની જે રીત છે તેને સાંભળીને અમે તેને જોવા આવ્યા છીએ.” આ રીતે તે બંને અંગ્રેજ સાહેબોએ શ્રીહરિને કહ્યું. ૧૫. ત્યારે શ્રીહરિએ તે સાહેબો આગળ કહ્યું કે, “અમારા આશ્રિત જે સંતો તથા વર્ણી અહીં બેઠા છે તે બધા શાસ્ત્રની રીતમાં વર્તે છે. ૧૬.

✵ શ્રીહરિએ સાહેબને નિજ સંપ્રદાયની રીત કહી :

અમારા આશ્રિત જેટલા ત્યાગી અને ગૃહસ્થો છે તેમાં જેટલા ત્યાગી છે તે જે રીતે ત્યાગીના ધર્મ કહ્યા છે તે રીતે વર્તે છે. ૧૭. જ્યાં સુધી તેઓ

ધર્મ પ્રમાણે ચાલે છે ત્યાં સુધી તે અમારા ત્યાગી છે. જ્યાં સુધી તેઓ ધર્મ રાખે છે ત્યાં સુધી જ અમે તેને નિશ્ચિત અમારા માનીએ છીએ. ૧૮. જ્યાં સુધી ભક્તજનો આ રીતે સમજે છે કે, 'જે સ્વામિનારાયણ છે તે અમારા ઈષ્ટદેવ છે અને જેને અમે ઈષ્ટદેવ માનીએ છીએ તે સર્વ કારણનું પણ કારણ છે.' ત્યાં સુધી તેને અમે અમારા માનીએ છીએ. જેવી ત્યાગીની આ રીત કહી તેવી જ ગૃહસ્થોની પણ રીત છે. ૧૯-૨૦.

અમારા સંપ્રદાયના ગૃહસ્થોને માટે કહેલા જે ધર્મ છે તે પ્રમાણે તે ગૃહસ્થ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે અમારા મતના કહેવાય છે. આવો અમારા મતનો ધારો છે તે તમને કહ્યો. અને વળી, સધવા અને વિધવા બાઈઓ છે તેના ધર્મો ભિન્ન ભિન્ન રહ્યા છે; તેને તેઓ તે પ્રકારે જ્યાં સુધી પાળે છે ત્યાં સુધી તે અમારા કહેવાય છે. અમારો અને અમારા આશ્રિતો વચ્ચેનો સંબંધ ધર્મને લીધે છે. જો ધર્મ ન રાખે તો ચાહે તેવો સંબંધ હોય, તોપણ તે સંબંધ રહેતો નથી. ૨૧-૨૩. ધર્મ પાળવામાં જ્યાં સુધી પ્રેમ રાખે છે ત્યાં સુધી અમારો સંબંધ પાકો રહે છે. અમારી જેવી રીત છે તે અમે તમને યથાર્થ રીતે કહી." ૨૪.

શ્રીહરિના મુખની વાત સાંભળીને તે બંને સાહેબો મનમાં અતિશય ખુશી થયા અને પછી ચાલ્યા ગયા. ૨૫. પછી શ્રીહરિએ કહ્યું કે, "જેમાં જેટલી શુભ બુદ્ધિ હોય છે તેમાં જે પરમેશ્વર કહેવાય છે તેને તેટલી પ્રીતિ હોય છે. ૨૬. જેમાં જેટલી શુભ બુદ્ધિ હોય છે તે સત્સંગ કરે છે. અને તે સત્સંગ પરના ભાવથી ઓળખાઈ આવે છે. ૨૭. પોતાના ઈષ્ટદેવને ભક્ત જેવા જાણે છે તે ભાવરૂપી દ્વારે કરીને દેખાય આવે છે. ૨૮. જે ઉપલક ભાવ રાખતો હોય તે ઝાઝા દિવસ નભી શકતો નથી. જે અંદરનો ભાવ છે તે તો પાતાળનું પાણી કહેવાય છે અર્થાત્ તે ક્યારેય ખૂટે નહિ. ૨૯. ઉપરનો જે ભાવ છે તે તો સરવાણીનું પાણી છે. આસપાસમાં કોઈ ઊંડો કૂવો ન ખોદે ત્યાં સુધી સરવાણીનું પાણી રહે છે. ૩૦.

❋ શ્રીહરિએ કહેલ ત્રણ પ્રકારના ભક્તોની વિગત :

હરિભક્ત ત્રણ પ્રકારના છે. ભાવના ઉપરથી તે ખુલ્લા દેખાય છે. તેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકાર છે, તે બધા તેના ભાવ ઉપરથી

દેખાઈ આવે છે. ૩૧. જે **કનિષ્ઠ ભક્ત** હોય તેની જ્યાં સુધી મરજી સચવાય ત્યાં સુધી તે સારો રહે છે, પણ જ્યારે તેની મરજીનું ખંડન થાય ત્યારે તેની મતિ સારી રહેતી નથી. ૩૨. જ્યારે તેની રૂડી બુદ્ધિ મટી જાય છે ત્યારે તે દ્રોહ કરવા લાગે છે. અને તે દ્રોહે કરીને તે અધમનું બધું પુણ્ય બળી જાય છે. ૩૩. જો તે સંતો-ભક્તોનો દ્રોહ ન કરે તો તેનું કરેલું પુણ્ય બચી જાય છે. આમ, જે કનિષ્ઠ ભક્ત છે તે જ્યાં સુધી તેને કોઈ રોકે-ટોકે નહિ ત્યાં સુધી તે સરસ રહે છે. ૩૪.

જે **મધ્યમ ભક્ત** છે તેને કોઈ સત્પુરુષ જ્યારે ટોકે ત્યારે એ ટોકણીમાં જ્યાં સુધી હિત મનાતું રહે ત્યાં સુધી તે હરિભક્ત આગળ વધતો રહે છે. કદાચ જો તેને ટોકે ત્યારે અવગુણ લે, તોપણ સત્સંગમાં તે હરિભક્ત એટલો આગળ વધેલો હોય છે કે, તે સત્સંગને છોડી દેતો નથી. પછી તે કોઈ એક સંત ઉપર ભાવ રાખીને તન-મનથી એકરસ થઈને વર્તે છે. ૩૫-૩૬. તે મનમાં એમ માને છે કે મારા જેવું બીજા કોઈ હરિભક્ત સમજતા નથી. આવો જે હોય તે મધ્યમ હરિભક્ત છે અને તે તેની સમજણે કરીને દેખાઈ આવે છે. ૩૭.

दोहा : संत हरिजन जितना जो, सत्संग महिं रहेउ;
भगवान ताके धाम के, मन क्रम कर हि तेउ...३८
निष्कपट मानत रहेउ, कपटी कि कहत न बात;
निष्कपट रहे उत्तम यह, दासभाव वरतात...३९

सोरठा : निष्कपट रहे जाहि, हरिजन उत्तम हे तेहि;
सर्वोपरी यह रहाहि, अधिक कर हि हरिजन महिं...४०
हरिजन हि जो ताके, जितना रहे पक्ष जेहि;
तितना रहे वाके, सत्संग तेहि जिय महिं...४१

જે **ઉત્તમ ભક્ત** છે તે તો આ સત્સંગમાં જેટલા સંતો અને હરિભક્તો છે તે બધાને નિષ્કપટભાવે મન, કર્મે કરીને ભગવાનના ધામના મુક્ત માને છે. આમાં અમે કપટી ભક્તની વાત કહેતા નથી. જે નિષ્કપટ ઉત્તમ ભક્ત હોય તે સદા દાસભાવે વર્તે છે. ૩૮-૩૯. માટે જે નિષ્કપટ રહે છે તે

હરિભક્ત ઉત્તમ છે. તે સર્વ હરિભક્તોમાં અધિક હોવાથી સર્વોપરિ ભક્ત છે. ૪૦. જેને હરિભક્તોનો જેટલો પક્ષ રહે છે તેટલો તેના જીવમાં સત્સંગ છે; તેમ જાણવું." ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સાહેબની આગળ નિષ્કામપણું કહ્યું અને ત્રણ પ્રકારના ભક્ત કહ્યા" એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર બાવીશમું : તરંગ - ૯૩

શ્રીનગરમાં સંતોને કેળાં અને રોટલી જમાડ્યાં તથા પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી

બીજને દિવસ ઉપર કહ્યા મુજબ ત્રણ પ્રકારના ભક્તોની વાત કહીને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. મસ્તક ઉપર સોનેરી છત્ર હતું. ૧. બધા સંતો સાથે હતા. શ્રીહરિ શહેરમાં આવ્યા. રાજબજારે થઈને મંદિરમાં આવ્યા. ૨. અશ્વ ઉપરથી ઊતરી, આવીને મૂર્તિઓ દેખી. પછી શ્રીહરિએ વિપ્રોને કહ્યું, "સિંહાસન તૈયાર થયું છે. હવે જ્યારે તમે કહો, ત્યારે તમારી વારે વાર છે બીજી કોઈ વાર નથી." ૩-૪. ત્યારે વિપ્રોએ કહ્યું, "આના પછીના છઠ્ઠે પહોરે(ત્રીજની વહેલી સવારે) મૂર્તિઓને સિંહાસનમાં પધરાવવાનું મુહૂર્ત છે." આ રીતે શ્રીહરિએ વિપ્રોને બોલાવીને રાજી કર્યા. પછી સહુને એક એક ફૂલનો હાર ભાવથી પહેરાવ્યો. તે વખતે રસોઈ તૈયાર થઈ, તેથી શ્રીહરિએ સ્નાન કરીને એક પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. હાથમાં રેશમી રૂમાલ હતો. પછી ચરણમાં પાદુકા પહેરી સુખદાયક શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. ૫-૭.

બીજા બાજોઠ ઉપર રાખેલા થાળમાં ભોજન લાવીને ધરાવ્યાં. મુકુંદ વર્ણી કેળાં અને રોટલી લાવતાં હતાં. ૮. સોની હરિભક્તોની રસોઈ હતી. તેને શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. જમી રહ્યા પછી મુખવાસ લીધો. ૯. ચોકમાં રંગબેરંગી મંડપ બાંધ્યો હતો. તેમાં વિવિધ પ્રકારની રંગોળી પૂરી હતી. તે રંગોળીમાં સંતોની પંગત બેસાડી. ૧૦. શ્રીહરિ તે મંડપમાં

આવ્યા અને પાટ ઉપર બેઠા. જેટલા સોની હરિભક્ત હતા તે બધા પૂજા કરવા આવ્યા. ૧૧. પહેલા કેસરયુક્ત ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું અને પછી બીજાં અંગ ઉપર ચરચ્યું. ૧૨. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી એક એક સોની હરિભક્તે સારાં સોનાનાં ઘરેણાં શ્રીહરિને ધરાવ્યાં. તેમાં પુરુષોત્તમભાઈ સોનીએ હૃદયના ઘણા હેતથી શ્રીહરિના કંઠમાં સોનાની હીરાકંઠી પહેરાવી. ૧૩-૧૪. હીરાચંદભાઈએ બંને ભુજાઓ ઉપર સોનાના બાજુબંધ ઘણા ભાવથી બાંધ્યા. ૧૫. વણારસીભાઈ સોનીએ ઘણા પ્રેમભાવથી સોનાનાં કડાં શ્રીહરિના હાથમાં પહેરાવ્યા. ૧૬.

તે સિવાયના બીજા જે સોની હરિભક્તો હતા તેમણે પોતાના ભાવ પ્રમાણે સોનાનું એક એક ઘરેણું ધરાવ્યું. ૧૭. પછી સહુએ ભેળામળીને કપૂરથી શ્રીહરિની આરતી કરી. આરતી કર્યા પછી તે સહુએ સંતોની પૂજા કરી. ૧૮. કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા અને દરેક સંતની આગળ અગરબત્તીનો ધૂપ કર્યો. ૧૯. સંતો મુખથી નારાયણધૂન બોલતા હતા. જ્યારે કેળાં સુધારી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને કેળાં પીરસ્યાં. ૨૦. તે પછી પોશ ભરી ભરીને સંતોને સાકર આપી. ત્યારબાદ ઘીની તાંબડી લઈને સંતોને ઘી પીરસ્યું. ૨૧. પછી ઘીમાં ખૂબ ઝબોળી રાખેલી પાતળી રોટલી શ્રીહરિએ સંતોને પીરસી. જ્યારે પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને જમવા માટે રજા આપી. વડાં, ભજિયાં અને જેટલાં રાઈતાં કર્યાં હતાં, તેને પણ સંતો જમવા લાગ્યા. ૨૨-૨૩. શ્રીહરિ સંતોને ઘણા પ્રેમભાવથી પીરસતા હતા. હૃદયમાં અતિશય ઉત્સાહ ભરેલો હતો. શ્રીહરિ ઉત્સાહ વગરની કોઈ વાત ક્યારેય કરતા નહિ. ૨૪. શ્રીહરિ ઉત્સાહથી જે કાંઈ કરતા તે અતિશય શોભી જતું હતું. આ શ્રીહરિની ઉત્સાહ ભરેલી બધી ક્રિયા વિવાહ કરતાં પણ વધારે શોભતી હતી. ૨૫. દિવસે દિવસે વધારે ને વધારે જે રીતે આનંદ વધે તે રીતે શ્રીહરિ અત્યંત પ્રેમરસથી કામ કરતા હતા. ૨૬. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ મંદિરમાં જ આરામ કર્યો.

જ્યારે દિવસનો પાછલો પહોર હતો ત્યારે શ્રીહરિ ઉત્સાહભેર આવીને પાટ ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા તેના ઉપર બેઠા. ૨૭-૨૮. તે સમયે

ત્યાં જેટલા સંતો હતા તે બધાની સભા થઈ. અને જે હરિભક્તો હતા તે પણ બધા આવીને બેઠા. સભા એવી થઈ કે તે વિષે કાંઈ કહી શકાતું નથી. ૨૯. હરિભક્તોની સભા તો જાણે ખીલેલાં કમળનું વન હોય તેવી તે વખતે બની હતી. તે શોભા અવર્ણનીય હતી. ૩૦. બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં જેવી અખંડ સભા રહેતી હોય તેવી આ સભા શોભતી હતી. ૩૧. જે જે બ્રહ્માંડમાં ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓ રહે છે તે દેવો તથા જેટલાં ભગવાનનાં ધામ છે ત્યાંના મુક્તો તે બધા વિમાનમાં બેસીને વિવિધ પ્રકારનો પૂજાનો સામાન લઈને આ સભામાં આવતા-જતા રહેતા હતા. જેવી ભગવાનના ધામમાં શોભા હોય તેવી શોભા જ્યાં શ્રીહરિ હોય ત્યાં રહેતી હતી. ૩૨-૩૩. જે જે લોકો આ સભાની શોભાને દેખતા હતા તેના મનમાં તૃપ્તિ જ થતી નહિ. તેથી જે ત્રણ પ્રકારના તાપ કહેવાય છે તે આ સભામાં પ્રવેશતા નહિ. ૩૪.

આનંદના અપાર સિંધુમાં જેટલો આનંદ ભર્યો હોય તેટલો આનંદ જ્યાં શ્રીહરિ હોય ત્યાં રહેતો હતો અને તેનું અપાર સુખ આવતું હતું. ૩૫. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે જેટલા હરિભક્ત વાળંદો હતા તે મશાલ લઈને આવ્યા. ૩૬. મંડપમાં બિલોરી કાચની હાંડીઓ અને ઝુંમર બાંધેલા હતા. તેમાં જ્યાં યોગ્ય હતા ત્યાં દીવા પ્રગટાવી દીધા. બીજી બાજુ જે વિપ્રો હતા તે ઘણા શુદ્ધ ભાવથી પ્રતિષ્ઠાવિધિ કરી રહ્યા હતા, અને ઉત્સાહથી પ્રતિષ્ઠાના મંત્રો બોલતા હતા. ૩૭-૩૮. સંતો સંધ્યા આરતી અને નારાયણધૂન કરી રહ્યા પછી કીર્તન બોલતાં હતાં. તે વખતે રાતનો એક પહોર વીતી ગયો હતો. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "અમદાવાદમાં સંતોને કેળાં અને રોટલી જમાડ્યાં તથા પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી કરી" એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર બાવીશમું : તરંગ - ૯૪

શ્રીહરિએ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી

શ્રીહરિએ તે સમયે સભાનું વિસર્જન કર્યું અને સંતો તથા હરિભક્તો સહુ સહુના મુકામ ઉપર ગયા. ૧. (પછી મહારાજ ઓટેથી ઊતરીને થાળ જમવા પધાર્યા, તે જમતા જાય ને સદ્‌ગુરુ સાથે વાત કરતા જાય. તે સમે આનંદસ્વામી શહેરમાંથી આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, "કેમ છે સ્વામી ?" ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "કાલે સવારમાં નરનારાયણની પ્રતિષ્ઠાનું મુહૂર્ત છે, તેથી તમે વહેલા પધારજો."

ત્યારે મહારાજ કહે જે, "સર્વે સંત, સંન્યાસી, બ્રહ્મચારી, કાઠી, પાળા ને હરિજન તેમને લઈને અમે વહેલા આવશું. ને સાહેબે કહ્યું છે માટે બંને દરવાજા ઉઘાડા રહેશે." પછી મહારાજે જમીને ચળુ કર્યું ને આનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી આદિ સદ્‌ગુરુને થાળ આપ્યો.

ત્યારે ગંગામા તથા લાડુબા બોલ્યા જે, "હે મહારાજ ! આનંદસ્વામી તો બપોરે પણ નહીં જમ્યા હોય. કેમ જે, કામકાજમાં બહુ રહે છે." ત્યારે મહારાજ કહે, "જે હોય તે લાવો." પછી શીરો, પૂરી, શાક, પાપડ વગેરે જમવાનું લાવ્યાં, તે મહારાજ સ્વામીને પીરસતા જાય ને જમાડતા જાય. પછી મહારાજે જમીને રખાવેલાં દૂધ, સાકર ને ભાત પીરસીને સ્વામીને જમાડ્યા.

પછી મહારાજ કહે, "મુક્તાનંદસ્વામી, તમે પચ્ચીસ સંતોને લઈને અત્યારે આનંદસ્વામી સાથે મંદિરમાં જાઓ." પછી સદ્‌ગુરુઓ ને આનંદસ્વામી વગેરે સંતો મંદિરમાં ગયા ને મહારાજ પોઢ્યા. બીજે દિવસે વહેલા જાગીને મહારાજ સંતો સાથે મંદિરે આવ્યા.)

પછી શ્રીહરિ વિપ્રોની પાસે યજ્ઞમંડપમાં આવ્યા. વિપ્રોએ બેસવા માટે બાજોઠ આપ્યો એટલે તેના ઉપર બેઠા. ૨. નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી પ્રતિષ્ઠાના મુહૂર્ત સુધી શ્રીહરિની સાથે રહ્યા હતા અને ત્યાં બેઠા હતા. ૩-૪. જ્યારે પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવ્યું ત્યારે (સં.૧૮૭૮ ફાગણ સુદ-૩ તા.૨૪/૨/૧૮૨૨, સોમવારના રોજ) નરનારાયણ ભગવાનની મૂર્તિને ઉત્તર

મુખે સિંહાસનમાં પધરાવી. ૫. વસ્ત્ર, ઘરેણાં વગેરે ધરાવી રહ્યા પછી શ્રીહરિએ તે વખતે આરતી ઉતારી. ઘંટા, ઝાલર, શંખ ઈત્યાદિનો અદ્‌ભુત શબ્દ થઈ રહ્યો હતો. ૬. નોબત, ચોઘડિયા, ઢોલ, તાંસા ઘણા ઉત્સાહથી વાગતા હતા. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધાં મંદિરમાં દર્શન કરવાં માટે આવ્યાં. ૭.

પહેલા જે સંતો હતા તે સહુને શ્રીહરિએ કહ્યું, “તમે જેટલા સંતો છો તે અહીં આવીને અત્યારે નરનારાયણ દેવના ચરણનો સ્પર્શ કરો. એક પછી એક ધીરે રહીને આવો.” પછી એક એક સંત નરનારાયણ દેવનો ચરણસ્પર્શ કરવા લાગ્યા. ચરણસ્પર્શ કરીને તે તરત આગળ ચાલતા થતા. જ્યારે સંતો ચરણસ્પર્શ અને દર્શન કરી રહ્યાં પછી જેટલા વર્ણી અને સંન્યાસી હતા તે બધાં દર્શન અને ચરણસ્પર્શ કરવાં લાગ્યાં. જ્યારે સૂર્યોદયનો સમય થયો ત્યારે જે હરિભક્ત પુરુષો હતા તે દર્શન કરવાં આવ્યાં. સહુ હાથમાં શ્રીફળ લાવ્યા હતા. જેને જેટલો ઉત્સાહ હોય તે પ્રમાણે એક, બે કે ત્રણ રૂપિયા હાથમાં રાખતા હતા. પછી શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરીને તેમની આગળ શ્રીફળ તથા રૂપિયા સમર્પણ કરતાં હતાં. ૮-૧૩.

જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા હેતથી જાણે શ્રીફળ અને રૂપિયાની વૃષ્ટિ કરતા હતા. ૧૪. કાંકરિયા સરોવરથી લઈને નરનારાયણ દેવના મંદિર સુધી હરિભક્તો એકતાર આવતા હતા. ૧૫. એક બાજુના દરવાજેથી પેસીને બીજા દરવાજેથી નીકળી જતા હતા. અને તેનાથી અપાર હરિભક્તો હોવા છતાં કોઈ વધારે ભીડ થાતી ન હતી. ૧૬. જેમ નદીમાં પાણીનું પૂર ચાલ્યું જતું હોય તેમ દર્શન કરવાં આવનારાં લોકોનું પૂર આવતું હતું. રાજભોગ આરતી થઈ ત્યાં સુધી બધા ભક્તો આવતા રહ્યા. ૧૭. રાજભોગ આરતી જ્યારે થઈ રહી તે પછી હરિભક્ત બાઈઓ નરનારાયણ દેવનાં દર્શન કરવાં માટે આવવાં લાગી. ૧૮.

જે ભક્તો દેવોની મૂર્તિનાં દર્શન કરતાં હતાં તેને મૂર્તિ આગળથી દૂર ખસવાની ઈચ્છા થતી નહિ. મૂર્તિમાં એટલી શોભા હતી કે, દર્શન કરનારાં ભક્તોનાં મનને તે ખેંચતી હતી. ૧૯. જેને જેવો ભાવ હોય તે પ્રમાણે તે

ભેટ ધરતા હતા. અલૌકિક અવસર આવ્યો છે તેમ સમજીને પ્રતિષ્ઠા પ્રસંગને ઊજવવા ભવ, બ્રહ્મા અને ઇન્દ્રાદિક જેટલા દેવતાઓ છે તે બધા હરખભેર અલૌકિક લાભ લેવા આવ્યા હતા. તેના વિમાનોથી આકાશ છવાઈ ગયું. તેઓ ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૦-૨૧. તેમજ પુષ્પોની વૃષ્ટિ કરીને 'જય જય...જય જય...' શબ્દ ઉચ્ચારવા લાગ્યા. દુંદુભિ નામનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. જેટલા દેવગાંધર્વો હતા તે ગુલતાન થઈને ગાન કરવા લાગ્યા. સરોદ અને દોકડ જેવાં વાજિંત્રો વાગતાં હતાં, રંભા અને ઊર્વશી જેવી અપ્સરાઓ નૃત્ય કરીને ગાતી હતી. ભગવાન નરનારાયણ દેવ ગુજરાત પ્રદેશના મધ્યભાગમાં આવીને વસ્યા. ૨૨-૨૪. તેણે કરીને અમદાવાદનું 'શ્રીપુર' એવું નામ સફળ થયું. તે નામને સફળ કરવાને માટે જ સુખધામ ભગવાન ત્યાં વિરાજ્યા છે. ૨૫.

(અમદાવાદનું શ્રીપુર કે શ્રીનગર નામ કેમ પડ્યું ? આપણા ગ્રંથોમાં અનેક જગ્યાએ આ નામથી જ ઉલ્લેખ છે તેનું શું કારણ છે ?

ચાક્ષુષ મન્વન્તરમાં જ્યારે દુર્વાસા ઋષિના શાપથી ત્રિલોકીનો પ્રલય થયો ત્યારે નારાયણ ભગવાન સ્વેચ્છાથી અક્ષરધામમાં ગયા હતા. પછી જ્યારે ક્રમાનુસારે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે નિયમ પ્રમાણે ધર્મદેવ પ્રગટ થયા. તેમણે નારાયણ ભગવાનને પ્રસન્ન કરવા ભરતખંડમાં આવી સાબરમતી નદીના કિનારે ધર્મારણ્યમાં આશ્રમ બાંધી પત્ની સહિત બાર વરસ સુધી ખૂબ તપશ્ચર્યા કરી.

ત્યારે ભગવાને પ્રસન્ન થઈ દિવ્ય તેજોમય દર્શન આપી કહ્યું કે, 'હે ધર્મ ! હું તમારું તથા સત્પુરુષોનું રક્ષણ કરવા પ્રગટ થઈશ.' એમ કહી અંતર્ધાન થઈ ગયા. પછી જ્યારે જરૂરત જણાણી ત્યારે સાબરમતી નદી કિનારે તે જ આશ્રમમાં ફાગણ માસના પૂર્ણિમાની રાત્રિ ચાર ઘડી વ્યતીત થઈ ત્યારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સોળ વરસની ઉંમરવાળા નારાયણ ભગવાન નરની સાથે પ્રગટ થયા. ભરતખંડના લોકોના કાર્ય કરી નરનારાયણ ભગવાને બદરીવનમાં જઈ નિવાસ કર્યો અને ધર્મદેવ નારાયણ ભગવાનની આજ્ઞાથી **દેવપ્રયાગમાં** જ્યાં ગંગાજી અને અલકનંદાનો સંગમ થાય છે તે સ્થળે જઈને રહ્યા.

પછી જ્યારે કળિયુગ શરૂ થયો, અને કામ-ક્રોધાદિક પોતાના વંશે સહિત અધર્મ ચારે તરફ ખૂબ જોરથી વ્યાપી ગયો, ત્યારે તે અધર્મનો નાશ કરવા નારાયણ ભગવાન પોતાને અતિ પ્રિય સાબરમતી નદીના કિનારે ધર્મારણ્યમાં ધર્મદેવના આશ્રમમાં જ્યાં પહેલાં પોતે પ્રગટ થયા હતા ત્યાં જવાની ઈચ્છા કરી. લક્ષ્મીજીએ ભગવાનની તે ઈચ્છાને જાણી. તે વખતે નારાયણ ભગવાનનાં દર્શને આવેલાં પોતાની શક્તિભૂત ભદ્રકાળીને લક્ષ્મીજીએ કહ્યું કે, 'હે દેવી ! તમો ભરતખંડમાં સાબરમતી નદીના તટે ધર્મારણ્યમાં ધર્મદેવના આશ્રમમાં જઈ ત્યાં એક વિશાળ રમણીય નગર જલ્દી વસાવો.

અને તમો તે નગરની અધિષ્ઠાત્રી દેવીરૂપે ત્યાં વાસ કરો. નારાયણ ભગવાન ધર્મદેવની સાથે થોડા સમયમાં ત્યાં આવી નિવાસ કરશે.' આ પ્રમાણે લક્ષ્મીજીની વાત સાંભળી ભદ્રકાળી રાજી થયાં. પછી જલ્દી સાબરમતી નદીના કિનારે અત્યંત સુંદર શહેર વસાવ્યું. લક્ષ્મીજીની આજ્ઞાથી આ શહેર વસાવ્યું તેથી તેનું નામ શ્રીપુર રાખ્યું. અને પોતે ત્યાં જ નિવાસ કરવા લાગ્યાં. આ પ્રકારે લક્ષ્મીજીએ વસાવરાવ્યું તેથી આ શહેરનું નામ લોકમાં શ્રીનગર કે શ્રીપુર પ્રસિદ્ધ થયું હતું. માટે આપણા ગ્રંથોમાં અમદાવાદનું નામ શ્રીનગર કે શ્રીપુર ઠેર ઠેર લખેલું છે.)

બધા દેવતાઓમાં જેને જેવો ભાવ હતો તે પ્રમાણે તે સહુ દેવોએ નરનારાયણ દેવની સ્તુતિ કરી. ૨૬. 'સર્વ જગતના પતિ આપ એક જ છો.' આવી સ્તુતિ કરીને બધા દેવતાઓ પોતપોતાનાં ધામમાં ચાલ્યા ગયા. ૨૭. શહેરના જે લોકો હતા તે બધા શયન આરતી થઈ ત્યાં સુધી દર્શન કરવાં આવતાં રહ્યાં, અને ભગવાન પોઢ્યા પછી તે આવતા બંધ થયા. ૨૮. આ ફાગણ સુદ ત્રીજનો દિવસ હતો. નવાવાસના જેટલા હરિભક્તો હતા તે બધાએ રસોઈ કરાવી. રસોઈમાં તે દિવસે શીરો અને પૂરી કરાવ્યા હતા. સહુ પહેલા નરનારાયણ દેવને થાળ ધરાવ્યો. પછી શ્રીહરિ પોતે ત્યાં જમ્યા. ૨૯-૩૦. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે બધા સંતોની પંગત થઈ. શ્રીહરિ ત્યાં પાટ ઉપર બેઠા હતા.હરિભક્તો હાથમાં પૂજાનો સામાન લઈને આવ્યા. તેમાં પુરુષોત્તમભાઈ મુખ્ય હતા. તેમણે પહેલા આવીને પૂજા કરી.

પછી રાઈજી અને બે હીરાભાઈ વગેરે હરિભક્તોએ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું, ફૂલના હાર પહેરાવ્યા, ફૂલના બાજુબંધ બંને ભુજાઓ ઉપર બાંધ્યા, મસ્તક ઉપર ફૂલની ટોપી ધરાવી. અને પછી કપૂરની આરતી ઉતારી. ૩૧-૩૪.

તે પછી સહુએ સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૩૫. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ઊભા થયા અને સંતોને શીરો પીરસવા લાગ્યા. સંતો નારાયણધૂન કરતા હતા. ૩૬. જ્યાં સુધી સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ ઉત્સાહથી ભોજન પીરસતા રહ્યા. ૩૭. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે ગયા. ત્યાં ઘડી વાર આરામ કર્યો. કારણ કે આખી રાત જાગ્યા હતા. ૩૮. જ્યારે આરામ કરી રહ્યા ત્યારે પાછા પાટ ઉપર આવીને બેઠા. મોટા સંતો આવીને આગળ બેઠા અને સભા ભરાણી. ૩૯. જેટલા વિપ્રોને વરણી કરીને યજ્ઞમાં બેસાડ્યા હતા તે બધા આવીને બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને જેમ ઘટે તેમ દક્ષિણા અપાવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી" એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર બાવીશમું : તરંગ - ૯૫

શ્રીહરિએ દેવોની પ્રતિષ્ઠા બાદ વિપ્રોની ચોરાશીની તૈયારી કરાવી

ચોથને દિવસ સવારના પહોરમાં શ્રીહરિએ સ્નાન અને દેવપૂજા વગેરે કર્યું અને પછી તરત જ પાટ ઉપર આવીને બેઠા. ત્યાં તેમની આગળ સંતોની સભા થઈ તેમજ જેટલા ત્યાં હરિભક્તો હતા તે સહુ આવીને બેઠા. ૧-૨. અમદાવાદ શહેરના જેટલા હરિભક્તો હતા તેમણે મંદિરની ઘણી સેવા કરી હતી એટલે તે સહુને શ્રીહરિએ બોલાવ્યા. ૩. વિપ્ર નથુ ભટ્ટ, ચોપદાર કુબેરસિંહ, દામોદરભાઈ, માણેકલાલ, લખાભાઈ, રતનજી,

બે ગોવિંદભાઈ, રણછોડભાઈ, ત્રિકમજી, બેચરભાઈ, લાલદાસ ગોરા, ભગવાનજી, હીરાભાઈ, પુરુષોત્તમભાઈ, ઘણા શૂરવીર રઘાભાઈ, અંબારામ, કુબેરભાઈ અને કેવળરામ ઇત્યાદિક હરિભક્તો હતા. તેમાં પુરુષોત્તમ સોનીએ મંદિર કરવામાં ઘણી સેવા કરી હતી. ૪-૬. ગણપતરામ, સોમનાથ, હિંમતરામ, હરિભાઈ, ત્રિભુવનભાઈ અને હરગોવિંદભાઈ, તે બધાએ પણ ખૂબ સેવા કરી હતી. ૭.

જે હરિભક્તોએ ઘણી સેવા કરી હતી, તેમને તે વખતે શ્રીહરિએ જે ઘણા બધા ફૂલના હાર પહેર્યા હતા તે પોતે આપ્યા અને પ્રસન્ન થઈને સહુને પોતાના ચરણકમળ આપ્યા. **જેનાં પૂર્વનાં ઘણાં પુણ્ય હોય તેને આવી સેવા મળે છે. ૮-૯. મંદિર કરવામાં દેહથી જે સેવા કરે છે તેને ભગવાન બહુ જ માને છે. કોઈ વિવેકી ભક્ત ભગવાનની આગળ એક રૂપિયો ભેટ ધરે છે, તો તે સહેજે જ ભગવાનના ધામને પામે છે. કોઈ ઉત્સાહપૂર્વક તલ જેટલી સેવા કરે છે તો ભગવાન તે સેવાને મેરુ સમાન માને છે.** ૧૦-૧૧. અને ઉત્સાહ વિના કદાચ કોઈ મેરુ જેટલી સેવા કરે, તોપણ ભગવાન તેને તલ જેટલીયે સેવા માનતા નથી.હરિભક્તોનો પ્રેમ વધારવાને માટે શ્રીહરિએ આવી વાત કરી. ૧૨. આનંદાનંદસ્વામીની પાસે જે સંતો રહેતા હતા તે બધાને ત્યારે શ્રીહરિ ઘણા જ પ્રેમભાવથી ભેટ્યા. ૧૩. શ્રીહરિએ સંતોને ફૂલનો એક એક હાર આપ્યો અને સંતોને અત્યંત રાજી કર્યા. આવા શ્રીહરિ પ્રેમાળ હતા. ૧૪.

❋ જીવા વિરમગામાને રાજીપો અપાવ્યો :

(પછી આનંદાનંદસ્વામી કહે, 'હે મહારાજ ! ધ્રાંગધ્રાની બાજુમાં ભરાડા ગામ છે. ત્યાંથી મંદિરની કોળી માટે એક મોટો પથ્થર લાવવાનો હતો; પરંતુ તે આશરે ૧૬૦ મણનો હતો. તેથી કોઈ ગાડામાં લેવા તૈયાર ન હતા. ત્યારે આ જીવા વિરમગામા તે લાવવા તૈયાર થયા.'

મહારાજ કહે, 'પછી શું બન્યું ?' આનંદાનંદસ્વામી કહે, 'હે મહારાજ ! ગાડા તો ઘણા હતા પણ અન્ય ભક્તોએ ગાડું ભાંગી જવાની બીકે તથા બળદ હેરાન થવાની બીકે પથ્થર પોતાના ગાડામાં ન લીધો. ત્યારે વિશ્વાસુ અને શ્રદ્ધાવાળા આ નાના અંકેવાળિયાના પટેલ જીવા વિરમગામાએ પોતાના

ગાડામાં તે પથ્થર ચડાવ્યો. **તેને મનમાં વિચાર થયો કે, ભગવાનને અર્થે ગાડું ભાંગશે કે બળદ તૂટશે તો દેનારા ભગવાન છે.** ભગવાનના ઉપયોગમાં આવી જવું એવાં અમારાં સદ્‌ભાગ્ય ક્યાંથી હોય ?'

આમ વિચારી બીજાની મદદથી પથ્થર પોતાની ગાડીમાં ચડાવ્યો. આ રીતે ગાડામાં ભરી રસ્તે ચાલતા હતા. વણી ગામ પાસે કાંકરિયાવાડી ગામ નજીક આવ્યું ત્યાં ગાડાનો ઈસોટો ભાંગી ગયો. (બળદગાડીમાં ઈસોટો ન આવે પરંતુ ગાડું હોય એમાં જ ઈસોટો આવે. ગાડું અને ગાડી બંને જુદાં હોય. ગાડીને બંને પૈડાંઓ ચલાવવા માટે પાટો નાખેલો હોય છે, અને ગાડું હોય તેને પીંજણી હોય અને તેની સાથે ઈસોટો જોડેલો હોય. અને તેના આધારે બંને પૈડાં ચાલતાં હોય છે.) પછી તો આ ઈસોટો ભાંગી ગયો તોપણ ગાડું ચાલતું હતું. વળી બળદને કાંધે ધોંસરું જ અડતું ન હતું. આ જોઈને જીવા પટેલને થયું કે, 'આ બધો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે. ભગવાન જે ધારે તે કરી શકે.' પ્રગટ પ્રભુનો પ્રગટ પ્રતાપ જોઈને જીવા ભગત બહુ રાજી થયા. મનમાં વિચારવા લાગ્યા કે, 'મારા જીવનમાં આ કાયમનું સંભારણું બની જાશે.'

પછી શ્રીજીમહારાજે નાના અંકેવાળિયાના પટેલ જીવા વિરમગામાને પ્રેમથી બોલાવ્યા. તેમની શ્રદ્ધા જોઈને અતિશય રાજી થયા. ત્યારે શ્રીજીમહારાજના કાંડે કોઈ ભક્તએ રાખડી બાંધેલી હતી, મહારાજે રાજી થઈને તે રાખડી જીવા પટેલને કાંડે બાંધી આપી. પછી બાથમાં ઘાલી ભેટ્યા અને કહે, 'હે સ્વામી ! આવા ભક્તોની અમારે ઉતારા કે ખાવા-પીવાની ખબર રાખવી ન પડે. આને અમારે સાચવવા ન પડે, આ ભક્ત તો સત્સંગને સાચવે એવા છે. આ તો પાયામાં રહીને સેવા કરે છે. આવા ભક્તોને લઈને આપણો સત્સંગ ઉજળો છે.' એમ કહી ખૂબ રાજી થયા.

પછી તે ભક્તનાં વખાણ કરતાં કહે, 'પટેલ ! તમે માત્ર તમારું જ નહિ, પણ તમારા આખા કુટુંબનું કલ્યાણ કર્યું છે, કણબી કુળને પાવન કર્યું છે. આ નરનારાયણ દેવનું મંદિર ધરતી ઉપર રહેશે ત્યાં સુધી તમારી સેવાની ગાથા આ પથ્થર મંદિરના શિખરની કોળીમાં લગાડ્યો છે તે ગાતો રહેશે,

અને આખા સત્સંગ સમાજને સેવા-શ્રદ્ધાની પ્રેરણા દેશે.' એમ કહી પોતાના કંઠમાં રહેલો હાર શ્રીહરિએ જીવા પટેલને આપ્યો. છાતીમાં ચરણારવિંદ આપ્યા અને દુપટ્ટો આપ્યો.

પછી કહ્યું, 'જીવા પટેલ ! તમારા દ્વારા આખા ઝાલાવાડમાં ખૂબ સત્સંગ થશે.' એવા મહારાજે રૂડા આશીર્વાદ આપ્યા. પછી જ્યારે જ્યારે શ્રીજીમહારાજ અમદાવાદ મંદિરમાં જતા ત્યારે તે ભક્તની સેવાને યાદ કરતા. શ્રીહરિએ જીવા પટેલને આશીર્વાદ આપ્યો હતો કે, તમારા દ્વારા આખા ઝાલાવાડને સત્સંગ થશે, તે સંપૂર્ણ સત્ય ઠર્યો. આ પરિવાર દ્વારા ઝાઝા લોકોને સત્સંગ થયો. આ જીવા પટેલના દીકરા ભવાન પટેલ હતા, તેમના પુત્ર ડાહ્યા પટેલ, તેમના પુત્ર દેવજી પટેલ, તેમના પુત્ર છગન પટેલ અને તેમના પુત્ર માવજી પટેલની ઉંમર હાલ ૭૦ વર્ષ જેટલી છે.

આ પેઢીમાં બધા જ ભક્તો શિરસાટે સત્સંગ રાખનારા અને અનેકને સત્સંગનો રંગ ચડાવનારા સત્સંગી થયા છે. માવજીદાદા દ્વારા પણ કેટલાય લોકોને હાલ સત્સંગનું પોષણ મળે છે. અને તેઓ જે ગાડામાં પથ્થર લાવતા તેનો ઈસોટો ભાંગી ગયો હતો તે પ્રસાદીભૂત ગાડું પહેલાં અમદાવાદ કાલુપુર મંદિરના રંગમહોલમાં હતું અને હાલ અમદાવાદના પ્રસાદીભૂત સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સહુનાં દર્શન માટે મૂકવામાં આવ્યું છે, જે આ પ્રસંગના દસ્તાવેજી પુરાવા સમાન છે. આ રીતે સ્વામીએ અનેક ભક્તોને રાજીપો અપાવ્યો.)

પછી જ્યારે શણગાર આરતી થઈ રહી ત્યારે શ્રીહરિએ સરકારના હરદત્ત શાસ્ત્રીને બોલાવ્યા. ૧૫. પછી શ્રીહરિએ તેમને કહ્યું કે, 'જો તમે જવાબદારી માથે રાખો તો અમે એક જ દિવસમાં અમદાવાદની ચોરાશી કરાવીએ, તેને તમે જુઓ." ૧૬. ત્યારે હરદત્ત શાસ્ત્રીએ કહ્યું, 'મહારાજ, આપ તો મોટા યોગી છો. હું યોગીની વાત નથી કરતો, પણ મોટા રાજાની વાત કરું છું. ૧૭. અમદાવાદમાં અગાઉ એક મોટા હાકેમ થયા હતા. તેણે અમદાવાદની ચોરાશી છ મહિનાની મહેનતે કરી હતી. ૧૮. તેના પછી ફરીને કોઈએ અમદાવાદની ચોરાશી કરાવી નથી. આપ આજે ચોરાશી

કરવાનો જે વિચાર કરો છો તે પાર નહિ પડે; એવું મને જણાય છે.' ૧૯. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમે જો બ્રાહ્મણોને જમવાની હા પડાવો તો અમે આજે સાંજ પહેલા કાંકરિયા સરોવરે સીધું સામાન ભેગું કરાવી દઈએ. ૨૦.

ચોરાશી નાતના વિપ્રો પોતપોતાનાં વાસણ લઈને આવે, રાતમાં ચૂરમું તળે અને પાંચમને દિવસ તે જમે." ૨૧. (ત્યારે હરદત્ત શાસ્ત્રીએ હા પાડી, આગેવાન બ્રાહ્મણોને બોલાવવા ગયા. અને થોડીવારમાં હરદત્ત શાસ્ત્રી શહેરના મુખ્ય બ્રાહ્મણોને બોલાવીને મહારાજ પાસે આવ્યા.)

પછી ચોરાશી વિભાગના જે મુખ્ય મુખ્ય બ્રાહ્મણ હતા તેને બોલાવીને તે જે રીતે સુખી થાય તેમ શ્રીહરિએ કહ્યું કે, ("અમારે આખા શહેરની ચોરાશી કરવી છે." ત્યારે તે બ્રાહ્મણ બોલ્યા જે, "મહારાજ ! આ અમદાવાદમાં બ્રાહ્મણના અનેક ઘર છે તે એક દિવસમાં સામગ્રી ક્યાંથી મેળવશો ? આગળ એક રાજા થયો હતો તેણે કાંકરિયા તળાવનું ભર્યું કર્યું ત્યારે ચોરાશી કરવા સારુ છ મહિના સુધી સીધાનો સામાન ભેળો કર્યો હતો." તે સાંભળીને મહારાજ કહે, "આ સાબરમતીનું પાણી વહી જાય છે તેને કોણ પૂરું કરતું હશે ? માટે તમે તે ચિંતા તજીને હા પાડો." ત્યારે બ્રાહ્મણો કહે, "તમે જમાડો તેમાં અમે શું કામ ના પાડીએ ? પણ તમે કયા ઠેકાણે જમાડશો ?"

ત્યારે મહારાજ કહે , "કાંકરિયા તળાવને કાંઠે કરીએ." ત્યારે બ્રાહ્મણો કહે, "ત્યાં તો તડકો માથે પડશે ને કીડી મકોડી બહુ હશે ને જનાવર પણ ઊડતાં હશે." ત્યારે મહારાજ કહે, "તે દિવસે ઈન્દ્ર આવી વાદળાંનો છાંયો કરશે, ને કીડી મકોડી કે જનાવર પણ કોઈ નહિ નડે, તમે જમવાની હા પાડો.")ત્યારે સહુએ તૈયારી કરીને હા કહી. પછી જયજયકાર બોલાવ્યો. ૨૨.

તે સમયે મધ્યાહ્ન તો થઈ ગયો હતો. વિપ્રો મનમાં આશ્ચર્ય માનતા હતા કે, 'સ્વામિનારાયણનું ભગવાનપણું આજે દેખ્યામાં આવશે.' ૨૩. સરખેજ ગામમાં જેટલા વિપ્રો હતા તે બધાને પણ બોલાવવાનું કહ્યું. પછી તેને બોલાવવા માણસ મોકલ્યો અને તેણે ઘેર ઘેર જઈને કહ્યું, "તમે પોતપોતાની નાતના વાસણ ભેગા કરી રાખજો," પણ તેમનું મન માનતું

ન હતું. ૨૪-૨૫. બ્રાહ્મણો અંદરોઅંદર વાત કહેતા હતા કે, "વાસણ ભેગા કરો. જ્યારે બોલાવવા આવે ત્યારે તરત વાસણ લઈને ચાલશું." ૨૬. વળી, શ્રીહરિએ તે વખતે બધા સંતો અને હરિભક્તોને કહ્યું, "સહુ પ્રથમ લોટ, દાળ, ઘી અને ગોળ; જ્યાં દેખો ત્યાંથી નામું મંડાવીને તમે લાવો. તમારાથી જેટલું માથે ઊપડે તેટલું ઉપાડીને તમે બધા ચાલો. ૨૭-૨૮.

જેને ત્યાંથી વીશ મણ ઘી, ગોળ, લોટ, દાળ અને ચોખા, તે પાંચમાંથી કોઈ પણ સામાન લીધો હોય અને તે સામાન જો વધે તો દસ મણ સામાન પાછો રાખવો, તેવું લખાણ કરાવી લેવું. કેમ જે, જો પાછો ન લે તો બચેલો સામાન કોને આપવો ? જે વાત માપ વગરની હોય તેની આવી રીત છે." ૨૯-૩૦. શ્રીહરિએ જે રીતે કહ્યું તે રીતે ભક્તોએ બળતણના કાષ્ઠ સુધીનો બધો અગણિત સામાન એક પહોરમાં ભેળો કરી દીધો. તેના પર્વતના પર્વત ખડકી દીધા. ૩૧. મીઠું, મરચું અને હળદર સુધ્ધાં ભેગું કરાવી રાખ્યું. તે દિવસે સંતોની રસોઈ મંદિરમાં હતી. ૩૨. લાડુની રસોઈ કરી હતી. સંતો જમીને સેવામાં લાગી ગયા. ચાર ઘડી દિવસ બાકી હતો ત્યાં સુધીમાં બધો સામાન (કાંકરિયા સરોવરે) ભેગો કરી દીધો. ૩૩. ચોરાશી નાતના બ્રાહ્મણોને બોલાવવા માટે હરિભક્તો ગયા ત્યારે ચોરાશી નાતના જે રસોયા હતા તે બધાં પોતાનાં વાસણ લઈને આવ્યા. ૩૪.

(ત્યારે મહારાજે અષ્ટ સિદ્ધિઓને આજ્ઞા કરી કે, 'સામાન ખૂટવા દેશો નહિ.' તે સમયે બ્રાહ્મણો મહારાજને કહે, 'અહીં છાંયો બાંધ્યો નથી. તાપમાં શી રીતે રસોઈ થાશે ?' મહારાજ કહે, **'તમે રસોઈ આદરો. હમણાં અમો છાંયો કરાવી દેશું.' એમ કહી મહારાજે ઈન્દ્રને આજ્ઞા કરી તેથી તેણે તરત વાદળાં કરી દીધાં તે છાંયો થઈ ગયો.**

ત્યારે બ્રાહ્મણો કહે, 'આંહીં કાગડા, સમડિયો વગેરે પક્ષીઓ આવશે તો રસોઈ બગાડશે.' મહારાજ કહે, 'ભૂદેવો ! તમે નિઃશંક થઈને રસોઈ કરો. એક પણ પક્ષી નહિ આવે. કેમ જે, તેના નાડી-પ્રાણ અમારા હાથમાં છે.' બ્રાહ્મણોએ સીધાનો સામાન જોયો તે કહે, 'આટલે સીધે તમામને પૂરું

કેમ થાશે ?' મહારાજ કહે, "તમારે જોઈએ તેટલું લઈ જાવ ખૂટે તો કહેજો.") પછી તેમણે ચોરાશી ચોકા કર્યા. પહેલા પાણી ભરાવ્યું. ઘઉંનો લોટ જેટલો જોઈએ તેટલો દરેક ચોકે આપ્યો. ૩૫. મુઠિયા તળાઈ જાય તેટલું ઘી મોણ સાથે આપ્યું. એક મણ લોટને તળવા માટે અડધો મણ ઘી આપ્યું. ૩૬.

(આમ, શ્રીહરિએ તે તમામ બ્રાહ્મણોને પાકાં સીધાં અપાવ્યાં. છતાં લોટ, ગોળ વિગેરે જે હતાં તે તેટલાના તેટલા જ ગંજ દેખાય. ત્યારે બ્રાહ્મણો કહે, 'સ્વામિનારાયણ રેતનો લોટ કરે છે ને ગારાનો ગોળ કરે છે ને પાણીનું ઘી કરે છે, તે ક્યાંથી ખૂટે ?') દરેક ચોકે જેમ ઘટે તેમ ઉપરી તરીકે સંતોને રાખ્યા. અને વિપ્રોને જે જોઈએ તે તેના ચોકે રાખેલા સંતને સાથે લાવે તો તેને સામાન આપતા. સંતને સાથે લાવ્યા સિવાય કોઈને ફરીથી સામાન આપતા નહિ; આવી રીત રાખી હતી. ૩૭-૩૮. કાંકરિયા સરોવરથી દક્ષિણ દિશામાં આ બ્રાહ્મણના ચોકા કર્યા હતા અને ચોકાથી દક્ષિણ તરફ સંઘ ઊતર્યા હતા. ૩૯. જ્યારે ચૂલો સળગે નહિ ત્યારે તેમાં વિપ્રો ઘી નાખતા હતા. જ્યારે સંતો તેને રોકતા ત્યારે તે વિપ્રો લડવા તૈયાર થઈ જતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા પછી વિપ્રોની ચોરાશીની તૈયારી કરાવી" એ નામે પંચાણુંમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર બાવીશમું : તરંગ - ૯૬

શ્રીહરિએ ચોરાશીમાં વિશાળ દિલ રાખી વિપ્રોને ઘી વગેરે સીધું અપાવ્યું

જે વિપ્રોને ભાવતું હોય તે એકલું થીણું ઘી ખાવા લાગતા હતા. અને કેટલાક તો તળેલા મુઠિયાને પણ ખાતા હતા. ૧. અને ઘીના કાકડા કરીને તેમાં ઘી બાળતા પણ દિવેલ વાપરતા નહીં. ઘી ખુટવાડવા માટે જ આવું બધું પાપ કરતાં હતાં. ૨. સંતો જ્યારે શ્રીહરિની આગળ આવી વાત કહેતા

ત્યારે શ્રીહરિ બોલતા કે, "કોઈ ઘી ચોરીને લઈ જાય તો તેમને કહેજો. ૩. આપણે વિપ્રોને જમાડવા માટે તો ઘી ભેળું કર્યું છે. જો તેઓ ઘીને ખાતા હોય તો શા માટે રોકવા ? તેઓ જેમ રાજી થાય તેમ કરવું." શ્રીહરિ તો પોતાના તંબુમાં વિરાજમાન હતા. જ્યારે રાત ચાર ઘડી ગઈ ત્યારે શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. ૪-૫.

શ્રીહરિ ઉત્તર મુખે બેઠેલા ને ત્યારે હરિભક્ત લાલદાસભાઈ ત્યાં આવ્યા. તેમણે સીધાં સામાનનું જે નામું હતું તે શ્રીહરિને બતાવ્યું. ૬. પછી શ્રીહરિએ દામોદરભાઈ અને ભાણાભાઈને કહ્યું કે, "તમે ગામે ગામના હરિભક્તોને જઈને તેમ કહો કે, અમે આવતી કાલે અહીંથી ચાલ્યા જવાના છીએ. તો જેને પગે લાગવું હોય તે આવે, અમારે અત્યારે નવરાશ છે. ફરીવાર આવો અવસર આવશે નહિ. ૭-૮. જેવું શ્રીહરિએ કહેડાવ્યું તેવું દામોદરભાઈ અને ભાણાભાઈએ ગામે ગામના હરિભક્તો પાસે જઈને સંભળાવી દીધું. ૯. ત્યારે શ્રીહરિને રાજી કરવાનો સહુ હરિભક્તના મનમાં હરખ ભર્યો હતો. તેથી જેને જેવો ભાવ ઊભરાયો તે તેવી પૂજન સામગ્રી લઈને ત્યાં ચાલ્યા. ૧૦. અડધા રૂપિયાથી લઈને એક, બે, ત્રણ, ચાર, પાંચ સુધી, અરે પચીશ, પચાસ, સો કે હજાર રૂપિયા સુધીની પૂજા કરવાનો ઉત્સાહ હરિભક્તોને હતો. શ્રીહરિની પૂજા કરવાનો અનુપમ અવસર આવ્યો છે એવું તે ભક્તો જાણતા હતા. પછી જેનો જેવો મનોરથ હતો તેમણે તેવી શ્રીહરિની પૂજા કરી. ૧૧-૧૨. જે હરિભક્ત બાઈ-ભાઈઓ હતા તે બધા તે વખતે ભેટ પૂજાની વૃષ્ટિ કરવા લાગ્યા. કારણ કે, તેમને અતિશય પ્રેમ હતો. ૧૩. જે ખર્ચ થયો હતો તે બધો પૂરો થઈ ગયો. તેમ છતાં પાંચ રૂપિયા વધ્યા. ૧૪.

પછી શ્રીહરિ શાંતિથી પોઢી ગયા. જેટલી વાત શ્રીહરિએ ધારી હતી તે બધી નિર્વિઘ્ન થઈ ગઈ. ૧૫. એક બ્રાહ્મણે ઘીથી ભરેલો દેગડો ચોરીને જમીનમાં દાટી દીધો અને બીજો ખાલી દેગડો બતાવીને કહ્યું કે આમાં ઘી નથી. ૧૬. તે ચોકા ઉપર નિષ્કુળાનંદસ્વામી હતા. તેમણે બ્રાહ્મણને કહ્યું, 'અહીંયા કોઈ ચોર આવ્યા નથી. આ દેગડામાં ઘી તો હતું. આમાં ઘી નથી

તેમ જે કહો છો તે અમને મનાતું નથી.' વિપ્રે કહ્યું, 'મેં ઘી ચોર્યું નથી. તમે ઘી થોડું લાવ્યા છો. જો તમે પૂરું ઘી લાવશો તો કડા ચાલશે.' આમ કહીને તે વિપ્રે કડાને ચૂલા ઉપરથી ઉતારી દીધી. ૧૭-૧૮. ત્યારે સંતે કહ્યું, 'ઘી હોવું જોઈએ. નથી તે અમને મનાતું નથી.' ત્યારે વિપ્રે કહ્યું, 'તો શું અમે ઘી પી ગયા છીએ ? હવે બીજું ઘી લાવવાનું હોય તો લાવો.' ૧૯. ત્યારે સંતે કહ્યું, 'જો તમને ક્રોધ ન ચઢે તો અમે ઘી બતાવીએ. વિપ્ર ક્રોધ કરે તેનાથી અમે સંતો ખૂબ ડરીએ છીએ.' ૨૦.

ત્યારે વિપ્રે કહ્યું, 'અમે કોઈ વાત જાણતા નથી. તમે જ ઘી ચોર્યું હશે. જો તમે ઘી બતાવો તો તમે સાચા ચોર છો અને ન દેખાડો તો કાચા છો.' ૨૧. નિષ્કુળાનંદ મુનિને મોટું સંકટ આવ્યું. વિપ્રે ઘી ચોર્યું અને સંતના ઉપર ચોરી નાખી. નિષ્કુળાનંદસ્વામીને આવા ઠગ ક્યારેય મળ્યા ન હતા. જ્યારે આવા ઠગ મળ્યા ત્યારે ખબર પડી. ૨૨. કુબેરસિંહે અગાઉ વાત કહી હતી કે, "આ શહેરમાં ઘણા ઠગ રહે છે. તે ઠગો બજારમાં સંતો-હરિભક્તો નીકળે ત્યારે તેમની આગળ રૂપિયા નાંખવા લાગતા હતા. ૨૩. તેમને મનમાં એવું હતું કે, જો સંતો-હરિભક્તો તેને લઈ લે તો 'આ ચોર છે' એમ કહીને આરોપ ઠેરાવીએ. તેથી જેટલા ઠગ હતા તે બજારમાં રૂપિયા નાખતા; પણ જ્યારે કોઈ સંત-હરિભક્ત તે નાંખેલા રૂપિયાને અડ્યા પણ નહિ ત્યારે ઠગ લોકો મનમાં પસ્તાયા. આમ આપણો ઘણો યશ દેખીને બધા ઠગ બળી રહ્યા છે. ૨૪-૨૫.

માટે સંતો-હરિભક્તોને જ્યારે કોઈ ઠગ મળે ત્યારે આવીને મને સંભળાવવું. પછી હું અને ઠગ, બંને સમજી લેશું." કુબેરસિંહે આ રીતે સંતો અને હરિભક્તોને કહ્યું હતું. તે વાતને નિષ્કુળાનંદસ્વામી જાણતા હતા. ૨૬-૨૭. એટલે તેમણે કુબેરસિંહની પાસે જઈને બ્રાહ્મણની બધી વાત સંભળાવી. પછી કુબેરસિંહ તરત ત્યાં આવ્યા અને વિપ્રને કહ્યું, "અમારા જેટલા સંતો છે તે બીજા લોકોની પાસે ચોરીનો ત્યાગ કરાવે છે. અને તે વાતને સરકાર સુધ્ધાં સહુ જાણે છે કે, અમારા સંતો કેવા છે. ૨૮-૨૯. ઘી ચોરીને તમે જ છુપાવી દીધું છે. આમાં તમારામાંથી કોઈને ચોરી ન કરવી એવો નિયમ

નથી. તમે નિયમ રાખતા નથી માટે તમે ચોરી કરો, તેમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. ૩૦. અમારા જેટલા સંતો છે તે વિપ્રોને રાજી કરવા માટે તો હજારો મણ ઘી લાવ્યા છે. માટે તેઓ ઘીની ચોરી ન જ કરાવે. ૩૧.

તે જ સમયે જ્યારે સરકારી માણસો આવ્યા અને બ્રાહ્મણને કહેવા લાગ્યા કે, 'અમે તમને આ બાબતે કહીએ છીએ કે તમે જે ઘી સંતાડ્યું છે તેને બહાર કાઢો.' ત્યારે વિપ્રે કહ્યું, 'અમે ઘી સંતાડ્યું નથી. દેખ્યા સિવાય ક્યાંથી કાઢીએ ?' પછી નિષ્કુળાનંદસ્વામીએ તે ઘી દેખાડ્યું. તેથી તે વિપ્રે સ્વામીની પાસે આવીને નિષ્કુળાનંદસ્વામીના હાથને કાંડે મોઢાથી બચકું ભર્યું. ત્યારે ત્યાં જે સરકારી માણસો હતા તેણે તે વિપ્રને તરત પકડી લીધો. ૩૨-૩૪. અને તે વિપ્રના બંને હાથ બાંધી દીધા. જ્યારે શ્રીહરિને કોઈએ જઈને આ વાત કહી ત્યારે શ્રીહરિએ તે વિપ્રને છોડાવી મૂક્યો અને વધારે ઘી અપાવ્યું. ૩૫.

આ રીતે વિપ્રને પ્રસન્ન કર્યા અને દરેક વિપ્રને સંભળાવી દીધું કે, "તમને સહુને રાજી રાખવા માટે અમે આ ચોરાશી કરાવી છે. ૩૬. ગોળ અને ઘી ચાહે તેટલા હરખથી જમો. જેમ તમે વધારે વધારે જમશો તેમ અમે રાજી થાશું. ૩૭. ભગવાન તો વિશ્વાધાર છે. તે તમારા મુખથી જમે છે. એવું જાણીને અમે તમને જમાડીએ છીએ. ૩૮. તમે ભૂદેવ છો. તમારા સમાન બીજા કોઈ દેવ નથી. જેટલા શુભ ધર્મ છે તે બધાને તમે ધારી રહ્યા છો. ૩૯. તમે માંસ, મદિરા, ચોરી કે વ્યભિચાર કરતા નથી. બ્રહ્મચર્ય પાળનારા ત્યાગીની પાસે દોડીને જાઓ છો અને તેમને ગુરુ માનનારા છો. માટે અમે જમાડીએ છીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ ચોરાશીમાં વિશાળ દિલ રાખીને વિપ્રોને ઘી વગેરે સીધું અપાવ્યું" એ નામે છન્નુંમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર બાવીશમું : તરંગ - ૯૭

વિપ્રોની ચોરાશીમાં સીધા સામાનની ચોરીની બનેલી ઘટના કહી

વળી શ્રીહરિએ દરેક ચોકે જઈને વાત કહી કે ત્યાગી તો વિપ્રોના સાક્ષાત્ ગુરુ કહેવાય છે. ૧. કોઈ વિપ્ર થઈને ત્યાગીનું જો અપમાન કરે તો તે અપમાન કરનારાને કેવો વિપ્ર જાણવો ? તેને તમે સહુ વિપ્ર કહો. ૨. ત્યારે શાસ્ત્રની રીત જાણનારા વિપ્રો બોલ્યા, "મહારાજ, આપે તો યોગ્ય જ વાત કહી છે. વિપ્રે વિપ્રની રીતમાં રહેવું જોઈએ. ૩. જે વિપ્ર થઈને પણ વિપ્રની રીતને જાણતો નથી તેને તો રીત વિનાનો વિપ્ર કહેવાય. ૪.

જેમ કોઈ માણસ આંખ વિનાનો હોય તેવો તે રીત વિનાનો વિપ્ર અંધ છે. ચાંડાળ સુધીના લોકોને જે સંતો જમાડવાનું કહે છે તેમાં તે સંતનો તલભાર પણ દોષ નથી. ૫. આપ તો સાક્ષાત્ ભગવાન છો. તે આપે ચોરાશી કરી ત્યારે અમે જાણ્યું. આ અમદાવાદ શહેરની ચોરાશી કરવાની કોઈ હિંમત કરતા નથી. ૬. આપે એક પહોર વારમાં જે જોઈએ તે બધો સામાન કઈ રીતે ભેગો કરી દીધો ? આપ પોતે ધન રાખતા નથી અને બીજા પાસે રખાવતા પણ નથી. ધન સિવાય આવું કામ થાય નહિ. ૭. ધન વિના ચોરાશી કરવાની વાત કરવી તે સુગમ નથી. કરોડપતિ શાહુકાર હોય, તોપણ કોઈ ચોરાશી કરતા નથી. ૮. વધારે ને વધારે ધન ભેળું કરવા માટેના સંકલ્પો મનુષ્ય રોજ રોજ કરતો રહે છે. એમ કરતા જો મનુષ્ય મરી જાય તો સર્પ થાય છે અથવા ભૂત થાય છે. ૯. લોકોને ધન મળે છે, પણ ચોરાશી કરતા નથી તેઓ ક્યારેય લખચોરાશીને તરશે નહિ. આપ તો લખચોરાશીને મટાડનારા છો અને થોડું પણ ધન રાખતા નથી. ૧૦.

છતાં પણ આપે અપાર ચોરાશીઓ કરી છે, કેટલાય યજ્ઞો કર્યા છે અને કેટલાય વિપ્રોને કન્યાદાન અપાવ્યાં છે. ૧૧. કેટલાક વિપ્ર બાળકોને યજ્ઞોપવીત અપાવી છે અને કેટલાક બ્રાહ્મણોને અશ્વ, વસ્ત્ર તથા ધન વગેરેનું અપાર દાન આપ્યું છે. ૧૨. તમે ભવિષ્યમાં પણ પોતાની ગાદી કોઈ બ્રાહ્મણને જ આપશો. કારણે કે, ધર્મની ગાદીનું મૂળ વિપ્ર રહ્યા હોય છે.

અને તેના ચિહ્ન અત્યારે દેખાય છે. ૧૩. તમારા સમાન બીજો કોઈ ત્યાગી થશે નહિ. ધન અપાર મળશે. હાથી, ઘોડા, રથ અને મ્યાનાનો કોઈ પાર રહેશે નહિ. ૧૪. સ્ત્રી અને ધન, તે ખરેખર બંધનરૂપ છે તેમ દેખીને આપ અંદરથી અને બહારથી તેનાથી દૂર રહ્યા છો. ૧૫. ભગવાનમાં અને જીવમાં રાત-દિવસ જેટલો ફરક છે. ઉદારપણું અને નિર્લોભપણું તો ઈશ્વરના ગુણ કહેવાય છે. ૧૬.

'આકાશ અને પરમેશ્વરમાં (નિર્લેપતારૂપી) એક સમાન ગુણો રહે છે; એવાં વચન શુભ બુદ્ધિવાળા જે વિદ્વાન વિપ્રો હતા તે કહેતા હતા. તે જગ્યાએ શ્રીહરિને બેસવા માટેના બે મંચ બનાવ્યા હતા. એક પૂર્વ તરફ અને બીજો પશ્ચિમ તરફ હતો. પૂર્વ તરફનો મંચ આંબલીના એક વૃક્ષની નીચે કરેલો હતો. ૧૭-૧૮. તે મંચ કમર જેટલો ઊંચો હતો. જ્યારે દિવસ એક પહોર ચઢે ત્યારે શ્રીહરિ ત્યાં આવીને બેસતા. તેના ઉપર આંબલીનો ઘાટો છાયો હતો. ૧૯. તે મંચ ઉપર શ્રીહરિ પશ્ચિમ મુખ રાખીને બેસતા હતા અને કાંઈ વર્ણવી ન શકાય તેવી સભા થતી હતી. એક દિવસ શ્રીહરિ તે મંચ ઉપર બેઠા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૦.

❋ સર્વે આનંદનું મૂળ માત્ર એક સહજાનંદસ્વામી જ છે :

ફૂલના હારમાં શ્રીહરિની મૂર્તિ નખથી શિખા પર્યંત છવાઈ ગઈ હતી. માત્ર એક મુખકમળ દેખાતું હતું. તેની અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. ૨૧. દિવસ પાછલો દોઢ પહોર બાકી હતો ત્યારે શ્રીહરિ તે મંચ ઉપર આવીને બેઠા હતા. બધા સંતો તથા હરિભક્તોની સભા પણ ત્યાં ભરાઈને બેઠી. ૨૨. તે સમયે એકલા આનંદ આનંદ અને આનંદરસની એલી મચેલી હતી. આ બ્રહ્માંડમાં એવો આનંદ ક્યાંય ન હતો. ૨૩.

ચોપાઈ :

अनंत कोटि ब्रह्मांड ताके, आनंद रस रहाये वाके;
हरि के आनंद रस हि आगे, फिकेसे फिके यह लागे...२४

दोहा : अनंत कोटि ब्रह्मांड के, आनंद रस हि जेहु;
श्रीहरि के एक रोम के, आनंद हि में तेहु...२५

ब्रह्मांड के आनंद रस, देख परत हि न ताय;
हरि के एक हि रोम में, आनंद जो रहाय...२६

અનંત કોટિ બ્રહ્માંડમાં જે આનંદરસ રહ્યો છે તે શ્રીહરિના સ્વરૂપના આનંદરસની આગળ અત્યંત ફિક્કો લાગતો હતો. ૨૪. અનંત કોટિ બ્રહ્માંડનો જે આનંદરસ છે તે સર્વે શ્રીહરિના એક રોમના આનંદમાં આવી જાય છે. ૨૫. શ્રીહરિના એક રોમમાં જે આનંદ રહ્યો હોય છે તેની આગળ બ્રહ્માંડનો આનંદરસ તો કાંઈ દેખાતો જ નથી. ૨૬.

આવે સમયે તે સભામાં કોઈ ફકીરના વેષમાં આવીને બેઠા હતા. તે શ્રીહરિની સમીપ આવ્યા. ૨૭. તેણે એક માત્ર કફની પહેરી હતી. તે સિવાય બીજું કાંઈ તેની પાસે હતું નહિ. માથા ઉપર વાળ રાખેલા હતા અને તે પણ છૂટા હતા. ૨૮. તે સુંદર લાંબા વાળ મસ્તક ઉપર છૂટા ઝૂકી રહ્યા હતા. તેની ઉંમર ચાળીશ વર્ષની આસપાસ દેખાતી હતી. તેણે આગળ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૯. પછી તે શ્રીહરિની સમીપે આવીને ચાર ઘડી સુધી ઊભા રહ્યા. જ્યાં સુધી તેણે શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યાં સુધી તેણે આંખનું એક મટકું પણ ભર્યું ન હતું. ૩૦. સામી બાજુથી શ્રીહરિ પણ તેનાં નેત્રમાં પોતાના નેત્રની વૃત્તિ જોડીને તેને તે રીતે જ દેખી રહ્યા હતા. શ્રીહરિ કાંઈ બોલ્યા નહિ અને તે યોગી પણ કાંઈ બોલ્યા નહિ. ૩૧. તેઓ બંને પરસ્પર નેત્રની વૃત્તિથી એકબીજાને સમજી ગયા હતા. તે સમયે શ્રીહરિની પાસે દસ-બાર કેળાની એક લૂમ આવી. ૩૨.

શ્રીહરિએ યોગીને તે લૂમ આપી. તે કેવા યોગી છે ? તે કોઈને કળાયું નહિ, પણ વૃત્તિના લક્ષથી તેને જાણી લીધા કે આ કોઈ અદ્‌ભુત મુક્ત છે. ૩૩. તે શ્રીહરિની ખાલી મરજી લેવા આવ્યા હતા અને મરજી લઈને ચાલ્યા ગયા. હવે તે વિપ્રોની વાત કહું છું કે, જેટલા શ્રીમાળી વિપ્રો હતા તે સીધા સામાનના બે ગાડા ભરીને અમદાવાદ લઈ ચાલ્યા. ત્યારે સંતો તેને રોકવા લાગ્યા. જ્યારે તે ન માન્યા ત્યારે શ્રીહરિને વાત કહી. ૩૪-૩૫. તે બંને ગાડાને પાછા લાવવા માટે તે વખતે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને શહેરના દરવાજા સમીપે ગયા. ત્યારે તે બંને ગાડાની આગળ જઈને શ્રીહરિ ઊભા રહ્યા. ૩૬.

શ્રીહરિની સાથે તે વખતે ચાળીશ ઘોડેસવારો હતા અને દસ-બાર ઘોડાઓ ગાયકવાડી હતા. ૩૭. નારુપંત નાના હતા અને ચિમનરાવજી પણ આવ્યા હતા. તે વખતે બંને ગાડાને પાછા લાવ્યા ત્યારે સૂર્યોદય થઈ રહ્યો હતો. ૩૮. પછી સરકારના જે ઉપરી અધિકારી હતા તે આવ્યા. તેણે બીજા ચોકાઓની ભેગો પોતાનો પણ ચોકો કરાવ્યો. તેમણે લાડુ તૈયાર કર્યા અને તે માટે જેટલું કહ્યું તેટલો ગોળ અને ઘી આપ્યા. જ્યારે બપોર નમી ગયા ત્યારે પંગત કરી. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં “વિપ્રોની ચોરાશીમાં સીધા સામાનની ચોરીની બનેલી ઘટના કહી” એ નામે સત્તાણુંમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર બાવીશમું : તરંગ - ૯૮

અમદાવાદથી નીકળી શ્રીહરિ જેતલપુર થઈને ગણેશ ધોળકાની રાયણોમાં રહ્યા

શ્રીહરિએ કરેલી ચોરાશીમાં બ્રાહ્મણો જમતાં જમતાં ‘નરનારાયણ દેવની જય... સ્વામિનારાયણ ભગવાનની જય...’ આ રીતે જય બોલાવતા હતા. ૧. લાડુ જમનારાને તાંબડી ભરી ભરીને ઉપરથી ઘી આપતા હતા. ભૂદેવો લાડુને ઘીમાં નરમ કરીને સબડકા લેતા હતા. ૨. દાળ-ભાત કર્યા હતા, પણ વિપ્રો તેને અડતા નહિ. વિપ્રો ઘીમાં ઢીલા કરીને લાડુને પીતા હતા, તે કંઠે આવે ત્યાં સુધી જમ્યા. અને તે વખતે અપાર પ્રસન્ન થયા. તે સમયે શ્લોક બોલતા હતા, તેનાથી આકાશ અને વન ગાજી રહ્યું હતું. ૩-૪. દિવસ પાછલી એક ઘડી જ્યારે બાકી રહ્યો ત્યાં સુધી વિપ્રો જમતા રહ્યા. તે રીતે જ વિપ્ર બાઈઓ હતી તે પણ બધી ત્યાં જમતી રહી. ૫.

(જમીને બધા વિપ્રો ખૂબ પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ દરેક વિપ્રને સારી રીતે દક્ષિણાઓ આપી સંતોષ પમાડી સૌને પોતપોતાના ઘરે જવાની રજા આપી. એક જ દિવસમાં હજારો બ્રાહ્મણો, આગંતુકો, અભ્યાગતો તથા

ઉત્સવ ઉપર આવેલા અસંખ્ય સત્સંગીઓના સંઘને શ્રીહરિએ જમાડ્યા. તેથી માણસોને ઘણું જ આશ્ચર્ય થયું કે, ભગવાન વિના બીજા કોઈથી આવું અદ્‌ભુત કામ થાય જ નહિ. માટે આ સ્વામિનારાયણ જરૂર ભગવાન છે એમ સ્વામિનારાયણ ભગવાનનો યશ સર્વે ગાવા લાગ્યા.)

જ્યારે બ્રાહ્મણો જમી રહ્યા ત્યારે શ્રીહરિ ચાલવા માટે તૈયાર થયા. ત્યારે આવીને અશ્વ ઉપર બેઠા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૬. શ્વેત ફૂલના દસ-વીશ હાર શ્રીહરિએ છાતી ઉપર ધારણ કર્યા હતા. ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધારણ કર્યા હતા. ૭. પાઘમાં ફૂલના તોરા લટકતા હતા. જ્યાં ગોળ, ઘી અને લોટ રાખ્યા હતા ત્યાં આવીને તેને જોવા લાગ્યા. ૮. સામાન તો જેટલો હતો તેટલો ને તેટલો જ હતો. એક તલભાર પણ ઓછો દેખાયો નહિ. પછી શ્રીહરિએ આનંદાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, "હવે આ પડેલો બધો સામાન તમે સંભાળો. કામકાજમાં જરૂર હોય તેટલા સંતો અને હરિભક્તોને રાખજો. ૯-૧૦. વિપ્રોએ જે લાડુ કર્યા છે તે અડધો અડધ વધ્યા છે. સંઘના જેટલા હરિભક્ત છે તે બધાને જમાડો. ૧૧.

શહેરના જેટલા હરિભક્ત છે તે બધાને પણ બોલાવીને જમાડો. તે કરતાં પણ જો લાડુ બચે તો તે બધા બહારથી આવેલા હરિભક્તોને ભાતામાં આપો. ૧૨. મહેમદાવાદ અને ખોખરામાં જેટલા હરિભક્તો છે તેને બોલાવીને જમાડો. અને કોઈ અન્નાર્થી આવે તો તેમને પણ જમાડો." ૧૩. આટલી વાત કરીને શ્રીહરિ વિપ્રોને ફરતા પાંચ આંટા ફર્યા અને પછી ત્યાંથી ચાલ્યા. અને શુકાનંદસ્વામી, બીજા લહિયાઓ, નિષ્કુળાનંદસ્વામી અને આધારાનંદસ્વામી એ સહુ ગઢપુરમાં આવીને રહે. ૧૪-૧૫. એટલું આનંદાનંદસ્વામીને કહ્યું. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. તે સમયે જે પાર્ષદો હતા તેમને પોતાની સાથે લીધા. ૧૬.

શ્રીહરિની સાથે જેટલા કાઠી દરબારો સવારી લઈને આવ્યા હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. દિવસ અસ્ત થવા આવ્યો હતો. ૧૭. શ્રીહરિના જેટલા પાર્ષદો હતા તે બધા સવારીની આગળ ચાલતા હતા. સવારી પાછળ આવતી હતી. આ રીતે સહુ જેતલપુર તરફ ચાલ્યા. ૧૮. શ્રીહરિના અશ્વની

પાછળ દાદા ખાચર આવતા હતા. તેના ઉપર અચાનક કોઈ એક ચિત્તાએ તરાપ મારી, પણ તે ચૂકી ગયો. પાછળ ઘણા અશ્વારાને દેખ્યા એટલે ચિત્તો ચાલ્યો ગયો. ફરીવાર દેખાયો નહિ. ૧૯-૨૦.

આ રીતે અચાનક દાદા ખાચરનું મૃત્યુ આવ્યું હતું, પણ પરમેશ્વરે તેમને બચાવ્યા. શ્રીહરિ કહે, 'ભારે વિઘ્ન આવ્યું હતું, પણ તેમાંથી આ વખતે બચી ગયા. ૨૧. ભગવાન નરનારાયણ સમર્થ છે. આ પહેલું વિઘ્ન તેમણે ટાળ્યું.' પછી **અસલાલી** ગામ થઈને શ્રીહરિ **જેતલપુર** આવ્યા. ૨૨.

પોતાની જગ્યામાં આવીને ઊતર્યા. અને ત્યાં કાંઈક રસોઈ કરીને જમ્યા. પછી જ્યારે પલંગ ઉપર પોઢ્યા ત્યારે અંતરસન્મુખ વૃત્તિ કરી. ૨૩. જેમ આકાશમાં વાદળાં દેખાય તેમ અમદાવાદમાં જેટલી પ્રવૃત્તિ હતી તે બધી અંતરમાં વેગથી દેખાવા લાગી. પછી તે બધી પ્રવૃત્તિને ટાળવા માટે મનમાં વિચાર કરવા લાગ્યા, પણ તે વિચારના ખેદને લીધે શરીરમાં જ્વર-તાવ આવી ગયો. અને તેને લીધે શરીરમાં કાંઈ સૂધ રહી નહિ. ૨૪-૨૬. સવારમાં ગાડીમાં બેસીને ચાલતા થયા. રાત ધોળકામાં રહ્યા. ત્યાંથી સવારમાં ચાલ્યા તે **કોઠ** ગામ થઈને **ગણેશ ધોળકા**ના મંદિરમાં આવીને સૂતા. ૨૭-૨૮. ગણેશજીના મંદિરમાં શ્રીહરિ ત્રણ પહોર સુધી પોઢી રહ્યા. તે જૂના મંદિરમાં આવીને કબૂતરો શબ્દ કરતા હતા. ૨૯. ચાર ઘડી દિવસ જ્યારે બાકી રહ્યો ત્યારે લૂનો તાપ ઓછો થયો. તે મંદિરથી ઉત્તર તરફના ભાગમાં ઘણી મોટી રાયણના ઝાડની ઘટા હતી. ૩૦.

ત્યાં જાડી મોદનો તંબુ ખેંચીને બાંધ્યો હતો. નિર્ગુણાનંદસ્વામીને સેવા કરવા માટે શ્રીહરિએ રાખ્યા હતા. બીજા વૈષ્ણવાનંદસ્વામી અને મુકુંદાનંદ વર્ણી સેવામાં રહ્યા હતા. તે સિવાયના કોઠ ગામના ક્ષત્રિય હરિભક્ત ગોપાળજી તથા પથાભાઈ આદિક જે હરિભક્તો હતા તે આખો દિવસ શ્રીહરિની સેવામાં તત્પર થઈને રહ્યા. તેઓ જેટલા સવારો હતા તેમને માટે ગોરસ(દહીં) અને રોટલા કરી લાવ્યા. ૩૧-૩૩. તે હરિભક્તો મનમાન્યા ગોળ અને ઘી લાવ્યા હતા, પણ શ્રીહરિને શરીરે સુખ નહોતું તેથી તેઓ જમ્યા નહિ. પરંતુ સાથેના હરિભક્તો જેને જેટલી રુચિ હતી તેટલું તે ગોરસ

અને રોટલા જમ્યા. ૩૪. અશ્વ અને બળદને માટે જેટલું જોઈએ તેટલું ઘાસ અને જોગાણ(ઘોડાને ખવડાવાતું અનાજ) બધું પહોંચાડી દીધું. કોઈ જાતની કસર રાખી નહિ. હરિભક્તોએ આ રીતે શ્રીહરિને રાજી કરી લીધા. ૩૫. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે ઠંડો પવન ચાલવા લાગ્યો. સંકલ્પોનો જેટલો જ્વર હતો તે સંકલ્પો શમ્યા તેની સાથે શમી ગયો. ૩૬.

તે પછી તો અલૌકિક રીતના સંકલ્પ થવા લાગ્યા. જેટલા દેવતાઓ હતા તે વિમાનમાં બેસીને શ્રીહરિને ખબર પૂછવા આવ્યા. ૩૭. શ્રીહરિને ભગવાનની મૂર્તિ સિવાય કોઈ વસ્તુમાં સાર દેખાયો નહિ, એવો નિર્ધારિત નિશ્ચય કર્યો. ૩૮. જ્યારે તેમને ભગવાનની મૂર્તિમાં અપાર સુખ દેખાયું ત્યારે અંતરમાં સુખ, સુખ ને સુખ થઈ ગયું. ૩૯. જ્યારે રાત બે ઘડી ગઈ ત્યારે શ્રીહરિ ખીચડી કરાવીને જમ્યા. પછી ચાલવા તૈયાર થયા અને ગાડીમાં બેસીને ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "અમદાવાદથી નીકળી જેતલપુર થઈને શ્રીહરિ ગણેશ ધોળકાની રાયણોમાં રહ્યા" એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર બાવીશમું : તરંગ - ૯૯

કોઠથી ગઢપુરમાં આવીને શ્રીહરિએ સંતોને ઘણા હેત-ભાવથી જમાડ્યા

શ્રીહરિ કોઠ ગામથી નીકળી આખી રાત ચાલ્યા અને **બળોલ** ગામ થઈને પહોર દિવસ ચઢ્યો ત્યારે **રોજકા** ગામ આવ્યા. ૧. ત્યાં આવીને આખો દિવસ રહ્યા. ત્યાંના હરિભક્તોએ સુંદર રસોઈ કરાવી. ૨. તે રસોઈ ત્યાંના રહેનારા હરિભક્ત વિપ્રોએ કરી હતી અને મુકુંદ વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ બનાવી હતી. ૩. શ્રીહરિ, સંતો અને પાર્ષદો જમ્યા. જેટલા સવારો હતા તે પણ બધા જમ્યા. ૪. જ્યારે પાછલી બે ઘડી રાત રહી ત્યારે શ્રીહરિ ગાડીમાં બેસીને ચાલ્યા, તે **ઝીંઝર** ગામ આવ્યા અને આખો દિવસ ત્યાં રહ્યા. ૫. દરબાર ખોડાભાઈએ મુકુંદાનંદ વર્ણીની પાસે રસોઈ

કરાવી. અને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા. ૬. જે પાર્ષદો અને સવારો હતા તે બધાને પણ જમાડ્યા.

પછી તળાવની પાળ ઉપર એક પીપરનું ઝાડ હતું ત્યાં તે ઝાડની છાયામાં આખો દિવસ પલંગ ઉપર પોઢી રહ્યા. તેમાં બપોરે ચાર ઘડી સુધી ગામમાં ખોડાભાઈને ઘેર બળદ બાંધવાના મકાનમાં પલંગ ઉપર પોઢી રહ્યા. પછી જ્યારે ચાર ઘડી દિવસ નમ્યો ત્યારે તળાવની પાળ ઉપર આવ્યા. ૭-૯. પીપરની છાયામાં પલંગ ઉપર સૂતા. નાના પ્રજ્ઞાનંદસ્વામી અને નાના આધારાનંદસ્વામી (ગ્રંથકાર પોતે) શ્રીહરિના ચરણકમળને ચાંપવા લાગ્યા. શ્રીહરિ પોતે તે બંનેને ચરણ દબાવવાનું શીખવતા. આમ તેઓ દોઢ પહોર (સાડા ચાર કલાક) સુધી ચરણ ચાંપતા રહ્યા. ૧૦-૧૧. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ ગાડીમાં બેઠા. મોટા કરીમભાઈ ગાડી ચલાવતા હતા. ૧૨. શ્રીહરિની જે રીતની મરજી હોય તે પ્રમાણે તે કરીમભાઈ ગાડી ચલાવતા હતા. ૧૩. **ભીમનાથ** થઈને **પોલારપુર** આવ્યા. પછી ત્યાંથી **કુંડળ** થઈને **કારિયાણી**માં આવીને ત્યાં આખો દિવસ રહ્યા. હરિભક્તોએ ત્યાં રસોઈ કરાવી ત્યારે શ્રીહરિ અને સંતો જમ્યા. ૧૪-૧૫.

બધા પાર્ષદો અને સવારો જમ્યા. જ્યારે રાત થઈ ત્યારે કારિયાણીથી ચાલ્યા. ૧૬. **ઝીંઝાવદર** થઈને શ્રીહરિ ચાલ્યા તે **નિંગાળા** ગામ થઈને **ઉગામેડી** આવ્યા. ૧૭. પછી ત્યાંથી **ગઢપુર** આવ્યા. શ્રીહરિનાં દર્શન કરી પુરવાસી લોકો ખૂબ રાજી થયા. હુતાશની આવવાને હજી છ દિવસ બાકી હતા. પછી શ્રીહરિએ હુતાશની ત્યાં કરી. ૧૮. પૂર્ણાનંદસ્વામી અને કૃપાનંદસ્વામી, તે બંનેનાં મંડળ હુતાશનીને દિવસ ગઢપુર આવ્યા. તેને જાણીને શ્રીહરિએ હરખથી રસોઈ કરાવી. સાકરનો કંસાર કરાવ્યો અને વડાં તથા ભજિયાં કરાવ્યાં. ૧૯-૨૦. ઘીમાં બોળેલી ઝીણી રોટલી કરાવી અને અડદની સુંદર મોગર દાળ કરાવી. ૨૧. ફૂલવડી અને વડીની દહીંમાં કઢી કરાવી. તે દિવસે જીવુબાઈની રસોઈ હતી. તેમણે બ્રાહ્મણ બાઈઓની પાસે રસોઈ કરાવી. ૨૨.

પ્રથમ વાસુદેવનારાયણની મૂર્તિને થાળ ધરાવ્યો. પછી જેટલાં ભોજન બનાવ્યાં હતાં તેને શ્રીહરિ જમ્યાં. ૨૩. જ્યારે શ્રીહરિ જમી રહ્યા પછી જેટલા સંત હતા તેમને પોતે બોલાવ્યા અને ઉગમણા બારના ઓરડામાં સંતોની પંક્તિ કરાવી. ઉત્તર તરફને કરે(દિવાલે) શ્રીહરિ બેઠા. ૨૪-૨૫. ત્યારે શ્રીહરિ સંતોને દર્શન દેવાં માટે શ્વેત વસ્ત્ર ધારીને સાંગામાચી ઉપર બેઠા હતા. ૨૬. જેટલી રસોઈ બનાવી હતી તે બધી લાવીને ત્યાં મૂકી. પછી શ્રીહરિએ વર્ણીને કહ્યું કે, 'સહુ પહેલા તમે કંસાર પીરસો, અમે ઘી પીરસીએ છીએ. એમ કહીને શ્રીહરિએ તે વખતે હાથમાં ઘીની તાંબડી લીધી અને બ્રહ્મચારી કંસાર પીરસવામાં ચતુર હતા. તે શ્રીહરિની મરજીને જાણતા હતા, તેણે સંતોનાં પાત્ર કંસારથી અડધાં અડધાં ભરી દીધાં. ૨૭-૨૯. બ્રહ્મચારીની પાછળ પાછળ શ્રીહરિ ઘી પીરસવા લાગ્યા. જ્યાં સુધી પાત્ર છલકાઈ જાય ત્યાં સુધી સંતોને ઘી પીરસતા હતા. ૩૦.

પછી શ્રીહરિએ કહ્યું કે, "કંસારને ચોળીને એકરસ કરો. ઝાલાવાડના કણબી છે તે પાણીની જેમ ઘીને પીવે છે. ૩૧. તે તાંબડી તાંબડી ઘી એક એક માણસ પી જાય છે. તે જોતા તો આ કાંઈ નથી. તમે જેટલું જમો તેટલું હરિભક્તોનું લેખે આવશે. ૩૨. જે સંત અમારું જેટલું માહાત્મ્ય સમજતા હશે તે તેટલું આજે જમશે." આમ કહીને શ્રીહરિ સંતોને હસાવતા હતા અને પોતાની પ્રસન્નતા દેખાડતા હતા. ૩૩. જેટલું જમાય તેટલું જમો. પાત્રમાં પીરસેલું પડ્યું રહે તેની ચિંતા ન કરશો. તમારા સહુના પ્રસાદને તો ઘણા લોકો ઇચ્છે છે. ૩૪.

પછી સંતોને હિંમત આવી અને જેટલું જમાય તેટલું જમ્યા. પછી શ્રીહરિએ કહ્યું, "હવે ત્રણ-ચાર રસોઈ બાકી રહી છે. સમય જતો રહે તે ફરીવાર આવતો નથી. ૩૫. જેટલા હરિભક્તો આવું સમજે છે તે તમને જમાડે છે. હેત સિવાય કોઈ જમાડતા નથી અને હેત હોય ત્યાં શી વાત ન બને ? ૩૬. હેત, ભાવ અને પ્રીતિ, આ ત્રણેય એક જ વાત છે. જે જે બાબત થાય છે તે પ્રીતિને કારણે જ થાય છે. કારણ કે, હરિભક્તો જે કાંઈ તમને આપે છે તે પ્રીતિને લીધે આપે છે. ૩૭. **જો કે સહુને કાયમ**

એકસરખી પ્રીતિ રહેતી નથી. જ્યાં સુધી જેમાં મહિમા, નિર્માનિતા વગેરે ગુણો રહે છે ત્યાં સુધી તેમાં જોવા મળે છે. ૩૮. જ્યારે તે ગુણમાં દેશકાળે કરીને દોષનો પ્રવેશ થઈ જાય ત્યારે એકસરખી રીતિ-મતિ રહેતી નથી. ૩૯. એક વખતનો કોઈ ઘણો મિત્ર હોય, પણ જ્યારે દોષ પેસે છે ત્યારે તરત તેને શત્રુ કરી નાંખે છે. કેમ જે, તે દોષો છે જ એવા. ૪૦.

❋ મનુષ્યદેહની દુર્લભતા અને પ્રભુ કૃપાનું વર્ણન :

चोपाई :

दोष में गुण मनावत जबहू, मित्र शत्रु देखावत तबहू;
भगवान सम मित्र नहीं कोई, बुद्धिवंत देखत हे सोई...४१
मनुष्य देह अमुलख जेहा, भगवान जीयकु जो तेहा;
बहुत कृपा करत हे जबही, मनुष्य देह पावत जीय तबही...४२
भगवान की बडी कृपा एही, मनुष्य तन कु देवत हे तेही;
देह बिन जीय रहाये ताकू, देह रचाई देवत वाकू...४३
मात तात मित्र रहे केसा, तन कोउ नहि देवत रहे तेसा;
जीय ताकू नहीं गम रहेऊ, केसे हि में रहायेउ तेऊ...४४

દોષમાં જ્યારે ગુણ મનાય છે ત્યારે મિત્ર હોય તે પણ શત્રુ જેવો દેખાય છે. ખરેખર તો આ જગતમાં ભગવાનના જેવો કોઈ મિત્ર-હિતેચ્છુ નથી તેમ બુદ્ધિમાન મનુષ્યો સમજે છે. ૪૧. કેમ જે, મનુષ્યદેહ ઘણો અમૂલ્ય છે. ભગવાન જીવની ઉપર જ્યારે ઘણી કૃપા કરે છે ત્યારે જીવ એવા મનુષ્યદેહને પામે છે. ૪૨. ભગવાનની જીવ ઉપર મોટી કૃપા એ છે કે, જીવને મનુષ્યદેહ આપે છે. જીવ દેહ વિનાનો છે તેને ભગવાન દેહ રચાવી આપે છે. ૪૩. માતા, પિતા કે મિત્ર ગમે તેવા હોય, પણ તે કોઈ જીવને દેહ આપી શકતા નથી. પરંતુ જીવને તે ગમ નથી કે પોતે કેવી સ્થિતિમાં રહ્યો છે ? ૪૪.

પિતાના વીર્યના કણમાં જીવ રહ્યો હોય છે. તે માતાના ઉદરમાં જ્યારે પ્રવેશ કરે છે ત્યારે રજસના યોગે કરીને મનુષ્યશરીર બનવાનું શરૂ થાય છે. પ્રથમ ખજૂરની પેશી સમાન શરીરનો આકાર થાય છે. ૪૫-૪૬. પછી તેમાંથી મસ્તકનો આકાર નીકળે છે. તેના પછી હાથ, પગ, મુખ, નાક,

આંખ, કાન ઈત્યાદિક રચાય છે. ૪૭. દસ મહિને શરીરના બધાં અંગો સંપૂર્ણ થઈ જાય છે ત્યારે શ્વાસોચ્છ્વાસનો પવન નાભિમાંથી શરૂ થાય છે. ૪૮.

ચોવીશ તત્ત્વના ચોવીશ દેવ છે. તે દેવોને લીધે આ દેહમાં દૈવત રહે છે. ૪૯. જીવ તો એક રૂપે જ રહે છે, પણ તે અપાર શરીરને ધારણ કરે છે. તે જેવું તેનું શરીર હોય તેવું તેનું નામ પડે છે. તેનો કોઈ એક નિર્ધાર રહેતો નથી. ૫૦. **જ્યારે જીવ મનુષ્યદેહને પામીને ભગવાનનું ભજન કરે છે, ત્યાર પછી તે દિવ્ય શરીરમાં જઈને ઘણો જ સુખિયો થાય છે. ૫૧. જે જીવને ભગવાન અને સંતોમાં જો સંપૂર્ણ પ્રેમભાવ જ રહે તો તે ફરીને ક્યારેય તુચ્છ શરીરમાં આવતો નથી." ૫૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "કોઠથી ગઢપુરમાં આવીને શ્રીહરિએ સંતોને ઘણા હેત-ભાવથી જમાડ્યા" એ નામે નવ્વાણુંમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૦

ગઢડા મધ્ય પ્રકરણનું એકવીશમું વચનામૃત

ફાગણ સુદિ પૂનમને હુતાશની કહેવાય છે. તે દિવસે પૂર્ણ મનોરથ, પૂર્ણકામ પ્રભુ શ્રીસહજાનંદસ્વામી ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સુંદર વાસુદેવનારાયણના મંદિરની આગળના ભાગમાં વિરાજમાન હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ત્યાં ગાદી બિછાવેલી હતી તેના ઉપર આવીને બેઠા. ૧-૪. શ્રીહરિના મુખારવિંદની આગળ ગામના જે હરિભક્તો હતા તે ઝાંઝ અને મૃદંગ વગાડીને હોરી તથા વસંતનાં પદ બોલતાં હતાં. ૫. પછી ત્યાં સંતો અને હરિભક્તો આવ્યા અને તેની સભા થઈ.

✵ શ્રીહરિએ મોક્ષનો મુદ્દો બતાવ્યો :

પછી શ્રીહરિએ કહ્યું, "હવે તમે કીર્તન રાખો. તમે સાંભળો અમે એક વાત કરીએ છીએ. ૬. જીવના કલ્યાણને માટે વ્યાસજીએ જેટલા ગ્રંથ કર્યા છે

તે બધાને અમે સૂરત રાખીને ઘણા હેતથી સાંભળ્યા છે. ૭. **સર્વ શાસ્ત્રોમાં આટલો જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને માટે એટલી જ વાત છે કે, આ સર્વ જગતના કર્તા-હર્તા એક ભગવાન છે. અને તે સર્વ શાસ્ત્રોમાં ભગવાનનાં ચરિત્રો કહ્યાં છે. ૮-૯.** અથવા ભગવાનનાં સંતોનાં ચરિત્રો કહ્યાં છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા કહી છે તેનું ફળ તો ધર્મ, અર્થ અને કામ એ ત્રણ જ છે. તેણે કરીને જીવનું કલ્યાણ ક્યારેય લગાર પણ થાતું નથી. ૧૦-૧૧. કેવળ વર્ણાશ્રમના ધર્મથી તો સંસારમાં વધારે પડતી કીર્તિ થાય છે. ૧૨. અને દેહે કરીને સુખિયો રહે છે એટલું જ ફળ તેનું છે, એમ દેખાય છે. ૧૩. અને **કલ્યાણને માટે તો એક ભગવાન જ કર્તા-હર્તા છે, એમ જાણવું તે સિદ્ધાંત છે. ૧૪.** અને રામ, કૃષ્ણાદિક ભગવાનના પરોક્ષ અવતારોનું જેવું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકદેવજી, જડભરત, હનુમાનજી અને ઉદ્ધવાદિક પરોક્ષ સાધુ છે તેનું જેવું માહાત્મ્ય જાણે છે.

चोपाई :

परोक्ष साधु हि ताके जेसे, महात्म जानत रहेउ तेसे;
प्रत्यक्ष यह भगवान तिनके, साधु जेते रहाये ईनके...१७
महात्म दो के समझे ताकू, कल्याण के मारग में वाकू;
समझना तामें न बाकी रहाये, साधन सब तेहि कर रहे ताये...१८
यह वारता एक वेर जेहा, अथवा लक्ष वेर कर हि तेहा;
आज समझो तो एतना जेहा, समझना रहाये हे तेहा...१९
अथवा लक्ष वर्ष भये जोहु, समझो तुम हि तत्पर हि होऊ;
इतनी बात समझे जो विनही, छूटके नहीं होवन हे किनही...२०

તેવું જ પ્રત્યક્ષ આ ભગવાનનું અને એ ભગવાનના આ પ્રત્યક્ષ સાધુ રહ્યા છે તે બંનેનું માહાત્મ્ય સમજે, તો તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવાનું બાકી રહેતું નથી. તેણે બધાં સાધન કરી લીધાં છે. ૧૫-૧૮. આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખવાર કહ્યે સમજો, આજ સમજો તોપણ આટલું જ સમજવાનું છે. અને લાખ વર્ષ પછી તત્પર થઈને તમે સમજો તોપણ એટલું જ સમજવાનું છે. એટલું સમજ્યા વિના કોઈનો છૂટકો થવાનો નથી. ૧૯-૨૦. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા અને શિવ

તેમને ક્યારેક જઈને તમે પૂછો તો તેઓ ડાહ્યા છે એટલે અનેક યુક્તિઓ લાવીને જે પ્રત્યક્ષ ભગવાન છે અને પ્રત્યક્ષ સંત છે તેને જ કલ્યાણના દાતા બતાવે. ૨૧-૨૨.

परोक्ष भगवान के जीमी, परोक्ष संत ताकेउ तीमी;
महात्म रहाय जेसे ताके, तेसे प्रत्यक्ष भगवान वाके...२३
प्रत्यक्ष संत इनके जेही, महात्म कहिके बतावे तेही;
इतना तिनकु दृढ हि जोई, निश्चे भये होय जो सोई...२४

જેમ પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનું જેવું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય કહીને બતાવે. આટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સહુથી મોટો મુદ્દો હાથમાં આવ્યો છે. પછી તે કોઈ દિવસ કલ્યાણના માર્ગમાંથી પડે નહિ. ૨૩-૨૫. જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક કામાદિકે કરીને ધર્મથી પડી ગયા, તોપણ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનો પરોક્ષની જેમ માહાત્મ્યથી યુક્ત નિશ્ચય હતો, તો તેણે કરીને તે કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહિ. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાત છે. માટે તેને મનન કરીને રાખવી. કેમ જે, ગમે તેવું દુઃખ હોય તોપણ તેમાં આ વાર્તા સુખ કરે તેવી છે. ૨૬-૨૯.

પછી તે જ દિવસે જ્યારે સાંજનો સમય થયો ત્યારે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાંથી ઘોડી ઉપર બેસીને લક્ષ્મીવાડીએ આવ્યા. ત્યાં આંબાનું ઝાડ હતું અને તેની અનુપમ ઘાટી છાયા હતી. ૩૦-૩૧. તે આંબાની છાયામાં એક વેદિકા હતી અને તેના ઉપર પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ ત્યાં આવીને વિરાજમાન થયા. ૩૨. રંગભીના શ્રીહરિએ એક શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી. અને પીળા પુષ્પનો તોરો પાઘમાં વિરાજમાન હતો. તથા કાન ઉપર મોગરાના પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા, તેની શોભા કહેતા આવડતી નથી. ૩૩-૩૪. મોગરાના પુષ્પનો હાર કંઠમાં પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ સ્વપ્ન સૃષ્ટિના રચયિતા પણ એક પરમેશ્વર જ છે :

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "આજ અમે તમને એક પ્રશ્ન પૂછીએ છીએ કે, આ જે જીવ છે તેને સ્વપ્ન અવસ્થામાં બહુ પ્રકારની સૃષ્ટિ દેખાય છે. ૩૫-૩૭.તથા સ્વપ્ન સૃષ્ટિના ભોગોને જીવ ભોગવે છે. તે જીવ પોતે સ્વપ્ન સૃષ્ટિરૂપે થાય છે કે એ જીવ જ પોતાના સંકલ્પે કરીને સ્વપ્નને વિશે સૃષ્ટિને સર્જે છે ? ૩૮-૩૯. જેમ જીવને છે તેમ બધા બ્રહ્માદિક જે ઈશ્વર છે તેમને પણ સ્વપ્ન સૃષ્ટિ છે. તે પોતે જ પરમ અનુપમ તે સૃષ્ટિરૂપે થાય છે કે પોતે જ સંકલ્પે કરીને સર્જે છે ? કે તે જીવ અને ઈશ્વરથી પર જે પરમેશ્વર છે તે સ્વપ્નની સૃષ્ટિને સર્જી આપે છે ? આ અમારો પ્રશ્ન છે તેનો જેમ ઉત્તર હોય તેમ તમે કરો." ૪૦-૪૨.

પછી જેની બુદ્ધિમાં જેવું સમજાયું તેવું તેઓ બોલ્યા, પણ તેનો યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીહરિ તેનો ઉત્તર કરવા લાગ્યા કે, "જીવ તથા ઈશ્વરમાંથી કોઈ સ્વપ્નસૃષ્ટિને સર્જતા નથી અને તે પોતે ક્યારેય તલભાર જેટલા પણ સ્વપ્નસૃષ્ટિરૂપે થતા નથી. પરંતુ જીવ અને ઈશ્વરથી પર પરમેશ્વર કર્મફળપ્રદાતા છે. તે જીવ અને ઈશ્વરનાં કર્મને દેખે છે. ૪૩-૪૫. તે જીવ અને ઈશ્વરનાં કર્મને અનુસારે પરમેશ્વર વારંવાર સ્વપ્નની સૃષ્ટિને સર્જતા રહે છે. તે સ્વપ્નસૃષ્ટિને વિષે જે અસ્થિરપણું અને ભ્રાંતપણા જેવું જે કાંઈ દેખવામાં આવે છે તે તો દેશના યોગે કરીને પ્રવર્તે છે તે દેખાય છે. ૪૬-૪૭. કેમ જે, કંઠ દેશ એવું સ્થાન રહ્યું છે કે તે દેશમાં અનંત રીતે સૃષ્ટિ એવી દેખાઈ આવે છે. જેમ કે, કોઈ કાચનું મંદિર હોય અને તેમાં એક સ્થાનમાં દીવો કર્યો હોય ત્યારે તે અનેક દીવાઓ દેખાય છે તેમ કંઠ દેશ છે. ૪૮-૪૯. તે કંઠ દેશના યોગે કરીને એક સંકલ્પ હોય તે જ્યારે સ્વપ્નમાં દેખાય ત્યારે અનંત રીતે દેખાય છે. ૫૦.

તેમાં જે જ્ઞાની હોય છે તે જ્યાં દેશનું પ્રધાનપણું હોય ત્યાં દેશનું જ સમજે અને જ્યાં કાળનું પ્રધાનપણું હોય ત્યાં કાળનું સમજે અને જ્યાં કર્મનું પ્રધાનપણું હોય ત્યાં કર્મનું જ સમજે અને જ્યાં પરમેશ્વરનું પ્રધાનપણું હોય ત્યાં પરમેશ્વરનું જ પ્રધાનપણું સમજે. ૫૧-૫૩. અને જે મૂર્ખ હોય તેને તો

કરોડવાર સમજાવો, તોપણ જે એક વાત સમજાણી હોય તેને જ મુખ્ય જાણે છે. ૫૪. તેમાં કાળની વાત સમજાણી હોય તો કાળને મુખ્ય જાણે, કર્મની વાત સમજાણી હોય તો કર્મને મુખ્ય જાણતો રહે, માયાની વાત જો સમજાણી હોય તો માયાને મુખ્ય જાણે, પણ જ્યાં જેનું જેવું પ્રધાનપણું હોય ત્યાં તેવું જુદું જુદું મૂર્ખને સમજતા આવડે નહિ. અને જે જ્ઞાની હોય તે તો જે ઠેકાણે જેનું જેટલું પ્રધાનપણું હોય તેનું જ તે ઠેકાણે ઘટિત રીતે તેટલું પ્રધાનપણું સમજે. ૫૫-૫૮.

❋ શ્રીહરિનું સર્વેશ્વરપણું :

अरु परमेश्वर रहाये जाही, देश काल माया के ताही;
एहि सबके प्रेरक रहाते, पोताकी इच्छा जो कराते...५९
देश कालादिक यह तिनके, प्रधानपना रखत हे इनके;
पण सब परमेश्वर आधीना, वरतत रहे दास जिमि दीना...६०

અને જે પરમેશ્વર છે તે તો દેશ, કાળ અને માયા, તે સહુના પ્રેરક છે. પોતાની ઈચ્છાએ કરીને દેશ-કાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે, પણ તે તો સર્વ પરમેશ્વરને આધીન થઈને દાસની જેમ દીન થઈને રહે છે. ૫૯-૬૦. જેમ શિશુમારચક્ર ધ્રુવમંડળને આધારે રહે છે. તે રીતે જ તે બધા પરમેશ્વરને આધારે રહે છે. ૬૧. જેમ બધી પ્રજા રાજાને આધારે રહે છે તેમ દીવાન અને વજીર પણ રાજાને આધારે રહે છે. કેમ જે, રાજા તેનું જેટલું ચાલવા દે તેટલું જ ચાલે. રાજાની મરજી સિવાય અણુ જેટલું પણ ચાલે નહિ. ૬૨-૬૩. **તે જ રીતે દેશ, કાળ, કર્મ અને માયાનું પરમેશ્વર જ્યાં સુધી જેટલું ચાલવા દે ત્યાં સુધી તેટલું જ ચાલે, પણ પરમેશ્વરનાં ગમતા બહાર અણુ જેટલું પણ ચાલે નહિ. માટે સર્વકર્તા એક શ્રીહરિ જ છે."** ૬૪-૬૫. એટલી વાત કરીને પ્રત્યક્ષ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને તરત દરબારમાં પધાર્યા. ૬૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું એકવીશમું વચનામૃત કહ્યું" એ નામે સોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૧

રંગોત્સવ કરીને શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું

ફાગણ વદિ પડવાને દિવસ વાસુદેવનારાયણના મંદિરમાં જાત જાતનો રંગ બનાવ્યો અને કેટલોક ગુલાલ લાવ્યા. ગઢપુર ગામના જે હરિભક્તો હતા તે ઝાંઝ, મૃદંગ લઈને વાસુદેવનારાયણનાં મંદિર આગળ આવ્યાં અને ઉત્સવ કરવા લાગ્યા. તે વખતે તેની વચ્ચે આવીને શ્રીહરિ બેઠા. ૧-૩. હરિભક્તો હોરી અને વસંતના પદો ગાતા રહ્યા ત્યારે બધે મહાન ઉત્સવ છવાઈ ગયો. અને જે સંતો હતા તે પણ ત્યાં આવીને બેઠા. ૪. દાદા ખાચર વગેરે જે હરિભક્તો હતા તે પણ બધા ત્યાં આવીને બેઠા. દરબાર જીવા ખાચર પણ પોતાનાં કુટુંબે સહિત શ્રીહરિની પાસે આવીને બેઠાં. તેમના મનમાં ઘણો ઉલ્લાસ હતો. જ્યારે જીવા ખાચર આવતા ત્યારે શ્રીહરિ તેમને માન આપતા હતા. ૫-૬.

ગઢપુરની ફરતા ગામના જે હરિભક્તો હતા તે બધા ઉત્સવને દિવસે આવ્યા. જ્યારે રંગનો સમય થયો ત્યારે તે રંગ ગુલાલે સહિત વાસુદેવનારાયણની પ્રસાદીનો કરાવ્યો. પછી મુકુંદાનંદ વર્ણીએ કેસરનો રંગ લઈને શ્રીહરિનાં અંગ ઉપર ઢોળ્યો. પણ શ્રીહરિએ વર્ણીને કાંઈ કહ્યું નહિ. પછી શ્રીહરિએ રંગ લીધો અને તેનાથી પહેલા સંતોને રંગી દીધા. ૭-૯. શ્રીહરિએ જીવા ખાચરને રંગમાં ખૂબ રસબસ કરી દીધા. અને તેમના ભાઈ મૂળુ ખાચરને પણ રંગથી ખૂબ ભીંજવી દીધા. ૧૦. જેટલાં વસ્ત્ર પહેર્યાં હતાં તે બધાં રંગમાં રંગી નાખ્યાં. વળી પરમ નિપુણ શ્રીહરિએ દાદા ખાચરના ઉપર પણ રંગ નાખ્યો. ૧૧. જેટલા હરિભક્તો હતા તે બધાને રંગી નાખ્યા. ત્યારે બધા ઉત્સવિયાઓને પણ રંગી દીધા. તેની અદ્‌ભુત શોભા બની હતી. ૧૨. વાસુદેવનારાયણના ફૂલદોલનો દિવસ જાણીને જેટલો રંગ અને ગુલાલ હતો તે બધો ઉડાડી દીધો. ૧૩. પછી શ્રીહરિ સંતોએ સહિત ઉન્મત્તગંગામાં જઈને નાહ્યા અને બધા હરિભક્તો પણ શ્રીહરિની સાથે નાહ્યા હતા. ૧૪.

✵ શ્રીહરિની મૂર્તિની શોભાનું વર્ણન :

સ્નાન કર્યા પછી શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર અમૂલ્ય વસ્ત્રો પહેર્યાં. તેની અજોડ શોભા થઈ હતી. શ્રીહરિએ જામો અને સુરવાળ કિનખાબના પહેર્યા હતા. ૧૫. અશ્વને શણગારીને ત્યાં લાવ્યા. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. સોનેરી કોર અને છેડાવાળું બુરાનપુરી શેલું હતું, તેની મસ્તક ઉપર પાઘ બાંધી હતી. પાઘમાં છોગા દેખાતા હતા. મુગટનો ભ્રમ થાય તેવા છોગા હતા. ૧૬-૧૭. મોતીના તોરા અને કલગી પાઘમાં હતી. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધારણ કર્યા હતા. મોતીના, સોનાના અને ફૂલના હાર તે વખતે છાતી ઉપર ધારણ કર્યા હતા. અને ફૂલના બાજુબંધ બંને ભુજા ઉપર બાંધ્યા હતા. ૧૮-૧૯. બંને હાથમાં સોનાનાં કડાં અને વળિયાં પ્યારા શ્રીહરિએ ધાર્યા હતા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો અને મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. ૨૦. ભારે માંયલું એક કસુંબલ શેલું ભયહારી શ્રીહરિએ કમર ઉપર બાંધ્યું હતું, અને બીજું એક સોનેરી કોરવાળું શેલું ખભા ઉપર રાખ્યું હતું. ૨૧.

આગળના ભાગમાં ઢોલ, તાંસા જેવાં વાજિંત્રો તે વખતે વાગતાં હતાં. આમ, શ્રીહરિ જ્યારે પુરમાં જવા ચાલતા થયા ત્યારે જીવા ખાચરે શ્રીહરિને પોતાના દરબારમાં ઘણા પ્રેમથી પધરાવ્યા. તેમના ભવન ઊંચા હતા. તેની ઓસરીમાં સોનેરી પલંગ ઢાળ્યો હતો. ૨૨-૨૩. તે પલંગ ઉપર શ્રીહરિને બેસાડ્યા. શ્રીહરિ ત્યાં આવ્યા તેને એક મહિનો થયો હતો. યોગ્ય સમય જોઈને શ્રીહરિ આવતા અને તેને લીધે જ ઘણો ભાવ દેખાતો હતો. ૨૪.

✵ યોગ્ય સમયે કરેલી વાત અમૃત સમાન છે :

दोहा : जो जो बात हि जितनी में, समय पर रस देखात;
समय बिन सब हि बात में, रस हि देखे न आत...२५
समय पर बात तिनके जो, हरि रस लेत रहेउ;
समय बिन रस हि न लेत हि, चाय तेसे हि तेउ...२६

જે જે કોઈ પણ વાત હોય તેમાં યોગ્ય સમયે રસ દેખાય છે. બધી જ વાતમાં સમય વિના રસ દેખાતો નથી. ૨૫. જે યોગ્ય સમય ઉપરની વાત

હોય તેમાં શ્રીહરિ રસ લેતા હતા. યોગ્ય સમય વિનાની બાબત ચાહે તેવી હોય તોપણ તેમાં રસ લેતા નહિ. ૨૬. **જેમાં જેટલું ભક્તપણું દેખાય અને જેટલો ભાવ દેખાય, તેને શ્રીહરિ એકરૂપ માનતા હતા ૨૭.** તેને જ શ્રીહરિ રસ માનતા અને જેટલો રસ હોય તેને ગ્રહણ કરતા. તે ભક્તપણું અને ભાવ, તે બે વિનાની બાબત નીરસ ગણાય. અને નીરસ વાતનો શ્રીહરિ ત્યાગ કરી દેતા હતા. ૨૮.

આ મનુષ્યદેહમાં રહ્યાનો એટલો જ રસ(લાભ) છે કે, તેનાથી ભગવાન સંબંધી જેટલી વાત હોય તેમાં અપાર રસ દેખાય. અને જ્યારે તે વાતમાં ક્યારેય તૃપ્તિ ન થાય ત્યારે જેવો છે તેવો રસ દેખાયો કહેવાય. જ્યાં સુધી તૃપ્તિ થઈ જાય છે ત્યાં સુધી તેમાં રસ દેખાયો નથી. ૨૯-૩૦. આ ભગવાન સંબંધી રસ સિવાયના રસમાં જેટલું ચિત્ત પરોવે છે તેટલીવાર ભગવાનથી દૂર રહ્યા છે. અને તેટલું નુકશાન દેખાય છે. ૩૧.

चोपाई :

तब तेहि भक्त भयेउ पूरा, भगवान से रहत न दूरा;
कथा कीर्तन चितवन ध्याना, भजन स्मरण पूजन रहाना...३२
भगवान सबंधि सेवा वाता, एह सब हि सबंध रहाता;
प्रगट यह भगवान ताके, इतना सबंध रहाये वाके...३३

ભગવાનથી જ્યારે દૂર ન રહે ત્યારે તે ભક્ત પૂરો કહેવાય છે. માટે કથા, કીર્તન, ચિંતન, ધ્યાન, ભજન, સ્મરણ, પૂજન વગેરે અને ભગવાન સંબંધી સેવા તથા વાર્તા, એ બધાનો જેટલો સંબંધ રહે છે તેટલો પ્રગટ ભગવાનનો સંબંધ રહે છે. ૩૨-૩૩. તે ભગવાનને જે પરોક્ષ સમજે છે તે પરોક્ષ ભક્ત કહેવાય છે. જે પ્રત્યક્ષ કે પરોક્ષ ભક્ત હોય તે તેની સમજણ ઉપરથી દેખાઈ આવે છે. ૩૪. **જે પ્રત્યક્ષ ભગવાન હોય, તેની જેટલી બાબત છે તે બધી પ્રત્યક્ષ છે. તેને જે પરોક્ષ કરીને કહે છે તે તેની સમજણે કરીને પરોક્ષ ભક્ત કહેવાય છે. પ્રત્યક્ષ ભગવાનની જેટલી બાબત છે તે સર્વને જે ભક્ત જેટલી પ્રત્યક્ષ સમજે છે તેટલા તે પ્રત્યક્ષ ભગવાનના ભક્ત છે. ૩૫-૩૭.**

પ્રત્યક્ષ પરમાત્માને સમજવાની બાબતમાં પણ અધિક-ન્યૂનતા રહી છે. પ્રત્યક્ષના ભક્તો પ્રત્યક્ષ સંબંધી બાબતો કરતાં પણ પ્રત્યક્ષ ભગવાનને અધિક માને છે. ૩૮. પ્રત્યક્ષ સંબંધી જેટલી બાબતો છે તેમાં પ્રત્યક્ષ ભગવાન મુખ્ય રહેલા છે. આમ જે સમજે છે તે સર્વશ્રેષ્ઠ હરિભક્ત છે. ૩૯. **સહુ કોઈ પોતપોતાના મનમાં પોતાને અધિક માનતા હોય છે. ભૂમિ ઉપર જેટલા મનુષ્યો છે તે પોતે પોતાને ક્યારેય ન્યૂન માનતા નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "રંગોત્સવ કરીને શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું" એ નામે એકસો એકમો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૨

સર્વ ભક્તોએ શ્રીહરિને ખજૂર, ખારેક વગેરે આપ્યા ને રસોઈઓ આપી

જીવા ખાચરના જેટલા ઓરડા હતા તેમાં શ્રીહરિનાં ચરણપગલાં કરાવ્યાં. ૧. કારણ કે, ભગવાનના ચરણનો યોગ ઘણો દુર્લભ છે, તેમ સમજીને તેમણે પોતાના ઓરડાઓમાં ચરણ પધરાવ્યાં હતાં. ૨. આ ભૂમિ ઉપર જે જે સ્થળે શ્રીહરિએ ચરણ રાખ્યા તે ઘણાં મોટાં તીર્થ થયાં છે. ૩. આ વખતે તો શ્રીહરિએ ઠેર ઠેર તીર્થ કર્યાં છે. હરિભક્તોને ઘેર ઘેર કેટલીયે વખત ચરણપગલાં કર્યાં છે. ૪. આ વખતે શ્રીહરિએ એક એક હરિભક્તને જે ઘણું સુખ આપ્યું છે, તેની વાત એક કલ્પ સુધી કહેતા રહીએ તોપણ તેનો પાર લઈ શકાય તેમ નથી. ૫. સંતો, વર્ણી, હરિભક્ત પુરુષો અને હરિભક્ત બાઈઓ; જેને શ્રીહરિનો યોગ થયો તે બધાનાં વર્તન અત્યંત નિષ્કપટ થયા હતા. ૬.

આ વખતે શ્રીહરિએ પોતાના ભક્તોને એટલું સુખ આપ્યું છે કે તે બધું લખી શકાતું નથી. જેટલાં ભગવાને સુખ આપ્યાં હોય તે લખ્યા વગરના રહી ગયા હોય પછી તો તે તેવાને તેવા કઈ રીતે દેખાય ? ૭. કેમ જે, સમય ગયા પછી તે તો બીજમાત્ર રહે છે. તે તો કંઈક જ દેખ્યામાં આવતા

હોય છે; આમ સમજીને હું ઘણા હેતથી શ્રીહરિનાં ચરિત્રોની વાત લખું છું. ૮. ચાહે તેટલી વાત બનાવીને કહે, પણ હેત વિના વાત લખી શકાતી નથી. જીવા ખાચરે ઘણા પ્યારથી શ્રીહરિને સાકરના હારડા પહેરાવ્યા. અને તેમના ભાઈ મૂળુ ખાચર હતા, તેમણે પણ સાકરના હારડા શ્રીહરિને ઘણા હરખથી પહેરાવ્યા. ૯-૧૦. મૂળુ ખાચરના પુત્ર રામ ખાચર હતા, તે ઘણા વિચક્ષણ હતા. તેણે સાકરનો હારડો શ્રીહરિને ધરાવ્યો અને ચરણોમાં મસ્તક નમાવ્યું. ૧૧.

જીવા ખાચરને ભોકા ખાચર અને દેહા ખાચર નામે બે પુત્રો હતા. તેમણે આવીને શ્રીહરિને અત્યંત ભાવથી સાકરના હારડા પહેરાવ્યા. પછી શ્રીહરિ જ્યારે ત્યાંથી ચાલતા થયા ત્યારે જીવા ખાચરને સાકરના જે હારડા હતા તે બધા શ્રીહરિએ આપી દીધા અને પછી ચાલ્યા. ૧૨-૧૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ઢોલ, તાંસા જેવાં વાજિંત્ર વાગતાં હતાં. રાજબજારે ચાલ્યા ત્યારે સંતો અને હરિભક્તો સાથે હતા. ૧૫. બજારમાં જે લોકો હતા તે શ્રીહરિને જોઈને જયજયકાર કરવા લાગ્યા. તે સમયે સાથેના હરિભક્તો કીર્તન ગાતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર અનુપમ છત્ર ધાર્યું હતું. આ રીતે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને અશ્વ ઉપરથી ઊતર્યા. ૧૬-૧૭.

ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ બિછાવ્યો હતો, તે પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ત્યારે ત્યાં જે સંતો અને હરિભક્તો હતા તે બધાની સભા ભરાઈને બેઠી. સંતો કીર્તન ગાતા હતા. દરબાર દાદા ખાચરે શ્રીહરિને સાકરના હારડા પહેરાવ્યા. ૧૮-૧૯. ખજૂર, ખારેક અને ટોપરાના ભરેલા ચાર થાળ શ્રીહરિ આગળ ધર્યા. દાદા ખાચરના ચાર બહેનોના મોકલેલા એ ચાર થાળ આવ્યા હતા. ૨૦. ખજૂર અને ખારેકના ભરેલા થાળ શ્રીહરિની આગળ દાદા ખાચરના માએ પણ મોકલ્યા, તે શ્રીહરિની આગળ ધર્યા. તેમને શ્રીહરિના ઉપર જે હેત હતું તે કહી શકાતું નથી. દાદા ખાચરના ફઈબા સોમાફુઈએ ખારેક અને ખજૂરના થાળ લાવીને શ્રીહરિની આગળ ધરાવ્યા. તેમને પણ શ્રીહરિના ઉપર જે હેત હતું તે કહી શકાતું નથી. દેહા ખાચરની બે બહેનો અમરબાઈ અને અમૂલાબાઈ હતા. ૨૧-૨૩.

चोपाई :

हरि कु प्रसन्न करने हिता, निज पति के त्याग करीता;
अज्ञानी जन रहाये जेते, चाये तिमि बोलत रहे तेते...२४
हरि कु भजवे की रीत में, जानत हि नहीं जेऊ;
नारी नर एसे तिनकु, पशु सम जानत तेउ...२५

તે બંને બહેનોએ શ્રીહરિને રાજી કરવા માટે પોતાના પતિનો ત્યાગ કરી દીધો હતો. અજ્ઞાની માણસો ગમે તેમ બોલતા, પણ જે ભગવાનને ભજવાની રીત ન જાણતા હોય તેવા નરનારીઓને તો તે બંને બહેનો પશુના સમાન જાણતા હતા. ૨૪-૨૫. એટલે તે બંને બહેનો ખારેક અને ખજૂરના થાળ ભરીને લાવ્યા અને શ્રીહરિની આગળ પ્રેમમગ્ન ભાવથી અર્પણ કર્યા. ૨૬. રાજબાઈએ પણ ખારેક અને ખજૂરનો થાળ ભરીને શ્રીહરિની આગળ મોકલ્યો. ૨૭. બીજા જેટલા હરિભક્તો હતા અને જેને ભાવ હતો તે બધા પણ ખારેક અને ખજૂરના થાળ ભરીને શ્રીહરિની આગળ લાવીને ધરતા હતા. કેટલાક શ્રીફળ લાવેલા હતા. જેના જેવા લાવેલા મેવા હતા તેને તેમાંથી શ્રીહરિ અડધું તરત પાછું અપાવતા હતા. ક્યારેક તો મેવાને હાથનો સ્પર્શ કરીને પાછા આપતા હતા. શ્રીહરિ કાયમ આવી પરમ પ્રેમભરી રીતિ રાખતા હતા. ૨૮-૩૦. અને આવી બાબતને કારણે જે હરિભક્તો હતા તેમને વધારે ને વધારે પ્રેમભાવ રહેતો હતો.

ફાગણ વદિ પડવાને દિવસે લાડુબાઈએ બિરંજની રસોઈ હરિભક્ત બ્રાહ્મણો પાસે કરાવી હતી. જેટલાં ભોજન હતાં તે બધાં થાળમાં ભરીને પ્રથમ વાસુદેવનારાયણની મૂર્તિને વર્ણીએ ધરાવ્યાં. શ્રીહરિએ સ્નાન કર્યા પછી પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. પછી ચાખડીઓ ઉપર ચઢીને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવીને બેઠા. કામળીનું આસન બિછાવી દીધું હતું. ૩૧-૩૪. શ્રીહરિ તેના ઉપર બેસીને જમ્યા. જેટલાં ભોજન કર્યાં હતાં, તે બધાં શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોને જમવા માટે બેસાડ્યા અને શ્રીહરિ પોતે પીરસવા આવ્યા. પછી શ્રીહરિએ જેટલાં ભોજન હતાં તે બધાં પીરસ્યાં. બીજને દિવસ દાદા ખાચરની રસોઈ હતી. ૩૫-૩૬.

શ્રીહરિ સંતોને રોજ પીરસતા હતા. ત્રીજને દિવસ પાંચુબાઈએ રસોઈ આપી હતી. ૩૭. ચોથને દિવસ નાનબાઈની અને પાંચમને દિવસે સુરબાઈની રસોઈ રાખી હતી. ૩૮. અને સોમાબાઈની રસોઈ છઠને દિવસ હતી. અદિબાઈ(પંચાળા)ની રસોઈ સાતમને દિવસ હતી. ૩૯. જીવા ખાચરની આઠમને દિવસ રસોઈ હતી. અને નોમ અને દશમને દિવસ અમરબાઈ અને અમૂલાબાઈની રસોઈ હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "સર્વ ભક્તોએ શ્રીહરિને ખજૂર, ખારેક વગેરે આપ્યા અને રસોઈઓ આપી" એ નામે એકસો બેમો તરંગ સમાપ્ત ॥૧૦૨॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૩

ગઢડા મધ્ય પ્રકરણનું બાવીશમું વચનામૃત

ફાગણ વદિ દશમને દિવસ શ્રીજીમહારાજ અર્ધરાત્રિને સમયે જાગ્યા અને દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ દક્ષિણાદે મુખારવિંદે બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન થયા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે સમયે શ્રીહરિએ બધા સાધુ તથા હરિભક્તોને તેડાવ્યા. તે બધાની સભા ભરાઈને બેઠી. ૧-૪.

❋ 'એક નિશાન' અક્ષરધામમાં જ જાવું છે :

પછી શ્રીજીમહારાજ સાધુના પ્રત્યે બોલ્યા કે, "અમે એક વાત કરીએ છીએ, તેને તમે બધા સંતો સાંભળો. ૫. જેમ બે સેના હોય તે પરસ્પર લડવાને માટે તૈયાર થઈ હોય ને તે બંનેનાં નિશાન સામ સામે રોપ્યા હોય. તે બંનેના મનમાં એવો વિચાર હોય કે આપણું પોતાનું જે નિશાન છે તે સામાના નિશાનની જગ્યાએ નક્કી રોપી દઈએ અને તેમનું નિશાન ચોક્કસપણે લઈ લઈએ. પરંતુ સેના એવો વિચાર નથી કરતી કે આ કામ ઘણું કઠણ છે. ૬-૮. કેમ જે, સામેના નિશાન સુધી જવું તે તો ઘણી કઠણ વાત છે. તેમાં કેટલાકના મસ્તકનો કચ્ચરઘાણ નીકળી જાશે. ૯. અને

લોહીની નદી ચાલશે પણ તેને તેનો કોઈ ભય નથી. તેમાં જેટલા શૂરવીર હોય છે તેને મરવાનો ડર હોતો નથી. ૧૦.

પણ જે કાયર હોય છે તે ભાગી નીકળવાના હજારો વિચાર મનમાં કરે છે. અને એવું વિચારે છે કે, 'જો આપણી સેના જીતશે તો કોઈનું ધન અને હથિયારોને લૂંટી લઈશું.' આવી રીતના મનસૂબા કાયર સૈનિક કરે છે. ૧૧-૧૨. અને બંને રાજાના જે શૂરવીર સૈનિકો હોય છે તેના મનમાં મરવાનો ડર લેશમાત્ર હોતો નથી. ૧૩. અને કોઈ વસ્તુને લૂંટવાનો લોભ પણ તેના મનમાં હોતો નથી. સામા પક્ષનું નિશાન લઈ લેવું અને પોતાની જીત કરવી, તેવો જ એક સંકલ્પ તેમણે મનમાં દૃઢ રાખ્યો હોય છે. આ તો એક દૃષ્ટાંત છે. ૧૪-૧૫.

❋ શૂરવીર ભક્તનાં લક્ષણ :

તેનો સિદ્ધાંત જે છે તે હવે હું કહું છું. નિશાનને ઠેકાણે તો પરમ સુખકારી ભગવાનનું ધામ છે. અને રાજાના ભારે શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત રહ્યા છે. ૧૬-૧૭.

चोपाई :

तिनकु यह संसार हि तामें, मान बढो अपमान हि यामें;
देहकु सुख दुःख रहो इनमें, रोगी निरोगी तन रहो तिनमें...१८
जीयो मरो तनके कोऊ रीता, हैया में घाट नहि करीता;
इतना सुख इतना दुःख ताके, हैया में कोउ जात हि वाके...१९
घाट नहि करत कोऊ वारा, हैया में यह दृढ निरधारा;
यह देह करीके जो जरुरा, भगवान के धाम में हजुरा...२०
निवास करना धाम में जाहि, लोभावना नहि बिच ताहि;
शूरवीर भक्त की कहे बाता, कायर भक्त की कहत रहाता...२१

તેવા ભક્તો તો આ સંસારમાં માન વધો અથવા અપમાન થાઓ, દેહને સુખ રહો કે દુઃખ થાઓ, શરીર રોગી રહો કે નીરોગી રહો અથવા શરીર જીવો કે મરણ પામો, પણ કોઈ રીતે હૈયામાં આવો ઘાટ કરતા નથી કે, 'આપણને આટલું સુખ થશે કે આટલું દુઃખ થશે' તેવો કોઈ પણ

જાતનો ઘાટ પોતાના હૈયામાં કોઈવાર કરતા નથી. તે ભક્તે તો પોતાના હૈયામાં એવો દૃઢ નિર્ધાર કરી રાખ્યો હોય છે કે, 'આ દેહે કરીને જરૂર ભગવાનના ધામમાં ભગવાનને સમીપ નિવાસ કરવો છે. પણ વચ્ચે ક્યાંય લોભાવું નથી.' આ તો શૂરવીર ભક્તોની વાત કહી. હવે કાયર ભક્તની વાત કહું છું જે, જે દેહાભિમાની ભક્ત છે તે તો કાયરને ઠેકાણે છે. તેના મનમાં ભગવાનને ભજવા બાબતમાં હજારો હજાર અપાર ઘાટ થતા રહે છે. ૧૮-૨૨. જેમ કે, જો કરડા વ્રતમાન થશે તો નભાશે નહિ અને જો સુગમ વ્રતમાન હશે તો માંડ માંડ નભાશે; તેવા ઘાટ કરે છે. ૨૩.

અને વળી તે એવો પણ વિચાર કરે છે કે, 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખી રહેવાય. અને જો નભાશે તો હળવે હળવે સત્સંગમાં નભીશું.' એવા ઉપાય રાત-દિવસ શોધ્યા કરે છે. આવો જે ભક્ત છે તે કાયરને ઠેકાણે જાણવો. હવે ફરીને શૂરવીર ભક્તની વાત જેવી છે તેવી કહું છું. **જે ભગવાનનો શૂરવીર દૃઢ ભક્ત છે તે પિંડ તથા બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ક્યારેય કરતો નથી."**

❋ શાંતિનો સર્વ શ્રેષ્ઠ ઉપાય, અકર્તા બની જાવો :

પછી શ્રીજીમહારાજ પોતાના વૃત્તાંતની વાત કરવા લાગ્યા, "અમે અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગયા ત્યારે ત્યાં હજારો માણસનો અપાર મેળો ભરાયો હતો કે, જેનો ગણવાથી પણ પાર આવે નહિ. પછી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરાવી. ૨૪-૩૦. અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાશી જમી રહ્યા, પછી અમે તૈયાર થઈને ચાલ્યા તે જેતલપુરમાં આવીને રાત રહ્યા. ૩૧. ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો કે, તે વખતે જેટલા મનુષ્ય દેખ્યા છે અને જેટલી પ્રવૃત્તિ દેખી છે તે બધાને ટાળી નાંખવી. ૩૨. પછી તો તેને વિસાર્યાને અર્થે હૃદયમાં ઘણું દુઃખ થયું. તેણે કરીને શરીરથી એવા માંદા થઈ ગયા કે, શરીરની કાંઈ સૂધ રહી નહિ. ૩૩. પછી ત્યાંથી ધોળકા જઈને રાત રહ્યા. જ્યારે ધોળકાથી ચાલ્યા ત્યારે તેના તે જ વિચારમાં કોઠ ગામની પાસે ગણેશ ધોળકામાં નિવાસ કર્યો. ત્યાં રાણ્યોના વૃક્ષોનું વન હતું. તેમાં રાત રહેવાનું રાખ્યું. ૩૪-૩૫.

ત્યાં એવો વિચાર કરવા લાગ્યા કે દેહની સ્મૃતિ પણ રહી નહિ. પછી વિચારતાં વિચારતાં જ્યારે જે કાંઈ પ્રવૃત્તિ દેખી હતી તેને વિસારી દીધી. પછી અમે કાંકરિયા સરોવરે ઊતર્યા પહેલા અને મેળો થયા પહેલા જેમ કોઈ જાતનો ઘાટ ન હતો તેમ જ બધા ઘાટ ટળી ગયા. ૩૬-૩૮. જ્યારે લૌકિક ઘાટ જે હતા તે મટી ગયા ત્યારે અંતર્દષ્ટિ રહેવા લાગી. પછી જે અલૌકિક આશ્ચર્ય રહ્યું છે તે બધું અમને દેખાવા લાગ્યું. ૩૯-૪૦. અને દેવતા સંબંધી જે ભોગ તે પણ બધા દેખાવા લાગ્યા. તથા અનંત પ્રકારના વિમાનો અને અનંત અપ્સરાઓ, અનંત પ્રકારનાં વસ્ત્ર અને અપાર અલંકારો જેમ આ મર્ત્યલોકમાં દેખાય છે તેમ અમારા અંતરમાં દેખાવા લાગ્યા. પરંતુ અમારા અંતરમાં એક ભગવાન સિવાય બીજું કાંઈ ગમ્યું નહિ. ૪૧-૪૩.

અને જેમ આ લોકના પંચવિષય અમને તુચ્છ દેખાયા તે જ રીતે દેવલોકથી બ્રહ્મલોક પર્યંતના તમામ વિષયો પણ અમને તુચ્છ દેખાયા. ૪૪. તે જોઈને બધા દેવતાઓ વારંવાર અમારાં વખાણ કરવાં લાગ્યાં. અને અમારી આગળ ઘણો વિનય પ્રગટ કર્યો કે, **"તમે તો ભગવાનના ખરા એકાંતિક ભક્ત છો. કેમ જે, તમારું મન ભગવાનને છોડીને કોઈ ઠેકાણે લોભાતું નથી, એવું અમને દેખાયું છે. અમે તો આપને ઈશ્વર દેખ્યા છે."** દેવતાઓના આવાં વચન સાંભળીને અમારા હૈયામાં ઘણી હિંમત આવી. પછી અમે અમારા મનને કહ્યું કે, તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. ૪૫-૪૮.

दोहा : भगवान बिन जो दुजेहि, पदार्थ रहेऊ जाहि;
घाट हि घडे जो तिनके, तब भुके कर हि ताहि...४९
बुद्धि कु कहे तिस विध, भगवान बिन हि जेहु;
निश्चे करे कोउ बातके, तब तेरी बात तेहु...५०

सोरठा : चित्त कु तिस जो रीत, कहे भगवान बिन जोउ;
दुजे चितवन करीत, भुके तेरे हि कर हि तब...५१

જો ભગવાન સિવાય બીજા પદાર્થનો ઘાટ ઘડીશ તો તારા ભુક્કા કરી નાખીશ. ૪૯. બુદ્ધિને પણ તે રીતે જ કહ્યું કે, ભગવાન વિના બીજો

કોઈ નિશ્ચય કરીશ તો તારી વાત છે. ૫૦. તે જ રીતે ચિત્તને કહ્યું કે, જો તું ભગવાન સિવાય બીજું કાંઈ ચિંતવીશ તો તારા ભુક્કા કરી નાખીશ. ૫૧. તેમ જ અહંકારને કહ્યું કે, જો તું ભગવાનના દાસપણા સિવાય અન્ય અભિમાન કરીશ તો તારો નાશ કરી નાખીશ. તેમાં તલભાર પણ ફરક નહિ પડે. પછી તો જે રીતે અમને આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ રહેતી હતી તે રીતે જ દેવલોક સુધીના અને બ્રહ્મલોક સુધીના પદાર્થોની અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. ૫૨-૫૪. અને **જ્યારે બધા સંકલ્પ ટળી ગયા ત્યારે જે સંકલ્પનો મંદવાડ હતો તે પણ બધો મટી ગયો. આ રીતે ભગવાનના જે ભક્ત હોય તેણે તત્પર થઈને વર્તવું."** એમ શ્રીજીમહારાજે પોતાનું વૃત્તાંત લઈને અનુપમ વાત ભક્તજનોના કલ્યાણને માટે કહી. પણ પોતે તો સાક્ષાત્ પરમેશ્વર શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ પ્રગટ થયા છે.

❋ જેવો શ્રીહરિનો પ્રતાપ તેવો જ સંતનો પ્રતાપ :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા કે, "શ્રીવાસુદેવમાહાત્મ્યને વિષે ભગવાનના એકાંતિક ભક્તના ધર્મ કહ્યા છે તે કહું છું. જે એકાંતિક ભક્ત હોય તે ક્યારેય પોતાનું રૂપ દેહને માને નહિ. પણ પોતાને પરમ અનુપમ ચૈતન્ય રૂપ જ માને. ૫૫-૬૦.

दोहा : स्वधर्म ज्ञान वैराग्य जुत, भगवान ताकी जेहु;
भक्ति करे अति भावकर, भगवान बिन हि तेहु...६१
दूजे कोउ पदार्थ की जो, इच्छा रखे न ताहि;
भगवानकु जब भजीके, एसी रित्य के जाहि...६२
सोरटा : साधु जो भयेउ जब, साधु से कोउ अधिक कर;
पदवी रहे नहि तब, सब पर पदवि अधिक हि यह...६३

પછી સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યેયુક્ત ભગવાનની ભક્તિ અતિશય ભાવથી કરે. ભગવાન સિવાયના બીજા પદાર્થની ઇચ્છા રાખે નહિ. અને વળી, એ જ્યારે ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુથી અધિક બીજી કોઈ પદવી નથી. સાધુની પદવી બધી પદવીઓથી અધિક છે. ૬૧-૬૩. જેમ રાજા અને રાણી હોય તેમાં જેટલામાં રાજાનું રાજ્ય હોય

તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય. રાજાનો જેવો હુકમ ચાલે તે રીતે રાણીનો પણ હુકમ ચાલે. તેવી જ સાધુની રીત કહી છે. અર્થાત્ જેટલો ભગવાનનો પ્રતાપ છે તેટલો જ ભગવાનના સાધુનો પ્રતાપ કહેવાય છે. તે ઉપરના દૃષ્ટાંતે કરીને દેખાય છે. ૬૪-૬૬. **માટે તુચ્છ એવાં સંસારનાં સુખને સાધુએ ક્યારેય ઈચ્છવાં નહિ. કારણ કે સાધુની અતિશય મોટાઈ છે. ૬૭.**

જ્યારે સાધુ ભગવાનના ધામમાં જાય છે ત્યારે અનંત કોટિ બ્રહ્માંડના બ્રહ્માદિક ઈશ્વરો પણ ભગવાનને માટે બહુ પ્રકારની અપાર ભેટ સામગ્રીઓને જે રીતે ભાવથી લાવે છે તે રીતે સાધુને માટે પણ તે દેવતાઓ અપાર સામગ્રી લાવે છે. પણ સાધુ તેને લગારેય ઈચ્છતા નથી. ભગવાનના પ્રતાપને લીધે સાધુ અલૌકિક ઐશ્વર્ય અને અપાર સામર્થ્યને પામે છે. આવો મોટો વિચાર કરીને ભગવાન સિવાય બીજા કોઈ પદાર્થને સાધુએ ઈચ્છવા નહિ. ૬૮-૭૧. જેમ હાથમાં ચિંતામણિ આવ્યો હોય તો તે ચિંતામણિને જતન કરીને સાચવી રાખવો જોઈએ. ૭૨. જેના હાથમાં ચોક્કસપણે કરીને ચિંતામણિ રહ્યો હોય તો તે જે જે પદાર્થને ઈચ્છે છે તેને તે જ વખતે આપે છે. ૭૩.

सोरठा : तिमि भगवान जो ताके, भक्त ताकू भगवान की;
मूर्तिरूपी हि वाके, चिंतामनि पकडी रखना...७४
पण न छोडना ताहि, जो जो बात ताकि तेहि;
सिद्धि हि होवहि वाहि, निश्चे रहेउ बात यह...७५

તેમ ભગવાનના ભક્તે ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિને પકડી રાખવી, પણ તેને છોડવી નહિ. તો તે જે જે વાતને ઈચ્છશે તે તે બધી નિશ્ચિત સિદ્ધ થશે; આ વાત ચોક્કસ આમ જ છે. ૭૪-૭૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાવીશમું વચનામૃત કહ્યું" એ નામે એકસો ત્રણમો તરંગ સમાપ્ત ॥૧૦૩॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૪

દીવબંદરમાં રહેલો ઠગ શ્રીહરિએ મોકલેલા સંતોને આવ્યા જાણી ભાગી ગયો

શ્રીહરિએ ગઢપુરમાં રામનવમીનો ઉત્સવ કર્યો. આ નવમીની તિથિ શ્રીહરિની જન્મતિથિ છે એટલે બધી તિથિઓથી અધિક છે. ૧. જ્યારે મધ્યાહ્ન થયો ત્યારે રામચંદ્રજી ભગવાનના જન્મનો ઉત્સવ વિધિએ સહિત જેમ કરવો ઘટે તેમ કર્યો. જ્યારે રાત દસ ઘડી વીતી ત્યારે શ્રીહરિના જન્મનો ઉત્સવ ઝાંઝ, મૃદંગ વગેરે વાજિંત્ર વગાડીને કર્યો. ૨-૩. ઉત્સવનો દિવસ જાણીને કેટલાક હરિભક્તો આવ્યા હતા અને તેમના હૃદયમાં ઘણો પ્રેમ છવાઈ ગયો હતો એટલે તેઓ પણ કીર્તન ગાતાં હતાં. ૪. જ્યારે રામનવમીનો ઉત્સવ થઈ રહ્યો પછી શ્રીહરિએ પૂર્ણાનંદસ્વામી અને કૃપાનંદસ્વામી, બંને મુનિના બે મંડળ હતા. તેમને વાળાંક દેશમાં મોકલ્યા.

તે દિવસોમાં દીવબંદરમાં પ્રેમબાઈ આદિ હરિભક્તોને ઠગવા માટે (રાજુલા ગામનો મૂળો રાજગર કરીને) એક ઠગ આવ્યો હતો. ૫-૬. તેણે હરિભક્તોને કહ્યું કે, 'હું ભગવાન નરનો અવતાર છું.' હરિભક્તોએ તેની વાતને સાચી માની અને તેમને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. ૭. રોજ થાળ કરીને તેને જમાડતા અને હિંડોળે બેસાડીને ઝુલાવતા હતા. તે ઠગ હરિભક્તોના ઘરમાં પંદર દિવસ સુધી રહ્યો. ૮. તે દીવબંદરમાં બ્રહ્મચારી, સંન્યાસી, પરમહંસ, વેરાગી, ગોસાઈ, યતિ, ઢૂંઢિયા, ફકીર, ફરતા રામ, કાનફટા, ભરથરી, અપાર નાનકપંથી, કંકાળી, મૂંડા, નઠારા અને હિજડા આવી રીતના જેટલાં નામ ધરાવતાં હતાં તે બધા કેટલાય ભેખધારી રહેતા હતા. ચારેબાજુ સાગર હતો અને સાગરની વચ્ચે તે બેટ હતો. ૯-૧૧. તે બેટમાં આ દીવબંદર નામનું ગામ હતું. વચ્ચે ખાડી હતી. તેથી તે ગામમાં આવવા-જવાનું હોય તો નાવમાં બેસીને લોકો જતા-આવતા હતા. ૧૨.

આ દીવબંદર ફિરંગીનું હતું. તેની રજા સિવાય આ ગામમાં જતા-આવતા કોઈ પણ માણસથી પ્રવેશી કે નીકળી શકાતું નહિ. ૧૩. આવા

પુરમાં એક વેપારી ઠગ વેપારને બહાને નિધડક થઈને પેસી ગયો. ૧૪. દીવબંદરમાં આપણા કોઈ સંતોનો પ્રવેશ થયો ન હતો. હરિભક્તો ત્યાં હતા તે ઠગને ઓળખતા નહિ. ૧૫. ઠગે કહ્યું કે, 'હું નારાયણનો ભાઈ નર છું. નારાયણની આજ્ઞાથી અત્યારે તમારે ઘેર આવ્યો છું.' ૧૬. મોટા મોટા સંતો અને મોટા મોટા હરિભક્તોનાં નામ તેને આવડતાં હતાં. સંતના વ્રતમાનની રીતને પણ તે ઠગે સાક્ષાત્ શીખી રાખી હતી. ૧૭. સાંખ્યયોગી બાઈઓના વ્રતમાનને પણ શીખી રાખ્યા હતા. તે એમ કહેતો કે, 'જેટલી સાંખ્યયોગી બાઈઓ છે તે અમારી સેવા કરે છે. ૧૮. અમારા જે સંતો છે તેના મુખની વાતને બાઈઓ સાંભળતી નથી. કારણ કે, અમે બાઈઓ અને સંતોને જુદા કરીને રાખ્યા છે. ૧૯. જેટલા મત કહેવાય છે તે બધાને વર્તનથી દબાવી દીધા છે. સંતોને માટે ધન અને નારી, એ બે મોટા બંધન છે. ૨૦. તે બંધનમાં જે બંધાઈ જાય તે સંત કહેવાય નહિ. જેટલા તેવા દેખાય છે તે બધા પેટ ભરવા માટે સંતોનો વેષ ધારી રહેલા ગણાય છે.' ૨૧. ઠગ આવી વાત કરતો હતો તેથી હરિભક્તો તેને માનવા લાગ્યા અને ઘણા ભાવથી તેની સેવા કરવા લાગ્યા એટલે ઠગને તો આ ઘણું ફાવી ગયું. ૨૨.

ગઢપુરમાં શ્રીહરિની આગળ એક હરિભક્તે આ વાત જાહેર કરી અને કહ્યું કે, 'તે રાજુલા ગામનો મૂળો રાજગર છે.' ૨૩. પછી શ્રીહરિએ પૂર્ણાનંદસ્વામી અને કૃપાનંદસ્વામીના નામે એક કાગળ લખ્યો. તેમાં લખ્યું કે, "તમે બંને મોટેરા સંત છો. ૨૪. તમારે બંનેએ સંતોના મંડળને લઈને દીવબંદરના હરિભક્તોની રક્ષા કરવા માટે જાવું. ૨૫. હરિભક્તને ઠગવા માટે એક ઠગ ગયો છે. તમે જશો ત્યારે તમને દેખીને ઠગ ત્યાં ઊભો નહિ રહે." ૨૬. આમ કાગળ લખ્યો અને તે મૂળજી(લીમડીવાળા)ને આપ્યો. તેણે જ્યાં સંતો હતા ત્યાં જઈને તે પત્ર સંતોને આપ્યો. ૨૭. પત્ર વાંચીને સંતો તત્કાળ ચાલતા થયા. જ્યાં ઊના ગામ છે ત્યાં સંતો આવ્યા. ૨૮. ઊના ગામના હંસરાજભાઈ નામે શેઠ હતા. સંતોએ તેને સાથે લીધા અને ઉમંગભેર ઘોઘલા ગામ આવ્યા. ૨૯. તે ઘોઘલા શહેર સમુદ્રને ઉત્તર કાંઠે છે અને તે પહેલેથી ફિરંગીઓના કબજામાં રહેલું છે. ૩૦.

સંતોને ઘોઘલા ગામમાં રાખીને હંસરાજભાઈ દીવમાં હરિભાઈ નામના વાળંદની પાસે ગયા. અને તે હરિભાઈને સાથે લીધા. ૩૧. હરિભાઈના વચનને ફિરંગી ક્યારેય ઉલ્લંઘતા નહિ. કારણ કે તે ફિરંગીઓ ખુશી થાય તે રીતે તેની હજામત કરતા હતા. ૩૨. ફિરંગી સદા સંભારતા રહે તેવી સારી હજામત હરિભાઈ કરતા. જેટલી વખત તે ગઢપુરમાં આવતા તેટલીવાર તેમણે શ્રીહરિની પણ હજામત કરી હતી. ૩૩. જ્યારે શ્રીહરિની હજામત કરતા ત્યારે શ્રીહરિ તેની ઘણી પ્રશંસા કરતા. આવા તે હરિભાઈએ ફિરંગી અધિકારીને જઈને કહ્યું, 'અમારા જે સંતો છે તે અત્યારે ઘોઘલા ગામમાં આવ્યા છે અને અમારે તેને દીવમાં લાવવા છે. તેથી અમે તમને તે જાહેર-જાણ કરવા આવ્યા છીએ. તરત જ તે અધિકારીએ તેમને આવવા માટે રજા અપાવી. ૩૪-૩૫. જેટલા સંતો હતા તેમનાં નામ લખી લીધા. પછી જેનાં નામ મંજૂર થયા હતા તે બધા સંતો નાવમાં બેસીને આવ્યા. ૩૬.

સંતો જ્યારે દીવમાં આવ્યા ત્યારે સંતોને આવેલા જાણીને જે ઠગ હતો તે તરત જ ત્યાંથી ચાલી નીકળ્યો. પાણી પીવા પણ રોકાયો નહિ. ૩૭. તે જઈને મુંબઈના વહાણમાં બેસી ગયો. પછી તેને પકડવા કોણ જાય ? પછી સંતોએ હરિભક્તોની આગળ વાત કરી. ૩૮. અમે જો ન આવ્યા હોત તો આ ઠગ અહીંથી જાત નહિ. જે બાઈઓ રહી છે તેમના કોઈકના ધર્મને આ ઠગ ચુકાવી દેત. ૩૯. જે હરિભક્ત બાઈઓ હતી તે સત્સંગ કરતી હતી અને તે પૂર્ણ પ્રેમવાળી હતી. પણ હરિભક્ત પુરુષો ઉપર અધિક પ્રેમ કરતી નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "દીવબંદરમાં રહેલો ઠગ શ્રીહરિએ મોકલેલા સંતોને આવ્યા જાણી ભાગી ગયો" એ નામે એકસો ચારમો તરંગ સમાપ્ત ॥૧૦૪॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૫

દીવમાં સંતોએ અંતઃશત્રુ અને પંચવિષયને જીતવા માટેની વાતો કરી

સંતો જેટલા દિવસ દિવમાં રહ્યા તેટલા દિવસ સત્સંગની બધી પ્રથા જેમ હતી તેમ વાતો કરીને સમજાવી. ૧. સંતો રોજ હરિભક્ત પુરુષોની આગળ વાત કરતા કે, "જે પુરુષો હોય તેમણે સ્ત્રીઓના મુખથી કોઈ ભગવદ્‌વાર્તા સાંભળવી નહિ. ૨. અને જે સ્ત્રીઓ છે તે ક્યારેય પુરુષના મુખથી વાત સાંભળે નહિ તો જ નિષ્કામધર્મ દૃઢ રહે છે. ૩. જે સ્થળમાં સ્ત્રી અને પુરુષ એકાકાર થઈને રહેતા હોય ત્યાં નિષ્કામધર્મનો ભંગ થયા સિવાય રહે નહિ. ૪. બ્રહ્મા સમાન કોઈ દેવ કહેવાય નહીં. તે તો જગતના ઈશ્વર છે. છતાં પણ તેણે જો પુત્રીના રૂપને દેખ્યું તો તેના અંતરમાં કામે પ્રવેશ કર્યો અને બ્રહ્માને પણ ધીરજ રહી નહિ. પછી તેને કોઈની લાજ મર્યાદા આવી નહિ. વેદમાં જેટલી મર્યાદા કહેવાય છે તે બધી પ્રથમ પોતે જ બાંધી હતી. ૫-૬. માતા, પિતા, પુત્રી, તેની વિગત પણ પોતે જ કરી હતી. અને વર્ણાશ્રમના ધર્મની જેટલી રીત છે તે પણ પહેલા બ્રહ્માએ પોતે જ બાંધી હતી. ૭.

❋ જે નિયમ-ધર્મમાં ચાલે છે તે સુખી રહે છે :

चोपाई :

एसे करना एसे न करना, जोई जोई यह बचन चलना;
याके नाम हि वेद कहाते, वेद के शिर नहि छोगे रहाते...०८
भगवान के बचन रहे जेता, वेद यह रहायेउ तेता;
नीति काईदे यह वेद कहावा, तामें चलत सो सुखि रहावा...०९

આમ કરવું અને આમ ન કરવું, આવું વચન જોઈ જોઈને ચાલવું, તેનું જ નામ વેદ કહેવાય છે. વેદને માથે કાંઈ છોગું(ઉપરી) હોતું નથી. ૮. ભગવાનનાં જેટલાં વચન છે તે બધાં વેદ કહેવાય છે. જે બધા નીતિનિયમો છે તે પણ વેદ કહેવાય છે. તેથી તે પ્રમાણે જે ચાલે છે તે સુખી રહે છે. ૯. બ્રહ્મા આવું બધું જાણતા હતા, પણ કામના આવેગ આગળ બુદ્ધિ-સમજણ ટકી નહિ. અને જ્યારે બુદ્ધિ જાય છે ત્યારે વિવેક કોઈને રોકી શકતો નથી. ૧૦. ગમે તેવા કાંઈ સમર્થ હોય, પણ જ્યારે તેના અંતરમાં કામ પ્રવેશ કરે છે ત્યારે તે

પશુ જેવા થઈ જાય છે. અર્થાત્ તેનો બધો વિવેક નાશ પામી જાય છે. ૧૧. કામે આવીને પહેલા બ્રહ્માની લાજ લીધી. તે બાબત જાહેર થઈ. પછી ઈન્દ્ર, ચંદ્ર, ઋષ્યશૃંગ, પરાશર અને સૌભરિની પણ લાજ લીધી. નારદ તથા પર્વત, તે બંનેની પણ કામે ફજેતી કરી. જ્યારે તેમણે સ્ત્રીના રૂપને દેખ્યું ત્યારે તેનું ચિત્ત વિહ્વળ થઈ ગયું. ૧૨-૧૩. તે જ રીતે પુરુષને દેખીને જે કોઈ નારી કહેવાતી હોય તે સર્વેનું ચિત્ત વિહ્વળ થઈ જાય છે, તે વાત નક્કી છે. ૧૪.

આ બધી વિપરીત બાબતો તો વિપરીત યોગે કરીને જ થાય છે. અયોગ્ય યોગ વિના કોઈ દિવસ આવી વિપરીત વાત બનતી નથી. ૧૫. એટલે જ જેટલી અઘટિત વાતો છે તે શાસ્ત્ર અને લોકમાં વર્જ્ય કહેલી છે. તેથી શ્રીહરિ સંતો અને હરિભક્તોની પાસે તે અઘટિત બાબતોનો ત્યાગ કરાવે છે. ૧૬. કોઈ પણ પ્રકારની કેફી વસ્તુને માણસ પીવે અથવા ખાય તો તેનો કેફ ચઢે છે. અને કેટલીક વસ્તુને તો સાંભળે અથવા દેખે તોપણ તેનો તરત જ કેફ ચઢે છે. ૧૭. પ્રિય કે અપ્રિય જેવા શબ્દો હોય તેવા જ તેમાં ગુણો રહ્યા હોય છે. તે શબ્દોને કાનથી જો સાંભળે તો તરત તેનું તેવું અંતર થઈ જાય છે. ૧૮.

શબ્દની જેવા જ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ પણ હોય છે. માટે પાંચેય વિષય જેવા હોય તેવા તેમાં પ્રિય અને અપ્રિય ગુણ રહ્યા છે. ૧૯. જેટલા પ્રિય કે અપ્રિય સ્પર્શના ગુણ છે તે ત્વચા દ્વારાએ ગ્રહણ થાય છે, ત્વચા સિવાય ગ્રહણ થતા નથી. ૨૦. પ્રિય અને અપ્રિય એવા રૂપમાં જે ગુણ રહ્યા છે તે બધાં નેત્ર દ્વારાએ ગ્રહણ કરાય છે. નેત્ર વિના તે જણાતા નથી. ૨૧. પ્રિય અને અપ્રિય એવો જે રસ, તેના જે ગુણ છે તે રસના ઈન્દ્રિય દ્વારાએ ગ્રહણ થાય છે. રસના ઈન્દ્રિય સિવાય ગ્રહણ થતા નથી. ૨૨. પ્રિય અને અપ્રિય એવા ગંધના જે ગુણ છે તે નાસિકા દ્વારાએ જાણી શકાય છે. નાસિકા સિવાય બીજું કોઈ ગંધનું માધ્યમ નથી. ૨૩. પાંચેય વિષયના પાંચ દ્વાર કહ્યા. અને તે બધાનું નિર્ધારિત મુખ્ય દ્વાર અંતઃકરણ છે. જીવ જેવા પંચવિષયનો આહાર કરે છે તેમાં તેવા ગુણ તરત પ્રવર્તે છે. ૨૪. ભવ, બ્રહ્માદિક દેવતાઓએ પણ જેવો પંચવિષયનો આહાર કર્યો

તેવા તેમાં ગુણો અવશ્ય દેખાયા છે. ૨૫. જેટલા માણસ પોતે દેખી-સમજી નથી શકતા તે તેટલા દુઃખી થાય છે. **પરંતુ જો તેઓ જે દેખે-સમજે છે તે કહે તેમ કરે છે તો તે સુખી થાય છે. માટે મનુષ્યે સમજુ સત્પુરુષ કહે તેમ કરવું જોઈએ. ૨૬.**

જેને પોતાને ઘેર ભલે રાજ્ય ન હોય, પણ જો તે રાજાની મરજી પ્રમાણે ચાલે તો તે રાજાના જેવું સુખ ભોગવે છે તે દેખાય છે. ૨૭. સમુદ્ર તરી શકાય એવો નથી, પણ જો કોઈને સમુદ્ર તરવો જ હોય તો તે જો વહાણમાં બેસે તો ધારે તેટલો સમુદ્ર તરત તરી શકે છે. ૨૮. તે રીતે દરેક બાબતનું કોઈ ને કોઈ એક એક દ્વાર તો હોય જ છે. તેને દ્વાર, ઉપાય કે માર્ગ કહી શકાય છે. જ્યાં જેવો પ્રસંગ હોય ત્યાં તેવો અર્થ લેવાય છે. ૨૯. સાત સાગર છે. તેનું એક એકથી બમણું માપ છે. કેટલીક બાબત એવી છે કે તેનું અમુક માપ કાઢી શકાય છે. ૩૦. પણ કેટલીક બાબત એવી હોય છે કે તેનું માપ કાઢી શકાતું નથી. અરે ! ક્યાંક તો અનુમાન પણ ચાલતું નથી. બુદ્ધિ અને વિદ્યાઓ જેટલી જાતની છે તેનું કોઈ ચોક્કસ માપ કરી શકાતું નથી. ૩૧. તૃષ્ણા તથા કામના કાંઈ એક પ્રકારની જ હોતી નથી. કેમ જે, તેનો તો અંત કાંઈ જ દેખાતો નથી. એકવીશ લાખ જેટલી ઉદ્‌ભિજ્જ જાતિઓનાં શરીર ભાત ભાતનાં છે. ૩૨.

એકવીશ લાખ જાતનાં જરાયુજનાં શરીર અલગ અલગ પ્રકારનાં છે. એકવીશ લાખ પ્રકારનાં અંડજ શરીર ભિન્ન ભિન્ન છે. અને એકવીશ લાખ જાતનાં સ્વેદજ શરીર પણ જુદાં જુદાં છે. આ ચોરાશી લાખ જાતનાં જે શરીર કહ્યા તેને જીવ વારંવાર ધારતો રહે છે. ૩૩-૩૪. અને તે ચોરાશી લાખ જાતનાં શરીરોમાં જેવાં સુખ-દુઃખ હોય તેને જીવ પામતો રહે છે.” આ રીતે પૂર્ણાનંદસ્વામી દીવબંદરમાં વાત કરતા હતા અને કૃપાનંદસ્વામી તે વાતને સત્યરૂપમાં પ્રમાણિત કરતા હતા. ૩૫.

❋ જે માણસ જેવું કર્મ કરે તેવું તેને ફળ ભોગવવું પડે છે :

मनुष्य तन पाई जन जेसा, करत रहाये कर्म कु तेसा;
फल पावत रहे तेसे ताई, यामें नहीं फरक रहाई...३६

આ જીવ મનુષ્યશરીરને પામીને જેવાં કર્મ કરતો રહે છે તેવું ફળ તેને મળે છે. તેમાં કોઈ ફરક પડતો નથી. ૩૬.

સાત્ત્વિક, રાજસ અને તામસ, આવા ત્રણ પ્રકારનાં કર્મ હોય છે. તે જેવાં કર્મ હોય છે તેવું તેને સુખ-દુઃખ ભર્યું વિવિધ પ્રકારનું ફળ મળે છે. ૩૭. **જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી સંસાર સાગરમાં વારંવાર દુઃખ પામતો રહે છે. અને મનુષ્ય જ્યારે સત્સંગ કરવા લાગે છે ત્યારે તે જ વખતે સંસારસાગરને તરી જાય છે. ૩૮-૩૯.** આવો સત્સંગ કરીને ઠગ માણસને ઓળખી લેવા. જે હરિભક્ત થયા છે તેનું હિત કરવા માટે અમે આ બધી વાતો કહીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "દીવમાં સંતોએ અંતઃશત્રુ અને પંચવિષયને જીતવા માટેની વાતો કરી" એ નામે એકસો પાંચમો તરંગ સમાપ્ત ॥૧૦૫॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૬

પૂર્ણાનંદમુનિ ને કૃપાનંદમુનિ દીવમાં સત્સંગીને રાજી કરીને ઊના આવ્યા

કદાચ ભગવાન પોતે આવીને કહે કે, 'હું ભગવાન છું' તોપણ તેને યથાર્થ ઓળખ્યા સિવાય કોઈ બુદ્ધિમાન મનુષ્ય માની લેતો નથી. ૧. પૂર્ણાનંદસ્વામી રોજ હરિભક્તોની આગળ શ્રીહરિએ કહેલી આવી બધી વાતો સાક્ષાત્ કહેતા હતા. ૨. "ચાહે તેવા સાધુ હોય કે ચાહે તેવાં હરિભક્ત બાઈ-ભાઈ હોય પણ વિષમ દેશકાળને લીધે જો વિમુખ થઈ ગયા હોય તો તેઓ જ્યાં સુધી સત્સંગથી વિમુખ વર્તન રાખે છે ત્યાં સુધી ક્યારેય તેને અંતરમાં સુખ રહેતું નથી. ૩-૪. પરંતુ જો જે દોષને લીધે પોતે વિમુખ થયા હોય તે દોષ ઉપર જેટલી જગજાહેર વૈરબુદ્ધિથી વર્તતો રહે છે અને ભગવાન તથા સંત-હરિભક્તોના ગુણ ગાતો રહે છે, તેણે કરીને તેમાં જેટલા કાંઈ દોષ હોય તે બધા નાશ થઈ જાય છે. ૫-૬.

જ્યારે તેના બધા દોષ નષ્ટ થઈ જાય છે ત્યારે ભગવાન અને સંત તેના ઉપર દયા કરે છે અને તેના બધા દોષ માફ કરે છે. ૭. આ સત્સંગથી વિમુખ થવાનું કે સન્મુખ રહેવાનું કારણ તો પોતાનો સ્વભાવ જ હોય છે. જ્યાં સુધી આવું સમજતો રહે છે ત્યાં સુધી તે વિમુખ થાતો નથી. ૮.

चोपाई :

आपमें दोष रहेउ जेसा, जिहाँ लगहि जो न देखत तेसा;
चाय तेसे सत्संग में तेही, बडता पावत रहेउ एही...०९
अंत्ये विमुख होत हि जरूरा, सबकु देखावत तेहि करूरा;
संत हरिजन से मन भये जुदा, ताकु देखी नहीं होवत मूदा...१०

જ્યાં સુધી પોતામાં રહેલા દોષોને જેવા છે તેવા જ દેખતો નથી ત્યાં સુધી તે સત્સંગમાં ગમે તેટલી મોટપને પામ્યો હોય, તોપણ અંતે જાતા જરૂર વિમુખ થઈ જાય છે. પછી સહુને તે ક્રૂર દેખાય છે. સંતો તથા હરિભક્તોથી જેનું મન જુંદુ પડી ગયું હોય અને સંતો-ભક્તોને દેખીને આનંદ થતો ન હોય તો તે મનુષ્ય સત્સંગમાં રહ્યા હોય તોપણ ન રહ્યા હોય એમ રહે છે. તેના ઉપર સર્વે સંતો અને હરિભક્તો પ્રસન્ન રહેતા નથી. ૯-૧૧. પછી તે સંતો અને હરિભક્તોનો અભાવ લઈને વિમુખ થઈ જાય છે. પછી તે જ્યાં સુધી મન જુંદું રાખે છે ત્યાં સુધી તે આવા સત્સંગમાં ફરીવાર આવતા નથી. ૧૨.

જે મનુષ્ય જ્યાં સુધી સંતો અને હરિભક્તોથી મન જુદું રાખે છે ત્યાં સુધી તેને ક્યારેય સત્સંગનું સુખ આવતું નથી." ૧૩. આવી સંતોની વાત સાંભળીને દીવના હરિભક્તોએ સંતોની આગળ હાથ જોડીને કહ્યું કે, "અમારો સત્સંગ તો સંતોના યોગથી રહ્યો છે. તે સંતોનો વિયોગ થયા પછી તો જેવો જેનો યોગ રહે તેવી અમારી બુદ્ધિ થઈ જાય છે. ૧૪-૧૫. અમારા આ દીવ ગામમાં સંતોનું આવવું ઘણું કઠણ છે. શ્રીહરિની ઈચ્છાથી જ તમે આ ગામમાં આવ્યા છો. ૧૬. સંતોના યોગથી હરિભક્તોનો સત્સંગ જેવો વધે છે તેવો હરિભક્તોના યોગથી હરિભક્તનો સત્સંગ વૃદ્ધિ પામતો નથી. ૧૭.

एक एक की मोटप तिनकू, सहन नहीं कर सकत हि इनकू;
मोटप कु सहन करे जेता, बडे हरिजन रहाये तेता...१८

કારણ કે, હરિભક્તો પરસ્પર એકબીજાની મોટપ સહન કરી શકતા નથી. એકબીજાની મોટપ જે જેટલી સહન કરી શકે છે તેટલા તે મોટા હરિભક્ત છે. ૧૮.

સત્સંગની આ રીત રહી છે. તે રીતનો જેટલો ત્યાગ કરવામાં આવે છે (એટલો તે દુઃખી થાય છે). સત્સંગની રીતના ત્યાગ કરનારાને સત્સંગની જેટલી વાતો છે તે તોપના ગોળા જેવી છાતીમાં વાગે છે. માટે જે હરિભક્ત જેટલો સત્સંગની રીત ઉપર ચાલે છે એટલો જ તે હરિભક્ત છે. ૧૯-૨૦. અને તેને સત્સંગની જેટલી વાતો છે તે તો અમૃત કરતાં પણ વધારે રુચિકર લાગે છે. જ્યાં સુધી સંતો અને હરિભક્તોને જે પોતાના કરતાં અધિક માને છે ત્યાં સુધી તેનો સત્સંગ વૃદ્ધિ પામતો રહે છે. પણ તે ક્યારેય ઘટી જતો નથી. પણ જ્યારે પોતાના મનમાં સંત અને હરિભક્તોના તરફ તુચ્છ મતિ પ્રગટ થાય છે ત્યારે પોતાની તુચ્છ મતિ થઈ હોવાથી તે જીવ સંતો અને હરિભક્તોનો દ્રોહ કરે છે. પછી જે સંતો-ભક્તો રાત-દિવસ ભજન કરતા હોય તેનું પણ તે ચાહે તેવું અવળું બોલે છે. ૧૯-૨૩.

મનુષ્યની બુદ્ધિમાં આવી જે કાંઈ વિપરીત બાબત પડી હોય તેને સંતો દેખાડી દે છે. છતાં પણ જે મનુષ્ય જ્યાં સુધી વિપરીત બુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. ૨૪. **માણસમાં જે વિપરીત બુદ્ધિ હોય છે તે સંતોની વાતો સાંભળીને દેખાઈ આવે છે. સંતોની વાત સાંભળ્યા સિવાય ક્યારેય તે દેખાતી નથી. ૨૫. માણસ સંતની વાતને નિષ્કપટ ભાવથી જેટલી સાંભળે છે તેટલી તેના સત્સંગમાં વધારે સારી અસર કરે છે. ૨૬.**

નિષ્કપટ ભાવ થયા સિવાય સંતની ઘણી ઉત્તમ વાત હોય, તોપણ તે ભાવ વિના ક્યારેય સારી અસર કરતી નથી. માટે માણસના હૃદયમાં જેવો ભાવ હોય તેને જોઈ-વિચારીને જો નિપુણ સંતો તેને વાત કરતા રહે તો તે જીવ સંતને આશરે આવે છે. ૨૭-૨૮. કેમ જે, જેટલાં મનુષ્ય હોય તે બધાં એકસરખાં પાત્ર હોતાં નથી. કેટલાક માટીનાં પાત્ર જેવાં હોય છે,

કેટલાક પથ્થરનાં પાત્ર જેવાં હોય છે અને કેટલાક તો તાંબુ, પિત્તળ, રૂપું અને સોનાનાં પાત્ર જેવાં પણ હોય છે. ૨૯-૩૦. તેવા તેવા પાત્રના મનુષ્યને સંતો જાણે છે. અને જે પાત્રનું જેવું મૂલ્ય હોય તેવું તે મનુષ્યનું પણ મૂલ્ય અંકાય છે. ૩૧. જેવું પાત્ર હોય તેવી સંતો વાત કરે છે અને તે વાત યોગ્ય જ છે. સોનાનાં પાત્રનું મૂલ્ય રૂપાનાં પાત્ર જેવું હોતું નથી. ૩૨. મૂલ્ય કરવામાં પાત્રની કિંમત દેખાઈ આવે છે. જેવું પાત્ર હોય તેવું તેમાં હેત કરાય છે અને વિવેક જ આવો પ્રકાશ કરે છે. ૩૩.

❋ સંતો સત્સંગીરૂપી બાગને ખીલવનારા છે, સત્સંગની શોભા છે :

સંતોને લીધે સંસારીનો સત્સંગ સારો દેખાય છે. જેમ બગીચામાં વૃક્ષની જેટલી શોભા છે તે માળીને લીધે સારી દેખાય છે. ૩૪. સોનાનાં અનેક પ્રકારનાં ઘરેણાં હોય છે. તેનો ગણે પાર આવતો નથી, પણ તે બધાં ઘરેણાંનું કારણ સોની હોય છે. સોની વિના તે વિવિધ પ્રકાર દેખાતા નથી. ૩૫.

चोपाई :

सत्संग के कारण संत रहेऊ, कारण विन कोउ बात न तेऊ;
कारण के कारण भगवाना, ताके कारण कोउ न रहाना...३६

दोहा : भगवान बिन सोहात न, जिमि जल विन ही मीन;
एकांतिक भक्त जोउ, एसे रहे प्रवीन...३७
अजन्मा भगवान हि यह, एसे भक्त हि हीत;
जन्म लेत यह भोमि पर, देखाय कछु निमीत...३८

સત્સંગનું કારણ સંતો છે. કારણ વિનાની કોઈ વાત હોતી નથી. સર્વ કારણનું પણ કારણ એક ભગવાન છે, તેનું કારણ કોઈ નથી. ૩૬. જેમ પાણી વિના માછલાને ગમતું નથી, તેમ સુજ્ઞ એકાંતિક ભક્તને ભગવાન સિવાય ગમતું નથી. ૩૭. એવા એકાંતિક ભક્ત માટે અજન્મા ભગવાન છે તે ભૂમિ ઉપર કોઈક નિમિત્ત ઊભું કરીને જન્મ લે છે. ૩૮. **ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવાનું કારણ સંતો જ છે. તે સંતો સિવાય આદિ યુગથી અંતિમ યુગ સુધી બીજું કોઈ ભગવાનના જ્ઞાનનું કારણ નથી.”** ૩૯. હરિભક્તોએ

સંતોની આગળ આવી વાત કહી. તે વાતને સંતોએ પ્રેમથી સાંભળી પછી સંતો ત્યાંથી ચાલતા થયા. તેઓ ઘોઘલા ગામમાં એક રાત રહ્યા અને પછી ત્યાંથી ઊના ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "પૂર્ણાનંદમુનિ અને કૃપાનંદમુનિ દીવમાં સત્સંગીને રાજી કરીને ઊના આવ્યા" એ નામે એકસો છમો તરંગ સમાપ્ત ॥૧૦૬॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૭

શ્રીહરિએ અક્ષરઓરડીની પાસે પોતે ખાતમુહૂર્ત કરી કૂવો ખોદાવ્યો

શ્રીહરિ ગઢપુરમાં જ્યાં અક્ષરઓરડીમાં રહેતા હતા તેની પાછળ એક બજાર છે. તે બજારમાં એક વેપારીની દુકાન હતી. તેમાં વેપારી એક વખત અધરાતે દીવો ઓલવવાનું ભૂલી ગયો. ૧-૨. એટલે ત્યાં કોઈ કપડાં ઉપર દીવાનો તણખો પડ્યો, તેથી તે બધી દુકાન સળગી ઊઠી. ત્યારે શ્રીહરિના પાર્ષદ બધા ઊઠ્યા અને અક્ષરઓરડી ઉપર ચઢી, મરણિયા થઈને તે આગને બુઝાવી દીધી. ૩-૪. અક્ષરઓરડીની પાછળના ભાગમાં મકાનના જે નેવા હતા ત્યાં જેવી આગની જ્વાળા લાગી કે તરત જ તેને બુઝાવી દીધી. ૫. એક વણિકની જે દુકાન હતી તે બળી ગઈ અને બીજી બધી દુકાનો બળતી રહી ગઈ. કારણ કે, જ્યાં આગ લાગે ત્યાં તેને બુઝાવવા પાર્ષદો તરત આવી જતા. ૬. શ્રીહરિ પણ તે પાર્ષદોને હિંમત દેતા હતા. તેથી પાર્ષદોએ દરબારમાં જેટલું પાણી હતું તે બધું લાવીને આગ બુઝાવવામાં ખુટવાડી દીધું. ૭.

સવાર થયું ત્યાં સુધી બધા પાર્ષદો ત્યાં ઊભા રહ્યા. પછી સવારે શ્રીહરિ બોલ્યા કે, "આ દરબારગઢમાં પાણી ખૂટે નહિ તેવી રીતનો એક કૂવો જરૂર કરવો જોઈએ. કૂવો કરવાથી નદીના જેટલું પાણી દરબારમાં થાય. તેથી બાઈઓ રોજ નદીથી પાણી ભરે છે તેને કૂવો થવાથી પાણીનું સંકટ ટળી જાય. વળી, હવે કોઈ પણ મકાન જ્યારે કરવાનું થાય ત્યારે પાણી લાવવાનો શ્રમ રહે નહિ. ૮-૧૦. વાસુદેવનારાયણના મંદિરનો હજી સુધી કોઈ ચોક્કસ

નિર્ણય નથી. અમે જ્યાં રહીએ છીએ ત્યાં કોઈક દિવસ તો મંદિરનો નિર્ધાર થશે. ૧૧. પછી તો દેવ ઘણા બળવાન છે. માટે તેઓ જ્યાં ધારશે ત્યાં રહેશે. બધી વાત દેવના હાથમાં છે. તેમની આગળ કોઈ મોટા નથી. ૧૨. દરબારગઢની આગળ દેવની મરજી છે. કેમ જે, ભગવાનનું જે મંદિર છે તે દરબારગઢનું નાક કહેવાય. ભગવાનનું મંદિર થવાથી ભગવાનના સંતો અહીં નિરંતર રહેશે અને ભગવાનનાં ચરિત્રો કહેશે. ૧૩-૧૪.

सोरठा : जा घर हरि हि ताके, कथा नहीं कीर्तन नहीं;
हरि के संत वाके, मजमान न होत रहेउ...१५
जम जो घर में ताय, देरा दे कर बसत रहे;
नित्य नित्य यह आय, साँज परत मसान हि घर...१६

જે ઘરમાં ભગવાનનાં કથા, કીર્તન ન થતાં હોય અને જ્યાં ભગવાનના સંત મિજબાન-અતિથિ ન થતા હોય તે ઘરમાં તો જમ ડેરા તાણીને રહે છે. રોજ રોજ આવીને સાંજ પડતા તે સ્મશાનઘર થાય છે. ૧૫-૧૬. ભગવાનના મંદિરની સમીપે પાપ થશે નહીં. ભગવાનના મંદિરની જે જેટલી મર્યાદા રાખે છે તે તેટલો મનુષ્ય કહેવાય છે. ૧૭. અને જે મંદિરની મર્યાદા નથી રાખતો તો તે કસાય કરતાં પણ અધિક પાપી છે તેમ શાસ્ત્રો કહે છે. તે પાપીને ફરીવાર મનુષ્યજન્મ મળતો નથી અને તેને એટલું દુઃખ આવે છે કે જે વાત કહી શકાતી નથી. ૧૮. કોઈ ઉન્મત્ત થઈને ભગવાનના મંદિરની સમીપે ચાહે તે રીતનું પાપ કરે છે, તેનું કોઈ હિત ચાહતું નથી. ૧૯. અને તેવા પાપીનું હિત જે ઇચ્છે છે તે પણ પાપ કરનારાના જેવો પાપી ગણાય છે. જે કોઈ માણસ જેવો હોય તે જેની સોબત કરે છે તેના ઉપરથી ઓળખાય આવે છે. તેને તેની સોબતનું ફળ જરૂર મળે છે; તેમાં તલભાર પણ ખોટું નથી. કુસંગ કરીને કોઈ કુશળતા ચાહતો હોય તો તે વાત ઘણી આશ્ચર્યરૂપ દેખાય છે." ૨૦-૨૧.

આટલી વાત જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીહરિએ વૃદ્ધ યોગાનંદસ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને તેમને પ્રશ્ન પૂછ્યો. ૨૨. અક્ષરઓરડીની સમીપે અમે કૂવો કરાવવાનું ધાર્યું છે. તો તે બાબતે તમારો અભિપ્રાય શું છે ?

પછી તે જગ્યા પણ બતાવી. પછી તે સ્વામી તેના તત્ત્વનો વિચાર કરીને બોલ્યા, 'આ જગ્યાએ પાણી ચોક્કસ થશે અને આમાં ક્યાંય પથ્થર આવશે નહિ. વળી, પાણી પણ ઘણું મીઠું ગંગાજળ જેવું થશે. ૨૩-૨૪. પછી કૂવો ખોદવાનું મુહૂર્ત પહેલા શ્રીહરિએ કર્યું અને પછી જે પાર્ષદો હતા તે બધા કૂવો ખોદવા લાગ્યા. ૨૫.

વર્ણીએ રસોઈ તૈયાર કરી. પછી શ્રીહરિ જમ્યા. ભોજન જમ્યા ત્યારે ખૂબ જ પ્રસન્ન હતા. ૨૬. તે દિવસે યોગાનંદસ્વામી એટલો પ્રસાદ જમ્યા કે સંપૂર્ણ જમી રહ્યા. જરાય ભૂખ્યા ન રહ્યા. અર્થાત્ તેટલો પ્રસાદ શ્રીહરિએ તેમને આપ્યો હતો. ૨૭. પછી બીજો જે પ્રસાદ હતો તે શ્રીહરિએ ખૂબ રાજી થઈને બધા પાર્ષદોને આપ્યો. ૨૮. બે દિવસમાં તો પાણી આવે ત્યાં સુધી કૂવો ખોદી નાખ્યો. જ્યાં સુધી પાર્ષદો કૂવો ખોદતા હોય ત્યાં સુધી શ્રીહરિ કૂવાને કાંઠે આવીને બેસતા અને તેમને દર્શન દેતાં. કેટલીક રમૂજની વાતો પણ કરતા હતા. શ્રીહરિ નવી નવી રમૂજ કરતા અને ભક્તજનોને મોજ આપતા હતા. ૨૯-૩૦.

चोपाई :

रमुज कर जन करत गुलताना, भक्त जनकु देवत यह दाना;
हरि की रमुज रहाये जितनी, भक्तजन मानत मूरी तितनी...३१
हरि की रमूज एसी रहाते, बडे बडे देव जितने कहाते;
श्रवण करन इच्छत हि ताई, साधन यह हित करत मुद पाई...३२

શ્રીહરિ રમૂજ કરીને ભક્તજનોને ગુલતાન કરી દેતા હતા. ભક્તજનોને રમૂજરૂપી એવું દાન આપતા હતા કે જેટલી શ્રીહરિની કરેલી રમૂજ હોય તેને ભક્તજનો પોતાની મૂડી માનતા હતા. ૩૧. શ્રીહરિની રમૂજ એવી હોય છે કે તેને મોટા મોટા દેવતા છે તે પણ સાંભળવા ઇચ્છે છે. અને તે રમૂજ સાંભળવા માટે ઉત્સાહથી સાધન કરતા રહે છે. ૩૨. જો કે તેઓ સાધન કરે છે તોપણ તેમને માટે રમૂજનો યોગ આવતો નથી. એવી શ્રીહરિની રમૂજ દુર્લભ હોય છે. તે કહ્યા સિવાય જણાતી નથી. ૩૩. આ વાત શાસ્ત્ર જેવી

જાણે છે તેવું બીજું કોઈ જાણતું નથી. તેથી જ બીજા કરતાં શાસ્ત્ર અધિક કહેવાય છે. કેમ જે, શાસ્ત્ર વડે વચન પ્રમાણભૂત મનાય છે. ૩૪.

જેટલી પ્રમાણભૂત અને અપ્રમાણભૂત વાત હોય છે તે શાસ્ત્રથી દેખ્યામાં આવે છે. અને જેટલી વ્યાવહારિક વાત હોય છે તે લેખ, પત્ર દ્વારા જણાય છે. ૩૫. લેખપત્ર જેવી વાત કહે છે તે સાક્ષાત્ દેખ્યામાં આવે છે. ચાહે તેવો અંધકાર હોય, પણ દીવામાં જો સામર્થ્ય હોય તો તે બધા અંધકારનો નાશ કરી દે છે. તેમજ મશાલમાં જેટલું સામર્થ્ય હોય તેટલો તે પ્રકાશ કરે છે. ૩૬-૩૭. સૂર્યમાં જેટલું સામર્થ્ય હોય છે તેટલું તેના પ્રકાશે કરીને દેખાય છે. ચંદ્ર અને તારાનું સામર્થ્ય પણ તેના પ્રકાશે કરીને જણાય છે. ૩૮. તે રીતે જ લેખ, પત્ર અને શાસ્ત્રો રહ્યા છે. જેનામાં ઝાઝી વિચક્ષણ બુદ્ધિ હોય તે કહેલી વાત સમજી શકે છે. ૩૯. જેમ ઘુવડ છે તે સૂર્ય છે તેવું ક્યારેય કહેતું નથી, તેમ જેનામાં બુદ્ધિનો લેશ નથી તે બધી વાતોને ખોટી કરીને કહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ અક્ષરઓરડીની પાસે પોતે ખાતમુહૂર્ત કરીને કૂવો ખોદાવ્યો" એ નામે એકસો સાતમો તરંગ સમાપ્ત ॥૧૦૭॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૮

શ્રીહરિએ કૂવો બંધાવ્યો અને રામચંદ્ર વૈદ્યને ડાકોરમાં આકાશવાણી સંભળાણી

કૂવામાં પાણી આવ્યું ત્યાં સુધી કૂવો ખોદતા રહ્યા. કૂવામાં પથ્થર ન આવ્યો તેનાથી લોકોને આશ્ચર્ય થયું. ૧. દસ હાથ સુધી જમીનના જેવી જ જમીન નીકળતી આવી. અને પછી નદીમાં હોય તેવા મોટા મોટા કાંકરા નીકળ્યા. ૨. આઠ હાથ સુધી માટી, કાંકરા અને રેતી નીકળતી રહી. પછી માનો ધરા સાથેની નદી કૂવામાં પ્રગટ થઈ હોય તેમ પાણી આવ્યું. જ્યારે કૂવામાં બે માથોડા જેટલું પાણી થયું ત્યારે શ્રીહરિએ કૂવો ખોદવાનું બંધ

કરાવ્યું. ૩-૪. ગોંડલના દેવરાજભાઈ નામે એક હરિભક્ત કડિયા હતા. તેનું ઘર ગઢપુરમાં હતું. શ્રીહરિએ તેને બોલાવ્યા અને કહ્યું કે, 'આ કૂવાને તમે પથ્થરથી સુંદર રીતે બાંધી દો. તમારી જેટલી કારીગરી હોય તે બધી કૂવો બાંધવામાં દેખાડો. ૫-૬.

તમે જેવા કહેશો તેવા પથ્થર અમે મગાવી આપશું. પછી પથ્થર કાપીને જ્યાંથી બેલા નીકળતા હતા ત્યાં પાર્ષદોની પાસે તે બેલા કપાવીને ગાડું ભરીને લાવ્યા. માંડવધાર ગામમાં ગોવા પટેલ નામે કણબી હરિભક્ત હતા. તે ગામના મુખી હતા. તેમના કહેવાથી કૂવાને માટે જેટલા પથ્થર જોઈતા હતા તે બધા માંડવધાર ગામના ભક્તોએ ગાડામાં ભરીને લાવી આપ્યા. ૭-૯. જે ભક્તો પથ્થર લાવતા હતા તેને માટે શ્રીહરિ બ્રાહ્મણ પાસે કંસાર કરાવીને જમાડતા હતા, અને પોતે પરમ ઉલ્લાસથી કંસારમાં ઘી પીરસતા હતા. ૧૦.

દિવસમાં રોજ એક વખત દસ-બાર ગાડા પથ્થરના લાવતા હતા. તે વખતે શ્રીહરિ પોતે જે ફૂલના હાર પહેર્યા હોય તે તેમને એક એક આપતા હતા અને તેનાથી તે બધા ભક્તો રાજી-રાજી થઈ જતા હતા. દેવરાજભાઈ કડિયા બેલાને ઘડતા હતા. તેના પુત્ર પણ સાથે હતા. તેનું નામ પૂંજાભાઈ હતું. તે પૂંજાના પુત્રનું નામ નારાયણ હતું. આમ તે ત્રણ જણા હતા. ૧૧-૧૩. દેવરાજભાઈ કૂવામાં બેલાને ચણતા હતા અને પાર્ષદો ચૂનો અને બેલા તેને આપતા હતા. ૧૪. એક મહિનામાં તે કૂવો તૈયાર કર્યો. તેને દેખીને શ્રીહરિ રાજી થયા અને સહુને ભેટીને મળ્યા. ૧૫.

વડોદરામાં રામચંદ્ર નામે એક વૈદ્ય હતા. તેને દર પૂનમે ડાકોર દર્શન કરવાનું નિયમ હતું. ૧૬. વૈશાખ મહિનાની પૂનમ ઉપર તેઓ ડાકોર દર્શન કરવાં આવ્યાં. તેને કોઈ પુત્ર ન હતો તેથી પુત્રને માટે પૂનમ ભરવાનું નિયમ રાખ્યું હતું. એટલે દર પૂનમે આવતા હતા. તેઓ શ્રીગોડ વિપ્ર હતા. મોટા મોટા ઉમરાવ અને રાજદ્વાર સુધીના લોકોની દવા કરતા હતા. ૧૭-૧૮.તેઓ જાણીતા રાજવૈદ્ય હતા. તેનાથી મોટા કોઈ વૈદ્ય કહેવાતા નહિ. જે કોઈ ગરીબ રોગી આવતા તેને ધર્માર્થે-વિના મૂલ્યે ઔષધ આપતા હતા. ૧૯. જ્યારે

તેઓ કોઈ મોટા ઉમરાવની નાડી દેખતા ત્યારે તે રાજી થઈને સો રૂપિયા પહેલા આપતા હતા. વૈદ્યને સો રૂપિયા તો રોજ સહજ રીતે આવતા હતા. પોતે ઘણા ઉદાર સ્વભાવના હતા. મહિને મહિને જેટલા પોતાની નાતના વિપ્રો હતા તેમને ઈચ્છા મુજબના ભોજન હરખથી જમાડતા હતા. દસ-બાર જેટલા વિદ્યાર્થીઓ તેમની પાસે વૈદકના ગ્રંથોને નિરંતર ભણતા હતા. તેમને ભણાવવાનો ઘણો અભ્યાસ હતો. તેઓ ડાકોરમાં આવતા ત્યારે જે વિપ્રની હવેલી કહેવાય છે ત્યાં આવીને ઊતરતા હતા. ૨૦-૨૩.

તેઓ ડાકોરમાં જેટલા દિવસ રહેતા હતા તેટલા દિવસ રણછોડજીના મંદિરમાં બે વખત જઈને અચૂક દર્શન કરતાં હતાં. તેમને ભગવાનમાં ખૂબ જ ભાવ હતો. મંદિરમાં રણછોડજીની પાસે બે નાની કોટડી હતી. એક વખત તેમાં જોયું તો તે કોટડીના દ્વારમાં કોઈ અઘટિત ઘટના વૈદ્યને જોવામાં આવી. ૨૪-૨૬. વૈદ્યને ઘણો ભાવ હતો, પણ જ્યારે અયોગ્ય ઘટના દેખી ત્યારે પૂજારીનો ઘણો અભાવ આવ્યો. ૨૭. પ્રદક્ષિણા કરતા હતા તે તરત બંધ કરી દીધી. તેમને એકદમ તાવ આવી ગયો. તેથી તરત જ ઉતારે આવ્યા. ૨૮. અધરાત થઈ ત્યાં સુધી શરીરમાં તાવ રહ્યો. પછી તે તાવ કાંઈક શાંત થયો ત્યારે તેઓ અગાસીમાં જઈને બેઠા. ૨૯.

ત્યાં માળા લઈને ફેરવવા લાગ્યા ત્યારે આકાશવાણી થઈ, **'અત્યારે પૃથ્વી ઉપર સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. ૩૦. જો તમારે ભગવાનનો ખપ હોય તો તેઓ પશ્ચિમ દેશમાં રહે છે. તેમનું અમદાવાદમાં મંદિર છે અને ત્યાં તેમના સંતો રહે છે. ૩૧. તે ભગવાન જ્યાં રહે છે તે સ્થાનને તે સંતો બતાવશે.'** આકાશવાણી સાંભળ્યા પછી તેઓ જાગ્રત થઈ ગયા ત્યારે તેમને થયું કે, 'આ શી વાત છે ? ભગવાન તો રણછોડજી છે.' ૩૨. આમ કહીને ફરીવાર માળા ફેરવવા લાગ્યા. ત્યારે ફરીને આકાશવાણી થઈ. ત્યારે તેમના મનમાં સંશય થયો. પછી તે બાબતે બહુ વિચારવા લાગ્યા કે, 'મારે અમદાવાદ સુધી તો જરૂર જાવું છે. અહીંયાથી તે કાંઈ વધારે દૂર નથી. ત્યાં કેવા સંતો છે અને કેવું મંદિર છે ? તે દેખ્યા વિના મને મનાશે નહિ. ૩૩-૩૪.

અમદાવાદ સુધી જવું છે.' આવો મનમાં તેમણે નિશ્ચય કર્યો. પછી પોતાની સાથે બીજા જે મનુષ્યો હતા તે બધાને સવારમાં રજા આપી દીધી. ૩૫. તેઓ પોતે અશ્વ ઉપર બેસીને ચાલ્યા. ફક્ત બે-ત્રણ માણસ સાથે રાખ્યા હતા. તેઓ અમદાવાદમાં સ્વામિનારાયણના મંદિરમાં આવ્યા. ત્યાં આવીને સંતોનાં દર્શન કર્યાં. ૩૬. જ્યારે નરનારાયણ દેવનાં દર્શન કરતાં હતાં ત્યારે મૂર્તિમાં ઘણું તેજ દેખાયું. ૩૭. તેથી વૈદ્યને લાગ્યું કે, મનુષ્યો જેને માટે ચારેબાજુ દોડે છે તે વાત તો અહીંયા જ રહી છે. જ્યાં સુધી આ દેખ્યું નથી ત્યાં સુધી તે બધું છે. ૩૮. **તુલસીદાસજી કહે છે કે, 'જ્યાં કામ હોય ત્યાં રામ ન હોય અને જ્યાં રામ હોય ત્યાં કામ ન હોય. જેમ સૂર્ય અને રાત એકસાથે એક ઠેકાણે ક્યારેય હોય નહિ.'** ૩૯. તુલસીદાસજીએ જે આ વાત કહી છે તે પ્રમાણે હવે ડાકોરમાં ભગવાન ચોક્કસ રહ્યા નથી, તે વાત નક્કી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "શ્રીહરિએ કૂવો બંધાવ્યો અને રામચંદ્ર વૈદ્યને ડાકોરમાં આકાશવાણી સંભળાણી તે કહ્યું" એ નામે એકસો આઠમો તરંગ સમાપ્ત ॥૧૦૮॥



પૂર બાવીશમું : તરંગ - ૧૦૯

રામચંદ્ર વૈદ્ય અમદાવાદ જઈને નિત્યાનંદસ્વામીને મળ્યા

વળી વૈદ્યે એમ વિચાર કર્યો કે, 'મનુષ્યને જેવી રુચિ હોય તે પ્રમાણેના માણસો જ્યાં રહેતા હોય, તે સ્થળે તે દોડતા રહે છે. ૧. સાચી અને ખોટી, તે બંને વાતને શાસ્ત્ર બતાવી દે છે. પણ ખપ વગરનાનું શાસ્ત્ર ક્યારેય હિત કરતા નથી. ૨. કોઈને કરોડો કરોડનું ધન મળે તોપણ તે યશ મળે તેવું કામ કરી શકતો નથી. કેમ જે, જેનું મન ઘણું લોભી હોય તે કોઈની વાતને કાને ધરતો નથી. ૩. લોભી માણસનો મિત્ર તો એક લોભ જ રહે છે. તે લોભ ધનને ભેળું કરવા માટે જ તેના આયુષ્યને હરી લે છે. ૪. અથવા તો લોભ ધનને હરી લે છે. ટૂંકમાં કહીએ તો લોભી માણસ યશ

પ્રાપ્ત કરી શકતો નથી. ધન અને શરીર એકવાર જાય પછી કરોડો ઉપાય કરે તોપણ ફરીવાર તે ધન અને શરીર મળતું નથી.' ૫.

આવો વિચાર મનમાં કરીને રામચંદ્ર વૈદ્ય ત્યાં રહેલા સંતની પાસે આવ્યા. સંતના પગમાં પડ્યા અને પછી સંતની આગળ કહ્યું. તે સંત શ્રીહરિના પરમ એકાંતિક નિત્યાનંદસ્વામી હતા. વૈદ્યે તે સ્વામીને કહ્યું કે, 'તમને સાચા ભગવાન મળી ગયા છે અને તમે પણ સાચા સંત છો.' ૬-૭. એવું મને આકાશવાણીએ કહ્યું છે. હું ડાકોરમાં જે રણછોડજી છે તેને જ સત્ય માનતો રહ્યો છું. જો કે મારા જેવો કોઈ ખળ નથી. ૮. ગાંજો અને ભાંગ્યનું વ્યસન રાખીને નાગા રહેનારા મને મોટા સંત દેખાતા હતા. તેને મેં ઘણીવાર દૂધપાક અને માલપૂડા જમાડ્યા છે. ૯. વાસ્તવમાં તમારો માર્ગ સત્ય છે. પણ ગમાર લોકો તમારા આ મતને અસત્ય કહે છે. મેં રણછોડજીની પાસે અયોગ્ય કાર્ય કરી રહેલા પૂજારીને જોયા ત્યારે મને તેનો ઘણો અભાવ આવ્યો કે, તેઓ પૂજારી ભગવાનના સેવક થઈને અઘટિત વર્તન કરી રહ્યા છે. જાણે લોકોને ઠગવા માટે જ આ મંદિર અને મૂર્તિઓ કરી છે. અરે ! લોકો અનીતિને જાણે છે તોપણ ઉપરાઉપરી દોડ્યા જાય છે. ૧૦-૧૨.

લોકો તો અધર્મને ધર્મ માને તેવા છે. પંડિતો, પુરાણીઓ અને બધા ભેખધારીઓ પણ તેવા જ છે. ૧૩. શાસ્ત્રના અર્થ ભણેલાઓને મોઢે જ હોય છે તોપણ જેની જેવી રુચિ હોય તે તેવું સંભળાવે છે. ૧૪. ખરેખર ભગવાનની જેવી રુચિ હોય તે ભગવાન મળ્યા વિના ક્યારેય કોઈ સંભળાવે નહિ. સહુ પોતાની જેવી રુચિ હોય તે પ્રમાણે બધું કહે છે. ૧૫. જેટલા ગુરુ અને શિષ્યો હોય તે બધા પોતપોતાની રુચિ પ્રમાણે જ જ્યાં વર્તતા હોય ત્યાં આવા કરોડો લોકો ભેગા થાય તોયે શું ? ૧૬. ભગવાનની જેવી રુચિ હોય તેવી તો તે કોઈ જાણતા નથી. અને ભગવાનની ખરી રુચિ જાણ્યા સિવાય જે કાંઈ કરવામાં આવે છે તે બધું બંધનરૂપ થાય છે. ૧૭. ખરેખર તો જે જે બાબત કરવાની હોય તે બધી બંધનથી છૂટવા માટેની હોવી જોઈએ. ગુરુ તથા શિષ્ય આવી વાતને તો કોઈ જાણતા નથી અને તે લોકો શરીરને સુખી કરવામાં જ તત્પર રહે છે. ૧૮.

ગુરુ અને શિષ્ય એટલું જ જ્ઞાન જાણે છે. પરંતુ શાસ્ત્રો તો તેને બંધન કહે છે. હે સ્વામી ! આપને જેવા ભગવાન મળ્યા છે તેવા ભગવાન અત્યારે મને પણ મળે એવી કૃપા કરો. ૧૯. આપ જેમ કહેશો તેમ હું કરીશ. આપ જેવા સાચા સંતનું કહ્યું કર્યા સિવાય જીવ ક્યાંથી તરી શકે ? ત્યારે નિત્યાનંદસ્વામીએ તેનું અંતર શુદ્ધ દેખ્યું. તેથી ઘણી પ્રસન્નતાથી વાત કહી, "અમારી જેટલી વાત છે તે કપટીને સારી લાગતી નથી. જેનું અંતર નિષ્કપટ હોય તેને તેટલી ભગવાનની વાત કામમાં આવે છે. ખપ રહિતને કાંઈ ઉપયોગમાં આવતી નથી. **આ લોકની યત્કિંચિત્ જે કાંઈ બાબતો છે તે જેટલી વાતોમાં ભગવાનનો સંબંધ ન હોય તે જીવાત્માને પરલોકમાં કાંઈ ઉપયોગમાં આવતી નથી.** ૨૦-૨૩.

ચાહે તેવી મોટી ઈમારત હોય, પણ જો તેનો પાયો મજબૂત ન હોય તો તે કાંઈ સુખ આપી શકતી નથી. તેવી પાયા વિનાની ઈમારતમાં નિર્ભય થઈને જે માણસ રહેતો હોય તેને બુદ્ધિમાન કેમ કહેવાય ? જેના મનમાં ડર નથી તેને કોઈ આવીને ચેતવણી આપે છતાં તે વાતને માનતા નથી. અરે ! ઘણા તો એવા છે કે પાયા વિનાની તે ઈમારતને પોતાની નજરે પડતા દેખે છતાં તે લેશમાત્ર ચેતતા નથી. ૨૪-૨૬. આ સંપૂર્ણ બ્રહ્માંડે સહિત જે કાંઈ વસ્તુ કહેવાય છે, તેને કાળ હંમેશાં પોતાના મુખમાં ચાવી રહ્યો છે. ૨૭. પરંતુ જે મનુષ્ય સત્સંગ કરે છે અને ભગવાનને શરણે રહે છે તે સંસાર સાગરને તરી જાય છે. તેને કાળ ચાવી શકતો નથી. ૨૮.

✵ અક્ષરધામની અલૌકિકતાનું વર્ણન :

चोपाई :

भगवान अरु ताके हि धामा, तिनके काल न लेवत नामा;
भगवान के भक्त जो जेता, भगवान ताकु भजी कर तेता...२९

भगवान के धाम यह ताकू, पावत रहेउ जितना वाकू;
भगवान के धाम में जेता, नाम धरावत वस्तु हि तेता...३०

तेजोमय अविनाशी रहाते, भगवान में सब प्रीति कराते;
भगवान बिन संकल्प जोऊ, होवत नहि हे तिहाँ कोऊ...३१

'ભગવાન અને ભગવાનના ધામનું નામ કાળ ક્યારેય લેતો નથી. જેટલા ભગવાનના ભક્ત હોય છે તે ભગવાનનું ભજન કરીને ભગવાનના ધામને પામે છે. ભગવાનના ધામમાં રહેલી વસ્તુમાત્ર તેજોમય અને અવિનાશી છે. તે બધું ભગવાનમાં જ પ્રેમ કરાવે છે. ત્યાં ભગવાન સિવાયનો બીજો કોઈ સંકલ્પ થતો નથી. ૨૯-૩૧. **તે ધામમાં શોક, વિકાર કે ક્લેશ નથી હોતા. ત્યાં મુક્તો જે ઇચ્છે તે તેને મળે છે. ત્યાં કાળ, માયા અને કર્મનો કોઈ હુકમ ચાલતો નથી. ૩૨.** દુઃખ, દારિદ્ર, રોગ કે કોઈ પણ પ્રકારનો ભય તે ધામમાં લગાર પણ રહેતો નથી. તે ધામમાં અપરંપાર સુખ જ રહ્યું છે. ૩૩. ત્યાં ભગવાનથી અધિક કોઈ બાબત નથી. તેને લીધે ભગવાનના ધામમાં જે કોઈ પણ પદાર્થ હોય તે શ્રેષ્ઠ કહેવાય છે. ૩૪. તે ધામના એક પ્રદાર્થ આગળ આ બ્રહ્માંડની જે કાંઈ પણ સમૃદ્ધિ છે તે સૂર્યની આગળ પતંગિયાના જેવી છે. ૩૫. આ બ્રહ્માંડની જે કાંઈ સમૃદ્ધિ છે તે બધી આવી જ છે.' આવો જ્યારે મનમાં નિશ્ચય થાય છે ત્યારે તેને સત્સંગ પાકો થયો કહેવાય છે." ૩૬.

ત્યારે રામચંદ્ર વૈદ્યે નિત્યાનંદસ્વામીને કહ્યું કે, "આપ જેવી વાત કહો છો તેવી વાત બહુ બધા ભેખધારીઓમાં કોઈ કરતા નથી. ૩૭. એવા જેટલા પંડિતો અને ભેખધારીઓ છે તે બધા પેટ ભરવામાં જ તત્પર રહ્યા છે અને તેમાં જ પોતાનો મોક્ષ માને છે. ૩૮. આજે આપનાં દર્શન કરીને હું પવિત્ર થયો છું. આપના યોગ સિવાય આટલા દિવસ હું ગુનેગાર રહ્યો છું. ૩૯. હવે મને જે રીતે ભગવાન મળે તેવી આપ કૃપા કરી વાત કરો. આપ જેમ કહેશો તેમ હું કરીશ. મને પ્રગટ પ્રભુના દર્શન કરવાનો હૃદયમાં ઘણો ભાવ થયો છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "રામચંદ્ર વૈદ્ય અમદાવાદ જઈને નિત્યાનંદસ્વામીને મળ્યા" એ નામે એકસો નવમો તરંગ સમાપ્ત ॥૧૦૯॥



પૂર બાવીશમું : તરંગ - ૧૧૦

રામચંદ્ર વૈદ્ય ગઢપુર આવ્યા, શ્રીહરિનાં દર્શન કરીને સત્સંગી થયા

પછી રામચંદ્ર વૈદ્ય અમદાવાદમાં સંતોની પાસે ચાર-પાંચ દિવસ રહ્યા. ત્યારે વૈદ્યને ભગવાનનો ખપ સાચો છે તેમ સંતોએ જાણી લીધું. ૧. પછી ગઢપુર પહોંચે ત્યાં સુધીમાં વચ્ચે મુકામ કરવા માટેના આવતાં ગામ તથા હરિભક્તોનાં નામ સંતોએ લખી આપ્યાં. ૨. પછી વૈદ્ય ગઢપુર આવ્યા. તેમને ઉતારો અપાવ્યો. પછી સંતોની જ્યાં જગ્યા છે ત્યાં શ્રીહરિએ તેમને દર્શન દીધાં. ૩. સંતોની જગ્યાનો ચોક સુંદર હતો. ચોકની વચ્ચે એક ચોતરો કરી રાખ્યો હતો. ૪. તેના ઉપર ચાકળો બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા હતા અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. મૂર્તિ અતિશય મનભાવન હતી. ૫. શ્રીહરિ દક્ષિણ દિશા તરફ મુખ કરીને બેઠા હતા. ત્યારે વૈદ્યે આવીને દર્શન કર્યાં અને બે હાથ જોડીને બેઠા. શ્રીફળ અને રૂપિયો આગળ મૂક્યાં. ૬. જેટલા સંતો જગ્યામાં રહેતા હતા તે બધાં દર્શન કરવાં ત્યાં બેઠાં હતાં. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી પણ ત્યાં આવીને બેઠા. ૭.

પછી શ્રીહરિએ વૈદ્યને પૂછ્યું, “તમે શા કામ માટે અહીં આવ્યા છો ? તમે ક્યાં રહો છો ? આટલા બધા તડકામાં તમે અહીં આવ્યા છો તે તમને અમારા ઉપર ભાવ શાથી થયો ? કોણે તમને વાત કરી ? જે જે વેરાગીઓ અને બ્રાહ્મણો જેટલા છે તેને તો પેટ ભરવાનો ઉદ્યમ છે. ૮-૯. તેથી અમારો, અમારા સંતોનો તથા જેણે સત્સંગ રાખ્યો છે તે બધાનો જે રીતે અવગુણ આવે તેવા વચનો તેઓ બોલતા રહે છે. ૧૦. તેઓ બાઈઓ-ભાઈઓના કાન ભંભેરે છે. જેટલું ચાલે તેટલી અમારા વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે. એટલે અમારા ઉપર ભાવ રહેવો કઠણ છે. એટલે તમારા જેવા નિપુણ માણસની આગળ અમે આવું કહીએ છીએ.” ૧૧.

※ રામચંદ્ર વૈદ્યે કહેલો શ્રીહરિનો મહિમા :

ત્યારે રામચંદ્ર વૈદ્યે શ્રીહરિને મસ્તક નમાવીને કહ્યું, ‘મહારાજ ! આપ તો અંતર્યામી છો. જીવ-પ્રાણીમાત્રની નાડી આપના હાથમાં છે. ૧૨.

दोहा : अनंत कोटि ब्रह्मांड के, करता एक रहेउ;
बचन रहेउ यह सत्य हि, असत यह न रयेउ...१३
नाम धरावत जितना हि, भगवानहु के तेहि;
आगे रहे जडवत जो, शास्त्र कहत हि रहेहि...१४

सोरठा : भगवान यह जेता, जड ताकु कृपा करीके;
चैतनपना तेता, देवत तितना आत यह...१५

અનંત કોટિ બ્રહ્માંડના કર્તા એક છે એ વચન સત્ય છે. તે ખોટું નથી. ૧૩. ભગવાન આગળ જે કોઈ નામ ધારી પ્રાણીમાત્ર છે તે તો જડ જેવા છે, તેમ શાસ્ત્રો કહે છે. ૧૪. એવા ભગવાન કૃપા કરીને જડ જેવા સર્વ જીવોને જેટલું ચેતનપણું આપે છે તેટલી તેમાં ચેતના આવે છે. ૧૫. હું મનુષ્ય થયો છતાં આટલા દિવસ જડ રહ્યો હતો. તે આપે જ્યારે કૃપા કરી ત્યારે હવે મને જ્ઞાન થયું છે. ૧૬.

આ જેટલું બ્રહ્માંડ છે તે બધાનું રાજ્ય કરે તેટલી બુદ્ધિ હોય, તોપણ ભગવાનનું જ્ઞાન ન થાય તો તેને સર્વે વેદ, પુરાણ જડ બુદ્ધિનો કહે છે. વેદો ભગવાનની મૂર્તિ કહેવાય છે. તેમનાં વચન શ્રુતિ કહેવાય છે. ૧૭-૧૮. જ્યાં સુધી આવું જ્ઞાન નથી થયું ત્યાં સુધી ચાહે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તેની બુદ્ધિ કામ આવતી નથી. તે લખચોરાશીમાં ભટકતો રહે છે. ૧૯. **જ્યારે સાચા સંત મળ્યા ત્યારે મને આવું જ્ઞાન થયું છે. માટે હે સહજાનંદસ્વામી ! હવે આપ મને વ્રતમાન નિયમ ધરાવો. હું આપને અંતર્યામી જાણું છું. ૨૦.**

ત્યારે શ્રીહરિએ તે રામચંદ્ર વૈદ્યને નિયમ ધરાવ્યા અને નિયમોની બધી સમજણ આપી. પછી વૈદ્યે ડાકોરમાં જે વાત બની હતી તે બધી કહી બતાવી. ૨૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, "હવે સત્સંગને દૃઢ કરીને રાખજો. કેમ જે, મનનો કોઈ એક નિર્ધાર રહેતો નથી. મન જેવું કોઈ લબાડ નથી. ૨૨.

चोपाई :

मन के कहे करत जिहाँ लगहू, जेते जन हि जो तिहाँ लगहू;
दुःख पावत यह रहे अपारा, सुख नहि पावत कबहु लगारा...२३
मन के कहे न करत हि जबहू, सत्संग जेते करे तबहू;
ताके सत्संग नकि रहाते, सत्संग यह नित बढत जाते...२४

લોકો જ્યાં સુધી મનનું કહ્યું કરે છે ત્યાં સુધી તેઓ અપાર દુઃખને પામે છે. પરંતુ ક્યારેય તે લગાર પણ સુખને પામતા નથી. ૨૩. જ્યારે મનનું કહ્યું ન જ કરે અને સત્સંગ કરતા રહે ત્યારે તેનો સત્સંગ પાકો રહે છે. પછી તે સત્સંગ રોજ-રોજ વધતો રહે છે. ૨૪. મન અને કુસંગની રીત એકસરખી છે. માટે જે સત્સંગને ચાહતા હોય તેમણે મન અને કુસંગનો વિશ્વાસ કરવો નહિ. ૨૫. સત્સંગ અને કુસંગમાં રાત-દિવસ જેટલો અપાર ફરક રહ્યો છે. તેને જે બુદ્ધિમાન હોય તે જાણે છે. ૨૬.

❋ ત્રિલોકીનું સુખ સોંઘું છે પણ સત્સંગ મળવો મોંઘો છે :

सोरठा : सत्संग करत जेहि, फल रहे हरि धाम तेहि;
सुख जितना जो एहि, पावत रहे न पार कछु...२७
कुसंग जितना जेहु, करत रहाये फल हि यह;
जमपुरी रहेउ तेहु, लखचोराशी दुःख विकट...२८

જે સત્સંગ કરે છે તેનું ફળ ભગવાનનું ધામ છે. ત્યાં જેટલું સુખ છે તે અહીં પામે છે, તે સુખનો કોઈ પાર પામતા નથી. ૨૭. જે જેટલો કુસંગ કરે છે તેનું ફળ તો જમપુરીનું અને મહાભયંકર લખચોરાશીનું દુઃખ છે. ૨૮. સત્સંગના યોગ વિના જેટલા મનુષ્યો છે તે ચાહે તેવા ચતુર હોય તોપણ મોક્ષના માર્ગમાં તે અંધ કહેવાય છે. ચાહે તેવા સિદ્ધ કહેવાતા હોય તોપણ જો તેને સત્સંગની ગમ ન હોય અને તેઓ સત્સંગની બાબતમાં જો અંધ હોય તો તે બધા માયામાં બંધાયેલા રહે છે. ૨૯-૩૦. સત્સંગથી બીજી કોઈ બાબતને જે અધિક ન દેખે તે જ ખરો ચતુર માણસ છે, અને જેને સત્સંગ થયો હોય છે તે જ સાચો સિદ્ધ તથા પૂરો પંડિત કહેવાય છે. ૩૧.

अनंत कोटि ब्रह्मांड तिनके, राज मिले सुगम रहे इनके;
अनंत कोटि ब्रह्मांड तिनमें, जेते पदार्थ रहेउ इनमें...३२
सो मिलना सब सुगम रहेउ, सत्संग मिलना दुल्लभ रयेउ;
सत्संग सम न रहे कोउ बाता, सबसे अधिक सत्संग रहाता...३३

અનંત કોટિ બ્રહ્માંડનું રાજ્ય મળવું સુગમ છે તથા અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલા પદાર્થો છે તે બધા મળવા સુગમ છે, પણ સત્સંગ મળવો દુર્લભ છે.

સત્સંગના જેવી બીજી કોઈ વાત નથી. સહુથી શ્રેષ્ઠ સત્સંગ છે. ૩૨-૩૩. આવું સમજીને જે સત્સંગ કરે છે તેનું જ નામ ખરો સત્સંગી કહેવાય. જે આવું સમજ્યા વિના જ સત્સંગ કરે છે તે હરિભક્ત તો બાળબુદ્ધિ કહેવાય છે. કેમ જે, સમજણે કરીને જ હરિભક્ત થવાય છે. માટે અમે જે આ વાત કરી છે તે રીતે તમારે પ્રેમથી સત્સંગ રાખવો. ૩૪-૩૫.

પછી રામચંદ્ર વૈદ્ય ગઢપુરમાં ઘણા ભાવથી પાંચ દિવસ સુધી રહ્યા. આકાશવાણી સાચી પડી તેથી મનમાં આનંદ વ્યાપી ગયો. ૩૬. હવે રામચંદ્ર વૈદ્ય ધર્મ અને અધર્મની સાચી રીત જાણતા થયા. પણ તે આકાશવાણી થઈ એટલે બન્યું. આકાશવાણી વિના તેવું જાણવામાં આવત નહીં. ૩૭. જ્યારે ભગવાન પ્રગટ થાય છે ત્યારે ભાગવાનને વિષે ભાવનાવાળા જેટલા જીવો હોય છે તેને કોઈ પણ પ્રકારે ભગવાનનો યોગ થાય છે. **જેણે જેણે ભગવાનને મેળવવા જન્મ ધારણ કર્યો હતો તેવા ઘણા લોકો સત્સંગમાં આવ્યા છે.** ૩૮-૩૯. પછી વૈદ્ય જેટલા દિવસ ગઢપુરમાં રહ્યા તેટલા દિવસ શ્રીહરિ રોજ તેમને દર્શન દેતાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "રામચંદ્ર વૈદ્ય ગઢપુર આવ્યા, શ્રીહરિનાં દર્શન કરીને સત્સંગી થયા" એ નામે એકસો દસમો તરંગ સમાપ્ત ॥૧૧૦॥



પૂર બાવીશમું : તરંગ - ૧૧૧

વૈદ્યને વડોદરા વળાવ્યા, અહં-મમત્વના ત્યાગની અને ગઢડા મધ્ય પ્રકરણના ત્રેવીશમાં વચનામૃતની વાત કહી

રામચંદ્ર વૈદ્યે એક દિવસ શ્રીહરિ અને સંતોને માટે રસોઈ આપી. તેમાં ઘણા ભાવથી તેમને જમાડવાનો અલૌકિક લાભ લીધો. ૧. પછી પરમ નિપુણ એવા વૈદ્યે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૨. તેમણે એક ભારે શેલું શ્રીહરિને ઓઢાડ્યું અને કપૂર પ્રગટાવીને આરતી કરી. ૩. પછી જેટલા સંતો હતા તેમની પૂજા કરી અને

તેમને સાચા સંત જાણીને વસ્ત્ર ઓઢાડ્યાં. ૪. પછી જ્યારે વૈદ્યે ચાલવા માટેની રજા લીધી ત્યારે શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને તેમને શ્રીનરનારાયણ દેવની છાપની મૂર્તિ આપી. પછી ભજનાનંદસ્વામી અને જયાનંદ વર્ણીને વૈદ્ય વડોદરા પહોંચે ત્યાં સુધી તેમની સાથે મોકલ્યા. વૈદ્ય ગયા પછી શ્રીહરિએ મોક્ષધર્મ ગ્રંથની કથા શરૂ કરાવી. ૫-૭.

પ્રાગજી દવે નામે જે પુરાણી હતા તે ગ્રંથની કથા વાંચતા હતા. તેમાં જેટલી સરસ વાત આવતી હતી તેને શ્રીહરિ યાદ રાખતા હતા. ૮. જે જે વાત શ્રીહરિ કહેતા હતા તે વાતની મજબૂત પુષ્ટિ કરવા માટે તેમણે અપાર શ્લોક શીખી રાખ્યા હતા, તે જ્યારે જરૂર પડે ત્યારે બોલતા હતા. ૯. તેમજ સાખી, કીર્તન, કેટલાક દૃષ્ટાંત, કુંડળિયા, કવિત, છપ્પય અને કેટલાક છંદ પણ યાદ કરી રાખ્યા હતા. તે બધું જ્યારે બોલે ત્યારે પાર રહેતો નહીં. ૧૦. જ્યારે કોઈ પણ મનુષ્ય આવીને શ્રીહરિની આગળ પ્રશ્ન પૂછતા ત્યારે શ્રીહરિ તેનો જે ઉત્તર આપે તેમાં તેમનો જે પ્રતાપ હતો તે સ્પષ્ટ દેખાઈ આવતો હતો. ૧૧. ચાહે તેવો કોઈ શાસ્ત્રી કે પુરાણી હોય, પણ જ્ઞાનવાર્તામાં શ્રીહરિને પહોંચતા નહિ. શ્રીહરિના મુખથી કહેવાયેલી જ્ઞાનવાર્તાને જ્યારે તેઓ સાંભળતા ત્યારે તેમને શ્રીહરિનો પ્રતાપ અતિશય દેખાતો હતો. ૧૨.

ભીમ એકાદશી ઉપર જેટલા સંત હતા તે બધાને શ્રીહરિએ ગઢપુર બોલાવ્યા. ૧૩. જેટલા સંતો ગઢપુર આવ્યા હતા તેમને શ્રીહરિ રોજ દર્શન આપતાં. તે સંતોના હિતની શ્રીહરિ નિત્ય વાત કરતા અને સંતો તે વાતને શિર ધારી લેતા. ૧૪. જેમાં જેટલો દોષ હોય તેને શ્રીહરિ વાત કરીને દેખાડતા. વાત કર્યા સિવાય જે દોષ હોય તે ક્યારેય દેખ્યામાં આવતા નથી. ૧૫. કોઈ પણ માણસ પોતે આપમેળે પોતાના દોષને દેખતા નથી, પણ સામેના મનુષ્યના દોષને તો નિત્ય દેખતા રહે છે. ૧૬.

બીજા માણસમાં અપાર ગુણો હોય છે, પણ તે ગુણોને લગારેય ગ્રહણ કરતા નથી. બીજાના ગુણોમાંથી એક પણ ગુણને જે સ્વીકારતો નથી તો તે અધમમાં પણ અધમ કહેવાય છે. ૧૭. ગાય કે ભેંશ જેવા પશુના દેહમાં

નખશિખ રુધિર ભર્યું છે અને હાડ, માંસ બધું નિરર્થક રહેલું છે. પરંતુ જ્યાં સુધી જીવ તેમાં રહ્યો હોય ત્યાં સુધી તેનો દોષ દેખતો નથી. અને તેમાંથી મળતા દૂધના ભાવને કારણે તેનો કોઈ પ્રકારનો અભાવ આવતો નથી. ૧૯. દેહમાં જ્યાં સુધી શક્તિ રહે છે ત્યાં સુધી તેમાં ભાવ રહે છે. તેમાં પણ જેવી શક્તિ તેવો ભાવ રહે છે. જે કાંઈ પોતાનું ગણાતું હોય તેમાં આવું હોય છે. ૨૦.

જેટલા અજ્ઞાની લોકો છે તે જેટલું પોતાનું કહેવાતું હોય તેની જીવતા સુધી સાર-સંભાળ રાખે છે. ૨૧. **જેણે મમત્વનો વિશેષ ત્યાગ કર્યો હોય, જેને મન તે અહં-મમત્વ રહિતપણું તે જ અધિક પ્રાપ્તિ હોય, અને જે પોતાનું કહેવાતું હોય તેની પણ અધિક સાર-સંભાળ રાખતા ન હોય તે સાચા જ્ઞાની છે. ૨૨.**

ચોપાઈ :

आपन तितना ज्ञानी नाही, निरममत आवत देखाही;
निरममत भये रहेउ जितना, केसे संत रहाये तितना...२३

જેમાં જેટલું મમત્વ હોય તેટલો તે જ્ઞાની નથી. જે મમતા રહિત હોય તે દેખાય આવે છે. જેટલા મમતા રહિત થઈ ગયા હોય તે કેવા સંત હોય ? અર્થાત્ તેને કેમ ઓળખવા ? તો, જેને પ્રમાણભૂત સંતો જેટલા મમતા રહિત કહે તેટલા તે નિર્મમ ખરા સંત કહેવાય. જેમાં મમતાનો જેટલો ત્યાગ તેમાં બીજો કોઈ કુરાગ હોતો નથી. ૨૩-૨૪. જેમાં જેટલી મમતા દેખાય છે તેટલો તેમાં ભાવ થાય છે." આટલી વાત શ્રીહરિ કરી રહ્યા પછી આગળ ફરીને કહેવા લાગ્યા. ૨૫.

❋ વચ.મ.૨૩ જેનું મન વિષયના યોગે ટાઢું-ઊનું ન થાય તે સંત :

જેઠ સુદિ એકાદશીને દિવસ સંતોના માથાના મુગટ જેવા શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. શ્વેત ચાદર ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨૬-૨૯.

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, 'આજે અમે મનનું રૂપ વિચારીને જોયું. ૩૦. મન જીવથી જુદું ન દેખાયું. મન તો જીવની જ કોઈ એક કિરણ છે. હવે મનનું રૂપ જેવું અમને જણાયું છે તેવું કહીએ છીએ. ૩૧. ઉનાળામાં જેવી લૂક હોય અને શિયાળામાં જેવું હિમ હોય તેવું અમને મનનું રૂપ દેખાયું. તે સહુને સમજાય તેમ કહીએ છીએ. ૩૨. જ્યારે મનુષ્યના હૈયામાં લૂક તથા હિમ પેસી જાય છે ત્યારે મનુષ્ય મરી જાય છે. પછી કોઈ ઉપાય કરે તોપણ જીવતો નથી. ૩૩.

તેમ આ મન છે તે ઇન્દ્રિયો દ્વારાએ જ્યારે વિષય સન્મુખ જાય છે ત્યારે જો દુઃખદાયી વિષય હોય તો મન તપીને ઉનાળાની લૂક જેવું થઈ જાય છે. અને જો સુખદાયી વિષય હોય તો તેને વિષે મન શિયાળાના હિમ જેવું શીતળ થઈ જાય છે. મન જ્યારે દુઃખદાયી વિષયને ભોગવે ત્યારે લૂક જેવું થઈને, જીવના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે જીવને અપાર દુઃખી કરીને કલ્યાણના માર્ગથી તત્કાળ પાડી દે છે, તે લૂક લાગવાથી મનુષ્ય જેમ મરે છે તેમ જાણવું. ૩૪-૩૮. અને તે મન જ્યારે સુખદાયી વિષયને ભોગવતું રહે ત્યારે હિમ જેવું શીતળ થઈને જીવના હૃદયમાં પ્રવેશ કરે છે. ત્યારે જીવને અતિશય સુખી કરીને કલ્યાણના માર્ગથી પાડી દે છે. ૩૯-૪૦.

તેને હિમાળાના હિમથી મૃત્યુ થાય તેવું જાણવું. માટે **જેને કલ્યાણનો ખપ હોય તેનું મન ભૂંડા વિષયને દેખીને ક્યારેય તપે પણ નહિ. અને સારા વિષયોને દેખીને જેનું મન ક્યારેય શીતળ પણ ન થાય, આવી રીતે જેનું મન વિકારે રહિત કાયમને માટે રહે તેને પરમ ભાગવત અને પૂરા સંત તમારે જાણવા.** આવી રીતનું નિર્વિકાર મન હોવું તે તો ઘણી મોટી વાત કહેવાય છે. ૪૧-૪૪. અને મનનો તો એવો સ્વભાવ છે કે, જેમ કોઈ બાળક હોય તે સર્પ, અગ્નિ અથવા ઉઘાડી તલવારને પકડવા માટે જાય ત્યારે પકડવા ન દે તો અતિ દુઃખી થાય અને જો પકડવા દે તોપણ અતિશય દુઃખી થાય છે. ૪૫-૪૬. **તેમ જે મન છે તેને વિષય ભોગવવા ન દઈએ, તોપણ દુઃખી થાય છે અને જો વિષયને ભોગવવા દઈએ તોપણ વિષય ભોગવી વિમુખ થઈને અતિશય દુઃખી થઈ જાય છે. ૪૭-૪૮.**

सोरठा : माट हि मन हि जाके, भगवानमें आसक्त हि;
विषय जोग हि ताके, शित उष्ण न होत रहेउ...४९
विषय रहेउ जेते, भगवान में देखत यह;
साधु रहेउ तेते, बात में देखात तरत...५०

માટે જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું હોય અને વિષયના યોગે કરીને ટાઢું કે ઊનું ન થાતું હોય, અને જેટલા વિષય છે તે ભગવાનમાં જ દેખતા હોય; આવા જે સાધુ છે તે વાતમાં તરત દેખાઈ આવે છે." ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના દ્વાવિંશ પૂરમાં "વૈદ્યને વડોદરા વળાવ્યા, અહં-મમત્વના ત્યાગની અને ગઢડા મધ્ય પ્રકરણના ત્રેવીશમા વચનામૃતની વાત કહી" એ નામે એકસો અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧૧॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે દ્વાવિંશ પૂર સંપૂર્ણ ॥૨૨॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૩

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ત્રેવીશમું : તરંગ - ૧

મંગલાચરણ અને ગઢપુરમાં રહેલા શ્રીહરિએ નીતિ ઉપર વાત કરી

दोहा : श्रीहरि सुखसागर हि तुम, आनंदमय अपार;
अंतर बसो आयकर हि, वंदहुँ वार हि वार...०१
तुमारि कृपा से हिंमत हि, अधिक अधिक हि रहाय;
कृपा बिन नहीं होत कबु, धारत बात हि ताय...०२
तुमारि बात सो बात हि, एसी बात न कोय;
एक एक अक्षर बात के, चिंतामनि रहे सोय...०३
कल्पतरु अरु चिंतामनि, रिद्ध सिद्धि जो जेति;
हरि तुमारि यह बात से, अधिक न रहेउ तेति...०४

હે શ્રીહરિ ! આપ તો અપાર આનંદમય અને સુખના સાગર છો. આપ મારા અંતરમાં આવીને વસો. હું આપને વારંવાર વંદન કરું છું. ૧. આપની કૃપાથી જ મને (આ ગ્રંથ લખવામાં) અધિક અધિક હિંમત રહે છે. કેમ જે, આપની કૃપા સિવાય ક્યારેય આ કામ થઈ શકે નહીં, તે વાત હું મારા દિલમાં ચોક્કસ ધારું છું. ૨. આપની વાત તે જ એક વાત છે. તેના

જેવી બીજી કોઈ વાત નથી. આપની વાતનો એક એક અક્ષર ચિંતામણિ છે. ૩. હે હરિ ! કલ્પવૃક્ષ, ચિંતામણિ તથા જેટલી રિદ્ધિ-સિદ્ધિ છે તે સહુ આપની વાતમાં જ રહ્યા છે. આપની વાતથી અધિક કોઈ નથી. ૪. આપની વાતનો એવો મહિમા સમજીને જેટલી યાદ આવે તેટલી આપની વાતો કહેતો રહું છું. આપની વાત તો અમાપ છે. ૫. આપની વાત કહેવામાં અને સાંભળવામાં જેને પ્રેમ ન હોય અને બીજી અપાર વાતો નિત્ય કહેવામાં અને સાંભળવામાં જેને તૃપ્તિ ન થતી હોય, આવા જેટલા મનુષ્યો છે તે પોતાના મનુષ્યદેહને નિરર્થક ખોઈ રહ્યા છે; એમ જેટલા ભગવાનના ભક્તો છે તે કહે છે. ૬-૭.

❋ પ્રેમીભક્ત માટે કથારસની અલૌકિકતા :

ભગવાન સંબંધી વાતો જે કોઈ હરિભક્ત છે તેને સાંભળવામાં તૃપ્તિ થાતી નથી. તેણે કરીને જ તે હરિભક્ત કહેવાય છે. ૮. જેમ કે, જેટલાં માછલાં છે તે બધાંનું જીવન પાણી છે. ચકોરનું જીવન ચંદ્રમા છે અને બપૈયાનું જીવન વર્ષાના બિંદુઓ કહેવાય છે. મેઘની ગર્જના થવાથી મોરને સહુથી વધારે આનંદ થાય છે અને છીપ સ્વાતિ નક્ષત્રના વર્ષાનાં બિંદુ સિવાય સમુદ્રના પાણીને ચાહતી નથી. ૯-૧૦. કેમ જે, જેને જેના ઉપર ભાવ હોય તેને તેના વિના ક્યારેય જંપ થાતો નથી. તેથી ભગવાનની વાતમાં ભગવાનના ભક્તને ચકોર વગેરેની જેમ વિશેષ ભાવ રહે છે. ૧૧. જે ભગવાનની વાતના ભાવિક લોકો હોય છે તે ભગવાનની વાતને પ્રેમથી કહેતા હોય છે. કેમ જે, જે વાતમાં જેને પ્રેમ હોય છે તેની તેને ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૧૨.

चोपाई :

कहत सुनत जन हरि की बाता, कोटि कल्प बितत जो रहाता;
एक क्षण बिलंब वरत रहाते, प्रीति की बात एसे कहाते...१३
प्रीति बिन कहत सुनत जो जेहा, हरि की बात जितना जन तेहा;
एक क्षणभर कहत सुनत रहावा, कोटि कल्प भये देखत जावा...१४

ભગવાનના ભક્ત ભગવાનની વાતને કહેતા કે સાંભળતા હોય ત્યારે કરોડો કલ્પ જેટલો સમય વીતી જાય, તોપણ તે સમય તેને એક ક્ષણ જેટલો

જ દેખાય છે. પ્રેમની વાત તો આવી કહેવાય છે. ૧૩. ભગવાનની વાતમાં જે મનુષ્યને પ્રેમ ન હોય અને તે ભગવાનની વાત જેટલી કહે કે સાંભળે, તો તેમાં વીતેલો એક ક્ષણ જેટલો સમય પણ તેને કરોડો કલ્પ જેવો દેખાય છે. ૧૪. એવા શ્રદ્ધા વગરના લોકોને માટે આ અદ્‌ભુત ગ્રંથ રચ્યો નથી. થોડી શ્રદ્ધાવાળા લોકો તો કીડીના જેવા ગણાય. ૧૫. કીડીના માથા ઉપર મોતીચૂરનો લાડુ કદાચ પ્રેમથી મૂકવામાં આવે, તોપણ તે કીડીનું મૃત્યુ થઈ જાય છે. ૧૬. જે મુમુક્ષુઓ હાથી જેવા શક્તિશાળી હોય તેને માટે આ ગ્રંથ મોતીચૂરના લાડુ જેવો છે. ૧૭. દ્રોણાચળ પર્વતને હનુમાનજી જઈને સહજ ભાવે ઉઠાવી લાવ્યા હતા. તેમાં તેમને કાંઈ જ શ્રમ પડ્યો ન હતો. (તેમ જે શ્રદ્ધાવાન હશે તેને આ ગ્રંથ વાંચવા-સાંભળવામાં જરાય થાક નહિ લાગે.) ૧૮. જેમ સમ્રાટ રાજા બીજા ઘણા મોટા રાજા હોય તોપણ તેમને દબાવીને ચાહે તેવા ઉપાયે કરીને પોતાનું ચલણ કરે છે. ૧૯. જ્યારે સામા પક્ષના તન કે ધનનો રતીભાર પણ લોભ ન રાખે ત્યારે તેનો હુકમ ચાલી શકે છે. તે સિવાય ક્યારેય હુકમ ચાલે નહિ. ૨૦.

❋ કીર્તિનું કારણ નીતિ અને અપકીર્તિનું કારણ અનીતિ :

જે કોઈ નીતિ ઉપર અદલ રીતે ચાલતો હોય અને નીતિમાં ક્યારેય કપટ ન કરતો હોય, તો અંતર્યામી પરમેશ્વર તેની મદદ કરે છે. ૨૧. જ્યારે નીતિમાં ગુપ્ત રીતે લોભ આવીને પેસી જાય છે ત્યારે તે રાજ્યના ઉદયનો પ્રતાપ તેટલો ક્ષીણ થઈ જાય છે. ૨૨. પછી તેની જેટલી સારી બાબતો હોય તેની પણ કીર્તિને લોભ બગાડી નાખે છે. અધર્મવંશના લોભ, કામ અને ક્રોધ, આદિ જેટલા દોષો છે તે બધા હળાહળ ઝેર કહેવાય છે. તે ઝેર જેવાં અધર્મવંશના દોષનું જે જેટલું ગ્રહણ કરે છે તેની તેટલી કીર્તિનું ખંડન તે કરી દે છે. ૨૩-૨૪. અધર્મસર્ગનો એક દોષ પણ જ્યારે કોઈ પણ કામને માટે જો મુખ્ય થઈ જાય છે ત્યારે તે તેની કીર્તિને થવા દેતો નથી, ૨૫.

कीर्ति इछत जितना जन जाही, यह लोक परलोक में ताही;
सतपुरुष हि कहावत जेऊ, सन्मारग चलत जिहाँ लग तेऊ...२६

धर्मसर्ग कहावत रहे जेऊ, प्रधान जिहाँ लग तिनकु तेऊ;
रखत रहे तिहाँ लग तिनही, सत्पुरुष रहत हे इनही...२७

માટે આ લોક કે પરલોકમાં જે મનુષ્ય જેટલી કીર્તિ ચાહતો હોય તેણે તેટલો અધર્મસર્ગનો ત્યાગ કરવો જોઈએ. અને જે સત્પુરુષો કહેવાય છે તે જ્યાં સુધી સન્માર્ગે ચાલે છે અને ધર્મસર્ગને મુખ્ય રાખે છે ત્યાં સુધી તે સત્પુરુષ રહે છે. ૨૬-૨૭. સત્પુરુષ અને અસત્પુરુષ, તે બંનેનું મુખ્ય કારણ તો તે ધર્મ અને અધર્મસર્ગના ગુણ-દોષ છે. જે જે રીતે ધર્મસર્ગને મુખ્ય રાખે છે તે તે રીતે સત્પુરુષ કહેવાય છે. ૨૮.

જે રાજા નીતિમાં જેટલો સાર રહ્યો છે તેને માને અને અનીતિમાં જે બધો અસાર રહ્યો છે તેને સત્ય માને. ૨૯. એવા રાજાની બંને લોકમાં અપાર શ્રેષ્ઠ કીર્તિ થાય છે. તેમાં લગાર પણ અસત્ય નથી. ૩૦. પહેલા નીતિ બતાવે અને જ્યારે લોકોને વિશ્વાસ આવે અને તે દૃઢ બની જાય ત્યારે તે રાજા નીતિની અંદર અધર્મવંશને મુખ્ય કરી દે છે. પછી જ્યારે તે અધર્મવંશનો પુત્ર લોભ રાજાનો પણ રાજા થઈ જાય છે, ત્યારે તે નવા કાયદાઓને કરે છે. ૩૧-૩૨. પછી તે દર વર્ષે પ્રજાના ઉપર એક એક નવો કાયદો ચલાવે છે અને જેમ મનમાં ફાવે તેમ કેટલીય પ્રકારના નવા નવા કરને નાખતો રહે છે. ૩૩. પૂર્વના કરેલા તપના બળને કારણે જ સ્વતંત્ર સમ્રાટ થાય છે. સમ્રાટ થયા પછી હિરણ્યાક્ષ, રાવણ, કંસ, વેન અને બાણાસુર ઈત્યાદિક અગણિત રાજાઓ જેમ મનમાં ફાવે તેમ રાજ્ય કરતા હતા. નીતિરૂપે ભગવાન રહે છે. તેનો જે જેટલો લોપ કરે છે તેની કીર્તિનો ભૂપના ભૂપ એવા પરમેશ્વર હર કોઈ વાતે નાશ કરે છે. પણ તે કોઈના દેખ્યામાં આવતું નથી. ૩૪-૩૬.

કીર્તિ ગયા પછી તે જીવ્યો કે ન જીવ્યો, બંને સમાન છે. તે રાજ કરતો હોય તેનાથી શું થયું ? રાજાની રાજ્યસમૃદ્ધિનું ખરું ભૂષણ તો કીર્તિ છે. ૩૭. જ્યારે જેના ઉપર ભગવાનનો કોપ થાય છે ત્યારે તેને સાચી વાત પણ પ્રિય લાગતી નથી. અને જેટલી અસત્ય વાત કહેવાય છે તેના ઉપર જ તે પોતાની કીર્તિ માને છે. ૩૮. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, ચિત્રકેતુ, ભરત,

જનક, સહદેવ, પાંડવો અને ભીષ્મ પિતામહ ઈત્યાદિક અપાર રાજાઓ થઈ ગયા છે. ૩૯. તે બધા સત્યના માર્ગ ઉપર ચાલ્યા ત્યારે તેની અપાર કીર્તિ થઈ છે. સત્યના માર્ગ ઉપર ચાલ્યા સિવાય કોઈની કીર્તિ થતી નથી. ૪૦. વેદ અને શાસ્ત્રનો આ સિદ્ધાંત છે. તે સિદ્ધાંતની વાતને છોડી દઈને જે મનુષ્ય મનમુખી ચાલે છે, તો તે મનમુખી થઈને ચાલનારને ક્યારેય કીર્તિ મળતી નથી. પછી તે અસત્ય માર્ગે કરોડોનું ધન રોજ ખુએ છે. ૪૧-૪૨. શ્રીહરિ આવી વાત રાત-દિવસ કરતા હતા. અને તે વાતમાં ભક્તોને સન્માર્ગ અને અસત્યમાર્ગ બતાવતા હતા. ૪૩. તે સમયે ત્યાં સંતો હતા તેમણે ચાતુર્માસ બેઠો ત્યારે ધારણા-પારણાના નિયમ રાખ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "મંગલાચરણ અને ગઢપુરમાં રહેલા શ્રીહરિએ નીતિ ઉપર વાત કરી" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨

લાધા ઠક્કરને ભાવનગર મોકલી રાજાનો પ્રતિબંધ દૂર કરાવ્યો

શ્રીહરિ ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં પ્રેમથી રહેતા હતા. તેમાં દાદા ખાચરનું હિત કરવું હતું અને તેમને પ્રસિદ્ધ કરવા હતા. ૧. દાદા ખાચર તેમના પિતાના એક જ પુત્ર હતા. પોતાને પુત્ર કે ભાઈ કાંઈ હતું નહિ. જે લોકોને ગરાસનો લોભ હતો તે તેમના ઉપર દ્વેષ રાખતા હતા. ૨. શ્રીહરિ ત્યાં રહ્યા હતા તેને લીધે જે લોકો દ્વેષ કરતા હતા તેનું રતીભાર પણ ઊપજવા દેતા નહિ. અને જેટલા દાદા ખાચરના વિરોધમાં પ્રયત્ન કરતા હતા તે બધા નિષ્ફળ થતા હતા. ૩. છતાં પણ જેટલું પોતાનું ચાલે તેટલી તેઓ મહેનત કરતા રહેતા હતા. જે ગરાસદારો હતા તે આ દાદા ખાચરને રાજય ન રહે એવો ભાવ રાખતા હતા. ૪. જેમ જેમ મૂર્ખ લોકો દાદા ખાચરને નડતા રહ્યા તેમ તેમ દાદા ખાચરનાં મૂળ પાતાળ સુધી મજબૂત થયાં.

ગરાસનું મજબૂત મૂળ તો પુત્ર કહેવાય છે. અને પુત્રને લીધે ગરાસ જીવતો રહે છે. ૫. જેને પુત્ર ન હોય તેના ગરાસને લેવા માટે મોટા રાજાઓ ચાહતા હતા, પણ પોતાને મરી જવાનું છે આવું ક્યારેય સમજતા નહિ. ૬. આનું જ નામ અપાર મોહ કહેવાય છે. જેનો કોઈ પાર પામી શકતું નથી. જે જેટલો વધારે ગરાસ ચાહે છે તે તેટલો વધારે મોહસાગરમાં ડૂબે છે. ૭. કોઈનાં તન, ધન કે ગરાસ રહ્યાં નથી. તે પ્રગટ નજરે દેખ્યામાં આવે છે. તોય લોકો તેથી લગાર પણ ઉદાસ થતા નથી. આવો મોહ નકારો છે. ૮. માણસ મોહનાં પૂરમાં ડૂબતા રહે છે, તોપણ તેના ઉપર બહુ ભાવ કરે છે. તેવા મનુષ્યોનો ક્યારેય મોક્ષ થાતો નથી. તેને માટે જ જગતનાં બધાં દુઃખો રચ્યાં છે. ૯.

❋ કાળચક્રની બળવત્તા :

જે મનુષ્યો ભગવાનનું ભજન નથી કરતા તેને માટે દુઃખ તૈયાર જ છે. ભગવાનની આગળ કોઈનું લગાર પણ બળ ચાલતું નથી. ચાહે તેવો બળવાન સિંહ હોય પણ તે પાંજરામાં પુરાઈ જાય તો તેનું કાંઈ ચાલતું નથી. ૧૦. કોઈ માણસ સ્વતંત્ર દેખાતો નથી. મોહને લીધે બધું અંધધંધ રહ્યું છે. જેને લોકો 'ખમા ખમા' કરતા હતા તે એક દિવસ ક્યાંય દેખાતા નથી. ૧૧. જ્યારે સિંહ પાંજરામાં પુરાઈ જાય છે ત્યારે તેનું સામર્થ્ય દેખાઈ આવે છે. ચાહે તેવો બળવાન હોય, પણ મનમાં તો તે જાણતો જ હોય છે. ૧૨.

दोहा : चाय तेसे बलवंत हि, जन रहेउ जेते;
हरि न भजत जिहाँ लगहि, काल के मुख तेते...१३
चवात रहे निशदिन हि, देखत नहि रहाय;
आश्चर्य रह यह बात हि, ज्ञान बिन हि जो ताय...१४

ચાહે તેવો બળવાન મનુષ્ય હોય, પણ જ્યાં સુધી તે ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી તે રાત્રિ-દિવસ કાળના મોઢામાં ચવાયા જ કરે છે, છતાં જ્ઞાન વિના તે કાંઈ દેખતા નથી તે આશ્ચર્યની વાત છે. ૧૩-૧૪.

શ્રીહરિ જ્યાં રહેતા હતા ત્યાં વાસુદેવનારાયણનું મંદિર કરવા માટે પાયા ખોદાવીને પુરાવ્યા. ૧૫. દાદા ખાચરને જે ગણકારતા નહિ તે તેમની

વધતી કીર્તિ જોઈને દ્વેષ કરવા લાગ્યા અને મંદિર થતું અટકાવ્યું. ૧૬. દાદા ખાચરની કીર્તિ ન રુચે તેવો એક વણિક ગઢપુરમાં હતો. ગઢપુરનાં જેટલાં ગામ હતાં તેનો તે ત્યારે ઈજારો લઈ આવ્યો. ૧૭. અને દાદા ખાચરનો જેટલો ગરાસ હતો તે બધો બંધ કરાવીને બેસી ગયો. અને તે વણિકે દાદા ખાચરને આવીને કહ્યું કે, 'તમે રાજાની રજા લઈ આવો. ૧૮. જો રાજા રજા આપશે તો હું કાંઈ મનાઈ કરતો નથી.' ત્યારે દાદા ખાચર કહે, 'અમારે વારંવાર ઘણું કામ પડતું હોય છે. ૧૯. અમે કેટલીવાર જઈને રાજાને પૂછીએ ? અને રાજાને પૂછીને જ કામ કરાતું હોય તો અમારા કાબુમાં શું રહ્યું ?'

ત્યારે તે વણિકે દાદા ખાચરને કહ્યું, 'પહેલા તમને ક્યારેય (અધિકાર) આપેલ હતો ? ૨૦. તમે ગામેતી બધા અતિ તુચ્છ મતિવાળા છો. એકબીજાનું સારું થતું જોઈને અંતરમાં રાજી થતા નથી. ૨૧. પોતાનો ગરાસ ખોઈને પછી બીજાનું દબાવવા ફરો છો. બીજાનું જેવું ઇચ્છે છે તેવું ફળ પોતાને મળે છે. ૨૨. આખો રોટલો જ્યારે ખાતા હતા ત્યારે જેટલું મળતું તે બધું લૂંટીને લાવતા હતા. ગામની જ્યારે મહેસૂલ બંધાણી ત્યારે કાઠીઓએ ક્યારેય તે મહેસૂલ ભરી નહિ. ૨૩. તે મહેસૂલમાં જે રાજા હતા તેને ગામમાં ભાગ લખી આપ્યો. ત્યારે જે રાજાએ જેટલી મહેસૂલ ભરી તેઓ પોતાનું ગામ કરી બેઠા. જેણે મહેસૂલ ન ભરી તેના આખા એક રોટલાના ચાર ભાગ કર્યા. કારભારી ઘણા ચતુર હતા. તેણે કાઠીને કહ્યું કે ત્રણ ભાગ તો રાજાના થયા અને એક જ ભાગ તમારો રહ્યો. હવે વેરામાં તમારો ભાગ નથી તેમ નિર્ધાર કર્યો. ૨૪-૨૬.

પછી કાઠીની જેટલી હદ હતી તે બધી રાજાની કરી દીધી. કાઠીની થોડી પણ રાખી નહિ. પોતાથી જે મોટા બળવાન હોય તેને કાઠી શું કરે ? ૨૭. જ્યારથી અંગ્રેજનું રાજ્ય થયું તે દિવસથી (આ મોટા રાજાઓ) પ્રજાને વગર પ્રયોજને લૂંટતા તે બંધ થયા છે. ૨૮. તેમાં જેટલા બુદ્ધિશાળી હતા તે બધા વગર રાજ્યે રાજ કરતા થયા. તમે જમીનદાર સાચા, પણ બુદ્ધિમાનની આગળ કાચા પડ્યા છો. ૨૯. હવે તો બુદ્ધિમાન જેમ કહે તેમ તમારે

ચાલવાનું રહ્યું. હવે તો બુદ્ધિમાં જ સુખ રહ્યું છે અને અહં-મમત્વમાં તો દુઃખ જ દેખાય છે. ૩૦.

તમારા લાધા ઠક્કર નામે જે કારભારી રહ્યા છે તેના જેવો કોઈ બુદ્ધિમાન નથી. તેને તમે જાણતા નથી. ૩૧. તે જે રીતે રાજી રહે તે રીતે તેને જમીન આપો અને ગરાસ ખાવો હોય તો તેને ગરાસના માલિક બનાવો.' ૩૨. વણિક શત્રુ હતો તોપણ તેણે સાચી વાત બતાવી. તે વણિકે જે રીતે વાત કહી હતી તે રીતે દાદા ખાચરે બધું કર્યું. લાધા ઠક્કરને રાજી કર્યા. તેને ખેતીવાડી આપી, એક ઓસરીએ બધા નવાં ઘર બંધાવી દીધાં. ૩૩-૩૪. બજારની વચ્ચે દુકાન અપાવી, તે કહે તેવો તેને અશ્વ આપ્યો અને ત્યારે ચાર-પાંચ મજબૂત માણસો તેની પાસે રાખ્યા. ૩૫. ભારે ભારે વસ્ત્ર આપ્યાં. તરત જ તેણે તે પહેરી લીધા. પછી તે તરત ભાવનગર ચાલ્યા અને જઈને કારભારીને મળ્યા. તેને દેખીને કારભારી ઘણું પ્રસન્ન થયા. ઠાકોર સાહેબને મળીને મનમેળ કરાવી દીધો. ૩૬-૩૭.

વણિકે જેટલું બંધ કરાવ્યું હતું તે બધાની છૂટી કરાવી દીધી અને તેનો પત્ર ઠાકોર સાહેબે ત્યારે કરી આપ્યો. ૩૮. પછી લાધા ઠક્કર ભાવનગરના ઠાકોર સાહેબની રજા લઈને ગઢપુર આવ્યા, અને તે પત્ર ત્યારે વણિકને આપ્યો. ૩૯. ઠાકોર સાહેબનો પત્ર દેખીને ત્યારે વણિકે વાસુદેવનારાયણનું મંદિર કરવાની છૂટી આપી. જે કોઈ પણ બાબત હોય તેને તે રજા વિના કરવા દેતો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "લાધા ઠક્કરને ભાવનગર મોકલીને રાજાનો પ્રતિબંધ દૂર કરાવ્યો" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩

જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે ગઢપુરના જીવા ખાચરની સમજણ

શ્રાવણ વદિ પક્ષના દિવસોમાં સારંગપુરના દરબાર જીવા ખાચર શ્રીહરિનાં દર્શન કરવાં માટે ગઢપુર આવ્યાં. અને તેમણે શ્રીહરિને કહ્યું કે, 'હવે આપ જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે સારંગપુર આવો. અમને ઉત્સવ કરાવવાનો ઘણો ભાવ છે. જેટલા સંતો છે તે અને જેટલા હરિભક્તો છે તે બધા ત્યાં આવશે. ૧-૩.

શ્રીહરિએ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને ગઢપુરના ઈજારદાર વણિકની પાસે મોકલ્યા. ૪. શ્રીહરિએ કહ્યું કે, "તમે ઈજારદારને અમે જેમ કહીએ તેમ કહેજો. તમે ગઢપુર ગામના ઈજારદાર થયા છો અને અમારે જન્માષ્ટમી સમીપ આવી રહી છે. ૫. જો તમે કહો તો આ જન્માષ્ટમીનો ઉત્સવ અમે અહીંયા રહીને કરીએ. અત્યારે તમારી જેવી મરજી હોય તેમ તમે કહો." ૬. જેમને ઈજારદાર વણિક જાણતા હતા એવા તે બંને મોટા સંતો તેમને ઘેર આવ્યા છતાં તે વણિક સન્મુખ પણ આવ્યો નહિ. ૭. સંતો આવ્યા તેને આવકાર પણ ન આપ્યો. તે વણિકના મનમાં ઘણો રોષ ભર્યો હતો. બ્રહ્માનંદસ્વામીએ તેને કહ્યું કે, 'અમે તમને જે પૂછ્યું તેનો ઉત્તર આપો. તમે જેમ કહેશો તેમ અમે કરશું.' ૮. સંતો બે ઘડી સુધી ત્યાં બેસી રહ્યા. ઈજારદાર વણિકે હા કે ના કાંઈ કહ્યું નહિ. મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'શેઠના મનમાં કાંઈ ભાવ દેખાતો નથી.' એમ કહીને ચાલતા થયા.

જ્યારે બજારમાં આવ્યા ત્યારે ત્યાં જીવા ખાચર મળ્યા. તે આવીને સંતોના પગમાં પડ્યા અને હાથ જોડીને તેણે પૂછ્યું, ૯-૧૦. 'આપ બંને ક્યાં ગયા હતા ?' ત્યારે સંતોએ જે વાત થઈ હતી તે બધી કહી. પછી જીવા ખાચર બોલ્યા, 'હું વિચક્ષણ એવા શ્રીહરિને ઓળખું છું. જે વાત કરવાની જરૂર હોય તેમાં તેઓ કોઈને પૂછતા નથી અને જે વાત ન કરવાની હોય તે બધી તેને પૂછે છે. ૧૧-૧૨. **જ્યારે જ્યારે શ્રીહરિ અવતાર લે છે ત્યારે બધું તેમનું ધાર્યું જ થાય છે અને ક્યારેક ધારે છે છતાં નથી કરતા. આ**

બધી તો તેમની લીલા છે. ૧૩. આ વાતને વણિક ક્યાંથી જાણે ? તે તો ઈજારો લઈ આવ્યો છે. ભગવાન તે વણિકને આ રીતે નચાવી રહ્યા છે. ૧૪. ભગવાનની જે આ લીલા છે તેને વણિક જાણતો નથી અને તે પોતાનું જ ભૂંડું કરી રહ્યો છે. ૧૫. તે ઈજારો લઈ આવ્યો છે અને જે ભગવાનના ભક્ત હોય છે તેને દુઃખ દે છે. પછી તો તે તેનું ફળ પામે છે. ૧૬. જે ભગવાનના ભક્તોની ઉપર ઈર્ષ્યા લાવીને વ્યવહાર કરે છે અને જે રીતે તે દુઃખવતો રહે છે તે રીતનું ફળ તે પામતો રહે છે. ૧૭.

चोपाई :

भगवान के भक्त कु जितना, प्रसन्न करावत रहे तितना;
चाय तेसे दुःख आवनवारा, तरत ताके होवत निवारा...१८

અને ભગવાનના ભક્તને જેટલા રાજી કરે છે તેને ચાહે તેવું દુઃખ આવનારું હોય, તોપણ તેનો તરત જ નિવેડો આવી જાય છે. ૧૮. ચાલો, હું પણ શ્રીહરિની પાસે આવું છું. કામ પડે ત્યારે તો હું પણ શ્રીહરિનો દાસ જ છું ને !' આમ કહીને તે સંતોની સાથે ચાલ્યા અને શ્રીહરિની પાસે આવીને મસ્તક નમાવ્યું. ૧૯.

પછી બે હાથ જોડીને શ્રીહરિની આગળ કહ્યું, 'આપની આગળ તો અમારી બુદ્ધિ થોડી છે, પણ બીજો ચાહે તેવો સરદાર હોય તો તે ઘણા પ્રેમથી અમારી અદબ રાખે છે. ૨૦. તેમાં અમારું કાંઈ નથી હું તો તે બધો આપનો પ્રતાપ જાણું છું. જેમાં જેમાં જે કાંઈ પ્રતાપ કહેવાય છે તે બધો આપે જ દિધેલો છે; એમ દેખાય છે. ૨૧. છતાં આપને જેવા છો તેવા બ્રહ્માદિક દેવતાઓ પણ જાણી શકતા નથી, તો પછી અહીંના રાજાઓ કે બુદ્ધિમાન માણસો આપની મોટપના પારને ક્યાંથી પામે ? ૨૨.

स्थावर जंगम रहेउ जेता, तुमारि आगे जड रहे तेता;
अक्षर हि जेसे जड रहेऊ, तुमारि आगे प्रभु यह तेऊ...२३
तुमारे भक्त कहावत जेते, तुमकु जथार्थ जानत तेते;
मनुष्य चरित्र तुमारे तामें, दिव्यपना देख रहे यामें...२४

જે કાંઈ પણ સ્થાવર-જંગમ કહેવાય છે તે બધું આપની આગળ જડ છે. અરે પ્રભુ ! આપની આગળ તો અક્ષર જેવા પણ જડ થઈને રહે છે. ૨૩. ખરેખર આપના જે ભક્ત કહેવાય છે તે જ આપને યથાર્થ જાણે છે. કેમ જે, આપનાં જે મનુષ્યચરિત્ર હોય છે તેમાં તેઓ દિવ્યપણું દેખે છે. ૨૪. બળવાનમાં બળવાન કાળ છે તેના સમાન કોઈ બળવાન નથી. આ બ્રહ્માંડ તો જેનો કોળિયો છે, એવો તે કાળ છે. ૨૫. આવો બળવાન કાળ પણ નિશ્ચિતપણે આપનો કોળિયો બનીને રહ્યો છે, તેમ આપના જે ભક્તો છે તે નિશ્ચિત રૂપમાં જાણે છે, બીજો કોઈ જાણતો નથી. ૨૬.

જેટલા ગ્રંથો છે તેમાં વેદ સહુથી પર છે. તે વેદો પોતાને મુખે રાત-દિવસ આપને 'નેતિ નેતિ' એમ મહિમાગાન કરી રહ્યા છે. ૨૭. એવા આપની આગળ બીજા મનુષ્યના શા લેખા ? જે આપના પ્રતાપને જેમ છે તેમ જાણે. હું મારાં મનમાં આવું સમજુ છું, છતાં આપની આગળ જડવત રહ્યો છું. ૨૮. લોકો જેમ જેમ આપના પ્રતાપને વધારે જાણે છે તેમ તેમ તેની અંદર જે કાંઈ તુચ્છપણું રહ્યું છે તેનો નાશ થઈ જાય છે. પછી આપના સમાન બીજું કાંઈ દેખાતું નથી. જ્યારે આપના સમાન બીજા કોઈને દેખે નહીં ત્યારે એ જીવનું જ્ઞાન ક્યાંથી ફરે ? ૨૯-૩૦. ક્યારેય ફરે નહિ એવું જે દૃઢ જ્ઞાન છે તે જ સર્વોપરિ જ્ઞાન છે. **હે મહારાજ ! દેવ, દૈત્ય અને મનુષ્યો, બધા આપના આપેલા શરીરને પામ્યા છે. ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવમાં આપે જ જ્ઞાન આપેલું છે. અને અનેક પ્રકારના અપાર ખાન-પાન પણ આપે જ રચી દીધા છે.** ૩૧-૩૨. આ બધી જેટલી રચના કરી છે, તે જીવને આપનું જ્ઞાન થાય તેટલા માટે જ કરી છે. જે જે કાંઈ બાબત કહેવાય છે તે બધી આપે કરી છે ત્યારે થઈ છે. ૩૩.

જે આ રીતે આપને જ્યાં સુધી જાણી શકતો નથી તે ચાહે તેવો કોઈ ચતુર માણસ હોય તોપણ તે ત્યાં સુધી આંધળા અને બહેરા જેવો લાગે છે અને તે પશુની ગતિને પામી રહ્યો છે. ૩૪. જેની જેવી બુદ્ધિ હોય તે આપને તે રીતે સમજે છે. અને જે જે રીતે સમજે છે તેને તેવું ફળ મળે છે. ૩૫.

(જીવા ખાચર કહે, હે મહારાજ !) આપ ઉત્સવ અહીં ગઢપુરમાં જ કરો. અને હું જ તે ઉત્સવને કરાવું. હું વણિક પાસે જઈશ નહિ. અમારી આગળ તો તે તરણા જેવો છે. ૩૬. ક્યાં પર્વત અને ક્યાં તૂર ? તૂર ચાહે તેવું બળવાન હોય તોપણ પર્વતને ઉડાડે એવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ૩૭. એવા પર્વત જેવા અણનમ જે બંકા હોય તે કોઈને નમતા નથી, તે પણ સંતોને તો નમે છે. (તે વાણિયો આવા મોટા સંતોને નમ્યો પણ નહીં.) અને સાધુનો માર્ગ તો સહન કરવાનો છે તે સહન કરે. ૩૮. જે સાધુ થયા હોય છે તેને તો ભગવાન પણ નમે છે અને જે સંતને નથી નમતા તે તો જગતનો બોજ ઉઠાવનારા છે. ૩૯. સર્વ જગતમાં વંદ્ય રહેલા સ્વરૂપાનંદસ્વામી અમારા દરબારમાં રહ્યા હતા. ત્યારે તેણે આવી બધી વાત મને કરી હતી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે ગઢપુરના જીવા ખાચરની સમજણ" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪

ગઢપુરના દાદા ખાચરના પરિવારના અને ઝીણાભાઈના નિયમ કહ્યા અને પછી શ્રીહરિએ સારંગપુર જવા તૈયારી કરી

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જ્યાં સુધી જીવ અજ્ઞાની હોય છે ત્યાં સુધી તેઓ સત્સંગની જેવી રીત છે તેને જાણતા નથી. ૧. કોઈ ચાહે તેવો ચતુર હોય, પણ જ્યારે તેનું ચિત્ત ભ્રમી જાય ત્યારે તે પૂર્વને પશ્ચિમ કહે છે અને પશ્ચિમને પૂર્વ કહે છે. ૨. પૃથ્વી પર જેટલા મનુષ્યો છે તે ભણે નહિ તો તેમનું અંતર અંધના જેવું દેખાય આવે છે, એવી સમજણ તો સહુમાં રહી છે. ૩. પણ જેટલી રાજ્યસમૃદ્ધિ છે તે બધી સહેજે મળતી હોય, તોપણ તે બેડીની જેમ બંધનકારી છે. પરંતુ જ્ઞાન વિના આ વાત જણાતી નથી. ૪.સત્સંગનું જે યથાર્થ જ્ઞાન છે તે જ્યારે થાય ત્યારે માયિક વસ્તુ-પદાર્થમાત્ર મળ સમાન દેખાય છે. ૫.

✽ સંત સમાગમ સર્વે સુખનું દ્વાર છે :

चोपाई :

भगवान के सुख रहे ताके, जथार्थ ज्ञान भये बिन वाके;
मायिक वस्तु के बंधन तिनसे, छूट सकत नहीं कबहु इनसे...०६
जो जो ज्ञान रहाये जितना, समझने के ताकु तितना;
प्रथक प्रथक तेहि द्वार रहाते, समागम कर आत देखाते...०७
समागम बिन कोउ बात ताका, द्वार नहीं मिलत रहे वाका;
तुमकु भाव रहाये जेसा, हमकु इहाँ रखवेके तेसा...०८

ભગવાનનું સુખ જેવું છે તેવું તેનું યથાર્થ જ્ઞાન થયા વિના માયિક વસ્તુનું બંધન ક્યારેય છૂટી શકતું નથી. ૬. જેટલી પ્રકારનું જે જે જ્ઞાન રહ્યું છે, તે જ્ઞાનને સમજવા માટેના અલગ અલગ દ્વારો રહ્યા હોય છે. તે સમાગમે કરીને દેખ્યામાં આવે છે. ૭. સંતસમાગમ કર્યા સિવાય કોઈ વાતનું દ્વાર મળતું નથી. અમને અહીં રાખવાનો તમને જેવો ભાવ છે, ૮. તેવો જ ભાવ સારંગપુરના હરિભક્તોને પણ છે. વળી, કારિયાણી ગામના જેટલા હરિભક્તો છે તે બધાનો પણ અમને ત્યાં રાખવાનો ભાવ છે. અમે ભાવિક હરિભક્તોના ભાવ પૂરા કરીએ છીએ. સુરા ખાચર પણ ઘણી વખત બહુ બહુ વિનંતિ કરતા રહે છે. ૯-૧૦. દરબાર ઝીણાભાઈએ પણ ઘણી વખત કહેલું છે, તેને પણ કેટલાય વર્ષ વીતી ગયા છે. તો હવે પહેલા જન્માષ્ટમીનો ઉત્સવ સારંગપુરમાં કરીએ. ૧૧. પછી દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કારિયાણી ગામમાં જરૂર કરવો છે. ૧૨. સુરા ખાચરનું લોયા ગામ છે ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કરશું. ૧૩. દરબાર ઝીણાભાઈનું ગામ પંચાળા છે ત્યાં હુતાશનીનો ઉત્સવ અમે કરશું. ૧૪.

હવે પછી ગ્રંથકાર સિદ્ધાનંદસ્વામી પોતાના અનુભવ પ્રમાણે લખે છે કે, 'ચાતુર્માસમાં સંતોએ ધારણા-પારણાનું નિયમ રાખ્યું હતું. ત્યારે દાદા ખાચરના માતાએ એવું નિયમ રાખ્યું કે, અમારે પારણાને દિવસે સંતોને રસોઈ આપવી. આ નિયમ જ્યારે દાદા ખાચરની માતાએ રાખ્યું, ત્યારે શ્રીહરિએ પણ એવું નિયમ રાખ્યું કે, પારણાને દિવસે અમારે સંતોને પીરસવું. પારણાને

દિવસે ઘઉંના સાતપડા મોટા રોટલા શ્રીહરિ બનાવડાવતા. શ્રીહરિ સંતોને પહેલા તે રોટલા પીરસતા. ૧૫-૧૮. દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડામાં સંતોની પંક્તિ બેસતી. ત્યાં શ્રીહરિ સંતોને પીરસતા હતા. ૧૯. શ્રીહરિ કહેતા કે, 'સંતો ! રોટલાને પાત્રમાં ચોળી નાખો.' સંતો જ્યારે તે રોટલાને ચોળી નાખતા ત્યાર પછી શ્રીહરિ તેમાં ગોળ પીરસતા. ૨૦.

જ્યારે ગોળ પીરસાઈ રહે ત્યારે ઘી પીરસતા હતા. અને ઘી પીરસવામાં જે જેટલું લે તેને તેટલું પીરસવામાં કસર રાખતા નહીં. ૨૧. તથા મોગર અડદની દાળ જેટલી જોઈએ તેટલી પીરસતા. પાપડ અને ગોળકેરીનું અથાણું પણ પીરસતા. ૨૨. જે દિવસે ખીચડી કરતા તે દિવસે તેમાં ઘી પીરસતા હતા. ફૂલવડી અને વડીને દહીંમાં નાંખીને તેની કઢી કરાવતા. અને તે પીરસતા હતા. જે દિવસ ભાત કરાવ્યો હોય તે દિવસે તે ભાતમાં દૂધ અને સાકર પીરસતા. પીરસવામાં શ્રીહરિને ભાવ બહુ રહેતો હતો. ૨૩-૨૪. જ્યારે સંતો જમી રહેતા ત્યારે પાત્ર ધોતા. પછી જેમ જેમ સંતો આવે તેને શ્રીહરિ ઓરડાની ઓસરીમાં બેસાડતા. ૨૫. પછી શ્વેત વસ્ત્ર ધારણ કરેલા શ્રીહરિ પલંગ ઉપર બેસતા. તે વખતે દાદા ખાચર હાથમાં કેસરયુક્ત ચંદન લઈને આવતા. ૨૬. ફૂલના હાર લાવીને શ્રીહરિની પૂજા કરતા અને સારું કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના લલાટમાં ચરચતા. ૨૭. ભુજા ઉપર ચંદન ચર્ચીને ફૂલના બાજુ બાંધતા. મસ્તક ઉપર ફૂલના તોરા ધરાવતા. ૨૮. ફૂલના સુંદર ગુચ્છ લઈને બંને કાન ઉપર ધરાવતા. ચરણોમાં પણ કેસરયુક્ત ચંદન ચરચતા. પછી ઘણા હરખથી પગે લાગતા. ૨૯. તે પછી કેસરયુક્ત ચંદનથી સંતોને અર્ચા કરતા અને ફૂલના હાર પહેરાવતા. અને અપાર હરખ ભર્યા પગે લાગતા હતા. ૩૦. આ રીતે રોજ પૂજા કરવાનો નિયમ દાદા ખાચરે રાખ્યો હતો.

✵ ઝીણાભાઈના સદ્‌ગુણો અને વિશેષતાઓ :

દરબાર ઝીણાભાઈ ચાતુર્માસમાં એક-બે મહિના શ્રીહરિ પાસે રહેતા. ૩૧. ક્યારેક ચાર માસ પર્યંત રહેતા, અને કોઈક વખત છ માસ પર્યંત રહેતા. જ્યાં સુધી તેઓ શ્રીહરિ પાસે રહેતા ત્યાં સુધી રોજે રોજ સવારમાં

સંતોની પૂજા કરતા હતા. તેમણે આવો નિયમ રાખ્યો હતો. તેને તે કદી ભૂલી જતા નહિ. તેઓ મોતીચૂર, જલેબી, દૂધપાક અને બિરંજની ઘણા ભાવથી રસોઈ આપતા. તેમના મનમાં ઘણો ઉત્સાહ રહેતો. કારણ કે, શ્રીહરિ અને સંતોને માટે જેટલું થાય તેને જ તે પરમ લાભ માનતા હતા. ૩૨-૩૪. તેઓ પૂરબિયા ક્ષત્રિય હતા. તેઓ પોતે સત્સંગ કરતા અને તેમના જેટલા સંબંધીઓ હતા તે પણ સત્સંગ કરતા. ૩૫.

માનસિંહ અને કેસરીસિંહ પૂરબિયા ક્ષત્રિય હતા. તે બંને મામા-ફઈના દીકરા ભાઈ હતા. તે બંને સાથે રહેતા હતા. ૩૬. તેમાં કેસરીસિંહને રોજ સંતોની પૂજા કરવાનો નિયમ હતો. તે નિયમને તે ભૂલતા નહીં. ૩૭. જ્યાં સુધી દેહ ચાલ્યો ત્યાં સુધી તેણે તે નિયમ રાખ્યો. શ્રીહરિની પ્રસાદીનો ગુલાલ એક પોટલીમાં રાખી મૂકતા. તે પોટલી છોડીને સંતોની પૂજા કરતા. ૩૮. તે સિવાય જેટલા ભાવિક હરિભક્તો હતા તે ચાતુર્માસમાં શ્રીહરિની પાસે દર્શન કરવાં માટે રહેતાં હતાં. ૩૯. પછી શ્રાવણ વદિ પાંચમને દિવસ સવારમાં શ્રીહરિ તૈયાર થયા અને સારંગપુર જવા માટે ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "ગઢપુરના દાદા ખાચરના પરિવારના અને ઝીણાભાઈના નિયમ કહ્યા અને પછી શ્રીહરિએ સારંગપુર જવા તૈયારી કરી" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫

શ્રીહરિ ગઢપુરથી નીકળી જન્માષ્ટમી કરવા સારંગપુર આવ્યા

વીશ-પચીશ જેટલા ઘોડેસવારો શ્રીહરિની સાથે રહ્યા હતા. તે વખતે તેમની સાથે પાર્ષદો અને સંતો પણ હતા. ૧. જન્માષ્ટમીનો ઉત્સવ કરવા માટે દેશે દેશના કેટલાક હરિભક્તો પણ આવીને મળ્યા. ૨. જેટલાં હરિભક્ત બાઈ-ભાઈ આવ્યાં હતાં, તે શ્રીહરિની સાથે સારંગપુર જવા ચાલ્યા. તે વખતે શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને અશ્વ ઉપર બેઠા હતા. ૩.

ગઢપુરથી બહાર નીકળીને થોડુંક દૂર ચાલ્યા ત્યારે શ્રીહરિ '***જમુના કે તીર ઠાડો..***' એ કીર્તન બોલ્યા. ૪.

તે વખતે શ્રીહરિની પાઘ ઉપર શ્વેત ફૂલના તોરા હતા અને બંને કાન ઉપર શ્વેત ફૂલના ગુચ્છ ધારણ કર્યા હતા. ૫. વળી શ્રીહરિએ છાતી ઉપર શ્વેત પુષ્પના ચાર-પાંચ હાર ધારણ કર્યા હતા. અને ભુજાઓ ઉપર શ્વેત ફૂલના બાજુબંધ તથા પહોંચી પણ ધારી હતી. ૬. લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કરેલો હતો. તે ઘણી શોભા ધારી રહ્યો હતો. આવા શોભાયમાન શ્રીહરિ માર્ગમાં ચાલ્યા આવતા હતા તેના સર્વે લોકો દર્શન કરતાં હતાં. ૭.

❋ કીર્તન-ભક્તિના અલૌકિક આનંદનું વર્ણન :

શ્રીહરિ મધુરસ્વરે ગાતા હતા. તેમના જેવો મીઠો સ્વર બીજા કોઈનો ન હતો. પોપટ, કોયલ અને મોર વગેરેનો સ્વર ઘણો મીઠો હોય છે. ૮. તેના કરતાં પણ શ્રીહરિનો સ્વર અપંરપાર વધારે મીઠો હતો. શ્રીહરિ જ્યારે બોલતા હોય ત્યારે જાણે મેઘ બોલતો હોય તેવું લાગતું હતું. શ્રીહરિ જ્યારે આનંદમાં આવી જઈને બોલતા હતા ત્યારે મેઘની ભ્રાંતિ કરાવતા હતા. શ્રીહરિ જ્યારે એક કીર્તન બોલી રહ્યા ત્યારે બીજું કીર્તન બોલવાની શરૂઆત કરી. ૯-૧૦. '*મહોબત કાંમળી વાળે તીનસે, જોરે દ્દઢ કરીકે ઈનસે*' જ્યારે આ કીર્તન બોલી રહ્યા પછી શ્રીહરિએ નાગમાલાને બોલાવ્યા. ૧૧. અને કહ્યું કે, 'હવે તમે પરજ રાગનું કીર્તન ધીરે રહીને બોલો.' તે સમયે નાગમાલા '*માવે વજાડી મોરલી*' તે કીર્તન બોલવા લાગ્યા. ૧૨. તેમની સાથે દાદા ખાચર અને ઝીણાભાઈ પણ કીર્તન બોલવા લાગ્યા. ત્રણેય મળીને બોલતા હતા તે કીર્તન શ્રીહરિ સાંભળતા હતા. ૧૩. જ્યારે તે ત્રણેય મળીને કીર્તન બોલતા હતા ત્યારે એવું જણાય આવતું હતું કે, માનો ત્રણ શરણાઈ મળીને વાગતી હોય ને શું ? એવી રીતે તેઓ ગાતા હતા. ૧૪.

જ્યારે ઢાઢિયાવદર ગામ ત્રણ ખેતર જેટલું દૂર રહ્યું હશે ત્યારે પચાસ જેટલા હરણનું ટોળું ડાબે પડખે આડું ઉતર્યું. ત્યારે શ્રીહરિ ચાલતા ઊભા રહી ગયા અને બોલ્યા કે, 'આ બધા હરણ જમણે પડખે ચાલે તે રીતે કોઈ કરો. ૧૫-૧૬. પછી ઝીણાભાઈએ પોતાના અશ્વને મૃગની પડખે દોડાવ્યો

અને તે બધા હરણને પાછા વાળી લાવ્યા, પરંતુ તેમાંથી એક હરણ ન આવ્યું. ૧૭. પછી શ્રીહરિએ કહ્યું, 'તે એક હરણ પાછું જ્યારે આવશે ત્યારે જ અમે અહીંથી ચાલશું. એટલે ઝીણાભાઈ ફરીથી તે હરણની પાછળ ગયા. છેક ગોરડકા ગામની વાડી હતી ત્યાં સુધી જઈને ઝીણાભાઈ હરણને પાછું લાવ્યા. ત્યારે શ્રીહરિએ ઝીણાભાઈનાં વખાણ કર્યાં. તેનો અશ્વ ઘણો સારો હતો. ૧૮-૧૯. આગળ ચાલ્યા ત્યારે નદીમાં અશ્વને પાણી પાયું અને તે પછી શ્રીહરિ **પીપળિયા** ગામ આવ્યા. ૨૦. પીપળિયા ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધાં દર્શન કરવાં આવ્યાં. સહુ એક એક શ્રીફળ લઈને આવ્યા અને હરખ ભર્યા શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. ૨૧.

જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે શ્રીહરિ **સારંગપુર** આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. ૨૨. હરિભક્તોના હૃદયમાં અપાર હરખ થયો હતો. સહુ હાથમાં શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધરીને પગે લાવ્યા. સહુના મનમાં અતિશય ઉત્સાહ ભર્યો હતો. ૨૩. ઢોલ વગેરે જેટલાં વાજિંત્રો હતા તે સામે લાવ્યા હતા. જ્યાં ગામનો દરવાજો હતો ત્યાં શ્રીફળનું તોરણ બાંધ્યું હતું. ૨૪. બધી બજારોને સ્વચ્છ કરાવીને તેમાં પાણી છાંટ્યું હતું અને બજારમાં કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૨૫. શ્રીહરિ પુરમાં પધાર્યા એટલે તે સમયે બધી જાતનું મંગળ વર્તાઈ રહ્યું હતું. જયજયકાર થતો હતો. ૨૬. જે સંતો અને હરિભક્તો હતા તે સહુ માંગલિક પદ ગાતા હતા, અને સહુને અતિશય હરખ હરખ થઈ ગયો હતો. ૨૭. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, મસ્તક ઉપર લીલા રંગનું છત્ર ધારણ કર્યું હતું. ત્યારે મૂર્તિ ઘણી મનોહર બની હતી. ૨૮.

શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં આવીને ઊતર્યા અને બીજા બધા સવારો જ્યાં જેને ઘટે તેમ ઊતર્યા. ૨૯. બીજા હરિભક્તોને પણ ઘટિત રીતે ઉતારા અપાવીને સંતો ચોરામાં રહ્યા. જે મંદિરમાં ઉતર્યા હતા તેમણે સંતોને માટે રસોઈ કરી. વર્ણીએ શ્રીહરિને માટે રસોઈ કરી. પછી શ્રીહરિએ સ્નાન કરીને જમી લીધું. ૩૦-૩૧. પછી સહુ સંતો જમ્યા. પછી શ્રીહરિએ સભા કરી. જ્યારે છ ઘડી દિવસ બાકી હતો ત્યારે સંતોની સભા થઈ. ૩૨.

જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ભવનની ઓસરીમાં એક સરસ પલંગ બિછાવી દીધો હતો. ૩૩. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. ત્યાં આગળ સંતોની સભા થઈ અને જેટલા હરિભક્તો આવ્યા હતા તેની પણ સભા થઈ. ૩૪.

આગળ ચોકમાં નદીની રેતી લાવીને પાથરી દીધી હતી. ચાહે તેટલો વરસાદ થાય તોપણ રતી ભાર પણ કીચડ ન થાય તેવું કર્યું હતું. ૩૫. દરબારના ચોકમાં સવારે અને સાંજે બે વખત નિત્ય સભા થતી હતી. ૩૬. સવારમાં દિવસ એક પહોર ચઢે ત્યાં સુધી અને સાંજે પણ એક પહોર સુધી શ્રીહરિ સભા કરતા હતા. તે રીતે જ રાતે પણ છ ઘડી (૨.૨૪ કલાક) સુધી સભા કરતા. ૩૭. શ્રીહરિ સભામાં સવારે અને સાંજે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીનાં કીર્તન ગવરાવતાં હતાં. ૩૮. સંતો અને હરિભક્તો જે રીતે પ્રશ્ન પૂછતા હતા તેનો ઉત્તર તે રીતે શ્રીહરિ કરતા હતા. ૩૯. **કીર્તન અને કથા-વાર્તા સિવાય એક પળ જેટલો સમય પણ નિરર્થક જાતો નહિ. સંતો તો એક ક્ષણવાર પણ શ્રીહરિનો સંબંધ છોડતા નહિ. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરથી નીકળી જન્માષ્ટમી કરવા સારંગપુર આવ્યા" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬

સારંગપુરનું પહેલું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) શ્રાવણ વદિ પાંચમને દિવસ સંસારના બંધનને ટાળનારા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ સારંગપુર ગામમાં જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે વખતે શ્રીહરિએ બધાં શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

✵ મનને જીતવાની વિગત :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, **"जितं जगत् केन मनो हि येन"** એ શ્લોકમાં એમ કહ્યું છે કે, ૫. "જેણે પોતાનું મન જીત્યું હોય તેણે બધું જગત જીતી લીધું છે. તે મન જીત્યું કેમ જણાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને પાંચમો ગંધ એ પાંચ વિષયમાંથી જ્યારે ઈન્દ્રિયો પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઈચ્છા મનમાં રહે નહિ ત્યારે બધી ઈન્દ્રિયો વશ વર્તે છે. ૬-૮. અને જ્યારે ઈન્દ્રિયો ક્યારેય વિષયનો સ્પર્શ ન કરે ત્યારે મન પણ ઈન્દ્રિયો સુધી ક્યારેય આવે નહિ. ૯. અને તે હૈયામાં અને હૈયામાં જ રહે. આમતેમ ક્યાંય ક્યારેય દોડે નહિ. આ રીતે પંચવિષયનો અતિ દૃઢપણે જ્યારે ત્યાગ થયો હોય ત્યારે તેનું મન પૂરેપૂરું જીત્યું જાણવું. અને જો વિષયના ઉપર જરા જેટલી પણ પ્રીતિ રહેતી હોય તો તેટલું મન જીત્યું હોવા છતાં જીતાયું નથી; એમ જાણવું. આ વાત અમે સત્ય કહીએ છીએ."

✵ વિષયની નિવૃત્તિના શ્રીહરિએ બતાવેલા બે અજોડ ઉપાય :

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને ફરીને પૂછ્યું જે, ૧૦-૧૨. "વિષયની નિવૃત્તિ થવાનું કારણ તે કોણ છે ? વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે ?" ૧૩. પછી શ્રીજીમહારાજ તેમના પ્રત્યે બોલ્યા, "વિષયની નિવૃત્તિ થવાનું એક કારણ તો આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત ભગવાનનું દૃઢ જ્ઞાન તે છે. ૧૪-૧૫. તેમાં આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ કે, 'હું ચૈતન્ય છું અને દેહ જડ છે. ૧૬. હું અપાર શુદ્ધ છું અને દેહ અપાર નરકરૂપ છે. હું સદા અવિનાશી છું અને દેહ નાશવંત જ દેખાય છે. ૧૭. હું આનંદરૂપ છું અને દેહ દુઃખરૂપ કહેવાય છે. આવી રીતે દેહથી જ્યારે પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ સમજે. પછી દેહને પોતાનું રૂપ માનીને ક્યારેય વિષયમાં પ્રીતિ કરે જ નહિ. આ રીતે ચોક્કસપણે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે.' અમને જેવું જ્ઞાન છે તેમ કહીએ છીએ. ૧૮-૨૦.

चोपाई :

अरु भगवान के महिमा जेहा, एसे विचार करत रहे तेहा;
में आत्मा अति शुद्ध रहेऊ, प्रत्यक्ष भगवान मिले तेऊ...२१
परमात्मा रहे गोलोक ताके, वैकुंठ श्वेतद्वीप हि वाके;
ब्रह्मपुर अनंत कोटि जेहू, ब्रह्मांड के पति रहे तेहू...२२
ब्रह्मादिक देव हि यह तिनके, स्वामी श्रीपुरुषोत्तम इनके;
भगवान ही मेरेकु तेही, प्रत्यक्ष आई मिलेउ एही...२३

અને ભગવાનનો જે મહિમા તેનો એમ વિચાર કરતા રહે જે, 'હું અતિશય શુદ્ધ આત્મા છું. અને મને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે. અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે. અને બ્રહ્માદિ દેવના પણ આ શ્રીપુરુષોત્તમ ભગવાન સ્વામી છે, તે ભગવાન મને પ્રત્યક્ષ આવીને મળ્યા છે. ૨૧-૨૩. **અને તે જ મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન રહ્યા છે. અને તે ભગવાનનું એક નિમેષમાત્રનું જે દર્શન તેના ઉપર અનંત કોટિ બ્રહ્માંડના સર્વ વિષયસુખોને વારીફેરીને ફેંકી દઈએ, એવા તે ભગવાન છે. અને તે ભગવાનના એક રોમમાં જે અગણિત સુખ રહ્યું છે તેની આગળ અનંત કોટિ બ્રહ્માંડનું વિષયસુખ ભેળું કરીએ, તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ તે કોઈ પ્રકારે થાય નહિ;** આવી રીતે ચોક્કસ જાણવું. અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાઓના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરકને તુલ્ય કહ્યા છે. ૨૪-૨૯. એવા જે ભગવાન તે મને પ્રગટ મળ્યા છે. તેમને છોડીને નરકના કુંડ જેવા જે વિષયનાં સુખ છે તેની ઇચ્છા હવે શું રાખવી ? કારણ કે તે વિષયસુખની અત્યંત તુચ્છતા છે. અને જેટલાં વિષયસુખ કહેવાય છે તે કેવળ દુઃખરૂપ જ રહેલાં છે.' ૩૦-૩૧. ભગવાનનું માહાત્મ્ય જાણવાની આવી રીત છે તે મેં તમને કહી. તેનાથી વિષયની નિવૃત્તિ થાય છે.

આવી રીતે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રગટે છે, તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. કેમ જે, જ્યારે વિષયસુખમાં દુઃખ દેખાય આવે છે ત્યારે વાસનાની નિવૃત્તિ

થઈ જાય છે. **આવી રીતે સમજણે કરીને જે વિષયના સુખનો ત્યાગ કરે છે તેને ફરીથી વિષયસુખમાં ક્યારેય પ્રીતિ થાય જ નહીં. આવી સમજણ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે મન જીત્યું કહેવાય.** ૩૨-૩૫. આવી સમજણ વિના તો અપાર હેત દેખાતું હોય, તોપણ જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થઈ જાય ત્યારે તે ભગવાનને છોડીને તત્પર થઈને વિષયમાં પ્રીતિ કરવા લાગે છે. અથવા પુત્ર, સ્ત્રી આદિકમાં પ્રીતિ કરવા લાગે અથવા જ્યારે રોગ સંબંધી કષ્ટ આવે અથવા પંચવિષય સંબંધી સુખ મટી જાય ત્યારે તેને ભગવાનમાં કાંઈ પ્રીતિ રહે નહિ. ૩૬-૩૯. અને તે તત્કાળ વિહ્વળ જેવો થઈ જાય. અને જેમ કૂતરાનું ગલુડિયું હોય તે પહેલા તો ઘણું સારું લાગે, તેમ તેવાની ભક્તિ પહેલા જેવી સારી દેખાતી હોય તેવી અંતે રહે નહિ." તે દૃષ્ટાંતની રીતે જોઈ લેવું. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું પહેલું વચનામૃત કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭

સારંગપુરનું બીજું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) શ્રાવણ વદિ છઠને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયો બિછાવ્યો હતો, તેના ઉપર ઉત્તર મુખે વિરાજમાન હતા. ત્યારે ભક્તોનાં દુઃખને મટાડનારાં એવાં શ્રીહરિએ મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, ૧-૩. શ્વેત પછેડી અંગ ઉપર ઓઢી હતી, શ્વેત ખેસ પહેર્યો હતો. ૪. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૫.

❋ ભગવાન અને ભક્તને પરસ્પર હેત થવાના ઉપાયો :

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા કે, "હવે તમે સહુ મુનિ અંદરોઅંદર પ્રશ્ન-ઉત્તર કરો." ૬.

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ મુનિઓના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો, "જે ભગવાનના ભક્ત થયા હોય તેને ભગવાનની મૂર્તિમાં અતિશય હેત કયે પ્રકારે થાય ? તેનો નિર્ધાર કરીને કહો." પછી તે પ્રશ્નના ઉત્તરને મુનિ માંહોમાહી કરવા લાગ્યા પણ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ તેનો ઉત્તર જે રીતે યથાર્થ રૂપમાં હતો તે રીતે કરવા લાગ્યા. ૭-૯. "સ્નેહ થવાના હેતુઓ કેટલાક છે તેનો કહેતા પાર આવતો નથી. સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે, કામે કરીને પણ થતો દેખાય છે, લોભે કરીને પણ થાય છે, સ્વાર્થે કરીને પણ સ્નેહ થતો જણાય છે અને ગુણે કરીને પણ સ્નેહ થતો હોય છે. આમ, સ્નેહ થવાના હેતુ ઘણા છે. ૧૦-૧૧. તેમાં રૂપે કરીને જેટલો સ્નેહ થયો હોય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત અથવા કોઢ નીકળે ત્યારે જેટલો સ્નેહ થયો હોય તે નાશ થઈ જાય છે. તેમજ કામ, લોભ અને સ્વાર્થે કરીને જેટલું હેત થયું હોય તેનો પણ અંતે નાશ થઈ જાય છે. આવી રીતે સ્નેહ નાશ થઈ જાય તેવી તો ઘણી વાત છે. ૧૨-૧૪. અને **ગુણે કરીને જે સ્નેહ થયો હોય છે તે અંતે રહે છે. ગુણ વિનાનો સ્નેહ રહેતો નથી." ૧૫.**

ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યે શુભ મતિવાળા સોમલા ખાચર બોલ્યા કે, "તે ગુણ કયા ? કેમ જે, ગુણ તો ઉપરલા અને માંહિલા બે પ્રકારના છે. તેમાંથી કયા ગુણ કહો છો ?" પછી શ્રીજીમહારાજ તેના ઉપર કૃપા કરીને બોલ્યા જે, ૧૬-૧૭. "ઉપરલા ગુણોથી શું થાય ? મન, કર્મ, વચને કરીને જે ગુણ હોય અને તે ગુણે કરીને જે હેત થયું હોય તેનો નાશ થતો નથી. જે ભગવાનનો દાસ હોય તે આવું હેત કરે છે. ૧૮. અને તમે જે પૂછો છો તે ભક્તને ભગવાનના ઉપર સ્નેહ થાય એવું જ કેવળ પૂછો છો ? કે ભગવાનને ભક્તના ઉપર હેત થાય એવું પણ પૂછો છો ?" ત્યારે સ્વયંપ્રકાશાનંદ મુનિએ કહ્યું, "તેવું પણ પૂછીએ છીએ; અર્થાત્ બંને બાબત પૂછીએ છીએ."

પછી શ્રીજીમહારાજ તેની વિસ્તાર કરીને જેવી હતી તેવી વાત કરવા લાગ્યા જે, “વચને કરીને તો કોઈપણ રીતના જીવ-પ્રાણીમાત્રને કોઈ પ્રકારે દુઃખવવા નહિ, તેનો ઘણો વિચાર રાખવો. વિચાર રાખ્યા વિના ચાહે તેટલી વાતોને સાંભળે તોપણ તેનાથી કોઈ અર્થ સરતો નથી. ૧૯-૨૨. સત્સંગ અને શાસ્ત્રમાં જેટલી વાત હોય છે તેને નિષ્કપટપણે કરીને ગ્રહણ કરે તેટલી જ તે અંતે ઉપયોગમાં આવે છે. જેમ હાથમાં ચિંતામણિ હોય તો જેવું ચિંતવીએ તેવું ફળ મળે છે, તેમ જે કપટી હોય તે ગમે તેટલી વાતોને ગ્રહણ કરે તોપણ તેને તેવું જ ફળ મળે છે. ૨૩-૨૪. અને પરમેશ્વરની સમીપે તથા મોટા સંતની સમીપે પ્રશ્ન-ઉત્તર કરતા હોઈએ, અને તેમાં પરસ્પર વાદ-વિવાદ થતો હોય અને તેમાં પોતે ઉત્તરે કરીને જીતીએ તેમ હોય, તોપણ મોટા કરતાં જે નાના હોય તેણે તરત નમી દેવું. નાનાએ કોઈ મોટાને હરાવવા નહિ. (કહેતાં, આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભોંઠા પડે એમ કરવું નહીં.) ૨૫-૨૭.

चोपाई :

बडे संत के आगे जेहा, अरु परमेश्वर आगे तेहा;
हारी जाना कहत जरूरा, बात एहि दृढ रखना ऊरा...२८
परमेश्वर वा बडेउ संता, पोताकु कोउ वचन कहंता;
जोग्य अथवा अजोग्य रहाते, तरत ही लेना शिर चढाते...२९

મોટા સંતની આગળ અને પરમેશ્વરની આગળ તો જરૂર હારી જાવું. આ વાત હૃદયમાં દૃઢ કરીને રાખવી તેમ અમે કહીએ છીએ. ૨૮. પરમેશ્વર અથવા મોટા સંતો પોતાને કોઈ વચન કહે, તે યોગ્ય હોય અથવા અયોગ્ય હોય, પરંતુ ત્યારે તો તેને તરત માથે ચઢાવવું. ૨૯. અને તેને સ્નેહે સહિત માની લેવું. તેમાં યોગ્ય વચનમાં તો કોઈ આશંકા રહેતી નથી, પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય તેમાં તો શંકા કરવાનો અવકાશ રહ્યો હોય છે. તોપણ તે સમયે તરત ના કહેવી નહિ. કેમ જે, ના કહેવામાં અપમાન રહ્યું છે. માટે જ્યારે કહે ત્યારે તો તરત હા જ કહેવી. આમ પ્રસન્નતાની વાત જાણી લેવી. ૩૦-૩૧.

અને તે વખતે એમ કહેવું કે, 'હે મહારાજ ! આપ જેમ કહો તેમ કરવા હું તત્પર છું, પણ તરત શંકા કરવી નહિ. અને તે વચન જો પોતાને મનાય નહીં તેવું હોય, તો પરમેશ્વર તથા મોટા સંતો તેની મરજી હોય તો તે જોઈને તેમને હાથ જોડીને ભક્તિએ સહિત તેમની પાસે પરમ પ્રેમભર્યું વચન કહેવું જે, 'હે મહારાજ ! આપે જે વચન કહ્યું તે ઠીક જ છે, ૩૨-૩૪. પણ મને તેમાં આટલી શંકા રહે છે. આ રીતે અત્યંત દીન થઈને તેવો સમય જોઈને બોલવું. ૩૫. અને જો પરમેશ્વરની મરજી દેખ્યામાં ન આવે તો તેની સમીપે જે મોટા સંતો રહેતા હોય અથવા તો મોટા હરિભક્તો હોય તેની આગળ કહેવું કે, 'પરમેશ્વરે આવી રીતે જે વચન કહ્યું છે તે મને માન્યામાં આવતું નથી.' પછી મોટા સંત તેનું સમાધાન કરે અથવા તો પરમેશ્વરને કહીને તે વચનનું સમાધાન કરાવે. તે વિના તે બાબતનું સુખ ક્યારેય થાય નહિ. ૩૬-૩૯. પણ પરમેશ્વરે જે યોગ્ય કે અયોગ્ય વચન કહ્યું હોય તેની તે સમયે ના કહેવી નહિ. આ રીતે યુક્તિએ કરીને મોટાના વચનને પાછું ઠેલવું, પરંતુ કહે અને તત્કાળ જ તેની ક્યારેય ના પાડવી નહિ. ૪૦-૪૧. **એવી રીતે વચનના ગુણે કરીને વર્તવું. પછી તે ભક્તના ઉપર પરમેશ્વર તથા મોટા સંતને અપાર અને અનુપમ સ્નેહ થાય છે. તેનું કોઈ મૂલ્ય થઈ શકતું નથી. અને તે ભક્તને પણ ભગવાનમાં દૃઢ સ્નેહ થાય છે. અને તેને સહુ પ્રમાણરૂપ કરે છે.**

હવે દેહના ગુણે કરીને જે રીતે વર્તવાનું હોય તેને કહું છું. **૪૨-૪૪.** પોતાના દેહમાં જો કાંઈક ઉન્મત્તપણું જણાય તો ત્યારે ભજનમાં વારંવાર બેસીને અથવા ચાંદ્રાયણ વ્રત કરીને ઉત્સાહથી દેહને દુર્બળ કરવો. **પછી તેને દેખીને જે મોટા સંત હોય અથવા પરમેશ્વર હોય તે ભલે તેના દેહની ખબર રખાવે, પણ પોતાને જાણે કરીને દેહની સંભાળ રાખે નહિ.** ૪૫-૪૭. અથવા દેહે કરીને ભગવાનની કે ભગવાનના ભક્તની ઘણા ભાવથી ટેલ-ચાકરી કરવી. ૪૮. આવી રીતે જ્યારે દેહના ગુણે કરીને વર્તે છે ત્યારે તેને દેખીને તેના ઉપર પરમેશ્વરને અને મોટા સંતને સ્નેહ થાય છે. અને

તે રીતે જ ભક્તને પણ તેમાં સ્નેહ થાય છે. હવે મનના ગુણે કરીને જે રીતે વર્તવાનું હોય તેની રીત કહીએ છીએ. જેનાથી ભક્તને ભગવાનમાં પ્રીતિ થાય છે." ૪૯-૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું બીજું વચનામૃત ચાલું કહ્યું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ||૭||



પૂર ત્રેવીશમું : તરંગ - ૮

સારંગપુરનું બાકીનું બીજું વચનામૃત પૂરું

પછી શ્રીજીમહારાજે કહ્યું કે, "મનના ગુણે કરીને જેમ વર્તવું તેની રીત કહીએ છીએ. **જ્યારે પરમેશ્વરનાં નિત્ય દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવા. આવી રીતે ભક્તે ભગવાનનાં દર્શન કરવાં.** ૧-૨. અને પરમેશ્વરનાં દર્શન કરતાં હોઈએ તેમાં સ્થિર દૃષ્ટિ કરવાથી મન પણ સ્થિર થઈ જાય છે. અને તે દર્શન કરતી વખતે ત્યાં કોઈ મનુષ્ય આવે અથવા કોઈ શ્વાન આવે કે કોઈ પશુ, પક્ષી આવે ત્યારે પરમેશ્વરનાં દર્શન કરતાં હોઈએ તેમાંથી વૃત્તિ તોડીને આજુ બાજુમાં કે ઊંચે નીચે દૃષ્ટિ કરીને જો તેના પણ ભગવાનની સાથે દર્શન કરતો જાય, તો આવી જેની ફાટેલ દૃષ્ટિ હોય તેને દેખીને પરમેશ્વર અથવા મોટા સંત રાજી થતા નથી. અને તેના ઉપરથી હેત ઊતરી જાય છે. તે કેવી રીતે દર્શન કરે છે ? તો, જેમ અન્ય મનુષ્ય દર્શન કરે છે તેમ તે પણ કરે છે. જેને આવી લૌકિક દૃષ્ટિ વર્તતી હોય તે તો જેમ ખીલખોડી જ્યારે બોલે છે તે ભેળે પૂંછડી ઊંચી કરે છે, તેવો તેને જાણવો. આવી રીતે પરમેશ્વરની ભેળા બીજાનાં પણ જેટલાં દર્શન કરે છે તેટલી તેની લૌકિક મતિ છે. ૩-૯.

આવી રીતે જ્યારે તે રોજે રોજ લૌકિક દર્શન કરવાં લાગે ત્યારે તે જેવો પ્રથમ સારો હતો તેવો ક્યારેય રહે નહીં. ૧૦. અને તે દિવસે દિવસે ઊતરતો જાય છે. તેના ઉપર કોઈને હેત રહેતું નથી. માટે જેને પરમેશ્વરમાં

અધિક હેત કરવું હોય તેણે પરમેશ્વરનાં દર્શન કરતી વખતે ફાટી દૃષ્ટિએ વર્તવું નહિ. પણ પરમેશ્વરનાં સહુ પ્રથમ પોતાને જે રીતે દર્શન થયાં હોય તે રીતે નવીન ને નવીન રાખવાં. ૧૧-૧૨. પહેલી વખતે જે દર્શન કર્યાં હોય ત્યારે અંતરમાં જેવું અલૌકિકપણું હોય તેમ વર્તવું. અને તેવું અલૌકિકપણું રાખીને દૃષ્ટિને સ્થિર રાખવી. સહુ પ્રથમ મૂર્તિને જોઈને વૃત્તિ બાબતે ધીરજ રાખીને ૧૩-૧૪. **નેત્રની વૃત્તિમાં મૂર્તિને પકડી રાખવી. પછી દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં તેવી ને તેવી જ ઉતારવી.**

જેમ ધરમપુરમાં કુશળ કુંવરબાઈ અમારાં દર્શન કરીને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં વારંવાર ઉતારતાં હતાં, ૧૫-૧૭. તેમ મૂર્તિનાં જે દર્શન કરવાં તે તો મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં અને ફાટી દૃષ્ટિનો ત્યાગ કરવો. ૧૮. પણ જેમ બીજાં દર્શન કરે છે તેમ ભક્તજને દર્શન ન કરવાં. અને જે પરમેશ્વરનાં દર્શનની ભેળા બીજા મનુષ્ય અથવા શ્વાન કે બિલાડા ઇત્યાદિકનાં દર્શન કરે છે તેને જ્યારે સ્વપ્ન આવે છે ત્યારે પરમેશ્વર તેની સાથે બીજા બધા પણ ભેળા દેખાય આવે છે, એકલી મૂર્તિ દેખાતી નથી. માટે જ્યારે પરમેશ્વરનાં દર્શન કરવાં હોય ત્યારે એકાગ્ર દૃષ્ટિએ કરીને કરવા, પણ ચપળ દૃષ્ટિએ કરીને ન કરવા. અને જે ભક્તજન જ્યારે પરમેશ્વરનાં દર્શન કરે છે ત્યારે પોતાની દૃષ્ટિને જેટલી નિયમમાં રાખીને કરે છે, તેને તે દર્શન તેટલાં નવીનનાં નવીન જ રહે છે. ૧૯-૨૩. અને વળી, અમે જેમ કહ્યું તેમ જે વર્તે છે તેને જ પરમેશ્વરે જેટલાં વચન કહ્યાં હોય તે પણ નવીનનાં નવીન જ રહે છે. ૨૪. અને લૌકિક બાહ્યષ્ટિએ કરીને જે ભક્તજન કરોડો વર્ષ સુધી દર્શન કરતો રહે, તોપણ તેને પરમેશ્વરનાં દર્શન અને તેમનાં વચન તે બધું જૂનું થઈ જાય છે. અને તેનું મન સ્થિર થાતું નથી. ૨૫-૨૬.

આવો ભક્ત નિત્ય દર્શન કરતો હોય તોપણ દર્શન ન થયા હોય તેવું તેનું ચિત્ત રહે છે. કેમ જે, તે જ્યારે ભગવાનના ભજનમાં બેસે છે ત્યારે મન સ્થિર રહેતું નથી અને બહુધારાએ યુક્ત થાય છે, છતાં પણ તેને તેની પીડા થતી નથી; આવું તેનું ચિત્ત થઈ જાય છે. ૨૭-૨૮. તે જ્યારે

પરમેશ્વરને ધારે છે ત્યારે પરમેશ્વરની સાથે બીજાં જે જે દર્શન કર્યાં હોય છે તે બધાં વગર ધાર્યા તેના હૈયામાં સ્ફુરી આવે છે. અને મૂર્તિની ભેગા ધરાયેલા રહે છે. માટે જ્યારે દર્શન કરવાં હોય ત્યારે એક પરમેશ્વરનાં જ દર્શન કરવાં. ૨૯-૩૦. એકાગ્રવૃત્તિથી જે દર્શન કરે છે, તે જ્યારે ભજન-સ્મરણ કરે છે ત્યારે તેનું મન માત્ર મૂર્તિમાં જ એકધારાએ યુક્ત રહે છે. ૩૧. તેના મનની બહુધારા થાતી નથી, એક જ ધારા રહે છે. અને જે ચપળ દૃષ્ટિએ કરીને જ્યારે દર્શન કરતાં હોય છે તેને હું જાણું છું. અને જેના દૃષ્ટિ અને મન નિયમમાં હોય તેવા મોટા સંતો પણ તેને જાણતા હોય છે કે, ૩૨-૩૩. આ તો લૌકિક દર્શન કરે છે.

પછી એવાં લૌકિક દર્શન કરનારાં જેટલાં હોય છે તે આ સંતસમાગમમાંથી દિવસે દિવસે ઊતરતા જાય છે. જેમ કોઈ કામી પુરુષે રૂપાળી સ્ત્રીમાં એકાગ્ર મન કરીને તેમાં દૃષ્ટિ પરોવી હોય, તે સમયમાં વચ્ચે કોઈ પશુ-પક્ષી આવે-જાય તેની પણ તેને ખબર રહેતી નથી. એવી રીતે મનને એકાગ્ર કરીને મૂર્તિમાં પરોવવું, ૩૪-૩૭. પણ લૌકિક દર્શન ન કરવાં. જે પાકા હરિભક્ત હોય છે તે ક્યારેય લૌકિક દર્શન કરતાં નથી; આવું તમે સમજો." ૩૮.

❋ અભયદાનની મહત્તા :

પછી નિર્વિકારાનંદસ્વામીએ આશંકા કરી કે, "હે અધમઉદ્ધારક ! અમારે તો દેશે દેશમાં મનુષ્યની આગળ વાતો કરવી પડતી હોય છે અને તેણે કરીને અમારું મન એકાગ્રપણે રહેતું નથી." ૩૯-૪૦. ત્યારે શ્રીજીમહારાજે તે મુનિના પ્રત્યે કહ્યું જે, "મનુષ્યની આગળ વાત કરવી તેની તો અમે આજ્ઞા આપી છે. કેમ જે, મનુષ્યો સંસારરૂપી સાગરમાં ડૂબતા હોય તેમાંથી તેનો ઉદ્ધાર કરે છે તેને અપાર પુણ્ય થાય છે. ૪૧-૪૨. **મનુષ્યનો ઉદ્ધાર કરવો તે મોટામાં મોટું દાન છે. તેની બરોબરીમાં બીજું કોઈ દાન આવતું નથી. જે અનંત કોટિ બ્રહ્માંડો છે તેને સુવર્ણથી ભરીને એક કલ્પ સુધી કોઈ દાન કરતો રહે, તોપણ એક માણસને મોક્ષનો માર્ગ બતાવે તેની સમાન તે દાન ક્યારેય આવતું નથી; આવું ફળ મોક્ષમાર્ગ બતાવવામાં રહ્યું છે. ૪૩-૪૪.**

❋ અલૌકિક સમજણવાળાની અલૌકિક રીતનું વર્ણન :

પરંતુ અહીંયા (અમારી સાથે હો ત્યારે) તો ભગવાનાં દર્શન છોડીને બીજાનાં દર્શન ન કરવાં તેમ અમે કહ્યું છે. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તે ચિંતામણિનું માહાત્મ્ય જાણતો નથી. કરોડો કલ્પ સુધી ભેગો રહે તોપણ તે બાળક તો ચિંતામણિની સાથે સદા પથ્થરની જેમ વર્તતો રહે છે. ૪૫-૪૬. તેમ સત્સંગ થયા પછી પણ સત્સંગની રીતે જે ચાલતા નથી તે ગમે તેવા બુદ્ધિમાન હોય, તોપણ બાળકની ગણતરીમાં આવે છે. ૪૭.

જેને જેટલું અલૌકિકપણું રહે છે તેટલો તેણે સત્સંગને જાણ્યો છે. અને જેટલી લૌકિક સમજણ રહે છે તેટલો તે બાળકમાં ખપે છે. ૪૮. તેવો લૌકિક ભક્ત તો નભે ત્યાં સુધી નભે પણ તેનો કોઈ નિર્ધાર નહીં. જેટલી અલૌકિક સમજણ હોય તેટલો તે નભે છે. ૪૯.

दोहा : अलोकिक समझ तिन संग, रुचि रखत हे जेते;
अलोकिक समझ तिनकु, पावत रहे तेते...५०

सोरठा : दिन दिन हि जो जेहि, सरलपना आवत रहे;
कछु न समझत हि तेहु, नमत रहे नमत हे तिमि...५१
सरलपना हि जेते, सत्संग हि तेता तेहि;
देख लेना तेते, इमि हि कहि वारता पुनि...५२

જેની અલૌકિક સમજણ હોય, તેની સાથે જે જેટલા હેત-રુચિ રાખે છે તેટલી તે અલૌકિક સમજણને પામે છે. ૫૦. તેણે કરીને તેમાં દિવસે દિવસે સરળપણું આવતું જાય છે. ભલે તે કાંઈ સમજતો ન હોય, તોપણ જેમ જેમ નમતો રહે છે તેમ તેમ તે નમ્ર બનતો રહે છે. ૫૧. આવી રીતે જેટલું સરળપણું છે તેટલો તેને (અલૌકિકપણારૂપ) સત્સંગ છે; તે જોઈ લેવું." આવી વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ ભક્તજનના ઉપર ઘણું હેત હોવાથી ફરીને કહેવા લાગ્યા જે, "પ્રથમ જ્યારે મૂર્તિનાં દર્શન થયાં હોય ત્યારે તેનાં હૃદયમાં કેવું અલૌકિકપણું હોય ! તેવું ને તેવું અલૌકિકપણું તો, તો રહે જો મને સહિત દૃષ્ટિને એકાગ્ર કરીને પરમેશ્વરમાં રાખે. ૫૨-૫૪.

અને આવી રીતે ગદ્‌ગદ હૃદયે જેના મનની વૃત્તિ પરમેશ્વરમાં રહેતી હોય, અને એવી રીતે મનના ગુણે કરીને જે ભક્ત અખંડ વર્તતો હોય ત્યારે તે પવિત્ર ભક્ત ગણાય છે. ૫૫. અને જે ભક્ત લોકોને ઠગવાના અને સાચા ભગવાનના ભક્તને હઠાવવાના ભાવથી સાચા ભક્ત કરતાં પણ વધારે વર્તે છે અને ઉપરથી જણાવવા દેતો નથી. ૫૬. તેને જ્યાં સુધી અધિક માન મળે છે ત્યાં સુધી તે સત્સંગમાં પરમેશ્વરને માને છે, પણ તેને પરમેશ્વરનો સાચો સત્સંગ લાગ્યો નથી. ૫૭. જેટલા મનમુખી વર્તે છે તે બધા પરમેશ્વરના ચોર છે. અને તે સત્સંગમાં દૂષણરૂપ છે. ખરેખર સત્સંગ તો પરમ અજોડ છે. ૫૮. તેમાં માણસ જેવું વર્તન રાખે છે તેવું તેને સત્સંગ ફળ દે છે. સત્સંગમાં અંધારું નથી. સત્સંગ તો જે જેવો હોય તેને તેવો દેખાડી દે છે. ૫૯.

સત્સંગની જેવી રીત છે તે પ્રમાણે મનના ગુણે કરીને જે વર્તે છે ત્યારે તે ભક્તના ઉપર ભગવાનને નિત્ય પ્રત્યે અપરંપાર નવીન ને નવીન હેત થાય છે. તે રીતે જ ભક્તને પણ ભગવાનના ઉપર નિત્ય પ્રત્યે નવીન ને નવીન હેત થાય છે. વળી નેત્ર અને શ્રોત્રને વિશેષે કરીને વારંવાર નિયમમાં રાખવા. ૬૦-૬૨. જ્યાં ત્યાં જે ગ્રામ્યવાર્તા થતી હોય છે તેને શ્રોત્ર દ્વારા તણાઈ જઈને સાંભળે તો જેટલા ગ્રામ્ય શબ્દ છે તે, તે ભક્ત જ્યારે ભજનમાં બેસે છે ત્યારે તેને સાંભરી આવે છે. માટે જેટલા તેને નિયમમાં રાખીએ તેટલા તે વિષયો સાંભરતા બંધ રહે છે. ૬૩-૬૪. અને ફાટેલ નેત્રની વૃત્તિએ કરીને જેટલાં રૂપ જોવામાં આવે છે તે જ્યારે ભજન કરવાં બેસે છે ત્યારે સાંભરી આવે છે. તેટલા માટે નેત્ર અને શ્રોત્ર, બંને ઈન્દ્રિયને દઢતાથી તત્પરતાપૂર્વક અતિશય નિયમમાં રાખવા. ૬૫-૬૬.

❋ નેત્ર અને શ્રોત્રને સમજાવવાની રીત :

અને જ્યારે નેત્ર અને શ્રોત્રની વૃત્તિ મૂર્તિનાં દર્શન કરતાં હોઈએ ત્યારે, મૂર્તિને છોડીને અન્ય વસ્તુમાં તણાઈ જાય ત્યારે, તેને આ રીતે ઉપદેશ આપવો કે, 'હે મૂર્ખ ! તું શું કરે છે ? તું ભગવાનની મૂર્તિ વિના અન્ય રૂપને દેખી રહ્યો છે. ૬૭-૬૮. અને પરમેશ્વરની વાત સિવાય બીજી વાતને

સાંભળી રહ્યો છે. તેમાં તને શું મળશે ? અરે ! હજી સુધી તું સિદ્ધદશાને પામ્યો નથી કે જે ચિંતવીશ તે તત્કાળ તને મળે. અને હજી સુધી તો તું સાધક છો. અને મનમાં જે ચિંતવન કરીશ તે વિષય તને ક્યારેય મળવાના નથી. તેનું ચિંતવન કરવામાં તો તું ખુવાર થઈ રહ્યો છે. પરમેશ્વરને છોડીને બીજું જેટલું ચિંતવન તું કરે છે તેટલો તું અમૃતને છોડીને ઝેરને ઈચ્છે તેવો બુદ્ધિશાળી છો." (આવી રીતે પરમેશ્વરના ભક્તોએ પોતે પોતાને ઉપદેશ કરવો. એવું કહીને પછી શ્રીહરિ બોલ્યા જે, "હે સંતો ! અમે) લોકોનું હિત કરવા માટે આવ્યા છીએ. તેથી જેટલી લોકોના હિતની વાત હોય તે કરીએ છીએ. ૬૯-૭૨. જેટલી હિતની વાત છે તે અમૃત કહેવાય છે. અમે તો અમૃત પીવડાવીએ છીએ અને ઝેરનો ત્યાગ કરાવીએ છીએ. ૭૩. જેમાં જન્મ-મરણ હોય અને જેમાં અપાર દુઃખ હોય, આવી જે વાત છે તે ચોક્કસ ઝેર છે. ૭૪. તેમાંથી જે કાંઈ અલ્પ વિષય મળશે તેનાં પાપમાં જમપુરીનો માર ખાતાં-ખાતાં ક્યારેય અંત નહિ આવે. માટે જેને ભગવાનનો ખપ હોય તેણે આ રીતે નેત્ર અને શ્રોત્રને ઉપદેશ કરવો. ૭૫-૭૬.

✵ ભગવાનના ભક્તે પોતાના જીવને કહેવાની રીત :

અને જે ભગવાનનો ભક્ત હોય તેણે પોતાના જીવને કહેવું કે, 'જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈ જઈશ અને તને કોઈ વખતે સિદ્ધદશા પ્રાપ્ત થશે. પછી બ્રહ્માંડમાં જે જે વાર્તા થતી હોય છે તે બધીને તું સહેજે જ સાંભળીશ. જો ભગવાનમાં મન રાખીશ તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં જેવાં રૂપ તથા સામર્થ્યને ઈચ્છીશ તો તે પણ તને પ્રાપ્ત થશે. તેમાં કોઈ સંદેહ નથી. અને જો લક્ષ્મીજી અને રાધિકાજીના જેવો ભક્ત થવા ઈચ્છીશ તો તેના જેવો ભક્ત પણ તું થઈશ. ૭૭-૮૦. અને ભગવાનનું ભજન કરતાં કરતાં કદાચ દેહ છતાં તને સિદ્ધદશા નહિ મળે તો દેહ છૂટ્યા પછી મુક્ત થઈને સિદ્ધદશા ચોક્કસ મળશે જ. અને સિદ્ધદશા આવ્યા વિના તો જેટલાં રૂપ છે તેને જોઈ જોઈને જો મરી જઈશ, તોપણ ક્યારેય તે રૂપ મળશે નહિ. અને અપાર ગ્રામ્યશબ્દને સાંભળી સાંભળીને મરી જઈશ, તોપણ તેનો પાર નહિ આવે, ૮૧-૮૩. અને તેણે કરીને તારી બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જશે,

પરંતુ તેમાંથી એક રતીભાર પણ ક્યારેય તને કાંઈ પ્રાપ્તિ થવાની નથી. ૮૪. **આ રીતે રોજ રોજ નેત્ર અને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનમાં જ રાખવાં. આ રીતે જે વર્તે છે તેને ભગવાનની મૂર્તિમાં દિનપ્રતિદિન અપાર સ્નેહ થાય છે. અને તેનાથી તે ભક્તના ઉપર ભગવાન અને ઉદાર દિલના મોટા સંતોને પણ હેત થાય છે.** તેથી આવો જે ભક્ત હોય છે તેને દિવસે દિવસે અમાપ હેતની વૃદ્ધિ થાય છે." ૮૫-૮૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું બાકીનું બીજું વચનામૃત પૂરું કહ્યું" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૯

સારંગપુરનું ત્રીજું વચનામૃત

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ સાતમને દિવસ સાંજને સમયે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. ત્યારે શ્રીહરિએ મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો. ૩. તથા શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ સર્વ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

✵ બાહ્ય કે આભ્યાંતર પૂજનમાં ભાવની જ મહત્તા છે :

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ શ્રીજીમહારાજના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ૪-૫. "હે મહારાજ ! એક ભક્ત તો અતિ પરમ વિવેકથી નાના પ્રકારની પૂજાની સામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે. અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસી પૂજા કરે છે. એ બે ભક્તમાં કોણ શ્રેષ્ઠ છે ?" ૬-૮.

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "જો ભગવાનમાં અતિશય પ્રેમે કરીને રોમાંચિત ગાત્રએ સહિત તથા ગદ્‌ગદ કંઠ થઈને જો

આ પ્રગટ ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા તે રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે, તો તે બંને ભક્ત શ્રેષ્ઠ કહેવાય છે. શ્રેષ્ઠ અને કનિષ્ઠ તો ભાવમાં જણાય છે. અને જે પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે, તોપણ તે ન્યૂન કહેવાય છે. અને તે રીતે જ ગદ્‌ગદ કંઠ થયા વગર માનસી પૂજા કરે છે તો તે ભક્ત પણ ન્યૂન છે." ત્યારે સોમલા ખાચરે દીનભાવે પૂછ્યું કે, "તમે કહ્યું તે રીતે જે પ્રેમમગન થઈને ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરતો હોય અથવા માનસી પૂજા કરતો હોય, તે ભક્ત કયે લક્ષણે કરીને ઓળખાય ?" ૯-૧૫. ત્યારે દેવ, મનુષ્ય અને મુનિઓના શિરતાજ એવા શ્રીજીમહારાજ તે ભક્ત પ્રત્યે જેમ યથાર્થ વાત હતી તે કહેવા લાગ્યા,

चोपाई :

भगवान की पूजा जो तामें, सेवा कथा वारता यामें;
कीर्तन तामें श्रद्धा अपारा, दिन दिन अधिक यामें प्यारा...१७
भगवानहु के अतिशय जेहा, माहात्म समझत रहे तेहा;
यह दो बात दिन दिन जाही, नई नई रहत हे रहाही...१८

"ભગવાનની પૂજા, સેવાને વિશે તથા કથા-વાર્તા-કીર્તનને વિશે અતિશય શ્રદ્ધા હોય અને તેમાં દિવસે દિવસે અધિક પ્રેમ થતો રહેતો હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય, એ બે વાત જેને દિવસે દિવસે નવી ને નવી જ રહેતી હોય, પણ ક્યારેય ગૌણ ન પડતી હોય. જેમ મુક્તાનંદસ્વામી છે, તેમને અમે પ્રથમ લોજપુરમાં જેવી રીતના દેખ્યા હતા, ત્યારે તેમનામાં જેવી શ્રદ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું શ્રદ્ધા-માહાત્મ્ય રહ્યું છે, પણ રતીભાર ગૌણ થયું નથી. આ કહ્યા તે બે લક્ષણે કરીને આ ભક્તને ઓળખવો. ૧૬-૨૧.

અને એવી રીતના માહાત્મ્ય અને શ્રદ્ધા વિનાના સર્વે યાદવો હતા તે શ્રીકૃષ્ણ ભગવાનની સાથે જ રહેતા હતા. ૨૨. અને જેમ બીજા કોઈ રાજાની સેવા-ચાકરી કરે તેમ તેમની સેવા-ચાકરી કરતા, તોપણ કોઈ તેનું નામ જાણતું નથી અને તે ભક્ત પણ લખાયા-કહેવાયા નથી. અને ઉદ્ધવજી

જો શ્રીકૃષ્ણ ભગવાનની માહાત્મ્ય તથા શ્રદ્ધાએ સહિત સેવા-ચાકરી કરતા હતા, તો તે પરમ ભાગવત કહેવાયા અને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશય પ્રસિદ્ધિ છે." ૨૩-૨૫.

❋ શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારની વિગત :

પછી નિર્વિકારાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કોને કહેવાય ? આ વાત આપના મુખથી અમે સાંભળી નથી. અને આપના મુખે સાંભળ્યા સિવાય તે વાતનો નિશ્ચય થતો નથી." ૨૬-૨૭.

પછી શ્રીજીમહારાજ જેવી તે વાત હતી તેવી તે મુનિના પ્રત્યે પરમ પ્રેમથી બોલ્યા, "મનને એકાગ્ર કરીને શ્રોત્ર ઈન્દ્રિય દ્વારા જે વાર્તાને ભાવથી સાંભળવી તેને શ્રવણ કહેવાય. ૨૮-૨૯. અને જેવી વાત સાંભળી હોય તેનો મનમાં દૃઢ વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કરવા યોગ્ય કહી હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કરવા યોગ્ય હોય તેને ગ્રહણ કરે, તેને મનન કહેવાય. **અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિશે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો, તેને નિદિધ્યાસ કહેવાય.** ૩૦-૩૨. અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના મૂર્તિમાનની પેઠે ઇદમ્(સાક્ષાત્) સાંભરી આવે, તેને સાક્ષાત્કાર કહેવાય. ગમે તેવી વાત સાંભળે પણ અમે આ કહ્યું એમ આત્માના સ્વરૂપનું જેવી રીતે શ્રવણાદિક કર્યું હોય તેવી રીતે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય. અને આ ભગવાનનું પણ એવી રીતે શ્રવણ કરીને જેવું મનન અને નિદિધ્યાસ કર્યું હોય તો તે રીતે ભગવાનનો પણ જેમ છે એમ સાક્ષાત્કાર થાય છે. પરંતુ મનન અને નિદિધ્યાસ એ બે કર્યા વિના એકલા શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી, તે તો માત્ર શ્રવણ જ રહે છે. જો ભગવાનના સ્વરૂપનાં દર્શન કરીને જે તેનું મનન અને નિદિધ્યાસ ન કરતો હોય, તો લાખ વર્ષ પર્યંત દર્શન કરે તોપણ તેને ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય. અને તે દર્શન તો કેવળ શ્રવણમાત્ર સરખું જ કહેવાય. ૩૩-૪૦.

અને જેણે આ ભગવાનનાં અંગ અંગનાં દર્શન કરીને પછી તે અંગ અંગનું મનન અને નિદિધ્યાસ કરી રાખ્યો હશે, તો તેને જે અંગ જેવું હોય તેવું તે જ્યારે સંભારે ત્યારે સહજ જ સાંભરી આવતું હશે. ૪૧-૪૨. જેને શ્રવણની જેમ કેવળ ભગવાનનાં અંગનાં દર્શનમાત્ર જ થયા હશે તો જ્યારે તે અંગને સંભારતો હશે ત્યારે પણ તેને તે અંગ નહિ સાંભરતું હોય. ૪૩.

અને કેટલાક હરિભક્ત એમ કહે છે કે, 'મહારાજની મૂર્તિનું અમે ધ્યાન કરીએ છીએ. પણ જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ બહુ બહુ સંભારીએ છીએ, તોય એક પણ અંગ દેખ્યામાં આવતું નથી. જો એક પણ અંગ ધાર્યામાં ન આવે તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી દેખ્યામાં આવે ? ૪૪-૪૫. તેનું પણ એ જ કારણ છે કે તેણે ભગવાનની મૂર્તિનાં દર્શનમાત્ર કર્યાં છે, પણ તેનું મનન અને નિદિધ્યાસ કોઈ રીતે કર્યા નથી. તેથી જ ચિત્તમાં મૂર્તિ ધાર્યામાં આવતી નથી. અને જે માયિક પદાર્થ છે તેનેય જો સંભારી ન રાખ્યું હોય તો તે પણ વિસરી જાય છે, તો પછી અમાયિક એવું ભગવાનનું દિવ્ય અનુપમ સ્વરૂપ જે મૂર્તિ કહેવાય છે, તે મનન અને નિદિધ્યાસ વિના ક્યાંથી સાંભરે ? તેટલા માટે ભગવાનનાં દર્શન કરીને અને વાત સાંભળીને નિરંતર મનન તથા નિદિધ્યાસ કરતા રહેવું, તો તેનો તેને સાક્ષાત્કાર થાય છે. ૪૬-૫૦. આ કહ્યું તે રીત સિવાય આખી ઉંમર પર્યંત કોઈ દર્શન કરે તોપણ અમે કહ્યું તેમ કર્યા વિના સાક્ષાત્કાર થાતો જ નથી. તો ફક્ત શ્રવણની વાત જ શું કરવી ? માટે નિશ્ચય નિર્ધાર કરીને અમે આ શ્રવણ-મનન કરવાની વાત કહી છે." ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું ત્રીજું વચનામૃત કહ્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૦

શ્રીહરિએ સભામાં હરિભક્તોના પ્રત્યે સત્સંગની વાત કરી

જન્માષ્ટમીને દિવસે સવારના પહોરમાં શ્રીહરિ (ફલગુ) નદીએ સ્નાન કરવા માટે ચાલ્યા. ૧. ત્યાં જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા તે સહુ શ્રીહરિની સાથે ચાલ્યા. તે બધા અસંખ્ય હતા. ૨. નદીમાં જે સ્થળે વધારે પાણી હતું ત્યાં શ્રીહરિ આવ્યા અને ઘણા પ્રેમથી ત્યાં નાહ્યા. ૩. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સાથે ઉત્સાહભેર નાહ્યા. તે વખતે સહુને અપાર આનંદ થયો. ૪. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધાં કીર્તન બોલતાં હતાં. પશ્ચિમ દિશા તરફથી નદીમાં પાણી ચાલ્યું આવતું હતું. ૫. નદી પૂર્વ દિશા તરફ જાતી હતી અને તેનું નિર્મળ પાણી એટલું સુંદર હતું કે જે કહી શકાતું નથી. શ્રીહરિ પૂર્વ દિશા તરફ મુખ રાખીને સ્નાન કરતા હતા ત્યારે બધા સંતો શ્રીહરિની સન્મુખ સ્નાન કરતાં કરતાં કીર્તન ગાતાં હતાં. ૬. ચાર ઘડી સુધી શ્રીહરિએ સ્નાન કર્યું. જેટલા આવ્યા હતા તે હરિભક્તો પણ ત્યાં નાહ્યા. અર્ધચંદ્રાકારે સ્નાન કરતા તે હરિભક્તો અત્યંત સોહામણા લાગતા હતા. ૭.

* શ્રીહરિ અને સત્સંગના સુખની મહત્તા :

જેટલા ત્યાં આવ્યા હતા તેમાં કોઈ હરિભક્ત નાહ્યા સિવાય રહ્યા નહિ. ત્યાં શ્રીહરિએ હરિભક્તોને અપાર સુખ આપ્યું. આવું સુખ પહેલા કોઈએ આપ્યું હોય તેવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ૮. સંતો અને હરિભક્તોને આવું અલૌકિક સુખ આપવાં માટે તો આ વખતે શ્રીહરિ પ્રગટ થયા છે. એટલે તો એવું સુખ આપે છે કે તે કહી શકાતું નથી. ૯. આ વખતે એટલું સુખ આપ્યું કે કોઈ વખત આવું સુખ નથી આપ્યું. ભગવાન સંબંધી જે સુખ છે તે બધું નિર્ગુણ સુખ કહેવાય છે. ૧૦.

चोपाई :

दिव्य अमायिक सुख कहाते, ताके बरोबर कोउ न आते;
अलोकिक हरि कु जानत जाही, अलोकिक सुख देखात ताही...११

सत्संग अलोकिक जानत जिनही, अलोकिक हरिजन होत तिनही;
सत्संग पर रहत भाव जेसा, हरिजन यह होवत हे तेसा...१२
दोहा : सत्संग अरु चिंतामणि, कल्पतरु रहे जोउ;
एक रीत्य रहे तिनुकी, जानत हरिजन सोउ...१३

અમાયિક અને દિવ્ય કહેવાય છે. તેની બરાબર કોઈ સુખ આવતું નથી. જે શ્રીહરિને અલૌકિક રૂપમાં સમજે છે તેને તે અલૌકિક સુખ દેખાય છે. ૧૧. જે લોકો સત્સંગને અલૌકિક સમજે છે તે હરિભક્ત પણ સ્વયં અલૌકિક થાય છે. સત્સંગના ઉપર જેવો ભાવ રહે છે તે હરિભક્ત પણ તેવો જ થાય છે. ૧૨. સત્સંગ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ, આ ત્રણેયની ભાવ પ્રમાણે ફળ આપવા રૂપ એક જ રીત છે, તેને હરિભક્ત હોય તે જાણે છે. ૧૩. શ્રીહરિ જ્યારે નાહી રહ્યા ત્યારે શ્વેત વસ્ત્ર પહેર્યાં અને ગામ તરફ ચાલ્યા. તે સમયે ઘણાં લોકોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૪. નદી અને ગામની વચ્ચે જ્યારે શ્રીહરિવર આવ્યા ત્યારે ત્યાં ઘણી સુંદર જગ્યા દેખી. ૧૫. તેથી ત્યાં ગાડું મંગાવ્યું અને તે ગાડા ઉપર શ્રીહરિ બેઠા. પછી ત્યાં સભા કરાવી. તે વખતે ત્યાં ઘણી અદ્ભુત શોભા બની. ૧૬.

પછી શ્રીહરિએ સંતોની આગળ કહ્યું કે, "આજે આપણા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનના ઉત્સવનો દિવસ છે. ૧૭. આ ભગવાન સર્વોપરી રહ્યા છે, આનાથી પર કોઈ નથી. એમનું ધામ પણ સર્વોપરી છે. તેનાં ઘણાં નામ છે. ૧૮. તે કોઈ નિમિત્ત લઈને પ્રગટ થાય છે ત્યારે જેવાં ચરિત્ર કરે છે અને જેવા ગુણને ગ્રહણ કરે છે તેવાં નામને ધારણ કરે છે. ૧૯. આ ભગવાન પ્રગટ થઈને જ્યારે જે ભક્તને મળે છે ત્યારે તે ભક્ત ભગવાનથી પર કોઈને જાણતા નથી. તે રસિક ભક્તનો મત છે. ૨૦. પ્રગટ ભગવાનના ચરિત્રની વાત સાંભળવામાં તેને અત્યંત રસ આવે છે. (તમને) જે પ્રગટ ભગવાન મળ્યા છે તેના અવતારો તો અપાર થઈ ગયા છે. ૨૧. તેમણે ક્યારેય દેખ્યા કે સાંભળ્યા ન હોય તેવાં અદ્ભુત ચરિત્ર કર્યાં છે. તેને જે કોઈ સંભારે છે તેના જેટલા દોષ કહેવાતા હોય તે બધાને તત્કાળ જ બાળી દે છે. ૨૨.

જે આ પ્રગટ ભગવાન મળ્યા છે તેમાં અમે કહ્યો તેના કરતાં પણ જે વધારે પ્રતાપ દેખતો-સમજતો રહે છે તો તેનો જીવ તેવો થઈ જાય છે. અર્થાત્ ભગવાનને જેવા જાણે એવો પોતે થાય છે. ૨૩. જે પ્રગટ ભગવાન મળ્યા છે તેની એવી રીત છે કે તે પૂર્વે ભગવાન થઈ ગયા તેમનો અપાર પ્રતાપ કહે છે અને પોતામાં ભક્તપણું દેખાડે છે. ૨૪. વાતો કરવામાં તો તે ઘણા મોટાથી પણ મોટા જણાય પણ હું સહુથી મોટો છું, તેવું પોતે ક્યારેય ન કહે. ૨૫. કેમ જે, 'હું સહુથી મહાન છું' આમ જે પોતે જ કહે છે તે તો નીચમાં પણ અત્યંત નીચ છે. કારણ કે, જેટલા એવા અધમ હોય તે એવું બોલે. ૨૬. અમુક ખોટા ભૂવાઓ છે તે ધૂણતા હોય ત્યારે 'હું દેવી છું' તેમ બોલતા હોય છે. ૨૭. અને અમુક મૂર્ખ મનુષ્યો હોય તે તેને સાચી દેવી જાણીને માનતા રહે છે. તેમ જ જે નરકના અધિકારી હોયતે 'હું ભગવાન છું' એમ કહે છે અને જે મૂર્ખ જીવો છે તેના મનમાં પોતાનું ભગવાનપણું મનાવે છે. ૨૮-૨૯.

પરંતુ જ્યારે ખરેખર સાચા ભગવાન પ્રગટ થાય છે ત્યારે તેમાં એટલો બધો પ્રતાપ હોય છે કે તેને વર્ણવતા કોઈ પાર ન પામી શકે. ૩૦. તેમનો એક એક પ્રતાપ કરોડો સૂર્ય સમાન હોય છે. તેથી તે તેમનો પ્રતાપ જ પ્રગટ કરે છે કે આ નિશ્ચય જ ભગવાન છે. ૩૧. તે ભગવાનનો પ્રતાપ, ગુણ અને ચરિત્ર જેટલાં છે તે બધાં ભગવાનને પ્રસિદ્ધ કરે છે. પરંતુ જેને પ્રગટ ભગવાનનો ખપ હોય તેને તે દેખાઈ આવે છે. ખપ સિવાય ક્યારેય દેખાતું નથી. કદાચ બ્રહ્મા જેવો બુદ્ધિમાન હોય તોપણ ખપ વગરનાને તે ઓળખાતા નથી. ૩૨-૩૩.

❋ જેને શ્રીજી અને સંતનો વિશ્વાસ આવે તે જ ફાવે :

જેને ભગવાનનું જ્ઞાન ન હોય તેવા લોકોને જે કાળ ચાવી રહ્યો હોય છે તેને લોકો દેખતા નથી, પણ જ્યારે ભગવાન પ્રગટ થયા હોય ત્યારે તેમના જ્ઞાની સંતો તેને દેખે છે. અને લોકોને રાત-દિવસ કહીને કાળની ભયંકરતા દેખાડે છે. સંતો જ્યારે કહી દેખાડે ત્યારે લોકોને દેખાય છે. શ્રવણરૂપી દ્વારે કરીને લોકોને જ્યારે દેખવામાં આવે છે ત્યારે તેને સંતનો

વિશ્વાસ આવે છે. પછી તે સત્સંગને સ્વીકારે છે. ૩૪-૩૬. જ્યાં સુધી જીવને સંત અને ભગવાનનો વિશ્વાસ નથી આવતો ત્યાં સુધી તે સત્સંગ કરતા નથી. ૩૭. જેટલા માણસો છે તે હરેકની રુચિ અલગ અલગ હોય છે, તેને સંતો જાણે છે. ૩૮. જે માણસની જેવી રુચિ હોય તેને પહેલા સંતો દેખે છે. પછી તેને હેત દેખાડીને તે રીતે વાત કરે છે, ત્યારે તેને સત્સંગ થાય છે. ૩૯. **આમ સંતો લોકોને હેત દેખાડીને કાળના મુખથી બચાવી લે છે. કારણ કે, જીવનો મોક્ષ કરવા સિવાય સંતોને કોઈ સ્વાર્થ હોતો નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં હરિભક્તોના પ્રત્યે સત્સંગની વાત કરી" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૧

સમય પ્રમાણેના પદોની પ્રિયતા તથા પંચવિષયની ગંભીરતા

પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "શ્રીકૃષ્ણ ભગવાનના જન્મસમયનાં જે પદ હોય તે હવે બોલો. ૧. કારણ કે, સમયને અનુરૂપ જો પદ બોલાતાં રહે તો તેમાં સમયના જાણનારાને ખૂબ રસ આવે છે. ૨. જેને સમયનું જ્ઞાન નથી હોતું તેને તો બધું સરખું જ છે, પણ જેને સમયનું જ્ઞાન છે તેને કટાણાંના કાર્યમાં રસ આવતો નથી. ૩. જેને જ્યાં સુધી જે બાબતનું જ્ઞાન નથી થયું ત્યાં સુધી તે માણસ તે બાબતમાં અંધ છે. કદાચ તે બ્રહ્મા જેવા મોટો થયો હોય તોયે શું ? ૪. જ્ઞાન પ્રાપ્ત કરવામાં મુખ્ય સાધન શબ્દ દેખાય છે. જો કે શબ્દો આકાશ કરતાં પણ અપાર છે. તે શબ્દનો કોઈ પાર પામતું નથી. ૫. તે શબ્દોમાં પ્રિય અને અપ્રિય બંને છે. તેનો કહેતા પાર પમાતો નથી. પણ તે સર્વે શબ્દોમાં ભગવાન સંબંધી જેટલા શબ્દો છે તે જ મોક્ષપદને આપે તેવા છે. ૬.

ભગવાનના સંબંધ વગરના જેટલા શબ્દો છે તે બધા તો જેટલું કાંઈ દુઃખ કહેવાય છે તેના વારંવાર દેનારા છે. જન્મ-મરણ, જમપુરી અને

લખચોરાશીનું દુઃખ કહ્યું જાતું નથી. રાજા અને દેવતાઓનાં સુખ ચાહે તેટલાં સારાં હોય અને એક કલ્પ પર્યંત તે સુખ મળ્યાં હોય, તોપણ જ્યારે મરણ આવે છે ત્યારે એક લવ સમય મળ્યું હોય એવું જ જાણ્યામાં આવે છે. ૭-૯. જીવ જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને ચાહે તેટલું સુખ મળ્યું હોય, તોપણ જ્યારે મૃત્યુ સમય આવે છે ત્યારે તે બધું સ્વપ્ના જેવું જ થઈ જાય છે. ૧૦. જેટલા શબ્દ કહેવાય છે તે બધાને શ્રોત્ર ઇન્દ્રિય ગ્રહણ કરે છે. પછી જેના જેવા શબ્દો હોય તેને કાનના દેવ દિગ્પાળ વિક્તિએ સહિત સાંભળે-ગ્રહણ કરે છે. પછી તે શબ્દો દ્વારા જીવને રાત-દિવસ એવા હરખ અને શોક પેદા કરે છે કે તેની વાત કહી શકાતી નથી. ૧૧-૧૨.

આ ભૂમિ ઉપર જેટલી નદીઓ છે તેનું અને વરસાદનું જેટલું પાણી પડે છે તે બધા પાણીને સમુદ્ર બ્રહ્માંડ સર્જાયું ત્યારથી રાત-દિવસ ગ્રહણ કરે છે, છતાં તેને તૃપ્તિ થઈ નથી. ૧૩-૧૪. આટ આટલું પાણી તે ક્યાં સમાઈને રહેતું હશે ? પણ ભગવાનની માયા-યોગકળા સમૃદ્ધ છે તે ચાહે તેમ કરે. ૧૫. આ ભગવાનની માયા એવી અપરિમિત છે કે બ્રહ્મા જેવા પણ તેના પારને પામી શકતા નથી. ૧૬. જ્યારથી માણસ જન્મે છે અને જ્યારથી કાનને શબ્દનું જ્ઞાન શરૂ થયું છે ત્યારથી મરણ સુધી જેટલા શબ્દો કહેવાય છે તે બધા અપાર સાંભળ્યા છે. અરે ! પાણીથી ભરાયેલો સમુદ્ર તો દેખાય છે, પણ શબ્દથી થયેલાં સુખ-દુઃખથી ભરેલો સમુદ્ર દેખ્યામાં આવતો નથી. આશ્ચર્ય તો એ છે કે જીવે સમુદ્ર ભરાય તેટલા શબ્દ સાંભળ્યા હોવા છતાં એક પણ શબ્દ સાંભળ્યો ન હોય તેવી શ્રોત્ર ઇન્દ્રિયને શબ્દ સાંભળવાની ઈચ્છા રહ્યા કરે છે. ૧૭-૧૯.

चोपाई :

पंचविषय ताकि इस भाँती, इच्छा पुरण भये नहीं देखाती;
पंचविषय यह ताके जेहा, पुरण करते करते तेहा...२०
अपार कल्प वित गये रहाते, पुरणता अब लग हि न देखाते;
कितना तामें दुःख लहेऊ, कहत पार न आवत हि तेऊ...२१

આ રીતે જ પંચવિષયને ભોગવવાની ઇચ્છા પૂર્ણ થઈ હોય તેવું દેખાતું નથી. પંચવિષયની ઇચ્છાને પૂરી કરતાં કરતાં અપાર કલ્પ વીતી ગયા છે. છતાં આજ સુધી તે પૂરી થઈ હોય તેવું દેખાતું નથી. પરંતુ તે ઇચ્છા પૂરી કરવામાં કેટલુંયે દુઃખ થયું છે, તેનો કહેતા પાર આવતો નથી. ૨૦-૨૧. જેને સત્સંગનું જ્ઞાન હોય છે તેને સુખ-દુઃખ દેખ્યામાં આવે છે. જે વાતમાં જે રીતે સમજતો હોય તેને તે રીતે સુખ-દુઃખ દેખાય છે. ૨૨. સત્સંગ કરવા છતાં સત્સંગની જેટલી બાબતો છે, તેમાં ધન જેટલોય જો માલ નથી સમજાતો તો તેની બુદ્ધિ એટલી સત્સંગ કરવામાં વિઘ્ન કરી રહી છે, પણ તે તેને દેખાતું નથી. સત્સંગના અપમાનનું-અનાદરનું આ ફળ છે. ફળ મળે છે છતાં તે દેખતો નથી. કારણ કે, તેને ધનના મદે આંધળો કરી દીધો છે. ૨૩-૨૪. જીવ તો ધનમાં જ સુખ સમજે છે પણ સત્સંગથી સુખ નથી માનતો. જે સત્સંગમાં સુખ નથી સમજતો તે તો પશુના સમાન છે. ૨૫.

✵ શ્રીહરિ અને સત્સંગમાં ચિત્ત ચોંટે તે જ સારમાં સાર છે :

दोहा : भगवान हि सत्संग में, जितना चित्त हि रहेउ;
अर्थ में आवत हि इतना, सार में सार कहेउ...२६

सोरठा : बहुत जन्म के फेर, संसार सन्मुख रहेउ;
चाक जो ताकी पेर, अधिक अधिक हि फेर फरत...२७

फेर यह रहे जेहु, उतरने के हित हि जोउ;
सत्संग रहे तेहु, फेर उतारन होय यह...२८

ભગવાનમાં અને સત્સંગમાં જેટલું મન લાગેલું રહે તેટલું જ ઉપયોગમાં આવે છે અને તે જ સારમાં સાર કહ્યું છે. ૨૬. આ જીવને અનેક જન્મના સંસાર તરફના ફેર ચઢી ગયેલા છે. તેથી ચાકડાની જેમ વધારે ને વધારે ફેરા ફરતો રહે છે, ક્યાંય સ્થિર થાતો નથી. ૨૭. આ સંસારના ફેર ચઢી ગયા છે તે જેને ઉતારવા હોય તો તે ઉતારવાનું સાધન સત્સંગ છે. ૨૮. જે સંસાર પ્રધાન હોય અને જેને સંસારના જ ફેરા વધારે ફરવા હોય તેને સત્સંગ શું કરે ? કેમ જે, તેને સત્સંગ પર તાન જ નથી. ૨૯. જેને ધન ઉપર અપાર

તાન હોય તેના જીવનનો કોઈ નિર્ધાર નથી. જેના જીવમાં જેવું તાન હોય તે જીવ તેવા શરીરને પામે છે. ૩૦.

આ બાબત ઉપર ભાગવતજીમાં ભરતજીનું આખ્યાન સાક્ષાત્ દેખાડી દીધેલું છે. તે રીતે જ પુરંજન રાજાનું આખ્યાન પણ સ્પષ્ટ રીતે કહી દેખાડ્યું છે. ૩૧. કદરજ બ્રાહ્મણ જે રીતે કષ્ટ પામ્યા હતા તે રીતે તેનું આખ્યાન પણ કહી દેખાડ્યું. જેટલા જીવ ભગવાનથી વિમુખ છે તે બધા અપરિમિત કષ્ટને સહન કરે જ છે. ૩૨. આ જીવ જેટલું કષ્ટ સહન કરે છે તે તેને ક્યારેય દેખાતું નથી. જ્યાં સુધી જીવ સત્સંગથી વિમુખ વર્તે છે ત્યાં સુધી તેનાં અંતરમાં અંધારું રહે છે અને તેને અપરિમિત દુઃખ થાય છે, જે કહી શકાતું નથી. આ જીવ અપાર દુઃખ સહન કરતો રહે છે, છતાં તેનો લગાર પણ દોષ આવતો નથી. ૩૩-૩૪.

જેને ભગવાનનો ખપ હોય તેને માટે આ સત્સંગ રહ્યો છે. આ જેટલી ભૂમિ છે તે બધી દેવ, દાનવ અને અપાર મનુષ્યથી ભરેલી રહી છે. તે દેવાદિક કેવા છે ? તો, એ એના આચરણથી બહાર દેખાઈ આવે છે. કેમ જે, દૈવી જીવ ભગવાનને ભજે છે અને તેને ભગવાન સંબંધી વાત અપાર પ્રિય લાગે છે. તેના જેવી બીજી કોઈ વાત પ્રિય લાગતી નથી. તે ભગવાનથી અધિક બીજા કોઈને દેખતો નથી. ૩૫-૩૭. આવા જે ભક્તકવિઓ ભૂમિ ઉપર થયા છે, તેમણે જેટલા ગ્રંથો રચ્યા છે તેમાં ભગવાનનો અપાર મહિમા અને અપાર સામર્થ્ય કહ્યું છે. પાર ન આવે તેટલાં ભગવાનનાં ગુણ અને ચરિત્ર કહ્યાં છે. ૩૮-૩૯. તે ભક્તકવિ ચાહે તેવો કોઈ મહાન હોય તોપણ તેને ભગવાનથી અધિક દેખતા નથી. આમ જે સમજે છે તે ભગવાનનો ભક્ત છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સમય પ્રમાણેના પદોની પ્રિયતા તથા પંચવિષયની ગંભીરતા કહી" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૨

ભગવાનના સંબંધની શ્રેષ્ઠતા અને ભગવત્સંબંધ વિનાના પ્રબંધની હીનતા

વળી શ્રીજીમહારાજે બધા સંતોના પ્રત્યે જે વાત કહી તેને હવે હું કહું છું. ૧. જેટલા અદેવો(દૈત્ય, દાનવ,) હોય છે તે ભગવાનની મૂર્તિને માથું નમાવીને પગે લાગતા નથી. ૨. જે અદેવ છે તે ભગવાનની મોટપને સહન કરતા નથી. તેટલા માટે તેને અદેવ કહેવાય છે. ૩. જેટલા અદેવો છે તે ભગવાનની મૂર્તિનું અને ભગવાનના પ્રતાપનું ખંડન કરતા રહે છે. ૪. ભગવાન વિનાના જે બીજા દેવો છે તેમાં તે અદેવો નિષ્ઠા બાંધતા રહે છે, અને તેનો અપાર મહિમા સમજે છે તથા તેને માટે અપાર ધન ખર્ચે છે. ૫. ભગવાનને ન માને તેવા જેટલા અદેવ હોય છે તે બધા જ્યારે મરે છે ત્યારે જમપુરીમાં જાય છે અને ત્યાં અપાર દુઃખને પામે છે. ૬. જેને ભગવાનની વાત તલભાર પણ રુચતિ ન હોય તે બધા ભગવાનના ચોર છે. તેવા ચોર સંસારના પારને કેમ પામે ? ૭.

સંસારના પારને પામવાનું દ્વાર તો એક ઉદારમૂર્તિ ભગવાન જ રહ્યા છે. ભગવાન સિવાયના બીજા જે કોઈ પણ છે તે સંસારમાં ભટકવાનું દ્વાર છે. ૮. જેને સંસારમાં ભટકવાનો ભાવ રહ્યો હોય તે ભગવાનને ભજતા નથી. ભગવાનથી વિમુખ હોય તેના જેટલા ગ્રંથ, પ્રબંધ કે વાતો હોય છે તે બધી આંકડા વિનાનાં શૂન્ય જેવી છે. ભગવાન વિનાનું જેટલું છે તે બધું મીઠાં વિનાનાં શાકભાજી જેવું છે. ભગવાન વિનાનું જે કાંઈ રહ્યું છે તે બધું જીવ વિનાનાં શરીર જેવું છે. શબ ચાહે તેવું રૂપવાન હોય, તેમાં જેવો પ્રેમ હોય તેવા ભગવાનના સંબંધ વિનાના ગ્રંથ-પ્રબંધ છે. અર્થાત્ એવા ગ્રંથ-પ્રબંધો ગમે તેટલા સારા કે રૂપાળા દેખાતા હોય તોપણ શબ જેવા છે. આવી તો કરોડો વાતો છે; તેનો કહેતાં કહેતાં અંત ન આવે પણ તેનું કાંઈ મૂલ્ય નથી. ભગવાનના સંબંધ વિનાના ગ્રંથ અને પ્રબંધમાં ચાહે તેટલી રમણીયતા હોય, પણ તે માથા વિનાના ધડ જેવા ગણાય છે. ૯-૧૩.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય ભગવાનની મૂર્તિમાં સર્વોપરિ રહ્યા છે. માટે મૂર્તિના સંબંધવાળા હોય તો તે સર્વોપરિ કહેવાય છે. ૧૪. એવા સર્વોપરિ રસનો ત્યાગ કરીને જે બીજી બાબતના ગ્રંથ બનાવે છે તે તો અમૃતનો ત્યાગ કરીને ઝેરને ગ્રહણ કરે છે. ૧૫. અમૃતમાં અને મળમાં જેટલો ફરક છે તેટલો ભગવાનના સંબંધવાળા અને ભગવાનના સંબંધ વગરના ગ્રંથ-પ્રબંધમાં ફરક છે. ૧૬.

❋ ભગવાનનાં ચરિત્ર અને ગુણોના વર્ણનની મહત્તા :

चोपाई :

भगवान के चरित्र गुण विनही, त्याग वैराग्य धर्म कहे किनही;
आत्मनिष्ठा अपार कहीता, तेही वते मोक्ष मानीता...१७
मृतक कु प्रसन्न करन जीमी, एसि बात रहेउ यह तीमी;
रामानुज के ग्रंथ जो तामें, एसे बात कहाये यामें...१८
भगवान बिन चाये तेसी बाता, मल विष सम सब कहे रहाता;
भगवान के मुख्यपना जिनमें, अमृतरस सिंधु भरे इनमें...१९

એવા ગ્રંથોમાં ભગવાનનાં ચરિત્ર અને ભગવાનના ગુણ વગરના જે ત્યાગ, વૈરાગ્ય, ધર્મ તથા આત્મનિષ્ઠા ઈત્યાદિક અપાર સાધન કહ્યાં છે અને તેનાથી લોકો મોક્ષ માનતા હોય છે, પણ તેમાં ભગવાનનું પ્રધાનપણું ન હોવાથી તે મડદાને શોભાડવાના શણગાર જેવા છે; એવી એ વાતો છે. રામાનુજાચાર્યજીના ગ્રંથમાં આવી વાતો કહી છે. ૧૭-૧૮. ભગવાન સિવાયની ચાહે તેવી વાતો હોય, તોપણ તે બધી મળ અને ઝેરના સમાન કહેવાય છે. જે ગ્રંથમાં ભગવાનનું મુખ્યપણું હોય તે ગ્રંથ અમૃતરસથી ભરેલા સાગર જેવા છે. ૧૯. અમારી રુચિ જે રીતની છે તે રીતે ભગવાનના સ્વરૂપની શુદ્ધ ઉપાસના રહે તેવી વાત તે કોઈ પ્રબંધમાં કહેતા નથી. તેના ગ્રંથમાં એની રુચિ આવીને ભળે છે, તેથી તે ગ્રંથમાં જેમ ત્યાગીને સ્ત્રી અને ધન રાખવાનો દોષ દેખાડાતા નથી તેમ વ્યસનમાં જેટલા દોષ રહ્યા છે તે પણ તેમાં બતાવવામાં આવ્યા નથી. ૨૦-૨૧. પછી અમે સત્સંગના ગ્રંથોમાં જેનું જેમ યોગ્ય ગણાય તેમ ગુણ-દોષ લખાવ્યા છે. અમે જે ગ્રંથ-પ્રબંધ

રચ્યા-રચાવ્યા છે તેમાં કોઈ કસર રાખી નથી. તેને જે તે સુજ્ઞ આચાર્યો પણ પ્રમાણ કરે છે. ૨૨.

જેમાં જેટલો દોષ રહ્યો હોય તેને જ્યારે કોઈ દેખાડે ત્યારે તે શ્રેષ્ઠ બુદ્ધિમાન કહેવાય છે અને તેનો મોક્ષ થાય છે. ૨૩. દોષ હોય તેમાં પણ જે દોષ દેખતા નથી તે પછી મનફાવે તેમ ચાલે છે. તેવા લોકો જેમાં પોતાનું ગુજરાન હોય તેમાં રહેલા દોષનું પણ સ્થાપન-પ્રતિપાદન કરતા રહે છે. ૨૪. પોતે દોષને જાણતા હોવા છતાં પણ જે લોભે કરીને દોષને કહેતા નથી, તો તેને જે લોકો પાપ કરે છે તેનું પાપ લાગે છે. ૨૫. અરે ! તે લોકો એવી વાતો કરે છે કે, રાજાને તો કાંઈ પાપ લાગતું નથી અને રાજાને પાપ લાગે છે એમ જે બતાવે છે તે તો તે બતાવનારાને બધું પાપ લાગે છે. ૨૬. જેમાં જેટલા દોષ હોય તેને ધર્મશાસ્ત્રે કહ્યા હોય છે. છતાં કહેવાની જેવી રીત હોય તે રીતે ગુરુ તેને સંભળાવે છે. ૨૭. કેમ જે, રાજાને કહેવાની જેવી રીત છે તે રીતને જાણીને જેમ રાજા રાજી રહે તે રીતે કહેવાની કળાને ગુરુ જાણે છે. ૨૮.

રાજા, સિંહ, અગ્નિ અને સર્પ આ બધાની એકસરખી રીત હોય છે. જેની જેવી રીત હોય તેને જાણીને જ્યારે તેનું પાલનપોષણ કરે છે ત્યારે તે મન આપે છે. પરમેશ્વરના જે સંત હોય છે તેને રાજાની સાથે જે મોબત રાખવી તે તો ઘણી અટપટી વાત છે. કેમ જે, તેણે તે માર્ગનો ત્યાગ કર્યો છે. તેવા સંતને માટે તો પ્રવૃત્તિ અને નિવૃત્તિ, બંને માર્ગ ભગવાનનું વચન છે. ૨૯-૩૧. કહ્યા એવા સંતો હોય તે તો આ મુખ્યમાર્ગને જાણતા હોય છે. તેને માટે તો ભગવાનનાં જે વચન છે એ જ નિવૃત્તિ માર્ગ છે. ૩૨. ભગવાનના વચનમાં જ નિવૃત્તિ માર્ગ રહ્યો છે આવી વાતને જે સમજતા નથી તે સત્સંગને જાણતા નથી. ૩૩. જે માણસ મનમુખી વર્તે છે તેનો નરકમાં નિવાસ થાય છે. તે ચાહે તેટલો ત્યાગ અને વૈરાગ્યને રાખતો હોય, પણ તેને ભગવાન લેશમાત્ર માનતા નથી. ૩૪. કદાચ તે ક્યારેય અન્ન-જળને ખાય-પીવે નહિ, પણ તે ભગવાનને માનતો નથી તેથી ચોક્કસ નરકમાં જાય છે. અને પોતે જીવ હોવા છતાં પણ જે ભગવાન બની બેસે છે તેના જેવો કોઈ પાપી નથી. ૩૫.

અરે ! નરકમાં બીજા જે પાપી જીવ પડ્યા હોય છે તે પણ આવા અતિ પાપીને દેખીને તેનાં મોઢા સામે પણ કોઈ જોતા નથી; આવો તે મહાપાપી છે. ૩૬. જે ખોટા ભગવાન બની બેસે છે તેના જેવો અધમ કોઈ નથી. તેથી તેવા જીવને જેમાં અતિ દુઃખ છે એવા અધમમાં અધમ નરકમાં નાખવામાં આવે છે. ૩૭. પછી ફરીવાર તે ક્યારેય મનુષ્યના શરીરમાં આવતો નથી. કેમ જે, એવી નીચ યોનિઓમાં તે જતો રહે છે. ૩૮. એવા જીવ પછી જો ભગવાનના દાસના દાસનો પણ દાસ અને ગુલામના ગુલામનો પણ ગુલામ થવા ચાહતો હોય, અને કરોડો કરોડ કલ્પ સુધી આવી જ પ્રાર્થના કરતો રહે, તો તે પછી કોઈ ચંડાળ જેવા શરીરને પામે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "ભગવાનના સંબંધની શ્રેષ્ઠતા અને ભગવત્સંબંધ વિનાના પ્રબંધની હીનતા કહી" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૩

હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી ને ભાવ પ્રધાનતાની વાત

શ્રીહરિ જ્યારે સભામાં વાત કહી રહ્યા ત્યારે સહુ સંતો શ્રીકૃષ્ણ ભગવાનના જન્મનાં પદ ગાવાં લાગ્યાં. ૧. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીનાં પદ બોલતાં હતાં. ૨. (તેમાં પ્રથમ મુક્તાનંદસ્વામી કૃત **'રે પ્રાણજીવન પ્રીતમ પ્યારા...'** એ પદ બોલ્યા. પછી બ્રહ્માનંદસ્વામી કૃત **'બાવા નંદ તણે દરબાર, નોબત વાગે રે...'**) સહુ સંતો ગરબીનાં પદ ઘણા જ ભાવથી બોલ્યા. તે વખતે શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારી રાખ્યું હતું. ૩. જે બહાર ગામના હરિભક્તો આવ્યા હતા તે બધા આવીને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૪. જેટલા ફૂલના હાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવતા અને લલાટમાં કુંકુમનો ચાંદલો કરતા. અને પૂજામાં જે બીજો સામાન લાવ્યા હોય તે આગળ મૂકતા. ૫. કેટલાક હરિભક્તો વસ્ત્ર અને ઘરેણાં લાવ્યાં હોય તે શ્રીહરિને ધરાવતા. શ્રીહરિ પણ હરિભક્તોનું અપાર હેત જોઈને તે

પ્રેમથી ગ્રહણ કરતા હતા. ૬. જેને જેવો ભાવ હોય તે પૂજામાં પ્રગટ દેખાતો હતો. શ્રીહરિને પ્રેમભાવ ઉપર જ ભાવના રહેતી. વસ્ત્ર અને ઘરેણાં તો એક ઔપચારિકતા હતી. ૭.

✵ શુદ્ધભાવે કરેલું સમર્પણ અનેકગણું ફળ આપે છે :

મનુષ્યો લોકમાં કીર્તિ મેળવવા માટે બ્રહ્માંડના જેટલું ધન ખર્ચે છે. હીરા, માણેક, મોતી અને સોનું જે કાંઈ કહેવાય તેનું દાન કરે. ૮. મરે ત્યાં સુધી કહી ન શકાય તેટલું રોજ રોજ દાન કરે, પણ કીર્તિ આદિ બીજી વસ્તુમાં ભાવ દેખીને ભગવાન પ્રસન્ન થાતા નથી. ૯.

चोपाई :

हरि कु प्रसन्न करन हि ताना, एक जाकु आत देखाना;
भाव सहित रहे जितना जाके, पत्र पुष्प फल जल अन्न ताके...१०

अमूल अमूल हि वस्तु जितना, ब्रह्मांड तामें रहाये तितना;
तिनसे अधिक कोटि गण जेहा, भाव ताके मानत हरि तेहा...११

रस से अधिक कोटिगण जेहू, भाव में रस मानत हरि तेहू;
हरिजन के अधिक भाव हि तिनमें, हरि निवास कर रहत हि इनमें...१२

दोहा : भाव के भुवन हि तिनकू, अलोकिक हरि हि जान;
निश दिन रहत हि तिनमें, भाव हि अतिशय आन...१३

જેને એક ભગવાનને પ્રસન્ન કરવાનું જ તાન હોય એ દેખાઈ આવે છે. પછી તે ભક્ત ભાવ સહિત પત્ર, પુષ્પ, ફળ, જળ અને અન્નાદિક કાંઈ પણ અર્પણ કરે છે, તો તેનો ભાવ જોઈને બ્રહ્માંડમાં જેટલી અમૂલ્ય અમૂલ્ય વસ્તુ હોય તે આપવા કરતા પણ, ભગવાન તેને કરોડગણું વધારે માને છે. ૧૦-૧૧. રસવાળી વસ્તુ કરતાં પણ કરોડગણો રસ શ્રીહરિ ભાવમાં અધિક માને છે. હરિભક્તના અધિક ભાવમાં જ શ્રીહરિ નિવાસ કરીને રહે છે. ૧૨. ભાવનું ભવન અલૌકિક છે, તેમ માનીને શ્રીહરિ તેમાં રાત-દિવસ રહે છે. અતિશય ભાવ તો કોઈ જુદી જ જાતની વસ્તુ છે. ૧૩. ભાવ સાથેનાં ભોજન, વસ્ત્ર, વિવિધ પ્રકારનાં ઘરેણાં અને વાહન વગેરે જે કાંઈ છે તેને જ ધર્મકુમાર શ્રીહરિ રાખે છે. ૧૪.

❋ ભગવાન સંબંધી રસની મહત્તા :

सोरठा : नखशिख लगकर जेहु, श्रीहरि ताकी मूर्ति जोउ;
रस ताकी रहे तेहु, निरसता उर न टिकत पल...१५
हरि सबंधी हि जेता, रस हि हरिजन उर रहेउ;
हरि जानत हे तेता, ग्रहण करत रहेउ नित्य...१६

નખથી શિખા પર્યંતની શ્રીહરિની મૂર્તિ રસની ભરેલી છે, નીરસતા તો શ્રીહરિના હૃદયમાં પળવાર પણ ટકતી નથી. ૧૫. ભગવાન સંબંધી જેટલો રસ છે તે રસ ભક્તના હૃદયમાં જ રહે છે. શ્રીહરિ તેને જાણે છે અને તે રસને જ નિત્ય ગ્રહણ કરે છે. ૧૬. અનંત કોટિ બ્રહ્માંડમાં જે કોઈ પણ નામ ધરાવતી વસ્તુ હોય તે બધામાં શ્રીહરિ રહ્યા છે. જીવ, અંતઃકરણ અને શરીર આ બધાને જીવ જ્યાં સુધી પોતાનું માને છે ત્યાં સુધી જીવમાં અજ્ઞાનરૂપ અંધારું અને મોહ રહ્યો છે. કેમ જે, શરીર અને જીવ કાંઈ પણ પોતાનું નથી, છતાં તેની જે મમતા કરવી, એ જ અજ્ઞાનરૂપી અંધારું છે. પણ તે સર્વે ગુરુ વિના દેખાતું નથી. જે અજ્ઞાનરૂપી અંધારાને બતાવે તે જ સાચા ગુરુ કહેવાય છે. ૧૭-૧૯. જે કાંઈ ભાવ કે રસ કહેવાય છે તેવી જે જે બાબત છે તે જ્યાં સુધી ભગવાન સંબંધી ન હોય ત્યાં સુધી તેમાં અજ્ઞાનરૂપી અંધારું રહ્યું છે. ૨૦.

જે જે સારી વાત કહેવાય છે તે ભગવાન સન્મુખ કરાવે છે. જે ભગવાન સન્મુખ કરાવે તે જ ગુરુ કહેવાય છે. તેનાથી જીવ સંસારરૂપી સાગરને તરી જાય છે. ૨૧. ઉપર કહ્યું તે રીતે જે જાણતો હોય તે બીજાને પણ સહજ સ્વભાવે સંસારસાગરથી તારી લે છે. તે તેના ગુણો ઉપરથી દેખાઈ આવે છે. ૨૨. ઉપર કહ્યું તે રીતના જ્ઞાનને જ્યાં સુધી જાણતા નથી ત્યાં સુધી તે કાચા ગુરુ કહેવાય છે. કાચા ગુરુથી સિદ્ધગતિ પમાતી નથી. ૨૩. **કહ્યું તે રીતે યત્કિંચિત જે કાંઈ છે તે ભગવાનનું જ છે આમ જે જાણે છે ત્યારે તેને બધી વાત સિદ્ધ થાય છે. આનાથી ઉપરાંત કોઈ વાત બાકી રહેતી નથી. ૨૪. જેટલી બ્રહ્મવિદ્યાઓ કહેવાય છે તેને પણ આ રીતે સમજવી. આ સમજણમાં જ અત્યંત પવિત્ર બધી બ્રહ્મવિદ્યાઓ આવી જાય છે. ૨૫.**

જીવ જ્યારે મોક્ષને માર્ગે ચાલે છે ત્યારે તેનો મોક્ષ થાય છે. મોક્ષને માર્ગે ચાલ્યા સિવાય મોક્ષ થાતો નથી. ૨૬. જીવ જ્યાં સુધી જે જે બાબતને મમત્વથી જેટલી પોતાની જાણે છે ત્યાં સુધી તેટલું મોહરૂપી અંધારું અને અજ્ઞાન કહેવાય છે. ૨૭. આ મોહનું અંધારું અપાર રહ્યું છે. પણ ખપ વિના તે ક્યારેય સમજાતું નથી. તે મોહના અંધારાનો નાશ કરવા વારંવાર સત્સંગ કરવો. ૨૮. જે કાંઈ પણ વસ્ત-પદાર્થ છે તે બધું ભગવાનનું જ છે. સત્સંગની બુદ્ધિ જેને થઈ હોય તે આમ જાણે છે. તેથી તેનું મોહનું અંધારું નાશ થાય છે. પછી તેને ભગવાનથી અધિક કોઈ વસ્તુ રહેતી નથી. ૨૯.

આ મનુષ્યદેહનો એટલો જ લાભ છે કે ભગવાનના થઈને રહેવું. ભગવાનના થવું તેના જેવો આ બ્રહ્માંડમાં બીજો કોઈ લાભ નથી. ૩૦. આવી રીતની વાતને જે સમજે છે તેને સત્સંગ થયો કહેવાય છે. પછી તે જે કાંઈ પણ લાભ અને જેટલી મોટાઈ છે તે બધી સત્સંગમાં જ સમજે છે. ૩૧. પછી તે ભગવાન તથા સત્સંગથી અન્ય કોઈ વસ્તુને અધિક માને નહિ. આ દુનિયામાં ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, કામ, ક્રોધ આદિ અધર્મનો વંશ છે તેના તથા રોગાદિક ઉપદ્રવના વેગ સાગરના જેવા છે. તેના વેગમાં પણ જેના જ્ઞાનની સ્થિતિ એકસરખી રહે છે. આ રીતે જે હરિભક્ત સત્સંગ કરે છે તેને નિત્ય નવો નવો ઉત્સાહ રહે છે. આવા ઉત્સાહી હરિભક્તો શ્રીહરિની ઘણા ભાવથી પૂજા કરતા હતા. ૩૨-૩૪.

ભક્તોના ભાવને કહ્યા સિવાય જે જે વાત હોય તેનું જ્ઞાન થતું નથી. જે જે વાત રહી છે તેનો ભાવ કહ્યા વિના ક્યારેય તે વાત સમજાતી નથી. કહ્યા વિના ક્યારેય જ્ઞાન થતું નથી. તેટલા માટે કવિ ભાવની વાત કહે છે, છતાં જે ન સમજે તેના જેવો બીજો કોઈ મૂઢ મનુષ્ય નથી. ૩૫-૩૬. જેનાં હૃદયમાં ઈર્ષ્યા, અહંકાર ઇત્યાદિક દોષોને લીધે અંધારું રહેતું હોય, તેને આવી ભાવપૂર્ણ વાતોમાં અરુચિ રહે છે. ૩૭. તેવા લોકોને ભાવથી વાત કહે તોપણ તેનું જ્ઞાન થાતું નથી. ભાવ જાણે એવા નિષ્પાપ હરિભક્તને આ જ્ઞાન થાય છે. ૩૮. જ્યારે હરિભક્તો શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે મધ્યાહ્નનો

સમય થયો હતો. પછી શ્રીહરિ ગામમાં આવ્યા. ૩૯. જન્માષ્ટમીના દિવસે જ્યારે પાછલો એક પહોર દિવસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિએ જીવા ખાચરના દરબારમાં સભા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને ભાવ પ્રધાનતાની વાત કહી" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૪

સારંગપુરનું ચોથું વચનામૃત

❋ આત્મા-અનાત્માની વિગત ચોખ્ખી કરવી :

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ જન્માષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુરમાં જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. ૧-૨. મસ્તક ઉપર સુંદર શ્વેત પાઘ બાંધી હતી, શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૩. અને પોતાના મુખારવિંદની આગળ જેટલા મુનિ હતા તેની તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

ત્યારે સ્વયંપ્રકાશાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આત્મા-અનાત્મા(દેહ)ની ચોખી વિક્તિ કેવી રીતે સમજવી ? જે સમજવે કરીને ફરીને આત્મા અને અનાત્મા એક સમજાય જ નહિ. એ રીતે આપ પ્રશ્નનો ઉત્તર કરો." પછી જીવના પરમ મિત્રરૂપ શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "એક શ્લોક અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખ્ખું સમજવું તે ઠીક છે. જે સમજ્યા પછી આત્મા અને અનાત્માની બાબતનો એકપણાનો લોચો તલભાર પણ ક્યારેય રહે જ નહિ. ૪-૯. જ્યારે ચોખી સમજણ આવે ત્યારે તે જ સમજણ સુખદાયક થાય છે પણ ગોબરી-અસ્પષ્ટ સમજણ ક્યારેય સુખદાયક થાતી નથી. ૧૦.

चोपाई :

माटे चोखे समझना ईमी, में हूँ आत्मा सूर्य ज्युं तीमी;
मेरे जेसे गुण जो इनही, देह ताके विषे कबहु तिनही...११
एक नहीं आवत हि रहाते, दृढ करी इमि समझना कहाते;
अरु जड दुःख मिथ्या जो रूपा, देह के गुण रहे दुःख कूपा...१२

માટે એમ ચોખ્ખું સમજવું કે, 'હું સૂર્ય જેવો પ્રકાશમાન આત્મા છું. મારામાં જેવા ગુણ છે તેવા ગુણ દેહમાં ક્યારેય એકપણ આવતા નથી; એમ દઢપણે કરીને સમજવું. અને જડ, દુઃખ તથા મિથ્યારૂપ એવો જે દેહ, તેના જે ગુણ છે તે તો દુઃખનો કૂવો છે. ૧૧-૧૨. હું ચૈતન્યરૂપ છું તે મારે વિષે દેહનો એકપણ ગુણ આવતો નથી. આવી દેહ તથા આત્માની વિક્તિ સમજીને, અત્યંત નિર્વાસનિક થઈને પોતાને ચૈતન્યરૂપ માનીને પુરુષોત્તમ ભગવાનનું ચિંતવન કરવું. ૧૩-૧૪. આવો જે જડ-ચૈતન્યનો વિવેક છે તે વિવેકને દઢપણે જાણવો. તો તેમાં તે વિવેક આવ્યો કહેવાય. ૧૫.

અને ઘડીક પોતાને અનુપમ આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે, તેને તમારે ગોબરો સમજવો. અને જ્યાં સુધી એવો ગોબરો રહે ત્યાં સુધી તેના અંતરમાં સુખ આવે નહિ. ૧૬-૧૭. જેમ સુંદર અમૃત જેવું અમૂલ્ય અન્ન હોય તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય તો તેને લીધે તે અન્ન ક્યારેય સુખદાયી થાય નહિ. ઉલટાનું દુઃખદાયી થાય છે; તેમ જે વ્યક્તિ આઠે પહોર **આત્માનો દઢ વિચાર કરીને, એક ઘડી પર્યંત પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે, તો તેણે કરીને તેનો બધો વિચાર ધૂળમાં મળી જાય છે. માટે સ્ત્રી આદિના સંકલ્પોને દૂરથી છોડીને જે રીતે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખ્ખો આત્માનો વિચાર વારે વારે કરતો રહે, તો તે શુદ્ધ થાય છે.** ૧૮-૨૨.

તેમાં કદાચ કોઈને એવો સંશય થાય કે, અત્યંત નિર્વાસનિક થયા સિવાય કાચા ને કાચા મરી જઈશું તો શા હવાલ થશે ? તો આવો વિચાર કોઈએ કરવો નહિ. ભગવાનના ભક્તોએ તો હૃદયમાં હંમેશાં હિંમત રાખવી. ભક્તજને તો એવું સમજવું કે, 'મરશે તો દેહ મરશે, પણ હું તો આત્મા છું

અને અજર, અમર છું. ૨૩-૨૫. માટે હું ક્યારેય મરું જ નહિ. આવું મનમાં સમજીને ભગવાન પ્રસન્ન થાય તે રીતે ઘણી હિંમત રાખવી. ૨૬. અને **પરમેશ્વર સિવાયની બધી વાસનાનો ત્યાગ કરીને અચળ મતિ કરવી અને ભાવથી ભગવાનનું ભજન કરવું. ૨૭.**

આ રીતે વાસનાને ટાળતાં ટાળતાં જો કદાચ થોડી ઘણી વાસના રહી જાશે, તો જેવા મોક્ષધર્મમાં નરક કહ્યા છે તેવા નરકની પ્રાપ્તિ થાશે. હવે તે નરકની વિગત કહું છું. ૨૮-૨૯. જે ભગવાનના ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહી જાય તો તેને ઈન્દ્રાદિક દેવતાઓના લોકની પ્રાપ્તિ થાય. તે લોકની શોભા તો ન કહી શકાય તેવી છે. તે લોકમાં જઈને અપ્સરાઓ, વિવિધ પ્રકારના વિમાન, મણિમય અપાર મહેલો, અપાર ખાનપાનાદિક તથા અપાર વસ્ત્ર, આભૂષણ અને વૈભવ તેમજ પાર વગરના બાગ-બગીચા, અને પૂર્વે ન જોયા હોય તેવા અવર્ણનીય મનોવાંછિત ભોગ મળે છે. પરંતુ તે બધા ભોગ-વૈભવો ભગવાનના ધામની આગળ નરક જેવા છે. તેને તે ભક્ત ભોગવે છે પણ તે વિમુખ જીવની જેમ જમપુરીમાં જાતો નથી. ૩૦-૩૪. અને તે ચોરાશીમાં પણ જાય નહીં અને તેના ભોગને કાળ પણ નાશ કરતો નથી.

માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તો કદાચ ઘણું થશો તો દેવતા થવું પડશે અને દેવતામાંથી પડશો તો ક્યારેક મનુષ્યમાં આવવું પડશે. ૩૫-૩૬. પછી મનુષ્ય થઈને ભગવાનની ભક્તિ કરીને નિર્વાસનિક થઈને અંતે તે ભક્ત ભગવાનના ધામમાં પહોંચશે. માટે ભગવાનને અર્થે જેટલું કર્યું હોય તેનો નાશ થતો નથી, અને વિમુખ જીવની રીતે નરક-ચોરાશીને પણ તે નક્કી ભોગવતો નથી. આમ દૃઢ કરીને સહુએ સમજવું. ૩૭-૩૯.

❋ જો હિંમત રાખે તો શ્રીહરિ સાથે રહે :

सोरठा : भगवान हुके जेही, भक्त भये तिनकु कबहु;
वासना हुके तेही, बल देखी हिमत्य तिनकू...४०

छंद मोतीदाम :

हारना नहि हिमत्य कदाय, आनंद महिं भगवान के ताय;
भजन करे करना यह जोउ, वासना छोरना उपाय में सोउ...४१

रहि कर भगवानहु के जेही, भगवान हुके संत ताके तेही;
बचन तामें दृढ कर विश्वास, रखत रहत साचे तेही दास...४२

જે ભગવાનનો ભક્ત હોય તેણે પોતાની વાસનાનું બળ દેખીને ક્યારેય હિંમત હારવી નહિ. પણ હિંમત રાખીને આનંદથી ભગવાનનું ભજન કર્યા કરવું. વળી, વાસના ટાળવાના ઉપાયમાં રહેવું તથા ભગવાન અને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો. એવી રીતે જે તેમનો દૃઢ વિશ્વાસ રાખે તે જ સાચા દાસ છે." ૪૦-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું ચોથું વચનામૃત કહ્યું" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૫

જન્માષ્ટમીની રાતે જન્મોત્સવ કરીને સંતોએ જાગરણ કર્યું

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે સંતો *(ચાલો ચાલો સૈયરનો સાથ, વૃંદાવન જઈએ રે... તે)* કીર્તન ગાવા લાગ્યા. અને જ્યારે મશાલો પ્રગટી ત્યારે આરતી બોલ્યા. ૧. પછી સંતોએ નારાયણધૂન કરી, ત્યારે શ્રીહરિ હાથથી તાળી પાડતાં પાડતાં ધૂન બોલતા હતા. ૨. જ્યારે આરતી સહુ બોલી રહ્યા અને ઊભા થઈને નારાયણધૂન કરતા હતા ત્યારે આનંદનો સાગર ઊછળતો હતો. તે વખતે ત્યાં અપાર રંગ અને રસ જામ્યો હતો. ત્યારે સુખનો તો કોઈ પાર ન હતો. ૩-૪. ઈન્દ્રિયો અને અંતઃકરણની જેટલી વૃત્તિઓ છે તે સર્વે શ્રીહરિની મૂર્તિમાં ચોંટી જાતી હતી. ૫. કોઈ દિવસ સુખ ન લીધું હોય તેવું જીવમાં વર્તાતું હતું. અને જાણે શરીરનું ભાન પણ ન રહ્યું હોય એવી રીતે સહુ વર્તતા હતા. ૬.

✵ વૃત્તિઓના વેગ વાળે તે ભગવાનને ભાળે :

चोपाई :

जो जो हरि करत रहे बाता, तामें एसी हि रीत वरताता;
कमानसु तीर चलत जिस रीता, तुपक सुँ गोरी चलत तिस रीता...०७

नवनीत ताके गिरि में जिमी, चोंटत हे आयकर हि तिमी;
भगवान के भक्त प्रेमी ताकी, भगवान की मूर्ति महिं वाकी...०८
वृत्ति चोंटी जावत जो रहाते, सुख पावत कहे नहीं जाते;

શ્રીહરિ જે જે વાતો કરતા તેમાં તેવી રીતે હરિભક્તો તરત જ વર્તતા હતા, અને કમાનમાંથી તીર છૂટે કે બંદૂકમાંથી ગોળી છૂટે તે માખણના પર્વતમાં જેમ ચોંટી જાય તેમ ભગવાનના પ્રેમી ભક્તની ઈન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં ચોંટી જાતી હતી. તેથી જે સુખ મળતું તે કહી શકાતું નથી. પ્રગટ મૂર્તિરૂપ શ્રીહરિ હતા તે દિવ્ય મૂર્તિમાંથી ભક્તજનોની વૃત્તિઓને દેહમાં લાવતા હતા. કેમ જે, દેહમાં વૃત્તિ આવ્યા સિવાય દેહની જે કોઈ ક્રિયા હોય તે કોઈ રીતે થતી નથી, તે વાત નિશ્ચિત રહી છે. ભૂમિ ઉપર જે નદી હોય છે તેનો જેટલો પ્રવાહ છે તે જેમ સમુદ્રમાં મળી જાય છે તેમ ભગવાનના ભક્તનો વૃત્તિરૂપી પ્રવાહ શ્રીહરિરૂપી સાગરમાં મળી જતો હતો. વળી તેમ જ ભાવિક ભક્તજનો ભગવાનની મૂર્તિમાં ૭-૧૨. **જેમ નદી સમુદ્રમાં ભળી જાય તેમ વૃત્તિ દ્વારા ભળી જાય છે, પણ શરીરે કરીને તો અલગ રહેતા. આવા તો અગણિત હરિભક્તો હતા. ૧૩.**

જ્યારે આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ પ્રેમ મગ્નભાવથી શ્રીહરિને કહ્યું, ૧૪. 'આજે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મદિવસ છે. તો ઝાંઝ અને મૃદંગ વગાડીને જન્મસમય સુધી ઉત્સવ કરીએ. ૧૫. આજે ઘણો મોટો ઉત્સવ છે. એટલે જે ઉત્તમ વૈષ્ણવો હોય છે તે આખી રાત જાગરણ કરતા હોય છે. ૧૬. ત્યારે શ્રીહરિએ સ્વામીને કહ્યું કે, 'તમને તો તે વૈષ્ણવો કરતાં અધિક પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. માટે તમે તે વૈષ્ણવો કરતાં અધિક છો. ૧૭. તમે જે રીતે ઉત્સવ કરો છો તેવો ઉત્સવ બ્રહ્માંડમાં ક્યાંય થતો નથી. અમે જે રીતે જાણીએ છીએ તે રીતે તમને કહીએ છીએ. ૧૮. **ધર્મ વગરની જે ભક્તિ કરે છે તે તો વિધવા ભક્તિ કહેવાય છે અને જે વિધવા ભક્તિ છે તે તો પત્ર, પુષ્પ અને ફળ વગરનાં વૃક્ષ જેવી છે. ૧૯. જો સૂકાઈ ગયેલું ઝાડ ફળ આપે તો વિધવા ભક્તિ ફળ આપે. અને ધર્મથી યુક્ત જે ભક્તિ છે તે સધવા ભક્તિ કહેવાય છે. ૨૦. જે રીતે**

કલ્પવૃક્ષ ફળ આપે છે તે રીતે સધવા ભક્તિ ફળ આપે છે. જે હરિભક્તો ધર્મ સહિત ભક્તિ કરે છે તો તેમાંથી તેને આ વખતે અક્ષરધામ જેવું મહાન સુફળ મળે છે. તેનાથી પર કોઈ અધિક ફળ નથી. આપ સહુ મુનિ તેને સમજી લો. ૨૧-૨૨. માટે હવે તમે સહુ સંતો વાજિંત્ર વગાડીને જેવો ભાવ હોય તે રીતે ઉત્સવ કરો.

પછી સંતો તે ઓરડાની ઓસરી ઉપર બેઠા અને ઉત્સવ કરવા લાગ્યા. ૨૩. તે વખતે સંતોને માટે સુંદર બિછાના બિછાવી દીધા. તેના ઉપર ઉત્સવિયા સંત મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક બેઠા. ૨૪. પ્રેમાનંદસ્વામી મૃદંગ બજાવતા હતા અને બીજા જે સંતો હતા તે ઝાંઝ વગાડતા હતા.૨૫.દેવાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, નિર્વિકારાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, બે શિવાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, અભેદાનંદસ્વામી, ભગવાનાનંદસ્વામી તથા મુકુંદાનંદસ્વામી, આ બધા મુનિઓ ઉત્સવ કરતા હતા, અને શ્રીહરિ પાસે બેસીને સાંભળતા હતા. ૨૬-૨૯. તે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો ત્યાં સુધી ઉત્સવ થયો. અને જેટલા સંતો તથા હરિભક્તો હતા તે ઉત્સવના પદો સાંભળતા હતા. ૩૦.

શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ થયો પછી શ્રીહરિ આસન ઉપર ગયા. સહુ હરિભક્તો પણ પોતપોતાને ઉતારે ગયા. ૩૧. સંતો બધા મંદિરમાં ગયા અને સવાર સુધી જાગરણ કર્યું. તેમાં ભગવાને જે રીતે ચરિત્ર કર્યાં હતાં તે રીતનાં પદ ગાતાં હતાં. ૩૨. “શ્રીકૃષ્ણ ભગવાને મથુરા અને ગોકુળમાં જન્મનો ભાવ દેખાડ્યો ત્યારે ગોકુળમાં ઘણો મહાન ઉત્સવ થયો હતો. ૩૩. પછી નારદે આવીને કંસને કહ્યું કે, ‘ભગવાને જન્મ ધારી લીધો છે, તે તને જરૂર મારશે. તેમણે મનમાં આવું ધાર્યું છે તેમાં લગાર પણ મિથ્યા નથી. ૩૪. તે સમયે પૂતના અને કેટલાક દૈત્યો હતા તેમને કંસે ગોકુળમાં મોકલ્યા. જેમ અગ્નિમાં પડેલા પંતગિયાઓ નાશ પામે છે તેમ ભગવાનને મારવા માટે કંસે જેટલા દૈત્યોને મોકલ્યા તે બધા દૈત્યોનો બાલકૃષ્ણએ સહજ સ્વભાવે નાશ કર્યો. ૩૫-૩૬. કાલીયનાગનું દમન કર્યું, દાવાનળનું પાન કર્યું અને

એક હાથ ઉપર ગોવર્ધન પર્વતને ધારણ કર્યો. ૩૭. વૃંદાવનમાં રાસ રચ્યો, પછી મથુરા આવ્યા અને એક પલકવારમાં કંસને માર્યો અને પછી દ્વારકા જઈને વસ્યા. ૩૮. ત્યારે કાળયવન, બાણાસુર, ભોમાસુર, શાલ્વ અને જરાસંધ વગેરેને માર્યા. ૩૯. કૌરવોનો સંહાર કર્યો, પાંડવોને રાજ આપ્યું; આવી લીલા જેમાં હતી તેવાં પદોને સંતો સવાર સુધી ગાતા રહ્યા." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "જન્માષ્ટમીની રાતે જન્મોત્સવ કરીને સંતોએ જાગરણ કર્યું" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૬

સારંગપુરનું પાંચમું વચનામૃત

માતરા રેફડિયા નામે એક કાઠી હતા. તે દરબાર જીવા ખાચરના જમાઈ હતા. ૧. તે સારા હરિભક્ત થયા હતા. નોમને દિવસે તેમના તરફથી સારા નિપુણ બ્રાહ્મણની પાસે લાડુની રસોઈ કરાવી હતી. ૨. તે રસોઈ કરવામાં જયાનંદ વર્ણી મુખ્ય હતા. રસોઈ તૈયાર થઈ ત્યારે પહેલા શ્રીહરિને જમાડ્યા. ૩. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરી. હરિભક્તને ઘેર ચોકમાં સંતોની પંગત બેઠી. ૪. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ લાડુ પીરસતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે ગયા. ૫.

❋ વચ.સા.૫ વાસના ટાળવાના અનુપમ ઉપાયો :

ત્યારબાદ બપોર પછી જે સભા કરાવી તેની વાત હવે કહું છું. શ્રાવણ વદિ નવમીને દિવસ પરમ નિપુણ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા, અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાણી હતી.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, ૬-૯. "વાસનાની નિવૃત્તિ કરવાનો એવો કયો જબરો ઉપાય છે જે એક સાધનમાં જેટલાં સાધન છે તે બધાં આવી જાય ? ૧૦. હે હરિ ! હું આપને તે પ્રશ્ન પૂછું છું. તેનો ઉત્તર આપ પ્રેમથી કરો."

પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, ૧૧. "એક તો જેને અપાર **શ્રદ્ધા** હોય તે શ્રદ્ધાની વાત ચોક્કસ છે તથા ભગવાન અને ભગવાનના ભક્તના વચનમાં **વિશ્વાસ** તથા ભગવાનને વિષે **પ્રીતિ** અને ભગવાનના સ્વરૂપનું **માહાત્મ્ય**, આ ચાર વાના જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. ૧૨-૧૪. તેમાં પણ જો અતિશય દૃઢ માહાત્મ્ય હોય તો શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિ આ ત્રણ કદાચ દુબળા હોય, તોપણ તે ઘણા બળવાન થઈ જાય છે. માહાત્મ્ય વિનાની જે ભક્તિ છે તે અતિશય જણાતી હોય તોપણ તેનો અંતે નાશ થઈ જાય છે. તેમાં કાંઈ પણ મિથ્યા કહ્યું નથી. જેમ દશ-બાર વર્ષની રૂપવાન કન્યા હોય અને તેને મોટો ક્ષયરોગ થઈ ગયો હોય તો તે જુવાન થયા પહેલા જ મરી જાય, પણ તે જુવાન થાય નહિ. તેમ માહાત્મ્ય વગરની જે ભક્તિ છે તે પરિપક્વ થતા થતા વચમાં જ તેનો નાશ થઈ જાય છે. આ વાત અમે નિશ્ચિત કરીને કહીએ છીએ. ૧૫-૧૯.

અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો તેમાં બીજા જે કાંઈ કલ્યાણકારી ગુણ ન હોય તે બધા પણ તેના હૃદયમાં આવીને રહે છે. અને જો માહાત્મ્યે સહિત ભક્તિ ન હોય તો શમ-દમાદિક કલ્યાણકારી અપાર રૂડા ગુણ હૃદયમાં રહ્યા હોય તોપણ નહીં જેવા જ છે; કેમ જે, માહાત્મ્ય વિનાના ગમે તેવા તે ગુણો હશે ૨૦-૨૨.

किमि जे अंत्ये होवहि नाशा, जिमि रहेउ छाजे के घासा;
माटे एक माहात्म्य सहिता, भक्ति हि होय जाकु उदीता...२३
वासना रहे ताकु जेती, निवृत्ति होई जावत तेती;
कल्याणकारि गुण रहे जेता, आय ताके हृदे में तेता...२४
दोहा : निवास करीके रहत हे, माटे कहत हे जेउ;
माहात्म्य सह भगवान की, भक्ति रहाये तेउ...२५

एज वासना टलन के, महा बडे अति जेह;
अचल रहेउ साधन यह, यह सम हि नहीं केह...२६

તોપણ અંતે નાશ પામી જશે. જેમ છજા ઉપરના ઘાસનો ટૂંક સમયમાં જ નાશ થઈ જાય છે તેમ માહાત્મ્ય વગરની ભક્તિનો નાશ થઈ જાય છે. અને જો એક માહાત્મ્યે સહિત ભક્તિ જેને ઉદય પામી હોય તેને જેટલી વાસના હોય તે તમામ નિવૃત્ત થઈ જાય છે. અને જેટલા કાંઈ કલ્યાણકારી ગુણો છે તે સર્વે તેનાં હૃદયને વિશે નિવાસ કરીને રહે છે. માટે અમે કહીએ છીએ કે, માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ છે એ જ વાસના ટાળવાનું મોટામાં મોટું અવિચળ સાધન છે. તેના સમાન બીજું કોઈ સાધન નથી." ૨૩-૨૬.

❋ ભગવાનના અન્વય અને વ્યતિરેક સ્વરૂપનું વર્ણન :

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જીવ અન્વયપણે કેમ રહ્યો છે અને વ્યતિરેકપણે કેમ રહ્યો છે ? અને ઈશ્વર અન્વયપણે કેમ રહે છે અને વ્યતિરેકપણે કેમ રહે છે ? તે યથાર્થપણે કહો. તથા અક્ષરબ્રહ્મ અન્વયપણે કેમ રહે છે અને વ્યતિરેકપણે કેમ રહે છે ? અને પુરુષોત્તમ ભગવાન અન્વયપણે કરીને કેમ રહે છે તથા વ્યતિરેકપણે કરીને કેમ રહે છે ? તે પણ જેમ હોય તેમ યથાર્થ કહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જન્મ-મરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે અન્વય જાણવું. અને અછેદ્ય, અભેદ્ય તથા અવિનાશી કહેવાતું જીવનું સ્વરૂપ તેને વ્યતિરેક જાણવું. ૨૭-૩૧. અને વિરાટ, સૂત્રાત્મા તથા અવ્યાકૃત, એ ત્રણ શરીરમાં એકરસપણે કરીને વર્તવું તે ઈશ્વરનું અન્વય સ્વરૂપ છે. તથા પિંડ અને બ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને હરખભેર જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ છે. અને પ્રકૃતિપુરુષ તથા સૂર્ય-ચંદ્રાદિક દેવતા, તેના પ્રેરકપણે કહેવા તે અક્ષરનું અન્વય સ્વરૂપ જાણવું. અને તમને કહ્યું તે રીતે જે સ્વરૂપમાં પ્રકૃતિપુરુષ ઈત્યાદિક કાંઈ ઉપાધિ રહેતી નથી. એક પુરુષોત્તમ ભગવાન જ જેમાં રહે છે, તે અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ કહ્યું છે. ૩૨-૩૭.

અને બદ્ધ જીવ અને મુક્ત જીવ એ બંનેનાં હૃદયમાં જે સાક્ષીરૂપે કરીને રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમ જ ઈશ્વરના તથા

અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે. અને અવિચળપણે અને અત્યંત પરમ અનુપમપણે રહ્યા છે અને તે તે તમામ પ્રકારની ઉપાધિ થકી રહિત છે, એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે. અને જીવ, ઈશ્વર તથા અક્ષર આ ત્રણેય થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ છે એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. આવી રીતે અન્વયપણું અને વ્યતિરેકપણું છે." ૩૮-૪૨.

❋ મહિમાવાળાને જ દર્શનાદિકનું યથાર્થ ફળ મળે છે :

પછી વળી, મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનના દર્શનનો અપરિમિત મહિમા કહ્યો છે, અને ભગવાનનાં સુખ, ધામ નામ-સ્મરણનો ઘણો મહિમા છે તથા ભગવાનના સ્પર્શનો પણ ઘણો વિસ્તારથી મહિમા કહ્યો છે. ૪૩-૪૪. તે મહિમા ભગવાનના ભક્તોને માટે જ છે કે સર્વ જીવોને માટે છે ?" પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા જે, ૪૫. "દર્શનાદિકનો તો ભેદ જુદો જ છે. તે હવે અમે કહીએ છીએ તેને તમે સાંભળો. જ્યારે દર્શનનો કરનારો ભગવાનના પ્રેમથી દર્શન કરે છે ત્યારે તેનું મન છે તે દૃષ્ટિ દ્વારે આવીને તે સહિત દૃષ્ટિથી જો દર્શન કરે તો તે એવું અપૂર્વ દર્શન થાય છે કે તે દર્શન વિસારે તોપણ વિસરાતું નથી. આ રીતે મને સહ વર્તમાન ત્વચાથી સ્પર્શ કરે, તો તે સ્પર્શ પણ ક્યારેય વિસરે નહિ. ૪૬-૪૮.

જેમ ગોપાંગનાઓના ભાગવતમાં ભગવાનના પ્રત્યે વચન છે. તે હવે કહું છું, ૪૯. 'હે ભગવન્ ! જે દિવસથી આપનાં ચરણનો સ્પર્શ થયો છે તે દિવસથી આપના સિવાયના જે જે સંસારનાં સુખ કહેવાય છે તે બધાં અમને દુઃખરૂપ અને ઝેર જેવાં લાગે છે. ૫૦-૫૧. એવી રીતે સર્વે જ્ઞાનઈન્દ્રિયોએ કરીને મને સહવર્તમાન જે ભગવાનનાં પરમ પવિત્ર દર્શન, સ્પર્શ અને શ્રવણાદિક થયા હોય તો તે કોઈ કાળે વીસરી જાતા નથી. જ્યારે સંભારે ત્યારે સાંભરી આવે છે. ૫૨-૫૩. જેમ અજ્ઞાની જીવે મને સહવર્તમાન પાંચ જ્ઞાનઈન્દ્રિયોએ કરીને જે જે વિષયને હરખથી ભોગવ્યા હોય તેને વિસારે તોપણ ક્યારેય વિસરતા નથી; એવી રીતે જ મને સહવર્તમાન ભગવાનનાં દર્શન ઈત્યાદિક જે કરે છે તેને જ દર્શનાદિક જાણવા અને બીજાને તો દર્શન થયાં છે તોપણ ન થયાં હોય તેવાં જાણવાં. ૫૪-૫૬.

કેમ જે, જે સમયે તે દર્શન કરતો હોય તે સમયે તેનું મન તો દર્શનને છોડીને બીજે ક્યાંયે ફરતું હોય છે. ૫૭. માટે તેણે કરેલાં દર્શન કાં તો એક દિવસમાં જરૂર ભૂલી જવાશે. અથવા પાંચ દિવસમાં અથવા પચાસ દિવસમાં અથવા છ મહિનામાં અથવા એક વરસમાં અથવા પાંચ વરસમાં જરૂર વીસરી જશે પણ અંતે રહેશે નહિ. તેમાં તલભાર પણ ખોટું નથી. અમે આ વાત જોઈને નિર્ધારિત કરી છે. ૫૮-૬૦.

दोहा : माटे माहात्म्य जानिके, अति प्रीति कर हि जेहु;
मन सहित दृष्टि आदिक हि, ज्ञान इन्द्रि कर तेहु...६१
दरशन स्परशादिक जो, करत ही ताकु जेह;
दर्शन के फल होत रहे, दूजेकु न तिमि तेह...६२

માટે માહાત્મ્ય જાણીને અતિશય પ્રીતિએ કરીને, મનસહિત દષ્ટિ આદિક જ્ઞાનઈન્દ્રિયોએ કરીને દર્શન-સ્પર્શાદિક જે કરે છે તેને જ દર્શનનું યથાર્થ ફળ મળે છે. બીજાને તેવું ફળ મળતું નથી. ૬૧-૬૨. બીજાને તો જે પરમેશ્વરનાં દર્શનાદિક થાય છે તેનું બીજબળ થાય છે અને તે બીજબળનું ફળ થાય છે. ૬૩. દર્શનાદિકનો જે યથાર્થ મહિમા છે તે તો જે મને સહવર્તમાન દર્શનાદિક કરે છે તેને માટે જ છે.” ૬૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “સારંગપુરનું પાંચમું વચનામૃત કહ્યું” એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૭

સારંગપુરનું છઠ્ઠું વચનામૃત

❋ એક અવસ્થામાં બીજી રહેલી અવસ્થાઓની વિગત :

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ દશમને દિવસ શ્રીજીમહારાજ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને અત્યંત પ્રસન્ન જણાતા હતા. અને પોતાના મુખારવિંદની આગળ તમામ

મુનિઓ બેઠા હતા અને જ્યારે સભા ભરાણી ત્યારે દેશદેશના હરિભક્તો સભામાં આવીને બેઠા હતા. ૩-૪.

પછી નિત્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, “એક એક અવસ્થાને વિશે બીજી બબ્બે અવસ્થાઓ કઈ રીતે રહી છે ? હે શ્રીહરિ ! તેનો યથાર્થ ઉત્તર કરો.” પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, ૫-૬. **“આ જીવાત્મા જે છે તે જેને વિષે રહીને વિષયભોગને ભોગવે છે તેને અવસ્થા કહેવાય. ૭.** તે અવસ્થા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ પ્રકારની છે તેને ઓળખવી. તેમાં જાગ્રત અવસ્થા છે તે વૈરાજપુરુષની જે સ્થિતિ અવસ્થા તેનું કાર્ય છે અને તે સત્ત્વગુણાત્મક છે ને નેત્રસ્થાનકને વિષે રહી છે. ૮-૯. એવી જે જાગ્રત અવસ્થા તેને વિષે વિશ્વાભિમાની નામે જે આ જીવાત્મા છે તે સ્થૂળ દેહના અભિમાને સહિત થકો, દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણે કરીને, વિવેકે સહિત યથાર્થપણે પોતાનાં પૂર્વકર્મને અનુસારે બાહ્ય શબ્દાદિક પંચવિષયના ભોગોને ભોગવતો રહે છે. તેને સત્ત્વગુણપ્રધાન એવી જાગ્રત અવસ્થા કહેવાય. અને એ જાગ્રત અવસ્થાને વિષે તે જીવાત્મા જ્યારે ભ્રાંતિએ કરીને અયથાર્થપણે બાહ્ય વિષયના ભોગને ભોગવે છે ત્યારે તેને જાગ્રત અવસ્થાને વિષે સ્વપ્ન અવસ્થા કહે છે. જે સુજ્ઞ છે તેઓ તે વાતને જાણે છે. ૧૦-૧૫. અને તે જીવાત્મા જાગ્રત અવસ્થાને વિષે શોક તથા શ્રમાદિકે કરીને વિવેકે રહિત થકો જો બાહ્ય વિષયભોગને ભોગવે છે તો તેને જાગ્રતને વિષે સુષુપ્તિ એવે નામે કવિજનો કહે છે. ૧૬-૧૭.

અને જે સ્વપ્ન અવસ્થા છે તે હિરણ્યગર્ભની જે ઉત્પત્તિ અવસ્થા તેનું કાર્ય છે ને તે રજોગુણાત્મક છે. ૧૮. અને કંઠ સ્થાનકને વિષે રહી એવી જે સ્વપ્ન અવસ્થા તેને વિષે તૈજસાભિમાની નામે જીવાત્મા છે તેમ જ્ઞાની લોકો કહે છે. ૧૯. તે સુજ્ઞ જીવાત્મા સૂક્ષ્મ દેહના અભિમાને સહિત રહ્યો થકો ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને પૂર્વકર્મને અનુસારે સુખ-દુઃખરૂપ વાસનામય ભોગોને ભોગવે છે. તેને રજોગુણપ્રધાન સ્વપ્ન અવસ્થા કહીએ. ૨૦-૨૧. અને તે સ્વપ્ન અવસ્થાને વિષે એ જીવાત્મા જ્યારે જાગ્રત અવસ્થાની પેઠે જ વિવેકે કરીને જાણતો થકો વાસનામય ભોગોને ભોગવે છે, ત્યારે તેને

સ્વપ્નને વિષે જાગ્રત અવસ્થા કહે છે. તે સહજપણે સમજમાં નથી આવતું. અને એ સ્વપ્નને વિષે જણાણા જે વાસનામય ભોગ તેમને એ જીવાત્મા જે તે ભોગવતો થકો પણ જો જડપણે કરીને જાણતો નથી, તો તેને સ્વપ્નને વિષે સુષુપ્તિ અવસ્થા કહે છે.

અને જે સુષુપ્તિ અવસ્થા છે તે ઈશ્વરની પ્રલય અવસ્થાનું કાર્ય છે. અને તે તમોગુણાત્મક છે અને હૃદય સ્થાનકને વિષે રહી છે. ૨૨-૨૭. આવી જે સુષુપ્તિ અવસ્થા તે જ્યારે એ જીવને આવે છે ત્યારે ઇન્દ્રિયો-અંતઃકરણની જે વૃત્તિઓ તથા વિષયભોગની જે વાસના તથા જ્ઞાતાપણું અને કર્તાપણું, એ સર્વે કારણદેહને વિષે લીન થઈ જાય છે. અને તે કારણદેહનો અભિમાની જે પ્રાજ્ઞ નામે જીવાત્મા ૨૮-૩૦. તેનું પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મના સુખલેશને વિશે અતિશય લીનપણું થઈ જાય છે. તેને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહીએ. અને તે સુષુપ્તિને વિષે કર્મના સંસ્કારે કરીને કર્તાપણાની વૃત્તિનું જે ઉત્પન્ન થવું તેને સુષુપ્તિને વિષે સ્વપ્ન અવસ્થા કહેવાય. અને જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાની પીડાના તાપ થકી વળી તે સુષુપ્તિના સુખમાં પ્રવેશ કરતી જે કર્તાવૃત્તિ તેના પ્રતિલોમપણાનું જે જ્ઞાન, તેને સુષુપ્તિને વિષે જાગ્રત અવસ્થા કહેવાય. તે જે રીતે રહ્યું છે તે રીતે અમે કહી બતાવ્યું.

આવી રીતે એક એક અવસ્થાને વિષે બીજી બબ્બે અવસ્થાઓ રહી છે. તે જ્ઞાન વિના કહેતા આવડતું નથી. અને આ જે અવસ્થાના ભેદ છે તેનું શુદ્ધ જ્ઞાન જીવાત્માને જેના વતે થાય છે અને તે તે અવસ્થાને વિષે જીવને કર્મને અનુસારે જે ફળને પમાડનારા છે તેને તુર્યપદ એ નામે ચોક્કસપણે કહે છે. ૩૧-૩૮. વળી તેને અંતર્યામી કહે છે, દ્રષ્ટા કહે છે, બ્રહ્મ અને પરબ્રહ્મ કહે છે." આ પ્રશ્નનો ઉત્તર શ્રીહરિએ લોકોને સમજાય તે રીતે કર્યો. તે સાંભળીને સંતો બધા રાજી થયા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું છઠ્ઠું વચનામૃત ચાલું કહ્યું" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૧૮

સારંગપુરનું બાકીનું છઠ્ઠું વચનામૃત પૂરું

❋ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીનું વર્ણન :

પછી વળી, નિત્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી આ ચાર પ્રકારની જે વાણી કહેવાય છે તેને કેમ સમજવી ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "આ વાત તો ઘણી મોટી છે અને અતિ સૂક્ષ્મ છે અને શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધને વિશે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીના પ્રત્યે નિર્બાધપણે સ્પષ્ટ કહી છે તે હવે હું તમને સંક્ષેપથી કહું છું. તમે સહુ સંતો ધ્યાન દઈને સાંભળો. પ્રથમ જગતના ઉત્પત્તિકાળને વિષે પુરુષોત્તમ ભગવાને વૈરાજપુરુષના મસ્તકને વિષે રહેલ જે સહસ્રદળનું કમળ તેને વિષે પ્રવેશ કરીને અક્ષરબ્રહ્માત્મક એવો નાદ કર્યો હતો. તે નાદનું વર્ણન થઈ શકતું નથી. પછી તે નાદ સુષુમ્ણા નાડીને માર્ગે કરીને વિરાટપુરુષના નાભિકંદને વિષે વ્યાપીને મહાપ્રાણે સહિત થકો ત્યાંથી ઊંચો વૃદ્ધિને પામ્યો. તેણે કરીને તે વિરાટપુરુષનું જે નાભિકમળ અધોમુખ હતું તે ઊર્ધ્વમુખ થયું. આવી રીતે તે વિરાટપુરુષના નાભિકંદને વિષે જે અપૂર્વનાદ થયો તેને પરાવાણી કહીએ.

તે પરાવાણી વેદની ઉત્પત્તિને માટે સર્વજ્ઞ એવા ભગવાને પોતે બીજરૂપે કરીને પ્રકાશી છે, ને તેજના પ્રવાહરૂપ છે. ૧-૧૧. તે અર્ધમાત્રારૂપ છે. પછી તે અનુપમ પરાવાણી ત્યાંથી વિરાટના હૃદયાકાશને પામીને પશ્યંતી એવે નામે થતી હવી. પછી ત્યાંથી કંઠદેશને પામીને મધ્યમા નામે થતી હવી. ત્યાંથી વિરાટના મુખને પામીને તે વૈખરી એવી સંજ્ઞાને પામી. ૧૨-૧૪. પછી તે અકાર, ઉકાર અને મકાર એ ત્રણ વર્ણરૂપ થઈને પ્રણવરૂપે થતી હવી. ૧૫. પછી તે વાણી બાવન અક્ષરરૂપે થઈને ચાર વેદરૂપે થતી હવી. ૧૬. એવી રીતે વિરાટપુરુષને વિષે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર વાણીને વિવેકે કરીને સમજવી. તે જેવી વાત હતી તે અમે કહી.

હવે જીવને વિષે પણ તે ચાર વાણી છે તે કહીએ છીએ, તે મન દઈને સાંભળો. કેમ જે, ચિત્ત દીધાં વિના રસ આવતો નથી. એના એ પુરુષોત્તમ ભગવાન છે તે જીવને વિષે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે. અને એ જીવની જે ત્રણ અવસ્થા કહેવાય છે ૧૭-૨૦. તેને વિષે સ્વતંત્રપણે અનુસ્યૂત રહ્યા છે; આવા જે ભગવાન તે જ જીવના કલ્યાણને માટે પૃથ્વીને વિષે વારંવાર અવતાર ધરે છે. ત્યારે આ જીવ તે ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન પરમ પ્રેમથી કરે છે તથા તે ભગવાનનાં જે ધામ અને તેના અપાર ગુણ તથા ઐશ્વર્ય, તેનું પ્રતિપાદન પ્રેમથી કરે છે તથા તેમનાં ચરિત્રોનું વારંવાર વર્ણન કરે છે. તેમજ આત્મા-અનાત્માનો વિવેક અનેક રીતે કહી બતાવે છે. ૨૧-૨૪. તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ પૃથક્ કરીને કહે છે. ૨૫. આવી જે વાણી તેને પરાવાણી કહેવાય.

હવે વૈખરી વાણી છે તેને કહું છું. ૨૬. જે માયિક પદાર્થો અને વિષયો છે તેને વિવેકે સહિત યથાર્થપણે કરીને જે કહી દેખાડે છે તેને વૈખરી વાણી કહેવાય. અને જે પદાર્થને તથા વિષયોને ભ્રાંતિએ સહિત અયથાર્થરૂપમાં કહી દેખાડે છે તેને મધ્યમા વાણી એવે નામે કવિઓ કહે છે. અને જે પદાર્થને અને વિષયને અંધધંધ કહેતાં, અસ્પષ્ટ રીતે કરીને દેખાડે ને કાંઈ સમજમાં ન આવે, તેને પશ્યંતી વાણી કહેવાય. એવી રીતે જીવની જે જાગ્રત અવસ્થા છે તેને વિષે એ ચાર વાણીના રૂપ સમજ્યામાં આવે છે. સ્વપ્ન અને સુષુપ્તિને વિષે તો કોઈક સમાધિવાળાને આ ચાર વાણીનાં રૂપ સમજવામાં આવે છે પણ બીજા કોઈને તો તે ક્યારેય સમજાતા નથી.” ૨૭-૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “સારંગપુરનું બાકીનું છઠ્ઠું વચનામૃત પૂરું થયું” એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૧૯

સારંગપુરનું સાતમું અને આઠમું વચનામૃત

✵ સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્રની મહત્તા :

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ એકાદશીને દિવસ રાત્રિને સમયે ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારની ઓસરીએ પલંગ ઉપર આવીને ભયહારી શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. ૧-૩. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પ્રસન્ન મુખકમળવાળા શ્રીહરિની આગળ મુનિ તથા દેશદેશના જેટલા હરિભક્ત હતા તેમની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે શ્રીમદ્‌ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ નિત્યાનંદસ્વામી પાસે કરાવ્યો. ત્યારે તેમાં એમ વાત આવી જે, **'જ્યાં મનોમય ચક્રની ધારા વારંવાર કુંઠિત થાય તે સ્થળને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.** ૪-૭. આ વાર્તા સાંભળીને મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું કે, "ભક્તોને પરમ સુખ આપનારા હે મહારાજ ! એ મનોમય ચક્ર તે શું છે ? અને તેની ધારા તે શી સમજવી ? તેની વાત જેવી હોય તેવી હવે કૃપા કરીને કહો." ૮-૯.

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "મનોમય ચક્ર તે નિશ્ચિતરૂપમાં મનને જાણવું. ૧૦. અને તેની ધારા તે દસ ઇન્દ્રિયો છે એમ તમારે મુનિઓએ જાણવું. અને ઇન્દ્રિયરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને જ નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય. અને ત્યાં મોક્ષરૂપ પુરુષાર્થ તત્કાળ સિદ્ધ થાય છે. ૧૧-૧૨.

दोहा : तेही ठोर जप तप व्रत, ध्यान पूजा हि जेह;
यह आदिक सुक्रत के, आरंभ करत तेह...१३
दिन दिन प्रति वृद्धि हि, पावत रहेउ तेहु;
एसे नैमिषारण्य जो, क्षेत्र ठोर जो जेहु...१४
सोरठा : भगवान हि यह जेह, ताके एकांतिक संत;
रहत ठोर जो तेह, जानना जरुर कर हि तुम...१५

તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન અને પૂજા એ આદિક જે પુણ્યકર્મ તેનો જે આરંભ કરે છે તે દિવસે દિવસે વૃદ્ધિને પામે છે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે તો જે જગ્યાએ આ ભગવાનના એકાંતિક સંત રહેતા હોય તે સ્થાનને તમારે ચોક્કસ જાણવું. ૧૩-૧૫. અને જ્યારે મનોમય ચક્રની ઈન્દ્રિયરૂપી ધારા બૂઠી થઈ જાય ત્યારે તેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયને વિષે ક્યારેય લેશમાત્ર પણ પ્રીતિ રહે નહિ. ૧૬-૧૭. અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય અથવા અનેક પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ ઈત્યાદિક સુંદર પદાર્થ ક્યારેક દેખાઈ આવે ત્યારે તેનો મૂળગો મનમાં અતિશય અભાવ આવે, પણ તેમાં ઈન્દ્રિયોને લોભાવા દે નહિ અને તેની વૃત્તિ ત્યાં જઈને તેમાં ચોંટે નહિ. ૧૮-૧૯.

જેમ અતિ તીક્ષ્ણ અણીવાળું બાણ હોય તે જે પદાર્થમાં ચોંટાડે તેમાં ચોંટી જાય અને તેને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે. ૨૦. અને પાછું કાઢ્યું પણ નીકળે નહિ. અને પછી તે બાણમાંથી ફળું(બાણના આગળના અણિદાર ભાગને) કાઢી લેવામાં આવે અને પછી એકલું થોથું રહ્યું હોય તેને ભીંતમાં ઘા કરે તો તે ભીંતમાં ક્યારેય ચોંટે નહિ, પણ ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળા સોતું બાણ ભીંતને વિશે ચોંટી જાય તેમ ફળા વિનાનું ચોંટતું દેખાતું નથી. તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઈન્દ્રિયો, તે જ્યારે બૂઠી થઈ જાય ત્યારે ગમે તેવા શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઈન્દ્રિયોની વૃત્તિ ક્યારેય ચોંટે નહિ. ૨૧-૨૪. અને થોથા બાણની પેઠે ઈન્દ્રિયોની વૃત્તિ પાછી હઠી જાય છે; એવું જ્યારે વર્તાય ત્યારે જાણવું જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ છે, તે વાત નિશ્ચિત છે. ૨૫-૨૬. આ કહ્યું તે રીતે સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું-માનવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું. આ રીતે તમે જેવો પ્રશ્ન પૂછ્યો હતો તેવી અમે આ વાત કહી." ૨૭-૨૮.

❋ વચનામૃત સારંગપુર - ૮ :

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ દ્વાદશીને દિવસ રંગભીના સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં

ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. અને ભગવાન શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૨૯-૩૧.

❋ ઈર્ષ્યાના સ્વરૂપની વિગત :

પછી ચૈતન્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! ઈર્ષ્યાનું શું રૂપ છે ?" પછી શ્રીજીમહારાજ અતિશય હેત લાવીને બોલ્યા જે, "જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે. અને ક્રોધ, મત્સર તથા અસૂયા છે તે પણ તત્કાળ માનમાંથી જ પ્રવર્તે છે. ૩૨-૩૪. **અને ઈર્ષ્યાનું એવું રૂપ છે કે, 'પોતા કરતાં જે અધિક-શ્રેષ્ઠ હોય તોપણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ. ૩૫.** આવો જેનો સ્વભાવ વર્તતો હોય તેમાં કુટુંબે સહિત ઈર્ષ્યા આવીને રહે છે. ૩૬. આ વાત એવી છે કે, 'સ્વભાવે કરીને જે જેવો હોય તે દેખતામાં જ જણાઈ આવે છે.' કેમ જે, સ્વભાવ હોય તે ઝળક્યા વિના રહે જ નહિ. અને યથાર્થ ઈર્ષ્યાવાળો તો કોઈની મોટાઈને ક્યારેય સહન કરે નહિ. આ ઈર્ષ્યાનું રૂપ કહ્યું છે." ૩૭-૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું સાતમું અને આઠમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૦

સારંગપુરનું નવમું વચનામૃત

શ્રીહરિ સં.૧૮૭૭, શ્રાવણ સુદ-૧૫ રક્ષાબંધનના દિવસે અચાનક સારંગપુરથી કુંડળ આવ્યા હતા. કારણ કે, ત્યારે કુંડળમાં અમરા પટગીર બીમાર થઈ ગયા હતા. તેમને પોતાનો અંતસમય નજીક દેખાયો. તેથી તેમણે એક ઘોડેસ્વારને સારંગપુર મોકલ્યો. તેણે શ્રીહરિને કહ્યું, "અમરા પટગીર બીમાર છે, ને આપને યાદ કરે છે. અને દયા કરીને દર્શન દેવાં પધારો તેમ કહ્યું છે." આ સમાચાર મળતા તરત જ શ્રીહરિ કહે, "ઘોડીએ

પલાણ માંડો." ને કાઠીઓને કહે, "તૈયાર થાવ." પછી થોડા સંતો તથા ભક્તો સાથે કુંડળ પધાર્યા. અમરા પટગીરની ખબર કાઢી. પછી શ્રીહરિએ તેમને પૂછ્યું, 'દરબાર !

જવું ધામે કે આંહિ રહેવું, રુચે છે તમને કહો કેવું;

આ લોકમાં રહેવું છે કે અક્ષરધામમાં જાવું છે ?' ત્યારે અમરા પટગીર બોલ્યા કે **'મહારાજ ! મારો આ દેહ રહે કે ન રહે તેની મને ચિંતા નથી.**

ભાખે ત્યાં મુખે અમરોભાઈ, દેહ ભૌતિક છે દુઃખદાઈ.
માટે તે તો કૃપાથિ તજાવો, મને આપ સમીપ રખાવો;
વસે જ્યાં મહામુક્ત તમારા, સદાકાળ સેવા સજનારા.
મને તેમાં વસાવો સદાય, નિત્ય દર્શન આપનાં થાય;

પણ મારા તેરમાના દિવસે પાંચસો સંતોએ સહિત અમારે ત્યાં પધારજો અને જમજો. કેમ જે, જેટલું તન, મન, ધન આપને અર્થે વપરાય એટલું સાર્થક છે.' ત્યારે મહારાજ કહે, "જાઓ જરૂર આવશું."

એવું સાંભળીને દયા લાવી, તેની ભૌતિક કાયા તજાવી.
દિવ્ય દેહે રાખ્યા નિજ પાસ, એના અંતરની પુરિ આશ;

સં.૧૮૭૭, શ્રાવણ સુદ રક્ષાબંધનના દિવસે શ્રીહરિએ દિવ્ય દેહ આપી અમરા પટગીરને અક્ષરધામમાં પોતાની સેવાનું અખંડ સુખ આપ્યું. પછી શ્રીહરિ સંતો તથા સખાઓ સાથે સારંગપુર પધાર્યા.

આ બાજુ અમરા પટગીરનું બારમું પૂરું થયું. તરત જ તેમના પુત્ર હરસુર પટગીરે સારંગપુર આવીને કહ્યું કે, 'મહારાજ ! તમોએ મારા પિતાને વચન આપ્યું છે. માટે પાંચસો પરમહંસો સહિત અમારે ત્યાં જમવા પધારો.' ત્યારે શ્રીહરિ કહે, 'અવશ્ય પધારશું.'

પછી તરત મહારાજે પ્રસાદાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામીને ગઢપુર મોકલી ત્યાંથી મુક્તાનંદસ્વામી વગેરે સંતોને બોલાવ્યા. અને મહારાજ પોઢી ગયા. બીજે દિવસે સવારે જાગ્યા. નિત્યવિધિ કરી સભામાં બેઠા. તે સમયે મુક્તાનંદસ્વામી આદિ સંતો આવ્યા. અને મહારાજને દંડવત કર્યા. ત્યારે

મહારાજ કહે, "આવો મળીએ." એમ કહી સહુ સંતોને ભેટ્યા. પછી સહુને આનંદ કરાવી મહારાજ હસતાં હસતાં જમવા પધાર્યા. જમીને સંતોને જમાડ્યા. થોડીવાર પોઢી ગયા. જાગીને કોગળા કરી જળપાન કર્યા.

બપોર પછી અમરા પટગરના તેરમાને દિવસે સં.૧૮૭૭, શ્રાવણ વદ તેરશે બપોર પછી ઘોડી સાબદી કરાવી અસવાર થયા. પછી કાઠીના અસવાર, પાળા અને સંતમંડળે સહિત ચાલ્યા તે ગામ **કુંડળ** પધાર્યા. તે સમયે સામૈયું લઈને ભક્તો સામે આવ્યા. ને વાજતે ગાજતે શ્રીહરિને અમરા પટગરના દરબારમાં પધરાવ્યા. અને સંતો-ભક્તોને પણ યથાયોગ્ય ઉતારા આપ્યા.

પછી મહારાજ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આવીને આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. ને સર્વે સંતમંડળ પણ પગે લાગીને બેઠા. પછી મશાલો કરાવી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા. પછી સહુ પગે લાગીને શ્રીહરિ પાસે બેઠા. ત્યારે સંતોએ બ્રહ્માનંદસ્વામીના કીર્તન ઉપાડ્યા જે,

લાગ્યો મારે નટવરથી નેડો, કે હવે મેં તો શિર નાંખ્યો છેડો

પછી સંતો મુક્તાનંદસ્વામીના બીજા પદ બોલ્યા જે,

પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે, આવો અંતરજામી;
તમને નિમિષ ન મેલું ન્યારા રે, આવો અંતરજામી.

ત્યાં સાવજ હુંકવા માંડ્યો. તે સાંભળીને મહારાજ કહે, 'સાવજ બોલે છે.' ત્યારે ગામના હરિજન બોલ્યા જે, "વરસાદ ખૂબ પડ્યો. તેથી પાણીએ કરીને ભાલ ભરાણો છે એટલે તે સાવજ આ દેશમાં આવ્યા છે." ત્યારે નિત્યાનંદસ્વામી શ્લોક બોલ્યા જે,

दुःखीतास्तु त्रयो यान्ति, सिंहाः सत्पुरुषा गजाः।
प्रस्थानं नहि मुञ्चन्ति, मृगाः काकाः कापुरुषाः॥

અર્થ : હાથી, સિંહ અને સત્પુરુષો જ્યારે દુઃખ પડે ત્યારે પોતાના મૂળ સ્થાનનો મોહ છોડી બીજે પ્રયાણ કરે છે. જ્યારે મૃગલાં, કાગડા અને કાયર પુરુષો મરે છતાં મૂળ સ્થાનનો મોહ છોડી શકતા નથી.

પછી મહારાજ કહે, 'સવારે મોડા ના'વા જાજો.' એમ કહી હસતાં હસતાં સંતો સહિત અમરા પટગીરના દરબારમાં જમવા પધાર્યા. પ્રથમ પોતે જમ્યા. પછી પોતાના હાથે પીરસી સર્વે સંતો-ભક્તોને ખૂબ જમાડ્યા. જમીને સભા કરી. તેનું સારંગપુરનું નવમું વચનામૃત લખાયેલું છે. તે હવે મૂળ ગ્રંથમાં..)

(સંવત્ ૧૮૭૭ ના) શ્રાવણ વદિ તેરશને દિવસે સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ પોતાના ભક્તજનોને સુખ દેવા માટે સારંગપુરથી અશ્વ ઉપર બેસીને ચાલ્યા. તે વખતે અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૧-૨. અને પચીશ જેટલા ઘોડેસવારો શ્રીહરિની સાથે રહ્યા હતા અને બધા સંતોને સાથે લીધા હતા. ૩. પછી **કુંડળ** ગામ પધાર્યા અને અમરા પટગરના આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઢાળ્યો હતો. ૪. તે પલંગ ઉપર ઉત્તર મુખે વિરાજમાન થયા. અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને શ્વેત પછેડી ઓઢી હતી. ૫. અને શ્વેત સુરવાળ પહેર્યો હતો અને શ્વેત અંગરખું પહેર્યું હતું. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ જીવમાં પ્રવર્તતા યુગના ધર્મોનું વર્ણન :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જીવના હૃદયમાં યુગના જે ધર્મ પ્રવર્તે છે તેનું શું કારણ છે ?" ૬-૮. પછી શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા, "યુગના ધર્મ માણસના હૃદયમાં વારાફરતી પ્રવર્તે છે, તેનું કારણ તો ગુણ છે. તે જ્યારે જીવના હૃદયમાં શુદ્ધ સત્ત્વગુણ વર્તતો હોય (ત્યારે તેના હૈયામાં સત્યયુગની પ્રવૃત્તિ હોય છે. અને જ્યારે સત્ત્વ ને રજ ભેળા વર્તતા હોય ત્યારે) તેના હૃદયમાં ત્રેતાયુગની પ્રવૃત્તિ હોય છે. અને જ્યારે એકલો રજોગુણ વર્તતો હોય ત્યારે તેના હૃદયમાં દ્વાપરયુગની પ્રવૃત્તિ હોય. અને જ્યારે એકલો તમોગુણ વર્તતો હોય ત્યારે તેના હૃદયમાં કળિયુગની પ્રવૃત્તિ હોય છે. આ રીતે ગુણે કરીને યુગની પ્રવૃત્તિ છે." ૯-૧૩.

પછી વળી મુક્તાનંદસ્વામીએ ફરીવાર પૂછ્યું કે, "ગુણની પ્રવૃત્તિ થયાનો શો હેતુ છે ?" ૧૪. પછી દેવતા, મનુષ્ય અને મુનિઓના મસ્તકના મુગટ જેવા શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા, "ગુણની પ્રવૃત્તિનું કારણ તો કર્મ છે. તે જેવાં પૂર્વકર્મ રહ્યા હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે. ૧૫-૧૬ માટે રજોગુણ અને તમોગુણ જેના હૃદયમાં વર્તતા હોય અને તે જો એકાગ્ર થઈને ભગવાનનું ધ્યાન કરવા જાય તો થાય નહિ. **માટે એવે સમયે તો તેને આત્મનિષ્ઠાનું બળ રાખવું અને ભગવાનના મહિમાનું બળ અપાર દૃઢ રાખવું. તે બળ રાખવાથી જે વખતે જેવું ચિંતવે તેવું થાય છે. કારણ કે, મહિમાનું બળ જ એવું છે. તે મહિમાના બળની વાત કહી શકાતી નથી.** ૧૫-૧૯.

હવે આત્મનિષ્ઠાની રીતને સમજવાની વાત કહું છું. કેમ જે, રીતને સમજ્યા વિના ગમે તેવો કોઈ ચતુર માણસ હોય, તોપણ વાત જેવી રીતની હોય છે તેવી રીતે તેને જાણ્યામાં આવતી નથી. માટે અમે જે વાત કહીએ છીએ તેની રીત પણ કહી બતાવીએ છીએ. ૨૦-૨૧. રીત સમજવાથી જેમાં જેવું રહસ્ય હોય તે પ્રગટ દેખ્યામાં આવે છે. જેને મોક્ષની બુદ્ધિ હોય તેને અમારી વાત સમજાય છે. ૨૨. જેની બુદ્ધિ વ્યાવહારિક જ હોય તો તેની બુદ્ધિ અંધકારરૂપ છે. અર્થાત્ તેને અમારી વાત સમજાતી નથી. કેમ જે, અમારી વાત તો મોક્ષસંબંધી છે. તે જે મોક્ષભાગી હોય તેને તો અમૃત જેવી દેખાય છે. ૨૩.

❋ જેને વાતની અસર થાય તેની કસર જાય :

चोपाई :

चिंतामनि कल्पतरु जेसी, हमारी बात रहाये तेसी;
ब्रह्मांड में विषय रहे जेता, मायिक रहेउ जितना तेता...२४

दोहा : उलक मल जो सम ही, देखत रहेउ जेहु;
हमारी बात तिनमें जो, हित होत रहे तेहु...२५

भगवान सबंधी बात हि, अमायिक रहे ताहि;
रुचि करत रहे तिन महीं, मुक्त देखना वाहि...२६

અમારી વાત તો ચિંતામણિ અને કલ્પવૃક્ષના જેવી છે. અને બ્રહ્માંડમાં જેટલા વિષય છે તે બધા તો માયિક છે. ૨૪. અમારી વાતમાં જેને હેત

હોય છે તેને માયિક વિષયની વાત ઊલટી તથા મળના જેવી દેખાય છે. ૨૫. ભગવાન સંબંધી જે વાત છે તે તો અમાયિક છે. અને તેમાં જેને રુચિ રહ્યા કરતી હોય તેને તો મુક્ત તરીકે જાણવો. ૨૬. પણ જે જીવ બદ્ધ છે, કહેતાં વિષયમાં બંધાયેલો છે તેને ભગવાન સંબંધી વાત ઝેર જેવી દેખાય છે. ૨૭. તેવા જીવ ભાંડ ભવાઈમાં તથા નિંદિત વ્યસનમાં રુચિ કરતા હોય છે. તેથી તેની રુચિ જ તેનું બદ્ધપણું દેખાડી દે છે. ૨૮. **જે ભગવાનમાં રુચિ કરતા હોય અને એવો જ જેનો ભાવ હોય તેને અમે અમારા માનીએ છીએ. અને તેને અમે અમારી સમીપે દેખીએ છીએ. ૨૯.** તેવા લોકોને માટે જ અમે અલૌકિક વાતો કરીએ છીએ. જેણે કરીને જીવ ભગવાનમાં ચોંટતા રહે છે. ૩૦.

ચોપાઈ :

अलोकिक बात रहेउ तेती, हरिजन के जीवन रहे एती;
हमारी बात कहावत तिनकू, अलोकिक समझत रहे इनकू...३१
अलोकिक सुख कहावत जेता, प्राप्त ताकु होवत हि तेता;
हमारी बात जानत जेसा, सुख मिलत रहे ताकु तेसा...३२

જેટલી અલૌકિક વાત છે તે ભગવાનના ભક્તોનું જીવન રહી છે. અમારી જેટલી વાતો છે તેને જે અલૌકિક સમજે છે તેને જેટલું અલૌકિક સુખ કહેવાય છે તે સર્વે પ્રાપ્ત થાય છે. કારણ કે, અમારી વાતને જે કાંઈ જેવી જાણે છે તેને તેવું સુખ મળે છે. ૩૧-૩૨. **હરિભક્તે એવું સમજવું જોઈએ કે, 'હું તો આત્મા છું. તે મારા આત્મામાં માયાકૃત કોઈ ઉપાધિ હોય નહીં. ૩૩. હું તો હવે ગુણાતીત થયો છું.' તેનું નામ આત્મનિષ્ઠા કહેવાય છે.** હવે ભગવાનના માહાત્મ્યનો એવો વિચાર કરવો જે, 'અજામેલ અપાર પાપી હતો તોપણ પુત્રના સંબંધે કરીને તે ભગવાનને શરણે આવ્યો. પછી જ્યારે તેનો અંતસમય આવ્યો ત્યારે તત્કાળ મહા ભયંકર યમદૂત સમીપે દેખાણા. તે સમયે અજામેલે (પુત્ર નિમિત્તે પણ) નારાયણ નામ ઉચ્ચાર્યું, તેથી તે સર્વ પાપથી છૂટી ગયો અને પરમપદને પામ્યો. તો મને તો દયા કરીને પ્રગટ ભગવાન મળ્યા છે. ૩૪-૩૭. અને હું તો રાત-દિવસ એ ભગવાનનાં

નામ લઉં છું. માટે હું તો કૃતાર્થ થયો છું. આ રીતે વિચાર કરીને માહાત્મ્ય જાણીને અતિશય આનંદમાં રહેવું. પણ જેને રજોગુણ અને તમોગુણ વર્તતો હોય તેણે એ સમયે ધ્યાન અને ધારણા કરવાનો આગ્રહ રાખવો નહિ. જેવું બની આવે તેવું ભજન-સ્મરણ કરવું. ૩૮-૪૦.

✵ જો વિશ્વાસ-પ્રીતિ કરીએ તો દોષોને જીતી જઈએ :

અને દેહે કરીને ભગવાનની તથા સંતોની સેવા-પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી અને પોતપોતાના ધર્મમાં રહેવું. અને ત્યારે પોતાને મનમાં આઠો પહોર પૂર્ણકામ માનવું."

પછી મુક્તાનંદસ્વામીએ ફરીને શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, ૪૧-૪૨.

"જેને તામસી કર્મ ઘણા હોય અને હૈયામાં કળિયુગ વર્તતો હોય તે કોઈ ઉપાયે ટળે કે ન ટળે ?" પછી શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે ઘણું હેત કરીને બોલ્યા જે, "જો તેને આ સંત તથા પરમેશ્વરના વચનને વિશે અતિશય શ્રદ્ધા હોય અને અપાર તથા અતિશય દૃઢ વિશ્વાસ હોય, તો ગમે તેવાં તામસી કર્મ હોય તોપણ તેનો નાશ થઈ જાય છે. અને કળિયુગના ધર્મનો પાસ મટીને સત્યયુગના જે ધર્મ છે તેને તત્કાળ પ્રાપ્ત થાય છે. ૪૩-૪૬. **માટે અતિશય સાચા ભાવે કરીને સત્સંગ કરતા રહે તો તેના હૈયામાં કોઈ જાતનો દોષ રહે નહિ. ૪૭. અને તે દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય છે."**

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પરમ આનંદપૂર્વક પૂછ્યું કે, "સ્થાન તે કોને કહેવાય છે ? એ જેવી વાત હોય તેવી આપ કહો. કેમ જે, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો." ૪૮-૪૯. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "ચાર વર્ણ અને ચાર આશ્રમ જે છે તેના પોતપોતાના જે ધર્મો છે તેને સ્થાન જાણવું. હવે તેની વાત કહું છું. ૫૦-૫૧. તમે ત્યાગી છો. તે તમારાથી જો ત્યાગનો પક્ષ છોડી દઈને ગૃહસ્થના માર્ગ પ્રત્યે ચલાય તો તે સ્થાનક થકી ભ્રષ્ટ થયા તેમ જાણવું. માટે ગમે તેવો આત્પકાળ આવી પડે અથવા અમે આજ્ઞા કરીએ અને ડગાવીએ તોપણ તમારે પોતાના ધર્મથી લગાર પણ ડગવું નહિ. કારણ કે, ત્યાગીને ત્યાગના સમાન બીજો કોઈ ધર્મ નથી. ૫૨-૫૪. જેમ ગૃહસ્થ વસ્ત્ર તથા અલંકારે કરીને અમારી પૂજા કરે છે તેમ તમારે તેવી ઈચ્છા કરવી

નહિ. તમારે તો પત્ર, પુષ્પ, ફળ તથા જળ વડે અમારી પૂજા કરવી. એ રીતે પૂજાએ કરીને તેમાં આનંદ માનવો, પણ પોતાના ધર્મથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી તે તમારે માટે ઠીક નથી; એમ અમે ત્યાગીઓને કહીએ છીએ. ૫૫-૫૭. માટે પોતાના ધર્મમાં રહીને જેટલી પૂજા થાય તેટલી કરવી તે ઠીક છે; એવી અમારી આજ્ઞા છે. ૫૮. માટે તમે તમારા ધર્મને જેની જેવી રીત હોય તે પ્રમાણે દૃઢ કરીને સર્વે રાખજ્યો. આ રીતે સ્થાનની વાત જે પ્રકારની હતી તે પ્રકારે અમે કહી." ૫૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું નવમું વચનામૃત કહ્યું" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૧

શ્રીહરિ કુંડળમાં પધાર્યા અને ગ્રંથકારે શ્રીહરિના સ્વરૂપનો મહિમા કહ્યો

અમરા પટગીરના પુત્ર હરસૂર નામે હતા. તેને હૃદયમાં ભરપૂર ભાવ હતો. તેથી શ્રીહરિને કુંડળ તેડાવ્યા હતા. ૧. અમરા પટગીર અક્ષરવાસી થયા ત્યારે તેના કારજ થઈ રહ્યા પછી હરસૂર પટગીરે શ્રીહરિને પોતાના ભુવનમાં અતિશય ભાવથી પધરાવ્યા હતા. તેમને સંતોના ઉપર પણ અતિ ભાવ હતો. તેમણે શ્રીહરિને ખૂબ રાજી કરીને અપાર લાભ લીધો હતો. ૨-૩. જે કાઠી દરબાર હરિભક્ત થયા હતા તેમણે સહુથી વધારે શ્રીહરિનો લાભ લીધો હતો. ૪.

❋ મૂર્તિના સુખની મહત્તા :

चोपाई :

यह ब्रह्मांड भये बहु वेरा, भगवान जो यह तितनि फेरा;
प्रगट होई भक्तजन ताकू, निज सबंधि सुख जितना वाकू...५
देत भये केवत नहीं आते, केवत ब्रह्मांड में न समाते;
एक एक भक्तजन हि तिनकू, इतना सुख देवत भये इनकू...६

तिनसे अबकी वेर हि अपारा, सुख दिने कोउ वार न पारा;
जिनकु बोलाये जेसि रीता, आप की मूर्ति तेसि जो रीता...७
जन के नेत्र महिं चोंट गयेऊ, मूर्ति जेसि रहायेउ तेऊ;
हरिजन जो जो करत हि कामा, मूर्ति प्रगट देखावत सामा...८

આવું બ્રહ્માંડ ઘણી વખત થયું અને તેટલી વખત ભગવાને બ્રહ્માંડમાં પ્રગટ થઈને પોતાના ભક્તજનને પોતાનાં સ્વરૂપ સંબંધી જેટલું સુખ આપ્યું તે કહેતા પાર આવતો નથી. અને જો કહીએ તો આ બ્રહ્માંડમાં તે સમાય પણ નહિ. ભગવાને એટલું બધું સુખ એક એક ભક્તને આપ્યું હતું. તેના કરતાં પણ આ વખતે કોઈ પાર જ ન આવે એટલું બધું વધારે સુખ શ્રીહરિએ પોતાના ભક્તોને આપ્યું છે. શ્રીહરિએ જે જે ભક્તને જે રીતે બોલાવ્યા તે રીતે તે જનના નેત્રમાં પોતાની મૂર્તિ જેવી હતી તેવી ચોંટી ગઈ હતી. પછી તે હરિભક્ત જે જે કામ કરતા હોય તે વખતે તેને તે મૂર્તિ પ્રત્યક્ષ સામે દેખાતી હતી. ૫-૮.

मूर्ति संभारत जिस रीत जाई, तिस रीत ताकु आत देखाई;
संभारत तब प्रगट देखाते, जिनकु जेसे हि हित रहाते...९
हित तेसे देखावत ताही, हितरूप यह आरसी रहाही;
मूर्ति में सुख रहाये एसा, ओर कछु न गमत रहे तेसा...१०
मूर्ति के सुख के नहीं ज्ञाना, एसे जन हि जेते अज्ञाना;
पंचविषय से अधिक जेता, सुख नाहीं देखत रहेता...११

જે ભક્ત શ્રીહરિની મૂર્તિને જે રીતે સંભારે તેને તે રીતે તે મૂર્તિ દેખાય આવતી. જ્યારે સંભારે ત્યારે તરત જ પ્રગટ દેખાતી હતી. જેને શ્રીહરિમાં જેવું હેત હોય તેને તે હેત પ્રમાણે મૂર્તિ દેખાતી હતી. કારણ કે તે હેતરૂપી અરીસો છે. મૂર્તિમાં એવું સુખ રહ્યું છે કે તે સુખની આગળ બીજું કાંઈ ગમતું નહિ. ૯-૧૦. જેને મૂર્તિના સુખનું જ્ઞાન ન હોય તેવા જેટલા અજ્ઞાની મનુષ્યો હોય છે તે પંચવિષય કરતાં બીજા કોઈ સુખને અધિક દેખતા નહિ. ૧૧. **એક શરીરને પોતાનું માનતા રહે છે અને તે શરીર તથા શરીર સંબંધી જેટલું હોય તેને પોતાનું જ્યાં સુધી માને છે ત્યાં સુધી તે અજ્ઞાની કહેવાય છે. ૧૨. જે મનુષ્ય ભગવાનને જ પોતાના માનીને જ્યારે સત્સંગ કરે છે**

ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે. ૧૩. જ્યાં સુધી આવું જ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનરૂપી અંધારાથી ભરેલા નરકમાં તે પડ્યા કહેવાય છે. ૧૪. જે અજ્ઞાનનું અંધારું છે તે અપાર નરક છે. તેનો કોઈ રીતે પાર આવતો નથી. અને તેના દુ:ખનું વર્ણન પણ થઈ શકતું નથી. ૧૫. જ્યાં સુધી મનુષ્ય સત્સંગી થતો નથી ત્યાં સુધી તે કુસંગી કહેવાય છે અને અજ્ઞાનરૂપી અંધારા નરકમાં પડ્યો રહે છે. ૧૬.

કેટલાક ચતુર મનુષ્ય હોય છે તે પૃથ્વીનું રાજ્ય કરે છે અને ભૂમિ ઉપર જેટલું ધન હોય છે તેને પોતાના કબજામાં કરી લે છે. ૧૭. પણ મૃત્યુ થયા પછી જે કાંઈ પોતાનું એવું નામ ધરાવે છે તે બધું ગયું જ સમજવું. કારણ કે તેમાંથી પોતાના ઉપયોગમાં એક તલભાર પણ આવતું નથી. ફરીવાર આવો મનુષ્યદેહ મળતો નથી. આ મનુષ્યદેહમાં રહીને માણસે જે રીતનાં પુણ્ય અને પાપ કર્યાં હોય છે તેનું ફળ જેવું હોય છે તેવાં શરીરને તે પામે છે. અને જમપુરી તથા લખચોરાશીમાં તેના ફળને તે ભોગવતો રહે છે. ૧૮-૨૦. ફરીવાર ક્યારેય દુ:ખ ન આવે એવા માર્ગે ચાલવું એટલું જ મનુષ્યજન્મનું ફળ છે. માટે સત્ય માર્ગને જોઈને તેના ઉપર ચાલવું. ૨૧. જ્યાં સુધી મનુષ્ય સત્યમાર્ગે નથી ચાલતો ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. તે અહીંયા જ પ્રત્યક્ષ દેખાય છે. અને જેટલો અસત્ માર્ગે ચાલ્યો હોય છે તેનું ફળ પણ અહીંયા જ દેખાય છે. મનુષ્ય તે દેખે છે છતાં ભૂલી જાય છે. અહીંયા જેટલો પ્રમાદ રાખે છે પછીથી તે તેટલાં દુ:ખને પામે છે. ૨૨-૨૩.

* વૈરાગ્યની ગરિમા :

સમય ગયા પછી કરોડો વિચાર કરવામાં આવે તો તે તલભાર પણ કામ આવતા નથી. જે જે વાતનો સમય વીતી ગયો હોય પછી તે વાતથી કાંઈ અર્થ સરતો નથી. ૨૪. **મનુષ્યશરીર મળ્યું હોય તેના સમય જેવો બીજો કોઈ સમય નથી. ચોરાશી લાખ જાતના શરીરમાં આ મનુષ્યશરીર અતિશય ઉત્તમ ગણાય છે. ૨૫. જ્યારે મનુષ્યશરીરથી મોક્ષને માર્ગે ચાલે ત્યારે તે શરીર ઉત્તમ કહેવાય છે. અને તે જીવ રાજા અને દેવતા કરતાં પણ નિશ્ચિતપણે અધિક થાય છે. ૨૬.** જે સમૃદ્ધિમાન મનુષ્ય હોય છે તેના

હૃદયમાં વૈરાગ્યનો અંકુર ઉત્પન્ન થતો નથી અને તે મોક્ષને માર્ગે ચાલતો પણ નથી. ૨૭. વૈરાગ્યનો અંકુર ઉત્પન્ન થયા સિવાય કોઈ મોક્ષના માર્ગે ચાલવાનું કહે તો તે ખોટું છે. બ્રહ્માંડમાં મનુષ્યોને દેખીને આ વાત કહું છું. વૈરાગ્યના અંકુરને મનુષ્યના હૃદયમાં પેદા કરવા માટે ભગવાને જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનાં અપાર દુઃખ અને અનંત પ્રકારના શરીરમાં રોગ ઉત્પન્ન કર્યા છે. અને તે સિવાય પણ વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે બીજા કેટલાય દુઃખ રચ્યાં છે. ૨૮-૩૦.

❋ ધાર્યું ન થાય તે ભગવાનની કૃપા :

भगवान की यह क्रपा कहाते, जन के धारे न होत रहाते;
धारे होत नहि तदपि केता, अभिमान ले चलत हि तेता...३१
धारे होत हे जिनके सबहू, अभिमान नहीं ताकु कबहू;
एसे एक भगवान कहावा, एसे कोउ न आत देखावा...३२
याके गुन आवत लेश जामें, भगवान यह कहावत तामें;
क्षमा गुन भगवान में रहेऊ, गुन में अधिक गुन रहे तेऊ...३३

માણસનું ધાર્યું થતું નથી, એ એક ભગવાનની કૃપા કહેવાય છે. પોતાનું ધાર્યું થતું નથી છતાં પણ કેટલાક લોકો અભિમાન લઈને ચાલતા હોય છે. ૩૧. જેનું બધું જ ધાર્યું થાય છે છતાં ક્યારેય અભિમાન ન કરે એવા તો એક ભગવાન જ થાય છે, તેવા બીજા કોઈ દેખ્યામાં આવતા નથી. ૩૨. ભગવાનના ગુણનો એક લેશમાત્ર પણ કોઈમાં આવ્યો હોય તો તે પણ ભગવાન કહેવાય છે. ભગવાનમાં ક્ષમા ગુણ રહ્યો છે, તે તેમના સદ્‌ગુણોમાં સહુથી મોટો ગુણ છે. ૩૩. ભગવાનના અલૌકિક ગુણો છે, તે સામાન્ય માણસમાં ક્યારેય આવતા નથી. પણ નારદ, શુકજી અને સનકાદિક જેવા સંતમાં ભગવાનના ગુણ આવે છે. ૩૪. **જ્યારે જેમાં ભગવાનના ગુણ આવે છે ત્યારે તે અનંત લોકોનો સહજ સ્વભાવે ઉદ્ધાર કરે એવા સમર્થ થાય છે. ૩૫.**

તેઓ ધારે તેના હૃદયમાં વૈરાગ્યના અંકુરને પેદા કરે છે. જે સમર્થ હોય તે ભગવાનના બળે કરીને, જેવો ધારે તેવો લોકોનો મોક્ષ પોતાના હૃદયમાં ભગવાનનું જેટલું બળ હોય તે પ્રમાણે કરે છે. ભગવાનના બળનો આશ્રય

લીધા સિવાય કોઈનો મોક્ષ જરૂર થાતો નથી. ૩૬-૩૭. શ્રીહરિના જે મોટેરા સંતો હતા તે આવી બધી વાત કરતા હતા. પછી બીજે દિવસે સવારમાં જ્યારે અજવાળું થયું ત્યારે જેમાં શ્રીહરિ ઘણી વાર નાહ્યા છે એવી ઉતાવળી નદીમાં સર્વ સંતો નાહીને આવ્યા. ૩૮-૩૯. પછી જેટલા સંતો હતા તેમણે અત્યંત ભાવથી પહેલા માનસી પૂજા કરી અને પછી પટમૂર્તિની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિ કુંડળમાં પધાર્યા અને ગ્રંથકારે શ્રીહરિના સ્વરૂપનો મહિમા કહ્યો" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૨

હરસૂર પટગીરની રસોઈ તથા તેમની સમજણ અને જીવુબાઈની વાત

કુંડળમાં વર્ણીએ મોતીચૂરના લાડુની રસોઈ બનાવી. પહેલા શ્રીહરિને જમાડ્યા. પછી જે સંતો હતા તેમને પણ તે વખતે ભવન વચ્ચેના ચોકમાં ઘણા પ્રેમથી જમવા માટે બેસાડ્યા. ૧-૨. શ્રીહરિએ આવીને જેટલા સંતો હતા તેમને તથા બધા પાર્ષદોને લાડુ પીરસ્યા. ૩. શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને જેટલા સવારો આવ્યા હતા તે સહુને પણ જમવા બેસાડ્યા અને શ્રીહરિએ તેમને પણ પીરસ્યું. ૪. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા હતા. તે વખતે આરિયાં(ચીભડાં) તુરિયાનું શાક કર્યું હતું તે પણ પીરસતા રહ્યા. ૫. જ્યારે સંતો લાડુ જમી રહ્યા પછી તેમને ભાત પીરસ્યો. ભાતમાં જેને જેટલા જોઈએ તેટલા દૂધ અને સાકર ફેરવ્યા. ૬. જ્યારે દૂધ અને સાકર જમી રહ્યા પછી શ્રીહરિએ દહીં પીરસ્યું, તે જેને જેટલો ભાવ હતો તેટલું તેને પીરસ્યું. ૭. દૂધ અને દહીં શ્રીહરિએ એટલું બધું પીરસ્યું કે તેનો બહુ કીચડ મચાવી દીધો.

❋ સમજણપૂર્વકનો સંતમહિમા :

તે દેખીને હરસૂર પટગીર અતિ રાજી થયા અને તેણે શ્રીહરિને કહ્યું, ૮. 'હે મહારાજ ! મારા મનમાં જેવો ભાવ હતો તેવો આપે પૂરો કર્યો.

આપે જે ગાયો અને ભેંશોનું દૂધ અને દહીં પીરસ્યું છે તે બધી ગાયો અને ભેંશોનો આપે ઉદ્ધાર કર્યો છે. તેમાં લગાર પણ ફરક નથી. આપના સંતો આપનાં વચન પ્રમાણે વર્તે છે. ૯-૧૦. આ સંતો આપને ભગવાન જાણે છે. આપથી કાંઈ અધિક જાણતા નથી. માટે આ બધા સંતો કલ્યાણમૂર્તિ છે. તેમના ઉપયોગમાં જે જે આવે છે તે બધા સુખે કરીને જન્મ-મરણ, જમપુરીનું દુઃખ અને લખચોરાશીને તરી ગયા છે. હું જે રીતે સમજું છું તે રીતે હે હરિ ! આપની આગળ સ્પષ્ટપણે કહું છું.' ૧૧-૧૨.

दोहा : श्रीहरि तब कहत भयेउ, तुम कहे एसी रीत;
जानत भये निष्कपट हि, जग गयेउ यह जीत...१३

साधन कहावत जितना, विद्या जेती कहात;
जोग कहावत हि जितना, फल यह पाय रहात...१४

सोरठा : तुम कहेउ एसी मति, कोटि जन्म न आत रहे;
बात रहेउ यह अति, कीरी ब्रह्मांड ले चलेउ...१५

एसी मति यह ताकु, विघ्न न होउ कुसंग कर;
सत्संग नित्य वाकु, करना तेहि प्रमाद तज...१६

ત્યારે શ્રીહરિએ હરસૂર પટગીરને કહ્યું, "તમે કહ્યું એવી રીતે જે સંતનો મહિમા નિષ્કપટ-દંભરહિત જાણે છે તે જગતને જીતી ગયા છે. ૧૩. વળી, જેટલાં સાધન કહેવાય છે, જેટલી વિદ્યા કહેવાય છે અને જેટલા યોગ કહેવાય છે તે બધાનું ફળ તેણે પ્રાપ્ત કરી લીધું છે. ૧૪. તમે કહી તેવી સમજણ કરોડો જન્મે પણ આવતી નથી. આ વાત તો કીડી બ્રહ્માંડને લઈને ચાલે તેવી ઘણી મોટી છે. ૧૫. આવી સમજણ હોય તોપણ તેમાં કુસંગે કરીને વિઘ્ન ન થાય તે માટે પ્રમાદ તજીને નિત્ય સત્સંગ કરવો. ૧૬. કેમ જે, જે અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ હોય તેને પળે પળે વિઘ્ન આવતા રહે છે. શુક, સનકાદિકો અને નારદજી સર્વોપરિ મુક્ત છે. ૧૭. તેઓ સિદ્ધગતિને પામેલા છે. તેનાથી કોઈ અધિક સિદ્ધ નથી, પણ જ્યાં સુધી તે મનનો વિશ્વાસ કરતા નથી ત્યાં સુધી નિર્વિઘ્ન છે. જો મનનો વિશ્વાસ કરે તો એમને પણ વિઘ્ન આવે. ૧૮.

જ્યાં સુધી મનને મિત્ર-હિતેચ્છુ ન માને ત્યાં સુધી તેણે મનને જીતેલું કહેવાય છે. તે મન મિત્ર ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી મનની અયોગ્ય

વાતને ન માને. ૧૯. વસ્તુગતે અથવા એક રીતે જીવ પરમ પવિત્ર ચિદ્ વસ્તુ છે. પરમેશ્વરની ઇચ્છાએ કરીને તે જેવા શરીરને પામે છે તેવું તેનું નામ પડે છે. તેનો ગણતા પાર આવતો નથી. જીવ એકવીશ લાખ વખત અંડજ જાતિના શરીરને ધારણ કરે છે. તેમાં અવાંતર(તેની અંદર) કેટલાય શરીર રહે છે. ૨૦-૨૧. વળી, સ્વેદજ જાતિના એકવીશ લાખ શરીરને ધારણ કરે છે અને તેમાં પણ કેટલાય અવાંતર ભેદ રહ્યા હોય છે, તેનો કહેતા પાર આવતો નથી. ૨૨. અને જરાયુજ જાતિના પણ એકવીશ લાખ પ્રકારનાં શરીર ધારણ કરે છે અને ઉદ્‌ભિજ્જ જાતિના શરીર પણ એકવીશ લાખ પ્રકારના ધારણ કરે છે. ૨૩. જે જે યોનિમાં જીવ શરીરે કરીને જેવાં કર્મ કરે છે તેવાં શરીરને તે ફરીથી પામે છે. અને તે રીતે જ સુખ-દુઃખને પામે છે. ૨૪. બધી જ જાતના શરીરોમાં મનુષ્યશરીર અતિ ઉત્તમ કહેવાય છે. આ મનુષ્યશરીરનાં જેવું બીજું કોઈ ઉત્તમ નથી. ૨૫.

ભૂમિ ઉપર ભગવાનના અવતાર જે રીતે અને જે નિમિત્તે થાય છે, તે શાસ્ત્રે કરીને તેવી રીતે જ પ્રગટ દેખ્યામાં આવે છે. પણ જ્યારે શ્રવણે કરીને તેના ચરિત્રોને સાંભળે છે ત્યારે પ્રગટ ભગવાન જેમ ભૂમિ પર વિચરતા હોય તેમ તેમના સ્વરૂપનું જ્ઞાન થાય છે. ૨૬-૨૭. પછી ભગવાનની યત્કિંચિત વાત હોય છે તેને દિવ્ય અને અલૌકિક સમજીને મનુષ્ય તેને સાંભળે છે."

ઊભા ઊભા શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે બધા સંતો જમી, પત્તર ધોઈને આવ્યા અને પછી સભા થઈ. ત્યારે પટગીર હરસૂરભાઈ પૂજાનો સામાન લઈને ત્યાં આવ્યા. તેમણે પહેલા શ્રીહરિની પૂજા કરી. ૨૮-૨૯. સારાં વસ્ત્ર તથા આભૂષણો પહેરાવ્યાં અને કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. ધૂપ અને દીપ પ્રગટાવીને આરતી કરી. પછી થાળ ભરીને રૂપિયા, ભેટ મૂક્યા. ૩૦. ચરણારવિંદનાં ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું અને ઘણા હરખથી તેને છાતી ઉપર લીધા. જેટલા ફૂલના હાર હતા તે બધા શ્રીહરિને પ્યારથી પહેરાવ્યા. ૩૧. શ્રીહરિની જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા. તે વખતે શ્રીહરિએ જેટલા હાર પહેર્યા હતા તે બધા પટગીર હરસૂરભાઈને પહેરાવ્યા. ૩૨. પછી તેમણે પ્રેમથી કેસરયુક્ત ચંદન લઈને

સંતોની પૂજા કરી અને સહુને એક એક ફૂલનો સુંદર હાર લાવીને પહેરાવ્યો. ૩૩. સહુ સંતોને એક એક વસ્ત્ર ઓઢાડીને તેમના પગમાં પડ્યા.

✵ મામૈયા પટગીર તથા જીવુબાની સ્થિતિનું વર્ણન :

તે કુંડળ ગામમાં મામૈયા પટગીર નામે સારા હરિભક્ત રહેતા હતા. ૩૪. તે ઘણા પાકા હરિભક્ત હતા. કહી ન શકાય તેવા સમાધિનિષ્ઠ હતા. તેમના ભાઈ હાથિયા પટગીર નામે હતા. તે જીવુબાઈના પતિ હતા. ૩૫. જ્યારે જીવુબાઈને પરિપક્વ સત્સંગ થયો તથા શ્રીહરિમાં દૃઢ સ્નેહ થયો ત્યારે તેણે પતિનો ત્યાગ કરી દીધો હતો. જ્યારે તેમણે ભગવાન સિવાયના તમામ સુખોને મળ સમાન દેખ્યાં ત્યારે વિષયના સુખને એવા સમજીને તેનો ત્યાગ કરી દીધો. ૩૭. તેમને સમાધિમાં એવું દેખાયું કે, તેઓ મુખ્ય કરીને ભગવાનના ધામના મુક્ત છે. ૩૮. આ સત્સંગમાં જેટલી હરિભક્ત બાઈઓ હતી તેમાં જીવુબાઈએ સહુ પહેલા પોતાના પતિનો ત્યાગ કર્યો હતો. ૩૯. આગળના સમયમાં ભગવાનને માટે મીરાબાઈએ પતિનો ત્યાગ કર્યો હતો. તે સિવાય આવો કોઈએ ત્યાગ કર્યો હતો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “હરસૂર પટગીરની રસોઈ તથા તેમની સમજણ અને જીવુબાઈની વાત કહી” એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૩

કુંડળના મામૈયા તથા રામ પટગીરે શ્રીહરિને માન્યા-પૂજ્યા તથા જીવુબાઈ અને મામૈયા પટગીરની વાત

જીવુબાઈની વાત સાંભળીને રાજબાઈને સત્સંગ થયો. અને પછી તરત તેણે પતિનો ત્યાગ કર્યો. ૧. જીવુબાઈના બહેન લાડુબાઈ હતા. તેમને પણ જીવુબાઈના મુખની વાત સાંભળીને ઉત્તમ સત્સંગ થયો હતો. ૨. અક્ષરધામના મુક્ત જીવુબાઈ આદિ આ બાઈઓની સત્સંગ સંબંધી વાત સાંભળીને એટલી બાઈઓ સત્સંગી થઈ હતી કે, તેમનો ગણ્યે પાર

આવતો નથી. તે બધી બાઈઓએ આ બ્રહ્માંડનાં જેટલાં વિષયનાં સુખ છે તેને પશુના ધર્મ જેવા પોતાની નજરે યથાર્થરૂપમાં દેખ્યા. ૩-૪. અક્ષરધામનું જેવું સુખ છે તેવું તે બાઈઓએ જ્યારે જીવુબાઈના મુખથી સાંભળ્યું, ત્યારે જેવું સાંભળ્યું હતું તેવું જ સમાધિમાં દેખ્યું. તેથી તે બાઈઓએ પણ પતિનો ત્યાગ કર્યો. જો કે જેણે જેણે પતિનો ત્યાગ કર્યો હતો તેને તેને અત્યંત કષ્ટ સહન કરવું પડ્યું હતું. ૫-૬.

ભગવાનને રાજી કરવાને માટે જેને જેવું કષ્ટ પડ્યું તેણે તે બધું સહન કર્યું તે કહ્યું જાતું નથી, તેમને એટલી ઉપાધિ થઈ હતી. ૭. તે સત્સંગી બાઈઓ એવાં સામર્થ્યવાળી થઈ હતી કે, પોતાનાં મોત સુધીના દુઃખને પણ સત્સંગ માટે કબૂલ રાખતી હતી. તે નિપુણ બાઈઓ પોતાના શરીરને અત્યંત ક્ષીણ રાખતી હતી અને એક જ વાર જમતી હતી. ૮. એ પણ લૂખો-સૂકો અને થોડો આહાર લેતી હતી. શરીર ઉપરનાં વસ્ત્ર જૂનાં જેવા પહેરતી. તેઓ શરીરનો અત્યંત અનાદર રાખતી અને વારંવાર ઉપવાસ કરતી હતી. ભગવાનના કથા-કીર્તનમાં અપાર સુખ માનતી હતી અને જેટલાં સંસારનાં સુખ છે તેને તો તે કાળનું ચવાણું દેખતી હતી. ૯-૧૦.

જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશીનાં જેટલાં દુઃખ છે તે બધાં સંસારનાં સુખ ભોગવવામાં જ રહ્યા છે, આ રીતે તેઓ રાત-દિવસ દેખતી હતી. ૧૧. વળી, ભગવાન સંબંધી જેટલાં સુખ છે તે જ સાચાં સુખ છે, તેમ સમજતી. જુઓને ! ભગવાન સંબંધી સુખને માટે પ્રહ્લાદજીએ અતિશય દુઃખ સહન કર્યું હતું. ૧૨. **ભગવાનનાં સુખ માટે તો બ્રહ્માંડનું રાજ્ય છોડવું પણ સહજ છે. કેમ જે, ભગવાનનું સુખ જ એવું છે. તો ઘર-સંસારના સુખનો ત્યાગ કરવો તે કેટલી મોટી વાત કહેવાય !** અર્થાત્ કાંઈ જ નહીં. એમ જે બળિયા હરિભક્ત હતા તે ભગવાનના સુખનો મહિમા સમજતા હતા. ૧૩-૧૪.

सोरठा : दुल्लभ में अति जोउ, दुल्लभ हि भगवान हुके;
सुख रहायेउ सोउ, एसी दृढता होत जब...१५
संसारिक सुख जेहि, नाशवंत देखेउ जब;
त्याग करत हि तेहि, मल कु त्याग करत हे जिमि...१६

દુર્લભમાં પણ અત્યંત દુર્લભ તો ભગવાનનું સુખ રહ્યું છે. એવી જ્યારે દઢતા થાય તથા જ્યારે સાંસારિક સુખ નાશવંત દેખાય ત્યારે મળનો જેમ ત્યાગ કરે છે તેમ તેનો ત્યાગ કરી દે છે. ૧૫-૧૬. આ બ્રહ્માંડનાં જેટલાં વિષયસુખ છે તે બધામાં અપાર દુઃખ રહ્યું છે. આવું તે સુખ અતિશય અસારરૂપ છે. ૧૭.

❋ જ્ઞાનની ગરિમા :

જેમ કોઈ પકવાનમાં સોમલનું ઝેર ભેળવ્યું હોય, તે ઝેરનું જેને જ્યાં સુધી જ્ઞાન ન હોય ત્યાં સુધી તેને તે પકવાન ઉપર અત્યંત અનુપમ ભાવ રહે છે. પણ જ્યારે સોમલના ઝેરની ખબર પડી જાય છે ત્યારે પકવાન ચાહે તેવું બનાવ્યું હોય તોપણ ક્યારેય તે પકવાનની મહત્તાને સાંભળતો નથી. તેમાં અપાર સ્વાદ હોવા છતાં તે બધું તેને નકારું લાગે છે. ૧૮-૨૦. ચાહે તેટલો તે ભૂખ્યો હોય અને પોતાનો જીવ જાય તેવી સ્થિતિ હોય તોપણ ઝેરની જેને ખબર હોય તેને મનમાં તે જમવાનો ભાવ થતો નથી. તે જ રીતે જ્ઞાની મનુષ્ય સંસારને જુએ છે. ૨૧.

જેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને ભગવાન સિવાયની બીજી જેટલી બાબતો છે તે બધામાં જેવો પ્રતાપ છે તે દેખ્યામાં આવે છે. ૨૨. પછી જ્યારે ભગવાનથી અધિક કાંઈ દેખ્યામાં ન આવે ત્યારે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં તેમની સમજણ તેવી જ રહે છે. ૨૩. તે સમજણનો દેશકાળે કરીને પણ નાશ ન થાય તે પૂરો ભગવાનનો ભક્ત થયો કહેવાય, અને તે જ્ઞાનના અંતને પામ્યો કહેવાય. પછી તે ભગવાનથી અધિક કાંઈ સમજતો નથી. ૨૪. ચાહે તેવી વાત હોય પણ તે પ્રગટ-સ્પષ્ટ કર્યા સિવાય કરોડો કલ્પ જાય તોય યથાર્થરૂપમાં ક્યારેય દેખાતી નથી. ૨૫. ભગવાન શ્રીહરિની, તેમના સંત અને હરિભક્તોની સર્વે વાત જ્યારે ધ્યાન દઈને સાંભળવામાં આવે ત્યારે જેવી હોય તેવી યથાર્થ જણાય છે. અને ધ્યાન આપ્યા વિના સાંભળવામાં આવે તો સમજાતી નથી. જ્યારે વાત સમજાય છે ત્યારે તેમાં રસ આવે છે. ૨૬-૨૭.

सोरठा : हरि अरु संत की बात, हरिजन ताकी बात जोउ;
अलोकिक यह रहात, जन कु रहे तारन यह...२८

चोपाई :
हरि अरु संत हरिजन की बाता, अंत समय यह श्रवण कराता;
चाय तेसे जन रहे जाही, भाव सहित सुनत जो रहाही...२९
हरि के धाम में जावत तेही, भावकर मोक्ष होत रहे एही;
भाव ता महीं मोक्ष रहाये, सत्य वस्तु करीके जो ताये...३०

ભગવાન, ભગવાનના સંત અને હરિભક્તોની વાત અલૌકિક હોય છે અને તે ભક્તજનોને તારનારી છે. ૨૮. ભગવાન, સંતો અને હરિભક્તોની વાત અંતસમયમાં જો ભાવ સહિત સાંભળે તો તે ચાહે તેવો મનુષ્ય હોય, તોપણ તે ભગવાનના ધામમાં જાય છે. કેમ કે, મોક્ષ તો ભાવે કરીને થાય છે. સત્ય વસ્તુને વિશે રહેલા ભાવમાં જ મોક્ષ રહ્યો છે. ૨૯-૩૦. જે વસ્તુ અસત્ય છે તેમાં ચાહે તેવો ભાવ રાખે, પણ તેમાં જેવો ગુણ હોય તેવું તે ફળ દે છે. ૩૧. સત્ય વસ્તુનું ફળ સત્ય પ્રાપ્ત થાય છે અને અસત્ય વસ્તુનું ફળ અસત્ય પ્રાપ્ત થાય છે. ૩૨. ભગવાન સંબંધી જેટલી બાબત છે તે સાક્ષાત્ સત્ય વસ્તુ છે અને ભગવાનના સંબંધ વગરની જેટલી બાબતો હોય તે બધી અસત્ય વાત કહેવાય છે અને તેનું ફળ પણ અસત્ય મળે છે.

જે મામૈયા પટગીર હતા તે આવી બધી વાતને જાણતા હતા. ૩૩-૩૪. તેણે શ્રીહરિ અને સંતોને પોતાને ઘેર પધરાવ્યા અને પૂજા કરી. શ્રીહરિ મામૈયા પટગીરને ઘેર વારેવારે ઘણીવાર આવતા હતા. ૩૫. તેણે શ્રીહરિની ઘણીવાર સેવા કરી હતી અને ઘણા જ હાસ્યવિનોદ કરતા હતા. તેના નાના ભાઈનું નામ રામ પટગીર હતું. તે પણ મોટા હરિભક્ત હતા. ૩૬. તેણે જે શ્રીહરિની સેવાનો લાભ લીધો તેનો કહ્યે પાર આવતો નથી. આ સમયે જેટલા કાઠી હરિભક્તો હતા તેમણે શ્રીહરિની સેવાનો ત્રીશ વર્ષ સુધી અપાર લાભ લીધો હતો. તેઓ શ્રીહરિના થાળની પ્રસાદી બહુ જમ્યા હતા તથા બીજું પણ બહુ સુખ લીધું હતું. ૩૭-૩૮. મામૈયા અને રામ પટગીર શ્રીહરિની પૂજા કરી રહ્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને સારંગપુરને

રસ્તે ચાલ્યા. જેટલા સંતો સાથે હતા તે બધા પણ શ્રીહરિની સાથે ચાલતા થયા. રસ્તામાં ખાંભડા ગામ આવ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કુંડળના મામૈયા તથા રામ પટગીરે શ્રીહરિને માન્યા-પૂજ્યા તથા જીવુબાઈ અને મામૈયા પટગીરની વાત કહી" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૪

સારંગપુરનું દસમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) શ્રાવણ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ સર્વે સંતનું મંડળ લઈને ગામ કુંડળથી બપોર પછી ચાલ્યા, તે વાટમાં **ખાંભડા** ગામ આવ્યા અને ત્યાં પાદરમાં પીપરના ઝાડની નીચે આવીને બેઠા. કેમ જે, શ્રીહરિના મનમાં ગામના હરિભક્તોને દર્શન દેવાનો ભાવ હતો. ૧-૨. પછી ગામલોકો પલંગ લાવ્યા. શ્રીહરિ તેના ઉપર આવીને બેઠા. ૩. તે સમયે બ્રહ્માનંદસ્વામીએ ***"રૂપાળો રંગરેલ રે, વ્હાલો લાગે રૂપાળો"*** આ પરજ રાગના આઠ પદ પ્રેમમગ્ન થઈને ગાયા. ૪. તે સમયે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાની ચારેબાજુ સાધુ અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને સાધુ કીર્તન ગાતા હતા અને ગામલોકો પણ કીર્તન સાંભળવા આવ્યા હતા. ૫-૬.

❋ ધર્મી અને અધર્મી માણસોનાં લક્ષણ :

પછી શ્રીહરિએ તે કીર્તન રખાવ્યાં અને ગામના મનુષ્યોની આગળ ઘણું હેત દેખાડીને વાત કરવા લાગ્યા જે, ૭. "આ સંસારમાં ધર્મવાળા અને અધર્મી એ બે પ્રકારના માણસ છે. તેમાં ધર્મવાળા જે માણસ હોય તે ચોરી, પરસ્ત્રીનો સંગ તથા ચાડી ચુગલી આદિક પાપનો ત્યાગ કરે છે અને પરમેશ્વરનો ડર રાખીને ધર્મ મર્યાદામાં ચાલે છે. ૮-૯. તેથી આ સંસારમાં

તેના જે કુટુંબી હોય અથવા કોઈ બીજા હોય તે બધા તેનો વિશ્વાસ કરે છે. ૧૦. અને તે જે વચન બોલે છે તે સહુને સાચા લાગે છે. આવા જે ધર્મવાળા હોય તેમને સાચા સંતોનો સમાગમ ગમે છે. તેથી તે મન, કર્મે કરીને સંતના આશ્રિત થાય છે.

અને જે અધર્મી લોકો હોય છે તે ચોરી, પરસ્ત્રીનો સંગ, દારૂ અને માંસનું ભક્ષણ વગેરે કરે છે. વટલવું અને વટલાવવું ઈત્યાદિક બધાં કુકર્મને વિષે ભરપૂર રહે છે. તેથી સંસારમાં તેમનો કોઈ વિશ્વાસ કરતા નથી. ૧૧-૧૪. અને તેના સગાં-સંબંધીઓ પણ કોઈ વિશ્વાસ કરતા નથી. પછી એવા અધર્મીઓનો અપાર અપયશ થાય છે. અને તેવા અધર્મીઓને તે પાપના યોગે કરીને સાચા સંતનો સમાગમ ગમતો જ નથી. ૧૫-૧૬. અને કોઈ બીજા મનુષ્ય સંતનો સમાગમ કરે તો તેનો પણ તે દ્રોહ કરે છે. પછી તે અધર્મી મરીને જમપુરીમાં જાય છે. ૧૭.

તેટલા માટે જેને પોતાના કલ્યાણની મનમાં ઈચ્છા હોય તેણે અધર્મીના માર્ગે ક્યારેય ચાલવું જ નહિ. ૧૮. અને સાચા સંતનો સમાગમ નિત્ય કરવો. કેમ જે, સાચા સંતનો સમાગમ કરે છે તેનું નિશ્ચિત કલ્યાણ થાય છે. ૧૯. તેમાં કોઈ સંશય નથી. જે ખરી વાત છે તે મેં તમને સહુને કહી." શ્રીહરિએ કહેલી આટલી વાત સાંભળીને જે લોકોને ધર્મના ઉપર રુચિ હતી તેવા કેટલાક ગામલોકોએ શ્રીજીમહારાજનો આશ્રય કર્યો, અને પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલતા થયા. ૨૦-૨૧. અને અશ્વ ઉપર બેઠા અને **સારંગપુર** આવ્યા.

ત્યાં જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર (સંધ્યા ટાણે) આવીને બેઠા. તે સમયે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૨-૨૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિઓની સભા બેઠી અને દેશદેશના હરિભક્તોની પણ સભા ભરાઈને બેઠી હતી. ૨૪. (પછી મશાલો થઈ ને સંધ્યા આરતી-ધૂન કરી. સહુ પગે લાગીને બેઠા. પછી ***"વાલીડા મોહન ચાલતા વાટમાં, ભૂધર ગાળ્યું નવ ભાંખીએ રે"*** આ કીર્તન ગાયા.)

✵ આત્મદષ્ટિ અને બાહ્યદષ્ટિની વિગત :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ સર્વે જે ભગવાનનાં ધામ તેને બાહ્યદષ્ટિએ કરીને દેખીએ તો ઘણા દૂર છે. અને આત્મદષ્ટિએ કરીને જોઈએ તો તે પાસે છે, એક અણુ જેટલું પણ છેટું નથી. ૨૫-૨૭. તે માટે જે બાહ્યદષ્ટિવાળા છે તેની સમજણ મિથ્યા છે અને આત્મદષ્ટિવાળાની સમજણ સત્ય છે. તેનું કહેવામાં માપ થઈ શકતું નથી. અને જે સાધુ પોતાના મનમાં એમ સમજતા હોય જે, **'મારા ચૈતન્યમાં આ ભગવાન અખંડ વિરાજમાન છે. જેમ દેહમાં જીવ છે તેમ મારા જીવમાં આ ભગવાન સદા રહ્યા છે. અને મારો આ જીવ છે તે તો શરીર છે અને જે ભગવાન છે તે મારા જીવના શરીરી(આત્મા) છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ આ ત્રણ શરીરથી પૃથક્ જાણે, અને તે જીવને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહ્યા છે, તે એક પળવાર પણ જીવથી દૂર જાતા નથી. ૨૮-૩૩.** આવી રીતની જેની સમજણ હોય તેનાથી ભગવાન તથા ભગવાનના ધામ આઠે પહોર અણુમાત્ર દૂર નથી. એવી રીતની સમજણવાળા જે સંત હોય તે તો જેવા શ્વેતદ્વીપમાં મુક્ત છે તેના સરખા છે. એક તલભાર પણ તેનાથી ન્યૂન નથી. ૩૪-૩૫.

ચોપાઈ :

अरु एसे संत हि जो ताके, दरशन भये कदापी हि वाके;
तब हि ताकु जानना ईमी, साक्षातकार भगवान तीमी...३६

दोहा : दरशन भयेउ तिनके हि, एसी समझ हि जाके;
एसे हि संत शिरोमणि, कृतार्थ जन्म ताके...३७
जाकु एसी समज हि जो, आव हि सके न जेउ;
एसी समज के संत के, समागम महीं तेउ...३८

અને જો એવા સંતનાં દર્શન થાય તો તેણે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનાં જ દર્શન થયાં.' અને આવી રીતની જેની સમજણ હોય તે સંત શિરોમણિ છે અને તેનો જન્મ કૃતાર્થ છે. ૩૬-૩૭. અને જેને આવી સમજણ તો આવી શકે નહિ પણ જો તે એવી સમજણવાળા સંતના

સમાગમમાં પડ્યો રહે અને તે સંતની શુભ સમજણને પ્રાપ્ત કરવા જતા કદાચ તે રોજ પાંચ ખાસડાં મારે, તોપણ તે અપમાનનું સહન કરે. ૩૮-૩૯. જેને જેટલો ખપ હોય તેટલું તે અપમાન સહન કરે છે, તેવું દેખાય છે. ૪૦.

માટે તે ખપવાળો સંતના સમાગમનો ક્યારેય ત્યાગ કરે જ નહિ એવું દેખાય છે. જેમ અફીણનો બંધાણી હોય તે તેમાં હિત માનીને અફીણનો ત્યાગ કરી શકતો નથી, તેમ જે ખપવાળો હોય તે પ્રાણ જાય તોપણ કોઈ રીતે કરીને ક્યારેય સંતના સમાગમનો ત્યાગ કરે નહિ. કારણ કે, તેને સંતનો સહુથી અધિક ખપ રહ્યો છે. ૪૧-૪૨. માટે એવા ખપવાળાને પ્રથમ જે સંત કહ્યા તેના જેવો જ માનવો, તેમાં કોઈ સંદેહ નથી. **અને તે સંતને જેવી પ્રાપ્તિ થાય છે તેવી જ પ્રાપ્તિ તે ખપવાળાને પણ થાય છે. આવી રીતે જે સંતના સમાગમમાં અડગપણે પડ્યો રહે છે અને સંતના નિત્ય ગુણ ગ્રહણ કરતો રહે છે, તેને પણ પરમ પુનિત સંત જાણવો.** ૪૩-૪૪. (પછી સભાને રજા આપીને મહારાજ થાળ જમવા પધાર્યા. પછી થાળ જમીને શયન અર્થે પધારતા હવા.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું દસમું વચનામૃત કહ્યું" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૫

સારંગપુરનું અગિયારમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) શ્રાવણ વદિ અમાસને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા અને શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૪.

❋ વૈરાગ્ય, શ્રદ્ધાદિક પાંચ સાધનની આવશ્યકતા :

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "પુરુષપ્રયત્ન શાસ્ત્રમાં જે રીતે કહ્યો છે, ૫. તે પુરુષપ્રયત્ને કરીને કેટલું કામ થાય છે ? અને પરમેશ્વરની કૃપાએ કરીને કેટલું કામ થાય છે ? હે શ્રીહરિ ! તે આપ કહો." પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા, ૬-૭. "સદ્‌ગુરુ અને સચ્છાસ્ત્રને વચને કરીને જે દઢ વૈરાગ્યને પામ્યો હોય અને દઢ શ્રદ્ધાવાન હોય અને જે અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય નિર્ધાર કરીને અત્યંત દઢપણે પાળતો હોય તથા પરમ સમજણવાળો એવો તે અહિંસાધર્મને વિષે દઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અત્યંત પરિપક્વ હોય, ૮-૧૦.તો તેને માથેથી જન્મ-મરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ ડાંગરના દાણા ઉપરથી ફોતરું નીકળી જાય, ૧૧. પછી ચાહે તેટલું પાણી પાય તોપણ તે ડાંગર ઊગતી નથી. તેમ ઉપર કહ્યા એવા જે ગુણ તેનાથી યુક્ત જે હરિભક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા, તેથી નિશ્ચય છૂટી જાય છે, અને તે જન્મ-મરણથી રહિત થાય છે. પછી તે અચળપણે આત્મસત્તાને પામે છે, આવી સમજણ ઉત્તમ છે. ૧૨-૧૪. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે.

અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તેના ઉપર જ થાય છે. તે પછી તે પરમેશ્વરની કૃપાનો નાશ થાતો નથી. ૧૫-૧૬. અને તે ભગવાનની જ્યારે કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. અને શ્રુતિમાં પણ એવી વાત કહી છે જે, **'निरञ्जनः परमं साम्यमुपैति'** એ શ્રુતિનો એ અર્થ છે કે, અંજન જે માયા તેથી રહિત થયેલો પરમ પવિત્ર ભક્ત ભગવાનના તુલ્યપણાને સદાય પામે છે; કહેતાં જેમ ભગવાન શુભ તથા અશુભ કર્મથી બંધાતા નથી, તે રીતે એ મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને ક્યારેય બંધાતો નથી. ૧૭-૨૦. અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે અને ક્યારેક તો પૃથક્ દેખાય છે. ૨૧. **અને પૃથક્ રહ્યા થકા ભગવાનની સેવા કરતા રહે છે, તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય**

છે અને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. ૨૨-૨૩. અને જેમ આ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. ૨૪. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપાએ કરીને ભક્તમાં આવે છે." આટલી વાત કરી. પછી જેની ઘણી વિશાળ બુદ્ધિ હતી એવા શ્રીહરિના લાડિલા નિત્યાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું જે, ૨૫-૨૬. "જેમાં એ શ્રદ્ધાદિક સર્વે અંગ સંપૂર્ણ રહ્યા હોય તેના ઉપર તો ઉમંગથી ભગવાનની ઘણી કૃપા થાય છે. ૨૭. અને જો એ અંગમાંથી કાંઈક ન્યૂનતા હોય તો તેની શી ગતિ થાય છે ?" ૨૮.

પછી શ્રીજીમહારાજ તેમના પ્રત્યે બોલ્યા, "વૈરાગ્ય, બ્રહ્મચર્ય, અહિંસાધર્મ, શ્રદ્ધા અને આત્મનિષ્ઠા એટલામાંથી કોઈ અંગની ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને તો તે ક્યારેય પામતો નથી. પરંતુ તે સિવાયના જેમાં અપાર સુખો રહ્યાં છે એવાં બીજાં જે ભગવાનનાં ધામ છે તેને તે પામે છે. અથવા જે અધિક સવાસનિક હોય તો તે દેવલોકને પામે છે. ૨૯-૩૨. અને જે દેવલોક છે તેને તો ભગવાનના ધામની આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. ૩૩. અને દેવતામાંથી તે મનુષ્યશરીરને ધારણ કરે અને મનુષ્યમાંથી ફરી દેવતાના શરીરને ધારણ કરે. ૩૪.

અને **'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।'** *(ગીતા.૬/૪૫)* એ શ્લોકમાં પણ અમે જે કહીએ છીએ એ જ અર્થ છે. એમ તમે નિશ્ચિત જાણજો. ૩૫. જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરકચોરાશીમાં તો કોઈ દિવસ ન જાય. પણ દેવતા તથા મનુષ્યમાં તો અનંત જન્મને ધારણ કરે. પછી જ્યારે પૂર્વે કહ્યા તેવા ગુણ આવે, ૩૬-૩૭. અને વૈરાગ્યાદિક લક્ષણે કરીને યુક્ત થાય ત્યારે જ તે ભગવાનની કૃપાનો પાત્ર થાય છે. ૩૮. પછી તે ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ, તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે કરીને પણ જે દિવસ પ્રથમ કહ્યાં તેવાં લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થઈને વર્તશે ત્યારે ભગવાનની કૃપાનું પાત્ર થશે. ૩૯-૪૧. અને પછી તે આત્યંતિક મોક્ષને નિશ્ચય પામશે, પણ ઉપર કહ્યા તેવાં લક્ષણ વિના આત્યંતિક મોક્ષને પામશે નહિ." ૪૨.

❋ છતે દેહે કસરમાત્ર ટાળવાના ઉપાય :

પછી નૃસિંહાનંદસ્વામીએ પૂછ્યું જે, "આ દેહે કરીને જ સર્વ કસરમાત્ર ટળી જાય એવો કોઈ ઉપાય હોય તો હે સુખદાતા શ્રીહરિ ! આપ કહો." પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, ૪૩-૪૪. "જો ખબડદાર થઈને પ્રમાદ છોડીને મંડ્યો રહે તો આને આ દેહે કરીને જેટલી કસર રહી હોય તે બધી મટી જાય છે, લગાર પણ રહેતી નથી. એમ કરતા પણ જો કદાચ કાંઈક કસર રહી જાય અને દેહપર્યંત કસર ન મટી હોય એવા કેટલાક ભક્ત જો અંતસમયે નિર્વાસનિક થઈ જાય ને ભગવાનને વિષે અતિશય પ્રીતિ થાય તો અંતકાળે પણ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને ભગવાનના અક્ષરધામને પામે. માટે આ એક દેહે કરીને અથવા અનંત દેહે કરીને અથવા અંતસમયે એક ઘડી મૃત્યુ આડી રહે ત્યારે પણ જો ભગવાનને વિષે અતિશય વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કાંઈ કસર રહેતી નથી." ૪૫-૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું અગિયારમું વચનામૃત કહ્યું" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૬

સારંગપુરનું બારમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ પડવાને દિવસ સંસારના બંધનને કાપનારા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા બધા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪.

❋ સંતોમાં અખંડ રહેતા ત્રણ ગુણોની વિગત :

પછી નિર્વિકારાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, "સાધુને વિષે

કયા ગુણ અખંડ રહે છે ? અને કયા ગુણ આવતા-જતા રહે છે ? અમને તે ગુણો સમજાતા નથી.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “એક તો આત્મનિષ્ઠા અને બીજો જેવો બહાર હોય તેવો જ અંતરમાં રહેલો એકસરખો સ્વધર્મ તથા ત્રીજો ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય, એ ત્રણ ગુણ અખંડ રહે છે અને બીજા જેટલા ગુણ છે તે તો આવતા જતા રહે છે. તેમ તમારે દૃઢપણે જાણવું. ૫-૮. માટે બીજા જેટલા ગુણ છે તે આવતા-જતા રહે છે અને આત્મનિષ્ઠા આદિક જે ત્રણ ગુણ છે તે રાત-દિવસ અખંડ રહે છે.” ૯.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, “દેહ અને આત્માની જે પૃથક્ વિક્તિ તે જીવને સમજાણી હોય તોપણ તે વિક્તિને ભૂલીને પાછો દેહાભિમાની કેમ થાય છે ?” પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૧૦-૧૧. “દેહ અને આત્માની વિક્તિ જો એકવાર ચોખી સમજાણી હોય તો પછી તે ફરીને ભુલાતી નથી. ૧૨. અને તે એમ માને કે હું દેહરૂપ છું તોપણ દેહ પોતાનું રૂપ મનાય નહિ. ૧૩.

दोहा : अरु भगवान तिनके जो, निश्चे दृढ एक वेर;
भयेउ होय जब हि जोउ, नाश न होवत फेर...१४

सोरठा : अरु इमि एह जनात, आत्मबुद्धि मटीकर जेही;
देहबुद्धि हो जात, जूठ जूठ मन जो महिं...१५
भरम परत रहात, देहाभिमान न आत हि;
अरु एसे कहात, परिपक्व ज्ञानि हि तिनकू...१६

અને ભગવાનનો નિશ્ચય જો એકવાર દૃઢ થયો હોય તો તેનો ફરી નાશ થતો જ નથી. ૧૪. અને તેને એમ જણાય છે જે, આત્મબુદ્ધિ મટીને જે દેહબુદ્ધિ આવી જાય છે; એ તો મનમાં ખોટે ખોટો ભ્રમ પડે છે, પણ દેહાભિમાન તો આવતું જ નથી. આવો જે હોય તે પરિપક્વ જ્ઞાની કહેવાય. અને એવો જે પરિપક્વ જ્ઞાની તેને નિરંતર આત્માનું અભિમાન જ દૃઢ રહે છે. તે પોતાના આત્માને પરમ અનુપમ બ્રહ્મરૂપ માને છે. ૧૫-૧૭. અને તે બ્રહ્મને વિષે ભગવાન પરબ્રહ્મ પુરુષોત્તમ અખંડ વિરાજમાન છે. ૧૮. અને તેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ અખંડ અતિ દૃઢપણે રહે છે, પણ ક્યારેય તે ડગતો નથી.” ૧૯.

✵ આત્મનિષ્ઠા પક્વ કરવાનો ઉત્તમ વિચાર :

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ સર્વ સુખનાં મૂળ શ્રીહરિને પૂછ્યું જે, "પોતાના આત્માનો વિચાર કેમ કરવો ?" ૨૦. પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા, "જ્યારે અંતઃકરણની સામે દ્રષ્ટા એવો જે જીવાત્મા તે જોઈ રહે ત્યારે બહાર જે સ્થૂળ શરીર અને તે સંબંધી જે વિષય તે બધા વીસરી જાય છે. ૨૧-૨૨. અને અંતઃકરણ તથા દ્રષ્ટા, તે બંનેની વચમાં જે વિચાર ઠરે છે તે વિચારે કરીને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારે સહિત સર્વના રૂપને સારી રીતે જાણે છે. પછી વિચારની દૃષ્ટિએ કરીને અંતઃકરણના ઘાટની સામે જોતાં જોતાં જ્યારે ઘાટ બંધ થઈ જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ૨૩-૨૫. અને જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી તો તે સંકલ્પની સન્મુખ જોઈ રહેવું, ૨૬. પણ તે વખતે ધ્યાન કરવું નહિ. આ કહ્યું તે રીતે વિચાર કરે ત્યારે તેને અમે બુદ્ધિમાન યોગી કહીએ છીએ. ૨૭. અને જ્યારે ધીર યોગી બહાર સ્થૂળ દેહને વિષે રહ્યો હોય ત્યારે પાંચ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાના વિષય સન્મુખ જાય છે, ત્યારે વિચારને બે પ્રકારે કરવો. તે હું કહું છું તે રીતને અનુસારે કરવો. ૨૮-૨૯.

એક તો જ્યારે જે વિષયને આકારે ઈન્દ્રિયો થયા હોય તે વિષયને આકારે વિચાર કરવો. ૩૦. અને બીજો તે ઈન્દ્રિયોના ગોલકને વિષે જોનારો જે દ્રષ્ટા રહ્યો છે તેને આકારે વિચાર કરવો. પછી વિષયના આકારે અને દ્રષ્ટાને આકારે એ બે પ્રકારે જે વિચાર છે તે નિર્ધારિત રીતે એક થઈ જાય છે. ૩૧-૩૨. પછી તે વિષયમાંથી વૃત્તિ અતિશય તૂટી જાય છે. અને આ રીતે વિચાર કર્યા વિના બળાત્કારે કરીને ગમે તે રીતે તે વૃત્તિને વિષયમાંથી તોડે પણ તે વૃત્તિને વિષયમાંથી પ્રીતિ ક્યારેય મટતી નથી. ૩૩-૩૪. અને જો વિચારીને તે વૃત્તિને પાછી વાળે તો વિચારીને પાછી વાળેલી તે વૃત્તિ ક્યારેય વિષયમાં જોડાય જ નહિ. ૩૫. માટે જ્યાં સુધી ઈન્દ્રિયોની વૃત્તિને વિષય સન્મુખ પ્રીતિ હોય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન કરવું નહિ. ૩૬. અને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું. ૩૭. અને જ્યારે બહાર સ્થૂળ દેહમાં દ્રષ્ટા વર્તતો હોય ત્યારે ચોખો વિભાગ કરી

રાખવો જે, ૩૮. જ્યારે સ્થૂળ દેહમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ સામું તો જોવું જ નહિ. ૩૯. અને જ્યારે અંતઃકરણની સામે જોવું ત્યારે સ્થૂળ દેહને વિચારે કરીને વિસારી દેવો. ૪૦.

અને દ્રષ્ટા અને દૃશ્યને મધ્યે જે વિચાર છે તે વિચારે કરીને જે રીતે સમજવાનું છે, તે હવે હું શુદ્ધ રીતે કહું છું. ૪૧. દ્રષ્ટા અને દૃશ્ય તે અતિશય જુદા જ છે, એમ સમજીને દેહના ભાવ તે દેહને વિષે હોમતા રહેવું અને દ્રષ્ટા જે ચૈતન્ય તેના ભાવ તે ચૈતન્યને વિષે વારંવાર હોમતા રહેવું. ૪૨-૪૩. અને બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ બધા દેહના ભાવ છે. તે આત્માથી જુદા જ છે. ૪૪. માટે સ્વપ્નમાં પણ તે ભાવોને આત્માને વિષે ક્યારેય માનવા જ નહિ. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ આ બધા આત્માના ભાવો છે, તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહિ. ૪૫-૪૬. જેટલા અમાયિક ગુણ છે તે આત્માને વિષે સમજવા. આ કહ્યો એવો જે વિચાર તે વારંવાર કરતા રહેવું. ૪૭.

જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ રહે ત્યાં સુધી આ વિચારને મૂકવો નહિ અને અસત્યને આધીન વર્તવું નહિ. ૪૮. જેમ રાજા હોય તેને જ્યાં સુધી શત્રુનું બળ હોય ત્યાં સુધી રાજગાદી ઉપર બેસીને ક્યારેય તે સુખને ભોગવે નહિ, અને જ્યારે બધા શત્રુનો નાશ થઈ જાય ત્યારે પોતાના રાજ્યનો જે વૈભવ હોય તેને ભોગવે છે. તેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યાં સુધી મન તથા ઇન્દ્રિયોરૂપી શત્રુ પીડતા હોય ત્યાં સુધી પૂર્વે કહ્યો એવો જે વિચાર તેને દૃઢપણે કરીને રાખવો. અને જે રીતે કહ્યું તે રીતે તે વિચાર વારંવાર કરવો. ૪૯-૫૩. અને જ્યારે મન તથા ઇન્દ્રિયોના બધા જ ઘાટ શમી જાય ત્યારે પરમેશ્વરનું ધ્યાન કરવું.” ૫૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “સારંગપુરનું બારમું વચનામૃત કહ્યું” એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૭

સારંગપુરનું તેરમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ બીજને દિવસ સર્વ સુખનું મૂળકારણ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪.

✻ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય ટળ્યા-ન ટળ્યાની વિગત :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પ્રથમ થઈને પછી મટી જાય છે, તેનું કારણ શું છે ? તે સમજાતું નથી. શું તેને પહેલા નિશ્ચય થયો હતો ? કે નહોતો થયો ?" ૫-૬. પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા કે, "જેને પોતાના જીવાત્માને વિષે દઢતાથી નિશ્ચય થયો હોય તે કોઈ રીતે મટે નહિ. અને શાસ્ત્રની રીતે જેને નિશ્ચય થયો હોય તે જ્યારે શાસ્ત્રમાં ન મળે એવાં ચરિત્રો પરમેશ્વર કરે ત્યારે તેને ભગવાનનો નિશ્ચય થયો હોય તે મટી જાય છે." ૭-૯.

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "શાસ્ત્રમાં તો પરમેશ્વરનું સમર્થપણું, અસમર્થપણું, કર્તાપણું અને અકર્તાપણું એવી અનંત જાતની વાત કહી છે. ૧૦-૧૧. માટે એવું કયું શાસ્ત્ર બહાર ચરિત્ર ભગવાને કર્યું હશે ? કે જેણે કરીને એનો નિશ્ચય ટળી ગયો ? એ અમારો પ્રશ્ન છે. તેનો તમે સહુ વિચાર કરીને નિર્બાધ રીતે જેમ હોય તેમ ઉત્તર કરો. નિર્બાધ ઉત્તર સિવાય કોઈ સંશય ટળતો નથી." પછી મુનિ બોલ્યા કે, "શાસ્ત્રની બહાર તો કોઈ એક પણ ચરિત્ર નથી. તો તેને કેમ સમજવું ? હે મહારાજ ! જીવને ભગવાનનો નિશ્ચય થઈને પાછો ટળી કેમ જાય છે ? ૧૨-૧૫. તેનું જે યથાર્થ કારણ હોય તેને આપ જ જાણો છો. માટે કૃપા કરીને કહો."

પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, **"જેને ભગવાનનો દઢ નિશ્ચય થાય છે તે શાસ્ત્રે કરીને જ યથાર્થરૂપમાં થાય છે.** તેમ તમે જાણો. ૧૬-૧૭.

કારણ કે, શાસ્ત્રમાં પરમેશ્વરનાં લક્ષણ જેમ કહ્યાં હોય છે તેમ તેમના સંતોનાં લક્ષણ પણ કહ્યાં હોય છે. ૧૮.

માટે શાસ્ત્રે કરીને જે નિશ્ચય થયો હોય તે નિશ્ચય જ અચળ રહે છે. તે દેશ-કાળે કરીને ફરી જાતો નથી. ૧૯. શાસ્ત્રના આધાર વિના પોતાના મને કરીને જે નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય મટી જાય છે. ૨૦. અને ધર્મની પ્રવૃત્તિનું કારણ પણ શાસ્ત્ર જ છે. જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યા જ નથી એવા જે મલિન, અજ્ઞાની જીવ છે તેમાં પણ મા, બહેન, દીકરી અને સ્ત્રી તેમની વિક્તિરૂપ અને સંબંધરૂપી ધર્મની મર્યાદા તે આજ સુધી મુખ્યપણે કરીને ચાલી આવે છે; તેનું કારણ પણ શાસ્ત્ર જ છે, એમ પ્રગટ દેખાઈ આવે છે. કેમ જે, શાસ્ત્રમાંથી પહેલા કોઈએ એવી વાત સાંભળી હશે. અને જે રીતે સાંભળી હશે તે રીતે પરંપરાથી લોકમાં પ્રવર્તી છે. અને તેણે કરીને ધર્મ પ્રસિદ્ધ રહ્યો છે. ૨૧-૨૪. તેથી જેને ભગવાનનો નિશ્ચય એકવાર થઈને પછી મટી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી. એ તો મનમુખી છે અને તે નાસ્તિક છે, આ વાત ચોક્કસ છે.

અને શાસ્ત્રની દૃઢ પ્રતીતિ જેને હોય તેની મતિ કોઈ કાળે શાસ્ત્રથી ફરે નહિ. ૨૫-૨૭. શાસ્ત્રમાં જો પ્રતીતિ હોય તો તે કોઈ કાળે ભગવાનથી વિમુખ થાય જ નહિ. શાસ્ત્રે કરીને જે નિશ્ચય થયો હોય તે કોઈ કાળે ક્યારેય ડગે નહિ. ૨૮. કેમ જે, **શાસ્ત્રમાં ભગવાનનાં અનંત પ્રકારનાં ચરિત્ર અપાર કહ્યાં હોય છે. માટે પરમેશ્વર ગમે તે ચરિત્ર કરે, પણ શાસ્ત્રથી બહાર તે હોય નહિ. માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે અને કલ્યાણ પણ તેનું જ થાય છે. અને તે ધર્મમાંથી પણ કોઈ દિવસ ડગે નહિ તેમ જાણવું. ૨૯-૩૧.** જે જે માણસ જેવો હોય છે તે તેના આચરણથી દેખાય છે. તે આચરણ જ તેની કસોટી છે. તેનાથી તેનું અંતર જેવું હોય તેવું બહાર દેખાઈ જાય છે.” ૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “સારંગપુરનું તેરમું વચનામૃત કહ્યું” એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૨૮

સારંગપુરનું ચૌદમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ ત્રીજને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુરમાં જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને કાળા છેડાનો શ્વેત ખેસ પહેર્યો હતો અને તે વખતે શ્વેત ચાદર ઓઢી હતી. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. અને કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતા. ૧-૪. અને પાઘમાં પીળાં પુષ્પનાં છોગા ધારણ કર્યાં હતાં. કંઠમાં પીળાં પુષ્પના નાભિ સુધી લટકતા હાર પ્રિય લાગતા હતા. અને આથમણું મુખારવિંદ કરીને બેઠા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ ભગવદ્‌ધામને પામે તે ક્યારેય પડતો નથી, તેની વિગત :

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૫-૭. "ભગવાનના ભક્ત હોય તે ભગવાનના વૈકુંઠાદિક ધામને પામીને ક્યારેય પાછા પડતા નથી; ૮. એવું ભગવાને ગીતામાં કહ્યું છે, તે પ્રસિદ્ધ છે. અને જે પડ્યા હશે તે કયા દોષે કરીને પડ્યા હશે ?" ૯. પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા, "ભગવાનના ધામને પામીને કોણ પાછા પડ્યા છે ? તમે એક તો બતાવો ? તો અમે સાચું માનીએ." પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ જેમ જાણતા હતા તેમ કહ્યું જે, ૧૦-૧૧. "ભગવાનનું વૈકુંઠધામ અવિનાશી છે. ત્યાં ભગવાનના જય-વિજય નામે મોટા પાર્ષદો છે, ૧૨. તે બંને ભગવાનના ધામમાંથી પડ્યા હતા અને ગોલોકમાંથી રાધિકાજી અને શ્રીદામા પડ્યા. તેનું કેમ સમજવું ?"

પછી શ્રીજીમહારાજ બોલ્યા, ૧૩-૧૪. "જય-વિજય પડ્યા એ તો ભગવાને પોતાના સંતનો અતિશય મહિમા દેખાડવા માટે પાડ્યા જે, ૧૫. સનકાદિક જેવા સંતનો જો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવા ધામને પામ્યા હોય તોપણ પડી જાય છે. આ રીતે સંતોનો મહિમા ભગવાને ધામ કરતાં પણ અપાર દેખાડ્યો છે, માટે તેનું એ જ કારણ છે. ૧૬-૧૭. અને જય-વિજય

તો પાછા ત્રણ જન્મે કરીને વૈકુંઠ ધામને નિશ્ચિત પામ્યા. માટે તે કાંઈ પડ્યા ન કહેવાય. તેમાં ભગવાનની ઈચ્છા દેખાય છે. ૧૮. અને ગોલોકધામથી રાધિકાજી અને શ્રીદામા પડ્યા, તેમાં પણ ભગવાનની ઈચ્છા સમજવી. ૧૯.

કેમ જે, ભગવાને પોતે મનુષ્યદેહ ધારીને અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું મનમાં ધાર્યું હતું. અને અગણિત કલ્યાણકારી ચરિત્રોનો ઘણો વિસ્તાર કરવા માટે નિર્ધાર્યું હતું. માટે રાધિકાજીને કોઈ પડ્યા તેમ કહેશે, તો ભગવાન પણ તે ભેળા પડ્યા કહેવાશે. પરંતુ તે વાત તેવી નથી. અહીં તો ભગવાનની ઈચ્છા હતી તે સિવાય બીજો કોઈ ઉત્તર નથી. ૨૦-૨૨.માટે ભગવાનની ઈચ્છાએ કરીને જે ગોલોકમાંથી ભૂમિ ઉપર આવ્યા તે કાંઈ પડ્યા ન કહેવાય. આ ઠેકાણે તો ભગવાનની જ ઈચ્છા રહી છે. ૨૩.

चोपाई :

भगवान ताकी ईछा करीके, अक्षरधाम से फरी फरीके;
मनुष्य देह कु धरत रहाता, जड यह चैतन्य होय जाता...२४

दोहा : चैतन्य होवत जड जो, समर्थ रहे भगवान;
जिमी करत तिमी होत तेही, अति समर्थ यह रहान...२५
पण भगवान तिनकी जोउ, इच्छा बिन कोउ दिन;
भगवान हुके धाम कु, पाई न परत हि किन...२६

ભગવાનની ઈચ્છાએ કરીને તો અક્ષરધામમાંથી પણ ફરી ફરીને મનુષ્યદેહને ધારણ કરે અને જડ હોય તે ચૈતન્ય થઈ જાય ૨૪. અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય. કેમ જે, ભગવાન તો અતિ સમર્થ છે માટે જેમ કરે તેમ થાય, પણ ભગવાનની ઈચ્છા વિના કોઈ દિવસ ભગવાનના ધામને પામીને કોઈ પડે જ નહિ. ૨૫-૨૬. અને જે પડે છે તે તો આધુનિક અપક્વ ભક્ત હોય તે સાધનકાળમાંથી જ પડે છે. તે તો યોગભ્રષ્ટ કહેવાય. ૨૭. પણ વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભગવાનની ભક્તિ અને બ્રહ્મચર્યાદિક જે ધર્મ તેણે કરીને સિદ્ધ થયા એવા જે ભગવાનના ભક્ત તે તો શ્વેતદ્વીપ ધામમાં જેવા મુક્ત છે તેવા જ છે. તે તો કોઈ દિવસ પડતા નથી, તેમ તમારે જાણી લેવું." જ્યારે શ્રીજીમહારાજ આટલી વાત કરી રહ્યા ત્યારે બોલ્યા કે, "લ્યો,

હવે અમે એક પ્રશ્ન પૂછીએ છીએ તેને તમે સાંભળો." પછી મુનિ બોલ્યા, "હે સુખદાયક ! હવે આપ પૂછો." ૨૮-૩૧.

❋ પ્રમાદ અને મોહ છોડો, હરિમાં મન જોડો :

ત્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, "મહાભારતના ઉદ્યોગપર્વમાં સનત્સુજાત ઋષિએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહ્યું છે જે, 'એક તો પ્રમાદ અને બીજો મોહ, તેને શત્રુ તરીકે જાણો. ૩૨-૩૩. એ બંનેનો જ્યારે ત્યાગ કરે ત્યારે તે મોટો ભાગ્યશાળી કહેવાય છે અને તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે. નહિ તો તે માયાને નિશ્ચય તર્યો નથી તેમ દૃઢપણે જાણો. કેમ જે, પ્રમાદ તથા મોહ તેનું જ નામ માયા કહેવાય છે. ૩૪-૩૫. માટે આપણે ત્યાગી એવા ભગવાનના ભક્ત છીએ. તેમાં જેને પ્રમાદ અને મોહ વર્તતા હશે, તોપણ જે ભગવાનના મહિમાનું અપાર બળ લઈને પ્રમાદ તથા મોહને ટાળ્યાનો લગાર પણ ખટકો રાખી વિચાર કરતા નથી તો તે ભક્ત દેહ છતાં કેવું સુખ પામશે અને મરીને કેવું સુખ પામશે ? એ પ્રશ્ન છે."

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા, "જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનના માહાત્મ્યનો અતિશય વિચાર કરીને તેને પ્રમાદ અને મોહ ન ટળે તોપણ તેની કાંઈ બહુ ઝાઝી ચિંતા રાખે નહિ." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "ભગવાનનો ભક્ત હોય તેને પ્રમાદ અને મોહ વર્તતા હોય, ૩૬-૪૧. અને તેને ટાળવાનો ખટકો રાખે તેને ખોટ કેટલી છે અને ટાળ્યાનો ખટકો ન રાખે તેમાં કેટલી વિશેષતા છે ?" ૪૨. પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી શ્રીહરિના પ્રત્યે બોલ્યા, "ભગવાનનું બળ અપાર રાખે અને સાધનનું બળ લગાર પણ ન રાખે, માટે તે વિશેષ દેખાય છે."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને પ્રમાદ તથા મોહરૂપ શત્રુ રહ્યા છે તોપણ જે ગાફલ વર્તે છે, તેને તો તમે શ્રેષ્ઠ કહો છો. જેમ પતિવ્રતા સ્ત્રી હોય તે પોતાના પતિના ડરથી અને પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે ખટકો રાખીને કોઈ પુરુષની સાથે હસીને તાળી લે નહિ. ૪૩-૪૬. કેમ જે, તેને મનમાં એવો ડર રહે છે કે, 'જો હું લેશમાત્ર પણ ગાફલાઈ રાખીશ તો મારો પતિ મને મનમાં જરૂર વ્યભિચારિણી જાણશે. ૪૭. તો મારી સેવા

અંગીકાર નહિ કરે અને તેણે કરીને મારા પતિવ્રતાના ધર્મમાં ખોટ પડશે. ૪૮. આવું જાણીને મનમાં ખટકો રાખે છે. તેમ જે ભક્ત પતિવ્રતાના જેવી ભક્તિ રાખે અને પ્રમાદ તથા મોહને ટાળવાનો ખટકો રાખે તેમાં તો તમે ઊલટાની ખોટ બતાવો છો. ૪૯-૫૦. અને જેમ કોઈ સ્ત્રી પોતાના મનમાં આવે તે રીતે પરપુરુષની સાથે તાળી લેતી ફરે, ૫૧. અને પતિવ્રતાનો ધર્મ પાળવાનો કાંઈ ખટકો ન રાખે, તેમ જે ભક્ત પ્રમાદ અને મોહને ટાળ્યાનો ખટકો ન રાખે તેને તો તમે શ્રેષ્ઠ બતાવો છો. આવી તમારી જે રીત છે તે નિશ્ચિત અવળી સમજણ છે. ૫૨-૫૩.

અને જે ગાફલાઈ રાખીને વર્તે છે તે તો ભગવાનનો ભક્ત હશે તોપણ તેને પ્રમાદ અને મોહ આ બંને શત્રુ કોઈ દિવસ નડ્યા વિના નહિ રહે. જેમ મદિરા તથા ભાંગ્યને પીવે તો જેમ વિમુખ જીવને કેફ ચઢે છે, તેમ જ ભગવાનના ભક્તને પણ કેફ ચઢ્યા વિના રહે નહિ; તેને પણ વિમુખની જેમ ઘણો કેફ ચડે ને ગાંડો થાય. ૫૪-૫૬. તેમ મદિરા અને ભાંગ્યરૂપ જે પ્રમાદ અને મોહ રહ્યા છે તે તો જેમ વિમુખ જીવને નડે, તેમ જ ભગવાનના ભક્તને પણ નડતા રહે છે, તેમાં કાંઈ ખોટું નથી. ગમે તેવો ભગવાનનો પૂર્ણ ભક્ત હોય, ભવ, બ્રહ્મા અને નારદ જેવો હોય પણ તે જ્યારે ગાફલ વર્તે છે ત્યારે પ્રમાદ તથા મોહથી પરાભવને પામે છે. તો બીજા ભક્તની ગણતરી ત્યાં સુધી જ ભક્તમાં ગણાય છે જ્યાં સુધી તે ગાફલ વર્તતો નથી. ૫૭-૫૯. વળી, વિમુખ જીવમાં અને ભગવાનના ભક્તમાં એટલો જ ફરક છે જે, વિમુખ જીવને એ બે શત્રુ ક્યારેય ટળતા નથી. ૬૦.

दोहा : अरु भगवान के भक्त हि, खटक हि रखीके जेहु;
टालन करे उपाय जो, यह दोउ शत्रु तेहु...६१
नाश होई जात रहे, इतना अधिक रहेउ;
भगवान के भक्त तिनमें, जान लेहु तुम तेउ...६२

અને ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને તેને ટાળવાનો ઉપાય કરે તો તે બંને શત્રુ નાશ પામી જાય છે. આટલું ભગવાનના ભક્તને વિશેષ છે. તેને તમે જાણી લો. ૬૧-૬૨. જે ભગવાનનો ભક્ત થઈને જેટલી ગાફલાઈ રાખે છે તે સારું નથી. ગાફલાઈ રાખે તે તો ગોબરો ભક્ત છે." ૬૩.

✵ સ્થૂળ અને સૂક્ષ્મ દેહ પરસ્પર ઓતપ્રોત રહે છે તેની વિગત :

ધરતી ઉપર પ્રગટ વિચરતા દેવ, મનુષ્ય અને મુનિઓના માથાના મુગટ એવા સર્વોપરિ શ્રીજીમહારાજે ફરીને મુનિઓને પ્રશ્ન પૂછ્યો જે, ૬૪. "સ્થૂળ શરીર તે કેટલા તત્ત્વનું છે ? અને સૂક્ષ્મ શરીર તે કેટલા તત્ત્વનું છે ? અને સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીરમાં તત્ત્વ બરોબર છે કે ઓછા વધારે છે ? તે જેમ હોય તેમ કહો. ૬૫-૬૬. એ બંને શરીરનાં જેવાં રૂપ હોય તેવાં તમે કહો."

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી એ પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ જ્યારે ઉત્તર થયો નહિ ત્યારે સહુ મુનિ બોલ્યા, "હે મહારાજ ! કૃપા કરીને આપ જ તેનો ઉત્તર કરો." ૬૭-૬૮. પછી શ્રીજીમહારાજ તે વખતે બોલ્યા જે, **"જે સ્થૂળ દેહ છે તે તો પૃથ્વી આદિક પાંચ મહાભૂત નામે પાંચ તત્ત્વોનું છે. અને સૂક્ષ્મ શરીર છે તે તો પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચપ્રાણ અને ચાર અંતઃકરણ સહિત ઓગણીશ તત્ત્વનું રહ્યું છે.** ૬૯-૭૧. અને તે સ્થૂળ શરીરને વિષે પણ જ્યારે સૂક્ષ્મ શરીર અનુસ્યૂતપણે-એકરસપણે વર્તે છે ત્યારે જ સર્વે ક્રિયાઓ યથાર્થપણે થાય છે. પણ તે સિવાય ક્યારેય થાતી નથી. કેમ જે, જેટલી ક્રિયા કહેવાય છે તે કાન તથા નેત્ર આદિક ઇન્દ્રિયોના ગોલકથી યુક્ત એવો જે સ્થૂળ દેહ, તેને વિષે તે ઇન્દ્રિયોએ યુક્ત એવો જે સૂક્ષ્મ દેહ તે જ્યારે ભળે છે, ત્યારે તેણે કરીને તે તે ઇન્દ્રિયોના વિષયોનું ગ્રહણ થાય છે પણ કેવળ સ્થૂળ દેહના ગોલકે કરીને વિષયનું ગ્રહણ થાતું નથી. ૭૨-૭૬. તે માટે પાંચ તત્ત્વના સ્થૂળ દેહને વિષે ઓગણીશ તત્ત્વનું સૂક્ષ્મ દેહ અનુસ્યૂતપણે રહ્યું છે. ૭૭. તેથી સ્થૂળ દેહને વિષે પણ ચોવીશ તત્ત્વ રહ્યા છે. અને તે રીતે જ સૂક્ષ્મ દેહમાં પણ પાંચ તત્ત્વનું સ્થૂળ દેહ એકત્વપણે વર્તે છે ત્યારે જ સૂક્ષ્મ દેહના ભોગ સિદ્ધ થાય છે. ૭૮-૭૯. અને સૂક્ષ્મ દેહ ઓગણીશ તત્ત્વનું છે, તેમાં પાંચ તત્ત્વનો સ્થૂળ દેહ મળીને રહે છે. ૮૦. માટે સૂક્ષ્મ દેહ પણ તે ચોવીશ તત્ત્વનું છે. સૂક્ષ્મ દેહમાં સ્થૂળ દેહ રહે છે તેથી જ્યારે સૂક્ષ્મ દેહે કરીને પુરુષ સ્ત્રીનો સંગ કરે છે ત્યારે તેના સ્થૂળ દેહમાં વીર્યપાત થઈ જાય છે. ૮૧-૮૨. માટે સ્થૂળ દેહ અને સૂક્ષ્મ દેહની જાગ્રત અવસ્થા અને સ્વપ્ન અવસ્થાને વિષે એકતા છે, તેમ દેખાય છે."

પછી મુનિએ પ્રશ્ન કર્યો કે, "હે મહારાજ ! જે રીતે આ સ્થૂળ દેહ રહ્યો છે તે રીતે જ સૂક્ષ્મ દેહ પણ થયો. તેમાં કાંઈ ફરક રહ્યો નહિ. તો સ્થૂળ દેહમાં જેમ કર્મ લાગે છે તેમ જ સૂક્ષ્મ દેહમાં પણ કર્મ લાગે કે નહિ ? તેમાં ફરક કેટલો છે ? તે આપ સમજાવીને કહો." ૮૩-૮૬. પછી પૂર્ણમનોરથ અને પૂર્ણકામ તથા ભક્તજનોનું હિત કરવા માટે જ પ્રગટ થયેલા એવા ઘનશ્યામ શ્રીહરિ તત્કાળ બોલ્યા જે, ૮૭. "સ્થૂળ દેહમાં જેવી દૃઢ પોતાપણાની માનીનતા(માન્યતા) છે તેવી જ જો સૂક્ષ્મ દેહમાં પણ દૃઢ માન્યતા હોય, તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મ દેહમાં પણ કર્મ લાગે. ૮૮-૮૯. અને જે સૂક્ષ્મ દેહના કર્મને અલ્પ કહ્યા છે તે તો જીવને હિંમત આપવા માટે કહ્યા છે, તે વાત ચોક્કસ છે. ૯૦.

चोपाई :

अरु जिनकु स्थुल देह तिनके, तथा सूक्ष्म देह रहे इनके;
विषे निज अभिमान जोड ताकू, छोड दिने जेता हि वाकू...९१
स्थूल देह के कर्म जो ताही, लगत नहीं जेसी रीत रहाही;
सूक्ष्म देह ताके जो तेसे, लगत न कर्म रहायेउ एसे...९२

અને જેણે સ્થૂળ દેહને વિષે તથા સૂક્ષ્મ દેહને વિષે પોતાપણાનું અભિમાન છોડી દીધું હોય તેને સ્થૂળ દેહનાં કર્મ જે રીતે લાગતાં નથી તે રીતે જ સૂક્ષ્મ દેહનાં કર્મ પણ લાગતાં નથી. ૯૧-૯૨. **કેમ જે, એ તો કેવળ દૃઢપણે આત્મસત્તારૂપે જ વર્તે છે. માટે અમે કહ્યું એવી રીતનો જે આત્મજ્ઞાની હોય તેને તો સ્થૂળ દેહ સંબંધી કોઈ પણ પ્રકારનું કર્મ લગાર પણ લાગતું નથી, તેમ જ સૂક્ષ્મ દેહ સંબંધી કર્મ પણ લેશમાત્ર લાગતું નથી.** ૯૩-૯૪. તોપણ તે આ દેહે કરીને ક્યારેય કોઈ અશુભ કર્મ જાણીને તો કરે જ નહિ અને પ્રારબ્ધ કર્મને અનુસારે જે સુખ-દુઃખ આવે તેને તો ભોગવે, પણ ભોગવતા છતાંએ એમ માને કે, 'હું આ સુખ-દુઃખનો ભોક્તા નથી. હું તો શુદ્ધ આત્મા છું.' ૯૫-૯૬. અને જે અજ્ઞાની તથા દેહાભિમાની હોય તેને તો સ્થૂળ દેહ સંબંધી અને સૂક્ષ્મ દેહ સંબંધી સર્વ કર્મ લાગે છે. અને તે કર્મને અનુસારે તે અજ્ઞાની સુખ-દુઃખને પણ વારંવાર ભોગવતો રહે છે. ૯૭-૯૮.

❋ સત્સંગી અને કુસંગીને અંતસમયે થતા અનુભવો :

કેમ જે, જે અજ્ઞાની છે તે જે જે વિષયને ભોગવે તે ભોગવતો થકો દેહરૂપે વર્તે છે અને એમ માને છે કે, 'હું આ વિષયનો ભોક્તા છું.' પછી જ્યારે તેનો અંતસમય સમીપ આવે છે ત્યારે જેટલા અજ્ઞાની જીવ છે તેને જમદૂત દેખાય છે અને દેહની વિસ્મૃતિ થઈ જાય છે તથા મૂર્છા અવસ્થા આવે છે. ૯૯-૧૦૧. પછી તે જમદૂતો દેહને મૂકાવીને જીવને દેહથી જુદો કરે છે. ત્યારે એ જીવને પ્રેતનો દેહ બંધાય છે અને જમદૂત તે દેહે કરીને જીવને જમપુરીનાં અપાર કષ્ટ ભોગવાવે છે. આવી રીતે જેટલા અજ્ઞાની જીવો છે તે ચોક્કસ અપાર દુઃખ ભોગવે છે. ૧૦૨-૧૦૩.

छंद परधरी :

अरु जेही ज्ञानी जितने जेह, भगवान हुके भक्त हि तेह;
अंत हि काल भगवान जेहि, भगवानहु के संत हि तेहि...१०४
देखात रहे अगणित जेउ, अरु याकु पण देह की तेउ;
विस्मृति होय जात हि रहेउ, मूर्छा अवस्था आवत रयेउ...१०५
पिछे हि छोरत तन कु तेहु, जुदे होत तन यह जेहु;
भक्त कु तब भगवान जाहि, भागवती तन देत रहाहि...१०६

અને જેટલા જ્ઞાની ભગવાનના ભક્ત છે તેને અંતકાળે ભગવાન અને ભગવાનના અગણિત સંત દેખાય છે અને તેને પણ પોતાના દેહની વિસ્મૃતિ થઈ જાય છે અને મૂર્છા અવસ્થા આવે છે. પછી એ શરીરને છોડે છે અને શરીરથી જુદો થાય છે ત્યારે એ ભક્તને ભગવાન ભાગવતી તનુ આપે છે. ૧૦૪-૧૦૬. **તે ભાગવતી તનુ દિવ્ય છે અને તે દિવ્ય દેહે કરીને ભગવાનના દિવ્ય ધામમાં રહે છે. ૧૦૭.** તે દિવ્ય ધામમાં જેટલા દિવ્ય ભોગ રહ્યા છે તેને ભગવાનના ધામને પામનારો ભક્ત પામે છે." ૧૦૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું ચૌદમું વચનામૃત કહ્યું" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૨૯

સારંગપુરનું પંદરમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ ચોથને દિવસે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને બધાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને તે વખતે પોતાના મુખારવિંદની આગળ બધા સંતો બેઠા હતા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. માનો, કમળનું વન ખીલ્યું હોય તેવી સભા શોભતી હતી. ૩-૪.

❋ મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા ગોપીઓનાં લક્ષણો :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે એક પ્રશ્ન પૂછીએ છીએ. તમે સહુ મુનિ સાંભળો. ૫. બે પ્રકારના ભગવાનના ભક્ત છે. તેમાં એકને તો ભગવાનને વિષે અપાર પ્રીતિ છે. ૬. અને ભગવાનનાં દર્શન વિના એક ક્ષણમાત્ર પણ રહેવાતું નથી. અને તેનો પ્રેમ બહાર પણ વારંવાર ઘણો દેખ્યામાં આવે છે. ૭. અને બીજો જે ભગવાનનો ભક્ત છે તેને તો યથાર્થ આત્મનિષ્ઠા પણ છે. ૮. તથા તેને વૈરાગ્ય પણ પરિપૂર્ણ છે. અને હૃદયને વિષે ભગવાનમાં પ્રીતિ પણ છે, તોપણ તેનો પ્રેમ પ્રથમ કહેલા ભક્તના જેવો બહાર પ્રગટ જણાતો નથી. અને પહેલા કહ્યો જે ભક્ત તેને તો આત્મનિષ્ઠા નથી અને વૈરાગ્ય પણ દેખાતો નથી. તોપણ તે ભક્તની ભક્તિ અતિશય શોભે છે. અને તેના પ્રેમનો પાર પણ જણાતો નથી. અને આત્મનિષ્ઠા અને વૈરાગ્યવાળો જે ભક્ત છે તે ઘણો સમજણો છે તોપણ તેની ભક્તિ પ્રથમ કહેલા પ્રેમી ભક્ત જેવી શોભતી નથી. તો બંને પ્રકારના ભક્તમાં કોની ભક્તિ શ્રેષ્ઠ છે ? ૯-૧૨. અને કોની ભક્તિ કનિષ્ઠ છે ? એ પ્રશ્ન છે."

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા જે, ૧૩. "જેને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય નથી તોપણ ભગવાનમાં અતિશય પ્રેમ છે તે જ ભક્ત સરસ છે. મને જેવું દેખ્યામાં આવે છે તેવું કહ્યું. હવે આપને જે ભક્ત સરસ જણાતો હોય તેને આપ કહો." ૧૪-૧૫. પછી શ્રીજીમહારાજ જે બોલ્યા તેને હું કહું છું. તે સહુ સંતોનો સમાજ સાંભળતો હતો. આ રીતે નિત્ય આનંદરસ

વરસતો હતો. ૧૬. શ્રીહરિ બોલ્યા, "આત્મનિષ્ઠા અને વૈરાગ્ય વગરના પ્રેમી ભક્તને તમે શ્રેષ્ઠ કહો છો, તે કેવી સમજણને લઈને કહો છો ? ૧૭. કારણ કે, એ તો દેહાભિમાની છે. માટે તેને જ્યારે દેહનું સુખ પ્રાપ્ત થાશે અને પંચવિષયના સુખનો મનમાન્યો યોગ થાશે ત્યારે તે વિષયમાં જરૂર પ્રીતિ કરશે, અને પછી ભગવાનમાં તેવી પ્રીતિ રહેશે નહિ; તે અમે ખોટું કહેતા નથી. ૧૮-૧૯. તેથી તે ભક્તને તમે જે શ્રેષ્ઠ કહો છો, તે વાત અમને મનાતી નથી."

પછી પરમ ચતુર સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા જે, ૨૦. "જેને વિષયમાં પ્રીતિ થઈ જાય તેને અમે પ્રેમી કહેતા નથી. અમે તો ગોપીઓ જેવા જે પ્રેમી ભક્ત હોય તેને પ્રેમી કહીએ છીએ." ૨૦-૨૧. પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "ગોપીઓ કાંઈ ભોળી ન હતી. તેની સમજણ તો ઘણી મહાન હતી. ૨૨. એ તો આત્મનિષ્ઠા અને વૈરાગ્યવાળાની સમજણના અભિમાનને ઉલ્લંઘી જાય તેવી તે ઘણી ડાહી હતી. ૨૩. શાસ્ત્રમાં તે ગોપીઓનાં જે વચન લખ્યાં છે તે વચને કરીને તેમની બુદ્ધિ ઘણી દેખાય છે. જેમ અરીસામાં મોઢું સ્પષ્ટ દેખાય તેમ તેના વચનમાં તેની બુદ્ધિ દેખાય છે. ૨૪. ગ્રંથમાં જેનાં જે જે વચન લખ્યાં હોય તે અરીસામાં જેમ નેત્રથી દેખાય છે તેમ દેખાય છે. ૨૫. **નેત્રથી જેમ દર્પણમાં દેખાય છે તેમ જેની જેવી બુદ્ધિ હોય તેને બુદ્ધિમાન તેના વચનો ઉપરથી ચોક્કસ દેખી લે છે. ૨૬.**

જેમ કોઈ રાજનીતિનો જાણનારો બોલે તેના જેવું તો ગોપીઓને બોલવામાં ડહાપણ હતું. તેમાં કોઈ જાતની કસર જણાતી નથી. અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણ્યા જોઈએ તેવા તે ગોપીઓ દૃઢપણે જાણતી હતી. વળી, સર્વે યાદવોમાં અતિશય ડાહ્યા અને ભગવાનની સભાના સલાહકાર એવા ઉદ્ધવજી ઘણા મોટા કહેવાતા હતા, પણ તેઓ ગોપીઓની આ સમજણ જોઈને ગદ્ગદ કંઠ થઈ ગયા. ૨૭-૩૦. પછી ઉદ્ધવજી વારંવાર એમ બોલ્યા કે, 'મને અતિ દયાળુ ભગવાને ગોપીઓની પાસે જ્ઞાન કહેવા મોકલ્યો તે મારા ઉપર અતિશય અનુગ્રહ કર્યો.' ૩૧-૩૨. અને પોતે ગોપીઓને ઉપદેશ કરવા ગયા હતા, તોપણ ગોપીઓના

વચનને સાંભળીને ઘણું રાજી થયા અને પોતે સામો ઉપદેશ ગ્રહણ કર્યો, પણ ઉપદેશ દેવાનો ગર્વ ન રહ્યો.

ત્યારે તમે કહેશો કે ગોપીઓ તો એવી કાંઈ બુદ્ધિમાન ન હતી. ૩૩-૩૪. તો એમાં તો મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એવા ત્રણ પ્રકારના ભેદ હતા. તેમાં મુગ્ધાનાં જે લક્ષણ છે તે હું કહું છું જે, ૩૫. એક તો ભગવાન પાસેથી અપાર સ્વાર્થ સિદ્ધ કરવાનો વિચાર રાખે, અને અંતરમાં અતિશય પ્રીતિ હોય તોપણ તે સ્વાર્થ સિદ્ધ કરવા માટે ઘણો ધોખો કરે. ૩૬. અને એમ બોલે જે, 'અમે તમારે માટે સેવા કરી કરીને મરી ગયા, તોપણ તમે થોડુંએ નજરમાં લાવતા નથી.' એમ કરતા પણ જો અધિક છંછેડાય તો ભગવાનની સાથે અપાર રીસ કરે અને તોછડાં તોછડાં વચન વારંવાર બોલે જે, જાણીએ હમણા વિમુખ થઈ જશે..! ૩૭-૩૯. શાસ્ત્રમાં આવી રીતનાં જેનાં વચન હોય તેવી ગોપીને મુગ્ધા કહેવાય છે. ૪૦.

હવે જે ગોપી મધ્યા હોય છે તેનાં લક્ષણ કહીએ છીએ. મધ્યા હોય તે તો કોઈ દિવસ ભગવાનની સામે કોઈ જગ્યાએ ક્રોધ ન કરે અને તોછડું વચન પણ મુખથી ક્યારેય બોલે નહિ. પણ ડહાપણે કરીને સરસ રીતે યુક્તિ યુક્તિએ પોતાનું સ્વાર્થીપણું બીજાને જણાવવા દે નહિ. અને પોતાનું કામ સાધે તે ભેળું ભગવાનનું ગમતું કરે, પણ એકલું ભગવાનનું ગમતું ન કરે. મધ્યાની આવી રીત છે તે કહ્યા સિવાય દેખાતી નથી. ૪૨-૪૪. અને ભગવાનનું ગમતું કરવું પડે તોપણ તેમાં કાંઈક પોતાનું ગમતું કરવાની યુક્તિ જરૂર રાખે. એવાં જેનાં શાસ્ત્રમાં વચન હોય તે ગોપીને આ મધ્યા ગોપી છે એમ જાણવું. ૪૫-૪૬.

चोपाई :

अरु गोपी जो प्रोढा रहाये, तेहि मन कर्म बचन हिताये;
केवल भगवान के गमतेहू, प्रमाण चलत हि नित्य रहेहू...४७
कोऊ रीत्य पोताके तिनही, स्वार्थ ताकेउ अर्थे इनही;
कबहु तेहि जुक्ति नहि करही, भगवान कु प्रसन्न करन मनही...४८
अरु जो जेहि रीत्ये भगवाना, प्रसन्न रहे ता पर हि ताना;
तेसी रीत्य पोते मन मांहीं, मगन रहे जीवत लग ताहीं...४९

अरु जो पोताकी बरोबरहू, दूजी गोपियु होवे कबहू;
ता पर इर्ष्या क्रोध न करीता, मान मत्सर आदिक को रीता...५०

અને જે પ્રૌઢા હોય તે તો મન, કર્મ અને વચને કરીને કેવળ ભગવાનનાં ગમતા પ્રમાણે જ નિત્ય ચાલે. ૪૭. કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે ક્યારેય યુક્તિ કરે નહિ અને કેવળ ભગવાનને રાજી કરવાનું જ મનમાં ઈચ્છે. ૪૮. અને જે રીતે ભગવાન પોતાના ઉપર પ્રસન્ન રહે તેવું જ તાન રાખે, અને તે રીતે પોતે જીવે ત્યાં સુધી અંતરથી રાજી રહે. ૪૯. અને પોતાની બરોબરની બીજી કોઈ ગોપીઓ હોય તે ઉપર ક્યારેય ઈર્ષ્યા, ક્રોધ કરે જ નહિ અને માન, મત્સર આદિક કોઈ રીતે ન રાખે. એમ સર્વે વિકારોનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં અધિકપણે સાવધાન રહે. ૫૦-૫૧. અને જેનાથી ભગવાન કુરાજી થાય એવું મન, કર્મ, વચને કરીને આચરણ કોઈ કાળે કરે નહિ. ૫૨. એવાં જેનાં શાસ્ત્રમાં વચન હોય એવી ગોપીને પ્રૌઢા કહી છે. ૫૩. એવી રીતે મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એવા ગોપીઓના ભેદ વર્તન ઉપરથી કહ્યા છે. ૫૪.

માટે પ્રૌઢા ગોપીઓની સમજણમાં તો અતિશય વિવેક હતો. તે માટે તેની પ્રીતિ અણસમજણની કહેવાય નહિ. ૫૫. ગોપીઓ તો ભગવાનના મહિમાને બધી રીતે યથાર્થપણે અપાર જાણતી હતી. ૫૬. **અને તે મહિમાના પ્રતાપે કરીને ગોપીઓમાં આત્મનિષ્ઠા અને વૈરાગ્ય સહજ રીતે જ વર્તતા હતા, તે કહી શકાતું નથી. ૫૭.** માટે આ ગોપીઓમાં આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ઈત્યાદિક અનંત કલ્યાણકારી ગુણ તે ભગવાનના માહાત્મ્યના પ્રતાપે કરીને અતિશય અને સંપૂર્ણપણે વર્તતા હતા. તેથી જ તે ગોપીઓ અધિક કહેવાય છે. ૫૮-૫૯.

હવે આવા ભક્તોની રીત જેવી છે તેવી જ અમે કહીએ છીએ જે, ‘શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ જે પંચવિષય કહેવાય છે તે ભગવાન સંબંધી જ રાત-દિવસ ઈચ્છે, પણ બીજા કોઈ સંબંધી ક્યારેય ઈચ્છે નહિ. ૬૦-૬૧. અને ભગવાનને વિષે એ પંચવિષયે કરીને જે અતિશય હેત રહે છે તે તો પ્રભુમાં રહેલી જે પ્રીતિ તેની અભિવૃદ્ધિ કરવાના સાધનરૂપે

રહે છે. ૬૨. તેથી તે હેતે કરીને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય, તોપણ ભગવાન વિના જગતનો બીજો કોઈ ઘાટ તેને થતો નથી. ૬૩. અને જેમ વરસાદ ન વરસ્યો હોય ત્યારે અનેક પ્રકારના ઘાસના જે બીજ તે બધા ભૂમિ ઉપર કાંઈ દેખ્યામાં આવતા નથી, પણ જ્યારે વરસાદ વરસે છે ત્યારે તે બધા તૃણ એટલા ઊગી નીકળે છે કે તેથી ભૂમિ પણ દેખાતી નથી. તેમ જે આત્મનિષ્ઠા અને વૈરાગ્યે રહિત પ્રેમી ભક્ત હોય તેને કદાચ ભગવાન સિવાયના બીજા કોઈ વિષયના ઘાટ ભલે જણાતા નથી, તોપણ જ્યારે તેને કુસંગનો યોગ થાશે ત્યારે વિષયના ઘાટ થવા લાગશે, અને તેની બુદ્ધિ જરૂર ભ્રષ્ટ થઈ જશે. ૬૪-૬૮. અને પરમેશ્વરની તો હૈયામાં સ્મૃતિ પણ નહિ રહે. અને અખંડ વિષયનું ધ્યાન થવા લાગશે અને વિષય ઉપર જ તાન રહેશે. ૬૯.

પછી એ જે વૈરાગ્ય અને આત્મનિષ્ઠા વિનાનો પ્રેમી ભક્ત છે તેને એમ ભાસશે કે, 'મારે ભગવાનમાં લેશમાત્ર પ્રીતિ નથી.' માટે તેવો ભક્ત ખોટો પ્રેમી કહેવાય છે. માટે આત્મનિષ્ઠા અને વૈરાગ્ય વગરનો જે પ્રેમી ભક્ત જણાતો હોય તે તો અતિશય ન્યૂન છે. છતાં એવા પ્રેમીની ભક્તિ બમણી દેખાય છે. અને જેને આત્મનિષ્ઠા અને વૈરાગ્ય પૂર્ણ હોય અને ભગવાનમાં પ્રીતિ પણ સાધારણ જેવી જ રહી હોય, તોપણ તે એમ જાણે છે જે, 'મારા જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન છે.' એમ જાણીને ઉપરથી તો તે લેશમાત્ર પણ પ્રેમી દેખાતો નથી. ૭૦-૭૪. અને ઉપરથી તો ભગવાનની મૂર્તિનાં દર્શન, સ્પર્શ આદિકને વિષે આતુરતા જેવું પણ કાંઈ જણાતું નથી અને શાંતપણાં જેવું દેખાય છે, તોપણ તેની પ્રીતિના મૂળ ઊંડા છે. ૭૫-૭૬. તેથી તેને કોઈક કુસંગના યોગે કરીને પણ ક્યારેય તેની પ્રીતિ ઓછી થાય તેવી નથી. ૭૭. માટે તે ભક્ત ઘણો શ્રેષ્ઠ છે, એકાંતિક છે અને ખરો પ્રેમી ભક્ત છે. ૭૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું પંદરમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૩૦

સારંગપુરનું સોળમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ પાંચમને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે વખતની શોભા અદ્‌ભુત છવાયેલી હતી. ૧-૨. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. કરુણાનિકેતન શ્રીહરિના મુખારવિંદની આગળ સર્વે સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩-૪.

❋ નરનારાયણ દેવનું તપ ભક્ત માટે છે :

પછી પરમાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "શ્રીમદ્‌ભાગવતમાં એમ કહ્યું છે કે, 'શ્રીનરનારાયણ ઋષિ બદરિકાશ્રમમાં રહીને ભરતખંડના બધા મનુષ્યોનાં કલ્યાણ માટે અને સુખ આપવાં માટે તપ કરે છે.' તો પછી ભરતખંડના બધા મનુષ્ય કલ્યાણને માર્ગે કેમ ચાલતા નથી ? તે અમારા મનમાં સંશય રહે છે." પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૫-૮. "આ તમારા પ્રશ્નનો ઉત્તર જે રીતે છે તે શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કંધને વિષે જ છે. તે વાત હું તમને કહું છું. ૯. **એ ભગવાન જે તપ કરે છે તે તો પોતાના ભક્તોને અર્થે કરે છે, પણ અભક્તના અર્થે નથી કરતા. જે ભક્તજન છે તે આવું સમજે છે.** ૧૦.

વળી, આ ભરતખંડને વિષે અતિશય દુર્લભ એવો જે મનુષ્યદેહ તેને જાણીને જે જન ભગવાનના શરણને પામે છે અને ભગવાનની ભક્તિ કરે છે, તેવા જનના અનુગ્રહને અર્થે તપસ્વીના જેવો છે વેષ જેનો એવા શ્રીનરનારાયણ ભગવાન અપાર કૃપા કરીને મોટું તપ કરે છે. વળી, પોતાને વિષે નિરંતર અધિકપણે વર્તતા એવા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ અને ઐશ્વર્ય એ આદિક જે ગુણો તેણે યુક્ત તપ કરતા થકા, એ ભગવાન જગતનો રાત્રિપ્રલય થાય ત્યાં સુધી બદરિકાશ્રમને વિષે રહીને મોટા ઋષિઓની આગળ અદ્‌ભુત જ્ઞાન કહેતા રહે છે. ૧૧-૧૭.

કેમ જે, જે ભક્ત દિવસે દિવસે તે ભગવાનનું જ્ઞાન સાંભળે છે તેને ભગવાનને વિષે અધિક અધિક ભાવ વધતો રહે છે. કારણ કે, જ્ઞાનમાં એવો રસ રહ્યો છે કે, પછી તેને ભગવાન જેવું બીજું કાંઈ દેખાતું નથી. ૧૮. અનંત બ્રહ્માંડના બધા સુખો અનિત્ય દેખાય આવે છે, તેનું જ નામ જ્ઞાન કહેવાય. તે સિવાયનું બીજું જે જ્ઞાન છે તે તો ઉત્પાત દેખાય છે. ૧૯. **રાત-દિવસ જ્ઞાનને કહેવા-સાંભળવા છતાં માયા અધિક બંધન કરતી હોય છતાં પણ પોતાને નિર્બંધ જ માનતા રહે, તો એનું જ નામ માયા કહેવાય છે. ૨૦.** માયાનું જેટલું બંધન છે તેને જ્ઞાન દેખાડી દે છે. યથાર્થ જ્ઞાન છે તે મોક્ષ અને બંધન જેવા છે તેવા જ દેખાડી દે છે. ૨૧.

અને આ ભરતખંડમાં જેટલા પોતાના ભક્તજનો છે તેમના જે ધર્મ, જ્ઞાનાદિક ગુણો તે અતિશય અલ્પ હોય, તોપણ તે ભગવાનના ગુણોથી યુક્ત એવા તપના પ્રતાપે કરીને થોડા કાળમાં જ પ્રસન્નતાપૂર્વક અતિશય વૃદ્ધિ પામે છે. પછી એવા ભક્તજનનાં હૃદયમાં ભગવાનની ઈચ્છાએ કરીને અક્ષરબ્રહ્મમય અપાર તેજ દેખાય છે અને તેને વિષે સાક્ષાત્ એવા જે જગદાધાર શ્રીકૃષ્ણ ભગવાન તેનાં દર્શન થાય છે. આવી રીતે તે ભગવાન પોતાના ભક્તના પાપોને ધૂએ છે. ૨૨-૨૬. આમ તે ભગવાનના તપે કરીને તે ભક્તોનું નિર્વિઘ્ન કલ્યાણ થાય છે, પણ જે ભગવાનના ભક્ત નથી તેનો મોક્ષ નથી થાતો. આવી રીતે એ પ્રશ્નનો ઉત્તર છે." તે સાંભળી બધા મુનિ રાજી થયા. ૨૭-૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું સોળમું વચનામૃત કહ્યું" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૧

સારંગપુરનું સત્તરમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ છઠને દિવસ સંધ્યા સમયે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

❋ સમજણના ભેદે મુક્તોમાં રહેતા ભેદોનું વર્ણન :

चोपाई :

पीछे श्रीमहाराज हि जेहा, बोलत भये मुनि प्रति तेहा;
भगवान ताके भक्त जेहू, भगवान के भजन करत तेहू...५
ताके जीव की दृष्टि हि जेऊ, जिमी जिमी भजन करत जो तेऊ;
तिमि तिमि सूक्ष्म होत हि रहाते, इनकु परमेश्वर जो कहाते...६
ताके परपणा हि जिस रीता, देखावत रहे तेसि रीता;
अरु भगवान के महिमा जेता, अधिक अधिक देखावत तेता...७
यह भक्त जो पोताकु जबही, देहरूप मानत रहे तबही;
भगवान कु जाग्रत जो तिनही, स्वप्न सुषुप्ति ताके इनही...८

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "ભગવાનનું ભજન કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ ભજન કરે તેમ તેમ અતિ સૂક્ષ્મ થતી જાય છે, અને તેમ તેમ તેને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે, અને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે. ૫-૭. અને જ્યારે એ ભક્ત પોતાને દેહરૂપ માનતો હોય ત્યારે ભગવાનને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના સાક્ષી જાણે, તેટલું તેને જ્ઞાન થાય છે. અને તે ભક્ત જયારે પોતાને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર માને ત્યારે ભગવાન પણ તેને તે થકી પર ભાસે છે. પછી જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થાતી જાય તેમ તેમ ભગવાનને પોતા થકી પર જાણતો જાય અને તેમનો મહિમા પણ અધિક અધિક સમજતો જાય છે. ૮-૧૧. પછી જેમ જેમ પોતાની વૃત્તિ હેતે કરીને ભગવાનમાં ઘણી ચોંટતી જાય છે તેમ તેમ તેની જે ઉપાસના તે સુધી દૃઢ થતી જાય છે.

ત્યાં દૃષ્ટાંત છે : જેમ સમુદ્રને વિષે કીડી પણ જઈને પાણી પીવે અને ચકલી પણ આવીને પાણી પીવે અને મનુષ્ય, પશુ, પક્ષી, ઘોડા, હાથી તથા મોટા મોટા મગરમચ્છ એ બધાં જ સમુદ્રનું પાણી પીને બળવાન થાય છે. ૧૨-૧૫. પણ તે સમુદ્ર લેશમાત્ર પણ ઓછો થાતો નથી. પણ જે જે જીવનું જેવું જેવું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રના મહિમાને અધિક જાણતો રહે છે. વળી, એક બીજું દૃષ્ટાંત કહું છું : ૧૬-૧૭. જેમ આકાશને વિષે મચ્છર ઊડે, ચકલી ઊડે, સમળી અને બાજ પણ ઊડે છે. અનળ પક્ષી તથા ગરુડ પણ ઊડે છે. તોપણ તે બધાને માટે આકાશ અપારનો અપાર રહે છે. પરંતુ જેની પાંખમાં જેટલું અધિક બળ હોય તેટલો તે આકાશના મહિમાને અધિક અધિક જાણે છે અને જેને જેટલું આકાશનું અધિકપણું સમજાય છે તે પોતાને વિષે તેટલું ન્યૂનપણું સમજતા જાય છે. તેમ મરીચિ આદિક પ્રજાપતિના જેવા જે અલ્પ ઉપાસનાવાળા ભગવાનના ભક્ત છે તે તો તેની તેવી સમજણે કરીને મચ્છર જેવા છે. ૧૮-૨૨.

અને બ્રહ્માદિકના જેવા જેટલા તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત છે તે તો તેની એવી સમજણે કરીને ચકલા જેવા કહેવાય. અને વિરાટપુરુષાદિકની પેઠે તેનાથી પણ અધિક ઉપાસનાવાળા જેટલા ભક્ત છે તે તો સમળા જેવા છે. ૨૩-૨૪. અને પ્રધાનપુરુષની પેઠે તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો બાજ પક્ષી જેવા છે. અને શુદ્ધ પ્રકૃતિપુરુષની સમાન તેથી અધિક ઉપાસનાવાળા ભક્ત તો અનળ પક્ષી જેવા બળિયા છે. ૨૫. અને અક્ષરધામમાં રહેનારા અક્ષરમુક્તના સમાન તેનાથી જે અધિક ઉપાસનાવાળા ભક્ત છે તે ગરુડ જેવા છે. અને તે સર્વે મુક્તો જેમ જેમ અધિક સામર્થ્યને પામ્યા તેમ તેમ ભગવાનનો મહિમા અધિક અધિક જાણતા ગયા છે. ૨૬-૨૮. અને જેમ જેમ વધારે વધારે સામર્થ્યને પામતા ગયા તેમ તેમ તે ભગવાનને વિષે સ્વામી-સેવકપણાનો ભાવ પણ અપાર અને અતિશય દૃઢ થતો ગયો છે.

અને જ્યારે ભજનનો કરનારો ભક્ત જીવરૂપે હતો ત્યારે એ જીવમાં આગિયાના જેવો પ્રકાશ હતો. પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતો રહ્યો તેમ તેમ જેટલું આવરણ હતું તે ટળતું ગયું અને દીવાના જેવો થયો. પછી

મશાલના જેવો થયો. પછી અગ્નિની જ્વાળા જેવો સામર્થ્યવાળો થયો. અને તે પછી દાવાનળ જેવાં સામર્થ્યવાળો થયો. ૨૯-૩૩. અને તે પછી વીજળી જેવો થયો. પછી ચંદ્રમા જેવો થયો અને તે પછી સૂર્ય જેવો થયો. અને તે પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો. ૩૪. અને તે પછી મહાતેજ જેવો થયો. પછી તો કોઈ અલ્પતા રહી નહિ, એવો અપરંપાર સમર્થ થયો. ૩૫.

આવી રીતે તેમનો પ્રકાશ વૃદ્ધિ પામતો ગયો અને સામર્થ્ય પણ વધતું રહ્યું અને સુખ પણ અતિશય વધારે અનુભવાવા લાગ્યું. ૩૬. (એમ જ સ્વામી-સેવકપણું પણ અતિ દૃઢ થતું ગયું.) એવી રીતે ખદ્યોતથી લઈને મહાતેજ પર્યંત આદ્યે, મધ્યે અને અંતે જે ભેદ કહ્યા તે બધા મુક્તના ભેદ કહ્યા છે. તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા અને ભગવાનના મહિમાને અધિક જાણતા ગયા તેમ તેમ તેના મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું." આટલું કહીને શ્રીહરિ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા. ૩૭-૪૦.

પછી ફળિયામાં રહેલી એક આંબલીના ઝાડની નીચે આવ્યા અને તેની ડાળી પકડીને ઊગમણે મુખારવિંદે ઊભા રહ્યા. અને પછી પોતે ચંદ્રમાને જોઈને ફરીથી બોલ્યા કે, "જેમ પૂનમના ચંદ્રમાનું મંડળ હોય તે આંહીંથી તો નાની થાળી જેવું દેખાય છે, પણ જેમ જેમ તેની સમીપમાં જાય તેમ તેમ તે કહી ન શકાય તેટલું વધારે મોટું દેખાય છે. પછી અતિશય ઢૂંકડો જાય ત્યારે તો દૃષ્ટિ પણ ન પહોંચી શકે એવું મોટું દેખાય છે. **તેમ જ્યારે માયારૂપી અંતરાયને ટાળીને જેમ જેમ ભગવાનનું સમીપપણું થતું જાય છે, તેમ તેમ ભગવાનની અતિશય મોટપ જણાય છે. પછી તે ભક્તને ભગવાનને વિષે દાસપણું પણ અતિશય દૃઢ થતું જાય છે. આવી આવી તો ઘણી વાતો છે."** ૪૧-૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું સત્તરમું વચનામૃત કહ્યું" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૨

સારંગપુરનું અઢારમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) ભાદરવા સુદિ આઠમને દિવસ આનંદકંદ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને તે વખતે મસ્તક ઉપર અનુપમ શ્વેત પાઘ બાંધી હતી. તેની શોભા અદ્‌ભુત બની હતી. અને ત્યારે શ્રીહરિ ઉત્તરાદું મુખારવિંદ રાખીને બેઠા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૫.

❋ સત્સંગમાં જે શ્રદ્ધાવાન છે તે મહાન બને છે :

चोपाई :

पीछे श्रीजीमहाराज हि जेही, बोलत भयेउ तब यह तेही;
श्रद्धावंत पुरुष जो होई, तिनकु साचे संत के सोई...६
संग मिले तेही संत के जाई, बचन यह ताके विषे ताई;
श्रद्धावान होवेउ जबही, याके हृदय के विशे तबही...७
स्वधर्म वैराग्य जो विवेका, ज्ञान भक्ति आदिक हि अनेका;
कल्याणकारी गुण जो जितना, प्रगट होई आवत हि तितना...८

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો તેનાં હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે અનેક કલ્યાણકારી ગુણ છે તે પ્રગટ થઈ આવે છે. ૬-૮. અને જો કુસંગ મળે અને તે કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો તેના વૈરાગ્ય, વિવેક આદિક જે ગુણ હોય તેનો નાશ થઈ જાય છે. ૯-૧૦.

જેમ ખાર ભૂમિ હોય તેમાં ગમે તેટલો વરસાદ પડે, પણ તેમાં તૃણાદિક ઊગતા ન હોય ૧૧. અને તે જ ખાર ભૂમિમાં જો પાણીના પૂરની રેલ આવે તો તેમાં રહેલો બધો ખાર ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે

ઠેકાણે કાંપ ચઢી જાય. પછી તે કાંપ ભેળાં વડ, પીપર આદિક વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. તેમ જેનાં હૃદયને વિષે પૂર્વે કહ્યા એવા જે સ્વધર્માદિક અપાર ગુણ તે દૃઢ હોય અને જગત સંબંધી વિષયસુખનો અંકુર લગાર પણ ક્યારેય ઊઠે એમ ન હોય, ૧૨-૧૬.

અને તેને જો કુસંગ થાય તો તેના હૃદયમાં કુસંગરૂપી પાણીના વેગે કરીને જગતની વાર્તારૂપી કાંપ આવીને ભરાઈ રહે. પછી તે કાંપમાં અપાર કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સરાદિક જે બીજ રહ્યા છે તે સર્વે ઊગીને મોટા મોટા વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેમણે કોઈ દિવસ કુસંગ કરવો નહિ. અને તે કુસંગનો દૂરથી જ ત્યાગ કરવો. અને કદાચ પોતામાં કોઈ ખરાબ સ્વભાવ હોય તો તે સંતના સમાગમે કરીને મનમાં સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે. ૧૧-૨૧. પણ મૂર્ખાઈ કરીને ગમે તેટલા બીજા ઉપાય કરે તોપણ તેના ખરાબ સ્વભાવ કોઈ દિવસ ટળે નહિ. ૨૨.

અને મૂરખ હોય તે જ્યારે મૂંઝાય ત્યારે કાં તો સૂઈ રહે, કાં તો રાત-દિવસ રડે, અને કાં તો કોઈક સાથે વઢે, ૨૩. અને કાં તો વારંવાર ઉપવાસ કરે. એ ચાર પ્રકારે કરીને મૂંઝવણ ટાળવાનો ઉપાય કરે. આમ કરતા જો અતિશય મૂંઝાય તો છેલ્લી બાકી તે નિશ્ચય મરે પણ ખરો. એવી રીતે મૂર્ખ માણસને શોક ટાળવાના ઉપાયો છે. ૨૪-૨૫. પણ એમ કરવાથી લગાર પણ દુઃખ મટે નહિ. કેમ જે, સમજણ વિના તો ખરાબ સ્વભાવો તલભાર પણ મટતા નથી. ૨૬.

અને જો સમજીને ટાળે તો દુઃખ અને સ્વભાવ બંને ટળી જાય છે. માટે જેને સમજણ હોય છે તે જ સુખી થાય છે અને સમજણ વિના તો કોટિ ઉપાય કરે તોપણ દુઃખ ટળતું નથી. કારણ કે સમજણમાં જ સર્વે સુખ રહ્યું છે. ૨૭-૨૮. અને જેમ અગ્નિની મોટી જ્વાળા હોય અને જો ઉપરથી પાણી વરસે તો તત્કાળ તે જ્વાળા ઓલાઈ જાય છે. ૨૯. વીજળીના અગ્નિનો તો થોડોક જ ઝબકારો થતો હોય પણ તે અગ્નિ મેઘની ઘટામાં રહે છે, તોપણ તે

ક્યારેય ઓલાતો નથી. તે જેવો હોય તેવો ને તેવો જ રહે છે. તેમ સમજ્યા વિના ગમે તેટલો વૈરાગ્ય હોય અથવા ભગવાનમાં પ્રીતિ હોય, વળી ગમે તેટલા ગુણ હોય, તોપણ અગ્નિની જ્વાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને સર્વે નાશ થઈ જાય છે. પછી તે ગુણોનો પાશ(અંશ) પણ રહેતો નથી. અને સમજીને જે વૈરાગ્ય અને પ્રીતિ હોય તે તો ગુણે કરીને વીજળીના અગ્નિ જેવા છે. તે થોડો હોય તોપણ ક્યારેય તેનો નાશ થાય નહિ.” ૩૦-૩૪.

* જે આંતરિક હિસાબ રાખે તેના સ્વભાવ ટળે :

પછી નિર્વિકારાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, “હે મહારાજ ! કોઈક પુરુષમાં કામ, ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે ? કે ન ટળે ?” પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, “જેમ બુદ્ધિમાન વણિક હોય તે જેટલો વેપાર કરે તેનું નામું લખી રાખે છે. ૩૫-૩૭. તેની પેઠે જે દિવસથી સત્સંગ થયો હોય તે દિવસથી જેણે પોતાનું નામું લખી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. તે એમ વિચારે જે, ‘જ્યારે મને સત્સંગ થયો ન હતો ત્યારે મારો આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી મારો આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.’ એમ વારંવાર વિચારે. ૩૮-૪૦. અને વર્ષોવર્ષ પોતાની સમજણનો જે વધારો થયો હોય અથવા તેમાં જેટલો ફેર રહ્યો હોય તેની તપાસ કરતો રહે, પણ મૂર્ખ વણિક જેમ નામું ક્યારેય ન લખે, તેની પેઠે ક્યારેય ન કરે. જે પોતાનું આંતરિક નામું લખે છે તે સત્સંગમાં વધતો રહે છે. ૪૧-૪૨. આવી રીતે સત્સંગ કરીને પ્રેમથી પોતાનો જો તપાસ કરતો રહે તો તેના જે જે ભૂંડા સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.” ૪૩.

* સત્પુરુષ સાથે સ્નેહની આવશ્યકતા :

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, “જ્યાં સુધી કુસંગ હોય ત્યાં સુધી તો ભૂંડા સ્વભાવ હોય જ, પણ સંતનો સમાગમ કરીને પછી પણ અંતરમાં મલિન સ્વભાવ આવી જાય છે તેનું શું કારણ છે ? તે અમને સમજ્યામાં આવતું નથી. માટે જેમ હોય તેમ કહો.” ૪૪-૪૫.

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, “જ્યારે બાળ અવસ્થા હોય ત્યારે કામ, ક્રોધ, લોભાદિક શત્રુ હોય નહિ તેથી ભગવાનમાં વિશેષ

પ્રીતિ હોય. પછી જ્યારે યુવા અવસ્થા આવે ત્યારે કામાદિક શત્રુનું બળ અધિક રહે છે અને દેહાભિમાન પણ વધે છે. પરંતુ તે જીવ તેનું ધ્યાન રાખતો હોતો નથી. ૪૬-૪૮. પછી તે જો જે સંતને વિશે કામાદિક શત્રુ ન હોય અને દેહાભિમાને રહિત હોય એવા સંતનો સમાગમ વિચારીને રાખે તો તે યુવા અવસ્થારૂપી સમુદ્રને તરી જાય છે. ૪૯-૫૦. અને જો આમ ન કરે તો કામાદિક શત્રુએ કરીને પરાભવ પામીને ભ્રષ્ટ થઈ જાય છે. ૫૧. અને જેની પ્રૌઢ અવસ્થા હોય છતાં તે સત્સંગ કરતા થકા પણ બગડી જાય છે તેનું કારણ હવે કહું છું, જે મોટા પુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ કલ્પે છે તે તે જાતના દોષ કલ્પના કરનારાના હૈયામાં આવીને નિવાસ કરે છે. અને જે મોટા પુરુષના ગુણનું નિત્ય ગ્રહણ કરે ૫૨-૫૪.

चोपाई :

अरु इमि यह समझत हि रहाते, बडे पुरुष जे जे स्वभाव रखाते;
तेते जीव के कल्याण हिता, निर्दोष इमि समझत हि नीता...५५
बडे पुरुष निर्दोष हि रहेऊ, जिमि आकाश अनल रहे तेऊ;
अरु मेरे कु जो दोष देखाये, मेरि हि कुमति करीके ताये...५६
इमि विचारीके वार हि वारा, सतपुरुष के गुण अपारा;
ग्रहण करत निरदोष हि जानी, अरु पोतामें अपराध मानी...५७
क्षमा करावत होई दिना, ताकी मति जितनी रहे मलिना;
मटी जावत शुद्ध होई जाते, गबडगंड विमुख गति पाते...५८

અને જે એમ સમજતો રહે જે, 'મોટા પુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને માટે છે.' આમ મોટા પુરુષને નિત્ય નિર્દોષ સમજે. ૫૫. અને મોટા પુરુષ તો આકાશ અને અગ્નિ જેવા નિર્દોષ છે. છતાં મને જે દોષ દેખાણો તે તો મારી કુમતિએ કરીને દેખાણો છે. ૫૬. એમ વારંવાર વિચાર કરીને સત્પુરુષને નિર્દોષ જાણીને તેનો અપાર ગુણ ગ્રહણ કરે અને પોતામાં અપરાધ માનીને દીન થઈને ક્ષમા કરાવતો રહે, તો તે પુરુષની જેટલી મલિન બુદ્ધિ હોય તે મટી જાય છે અને શુદ્ધ થઈ જાય છે. અને જે ગબરગંડ-મૂર્ખ હોય તે તો વિમુખની ગતિને પામે છે." ૫૭-૫૮.

પછી મહાનુભાવાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "રાજસી, તામસી અને સાત્ત્વિકી એ જે ત્રણ ગુણના સ્વભાવ તે સાધન કરતા થકા ટળે છે ? કે નથી ટળતા ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૫૯-૬૦. "એ સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે."

પછી વળી મહાનુભાવાનંદસ્વામી ફરી બોલ્યા કે, "દુર્વાસાદિક ઋષિ મુક્ત થયા છે તોપણ તામસી કેમ રહ્યા છે ? તે વાત સમજાવીને કહો." ૬૧-૬૨. પછી જેના મુખમાંથી અમૃત ઝરતું હતું એવા શ્રીજીમહારાજ મુનિઓના સમાજ પ્રત્યે બોલ્યા કે, ૬૩. "દુર્વાસા આદિકમાં જે તમોગુણ આદિક ગુણ વર્તે છે, તે તો પોતાને એ ગુણ રાખવા છે માટે જાણીને રાખ્યા છે. ૬૪. માટે તેમાં રહ્યા છે. અને તે એમ જાણે છે કે, 'જે કોઈ અવળો ચાલતો હોય તેને તત્કાળ શિક્ષા કરવા માટે આપણે તમોગુણ છે તે બહુ સારો છે.' એમ મનમાં ગુણ માનીને રાખ્યો છે. પણ પોતે તો સદાને માટે અમાપ નિર્દોષ છે. ૬૩-૬૬.

અને જ્યારે પોતામાં જે સ્વભાવ વર્તતો હોય તેનો જ્યારે અભાવ આવે જે, 'હું ભગવાનનો ભક્ત છું, તેથી મારામાં આવો ખરાબ સ્વભાવ જોઈએ નહિ.' એવી રીતે તે સ્વભાવને દોષરૂપ માની તથા શત્રુ જાણીને ત્યાગ કરે, અને ભગવાનના પ્રતાપને જાણે તો તેનો ખરાબ સ્વભાવ થોડો પણ રહેતો નથી. પરંતુ જેને ભગવાનના પ્રતાપને સમજવામાં કસર રહે છે તેનામાં તામસી ગુણ રહે છે." ૬૭-૬૯. આટલી વાત શ્રીહરિએ કરી ત્યારે સંતો કહી ન શકાય તેટલા રાજી થયા. અને આ દિવસોમાં રોજ રોજ અપાર આનંદ વર્તતો હતો અને જયજયકાર થતો હતો. ૭૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "સારંગપુરનું અઢારમું વચનામૃત કહ્યું" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૩

ચારણના છોકરા ઉપર રાજીપો અને બ્રહ્મમુનિની ભૂલ ઓળખાવી

શ્રીહરિએ તે અરસામાં એક દિવસ ચાર પ્રકારના પ્રલયની સર્વે વાર્તા કરી. ૧.જ્યારે સંતો આગળ વાત કરી ત્યારે બળોલ ગામનો એક અઢાર વરસનો ચારણનો છોકરો હરિભક્ત થયો હતો તે વ્યવહારે દુર્બળ હતો. તે શ્રીહરિનાં દર્શન કરવાં સારંગપુર આવ્યો હતો. ૨-૩. રોજકા ગામના ગજા ગઢવી નામે હરિભક્ત હતા. તે પણ સારંગપુરમાં શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં હતાં. તેઓ શ્રીહરિનાં દર્શન તથા કથા-વાર્તાનો લાભ લઈને જે જગ્યાએ ઊતર્યા હતા ત્યાં આવ્યા. તેમની સાથે પેલો ચારણનો છોકરો પણ આવીને ઊતર્યો હતો. તે ક્યાં ઉતર્યા હતા ? તો, શ્રીહરિ જે ઓરડામાં પોઢતા હતા તે ઓરડાની પાછળના ભાગમાં બાવા ખાચરનું ઘર હતું. અને તેના પુત્ર રામા ખાચર તે ઘરમાં પરિવારે સહિત રહેતા હતા. તેઓ સહુ હરિભક્ત હતા. ૪-૬. ગજા ગઢવી ત્યાં ઊતર્યા હતા. ત્યારે રોજ ચારણનો છોકરો શ્રીહરિએ જે વાત જેવી રીતે કરી હોય તે જેટલી યાદ રહી હોય તે રાતે જ્યારે ઉતારે જાય ત્યારે ગજા ગઢવીની આગળ કહેતો. અને ગજા ગઢવી તે શ્રીહરિની કહેલી વાતોને સાંભળીને તેનાં બહુ વખાણ કરતાં. ૭-૮.

શ્રીહરિ પોતાના ભવનમાં જ્યારે રાત દોઢ પહોર જાય ત્યારે પલંગ ઉપર આવીને પોઢતા. ૯. તે વખતે ચારણનો છોકરો શ્રીહરિએ જેટલી વાત કહી હોય તે ગજા ગઢવીની આગળ કહેતો અને શ્રીહરિ નિત્ય સૂતા સૂતા સાંભળતા રહેતા, અને સાંભળીને કહી ન શકાય એટલા બધા રાજી થતા. ૧૦. એક દિવસ સવારમાં શ્રીહરિએ જીવા ખાચરના ઓરડા આગળ સભા કરાવી. તેમાં સંતો અને હરિભક્તો સહુ આવીને બેઠા. ત્યારે ગજા ગઢવી પણ આવીને શ્રીહરિની સમીપે બેઠા. ત્યારે શ્રીહરિવરે તેમને કહ્યું, "રાતે રોજ શી વાત કરો છો ? ૧૧-૧૨. ચાર પ્રકારના પ્રલયની વાત અમે જે રીતે કરી હતી બરાબર તેમ જ તમે વાત કરતા હતા. તેને અમે સાંભળતા હતા. ૧૩. તે વાત કોણ કરતું હતું ? અમે તેને જોઈએ તો

ખરા ! કેમ જે, વાત સાંભળીને યાદ રાખ્યા પછી તેને જેમ હોય તેમ કહેવી તે ઘણી કઠણ છે." ૧૪.

પછી ગજા ગઢવીએ પોતાની પાછળ બેઠેલો તે છોકરો દેખાડ્યો. ત્યારે શ્રીહરિએ તેને માથે પાઘ બંધાવી. ૧૫. પછી તે છોકરાએ આવીને શ્રીહરિનાં ચરણકમળ પોતાની છાતીમાં લીધા. તે વ્યવહારે થોડો દુર્બળ હતો. એટલે શ્રીહરિએ તેને પાંચ રૂપિયા આપ્યા. ૧૬. (એવી રીતે શ્રીહરિએ તેના ઉપર રાજીપો વરસાવ્યો.)

એક દિવસ શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું, "આ વખતે તમે ગઢપુરમાં રહ્યા હતા. અને મુક્તાનંદસ્વામી પણ ત્યાં જ હતા. ૧૭. તમે મુક્તાનંદસ્વામીની સાથે અબોલા લીધા છે તેવી વાત અમને સાંભળવામાં આવી છે. તમે તો મુક્તાનંદસ્વામીને ગુરુના રૂપમાં માનો છો તે અમે જાણીએ છીએ. ૧૮. સત્સંગમાં તમારા બંને જેવા કોઈ મોટા નથી. તેમાં મુક્તાનંદસ્વામી તો સાંજે અને સવારે આવીને રોજ તમને પગે લાગે છે, પણ તમે બોલતા નથી. ગુરુમાં શું દોષ આવ્યો છે ? તમે કહો તો તે અમને ખબર પડે. ૧૯-૨૦. તમારી સમજણના જેવી બીજા કોઈની સમજણ નથી. તમે તો સમજણથી જ મોટા છો. (પૂર્વાશ્રમમાં પણ) મોટા મોટા જે રાજાઓ હતા તે પણ બધા તમને માનતા હતા. ૨૧. જ્યાં તમારી સરસ્વતી જાતી ત્યાં સોનાનાં ઘરેણાં અને વસ્ત્રના તો વરસાદ થતા હતા. તે સિવાય બીજી પણ કેટલીક વાત છે. ૨૨. ઠેકઠેકાણે કન્યા દેવાને માટે તમારી જ્ઞાતિના કેટલાય લોકો પાછળ ફરતા હતા.

પરંતુ સાંસારિક સુખથી આરંભીને બ્રહ્મા સુધીનાં જે સુખ છે તેનાં કરતાં સત્સંગનું સુખ અપાર છે; એવું જ્યારે તમને ચોક્કસ દેખાયું ત્યારે તમે સત્સંગ સિવાયના માન તથા અપમાનને દૃઢપણે નરકના સમાન દેખ્યા. ૨૩-૨૪. પિંડથી બ્રહ્માંડ સુધીના સુખને અત્યંત અસત્ય જાણીને તે બધા અલ્પ સુખોનો વિચાર કરીને તમે ત્યાગ કર્યો. ૨૫. આવા તમને પણ વિક્ષેપ થયો તે ઘણી આશ્ચર્યની વાત છે. તેનું શું કારણ છે ? તે અમને તો કાંઈ સમજાતું નથી." ૨૬.

તે સમયે ત્યાં બેઠેલા નિર્વિકારાનંદસ્વામી બોલ્યા, “વાસુદેવાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામીના લહિયા છે. ૨૭. તેમને જ્યારે બ્રહ્માનંદસ્વામીની સાથે બન્યું નહિ ત્યારે તે મનભંગ થઈ ગયા અને એકડમલ થવા ચાલી નીકળ્યા. ૨૮. તે વખતે મુક્તાનંદસ્વામીએ તેમને વાત કરી અને બ્રહ્માનંદસ્વામીના ગુણ દેખાડ્યા. જેમ જેમ ગુણ દેખાડ્યા તેમ તેમ તેને મનાયા નહિ. ૨૯. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, ‘તો પછી તમે ઉદાસી તજીને મારી પાસે રહો.’ પછી તે વાસુદેવાનંદસ્વામી મુક્તાનંદસ્વામીની પાસે રહ્યા. અને તે બાબતમાં બ્રહ્માનંદસ્વામીને ખોટું લાગ્યું છે. ૩૦. આટલી વાત હું જાણું છું. તે હે મહારાજ ! આપને મેં સંભળાવી.” ત્યારે શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે, ‘તમારા જેવા કોઈ સમજણા નથી. ૩૧. **જેમાં જેટલો સત્સંગ હોય તે તો કામ પડે દેખાઈ આવે છે. જીવુબા અને લાડુબા જેવા આ બ્રહ્માંડમાં કોઈ ભક્ત થયા નથી. ૩૨.** બીજા ગમે તેવા કોઈ મોટા હોય તોપણ તેને ભગવાન જેવા જાણતા નથી. તેમણે એક ભગવાનમાં જ પ્રીતિ રાખી છે અને બીજામાંથી પ્રીતિ તોડી નાખી છે. ૩૩.

चोपाई :

हमारे स्वभाव रहे एसा, भगवान बिन प्रित नहीं लेशा;
जिहाँ लग देखत एसे जिनकू, त्याग न करत तिहाँ लग तिनकू...३४
भक्त में भक्तपना हि एता, हम मानत हि रहाये तेता;
एसे भक्त के भक्त हम रहाता, छोडत न जीवत लग जाता...३५
भगवान में प्रीत रहे जिस रीता, ओर में प्रीति रहे तिस रीता;
अरधे भक्त हि रहेउ ताई, हम न टकत हे तिहाँ कदाई...३६

અમારો સ્વભાવ તો એવો છે કે, જેનામાં જ્યાં સુધી ભગવાન સિવાય બીજે લેશમાત્ર પણ પ્રીતિ ન દેખીએ ત્યાં સુધી અમે તેનો ત્યાગ કરતા નથી. કોઈ પણ ભક્તમાં ભક્તપણું આટલું જ છે એવું અમે માનીએ છીએ. અમે તો આવા ભક્તના પણ ભક્ત થઈ રહ્યા છીએ. અને તેનો જિંદગીભર ત્યાગ કરતા નથી. ૩૪-૩૫. ભગવાનમાં જેવો પ્રેમ હોય તેવો પ્રેમ બીજામાં પણ હોય તો તે અડધા ભક્ત કહેવાય છે. એવા અડધા ભક્તને ત્યાં અમે ક્યારેય

ટકતા નથી; ૩૬. એવો અમારો સ્વભાવ છે. તે ક્યારેય ફરતો નથી. અમે દોષને ઓળખીને ત્યાગ કરીએ છીએ અને જેટલા ગુણ હોય તેને ગ્રહણ કરીએ છીએ. ૩૭. ભગવાન સિવાય અન્ય પદાર્થમાં મન જઈને જેટલું ચોંટે છે તેટલો તે ભક્તમાં દોષ છે. અમે તેનો ત્યાગ કરીએ છીએ. ૩૮. હર કોઈ વાત માટે મુક્તાનંદસ્વામીના મનમાં ક્યારેય ક્ષોભ થયો નથી. તે અમે ઘણા દિવસથી દેખીએ છીએ. ૩૯. **ભગવાને જેટલા સાધુતાના ગુણો કહ્યા છે તે સાધુતાના સર્વે ગુણો મુક્તાનંદસ્વામીમાં સહેજે વર્તે છે."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "ચારણના છોકરા ઉપર રાજીપો અને બ્રહ્મમુનિની ભૂલ ઓળખાવી" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૪

બ્રહ્માનંદસ્વામીનો પસ્તાવો અને મુક્તાનંદસ્વામીએ સંતોના ગુણ કહ્યા

શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે, "આપણા સત્સંગમાં તમારા જેવા કોઈ મોટા દેખાતા નથી. ૧. **મોટામાં દોષ કહેવો તે તો ઘણી ગંભીર વાત છે. મુક્તાનંદસ્વામી જેવા મોટામાં દોષ જુએ છે તેની કાંઈ મોટાઈ રહેતી નથી. તે ખુવાર થઈ જાય છે.** ૨.

सोरठा : बडे जानत जाही, मान मेलीके नमात नहि;
नर्क हि पड रहे ताही, अरुचि वरतत जाही लग...३
जिहाँ लग अरुचि जेहु, वरतत हे बडे संतहु की;
एहि सम नर्क न केहु, बडेमें बडे यह नर्क रहेउ...४

જેને આપણે મોટા માનતા હોઈએ તેની આગળ માન મૂકીને જો નમાય નહિ અને જ્યાં સુધી તેમની અરુચિ રહે ત્યાં સુધી નરકમાં પડ્યા ગણાઈએ. **મોટા સંતને વિષે અરુચિ વર્તે એના સમાન કોઈ નરક નથી, એ મોટામાં મોટું નરક છે.** ૩-૪. જેટલા હરિભક્ત નામ ધરાવે છે તે બધા આવું સમજે છે. અને આવી સમજણ વિનાનો હરિભક્ત તો નામમાત્રનો

જ હરિભક્ત છે. ૫. હરિભક્ત કોઈ પદાર્થને માટે બીજા કોઈ હરિભક્તનો વિનાશ કરવાનું મનમાં ધારે તો તે તેટલો હરિભક્ત રહેતો નથી. ૬.

❋ સંતો-ભક્તોમાં સુહૃદભાવની આવશ્યકતા :

હરિભક્તોને પરસ્પર એકબીજાનું હિત કરવાનું જેટલું તાન રહેતું હોય તેટલું જ તે હરિભક્તનું ખરું લક્ષણ છે. અર્થાત્ જેટલું એવું તાન હોય એટલો હરિભક્ત કહેવાય. ૭. જે હરિભક્તને બીજા હરિભક્તોમાં જેટલું સુહૃદપણું રહે છે તેટલી તેની આ લોક અને પરલોકમાં ઘણી કીર્તિ વધે છે. ૮. સુહૃદભાવ વગરનો હરિભક્ત તો પાણી વગરના કૂવા જેવો છે. લોભમાં એવી રીતનો દુર્ગુણ રહ્યો છે કે તેને લીધે થોડુંએ સુહૃદપણું રાખી શકાતું નથી. ૯.

चोपाई :

संत सुहृद हि रखने हीता, लोभ हि ताके त्याग करीता;
लोभ त्याग रखत जिहाँ लगहू, संत पुरे रहत तिहाँ लगहू...१०
भगवान ताके संत जेसा, पद कोउ न रहायेउ तेसा;
बडे में बडे यह पद कहाते, इनसे बडे न कोउ रहाते...११

સંતો સુહૃદપણાને રાખવા માટે લોભનો ત્યાગ કરે છે. અને તે સંતો જ્યાં સુધી લોભનો ત્યાગ રાખે છે ત્યાં સુધી તે પૂરા સંત રહે છે. ૧૦. ભગવાનના સંતનાં જેવું કોઈ ઉત્તમ પદ રહ્યું નથી. સંતનું પદ મોટામાં મોટું કહેવાય છે. તેનાથી કોઈ પદ મોટું નથી. ૧૧. જેટલો વિવેક કહેવાય છે તે સર્વે તથા જેટલી ક્ષમા કહેવાય છે તે સર્વે, તેમજ અપાર સુહૃદપણું અને ઉદારપણું સદાય સંતમાં વર્તતું હોય છે. ૧૨. કડવું વેણ તથા કઠોરપણું, એ બેનો મહાભાગ્યશાળી સંતો ત્યાગ કરે છે અને જેમાં દોષ રહ્યો હોય એવા વસ્તુ કે વ્યક્તિની આસક્તિનો પણ ત્યાગ કરે છે." ૧૩.

પછી બ્રહ્માનંદસ્વામીએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, "આપ સાચી વાત કહો છો. આપ તો ઘણા મહાન સત્યસ્વરૂપ છો. ૧૪. એક તમારા સિવાય બીજા મુક્તો પણ જ્યારે મનુષ્યદેહ ધારે છે ત્યારે તેમને પણ ક્યારેક દેશકાળ લાગે છે. અમે તેવું કેટલાયની બાબતમાં સાંભળ્યું છે. ૧૫. પછી તે મુક્તો જ્યારે આપના અનુગ્રહ-પ્રતાપથી વિચાર કરે છે ત્યારે જેટલા દોષ

હોય તે બધા તેમને શત્રુ મનાય છે. ૧૬. તે મુક્તો જ્યાં સુધી આ બ્રહ્માંડમાં વિચરે છે ત્યાં સુધી જે જેટલા નિર્ભય થઈને-મનનો વિશ્વાસ કરીને વર્તે છે, તેટલા તેને દેશકાળના વિષમપણાએ કરીને ક્યારેક દોષો પરાભવ કરતા રહે છે. કેમ જે, આ લોક જ એવો છે. અમને તો આપ આપના અતિ પ્રતાપે કરીને સંતોના માર્ગમાં ચલાવો છો. તમે જ અમારાં નેત્ર છો, તમારા વિના અમે તો અંધ છીએ. ૧૭-૧૯.

ચાહે તેવા કોઈ મહાન હોય તોપણ સૂર્ય સિવાય અંધકારનો કોઈ નાશ કરી શકતા નથી. પરંતુ અજ્ઞાનરૂપી અંધારું છે તેને તો સૂર્ય પણ ક્યારેય ટાળી શકતો નથી. ૨૦. જે અજ્ઞાનનું અંધારું સૂર્યથી ટળતું નથી તેને આપ ટાળી દો છો. સૂર્યમાં જેટલો પ્રકાશ રહ્યો છે અને ચંદ્ર તથા તારામાં જેટલો પ્રકાશ દેખાય છે, તે સિવાય બીજામાં પણ જેમાં જેટલો પ્રતાપ દેખાય છે તે બધો આપનો જ પ્રતાપ રહ્યો છે. અમે એમ જાણીએ છીએ. ૨૧-૨૨. જેમ સૂર્ય વગર દુનિયામાં અંધારું છવાઈ જાય છે તેમ આપના વિના અજ્ઞાનનું અંધારું આવતું દેખાય છે. આપનો જેવો પ્રતાપ છે તેવો આપના ચરિત્રોમાં જણાય છે. જે સુમતિ કવિજનો છે તેમને આપના ચરિત્રો કહેવામાં ઘણો ઉત્સાહ રહે છે, અને જેટલું સુખ કહેવાય છે તે બધું ચરિત્રોમાં દેખતા રહે છે. ૨૩-૨૪. આપના ચરિત્રોમાં જેને જેવો પ્રતાપ દેખાય છે તેને કવિ વિવિધ રીતે લખે છે, પણ તેને દુર્બુદ્ધિ લોકો વખાણતા નથી. ૨૫.

મુક્તાનંદસ્વામીના સમાન બીજા કોઈને હું મહાન દેખતો નથી, પણ જ્યારે બીમારીથી મારો દેહ પડવાનો થયો ત્યારે હરિભક્ત બાઈઓએ મને પાંચ પાંચ વરસની આવરદા આપી હતી, અને તે કોઈની દોષરૂપ આવરદાએ કરીને હું મુક્તાનંદસ્વામીની સાથે બોલ્યો નથી. ૨૬-૨૭. હે હરિ ! હવે આપ જેમ કહો તેમ હું મુક્તાનંદસ્વામીની પ્રાર્થના કરું. કારણ કે સંતો તો જીવના સહુથી વધારે સાચા મિત્ર છે.” ૨૮.

પછી સહુ સંતો અને હરિભક્તો જે રીતે દેખે તે રીતે બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને પ્રાર્થના કરીને દંડવત્-પ્રણામ કર્યા. ત્યારે મુક્તાનંદસ્વામી ઊભા થઈને તેમને ભેટી પડ્યા અને કહ્યું કે, ‘તમે તો મોટા સંત છો. ૨૯.

આ બાબતમાં તમારો કોઈ દોષ નથી. લોભ આવે ત્યારે આવા પ્રકારનું જ થાય છે. આ તો લોભે પોતાનો જેવો પ્રતાપ હતો તે બતાવ્યો છે. ૩૦. જ્યારે જેને તક મળે ત્યારે તે અધર્મવંશનો દુર્ગુણ કોઈ નિમિત્ત લઈને પ્રવેશી જાય છે. પછી જે શત્રુ હોય છે તે મિત્ર થઈ જાય છે અને મિત્રને શત્રુરૂપ દેખાડે છે. ૩૧. અધર્મવંશમાં એવી કળા રહી છે કે જે દેખાતી નથી. તેટલા માટે તો શ્રીહરિ સભામાં વારંવાર પોકારીને ચેતવણી આપે છે. ૩૨. જે મુમુક્ષુ મોક્ષને માર્ગે ચાલતો હોય તેને અધર્મવંશ સમય ઉપર મિત્ર થઈ જાય છે. અને પછી ખરા મિત્રમાં પ્રત્યક્ષ દોષ દેખાડે છે. ૩૩.

❋ નિયમની મહત્તા :

માયિક પંચવિષયનો પાર ન પામી શકાય તેવો પ્રવાહ વહી રહ્યો છે. પરંતુ જ્યારે નિયમરૂપી સડક ઉપર ચાલે છે ત્યારે તે પ્રવાહમાં તણાતો નથી. ૩૪. સંતો, વર્ણી અને હરિભક્તોને માટે શ્રીહરિએ નિયમરૂપ સડક એવી અતિ દૃઢ બાંધી દીધી છે કે તેનો ક્યારેય નાશ થાય નહિ. ૩૫. વેદ અને પુરાણોમાં જેટલાં મોક્ષપરક વચન છે તે બધાનું જે સર્વશ્રેષ્ઠ તત્ત્વ-રહસ્ય રહ્યું છે તેની સ્વયં શ્રીહરિએ સડક બાંધી દીધી છે. ૩૬. **શ્રીહરિની આ નિયમરૂપ સડક ઉપર જે ચાલે છે તે ચાલનારો ચાહે તેવો અધમ હોય તોપણ તેનો મોક્ષ થાય છે. ૩૭.** ગણિકાના જેવી કોઈ અધમ કહેવાય નહિ. તે જેટલાં પાપ કહેવાય તે બધાં કરતી હતી. પણ જ્યારે તેણે પાપ છોડી દીધાં. અર્થાત્ નિયમ ધાર્યા તો તે પાપથી તરી ગઈ હતી. ૩૮. સંસારરૂપી સાગરમાં ડૂબતા લોકોને તારવા માટે સત્સંગરૂપી મજબૂત વહાણ છે. ૩૯. જ્યાં સુધી માણસ સત્સંગરૂપી વહાણમાં બેસતો નથી ત્યાં સુધી તે અતિશય દુ:ખને પામતો રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "બ્રહ્માનંદસ્વામીનો પસ્તાવો અને મુક્તાનંદસ્વામીએ સંતોના ગુણ કહ્યા" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૫

નિત્યમુનિની કથાની પ્રશંસા અને ત્રણ પ્રકારના પુરુષ કહ્યા

તે વખતે બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું કે, "તમે તો મારા ગુરુ છો અને હું તો આપનો બાળક છું. ૧. જ્યાં સુધી બાળબુદ્ધિ હોય છે ત્યાં સુધી તે ક્ષણે ક્ષણે અપરાધ કરતો રહે છે, પણ જે માતા-પિતા હોય છે તે બાળકના અપરાધને સહન કરે છે. સ્વામી, આપ તો મોટા સંત છો. એટલે માતા-પિતા કરતાં પણ અધિક સહન કરો છો, અને તેનાં કરતાં પણ અધિક હિત કરો છો. તેથી હું તમને અધિક કહું છું." ૨-૩.

સારંગપુરમાં સવારે અને સાંજે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી વગેરે સંતો શ્રીહરિની આગળ નિત્ય આવીને સરોદ તથા દોકડ લઈને વિવિધ પ્રકારે કીર્તનગાન કરતા હતા. તેમાં જ્ઞાનાનંદસ્વામી સિતાર લેતા, દેવાનંદસ્વામી તંબૂર લેતા, પ્રેમાનંદસ્વામી દોકડ લેતા અને મુક્તાનંદસ્વામી સરોદ લેતા હતા. પરમ નિપુણ તે બધા સંતો કીર્તનગાન કરતા હતા. ૪-૬. (જેમાં, ***'હેલી જોને આ નંદકુમાર, સલુણો શોભતા...'*** તથા ***'મેં તો સર્વે સંગાથે તોડી રે સુણ બેની...'*** તથા ***'મારે મોલે આજ્યોજી નંદકુમાર..'*** તથા ***'મોરે બાલમ મોરે બાલમ, હાજી મોરે બાલમ...'*** વગેરે પદો બોલતા.) સવારમાં આવીને ચાર ઘડી ગાન કરતા હતા અને સાંજ પડે ત્યારે ચાર ઘડી ગાન કરતા હતા. ૭.

રોજ એક પહોર પર્યંત શ્રીહરિ મનમાં જેવા શુભ વિચારો આવે તેવી વાતો કરતા હતા, અને એક પહોર રોજ ભાગવતની કથા કરાવતા હતા. ૮. શ્રીહરિ ઘણા ઉત્સાહ અને પ્રસન્નતાથી નિત્યાનંદસ્વામીની પાસે કથા વંચાવતા હતા. અને નિત્યાનંદસ્વામી પણ શ્રીહરિ જે રીતે રાજી થાય તે રીતે કથા કરતા હતા. જ્યારે સ્વામી કથા કરતા હતા ત્યારે માનો વ્યાસમુનિ આવીને બેઠા હોય તેમ જણાતું હતું. તે સમયે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિ પૂજા કરતા. પહેલા પોથીની પૂજા કરતા હતા. પછી ઘણા પ્રેમથી ફૂલના હાર લઈને સ્વામીને પહેરાવતા હતા. ૯-૧૧. જ્યારે સ્વામી આ કથા વાંચતા હતા ત્યારે અઠ્યાશી હજાર મુનિઓ અદૃશ્ય રીતે આવતા, અને શ્રીહરિનાં

દર્શન કરતાં હતાં. ૧૨. સૂત પુરાણી, વ્યાસ મુનિ અને શુકદેવજી વગેરે પણ શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવતાં હતાં. ૧૩. તે બધાને શ્રીહરિ દેખતા હતા અને દિવ્ય દૃષ્ટિવાળા સંતો તથા હરિભક્તો પણ દેખતા હતા. પણ બીજા લોકોને તેની કાંઈ ગમ પડતી નહિ. ૧૪.

બ્રહ્મા, ભવ, દેવરાજ ઈન્દ્ર, સર્વે દેવતાઓ, ધ્રુવ આદિક સમાજ તથા નક્ષત્ર ગણ, એ બધાં શ્રીહરિનાં દર્શન કરવાં માટે પૂજા લઈને આવતાં અને એકાગ્રચિત્ત થઈને કથા સાંભળતા હતા. ૧૫-૧૬. નિત્યાનંદસ્વામી જે કથા કરતા હતા, તે માનો કોઈએ ક્યારેય સાંભળી જ ન હોય તેવી હતી. વ્યાસમુનિ તો ભાગવતના સાક્ષાત્ કર્તા હતા. ૧૭. અને શુકદેવજીએ પરીક્ષિતની આગળ પ્રેમથી કથા કરી હતી. અને તે કથાને સૂત પુરાણીએ પણ ઘણીવાર કરી હતી. ૧૮. જ્યારથી ભાગવત પુરાણની રચના થઈ ત્યારથી જ તે સૂત પુરાણી કથા કરતા હતા. અને અઠ્યાશી હજાર ઋષિઓ ભાગવતની રચના થઈ તે દિવસથી અતિ સ્નેહભાવે સાંભળતા હતા. તેમના જેવા કોઈ શ્રોતા નથી. ભવ અને બ્રહ્મા તો બુદ્ધિની સીમા જેવા અને ઘણા સમર્થ હતા. ૧૯-૨૦. પણ જ્યારે નિત્યાનંદસ્વામી કથા કરતા, તેને સાંભળીને બધા આશ્ચર્ય પામતા. તે મુનિ આવી કથા કરતા તે તો શ્રીહરિના પ્રતાપથી કરતા હતા. ૨૧.

✹ શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :

हरि के अवतार तेही कर जेहू, सर्वोपरि मानत रहे तेहू;
हरि करत रहे बात हि तिनमें, सर्वोपरि देख आवत इनमें...२२

हरि चरित्र करत भये जेता, सर्वोपरि देख आवत तेता;
संत वर्णि हरिजन के जेते, सर्वोपरि वरतन बाँधे तेते...२३

मुनि पद करत भये जितना, सर्वोपरि देख आवत तितना;
सत्संग सबंधी जितनी बाता, सर्वोपरि तेही देखेमें आता...२४

दोहा : तेहि कर सर्वोपर हि जो, श्रीहरि के अवतार;
देव मुनि सब कहत भये, निश्चे कर निरधार...२५

શ્રીહરિના અવતારને તેથી સહુ સર્વોપરિ માનતા હતા. શ્રીહરિ જે વાત કરતા હતા તેમાં સર્વોપરિપણું દેખાય આવતું હતું. ૨૨. શ્રીહરિ જેટલાં

ચરિત્ર કરતાં હતાં તે બધા સર્વોપરિ દેખાતા હતા. શ્રીહરિએ સંતો, વર્ણી અને હરિભક્તોની વર્તમાનરૂપી પ્રથા સર્વોપરિ બાંધી હતી. ૨૩. **સંતોએ જેટલાં શ્રીહરિ સંબંધી પદો કર્યા હતા તે પણ બધા સર્વોપરિ દેખાતા હતા. આમ, સત્સંગ સંબંધી જેટલી બાબતો હતી તે બધી સર્વોપરિ જ દેખાતી હતી. ૨૪. અને તેથી જ શ્રીજીમહારાજનો આ અવતાર સર્વોપરિ છે તેમ બધા દેવતાઓ અને મુનિઓ નિશ્ચિત નિર્ધાર કરીને કહેતા હતા. ૨૫.**

શ્રીહરિની જે કાંઈ પણ બાબત હતી તે સર્વોપરિ હોવાથી નિશ્ચયપૂર્વક સર્વોપરિ કહેવાતી હતી. ૨૬. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના પુરુષે કરીને ત્રણ પ્રકારની વાત વારંવાર વર્તતી હોય છે. ૨૭. તેમાં જ્યારે ઉત્તમ પુરુષ સમર્થપણે વર્તતા હોય અને એવો જ રાજા હોય તો તે નિંદિત વાતોનો ઉચ્છેદ કરે છે. ૨૮. તે ઉત્તમ પ્રકારના રાજાને જ્યારે ઉત્તમ પ્રકારના ગુરુ મળે છે ત્યારે શાસ્ત્રમાં રહેલી ત્રણ પ્રકારની વાતોનો સાર અને અસાર, બંને બતાવે છે. ૨૯. કેમ જે, સાર-અસારને જાણ્યા વિના જન્મ વૃથા થઈ જાય છે. મનુષ્ય જન્મનું એટલું જ ફળ છે કે સાર અને અસારરૂપ વાતને જાણવી. ૩૦. સારરૂપ વાતમાં અપાર કીર્તિ રહી છે. ચક્રવર્તી રાજા થવાથી અથવા ઈન્દ્રના સમાન દેવતા થવાથી પણ શું થયું ? ૩૧. બ્રહ્માના સમાન થાય તોપણ શું ? જ્યાં સુધી તે સાર ગ્રહણ કરતો નથી. જ્યાં સુધી સારરૂપ વાત ઓળખાતી નથી ત્યાં સુધી વેદ અને પુરાણોને ભણ્યો હોય તોપણ તે ન ભણ્યા બરાબર છે. ૩૨.

સારમાં સારરૂપ તો એક ભગવાન છે. જ્યાં સુધી જીવ તેમાં બંધાતો નથી ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી અને ક્યારેય તેની શુભ કીર્તિ પણ વધતી નથી. ૩૩. આ જે બ્રહ્માંડ કહેવાય છે તેને કોઈ સુવર્ણનું કરી દે, તોપણ જ્યાં સુધી તેની બુદ્ધિ સત્યસ્વરૂપ પરમેશ્વરમાં નથી લાગતી ત્યાં સુધી તેની ખરી કીર્તિ ક્યારેય વધતી નથી. ૩૪.

જેની સત્યમાં મતિ હોય તેને સત્પુરુષ જાણવા અને અસત્યમાં મતિ હોય તેને અસત્પુરુષ માનવા. ભગવાન સિવાય ચાહે તેવો હોય અને તે ગમે તેવા ચમત્કાર બતાવતો હોય, તોપણ જેની ભગવાનમાં મતિ હોય તેવા

સત્પુરુષ છે તે એવા અસત્પુરુષને ઓળખાવી દે છે. **મનુષ્યશરીરનું ફળ પણ એટલું જ છે કે ભગવાનના સ્વરૂપમાં પોતાની મતિ રાખવી.** ૩૫-૩૬. જેની મતિ ભગવાનના સ્વરૂપમાં નિષ્કપટભાવે રહેતી હોય તેને અંતર્યામી પરમેશ્વર જાણે છે. ૩૭. **નિષ્કપટ નિષ્કામ પુરુષ જ ઉત્તમ છે અને તે ભગવાનના ધામને પામે છે. ૩૮.** દેવલોકને પ્રાપ્ત કરવા માટે જે ભગવાનનું ભજન કરે છે અને અગણિત યજ્ઞાદિકને કરે છે તે મધ્યમ પુરુષ છે. ૩૯. મનુષ્ય લોકના સુખને અધિક મેળવવા માટે જે ભગવાનનું ભજન કરે છે તે કનિષ્ઠ પુરુષ કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "નિત્યમુનિની કથાની પ્રશંસા અને ત્રણ પ્રકારના પુરુષ કહ્યા" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૬

ભડકવાના દરબાર અભયસિંહે રાજાઓની વાત કહી

એક દિવસ સુખદાયક શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ પલંગ ઉપર બેઠા હતા. ૧. અને તે વખતે બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. સર્વ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેની અદ્‌ભુત શોભા થઈ હતી. ૨. જ્યારે સાંજ સમય થયો ત્યારે ભડકવા (હાલ ભૃગુપુર, તા.ચૂડા, જી. સુરેન્દ્રનગર) ગામના રાજા શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં. ૩. તેણે શ્રીહરિ આગળ ભેટમાં એક શ્રીફળ મૂક્યું અને પાંચ રૂપિયા મૂક્યા. શ્રીહરિને પગે લાગ્યા ત્યારે તેમને પોતાની નજીક બેસાડ્યા. ૪. અભયસિંહ તેમનું નામ હતું. તેણે સંતોને હાથ જોડીને પ્રણામ કર્યા અને જે કામ હતું તે શ્રીહરિને કહ્યું કે, ૫. 'આપનાં દર્શન કરવાં માટે ઘણા દિવસથી રટણા લાગી હતી. જેનાં દિલનો જેવો મનોરથ હોય તેને પરમેશ્વર તેવાં રૂપમાં જાણે છે. અને તે મનોરથને પૂર્ણ પણ કરે છે. તેથી જ તે પરમેશ્વર કહેવાય છે.'

❋ ભગવાનની કૃપાઓ :

ત્યારે શ્રીહરિ બોલ્યા, "ચાહે તેવું ભોજન હોય, પણ જ્યાં સુધી જમ્યા ન હોઈએ ત્યાં સુધી માત્ર ભોજનને દેખવાથી ભૂખ ટળતી નથી. પરમેશ્વરે અપાર કૃપા કરીને મનુષ્યનો અવતાર આપ્યો છે. ૬-૮. તેમાં ખાન, પાનની પણ કોઈ ખામી રાખતા નથી. પરમેશ્વર જેવા ઉપકાર કરે છે તેવા ઉપકાર બીજા કોઈથી લેશમાત્ર પણ થઈ શકતા નથી. ૯. એક પાણીના ટીપામાંથી હાથ-પગ રચે છે અને મનુષ્યથી મનુષ્યનું શરીર સર્જે છે, તેમાં કેટલું આશ્ચર્ય રચે છે ? ૧૦. જેટલી જાતના શબ્દ છે તે વિગતે સહિત બધા કાન દ્વારા સંભળાય છે. તેમાં કેટલાક તો પ્રિય અને અપ્રિય શબ્દ પણ હોય છે. તેનો ગણ્યે પાર આવતો નથી. ૧૧. આંખમાં એવા ગુણ મૂક્યા છે કે જેવું જે રૂપ હોય તેવું તે બરાબર દેખાય છે, તોપણ તેનાથી પરમેશ્વરનો ગુણ મનાતો નથી. ૧૨. જેવો ગંધ હોય તેને નાસિકા તેવા રૂપમાં સૂચવી દે છે. અને જીભ જેટલી જમવાની વસ્તુ હોય છે તેની બધી વિગત બતાવી દે છે. ૧૩. અને જેટલી પ્રકારનો સ્પર્શ હોય છે તે બધાને ત્વચા જણાવી દે છે. તે તેમની કૃપા કહેવાય છે. ૧૪.

જે કોઈ પણ વસ્તુ દેખાય કે સંભળાય, તે બાબતના સંકલ્પ મનથી થાય છે. અને બુદ્ધિથી તેનો ઠીક અઠીકનો નિશ્ચય કરાય છે. ૧૫. ચિત્ત જે ચિંતવન કરે છે તેને અહંકાર હિંમત આપે છે. પરંતુ તે સર્વેમાં જાણપણું એક જીવને લીધે જ છે. ૧૬.જીવને જેમ સુખ રહે તેમ શ્વાસ-ઉચ્છ્‌વાસ પરમેશ્વરે આપ્યા છે અને અંતર્યામી પરમેશ્વર સહુને નિયમમાં વર્તાવે છે. ૧૭. **પિંડ અને બ્રહ્માંડમાં જેટલું છે તે બધું પરમેશ્વરે રચી આપ્યું છે. જેને પરમ વિવેક હોય છે તેને પરમેશ્વરના નિયમન વિનાનું કાંઈ એક પણ દેખાતું નથી. ૧૮. પરમેશ્વર એવા મહાન સમર્થ છે એમ સમજીને જે પ્રાણીઓ એમનું ભજન કરતાં રહે છે તેમને તે પરમેશ્વરની માયા કોઈ જાતનું આવરણ કરતી નથી. ૧૯.** જ્યારે પરમેશ્વરને એવા સમર્થ જાણે ત્યારે પરમેશ્વર જેવી કૃપા કરે છે તે યથાર્થરૂપમાં જાણ્યામાં આવે છે. પરમેશ્વરને એવાં સમર્થ ન જાણે ત્યાં સુધી

તેમની કૃપા પણ યથાર્થ જણાતી નથી. જ્યાં સુધી આવા ભગવાનને શરણે જઈને તેમના દાસ નથી થતા ત્યાં સુધી તેના ઉપરથી જન્મ અને મૃત્યુનો નાશ થતો નથી."

ત્યારે તે રાજા અભયસિંહ હાથ જોડીને બોલ્યા કે, "મહારાજ ! અમારી બુદ્ધિ તો અતિશય થોડી છે. ૨૦-૨૧. જન્મ થયો તે દિવસથી આરંભીને આજ દિવસ સુધી જેટલા વિદ્વાન વિપ્રો મળ્યા છે તે બધા એમ કહે છે કે, ક્ષત્રિયો જેમ જેમ મૃગયા કરે છે તેમ તેમ તેનું તેજ ઘણું વધતું જાય છે. અને ત્રણ પ્રકારની સુરા તો ક્ષત્રિયને પીવા માટે જ રચાયેલી છે. ૨૨-૨૩. અગિયાર પ્રકારનું જે મદ્ય કહેવાય છે તે પણ ક્ષત્રિયને માટે જ કરેલું છે. જેટલા અતીતો અને ચારણ હોય છે તે બધા રાજદરબારને સેવનારા હોય છે. ૨૪. તેઓ રાત-દિવસ એવી વાતો કરતા હોય છે કે તેનું માન અધિક વધે. તેઓ એમ કહે છે કે, ક્ષત્રિયોમાં એવું તેજ રહ્યું છે કે તે તેજથી તેના બધા દોષ બળી જાય છે. ૨૫. જેમાં દોષ માનવામાં આવે છે તે દોષ લાગે છે અને જેમાં દોષ નથી માનતા તો તેનો દોષ લાગતો નથી. ૨૬. બ્રાહ્મણોની ચોરાશી કરીને જેટલી વાર જમાડે છે તેટલી વાર તેને લખચોરાશી ફરવું પડતું નથી. ૨૭.આવી રીતના અપાર શબ્દો તે લોકો એકધારા રાત-દિવસ કહેતા હોય છે. તેથી તેનો પાશ(લેપ) લાગે છે. ૨૮. જે દિવસથી આપ પ્રગટ થઈને આવ્યા છો તે દિવસથી પાપોમાં જે મોટા સરદાર પાપ હતા, તે ઓળખાવી દીધા છે. ૨૯. તે મોટા પાપોને કેટલાય મોભીઓ મિત્ર તરીકે માને છે, પણ તેને પાપના રૂપમાં જાણતા નથી. ૩૦.

દારુ-માંસ ખાવા-પીવા તે જ રાજાનો પરમ ધર્મ છે; એવું જેટલા પેટ ભરનારા હતા તેઓ રાજાને સમજાવીને તે ખાવા-પીવામાં લોભ દેખાડતા હતા, અને તે લોભમાં રાજાઓ લલચાતા હતા. ૩૧. રાજાને ત્યાં ન્યાય અને અન્યાયનો નિર્ણય કરવા માટે ખાસ હજૂરી-અધિકારી રહેતા હતા. કોઈ માણસ ચાહે તેવો અપરાધ કરીને આવ્યો હોય, ૩૨. તે ન્યાય કે અન્યાય માટે પ્રથમ હજૂરીને મળી લેતા અને તેને મનમાન્યું ધન આપતા. તેથી તે ચાહે તેવો અપરાધ કરીને આવ્યો હોય, તોપણ તેને ન્યાય કરી આપતા.

જે કોઈ અપરાધમાં ન આવ્યા હોય તે જ્યારે ધન આપે નહીં ત્યારે રાજાનો અન્યાયી એવો હજૂરી ૩૩-૩૪. તેને એમ કહે કે, 'આમાં વાંક તો તારો છે. માટે આ વખતે તું કેદ ભોગવ. વાંકનો દંડ જ્યારે ભરીશ ત્યારે તું કેદથી છૂટી શકીશ.' ૩૫. અને તે વખતે જે ધન આપે તે ક્યારેય કેદમાં પડે નહિ, પણ ગરીબ માણસ ધન ક્યાંથી લાવે ? પછી તેને તો કેદ ભોગવાવે છે. ૩૬. જેટલા અતિ નિર્દય રાજા હોય છે તે કેદીને ખાવાનું પણ આપે નહિ અને કેદીને ઘેરથી જે ખાવાનું આવે તે એક જ વાર ખાવા દે છે." ૩૭.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "જે અમારો સત્સંગ સ્વીકારે છે અને અમારા વચનને માને છે, તથા અમારા થઈને રહે છે તેને અમારા જેટલા સંતો અને વર્ણીઓ છે તે ધર્મની વાત શીખવાડે છે. અને ગામે ગામ ફરીને જેટલા દેશમાં અમારા હરિભક્તો રહ્યા છે તેની આગળ જઈને અમારા સંતો સત્સંગની વાત કરે છે. ૩૮-૪૦. સંતો, વર્ણી અને હરિભક્તોના વર્તનની જેવી વાત હોય છે તેવી સંતો કરે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "ભડકવાના દરબાર અભયસિંહે રાજાઓની વાત કહી" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૭

શ્રીહરિએ રાજા અભયસિંહની આગળ સંતો તથા વર્ણીના ધર્મ કહ્યા

પછી શ્રીહરિની આગળ ભડકવાના દરબારે કહ્યું કે, "સંતો, વર્ણી અને હરિભક્તોના વર્તનની વાત મેં ક્યારેય સાંભળી નથી. તો આપ તે વાતને સંભળાવો. સાંભળ્યા વિના તે કેવા પ્રકારની છે તે હું જાણતો નથી. ૧-૨. એકની એક વાત કહેવા કહેવામાં ઘણો ફરક હોય છે. માણસની એક જ જાત કહેવાય છે, પણ પરસ્પર કોઈની છબી એકસરખી મળતી નથી. ૩. જેની જેવી બુદ્ધિ હોય તે તેવી વાત કહે છે. અત્યારે આપના સમાન બીજું કોઈ નથી. સૂર્યના સમાન તો એક સૂર્ય જ છે."

ત્યારે શ્રીહરિએ તે દરબારની આગળ વાત કહી કે, "અમારા સંતો, વર્ણી અને જે હરિભક્તો છે તે બીજા મનુષ્યના સમાન નથી. ૪-૫. કેવળ તમને મનાવવા માટે અમે આ વાત કરતા નથી. આ લોક અને પરલોકમાં જેને સુખનો લોભ હોય તેને જ અમારો સત્સંગ અમૃતના સમાન રુચે છે. માટે જેટલી સત્ય વાત જણાતી હોય તેને જરૂર ગ્રહણ કરવી. ૬-૭. અને જેટલી મિથ્યા વાત કહેવાતી હોય તેનો ત્યાગ કરવો, તેનું જ નામ સત્સંગ કહેવાય છે. હવે અમે સાચા સંતની રીત કહીએ છીએ. ૮.

અમારા સંતો આઠ પ્રકારે સ્ત્રીઓનો નિશ્ચિતરૂપમાં ત્યાગ રાખે છે. અને જેટલી કાંઈ સ્ત્રી છે તેની સાથે ક્યારેય બોલતા નથી. ૯. તે બુદ્ધિમાન સંતો સ્ત્રીની સન્મુખ બેસતા નથી, તેની વાત પણ કરતા નથી અને સ્ત્રીની વાતને સાંભળતા પણ નથી. જ્યાં સ્ત્રીઓનો પગફેર હોય ત્યાં સંતો સ્નાનાદિક ક્રિયા કરતા નથી. દેવતાની પ્રતિમા સિવાય ચિત્ર, કાષ્ઠ ઈત્યાદિકની કોઈ સ્ત્રીનો સ્પર્શ કરતા નથી અને ક્યારેય તેને જોતા નથી. અને સ્ત્રીની પ્રતિમાને ક્યારેય પોતે બનાવતા પણ નથી. ૧૦-૧૨. સ્ત્રી પોતાનાં શરીર ઉપર જે વસ્ત્રને ધારી રહી હોય તેને ક્યારેય અડતા નથી. તેમજ મૈથુનયુક્ત પશુ, પક્ષી ઈત્યાદિકને ક્યારેય જોતા નથી. ૧૩. વળી સ્ત્રીનો વેષ ધારી રહેલો જે પુરુષ તેની સાથે બોલતા નથી, તેને અડતા કે જોતા પણ નથી. અને સ્ત્રીને ઉદ્દેશીને કથા, વાર્તા, ઉપદેશ કે ભગવાનનાં કીર્તન આદિકને કરતા નથી. ૧૪.

આવા સંતો પોતાના પ્રાણ જાય, તોપણ બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ કરતા નથી. વળી, તેઓ નિર્માની થઈને ધીરજ અને સંતોષેયુક્ત વર્તે છે. ૧૫. કદાચ કોઈ સ્ત્રી બળાત્કારે પોતાની પાસે આવી રહી હોય તો તેનો તિરસ્કાર કરીને પણ પોતાના ધર્મની રક્ષા કરવા માટે તેને રોકી રાખે છે. ૧૬. કદાચ કોઈ સ્ત્રીનો કે પોતાનો પ્રાણ જાય તેવો આપત્કાળ આવી પડે ત્યારે તે સ્ત્રીના અને પોતાના પ્રાણની રક્ષા કરવા માટે તે સ્ત્રીને અડે કે બોલે છે. વળી, પોતાના શરીરને સારું દેખાડવા માટે અંગ ઉપર તેલ ચોળતા નથી. ૧૭-૧૮. તે ક્યારેય આયુધ ધારતા નથી, ભયંકર વેષ ક્યારેય ધારણ કરતા નથી અને રસના ઈન્દ્રિયને હંમેશાં નિયમમાં રાખે છે. ૧૯.

જે વિપ્રના ઘરમાં ભોજન પીરસનારી સ્ત્રી હોય તો તે ઘરમાં સંતો અને વર્ણી જમવા માટે ક્યારેય જાતા નથી. ૨૦. અને જે વિપ્રના ઘરમાં બ્રાહ્મણ પુરુષ ભોજન પીરસનારો હોય તો તે ઘેર જ અમારા સંતો અને વર્ણી જમવાને માટે જાય છે. ૨૧. સંતો સ્ત્રૈણ પુરુષનો પણ સ્ત્રીની જેમ જ ત્યાગ રાખે છે. અને જે વર્ણી હોય તે વેદ અને શાસ્ત્રને હંમેશાં યોગ્ય રૂપમાં ભણે છે. ૨૨. અને જાતિએ કરીને જે બ્રાહ્મણ તથા વર્ણી કહેવાતા હોય તે ક્યારેય ચર્મવારી પીતા નથી. તથા ડુંગળી, લસણ ઈત્યાદિક કોઈ પણ અભક્ષ્ય નઠારી વસ્તુમાત્રને ખાતા નથી. ૨૩. અને સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ વગેરે તેના ધર્મમાં કહ્યા પ્રમાણે કરતા રહે છે. તેમજ વિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ ઈત્યાદિકને યથાશક્તિ કર્યા સિવાય જમતા નથી. અને જે વર્ણી છે તે પોતાની બધી ઈન્દ્રિયોને જીતે છે તથા રસના ઈન્દ્રિયને તો વિશેષપણે કરીને જીતે છે. ૨૪-૨૫. પોતે દ્રવ્યનો સંગ્રહ કરતા નથી અને કોઈની પાસે કરાવતા નથી. અને કોઈની થાપણ રાખતા નથી તેમજ ધીરજનો ત્યાગ કરતા નથી. ૨૬. ત્યાગી પોતાની કબ્જાબંધ જગ્યામાં સ્ત્રીનો પ્રવેશ ક્યારેય કરાવતા નથી. તેઓ આ રીતે સ્ત્રીનો ત્યાગ રાખે છે. ૨૭. જે સંતો અને વર્ણી કહેવાય છે તે આવશ્યક કામ વિના રાત્રિએ સંઘ સોબત વિના ચાલતા નથી, અને એકલા કોઈ દિવસ ચાલતા નથી. ૨૮.

અમારા સંતો અને વર્ણી મહામૂલ્યવાન, ચિત્ર વિચિત્ર રંગવાળું કે કુસુંબી આદિ રંગથી રંગેલું વસ્ત્ર કદાચ બીજાની ઈચ્છાથી પ્રાપ્ત થયું હોય, તોપણ તેને ક્યારેય અંગ ઉપર ધારણ કરતા નથી. અમારા વર્ણી અનુકૂળ આવે એવી એક રંગની ટોપી રાખે છે કે જેમાં સોનાના તાર ન હોય. વળી, વર્ણી એક જોડી પીતાંબર રાખે છે અને સફેદ ધોતિયું પહેરે છે તથા પાણી પીવાનો લોટો રાખે છે. ૨૯-૩૧. વર્ણી પાણી પીવા માટેનું તૂંબડું ક્યારેય રાખતા નથી. અને આપત્કાળમાં જો રાખે તો રંગ્યા વિનાનું રાખે છે. સંતો અને વર્ણીમાં આટલો ભેદ કહેવાય છે. ૩૨. ભિક્ષા અને સભાના પ્રસંગ સિવાય તેઓ કોઈ ગૃહસ્થને ઘેર જાતા નથી. અને ભગવાનની ભક્તિ સિવાય ક્યારેય વ્યર્થ કાળ ખોતા નથી. ૩૩.

જે ગૃહસ્થને ઘેર સ્ત્રીનો દર્શનાદિક પ્રસંગ ન બને તેમ હોય અને અન્ન પીરસનાર વિપ્ર પુરુષ હોય, તો તે ઘેર સંતો જમવા જાય છે. ૩૪. અને તેવું ગૃહસ્થનું ઘર ન હોય તો ત્યાગી તેને ઘેર જાતા નથી. અને પોતાના સ્થાન ઉપર જ કાચું અન્ન રાંધીને ભગવાનને નૈવેદ્ય ધરાવે છે. ૩૫. અને પછી પ્રસાદીના અન્નને સંતો જમે છે. અને ઋષભદેવના પુત્ર ભરતજી જે જડભરત થયા હતા તેની પેઠે નિર્માનીપણે વર્તે છે. ૩૬. વર્ણી અને સહુ સંતો પ્રયત્નપૂર્વક તાંબૂલ અને અફીણ ઇત્યાદિકનો ત્યાગ રાખે છે. ૩૭. અને તમાકુ જેવી વસ્તુનો પણ ત્યાગ રાખે છે અને ભગવાન સિવાય કોઈ પદાર્થમાં રાગ રાખતા નથી. ૩૮. ગર્ભાધાનાદિક સંસ્કાર અને એકાદશાહ તથા દ્વાદશાહ આદિ પ્રેત શ્રાદ્ધના અન્નને જમતા નથી. ૩૯. રોગાદિક આવશ્યકતા વિના દિવસે સૂતા નથી. અને ક્યારેય જાણી જોઈને ગ્રામ્યવાર્તા કરતા-સાંભળતા નથી. ૪૦. અને રોગાદિક આપત્કાળ વિના ક્યારેય પલંગ ઉપર સૂતા નથી, અને રાત-દિવસ સાધુની આગળ નિષ્કપટભાવે વર્તે છે. ૪૧. **કોઈ કુબુદ્ધિ મનુષ્ય આવીને ગાળ દે કે તાડન કરે તોપણ તેને દાંત અને શાંત મન રાખીને સહન જ કરે છે, અને તેનું રૂડું ચિંતવન કરે છે. ૪૨.** તેઓ ક્યારેય દૂતકર્મ, ચાડિયાપણું અને ચારકર્મ-જાસુસીનું કામ કરતા નથી, અને પોતાના સગાં-સંબંધીમાં હેત રાખતા નથી. ૪૩. આ રીતના સંતો અને વર્ણીના જે ધર્મ છે તે મેં તમને કહ્યા. હવે હરિભક્તો જે રીતે રહે છે તેમના ધર્મો પણ હું તમને કહું છું. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ રાજા અભયસિંહની આગળ સંતો તથા વર્ણીના ધર્મ કહ્યા" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૮

શ્રીહરિએ રાજા અભયસિંહની આગળ ગૃહસ્થ સ્ત્રી-પુરુષના સામાન્ય ધર્મ કહ્યા

અમારા જે બધા ગૃહસ્થ હરિભક્તો છે તે મારી આજ્ઞાને વિચારીને પોતાના સમીપ સંબંધ વગરની વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરતા નથી. ૧. અને તે ગૃહસ્થો પોતાની મા, બહેન અને દીકરીની સાથે એકાંતમાં રાત રહેતા નથી. અને દુષ્ટ મનુષ્યોની સાથે ક્યારેય કોઈ જાતનો વ્યવહાર પણ કરતા નથી. ૨. અને ભગવાનના મંદિરમાં વારંવાર ઉત્સવ કરે-કરાવે છે અને સત્પાત્ર વિપ્રને વિવિધ પ્રકારના દાન આપે છે. ૩. મારા આશ્રિત બધા રાજાઓ ધર્મશાસ્ત્રને અનુસારે પૃથ્વી ઉપર ધર્મની પ્રવૃત્તિ વારંવાર કરતા રહે છે. ૪. રાજનીતિના સાતઅંગ, (૧. રાજા, ૨.અમાત્ય-મંત્રી, ૩. મિત્ર, ૪. રાષ્ટ્ર-પ્રજા, ૫. ખજાનો, ૬. કિલ્લાઓ, ૭. સામર્થ્ય-સૈન્ય)

ચાર ઉપાય (સામ, દામ, દંડ, ભેદ) અને છ ગુણ (૧. સંધિ, ૨. વિગ્રહ, ૩. યાન, ૪. દ્વૈધીભાવ, ૫. સમાશ્રય, ૬. સ્થાન) તે બધાના લક્ષણોને વિચારીને તીર્થ (૧. મંત્રી, ૨. પુરોહિત, ૩. યુવરાજ, ૪. સેનાપતિ, ૫. દ્વારપાળ, ૬. અંતઃપુરનો અધિકારી, ૭. જેલર, ૮. કોષાધ્યક્ષ-ખજાનચી, ૯. કરવાના-ન કરવાના કાર્યનો વ્યવસ્થાપક, ૧૦. પ્રદેષ્ટા-ન્યાયાધીશ, ૧૧. નગરપતિ, ૧૨. પગાર ચુકવનાર, ૧૩. ધર્માધ્યક્ષ, ૧૪. સભાધ્યક્ષ, ૧૫. દંડપાલ, ૧૬. દુર્ગપાલ ૧૭. રાજપાલ, ૧૮. અટવીપાલ) ઉપર ગુપ્તચરોને મોકલે છે. ૫. રાજા સભાસદોના વ્યવહારને જાણે છે અને દંડવા યોગ્ય અને ન દંડવા યોગ્ય મનુષ્યને જાણે છે, તેમજ નીચ મનુષ્યનો સંગ રાખતા નથી. ૬. જે જેવા મનુષ્યનો સંગ રાખતો હોય તેને પણ તેવો કહે-માને છે. ભલે તે ગમે તેવો મોટો હોય. ૭. ઉત્તમના સંગે કરીને ઉત્તમ થવાય છે, મધ્યમના સંગે મધ્યમ થવાય છે. ચાહે તેવો ઉત્તમ મનુષ્ય હોય પણ જો તે નીચનો સંગ કરે તો સંસર્ગ દોષે કરીને નીચ થઈ ગયો કહેવાય છે. કેમ જે, જેવો સંગ હોય તેવું તેનું છાનું નામ કહેવાય. જે જેવો સંગ કરે છે તે પ્રગટ દેખ્યામાં આવે છે. ૮-૯.

જે રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે, તે આવી વાત જાણી સત્સંગને ઉત્તમમાં ઉત્તમ સમજીને સત્સંગ કરે છે. સત્સંગને ઉત્તમ જાણીને જે સત્સંગ કરે છે તે જેમાં અધર્મ હોય તેનો ત્યાગ કરે છે અને જેટલી ધર્મની વાત હોય તેને ગ્રહણ કરતા રહે છે. ૧૦-૧૧. જેમાં ધર્મ મુખ્ય રહેતો હોય, એ ઉત્તમમાં ઉત્તમ વાત છે. ઉત્તમ મનુષ્ય પ્રાણીમાત્રની હિંસા કરતા નથી. ૧૨. જે સત્સંગ કરે છે તે તન મનથી જૂ, માંકડ, ચાંચડ સુધી જંતુઓની ક્યારેય હિંસા કરતા નથી. ૧૩. ધર્મના સારને જાણીને દેવતા અને પિત્રુઓના યજ્ઞમાં પણ કોઈ બકરાં ઈત્યાદિક કોઈ જ જીવની હિંસા કરતા નથી. ૧૪. **ધર્મનું ઉલ્લંઘન કરીને જે વર્તે છે તે લોકો તો કુબુદ્ધિવાળા છે અને તે આ લોક તથા પરલોકને વિષે અનંત પ્રકારના કષ્ટોને પામે છે. એટલા માટે સદ્‌બુદ્ધિવાળા મનુષ્યો સાવધાન રહીને ધર્મને અધિક રાખીને વર્તે છે. ૧૫-૧૬.** સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિને માટે ક્યારેય મનુષ્યની હિંસા કરતા નથી. અને તીર્થમાં પણ આત્મઘાત કરતા નથી. ક્રોધે કરીને પણ આત્મઘાત કરતા નથી. ૧૭.

કોઈ અયોગ્ય આચરણ થયું ગયું હોય, તોપણ તે કદાપિ ઝેર ખાતા નથી અને યજ્ઞના શેષ એવા માંસ કે મદિરાને અતિશય દોષયુક્ત જાણીને કદાચ દેવતાને ધરાવેલું હોય, તોપણ ક્યારેય ખાતા-પીતા નથી. કોઈ વિષમ દેશ-કાળને લીધે કોઈ ધર્મ વિરુદ્ધ ઘટના બની જાય, તોપણ પોતાના કે બીજાનાં અંગનું છેદન કરતા નથી. અને ધર્મ કરવાને માટે પણ લગારેય ચોરીનું કર્મ કરતા નથી. ૧૮-૨૦. ધણીને પૂછ્યા વિના કોઈનાં કાષ્ઠ કે પુષ્પ ઈત્યાદિકને લેતા નથી. હરિભક્ત એવે નામે કહેવાતા જે કોઈ પણ બાઈ-ભાઈ છે તેઓ વ્યભિચાર કરતા નથી, અને જૂગટું ઈત્યાદિક વ્યસનને દૂર કરી દે છે. તેમજ ભાંગ્ય ઈત્યાદિક વ્યસનોનો પણ દૃઢતાથી ત્યાગ કરે છે. ૨૧-૨૨.

અને જેનું રાંધેલું અન્ન કે પાત્રનું જળ ન ખપતું હોય તેનું તે અન્ન કે જળ ક્યારેય ખાતા-પીતા નથી. અને હરિભક્ત જ્યારે જગન્નાથપુરીમાં જાય ત્યાં ભગવાનની પ્રસાદીને નિર્બાધ જાણીને તે પ્રસાદીને લે છે, તેમાં કોઈ બાધ નથી. પોતાના સ્વાર્થને માટે પણ કોઈના ઉપર મિથ્યા અપવાદ આરોપતા નથી, મિથ્યા અપવાદમાં મોટો દોષ જાણે છે. મુખે કરીને કોઈને

ગાળ દેતા નથી. તેમજ જેનાથી કોઈ આત્મહત્યા કરે તેવું કડવું વચન બોલતાં નથી. ૨૩-૨૫.

दोहा : वैर होवत रहे जितना, कटुक बचन कर जेहु;
प्रिये वचन उचरत रहे, जामें सुख रहे तेहु...२६

सोरठा : अमृत तामें जेता, विष मिलत हे आय कर;
स्वारथ लेकर तेता, अमृत होत रहे विष यह...२७

જેનાથી વેર વધે તેવું કડવું વચન પણ બોલતાં નથી અને જેમાં સુખ રહ્યું હોય તેવાં પ્રિય વચન જ બોલે છે. ૨૬. જેમ અમૃતમાં આવીને ઝેર મળી જાય તો તે ઝેર થઈ જાય છે તેમ સ્વાર્થને લીધે અમૃત જેવું કામ પણ ઝેર થઈ જાય છે. ૨૭. જ્યાં સુધી અમૃતમાં ઝેર દેખાતું હોય ત્યાં સુધી મનમાં તેના ઉપર ઝેરનો ભાવ રહે છે. ઘણા મોટા માણસોને પણ ઝેર જેવા પદાર્થમાં અમૃત જેવા શબ્દોને લીધે ઝેરમાં પણ અમૃતનો ભાવ દેખાય છે. પણ જેને ઝેર અમૃત મનાય જાય છે તેને ઝેરને ઝેરના રૂપમાં મનાવવું તે કઠિન થઈ જાય છે. જેટલા ઠગ કહેવાય છે તે બધા પોતાનું પેટ ભરવાને માટે ગાયનો સિંહ બનાવી દે છે, પછી તે ગાયમાં પણ જીવનપર્યંત વિશ્વાસ કરતા નથી. ઠગોના સંસર્ગમાં રહીને જ્યાં સુધી સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી તે ઠગને મોટા સિદ્ધ માને છે અને તેને સારામાં સારું ભોજન જમાડે છે. ૨૮-૩૨. તે ઠગનાં વચન ખોટાં પડે છે છતાં ઠગને તે લોકો સિદ્ધ માનતા રહે છે. અને જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તેવા લોકો તે ઠગને સિદ્ધ માનતા રહેશે. ૩૩. તેવા ઠગ સિદ્ધોની સાથે નરનારીઓ બધા ઉત્સાહથી કૂટાતા રહે છે, પણ જ્યારે સત્સંગ થાય છે ત્યારે તે સત્સંગી લોકો ઠગને સિદ્ધ માનતા નથી. ૩૪.

સત્સંગી દેવ, તીર્થ, વિપ્ર, વેદ, સંત અને દૃઢ નિયમવાળી પતિવ્રતા, તેને પૂજ્ય જાણીને તેમની નિંદા કરતા નથી. પરંતુ પોતાનું અતિ હિત માનીને તેને માને છે. ૩૫. અને જે દેવતાની આગળ દારૂ તથા માંસનું નિવેદ થતું હોય અને જેની આગળ બકરાં, પાડા, કૂકડા અને માછલાંની હિંસા થતી હોય તેવા દેવનું મુખ પણ ક્યારેય હરિભક્ત દેખતા નથી. અને માર્ગમાં

ચાલતા કોઈ ઉત્તમ દેવાલય આવે અને તેમાં વિષ્ણુ ઈત્યાદિક પંચદેવ અને હનુમાનજી જેવા ઉત્તમ દેવ હોય તો તેને ઉત્તમ જાણીને ઘણા આદરભાવથી પ્રણામ કરે છે. ૩૬-૩૮. અને જે દેવ કહ્યા તેના ઉપર અભાવ રાખીને ક્યારેય ખરાબ શબ્દ બોલતા નથી. તેમજ તે દેવતાને ઉત્તમ જાણીને પ્રિય વચન બોલે છે. ૩૯. પોતાનો વર્ણ અને આશ્રમના ધર્મનો ક્યારેય ત્યાગ કરતા નથી. અને તે મહાન ભાગ્યશાળી ગૃહસ્થ પરધર્મ તથા પાખંડ ધર્મને ક્યારેય ગ્રહણ કરતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ રાજા અભયસિંહની આગળ ગૃહસ્થ સ્ત્રી-પુરુષના સામાન્ય ધર્મ કહ્યા" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૩૯

શ્રીહરિએ સત્સંગીના ધર્મ કહીને રાજાનો આશય જાણી લીધો

વળી શ્રીહરિ હરિભક્તોના પરમ પવિત્ર જે સામાન્ય ધર્મ છે તે દરબાર અભયસિંહની આગળ કહેવા લાગ્યા. ૧. "અમારા હરિભક્તો જેના મુખની કથા-વાર્તા સાંભળવાથી શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અને પોતાના ધર્મનો નાશ થાય તેમ હોય તો તેને સાંભળતા નથી. ૨. **જે સાચું વચન બોલવાથી ક્યારેક પોતાનો કે પારકો દ્રોહ થાય તેમ હોય તો તેવું સત્ય વચન બોલતા નથી, અને કૃતઘ્નીના સંગનો ત્યાગ કરે છે. ૩.** પોતાના મનમાં નિર્ધાર કરીને ક્યારેય વ્યાવહારિક કામમાં છાની રીતે કોઈ પ્રકારે લાંચ લેતા નથી. ૪. ચોર, પાપી, વ્યસની, કામી, કીમિયાદાર, પાખંડી અને પ્રપંચી વગેરે મનુષ્યોનો સંગ ક્યારેય કરતા નથી. ૫. ભક્તિ તથા જ્ઞાનનું અવલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં લોલુપ દેખાતા હોય તેનો સંગ પણ જેને મોક્ષનો દઢ ખપ હોય છે તેવા બુદ્ધિમાન સત્સંગી કરતા નથી. ૬.

અને જે શાસ્ત્રમાં શ્રીકૃષ્ણ ભગવાન અને શ્રીકૃષ્ણ ભગવાનના અવતારોનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, તો તેને બુદ્ધિમાન સત્સંગી ક્યારેય માનતા

નથી. ૭. અને હરિભક્તો ગાળ્યા વિનાનું દૂધ અને પાણી ક્યારેય પીતા નથી. તથા જેમાં ઝીણા જંતુ ઘણા હોય તેવા પાણીથી નાહતા-ધોતા નથી. ૮. જે વૈદ્યનું વર્તન જાણતા ન હોઈએ તેવા વૈદ્યે આપેલું ઔષધ તથા દારૂ-માંસવાળું ઔષધ, તેને પોતાનું શરીર ભ્રષ્ટ થઈ જશે તેમ માનીને ખાતા નથી. ૯. બુદ્ધિમાન સત્સંગીઓ લોક અને શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલા જે સ્થાનો તેમાં મળમૂત્ર કરતા નથી અને થૂંકતા પણ નથી. ૧૦. સર્વે બુદ્ધિમાન હરિભક્તો ચોરમાર્ગે કરીને ક્યારેય પેસતા નથી અને નીકળતા પણ નથી. અને કોઈની ધણિયાતી જગ્યામાં તેના ધણીને પૂછ્યા સિવાય અજાણમાં પણ ક્યારેય ઊતરતા નથી. ૧૧.

પરમ સુજાણ ગૃહસ્થ પુરુષ સ્ત્રીના મુખથી જ્ઞાનવાર્તા સાંભળતા નથી. વળી સ્ત્રીની સાથે તેમજ રાજા અને રાજાના માણસની સાથે પણ વાદવિવાદ કરતા નથી. ૧૨. ગુરુ, કોઈ શ્રેષ્ઠ મનુષ્ય, લોક પ્રતિષ્ઠિત, વિદ્વાન અને શસ્ત્રધારી મનુષ્યનું અપમાન કરતા નથી. ૧૩. વિચાર્યા વિના કોઈ તત્કાળ કામ કરતા નથી અને ધર્મ સંબંધી કામને તો તત્કાળ કરે છે. ૧૪. સંતોનો સમાગમ કરે છે, પોતે વિદ્યાને ભણે છે અને ભણેલી વિદ્યા બીજાને ભણાવે છે અને કુસંગીનો સંગ કરતા નથી. આ બધી બાબતોને દૃઢપણે પાળે છે. ૧૫. ગુરુ, દેવ અને રાજાનાં દર્શન કરવાં માટે ખાલી હાથે જાતા નથી. અને પોતાના મુખે પોતાનાં વખાણ ક્યારેય કરતા નથી તેમજ કોઈનો વિશ્વાસઘાત ક્યારેય કરતા નથી. ૧૬. અને પોતાના ગુપ્ત અંગ દેખાય તેવાં વસ્ત્રને ક્યારેય પહેરતા નથી અને ધર્મે રહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને પણ ક્યારેય કરતા નથી. ૧૭.

સંતો અને હરિભક્તોની સેવાનો ક્યારેય ત્યાગ કરતા નથી. અજ્ઞાની લોકોના ભયથી સેવા કરવામાં ડરતા નથી. ૧૮. ઉત્સવને દિવસે ભગવાનના મંદિરમાં પુરુષ સ્ત્રીને અડતા નથી અને સ્ત્રી હરિભક્ત કોઈ પુરુષને અડતી નથી. ૧૯. ગુરુ પાસેથી શ્રીકૃષ્ણ ભગવાનની દીક્ષાને પામેલા દ્વિજજનો કંઠમાં તુલસીની બેવડી કંઠી બાંધે છે. ૨૦. લલાટ, હૃદય અને બંને ભુજાઓ ઉપર શુભ તિલક કરે છે. તે તિલક ગોપીચંદનથી અથવા ચંદનથી કરે છે. ૨૧. તે તિલકને મધ્યે ગોળ ચાંદલો કરે છે જે ઘણો સારો લાગે છે. વૈકુંઠ, ગોલોક

અને બ્રહ્મપુર ધામમાં રહેલા ભગવાનના ભક્તો જે રીતનું તિલક કરે છે તે રીતનું તિલક આંહીંના ભક્તો કરે છે. ધામની અને આ સત્સંગની કેટલીક એકસરખી રીત છે. ૨૨-૨૩. તેને સમાધિવાળા દેખે છે અને બીજાને તો તે તર્કમાં પણ આવતું નથી. તે ભક્તો ભગવાનની પ્રસાદીના ચંદનનું તિલક કરે છે. ૨૪. અને જેણે પ્રેમથી દીક્ષા લીધી હોય તેવા સત્શૂદ્રો પણ ઊર્ધ્વપુંડ્ર તિલક અને કંઠીને તે પ્રમાણે ધારણ કરે છે. ૨૫. અને જે અસત્શૂદ્ર છે તે પોતાના લલાટમાં કેવળ ચાંદલો કરે છે અને ચંદનની બેવડી કંઠી ઢાલની જેમ અર્થાત્ ધર્મરક્ષક જાણી ગળામાં ધારણ કરે છે." ૨૬.

ત્યારે તે રાજાએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, "જેટલી ઉત્તમ પ્રકારની રીત છે તે બધી અહીં રહી છે અને આવું ધર્મ પ્રમાણેનું વર્તન પણ અહીંયા દેખાય છે. ૨૭. જેનાં અપાર ભાગ્ય હોય તેને જ અત્યારે આવો સત્સંગ થાય છે, પણ જેનાં માથાં ઉપર પાપનો ભાર હોય તેને આવી સરસ વાત રુચતી નથી. ૨૮. દહીં, દૂધ, ઘી, સાકર, દૂધપાક જેવાં ઉત્તમ ભોજન અને જે અપાર ઉત્તમ મેવાઓ છે, તે બધાના જેવો અત્યારે આ ઉત્તમ સત્સંગ રહ્યો છે. અને જે તેવા ઉત્તમ માણસો છે તેને જ આ સત્સંગ રુચે છે. અત્યારે સત્સંગમાં જેટલી વાત રહી છે તે બધી મોક્ષના બીજરૂપ રહી છે. ૨૯-૩૦.

❋ જે સત્સંગ, કથા-વાર્તા કરે તેનો મોહ મરે :

જે જે સુખ રહ્યું છે તેના બીજ સત્સંગની વાતોમાં રહ્યા છે. આવી આ સત્સંગની વાત ઉત્તમ મનુષ્યને તેમાં રુચિ કરાવે છે. ૩૧. જે મનુષ્યો ઉત્તમ નથી હોતા તેને વ્યસનોમાં જ સુખ મનાય છે. અને જેમાં જેને સુખ મનાય છે તેનો ત્યાગ કરવો તે ઘણું કઠણ છે. ૩૨. મનુષ્ય જ્યાં સુધી ભગવાનનો થાતો નથી ત્યાં સુધી તેનો ઉદ્ધાર થાતો નથી. આવો વિચાર જ્યાં સુધી નથી કરતો ત્યાં સુધી તે વારંવાર જેટલું દુઃખ કહેવાય છે તેને પોતાનાં માથાં ઉપર કબૂલ કરીને લે છે. જ્યાં સુધી મનુષ્ય વ્યસનોને નથી છોડતો ત્યાં સુધી તે દુઃખરૂપ ફળને ભોગવતો રહે છે. છતાં તેને તે દુઃખોનો રતીભાર પણ ડર લાગતો નથી." ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "એનું જ નામ મોહ કહેવાય છે. ૩૩-૩૫.

જેટલો અધર્મ છે તે કોઈ મોહને સમાન નથી અર્થાત્ મોહ સહુથી મોટો અધર્મ છે. વળી, **મોહથી પર કોઈ નથી અર્થાત્ મોહ સર્વોપરિ અધર્મ છે. કારણ કે, મોહમાં બધો અધર્મ નિવાસ કરીને રહ્યો છે. તે મોહનો નાશ કેમ થાય ? તો,** ૩૬. **સત્સંગ તથા ભગવાનના કથા-કીર્તનના યોગ વિના ક્યારેય મોહનો નાશ થતો નથી. ૩૭.** ચાહે તેવાં ભોજન હોય તોપણ તેને ચાખ્યા વિના તેનો સ્વાદ કે કુસ્વાદ આવતો નથી." ૩૮. ત્યારે તે દરબાર બોલ્યા, "અમે તો માતાના આશ્રિત છીએ. તે અતિશય સમર્થ છે. તે જે ધારશે તે કરશે. ૩૯. ભગવાનને પણ જ્યારે જ્યારે કામ પડે છે ત્યારે યોગમાયાનો આશ્રય કરે છે ત્યારે તે ધાર્યું કામ કરી શકે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગીના ધર્મ કહીને રાજાનો આશય જાણી લીધો" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૦

જસદણના ચેલા ખાચર આવ્યા અને તેની પાસે શ્રીહરિએ વાત કરી

જ્યારે દરબાર અભયસિંહ તેના મુકામે ગયા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "જેવી હકીકત છે તેવી તેને સમજાણી નહિ. સમજણમાં ઘણો ફેર રહે છે. ૧. જેટલા સ્થૂળ બુદ્ધિવાળા લોકો હોય છે તે કારણના પણ કારણ એવા પરમેશ્વરને ઓળખતા નથી અને પોતે પોતાને મનમાં અધિક માને છે. ૨. વાત સમજવામાં જેની જેવી બુદ્ધિ હોય તે દેખાઈ આવે છે. વાત સિવાય તે સમજાતું નથી. ૩. **માણસની ક્રિયા અને તેની કહેલી વાત, તે બંનેમાં તેનું જેવું મૂલ્ય હોય તે પ્રગટ દેખાઈ આવે છે કે આ ભગવાનનું ભજન કરશે કે ક્યારેય નહિ કરે ? ૪.** જેટલો અર્થ અને અનર્થ છે તે બધો વાતચીતમાં નિવાસ કરીને રહ્યો હોય છે. અને જેટલું સુખ-દુ:ખ કહેવાય છે તે પણ બધું વાતચીતમાં રહ્યું હોય છે. ૫. મોક્ષ અને બંધન, તે પણ વાતમાં રહ્યા છે. જેટલી કોઈ કરામત કહેવાય છે કે રાજ્યસમૃદ્ધિ હોય છે તે બધી વાતમાં રહી છે. ૬.

જે જે વિદ્યા કહેવાય છે તે બધી વાતમાં રહી છે. ચાર વર્ણ અને ચાર આશ્રમના જેવા ધર્મ છે તે બધી વાત ગ્રંથમાં લખી છે. તે ગ્રંથે કરીને દેખાઈ આવે છે. વળી યોગ, યજ્ઞ તથા વ્રત આદિક સર્વેની વાત પણ ગ્રંથમાં લખી છે. ૭-૮. કરવાની અને નહિ કરવાની જેટલી વાત હોય છે તે બધી લખવામાં કોઈ કસર રાખી નથી, પણ તે પ્રમાણે સમજવું ઘણું કઠણ છે. ૯. વક્તા પોતાની જેવી રુચિ અને બુદ્ધિ હોય તેમ શાસ્ત્ર અને કીર્તનમાંથી જે રીતે વાત કરે છે તે પ્રમાણે શ્રોતાજનો સાંભળતા રહે છે. ૧૦.

ચોપાઈ :

श्रोता में रुचि मति अनुसारा, शब्द ग्रहण करत कर प्यारा;
विश्वासी जन रहे जेते जाही, वक्ता कहत रहे तिमि ताही...११
बात कु ग्रहण करत रहाते, मति तेसे फल तेहि लहाते;
ग्रंथ कीर्तन में जेसे रहे भावा, भगवान में जाकी मति रहावा...१२

શ્રોતાઓ પણ પોતાની રુચિ અને બુદ્ધિને અનુસારે પ્રેમથી વક્તાના શબ્દ ગ્રહણ કરતા હોય છે. પરંતુ જે વિશ્વાસી લોકો છે તે વક્તા જેમ કહે તેમ વાતને ગ્રહણ કરે છે. અને જેવી મતિ-ભાવના હોય તેવું ફળ પામે છે. શાસ્ત્રમાં અને કીર્તનમાં જેનો જેવો ભાવ હોય અને જેવી ભગવાનમાં મતિ હોય તે પ્રમાણે ફળ પામે છે. ૧૧-૧૨.

સાચા સંત અને હરિભક્તને માટે સદ્ગ્રંથ અને ભગવત્કીર્તન તે ઉત્તમ દૂધ સમાન છે અને તેમાં ઘીરૂપ ફળ ગુપ્તપણે રહ્યું છે. તેનું મેળવણ જ્ઞાન છે. ધર્મ-ભક્તિ દહીં છે. ભગવાનનાં ચરિત્ર માખણ છે અને છેવટે ભગવાન પ્રાપ્ત થાય તે ઘી રૂપ નિશ્ચિત ફળ છે. ૧૩-૧૪. જેટલા અસત્ ગ્રંથ અને અસત્ સંત છે તે અસત્ દૂધ જેવા છે. તેને અસત્જનો ગ્રહણ કરે છે. ૧૫. જે હંસ હોય છે તે દૂધનું પાન કરે છે અને મોતીનો ચારો કરે છે. હંસ તેના આહાર ઉપરથી ઓળખાય જાય છે. ૧૬. જેટલા બગલા હોય છે તે હંસના જેવા ઉજ્જ્વળ સફેદ જ હોય છે અને હંસ કરતાં તે ઝાઝા હોય છે, પરંતુ બગલા માછલાંનો આહાર કરે છે. ૧૭. જે સંત થઈને વિષય સંબંધી વાતમાં સાર માને છે તો તેનો આહાર જોઈને તેને બગલા જેવા કહેવાય છે. ૧૮.

ભગવાન જ્યારે પોતાની ઈચ્છા થાય છે ત્યારે મનુષ્યશરીરને ધારણ કરે છે. તેઓ ભક્તજનોને સુખ આપવા માટે મનુષ્યની રીત કરતાં અધિકપણે ચાલે છે. ૧૯. તેઓ જ્યારે પોતે ઈચ્છા કરે છે ત્યારે અધિક પ્રતાપ જણાવે છે. પણ ક્યારેક મનુષ્ય જેમ ધારે છે તેમ વર્તે છે અને ક્યારેક તે રીતે નથી વર્તતા. ૨૦. ભગવાન પોતે સ્વેચ્છા મુજબ વર્તે છે અને પોતે ધારે તેમ કરે છે. કોઈ ગુણ ગ્રહણ કરે કે ન કરે તેની મનમાં શંકા રાખતા નથી. ૨૧. એક ભક્તની રક્ષા કરવા માટે તેઓ જેટલા ભૂમિ ઉપર જીવ રહ્યા હોય છે તેનો પાણીથી પ્રલય કરી નાખે તેવાં તેમનાં ચરિત્રો છે. ૨૨. ભવ, બ્રહ્મા, ઈન્દ્રાદિકના સમાન કોઈ મનુષ્ય બુદ્ધિમાન નથી. તેઓ તો ભૂત અને ભવિષ્યની વાતને જાણે છે, એવા મહાન સમર્થ છે. ૨૩. છતાં પણ તેઓ ભગવાનનાં ચરિત્રમાં કાંઈક મનુષ્યભાવ દેખીને કેટલીક વાર ભૂલા પડે છે. તે વાત શાસ્ત્રમાં લખી છે. ૨૪. તો પછી મનુષ્ય ચાહે તેવો બુદ્ધિમાન હોય તોપણ તેના શા લેખા ? બુદ્ધિમાન પણ ભગવાનનાં ચરિત્રને દેખીને વારંવાર ભૂલા પડે છે. ૨૫. સત્સંગના યોગે કરીને ભગવાનનાં જેટલાં ચરિત્ર છે તે સર્વે સૂલટા દેખાય છે. ૨૬. ભગવાનનાં બધાં ચરિત્રો અગાધ અગાધ જ છે; એમ જે ભગવાનનો ભક્ત હોય છે તે જાણે છે. ૨૭.

એક દિવસ જસદણ ગામના ચેલા ખાચર નામે દરબાર ત્યાં સારંગપુર આવ્યા. ૨૮. શ્રીહરિ જે ઓરડામાં રહેતા હતા ત્યાં તેઓ આવ્યા અને શ્રીહરિનાં પગમાં નમી પડ્યા અને શ્રીફળ તથા દસ રૂપિયા ભેટ ધર્યા. અને પછી હાથ જોડીને બોલ્યા કે, “અમારા ખાચર દરબારો મોટા મોટા ગામેતી છે. ૨૯-૩૦. તે બધા હરિભક્ત થયા છે અને મારા પિતા પણ હરિભક્ત છે. આપના ચાર નિયમોને હું મન, કર્મ, વચને કરીને મારા જીવનાં કલ્યાણ માટે પાળીશ. માટે તે નિયમ આપની પાસેથી લેવા માટે હું અહીં ચાલ્યો આવ્યો છું.”

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, “ખાચર દરબારોમાં મોટા રાજા તો તમે છો. ૩૧-૩૨. તમારી કચેરીમાં જેટલા કાઠી દરબારો છે તે તમે નિયમ ધાર્યું છે તેવું સાંભળશે એટલે કોઈના મનમાં સુખ-શાંતિ નહિ રહે. ૩૩.

જેટલા અજ્ઞાની મનુષ્યો છે તે (દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર) આ ચાર બાબતમાં અધિક સુખ માને છે, પણ તે ચારે બાબતમાં મોટા મોટા લાંછન રહ્યા છે. ૩૪. બ્રહ્મા અને ઈન્દ્રના જેવા કોઈ નથી. તે સહુથી મોટા છે, છતાં તેને પણ લાંછન લાગ્યા હતા. તે સિવાયના બીજા કેટલાક મુનિઓને પણ વારંવાર લાંછન લાગ્યા છે. ૩૫. તે ચાર દોષો બધાની ઘણી લાજ લઈ લે છે. માટે જેટલી લાંછન લગાવનારી બાબત હોય છે તેનો અમે ત્યાગ કરાવીએ છીએ. ૩૬. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર તેને જે મનુષ્ય કરે છે તે તેના પાપને લીધે જમપુરીમાં જાય છે. ૩૭. ચોરીમાં અધર્મ રહ્યો છે. જે મનુષ્ય તેનો ત્યાગ કરે છે તે બુદ્ધિમાન છે. ૩૮. **બીજી બધી વાતો મળે છે, પણ દુર્લભ એવો સત્સંગ મળતો નથી. એમ જે ભગવાનના ભક્ત મોટા સત્પુરુષો થયા છે તેમણે કહ્યું છે. ૩૯.** જેટલા ફેલી અને વ્યસની હોય છે તે બધાને આ સત્સંગ ક્યારેય રુચતો નથી. તેને લીધે તે બધા ફેલી વ્યસની જમપુરીમાં જાય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "જસદણના ચેલા ખાચર આવ્યા અને તેની પાસે શ્રીહરિએ વાત કરી" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૧

જસદણના ચેલા ખાચર સત્સંગી થઈને પોતાને ગામ ગયા

વળી ફરીને શ્રીહરિએ ચેલા ખાચર આગળ વાત કહી કે, "તમે તો મોટા રાજા છો. તમને હરિભક્ત થયેલા જાણીને જે તમારા ગુરુ છે તે તમે લીધેલા નિયમોને હરેક વાતે છોડાવી દેશે. ૧-૨. સત્સંગ સિવાયના લોકો અધર્મમાં ધર્મ માનીને પાપ કરવા માટે તે ગુરુ બની બેઠા હોય છે. ૩. સત્સંગ વગરના લોકો કોઈ ધર્મને પાળતા નથી. કેવળ ધન લૂંટવા માટે જ ગુરુ થયા હોય છે. ૪. જેટલા ધન હરવાને માટે ગુરુ થયા છે તે નિયમ ધર્મને ઓળખતા નથી. તે ગુરુ થયા હોય છે પણ ગુરુના ધર્મને જાણતા હોતા

નથી. ૫. તે તો કહેવામાત્રના જ ગુરુ છે અને મોક્ષ તો તેનાથી ઘણો દૂર રહે છે. મોક્ષની બાબતમાં નહિ સમજનારા એવા લોકો ઘણા હોય છે. ૬.

ધર્મ તથા નિયમ વગરના ગુરુને તે ઘણા ભાવથી માનતા હોય છે. એવાં નરનારીઓ ભગવાન કરતાં વધારે વિષયના પ્રવાહમાં દોડતા હોય છે. ૭. હરિભક્ત સિવાયના જેટલા લોકો છે તે વિષયમાં જ પોતાનું જીવન માને છે. વિષય ભોગવવાનું જે રીતનું ફળ હોય છે તેને તે દેખતા નથી. ૮. જેને જેમાં રસ મનાય છે તેને તેમાં રહેલું દુઃખ દેખાતું નથી. તેમાં જે દુઃખ આવે છે તેને પણ તે સુખ માને છે અને સત્પુરુષોએ કહેલું સુખ તેને દુઃખ દેખાય છે. ૯. સત્ય વાત અસત્ય મનાય એ પાપનું ફળ છે. આમ સમજીને જે હરિભક્તો છે તે સત્સંગ કરતા રહે છે. ૧૦.

❋ સત્સંગનો મહિમા :

મનુષ્ય થોડા સુખને માટે મર્યા પછી અપાર દુઃખ પામે છે. સત્સંગ વિનાના આવા જેટલા મનુષ્યો છે તે ભલે ગમે તેવા પંડિત હોય, તોપણ જ્યાં સુધી સત્સંગ થયો નથી ત્યાં સુધી તેણે કોઈ વાત કરી નથી. બ્રહ્મા જેવા થાય તોપણ શું ? અને અપાર સમૃદ્ધિ મળે તોપણ શું ? ૧૧-૧૨. **જ્યાં સુધી સત્સંગ નથી થયો ત્યાં સુધી તેને ક્યારેય સુખ મળવાનું નથી અને બીજી કાંઈ વગ-ઓળખાણ કામ આવવાની નથી.** ૧૩. જેટલી સત્સંગની વગ-સંબંધ રાખતો રહે છે તેટલી તે અંતસમયે ઉપયોગમાં આવે છે. ૧૪.

सोरठा : सत्संग सम हि जेहु, प्रिय लगत न ओर कोउ;
मोक्ष हो रहे तेहु, साधन कर रहे जितने यह...१५
सत्संग हि जो ताकि, अरुचि न होवे कोउ दिन;
कोउ रीतकर हि वाकि, करी करि करना हे इमि...१६

જેને સત્સંગ સમાન બીજું કોઈ પ્રિય ન લાગે તો તેનો મોક્ષ થઈ રહ્યો છે અને તેણે જેટલાં સાધનમાત્ર છે તે કરી લીધા છે. ૧૫. **કરી કરીને એટલું જ કરવાનું છે કે, સત્સંગની કોઈ પ્રકારે ક્યારેય અરુચિ થાય નહિ. ૧૬.** સાચા ગુરુ હોય છે તે સંસારના બંધનથી છોડાવે છે. જેને સંસારના બંધનની ગમ ન હોય તેવા ગુરુથી મોક્ષ થાતો નથી. જેને બુદ્ધિ હોય તે

વિચારીને જુએ છે. જેમાં ધર્મથી યુક્ત ભક્તિ અને વૈરાગ્ય સહિત જ્ઞાન, આ બધા ગુણો જેમાં મુખ્ય વર્તતા હોય તેવા ગુરુને મોક્ષ કરનારા કહ્યા છે. તેવા ગુરુથી જ મોક્ષ થાય છે. એમ જાણીને એવા ગુરુને જે સ્વીકારે છે તેના ભવબંધનનો નાશ થાય છે, અને તેની પાસે જમના દૂત આવતા નથી."

ત્યારે ચેલા ખાચરે કહ્યું કે, "મહારાજ ! હું તેમ સમજીને જ ઘણા હેતથી આપને ગુરુ કરી રહ્યો છું." ૧૭-૨૦. પછી શ્રીહરિએ ચેલા ખાચરનો હાથ પોતાના હાથમાં લઈને વ્રતમાન નિયમ ધરાવ્યા. પછી તેણે કહ્યું કે, "મહારાજ, હવે આપના સાધુને મારે ગામ મોકલજો. ૨૧. હું સંતોનો યોગ કરીશ તો મારા ચિત્તમાં સત્સંગ દૃઢ થાશે. કેમ જે, મારે રાત-દિવસ અતિશય કુસંગનો યોગ રહે છે." ૨૨. ત્યારે શ્રીહરિ બોલ્યા, "જે શત્રુ દેખાતો હોય તેની સાથે ચાહે તેવો સંબંધ હોય, તોપણ તેનો લેશમાત્ર પણ વિશ્વાસ કરાય નહિ. ૨૩. પોતાના જીવનો મોક્ષ જેવો મહત્ત્વપૂર્ણ છે એવી રાજસમૃદ્ધિ નથી; એમ જ્યારે મનમાં નિશ્ચિત મનાય, ત્યારે જેટલો કુસંગ કહેવાતો હોય તે શત્રુ મનાય છે. કેમ જે, તે મોક્ષની બાબતમાં વિઘ્ન કરનારો છે. અને જેને મોક્ષનો ખપ હોય છે તેને તેમાં વિઘ્ન કરનારા જે હોય તે શત્રુ મનાય છે. ૨૪-૨૫.

જેની બાળબુદ્ધિ હોય તેના હાથમાં ચિંતામણિ આપ્યો હોય, તોપણ તે અલ્પબુદ્ધિ માણસ બોરને માટે થઈને ચિંતામણિને ફેંકી દે છે. ૨૬. **સત્સંગ તો ચિંતામણિ કરતાં પણ અધિક છે. તેવું જે ન સમજે તેને બાળબુદ્ધિ અને અલ્પબુદ્ધિવાળો કહેવાય છે. ૨૭.** આ બ્રહ્માંડમાં જેટલા મિત્રો છે અને જેટલી સમૃદ્ધિ છે તે બધા કરતાં સત્સંગ અધિક મહત્ત્વપૂર્ણ છે. ૨૮. આમ જાણ્યા વિના સત્સંગનું મૂળ વૃદ્ધિ પામતું નથી. અને જેટલા ધનધૂતા ગુરુઓ છે તે સત્સંગના મૂળને કાપવા માટે જ્યાં મૂળ દેખ્યામાં આવે ત્યાં ફરતા હોય છે. સમજણની શુદ્ધિએ કરીને જેના સત્સંગનાં મૂળ દૃઢ થયા હોય તે જ્યારે કાપી ન શકાય ત્યારે તે ગુરુઓ થાકીને બેસી રહે છે. તે એકવાર સત્સંગના મૂળને કાપવા માટે ચકાસીને જુએ છે તો ખરા, પણ જ્યારે તેનું કાંઈ ન ચાલે ત્યારે તે સત્સંગને કાપવાની આશા છોડી દે છે.

જ્યારે તેનો કોઈ ઉપાય ન ચાલે ત્યારે તેના ઘરમાં જે સ્ત્રી હોય કે જેને સત્સંગ ન હોય, ૨૯-૩૨. તે સ્ત્રીને પતિનો સત્સંગ છોડાવવા માટે ચાહે તેમ શીખવે છે. સત્સંગ સિવાય ચાહે એટલા તે બધા ફેલ-વ્યસનને કરે તેમાં તે ધનધૂતા ખુશી ખુશી રહે છે. તે બધા ધનધૂતાઓને કોઈ મનુષ્ય જન્મ-મરણથી છૂટે તેમાં ક્યારેય ખુશી થાતી નથી. ૩૩-૩૪. હરિભક્ત સિવાયના જેટલા લોકો છે તે બધા ધનધૂતા જ છે. લોભ છે તે મોક્ષમાં નુકશાન કરે છે; આવું જ્યારે જણાય ત્યારે જે ધનધૂતા ગુરુઓ દેખાતા હોય તેનો દૂરથી ત્યાગ કરાય છે. તેવા ધનધૂતા ગુરુમાં જ્યાં સુધી ભાવ રહે છે ત્યાં સુધી તેનો ત્યાગ થાતો નથી. ૩૫-૩૬.

હવે તમે ઘેર જઈને સાધુને જ્યારે બોલાવશો ત્યારે તરત અમે તેમને મોકલશું. તેમાં કોઈ ફેર પડશે નહિ." ૩૭. પછી ચેલા ખાચર શ્રીહરિને પગે લાગીને પોતાને ગામ ગયા અને બધું ભૂલી ગયા. ૩૮. જ્યારે તેના ગુરુએ વાત સાંભળી કે તમારા શિષ્ય ચેલા ખાચર હરિભક્ત થયા છે અને હવે તે તમને માનશે નહિ, ૩૯. ત્યારે તેના ગુરુ તત્કાળ જ ચેલા ખાચરની પાસે જસદણ આવ્યા. અને તેમને કહ્યું કે, "મેં સાંભળ્યું છે કે તમે સત્સંગી થયા છો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "જસદણના ચેલા ખાચર સત્સંગી થઈને પોતાને ગામ ગયા" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૨

ચેલાખાચર સત્સંગી થયા પછી તેના ગુરુ અને જ્ઞાતિના લોકોની સાથે વાત

ત્યારે ચેલા ખાચરે પોતાના પહેલાના ગુરુ આગળ વાત કરી, "હું હરિભક્ત થયો તેમાં શું દોષ છે ? ૧. ત્યારે તેના ગુરુ બોલ્યા, "જમીન ઉપર ચાલવાનું છોડીને દોરડાં ઉપર ચાલવું, તે શું આ દુનિયામાં સુગમ છે ? ૨. જે સુગમ માર્ગનો ત્યાગ કરે છે તેને ક્યારેય સુખ રહેતું નથી. તેને રાત-દિવસ ભય રહ્યા કરે છે. ૩. અપાર મનુષ્યો ભેળા રહ્યા હોય

તો તેને ક્યારેય ભય હોતો નથી, પણ થોડા માણસો હોય તે તો ઠેર ઠેર લૂંટાતા હોય છે. ૪. જેટલા પાંખ વિનાના જીવો છે તે બધા ભૂમિ ઉપર ચાલે છે, કોઈ પાંખ વગરના લોકો પાંખવાળાનો વાદ લઈ ઊડતા નથી. ૫. જે સ્વામિનારાયણના હરિભક્તો અને સંતો છે તેમને તેના અનાદિના ધર્મને પાળવો, ૬. તે તેમને માટે કાંઈ કઠિન નથી. એમને તો ધર્મ પાળવાની વાત સુગમ રહી છે. ૭.

જેટલા સ્વામિનારાયણના આશ્રિત થાય છે તે સ્વામિનારાયણ જે વચન કહે તેમાં મોક્ષ માને છે. ૮. તેમનાં વચન વિના જો આગળ પગ મૂકે છે તો તે નરકમાં ગયા હોય તેમ માને છે. દુનિયામાં સુખનું મૂળ ધન અને નારી છે. તેને તેઓ દુઃખકારી કહે છે. ૯. તેમના સંતો અને હરિભક્તો સ્ત્રી અને ધનમાં દુઃખ દેખે છે. તમને સ્ત્રી અને ધનમાં કેટલું દુઃખ દેખાય છે ? તે કહો. ૧૦. જ્યારે સ્વામિનારાયણના સંતો આવશે ત્યારે તમે તેની વાતને સાંભળશો. પછી સ્ત્રી અને ધનમાં જેટલું સુખ છે તેમાં તેઓ દુઃખ દેખાડી દેશે. ૧૧.

અમે માનીએ છીએ કે તમારા જેવો કોઈ અમારો શિષ્ય નથી અને તમે માનો છો કે અમારા જેવો બીજો કોઈ ગુરુ નથી. ૧૨. તે અમારામાં અપાર દોષ જરૂર દેખાડશે. અને દોષ દેખાડવામાં તો તેઓ ઘોડા પૂર જેવા છે. ૧૩. ચાહે તેવો સંપ હોય અને બધા એક જીવ થઈને રહેતા હોય, પણ જ્યારે તેમાં દોષ આવે છે ત્યારે તે શત્રુ મનાય છે. ૧૪. માણસને માતાના જેવું ક્યારેય બીજું કોઈ હિત કરનારું હોતું નથી. જ્યારે તે માતાના ગુણ જોવામાં આવે છે ત્યારે તે ગુણનો કોઈ પાર આવતો નથી. ૧૫. જીદંગીભર માતાની સેવા કરીએ તોપણ માતાના ઉપકારને તુલ્ય થઈ શકે નહિ, એવો માતાનો ગુણ હોય છે. ૧૬. વળી, પુત્રને અન્ન, વસ્ત્ર અને ઘરેણાં વગેરે તેના પિતા જ આપતા હોય છે. તે પુત્ર જ્યારે મોટો થાય છે ત્યારે તેના પિતા પુત્રને નારી સાથે પરણાવી દે છે. ૧૭. પછી જ્યારે તે પુત્રને પોતાની સ્ત્રીમાં હેત થાય છે ત્યારે તે હેત કોઈ રીતે છૂટતું નથી. અને તે સ્ત્રી જ માતા-પિતાના બધા ગુણોને ધોઈ નાખે છે. ૧૮. કેટલાક તો એવા કપુત

હોય છે કે, પરણ્યા પછી માતા-પિતાનો ગુણ લેશમાત્ર પણ રાખતા નથી. ઊલટા માતા-પિતાનો દ્રોહ કરે છે. ૧૯. પછી તે પિતૃદ્રોહી પુત્રને જ્યારે પુત્ર થાય છે ત્યારે તે પુત્રો પણ તેને તેવું જ દુઃખ દે છે. જેવું કર્યું હોય છે તેવું તે અહીંને અહીં જ પામે છે. ૨૦.

તમે તો અનાદિકાળથી અમારા છો અને અમે તમારા ગુરુ છીએ. આ ગુરુ-શિષ્ય ભાવને છોડવો તે ઠીક નથી. હું તમને ઝાઝું કહેતો નથી." ૨૧. ત્યારે કચેરીમાં જે લોકો બેઠા હતા તે બધા જ બોલ્યા કે, "આ તમારા અનાદિ ગુરુ છે. તેને ક્યારેય છોડવા જોઈએ નહિ. ૨૨. તમે જે જે વ્યસન છોડી દીધાં. તે વ્યસન હવે અમારાથી કેમ રખાશે ? માટે હવે ગુરુ કહે તેમ કરો. તેમાં તમને કાંઈ દોષ લાગશે નહિ. ૨૩. જેટલો દોષ હોય તેને ગુરુ લઈ લે છે, એટલે તમને દોષનો ભય રહેશે નહિ. દોષના ભયને માટે તો ગુરુ કરીએ છીએ. એ ગુરુ જ આપણો ઉદ્ધાર કરતા હોય છે. ૨૪. જે રીતે ગુરુ પ્રસન્ન થાય તે રીતે આપણે વારંવાર કરવું જોઈએ; એટલો જ શિષ્યનો ધર્મ છે, તેમાં કોઈ ફેર ન રાખવો. ૨૫. નિષ્કપટ થઈને શિષ્ય જેવા ભાવ સાથે સેવા કરે છે તે ભાવ પ્રમાણે તેને તેવું ફળ મળે છે." ૨૬.

પછી ચેલા ખાચરે પોતાના ગુરુને કહ્યું, "આ જીવને માથે અનંત જન્મનાં કેટલાય પાપ રહ્યાં છે. ૨૭. આ મનુષ્યદેહમાં કોઈ સાચા ગુરુ મળી જાય તો તેનાથી તે બધાં પાપ છૂટી જાય છે. હવે તમે મને સાચા ગુરુ બતાવો. ૨૮. જેટલી સાચી વાત હોય છે તેને સહુ સ્વીકારે છે. સાચામાં વગર કર્યે સહજ સ્વભાવે પ્રેમ થાય છે. ૨૯. હરેક પાત્રમાં કાંઈ ને કાંઈ ફરક હોય છે. બધાં જ પાત્ર એકસરખાં કહેવાતાં નથી. નામથી ભલે એક દેખાતા હોય, પણ તેનાં મૂલ્યમાં ઘણો ફરક રહે છે. ૩૦. પાત્ર તો માટીના, તાંબા, પિત્તળ, ચાંદી અને સોનાનાં પણ હોય છે. તે બધાનું એકસરખું મૂલ્ય હોતું નથી. ૩૧. જેમાં જેટલો ધર્મ રહ્યો હોય તે ગુરુ તેવા મોટા કહેવાય છે અને જેટલા ધર્મ વગરના ગુરુ છે તે તો ગધેડા જેવા છે. ૩૨.

(હવે કચેરીને ઉદ્દેશીને કહે છે) જેટલા લોકો મોક્ષના ખપવાળા છે તે બધા આવું સમજે છે. અમે અને તમે બધા એક નાતના છીએ. નાતની

મોબત અધિક રહે છે. ૩૩. અમારામાં જેટલી બાબત હોય છે તેટલી બાબત તમારામાં પણ હોય છે. તેથી જો હું તમારો ત્યાગ કરું તો તમારે મનમાં દુઃખ માનવું. ૩૪. સ્વામિનારાયણમાં અને આ જગતના જે ગુરુ કહેવાય છે તેમાં રાત-દિવસ જેટલો ફરક છે. તે તેના પ્રતાપ ઉપરથી દેખાઈ આવે છે. ૩૫. સ્વામિનારાયણના શિષ્યનું જ્યારે મરણ થાય છે ત્યારે અંતસમયમાં મરનારાને સ્વામિનારાયણનાં દર્શન થાય છે. તે ગામે ગામ અને ઠામે ઠામ સાંભળતા રહીએ છીએ. ૩૬. અથવા તો તેમના સંતો કે હરિભક્તોનાં છેલ્લે દર્શન થાય છે. બીજા ગુરુ કરતાં સ્વામિનારાયણમાં આટલી અધિક વિશેષતા છે તે મેં કહી બતાવી. ૩૭. સ્વામિનારાયણમાં મોક્ષરૂપ બધો ધર્મ તથા ભક્તિની યથાર્થ રીત, વૈરાગ્ય અને જ્ઞાન આ બધું નિશ્ચિતપણે છે. ૩૮. સત્સંગ સિવાયના જેટલા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન છે તે બધા પેટ ભરવાનું સાધન છે. ૩૯. જે કુસંગીઓ છે તે સ્ત્રી અને ધનને મોક્ષ માને છે પણ હરિભક્તો તેને કુસંગ કહે છે. અથવા આવી હરિભક્ત અને કુસંગીની રીત જુદી છે, તે કહી.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “ચેલા ખાચર સત્સંગી થયા પછી તેના ગુરુ અને જ્ઞાતિના લોકોની સાથે વાત” એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૩

ચેલા ખાચરની ઊંચી સમજણ છતાં કુસંગરૂપ વ્યસનથી પરાભવ થયો

ચેલા ખાચરે ફરીવાર પોતાના ગુરુ આગળ કહ્યું કે, “જ્યાં સુધી મનુષ્ય સત્સંગી થાતો નથી ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. ૧. સંસારના બંધનથી છૂટવાને માટે આખું જગત સ્વામિનારાયણને ગુરુ કહે છે, તે હું જાણું છું. ૨. જે ધર્મભ્રષ્ટ લોકો છે તે ધર્મભ્રષ્ટ ગુરુને પ્રભુ કરીને માને છે, પણ તેઓ તો નારકી થાય છે. ૩. વેદ અને પુરાણો ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ છે. તેને તે લોકો કલ્પિત કહે છે. ૪. વર્ણાશ્રમના ધર્મની રીત ઘણી અનુપમ છે. તે રીતમાં ચાલવાથી મનુષ્ય તરત ભવસિંધુને તરી જાય છે.

સિદ્ધપુરુષનું એક વચન હોય તે જેવું ધારે છે તેવું સિદ્ધ થાય છે. ૫. તેના વચનમાં જેને વિશ્વાસ નથી એવા વિમુખ માણસો વચનભંગનો ભય રાખતા નથી. તેના વચનભંગનો ભય રાખીને જેટલા ચાલે છે તેટલા તે સંસારને તરી જાય છે. ૬.

તેમનાં વચન અને વેદ-પુરાણ એક જ છે, પણ જુદા નથી. ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે તે ભગવાન ચાહે તેટલા સમર્થ હોય, તોપણ પોતાનાં જેટલાં પ્રાચીન વચન છે તે વચનરૂપ કાયદાનો લગાર પણ લોપ કરતા નથી. શાસ્ત્રની રીત અને ભગવાનની રીત તથા સંતો-હરિભક્તોની રીતમાં જે નથી સમજતા તે વેદ અને પુરાણ ભણ્યા તોપણ શું ? ભણ્યા તે બધું ન ભણ્યા બરાબર છે. જ્યારે રીતમાં ચાલે ત્યારે જ ભણ્યા કહેવાય. ૭-૯. મને સ્વામિનારાયણે આવી વાતો કરી છે અને તેમાંથી મેં આટલી યાદ રાખી છે. જ્યારે અંતઃકરણ શુદ્ધ વર્તતું હોય ત્યારે રજોગુણ, તમોગુણ રહેતા નથી. ૧૦. તે વખતે જ્યારે આવી બાબતનો વિચાર કરવામાં આવે છે ત્યારે ભગવાન છે એવો નિર્ધાર થાય છે. તેમની વાતના પ્રતાપમાં તેઓ ભગવાન છે તેમ દેખાઈ આવે છે. ૧૧.

ભગવાનની વાતમાં જે પ્રતાપ રહ્યો છે તેને જે નથી જાણતા તે એમને પોતા સમાન દેખે છે. જ્યાં સુધી ભગવાનને પોતાના જેવા સામાન્ય દેખે છે ત્યાં સુધી તે ભગવાનને ભગવાનના રૂપમાં જાણતો નથી. અને ત્યાં સુધી તે સંસારમાં વારંવાર ભટકતો રહે છે. ૧૨-૧૩. જે કુટીલ સ્વભાવના મનુષ્યો છે તેને સંસારના ભટકણનો ત્રાસ ક્યારેય હોતો નથી. તેથી તેને તે સંસારનું ભ્રમણ છૂટતું નથી. ૧૪. પરંતુ જે હરિભક્ત થયા હોય છે તેમને સંસારના ભટકણનો ભય રહેતો નથી. તે તો વગર પ્રયાસે સંસારરૂપી સાગરને સહજ ભાવે તરી જાય છે. ૧૫. જે જેટલા કુટીલ હોય છે તે ધર્મ પાળતા નથી અને હરિભક્તનો દ્રોહ કરે છે. તે તો અનાદિકાળના અસુર છે. ૧૬.

જેટલા લોકો પોતાનો ધર્મ પાળી શકતા નથી, પરંતુ જો તેઓ પોતે પોતાનો જ દોષ લે છે અને બીજા હરિભક્તના અપાર ગુણ ગાય છે તે દેવતાઓ કરતાં પણ વારંવાર અધિક-શ્રેષ્ઠ છે. ૧૭. આમ જે જાણે છે તે

દૈવી મનુષ્ય છે અને તે ક્યારેક મોક્ષને માર્ગે ચઢશે. જેટલો હરિભક્તના ઉપર ભાવ રહે છે તેટલો તે મોક્ષને માર્ગે ચઢી રહ્યો છે. ૧૮. જે હરિભક્તને જેવા જાણે છે તેનું અંતર તેવું થઈ જાય છે."

પછી ચેલા ખાચરના ગુરુ ધૂણવા લાગ્યા. અને ત્યારે તે બોલ્યા કે, ૧૯. "હું અને દાનાભક્ત, તે સ્વામિનારાયણના મતનો અને ટોપીવાળા (અંગ્રેજના)ના રાજ્યનો વિનાશ કરવા અત્યારે થયા છીએ." ૨૦. ત્યારે જેટલા મૂર્ખ લોકો હતા તે બધા તે વાતને સત્ય માનવા લાગ્યા. પરંતુ ચેલા ખાચર બોલ્યા કે, "અત્યારે સ્વામિનારાયણનો વિનાશ કરે તેવો ભૂમિ ઉપર કોઈ નથી. જેટલા એમનું ઉત્થાપન કરવા ધારે છે તે બધા પોતે જ ઊડી જાય છે. ૨૧-૨૨. ચાહે તેવા પતંગિયાં હોય તે અસંખ્ય ભેગા થઈને આગને ઓલવવા માટે જાય, પણ આગની આગળ તેના શા લેખા ? ૨૩. આગમાં જેમ ઘાસ બળી જાય છે તેમ આગને ઓલવવા જનારા પતંગિયાનો નાશ થઈ જાય છે. ટોપીવાળાનું રાજ્ય તો મોટાના સંકલ્પથી ચારેય ધામ સુધી થઈ ગયું છે.

તેમાં જે કાંઈ અન્યાય ચાલતો હતો તેને તે નીતિ ઉપર ચલાવે છે. અને તે મોટા પુરુષને રુચે છે. ૨૫. **મોટાને નીતિ ગમે છે, અનીતિ ગમતી નથી. અને જેને અનીતિ ગમે છે તેમાં મોટાઈ રહેતી નથી. ૨૬.** જે ટોપીવાળા છે તે જ્યાં સુધી નીતિ ઉપર બરોબર ચાલશે ત્યાં સુધી તેની કીર્તિ અધિક વધતી રહેશે. ૨૭. જ્યારે ટોપીવાળાને દ્રવ્યમાં વધારે લોભ થશે ત્યારે કાયદા કરીને ધનાઢ્ય લોકોને ઠગશે. ૨૮. ટોપીવાળામાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ લોકો હોય છે. જે કનિષ્ઠ કક્ષાના છે તે ન્યાય બતાવીને ધનવાનો ઠગવામાં દોષ માનતા નથી. ૨૯. આપણે જે કાંઈ કરીએ છીએ તે બધું પરમેશ્વર જાણે છે. માટે જેમ પરમેશ્વર રાજી થાય તેમ જ જોઈ વિચારીને કાંઈ પણ કાર્ય કરવું જોઈએ. આવું જેનું વર્તન હોય તે ટોપીવાળા ઉત્તમ પ્રકારના કહેવાય છે. તેવા શાસકો પ્રજાને અપાર સુખી દેખીને પોતે પણ ઘણા ખુશી થાય છે. ૩૧. પ્રજાને જે કોઈ દુઃખ દે છે તેની તપાસ કરીને પ્રજાને દુઃખ ન થાય તે રીતે દુઃખ દેનારાને કેદ કરી લે છે. ૩૨. કેદમાં કર્યા પછી પણ જો કોઈ પ્રજાને દુઃખ દે તો તેના જેટલા ગામ, ગરાસ, તન, ધન જે કાંઈ હોય તેને કબજે કરી લે છે. ૩૩.

કોઈ કરોડોનું ધન આપે, તોપણ ઉત્તમ શાસકો તેની લાંચ ક્યારેય ખાતા નથી; આવા ટોપીવાળાનો વિનાશ કોણ કરી શકે ? ૩૪. પ્રજાને સુખી કરવાની રીત ઉપર ચાલતા હોય તેમાં પણ કોઈ વિષમ દેશકાળે કરીને બુદ્ધિ જરૂર વિષમ થઈ જાય છે. ૩૫. પછી જ્યારે કોઈ મોટા તેના ઉપર કુરાજી થાય એવી ક્રિયા તેનાથી બની આવે ત્યારે ધીરે ધીરે તેની કીર્તિનો નાશ થઈ જાય છે. ૩૬. મોટાઈ અને તુચ્છતા વર્તનમાં રહી હોય છે. તે સદ્‌બુદ્ધિવાળાને દેખાઈ છે. કુબુદ્ધિવાળાને દેખાતું નથી. ૩૭. કોઈનું સ્થાપન અને ઉત્થાપન તેનું વર્તન કરી દે છે. તે વર્તન સિવાય બીજાથી તે થતું દેખાતું નથી. ૩૮. અંતર્યામી પરમેશ્વર જેનું જેવું વર્તન હોય તેને દેખતા રહે છે અને તે પ્રમાણે તેને ફળ આપે છે.” ૩૯. પછી જે કચેરી મળી હતી તેણે ચેલા ખાચરને જ્યારે દારૂ પાયો ત્યારે તે ગુરુ પ્રસન્ન થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “ચેલા ખાચરની ઊંચી સમજણ છતાં કુસંગરૂપ વ્યસનથી પરાભવ થયો” એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૪

શ્રીહરિ સારંગપુરથી ગઢપુર ગયા અને ત્યાંથી પાછા કારિયાણી પધાર્યા

શ્રીહરિ સારંગપુરમાં સંતોએ સહિત ઘણા દિવસ રહ્યા. આ ઘણી દુર્લભ વાત હતી. ૧. તે દિવસોમાં દીનાનાથ ભટ્ટ સારંગપુરમાં શ્રીહરિની સાથે ચાર માસ રહ્યા, પરંતુ તેઓ નિરુત્સાહ હતા. ૨. પંદર વર્ષથી તેમને સત્સંગનો યોગ થયો હતો. મોટા મોટા સંતોનો સમાગમ પણ થતો રહેતો હતો. ૩. શ્રીહરિને ભગવાન જાણતા હતા, તોપણ તેનું અંતર ઉથડક રહેતું હતું. અને તેથી તેના હૃદયમાં ઉદ્વેગ રહ્યા કરતો હતો. ૪. જ્યારે શ્રીહરિએ તેમને નરનારાયણરૂપે દર્શન દીધું ત્યારે શ્રીહરિના પૂર્ણ પુરુષોત્તમપણામાં એક રતીભાર પણ સંશય રહ્યો નહિ. ૫. શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં પણ તેમના અલૌકિક રૂપને દેખ્યા વિના એમનું મન નિરુત્સાહ રહેતું હતું. પણ

તે વાત કોઈને કહી શકતા નહિ. ૬. તે વાતને તેઓ મનમાં દાબી રાખતા. અલૌકિક સ્વરૂપના દર્શનની મનમાં ઈચ્છા રહ્યા કરતી. પછી શ્રીહરિએ તેના મનની વાત જાણીને હેતથી સ્વપ્નમાં દર્શન દીધાં. ૭. કહેવામાં તો તે સ્વપ્ન હતું, પરંતુ સ્વપ્નમાં જાગ્રત અવસ્થા અનુભવાણી. તેમાં પ્રથમ શ્રીહરિને મનુષ્યરૂપે જેવા જોયા હતા તેવા દેખાયા. ૮.

તે શ્રીહરિની મૂર્તિએ ભટ્ટના ભાવને દેખીને પહેલા તો નર અને નારાયણ એ બે ચતુર્ભુજ સ્વરૂપ દેખાડ્યા. ૯. નરનારાયણ શંખ, ચક્ર, ગદા અને પદ્મ જેવા દિવ્ય આયુધને ધારી રહ્યા હતા. મસ્તક ઉપર ભારે મુગટ ધાર્યો હતો. તે પરમ સુખકારી તેજોમય સ્વરૂપ હતું. ૧૦. જેટલા અલંકાર અને વસ્ત્ર પહેર્યાં હતાં તે બધાં તેજોમય દેખાતાં હતાં. મુખ ઉપર મંદ મંદ હાસ્ય હતું. ન કહી શકાય તેવી શોભા હતી. ૧૧. ઉદ્ધવજી અને નારદજી તેમની સાથે હતા. ભટ્ટજીને જ્યારે આવાં દર્શન થયાં ત્યારે ભગવાન શ્રીનારાયણે તેમને કહ્યું, ૧૨.

❋ અવતારીના અવતારીપણાનું નિરૂપણ :

दोहा : श्रीहरि ताकी मूर्ति जोउ, मनुष्य रूप रहेउ;
चाय तेसे करत हि यह, चरित्र रहेउ तेउ...१३
श्रीहरि ताकी मूर्ति महिं, अवतार हि अपार;
रहायेउ न पार तेही, जानना इमि निरधार...१४
सोरठा : हरि की मूर्ति हि ताके, एक एक हरि रोम प्रति;
अनंत हि जो वाके, ब्रह्मांड रहे निवास कर...१५
भव रु ब्रह्मा जेसे, ऐश्वर्य चरित्र हि इनके;
थाह न लहत तेसे, अक्षर कु अगम हि रहेउ...१६

"શ્રીહરિની જે આ પ્રગટ મનુષ્યરૂપ મૂર્તિ છે તે ચાહે તે કરે પણ તે બધાં દિવ્ય ચરિત્રો જ છે. ૧૩. આ શ્રીહરિની મૂર્તિમાં અપાર અવતારો રહ્યા છે. અર્થાત્ તે તો સર્વાવતારી પુરુષોત્તમ પોતે છે તેમ તમારે ચોક્કસ સમજવું. ૧૪. શ્રીહરિની મૂર્તિનાં એક એક રોમમાં અનંત બ્રહ્માંડો નિવાસ કરીને રહ્યા છે. ૧૫. શ્રીહરિનાં ઐશ્વર્ય અને ચરિત્રોનો પાર ભવ અને બ્રહ્મા જેવા પણ લઈ શકતા નથી. અરે ! અક્ષરને માટે પણ તે અગમ્ય છે. ૧૬.

શુકદેવજી, સનકાદિકો, નારદજી, વ્યાસજી તથા વાલ્મીકિ જેવા કવિઓ અને શેષ, શારદા જેવા દેવો પણ આજ સુધી તેમનો મહિમા કહી રહ્યા છે. આવા મોટા મોટા પણ તેમના મહિમાને કહેતા કહેતા તેનો અંત લઈ શક્યા નથી. ત્યારે એવા આ શ્રીહરિની મૂર્તિની આગળ પંડિતજી, તમારા શા લેખા ? કેમ જે, આ શ્રીહરિની મૂર્તિ એવી જ અકલ્પ્ય છે. ૧૭-૧૮. અમાપની જેટલી વાત હોય તે અમાપ જ હોય છે. તે કોઈના માપમાં આવતી નથી. જે તેનું માપ કરીને ગમે તેમ કહેવા લાગે તો તે અત્યંત તુચ્છ બુદ્ધિવાળો છે. સહુ મોટાની આવી સમજણ રહી છે."

જ્યારે ભગવાન શ્રીનારાયણે આમ કહ્યું ત્યારે દીનાનાથ ભટ્ટને શ્રીહરિની બાબતમાં અમાપપણું દેખાયું. જ્યારે આવો અનુભવ થયો ત્યારે ભટ્ટની બુદ્ધિ સરળ થઈ ગઈ. પછી જ્યારે સ્વપ્નમાંથી જાગ્રત થયા અને સવાર થયું ત્યારે શ્રીહરિની પાસે આવીને પગમાં પડ્યા અને શ્રીહરિને કહ્યું કે, "આજ મને સ્વપ્નમાં અલૌકિક વાત દેખવામાં આવી છે. ૧૯-૨૨. પહેલા તો આપની જેવી મૂર્તિ છે તે દેખાણી. પછી જેવા નરનારાયણ છે તેવા ચતુર્ભુજરૂપે દેખાયા. ૨૩. ઉદ્ધવજી અને નારદજી તેમની સાથે હતા. એવાં અદ્‌ભુત દર્શન મને થયાં. તેમણે આપનો અપાર મહિમા કહ્યો. તેથી મને આપમાં રહેલી અપાર વાતો દેખાઈ આવી છે. ૨૪. હવે મારા મનમાં જે કુતર્ક રહ્યા હતા તે બધા મટી ગયા છે અને કોઈ જાતનો સંશય રહ્યો નથી. ૨૫. આપ જે રીતે કહો છો તે રીતે બધું જ પ્રમાણભૂત છે. કેમ જે, આપ તો સાક્ષાત્ ભગવાન છો. આપની આગળ મારી બુદ્ધિ શા લેખામાં ?" ૨૬.

પછી શ્રીહરિએ ઘણા હેતથી ભટ્ટજીને કહ્યું, "અમને તે નરનારાયણ દેવ બહુ ગમે છે. અમે જેમ કહીએ તેમ તે કરે છે. ૨૭. અને અમારા અંતર્યામી અમને જેવી પ્રેરણા કરે છે તેમ તેને આ લોકથી અધિક દેખીને અમે કરીએ છીએ. ૨૮. **જીવને એક અંતર્યામીની સાથે જ સંબંધ રહે છે. બીજા જેટલા સંબંધ દેખાય છે તે એક પણ સંબંધ રહેતા નથી. ૨૯. જીવ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારનાં જે કર્મ કરે છે તેને અનુસારે જેમ ઘટે તેમ અંતર્યામી પરમેશ્વર જીવને શરીર આપે છે.** જે જીવ ભગવાનને પ્રસન્ન કરી

લે છે તેને ભગવાન ફરી શરીર ધારણ કરાવતા નથી. તે અંતર્યામી પરમેશ્વર જ્યારે મનુષ્યશરીરને ધારણ કરે છે ત્યારે જીવો તેમને રાજી કરી શકે છે. તેમાં પણ જે ભગવાનને પામવાની તીવ્ર ઈચ્છાવાળા જીવ હોય છે તેને પરમેશ્વર મળે છે. કારણ કે, એવા ભગવાનના અતિશય ખપવાળા જીવોને માટે જ પરમેશ્વરે મનુષ્યશરીર ધારણ કર્યું હોય છે. ૩૦-૩૨.

चोपाई :

अपार चरित्र करत तब ताई, अमायिक तेहि सब हि रहाई;
अमायिक जानि गावत जेते, अमायिक होई जावत तेते...३३

અને ત્યારે તે પરમેશ્વર જે અપાર ચરિત્રો કરે છે તે બધાં અમાયિક-દિવ્ય જ હોય છે. તેથી તે તમામ ચરિત્રોને દિવ્ય જાણીને જે ગાય છે તે પણ પોતે અમાયિક-દિવ્ય થઈ જાય છે. ૩૩. જે માણસ ભગવાનનાં દિવ્ય ચરિત્રોને જેટલા માયિક જાણે છે તેટલો તે મનુષ્ય માયિક રહે છે. જેને સંસારથી છૂટવાનો ભાવ ઉદય થાય છે તેની મતિ શુદ્ધ થઈ જાય છે. જ્યારે મતિ શુદ્ધ થાય છે ત્યારે તેને સત્સંગની વાત ગમે છે. શ્રીહરિ સારંગપુર જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ આવી રીતની વાત કરતા હતા. ૩૪-૩૫.

જ્યારે મધરાત થઈ અને ચંદ્રોદય થયો ત્યારે શ્રીહરિ સારંગપુરથી ચાલ્યા અને **ગઢપુર** આવ્યા. ૩૬. શ્રીહરિ ગઢપુરમાં ત્રણ દિવસ રહ્યા અને પછી હરિભક્તોનું હિત કરવા **કારિયાણી** ગામમાં આવ્યા. ૩૭. તે આખું ગામ હરિભક્ત હતું. સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. જેટલાં વાજિંત્ર લાવ્યાં હતાં તે બધાં વગાડવાં લાગ્યાં. ૩૮.શ્રીહરિને ગામમાં પધરાવ્યા તે સમયે કેટલાક સંતો પણ સાથે હતા. તે સમયે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૩૯. બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું. પછી **વસ્તા ખાચર**ના દરબારમાં આવીને ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “શ્રીહરિ સારંગપુરથી ગઢપુર ગયા અને ત્યાંથી પાછા કારિયાણી પધાર્યા” એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૫

કારિયાણીનું પહેલું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) ભાદરવા સુદિ દ્વાદશીને દિવસ શ્રીહરિ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન થયા હતા. ત્યાં સુરતના ઘણા સારા હરિભક્ત જાદવજીભાઈ નામે વણિક છપરપલંગ લાવ્યા હતા, તે બિછાવ્યો હતો. ૧-૩. તેમાં રેશમનું ગાદલું ધોળા ઓછાડે સહિત બિછાવ્યું હતું. અને તેના ઉપર શ્વેત તકિયો તથા લાલ મશરૂનાં બે ઢીચણિયાં મૂક્યાં હતાં અને તે પલંગની ચારેબાજુ સોનેરી સેજબંધ શોભાદાર દોરા લટકતા હતા. એવી શોભાયે યુક્ત પલંગ ઉપર ધર્મકુમાર શ્રીજીમહારાજ ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા. તેની એટલી સુંદર શોભા થઈ હતી કે જે કહી શકાતી નથી. ૪-૬. તે વખતે પ્યારા પ્રભુએ સોનેરી છેડાની શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી. સોનેરી છેડાવાળું સુંદર શેલું ઓઢ્યું હતું અને તે વખતે કાળા છેડાનો શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે શ્રીહરિના મુખારવિંદરૂપ પરમ અનુપમ ચંદ્રમાની સામે ચકોરની જેમ સંતો તથા સર્વે ભક્તજનો એકીટશે જોઈ રહ્યા હતા. ૭-૧૦.

❋ બુદ્ધિ તથા જીવમાં થયેલ ભગવદ્‌નિશ્ચયનું વર્ણન :

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા કે, "માંહોમાંહી જેને જેવા ઉપજે તેવા પ્રશ્ન-ઉત્તર કરો." ૧૧. ત્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળા ભૂધરાનંદસ્વામીએ ભણનારા મોટા શિવાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ૧૨. "ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય દઢપણે કરીને થાય છે. ૧૩. તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે ? આ પ્રશ્ન છે, તેનો ઉત્તર તમે કરો." ૧૪. પછી તે પ્રશ્નનો ઉત્તર શિવાનંદસ્વામી કરવા લાગ્યા, પણ યથાર્થ ઉત્તર થયો નહિ.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે સહુ સંતસમાજ એક ધ્યાન રાખીને સાંભળો. ૧૫-૧૬. આ જીવ છે તે બુદ્ધિએ કરીને જાણે છે અને તે

બુદ્ધિ છે તે સર્વ જ્ઞાનનું કારણ છે. ૧૭. તેથી તે બુદ્ધિ સહુથી મોટી કહેવાય છે. માટે તે બુદ્ધિ મનને વિષે રહી છે, ચિત્તને વિષે રહી છે અને અહંકારને વિષે રહી છે. તેમજ શ્રોત્રને વિષે રહી છે, ચક્ષુને વિષે રહી છે, ઘ્રાણને વિષે રહી છે, જીહ્વાને વિષે રહી છે, ત્વચાને વિષે રહી છે અને વાણીને વિષે રહી છે. હાથને વિષે રહી છે, પગને વિષે રહી છે, શિશ્નને વિષે રહી છે અને ગુદાને વિષે રહી છે. આવી રીતે બુદ્ધિ નખથી શિખા પર્યંત આખા શરીરમાં વ્યાપીને રહી છે.

અને તે બુદ્ધિને વિષે જીવ રહ્યો છે. ૧૮-૨૨. પણ તે જીવ જણાતો નથી. એકલી બુદ્ધિ જ જણાય છે. ત્યાં એક દૃષ્ટાંત કહીએ છીએ, જેનાથી જીવ જણાય આવે છે. ૨૩. જેમ અગ્નિની જ્વાળા વાયુએ કરીને વધતી-ઘટતી રહે છે. તે અગ્નિની જ્વાળા વધતી-ઘટતી દેખ્યામાં આવે છે. ૨૪. પણ વાયુ કાંઈ દેખાતો નથી, એકલી જ્વાળા દેખાય છે. તે વાયુને ઠેકાણે જીવ છે અને જ્વાળાને ઠેકાણે બુદ્ધિ કહેવાય છે. ૨૫.

અને જેમ અગ્નિને લઈને છાણા ઉપર મૂકીએ ત્યારે છાણું સળગવા લાગે પછી તેને જ્યાં વાયુ ન હોય ત્યાં મૂકીએ તો ધુમાડો ઊંચો ચઢે છે. તે ધુમાડો ઊંચો ચઢતો દેખાય છે પણ તેમાં વાયુ ક્યારેય દેખાતો નથી. જેમ તે ધુમાડો જ દેખાય છે તેમ બુદ્ધિ જ દેખાય છે. (પણ તેમાં રહેલો જીવ દેખાતો નથી.) ૨૬-૨૮. વળી, જેમ આકાશમાં વાદળાં ચાલતાં દેખાય છે. તે વાયુએ કરીને ચાલે છે, પણ તેમાં રહેલો વાયુ દેખાતો નથી. ૨૯. આ રીતે જ્વાળા, ધુમાડો અને વાદળને ઠેકાણે તો બુદ્ધિ રહી છે તે સહુથી અધિક દેખ્યામાં આવે છે તથા વાયુના ઠેકાણે જીવ રહ્યો છે તે જાણ્યામાં આવતો નથી. ૩૦.

તે જીવ કેવો છે ? તો બુદ્ધિએ કર્યો જે નિશ્ચય તેને જાણે છે, પણ તે બુદ્ધિમાં રહ્યો જે જીવ તે દેખાતો નથી. ૩૧. અને બુદ્ધિમાં નિશ્ચયની વિક્તિના કરનારા જે બ્રહ્મા તેને પણ જાણે છે. અને મનના સંકલ્પને જાણે છે અને મનના સંકલ્પની વિક્તિના કરનારા ચંદ્રમાને પણ જાણે છે. અને ચિત્તના

ચિંતવનને જાણે છે અને તે ચિત્તના ચિંતવનની વિક્તિના કરનારા વાસુદેવને પણ જાણે છે. અને અહંકારની અહંમતિને જાણે છે અને તે અહંમતિની વિક્તિના કરનારા રુદ્રને પણ નિશ્ચિત જાણે છે. ૩૨-૩૫.

એવી રીતે ચાર અંતઃકરણ અને દસ ઈન્દ્રિયો, તેના જે વિષય અને તે વિષયની વિક્તિના કરનારા જે દેવતા તે બધાને એકકાલાવચ્છિન્ન જાણે છે. ૩૬-૩૭. એવો જે જીવ તે એકદેશસ્થ જાણ્યામાં આવે છે. અને બરછીની અણી જેવો તીખો જણાય છે અને અતિશય સૂક્ષ્મ જણાય છે, તે બુદ્ધિએ સહિત છે, માટે એવો સૂક્ષ્મ જણાય છે. બુદ્ધિ વિના તે ક્યારેય દેખાતો નથી. ૩૮-૩૯. પણ જ્યારે આ જીવને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને વિષય એ સર્વેના પ્રકાશકપણે કરીને જાણીએ ત્યારે તો જીવ બહુ મોટો દેખાય છે અને વ્યાપક જણાય છે. તે બુદ્ધિએ રહિત દેખાય છે. આમ તે જીવ અનુમાને કરીને જે રીતે રહ્યો છે તેવો દેખ્યામાં આવે છે પણ જેમ છે તેમ સાક્ષાત્કાર દેખ્યામાં આવતો નથી. ૪૦-૪૨.

ત્યાં દૃષ્ટાંત કહે છે, તેણે કરીને તે જેવો છે તેવો જણાઈ આવે છે. જેમ કોઈક દસ મણની તલવાર હોય, તેને જોઈને મનુષ્ય તેનું અનુમાન કરે છે કે, આવી તલવારને ઉઠાવનારો બહુ મોટો હશે. **તેમ જે આ જીવ છે તે દેહ, ઈન્દ્રિયાદિક બધાને એક કાળે પ્રકાશે છે. તેણે કરીને જીવ બહુ મોટો જણાય છે. આવી રીતે અનુમાને કરીને જણાય છે."** ૪૩-૪૫. એ રીતે આ પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજે કર્યો.

ત્યારે નિત્યાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, "હે મહારાજ ! આપે જે આ ઉત્તર કર્યો તેમાં કાંઈ સમજાયું નહિ કે ઉત્તર શું થયો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એમાં તો એ ઉત્તર થયો જે, **જ્યારે પ્રથમ બુદ્ધિમાં નિશ્ચય થયો ત્યારે જીવમાં નિશ્ચય થઈ ગયો એમ તમારે જાણવું.** ૪૬-૪૮. હવે તે કેવી રીતે થાય છે ? તેની વિગત કહીએ છીએ. પહેલા ઈન્દ્રિયોમાં નિશ્ચય થાય છે. ૪૯. પછી અહંકારમાં નિશ્ચય થાય છે અને તે પછી ચિત્તમાં નિશ્ચય થાય છે. અને પછી મનમાં નિશ્ચય થાય છે. અને તે પછી બુદ્ધિમાં નિશ્ચય થાય

છે. ૫૦-૫૧. અને ત્યાર પછી જીવમાં નિશ્ચય થાય છે; આવો તે નિશ્ચય અત્યંત દૃઢપણે કરીને થાય છે.” એમ શ્રીજીમહારાજે કહ્યું. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “કારિયાણીનું પહેલું વચનામૃત ચાલું કહ્યું” એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૬

કારિયાણીનું બાકીનું પહેલું વચનામૃત પૂરું

જ્યારે શ્રીહરિ વાત કરી રહ્યા ત્યારે વળી નિત્યાનંદસ્વામીએ બંને હાથ જોડીને શ્રીહરિને પૂછ્યું, ૧. “હે મહારાજ ! ઇન્દ્રિયોમાં ભગવાનનો નિશ્ચય હોય તે કેમ જણાય ? ૨. અને અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? તથા જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? તે યથાર્થ રીતે આપ કહો.” ૩. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા અને બધા સંતો સાંભળવા લાગ્યા તે વાત હવે હું કહું છું જે, ૪. “ઇન્દ્રિયોમાં જે નિશ્ચય થાય છે તેની રીત કહું છું. આ જગતને વિષે જે જે પદાર્થ છે તે દીઠામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં કે અડ્યામાં આવે છે તેમાં કેટલાક શુભ હોય છે અને કેટલાક અશુભ હોય છે. ૫-૬. કેટલાક સુખરૂપ હોય છે અને કેટલાક દુઃખરૂપ હોય છે, કેટલાક અપાર પ્રિય લાગે છે અને કેટલાક અપાર અપ્રિય લાગે છે તેમજ કેટલાક યોગ્ય હોય છે અને કેટલાક અયોગ્ય હોય છે. તે સર્વે ભાવ ભગવાનમાં દેખ્યામાં આવે, તોપણ મનમાં તેણે કરીને કોઈ સંશય ન થાય. ત્યારે કોઈ રીતે ડગાવ્યો ડગે નહિ એવો ઇન્દ્રિયોમાં નિશ્ચય થયો છે તેમ જાણવું. ૭-૯.

અને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણના જે કાર્ય છે તેમાં જે આળસ, નિદ્રા આદિક છે તે તમોગુણનું કાર્ય કહેવાય છે. ૧૦. અને જે કામ, ક્રોધ ઇત્યાદિક છે તે રજોગુણનું કાર્ય કહેવાય છે. અને જે શમ, દમાદિક છે તે સત્ત્વગુણનું કાર્ય છે. ૧૧. એ સર્વે ભગવાનમાં દેખાય તોપણ કોઈ પ્રકારે સંશય ન થાય ત્યારે તેને અંતઃકરણમાં ભગવાનનો નિશ્ચય થયો તેમ જાણવું.

અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા અને પોતાના મુખમાં પાણો રાખ્યો. અને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોપણ તેની ખબર ન રહી. **આવી રીતે ગુણાતીત સ્થિતિ ભગવાનમાં જણાય, છતાં તેમાં ક્યારેય સંશય ન થાય ત્યારે તેને જીવમાં નિશ્ચય થયો જાણવો.** ૧૨-૧૬.

ત્યાં દૃષ્ટાંત છે : જેમ સમુદ્રમાં વહાણ ચાલે છે. તે વહાણમાં લોઢાનાં નાંગળ હોય છે. ૧૭. જ્યારે વહાણને રોકવાનું હોય ત્યારે લોઢાનાં નાંગળને સમુદ્રમાં નાખે છે. તે જો ધરતી સુધી ન પહોંચ્યું હોય અને તરત જો ખેંચી લેવામાં આવે તો ઝાઝો શ્રમ પડે નહિ, તરત જ નીકળી જાય. અને ધરતી સુધી તે નાંગળ જાય તો ખેંચે ત્યારે ઘણો શ્રમ પડે, તરત નીકળે નહિ. એમાં પણ જો ધીરે ધીરે કરીને જાવા દે અને ધરતી સુધી પહોંચી જાય તો પછી ધરતીમાં ખૂંતીને ભરાઈ જાય. પછી તેને ખૂબ ખેંચે તોપણ કોઈ પ્રકારે નીકળે નહિ. આ રીતે જેને જીવમાં દૃઢપણે કરીને નિશ્ચય થયો હોય તેનો ક્યારેય નાશ થાય નહિ.” આ પ્રમાણે શ્રીહરિએ ઘણી રીતે વાત કરી. જેનો પાર આવતો નથી. ૧૮-૨૨. અહીંયા તો જેટલી યાદ રહી તેટલી દિશમાત્ર લખી છે.

પછી મુનિવર ચૈતન્યાનંદસ્વામીએ પૂછ્યું જે, ૨૩. “હે મહારાજ ! ભગવાન તો મન વાણી થકી પર છે અને ગુણાતીત તથા અવિનાશી છે. તેને માયિક એવાં જે ઇન્દ્રિયો-અંતઃકરણ તે કઈ રીતે પામે ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આ દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને જાણનારો જીવ જ્યારે સુષુપ્તિમાં લીન થાય છે ત્યારે તેનાં સર્વે ઇન્દ્રિયો, અંતઃકરણ પણ સુષુપ્તિમાં લીન થઈ જાય છે. ૨૪-૨૭. ત્યારે તે સમયમાં આ જીવને ભગવાન જ પ્રકાશ આપે છે. અને જ્યારે ગાઢ સુષુપ્તિમાંથી સ્વપ્નમાં આવે છે ત્યારે તેને સ્વપ્ન સંબંધી જે સ્થાન, ભોગ, વિષય અને જીવ એ સર્વને ભગવાન જ પ્રકાશે છે. અને જાગ્રતમાં પણ ભગવાન જ પ્રકાશે છે. ૨૮-૩૦. એવી રીતે રૂપપણે કરીને અને અરૂપપણે કરીને રહ્યો જે જીવ તેને ભગવાન જ પ્રકાશે છે. અને પ્રધાનમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે અને તે

મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. અને તે અહંકારમાંથી ઈન્દ્રિયો, દેવતા, પંચભૂત અને પંચમાત્રા એ બધા થાય છે.

તેમને પણ પરમ કૃપાળુ અને સહુના પ્રતિપાળક એવા ભગવાન જ પ્રકાશે છે. અને એ સર્વ તત્ત્વ મળીને રચ્યો એવો જે વિરાટ, તેને પણ ભગવાન પ્રકાશે છે. આમ સર્વને ભગવાન જ્ઞાન આપે છે અને એ સર્વે જ્યારે માયામાં લીન થાય છે ત્યારે તે માયાને પણ ભગવાન પ્રકાશે છે. એવી રીતે એ જીવ અને ઈશ્વર બંને જ્યારે નામ અને રૂપપણે યુક્ત થાય છે ત્યારે ભગવાન જ પ્રકાશે છે. અને જ્યારે જીવ અને ઈશ્વર તે બંને નામરૂપે રહિત થકા સુષુપ્તિમાં અને પ્રધાનમાં લીન રહે છે ત્યારે પણ ભગવાન જ પ્રકાશે છે. ૩૧-૩૮. અને જે કાળ છે તે માયા આદિક તત્ત્વોને નામ-રૂપપણાને પ્રાપ્ત કરાવે છે. ૩૯. અને અરૂપપણાને પમાડે છે; એવો જે કાળ, તે કાળને પણ ભગવાન જ પ્રકાશે છે. એવા જે ભગવાન તે ઈન્દ્રિયો, અંતઃકરણે કરીને નિશ્ચિત કેમ જાણ્યામાં આવે ? એ તમારો પ્રશ્ન છે ને ? અમને તો આવું સમજાણું." ત્યારે બધા મુનિઓ બોલ્યા, "હે હરિ ! એ જ પ્રશ્ન છે." ૪૦-૪૨.

ત્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા કે, "આ પ્રશ્નનો જેમ ઉત્તર છે તેમ હવે અમે કહીએ છીએ. ૪૩. આગળ કહ્યા એવા જે સર્વ પ્રકાશક ભગવાન તે સહુથી સમર્થ છે. તેમને આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ કરવી તે કાંઈ તલભાર જેટલું પણ પોતાને અર્થે નથી. આ બધી વાત શ્રીમદ્‌ભાગવતમાં કહી છે.

बुद्धीन्द्रियमनः प्राणान् जनानामसृजत्प्रभुः।
मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च॥ *(ભા.:૧૦-૮૭-૨)*

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'સર્વે જનોના બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણને ભગવાને જ સર્જ્યા છે. શા માટે ? તો તે જીવને વિષયભોગ દેવા માટે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જવાને અર્થે તથા મોક્ષને અર્થે ભગવાને સર્જ્યા છે. ૪૪-૪૭. માટે ભગવાન આ જગતની ઉત્પત્તિ કરે છે તે પણ સર્વ જીવોના કલ્યાણને અર્થે કરે છે. ૪૮. અને સ્થિતિ કરે છે તે પણ જીવના

કલ્યાણને અર્થે વારે વારે કરે છે. ૪૯. અને જે પ્રલય કરે છે તે પણ જીવના કલ્યાણને અર્થે ફરી ફરીને કરે છે. ૫૦. કેમ જે, નાના પ્રકારની સંસૃતિએ કરીને થાક્યા એવા જે જીવ તેની પીડા જોઈને તેના વિશ્રામને અર્થે પ્રલય કરે છે. એવી રીતે ભગવાન સર્વ પ્રકારે જીવના હિતનું કરવા માટે જ પ્રવર્ત્યા છે. એવા જે ભગવાન તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે ત્યારે જે જીવ ભગવાનના સંતનો સમાગમ કરે છે. તે જીવના જાણ્યામાં ભગવાન કેમ ન આવે ? એ તો આવે જ." ૫૧-૫૪.આ રીતે શ્રીજીમહારાજે કહ્યું.

ત્યારે ભજનાનંદસ્વામીએ ચરણમાં મસ્તક નમાવીને પૂછ્યું, "હે અંતર્યામી મહારાજ ! આ શ્રુતિમાં તો એમ કહ્યું છે કે, ***'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'*** *(તૈ.ઉ.આ.૯/૧)* ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન મન થઈને મુખથી અમૃતમય વાણી બોલ્યા કે જે વાણી પહેલા ક્યારેય કાને સાંભળી નહોતી. શ્રીજીમહારાજે કહ્યું, "જેમ ભૂમિ આકાશમાં રહે છે, પણ આકાશના ભાવને નથી પામતી. અર્થાત્ આકાશરૂપ નથી થઈ જાતી. અને જળ આકાશમાં રહે છે, પણ આકાશના ભાવને લગાર પણ નથી પામતું. તે વાત સદાય નિર્ધારિત છે. ૫૫-૫૮. અને તેજ સદા આકાશમાં જ રહે છે, તોપણ આકાશના ભાવને પામતું નથી. ૫૯. અને વાયુ સદાય આકાશમાં રહ્યો છે, પણ આકાશના ભાવને પામતો નથી. ૬૦. આ રીતે મન-વાણી છે તે ભગવાનને પામતા નથી."

※ ભક્તના ઈન્દ્રિયાદિક ભગવદ્જ્ઞાને કરીને તદ્રુપ થાય છે :

તે વાત સાંભળીને નિત્યાનંદસ્વામીએ પૂછ્યું કે, "હે મહારાજ ! શ્રુતિ અને સ્મૃતિમાં જે આમ કહ્યું છે તે હું કહું છું. ૬૧-૬૨. **'निरंजनः परमं साम्यमुपैति'** *(મુંડક.૩/૧/૩)* **'बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः'** *(ગીતા.૪/૧૦)*

ત્યારે શ્રીજીમહારાજ નિત્યાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "પહેલા કહ્યું એ તો અમે અભક્તના મન અને ઈન્દ્રિયોનું કહ્યું છે. ૬૩-૬૪. પણ જે ભક્તનાં મન, ઈન્દ્રિયો તથા અંતઃકરણ છે તે તો ભગવાનને સાક્ષાત્કારપણે ચોક્કસ પામે છે. ૬૫. જેમ આકાશમાં રહી એવી જે પૃથ્વી તે પ્રલયકાળને

સમયે દેખાતી નથી, આકાશના ભાવને પામી આકાશરૂપ થઈ જાય છે. તે રીતે જળ પણ આકાશરૂપ થઈ જાય છે. ૬૬.

चोपाई :

इमि जेही भगवान जो तिनके, भक्त होत रहायेउ तिनके...६७
देह इंद्रियु अंतःकरण जेता, प्राण तेहि सब हि रहे तेता;
भगवान के ज्ञान हित करीता, भगवान के आकार रहीता...६८
दिव्य होई जात हि रहेऊ, दिव्य ताके जोग कर हि जेऊ;
दिव्य मूर्ति रहेउ भगवाना, ताके देह इंद्रियु हि प्राना...६९
अंतःकरण ताकी रीत जाही, दिव्य रहाये जिस विध ताही;
भक्त के देह इंद्रियु तीमी, अंतःकरण अरु प्राण हि ईमी...७०

અને તેજ પણ આકાશના ભાવને પામે છે. અને વાયુ પણ આકાશરૂપે થઈ જાય છે. એમ જે ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તે સર્વે ભગવાનના જ્ઞાને તથા હેતે કરીને ભગવાનને આકારે થઈ જાય છે. ૬૭-૬૮. **અને દિવ્યના યોગે કરીને દિવ્ય થઈ જાય છે. કારણ કે ભગવાન પોતે દિવ્યમૂર્તિ છે. એવા જે દિવ્ય ભગવાન, તેમનાં દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ જે રીતે દિવ્ય છે તે રીતે જ ભક્તનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ પણ દિવ્ય થઈ જાય છે.**

ત્યાં દૃષ્ટાંત છે : જેમ ભમરી ઈયળને પકડીને લાવે છે, તેને ચટકા ભરે છે અને તેના ઉપર ગુંજારવ કરતી રહે છે. તેણે કરીને તે ઈયળ તેને તે દેહે તદાકાર થઈ જાય છે. પણ કોઈ અંગ તલભાર ઈયળનું રહેતું નથી, ભમરી જેવી ભમરી જ થઈ જાય છે. તેમ ભગવાનનો ભક્ત પણ એના એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે. અમે જે આ વાત કરી તેનું હાર્દ-સારરૂપ રહસ્ય એ જ છે કે, ૬૯-૭૫. 'આત્મજ્ઞાને સહિત જે ભક્તિનિષ્ઠાવાળો ભક્ત છે તથા કેવળ ભક્તિનિષ્ઠાવાળો જે ભક્ત છે તે બંનેની એ ગતિ-પ્રાપ્તિ કહી છે. પણ કેવળ આત્મનિષ્ઠાવાળો જે કૈવલ્યાર્થી-બ્રહ્મલીન થવાની ઈચ્છાવાળો તેના દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણનું ભગવાનની મૂર્તિની સાથે તદાકારપણું કોઈ દિવસ થતું નથી. એ તો કેવળ બ્રહ્મસત્તાને પામે છે."

એમ વાર્તા કરીને મહારાજાધિરાજ શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા, ૭૬-૭૯. "હવે આટલી વાર્તા રાખો. કારણ કે, બધી સભા સુષપ્તિમાં હોય તેવી શૂન્ય થઈ ગઈ છે. ૮૦. માટે તમે કોઈક સરસ સરસ કીર્તન હવે બોલો." આમ કહીને પોતે ધ્યાન કરવા લાગ્યા અને સંતો તે વખતે સરસ કીર્તન બોલવા લાગ્યા અને બધી સભા જાગ્રત થઈ ગઈ. ૮૧-૮૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું બાકીનું પહેલું વચનામૃત પૂરું થયું" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૭

કારિયાણીનું બીજું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) આસો સુદિ દ્વિતીયાને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેમાં ઘણી બધી શોભા બની હતી. તે વખતે સંધ્યા આરતી કરી. ૧-૪.

પછી શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને નાના નાના ભણનારા સંતોને બોલાવ્યા. પછી શ્રીહરિએ તેમનાં નામ લઈ-લઈને પરમ હેત લાવીને પોતાની સમીપે બેસાડ્યા. તેમાં શ્રીહરિના જમણા ચરણની પાસે આધારાનંદસ્વામી હરખથી બેઠા હતા. ૫-૬. અને ડાબા ચરણની સમીપે આવીને પ્રતોષાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, આત્માનંદસ્વામી, બંને શિવાનંદસ્વામી, યોગાનંદસ્વામી, કપિલાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, દહરાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, પ્રભૂતાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, ત્રિગુણાતીતાનંદ સ્વામી, સ્વરૂપાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, ભદ્રાનંદસ્વામી,

પરમાત્માનંદસ્વામી, સર્વેશ્વરાનંદસ્વામી, નિર્વિકારાનંદસ્વામી અને વેદાંતાનંદસ્વામી વગેરે વ્યાકરણ ભણવાવાળા જે સંતો હતા તે બધા સંતોની સભાની આગળ બેઠા.

તે સહુના ઉપર પ્રસન્ન થઈને શ્રીહરિએ કહ્યું, ૭-૧૨. "હવે તમે એકબીજાને એક એક પ્રશ્ન જેવી બુદ્ધિ હોય અને જેવો આવડે તે રીતે પૂછો. ૧૩. કેમ જે, પ્રશ્ન-ઉત્તર કર્યા સિવાય અને અભ્યાસ કર્યા વિના જેની જેવી બુદ્ધિ હોય તે ક્યારેય દેખ્યામાં આવતી નથી." ૧૪.

પછી સર્વ પ્રથમ પ્રતોષાનંદસ્વામીએ એક પ્રશ્ન પૂછ્યો. કારણ કે, તે ક્યારેય સભાથી દબાતા નહિ. ૧૫. "જે ભગવાન છે તે અપાર સમર્થ છે. તેમાં લગાર પણ અસત્ય નથી. તેઓ સમર્થ હોવા છતાં જાણે અસમર્થ હોય તેમ વારે વારે દેખાડે છે. તેનો કહેતા પાર આવતો નથી. તેનું કેમ સમજવું ? કારણ કે, જે અસમર્થ હોય છે તેને બુદ્ધિમાન પુરુષ સમર્થ કહેતા નથી. ૧૬-૧૭. આ પ્રશ્ન આધારાનંદસ્વામીને હું પૂછું છું." શ્રીહરિએ તે પ્રશ્ન સાંભળીને મુખ ઉપર રૂમાલ રાખ્યો અને ત્યારે મુખારવિંદ ઘણું પ્રફુલ્લિત કરીને મુખે મંદ મંદ હસવા લાગ્યા.

પછી શ્રીહરિની સમીપે બોલવામાં આધારાનંદસ્વામી ઘણો વિચાર કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ પડકારો કર્યો, ("બોલો બોલો સ્વામી..!") પછી જેવો ઉત્તર સૂઝ્યો તેવો તે કરવા લાગ્યા, ૧૮-૨૦. "ભગવાનના ચરિત્રમાં સમર્થપણું અને અસમર્થપણું રહ્યું છે. તે ગમે તેવું અસમર્થપણું દેખાડે તોપણ તે બધાં ભગવાનનાં જ ચરિત્ર છે. ૨૧. ભગવાનના ભક્ત હોવા છતાં ભગવાનમાં કાંઈ દોષ કલ્પાય તથા ભગવાનના ચરિત્રમાં જેટલી ખોટ દેખે છે તે તો અસુરનું કામ છે, ભક્તની આ રીત નથી. જે સાક્ષાત્ ભગવાન છે તેની હું વાત કરી રહ્યો છું. ૨૨-૨૩. જેટલા મોટા અસુર થયા છે તે બધા સાક્ષાત્ ભગવાનનું નામ ધારણ કરનારા મહાપાપી હતા. તેઓ પાપની શંકાને ઉડાડી દે છે. પરંતુ સાચા ભગવાનના ભક્ત ખરેખર સાચા હોય છે. (તેથી તે તેવાને ઓળખી લે છે.) તેઓ ભગવાન થઈ બેઠેલા અસુરને ક્યારેય માનતા નથી. ૨૪-૨૫. કેમ જે, ચિત્રામણના સૂર્યમાં અને સાચા સૂર્યમાં

જેટલો ફરક છે તેટલો ફરક સત્યસ્વરૂપ ભગવાન અને મિથ્યા ભગવાનમાં છે. ૨૬. જેટલા અસુર છે તે મનુષ્યો ભેળા મનુષ્ય થઈને હરતા ફરતા રહે છે, પણ તેવા અસુરોને તો જે અસુર હોય તે જ માને છે. ૨૭.

સત્સંગમાં જે અસુર આવે છે તે ટકી શકતા નથી. તેઓ તો સત્સંગને છોડીને દૂર ભાગી જાય છે. ૨૮. અને તે પછી તેનું જેટલું ચાલે તેટલો સત્સંગનો દ્રોહ કરે છે. અને તે અસુરો તલભાર પણ પાપથી ડરતા નથી. ૨૯. જે લોકો ભગવાનની દેશી(અનુકરણ) કાઢે છે તેવાને તે અસુરો ભગવાન માને છે. તે ભલે અહીંયા ફાવે તેમ ચાલે પણ પછી તે લોઢાની જાતિ થાય છે. (અર્થાત્ કોઈ રીતે ટાળ્યો ટળે નહિ એવા દૃઢ અસુર ભાવવાળી જાતિમાં તે જન્મે છે.) ૩૦. ભગવાનના જે સાચા ભક્તો છે તેને તેવા અસુરોની કાંઈ ગણતરી નથી. તે અસુરો પોતે પોતાને હાથે જ પોતાનાં નાક, કાન અને ગળું કાપે છે, પણ તેને તે સમજતા નથી. દ્રોહ કરવાથી તેની બુદ્ધિ એવી થઈ જાય છે. તોપણ અસુરોને કાંઈ સમજાતું નથી. જેટલા અસુરો છે તે પોતે પોતાનું જ ભૂંડું ચાહે છે.” ૩૧-૩૨.

❋ ભગવાનના ગમતા પાત્ર બનવાનો ઉપાય :

આધારાનંદસ્વામી જ્યારે આવો ઉત્તર કરી રહ્યા પછી મુનિઓ પરસ્પર પૂછવા લાગ્યા. પછી સર્વેશ્વરાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, ૩૩. “ભગવાનને ગમી જવાય તેવું પાત્ર કઈ રીતે થવાય ?” પછી તે મુનિનું સખીભાવનું અંગ જોઈને શ્રીહરિ ઉત્તર કરવા લાગ્યા. ૩૪.

चोपाई :

रमूज हि हरि करत रहाये, रमूज करीके बोलत भयेताये;
भगवान के पात्र होवत हे ताही, संत कहत तीमी करत जाही...३५
मनगमते करत जिहाँ लगहू, भगवान के पात्र तिहाँ लगहू;
होवत नहीं ध्यानी रहे केसे, त्यागी रहे अन्न न खावत तेसे...३६

दोहा : भगवान हुकी मूर्ति महीं, अखंड हि रहे जोउ;
यह सम नहि बात कोउ, सर्वोपरि रहे सोउ...३७
संत कहत तीमि करत नहि, भगवानहु के जेउ;
पात्र न होत तिहाँ लगहि, सिद्धांत बात कहेउ...३८

શ્રીહરિ રમૂજ કરતાં કરતાં બોલ્યા જે, "જે સંતો કહે તેમ જ કરે છે તે ભગવાનને ગમતું પાત્ર બને છે. ૩૫. જ્યાં સુધી મનનું ગમતું કરે ત્યાં સુધી તે ભગવાનનું ગમતું પાત્ર બની શકતા નથી. ભલેને તે ગમે તેવા ધ્યાની હોય, ત્યાગી હોય અને અનાજ ન ખાતા હોય તથા ભગવાનની મૂર્તિમાં અખંડ રહેતા હોય, તોપણ સંતોનું કહ્યું કરનારાને સમાન તે કોઈ થઈ શકતા નથી. સંતોનું કહ્યું કરવું તે સર્વોપરિ વાત છે. ૩૬-૩૭. સંતો કહે તેમ જ્યાં સુધી કરતા નથી ત્યાં સુધી તે ભગવાનના ગમતા કૃપાપાત્ર થતા નથી. આ અમે અમારી સિદ્ધાંત વાત કહીએ છીએ. ૩૮. ભગવાનનાં વચન જ્યારે જેવી રીતનાં હોય ત્યારે તેવી રીતે સંશય રહિત થઈને કરે, તેને સંત કહેવાય છે. ૩૯. **ભગવાનનાં જે વચન જ્યારે જેવી રીતના હોય તેમાં જે મોક્ષ માને છે તે સાચા સંત છે." ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું બીજું વચનામૃત ચાલું કહ્યું" એ નામે સુડતાલીસમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૮

કારિયાણીનું બાકીનું બીજું વચનામૃત પૂરું

❋ શાપિત બુદ્ધિ કેમ થઈ જાય છે ? તેની વિગત :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા, "અમે એક પ્રશ્ન પૂછીએ છીએ. તેને તમે સહુ મુનિવર્ય સાંભળો." ૧. ત્યારે બધા મુનિ બોલ્યા કે, "પૂછો મહારાજ !" પછી મહારાજાધિરાજ શ્રીહરિ બોલ્યા જે, ૨. "એકની બુદ્ધિ તો એવી છે કે જે દિવસથી સત્સંગ કર્યો હોય તે દિવસથી ભગવાન અને સંતોનો અવગુણ આવતો રહે પણ ટળી જાય અને એમ ને એમ ગુણ-અવગુણ બંને આવ્યા કરે, પણ સત્સંગ છોડીને તે કોઈ દિવસ જાય નહિ. શા માટે જે, તેમાં બુદ્ધિ છે. તેથી એમ જાણે છે જે, **'આવા સંતો બ્રહ્માંડમાં ક્યાંય નથી અને આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી.'** એમ નિશ્ચિત

સમજાણું હોય. માટે તે જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી સત્સંગમાં અડગપણે કરીને રહે, પણ ક્યારેય સત્સંગને છોડીને જાતો નથી.

અને એકની બુદ્ધિ તો એવી છે કે સંતો અને ભગવાનનો મનમાં કોઈ દિવસ અવગુણ જ આવતો નથી. તે બંનેની બુદ્ધિ તો એકસરખી છે અને ભગવાનનો નિશ્ચય પણ એકસરખો છે. ૩-૮. સંતોના વ્રતમાન ધર્મમાં બંને સમાન રહ્યા છે, પણ એકને ગુણ, અવગુણ વારંવાર આવતો રહે છે અને એકને અવગુણ આવતો નથી અને એકલા ગુણો જ દેખાતા રહે છે. તો જેને અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ રહ્યો છે ?" ૯-૧૦.

આ પ્રશ્ન અમે નાના શિવાનંદસ્વામીને પૂછીએ છીએ. તો હવે જેવો આવડે તેવો ઉત્તર કરો. ૧૧. પછી શિવાનંદસ્વામી ઉત્તર કરવા લાગ્યા, પણ જ્યારે ઉત્તર ન થયો ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા કે, **"જેને સંત અને ભગવાનનો અવગુણ આવે છે તેની બુદ્ધિ શાપિત છે."** ૧૨-૧૩.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ ઠીક ઉત્તર કરે છે. તેનો એ જ ઉત્તર છે. ૧૪. જેમ જગતમાં લોકો કહે છે કે, 'આને કોઈનો ફટકાર જરૂર લાગ્યો છે.' એમ ક્યારેક કોઈ મોટા સંતને અથવા ગરીબને વગર અપરાધે દુભવ્યા હોય અથવા મા-બાપને સેવા નહિ કરીને દુભવ્યા હોય, ૧૫-૧૬. તે માટે તેણે શાપ દીધો હોય. તેણે કરીને તેની બુદ્ધિ એવી છે. એમ આ વાત નિશ્ચિત છે." ૧૭.

❋ શ્રદ્ધાવાનને શાપિત બુદ્ધિ ટળે છે :

પછી ભગવદાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "હે મહારાજ ! જે મનુષ્યની એવી શાપિત બુદ્ધિ છે તે કઈ રીતે સારી થાય ? કે જેને લીધે તેનો તે દોષ મટી જાય તે કહો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે ઉપાયે કરીને તે દોષ મટી જાય છે તે હું કહું છું, ૧૮-૧૯. અમે આ મસ્તક ઉપર પાઘ બાંધી છે, એવા ઝીણા વસ્ત્રને ધોવું હોય અને એક તો મોઘ જેવું જાડું વસ્ત્ર હોય તેને ધોવું હોય, તે કાંઈ સરખે દાખડે ધોવાઈ નહિ. જાડા કપડામાં દાખડો વધારે રહે છે. ૨૦-૨૧. કાં જે, ઝીણું વસ્ત્ર ધોવું હોય ત્યારે તેમાં

થોડોક સાબુ દઈને ધોવે તો તરત તે ઊજળું થઈ જાય છે. ૨૨. અને જ્યારે જાડા વસ્ત્રને ધોવું હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી રાખે, પછી અગ્નિએ કરીને ખૂબ બાફે, પછી સાબુ દઈને તેને ધોવે ત્યારે તે ઊજળું થાય છે. ૨૩-૨૪. તેમ જેની બુદ્ધિ શાપિત હોય તે સહુ પાળે એટલું જ પાળતો રહે તો એનો દોષ મટે નહિ, પણ તે સહુને પાળવાની જેટલી રીત હોય છે તેના કરતાં અધિક પાળે ૨૫-૨૬. **તેમ છતાં જે અધિક પાળે તેનું જો માન આવે નહિ અને સંતોનો દાસાનુદાસ થઈને રહે. ૨૭.** કેમ જે, જ્યારે હર કોઈ બાબતને અધિકપણે કરે-પાળે ત્યારે તેને લીધે જો કોઈ સંતને તુચ્છ કરીને માને તો તેનું તેને પાપ લાગે છે. ૨૮.

ચોપાઈ :

जिमी जिमी अधिक वरते जाही, तिमी तिमी सब संत के वाही;
किंकर होयके वरतत रहाते, सब संत की सेवा कराते...२९
संत की सेवा करना तामें, अधिक मोटप मानत हि यामें;
दंभ कपट छल बिन करे जितना, सत्संग में पार पडत तितना...३०
अंतरजामी जानत सब बाता, जेसे वर्तन जाके रहाता;
वर्तन तेसे फल जो ताही, अंतरजामी देवत रहाही...३१

માટે જેમ જેમ અધિક વર્તે તેમ તેમ તે સર્વે સંતોનો કિંકર-ચાકર-ગુલામ થઈને વર્તતો રહે. વળી, બધા જ સંતોની સેવા કરે, ૨૯. અને સંતોની સેવા કરવામાં જ વધારે મોટપ માને. પરંતુ જે કાંઈ કરે તે દંભ, કપટ અને છળ વિના કરે તો તે સત્સંગમાં પાર પડે છે. ૩૦. અંતર્યામી ભગવાન તો બધી વાતને જાણે છે. જેનું જેવું વર્તન હોય તે પ્રમાણે તેને અંતર્યામી ભગવાન ફળ આપતા રહે છે. ૩૧. માટે બીજા જેમ નિષ્કામી રહે છે, નિઃસ્વાદી રહે છે, નિર્લોભી રહે છે, નિઃસ્નેહી રહે છે અને નિર્માની થઈને વર્તે છે તેના કરતાં દોષિત બુદ્ધિવાળો દંભે રહિત થઈને વિશેષપણે વર્તે. જેમ કે, બીજા નિષ્કામી રહેતા હોય તેના કરતાં દંભનો ત્યાગ કરીને તે વિશેષ નિષ્કામી રહે તો તે ઘણો ભાગ્યશાળી બને છે. અને બીજા જેટલા નિર્લોભી રહેતા હોય તેના કરતાં વિશેષ નિર્લોભી રહેવું. ૩૨-૩૪.

અને બીજા જેટલા નિઃસ્વાદી રહેતા હોય તેના કરતાં વિશેષ નિઃસ્વાદી રહેવું. અને બીજા જેટલા નિઃસ્નેહી રહેતા હોય તેના કરતાં વિશેષ નિઃસ્નેહી રહેવું અને બીજા જેટલા નિર્માની રહેતા હોય તેના કરતાં અધિક સરળ ચિત્ત થઈને નિર્માની રહેવું. ત્યારે તેમાં કોઈ દોષ રહે નહિ. ૩૫-૩૬. વળી, બીજા સંત સૂવે તેના પછી ઘડીવારે સૂવે ત્યારે દોષ ટળે છે. ૩૭. તેમજ બીજા સંત માળા ફેરવે તેનાથી તે અધિક માળા ફેરવે, ૩૮. અને બીજા સંત ઊઠે તેના કરતાં તે એક ઘડી પહેલા ઊઠે, આ રીતે સહુથી વિશેષ પાળે ત્યારે તેની શાપિત બુદ્ધિ મટે છે. તે સિવાય તેની શાપિત બુદ્ધિ ટળે નહિ." ૩૯-૪૦.

પછી મોટા શિવાનંદસ્વામીએ મોટા યોગાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?" ત્યારે મોટા યોગાનંદસ્વામી બોલ્યા કે, "મને આ પ્રશ્નનો ઉત્તર ક્યારેય આવડે તેમ જણાતું નથી." ૪૧-૪૨. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, **"વસ્તુતાએ કર્મ તો અમૂર્ત છે પણ કર્મમાંથી થયું એવું જે શુભ-અશુભ ફળ તે તો મૂર્તિમાન છે.** અને કર્મને જે મૂર્તિમાન માને છે તેઓ તો નાસ્તિક છે. કેમ જે, જે કર્મ છે તે તો ક્રિયા છે. તે કાંઈ મૂર્તિમાન હોય નહિ." એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક વાર્તા કરી. ૪૩-૪૫ તેમાંથી આ જેટલી યાદ રહી તેટલી દિશમાત્ર લખી છે. શ્રીહરિની વાત સમાન આ બ્રહ્માંડમાં બીજી કોઈ વાત નથી. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું બાકીનું બીજું વચનામૃત પૂરું થયું" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૪૯

નાનભા કારિયાણી આવ્યા અને શ્રીહરિએ તેને થાળની પ્રસાદી આપી

ભાવનગરના રાજા ઠાકોર વિજયસિંહજી હતા. તેના નાનભા નામે ભાણેજ અનુપમ હતા. ૧. તે બહુચરાજી દેવીની યાત્રા કરવા ગયા હતા, તે પાછા આવ્યા ત્યારે જ્યાં શ્રીહરિ હતા ત્યાં કારિયાણી આવ્યા. ૨. રાઘવ

પટેલ નામે જે હરિભક્ત હતા તેને ઘેર આવીને નાનભા ઊતર્યા ત્યારે પોતાની સાથે ઘણા ઘોડેસવાર હતા. શ્રીહરિ કારિયાણીમાં છે તેમ સાંભળીને તેઓ જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં ઉમંગભેર દર્શન કરવા માટે આવ્યા. ૩-૪. તે વખતે શ્રીહરિ વસ્તા ખાચરના ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર બેઠા હતા. ૫. શ્રીહરિએ અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને હજારીફૂલના દસ-બાર હાર પહેર્યા હતા. પાઘમાં તોરા ધાર્યા હતા. ૬. કાન ઉપર ગુચ્છ ધારણ કર્યા હતા. હાથ ઉપર બાજુબંધ તથા પહોંચી બાંધ્યા હતા. મુનિ તથા બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૭.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી એ આદિક જેટલા સંતો હતા તે સરોદ અને દોકડ વગાડીને કીર્તન ગાતા હતા. તેમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીના રચેલા પદો બોલતા હતા. તેની વર્ણવી ન શકાય તેવી શોભા થઈ હતી. ૮-૯.

તે વખતે દરબાર નાનભા શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં અને આવીને શ્રીહરિના ચરણકમળમાં મસ્તક રાખ્યું. ૧૦. દસ-બાર રૂપિયા અને શ્રીફળ તેઓ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધર્યા. પછી હાથ જોડીને બોલ્યા, ૧૧. "મારા ધન્યભાગ્ય છે કે આપનાં દર્શન થયાં. મારો આજનો આખો દિવસ લેખે લાગ્યો." પછી શ્રીહરિએ તેનો સત્કાર કર્યો, આસન મગાવી દીધું. પણ તે શ્રીહરિની ઘણી મોટપ માનીને આપમેળે આસન ઉપર બેઠા નહિ. જેમાં જેવી વિવેકબુદ્ધિ હોય તે તેના બોલેલાં વચનમાં, તેના બેસવામાં અને તેના નેત્રમાં દેખાઈ આવે છે. તે વિવેક છુપાવ્યો રહેતો નથી. જેમાં વિવેકબુદ્ધિ હોય તેને તે દેખાય છે. ૧૨-૧૪. **આ બ્રહ્માંડમાં શ્રીહરિના જેવો કોઈ વિચક્ષણ નથી. તે સિવાય જેનામાં પણ વિચક્ષણતા રહી હોય તે શ્રીહરિની જ આપેલી છે." ૧૫.**

દરબાર નાનભાએ બધા સંતોને પણ હાથ જોડીને પ્રણામ કર્યા. જ્યારે બધી અલૌકિક સભા દેખી ત્યારે તેમને ઘણું આશ્ચર્ય જણાયું. ૧૬. તેમણે ત્યાં સ્ત્રીઓ અને પુરુષોની સભાને અલગ દેખી. તેમાં સહુ બાઈ-ભાઈની મતિ શુભ હતી. તે દેખીને તેઓ શ્રીહરિની પાસે બોલ્યા, ૧૭. "ઘણા

દિવસથી હું આપને વિષે સાંભળતો હતો, પણ આજે આપનાં દર્શન થયાં. સાંભળવામાં અને જોવામાં ઘણો ફરક રહે છે. ૧૮. આપ સિવાયના આ ભૂમિ ઉપર જેટલા મતપંથી ગુરુઓ છે તે શિષ્યની જેવી રુચિ હોય તે પ્રમાણે જ બધી વાતનું પ્રતિપાદન કરે છે. ૧૯. જેમાં લોકોનું ધન હરી લેવાનો લોભ હોય તે આવી રીતે વર્તે છે. જેટલી અનીતિ ચાલી રહી છે તે બધી ધનના લોભે કરીને જ ચાલે છે. ૨૦. જેટલા મતપંથ કહેવાય છે તે બધા લોભરૂપી સાગરમાં સંસારી લોકોની જેમ ડૂબી રહ્યા છે. ૨૧.

ચોપાઈ :

तुमारे जेता संत रहाते, लोभ सिंधु तर गये देखाते;
भगवान बिन बात के जेहा, लोभरूप सिंधु रहे तेहा...२२
तुमारे संत अब रहे जेहू, लोभरूप जितना सिंधु तेहू;
तर गये वरतन यह तिनमें, देखे में आवत हि इनमें...२३

આપના જેટલા સંતો છે તે લોભના સાગરને તરી ગયા દેખાય છે. કારણ કે, ભગવાન સિવાયની બાબતનો જે લોભ છે તે જ લોભનો સાગર છે. ૨૨. અત્યારે આપના સંતો છે તે જેટલો કાંઈ લોભરૂપી સાગર છે તેને તરી ગયા છે, તેમ તેમના વર્તનમાં દેખાઈ આવે છે. ૨૩. કેમ જે, **વર્તન તો ખાંડાની-તલવારની ધાર છે અને નટના દોર ઉપર ચાલ્યા જેવું છે. જે કોઈ શરીરના સુખની ઈચ્છા રાખે છે તેને ખાંડાની ધાર અને નટના દોર ઉપર ચાલવું કઠિન છે. ૨૪.** આ સંતોનું અનુકરણ કરી શકે તેવા બ્રહ્માંડમાં કોઈ નથી. કેમ જે, જિંદગીભર નારી અને ધનનો ત્યાગ રાખવો તે ઘણું કઠણ છે. ૨૫. **જેટલો જેને ભગવાનનો ખરો ખપ હોય છે તેટલો જ તેનાથી ત્યાગ રહે છે. એક ખપ સિવાય કરોડો વાતે કરીને પણ ત્યાગ ટકતો નથી." ૨૬.** પછી તે બધા સંતો જે રીતે વર્તતા હતા અને હરિભક્તો જે રીતે વર્તતા હતા તે બધાની રીત શ્રીહરિએ તેમની આગળ કહી બતાવી. ૨૭.

પછી નાનભા બોલ્યા કે, "આપ તો અત્યંત સમર્થ છો અને તેને લીધે જ આવી રીતે બધા નિયમ પ્રમાણે ચાલે છે." પછી શ્રીહરિએ તેમને ફૂલના હાર પહેરાવ્યા. ૨૮. ત્યારે નાનભા બોલ્યા કે, "ઠાકોર સાહેબના અપાર

ભાગ્ય છે. કેમ જે, તમે અહીં તેમના રાજ્યમાં આવીને વસ્યા છો. તેને હું યથાર્થ વર્ણવી શકતો નથી.” ૨૯. પછી તેઓ શ્રીહરિની રજા લઈને ઉતારે ગયા. શ્રીહરિએ જમ્યા પછી થાળની પ્રસાદી તેને ઉતારે પહોંચાડી. ૩૦. તેમાં દૂધપાક, પૂરી, હરિસો, બિરંજ, વડાં, ભજિયાં, ભાત, તુવેરની દાળ અને દૂધીનું રાઈતું હતું. તથા ગુવારફળી અને ભીંડાનું સુંદર શાક, ગોળકેરીનું રાઈતું, લીંબુ, આદું અને ખારેકના અથાણાં, પાપડ અને સાકરનો શીરો, આ બધી વાનગીને ચાંદીના થાળમાં ચાંદીના કટોરામાં ભરી અલગ અલગ ભરી હતી. ૩૧-૩૩.

ઘેલા ધાધલ, રાઠોડ ધાધલ, વિસામણ ખાચર અને માતરા ખાચર તથા વેલા ખાચર એ બધા થાળ ઉપર રૂમાલ ઢાંકીને લઈ ગયા. ૩૪. વળી, બરફી, પેંડા, જલેબી, મોતીચૂરના લાડુ, કેળાં, રોટલી અને જેટલા પ્રકારના મેવા હતા તે પણ બધા થાળમાં રાખ્યા હતા. ૩૫. કોઈ દિવસ દેખ્યા ન હોય તેવાં ભોજન નાનભાની આગળ લાવીને મૂક્યા. સારામાં સારાં ભોજન તો ભાવનગરના ઠાકોર સાહેબ રોજ જમતા હતા. ૩૬. નાનભા પણ તે ઠાકોર સાહેબની ભેળા રોજ જમતા હતા. તેમ છતાં તેમણે જ્યારે આ ભોજન જોયાં ત્યારે ઘણું આશ્ચર્ય પામ્યા. તેથી તે બોલ્યા કે, આવા નાના ગામમાં આવાં ભોજન અમે ક્યારેય આંખે દેખ્યા નથી, પણ જ્યાં ભગવાન હોય ત્યાં કોઈ વાત દુર્લભ રહે નહિ. ૩૭-૩૮. ભગવાન શ્રીહરિ તો આવા ચાંદીના થાળમાં જમે પણ હું નહિ જમું. કારણ કે, હું તો અલ્પ જીવ છું. તે તો પરમેશ્વર ગણાય, હું ક્યાં અને તે પરમેશ્વર ક્યાં ? ૩૯. પછી પોતાના સાધારણ પાત્રમાં નાનભા ભોજન જમ્યાં. તેઓ એમ કહેતા હતા કે, હરેક ભોજન એકબીજાથી ચડિયાતા છે. ૪૦. આ પ્રસાદી આપીને તો શ્રીહરિએ જિંદગીભરનું સંભારણું કરી દીધું છે. આવા મોટા પુરુષોના પ્રસાદને તો ભવ, બ્રહ્માદિ પણ ઇચ્છે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “નાનભા કારિયાણી આવ્યા અને શ્રીહરિએ તેને થાળની પ્રસાદી આપી” એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૫૦

શ્રીહરિએ નાનભાની આગળ સત્સંગનું મહત્ત્વ કહ્યું

બપોર પછી દિવસ દોઢ પહોર બાકી હતો ત્યારે શ્રીહરિવર સભા સ્થળે પધાર્યા. ૧. જ્યારે છપરપલંગ ઉપર બેઠા ત્યારે સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થઈ. ૨. જેટલા સંતો હતા તે ગરબીનાં પદ ગાતાં હતાં તેથી ત્યાં આનંદ-ઉત્સવ છવાઈ ગયો હતો. ૩. ત્યાં જે દૈવી લોકો હતા તે બધા શ્રીહરિ અને સંતોની આવી રીત દેખીને ઘણું આશ્ચર્ય પામતા હતા. ૪. પછી દરબાર નાનભા ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કરવાં માટે સભામાં આવ્યાં. શ્રીહરિનાં ચરણમાં પડ્યાં અને સંતોને હાથ જોડીને પગે લાગ્યા. ૫. શ્રીહરિએ તેને પોતાની પાસે બેસાડ્યા. થોડીવાર તો તે કીર્તન સાંભળતાં રહ્યાં.

પછી તેઓ શ્રીહરિની પાસે બોલ્યા, "જ્યાં ભગવાન સિવાય બીજી કોઈ વાત જ ન હોય ત્યાં ભગવાન જરૂર રહેતા હોય છે. તેમાં તલભાર પણ ખોટું નથી. મહારાજ ! આપ તો ભગવાન છો. માટે આપ જ્યાં હોવ ત્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ રહે છે. ૬-૭. **જ્યાં ભગવાનનો નિવાસ હોય ત્યાં ભગવાન સિવાય બીજો કોઈ અભ્યાસ હોતો નથી. જ્યાં ભગવાન સિવાયની બીજી જેટલી વાતો થતી હોય ત્યાંથી તેટલા ભગવાન દૂર રહે છે.** ૮. જ્યાં ભગવાનનો સંબંધ કરવા માટેની કથા-કીર્તનાદિક જેટલી કાંઈ યોગ્ય બાબત હોય તે બધી જ હોય તથા જેમાં સતત ભગવાનનો સંબંધ રહે એવી બધી બાબત કરવામાં આવતી હોય ત્યાં મૂર્તિમાન મોક્ષ રહે છે. તે બાબતે શાસ્ત્રોમાં રહેલ ભગવાનની વાતનું પ્રમાણ પણ છે. આપના હરિભક્ત રૂપાભાઈ મારા મિત્ર છે. ૯-૧૦.

આવી બધી વાતો તે મને કહેતા હતા અને તે વાતને હું સત્ય માનતો હતો. અમારા ઠાકોર સાહેબ અને હું, અમે બંને એવું જ માનીએ છીએ કે રૂપાભાઈ અને રાજાભાઈનો તો મોક્ષ થઈ ગયેલો જ છે. પણ ઠાકોર સાહેબની આગળ પૈસા લેવા માટે અમુક બ્રાહ્મણો એવું જ કહે છે કે, ૧૧-૧૨. 'અમે બ્રાહ્મણ તો ભગવાનનું મુખ છીએ, તેવું વેદ અને પુરાણો ઠેર ઠેર કહે છે.

એ વાત કાંઈ અજાણી નથી. ૧૩. ભગવાન જ્યારે રાજારૂપે થાય છે ત્યારે મૃગિયા કરે છે અને જ્યારે વિપ્રરૂપે થાય છે ત્યારે મૃગિયા કરતા નથી. ૧૪. જેટલા ક્ષત્રિય હોય છે તે મૃગિયા કરે છે તેને જે પાપ લાગે છે તે બ્રાહ્મણ લઈ લે છે. ૧૫. રાજા બ્રાહ્મણોની ચોરાશી કરે, દાન આપે, બ્રાહ્મણબાળકોને યજ્ઞોપવીત આપે તથા કન્યાદાન દે. તો જેટલું ક્ષત્રિય પાપ કરે છે તે બધા પાપનું નિવારણ બ્રાહ્મણો કરી દે છે. ક્ષત્રિયો જ્યારે બ્રાહ્મણને દાન આપે છે ત્યારે તેને પાપ રહેતું નથી. ૧૬-૧૭. ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રે કરેલાં પાપના નિવારણ માટે ભગવાને બ્રાહ્મણને બનાવ્યા છે, પણ જ્યારે બ્રાહ્મણને પ્રસન્ન કરે ત્યારે તે કામ થાય છે. ૧૮. બ્રાહ્મણમાં ભગવાન રહ્યા છે તેમ જાણીને જ્યારે બ્રાહ્મણની પૂજા કરવામાં આવે ત્યારે તેનાં પાપ રહેતા નથી અને તેટલા માટે જ લોકો બ્રાહ્મણને પૂજે છે. ૧૯. રામચંદ્રજી ભગવાન હતા તેમાં તલભાર પણ સંશય નથી, પણ જે નાસ્તિક અસુરો છે તે તેમને ભગવાન કહેતા નથી." ૨૦.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "હવે મારી વાત સાંભળો. ભગવાને બ્રાહ્મણ તેને કહ્યા છે કે જે ભગવાન કહે તેમ વર્તતા હોય. ૨૧. બ્રાહ્મણ દસ પ્રકારના કહેવાય છે. એમ કહીને તેનો શ્લોક બોલી બતાવ્યો. શ્રીહરિ જેટલી વાત કરતા તે શ્લોક વિના કહેતા નહિ. ૨૨. વેદ, પુરાણ અને સ્મૃતિ માનો મૂર્તિમાન થઈને આવ્યા હોય ! તેમ શ્રીહરિ જે જે વાતનું પ્રકરણ ઉઠાવતા તેમાં તેવા શ્લોકો બોલતા હતા કે, જાણે ગંગાનો પ્રવાહ છૂટ્યો હોય ! રાત અને દિવસમાં જેવો ફરક હોય છે તેવો ફરક સત્ય અને અસત્ય વાતમાં રહે છે. જેને સત્ય અસત્યનું જ્ઞાન હોય તે આ વાત યથાર્થ જાણે છે. ૨૩-૨૫. ભગવાને જેની જેવી પાત્રતા હોય તે પ્રમાણે મનુષ્યમાં સત્ય-અસત્યનું જ્ઞાન અધિકપણે આપ્યું છે. ૨૬. મનુષ્ય જાતિમાં પણ અપાર ઉપજાતિઓ રહી છે. જેનો ગણ્યે કોઈ પાર આવતો નથી. ૨૭. મનુષ્ય શરીરમાં જેને જેવો પ્રસંગ થાય છે, તેની બુદ્ધિ તેવી દૃઢપણે થઈ જાય છે. ૨૮.

જ્યાં સુધી ભગવાનમાં સાર ન દેખાય ત્યાં સુધી બીજામાં સાર મનાય છે અને તેનું તેને ક્યારેય કાંઈ ફળ મળતું નથી. ૨૯. સારમાં સાર જે વાત

છે તે સત્સંગ છે. જ્યાં સત્સંગ હોય ત્યાં શુભ નીતિ નિષ્કપટભાવે રહેતી હોય છે. ૩૦. જેટલો ધર્મસર્ગ કહેવાય છે તે બધો સત્સંગમાં રહે છે. જ્યાં નિર્દંભ વર્તન હોય ત્યાં ભગવાન પ્રગટ હોય છે. ૩૧. ભગવાન ત્યાં અખંડ વિરાજમાન રહે છે, તે વર્તને કરીને દેખાઈ આવે છે. જેટલી સત્ય-અસત્ય વાત હોય છે તે પણ વર્તનથી દેખ્યામાં આવે છે. ૩૨. જેમ દીવો, મશાલ, સૂર્ય અને ચંદ્રનું પ્રતિબિંબ કોઈ આલંબન(પાત્ર) વિના દેખ્યામાં આવતું નથી. તેમ ભગવાનની પણ એવી જ વાત છે. ૩૩. જ્યાં સુધી સૂર્યની કિરણ પહોંચે છે ત્યાં સુધી અગ્નિ જરૂર હોય છે, તેમાં તલભાર પણ ખોટું નથી. તે અગ્નિ જે રીતે રહ્યો છે તે કાંઈક માધ્યમ વિના દેખાતો નથી. તેમ જે ભગવાન રહ્યા છે તે પાત્ર વિના ક્યારેય દેખ્યામાં આવતા નથી. ૩૪-૩૫.

⁕ મનુષ્યદેહની અને સત્સંગની દુર્લભતા :

चोपाई :

मनुष्य तन सम तन न कोई, सत्संग के जोग बिन सोई;
चिंतामनि सम मनुष्य तनकू, वृथा खोई देवत इनकू...३६

મનુષ્યનાં શરીર જેવું બીજું કોઈ શરીર નથી. તે ચિંતામણિના જેવું હોવા છતાં સત્સંગના યોગ વિના જીવ તેને વૃથા ખોઈ નાખે છે. ૩૬. **સત્સંગ વિના જેટલી બાબત અનેક કલ્પ સુધી કરવામાં આવે, તોપણ તે બધી વૃથા કરી કહેવાય છે. ૩૭. કદાચ કોઈ ઈન્દ્ર કે બ્રહ્મા સમાન થાય, કોઈ વિરાટપુરુષના સમાન થાય, અરે ! કોઈ પ્રધાનપુરષના સમાન થઈને ઘણી મોટાઈને પામે, ૩૮. પરંતુ તે ક્યારેય સત્સંગને તુલ્ય કહેવાતા નથી.** સત્સંગ એવો છે કે તેને સમાન કોઈ અધિક નથી. ૩૯. આ સત્સંગ જેવો છે તેવી વાત અમે કહી. અમે રાત-દિવસ આવો સત્સંગ કરતા રહીએ છીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "નાનભાની આગળ સત્સંગનું મહત્ત્વ કહ્યું" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૧

શ્રીહરિએ નાનભાની આગળ ભગવાનના મહિમાની વાત કહી

શ્રીહરિ જેટલી વાત કરતા હતા તેમાં અતિ અધિક અધિક ચમત્કાર રહેતો હતો. ૧. જે ભક્તજનો એકાગ્રચિત્ત કરીને આદરભાવથી સાંભળતા હતા તેને શ્રીહરિની વાત સમાન કે તેથી અધિક કાંઈ દેખાતું નહિ. ૨. જેને પાકો સત્સંગ થયો હોય તે વિષમ દેશકાળ આવી પડે, તોપણ શ્રીહરિની વાત સમાન અથવા તેથી અધિક કોઈને દેખતા નહિ. ૩. શ્રીહરિ જેટલી વાત કહેતા હતા તે બધી શુભ અને અનિંદિત હતી. હરિભક્તો તેને તેવા રૂપમાં જ જાણતા હતા. ૪.

સુખદાયક શ્રીહરિ નાનભા પ્રત્યે વાત કરતા હતા કે, “માણસે જેવું પુણ્ય કર્યું હોય તેવું તેને ફળ મળે છે. ૫. આ ભૂમિ ઉપર જેટલા રાજાઓ અને ધનાઢ્ય લોકો રહ્યા છે તેમાં જેટલી બુદ્ધિ દેખાય છે તે બધું તેમના પુણ્યનું ફળ છે. ૬. મનુષ્ય આ જગતમાં જે સુખ ભોગવે છે તે તેણે પૂર્વે કરેલાં પુણ્યનું ફળ છે. અને જેટલું દુઃખ ભોગવતો હોય છે તે પાપનું ફળ છે. ૭. જેટલા શુભ બુદ્ધિવાળા મનુષ્યો છે તે બધા આવી વાતને નિશ્ચિતરૂપમાં જાણે છે, પણ જેટલા કુબુદ્ધિવાળા લોકો છે તે વિવેકની બાબતમાં અંધ રહે છે, તેથી તેને કાંઈ જાણ્યામાં આવતું નથી. ૮. પાપનું જે ફળ છે તે તો આના આ લોકમાં પ્રગટ દેખાઈ આવે છે. જે કુબુદ્ધિવાળા લોકો છે તે તો ન કરવાની જ વાતો કરતા રહે છે. ૯. તે લોકો જ્યાં ન કરવાની વાતો કરતા હોય ત્યાં સુબુદ્ધિવાળા મનુષ્યને આવતો દેખે તોપણ તેમાં રતીભાર ફરક પડતો નથી. ૧૦.

જેને જેવો સંગ થાય છે તેવું તેનું અંતર થાય છે. તેમાં તલભાર પણ ખોટું નથી. બધાનું મૂળ સંગ છે તે વાત અદલ નક્કી છે. ૧૧. જુઓને, અત્યારે તમે અહીંયા આવીને બેઠા છો, એક ભગવાનની વાત સાંભળતા રહ્યા છો અને સંતોનાં દર્શન કરો છો તો અત્યારે તમારું અંતર કેવું રહ્યું છે ? ૧૨. પણ જ્યારે અહીંયાથી ઊઠશો ત્યારે તરત જ જગતની જેટલી વાત છે તે તમારા અંતરમાં નિવાસ કરશે. ૧૩. જેટલા ફેલ અને વ્યસન છે તે બધા જ્યારે રાજા કરે છે ત્યારે પોતાનો ગરાસ અને ધન બધું ખોવાઈ જાય છે

તોપણ તેઓ પાછું વળીને દેખતા નથી. ૧૪. તેમાં તેની બુદ્ધિ તેને કાંઈ જ ઉપયોગમાં આવતી નથી. તેથી વ્યસન જ તેના શત્રુ થયા છે. અને તે વ્યસન જ તેને કરજદાર કરી દે છે. જેની બુદ્ધિ મિત્ર હોય-ખરેખર હિતકારી હોય તો તે વ્યસનોને શત્રુ માને છે. તેથી તેને જે ગરાસ કે ધન હોય તે એમનામ રહી જાય છે. કારણ કે, તે નીતિ વિનાનો ક્યારેય વ્યવહાર કરતા નથી. ૧૫-૧૬. ગરાસ, ધન અને યશ વધારવા માટે તથા વધુ ને વધુ પાકું સુખ આપવાં અને સર્વ મનુષ્યોનું રક્ષણ કરવા માટે દયાળુ પ્રભુએ નીતિ રચી છે. ૧૭.

જેટલી નીતિ કહેવાય છે તે બધી રાજાના નેત્ર અને શ્રોત્ર સમાન છે. જે નીતિનો માર્ગ કહેવાય છે તે માર્ગ ઉપર રાજા જો ચાલે છે તો તે આ લોક અને પરલોકમાં અપાર શુભ ફળ પામે છે. અને જેને અપાર ફળનો લોભ હોય તે સાર અને અસાર વસ્તુને દેખતો રહે છે. ૧૮-૧૯. જે ક્યારેય પણ નીતિનો ત્યાગ નથી કરતો તો તે રાજા મોટો ભાગ્યશાળી કહેવાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થ નીતિમાં આવીને રહ્યા છે. ૨૦.

જે કોઈ નીતિ ઉપર ચાલે છે તેણે સહજ સ્વભાવે જેટલા બ્રહ્માંડ છે તે બધાને જીતી લીધા છે. આ વાત ચોક્કસ દેખાય છે. આવી નીતિની મહત્તાને જ્યારે રાજા સમજે છે-અપનાવે છે ત્યારે તે રાજા સર્વોપરિ થાય છે અને તેનો યશ પણ પ્રસિદ્ધ થાય છે. ૨૧-૨૨. ત્રિલોકીમાં કેટલાય એવા રાજાઓ થઈ ગયા છે કે જે નીતિ ઉપર ચાલતા હતા. તેથી તેનો યશ યુગ યુગ સુધી રહ્યો છે. તેને સુબુદ્ધિવાળા લોકો જાણે છે. ૨૩. તે ત્રિલોકીના રાજા થઈને ઈન્દ્રાદિક દેવતાઓને જીતીને પોતાને વશ કરતા હતા, પણ જ્યારે તે અનીતિ કરવા લાગ્યા ત્યારે તેઓનો પણ પરાજય થયો હતો. ૨૪. પ્રહ્લાદજી જેવા ભક્તને હિરણ્યકશિપુએ જ્યારે ઘણું દુઃખ દીધું ત્યારે તેવા ભક્તને માટે ભગવાને નૃસિંહ રૂપ ધારણ કર્યું. ૨૫. પછી તે અનીતિવાળા રાજા હિરણ્યકશિપુનો વિનાશ કરીને પ્રહ્લાદજીને રાજગાદી ઉપર બેસાડી દીધા. ૨૬. અને બધા દેવતાઓને બંધનમાંથી છોડી મુકાવ્યાં.

હિરણ્યાક્ષ નામે જે દૈત્ય હતો તે આ ભૂમિને રસાતળમાં લઈ ગયો. ત્યારે ભગવાને વરાહ રૂપ ધારણ કર્યું. પછી તેને મારી નાખ્યો અને ભૂમિને

સહજપણે પાછી લાવ્યા. ૨૭-૨૮. જ્યારે સત્યવ્રત નામના રાજા ભગવાનના ભક્ત થયા ત્યારે ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો અને પ્રલયથી તેમનો ઉદ્ધાર કર્યો. ૨૯. ભગવાને કૂર્મ અવતાર ધારણ કરીને દેવતાઓની મદદ કરી. જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે મંદ્રાચળ પર્વતને સહજ સ્વભાવે પોતાની પીઠ ઉપર અધ્ધર રાખ્યો. ભગવાને આવાં ચરિત્રો કર્યાં હતાં. જ્યારે ભક્ત પ્રહ્લાદ થયા અને તેના પુત્ર વિરોચન રાજા થયા, ૩૦-૩૧.

પછી તેના પુત્ર બલિ જ્યારે રાજા થયા ત્યારે તેણે દેવતાઓનું રાજ્ય ખૂંચવી લીધું હતું. પછી દેવતાઓ દીન થઈને ભગવાનની પાસે ગયા. ૩૨. અને ભગવાનને પોતાનાં દુઃખનું બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે ભગવાન તો દીનદયાળું, શરણાગતવત્સલ અને ભક્તપ્રતિપાલક છે. ૩૩. તેમણે દેવતાઓની સહાય કરવા માટે વામન અવતાર ધારણ કર્યો. ત્યારે બ્રહ્મચારીનું રૂપ ધાર્યું હતું તે ઘણું નાનું અને સુંદર બન્યું હતું. ૩૪. બલિ રાજા બ્રાહ્મણને સહુથી અધિક માનતા હતા. તે વાતને ભગવાન જાણતા હતા. તેથી જ ભગવાને આવું રૂપ ધાર્યું હતું. ૩૫.

બુદ્ધિએ કરીને જે જીતી શકાય છે તે કદાચ બળવાનના બળથી જીતાતા નથી. બુદ્ધિથી સહજ ભાવે જે જીતી શકાય છે તેને બુદ્ધિમાન ક્યારેય છેડતા નથી. અર્થાત્ વગર લડ્યે બુદ્ધિથી જ કામ પતાવે છે. ૩૬. ભગવાનના જેવા બુદ્ધિશાળી દેવ અને દૈત્યોમાં કોઈ ન હતા. આ વાતમાં કોઈ ફેરફાર નથી. ૩૭. જેમાં જેટલી કાંઈ બુદ્ધિ છે તે બધી જો ભગવાન કરતાં પણ અધિક દેખ્યામાં આવે તો તે દેખનાર બુદ્ધિહીન છે. ૩૮. જેમાં જેટલી સહુથી અધિક અને અનિંદિત બુદ્ધિ છે તેમાં તેટલી ભગવાનની બુદ્ધિ નિવાસ કરીને રહે છે. ૩૯. બલિ રાજાએ વામનરૂપ વર્ણીને જ્યારે દેખ્યા ત્યારે તેને તે વર્ણી ઉપર ઘણો પ્રેમ થયો. પછી બલિરાજા તે વર્ણીની આગળ વાત કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ નાનભાની આગળ ભગવાનના મહિમાની વાત કહી" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૨

શ્રીહરિએ નાનભાને બલિરાજાના દાનની વાત કહી

પછી પ્રત્યક્ષ શ્રીહરિ નાનભાને બુદ્ધિમાન જાણીને બલિ રાજાની વાત ફરીવાર કહેવા લાગ્યા. ૧. બલિ રાજાએ વર્ણીને કહ્યું, "હું તો બ્રાહ્મણોનો દાસ છું. બ્રાહ્મણ પોતાના મુખથી જે માગે છે તેને હું ઉમંગથી આપું છું." ૨. ત્યારે વર્ણીરૂપ વામને કહ્યું, "સંતોષ જેવો બીજો કોઈ ખજાનો નથી. એમ અમે જાણીએ છીએ. છતાં તમે કહો છો ત્યારે હું માગું છું. ૩. મારા ત્રણ પગલાથી માપેલી ભૂમિ મને તમે ભાવથી આપો. હું તેથી અધિક લેતો નથી. તમારો ભાવ જોઈને હું કહું છું. ૪. **જે વિપ્ર શ્રેષ્ઠ હોય તે શ્રદ્ધા-ભાવ વગરનું દાન લેતો નથી. જે શ્રદ્ધા-ભાવથી દાન આપે છે તેનું તેને અગણિત ફળ થાય છે. ૫.** તેથી શ્રદ્ધા-ભાવ વગરનું દાન હું ક્યારેય લેતો નથી. તેટલા માટે હું કહું છું કે દાન આપ્યા પછી જો કોઈ પસ્તાવો કરવો પડે તો તેને તલભાર પણ તેનું ફળ થતું નથી. ૬. શ્રદ્ધા-ભાવ રહિત થઈને દાન આપે અને પછી પાછું તે ખૂંચવી લે તો તેનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી, ઊલટી તેની અપાર અપકીર્તિ થાય છે. ૭. જે કોઈ દાન આપતો હોય અને તેને બીજો કોઈ રોકે તો તે તેના સ્વભાવે કરીને અસુરમાં પણ મોટામાં મોટો અસુર ગણાય છે. ૮.

જેનો જેવો જીવ હોય તે તેના સ્વભાવ ઉપરથી દેખાઈ આવે છે. કોઈ ધર્મ સંબંધી કાર્ય કરતા હોય તેમાં ઘણા લોકો તેને રોકતા હોય છે. ૯. પરંતુ ધર્મ કર્યા સિવાય પરલોકમાં મનુષ્ય ક્યારેય સુખ પામતો નથી. જ્યારે આવી દૃઢ મતિ થાય છે ત્યારે તે ધર્મ-પુણ્યનું કામ કરતો હોય છે." ૧૦.

પછી બલિ રાજાએ વામનરૂપ વર્ણીને હાથ જોડીને કહ્યું, "આપ જેટલું માગો તેટલું હું આપીશ. તેમાં હું પાછો પગ કરીશ નહિ. ૧૧. મને દાન કરતા કોઈ રોકશે તો હું તેનું માનીશ નહિ. દાન કરતી વખતે હું ગુરુનાં વચનને પણ ક્યારેય માનતો નથી." ૧૨. ત્યારે વર્ણીએ કહ્યું કે, "મારાં ત્રણ પગલાં ભૂમિના દાનનું તમે જ્યારે જળ મૂકશો તે પછી હું તે દાન લઈશ." ૧૩. જ્યારે બલિ રાજા દાન નિમિત્તનું જળ ભૂમિ ઉપર મૂકવા

તૈયાર થયા ત્યારે તેના ગુરુ શુક્રાચાર્ય હતા તેણે તેને રોક્યા. ૧૪. બલિને એકબાજુ બોલાવી ગુરુ સમજાવવા લાગ્યા, “હે બલિ ! આ વર્ણી વિષ્ણુ છે. દેવતાઓને મદદ કરવા માટે વર્ણી થઈને આવ્યા છે. તે ત્રિલોકીનું તારું રાજ્ય તારી પાસેથી ખૂંચવી લેશે. તેમાં રંચ પણ ખોટું નથી. હવે તેમાં મારો કાંઈ વાંક નથી.” ૧૫-૧૬.

ત્યારે બલિ રાજાએ પોતાના ગુરુને કહ્યું, “તમે સાચી વાત કહી છે. જો આ વિષ્ણુ જ હોય તો તો અનંત કોટિ બ્રહ્માંડો તેના છે. તેમાં કોઈ સંદેહ નથી. વળી, વિષ્ણુ વિનાની તો કોઈ વાત નથી. તમે અને અમે આ વિષ્ણુને જ આધીન છીએ; એમ તમે જાણો. ૧૭-૧૮. દેહ, જીવ અને ધનસંપત્તિ જે કાંઈ પણ છે તે બધું તેમને આધીન છે. હવે આમાં જો કાંઈ ફરક હોય તો તે આપ ગુરુ મને કહી બતાવો. ૧૯. વિષ્ણુને આપો કે ન આપો, બધું તેમનું જ રહ્યું છે. અને તે વિષ્ણુ જ જ્યારે લેવાનું ધારશે ત્યારે તેને કોણ રોકશે ? ૨૦. વિષ્ણુ આ વર્ણી બનીને આવ્યા છે અને તે મારી આટલી અદબ રાખે છે. તે વર્ણી થઈને મારાં હિતને માટે આવ્યા છે. આ...હા... હા ! આ તો તેમની કેવી મહાનતા છે. ૨૧. હવે હું ભૂમિનું દાન કરું છું. આપનાં વચનો હું કાને ધરતો નથી.”

ત્યારે ગુરુને રીસ ચઢી. તેથી તેણે સૂક્ષ્મ રૂપ લઈ જળઝારીમાંથી આવતા પાણીને રોક્યું. ૨૨. પછી વર્ણીએ તે ઝારીમાં ઘાસની સળી લઈને ભરાવી. તેનાથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી ગઈ અને આંખમાંથી રુધિર નીકળ્યું. ૨૩. પછી બલિ રાજાએ જ્યારે ત્રણ પગલાં ભૂમિ કૃષ્ણાર્પણ કરી ત્યારે વર્ણીએ એક પગ પાતાળ સુધી વધારી દીધો. ૨૪. બીજો જમણો પગ આકાશના છેડા સુધી લંબાવ્યો. તેની તો ઘણી મોટી વાત છે. તે મેં તમને સંક્ષેપથી સંભળાવી છે. ૨૫. જો કે ભગવાનની વાત જેવી બીજી કોઈ વાત નથી, તેમ બધા વેદ અને પુરાણો વારંવાર કહે છે. ૨૬. છતાં માણસને તેમાં ગાઢ પ્રીતિ થાતી નથી. અને ગાઢ પ્રીતિ થયા સિવાય કોઈ ઝાઝી વાત થતી નથી. ૨૭. જેમ વાદળમાં તો અપાર પાણી રહ્યું છે પણ તે ટીપે ટીપે જ્યારે

વરસે છે ત્યારે તેમાં લોકો રુચિ કરે છે. ૨૮. તે મેઘના બુંદની જેમ અમે વાત કરીએ છીએ. વાત તો આકાશના જેટલી અપાર છે, પણ અધિકારી જોઈને કહીએ છીએ. ૨૯. ભૂમિ ઉપર જેટલી નદીઓ છે તે રાત-દિવસ વહેતી રહે છે. તે બધી જઈને સમુદ્રમાં મળી જાય છે, પણ સમુદ્ર તો જેવો હોય તેવો ને તેવો જ રહે છે. ૩૦. **આટલું બધું પાણી તેમાં ઠલવાય છે છતાં સમુદ્ર છલકાતો નથી તેથી તેની રીત ઘણી અકળ છે. તેમ ભગવાનની પણ જેટલી વાત તથા રીત છે તે બધી ન કળી શકાય તેવી અકળ હોય છે. ૩૧.**

વર્ણીનાં બે પગલામાં જ બલિનું જેટલું હતું તે બધું આવી ગયું. હજી એક પગલું ભૂમિ માગવાની બાકી રહી. તેથી પ્રભુએ તત્કાળ બલિ રાજાને તેની પ્રતિજ્ઞામાં બાંધી દીધા અને કૃપાળુ વર્ણીએ બલિને કહ્યું, “જ્યારે એક પગલું આપવાનું પૂરું થશે ત્યારે હું તમને બંધનથી છોડીશ.” ૩૨-૩૩. છતાં બલિ રાજાને વર્ણીનો અભાવ તો ન આવ્યો; પણ એવું કહ્યું કે, “હું મારી પ્રતિજ્ઞા પૂરી નથી કરી શક્યો તે મારો દોષ છે.” ત્યારે બલિની પત્નીએ બલિને ઉપાય કહ્યો, ૩૪. “આ તમારું શરીર છે તે પૃથ્વી તત્ત્વ છે. તે વર્ણીને અર્પણ કરો. છેવટે તમારા શરીરનો તો નાશ થવાનો જ છે. માટે હવે આ શરીરની આશા રાખવી નહિ.” ૩૫.

પછી બલિ રાજાએ પોતાનું શરીર વર્ણીને રાજીપાથી અર્પણ કર્યું. તે વખતે બલિ રાજાની શ્રદ્ધાને દેખીને વર્ણી કૃપા કરીને બોલ્યા, ૩૬. “હે બલિ ! અત્યારે તમે જે માગો તે હું આપું. તમારાથી મારે કોઈ અધિક નથી.” ત્યારે બલિ રાજાએ કહ્યું, “જેવો આપ દેવતાઓનો પક્ષ રાખો છો તે રીતે મારો પક્ષ પણ આપે રાખવો. બીજું મને આપનાં આવાં ચરિત્રોમાં કોઈ જ દોષ ન દેખાય અને આપની બાબતમાં મારી બુદ્ધિ ક્યારેય ફરે નહિ. અર્થાત્ આપનો નિશ્ચય અડગ રહે.” ૩૭-૩૮. પછી બલિ રાજાએ વર્ણીની પાસે જે જે માગ્યું તે બધું વર્ણીએ તેમને આપ્યું. બલિ રાજાએ જે રીતે તેમને રાખ્યા તે રીતે જ વર્ણીએ પણ તેને રાખ્યા. ૩૯.

सोरठा : मनुष्य तनकु पाय, भगवान प्रसन्न हि जिमि;
होवत हि तिमि कराय, सबुद्धि जन रहेउ जेहि...४०
घटित बात जो जेति, करना जोई तपास कर;
भगवानहु की हि तेति, प्रसन्नता रहेउ तेहि...४१

જે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્ય છે તેણે આ મનુષ્યશરીરને પામીને ભગવાન જેમ રાજી થાય તેમ કરવું જોઈએ. ૪૦. મનુષ્ય માટે જેટલી જે યોગ્ય વાત હોય તેટલી તેણે તપાસ કરીને કરવી જોઈએ. કેમ જે, તેનાથી તેટલી ભગવાનની પ્રસન્નતા થાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ નાનભાને બલિરાજાના દાનની વાત કહી" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૩

શ્રીહરિના મુખથી શુભ વાત સાંભળીને નાનભા રજા લઈને નીકળ્યા

વળી, શ્રીહરિએ નાનભાની આગળ વાત કરી, "જે માણસ જેટલી અઘટિત બાબત કર્યા કરે છે તેના ઉપર ભગવાન ક્યારેય રાજી થતા નથી. પરિણામે તે અપાર દુઃખને પામે છે અને તે આખો જન્મ વૃથા ખોવે છે. ૧-૨. આ જેટલા સંતો-હરિભક્તો છે તેઓ ભગવાનને રાજી કરવા માટે તત્પર રહે છે. અને તેમણે સર્વ અનીતિનો ત્યાગ કરી દીધો છે. ૩. કેમ જે, જેટલી અનીતિ છે તે દુઃખનો માર્ગ છે અને જેટલી નીતિ છે તે સુખનો માર્ગ છે." ૪. ત્યારે દરબાર નાનભા શ્રીહરિની આગળ બોલ્યા, "આપ સાચા સત્પુરુષ છો. તેથી આપની આગળ જો હું સત્ય બોલું તો જ આપની મારા ઉપર ક્યારેક કૃપા થાય. ૫. આજ મને આપનો પ્રસાદ મળ્યો, તેણે કરીને મારાં જેટલાં પાપ હતાં તે બધાં બળી ગયાં છે. કેમ જે, સત્પુરુષનાં દર્શનનું અપાર ફળ કહ્યું છે. ૬.

જાણે કે અજાણે અમૃત પીધું હોય તો અમૃતનો ગુણ જાતો નથી. પારસમણિમાં એવો ગુણ છે કે તે લોઢાને પણ કાંચન કરી દે છે. ૭. અગ્નિમાં

તો એવો ગુણ છે કે જે તેના યોગમાં આવે તેને પોતાના જેવું ચોક્કસ કરી દે છે. જેમાં જેવા ગુણ હોય તેના યોગે કરીને તે તેવું થઈ જાય છે. ૮. યોગ થયા સિવાય કરોડો ઉપાય કરે તોપણ તેમાં ગુણ આવતા નથી. જેમ કે આ દેહના યોગે કરીને જીવને પણ અપાર બંધન થયું દેખાય છે. ૯. જો કે, આપની આગળ તો મારી સર્વે સમજણ ઘણી અલ્પ રહી છે. ક્યાં સૂર્ય અને ક્યાં પતંગિયું ? આપણા બંનેમાં આટલો ફરક દેખાય છે. ૧૦. હું બાળબુદ્ધિમાં જે કાંઈ બોલ્યો હોઉં તે આપ મને ક્ષમા આપો. બોલ્યા વિનાનો જીવ ક્યારેય જાણ્યામાં આવતો નથી. ૧૧. બોલવાથી સાર કે અસાર પ્રગટ દેખાઈ આવે છે. જે સત્પુરુષ હોય છે તે જે માણસ જેવો હોય તેવો તેને જાણે છે. ૧૨. માણસ જેવો હોય છે તે બોલી ઉપરથી દેખાઈ આવે છે. આ હું અંતર્યામીની વાત નથી કહેતો. (કેમ જે, તે તો કોઈ ન બોલે તોય તેનું બધું જાણી જાય છે.) આપે પ્રગટ થઈને અપાર જીવોને તાર્યા છે, તે ગણ્યે પાર આવે તેમ નથી. તેનો નિર્ધાર કોણ કરે ? ૧૩-૧૪.

મહારાજ ! આપ આ બધા સંતોની સાથે એક વખત ભાવનગર પધારો. હવે હું સવારમાં ચાલતો થઈશ. આપની પાસે અત્યારે રજા માગવા આવ્યો છું. ૧૫. મારા સરખું કોઈ કામ હોય તો આપ પત્રમાં લખતા રહેજો. આપનું નામ તો ઘણું મોટું છે. તેથી આપની સેવા અમને દુર્લભ રહે છે. ૧૬. સહજાનંદસ્વામી ! આપ તો રાજાના પણ રાજા છો. નિષ્કામધર્મને પાળો છો. ધર્મની જેટલી તત્ત્વરૂપ-સાર સાર વાતો છે તે દેવતાઓને માટે પણ દુર્લભ છે. ૧૭. આપ ધર્મ પાળો છો અને જે લોકો આશ્રિત થઈને રહ્યા છે તેની પાસે પળાવો છો. ત્યાગીને ત્યાગીની રીતે ચોક્કસ ધર્મ પળાવો છો. ૧૮. અને ગૃહસ્થોને ગૃહસ્થની રીતે પ્રેમથી ધર્મ પળાવો છો. આ વખતે જેટલા કાંઈ ભગવાનના ભક્ત થયા છે, તે બધાએ જે કાંઈ પણ હિંસા કહેવાય છે તેમાં દોષ દેખીને તમારાં વચનથી તમારા ભક્તોએ ત્યાગ કર્યો છે. આ અવતારની આટલી બાબત વિશેષ છે. ૨૦.

✳ શ્રીહરિ અને તેમના વચનની સર્વોપરિતા :

બીજા અપાર અવતારો થયા છે. તેની રીત પણ આ વખતે આપમાં

જોઉં છું. હાલ કળિયુગ ઘણો પાપરૂપ છે, તેમાં પણ આપની બધી રીત અનુપમ છે. ૨૧. દેવતાઓ અને રાજાઓથી પણ ન ચલાવી શકાય તેવી રીત આ કળિયુગમાં આપે ચલાવી છે. મોટા મોટા બુદ્ધિમાનો પણ જ્યારે આપની આ રીતને જુએ છે ત્યારે આપના અવતારને વારંવાર સર્વોપરિ કહે છે. જે અધર્મવંશી કહેવાય છે તે બધા તો અનીતિને માર્ગે ચાલી રહ્યા છે. ૨૨-૨૩. પરંતુ નાના કે મોટા સહુ કોઈને આપે વચનરૂપી બેડીમાં બાંધી રાખ્યા છે. તે બધા આપના વચનમાં વર્તે, ત્યાં સુધી તેને કળિયુગ પરાભવ કરતો નથી. તે સિવાય ચાહે તેવો કોઈ બળવાન હોય, તોપણ જો આપના વચનનું ઉલ્લંઘન કરે છે તો તેનો પરાભવ કરે છે. ૨૪-૨૫. વેદના પણ વેદ જેવાં આપનાં વચન વેદ કરતાં પણ વધારે પ્રમાણભૂત છે. વેદ પણ આપના વચનનું વિશેષ સન્માન કરે છે. ૨૬.

सोरठा : तुमारे बचन ताके, प्रमान करत रहत जेहु;
पराभव होत न वाके, एसे रहाये बचन तव...२७
तुमारे बचन जेहु, तुमारी मूर्ति रहेउ यह;
जेसे जानत तेहु, तेसे होवत रहत तेही...२८

चोपाई :

कोउके बुरे न इछत तुमही, सबके अच्छे इच्छत हो मनही;
कल्पवृक्ष सत्पुरुष रहेऊ, चिंतामनि सम ताकु कहेऊ...२९

જે આપના વચનને એવા પ્રમાણભૂત માની અનુસરે છે તેનો ક્યારેય પરાભવ થતો નથી. કારણ કે, આપનાં વચન જ એવાં મહત્ત્વપૂર્ણ છે. ૨૭. આપનાં જે વચન છે તથા આપની જે આ મૂર્તિ છે તેને જે માણસ જેવાં સમજે છે તે તેવાં થઈ જાય છે. ૨૮. આપ કોઈનું ખરાબ ઈચ્છતા નથી, મનથી સહુનું ભલું જ ઈચ્છો છો. સત્પુરુષને તો કલ્પવૃક્ષ અને ચિંતામણિ સમાન કહ્યા છે.” ૨૯.

તે વખતે શ્રીહરિએ નાનભાને કહ્યું, “આ બ્રહ્માંડમાં જેટલા દેવ, મનુષ્ય, પ્રાણી રહ્યા છે તે જ્યાં સુધી પોતાની માન્યતા મુજબ ચાલે છે ત્યાં સુધી તેને અપાર ભવભટકણ રહે છે. છતાં તેને તે લગાર પણ સમજતા નથી.

જે દિવસે તે જીવો સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે દિવસે તે પરમસુખને પામશે. તે વચનને ગ્રહણ કર્યા સિવાય બ્રહ્મા જેવા મોટા હોય તોપણ ક્યારેય સુખને પામતા નથી. ૩૦-૩૨. આ રીતે જે સિદ્ધાંતની વાત છે તે તમને યથાર્થ કહી છે."

ત્યારે નાનભાએ કહ્યું કે, "મહારાજ, આપની કૃપા સિવાય કાંઈ બનતું નથી. ૩૩. આપનો પ્રસાદ મને મળે એવો મનમાં સંકલ્પ પણ હતો નહિ, પણ જ્યારે આપની કૃપા થઈ ત્યારે સહેજે જ મને પ્રસાદ મળ્યો છે. ૩૪. આ પ્રસાદને તો કોઈ ઈચ્છે છતાં મળતો નથી. કારણ કે આવો પ્રસાદ બ્રહ્માદિકને પણ દુર્લભ કહેવાય છે."

❋ ભગવત્સંબંધી સાધનોની વિશેષતા :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "કોઈ જીવ અમારાં દર્શનાદિક પહેલી જ્યારે ઈચ્છા કરે છે ત્યારે તેનું જ નામ સાધન કહેવાય છે. આટલું સાધન જો જીવ કરતો રહે છે તો તેના ઉપર આવી અમારી કૃપા થઈ આવે છે. ૩૫-૩૬.

दोहा : भगवान सबंधी जितना, साधन करत रहेउ;
अलोकिक रहे तितना, मायिक न रहे तेऊ...३७
भगवान के संबंध बिन हि, साधन रहे जेते;
नाशवंत फल देत रहे, वेर वेर हि तेते...३८

જીવ ભગવાન સંબંધી જેટલાં સાધન કરે છે તે બધાં અલૌકિક છે, તેમાં એક પણ માયિક નથી. ૩૭. અને ભગવાનના સંબંધ વગરનાં જેટલાં સાધન છે તે બધાં વારંવાર નાશવંત જ ફળ આપે છે." ૩૮. શ્રીહરિએ કહેલી આટલી વાત સાંભળીને નાનભા ઉતારે આવ્યા અને સવાર થયું ત્યારે ચાલતા થયા. ૩૯. પછી શ્રીહરિએ સંતો અને હરિભક્તોને કહ્યું, "જેને સત્સંગનો ગુણ આવ્યો તે ધન્યભાગી થાય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિના મુખથી શુભ વાત સાંભળીને નાનભા રજા લઈને નીકળ્યા" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૫૪

શ્રીહરિ ઝમરાળા જીવા દવેને ઘેર પધાર્યા

શ્રીહરિ અને સંતો જે દિવસથી કારિયાણીમાં આવ્યા હતા તે દિવસથી ગામમાં કાઠી, કણબી, વણિક, લોહાણા વગેરે જેટલા હરિભક્તો હતા, તે સર્વે શ્રીહરિ તથા સંતોને એક એક દિવસ ઘણા હેતથી રસોઈ આપતા હતા. અને જેની રસોઈ હોય તે હરિભક્તો પરમ હેતથી શ્રીહરિ અને સંતોની પૂજા કરતા હતા. ૧-૩. તે વખતે ગામના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિ અને સંતોની સેવા દોઢ માસ સુધી કરતા રહ્યા. ૪. કારિયાણી ગામથી પૂર્વ દિશામાં નજીક જ ઝમરાળા ગામ છે. તેમાં ત્યારે હરિભક્તના ત્રણ ઘર હતા. ૫.

(એક દિવસ આ સમયે કારિયાણીમાં સવારમાં મહારાજ અક્ષરઓરડીની ઉગમણી ઓસરીમાં ચાકળા ઉપર બેસીને દાતણ કરતા હતા. તે વખતે ગામ ઝમરાળેથી જીવો દવે તથા ગંગારામ દવે બન્ને ભાઈ કારિયાણી આવ્યા. તેમાં એકને માથે ઘઉંના લોટની ગાંસડી હતી અને બીજા પાસે ઘીનો ડબો તથા ગોળનાં ભીલાં હતાં. તે વસ્તુ માથા ઉપર રાખીને મહારાજ પાસે બન્ને ભાઈ રોવા લાગ્યા. ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, “ભાર તો માથેથી હેઠો મેલો, પછી રોજ્યો !” પછી ઘી-ગોળ અને લોટ મહારાજ પાસે મેલ્યાં અને વિનંતી કરી જે, “મહારાજ ! આટલા નજીક આવ્યા છતાં તમે અમારે ગામ નો પધારો ત્યારે અમારું ત્યાં રહ્યાનું શું કામ આવ્યું !” પછી મહારાજ કહે, “જાઓ દવેજી, તમે કહેશો ત્યારે આવશું.” આવા તે પ્રેમી હતા. તેથી સ્વામી લખે છે.)

તેમાં એક જીવા દવે નામે વિપ્ર કહી ન શકાય તેવા પ્રેમી હરિભક્ત હતા. તેના ગંગારામ આદિ જે ભાઈઓ તથા તેના પુત્રો અને ઘરમાં જે બાઈઓ હતી તે બધા પ્રેમી હરિભક્ત હતા. શ્રીહરિ અને સંતોની સેવા માટે યોગ્ય એવા પદાર્થોને ભાવથી તૈયાર કરી રાખતા હતા. સહુના દિલમાં એક સરખો અલૌકિક ભાવ રહેતો હતો. તે ભાવ દિનપ્રતિદિન અધિક અધિક વધતો રહેતો. ૬-૮.

चोपाई :

मान मिलो न मिलो तिनकू, एसे भाव न रहेउ इनकू;
मान हित हरिजन रहे जेते, भाव अति रखत रहेउ तेते...९

માન મળે કે ન મળે, તે હરિભક્તોને મનમાં તેવો કોઈ ભાવ ન હતો. જે માનને માટે જ હરિભક્ત થયા છે તેઓ માન મળે ત્યાં સુધી તો અતિશય ભાવ રાખતા રહે છે. ૯. પણ માન માટે જે હરિભક્ત થયા હોય તેઓ તો બાળબુદ્ધિમાં ખપે છે. જેમ દિવસ પ્રકાશ ભર્યો હોય અને રાત અંધકારમય હોય છે તેમ તેનો સત્સંગ ક્યારેક બહુ ઉજાસવાળો લાગે અને ક્યારેક બહુ અંધકારવાળો લાગે. ૧૦. જે લૌકિક વાતને માટે જેટલો સત્સંગ કરે છે, તેનું જ્યારે ધાર્યું ન થાય ત્યારે તેનો સત્સંગ રહેતો નથી. ૧૧. **મનુષ્ય નામથી કહેવાતા બધા જ લોકો એક રીતના ક્યારેય હોતા નથી. તે રીતે જ હરિભક્ત એવું સહુનું નામ એક છે, પણ તે સહુની પ્રકૃતિ અનેક પ્રકારની હોય છે. ૧૨.** સત્સંગની રીતમાં જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તે ગમે તેવો હોય તોપણ સત્સંગી રહે છે. ૧૩. કારણ કે, જેટલી સત્સંગની રીત છે તે સુમાર્ગ છે અને કુસંગની રીત છે તે કુમાર્ગ છે. ૧૪.

જ્યાં સુધી જે મનુષ્ય સુમાર્ગમાં-સત્સંગની રીતમાં ચાલતો રહે છે ત્યાં સુધી તે અક્ષરધામ સુધી પહોંચે છે. ૧૫. અને જ્યાં સુધી કુમાર્ગમાં ચાલે છે ત્યાં સુધી મનુષ્ય જમપુરી અને લખચોરાશીમાં ભમતો રહે છે. ૧૬. જેટલા હરિભક્તો હતા તે બધા આ વાતને સમજીને સુમાર્ગે ચાલતા હતા, પણ કોઈ ક્યારેય કુમાર્ગે ચાલતા નહિ. ૧૭. જેટલા કુમાર્ગ-કુસંગીની રીતભાત છે તે બધાં દુઃખ કરનારાં છે. આ બાબતમાં એક તલભાર જેટલું પણ ખોટું નથી. જે સુમતિ મનુષ્યો છે તે આ બાબતને જાણે છે. ૧૮.

ઝમરાળાના જીવા દવે નામના વિપ્ર કહ્યા તેણે શ્રીહરિ અને સંતોને પોતાને ઘેર ઝમરાળામાં પધરાવ્યા. જ્યારે શ્રીહરિ ત્યાં સવારી લઈને આવ્યા. ત્યારે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં, ફૂલના હાર કંઠમાં ધાર્યા હતા, ફૂલના બાજુબંધ હાથે બાંધ્યા હતા અને હજારીના ગુચ્છ કાન ઉપર હતા. ૧૯-૨૦. હાર અને તોરા હજારીના હતા. ત્યારે જે શોભા બની હતી તે

કહી શકાતી નથી. જ્યારે દિવસ ચાર ઘડી ચઢ્યો ત્યારે શ્રીહરિ **ઝમરાળા** આવ્યા હતા. ૨૧. ગામના જેટલા મનુષ્યો હતા તે બધા શ્રીફળ લઈને શ્રીહરિની સન્મુખ પ્રેમ સહિત આવ્યા, અને શ્રીહરિની આગળ શ્રીફળ ધર્યા. ૨૨. ઢોલ, ભૂંગળ આદિક વાજાઓ અને ઝાંઝ તથા મૃદંગ લાવ્યા હતા તે બધાં તે રીતે વાગતાં હતાં. શ્રીહરિ પ્રેમથી ગામમાં પધાર્યા. ગામના બધા રાજમાર્ગ સ્વચ્છ કરાવ્યા હતા, અને બજારમાં અગણિત લોકો શ્રીહરિનાં દર્શન કરવાં માટે ઊભાં હતાં. ૨૩-૨૪.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું અને મુકુંદાનંદ વર્ણી ચામર કરી રહ્યા હતા. ૨૫. બજારમાં જે લોકો ઊભા હતા તે બધા ‘જય જય...જય જય...’ કરતા હતા અને હાથ જોડીને મસ્તક નમાવતા હતા. સહુના મનમાં હરખ ભર્યો હતો. ૨૬. શ્રીહરિની આગળના ભાગમાં જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધાં કીર્તન ગાતાં હતાં. અને જેટલા પાર્ષદો હતા તે બધા બંદૂકના અવાજ કરતા હતા. કારણ કે, ‘આવો બીજો કોઈ મંગળ સમય નથી’ એવું તે જાણતા હતા.

જ્યારે **જીવા દવે**ને ઘેર આવ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા અને ઘરની ઓસરીએ ત્યારે જે પલંગ બિછાવ્યો હતો તે પલંગ ઉપર શ્રીહરિ આવીને બેઠા. ચોકમાં છાયો કરાવી દીધો હતો. પછી સંતો અને વર્ણી વગેરે જે હતા તે બધાની શ્રીહરિની આગળ સભા થઈ. ૨૭-૩૦. ગામમાં જેટલા બુદ્ધિમાન મનુષ્યો હતા તે બધા શ્રીહરિની પાસે બેઠા હતા. તે લોકો જે રીતે વાત પૂછતા હતા તે વાતને શ્રીહરિ તે રીતે જ કહેતા હતા. ૩૧. શ્રીહરિની વાત સાંભળીને લોકો તેને પ્રમાણભૂત માનતા હતા. શ્રીહરિની વાતોમાં એક મોક્ષનું જ તાન હતું. જ્યારે લાડુની રસોઈ તૈયાર થઈ ત્યારે સહુ જમ્યા. ૩૨. તે વિપ્રવરે સહુ પહેલા શ્રીહરિને રસોઈ જમાડી. જેટલી પ્રકારની રસોઈ તૈયાર કરી હતી તે વિપ્રનો ભાવ જોઈને પ્રેમ સહિત શ્રીહરિ જમ્યા. આ વિપ્રને રાજી કરવાને માટે જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સહુ સંતોની પંક્તિ કરાવી. ૩૩-૩૪.

⁕ જે મોટાના વચનમાં રહે છે, તે મહાન બને છે :

શ્રીહરિ લાડુ પીરસવા આવ્યા. જેટલા સંતો હતા તે 'સ્વામિનારાયણ' નામની ધૂન મુખથી બોલતા હતા. ૩૫. જ્યારે શ્રીહરિ લાડુ પીરસી રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા આપી. લાડુની ભેળી બીજી જે રસોઈ હતી તે પણ પીરસતા હતા. ૩૬. જેટલા ત્યાગી હતા તે બધાં ભોજન મેળવી, એક કરી અને તેના ઉપર જળનું પ્રોક્ષણ કરીને યોગ્ય રીતે જમતા હતા. ૩૭. જે સંતો થયા હતા તેઓ જેટલો રસ અને સ્વાદ હોય તેથી અધિક રસ અને સ્વાદ શ્રીહરિની આજ્ઞામાં માનતા હતા. ૩૮.

सोरठा : बडे के बचन ताकु, उलंघत न जितना जोउ;
बडता तितनी वाकु, देवत रहे बचन तेही...३९
बचन उलंघत जेते, बडे के प्रमाद जो कर;
कष्ट बहु होत तेते, सुने में आवत कष्ट यह...४०

મોટા પુરુષોનાં વચન જે જેટલાં ઉલ્લંઘતા નથી તેટલાં તે વચનો તે પાળનારાને મોટાઈ આપે છે. ૩૯. અને જે કોઈ મોટા પુરુષોના વચનને પ્રમાદે કરીને ઉલ્લંઘે છે તેને બહુ કષ્ટ થાય છે, આ કષ્ટની વાત સાંભળ્યામાં આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિ ઝમરાળા જીવા દવેને ઘેર પધાર્યા" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૫

જીવા દવેએ શ્રીહરિ તથા સંતોને જમાડ્યા ને તેમની પૂજા કરી

શ્રીહરિના વચનથી અધિક કોઈ વાત નથી. શ્રીહરિની વાત જ અધિકથી અધિક રહી છે. ૧. શ્રીહરિની વાતને જે જેટલી અધિક સમજે છે તેમાં તેટલી મોટાઈ સહજ ભાવે આવે છે. ૨. આવું સમજીને સહુ સંતો શ્રીહરિને રાજી કરવા માટે તેમના વચનને અત્યંત ભાવથી માનતા હતા. ૩. કારણ કે, જ્યારે

શ્રીહરિ પ્રસન્ન થાય ત્યારે અનંત કોટિ બ્રહ્માંડમાં રહેલા સર્વ દેવો તથા મનુષ્યો પણ પ્રસન્ન થઈ જાય છે. ૪. શ્રીહરિ સંતોની પંગતમાં હરિભક્તોનો ભાવ દેખીને ત્રણ-ચાર વખત લાડુ પીરસતા રહ્યા. ૫. જેવો હરિભક્તોનો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિ પંગતમાં ફરતા હતા. જ્યારે સંતો લાડુ જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. ૬. બહુનામી અને સર્વના સ્વામી શ્રીહરિ કરચરણ ધોઈને પલંગ ઉપર બેઠા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિની પાસે સભા થઈ. ૭. વિપ્ર જીવા દવે શ્રીહરિની પૂજા કરવા માટે ભાઈઓ અને પુત્રોએ સહિત ઘણા હરખથી આવ્યા. ૮.

શ્રીહરિના મસ્તક ઉપર પાઘ બંધાવી અને એક કસુંબલ રેંટો ઓઢાડ્યો. લલાટમાં કેસરયુક્ત ચંદનની સુંદર અર્ચા કરી. ૯. ફૂલના હાર પહેરાવ્યા અને પછી પ્યારથી ભેટ અર્પણ કરી. ગામમાં જેટલા વિવેકી મનુષ્યો હતા તેમણે સહુએ તે વખતે એક એક રૂપિયો ભેટ ધર્યો. જ્યારે સહુ જઈને શ્રીહરિને પગે લાગતા ત્યારે જીવા દવે તેમને સાકરની પ્રસાદી આપતા હતા. ૧૦-૧૧. **જે વ્યવહારની રીતને જાણતા હોય તે વ્યવહારને શોભાડે છે. જે ત્યાગી થયા હોય તેને વ્યવહારને શોભાડતા ક્યારેય આવડે નહિ. ૧૨.** કારણ કે, જે પોતે વ્યવહારની લાજ અને શરમને દૂર કરીને બેઠા હોય અને જે વ્યવહારનું ઉચ્છેદન કરતા હોય તેને વ્યવહાર શોભાડવો ઘણો કઠણ છે. ૧૩. જેઓ સ્ત્રી અને ધનમાં લોભાયેલા હોય તેઓ જો યોગ્ય વ્યવહાર ન રાખે તો તેની અપકીર્તિ થાય છે. ૧૪. **જે જેટલી લાજ-શરમ રાખે છે તેટલી તેની કીર્તિ થાય છે. અને તેટલા જ તે મનુષ્ય ગણાય છે, તેમ વિવેકી લોકો કહે છે. ૧૫.**

પછી જ્યારે તે સહુ શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે આરતી ઉતારી. તેમના સહુના હૃદયમાં અત્યંત ભાવ રહ્યો હતો. ૧૬. આરતી કરી રહ્યા પછી તે બધા શ્રીહરિના ચરણમાં પડ્યા. તે વખતે શ્રીહરિએ પહેરેલા ફૂલના હાર ઉતારીને તેમને આપ્યા. ૧૭. પછી જીવા દવે વગેરેએ સંતો અને વર્ણીની પૂજા કરી. તેમાં કેસર, ચંદનથી પૂજા કરીને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. અને તેમને ઘણા હરખથી એક એક વસ્ત્ર ઓઢાડ્યું. તેમના દિલમાં ઘણો ભાવ હતો. આવો અવસર વારંવાર આવે નહિ તેમ જાણીને ઘણા હેતથી

શ્રીહરિ અને સંતોની સેવા કરી હતી. સમજણા હરિભક્તોના મનમાં આના જેવી બીજી કોઈ શ્રેષ્ઠ વાત હતી નહિ. ૧૮-૨૦.

✽ પ્રગટ હરિ કે સંતની સેવાની મહત્તા :

चोपाई :

अनंत ब्रह्मांड में जन जितना, देव ऋषि जीवत लग हि तितना;
जेंवावत तिनसे अपार जेहा, एक दिन हरि संत कु तेहा...२१
जेंवावन ताके फल रहाते, बुद्धिवंत कु देखन आते;
एसी समझ रहायेउ जिनही, निष्कपट सत्संग कर तिनही...२२

અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલા મનુષ્યો, દેવતાઓ તથા ઋષિઓ છે તે બધાને જીવે ત્યાં સુધી જમાડતા રહે, તેનાથી પણ એક જ દિવસ શ્રીહરિ તથા સંતોને જમાડે છે તેનું ફળ અપાર થાય છે. તે બુદ્ધિમાનોને દેખાય છે. જે નિષ્કપટ સત્સંગ કરે તેની આવી સમજણ હોય છે. ૨૧-૨૨.

શ્રીહરિ અને સંતોને માટે જે જે કરવું તેમાં જ પરમ લાભ છે; એમ માનનારા હરિભક્તો શ્રીહરિ અને સંતોને માટે જે પદાર્થ ઉપયોગમાં ન આવે, તે પદાર્થ ઘરમાં હોય તોપણ શોક કરવાને લાયક ગણે છે. જેને પરમ વિવેક હોય છે તે તેમ સમજે છે. જે જીવ શ્રીહરિ તથા સંતોની સેવા કરવામાં જેટલો સંકોચ-લોભ કરે છે અને જેટલી વેપારી બુદ્ધિ રાખે છે તેને શ્રીહરિ તો દેખતા જ હોય છે. તેવા માણસો ભગવાનના ધામમાં જાતા નથી. તેઓ તો જે સ્થાનમાં જન્મ ધારણ કરે છે ત્યાં પણ તેમને અન્ન, ધન તથા વસ્ત્રમાં કાયમ ખેંચ રહે છે. કારણ કે જેવું બીજ વાવે છે તેવું ફળ તે પામે છે. ૨૩-૨૬.

શ્રીહરિ અને સંતો અપાર સુખ મેળવવાનું દ્વાર છે. તે દ્વાર બંધ કરી દેવું તે સુખનો સંકોચ કરનારું છે. ૨૭. હરિભક્તો આ રીતે સમજીને શ્રીહરિ અને સંતોની મનમાની સેવા કરી લે છે પણ તેમાં લેશમાત્રય સંકોચ રાખતા નથી. ૨૮. જે હરિભક્ત ધનાઢ્ય હોવા છતાં શ્રીહરિ તથા સંતોની સેવા કરવામાં જેટલો સંકોચ રાખે છે તેટલા તે મોટા હોવા છતાં પણ તુચ્છ બુદ્ધિવાળા ગણાય છે. તેને જેમ છે તેમ શ્રીહરિ તથા સંતોનો મહિમા જાણ્યામાં આવ્યો નથી. મહિમા વિનાના લોકો આંખ મીંચીને બેસી રહેતા હોય તોપણ

તેને ધ્યાનની કાંઈ ગમ નથી. તેઓ પોતાને સર્વશ્રેષ્ઠ માનતા હોય તોપણ તેને ક્યારેય ભગવાનનાં દર્શન થતાં નથી. ૨૯-૩૧. તેઓ જે જે સાધન કરતાં હોય છે તે બધાં માનને અધિક વધારવા માટે કરતા હોય છે. તેમને માનમાં જેટલો સ્વાદ દેખાય છે તેટલો ભગવાનમાં દેખાતો નથી. ૩૨. **જેટલાં મનમુખી સાધન કરવામાં આવે છે તેટલાં તે બધાં નિષ્ફળ થઈ જાય છે. કર્મફળના પ્રદાતા ભગવાન તો જે જેવો હોય તેને તેમ દેખતા રહે છે.** ૩૩.

❋ નિષ્કપટી તરે છે, કપટી મરે છે :

અને જેનો જેવો ભાવ હોય તેને તેવું ફળ આપે છે. નિષ્કપટ હરિભક્તને તેની સેવાનું ફળ જેવું હોય તેવું જ અંતર્યામી પરમેશ્વર આપતા જ રહે છે. તેમાં એક રંચમાત્ર પણ ફરક હોતો નથી. જે લોકો હૃદયમાં કપટ રાખીને પોતાનું સર્વોપરિ વર્તન રાખે છે તેને અંતર્યામી પરમેશ્વર દેખતા જ હોય છે. અને તેના કપટનું ફળ જે રીતનું હોય તે રીતે શ્રીહરિ આપતા રહે છે. ૩૪-૩૬. કપટનું ફળ દુઃખ રહ્યું છે. જેટલા જે નિષ્કપટ રહે છે તેટલું તેને નિષ્કપટ સેવાનું ફળ સુખ મળે છે. ૩૭. **જેટલો ભગવાનનો ડર રહે છે તેટલો તે મનુષ્ય પાપથી દૂર રહે છે. જે પાપથી નથી ડરતો તેટલો તે પ્રભુનો ચોર છે.** ૩૮. હરિભક્તો આ રીતે સમજીને શ્રીહરિ તથા સંતોને બહુ મોટા માનીને તેમના ઉપર ભાવ રાખે છે તેથી તેવું જ તેમને સુખરૂપ ફળ મળે છે. ૩૯. જ્યારે તેઓ સંતોની પૂજા કરી રહ્યા અને શ્રીહરિ ઊઠ્યા ત્યારે તેમની પાસે જઈને વિપ્ર જીવા દવેએ કહ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "જીવા દવેએ શ્રીહરિ તથા સંતોને જમાડ્યા અને તેમની પૂજા કરી" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૬

શ્રીહરિએ કારિયાણીમાં દશેરા, શરદપૂનમ વગેરે ઉત્સવ કર્યા

ઝમરાળામાં જીવા દવેએ દીનભાવે શ્રીહરિને કહ્યું, "મહારાજ ! મારાં ઘરમાં આપનાં ચરણપગલાં કરો. ફરીવાર આવો યોગ આવવો કઠણ છે." ૧.

ત્યારે દીનદયાળુ શ્રીહરિએ તેનાં ઘરમાં પગલાં કર્યાં અને ભક્તજનના બધા મનોરથને પૂરા કર્યા. ૨. પછી ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ રૂડો અવસર આવ્યો છે તેમ જાણીને ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી. ૩. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે તે સહુએ પૂજા કરી. સહુ બાઈ-ભાઈ હરિભક્તોએ પધરામણી કરીને લાભ લીધો. ૪.

ગામમાં કણબી વેલાભાઈ સુતરિયા નામે એક પાકા હરિભક્ત હતા. જે દિવસથી શ્રીહરિ આ પ્રદેશમાં આવ્યા તે દિવસથી તેણે કેટલીયવાર શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં. ૫. અને શ્રીહરિનાં દર્શન વરસમાં એક વખત થાય તે પણ કાંઈ થોડી વાત નથી. ઝમરાળા ગામમાં પાંચાભાઈ નામે એક કોળી હરિભક્ત હતા. ૬. તેણે પણ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને અલભ્ય લાભ લીધો અને જેવો ભાવ હતો તેવી પૂજા કરી. આ વાત તો યુગ યુગ સુધી રહેશે. ૭. જે વાતને ભગવાનનો સંબંધ નથી હોતો તે તો નાશવંત ફળને આપે છે. અને જેને ભગવાનનો સંબંધ હોય છે તેવી વાત જો સાંભળવામાં આવે તો તે અક્ષયફળ આપે છે, તેવી તે વાત શ્રેષ્ઠ છે. પછી શ્રીહરિ ઝમરાળાથી ચાલ્યા અને પાછા **કારિયાણી** ગામ આવ્યા. ૮-૯.

(પણ કેવી રીતે આવ્યા ? તો જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે દવે ગંગારામે ગાડું જોડીને તે ઉપર એક સારું નવું ગોદડું પાથર્યું અને તે ઉપર મહારાજને બેસાર્યા. એવી રીતે કારિયાણી મેલવા આવતા હતા, ત્યારે તેના સારા બળદ જોઈને મહારાજ બોલ્યા જે, “ગંગારામ ! આ તારા બળદ છે ?” ત્યારે ગંગારામ કહે, “હા મહારાજ, મારા છે.” મહારાજ કહે, “અમારી વેલે જોડ્યા જેવા છે હો..!” ત્યારે ગંગારામ કહે, “મહારાજ ! તમારે જોતા હોય તો ગાડું, બળદ અને હું એ ત્રણે કૃષ્ણાર્પણ !”

પછી મહારાજ કહે, “ભલે બ્રાહ્મણિયા ભલે ! જા તું અમને દઈ ચૂક્યો !” એમ તેની ઉપર મહારાજ રાજી થયા. પછી મહારાજે રાજી થઈને તેનો બરડો થાબડ્યો. આ રીતે શ્રીહરિ કારિયાણી આવ્યા.)

જ્યારે દશેરાનો ઉત્સવ આવ્યો ત્યારે શ્રીહરિએ તે ઉત્સવ કારિયાણીમાં કર્યો હતો. હવે હું સંક્ષેપથી વાત કહું છું. કારણ કે, વિસ્તારથી કહેવામાં

લોકોને પ્રેમ રહેતો નથી. આમ તો જેટલાં ભગવાનનાં ભક્ત બાઈ-ભાઈ કહેવાય છે તે વાત કર્યામાં તો એમ વાત કહે છે જે, ભગવાનની વાત જેવી કોઈ બીજી વાત નથી, આવું તે બાઈ-ભાઈ દ્વારા સાંભળવામાં આવે છે. પણ શ્રીહરિની વાતમાં ખરી શ્રદ્ધાવાળા તો પર્વતભાઈ એક હરિભક્ત હતા. ૧૦-૧૨. એક પૃથુરાજા, પ્રહ્લાદજી, રાજા જનક અને પરીક્ષિત પણ ચરિત્રોની વાત સાંભળવામાં શ્રદ્ધાવાળા હતા, તથા જેટલી ગોપીઓ હતી તે પણ શ્રીકૃષ્ણનાં ચરિત્રોનું રાત-દિવસ ગાન કરતી હતી. ૧૩-૧૪. નૈમિષારણ્યમાં અઠ્યાશી હજાર ઋષિઓ એક કલ્પ પર્યંત ભગવાનના અવતારોનાં વિવિધ પ્રકારનાં ચરિત્રોને સાંભળતાં તૃપ્ત થતા નથી. કારણ કે, તેઓ જે કાંઈ સાર કહેવાય છે તે બધો કથાશ્રવણમાં જાણતા હતા. ૧૫-૧૬.

તેમને ભગવાનનાં ચરિત્રોમાં જે સાર મનાતો, અને તે શ્રવણ કરવામાં જેવો ભાવ હતો તે બધો તેની કથામાં દેખાઈ આવે છે. ૧૭. શ્રોતાને જે રીતનો ભાવ હોય તે રીતે ચરિત્રનો સંકોચ કરીને કહેવામાં આવે છે. શ્રોતાના ભાવને જોયા સિવાય ચરિત્ર કહેવામાં આવતા નથી. ચરિત્રોને સાંભળતાં સાંભળતાં તૃપ્ત ન થાય તેવાં શ્રોતા તો દુર્લભ છે. તેવા શ્રોતા દરબાર દાદા ખાચર હતા અને શ્રીહરિના બંને પુત્ર આદિ આચાર્ય હતા. ૧૮-૧૯. અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ સર્વોપરિ શ્રોતા હતા અને રામદાસજીસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, આત્માનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, પરમાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, આનંદાનંદ સ્વામી, નરનારાયણાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી વગેરે સંતો સર્વે સુખના મૂળ અને જગદ્વંદ્ય એવાં શ્રીહરિનાં ચરિત્ર સાંભળનારાઓમાં શ્રેષ્ઠ સંતો હતા. અને હરિભક્તોમાં ઝીણાભાઈ તથા શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજી અને નાના ઈચ્છારામજી એ બંને ભાઈઓને ૨૦-૨૫. પણ પ્રગટ શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તેને સાંભળવામાં દિનપ્રતિદિન ભાવ વધતો રહેતો હતો. તેમાંથી કેટલાક તો શ્રીહરિનાં ચરિત્રોને સાંભળતાં થકાં ભગવાનનાં ધામમાં ગયાં છે, જેનો કહેતા પાર આવતો નથી. ૨૬-૨૭.

ગામ કારિયાણીમાં શ્રીહરિએ શરદપૂર્ણિમાનો ઉત્સવ કર્યો. તે સમયે ભુજના હરિભક્તો ત્યાં આવ્યા હતા. ૨૮. સુંદરજી સુતારના મોટા ભાઈ હીરજીભાઈ હતા, તે હરિભક્તોમાં મુખ્ય હતા. ૨૯. રામાનંદસ્વામીના તે શિષ્ય હરિભક્ત હતા. તેમણે સહજાનંદસ્વામીમાં જ્યારે અપાર પ્રતાપ દેખ્યો ત્યારે તેમને તેમાં ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. એમનું સત્સંગમાં ઘણું માન હતું. (પરંતુ તેઓ શ્રીજીમહારાજ કચ્છ સિવાય બીજે જ્યાં ઉત્સવ કરતા ત્યાં ક્યારેય મોટેભાગે લાભ લેવા જતા નહીં.) સોરઠ પ્રદેશના માંગરોળ બંદરમાં તથા ૩૦-૩૧. કાલવાણી, અગત્રાઈ, પંચાળા, માણાવદર, આખા, પીપલાણા, મેઘપુર, ભાડેર, ધોરાજી, જૂનાગઢ, બંધિયા, સરધાર, ગઢપુર, કરિયાણા, બોટાદ, સારંગપુર, નાગડકા, મછિયાવ, હાલાર દેશમાં ગામ ભાદરા, સિદ્ધપુર, વિસનગર, કરજીસણ, આદરજ, અમદાવાદ, જેતલપુર, વૌઠા, મહેમદાવાદ, ખોખરા-મહેમદાવાદ, વડથલ, ઉમરેઠ, ડભાણ અને વડતાલ, આ બધા સ્થાનોમાં ઘણા મોટા મોટા ઉત્સવ શ્રીહરિએ વારંવાર કર્યા હતા. અને ધરમપુરમાં વસંતપંચમીનો એકવાર ઉત્સવ કર્યો હતો. ૩૨-૩૬.

કારિયાણી ગામમાં શ્રીહરિએ પહેલા ત્રણવાર ઉત્સવ કર્યા હતા. (તે ઉપરોક્ત કોઈ ઉત્સવમાં હીરજીભાઈ આવ્યા નથી.) અને ચોથીવાર આ વખતે જ્યારે અન્નકૂટનો ઉત્સવ શરૂ કર્યો ત્યારે હીરજીભાઈ સુતાર પ્રથમવાર ઉત્સવમાં કારિયાણી આવ્યા. જન્મથી આરંભીને તેમણે કચ્છ સિવાયના કોઈ દેશને ક્યારેય દેખ્યા ન હતા. ૩૭-૩૮. તેઓ શ્રીહરિ જ્યાં જ્યાં જતા અને જેટલા ઉત્સવ કરતા તેને તથા શ્રીહરિનાં જેટલાં ચરિત્રો હોય તેને ઘેર બેઠા સાંભળતા રહેતા. ૩૯. સાંભળવામાં અને જોવામાં રાત-દિવસ જેટલો ફરક હોય છે. જેને બુદ્ધિ હોય તેઓ આ બાબતને જાણે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ કારિયાણીમાં દશેરા અને શરદપૂનમ વગેરે ઉત્સવ કર્યા" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૭

શ્રીહરિએ હીરજીભાઈની આગળ બુદ્ધિમાનની વિશેષતા કહી

કચ્છ પ્રદેશમાં ભુજ, માનકૂવા, તેરા, કાળાતળાવ, નારાયણસર, માંડવી, ધમડકા, આધોઈ અને ભચાઉ એ બધા ગામમાં શ્રીહરિએ જેટલા ઉત્સવ કર્યા તે ઉત્સવોના હીરજીભાઈએ દર્શન કર્યાં હતાં, અને શ્રીહરિએ જે રીતે ચરિત્ર કર્યાં તેને તેઓ જ્યારે ધ્યાન કરતા ત્યારે નિત્ય સંભારતા હતા. ૧-૩. આ શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તે તો અંતસમયની સાચી મૂડી છે. આ મૂડી ક્યારેય ખોટી પડતી નથી. એમ જે જે હરિભક્તો જાણતા હતા તે શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યાં હતાં તેમાં જેટલા દેખ્યા કે સાંભળ્યા હોય તેનું શ્રવણ, મનન કરીને તેને સાક્ષાત્ યાદ કરી રાખતા હતા. ૪-૫. હરિચરિત્રો યાદ રાખવા એ જ હરિભક્તોનો ખરો ખજાનો છે. ચરિત્રોના સમાન બીજો કોઈ ખજાનો કહેવાય નહિ. ચરિત્ર સિવાયનો જેટલો બીજો ખજાનો છે તેને માટે તો રાજાઓ લડાઈ કરે છે. ૬. અને છેવટે તે બધાનો નાશ થાય છે. પરંતુ તે બાબતની બુદ્ધિમાન માણસો પણ તપાસ કરતા નથી. અને જેમાં લાભ નથી તેમાં પણ સહુ લોકો તણાતા જાય છે, તે એક મોટું આશ્ચર્ય છે. ૭.

મનુષ્યશરીર ચિંતામણિ જેવું છે, તે વારે વારે મળતું નથી. આ મનુષ્યનું શરીર મળ્યું છે તે અલભ્ય લાભ મળ્યો છે, પણ તેનો અલભ્ય એવો આ લાભ લેતા આવડતું નથી. ૮. માનો, કોઈ ચિંતામણિ લેવા આવ્યો હોય અને કાચનો ટુકડો લઈને ચાલતો થાય, તેમ સત્સંગ વિના કોઈ વેદ, પુરાણો અને સ્મૃતિ વગેરે જેટલાં શાસ્ત્ર છે તે બધાંને ભણે, ૯. તથા ત્રણ લોકનું રાજ્ય પામે, પણ સત્સંગ વિના તે કોઈ ઉપયોગમાં આવતું નથી. જ્યારે જીવ સત્સંગ કરે છે ત્યારે તેને મોક્ષની બુદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૦. સત્સંગ કરવાથી વેદ તથા પુરાણો જેવાં છે તેવા યથાર્થ સમજવામાં આવે છે, અને જેમાં જે રીતની વાત હોય તે સત્સંગ કરવાથી દેખાઈ આવે છે. ૧૧. જેમાં જેવી વાત હોય તે સમજવામાં ઘણી કઠણ દેખાય છે, પણ સત્સંગથી જે વાત જેવી છે તે તેમ સમજવી કઠણ પડતી નથી. ૧૨. પરંતુ કુબુદ્ધિનો ત્યાગ કરીને પછી જે સત્સંગ કરવામાં આવે છે તેનું જ નામ સત્સંગ કર્યો કહેવાય છે. ૧૩.

સત્સંગને કરવા છતાં પણ જેટલી કુબુદ્ધિ રાખવામાં આવે છે તેટલો તેમાં કુસંગ રહ્યો કહેવાય છે. ૧૪. જે સત્સંગ કરે છે પણ જો સત્સંગની રીત તેમાં મળતી આવતી નથી તો અંતે તે વિમુખ થઈ જાય છે. ૧૫. કુબુદ્ધિનો ત્યાગ કરીને સત્સંગની જેવી રીત છે તે રીતમાં જે મળતો-વર્તતો રહે છે તે હરિભક્ત આપણા સત્સંગમાં પવિત્ર અને મહાન થતો જાય છે. ૧૬. હરિભક્ત થઈ સત્સંગ કરવા છતાં જે જેટલી કુબુદ્ધિ રાખે છે તો જેમ સુવર્ણમાં બડવાળ(અશુદ્ધિ)રૂપી કાળપ રહે છે, તેમ તે હરિભક્તોના જીવનમાં કાળપ છે. ૧૭. ઉજ્જ્વળ વસ્તુમાં જેટલી કાળપ હોય તે જેને આંખ હોય તેને દેખાય છે. જેને આંખ નથી હોતી તે બીજાની આંખથી દેખે છે. ૧૮. અને બીજાની આંખથી-વિશ્વાસથી પણ જે દેખતો નથી તે તો આંધળામાં પણ મોટો આંધળો છે. જેને સત્સંગની બુદ્ધિ હોય તેને વર્તન ઉપરથી જે માણસ જેવો હોય તેવો યથાર્થ દેખ્યામાં આવે છે.

❋ સંતોમાં નિર્દોષબુદ્ધિ થાય તેની કુબુદ્ધિ જાય :

આવી રીતની શ્રીહરિ વાતો કરતા હતા ત્યારે તે સાંભળીને હીરજીભાઈ બોલ્યા, ૧૯-૨૦. “સત્સંગ કરવાનું પહેલું ફળ એ છે કે, કુબુદ્ધિનો ત્યાગ કરવો. પરંતુ સત્સંગ કરવા છતાં કુબુદ્ધિ આવે છે તે વાત તો આશ્ચર્યકારી દેખાય છે.” ૨૧.

चोपाई :

हरि कहे कुमति जावे जेसे, सत्संग नहीं करत हि तेसे;
आपमें दोष देखत जेहा, हरि संत हरिजन कु तेहा...२२
निरदोष समझत जिहाँ लगही, कुमति दूर रहत तिहाँ लगही;
आपमें दोष रहाये जीमी, हरि संत हरिजन में तीमी...२३

ત્યારે શ્રીહરિએ કહ્યું, “તેનું કારણ એ છે કે, જે રીતે કુબુદ્ધિ જાય તે રીતે સત્સંગ કરતા નથી. જ્યાં સુધી જે પોતામાં દોષ દેખે અને ભગવાન, સંતો તથા હરિભક્તોને નિર્દોષ દેખે ત્યાં સુધી તેનાથી કુબુદ્ધિ દૂર રહે છે. પરંતુ જો પોતામાં જેવા દોષ રહ્યા હોય તેવા દોષ ભગવાનમાં, સંતોમાં અને હરિભક્તોમાં પણ દેખવા લાગે, તો તેના હૃદયમાં વંશે સહિત અધર્મ

આવીને નિવાસ કરે છે. પછી તે અધર્મનો વંશ જીવનો હિત-મિત્ર બનીને ભગવાન, સંતો તથા હરિભક્તોના હેત-મહિમારૂપ પાશનો તથા સત્સંગની અસર-પ્રભાવરૂપ પાશનો નાશ કરી નાંખે છે. જે પાશ ખરેખર મોક્ષના કારણભૂત છે. ૨૨-૨૫.

✵ જ્યાં સત્સંગ છે ત્યાં ભગવાન અખંડ રહે છે :

સત્સંગમાં જેટલું હેત છે તે મોક્ષનું મૂળ છે. પરંતુ આ અધર્મવંશ તેમાં જ અરુચિ કરાવે છે. ૨૬. જ્યાં સુધી સત્સંગમાં રુચિ રહે છે ત્યાં સુધી તેમાં મોક્ષ રહ્યો છે અને સત્સંગમાં જ્યાં સુધી રુચિ હોય ત્યાં સુધી તેમાં અધર્મનું કાંઈ ચાલતું નથી. ૨૭.

सोरठा : सत्संग जिहाँ जेहु, भगवान रहत अखंड तिहाँ;
भगवान जिहाँ तेहु, सत्संग रहत निवास कर...२८

चोपाई :

अरस्परस एक एक में वासा, कर रहे हरि हरिजन दासा;
अलोकिक भाव वरतत जिहाँ लगहू, जुदे दोउ न परत तिहाँ लगहू...२९

જ્યાં સત્સંગ હોય છે ત્યાં ભગવાન અખંડ રહે છે અને જ્યાં ભગવાન હોય છે ત્યાં સત્સંગ નિવાસ કરીને રહે છે. ૨૮. ભગવાન અને હરિભક્તના પણ દાસ હોય એવા હરિભક્ત એ બંને એકબીજામાં પરસ્પર નિવાસ કરીને રહ્યા છે, અને જ્યાં સુધી ભગવાન અને ભગવાનના ભક્તોમાં એવો અલૌકિક ભાવ રહે છે ત્યાં સુધી તે બંને જુદા પડતા નથી. અર્થાત્ તેને અધર્મવંશ જુદા કરી શકતો નથી. ૨૯. જીવ જ્યાં સુધી માયિક શરીરમાં રહ્યો હોય ત્યાં સુધી તે ચાહે તેવો મોટો હોય, તોપણ જેવા દેશ-કાળાદિકનો યોગ થતો રહે તેવી તેની બુદ્ધિ થઈ જાય છે. કેમ જે, દેશ-કાળાદિક એવા બળવાન છે. તેણે ચંદ્ર, ઇન્દ્ર, ભવ, બ્રહ્મા અને ભગવાનના મન જેવા નારદજી, તેમનો પણ પરાભવ કર્યો છે. મોટા મોટા ઋષિઓને પણ ખરાબ દેશ-કાળે પોતાનું બળ જેમ છે તેમ પ્રગટ કરીને દેખાડ્યું છે. ૩૦-૩૨. જ્યાં સુધી સારા દેશ-કાળાદિકની હદમાં રહીએ ત્યાં સુધી ભૂંડા દેશ-કાળાદિક કરતાં સારા દેશ-કાળાદિકનું બળ અધિક દેખ્યામાં આવે છે. પણ જ્યારે સારા દેશ-કાળાદિકની

હદ ત્યાગ કરીએ ત્યારે ભૂંડા દેશ-કાળાદિકનું બળ અધિક દેખાય છે. તેમ અમારા અનુભવથી જણાય છે. ૩૩-૩૪.

ચાહે તેવો કોઈ બળવાન હોય, તોપણ તે બુદ્ધિમાનની આગળ રાંક રહે છે. અને ચાહે તેવો કોઈ ધનવાન હોય, તોપણ તે બુદ્ધિમાનની આગળ રાંક રહે છે. ૩૫. ગમે તેવો કોઈ મોટો રાજા હોય અને તે ધારે તેવા હુકમ ચલાવતો હોય. વળી, તેની પાસે તોપ વગેરે હથિયાર અને અપાર લશ્કર પણ હોય તોપણ તેનું બુદ્ધિમાનની આગળ કાંઈ ચાલતું નથી. ૩૬. બુદ્ધિમાનની બુદ્ધિ એવી હોય છે કે આકાશમાં ઊંચે રહેવું ઘણું કઠણ છે, છતાં ત્યાં બુદ્ધિમાન ચોક્કસ વસે છે. ૩૭. સમુદ્ર તરવો કઠણ છે, પણ તે બુદ્ધિમાન તેનાં સાધનો દ્વારા તરી જાય છે. વળી તે કાષ્ઠમાંથી સહજ ભાવે અગ્નિને પ્રગટાવે છે. ૩૮. બુદ્ધિશાળી માણસ વગર બળદે ગાડી ચલાવી દે છે અને એક પળવારમાં જ ધારે ત્યાં તાર દ્વારા વાતને પહોંચાડી દે છે. ૩૯. ચાહે તેવી નદી હોય તોપણ તેના ઉપર બુદ્ધિમાન પુલ બાંધી દે છે. માટે બુદ્ધિમાન ધારે તેવું કરી શકે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ હીરજીભાઈની આગળ બુદ્ધિમાનની વિશેષતા કહી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ।।૫૭।।



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ હીરજીભાઈની આગળ સત્સંગનો મહિમા કહ્યો

વળી ફરીવાર શ્રીહરિએ હીરજીભાઈની આગળ વાત કરી કે, "જે બુદ્ધિમાન છે તે વગર રાજ્યે રાજ્ય કરી રહ્યા છે. ૧. **પરંતુ એવા જે બુદ્ધિમાનો છે તે પણ માયિક વસ્તુની બાબતમાં પોતાના આ અમૂલ્ય માનવદેહને નિરર્થક ગુમાવી દે છે. ૨.** જન્મ-મરણ તે મહાદુઃખ છે. જ્યાં સુધી તે દુઃખ રહ્યું ત્યાં સુધી સુખ થાતું નથી. આ દુઃખ રહ્યું તો બુદ્ધિ મળી તોપણ તે ન મળ્યા બરાબર છે. ૩. બુદ્ધિમાન હોય તોપણ જ્યાં સુધી તેનો ઉપાય નથી કરતો

ત્યાં સુધી તેના ઉપર જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ રહ્યું છે. ૪. ચાહે તેવી બુદ્ધિ હોય પણ જો તે માયિક બુદ્ધિ હોય તો તે બુદ્ધિ જીવને માટે બંધન કરનારી છે. અને જ્યાં સુધી માયિક બુદ્ધિ રહે છે ત્યાં સુધી જીવને તે બંધન દેખાતું નથી. ૫. માટે ચાહે તેવી લૌકિક બુદ્ધિ પામ્યો હોય તોપણ તે બુદ્ધિ ન પામ્યા બરાબર છે. **જીવને જેટલું કાંઈ માયિક બંધન છે તે જ્યારે તેને દેખાય ત્યારે તે અલૌકિક બુદ્ધિને પામ્યો કહેવાય. તે અલૌકિક બુદ્ધિને સમાન બીજી કોઈ બુદ્ધિ કહેવાતી નથી. અને તે અલૌકિક બુદ્ધિ મેળવવાનું દ્વાર એક સત્સંગ છે. ૭.** સત્સંગ સિવાયના પેટ ભરવાના માર્ગો તો અપાર રહ્યા છે. અને તેવા સ્થાવર-જંગમ જીવોથી આ બ્રહ્માંડ અખૂટ ભર્યું છે. ૮.

❋ પ્રગટ ભગવાનનો યોગ જીવને ભવરોગથી છોડાવે છે :

કર્મફળપ્રદાતા પરમેશ્વર તો મહાન સમર્થ કહેવાય છે. તે જેવો જીવ હોય ત્યાં તેવી રીતે અંતર્યામીપણે કરીને જરૂર રહ્યા હોય છે. ૯. જેમ આકાશ અણુ અણુમાં અન્વય હોવા છતાં અલગ-વ્યતિરેક રહ્યો છે, તેમ પરમેશ્વર પણ અંતર્યામીપણે કરીને હરેક જીવમાં રહ્યા છે છતાં તેનાથી વ્યતિરેક રહ્યા છે. ૧૦. તે એક જ પરમેશ્વર જીવોનું કલ્યાણ કરવા માટે રામ-કૃષ્ણાદિક પરમ અનુપ અને અનંત અવતારને ધારણ કરે છે. ૧૧. જીવ ચાહે તેવી ઊંચ-નીચ જાતિમાં મનુષ્યદેહને પામે, પણ જો તેને પ્રગટ ભગવાનનો યોગ કોઈ પણ રીતે ક્યારેક થઈ જાય, તો તે ભગવાનના યોગે કરીને તે અપાર નર-નારીઓ સંસારના પારને પામી જાય છે." ૧૨-૧૩.

ત્યારે હીરજીભાઈ બોલ્યા કે, "મહારાજ ! આપે સાચી વાત કહી છે. જે દિવસથી આપ પ્રગટ થયા છો તે દિવસથી હું દેખતો જ રહ્યો છું. ૧૪. જે કોઈ પણ નર-નારી આ વખતે આપને શરણે થયાં છે તેમાંથી અત્યારે કેટલાય તો અક્ષરધામમાં પહોંચી ગયા છે. પણ તમારા પછીય આવી કલ્યાણકારી પવિત્ર રીત કઈ રીતે રહેશે ? તે આપ મને કહો. આવી કલ્યાણની પવિત્ર રીત મેં ક્યારેય સાંભળી નથી." ૧૫-૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમે જે રીતે વિચારો છો તે રીતે અમે પણ નિત્ય વિચારીએ છીએ કે જ્યારે આવી ને આવી કલ્યાણની રીતનો માર્ગ કાયમ ચાલુ રહે ત્યારે અમે આ ભૂમિ ઉપર આવ્યા તેનું ફળ સિદ્ધ થયું

કહેવાય. જો કલ્યાણની આવી પરંપરા ન ચાલે તો અમે પ્રગટ થયા તે ન થયા બરોબર છે. ૧૭-૧૮. આમાં તલભાર પણ ખોટું નથી. જે આ વખતે કલ્યાણનો પ્રવાહ ચાલ્યો છે તે કદિ તૂટી જાય નહિ, આવો વિચાર અમે નિત્ય કરતા રહીએ છીએ. ૧૯. તમારો અને અમારો વિચાર મળતો આવે છે, પરંતુ ચોક્કસ ધાર્યું તો પરમેશ્વરનું જ થાય છે. આ વખતે પરમેશ્વરની એવી પ્રસન્નતા રહી છે કે કલ્યાણના પ્રવાહને ચલાવવા માટે નિયમોરૂપી પવિત્ર સડક બાંધી દીધી છે, અને તે પણ આ ભૂમિ ઉપર જેટલા ગ્રંથો છે તેના સાર સારને કરોડવાર જોઈને બાંધી છે. ૨૦-૨૧.

તે ગ્રંથોમાં પણ જેટલા મોક્ષપરક ચમત્કારી વચનો છે તેને જેમ અગ્નિમાં તપાવી-તપાવી સોનાને શુદ્ધ કરે તેમ અમે શોધી શોધીને લીધા છે, અને તે મોક્ષની સડકમાં જડી દીધા છે. જેટલા અધર્મી ગુરુઓ થયા છે તે બધા માંસ-મદિરાને ખાવા-પીવામાં અને પરસ્ત્રીના સંગમાં મોક્ષ માનતા રહ્યા છે. તે બધા ગુરુઓ તો જમપુરીના આગવા દ્વાર દેખાડી દીધા છે. ૨૩-૨૪.

મોક્ષના માર્ગમાં જેટલા વિઘ્ન કરતા હતા તેને, અને જે કુમાર્ગો હતા તેને પણ અમે આ વખતે બતાવી દીધા છે. ૨૫. અમે અત્યારે સત્સંગરૂપ અનુપમ સડક બાંધી છે. તે બ્રહ્માંડ રહે ત્યાં સુધી તે સડક ચાલતી રહેશે. કલ્યાણની જેવી રીત છે તે હવે અમે દેખાડીએ છીએ. હવે પછી તે રીતે કલ્યાણ થાશે. અમારાં જે વચન છે તે અમે પોતે છીએ; ૨૬-૨૭. એમ સમજી તે પ્રમાણે જે વર્તશે, પણ હરિભક્ત થઈને જે સત્સંગની રીત બહાર ચાલશે તેનો ઉદ્ધાર નહિ થાય. કેમ જે, મોક્ષની રીત એવી કહી છે. ૨૮.

❋ દિવ્યમતિ વિના દિવ્યગતિ અશક્ય છે :

ચોપાઈ :

हरि संत हरिजन जो ताकू, दिव्य देखत रहायेउ वाकू;
ताकी सेवा करत तामें, मन न चोरत रहाये यामें...२९
एसेके होवत रहे उद्धारा, आपमें देखे दोष अपारा;
ग्यानि ध्यानी त्यागी अतंता, रहायेउ सबसे बलवंता...३०
संत हरिजन कु तुछकर देखे, आपकु मानत अधिक विशेखे;
संत हरिजन कु जानत जेसे, आपमें दैवत रहत तेसे...३१

ભગવાન, સંતો અને હરિભક્તોને જે દિવ્ય દેખતા રહે છે તેમની સેવા કરવામાં જે મનને ચોરતા નથી, ૨૯. અને જે પોતામાં અપાર દોષો દેખે પણ બીજાના ન દેખે તેવાનો ઉદ્ધાર થાય છે. પરંતુ જે અત્યંત જ્ઞાની, ધ્યાની અને ત્યાગી હોય, સાધનો કરવામાં સહુથી બળવાન હોય, પણ જે સંતો અને હરિભક્તોને તુચ્છ કરી દેખે અને પોતાને તેનાથી અધિક વિશેષ માને, તો તે જેવા અન્ય સંતો-હરિભક્તોને જાણે છે તેવું તેમાં દૈવત રહે છે. અર્થાત્ તે પણ તેવા તુચ્છ થઈ જાય છે. ૩૦-૩૧. જ્ઞાન, ધ્યાન અને ત્યાગ વગેરે જેટલા ગુણો છે તે બધો સત્સંગના ઘરનો નિધિ છે તેમ જ્યાં સુધી જાણે છે. અને **જ્યાં સુધી સંતો તથા હરિભક્તોને પોતા કરતાં અધિક સારા દેખે છે ત્યાં સુધી તેમાં દૈવત રહે છે. જે જે સત્સંગના ગુણો છે તે ભગવાન અને સંતોની કૃપાએ કરીને જ મારામાં રહ્યા છે એમ જે હરિભક્ત જાણે છે. અને મનમાં એમ માને છે કે, 'હું તો સંતો અને હરિભક્તોના ચરણની રજ છું.' આવી બુદ્ધિ-સમજણ નિષ્કપટપણે જ્યાં સુધી રહે ત્યાં સુધીમાં તેનું જો શરીર છૂટે તો તેનો નિશ્ચય મોક્ષ થઈ જાય છે.** ૩૨-૩૫.

પરંતુ જે હરિભક્તોમાં દોષ જુએ તે ચાહે તેવો મોટો હોય, તોપણ દેહ છતે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે. સંતો અને હરિભક્તોથી જેનું મન જેટલું જુદું રહેવા લાગે છે તેટલો તેને વિમુખ થયાનો પ્રારંભ થઈ ગયો જાણવો. ૩૬-૩૭. સંતો-હરિભક્તોમાં જેને જેટલું હેત રહે છે તેટલા તેનાં મૂળ ઊંડા રહ્યા છે. કેમ જે, હેત રહેશે ત્યાં સુધી તે સત્સંગમાં રહેશે. સત્સંગમાં જ્યાં સુધી અલૌકિક હેત રહે છે ત્યાં સુધીમાં તેનો દેહ છૂટે તો તેનું કલ્યાણ થાય છે, તેમાં રંચમાત્ર મિથ્યા નથી. ૩૮-૩૯.

सत्संग में हित जिस रीता, रहायेउ जाकु तिस रीता;
तेसे मोक्ष होत हे ताही, सत्संग बिन एकिले वाही...४०

साधन कोटि करे कबु केहा, भगवान के धाम न पावत तेहा;
जन्म मरण चोरासी केरा, दुःख नहीं छूटत कोउ वेरा...४१

सत्संग हरि ओर हरिजन में, जिहाँ लग हित न भयेउ तिनमें;
कोटि कल्प ओर साधन जेते, करि करिके मर जावे तेते...४२

षडंगादि वेद जो पढीता, शास्त्र विद्या जेती मुख करीता;
गद्य पद नवीन केते करही, हरि शरण बीन भव न तरही...४३

સત્સંગમાં જેને જે રીતનું હેત હોય તે રીતનો તેનો મોક્ષ થાય છે. સત્સંગ છોડીને કોઈ એકલો કદાચ કરોડો સાધન કરે, તોપણ તે ક્યારેય ભગવાનના ધામને પામતો નથી અને તેને જન્મ-મરણ અને લખચોરાશીનું દુઃખ ક્યારેય છૂટતું નથી. ૪૦-૪૧. સત્સંગ, શ્રીહરિ અને હરિભક્તમાં જ્યાં સુધી હેત નથી થયું, ત્યાં સુધી તે કરોડો કલ્પ પર્યંત બીજાં સાધન કરી કરીને મરી જાય તોય તેનો ઉદ્ધાર થતો નથી. ૪૨. છ અંગોએ સહિત વેદને ભણે અને જેટલી શાસ્ત્ર વિદ્યા છે તે બધી મુખપાઠ કરે, કેટલાક નવા નવા ગદ્ય તથા પદ્ય-કાવ્યો રચે, પણ ભગવાનના શરણે ગયા સિવાય તે સંસારસાગરને તરી શકતો નથી. **માટે મુમુક્ષુએ શ્રીહરિને શરણે થઈ તેમણે નિયમરૂપી જે પ્રથા બાંધી દીધી છે તેનો અખંડ સંગ રાખવો. કેમ જે, તે પ્રથાનું નામ જ સત્સંગ છે. ૪૩-૪૪. નિષ્કપટ થઈને સત્સંગનો જે સંગ રાખે છે તેવા સંત-હરિભક્તની સાથે જેટલા પ્રેમ રાખે છે તેટલાનું જ નામ હરિભક્ત કહેવાય છે. કેમ જે, જેમાં પ્રેમ હોય તે જે જે વચન કહે તેમ કરવામાં અપાર ઉત્સાહ રહે છે અને તે ઉત્સાહને કારણે તેનો ઉદ્ધાર થાય છે. ૪૫-૪૬.**

ભગવાનને શરણે જવાથી વનમાં રહેનારી શબરી અને વ્યભિચાર ભાવ રાખનારી કેટલીક ગોપીઓ, ગણિકા, જટાયુ, કાગડો-કાગભુશંડી અને કેટલાક યવન; આવા અપારનો ઉદ્ધાર થયો છે. ૪૭. જે પાણીનો સમુદ્ર છે તેના કરતાં પણ જે સંસારસમુદ્ર છે તે અપાર છે. તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૪૮. અનંત કોટિ બ્રહ્માંડો તે સંસારરૂપી સાગરમાં ડૂબી રહ્યા છે. તો એમાં રહેલા માણસોના તો શું લેખા ? ૪૯. સત્સંગરૂપી વહાણ તો જે અપાર ભાગ્યશાળી હોય તેને મળે છે. ભાગ્ય વગરનાને તે ક્યારેય મળતું નથી." ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ હીરજીભાઈની આગળ સત્સંગનો મહિમા કહ્યો" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ હીરજીભાઈને પોતાના તીર્થ, તપ અને સાધનાનું ફળ સત્સંગ કહ્યો

શ્રીહરિ એટલી વાત કરી રહ્યા પછી વળી હીરજીભાઈની આગળ ફરીને વાત કહી, ૧. "કારીગરની જે કારીગરી છે તેને તો જે ખરો કસબી-કારીગર હોય તે જ જેમ છે તેમ જાણી શકે છે, પણ બીજા કોઈ જાણી શકતા નથી. ૨. નારાયણજીભાઈ પાસે અમે નરનારાયણ ભગવાનની છાપ બનાવડાવી છે, તે તમે જુઓ, કેવી બની છે ?" ૩. આમ કહીને શ્રીહરિએ તે નરનારાયણ ભગવાનની છાપ તત્કાળ મગાવી અને હીરજીભાઈને બતાવી. ત્યારે તેને દેખીને હીરજીભાઈ બોલ્યા, ૪. "મૂર્તિની છાપ કરવી તેમાં યથાર્થપણે રૂપ લાવવું તે ઘણી કઠણ વાત છે, પણ જેના ઉપર તમારી કૃપા હોય તેને માટે કઠણ વાત પણ સહજ થઈ જાય છે. ૫. નારાયણજીભાઈમાં તો કેટલાક પ્રકારની અમારા ઘરની કારીગરી છે. કેમ જે, નારાયણજીભાઈના મોટા ભાઈ દેવરામભાઈ છે. ૬.

મારા ભાઈ સુંદરજીભાઈને આપે નવ વર્ષ સુધી જોયા છે. અને તેનો પુત્ર રાઘવજી છે તેને પણ આપે દેખ્યો છે. ૭. સુંદરજીભાઈના હાથમાં કલમની કસબ-ચિત્રકલાની કારીગરી ઘણી હતી. રાઘવજી અને દેવરામભાઈને સુંદરજીભાઈએ કલમનું કામ ઘણું શીખવાડ્યું હતું. અને તે દેવરામભાઈની પાસેથી નારાયણજીભાઈ શીખ્યા છે. તે કળા અત્યારે તમારી સેવામાં કામ આવી. ૮-૯. તમે નારાયણજીભાઈના ઉપર પ્રસન્ન થયા તેનાથી તેની સર્વે કારીગરી લેખે લાગી. આપે જ્યારે ડભાણ ગામમાં મહારુદ્ર યજ્ઞ કર્યો ત્યારે ડભાણમાં અમે વિવિધ કારીગરી કરીને ઘોડાના સોનેરી કાઠા લાવ્યા હતા. તેમાં વેલના ફૂલમાં વિવિધ જાતના કેટલાક પંખી કર્યા હતા. ૧૦-૧૧. મારા હાથની આટલી કારીગરી આપની સેવામાં આવી હતી. હવે તો હું વૃદ્ધ થઈ ગયો છું તોપણ ઘડિયાળોને સુધારું-રીપેર કરું છું." ૧૨.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "રામાનંદસ્વામી ભુજમાં જેટલીવાર આવ્યા હતા તેટલીવાર તે બહુનામી સ્વામી કૃપા કરીને તમારે ઘેર રહ્યા

હતા. તેમણે તમારો ભાવ દેખ્યો હતો. તેઓ ભાવ વિના ક્યાંય ટકતા નહિ, એવો તેમનો સ્વભાવ હતો. ૧૩-૧૪. જેટલીવાર રામાનંદસ્વામી ભુજ આવ્યા તેટલી વાર તમે ઘણા ભાવથી તેમની બહુ સેવા કરીને અપાર લાભ લીધો હતો. ૧૫. તમે ઘણા ભાવથી રામાનંદસ્વામીને ઘણીવાર પ્રસન્ન કર્યા છે. તેવો અવસર કરોડો કલ્પે કરીને હવે ફરીવાર ક્યારેય આવશે નહીં. ૧૬. અમે સત્સંગમાં જ્યારે આવ્યા તે પછી ચાર વર્ષ સુધી સોરઠમાં નિવાસ કરીને રહ્યા. તેમાં મુક્તાનંદસ્વામીની પાસે દસ મહિના લોજપુરમાં રહ્યા. તે દિવસોમાં રામાનંદસ્વામી ભુજનગરમાં હતા. દસ મહિના સુધી અમે આ મુક્તાનંદસ્વામીને નિષ્કપટ અને મોટા સંત જાણીને સેવ્યા, અને તેઓ જેમ રાજી થાય તેમ મન, કર્મ, વચનથી ઘણા હેતપૂર્વક તેમની સેવા કરી. ૧૭-૧૯.

અમે જે માટે ઘરનો ત્યાગ કર્યો હતો અને જેને માટે અમે વનમાં અને તીર્થમાં ફર્યા હતા, તેમજ જેના માટે યોગસાધના અને તપશ્ચર્યા કરી, તે બધાનું ફળ આ સત્સંગ છે. ૨૦. અમે તીર્થ કરતાં કરતાં આ પશ્ચિમ દેશમાં આવ્યા. અહીંયા દ્વારિકા તીર્થની યાત્રા કરી, નારાયણ સરોવર થઈને અમારે સિદ્ધપુર તીર્થ કરવા જવું હતું. અને ત્યાંથી પછી આબુની છાયામાં અથવા ગીરનારની છાયામાં નિવાસ કરીને રહેવું હતું. ૨૧-૨૨. પર્વત, નદી અને વૃક્ષની જ્યાં છાયા હોય ત્યાં યોગાભ્યાસ કરવો. અન્ન, વસ્ત્ર મળે કે ન મળે તેનો સંકલ્પ પણ ન કરવો; એવું અમે મનમાં ધાર્યું હતું. ૨૩. **જેમ ભગવાન પ્રસન્ન થાય તેવો જ એક સંકલ્પ રાખ્યો હતો. કારણ કે, ભગવાન સિવાયના સંકલ્પ જીવને ભગવાનથી દૂર કરે છે. ૨૪.**

❋ શ્રીજી-સંતની પ્રસન્નતા જ સર્વોત્તમ સાધન છે :

જ્યારે જેના હૃદયમાં ભગવાન આવીને નિવાસ કરે છે ત્યારે તેને ભગવાન સિવાયનાં જેટલાં સંકલ્પ હોય તે દૂર કરાવે છે. ૨૫. ભગવાનના સંકલ્પથી અધિક બીજી કોઈ વસ્તુ જ નથી. જ્યાં સુધી બીજું અધિક જણાય છે ત્યાં સુધી તેને સાધન કરવાના રહે છે. ૨૬.

सोरठा : भगवान जीमी जोउ, प्रसन्न होय करना तीमी;
अधिक हे साधन सोउ, अनंत साधन के फल हे यह...२७

જે રીતે ભગવાન પ્રસન્ન થાય તે રીતે કરવું એ જ સૌથી શ્રેષ્ઠ સાધન

છે, અને તે જ અનંત સાધનનું ફળ છે. ૨૭. આ બ્રહ્માંડમાં ભગવાનપરક જેટલા ગ્રંથ છે તેનો પાર આવે તેમ નથી, પણ તે બધાનો સિદ્ધાંત પ્રભુને પ્રસન્ન કરવા એટલો જ છે. ૨૮.

❋ શ્રીહરિના શબ્દોની અસર થાય તો કસરમાત્ર જાય :

અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલો આકાશ રહ્યો છે તે જેટલી જાતના શબ્દો છે તેનાથી ભરાયેલો છે. તેમાં જેટલા ભગવાનના સંબંધવાળા શબ્દો છે તે બધા શબ્દો અમાયિક છે. તેથી તે અલૌકિક કહેવાય છે. ૨૯-૩૦. વેદ, પુરાણો અને શાસ્ત્રો તથા બીજા જે કોઈ પણ શબ્દો છે તે બધાના પૂ-જ્ય-મુખ્ય તો ભગવાન સંબંધી શબ્દ જ છે. ૩૧. **ભગવાન સંબંધી જેટલા શબ્દો છે તે બીજા સર્વ શબ્દોના રાજા છે. અને બીજા જેટલા શબ્દો છે તે ભગવાન સંબંધી શબ્દની પ્રજા છે. ૩૨. ભગવાન સંબંધી જેટલા શબ્દ છે તે શબ્દ ભગવાનની મૂર્તિ છે. જેને આવી સમજણ રહેતી હોય તેને સિદ્ધ તથા મુક્ત થયો કહેવાય. ૩૩.** જ્યાં સુધી ઉપર કહી તેવી સમજણ ન આવે ત્યાં સુધી તેની સમજણમાં કસર ગણાય છે, તે વાત કરીને બતાવી દીધી. ૩૪.

એકસાથે કરોડ સૂર્ય ઉદય થયા હોય તેવી તેજસ્વી આ વાત કહેવાય છે, તે મેં તમને કહી. વાતમાં જેવો પ્રતાપ રહ્યો હોય તે વાતે કરીને દેખાય આવે છે. ૩૫. જે જે પ્રકારનો પ્રતાપ છે તે વાતમાં દેખાય છે, એવી આ વાત છે. તે વાત કરવાથી જણાય છે. ૩૬. વાત કર્યા સિવાય ક્યારેય પ્રતાપ દેખ્યામાં આવતો નથી. અને આવી વાત છે તે ચિંતામણિ છે. તે જેવું ચાહે તેવું ફળ આપે છે. ૩૭. જેવો અમારે સત્સંગ ઉપર ભાવ હતો તેવો સહજ રીતે અમને સત્સંગ મળી ગયો. કારણ કે, ભગવાન ભાવને જાણે છે. ૩૮. જીવ તો ભગવાન સિવાયના બીજા અપાર સંકલ્પો કરતો રહે છે. પણ તેનાથી તે સંસારના પારને ક્યારેય પામતો નથી.” ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “શ્રીહરિએ હીરજીભાઈને પોતાના તીર્થ, તપ અને સાધનાનું ફળ સત્સંગ કહ્યો” એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૦

શ્રીહરિ તથા હીરજીભાઈએ પરસ્પર કલ્યાણકારી વાતો કરી

શ્રીહરિની કહેલી વાત સાંભળીને હીરજીભાઈએ બંને હાથ જોડીને કહ્યું, “મહારાજ ! આપે જે વાત કરી તે સાચી છે. પણ હું જ્યારથી રામાનંદસ્વામીનો હરિભક્ત થયો ત્યારથી આજ સુધી મને ભગવાન સિવાયના સંકલ્પોની નદી જાગ્રત અને સ્વપ્નમાં પણ ચાલતી રહી છે. તેનો પ્રવાહ એક પળવાર પણ તૂટતો નથી. ૧-૩.

જેટલીવાર સુષુપ્તિમાં રહેવાય છે તેટલીવાર આ સંકલ્પનો પ્રવાહ બંધ થાય છે. ત્યારે કોઈ રીતનું જ્ઞાન જણાતું નથી. સુષુપ્તિમાં તો પંડિતપણાનું કે મૂર્ખપણાનું, રાજાપણાનું કે રંકપણાનું કોઈને પણ કોઈ જાતનું જ્ઞાન રહેતું નથી. બધા એકસરખા થઈ જાય છે. ૪-૫. સુષુપ્તિમાં તો પિંડ અને બ્રહ્માંડનું જેટલું જ્ઞાન છે તેમાંથી એક પણ જ્ઞાન દેખાતું નથી. પરંતુ જાગ્રત તથા સ્વપ્ન આ બંને અવસ્થામાં પિંડ અને બ્રહ્માંડ દેખાય છે. ૬. જાગ્રત અવસ્થામાં તો સ્થૂળ દેહ દેખાય છે અને તે દેહમાં આત્મા બંધાયેલો હોય તેવું દેખાય છે. તે વખતે જેટલું સુખ-દુઃખ તથા હર્ષ-શોક હોય, એ બધું તે સ્થૂળ દેહના યોગે કરીને છે.

જ્યાં સુધી જીવ સ્થૂળ દેહમાં વર્તે છે ત્યાં સુધી સ્થૂળ દેહના યોગે કરીને બદ્ધપણે વર્તે છે. જેમ ચાહે તેવો બળવાન સિંહ હોય, તોપણ લોઢાના પાંજરામાં પુરાઈને પડ્યો હોય તો તેના બધા સંકલ્પ નિરર્થક થઈ જાય છે. તેમ જીવ ભગવાનને શરણે નથી જાતો ત્યાં સુધી તે અનંત કલ્પ પર્યંત કાળ, માયા અને કર્મને આધીન રહેવા રૂપ પાંજરામાં નિરંતર રહે છે. અને જ્યારે સત્સંગ કરે છે ત્યારે કાળ, માયા અને કર્મના પાશરૂપ પાંજરાથી છૂટે છે. પછી સંકલ્પ-વિકલ્પરૂપ માયાનું કાંઈ ચાલતું નથી. ૭-૧૨. આવા અમૂલ્ય સત્સંગનો જે અબુધ લોકો ત્યાગ કરી દે છે તે દુઃખને પામે છે. ૧૩. સ્થૂળ દેહ તો બદ્ધ છે, કહેતાં તેને આવરણ છે. પણ આ સૂક્ષ્મ દેહ છે તે ચાહે તેવા આવરણ હોય તોપણ રોકાતો નથી. ૧૪.

✵ હરિમાં વૃત્તિ રહે તો કારણ શરીર ટળે :

જીવને સ્થૂળ દેહમાં અહં-મમતારૂપ જેવી ભાવના રહે છે તેવી ભાવના સૂક્ષ્મ દેહમાં પણ દેખાય છે. ૧૫. પરંતુ સ્થૂળ દેહની અને સૂક્ષ્મ દેહની જે ભાવના છે તે કારણ શરીરમાં લીન થઈ જાય છે. અર્થાત્ સુષુપ્તિ તથા પ્રલયમાં તે ભાવના કારણ શરીરની અંદર ઢંકાઈ જાય છે. ૧૬. આવું જે કારણ શરીર છે તે જ જીવની માયા કહેવાય છે. આવા તે કારણ શરીરમાં લખચોરાશીના બધા જ શરીરો કે જે બ્રહ્માંડમાં બહાર રહ્યા છે તે અવ્યક્ત બીજરૂપે-અદૃશ્ય વાસનારૂપે નિવાસ કરીને રહ્યા છે. તેનો સત્સંગ વિના ક્યારેય નાશ થતો નથી. ૧૭-૧૮. જેમ જીવ સનાતન-અનાદિ છે તેમ કારણ શરીર પણ અનાદિ છે. **કોઈ બીજાં કરોડો સાધન કરે, તોપણ સત્સંગ અને ભગવાનની ઉપાસના સિવાય ક્યારેય કારણ શરીરનો નાશ થાતો નથી.** રામાનંદસ્વામી આ પ્રકારની અપાર વાતો કહેતા હતા. ૧૯-૨૦.

અમે સત્સંગ સ્વીકાર્યો તોપણ ભગવાન સિવાયના અપાર સંકલ્પો થતા રહે છે. તેથી એમ લાગે છે કે, જાણે લગાર પણ સત્સંગ કર્યો નથી. ૨૧. સંકલ્પરૂપી સિંધુમાં અમે તણાઈ રહ્યા છીએ. પૂર્વે અનંત જન્મમાં શરીરથી જે જે પાપ કર્યાં હતાં તે બ્રહ્માંડ ભરાઈ જાય તેટલાં હતાં, પણ જે દિવસથી સત્સંગ કર્યો અને રામાનંદસ્વામી કૃપા કરીને જ્યારથી મળ્યા ત્યારથી તેમણે મારાં બધાં પાપનાં દોષોને માફ કર્યાં છે. એવા તેઓ પોતે મહાસમર્થ હતા. તેમના કરેલા સંકલ્પો ક્યારેય લગાર પણ મિથ્યા થાતા નહિ. ૨૨-૨૪. સત્સંગ કર્યા પહેલા તો અજ્ઞાનનું અંધારું રહે છે અને સારા-ભૂંડા સંકલ્પની કાંઈ ગમ પડતી નથી. ૨૫. તેથી જેમ પશુ-પક્ષીને મા, દીકરીની ગમ હોતી નથી તે રીતે જ જીવ વર્તતા રહે છે. ૨૬.

દુનિયામાં જેટલાં સચ્છાસ્ત્ર છે તેનાં કરતાં અસચ્છાસ્ત્ર લાખગણા વધારે છે, તેને પરમેશ્વર જાણે છે. ૨૭. પરમેશ્વર સિવાયના જેટલા અજ્ઞાનીઓ છે તે બધા પરમેશ્વર કરતાં પણ પોતપોતાની વાતને શ્રેષ્ઠ માને છે. ૨૮. સત્સંગ અને સચ્છાસ્ત્રના યોગ વિનાના જે કોઈ છે તે બધા સત્યસ્વરૂપ પરમેશ્વરની ઓળખ વિના અજ્ઞાનરૂપી અંધારાથી અવરાઈ રહ્યા છે. જેમ આ

બ્રહ્માંડના અંધારાનો સૂર્ય નાશ કરે છે તેમ અજ્ઞાનરૂપી અંધારાનો પરમેશ્વર નાશ કરે છે." ૨૯-૩૦.

આવું જ્યારે હીરજીભાઈ બોલ્યા ત્યારે શ્રીહરિ તેમને કહેવા લાગ્યા, "તમે અમને કેવા જાણો છો ? તે હવે નિષ્કપટપણે બોલો. પછી અમે તમને વાત કહીએ. ૩૧. જે જેટલું કપટ રાખીને બોલે છે તેને અમે તેના બોલવા ઉપરથી જ જાણી લઈએ છીએ. બોલનારાના અંતરનો જેવો ભાવ હોય એ ભાવ જ તેનું અંતર કહી દે છે." ૩૨. ત્યારે હીરજીભાઈ નિષ્કપટ થઈને બોલ્યા, "મહારાજ ! આપ તો પૂર્ણ પુરુષોત્તમ છો. આપનાથી ઉપર કોઈ રહ્યું નથી. ૩૩. હે મહારાજ ! કેટલાય મનુષ્યો આપની આ મૂર્તિનાં દર્શન કરે છે ત્યારે તેના ઈન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ એક થઈને નેત્રની વૃત્તિમાં મળી જાય છે. અર્થાત્ તેની તમામવૃત્તિઓ આપના દર્શનમાં પરોવાઈ જાય છે. ત્યારે તેને તરત સમાધિ થઈ જાય છે. તેથી તે હેતે કરીને શરીરના ભાનને ભૂલી જાય છે. ૩૪-૩૫. જાગ્રત અવસ્થાથી પર સ્વપ્ન છે, સ્વપ્નથી પર સુષુપ્તિ છે, સુષુપ્તિથી પર મૂર્છા છે અને તેનાથી પર સમાધિ સ્થિતિ છે. ૩૬. તે સમાધિને વિષે બ્રહ્માંડમાં જેટલી રચના દેખાય-સંભળાય છે એટલી જ આ પિંડમાં પણ સર્વે સાક્ષાત્ દેખાય છે. ૩૭.

આત્માનંદસ્વામીમાં જેવો પ્રતાપ હતો તે તેમણે પ્રગટ દેખાડ્યો હતો, પણ ગુપ્ત રાખ્યો ન હતો. ૩૮. સત્સંગી અને કુસંગી, બધા જ તેમનો પ્રગટ પ્રતાપ જાણતા હતા. કેમ જે, તેઓ જે ધારતા તે સાક્ષાત્ કરી દેખાડતા હતા. ૩૯. પણ જેટલા કુસંગી લોકો હતા તે તેમને ક્યારેય માનતા નહિ. કારણ કે, જેમાં જેટલું પાપ હોય તે તેને આવરણ કરે છે. ૪૦. જ્યાં સુધી માણસને પાપ અને અધર્મ રુચે છે ત્યાં સુધી તેને અજ્ઞાનનું અંધારું આવરણ કરતું રહે છે. છેવટે તે અજ્ઞાન તેને જમપુરીમાં લઈ જાય છે. તે પાપરૂપ અજ્ઞાન જ લખચોરાશીમાં ભટકાવે છે અને અપાર દુઃખ દે છે; છતાં જીવને તેનો અભાવ આવતો નથી. તેથી તે દુઃખમાં વધારે વધારે ચોંટતો રહે છે. ૪૧-૪૨.

મળ-મૂત્રના કીચડમાં અપાર જંતુઓ ઉત્પન્ન થાય છે. તે જંતુઓ મનુષ્યનાં સુખ કરતાં પણ મળ-મૂત્રમાં અપાર સુખ માનતા હોય છે. ૪૩.

જીવ જેવાં શરીરને પામે છે, તેમાં તેને અધિક સુખ મનાય છે, એવો આ જીવ બદ્ધ રહ્યો છે. તેથી તે શરીરમાં તેને ક્યારેય દુઃખ મનાતું નથી. જ્યાં સુધી જીવ તેમાં દુઃખ દેખતો નથી ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. સત્સંગ કર્યા વિના જીવને તેમાં ક્યારેય દુઃખ દેખાતું નથી. ૪૪-૪૫. દુઃખ દેખ્યા સિવાય તે ક્યારેય સત્સંગ કરતો નથી.” ત્યારે શ્રીહરિ બોલ્યા કે, “ભગવાન વિના અજ્ઞાનરૂપી અંધારું ટળતું નથી. અપાર અજ્ઞાનરૂપી અંધારાને દેખ્યા વિના જીવ તેને કઈ રીતે કાપે ? માટે જીવના તે અજ્ઞાનરૂપી અંધારાને કાપવા માટે ભગવાન ભૂમિ ઉપર અવતાર ધારણ કરે છે. ૪૬-૪૭.

चोपाई :

मनुष्य तामें मनुष्य की रीता, आचरण तेहि तेसे करीता;
भगवान के आचरण रहे जेते, तन रखत रहे तिहाँ लग तेते...४८

दोहा : चिंतामणि अमृतहु से, अधिक रहेउ अपार;
संभारत चरित्र जितना, होउ जात भव पार...४९

પછી તે ભગવાન જ્યાં સુધી મનુષ્યદેહ રાખે છે ત્યાં સુધી જેટલું આચરણ કરે તે મનુષ્યમાં મનુષ્યની રીતે આચરણ કરે છે. ૪૮. છતાં પણ તે ભગવાનનું આચરણ ચિંતામણિ અને અમૃત કરતાં પણ ઘણું વધારે કલ્યાણકારી હોય છે. કારણ કે, તે ભગવાનના ચરિત્રને જે કોઈ સંભારે છે તે ભવ પાર થઈ જાય છે. ૪૯. ભગવાન શ્રીહરિ જ્યારે પોતે ઈચ્છા કરે ત્યારે માયિક મનુષ્યની જેમ રામ-કૃષ્ણાદિકરૂપ મનુષ્યશરીરને ધારણ કરે છે. ૫૦. પછી પોતાના આશ્રિતજનો માટે ધર્મનું સ્થાપન કરે છે. તે ધર્મમાં આટલા મુખ્ય ધર્મ છે જે, કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી તથા માંસ, મદિરા તથા ચોરી ન કરવી અને ગૃહસ્થોએ પણ પરસ્ત્રી અને પરધન કહેવાતું હોય તેનો ભગવાનના વચને કરીને ત્યાગ રાખવો.” ૫૧-૫૨. (આ રીતે શ્રીહરિએ હીરજીભાઈને કલ્યાણકારી વાતો કરી.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “શ્રીહરિ તથા હીરજીભાઈએ પરસ્પર કલ્યાણકારી વાતો કરી” એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૬૧

કારિયાણીનું ત્રીજું વચનામૃત

(સં.૧૮૭૭ ના) આસો વદિ સાતમને દિવસ સાયંકાળને સમયે શ્રીજીમહારાજ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો તથા શ્વેત ચાદર ઓઢી હતી અને ઉત્તરાદે મુખારવિંદે આવીને વિરાજમાન થયા હતા. ૧-૪. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સભા માનો ખીલેલા કમળનાં વન જેવી સુંદર લાગતી હતી.

❋ માણસ ઉપરની પ્રકૃતિથી ઓળખાતા નથી :

પછી શ્રીજીમહારાજ શુકમુનિને જોઈને બોલ્યા જે, "આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. તે જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી તેમનો ચડતો ને ચડતો રંગ રહ્યો છે, પણ ક્યારેય મંદ પડતો નથી, માટે એ તો મુક્તાનંદસ્વામી જેવા મોટા છે." ૫-૮. એમ કહ્યા પછી શ્રીહરિ બોલ્યા, "મનુષ્યને પરસ્પર જેટલું હેત થાય છે તે ગુણે કરીને થાય છે. તેથી હેતનું મૂળ ગુણ દેખાય છે. અને જે અવગુણ આવે છે તે દોષે કરીને આવતો દેખાય છે. ૯-૧૦. માટે અવગુણનું મૂળ દોષ છે, તે વાત અમે નિશ્ચય કરીને કરીએ છીએ.

મનુષ્યમાં જેટલા ગુણ અને દોષ દેખાય છે, ૧૧. તે ઉપરની પ્રકૃતિએ કરીને ઓળખ્યામાં આવતા નથી. કારણ કે, કોઈક મનુષ્ય તો બિલાડાની જેમ નીચું જોઈને ચાલતો હોય, પણ અંદર તો અતિ કામી હોય છે. તેને જોઈને જે અણસમજુ હોય તે એમ કહે છે કે, 'આ તો બહુ મોટા સાધુ છે આવા તો કોઈ નથી,' પણ તેના અંતરમાં જેવું વર્તે છે તેને કોઈ જાણતા નથી. ૧૨-૧૪. અને કોઈક તો ફાટી દૃષ્ટિ રાખીને ચાલતા હોય, તો તેને જોઈને અણસમજુ માણસ હોય તે એમ કહે છે કે, ૧૫. 'આ તો અસાધુ છે,' પણ તે માંહિ તો મહાનિષ્કામી હોય. **માટે મનુષ્યની ઉપરની પ્રકૃતિથી ક્યારેય સાચું દેખાતું નથી અર્થાત્ પરીક્ષા થાતી નથી.** ૧૬.

चोपाई :

मनुष्य हि ताकी परिक्षा जेसी, भेगे रहे होवत हि तेसी
भेगे रहे तब बोलत तामें, चलत खावत पिवत रहे यामें...१७
सुवत उठत बैठत जो तिनमें, इत्यादिक क्रिया इनमें;
जनावत रहे जथार्थ रीता, साधु असाधु गुण खचीता...१८

માટે મનુષ્યની પરીક્ષા તો ભેળા રહેવાથી થાય છે. અને ભેળા રહે છે ત્યારે બોલવામાં, ચાલવામાં, ખાવામાં, પીવામાં તથા સૂતાં, ઊઠતાં, બેઠતાં ઈત્યાદિક ક્રિયાઓમાં સાધુતા અને અસાધુતાના ગુણો યથાર્થ રીતે નિશ્ચિત જણાય છે. ૧૭-૧૮. અને વિશેષે કરીને તો ગુણ-અવગુણ યુવા અવસ્થામાં જણાય છે. યુવા અવસ્થામાં જેવા ગુણ હોય તે છુપાયા રહેતા નથી. ૧૯. અને બાળ અવસ્થા તથા વૃદ્ધ અવસ્થામાં ગુણ-અવગુણ રતીભાર ક્યારેય જણાતા નથી, આ વાત નિર્ધારિત કરીને કહું છું. ૨૦. કેમ જે, કોઈક બાળ અવસ્થામાં ઠીક ન દેખાતો હોય અને જુવાનીમાં તે સરસ દેખાય છે. પછી જેવા ગુણ હોય તેવું તેમાં હેત થાય છે. ૨૧. અને કોઈક તો બાળ અવસ્થામાં ઘણો સારો દેખાતો હોય અને જુવાન અવસ્થામાં તે બગડી જાય છે. ૨૨.

અને જેને ખટકો હોય તથા ઘાટ સામે નજર રાખતો હોય તથા ખરાબ ઘાટ થાય તો તેને પોતાના મિત્ર ન માનતો હોય, (ને તે ઘાટ ટાળ્યાનો પ્રયત્ન કરે ને જ્યાં સુધી ઘાટ ટળે નહીં ત્યાં સુધી ખટકો રાખે.) આવો જેને સ્વભાવ હોય તે જુવાન અવસ્થામાં આગળ વધી જાય છે અને તેથી બધા સંતો તેને પ્રમાણ પણ કરે છે. ૨૩-૨૪. અને જે ભૂંડા ઘાટનો ખટકો કે બીક ન રાખતો હોય અને ઘણોક પ્રમાદ રાખતો હોય તે ઘટી જાય છે. ૨૫. અને જે સારો હોય તે તો બાળપણાથી જ જણાય છે. તે છુપો રહેતો નથી. ૨૬. તે ઉપર પોતે પોતાને મુખે કરીને (પોતાના બાળપણાના ત્યાગી સ્વભાવની) ઘણી વાત કરી.”

પછી વળી શ્રીહરિ બોલ્યા કે, ૨૭. “જે સારો હોય તેને બાળકપણાથી છોકરાની સોબત ગમે નહિ અને જીહ્વાનો સ્વાદિયો હોય નહિ. ૨૮. અને શરીરનું દમન કરવામાં ઉત્સાહ તથા અધિક રુચિ રહે. જુઓને મને બાળપણામાં

જ કાર્તિક સ્વામીની પેઠે એવો બળવાન વિચાર ઉપજ્યો હતો કે, 'મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર અને માંસ તેને રહેવા દેવા નથી. અને તેટલા માટે અમે બહુ પ્રકારે શરીરને સૂકવી દીધું. પછી શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીકળે, પણ રુધિર ક્યારેય નીકળે જ નહિ.' એવી રીતે જે સારો હોય તે તો બાળકપણામાંથી જ દેખ્યામાં આવે છે."

❋ આત્મા-પરમાત્માનું મનન અને દેહનું દમન, બંનેની આવશ્યકતા :

ત્યારે ભજનાનંદસ્વામીએ હાથ જોડીને પૂછ્યું કે, ૨૯-૩૩. "હે મહારાજ ! આવો વિચાર મને કરીને નક્કી રાખે તો ઠીક-સારું છે કે શરીરને દમે તે ઠીક-બરાબર છે." ૩૪. ત્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા કે, "કેટલાક તો શરીરના દોષ છે તેને જાણ્યા જોઈએ. ૩૫. અને કેટલાક તો મનના દોષ છે તેને પણ જાણવા જોઈએ. તેમાં શરીરના જે જે દોષ જેવા છે તે હું કહું છું. ૩૬. શિશ્ન ઈન્દ્રિય વારંવાર જાગ્રત થાય તથા તેમાં ચેળ થાય તથા ઠેકડો ભરવો, ૩૭. તથા ઘડીકવારમાં સર્વને જોઈ વળવું અને ઘડીકમાં ઘણી પ્રકારની ગંધ સૂંઘી લેવી. ૩૮. તથા વીશ-પચીશ ગાઉની મજલ-મુસાફરી કરવી અને બળે કરીને કોઈકને મળીને તેના હાડકાં ભાંગી નાખવાં તથા સ્વપ્નમાં વીર્યપાત થાય, ઈત્યાદિક જે દોષ છે તે બધા શરીરના દેખાય છે, પણ તે મનના દોષ નથી. આ બધા શરીરના સાક્ષાત્ દોષ કહ્યા છે. ૩૯-૪૧. **અને તે શરીરના જેટલા દોષ છે તે અતિશય ક્ષીણ થઈ જાય તોપણ મનના જે દોષ હોય તે ક્ષીણ થતા નથી. ૪૨.**

હવે તે મનના જેટલા દોષ છે તે કહી બતાવીએ છીએ. દેહના દોષ ક્ષીણ થઈ ગયા પછી પણ મનમાં જે કામનો સંકલ્પ થાય તથા ખાવાના, પીવાના તથા ચાલવાના સંકલ્પ થાય તથા સ્પર્શ, ગંધ, શબ્દ અને સ્વાદના સંકલ્પો થાય, ઈત્યાદિક સંકલ્પો વારંવાર થયા કરે તે ચોક્કસ મનના જ દોષ છે. ૪૩-૪૪. આ રીતે મન અને શરીરના દોષોને જાણીને જે શરીરના દોષ હોય તેને શૂરવીર થઈને વારંવાર શરીરને દમવે કરીને ટાળવા. આ રીતે શરીર ક્ષીણ થઈ જાય એમ જ્યારે ત્યાગીજનો રહે છે ત્યારે તેને શરીરના દોષ પીડતા નથી. ૪૫-૪૬.

પછી મનના દોષ જે રહ્યા હોય તેને વિચારે કરીને ટાળવા. તે જે રીતે ટાળવાના હોય છે તેને કહીએ છીએ. તે એકાગ્રચિત્ત થઈને સાંભળો, ૪૭. **'હું અનુપમ આત્મા છું. અને મનના સંકલ્પથી ભિન્ન છું તથા સુખરૂપ છું; આવો વિચાર મનના દોષ ટાળવા માટે કરતા રહેવું. આમ શરીરનું દમન અને વિચાર, આ બંને જેને હોય (તે મોટો સાધુ છે.)** હવે તન-મનના સર્વ દોષ ટાળવાનો બીજો એક શ્રેષ્ઠ ઉપાય કહું છું, જે પોતે અત્યંત નિષ્કપટ થઈને વર્તે તથા બીજા બધા સંતોને પોતા કરતાં ઘણા મોટા કરીને જાણે તો (તેને દેહના તથા મનના બંને દોષો નાશ પામે છે.) ૪૮-૪૯. કેમ જે, **બધા સંતો તો ચિંતામણિ જેવા છે. તેને જેવા જાણે તેવી તે જાણનારામાં પણ મોટાઈ જરૂર આવે છે. ૫૦.**

✵ અલૌકિક મતિ જ અલૌકિક ગતિનું કારણ છે :

सोरठा : सत्संग के प्रताप, देखत हि जिहाँ लग हि यह;
तिहाँ लग गुण अमाप, वरत हि संत वर्णि महीं...५२
बाई भाई हरिजन, सत्संग की जितनी बात यह;
अलोकिक जान हि मन, जिहाँ लग निष्कपट तेही...५३

चोपाई :
संत वर्णी हरिजन में जेता, सत्संग के अलोकिक तेता;
गुण वरतत यह जिहाँ लगही, सत्संग के गुण तिहाँ लगही...५४
आवत रहत जिहाँ लग जाही, बढत रहत तिहाँ लग हि ताही;
आपमें गुण यह मानत जबहू, सत्संग के गुण भुल जावत तबहू...५५

વળી, પોતાને ધ્યાન, ધારણા અને સમાધિ થતી હોય તથા બીજાના અંતરની વાતને જાણતો હોય; આવા જેટલા કાંઈ પોતામાં અધિક અધિક ગુણ વર્તે છે એ બધો તો સત્સંગનો પ્રતાપ છે. તેમ જ્યાં સુધી તે દેખતો-સમજતો રહે ત્યાં સુધી તે સંત તથા વર્ણીમાં અમાપ ગુણો વર્તે છે. ૫૧-૫૨. છતાં તે સર્વે સત્સંગી બાઈ-ભાઈ હરિજન તથા આ સત્સંગની જેટલી વાત છે તેને મનમાં અલૌકિક જાણે છે, જ્યાં સુધી પોતે નિષ્કપટ રહે તથા સત્સંગના સંત, વર્ણી અને હરિભક્તમાં અલૌકિકભાવ હોય; આ બે ગુણો જ્યાં સુધી વર્તતા હોય ત્યાં સુધી તેમાં સત્સંગના ગુણો આવતા રહે છે અને ત્યાં સુધી

તે વધતા રહે છે. પણ જ્યારે એ પોતામાં જ ગુણ માને છે ત્યારે આ ગુણ મને સત્સંગમાંથી મળ્યા છે, એવું તે ભૂલી જાય છે. ૫૩-૫૫. તેથી તે દોષે કરીને તેનું ચિત્ત ફરી જાય છે, પછી તેનાથી સંતનાં વચન મનાતા નથી. અને જ્યારે સંતનાં વચન માને નહિ ત્યારે જેટલા સત્સંગના અલૌકિકપણું આદિક ગુણો હતા તે બધા એક પછી એક ઘટી જાય છે. હવે સંતની ભેળા મળીને જે ચાલે છે તેની વાત કહું છું. ૫૬-૫૭.

જેને એકલું દમન છે, પણ હું આત્મા છું એવી રીતનો વિચાર નથી તે ઠીક નહીં. પરંતુ દમન અને વિચાર એ બંને હોય તે ઠીક કહેવાય છે. ૫૮. એવી જ રીતે જેને એકલો વિચાર રહે છે અને દમન નથી તે પણ ઠીક નથી. માટે જેમાં તે બંને ગુણ હોય તે શ્રેષ્ઠ છે. ૫૯. અને શરીરનું દમન તથા આત્મવિચાર, આ બંને બાબત હોય તે જ સારભૂત વાત છે. તેથી તે બંને ગૃહસ્થ સત્સંગીએ પણ જરૂર રાખવા જોઈએ, તો ત્યાગીએ તો બધી કાયરતાને દૂર કરીને તે બંને જરૂર રાખવા જ જોઈએ.” ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ ઘણા હરખથી પૂછ્યું, ૬૦-૬૧. “હે હિતકારી મહારાજ ! આપે જેમ કહ્યું તે રીતે જ જે રહેવું તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તે તો મોટા સંતના સમાગમે કરીને થાય છે. તે સમાગમ પણ મનને બહુ પ્રકારે શુદ્ધ રાખીને કરવો. કેમ જે, સંતોની વાતો શુદ્ધ મને કરીને સાંભળવાથી જ તેમ રહેવાનું જીવમાં બહુ બળ આવે છે અને શરીરને દૃઢપણે અનિત્ય જાણે છે. ૬૨-૬૪.

❋ જે માર્ગે જાવું નહિ તેનું નામ શું પૂછવું ?

અને જેને મોટા સંતના સમાગમે કરીને પણ આ વાત ન સમજાય તે તો મહાપાપી છે.” આવું કહીને શ્રીજીમહારાજ ફરીવાર બોલ્યા કે, “ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની જે જેટલી ઇચ્છા રાખે છે તે તેટલું ખડ ખાય છે; કાં જે તેને તે બધા ભોગ ક્યારેય પ્રાપ્ત થવાના નથી. ૬૫-૬૭. તેમ છતાં તેની જેટલી ઇચ્છા રાખે છે તેટલો તે ચિંતામણિ મળ્યા પછી પણ રાંક રહે તેવો છે. માટે તેની બુદ્ધિમાં સત્સંગ સમજવામાં આવ્યો જ નથી. ૬૭. કાં જે, જે ગામ જવું ન હોય તે ગામનું નામ શું પૂછવું ? તેમ

તેણે જે પદાર્થનો ત્યાગ કર્યો છે તેની પાછી અભિલાષા રાખે છે, તે શું આ દેહે કરીને તેને ક્યારેય ફરીવાર મળશે ? નહિ જ મળે. તે તો જે દિવસે આ સત્સંગથી વિમુખ થાય તે દિવસે તેને તે પદાર્થ પ્રાપ્ત થશે, પણ સત્સંગમાં રહ્યે થકે તો પ્રાપ્ત થશે નહિ.

માટે સત્સંગમાં રહીને પણ જે એવા ભોગની ઈચ્છા રાખે છે તે પોતાને ભલે હોશિયાર માને પણ તે તો મૂર્ખાઓમાં પણ મોટો મૂર્ખ છે. કેમ જે, જ્યાં સુધી સત્સંગમાં રહેશે ત્યાં સુધી તેને જરૂર પાળ્યા વિના ક્યારેય ચાલશે નહિ, તેમ સમજવું. જેમ કોઈ સ્ત્રી સતી થવા માટે શૂરવીરતાથી નીકળી હોય અને પછી અગ્નિને દેખીને જો પાછી ભાગે તો તેનાં સગાંઓ તેને જોરે કરીને બાળે, અને જેમ કોઈ બ્રાહ્મણી વિધવા થઈ હોય અને તે સુવાસિનીના જેવો વેષ રાખે તો શું તેનાં સગાંઓ તેને તેવો વેષ રાખવા દે ? ક્યારેય ન જ રાખવા દે. ૬૮-૭૬. **તેમ સત્સંગમાં રહીને જે અયોગ્ય સ્વભાવ રાખે છે તેને તેવી રીતે આ વાત સમજમાં આવી નથી. અને જો સમજમાં આવે તો અયોગ્ય સ્વભાવ તે લેશમાત્ર પણ રહે નહિ."** આવી રીતની વાત કરીને પછી શ્રીજીમહારાજ 'જય સ્વામિનારાયણ' કહીને શયન કરવા માટે પધાર્યા. ૭૮-૭૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું ત્રીજું વચનામૃત કહ્યું" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૨

કારિયાણીનું ચોથું વચનામૃત

(સં.૧૮૭૭ ના) આસો વદિ અષ્ટમીને દિવસ દોઢ પહોર દિવસ ચઢતે શ્રીજીમહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની શોભા સરસ બની હતી.

❋ જીવ અને સાક્ષીના જાણપણાની વિગત :

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે સંતો માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો. તેણે કરીને બુદ્ધિ દેખ્યામાં આવે." ૧-૫. ત્યારે ગોપાળાનંદસ્વામીએ ભજનાનંદસ્વામીને પૂછ્યું કે, "આ દેહમાં જીવનું જાણપણું કેટલું છે ? તે કહો અને સાક્ષીનું જાણપણું કેટલું છે ? તે પણ કહો." પછી ભજનાનંદસ્વામી ઉત્તર કરવા લાગ્યા, પણ તેનાથી કાંઈ ઉત્તર થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ તત્પર થઈને બોલ્યા, ૬-૮. "જે બુદ્ધિ છે તે આ દેહમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહી છે. અને તે બુદ્ધિ સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને એકકાલાવછિન્ન જાણે છે. અને તે બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે. ૯-૧૦. તે જીવના જાણપણાને કહેવે કરીને બુદ્ધિનું જાણપણું કહેવાયું. તેમજ જીવને વિષે સાક્ષી રહ્યા છે. માટે સાક્ષીના જાણપણાને કહેવે કરીને જીવનું જાણપણું કહેવાય." ૧૧-૧૨.

ત્યારે નિત્યાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું કે, "હે મહારાજ ! આપે જે સાક્ષી કહ્યા તે આ જીવને વિષે રહ્યા છે. તે જે સાક્ષી હોય તે તો મૂર્તિમાન હોય અને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ કહેવાય ? માટે તે વાત જેમ હોય તેમ યથાર્થરૂપમાં કહો." ૧૩-૧૫.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "બધા સંતો સાંભળો, જે મૂર્તિમાન હોય તે પણ વ્યાપક હોય. ૧૬. જેમ અગ્નિદેવ છે તે પોતાના લોકને વિષે મૂર્તિમાન રહ્યા છે. અને પોતાની શક્તિએ કરીને કાષ્ઠને વિષે પણ રહ્યા છે. (માટે અગ્નિની દૃષ્ટિએ જોઈએ તો તે) અગ્નિ સિવાય કોઈ વસ્તુ દેખાતી નથી. **તેમ ભગવાન પણ પોતાના વિશાળ અક્ષરધામને વિષે મૂર્તિમાન રહ્યા છે. તેમનું રૂપ અને લાવણ્ય કહી શકાતું નથી. છતાં તેઓ પોતાની અમાપ અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિષે વ્યાપીને પણ રહ્યા છે. અને તે મૂર્તિમાનની પેઠે જ ક્રિયા કરે છે. માટે તેને પણ અમે કહ્યું તેમ સમજીને મૂર્તિમાન જાણવા.** જે આ વાતને સમજતા નથી તેને આ વાત સવળી સમજાતી નથી." ૧૭-૨૧.

❋ ભગવાનને સર્વોપરિ સમજે તે જ શ્રેષ્ઠ છે :

આવી વાતો રામાનુજાચાર્યે પોતાના ગ્રંથમાં કહી છે. તે બધી વાતો સૂર્યના જેવી સ્પષ્ટ છે. ૨૨. ભગવાન જે રીતે રહ્યા છે તેવી જ તેમણે વાત

કહી છે. ભગવાનથી અધિક કોઈ નથી. છેક અક્ષર બ્રહ્મ સુધી જે કાંઈ છે તે બધા ભગવાનના દાસ છે. ૨૩. એક મૂર્તિમાન ભગવાન સિવાયનું જે કાંઈ રહ્યું છે, તે સર્વના કારણ પણ ભગવાન જ છે. તે ભગવાનથી કોઈ અધિક નથી. ૨૪. **જ્યાં સુધી જે ભગવાનથી અધિક બીજાને સમજે છે ત્યાં સુધી તેની સમજણમાં કસર છે. અને ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી."** ૨૫. શ્રીહરિની આવી બધી વાત પોતાના આશ્રિત ભક્તોને પવિત્ર કરનારી છે. વેદ તથા પુરાણો છે તે બધાનો આવો જ સિદ્ધાંત છે. ૨૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું ચોથું વચનામૃત કહ્યું" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૩

કારિયાણીનું પાંચમું વચનામૃત

(સં.૧૮૭૭ ના) આસો વદિ ચૌદશને દિવસ જગદ્વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર વિરાજમાન હતા. તે સમયની અદ્‌ભુત શોભા બની હતી અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪.

❋ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે એક પ્રશ્ન જેવો ઊપજ્યો છે તેવો પૂછીએ છીએ." પછી મુનિ બોલ્યા, "કૃપાળુ મહારાજ ! પૂછો." પછી પરમ દયાળુ શ્રીહરિએ પૂછ્યું જે, "કૃપાનિધાન ભગવાન જીવોનું કલ્યાણ કરવા માટે આ ભૂમિ ઉપર વારંવાર અપાર અવતાર ધારણ કરે છે. તે અવતારને ધાર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું જીવનું કલ્યાણ કરવાને સમર્થ નથી ? અને કલ્યાણ તો ભગવાન જેમ ધારે તેમ કરે. ૫-૮. ત્યારે

અવતાર ધરવાનું શું પ્રયોજન છે ? અને જો અવતાર ધારે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાનું અપાર સામર્થ્ય આવતું હોય અને અવતાર ધાર્યા વિના જીવનું કલ્યાણ લગાર પણ ક્યારેય ન કરી શકતા હોય, ૯-૧૦. તો ભગવાનમાં એટલું અસમર્થપણું આવ્યું કહેવાય. માટે ભગવાન તો અવતાર ધરીને જીવનું કલ્યાણ કરવા સમર્થ છે અને અવતાર ધાર્યા વિના પણ જીવનું કલ્યાણ કરવા અતિશય સમર્થ છે. ૧૧-૧૨. માટે એવા ભગવાનને અવતાર ધાર્યાનું શું પ્રયોજન છે ? એ પ્રશ્નનો હવે ઉત્તર કરો." ૧૩.

પછી મોટા મોટા સંતો હતા તેમણે જેની જેવી બુદ્ધિ હતી તે પ્રમાણે તેમણે તેનો ઉત્તર કર્યો, પણ શ્રીહરિના પ્રશ્નનું કોઈથી યથાર્થ સમાધાન થયું નહિ. ૧૪-૧૫. અને શ્રીજીમહારાજે જ્યારે આશંકા કરી ત્યારે સહુના ઉત્તર ખોટા થઈ ગયા. ૧૬. પછી સહુ મુનિ હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો હવે આપ જ કરો. ૧૭. જેવો થવો જોઈએ તેવો યથાર્થ ઉત્તર તો આપનાથી જ થશે."

પછી શ્રીજીમહારાજ પરમ પ્રેમરસથી બોલ્યા જે, "ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે, **ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ આપવાને માટે જેવી તે ભક્તની ઈચ્છા હોય તેવાં રૂપને ભગવાન ધારણ કરે છે. પછી પોતાના ભક્તના જે મનોરથ હોય તે બધા પૂરા કરે છે** તે સહુ લોકોના દેખ્યામાં આવે છે. અને તે ભક્ત તો સ્થૂળભાવે યુક્ત હોય અને દેહધારીના જેવો હોય, ૧૮-૨૨. તેથી ભગવાન પણ તે ભક્તને માટે થઈને તેવા સ્થૂળભાવને ધારણ કરે છે અને દેહધારી જેવા થાય છે, અને પોતાના જે ભક્ત કહેવાય છે તેને વિવિધ પ્રકારે ઘણા પ્રેમથી લાડ લડાવે છે. અને પોતાનું જે બધું સામર્થ્ય તેને છુપાવીને તે ભક્તની સાથે પુત્રભાવે વર્તે છે અથવા પિતાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે કે સગાં-સંબંધીના ભાવે વર્તે છે. તેણે કરીને તે ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. તેથી જેવી તે ભક્તની ઈચ્છા હોય તે રીતે પ્રેમયુક્ત થઈને લાડ લડાવે છે. **આમ પોતાના જે અતિશય પ્રેમી ભક્ત હોય તેના મનોરથોને પૂર્ણ કરવા, એ જ ભગવાનને અવતાર ધર્યાનું**

પ્રયોજન છે. અને તે ભેળું અસંખ્ય જીવોનું કલ્યાણ પણ કરે છે. ૨૩-૨૯. અને ધર્મનું સ્થાપન પણ કરે છે. હવે આમાં કોઈને આશંકા થતી હોય તો બોલો." ત્યારે મુનિએ કહ્યું, "હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો." ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું પાંચમું વચનામૃત કહ્યું" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૪

કારિયાણીના છઠ્ઠા વચનામૃતની સભાની વાત કહી

(સં.૧૮૭૭ ના) આસો વદિ અમાસ જે દિવાળી તે દિવસ ગામ શ્રીકારિયાણી મધ્યે પરમ નિપુણ વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી આગળ દીપમાળા પૂરી હતી. ૧-૨. અને તે દીપમાળાને મધ્યે એક સુંદર મંચ રચ્યો હતો, તેના ઉપર છપરપલંગ બિછાવી દીધો હતો. ૩. તે ઉપર આવીને સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ વિરાજમાન થયા હતા. સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાપનો સુરવાળ પહેર્યો હતો, અને 'શ્રીનરનારાયણ તથા શ્રીસ્વામિનારાયણ' એવા નામથી અંકિત એવા સુંદર કાળા કિનખાપની ડગલી પહેરી હતી. તેની ઘણી શોભા બની હતી. ૪-૬. અને ભક્તજનના ચિત્તચોર એવા શ્રીહરિએ સૂર્યના સમાન ઉજ્જ્વળ કાંતિવાળી સોનેરી તારના ફરતા છેડાની અને સોનેરી કોરવાળી કસુંબલ પાઘ મસ્તક ઉપર બાંધી હતી. ૭. આસમાની રંગનો ફેંટો કમરે કસીને બાંધ્યો હતો, તેના સોનેરી તારવાળા અનુપમ છેડા ફરકતા હતા. ૮.

વળી, કબૂતરના કંઠ જેવો ભરાવદાર શ્રીહરિનો કંઠ હતો. અને તે શંખના જેવો સોહામણો લાગતો હતો. તે કંઠમાં હજારીના પીળા પુષ્પના હાર હરિભક્તોએ પહેરાવ્યા હતા. હજારીપુષ્પના બાજુબંધ ભુજ ઉપર બાંધ્યા હતા. ૯-૧૦. અને હજારીપુષ્પના તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા. તે સોનેરી છેડાવાળી પાઘ હોવાથી ઉપર સોનેરી છોગાની શોભા ઘણી સારી

બની હતી. ૧૧. તે છોગા એવા દેખાતા હતા કે માનો મસ્તક ઉપર મુગટ ધારણ કર્યો હોય ! અને બંને કાન ઉપર હજારીપુષ્પના ગુચ્છ સુશોભિત લાગતા હતા. ૧૨.

તે વખતની શ્રીહરિની શોભા એટલી ઝાઝી બની હતી કે, કરોડ માણસોના સમૂહથી કહી શકાય. અથવા તો એટલી બુદ્ધિ હોય તો આ શોભાની વાત યથાર્થ કહ્યામાં આવે. ૧૩. માણસ તો રોજ નિત્ય નવા બહુ મનોરથ કરતો રહે છે, પણ જેટલી કાંઈ શક્તિ અને બુદ્ધિ છે તે તો સર્વે ભગવાનના હાથમાં છે. ૧૪.

❋ હરિનું સ્મરણ, ટાળે જન્મ-મરણ :

सोरठा : हरि के चिंतवन विन, जितना चिंतवन करत जन;
रात अरु जोउ दिन, तितना जन्म धरत नित्य...१५
चिंतवन जेसे जेहु, करत हि तेसे जन्म जन;
धरत रहाये तेहु, हरि के चिंतवन करत जब...१६

चोपाई :

तितनी वेर जन्म जन हि ताके, निवृत्ति होत रहाये वाके;
अनुभव यह बात के जाकू, होवत सत्संग करीके वाकू...१७
समझ रूप ही समाधि जेहा, जाकु होवत रहाये तेहा;
जीवत लग रहत हेउ ताही, विवेक इतना मनुष्य कहाही...१८

પછી શ્રીહરિ વાત કરવા લાગ્યા જે, "ભગવાનનાં ચિંતવન સિવાયનું બીજું જેટલું ચિંતવન માણસ રાત-દિવસ કરતો રહે છે તેટલા તે નિત્ય જન્મ ધરી રહ્યો છે. ૧૫. કારણ કે, જે માણસ જેવું ચિંતવન કરે છે તે તેવા જ જન્મને પામી રહ્યો કહેવાય. અને જ્યારે જેટલો સમય ભગવાનનું ચિંતવન કરે છે તેટલીવાર તેના જન્મની નિવૃત્તિ થઈ રહી છે. આ વાતનો અનુભવ તો સત્સંગ કરવાથી થાય છે. ૧૬-૧૭. જેને સમજણરૂપી સમાધિ થાય છે તે જિંદગીભર રહે છે. જેને જેટલો વિવેક હોય તેટલો તે મનુષ્ય કહેવાય. ૧૮.

જેને વિવેક હોય છે તેને સત્સંગ થાય છે. વિવેક વિના તો તેની આંખો ફૂટી કહેવાય છે. જેટલા ઇન્દ્રિયો અને અંતઃકરણ છે તે પણ વિવેક

વગર આંધળા રહે છે. ૧૯. વિવેક વગરની સમાધિ જે કોઈ બાઈ-ભાઈને થાય છે, તે અંતે નાશ થઈ જાય છે. પછી તેને સમાધિનો કોઈ પાશ-પ્રભાવ રહેતો નથી. ૨૦. જેમ બાળકના હાથમાં ચિંતામણિ આપ્યો હોય, તોપણ જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને ચિંતામણિ અને કાંકરો સરખા જ હોય છે. ૨૧. **તેમ ગમે તેવો હરિભક્ત હોય તોપણ જ્યાં સુધી વિવેક ન હોય ત્યાં સુધી તે બાળક કહેવાય છે. વિષયને દેખીને ઈન્દ્રિયો જ્યારે ન ખેંચાય અને પંચવિષયનાં જેટલાં સુખ છે તે બધાં ભગવાનની મૂર્તિમાં દૃઢપણે જ્યારે દેખાય ત્યારે તે પાકો હરિભક્ત થયો ગણાય છે. ૨૨-૨૩.** જ્યાં સુધી આવી સમજણની દૃઢતા ન થાય ત્યાં સુધી તે હરિભક્ત કાચો ગણાય. સત્સંગનો જે સિદ્ધાંત છે તે મેં આ રીતે યથાર્થ કહી દેખાડ્યો છે. ૨૪. યથાર્થ વાત કહેવામાં અપાર રસ ભર્યો છે. રસ વગરની વાત હોય તેમાં લોકોને રસ આવતો નથી." ૨૫.

શ્રીહરિ દીપમાળાને મધ્યે બેસીને આવી વાત કહેતા હતા. તે સમયે તેમના મુખારવિંદની આગળ સંતો બેઠા હતા. અને દેશદેશના બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨૬-૨૭. કેમ જે, તે ઉત્સવ ઉપર અગણિત હરિભક્ત બાઈ-ભાઈ આવ્યા હતા અને સંતો ઉત્સવ કરતા હતા. ૨૮. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક સંતો ઝાંઝ તથા મૃદંગ બજાવીને હરખથી દિવાળીનાં પદ ગાતા હતા. ત્યારે પ્રેમનો સાગર ઊભરાઈ રહ્યો હતો. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બધી તૈયાર કરેલી દીપમાળાના દીવાઓ પ્રગટાવી દીધા. તે દીપમાળા કરવામાં નિષ્કુળાનંદસ્વામી મુખ્ય હતા. વરસમાં બ-ત્રણ સમૈયા હરિભક્તો કરાવતા હતા. ૨૯-૩૧. દિવાળી, અન્નકોટ, પ્રબોધની એકાદશી, વસંતપંચમી, ફૂલદોલ, રામનવમી, ભીમ એકાદશી, કપિલાછઠ, જન્માષ્ટમી ઈત્યાદિક વરસમાં જ્યારે ઉત્સવના દિવસો આવતા ત્યારે ૩૨-૩૩. હરિભક્તો જે ગામમાં સમૈયો કરાવતા ત્યાં શ્રીહરિ આવીને અલૌકિક સમૈયો કરતા. ૩૪. તેમાં શ્રીહરિની બેઠક જે રીતની જ્યાં યોગ્ય હોય ત્યાં તે રીતે નિષ્કુળાનંદસ્વામી બનાવતા હતા. આ વાત તો મેં સંક્ષેપમાં કહી છે. ૩૫.

❋ જેમાં પ્રગટ પ્રભુનું વર્ણન હોય તે જ સર્વોત્તમ કાવ્ય છે :

બ્રહ્માંડ ભરાઈ જાય તેટલી શ્રીહરિની વાતો અને ચરિત્રો છે, તેમાં જેટલા મારા અંતરમાં પ્રગટ થાય છે અને લખી શકાય છે તેટલા લખું છું. ૩૬. શ્રીહરિ જ્યારે પ્રેરણા કરે છે ત્યારે હૃદયમાં હિંમત આવે છે. જો કે, કાવ્ય રચવાની જેટલી રીત છે તેમાંથી એકને પણ હું બરાબર જાણતો નથી. જે કવિને **શ્રીહરિ પ્રગટ મળ્યા હોય અને તે શ્રીહરિ જેમ રાજી થાય તેવી વાતને જો જાણતા હોય તો તે કવિ તેટલો બીજાથી શ્રેષ્ઠ ગણાય.** ૩૭-૩૮. જગતમાં તો જે કવિતાની જેટલી રીતને જાણતો હોય તેટલો તે કવિતાના ક્ષેત્રમાં ઉત્તમ કહેવાય છે. ૩૯.

પરંતુ પ્રગટ ભગવાન મળ્યા વિના જન્મ-મરણનાં અને જમપુરીનાં દુઃખમાં કવિતા કાંઈ સુખ કરી શકતી નથી. ૪૦. જેને પ્રગટ શ્રીહરિ મળ્યા ન હોય એવા જેટલા કવિઓ હોય તે કદાચ બ્રહ્મા જેવા કવિ હોય, અને તેની વાણી-કવિતા વેદ જેવી કે કદાચ વ્યાસની વાણી જેવી જ હોય, તોપણ તેની કવિતા વિધવા નારી જેવી છે. જેમ વિધવા નારી હોય તે ચાહે તેવાં ઘરેણાં પહેરે પણ તે ઘરેણાં પોતાના પતિ સિવાયના અન્ય પુરુષોને રાજી રાખવા માટેના થાય છે. તેમ પ્રગટ શ્રીહરિ મળ્યા વગરની કવિતા વિધવાના સમાન ગણાય. અર્થાત્ જેમાં ભગવાનનો સંબંધ ન હોય તેવા કાવ્યો-ગ્રંથો અકલ્યાણકારી જ છે. ૪૧-૪૩.

શ્રીહરિ એવી વાતો કરતા કે, તેમાં કોઈનું અપમાન ન થાય. શ્રીહરિ જેટલી વાત કરતા તેમાં એક પણ વાત ન્યાયની છાપ, કહેતાં પ્રામાણિકતા વિનાની હતી નહિ. ૪૪. ન્યાયની છાપ વગરની જેટલી વાત હોય તેને બુદ્ધિ માન લોકો સ્વીકારતા નથી. તેથી શ્રીહરિ વાતમાં ન્યાયરૂપ અનુસંધાનની છાપ સતત રાખતા, તેનો ત્યાગ કરતા નહીં. આ રીતે શ્રીહરિની વાતમાં ચમત્કાર રહેતો. દિવાળીના દિવસે સંતો ઉત્સવ કરતા હતા. તેવામાં દિવબંદરના હરિભક્તો આવ્યા અને શ્રીહરિની પૂજા કરવા માટે તેમણે પ્રાર્થના કરી. જાતિએ કરીને તે (પ્રેમબાઈ) વણિક હતા. ૪૫-૪૭. શ્રીજીમહારાજ તો ભક્તવત્સલ છે એટલે તે ભક્તજનના ભાવને દેખીને પોતે સિંહાસનથી નીચે ઊતર્યા. ૪૮.

પછી સંતોની સભા વચ્ચે શ્રીહરિ ચાલ્યા, છતાં કોઈ સંતને પોતાનો પગ અડે નહિ તે રીતે ચાલ્યા હતા. ૪૯. જ્યાં તે મહિલા હરિભક્ત હતાં ત્યાં ઉત્તર દિશા તરફ ચાલ્યા અને ત્યાં જઈને તે હરિભક્ત પ્રેમબાઈની જે પૂજા-સામગ્રી હતી તેને અંગીકાર કરી. અતિશય ભાવયુક્ત તેમના જેવા મનોરથ હતા તેને શ્રીહરિએ પૂરા કર્યા. ૫૦-૫૧. તે શ્રીહરિને માટે વસ્ત્ર લાવ્યા હતા, તે શ્રીહરિને અર્પણ કર્યાં. જે પીળું છત્ર હતું તે હાથમાં આપ્યું. ૫૨. શ્રીહરિની આગળ ચાખડીઓ મૂકી, તે હરિભક્તને રાજી કરવા માટે તે વખતે શ્રીહરિએ તેને ચરણોમાં પહેરી લીધી અને મસ્તક ઉપર છત્ર પણ ધારણ કર્યું. ૫૩.

પછી શ્રીહરિ મુખથી હસતાં હસતાં સિંહાસન ઉપર આવીને બેઠા. પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા કે, ૫૪. “અમે સત્સંગમાં આવ્યા તેને આટઆટલા વર્ષ થઈ ગયા, અર્થાત્ ૨૧ વર્ષ થયા. તેમાં કેટલાક હરિભક્તો અમારે માટે બહુ પ્રકારનાં વસ્ત્ર લાવે છે. હજારો રૂપિયા લાવે છે અને ઘણા જ પ્રેમરસપૂર્ણ ભાવનાથી કેટલાક પ્રકારના અલંકારો પણ લાવે છે. ૫૫-૫૬. પણ અમે આ રીતે કોઈ હરિભક્તની સામે જઈને ક્યારેય પૂજા ગ્રહણ કરી નથી, આવી અમારી રીત છે. ૫૭.

વળી, આવી રીતે ક્યારેય અમે કોઈનાં વસ્ત્ર તથા અલંકાર પહેરીને આટલા પ્રસન્ન થયા નથી. કેમ જે, અમારી પ્રકૃતિ કાંઈ જુદી જ છે. ૫૮. આજ અમે અમારી તે રીતની પ્રકૃતિનો ત્યાગ કર્યો છે. શુદ્ધ પ્રેમનું પૂર આવ્યા સિવાય કોઈથી પ્રકૃતિનો ત્યાગ થતો નથી. ૫૯. અથવા તો સ્વાર્થના હેતે કરીને પ્રકૃતિનો ત્યાગ કરાય છે. અથવા પ્રતાપી એવા કોઈ રાજા કે ગુરુના ભયને લીધે ગમે તેવી પ્રકૃતિ હોય તોપણ તેનો ત્યાગ કરાય છે. આમ ગમે તેવી પ્રકૃતિ હોય પણ તે પ્રકૃતિ ટળવાના હેત, સ્વાર્થ અને ભય આ ત્રણ દ્વાર-ઉપાય દેખાય છે. ૬૦-૬૧. જેટલી કાંઈ અયોગ્ય બાબત હોય તેનો સમર્થ ગુરુ અને પ્રતાપી રાજા વિના ક્યારેય નાશ થતો નથી, એવી વાત દેખાય છે. ૬૨.

✷ જેવા ગુરુ મળે તેવા શિષ્ય થાય :

ગુરુ અને રાજામાં જે રીતના ગુણ હોય છે તેવા ગુણ શિષ્ય અને પ્રજામાં નિવાસ કરીને રહે છે. ૬૩. દેશ-કાળાદિક આઠ છે તે શુભ અને

અશુભ એ બે પ્રકારના છે. જેવાને જે સેવે છે તેવી તેની બુદ્ધિ થાય છે. ૬૪. જ્યારે ધર્મ સંબંધી ગુણવાળા પ્રબળ પ્રતાપી ગુરુ અને રાજા થાય છે, ત્યારે તેમના જીવમાં ધર્મવંશના જેવા સદ્‌ગુણો નિવાસ કરીને રહ્યા હોય તેવી તેની બુદ્ધિ અને રુચિ વર્તતી હોય છે. રાજા કે ગુરુમાં અનીતિની કે ધર્મયુક્ત નીતિની રુચિ જેટલી રહી હોય તેટલા તેનાં બીજને તેમના આશ્રિત શિષ્ય અને પ્રજામાં નિરંતર તત્પર થઈને તેઓ વાવતા-પ્રવર્તાવતા રહે છે. તેમાં ધર્મયુક્ત નીતિનું ફળ મોક્ષ છે. ૬૫-૬૭.

ગુરુ અને રાજામાં અધર્મવંશના દોષનું બળ જ્યારે વધે છે ત્યારે તેના શિષ્ય અને પ્રજામાં પણ પોતાની રુચિ પ્રમાણે અધર્મરૂપ અનીતિને 'આ નીતિ છે' એમ કહી-સમજાવીને ફેલાવે છે. પરંતુ અધર્મરૂપ અનીતિનું ફળ તો નરક રહ્યું છે. ૬૮-૬૯. તે અનીતિમાં જન્મ, મરણ અને લખચોરાશીનું ઘણું જ દુઃખ રહ્યું છે. હાલમાં આ સત્સંગના ગુરુ ધર્મવંશી-ધર્માનુરાગી છે. ૭૦. માટે જેટલા તેમના આશ્રિતો છે તેના અત્યારે ધન્યભાગ્ય છે. આવું જાણીને અમે બધા હરિભક્તો ઉપર અતિશય પ્રસન્ન છીએ." ૭૧.

પછી મુનિ બોલ્યા કે, "આ દિવબંદરના હરિભક્તો એવા જ પ્રેમી અને ભાગ્યશાળી છે." એવા સમયમાં કાનમ દેશના એક વિપ્ર હતા. તેનું આમોદ ગામ હતું અને દીનાનાથ ભટ્ટ એવું નામ હતું, તે સારા હરિભક્ત હતા, તે આવ્યા. ૭૨-૭૩. તેના પિતા વિશ્વનાથ સારા પંડિતોમાં પંકાતા હતા. તે રાયકવાલ જાતિના વિપ્ર હતા અને દેશમાં પ્રસિદ્ધ હતા. ૭૪. તે પંડિત દીનાનાથ ભટ્ટ નવી કવિતા બનાવવામાં ઘણા નિપુણ હતા. શ્રીહરિએ તેમને પોતાની પાસે રાખ્યા હતા. ૭૫. શતાનંદસ્વામીએ સત્સંગિજીવન નામે ગ્રંથ કર્યો, તેને તેઓ શ્રીહરિ પાસે રહીને સંશોધિત કરતા હતા. ૭૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીના છઠ્ઠા વચનામૃતની સભાની વાત કહી" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૫

કારિયાણીનું છઠ્ઠું વચનામૃત

પછી શ્રીજીમહારાજે આ દીનાનાથ ભટ્ટને વિપ્ર જાણીને તથા તેમના શાંતપણાના ગુણને દેખીને તે બધાં અમૂલ્ય વસ્ત્રો તેમને આપી દીધા. કેમ જે, શ્રીજીમહારાજને શાંત ગુણ બહુ જ ગમતો હતો. ૧-૨. **વિદ્યારૂપી ગુણને પામ્યા પછી જે જેટલું નાનું પાત્ર હોય તે તેટલું છલકાઈ જાય છે. પછી તેમાં સારા-ભૂંડા, ઓછા-વધુ જેવા ગુણ હોય તે સહુને દેખાઈ આવે છે. ૩.**

❋ શાંતગુણની મહત્તા અને મત્સરની દુષ્ટતા :

सोरठा : शांत गुण रहे ताकि, गुण जितना कहात तेउ;
कीर्ति बढावत वाकि, शांत गुण एक करी तेही...४

चोपाई :

शांत गुण एक रहाये ऐसा, गुण सबके जीवन रहे तैसा;
ओर गुण आयेउ अपारा, जाके कोउ न पावत पारा...५
भव ब्रह्मा सम जो भयेऊ, शांत गुण जिहाँ लग न आयेऊ;
तिहाँ लग गुण रहाये जेता, निरजीव हरि देखत हि तेता...६

ખાનદાની રાખવાની તથા વિપરીત સંજોગોને પચાવવાની ક્ષમતારૂપ શાંતગુણ જેનામાં રહ્યો હોય, તો તે શાંતપણારૂપ એક ગુણ તેના બીજા બધા ગુણોની કીર્તિ વધારે છે. ૪. આ એક શાંત ગુણ એવો છે કે જે બીજા બધા ગુણોનું જીવન છે. આ શાંતપણારૂપ એક ગુણને કારણે બીજા અપાર ગુણો આવે છે કે જેનો ગણતા પાર ન પમાય. અને કોઈ ભવ-બ્રહ્મા સમાન થયો હોય પણ જ્યાં સુધી તેમાં શાંત ગુણ ન આવ્યો હોય ત્યાં સુધી તેમાં રહેલા બીજા બધા ગુણોને શ્રીહરિ નિર્જીવ દેખતા હતા. ૫-૬.

શ્રીહરિ જ્યારે દીનાનાથ ભટ્ટને વસ્ત્ર આપી રહ્યા તે પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, "હે મહારાજ ! પરમ દયાળુ અને મહાકૃપાળુ એવા જે ભગવાન તે પોતાના ભક્ત ઉપર કયા ગુણે કરીને પ્રસન્ન થતા હશે ?" ૭-૮. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જે ભક્તજન કામ,

ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર આ બધા દોષોથી રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તો તેના ઉપર ભગવાન ખૂબ જ રાજી થાય છે. ૯-૧૦. તેમાં જે મત્સર દોષ છે તે તો વિકારમાત્રનો આધાર થઈને રહ્યો છે. તેટલા માટે વ્યાસમુનિએ શ્રીમદ્ભાગવતમાં નિર્મત્સર સંતને ભાગવતધર્મના અધિકારી કહ્યા છે. ૧૧-૧૨. માટે જે મત્સર દોષ છે તે સર્વે વિકારોથી અતિ ઝીણો છે અને મત્સર ટળવો તે પણ ઘણો કઠિન છે.” ૧૩.

પછી બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે, “તે મત્સર ટાળ્યાનો શો ઉપાય છે ? તે કહો.” ૧૪. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “અત્યારે જે સંતને માર્ગે-સાધુતાના નોરમાં ચાલે અને જે અંતરથી સંત હોય અને જો તે પોતાના મત્સરમાં દોષ-ભૂંડાઈ દેખે તો તેનો મત્સર ટળે છે. પણ તેમાં દોષ દેખ્યા સિવાય મત્સરદોષ ક્યારેય ટળતો નથી. ૧૫-૧૬. જેને સંતને માર્ગે ન ચાલવું હોય તેનો મત્સર દોષ ક્યારેય ટળતો નથી.” ૧૭. પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું કે, “મત્સરને ઊપજ્યાનો શો હેતુ છે ? તે કહો.”

પછી શ્રીજીમહારાજ જેમ છે તેમ બોલ્યા જે, ૧૮. “સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ મત્સર ઊપજ્યાના હેતુ છે. તે કહ્યા સિવાય દેખાતા નથી. ૧૯. અને જેમાં આ ત્રણ દોષ ન હોય તેમાં માન છે તે મત્સર ઊપજ્યાનો હેતુ દેખ્યામાં આવે છે. અને માન જેવા બીજા પણ કેટલાક દોષો મત્સરના હેતુ છે. ૨૦. અને જે મત્સરવાળો હશે તેની રીતને હવે હું કહું છું. અમે અત્યારે આ ભટ્ટને જે વસ્ત્ર દીધાં તેમાં પણ મત્સરવાળાને જરૂર મત્સર આવ્યો હશે, પણ મત્સરવાળાના હૃદયમાં એવો વિચાર ક્યારેય નથી આવતો કે જેનાથી પોતાનો યશ-પોતા ઉપર સહુનો રાજીપો રહે. ૨૧-૨૨. જેટલા યશવાળા માણસો છે તે બધા હર કોઈના ગુણને દેખીને તેને ધન્ય ધન્ય માનતા રહે છે અને બીજાના ગુણને દેખીને રાજી રહે છે. ૨૩. તે ગુણ કેવી રીતે લેવો ?

તો, મહારાજને માટે જેઓ આવાં ભારે ભારે વસ્ત્ર લાવ્યા છે, તેને ધન્ય છે. કેમ જે, તેમણે આવા ભારે વસ્ત્ર લાવીને મહારાજને પહેરાવ્યાં, માટે તે હરિભક્તને ધન્ય છે. ૨૪. અને મહારાજને પણ ધન્ય છે કે તેમણે તે

બધાં વસ્ત્ર તરત બ્રાહ્મણને આપી દીધાં, એક પણ રાખ્યું નહિ. ૨૫. આવો શુભ વિચાર મત્સરવાળાના હૃદયમાં ક્યારેય આવતો નથી, અર્થાત્ મત્સરના વેગ સામે તેનું કાંઈ ચાલતું નથી. ૨૬.

અને કોઈક લે અને કોઈક દે, તોપણ તેમાં મત્સરવાળો છે તે ઠાલો ઠાલો વચ્ચે બળી મરે છે. અને જેમાં મત્સર દોષ ન હોય તે આવા પ્રસંગે ખીલી ઊઠે છે. તે તેનાં મુખ, નેત્રમાં દેખાય છે અને તેના બોલવા ઉપરથી પણ જણાય છે. ૨૭-૨૮. અને અમારા હૈયામાં તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર અને ઈર્ષ્યા એ સર્વે અધર્મના સર્ગનો લેશમાત્ર પણ ક્યારેય કોઈ પ્રકારે આવતો નથી. કારણ કે, અમે સારરૂપ વાતનો વિચાર કરીએ છીએ અને અસારરૂપ વાતનો ત્યાગ કરીએ છીએ. પણ અસાર વાતમાં ક્યારેય અનુરાગ કરતા નથી. ૨૯-૩૦. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો અમારા હૈયામાં ઝેરની જેમ અતિશય અભાવ વર્તે છે. ૩૧. પણ તે પંચવિષયમાંથી એકેયને વિષે લેશમાત્ર ભાવ થતો નથી; એવું અમારે હંમેશાં વર્તે છે. ૩૨.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

અમે જેટલું કાંઈક અન્ન, વસ્ત્ર ઈત્યાદિકને ગ્રહણ કરીએ છીએ એવું દેખાય છે તે તો તે ભક્તની ભક્તિમાં લોભાઈને તે ભક્તની જેવી ભક્તિ દેખીએ છીએ તે રીતે તેની વસ્તુને અમે ગ્રહણ કરીએ છીએ, પણ પોતાના દેહના સુખને માટે ક્યારેય કોઈ પણ વસ્તુને ગ્રહણ કરતા નથી. આ રીતે અમે વર્તીએ છીએ. અને અમારું જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું વગેરે ક્ષણે ક્ષણે થતી સર્વ ક્રિયા છે તે બધી, સંતો-હરિભક્તોના હિતને અર્થે જ અમે કાયમ માટે રાખી છે. અને જો એમને અર્થે ન જણાય અને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ છીએ. અમે જે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીના હિત અર્થે જ રાખીએ છીએ. પણ તે સિવાય અમારે શરીર રાખ્યાનો બીજો લગાર પણ હેતુ નથી. ૩૩-૩૮.

અમારો જે સ્વભાવ છે તેને તો આ મૂળજી બ્રહ્મચારી અને સોમલા ખાચર આદિક હરિભક્ત જે કેટલાક વર્ષથી અમારી સમીપે રહે છે તે જાણે

છે કે, **'મહારાજને તો એક પ્રભુના ભક્ત વિના કોઈની સાથે હેત-સંબંધ નથી અને મહારાજ તો આકાશના જેવા સદાય નિર્લેપ છે.'** ૩૯-૪૧. આ રીતે અમારી પાસે નિરંતર રહેનારા જે છે તે અમારા સ્વભાવને જાણે છે. અમારો સ્વભાવ જેવો છે તેવો જ તે દઢપણે જાણે છે. ૪૨.

चोपाई :

हम जो मन कर्म बचन जेहि, परमेश्वर के भक्त जोऊ तेहि;
ताके अर्थ हि हमारे तन जेऊ, श्रीकृष्णार्पण करि रखे तेऊ...४३
माट हि हमारे सब हि प्रकार, भगवान के भक्त जे कोऊ सार;
ताकेऊ संग सबंध हि अपार, रखत रहायेऊ वार न पार...४४

छंद परधरी :

भगवान हि ताके भक्त वीन, हमारे चौद लोक के जो तीन;
संपत्ति जेती कहावत ताय, त्रण जेसी देखत हे रहाय...४५

અને અમે તો મન, કર્મ, વચનથી જે પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. ૪૩. માટે અમે તો સર્વ પ્રકારે જે કોઈ સારા ભગવાનના ભક્ત હોય તેની સાથે અપાર દઢ સંબંધ રાખીએ છીએ. ૪૪. ભગવાનના ભક્ત વિના જે ચૌદ લોકની સંપત્તિ છે તેને તો અમે તરણા જેવી દેખીએ છીએ. ૪૫. અને જે ભગવાનના સાચા ભક્ત હશે તેને પણ એક ભગવાનની સાથે જ જોરદાર દઢ પ્રીતિ રહેતી હશે. ૪૬. એવા ભક્તને રમણીય જે પંચવિષય, તેને વિષે તો આનંદ ઊપજે જ નહિ. અને પોતાના દેહને રાખવા માટે જેવા તેવા શબ્દાદિક વિષયે કરીને ગુજરાન કરે, પણ રમણીય વિષય થકી તો તત્કાળ ઉદાસ થઈ જાય, આવા જે હોય તે જ ભગવાનના પરિપૂર્ણ ભક્ત કહેવાય." ૪૭-૪૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું છઠ્ઠું વચનામૃત કહ્યું" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૬

દીપમાળામાં બેઠેલા શ્રીહરિની ફરતે સંતો રાસ રમ્યા

શ્રીહરિ આગળ કહ્યા પ્રમાણેની વાત જ્યારે કરી રહ્યા ત્યારે બધા સંતો ગરબીના પદને બોલવા લાગ્યા. ૧. સંતોએ ગોળાકાર મંડળ કર્યું, તેની વચ્ચે શ્રીહરિ બેઠા. આ રીતે સંતો ઊભા થઈ રાસ રમતા હતા, તેની ઘણી શોભા થઈ હતી. ૨. જે સંતો હતા તે બધાએ તે સમયે શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે અલૌકિકરૂપમાં રાસમંડળ રચ્યું હતું. ૩. આ અલૌકિક રાસમંડળને જોઈને જે પ્રેમી હરિભક્તો હતા તે શ્રીહરિનું ચિંતવન કરતાં કરતાં સમાધિમાં જતા રહ્યા. ૪. (તે સમયે સંતો "*હોજી મોરે બાલમ, હો મોરે બાલમ મોરે બાલમ*" આવા પદ બોલતા હતા.)

શ્રીહરિ તો દીપમાળાને મધ્યે મંચ ઉપર જેમ હતા તેમ જ બેઠા હતા, પણ સમાધિમાં ગયેલાને એક સંત અને એક શ્રીહરિની મનોહર મૂર્તિ દેખાતી હતી. ૫. અને સમાધિ વગરનાં જે બાઈ-ભાઈ હરિભક્ત હતાં તે બધાંને મંચ ઉપર બેઠેલા એક શ્રીહરિનાં પ્રગટ દર્શન થતાં હતાં. ૬. જે ભક્તો જેટલા પ્રેમી હતા તેની અંતઃકરણની વૃત્તિ અને મતિ તેટલી અલૌકિક થઈ ગઈ હતી. બાઈ-ભાઈ હરિભક્ત, સંતો, વર્ણી તથા સંન્યાસી વગેરે જે સત્સંગના આશ્રિત હતા, તેમને અલૌકિક પ્રેમને કારણે અલૌકિક વૃત્તિ થઈ હતી. તેથી એમને શ્રીહરિની મૂર્તિ અનેક પ્રકારે દેખાતી હતી તેનો કહેતા પાર ન આવે. ૭-૮.

❋ ગુણગ્રાહી બનવાના અલૌકિક ફાયદા :

આ સત્સંગમાં જે જે અલૌકિક બાબત સાંભળવામાં આવે છે, તે બધી સામર્થી પ્રત્યક્ષ શ્રીહરિની જ છે તેમ જ્યાં સુધી જે કોઈ માને છે ત્યાં સુધી તેમને શ્રીહરિનું જેટલું ઐશ્વર્ય છે તે બધું દેખાય છે. પરંતુ જ્યારે તે ઐશ્વર્યને તેઓ પોતાનો પ્રતાપ માનવા લાગે છે, ત્યારે ભગવાનની માયાએ કરીને રાતે દીવા વિના ઘરમાં જેમ અંધારું થઈ જાય તેમ તેના અંતરમાં અંધારું થઈ જાય છે. અથવા દિવસ વિનાના ઘર જેવું તેનું અંતઃકરણ થઈ જાય છે. ૯-૧૧.

चोपाई :

संत हरिजन में गुण जेतेऊ, अलोकिक आवत हि देखेऊ;
देखे में आवे जितना जाही, यत्कंचित जो नाम धराही...१२

दोहा : सत्संग अरु हरि के जो, गुण जिहाँ लग जेहु;
जानत रहे तिहाँ लगहि, शुद्ध समझ रहे तेहु...१३
सत्संग की जेती बात के, गुण रहाये जेते;
आप में मानत अधिक हि, विमुख कहावत तेते...१४

सोरठा : सत्संग हरि ताके, गुण रहाये जे ते जेहि;
जानत रहे वाके, सर्वोपरि हरिजन तेहु...१५

સંતો અને હરિભક્તોમાં જે કોઈ અલૌકિક ગુણ આવતા દેખાય છે અથવા બીજે ક્યાંય પણ કોઈ પણ નામથી કહેવાતા જેટલા ગુણો જોવા મળે છે તે બધા સત્સંગના અને શ્રીહરિના જ ગુણ છે, તેમ જ્યાં સુધી જાણતા રહે ત્યાં સુધી તેની સમજણ શુદ્ધ રહે છે. ૧૨-૧૩. સત્સંગ સંબંધી હર કોઈ બાબતના જેટલા ગુણો છે તેને જે સહુથી વધારે પોતામાં જ માને તે તેટલો વિમુખ કહેવાય છે. ૧૪. **'જેટલા ગુણ છે તે બધા સત્સંગના અને શ્રીહરિના જ છે' તેમ જે જાણે છે તે સર્વોપરિ હરિભક્ત છે. ૧૫.** તેવા ભક્ત દરેક મનુષ્યને સત્યસ્વરૂપ એવા શ્રીહરિની મૂર્તિમાં જ ચોંટાડતા રહે છે, પણ શ્રીહરિથી અધિક કોઈને કહેતા નથી. ૧૬.

કાંઈક વાત શીખીને સત્સંગ અને શ્રીહરિ કરતાં પણ પોતાની વાતને અધિક જે કહેતા રહે છે, અને એક પોતાની મોટાઈને જ સહુથી વધારે શ્રેષ્ઠ કરવા માટે જેનાં મનમાં તાન રહેતું હોય, તો તે બધા વિમુખનાં લક્ષણ છે. જેની બુદ્ધિ માયામાં લુબ્ધ હોય તે જ ભગવાનથી અધિક પોતાની વાતને ચલાવે છે. ૧૭-૧૮. પરંતુ **જે શ્રીહરિની વાતને જ સહુથી શ્રેષ્ઠ જાણે તે સંત અને હરિભક્ત સર્વોપરિ છે, તે તેની વાત ઉપરથી પારખી શકાય છે. ૧૯.**

❋ શ્રીહરિની વાતો, ગ્રંથો અને કીર્તનોની સર્વોપરિતા :

આ ભૂમિ ઉપર અપાર ગ્રંથો છે તથા કીર્તન અને પ્રબંધો પણ અપાર છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૨૦. જે **ગ્રંથમાં-કીર્તનોમાં ભગવાનનું**

અધિકપણું કહેવામાં આવ્યું હોય તે બધા ગ્રંથ, કીર્તન અને પ્રબંધ સર્વોપરિ કહેવાય છે. ૨૧. વળી, એ બધા એવા શુદ્ધ છે કે જેમાં દારું, માંસ અને વ્યભિચારનું પ્રતિપાદન થયું હોય એવા ગ્રંથોને અને એવા મતોને તે અસત્ય કરી રહ્યા છે. ૨૨. માટે મોક્ષભાગી મુમુક્ષુ જીવોએ અશુદ્ધ ગ્રંથોનો દૂરથી જ ત્યાગ કરવો. કેમ જે, જે અસત્યને સત્ય માને છે તે બધા લોકો દુર્ભાગિયા કહેવાય છે. ૨૩. જેમાં સત્ય વાતનું ગ્રહણ કરાતું હોય તે સર્વોપરિ મત કહેવાય છે. જે લોકો કે મતો સત્ય વાતને અસત્ય કહેતા હોય તે બધા અસત્ય દેખ્યામાં આવે છે. ૨૪. જેટલી અસત્ય વાત હોય છે તે સર્વે સત્સંગની વાતે કરીને દેખ્યામાં આવે છે. તેમાંથી એક પણ વાત છૂપી રહેતી નથી. ૨૫. શ્રીહરિને આવી વાતના પ્રબંધ કરવાનું આવડતું હતું. ધર્મના પ્રબંધો-ગ્રંથો રચવા ઘણા કઠિન છે, તે એવી વાત દેખાય છે. ૨૬.

શ્રીહરિ સિવાયના બીજા કોઈથી ધર્મ સંબંધી વાતનો શુદ્ધ પ્રબંધ નિશ્ચિતરૂપમાં રચી શકાય નહિ. ૨૭. જે મતો કે ગ્રંથમાં માંસ, મદિરા, વ્યભિચાર અને ચોરી તથા તે સિવાયના બીજા ફેલ, વ્યસન વગેરેનો ત્યાગ કર્યો-કહ્યો ન હોય અને જે ભગવાનની મૂર્તિને અસત્ય કહેતા હોય, આવા જે મત અને ગ્રંથ હોય તેને જેટલા મોક્ષભાગી જીવો છે તે દૂરથી જ ત્યાગ કરે છે. જેમ રાત વિના દિવસનું મહત્ત્વ દેખાતું નથી, ૨૮-૩૦. તેમ ખોટી વાત વિના સાચી વાતનું મહત્ત્વ દેખાતું નથી. માટે સાચી વાતની સર્વોપરિ મહત્તા બતાવવા માટે જ અસત્ય વાતનો માર્ગ ભૂમિ ઉપર ચાલ્યો આવે છે. અસત્ય માર્ગોએ કરીને તો અનંત બ્રહ્માંડ ભરેલા છે. ૩૧-૩૨. જેટલા સત્ય માર્ગે ચાલે છે તે બધા ફરી આ બ્રહ્માંડમાં આવતા નથી. બધા જ બ્રહ્માંડો કરતાં પણ ભગવાનનું ધામ મોટું રહ્યું છે. ૩૩.

સંતોએ અધરાત સુધી ગરબીનાં પદ ગાયાં. જે સંતો પદ બોલીને રાસમાં ફરતા હતા તે સહુ સંતોને શ્રીહરિ રાજી થઈને ભેટ્યા. ૩૪. પછી સહુને રજા આપી શ્રીહરિ પણ પોઢી ગયા. આનંદાનંદસ્વામી અને બ્રહ્મચારી જયાનંદસ્વામીએ ઘણા પ્રેમથી આખી રાત અન્નકોટ ભરવા માટે પકવાનો તૈયાર કરાવ્યા. તે સમયે બ્રહ્માંડમાં જેટલા પકવાનો કહેવાય છે તે બધા વસ્તા ખાચરે

અન્નકોટ માટે કરાવ્યા હતા. પચીશ જેટલા હરિભક્ત વિપ્રો પકવાન બનાવવામાં નિપુણ હતા, તેમની પાસે તે પકવાન કરાવ્યા અને ત્રણ કંદોઈની પાસે ઘણા પ્રેમરસથી બરફી, પેંડા અને કેટલાક મેવા કરાવ્યા હતા, જેનો ગણતા પાર આવતો નથી. ૩૫-૩૮. જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિએ સ્નાન કરીને રોજ કરતા હતા તેમ બધો પૂજાવિધિ કર્યો. ૩૯. શ્રીહરિ નિત્ય બાલમુકુંદ અને શાલગ્રામની નિયમિત પૂજા કરતા હતા અને સહુમાં સદાચારની પ્રવૃત્તિ કરાવવા માટે રોજ માનસી પૂજા પણ કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “દીપમાળામાં બેઠેલા શ્રીહરિની ફરતે સંતો રાસ રમ્યા” એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૭

લેખકે શ્રીહરિના સંબંધવાળી વાતને સર્વોપરિ કહી

અન્નકોટને દિવસ સવારના પહોરમાં શ્રીહરિ ઓરડાની ઓસરીએ આવીને બેઠા અને સભા કરી. ૧. સંતો, વર્ણી, સંન્યાસી અને જેટલા હરિભક્તો હતા તે બધા આવ્યા. બાઈઓમાં બાઈઓ આવીને બેઠી અને પુરુષોમાં પુરુષો બેઠા. ૨. શ્રીહરિ સહુને દર્શન આપવા માટે પલંગ ઉપર બેઠા હતા અને જેટલા સંતો હતા તે ગરબીનાં પદ ગાતા હતા. ૩. તે સમયે કેવળ આનંદ આનંદનો સાગર ભરાયેલો હતો. ત્યાં એટલી શોભા બની હતી કે, જે કહી શકાતી નથી. ૪.

તે સમયે ત્યાં બુરાનપુર અને ખાનદેશના હરિભક્તો હતા તે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ કેટલીક જાતના મેવાઓ લાવ્યા હતા. અનંત પ્રકારનાં વસ્ત્ર અને અલંકાર લાવ્યાં હતાં. તેનો કહ્યે પાર આવતો નથી. શ્રીહરિ સંબંધી કરોડો વાતોમાંથી એક વાતને સંક્ષેપથી કહુ છું. કારણ કે, ગ્રંથ ઘણો વધી જવાનો મનમાં ડર રહે છે. અમુક સંતો અને હરિભક્તો મને રોકે છે અને કહે છે કે બહુ મોટો ગ્રંથ ન કરશો. ૫-૭. ‘આ બહુ મોટો

ગ્રંથ છે' એમ સાંભળીને કોઈ મનમાં શ્રદ્ધા નહિ રાખે. જો કે, જગતની વાત કરવામાં કોઈ વિરામ પામતા નથી. ૮. જીવે ત્યાં સુધી ગ્રામ્ય વાતો કરતા રહે, તોપણ તેમાંથી ક્યારેય તૃપ્ત થતા નથી. એવા સંતો-હરિભક્તો તો શ્રીહરિના ચરિત્રોની વાતમાં બાળક છે. ૯. સમજ્યા વિના જે જેટલું બોલે તેનું કોઈ સાંભળતું નથી. શ્રીહરિનાં ચરિત્ર અલૌકિક છે તેમ જાણીને હું અતિશય હેતથી થોડા લખી રહ્યો છું. ૧૦. **હેત વિના કાંઈ પણ કરવા જઈએ તો તેનાથી એક વાત પણ બને નહીં. લોકો ભગવાન સિવાયની અપાર વાતો કરે છે અને તેમાં તે ક્યારેય તૃપ્ત થતા નથી. ૧૧.**

चोपाई :

ओर बात तामें जिस रीता, चोंटत जन रहाये तिस रीता;
हरि की बात में चोंट हि जबही, सहज जात हरिधाम में तबही...१२

તે લોકો બીજી બાબતમાં જે રીતે ચોંટ્યા રહે છે તે રીતે જો ભગવાનની વાતમાં ચોંટ્યા રહે તો તો તે સહેજે જ ભગવાનના ધામમાં જાય. ૧૨. આમ **શ્રીહરિની વાતમાં તો અપાર શુભ ફળ રહ્યું છે અને બીજી બધી વાતોમાં તો અપાર દુઃખ રહ્યું છે. ૧૩.** ભગવાન સિવાયની બીજી બધી વાતોને અપાર યુગોથી લોકો રાત-દિવસ કરતા રહે છે, તોપણ તે વાતોથી તૃપ્તિ પામતા નથી. ૧૪. ભગવાન સિવાયની જે જે બાબતો છે તેમાં તો જન્મ, મરણ અને જમપુરીનું અપાર દુઃખ રહ્યું છે, છતાં તેને સાંભળતા ઊંઘ આવતી નથી. ૧૫. પણ એવા લોકોને ભગવાનની વાત સાંભળવામાં નિદ્રા અને આળસ થાય છે. ઘડીકવાર જ ભગવાનની વાત સાંભળી હોય તો માનો એક યુગ વીતી ગયો હોય તેમ તેને જણાય છે. ૧૬.

❋ ભગવાન સંબંધી વાતોનો અલૌકિક આસ્વાદ :

हरि की बात रहाये जेता, चिंतामणि के सिंधु रहे तेता;
एसी बातकु जानत जेहा, कपट बिन निरडंभ कर तेहा...१७

एसेकु हरि की रहे यह बाता, कोटि जुग लग सुनत रहाता;
पलक भर जनु सुने यह जेहू, प्रीत की बात एसी रहे तेहू...१८

ભગવાન સંબંધી જેટલી વાતો છે તે બધી ચિંતામણિનો સાગર છે. આવી રીતે જે નિષ્કપટ અને નિર્દંભપણે ભગવાન સંબંધી વાતનો મહિમા

સમજે છે, તેવા ભક્તો ભગવાનની વાતો કરોડો યુગ સુધી સાંભળતા રહે, તોપણ માનો એક પલકવાર જ સાંભળી હોય એમ તેમને લાગે છે. કેમ જે, પ્રેમની વાત જ આવી છે. ૧૭-૧૮. એવા જે મહિમાવાળા ભક્તો છે તેની પાસેથી આળસ અને નિદ્રા દૂર ભાગી જાય છે. જે મહિમાપૂર્વક શ્રીહરિની વાત સાંભળે છે તેનાથી આળસ-નિદ્રા દૂર રહે છે. ૧૯. આવા જે મહિમાવાળા છે તેને માટે જ શ્રીહરિના અમૂલ્ય અને રસભર્યા અનુપમ ચરિત્ર કહું છું. તે સિવાયની બીજી જેટલી વાતો છે તેમાં આનાથી અધિક કોઈ વાત નથી. ૨૦.

વેદ અને પુરાણ વગેરે અપાર ગ્રંથો છે. તે બધા ભગવાનની વાતમાં સમાય જાય છે. ૨૧. **શાસ્ત્રમાં જે જે સાધનો કહ્યાં છે તે પણ બધાં ભગવાનની વાતમાં રહ્યા છે. ભગવાનની વાત સિવાયની બીજી જેટલી વાતો છે તે બધી સંસારમાં ભટકાવનારી છે. ૨૨.** જ્યાં સુધી સત્સંગ કરવામાં ન આવે ત્યાં સુધી બ્રહ્મા જેવો બુદ્ધિમાન હોય, તોપણ તેને જેટલી ખરી લાભકારી વાતો છે તે યથાર્થરૂપમાં દેખાતી નથી. ૨૩. ભગવાનની વાત સિવાય જ્યાં ત્યાં મન જેટલું ખેંચાય છે ત્યાં સુધી તેને જન્મ-મરણ રહે છે, અને ત્યાં સુધી તે બુદ્ધિમાન પણ કહેવાતો નથી. ૨૪.

❋ શ્રીહરિની વાતોની સર્વોપરિતા :

બ્રહ્મા કરતાં વૈરાજપુરુષ મોટા છે અને તેનાથી અધિક પ્રધાનપુરુષ છે અને તેથી ઘણા અધિક પ્રકૃતિપુરુષ રહ્યા છે. ૨૫. **પરંતુ શ્રીહરિની વાત તો અક્ષર કરતાં પણ ઘણી પર છે. આવી વાતને જ્યારે યથાર્થ જાણે ત્યારે તે મુક્ત થઈ જાય છે. ૨૬. ઘણા હીરા, માણેક અને મોતી સો સો કરોડ રૂપિયાના હોય છે, પણ ચિંતામણિ તો ગોતવા છતાં મળતો નથી. ભગવાનની વાત તો તે ચિંતામણિ કરતાં પણ અતિ અધિક છે. ૨૭.** ભગવાનની વાત કેટલી અધિક કિંમતી છે ? તો, ચિંતામણિ કરતાય કોટિગણી અધિક છે, પણ જે કુટિલ-અડબંગ માણસ હોય તે આ વાતને ક્યારેય માનતો નથી. ૨૮. કુટિલ માણસને તેની કુટિલતાને કારણે ભગવાનની વાત માન્યામાં આવતી નથી. તેવો કુટિલ માણસ તો જન્મ અને મરણમાં કુટાતો રહે છે. જે કુટિલ હોય તેને ફળ પણ તેના જેવું કુટિલ જ મળે છે. ૨૯.

જ્યારે તે મનુષ્ય કુટિલતાનો ત્યાગ કરીને પ્રેમથી મન, કર્મ તથા વચને કરીને સત્સંગમાં અનુરાગ કરે છે ત્યારે તેનું પળવારમાં ભવભટકણ છૂટી જાય છે. ૩૦. ગમે તેવો બુદ્ધિમાન હોય, રોજ કરોડો સોનામહોરો કમાતો હોય, ત્રણ લોકનો રાજા કહેવાતો હોય, વિલાયતના જેવા અપાર રાજાઓ પ્રેમથી તેની મરજીમાં વર્તતા હોય; એવો ભારે બુદ્ધિમાન હોય, તોપણ જ્યાં સુધી તેણે ભગવાનની વાત હૃદયમાં નથી ધારી અને ભવભટકણ ચાલું હોય ત્યાં સુધી તેની બુદ્ધિ નિષ્ફળ જ છે. બ્રહ્માંડમાં જેટલી વાત હોય તે બધી કરતો રહે પણ જો તે ભગવાનની વાતના માર્ગે નથી ચાલતો તો તેની બુદ્ધિ નિરર્થક છે. ૩૧-૩૩. **એક ભગવાનની વાતમાં જ જેનું ચિત્ત દૃઢતાથી પરોવાયેલું હોય અને ભગવાનની વાત સમાન બીજી ગમે તેવી વાત હોય, તોપણ તેને ભગવાનની વાત સમાન ન દેખે. અરે ! સ્વપ્નમાં પણ બીજી વાતને ભગવાનની વાત સમાન ન સમજે, આવી જેની બુદ્ધિ હોય તેને કોઈ વાત કરવાની બાકી રહેતી નથી. ૩૪-૩૫.**

અને જ્યારે જેની આવી બુદ્ધિ થાય ત્યારે તે સિદ્ધગતિને પામ્યો ગણાય. તેનાથી કોઈ મોટો સિદ્ધ નથી. તેને જ મોટામાં મોટો સિદ્ધ કહ્યો છે. ૩૬. એ સિવાયના બીજા જેટલા સિદ્ધો છે તે કદાચ આવા બ્રહ્માંડોની રચના કરે અને વારંવાર તેનું ભરણપોષણ કરે એવા હોય તોપણ તે ન્યૂન છે અને જે ભગવાનની વાતને જ અધિકથી પણ અધિક માને છે તે જ સર્વે સિદ્ધોમાં શ્રેષ્ઠ સિદ્ધ કહેવાય છે. ૩૭-૩૮. જેટલી કાંઈ શ્રેષ્ઠ બાબતો કહેવાય છે તે સર્વે ભગવાનની વાતમાં આવી જાય છે. આવી શ્રીહરિની વાત સર્વોપરી છે. ૩૯. જે મનુષ્ય ભગવાનની વાત કરતાં બીજી બધી વાતોને જ્યાં સુધી અધિક માને છે ત્યાં સુધી તે પ્રાકૃત મતિવાળો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "લેખકે શ્રીહરિના સંબંધવાળી વાતને સર્વોપરિ કહી" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૮

ભાવપ્રધાન સત્સંગની વાત

દેશે દેશના અને ગામે ગામના હરિભક્તો દર વરસે આવતા રહેતા હતા. તેનો ગણ્યે પાર આવતો નથી. ૧. શ્રીહરિ આ સત્સંગમાં રહીને ત્રીશ વરસ સુધી હરિભક્તોના ઘણા અલૌકિક ભાવને દેખીને વિચરણ કરતા રહ્યા. ૨.

❋ અલૌકિક ભાવની ભવ્યતા તથા હરિમહિમા :

જેમાં અલૌકિક ભાવ હોય છે તેમાં શ્રીહરિ અવિચળ અને અખંડ નિવાસ કરીને રહે છે. ૩. કેમ જે, જ્યાં સુધી અલૌકિક ભાવ વર્તે છે ત્યાં સુધી તે ભક્ત ક્યારેય પોતાના ચિત્તને શ્રીહરિના સ્વરૂપમાંથી ચોરતા દેખાતા નથી. ૪.

चोपाई :

अलोकिक भाव रहत जिहाँ लगही, वल्लभ में वल्लभ तिहाँ लगही;
जो जो पदारथ रहे जेते, भगवान साचे ताकु तेते...५
दीने संकल्प रहे दिन राती, देवत तब तेहि ठरत छाती;
भगवान आपके सुखकर जेहू, परम सुखिये रहाये तेहू...६
भगवान कु सुख कर दे एसे, ब्रह्मांड में कोउ नहि तेसे;
रिद्धि सिद्धि अनंत अपारा, सेवा में रहे वार न पारा...७
सेवा करन यह माग न आते, भगवान एसे दुलभ रहाते;
अपार ब्रह्मांड के अधिपति जेता, सेवा करनकु इच्छत तेता...८

જ્યાં સુધી અલૌકિક ભાવ રહે છે ત્યાં સુધી તેને પોતાના પ્રિયમાં પ્રિય જે જે પદાર્થ હોય, તે સત્યસ્વરૂપ ભગવાનને આપવાના રાત-દિવસ સંકલ્પ થતા રહે છે. છેવટે તે પોતાનો પ્રિય પદાર્થ જ્યારે ભગવાનને અર્પણ કરે ત્યારે તેની છાતી ઠરે છે. જો કે ભગવાન તો પોતે પોતાના સુખે કરીને જ પરમ સુખિયા હોય છે. ૫-૬. ભગવાનને સુખી કરી દે એવું આ બ્રહ્માંડમાં કોઈ નથી. અનંત-અપાર રિદ્ધિ અને સિદ્ધિઓ ભગવાનની સેવામાં રહે છે. ૭. પણ તે બધાને ભગવાનની સેવા કરવાનો અવકાશ મળતો નથી, આટલા બધા ભગવાન દુર્લભ છે. અનેક બ્રહ્માંડના જેટલા અધિપતિઓ છે તે સર્વે પણ ભગવાનની સેવા કરવા ચાહે છે, ૮. છતાં પણ તેમને સેવા કરવાનો

અવસર મળતો નથી; આવા લક્ષ્મીપતિ ભગવાન છે. તેવા ભગવાન શ્રીહરિ પોતાનો એક ભાવિક ભક્ત હોય તેના ભાવને જાણે છે. ૯.

ताके भाव कु करन हि पूरा, पोताके धाम रहे दूरा;
अपार सुखधाम में रहेऊ, भाव सम नहीं देखत तेऊ...१०
अलोकिक सुख के त्याग करीके, भाव तिनकू अधिक हि गनीके;
भाविक भक्त के समीप आई, निवास करत निश्चे कर ताई...११

તેવા ભક્તના ભાવ પૂરા કરવા પોતાનું ધામ ઘણું દૂર છે અને પરમ સુખરૂપ છે, છતાં શ્રીહરિ તેને ભાવિક ભક્તના ભાવ સમાન દેખતા નથી. માટે ત્યાંના અલૌકિક સુખનો ત્યાગ કરીને ભક્તના ભાવને અધિક ગણે છે. તેથી ભક્તના ભાવને પૂરા કરવા માટે ભગવાન ભાવિક ભક્તની સમીપ આવીને નિશ્ચિત નિવાસ કરે છે. ૧૦-૧૧. તેવા ભાવિક ભક્તના યોગે કરીને અનેક મનુષ્યો હરિભક્ત થાય છે. તેવા ભક્તનો જેવો ભાવ હોય, તે પ્રમાણે ભગવાન શ્રીહરિ તેને વારંવાર સુખ આપે છે. તે સુખ લખી શકાતું નથી અને લખ્યા વિના ખબર પણ પડતી નથી. આવી આ વાત છે. ૧૨-૧૩.

જ્યાં સુધી ઈન્દ્રિયો અને અંતઃકરણના દેવ સાનુકૂળ હોય છે ત્યાં સુધી કાંઈક બની શકે છે. ૧૪. જો દેશ-કાળાદિકની સાનુકૂળતા ન હોય તો કોઈ વાત બની શકતી નથી. કારણ કે બધું પરમેશ્વરને આધીન રહ્યું છે. ૧૫. બધું પરમેશ્વરને આધીન છે, તોપણ મૂઢ માણસ તેમને ભજતો નથી અને તેથી તેને ન કહી શકાય તેવું અનંત પ્રકારનું દુઃખ પછી સહન કરવું પડે છે. ૧૬.

❋ વિષયની મજા, મોતની સજા છે :

માણસ જ્યાં સુધી પરમેશ્વરનું ભજન નથી કરતો ત્યાં સુધી સંસારમાં ભટક્યા કરે છે અને અપાર દુઃખને સહન કરે છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૧૭. મનુષ્ય એવો વિચિત્ર બુદ્ધિમાન છે કે તે તેવા દુઃખને પણ કબૂલ રાખે છે. જીવ વિષયનાં એક સુખ માટે અનંત જન્મ ખુવાર કરે છે. ૧૮. વિષયરૂપી એક મોટો સાગર છે. તેમાં અનેક બ્રહ્માંડોના જીવ એટલે કે દેવ, મનુષ્ય, પશુ, પંખી પર્યંત બધાં જ ડૂબી રહ્યાં છે, પણ કોઈ તેના પારને પામતા નથી. ૧૯. અધિકપણે વિષયનાં સુખ ભોગવવાં માટે, મોટા મોટા રાજાઓ છે

તે એકબીજાને પોતાને આધીન બનાવવા કરોડો મનુષ્યનાં મરણ કરે છે, તોપણ તેને તૃપ્તિ થાતી નથી. દિવસે દિવસે તે વધારે વધારે મમત્વ કરતા રહે છે. આવું તો જે દિવસથી બ્રહ્માંડ રચાયું તે દિવસથી ચાલ્યું આવે છે. ૨૦-૨૧.

ભગવાનનું ભજન કરવા માટે કોઈ આવું મમત્વ કરતું નથી. પરંતુ પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, અંબરીષ, પૃથુ, ભરત, દક્ષના પુત્રો, સુનીતા, ગોપીચંદ, રાજા બાજંદ, હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, વિભીષણ, જનક, પાંડવ અને પીપાભગત આવા કેટલાક રાજાઓ સંભળાય છે કે, તેમણે શરીરના સુખનો ત્યાગ કરીને ભગવાનમાં પ્રેમ કર્યો. રાજ્ય અને રાજાપણાના અભિમાનને તેમણે સ્વપ્ન જેવા માન્યા હતા. ૨૨-૨૪. જેમ ચાહે તેવું સર્વોપરિ ભોજન હોય, પણ જો તેમાં ઝેર ભળેલું સંભળાય તો કોઈને મનમાં તે જમવાની ઈચ્છા થતી નથી. ૨૫. તેમ દોષ દેખ્યા સિવાય ક્યારેય જગતનો અભાવ આવતો નથી. અને જગતનો અભાવ આવ્યા સિવાય ક્યારેય ભગવાનના ચરણમાં ચિત્ત પરોવાતું નથી. ૨૬. સત્સંગ કર્યા સિવાય ક્યારેય જગતનો અભાવ થતો નથી. ચાહે તેવા નિપુણ હોય તોપણ સત્સંગ વિના જગતને પ્રધાનપણે માને છે. ૨૭.

આ જગતમાં સારમાં સાર એક સત્સંગ જ છે. સત્સંગ સહુથી પર છે. સત્સંગથી પર કોઈ જ નથી. ૨૮. સત્સંગ સિવાયની તો અપાર વાતો છે તેનો કોઈ પાર લઈ શકતું નથી. પણ તે વાતોમાં જીવનો ઉદ્ધાર કરે તેવી એક પણ વાત હોતી નથી. ૨૯. સત્સંગથી જીવનો ઉદ્ધાર તત્કાળ થાય છે. તેમાં કાંઈ વાર લાગતી નથી. તેથી જ સત્સંગ સર્વોપરિ કહેવાય છે. તેમાં આવા અધિક ગુણો હોવાથી તે અધિક કહેવાય છે. ૩૦. અધિક ગુણોએ કરીને સત્સંગમાં અધિકતા સહજ ભાવે વર્તે છે. કારણ કે, અમૂલ્ય બાબતના અમૂલ્યપણાનું પ્રમાણ સહેજે થાય છે. ૩૧. માટે જેટલા હરિભક્તો હતા તે સત્સંગને અમૂલ્ય જાણીને સત્સંગ કરતા હતા. તેથી દિવસે દિવસે તેમનો સત્સંગ અલૌકિક રહેતો હતો. ૩૨.

सत्संग हरि संत हरिजनही, ताकू जेसे जानत जिनही;
तेसे गुण वरतत रहे तामें, छिपाये नहि छिपत हे यामें...३३

नित्य नित्य सत्संग के रंगा, जाकु अधिक चढत रहे अंगा;
नवीन रंग देखकर ताके, सराहत रत रहे सब वाके...३४

શ્રીહરિ, સંતો, હરિભક્તો અને સત્સંગને જેવા સમજવામાં આવે છે તેવા ગુણ તે સમજનારામાં આવે છે. તે છુપાવ્યા છુપાતા નથી. ૩૩. જેને સત્સંગનો રંગ રોજ રોજ અંગમાં વધારે ચઢતો રહે તો તેના નવીન રંગને દેખીને સહુ તેની પ્રશંસા કરતા રહે છે. ૩૪. મુમુક્ષુઓને નવીન રંગ ચઢાવવાને માટે જ શ્રીહરિ વારંવાર સમૈયા કરતા, અને કીર્તન તથા કથા-વાર્તા વારંવાર અપાર કરાવતા રહે છે. ૩૫. તેવા દિવ્ય વાતાવરણમાં પણ વિષમ દેશ-કાળને લીધે જેનો રંગ ઊતરી જતો હોય તે તેની શ્રદ્ધામાં દેખી શકાય છે. કારણ કે જેવી શ્રદ્ધા હોય તેવો રંગ રહે છે. ૩૬.

સત્સંગના નિત્ય યોગ વિના સત્સંગ ઘટી જાય છે અને જો સત્સંગનો યોગ નિત્ય રાખે છે તો તે આગળ વધતો રહે છે. ૩૭. **રોજ રોજ સત્સંગ વધે છે કે ઘટે છે તે ભાવમાં દેખાઈ આવે છે. જો ભાવ અધિક હોય તો તેનો સત્સંગ અધિક છે. એવી આ વાત છે. ૩૮.** જેના જીવમાં જેવો સત્સંગ હોય છે તે તેનો ભાવ તેવી રીતે પ્રગટ કરી દે છે. ૩૯. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે જેને આંખો હોય છે તેને કોઈ વસ્તુ અજાણી રહેતી નથી, તે જ રીતે ભાવમાં પણ સમજવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "ભાવપ્રધાન સત્સંગની વાત કહી" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૬૯

અન્નકોટદર્શન પછી શ્રીહરિએ પીરસીને સંતોને જમાડ્યા

જે દેશ અને જે જે ગામના હરિભક્તો આવ્યા હતા તે ઘણા શ્રદ્ધા-ભાવથી શ્રીહરિ, સંતો અને વર્ણીની પૂજા કરતા હતા. ૧. જે હરિભક્ત બાઈઓ હતી તેમણે પણ પોતાના સંબંધીની પાસે શ્રીહરિ, સંતો અને વર્ણીની પૂજા કરાવી. ૨. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે તેમણે શ્રીહરિ, સંત અને વર્ણીની પૂજા

કરી. આમ તેમણે અલભ્ય લાભ લીધો. ૩. ધર્મની મર્યાદા સાચવીને જેટલો ભાવ રાખવામાં આવે છે તે ભાવ અલૌકિક રહે છે, અને દિવસ દિવસ પ્રત્યે વધતો રહે છે. ૪.

✻ ભગવદ્સંબંધની મહત્તા :

જેટલો ભાવ ધર્મે સહિત રહે તો તે ભાવ અલૌકિક કહેવાય છે. આ સત્સંગ પણ અલૌકિક છે. તેથી જેમાં જેવો ધર્મ હોય તે દેખાડી દે છે. ૫. **ભગવાનના સ્વરૂપના જ્ઞાને રહિત જે ધર્મ છે તે તો લૌકિક ધર્મ કહેવાય છે. જેમાં ભગવાનનો નિવાસ-સંબંધ હોય તે અલૌકિક ધર્મ કહેવાય છે. ૬.** ભગવાનના સંબંધ વગરના ચાહે તેવા મત હોય છતાં તે નિર્જીવ મત છે અને તેમાં કાંઈ દૈવત હોતું નથી. ૭.

चोपाई :

धर्म भक्ति वैराग्य अरु ज्ञाना, सर्वोपरि यह बात हि रहाना;
हरि के सबंध बिन तम रहाये, हरिजन इमि जानत रहे ताये...८
हरि के सबंध जिहाँ रहेऊ, धर्मादिक जितना साधन तेऊ;
निवास करी रहत तेहि ठोरा, हरि के सबंध रहे बड जोरा...९

ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તે સર્વોપરિ વાત છે પણ તેને જો ભગવાનનો સંબંધ ન હોય તો તે અંધારારૂપ છે, તેમ હરિભક્તો જાણતા હતા. ૮. ભગવાનનો સંબંધ જેમાં જેટલો રહે તે ધર્માદિક સાધનમાં તેટલા શ્રીહરિ નિવાસ કરીને રહે છે. કારણ કે ભગવાનનો સંબંધ સહુથી જોરદાર છે. ૯. અને તેવી જ રીતે ધર્માદિક વગરનો ભગવાનનો સંબંધ તો આંધળો સંબંધ કહેવાય. ધર્માદિકથી યુક્ત જેટલો ભગવાનનો સંબંધ હોય તે બધો મોક્ષદાયક સત્સંગ કહેવાય છે. **જેમાં ધર્માદિક સાધન અને ભગવાનનો સંબંધ એ બંને વાત હોય તે ઉત્તમ છે, અને તે બે વાત વગર બીજી જેટલી વાતો હોય તે સંપૂર્ણ કહેવાતી નથી.** ૧૦-૧૧. જે કોઈ પણ વાત હોય તે ઉપર કહેલ બન્ને બાબતના યોગ વિના સંપૂર્ણ સિદ્ધ થતી નથી. કેમ જે, એવી જ એ બધી વાત રહી છે. ૧૨. મોક્ષની વાતના યોગ વિના ક્યારેય મોક્ષ થાતો નથી. તે વાત તો દેખીતી જ છે. ૧૩.

જ્યારે હરિભક્તો શ્રીહરિ, સંતો અને વર્ણીની પૂજા કરી રહ્યા ત્યારે વર્ણી અને બ્રાહ્મણોએ શ્રીહરિની પૂજાના લાલજીની આગળ સર્વે પકવાન ત્યાં લાવીને અન્નકોટ પૂર્યો. અને જેટલા મેવા બનાવ્યા હતા તે બધા ત્યાં લાવ્યા. તેનો ગણતા પાર આવે તેમ નથી. તે બધી બનાવેલી વસ્તુઓની ઘટે તે રીતે રચના કરી. ૧૪-૧૬. જેટલાં રાજભોજન કહેવાય છે તે બધાં લાવીને ત્યાં ધર્યાં. દૂધપાક, બાસુંદી, માલપૂડા, પૂરી, હરીસો, બિરંજ, શીરો, લાડુ, કંસાર, સેવદળ, જલેબી, મોતીચૂર, ઘેબર, પેંડા, અપાર બરફી, સાટા, ખાજા, શક્કરપારા આ બધા સારી સાકર વાપરીને કર્યા હતા. તે બધા ભગવાનને ધર્યા. ૧૭-૧૯. રાઈતાં, વડાં, ભજિયાં, શાક, દાળ, ભાજી વગેરે બ્રહ્માંડમાં જેટલી વસ્તુ હતી અને ભોજન કરવામાં જે ઉપયોગી હતી તેનાથી બધો અન્નકોટ ભર્યો. તેની અપાર શોભા થઈ હતી. જ્યારે બાલમુકુંદ લાલજી અને શાલગ્રામ જમી રહ્યા તે પછી શ્રીહરિ પોતે જમ્યા. ૨૦-૨૧.

પછી દરબારના ચોકમાં સંતોની પંગત કરાવી. પોતે શ્રીહરિ જમીને પીરસવા આવ્યા. અંગ ઉપર પીતાંબર પહેર્યું હતું. ૨૨. અંગો ઉપર કેસરી ચંદન ચરચ્યું હતું અને ફૂલના હારોથી મૂર્તિ ભરી હતી. હાર નખશિખ ઊભરાય રહ્યા હતા. તે વખતની શોભા મુખથી કહી શકાતી નથી. ૨૩. સંતો એકધારા મુખથી નારાયણધૂન બોલી રહ્યા હતા. માનો, સામવેદનો ધ્વનિ થતો હોય તેમ શોભા લાગતી હતી. ૨૪. શ્રીહરિ જ્યારે ભોજન પીરસી રહ્યા ત્યારે સંતોને જમવાની છૂટ આપી. ૨૫. સંતો ખૂબ ભાવથી જમવા લાગ્યા અને શ્રીહરિ પીરસવા લાગ્યા. તે સમયે અનેક ધામના મુક્તો આવ્યા. ૨૬.

❋ સમૈયામાં દિવ્યરૂપે આવતા મુક્તોનું વર્ણન :

તે બધા મુક્તો આવીને ઘણા ભાવથી સંતોની પંક્તિમાં બેસી ગયા. કારણ કે તેઓ શ્રીહરિનું ઘણું માહાત્મ્ય જાણતા હતા. ૨૭. એક એક સંતમાં અપાર અપાર મુક્તો પ્રવેશી ગયા હતા તેને એક શ્રીહરિ જાણતા હતા. ૨૮. શ્રીહરિ જેટલું પીરસતા હતા તેટલું સંતો જમી જતા હતા. તેથી શ્રીહરિ સંતોને હસતાં થકા કહેવા લાગ્યા કે, આજ તો દુર્વાસા ઋષિ તમારાં દર્શન કરવા આવ્યા લાગે છે. કારણ કે, જેટલું અમે પીરસીએ છીએ તે બધું તમે

જમી જાઓ છો, વાર પણ લાગતી નથી. તમને તે બાબતની ખબર નથી. ૨૯-૩૦. અને ધામના બીજા મુનિઓ પણ આજ સહુ આવ્યા છે. તે બધા તમારામાં પ્રવેશ કરીને જમે છે. તેમને પણ તૃપ્તિ થાતી નથી. ૩૧.

ત્યારે વસ્તા ખાચરે કહ્યું કે, "મહારાજ ! આજ આપે બધા સંતોને તૃપ્તિ કરાવવાની છે." ત્યારે શ્રીહરિએ કહ્યું, "આ સંતો કોઈ ભૂખ્યા નથી, તેઓ તો માહાત્મ્યના ભૂખ્યા છે. ૩૨. એક એક અન્નકણમાં હજારોની સંખ્યામાં મુક્તો તૃપ્તિ પામે છે. જ્યારે માહાત્મ્યનું પૂર ચઢી આવે છે ત્યારે આ બધા મુક્તો અહીં આવે છે. ૩૩. સમૈયામાં એક-બે વખત જ્યારે માહાત્મ્યનું ઘણું પૂર ચઢી આવે છે ત્યારે આ મુક્તો અને મુનિઓ અહીં પ્રસાદ લેવા સંતોમાં આવતા રહે છે, તે સમાધિવાળાને દેખાય છે. ૩૪.

संत कु जब हम मिलत रहावा, तब आवत भयेउ कर भावा;
संत भेगे मिलत रहे आई, माहात्म्य अधिक जानत रहाई...३५
हमारी पूजा संत जब करने, आवत हे महा मोद भरने;
तब मुक्त रहाये यह जेता, पूजा करन आवत हे तेता...३६

दोहा : हरिजन पूजा करत हि जब, हमारी यह जो आय;
ब्रह्मांड के देव हि जितना, आवत रहेउ ताय...३७
हरिजन भेगे देव सब, पूजा करत हि रहेउ;
हम न कहत हे कोउ दिन, दबावत जिह्वा तेउ...३८

જ્યારે અમે સંતોને ભેટીએ છીએ ત્યારે પણ તે મુક્તો ભાવથી આવતા હોય છે અને આવીને સંતોની ભેળા અમને ભેટે છે. કેમ જે, તેઓ અમારું ઘણું માહાત્મ્ય સમજે છે. ૩૫. એટલે જ જ્યારે આ સંતો હરખ ભર્યા અમારી પૂજા કરવા આવે છે ત્યારે મુક્તો પણ સંતોની સાથે અમારી પૂજા કરવા આવે છે. ૩૬. હરિભક્તો જ્યારે અમારી પૂજા કરવા આવે છે ત્યારે તેમની સાથે જેટલા બ્રહ્માંડના દેવતાઓ છે તે પણ આવે છે. ૩૭. તે હરિભક્તોની ભેળા બધા દેવતાઓ પૂજા કરે છે. અમે કોઈ દિવસ આ વાત કહેતા નથી. અમે જાણવા છતાં અમારી જીભને દબાવી રાખીએ છીએ. ૩૮. આત્માનંદસ્વામી સિદ્ધો કરતાં પણ મોટા સિદ્ધ થયા હતા. તે જેવું ધારે

તેવું તરત થાતું હતું. ૩૯. અને રામાનંદસ્વામી ઉદ્ધવનો અવતાર હતા. તે રામાનંદસ્વામી અને બહુનામી શ્રીકૃષ્ણ ભગવાન આ સત્સંગનું મૂળ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "અન્નકોટ દર્શન પછી શ્રીહરિએ પીરસીને સંતોને જમાડ્યા" એ નામે ઓગણસિતેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૦

કારિયાણીનું સાતમું વચનામૃત

સંતો જ્યારે જમી રહ્યા પછી શ્રીહરિ પ્રસન્નપણે તત્કાળ પોતાને મુકામે ગયા. ૧. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે દર્શન આપવા માટે અદ્‌ભુત શોભા ધારીને શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. ૨. ત્યારે સંતો અને હરિભક્તો હતા તે બધા પણ આવીને દર્શન કરવા માટે બેઠા. શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૩. મંચની ચારેબાજુ તે વખતે દીપમાળા પૂરી હતી. જ્યારે આરતી અને ધૂન કરી રહ્યા તે પછી બધી સભા બેઠી. ૪.

❋ સાચા હરિભક્તની સમજણ :

તે વખતે બોચાસણ ગામના પાટીદાર મુખી કાશીદાસભાઈ નામે હરિભક્ત હતા. ૫. તેમણે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! ત્યાગી હોય તે તો નિવૃત્તિમાર્ગને અનુસર્યા છે અને તેઓ ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે. અને જે ગૃહસ્થાશ્રમમાં બંધાઈને રહ્યા છે અને પ્રવૃત્તિમાર્ગને અનુસર્યા છે. માટે તેને તો સંસારની અનંત વિટંબણા વળગી છે. તેથી ગૃહસ્થાશ્રમી કેમ સમજે ત્યારે ભગવાનના સ્વરૂપમાં તેને અખંડ વૃત્તિ રહે ?" પછી શ્રીજીમહારાજ તે ભક્તના પ્રત્યે બોલ્યા, ૬-૯. "જે ગૃહસ્થ ભક્ત છે તેને જે સમજવાનું છે તે હું કહું છું. તેમણે એમ સમજવું જે, જેમ પૂર્વે ચોરાશી લાખ જાતનાં મારે માતા, પિતા, સ્ત્રી, છોકરા હતાં તેવાં ને તેવાં જ આ દેહનાં પણ છે. તેમાં કાંઈ પણ અધિકતા દેખાતી નથી. ૧૦-૧૧. કેટલાક જન્મની મા, બહેન અને દીકરીઓ થઈ છે તે નજરે આવતા નથી.

મનુષ્ય, પશુ અને પક્ષીમાં જ્યાં ત્યાં દેહ ધારીને કેટલીક રઝળતી હશે. તેની જેમ મારે મમતા નથી તેમ આ દેહના સંબંધીની પણ મારે મમતા ન રાખવી. ૧૨-૧૩. આવો વિચાર કરીને સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે ચિત્ત રાખી દૃઢ પ્રીતિ કરે, ૧૪. અને સાધુનો સમાગમ રાખે ત્યારે ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે ભગવાનમાં અખંડ વૃત્તિ સહજભાવે રહે."

પછી આવી રીતની શ્રીજીમહારાજની વાત સાંભળીને સભામાં જે ગૃહસ્થ બેઠા હતા તેમણે હાથ જોડીને પૂછ્યું કે, "હે મહારાજ ! જે ગૃહસ્થને એવી રીતે ન વર્તાય તો તેના શા હાલ થશે ? હે કૃપાળુ ! તે આપ કહો." પછી શ્રીજીમહારાજ દયા કરીને બોલ્યા, ૧૫-૧૮. "અમે જે વાત કરી છે તે તો બળિયા હરિભક્તની કરી છે. જે ભગવાન સિવાય અન્ય પદાર્થમાંથી વાસનામાત્રને ટાળીને ભગવાનમાં અખંડ વૃત્તિ દૃઢપણે રાખે તેની વાત કરી છે. ૧૯-૨૦. અને જે એવા બળિયા ન હોય તેની વાત હવે કરીએ છીએ. તેણે તો યાદ રાખીને સત્સંગની ધર્મ-મર્યાદામાં રહેવું. ૨૧. અને ભગવાન અને સંતનો પોતાને જે આશ્રય થયો છે તેનું અડગ બળ રાખવું અને આ રીતે વિચાર કરવો કે, ૨૨. 'મને જે ભગવાન મળ્યા છે અને તેના જે સંત મળ્યા છે તેઓ તો નક્કી અધમઉદ્ધારણ અને પતિતપાવન છે. ૨૩.

વળી, તેઓ નિશ્ચિત શરણાગતવત્સલ કહેવાય છે, તેમાં કાંઈ પણ મિથ્યા નથી.' આવો દૃઢ નિશ્ચય રાખવો. તે નિશ્ચયના પ્રબળ પ્રતાપે કરીને કંક(નીચી જાતિનો માણસ) અને યવન ઇત્યાદિક અપાર લોકોનો ઉદ્ધાર થઈ ગયો છે. શબરી અને ગણિકાએ ક્યાં તપ કર્યું હતું ? તેને માત્ર સત્ય વસ્તુ(ભગવાન)નો યોગ થયો હતો. ૨૪-૨૫. જેમ અગ્નિના યોગે કરીને દારૂના મોટા ઢગલાનો પણ એક પળવારમાં નાશ થઈ જાય છે. તેમાં કાંઈ વાર લાગતી નથી. ૨૬. **તેમ મને આજે સાક્ષાત્ પ્રગટ ભગવાન મળ્યા છે અને તેના સાક્ષાત્ સંતો મળ્યા છે. (માટે મારું આત્યંતિક કલ્યાણરૂપી કાર્ય જરૂર થઈ જશે.) ૨૭.** પછી એવા શ્રીજીમહારાજનાં વચન સાંભળીને બધા હરિભક્તો અતિશય રાજી થયા. ૨૮.

✵ વૈરાગ્ય ઉદય થવાનું કારણ અને તેની મહત્તા :

પછી સહુના શિરતાજ શ્રીજીમહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો જે, "વૈરાગ્ય ઉદય થવાનું શું કારણ છે ?" પછી જેને જેમ ભાસ્યો તે સંતે તેમ ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી સહુ મુનિ બોલ્યા, "હે મહારાજ ! આનો ઉત્તર તો આપ જે રીતે જાણતા હો તે રીતે કરો. અમે તે રીતને સાંભળીએ." પછી શ્રીજીમહારાજ બોલ્યા, ૨૯-૩૨. "વૈરાગ્યનું કારણ તો એ છે જે, સદ્‌ગ્રંથ અને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને દૃઢપણે ચટકી લાગે અને ચટકી લાગે તે પાછી મટે જ નહિ. એવી જે ચટકી તે વૈરાગ્યનું કારણ છે. બીજું કોઈ વૈરાગ્યનું કારણ નથી. અમને આવું દેખાય છે. ૩૩-૩૪. **અને જેને ચટકી લાગતી હોય તે તામસી હોય, રાજસી હોય અને સાત્ત્વિકી હોય તે સર્વેને વૈરાગ્ય ઊપજે છે, અને સહજ ભાવે ભવસાગરને તરી જાય છે. ૩૫. અને જેને લગાર પણ ચટકી ક્યારેય ન લાગતી હોય તેને ક્યારેય વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી અને તે લખચોરાશીમાં ભટક્યા કરે છે. ૩૬.**

અને જેને ચટકી લાગીને થોડા દિવસમાં તે ચટકી ટળી જાતી હોય તો તેને ક્યારેય સુખ મળતું નથી. ઠા વગરની ચટકીનો વૈરાગ્ય તો ખુવાર કરે છે. કારણ કે, જ્યારે ચટકી લાગે ત્યારે ઘરને છોડીને ચાલ્યો જાય, પછી ભેખ લીધા કેડે જ્યારે ચટકી ન રહે અને પાછો ઘરે આવીને રહે. ૩૭-૩૯. એમ જેનું ઊંડું મૂળ ન હોય તેવી ચટકી જ્યારે ઊતરી જાય છે ત્યારે ઘર તો ધૂડધાણી થઈ ગયું હોય અને સ્ત્રી પારકે ઘેર જતી રહી હોય. પછી તો જેમ 'ધોબીનો કૂતરો વાટનો નહિ અને ઘાટનો નહિ' તેમ જેની ચટકી ઊતરી ગઈ હોય તે બંને બાજુથી ભ્રષ્ટ થાય છે. ૪૦-૪૧. અને જે દૃઢ વૈરાગ્યવાળા હોય છે તે પરમપદને પામે છે." આ રીતે શ્રીહરિએ ઘણા પ્રેમથી તે પ્રશ્નનો ઉત્તર કર્યો.

✵ પ્રગટની નિષ્ઠા એ જ આત્યંતિક કલ્યાણ છે :

પછી શ્રીજીમહારાજે ફરીને અતિશય પ્રસન્ન થકા બીજો પ્રશ્ન પરમહંસ પ્રત્યે પૂછ્યો જે, "આત્યંતિક કલ્યાણ તે કોને કહેવાય છે ? તે કહો. અને

આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તે પુરુષની સર્વે ક્રિયાને વિષે કેવી દશા વર્તતી હોય ? હવે તેનો ઉત્તર કરો." ૪૨-૪૫. પછી જેને જેવો ભાસ્યો તેવો ઉત્તર સહુ મુનિઓએ મળીને કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી સર્વે મુનિ હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! આ પ્રશ્નનો જેવો ઉત્તર હોય તેને આપ કહો." ૪૬-૪૭.

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા જે, "જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનું કાર્ય જે ચોવીશ તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે. ૪૮-૪૯. અને તે પ્રકૃતિપુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે. પછી તે તેજમાં તેઓ દેખાતા નથી. ૫૦. સુખના સદનરૂપ એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન તેજ જ રહે છે. ૫૧. અને તે તેજને વિષે અતિશય રમણીય દિવ્ય મૂર્તિમાન એવા પુરુષોત્તમ વાસુદેવ ભગવાન અખંડ વિરાજમાન રહે છે. તે પોતે પ્રિયતમ ભગવાન દિવ્ય મૂર્તિ થકા જીવોના કલ્યાણને માટે જ્યારે મનુષ્યાકૃતિને ધારણ કરીને ભૂમિને વિષે સહુને સુખ દેવા માટે નયનગોચર થકા વિચરે છે અને બહુ પ્રકારનાં ચરિત્ર કરે છે, ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે, તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે, પણ સુંદરવર શ્રીહરિ એ માયિક ગુણે યુક્ત નથી. ૫૨-૫૬. **એ તો સદા ગુણાતીત દિવ્યમૂર્તિ જ છે. અને તેનું તે જે ભગવાનનું સાકાર દિવ્ય સ્વરૂપ છે તેને વેદાંતશાસ્ત્ર નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર વ્યાપક, એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે.** ૫૭-૫૮.

તે જીવની બુદ્ધિમાંથી માયિક ભાવ ટાળવાને માટે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે. અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય, તે સર્વ કાળને વિષે એકરૂપે કરીને જ સદા વિરાજમાન છે, પણ માયિક પદાર્થની જેમ વિકારને પામતા નથી. સદા દિવ્યસ્વરૂપે કરીને વિરાજમાન રહે છે. આમ જે બુદ્ધિમાન હોય તે સમજે છે. આવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહેવાય છે. સર્વે સદ્‌ગ્રંથોમાં પણ તેના વચનો પ્રમાણ છે. ૫૯-૬૩. અને આવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની રીત હવે કહું છું. ૬૪.

सोरठा : पिंड ब्रह्मांड ताके, प्रकृति पुरुष ताके जोउ;
प्रलय हि होय वाके, पीछे अक्षरधाम विशे...६५
जेहि भगवान ताकि, मूर्ति अखंड रहत जोउ;
विराजमान हि वाकि, ते मूर्ति के स्थावर जंगम...६६

તેની એવી દશા હોય જે, 'પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં તેને સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ક્યારેય ન ભાસે, તે સિદ્ધદશાનું લક્ષણ છે." ૬૫-૬૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું સાતમું વચનામૃત કહ્યું" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૧

કારિયાણીનું આઠમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) કાર્તિક સુદિ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! વેદ,

❋ ભગવાનનું સગુણ-નિર્ગુણપણું :

શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસને વિષે ભગવાનનાં સગુણ સ્વરૂપનું નિરૂપણ કર્યું છે અને નિર્ગુણ સ્વરૂપનું પણ નિરૂપણ કર્યું છે. તે ભગવાન પુરુષોત્તમનું નિર્ગુણ સ્વરૂપ કેવી રીતે સમજવું ? અને સગુણ સ્વરૂપને કઈ રીતે સમજવું ? જે સમજવે કરીને ફરી સંશય ન રહે. અને ભગવાનનાં

નિર્ગુણ સ્વરૂપને સમજવે કરીને ભગવાનના ભક્તને કેટલો સમાસ-ફાયદો થાય છે ? અને ભગવાનનાં સગુણ સ્વરૂપને સમજવે કરીને કેટલો સમાસ થાય છે ? તે અમને સમજાતું નથી. માટે તે અમને કહો." પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, ૩-૯.

⁕ નિર્ગુણ સ્વરૂપનું પ્રતિપાદન :

"ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિશય સૂક્ષ્મ અનુપમ છે અને પૃથ્વી આદિક જેટલાં તત્ત્વ છે તેનો આત્મા છે. ૧૦. અને તે થકી પર પ્રધાનપુરુષનો આત્મા છે. અને તે પ્રધાનપુરુષથી પર જે શુદ્ધ પુરુષ અને પ્રકૃતિ તેનો પણ આત્મા છે. અને તેનાથી પર જે અક્ષર તેનો પણ તેને આત્મા જાણો. અને તે સર્વે તો તે ભગવાનનું શરીર છે. ૧૧-૧૨. જેમ દેહ થકી જીવ છે તે સૂક્ષ્મ છે, શુદ્ધ છે અને ઘણો પ્રકાશયુક્ત છે, તેમ જડ-ચેતન એવા તે સર્વે થકી ભગવાન અતિશય સૂક્ષ્મ છે, અતિશય શુદ્ધ છે અને અતિશય નિર્લેપ છે તથા અતિ પ્રકાશે યુક્ત છે. ૧૩-૧૪.

सोरठा : अरु जिमी व्योम जेहु, पृथिव्यादि चहु भूत महिं;
व्यापक रहाये तेहु, अरु चहु से असंगी रहे...१५
अरु चहु भूत ताकि, उपाधि आकाश तिनकू;
अडत नहीं हे वाकि, आकाश अति निर्लेप थके...१६

અને જેમ આકાશ પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક રહ્યો છે, અને પૃથ્વી આદિક ચારે ભૂત થકી અસંગી છે અને એ ચારેય ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી. તે આકાશ તો અતિ નિર્લેપ રહ્યો થકો એ ચારેય ભૂતને વિષે રહ્યો છે, તેમ પુરુષોત્તમ ભગવાન છે તે સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે પ્રસન્ન થકા રહ્યા છે. તોપણ અતિશય નિર્વિકાર અને અસંગી છે. અને પોતે પોતાના સ્વભાવે યુક્ત રહ્યા થકા જ તેમાં સદાય અનુસ્યૂતપણે રહ્યા છે. ૧૫-૧૮.

વળી, તે ભગવાન સરખા થવાને કોઈ જ ક્યારેય સમર્થ થતા નથી. જેમ આકાશ ચારેય ભૂતોમાં રહ્યો છે, પણ તે ચારેય ભૂત આકાશની જેમ અખંડ નિર્લેપ અને અસંગી થવાને સમર્થ થતા નથી, તેમ જ પુરુષોત્તમ ભગવાન

સર્વના આત્મા છે. ૧૯-૨૦. તોપણ અક્ષરપર્યંત કોઈ પણ ભગવાન જેવા બળવાન નથી. અર્થાત્ પુરુષોત્તમ ભગવાન જેવા શક્તિમાન બનવા કોઈ જ સમર્થ નથી. ૨૧. એવી રીતે જે અતિશય સૂક્ષ્મપણું, અતિશય નિર્લેપપણું, અતિશય શુદ્ધપણું, અતિશય અસંગીપણું, અતિશય પ્રકાશવાનપણું અને અતિશય ઐશ્વર્યયુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.

❋ ભગવાનના સગુણ સ્વરૂપનું પ્રતિપાદન :

અને જેમ ગિરનાર પર્વત છે તે લોકાલોક પર્વતની સમીપે મૂકીએ ત્યારે ગિરનાર પર્વત નાનો ભાસે, પણ ગિરનાર કાંઈ નાનો થઈ ગયો નથી. એ તો લોકાલોકની અતિશય મોટાઈ આગળ નાનો દેખ્યામાં આવે છે. તેમ પુરુષોત્તમ ભગવાનની એવી અતિશય મોટાઈ છે કે તેમની મોટાઈ આગળ અષ્ટ આવરણથી યુક્ત જે અનંત કોટિ બ્રહ્માંડ છે તે અણુના સમાન અતિશય સૂક્ષ્મ ભાસે છે, પણ તે બ્રહ્માંડ કાંઈ નાના થઈ ગયા નથી. એ તો ભગવાનની મોટપ આગળ અતિશય નાના દેખાય છે. એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશય મોટાઈ રહી છે તે ભગવાનનું સગુણપણું છે.

ત્યારે કોઈકને મનમાં આવી આશંકા થાય જે, ૨૨-૨૯. 'ભગવાન નિર્ગુણરૂપે તો અતિ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિશય સ્થૂળ-મોટા કરતાં પણ અપાર સ્થૂળ-મોટા છે. ૩૦. ત્યારે એ બંને રૂપના ધરનારા ભગવાનનું મૂળ સ્વરૂપ કેવું છે ? તો તેનો ઉત્તર કહું છું જે, ૩૧.

ચોપાઈ :

प्रगट प्रमान मनुष्याकारा, देखावत रहे अब हि वारा;
तेहि ज भगवान ताके जेहू, सदाय मूल स्वरूप हे तेहू...३२
निर्गुनपना सगुनपना जेही, रहाये यह मूर्ति के तेही;
कोईक अलोकिक जो ताही, ऐश्वर्य रहाये यह वाही...३३

'અત્યારે પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે જે ભગવાન દેખાય છે એ જ તે ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે. ૩૨. અને નિર્ગુણપણું તથા સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. ૩૩. જેમ સુજાણ એવા શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્ર લેવા માટે અર્જુને સહિત રથ ઉપર બેસીને

ચાલ્યા. ૩૪. તે લોકાલોક પર્વતને ઉલ્લંઘીને પછી માયાનું તમ આવ્યું તેને સુદર્શન ચક્રે કરીને કાપીને તેનાથી પર જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા એવા જે ભૂમાપુરુષ તેની પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવ્યા. ત્યારે તે રથ અને ઘોડા માયિક હતા અને સ્થૂળભાવે યુક્ત હતા, પણ તે શ્રીકૃષ્ણ ભગવાનના યોગે કરીને અતિ સૂક્ષ્મ થયા અને ચૈતન્યરૂપ થઈને ભગવાનના નિર્ગુણ બ્રહ્મધામને પામ્યા. એવી રીતે સ્થૂળ પદાર્થને પણ સૂક્ષ્મપણાને પમાડી દેવું એ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.

અને તે જ શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા યશોદાજીને પોતાના મુખને વિષે અષ્ટ આવરણે સહિત બ્રહ્માંડ દેખાડ્યું અને અર્જુનને પોતાની મૂર્તિને વિષે વિશ્વરૂપ દેખાડ્યું. તે આશ્ચર્યમય હતું. ૩૫-૪૨. ત્યારે તે ભગવાન અનંત મૂર્તિરૂપે થયા હતા. તે અનંત મુખ, અનંત ભુજ અને અપાર ચરણવાળા એ ભગવાન અપાર મૂર્તિએ કરીને જેટલું બ્રહ્માંડ હતું તેમાં ભરાઈ રહ્યા હતા. ૪૩. પરંતુ અર્જુન સિવાયના જેટલા લોકો હતા તે તો સાડા ત્રણ હાથની ભગવાનની મૂર્તિને જ દેખતા હતા. ૪૪. અને જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને વામન અવતાર ધર્યો ત્યારે પ્રથમ તો તેમણે બલિને વામનરૂપે અનુપમ દર્શન દીધું. ૪૫.

અને ત્રણ પગલાં ભૂમિ બલિરાજા પાસે શ્રીકૃષ્ણાર્પણ કરાવ્યા પછી પોતાનું અદ્‌ભુત સ્વરૂપ અનુપમ રીતે વધાર્યું. ત્યારે સાત પાતાળ પર્યંત પોતાનું એક પગલું ધર્યું અને સમગ્ર આકાશમાં પોતાનું શરીર સમાઈ રહ્યું અને બીજું પગલું ઊંચું મેલ્યું તેણે સાત સ્વર્ગને વીંધીને અંડકટાહને-બ્રહ્માંડના છેલ્લા પડને ભેદી નાખ્યું. વળી, ભગવાનનું એવું જે મોટું સ્વરૂપ થયું તેને એક બલિ રાજાએ જ પોતાની નજરે દીઠું. અને બલિ સિવાયના જે બીજા હતા તેણે તો જેવું વામન સ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું, ૪૬-૫૦. તેવું ને તેવું જ નજરે દેખ્યું હતું. એવી રીતે જે ભગવાનને વિષે અતિશય મોટાઈ થકી જે મોટાઈ દેખ્યામાં આવે છે તે ભગવાનની મૂર્તિને વિષે સગુણપણું જાણવું. તેના ઉપર દૃષ્ટાંત કહું છું.

જેમ આકાશ છે તે શીતકાળે તથા ઉષ્ણકાળે વાદળાંએ રહિત હોય અને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે અસંખ્ય વાદળાંઓની ઘટાથી ભરાઈ જાય છે.

તે કાળે કરીને આકાશમાં વાદળાં ઊપજે છે અને પાછા લીન થઈ જાય છે, તેમ જ ભગવાનની બાબતમાં પણ બને છે કે, તે ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણ અને સગુણરૂપ જે અપાર ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે. એવા જે ભગવાન તે ભલે મનુષ્ય જેવા જ જણાતા હોય, તોપણ તેમનું કાંઈ જ માપ થઈ શકતું નથી. ૫૧-૫૬. તે ભગવાનના મહિમાના પારને ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવો પણ પામી શકતા નથી. અને જે ભક્ત અમે જેમ કહ્યું તેમ ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું અને સગુણપણું સમજે તેને કાળ, કર્મ અને માયા બંધન કરવાને સમર્થ થાતા નથી. ૫૭-૫૮.

दोहा : मोक्ष अरु बंधन हि जोउ, समझ तामें रहेउ;
निरबाध समझ में मोक्ष हि, रहायेउ यह सोउ...५९
निरबाध समझ तिनके जो, अंतर अष्ट हि पोर;
भगवान की मोटप देख हि, आश्चर्य रहत हि जोर...६०

કારણ કે, મોક્ષ અને બંધન તે બંને સમજણમાં રહ્યા છે. નિર્બાધ સમજણમાં નિર્વિઘ્ન મોક્ષ રહ્યો છે. માટે જેના અંતરમાં નિર્બાધ સમજણ હોય છે તેને આઠે પહોર ભગવાનની મોટાઈ દેખીને અતિશય આશ્ચર્ય વર્તે છે. ૫૯-૬૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું આઠમું વચનામૃત કહ્યું" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૨

કારિયાણીનું નવમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) કાર્તિક સુદિ પાંચમને દિવસ જગદ્વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને

સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની અપાર સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

પછી શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ૫. "જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહિ, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે ૬. એવો જે કોઈ સાધુમાં હોય તેને સાધુ કહીએ કે ન કહીએ ?" પછી તે બંને બોલ્યા જે, "જે આંટી રાખે છે તે સાધુ ન કહેવાય." ૭. પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે ભગવાનનો ભક્ત હોય તેને કોઈક ભગવદીયનો અયોગ્ય સ્વભાવ જોઈને હૈયામાં અવગુણ આવતો હોય, એટલી અયોગ્યતાને જોઈને ભગવાનના ભક્ત ઉપર આટલી રીસ જેને ચઢતી હોય તો તે અવગુણ ટાળવાનો શું ઉપાય છે ? એમ હું પૂછું છું, તે આપ કહો." ૮-૧૦.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેના હૈયામાં ભગવાનની નિષ્કપટ ભક્તિ હોય અને ભગવાનના મહિમાને જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહિ. અને ભગવાનના ભક્તની ઉપર રીસની આંટી લગાર પણ બંધાય જ નહિ. ૧૧-૧૨. જેમ ઉદ્ધવજી જો ભગવાનનો અપાર મહિમા સમજતા હતા તો તેમણે હાથ જોડીને એવો વર માગ્યો કે, 'આ ગોપીઓનાં ચરણરજના અધિકારી એવાં જે વૃંદાવનને વિષે ઘાસ, વેલ તથા ગુચ્છ છે તેને વિષે હું પણ કાંઈક થાઉં એવું ઈચ્છું છું.' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે જન્મેલાં એવાં વૃક્ષ, પક્ષી અને મૃગલાને બળદેવજીની આગળ અતિ મોટા ભાગ્યવાળા કહ્યા છે. અને બ્રહ્માએ પણ એ જ રીતે શ્રીકૃષ્ણ ભગવાનની પાસે પ્રેમથી વર માગ્યો હતો કે, 'હે પ્રભુ ! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું તમારા દાસને વિષે રહીને તમારાં ચરણની સેવા કરું, આવું મારું મોટું ભાગ્ય આ વખતે થાઓ.' ૧૩-૧૯.

માટે આવી રીતે જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની આંટી પડે નહિ. અને પોતાના ઈષ્ટદેવ જે પ્રત્યક્ષ ભગવાન તેના જે ભક્ત તેને વિષે કોઈક અલ્પ દોષ હોય તો તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ. ૨૦-૨૨.

चोपाई :

अरु भगवान के महिमा जेही, जानत रहाये जेसे तेही;
भगवान के सबंध कु जेहू, पाये एसे पशु पक्षी तेहू...२३
वृक्ष वेली आदिक जो जेते, ताकु पण देवतुल्य तेते;
जाने तब मनुष्य जो तिनकू, भगवान की भक्ति करत होय इनकू...२४

અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામેલાં એવાં પશુ, પક્ષી, વૃક્ષ, વેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે. તો જે મનુષ્ય હોય અને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વ્રતમાન પાળતા હોય તથા ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય, તેવા મોક્ષભાગીને દેવતુલ્ય જાણે અને તેનો અવગુણ ન લે, તેની તો વાત જ શી કહેવી ? ૨૩-૨૬. માટે જે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે માહાત્મ્યના પ્રતાપે કરીને ક્યારેય આંટી બંધાય નહિ. અને જેને માહાત્મ્યમાં ફેર હોય તો તેણે કરીને તેને ભગવાનના ભક્તની સંગાથે આંટી બંધાય અને વૈર પણ બંધાય ખરું. માટે જે ભગવાનનું અને ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય તે સત્સંગી હોય તોપણ તેને અર્ધો વિમુખ જાણવો. કારણ કે તેના હૈયામાં માહાત્મ્ય નથી. ૨૭-૩૦.

માટે ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા સમજે છે તે જ પૂરો સત્સંગી છે તે અમે સ્પષ્ટ કરી બતાવીએ છીએ. ૩૧. અને જેને હરિભક્ત હોવા છતાં આંટી અને વૈર બંધાતા હોય તો તે માહાત્મ્ય વિનાનો સત્સંગી છે, તેમ તેની વાતચીતથી ઓળખી લેવો. ૩૨. જે કોઈ પણ બાબત હોય તેનું જ્ઞાન એ બાબતે વાત કરવાથી જ થાય છે; એવી આ વાત છે. વાતો તો અપાર છે. આ બ્રહ્માંડનો ઘણીવાર પ્રલય થઈ ગયો છે તોપણ વાતો ક્યારેય ખૂટતી નથી. એટલી બધી ઝાઝી વાત છે.” ૩૩-૩૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “કારિયાણીનું નવમું વચનામૃત કહ્યું” એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૩

કારિયાણીનું દસમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) કાર્તિક સુદિ દશમીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાને વિષે વિરાજમાન થયા હતા. તે વખતે પોતાના મુખારવિંદની આગળ દસ-બાર મોટેરા સાધુ બેઠા હતા અને પાંચ-છ હરિભક્તો બેઠા હતા. શ્રીજીમહારાજના શરીરમાં કાંઈક જ્વર જેવું જણાતું હતું. અને આગળ સગડી મૂકીને તાપતા હતા અને ભૂમિ ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર શ્રીજીમહારાજ બેઠા હતા. ત્યારે એક શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર માથા ઉપર ઓઢી રાખી હતી. ૧-૬.

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું કે, “તમે અમારી નાડી નિહાળીને જુઓ. ૭. શરીરમાં કાંઈક કસર જેવું જણાય છે. તે શાથી રહ્યું છે ? વ્યાધિનું જોર અને નિર્બળતા નાડીમાં દેખાઈ આવે છે. ૮. જેટલી અનાજ ઉપર રુચિ ન થાય તેટલી કસર દેખાય છે.” પછી મુક્તાનંદસ્વામી નાડી જોઈને બોલ્યા, ૯. “હે મહારાજ ! નાડીમાં કસર તો બહુ દેખાય છે.” અને વળી મુનિએ એમ કહ્યું કે, “હે મહારાજ ! હમણા સત્સંગીઓને ખરેખર કઠણ કાળ વર્તે છે. કેમ જે, હે મહારાજ ! આપ બધા સત્સંગીઓનાં જીવનપ્રાણ છો. તે આપને જેટલી કસર હોય તેટલો હરિભક્તોને કઠણ કાળ છે.”

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૧૦-૧૨. “ભગવાનને પ્રસન્ન કરવા માટે નારદજી કેટલાક યુગ પર્યંત તપ કરતા રહ્યા. ૧૩. અને ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરીને તપે કરીને ભગવાનને પ્રસન્ન કર્યા. ૧૪. એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને દેહ, ઇન્દ્રિયોને દમીને પ્રેમથી સદાય તપ કરતો રહે છે. ૧૫. માટે જે વિવેકી સાધુ હોય તેણે તો જાણીને દેહ, ઇન્દ્રિયોને જેમ કષ્ટ થાય તે રીતે ચોક્કસપણે વર્તવું જોઈએ. તો પછી પરમેશ્વરની ઇચ્છાએ કરીને કાંઈક કષ્ટ આવે તો તેને ટાળવાની ક્યારેય પણ શા માટે મનમાં ઇચ્છા રાખે ? અને જે ત્યાગી સાધુ થયા હોય તેણે પોતાના મનમાં જે રીતે દૃઢ રુચિ રાખી જોઈએ તેની રીત હવે

કહીએ છીએ જે, 'દેવલોક, બ્રહ્મલોક અને વૈકુંઠાદિક લોકના જે પંચવિષય સંબંધી ભોગ-સુખ છે તે તો ભગવાનની મૂર્તિના સુખની અપેક્ષાએ એક રોમ જેટલું પણ સુખ નથી. ૧૬-૨૦.

❋ બંધન અને મોક્ષ :

ભગવાનની મૂર્તિ વિનાનું જે કાંઈ સુખ છે તેને હરિભક્તો બંધનરૂપ દેખે છે. આવું જાણીને જે કાંઈ બંધનરૂપ હોય તેને સાધુજન ઈચ્છતા નથી. ૨૧. જીવને અનાદિથી અપાર બંધન વળગ્યા છે, તેનો કહેતા પાર આવતો નથી. જ્ઞાનના અભાવે જ જીવ તે ભોગરૂપ બંધનને પણ પરમપદ માને છે. ૨૨.

ચોપાઈ :

भगवान बिन अधिक जिहाँ लगहू, ओरमें अधिकता रहत तिहाँ लगहू;
जीव कु बंधन तिहाँ लग रहेऊ, तिन अक्षर में देखाई दियेऊ...२३
बंध मोक्ष तिन अक्षर तामें, रहाये निवास कर वामें;
बंध मोक्ष के ज्ञान हीता, मनुष्य देह भगवान रचीता...२४

જ્યાં સુધી ભગવાન વિના અન્ય પદાર્થમાં વધારે 'અધિક'પણું રહે છે ત્યાં સુધી જીવને બંધન રહે છે. તે 'અધિક' એવા ત્રણ અક્ષરમાં બતાવી દીધું છે. ૨૩. બંધન તથા મોક્ષ તે પણ 'અધિક' એવા ત્રણ અક્ષરમાં નિવાસ કરીને રહ્યા છે. (જો સહુથી અધિક ભગવાન જ રહે તો મોક્ષ થાય અને માન, મોટપ કે સ્ત્રી, ધનાદિક પદાર્થ જો અધિક થાય તો બંધન થાય.) આ બંધન અને મોક્ષના જ્ઞાન માટે તો ભગવાને મનુષ્યશરીર બનાવ્યું છે. ૨૪. વેદ અને પુરાણ આદિક જેટલા સદ્‌ગ્રંથ છે તે પણ 'અધિક' એવા ત્રણ અક્ષરના જ્ઞાનને માટે છે તેમ જાણો. ૨૫. યોગ, યજ્ઞ, તીર્થ, વ્રત, વિવિધ પ્રકારનાં દાન, જપ, તપ વગેરે તમામ સાધનો પણ 'અધિક' એવા ત્રણ અક્ષરના જ્ઞાન માટે નિર્ધારિત છે. ૨૬.

જે ભગવાનના ભક્ત કહેવાય છે તેઓ એમ ઈચ્છે કે, 'દેહ છતે અથવા દેહ ત્યાગ કરીને બદરિકાશ્રમમાં અથવા શ્વેતદ્વીપમાં રહીને તપે કરીને ભગવાનને રાજી કરવા છે,' એવા મનમાં સંકલ્પ કરે છે અને 'તે એક જન્મ કે બે જન્મ ધરીને કે હજાર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાન

જેમ પ્રસન્ન થાય તેમ મન, કર્મ, વચને કરીને કરવું છે.' એવું ભક્ત ઈચ્છે છે. અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, 'પ્રગટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ અને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી; આવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું, એ જ કલ્યાણનું પરમ કારણ છે. અને જે તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે. તે વિના તપનું બીજું કોઈ પ્રયોજન નથી. અને તે તપને વિષે પણ રાધીકાજી અને લક્ષ્મીજી ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જેવો ભાવ રાખે છે તેવો ભાવ મનમાં જાળવી રાખીને ભગવાનની સેવા કરવી. ૨૭-૩૫.

અને જો તપ ન કરે પણ ભગવાનને જ સર્વકર્તા જાણે તોય તેણે કરીને તેને જન્મ-મરણનું દુઃખ પામવાનું રહેતું નથી, ૩૬. પણ તપ કર્યા વિના તે જીવ ઉપર ભગવાનનો ક્યારેય રાજીપો થતો નથી. તેમ બુદ્ધિમાન હોય તે જાણે છે. અને જે જીવ ભગવાનને જ સર્વકર્તા-હર્તા નથી જાણતો તો તેનાથી વધારે બીજો કોઈ પાપી નથી. તેને તો ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ અધિક પાપી અને ચંડાળ જાણવો. કેમ જે, ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને તે કર્તા જાણે છે. ૩૭-૪૧. માટે એવો જે નાસ્તિક-ચંડાળ હોય તેની છાયામાં ક્યારેય ભૂલમાં પણ ઊભા ન રહેવું. ૪૨.

અને ક્યારેય ભૂલમાં પણ તેનાં મુખનું વચન સાંભળવું નહિ. અને જે ભગવાનના ભક્ત હોય તે તો ભગવાનના પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુક અને નારદ તે જેવા પણ અપાર થાય છે. અને પ્રકૃતિપુરુષ જેવા પણ અપાર થાય છે. ૪૩-૪૪. અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ નિશ્ચિત થાય છે, તોપણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને ક્યારેય કોઈ સમર્થ નથી. અમે નિશ્ચિત કરીને આ વાત કહીએ છીએ. માટે જેનો સંગ કર્યાથી અને જે શાસ્ત્રને સાંભળવાથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામી-સેવકભાવ ટળી જતો હોય, એવાના સંગનો તથા એવા શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરી દેવો."

❋ તપ પણ નિષ્કામભાવે ભક્તિ કરવા માટે કરવું :

પછી મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને પૂછ્યું, ૪૫-૪૮. "હે મહારાજ ! જે ભક્ત સુંદર વસ્ત્ર તથા વિવિધ પ્રકારના અલંકારે કરીને તથા નાના પ્રકારનાં ભોજન ઇત્યાદિક વસ્તુએ કરીને પ્રેમપૂર્વક ભગવાનની સેવા કરે છે, તે પણ ભગવાનને પ્રસન્ન કરવા માટે ઇચ્છે છે અને આપ તો તપે કરીને જ ભગવાન પ્રસન્ન થાય છે તેમ ફરી ફરીને કહો છો. માટે તે તપ વિના એવી સેવાએ કરીને પ્રસન્ન કરે તો તેમાં શો બાધ છે ?"

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે સારાં સારાં પદાર્થે કરીને ભગવાનની ભક્તિ કરે છે, તે જો અતિશય પ્રેમથી અને નિષ્કામભાવે કરીને કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે જ કરતો હોય તો તો તેની ભક્તિ ઠીક છે અને તે ભક્તિ તપ જેવી કહેવાય છે. પણ જો પોતે ભગવાનની પ્રસાદી જાણીને તે પદાર્થને વિષે લોભાઈને ભગવાનને છોડીને તે પદાર્થમાં અપાર પ્રીતિ કરે તો તે પદાર્થને ભોગવતો થકો વિષયી થઈને ભ્રષ્ટ થઈ જાય છે. એ બાધ તપ વગરની ભક્તિમાં રહે છે. ૪૯-૫૭. જેટલા નિયમ-ધર્મ વગરના સંપ્રદાયો-મતો છે તેઓ તપ કર્યા વિના જેમ વિઠ્ઠલનાથજીના વંશજ શિષ્યો નિયમ બહાર વર્તે છે એમ તે વર્તતા રહે છે. ૫૮. વળી, ભગવાનના યોગ સિવાયનું-ભગવાનના નિશ્ચયરૂપ સંબંધ વિનાનું જેટલું તપ કરે છે તે ચાહે તેવું હોય તોપણ તે તપ નિર્જીવ ગણાય છે. ૫૯.

चोपाई :

माटे भगवान के दास जेता, त्यागी जोउ भक्त रहे तेता;
तिनकु तो भगवान जाही, सब कर्ता जानी कर ताही...६०

માટે ભગવાનના દાસ એવા જે ત્યાગી ભક્ત હોય તેણે તો ભગવાનને જ સર્વ કર્તા જાણવા.

दोहा : तपरुप बसन भूषण कर, हितरूप विविध प्रकार;
भोजन हि मेवा करीके, जीवत लग निरधार...६१

भगवानहि कु प्रसन्न हि, करना एसी हि रित;
अरु राधिकाजी लक्ष्मीजी हि, ताकी रीत जो पुनित...६२

सोरठा : भगवान जो ताकु, प्रेमलक्षणा भक्ति कर;
भजना नित हि वाकु, सिद्धांत रहे हमारे यह...६३

અને તપરૂપ વસ્ત્ર તથા અલંકાર વડે અને હેતરૂપી વિવિધ પ્રકારનાં ભોજન અને મેવાએ કરીને જિંદગીભર ભગવાનને આવી રીતે જરૂર રાજી કરવા. અને રાધિકાજી તથા લક્ષ્મીજીની જેમ પવિત્ર રીતે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને નિત્ય ભજવા, એ અમારો સિદ્ધાંત છે." ૬૦-૬૩.

પછી બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે, "હે મહારાજ ! અમારું આ લોકમાં અને પરલોકમાં જે રીતે સારું થાય તે કહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ જે અમારો સિદ્ધાંત અમે કહ્યો તે જ આ લોક અને પરલોકમાં પરમ સુખનો હેતુ છે. તે વાત નિશ્ચય કરીને અમે કહીએ છીએ." ૬૪-૬૬.

❋ સાચા ઈશકવાળાનું લક્ષણ :

પછી ગોપાળાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું જે, "હે મહારાજ ! ત્યાગનો અને તપ કરવાનો મનમાં ઈશક-તીવ્ર લગની તો અપાર દૃઢ હોય, પણ ત્યાગ કે તપ કરતા વચ્ચે કોઈક વિઘ્ન આવી પડે ત્યારે તેનું કેમ કરવું ? કારણ કે માણસનું વર્તન પરાધીન છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને જે વાતનો ઈશક હોય, તેની વચમાં અનેક અંતરાયો આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો ઈશક સાચો જાણવો. અને જે રોક્યો રોકાય તેને ઈશક કહેવાય નહિ. ૬૭-૭૦. જુઓને, અમે એકવીશ વર્ષ થયા શ્રીરામાનંદસ્વામીની પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં અપાર વસ્ત્ર તથા અલંકાર તથા અગણિત ખાનપાનાદિકે કરીને અમારી સેવા કરનારા અપાર ભક્તો મળ્યા છે. ૭૧-૭૩. પણ અમારું મન તે કોઈ પદાર્થમાં આજ દિવસ સુધી એક તલભાર પણ લોભાણું નથી. ૭૪. શા માટે જે, અમારે તો ત્યાગનો જ ઈશક છે. તેણે કરીને કોઈમાં ચોંટતા-બંધાતા નથી. ૭૫. અને આ સંસારમાં તો કેટલીક એવી નારીઓ છે જે ધણી મરી જાય તો તેની પાછળ છાતી કૂટી કૂટીને અપાર રોયા કરે છે. અને કેટલીકને ધણી નથી હોતો તોપણ આવા ધણી તો વારે વારે થાય છે, એમાં શું ? એમ માનીને તે શોક કરતી નથી. ૭૬-૭૭.

અને આ સત્સંગમાં કેટલીક બાઈઓ તો એવી છે કે, જે ભગવાનને પ્રસન્ન કરવા માટે પોતાના પરણ્યા ધણીનો પણ ત્યાગ કરીને હેતથી ભગવાનનું ભજન કરે છે. અને જગતમાં કેટલાક વિમુખ મૂર્ખ પુરુષ હોય છે તે પોતાની સ્ત્રી જ્યારે મરી જાય ત્યારે તેની પાછળ રાત-દિવસ રોયા કરે છે. અને આ સત્સંગમાં વૈરાગ્યવાળા જે પુરુષ છે તેઓ ભગવાનને રાજી કરવા ઈચ્છે છે, તેથી તે પોતાની પરણેલી સ્ત્રી હોય તેનો પણ ત્યાગ રાખે છે અને નિત્ય પરમેશ્વરનું ભજન કરે છે. ૮૦-૮૧.

આવી રીતે સહુ સહુના ઈશક જુદી જુદી જાતના છે. અમારો તો એ જ ઈશક છે કે, ત્યાગીએ તપે કરીને ભગવાનને ભાવ સહિત પ્રસન્ન કરવા અને ભગવાનને સહુથી શ્રેષ્ઠ તથા સર્વકર્તા-હર્તા સારી રીતે જાણીને, અને સ્વામી-સેવકભાવે કરીને તે ભગવાનની ભક્તિ દૃઢપણે કરવી. ૮૨-૮૪. પણ કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ. માટે તમે પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરીને માનજો. અને તેમાં જ અમારી પ્રસન્નતા કહીએ છીએ." ત્યારે સહુ સંતોએ હાથ જોડીને કહ્યું કે, "અમે આપને પ્રસન્ન કરવા માટે બીજા બધા સ્નેહને તોડી નાખ્યા છે. હવે તો આપ જેમ કહો તેમ જ કરવું છે." ૮૫-૮૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત-સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું દસમું વચનામૃત કહ્યું" એ નામે તોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૪

કારિયાણીનું અગિયારમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ ના) કાર્તિક સુદિ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ રાત્રિને સમયે વિરાજમાન થયા હતા. ત્યારે શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત છીંટની ડગલી પહેરી હતી. ૧-૩. અને મસ્તક ઉપર અનુપમ શ્વેત પાઘ બાંધી હતી. અને મોટા રાજાઓ પણ જેનાં ચરણોની સેવા કરે છે, આવા

શ્રીહરિએ તે વખતે પીળા અને રાતા ગુલદાવદિના ફૂલના હાર પહેર્યા હતા. અને પાઘમાં પીળા પુષ્પના તોરા લટકતા હતા. ૪-૫. અને પોતાની આગળ બંને બાજુ બે વાળંદ મશાલ લઈને ઊભા હતા. અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે તે સભાની અદ્‌ભુત શોભા થઈ હતી. ૬-૭.

પછી શ્રીજીમહારાજને સચ્ચિદાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તેનાં શાં લક્ષણ છે ? તે જેમ હોય તેમ યથાર્થ રૂપમાં કહો." પછી શ્રીજીમહારાજ તે મુનિ પ્રત્યે બોલ્યા જે, ૮-૯.

✻ સાચા પ્રેમી ભક્તનાં લક્ષણ :

"જેને પોતાના પ્રિયતમ પ્રભુમાં પ્રીતિ હોય અને તેમને પ્રસન્ન કરવાનું જ તાન હોય તેવા સંત-ભક્તનાં લક્ષણ કહું છું. **જેને પોતાના પ્રિયતમ એવા જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને ક્યારેય લોપે નહિ. એ પ્રીતિનું લક્ષણ છે.** તેના ઉપર દૃષ્ટાંત કહીએ છીએ જે, 'જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અપાર પ્રીતિ હતી તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા માટે તૈયાર થયા ત્યારે તે બુદ્ધિમાન એવી બધી ગોપીઓએ મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાવરીથી-પરાણે રાખશું, પણ જાવા નહિ જ દઈએ.' પછી ચાલવાને સમયે શ્રીકૃષ્ણનાં નેત્ર સામે જોયું ત્યારે ભગવાનની રહેવાની મરજી ન દેખી ત્યારે તે ગોપીઓ ડરીને ૧૦-૧૬. સર્વે દૂર ઊભી રહી. અને તેના અંતરમાં એમ બીક લાગી કે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહિ રહીએ તો ભગવાનને આપણા ઉપર લગાર પણ હેત નહિ રહે.' આવું વિચારીને તે કાંઈ પણ બોલવાને સમર્થ ન રહી. ૧૭-૧૮.

પછી ભગવાન મથુરા ગયા. તે ત્રણ જ ગાઉ દૂર જઈને રહ્યા હતા. તોપણ ગોપીઓ તેમની મરજીને પાળવા માટે પ્રભુની મરજી લોપીને ક્યારેય મથુરા ગઈ નહિ. માટે હેતનું લક્ષણ એ જ છે કે, 'જેને જેના ઉપર હેત હોય તે તેની મરજી પ્રમાણે જ રહે.' તો જ તેનું હેત સાચું કહેવાય. તેવો સાચો પ્રેમીભક્ત જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને

જો પોતાના પ્રિયતમની દૂર રહ્યાની મરજી હોય તો દૂર રહે, પણ કોઈ રીતે પ્રિયતમની આજ્ઞાને લોપે નહિ. ૧૯-૨૨. એવું અતિશય પ્રેમ-પ્રીતિ-હેતનું લક્ષણ છે. જુઓને ! ગોપીઓને ભગવાનમાં સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનનાં દર્શન કરવા માટે ગઈ નહિ અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં ગોપીઓને તેડાવી ત્યારે ત્યાં જઈને ભગવાનનાં દર્શન કર્યાં. પણ કોઈ રીતે તેમણે ભગવાનનું વચન લોપ્યું નહિ. ૨૩-૨૫. **માટે જેને ભગવાનને વિષે સાચી પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞાને કોઈ કાળે લોપે નહિ. ૨૬. અને જેમ ભગવાનનું ગમતું હોય તે રીતે જ કરતા રહે, તે પ્રીતિનું લક્ષણ છે. ૨૭.**

❋ ભગવાન ભક્તને આધીન છે :

આટલી વાત કરીને પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જે ભગવાનનો ભક્ત હોય તેણે ભગવાનની મૂર્તિના સંબંધ વિનાના અન્ય સંબંધી જે પંચવિષય તેને હરામ કરી દીધા હોય. ૨૮-૨૯. અને તે પાંચેય પ્રકારે એક ભગવાનનો જ સંબંધ રાખતો હોય. આવો જે ભક્ત હોય તેને ભગવાન આજ્ઞા કરે કે, 'તમે અમારાં વચનને માથે ચઢાવીને અમારાથી દૂર જઈને રહો.' ત્યારે તે જો ભગવાનનાં દર્શનનો લોભ રાખે તો આજ્ઞાનો ભંગ થાય છે અને જો આજ્ઞા ન પાળે તો તે ભક્ત ઉપર ભગવાનને હૃદયમાં લગાર પણ હેત ન રહે. ૩૦-૩૨. માટે એ ભક્તે જે રીતે માયિક શબ્દાદિક પંચવિષયનો ત્યાગ કર્યો છે તે રીતે જ ભગવાન સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયનો ત્યાગ કરે કે ન કરે ? આ પ્રશ્ન અમે તમને પૂછીએ છીએ." ૩૩-૩૪.

પછી તે સર્વે મુનિ મળીને જેની જેવી બુદ્ધિ હતી તેણે તેવો ઉત્તર કર્યો, પણ તે પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજને મુનિઓએ કહ્યું, ૩૫-૩૬. "હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો આપ કરો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૩૭.

चोपाई :

जिनकु भगवान के विषे, दृढ प्रीति रहेउ जाय;
भगवान के अखंड हि, सबंध बिन जो ताय...३८

सोरठा : मायिक हि पंचविषय, हराम तिनकु कर रखेउ;
शब्दादिक हि अतिशय, पंचविषय करिके जेहु...३९
भगवानहु के संग, दृढपणे जोडाय रहे;
निश दिन ही अभंग, तेहि भक्त भगवानहु कि...४०

छंद मोतीदाम :

आज्ञाए करिके जिहाँ जिहाँ जाय, तिहाँ तिहाँ भगवान की जो ताय;
मूर्ति हि पण तेहि भक्त के संग, जाई समीप रहत नवरंग...४१

"જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે અને ભગવાનના અખંડ સંબંધ વિનાના જે માયિક પંચવિષય તેને હરામ કરી નાખ્યા છે અને અતિ સારા શબ્દાદિક પંચવિષયે કરીને જે ભક્ત ભગવાનની સાથે રાત-દિવસ દૃઢપણે અખંડ જોડાણો છે, તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ભગવાનની મોહક મૂર્તિ પણ તે પ્રેમી ભક્ત સાથે જઈને સમીપે જ રહે છે. ૩૮-૪૧. કેમ જે, જેમ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, એવી જ રીતે ભગવાનને પણ તે ભક્ત વિના ક્યારેય એક પળવાર પણ રહેવાતું નથી. ૪૨. તેથી એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલીવાર પણ દૂર રહેતા નથી. ૪૩. માટે એ ભક્તને પાંચેય પ્રકારે ભગવાન સંગાથે અખંડ સંબંધ રહે છે, જે વર્ણવી શકાતો નથી. અને તે કહ્યા વિના ક્યારેય જણાતો પણ નથી. ૪૪. કેમ જે, જે શબ્દાદિક પંચવિષય વિના જીવમાત્રને ક્યારેય રહેવાતું નથી, ૪૫. તે જગત સંબંધી શબ્દાદિક પંચવિષયને એણે હરામ કરી રાખ્યા છે અને પાંચેય પ્રકારે ભગવાનમાં જ અધિકપણે જોડાઈને રહ્યો છે. માટે એવા ભક્તને ભગવાનની સાથે અખંડ દૃઢપણે સંબંધ રહે છે. તે સંબંધ ક્યારેય છૂટે નહિ એવો હોય છે." ૪૬-૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું અગિયારમું વચનામૃત કહ્યું" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૫

શ્રીહરિનું નિઃસ્પૃહીપણું અને મૂળાની વાત

કાર્તિક સુદિ દ્વાદશીને દિવસ ચાર ઘડી દિવસ ચઢ્યો ત્યારે વસ્તા ખાચરના પૂર્વ દ્વારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ વિરાજમાન હતા, અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ જેટલા મુનિ તથા જેટલા દેશદેશના હરિભક્તો હતા તેની સભા ભરાઈને બેઠી હતી. તેની સુંદર શોભા થઈ હતી. તે વખતે સચ્ચિદાનંદસ્વામી પીળા હજારી પુષ્પના હાર, તોરા, ગજરા અને ગુચ્છ બનાવીને લાવ્યા હતા, તે શ્રીહરિને ધરાવ્યા. ૧-૫. આ પુષ્પો રોજ ગઢપુરથી આવતા અને સંતો તેના હાર બનાવતા. જે ગામના હરિભક્તો જે દિવસે શ્રીહરિ અને મુનિઓને માટે રસોઈ આપતા, તે દિવસે તે હરિભક્તો ફૂલના હાર લઈને શ્રીહરિ, સંતો તથા વર્ણીની પૂજા કરતા હતા. તે પૂજામાં પ્રેમથી તે હાર પહેરાવતા હતા. તે સિવાયના પણ કેટલાક હરિભક્તો શ્રીહરિને ફૂલના અપાર હાર લાવીને પહેરાવતા હતા. ૬-૮.

શ્રીહરિ ત્રીશ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા. તેમાં ફૂલના હાર વિનાનો એક દિવસ પણ દેખ્યો નથી. ૯. શ્રીહરિનો એવો પ્રતાપ હતો કે પોતે ક્યારેય ઇચ્છતા નહિ, તોપણ ભૂમિ ઉપર જેટલા મેવા મીઠાઈ હોય તે બધા પુષ્કળ પ્રમાણમાં આવતા હતા. ૧૦. શ્રીહરિ પોતે ઇચ્છે નહિ તોપણ વસ્ત્ર અને અલંકારો અપાર આવતા હતા. જેટલાં પદાર્થો આવતા તેને શ્રીહરિ સુપાત્ર વિપ્રને જોઈ આપી દેતા. કોઈ પણ પદાર્થને પોતાનું કરીને પોતે એક દિવસ પણ રાખતા નહિ અને પોતાને માટે ક્યારેય રખાવતા પણ નહિ. કેટલીયે વાર બ્રાહ્મણોની ચોરાશી કરાવતા. ૧૧-૧૨. વિપ્રને કન્યાદાન, યજ્ઞોપવીત, ગૌદાન અને અશ્વનું દાન રહ્યા ત્યાં સુધી વારંવાર આપતા રહ્યા. કેટલાયે યજ્ઞો કરાવ્યા. વળી, શ્રીહરિએ જે જે કર્યું તેનું પોતે લેશમાત્ર અભિમાન રાખતા નહિ. ૧૩-૧૪.

શ્રીહરિ પોતે તો અનંત બ્રહ્માંડોના ભગવાન છે, તોપણ તેનું ક્યારેય કોઈ પ્રકારનું અભિમાન દેખાડતા નહિ. ૧૫. જેટલાં ઐશ્વર્યમાત્ર છે તે સર્વે

પોતાની મૂર્તિમાં જ રહ્યા છે, તોપણ તેને છુપાવી રાખતા. જે જેવું પાત્ર હોય તેને તેટલું દેખાડતા. ૧૬.

❋ સાધુતા સર્વોત્તમ નિધિ છે :

चोपाई :

संत की रीत सम रीत न केहा, सर्वोपरि हरि मानत तेहा;
अनंत अपार ऐश्वर्य ताकू, संतता सम नहि देखत वाकू...१७
ऐश्वर्य पाय के संतता जेता, बडता कहावत तामें तेता;
संतता सम न ऐश्वर्य कोई, सर्वोपरि ऐश्वर्य रहे सोई...१८
यह मतकु हरि अब जो वेरा, ग्रहण करे करि जत्न घनेरा;
ऐश्वर्य जो जो कहावत जेता, वरतत सहज हि जामें तेता...१९

શ્રીહરિ સંતોની રીતને સર્વોપરિ માનતા હતા. સંતોની રીત જેવી બીજી કોઈ રીતને માનતા નહિ. અનંત અપાર ઐશ્વર્યને પણ સંતપણાની સમાન દેખતા નહિ. ૧૭. ઐશ્વર્ય પામ્યા પછી પણ જેટલી સાધુતા હોય તેટલી જ તેમાં મોટાઈ કહેવાય છે. કેમ જે, સાધુતા સમાન કોઈ ઐશ્વર્ય નથી. સાધુતા તો સર્વોપરિ ઐશ્વર્ય છે. ૧૮. આ સિદ્ધાંતને શ્રીહરિએ આ વખતે ઘણું જતન કરીને સ્વીકાર્યો હતો. જેટલું ઐશ્વર્ય કહેવાય છે તે તમામ સામર્થ્ય શ્રીહરિમાં સહજપણે વર્તતું હતું. છતાં કોઈ સામાન્ય માણસ તેમને દેખીને ચાહે તેમ બોલે, તોપણ શ્રીહરિ તેનો લેશમાત્ર દોષ લેતા નહિ. પોતે સમર્થ હોવા છતાં હંમેશાં ક્ષમા જ રાખતા, જરણા જ કરતા. ૨૦. **જે જેટલી સર્વોપરિ ક્ષમા રાખે છે તેમાં તેટલા સર્વોપરિ ગુણો રહે છે.**

❋ શ્રીહરિની સર્વોપરિતા :

જેમના પ્રતાપથી ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર જેવા અનંત કોટિ દેવો થાય છે અને લીન થઈ જાય છે. જે બીજાને તો દેખાતા પણ નથી. વળી, જેટલાં બ્રહ્માંડ છે તેટલા વૈરાજપુરુષ છે. ૨૧-૨૨. અને તેટલા જ પ્રધાનપુરુષ પણ છે, જેનો કહ્યે પાર આવતો નથી. પ્રધાનપુરુષ તો અનંત છે, તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૨૩. એવા અનંત જે પ્રધાનપુરુષ છે તે પ્રકૃતિપુરુષમાંથી થાય છે. તે પ્રકૃતિપુરુષને જ મહામાયા ને મહાપુરુષ કહે છે. તેવા મહામાયા

અને મહાપુરુષ અક્ષરના એક રોમના તેજમાં લીન થઈને રહે છે. ૨૪-૨૫. શાસ્ત્રોમાં આવું જે અક્ષર કહ્યું છે તે ભગવાનનું અખંડ અને અવિનાશી ધામ છે. ૨૬. આવી રીતે યત્કિંચિત્ નામધારી જે કાંઈ પણ છે તે સર્વે ભગવાનની અપાર યોગકળા છે. અર્થાત્ તે બધું શ્રીહરિની અલૌકિક સામર્થીને કારણે જ છે. ૨૭. **અક્ષરના જેવા અપાર હોય તે પણ ભગવાનની આ યોગકળાના પારને પામતા નથી. આવા તે ભગવાન સર્વોપરિ છે, એમ જાણે છે. ૨૮.**

એવા મોટા ભગવાન સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ થઈને કેવી રીતે રહ્યા છે ? તે યથાર્થ કહ્યામાં આવતું નથી. કેમ જે, તેની રીત જ એવી અપાર છે. ૨૯. અરે ! અક્ષર જેવાના પણ તર્કમાં ન આવે એવા ભગવાન મોટા છે. ભગવાનની રચના અને ચરિત્રો અપાર છે, જેનો કોઈ પાર જ નથી. ૩૦.

भाव लाई करत यह गाना, मोक्ष ताके होवत रहाना;
भगवान की एसी रहे बाता, भाव तामें मोक्ष जो रहाता...३१

આવી તે ભગવાનની મોટાઈનું જે કોઈ ભક્તિભાવથી ગાન કરે છે તેનો મોક્ષ થાય છે. કારણ કે, ભગવાનની વાત એવી દિવ્ય છે કે ભગવાન સંબંધી ભાવમાં જ મોક્ષ રહ્યો છે. ૩૧. ગઢપુરના જીવુબાઈ અને અમૂલાબાઈએ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોતપોતાની જે વાડી હતી તે રાજીપે અર્પી દીધી હતી. ૩૨. તેમાં ઊકાભાઈ અને હરજીભાઈ નામે બે સેવક શ્રીહરિને રાજી કરવા માટે વિવિધ પ્રકારના ફૂલ-ફળાદિકને હંમેશાં પ્રેમથી કરતા રહેતા હતા. ૩૩. બારશને દિવસ બે ઘડી સૂર્ય ચઢ્યો ત્યારે તેઓ ગઢપુરથી મૂળાનું ગાડું ભરીને લાવ્યા અને ઓરડાની ઓસરીમાં ઉતારી દીધા. તેમાંથી એક-બે મૂળા શ્રીહરિ જમ્યા અને પછી ઘણા ભાવથી સંતોને બબ્બે મૂળા આપ્યા. તેમાંથી જે વધ્યા તે હરિભક્તોને માટે રાખ્યા. ૩૪-૩૫.

પરંતુ શ્રીહરિએ થાળ જમવા માટે જ્યારે ઓરડામાં પ્રવેશ કર્યો. ત્યારે સંતોએ મૂળાને પ્રસાદીરૂપ જાણી મોટા સંતની મર્યાદા રાખ્યા વિના લીધા. ૩૬. સંતો જેવી મર્યાદા કોઈની કહેવાય નહિ, પણ પ્રસાદીનું માહાત્મ્ય જાણીને તેમણે મર્યાદાનો ભંગ કર્યો. ૩૭. સંતોએ કોઈની પાસે માગ્યા વિના મૂળા લીધા. અને એટલી બાબતમાં જ અમાપ કહેવાતા સંતોનું માપ થઈ ગયું. ૩૮.

❋ વિવેકની આવશ્યકતા અને મહત્તા :

सोरठा : विवेक रहे जाकु, जोग्य अजोग्य बात यह;
देख परत हे ताकु, महात्म तिहाँ विवेक नहि...३९
विवेक रखीके जेहु, महात्म जानत हे जेही;
शोभा लहत बहु तेहु, विवेक बिन न शोभा लहत...४०

જેને વિવેક હોય છે તેને યોગ્ય અને અયોગ્ય બાબત દેખાઈ આવે છે; પણ જ્યાં માહાત્મ્ય ઊભરાય છે ત્યાં વિવેક રહેતો નથી. ૩૯. તેમ છતાં જે વિવેક રાખીને માહાત્મ્ય સમજે છે તે બહુ શોભે છે. વિવેક વિનાનું માહાત્મ્ય શોભતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિનું નિઃસ્પૃહીપણું અને મૂળાની વાત કહી" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૭૬

કારિયાણીનું બારમું વચનામૃત

શ્રીહરિને જે જે બાબત વિવેકે યુક્ત હોય તે પ્રિય લાગતી અને વિવેક વિનાની વાત ગમતી નહિ. ૧. વિવેક વગરની વાત હોય તેનું અપમાન થાય છે અને વિવેકે યુક્ત વાત હોય તેનું બહુ સન્માન થાય છે. ૨. **જ્યાં સત્ય-અસત્ય બાબતનો જેટલો વિવેક વર્તતો હોય ત્યાં તેટલા ભગવાન રહ્યા હોય છે. ૩. જ્યાં ભગવાન રહ્યા હોય ત્યાં સત્ય-અસત્યનો વિવેક હોય છે. જ્યાં વિવેક હોય ત્યાં સહુ સુનોરમાં-સન્માર્ગે ચાલે છે. અને જેટલા સુનોરમાં ચાલે તેટલો કુનોરનો ત્યાગ રહે છે. ૪.** જ્યાં વિવેક હોય છે ત્યાં જેટલી કુનોરની બાબતો કહેવાતી હોય તે દેખાઈ આવે છે. જ્યાં વિવેક નથી હોતો ત્યાં તો અંધારું રહે છે અને જ્યાં અંધારું હોય છે ત્યાં અસત્ય વાત રહે છે. ૫.

चोपाई :

सत असत रहाये जिस रीता, देखावन हित तिस जो रीता;
सत्पुरुष कहावत हे ताई, भगवान ताकु न रहे जुदाई...६

સત્ય અને અસત્યને જેમ છે તેમ યથાર્થ દેખાડવા માટે સત્પુરુષ મુખ્ય કહેવાય છે. તેવા સત્પુરુષથી ભગવાનને જુદાઈ હોતી નથી. ૬. **સત્ય અને અસત્ય એ બધું એક જ દેખાડે તે અસત્પુરુષ કહેવાય છે. જેટલા સત્પુરુષ હોય તે બધા હંસ જેવા કહેવાય છે. ૭.**

सत्पुरुष के बचन जो तामें, भगवान रहे साक्षात् यामें;
भगवान ताके धाम रहेऊ, सुख जितना रहायेउ तेऊ...८

સત્પુરુષના વચનમાં સાક્ષાત્ ભગવાન રહે છે, ભગવાનનું ધામ રહે છે અને જેટલું કાંઈ સુખ છે તે સર્વે પણ તેના વચનમાં જ રહ્યું છે. ૮. અસત્પુરુષના વચનમાં જમપુરી, લખચોરાશી, જન્મ-મરણ અને જેટલું કાંઈ દુઃખ છે તે બધું રહ્યું છે, તેનો કહેતા પાર આવતો નથી. ૯. અસત્પુરુષના આશ્રિતનો જ્યારે દેહ છૂટે છે ત્યારે તે બધાં અપાર દુઃખો તેના માટે તૈયાર જ રહે છે. જે અસત્પુરુષ છે તે બગલા જેવા કહેવાય છે, અને તે બગલા જેવાનું આચરણ પણ અસત્ય હોય છે. ૧૦.

જેટલાં વ્યસન અને ફેલ કહેવાય છે તે બધાને અસત્પુરુષો કરે છે. પરંતુ જે સત્પુરુષ હોય છે તે તો શુદ્ધ આચરણ કરે છે. જ્યાં વ્યસન અને ફેલનો ત્યાગ રહે છે ત્યાં ભાગ્યશાળી લોકો સન્માર્ગે ચાલે છે, અને તે ભાગ્યશાળી સજ્જનો જેટલો અસત્ય માર્ગ કહેવાય છે તેનો ત્યાગ કરાવે છે. ૧૧-૧૨. જે સ્થળે કુમાર્ગનો ત્યાગ કરાવીને જેટલી મોક્ષની વાત થતી હોય ત્યાં તેટલો મોક્ષ નિશ્ચિતપણે થાય છે. ૧૩.

❋ કા.વ.૧૨ : શ્રીહરિનું ધ્યાન અને વચનથી જ કારણ શરીર ટળે :

(સંવત્ ૧૮૭૭ ના) કાર્તિક સુદિ પૂનમને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ કારિયાણી ગામ મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત છીંટની બુટ્ટાદાર સોહામણી ડગલી પહેરી હતી. અને બોકાનીએ સહિત શ્વેત ફેંટો બાંધ્યો હતો અને અતિશય પ્રસન્ન એવા શ્રીહરિના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની ઘણી મોટી સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો." પછી જે મુનિઓ હતા તેમણે જેવા આવડે તેવા માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર ઘણી વાર સુધી કર્યા. ૧૪-૧૯. તે પ્રશ્ન-ઉત્તર કર્યા તેમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરનો વિચાર નીકળ્યો. ૨૦. અને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરનો વિચાર પણ નીકળ્યો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ૨૧. "કારણ શરીર છે એ જ જીવની માયા છે. તે જ કારણ શરીર તે સ્થૂળ, સૂક્ષ્મરૂપે થાય છે. ૨૨. માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર જ જીવની માયા છે. તેમજ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે. તેમાં જીવની કારણ શરીરરૂપ જે માયા છે તે તો વજ્રસાર જેવી છે. તે કોઈ રીતે અને કોઈ કાળે જીવથી જુદી પડતી નથી. ૨૩-૨૫.

માટે જ્યારે આ જીવને સંતોનો સમાગમ મળે અને તે સંતોના વચને કરીને પરમેશ્વરનું જેવું સ્વરૂપ છે તે જ્યારે દૃઢપણે ઓળખ્યામાં આવે અને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરતો જ રહે અને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે, તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. જેમ આંબલીનાં બીજ હોય તેની છાલ બીજની સાથે અતિશય દૃઢપણે ચોંટી હોય છે. પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તેની છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય છે. પછી હાથમાં લઈને ચોળીએ તો છાલ જુદી થઈ જાય છે, તેમ ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે. ૨૬-૩૨. તે સિવાય બીજા કરોડો ઉપાય કરે તોપણ તે જુદું પડતું નથી અને તે કારણ શરીરરૂપ અજ્ઞાનનો નાશ થાતો નથી." ૩૩. એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી.

પછી શ્રીજીમહારાજે મુનિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ૩૪. "જાગ્રત અવસ્થામાં જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે સમગ્ર પદાર્થોનું યથાર્થ જ્ઞાન વર્તે છે, ૩૫. તોપણ જાગ્રત અવસ્થામાં જે શ્રવણ કર્યું હોય તેનું સૂક્ષ્મ દેહમાં જ્યારે મનન કરે ત્યારે જ સાંભળ્યું હોય તે પાકું થાય છે. અને સૂક્ષ્મ દેહમાં તો રજોગુણ વર્તે છે તે રજોગુણમાં તો અયથાર્થ જ્ઞાન રહ્યું છે, તોપણ જે જાગ્રત અવસ્થામાં સાંભળ્યું હોય તેનું સૂક્ષ્મ દેહમાં મનન કરે ત્યારે યથાર્થ

જ્ઞાન થાય છે. તેનું કારણ શું છે ?" ૩૬-૩૯. પછી મુનિ સર્વેએ મળીને જેની જેવી બુદ્ધિ હતી તેવો તેણે ઉત્તર કર્યો, પણ ઉત્તર થયો નહિ. ૪૦. પછી મુનિ હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! આ પ્રશ્નનો જે ઉત્તર છે તે તો આપ કરશો ત્યારે જ થાશે." ૪૧.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એનો ઉત્તર તો એ છે જે, હૃદયને વિષે ક્ષેત્રજ્ઞ જે જીવ તે વિશેષપણે નિવાસ કરીને રહ્યો છે. તે ક્ષેત્રજ્ઞ ચૌદ ઇન્દ્રિયોનો પ્રેરક છે. તેમાં જે અંતઃકરણ છે તે ક્ષેત્રજ્ઞની સમીપે વર્તે છે. માટે જ્યારે અંતઃકરણમાં મનન કરે ત્યારે તે વાત દૃઢ થાય છે. ૪૨-૪૪. કેમ જે, ક્ષેત્રજ્ઞ છે તે સર્વે ઇન્દ્રિયો અને અંતઃકરણ કરતાં સમર્થ છે. માટે તે ક્ષેત્રજ્ઞ જે પ્રમાણ કરે તે વાત અતિ દૃઢ થાય છે." એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. તેને સાંભળીને સર્વે મુનિઓએ તેને પ્રમાણ કરીને કહ્યું કે, "હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો. ૪૫-૪૬. આવો ઉત્તર બીજા કોઈથી કોઈ દિવસ થાય નહિ."

✵ વિશ્વાસપૂર્વક સાંભળેલી કથા વિકાર માત્રને ટાળે છે :

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૪૭. "ગમે તેવો કામી, ક્રોધી, લોભી અને લંપટ જીવ હોય, તોપણ આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને જો સાંભળે તો તેના સર્વે વિકાર અને દોષ ટળી જાય છે. ૪૮-૪૯. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં અતિશય બળ હોય, ૫૦. અને પછી તે જો કાચી કેરીને સારી પેઠે ખાય તો તેનાથી ભાત પણ કોઈ રીતે ચવાય નહિ. ૫૧. તેમ **ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત નિશ્ચિતપણે સાંભળે તો તે પુરુષ કોઈ દિવસ વિષયસુખને ભોગવવા માટે સમર્થ રહે નહિ.** ૫૨-૫૩.

અને તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે, તોપણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું વ્રત કરનારનું મન નિર્વિષયી થાતું નથી. ૫૪-૫૫. આવી રીતની વાત સાંભળીને જેવું તમારા સહુનું મન નિર્વિકલ્પ થાતું હશે તેવું ધ્યાન કરતા હશો અને માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. **માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત**

જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું અને નિર્વિષયી થવાનું બીજું કોઈ મોટામાં મોટું સાધન નથી. આ જ મોટામાં મોટું સાધન છે." ૫૬-૫૯. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી નિત્ય ભગવાન સંબંધી વાત કરતા અને કીર્તન બોલાવતા, પણ તે કર્યા સિવાય રહેતા નહિ. ૬૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "કારિયાણીનું બારમું વચનામૃત કહ્યું" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ।।૭૬।।



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૭

લોયા જવા નીકળેલા શ્રીહરિ વચ્ચે બોટાદ આવ્યા

શ્રીહરિ કારિયાણી ગામમાં દોઢ માસ સુધી રહ્યા અને ત્યાં સંતો તથા હરિભક્તોને ખૂબ જ સુખ આપ્યું. ૧. નાગડકા ગામના અને લોયા ગામના ગામેતી દરબાર સુરા ખાચર હતા. ૨. લોયા ગામમાં બ્રાહ્મણ, કણબી તથા તે સિવાયના બીજા કેટલાક પણ હતા. તે સહુ હરિભક્ત થયા હતા. ૩. દરબાર સુરા ખાચર, સંઘા પટેલ તથા બીજા પટેલો અને વિપ્ર નારાયણજી, એ સહુ હરિભક્તો હતા. ૪. તે સહુએ શ્રીહરિની પાસે આવીને બે હાથ જોડીને કહ્યું, "મહારાજ ! આપે સારંગપુરમાં રહીને જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો, ૫. અને ત્યાં દોઢ માસ રહીને હરિભક્તોને આપે સુખ આપ્યું. આપનું સુખ જેવું છે તેવું બીજું કોઈ સુખ નથી. આપનું સુખ સર્વોપરિ સુખ છે. તે વારે વારે મળતું નથી. તેમજ કારિયાણીના હરિભક્તો પણ ઘણા ભાગ્યશાળી છે. ૬-૭.

તમે અહીં દોઢ માસથી રહ્યા છો. હરિભક્તોને પોતાના દાસ જાણીને દશેરા, દિવાળી, અન્નકોટ અને પ્રબોધની એકાદશીનો ઉત્સવ ઘણો સારી રીતે કર્યો છે. આવો ઉત્સવ ક્યારેય સાંભળ્યો ન હતો. ગઢડાના હરિભક્તોની વાત પણ મુખથી કઈ રીતે કરવી ? ૮-૯. ગઢપુર સિવાયના બીજા જેટલા દેશના હરિભક્તો છે તેમને પણ ઘેર ઘેર જઈને આપે ઘણું સુખ આપ્યું છે. ૧૦. તે હરિભક્તોએ જેટલી આપની પૂજા અને સેવા કરી છે તે આપે ગ્રહણ

કરી છે. આપે ઉત્સવ, સમૈયા અને કેટલાક યજ્ઞ કર્યા છે, તે વર્ણવી શકાતા નથી. ૧૧. તે કરતાં પણ ગઢપુરના હરિભક્તોને આ વખતે અપાર સુખ આપ્યું છે. હવે આપ લોયા ગામ પધારો. અમ સહુ હરિભક્તોને આપનું સુખ લેવાની ઘણી ઈચ્છા છે. ૧૨.

दोहा : तुमारे सुख सो सुख हे, अविनाशी जो अतोल;
ता बिन सुख रहे नाश हि, कनक के करे मोल...१३
ब्रह्मांड रहे यह नाश हि, स्थिर तब कुन रहेउ;
तुमारे सुख जितना जो, अविनाशी रहत तेउ...१४

આપનું સુખ તે જ ખરું અવિનાશી અને અમાપ સુખ છે. તે સિવાયનાં સુખો તો નાશવંત છે. કદાચ કોઈ સોનાના મહેલ બનાવે, પણ આ આખું બ્રહ્માંડ જ નાશવંત છે તેમાં સ્થિર કોણ રહેવાનું ? આપના સંબંધવાળું જેટલું સુખ છે તે જ અવિનાશી રહે છે. ૧૩-૧૪. આપના અવિનાશી સુખને છોડીને બધા દેવો, દૈત્યો અને મનુષ્યો મિથ્યાં સુખ લેવા માટે રાત-દિવસ દોડ્યા કરે છે. ૧૫. પરંતુ જ્યાં સુધી સાચા માર્ગ ઉપર દોડતા નથી ત્યાં સુધી વિદ્વાન થયા હોય, તોપણ વિદ્વત્તાના સાચા અર્થમાં તેઓ અંધ છે. ૧૬.

હે મહારાજ ! જે કોઈ માણસોને આપનાં સુખ ઉપર દોડ છે તે જ ખરા અર્થમાં વિદ્વાન છે. જ્યાં સુધી તે આપને જાણતા નથી ત્યાં સુધી તેનાં કરેલાં સાધન ચાહે તેટલાં હોય તોપણ તે વ્યર્થ જ ગણાય છે." ૧૭-૧૮. આવી લોયાના હરિભક્તોની શુદ્ધ ભાવના જાણીને શ્રીહરિ રાજી થયા અને હેતથી વસંતપંચમીનો ઉત્સવ લોયામાં કરવાનો નિર્ધાર કર્યો. ૧૯. પછી સહુ સંતોને સાથે રાખી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. પહેલા **બોટાદ** ગામ આવ્યા. બોટાદમાં ઘણા હરિભક્તો હતા. ૨૦. ગામધણી દરબાર **દાહા ખાચર** સારા હરિભક્ત હતા. વણિકમાં પણ જેને મોક્ષની બુદ્ધિ હતી એવા મોક્ષભાગી વણિકો હરિભક્ત થયા હતા. તેમણે નાસ્તિક મતને છોડી દીધો હતો. ત્યાંના ધનાઢ્ય ભગા દોશી હતા તેમને બચપણથી જ સત્સંગ થયો હતો. ૨૧-૨૨. આમ, ભગા દોશીએ સત્સંગના સમાન બીજું કોઈ નથી; એમ જાણીને સત્સંગ સિવાયના બીજા મતમાં જન્મ-મરણ, લખચોરાશી અને

જમપુરીનાં દુઃખો સાક્ષાત્ દેખ્યા. કરોડો લોકો ધનવાન તો થાય છે પણ તેઓ સત્સંગમાં ચિત્ત પરોવતા નથી. ૨૩-૨૪.

જ્યાં સુધી મનુષ્ય પોતાના ચિત્તને સત્સંગમાં પરોવતા નથી ત્યાં સુધી ભૂમિ ઉપરની જેટલી ધન-સમૃદ્ધિ છે, તે બધી કોઈ એકના જ ઘરમાં આવી જાય તોપણ તે નરકમાં જાય છે. તેને ધન કાંઈ સહાય કરતું નથી. કેમ જે, સત્સંગથી જ મોક્ષ થાય છે. સત્સંગ એવો દિવ્ય છે. ૨૫-૨૬. આ રીતે સત્સંગને ઓળખીને અને સત્સંગને અધિક હિતકારી માનીને ભગા શેઠ સત્સંગી થયા હતા. ૨૭. ભગા શેઠનો સત્સંગનો રંગ દેખીને અદા શેઠ પણ ઉમંગથી સત્સંગી થયા. ૨૮. તે સિવાયના જેને મોક્ષનો ખપ હતો એવા બીજા પણ કેટલાક બુદ્ધિશાળી અને મુત્સદ્દી શેઠિયાઓ સત્સંગી થયા હતા. ૨૯.

બોટાદમાં જેટલા વિપ્ર હરિભક્તો હતા તે બધા મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. બધા આવીને શ્રીહરિના પગમાં પડ્યા અને શ્રીફળ લાવીને આગળ ધર્યાં. ૩૦. ઢોલ અને તાંસા આદિક જેટલાં વાજિંત્રો આવ્યાં હતાં તે વાગતાં હતાં. જય જયકારનો શબ્દ થઈ રહ્યો હતો. આ રીતે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૩૧. ગામના બધા રાજમાર્ગને સ્વચ્છ કરીને તેમાં પાણી છંટાવ્યું હતું. બધા સંતો, વર્ણી અને હરિભક્તો પ્રેમભાવથી ઝીલણિયાં કીર્તન ગાતા હતા. ૩૨. પુરવાસી જેટલા લોકો હતા તે શ્રીહરિનાં દર્શન કરવાં માટે રાજબજારમાં આવીને અપાર સંખ્યામાં ઊભા રહ્યા હતા. ૩૩. લોકોના હાથમાં ફૂલહાર હતા અને તેનાથી આખી બજાર માનો ફૂલવાડી હોય તેવી લાગતી હતી. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૩૪. મસ્તક ઉપર શ્વેત છત્ર હતું, તેની સોનાની દાંડી હતી અને સુશોભિત સોનાનો કળશ છત્ર ઉપર અપાર સોહામણો લાગતો હતો. ૩૫. છત્રની શોભા પૂનમના ચંદ્ર જેવી થઈ હતી. છડીદાર હાથમાં સોનાની છડી લઈને 'જય મહારાજાધિરાજ...' એવા શબ્દને બોલતા હતા. જે ગામધણીની સવારી હતી તે પણ નિશાન અને ડંકા સાથે લઈને શ્રીહરિ સાથે શોભી રહી હતી. જેટલા અશ્વ હતા તે બધા જાણે દેવતાઓના વિમાન હોય તેવા દેખાતા હતા. ૩૬-૩૮.

શ્રીહરિની મૂર્તિને જોઈને જે ચિત્તમાં પરોવી દેતા હતા તેને આ બ્રહ્માંડમાં શ્રીહરિના સમાન કોઈ શ્રેષ્ઠ કે સુંદર લાગતું નહિ. ૩૯. પછી તે લોકોને જ્યાં સુધી શ્રીહરિની મૂર્તિ સાંભરતી હોય ત્યાં સુધી તેમનું મન ઘરના કામમાં કોઈ જગ્યાએ ચોંટતું નહિ; આવો મૂર્તિનો ચમત્કાર હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "લોયા જવા નીકળેલા શ્રીહરિ વચ્ચે બોટાદ આવ્યા" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૮

શ્રીહરિએ બોટાદમાં વિવેકની શ્રેષ્ઠતા કહી

બોટાદવાસી નર-નારીઓ દર્શન કરવાં માટે આવ્યાં હતાં, તે શ્રીહરિના ઉપર બંને બાજુથી લગાતાર ફૂલહારની વૃષ્ટિ કરતા હતા. શ્રીહરિ મનમાં અતિશય પ્રસન્ન થઈને તે ફૂલહારને લેતા હતા. ૧-૨. ગામધણી દરબારે શ્રીહરિને પોતાને ભવન પધરાવ્યા અને ઘણા શ્રદ્ધા-ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩. ભગા શેઠે પણ ઘણા ભક્તિભાવથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા અને ઘણા શ્રદ્ધા-ભાવથી પૂજા કરી. હરિભક્તોએ પણ ઘણા ભાવથી શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. ૪-૫. જ્યારે હરિભક્તો ગામમાં પૂજા કરી રહ્યા પછી શ્રીહરિ ગામ બહાર આવ્યા. બોટાદના હરિભક્ત કાઠી માતરા ધાધલ હતા. તેની જ્યાં વાડી હતી ત્યાં પરમ સુખદાયક શ્રીહરિએ આવીને ઉતારો કર્યો અને ત્યાં જ આરતી અને ધૂન કર્યા.

પછી સુખધામ શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ૬-૭. સંતો અને હરિભક્તોની સભા ભરાઈને શ્રીહરિ આગળ બેઠી, ત્યારે શ્રીહરિની આગળ એક મશાલ હતી. પછી શ્રીહરિ બોલ્યા, "જે કોઈ પણ વાત હોય તે વિવેક વિના સારી લાગતી નથી. સૂર્ય વગરની જેવી રાત હોય તેવી વિવેક વગરની વાત હોય છે. ૮-૯. વિવેક વિનાની વાત તો મીઠાં વગરનાં શાક જેવી કહેવાય. જેમાં જેવી બુદ્ધિ હોય તે વિવેકે કરીને દેખાઈ આવે છે. ૧૦. અંતર્યામી જેવા છે તેવો

એક વિવેક છે, અર્થાત્ **અંતર્યામીપણાની જેમ વિવેકને કારણે જે જેવું હોય તે તેવું જણાઈ આવે છે. તેથી જે રીતે ઈશ્વર રહ્યા છે તે રીતે જ એક વિવેક પણ કહેવાય છે. ૧૧. જેમાં જેટલો વિવેક હોય તે તેટલો સહુને માન્ય થાય છે. અરે ! જેવા ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે તેવો જ એક વિવેક પણ છે. ૧૨.**

ખજાનામાં મોટો ખજાનો એક વિવેક છે. વિવેક વિના ઘણાક જપ, તપ કરે, કદાચ ભગવાન પણ મળે. જો કે, ભગવાન મળે તેના જેવી બીજી કોઈ વાત નથી, તે સર્વોપરિ વાત છે. છતાં પણ વિવેક ન હોય તો તે બધું યથાર્થ કામ લાગતું નથી. ૧૩-૧૪.

सोरठा : यह लोक हि तामें, रहाये जिहाँ लग जोउ;
विवेक जितना जामें, पूजा प्रतिष्ठा तितना तेहि...१५
जो जो जितनी बात, लोक रु शास्त्र सभा बिच हि;
प्रमान करत रहात, विवेक जुत रहे बात यह...१६

આ લોકમાં જ્યાં સુધી જેને જેટલો વિવેક હોય ત્યાં સુધી તેની તેટલી પૂજા અને પ્રતિષ્ઠા થાય છે. ૧૫. જે જે વાત લોક, સત્શાસ્ત્ર અને સજ્જનોની સભા વચ્ચે પ્રમાણ કરાય છે, તે તે વાતો વિવેકયુક્ત ગણાય છે. ૧૬. જેટલી વાત પ્રમાણભૂત અને વિવેકયુક્ત હોય તેને સન્માર્ગ કહેવાય છે. સન્માર્ગ છે તે જ ખરો માર્ગ છે. સત્ય સિવાયના જેટલા માર્ગ છે તે બધા અસત્ માર્ગ કહેવાય છે. તે જેને વિવેક હોય છે તેને દેખાય છે. જેમાં જેટલો વિવેક હોય તેને તેટલો મનુષ્ય કહેવાય. વિવેક વગરનો મનુષ્ય તો પશુમાં ખપે છે. ૧૭-૧૮. મનુષ્ય હોવા છતાં પાણી વિના જાજરૂ જતો હોય તો પશુમાં અને મનુષ્યમાં શું ફરક રહ્યો ? શિંગડું અને પૂંછડું નથી તેટલો જ ફરક છે. ૧૯. અન્ન જમ્યા પછી મુખ ધોવામાં શરમ આવતી નથી, પણ જ્યારે મળદ્વાર અશુદ્ધ થાય તો તેને ધોવામાં શરમ આવે છે. ૨૦. એ ચાહે તેવો મોટો હોય તોપણ વિવેકી મનુષ્યો તેમને મોટો દેખતા નથી. કાઠી અને શ્રાવક વગરના હિંદુ એવું નામ ધરાવતા બ્રાહ્મણથી ચંડાળ પર્યંતના સહુ લોકો જેને જે ઘટિત હોય તે સૂતકનો સ્વીકાર કરે છે, અને ધર્મપ્રથાનું ઉલ્લંઘન કરતા નથી. ૨૧-૨૨.

જેને મનુષ્યનો દેહ મળ્યો છે તેણે જેની જેવી મર્યાદા-ધર્મપ્રથા હોય તેને શીખીને તે પ્રમાણે ચાલવું જોઈએ. પશુને કોઈ કાંઈ કહેતું નથી. ૨૩. બ્રહ્માંડમાં જેટલી કાંઈ બાબતો છે તે બધી જ કાંઈ ગ્રહણ કરવાની નથી હોતી. પરંતુ જેને માટે જેટલી વાત યોગ્ય હોય તેને તેટલી વાત ગ્રહણ કરવાની હોય છે. ૨૪. ગ્રહણ કરવાની બાબતમાં ઈન્દ્રિયોરૂપી પાંચ દ્વાર રહ્યા છે. તેમાં વિવેક જ ફળ આપનારો છે. ૨૫. જે યોગ્ય વાતને ગ્રહણ કરે છે તેને વિવેક યોગ્ય ફળ આપે છે. અને જે અયોગ્ય વાતને ગ્રહણ કરે છે તેને વિવેક અયોગ્ય ફળ આપે છે અને ફજેત કરે છે. ૨૫-૨૬. માંસ, મદિરા, ચોરી અને વ્યભિચાર એવી જે જે બાબત છે તે અસત્ય વાત છે. તેનો મનુષ્યે ત્યાગ કરવાનો હોય છે. જે કોઈ પણ વાતમાં જેટલી ચોરી થતી હોય તેનો જો ત્યાગ કરવામાં આવે તો તેને સહુથી વધારે મોટાઈ મળે છે. ૨૭-૨૮.

❋ વિવેક શીખવાના ઉપાય :

જે જેવી વાતને ગ્રહણ કરે છે તે તેવો કહેવાય છે. આમ જાણીને વિવેકી માણસો વિવેકના માર્ગે ચાલે છે. ૨૯. જે વિવેકના માર્ગે ચાલે છે તેને બધા જ મદદ કરે છે. દસ, વીશ, ત્રીશ વર્ષથી જે સાધુ થયા હોય તેની આગળ જે પાંચ વર્ષથી સાધુ થયા હોય અથવા તો જેમ જેમ મોટાથી નાના હોય તેમ તેમ નિષ્કપટ થઈને જેટલો શિષ્યભાવ રાખે છે તેટલો તેમાં વિવેક કહેવાય છે. ૩૦-૩૧.

ચોપાઈ :

एक एक से बडे संत ताकी, सेवा में जितना मति रहे वाकी;
तितना विवेक तामें जानो, एसे विवेक बिन अंधकार मानो...३२
पाँच वर्ष संत में न भयेऊ, संत में निभना निरधार न रहेऊ;
सेवा करावन जितना भावा, अविवेक यह तितना रहावा...३३

એક એક ક્રમથી પણ જે મોટા સંત હોય તેની સેવામાં જેટલી ભાવના રહે તેટલો તેમાં વિવેક જાણવો. આવો વિવેક જ્યાં કે જેનામાં ન હોય ત્યાં તો કેવળ અંધારું માનવું, અર્થાત્ તેનું ભવિષ્ય જોખમમાં છે તેમ જાણવું. ૩૨. સાધુ થયા અને હજી પાંચ વર્ષ પણ ન થયા હોય અને સાધુમાં નભવાનો

પણ હજી નિર્ધાર ન હોય એવાને જો બીજા પાસે પોતાની સેવા કરાવવાની ભાવના રહેતી હોય તો તેમાં તેટલો અવિવેક રહ્યો છે. ૩૩.

એકબીજાથી એક વર્ષ જેટલા પણ કોઈ સંત મોટા હોય તે રસ્તામાં ચાલ્યા આવતા હોય તેની જે અદબ નથી રાખતા અને હરિભક્ત પાસે ગાડી જોડાવીને નિર્ભયપણે તેમાં બેસીને આવે છે તેને વિવેક કહેવાય નહિ.

મુક્તાનંદસ્વામી જેવા સંત છે તે પણ કહ્યા સિવાય ગાડીમાં બેસતા નથી. ૩૪-૩૫. જે અમારા વચનમાં અધિક મોટાઈ માને અને જેટલું આજ્ઞા-વચન વિનાનું હોય તેને તુચ્છ માને; આવી જે સમજણ તે જ વિવેક કહેવાય છે. તે મેં વાત કરીને તમને કહી દેખાડ્યું. ૩૬. મહાનુભાવાનંદસ્વામી સરળ ચિત્તના છે. તેમાં કોઈ જાતનો પક્ષપાત નથી. સહુ તેને જાણે છે. ૩૭. તેઓ અમારી આજ્ઞાથી ગાડી જોડાવશે અને તેમાં મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી જેવાને બેસાડશે. ૩૮. જે બીમાર સાધુ હોય તેણે સાથે ફરવું નહિ. મંડળના સાધુ હોય તેમાંથી એક-બેને અમે અમારી સાથે રાખશું. ૩૯. અમારાં વચનમાં જે અધિક સુખ માને છે તે દેખાઈ આવશે અને જે મનમુખી હોય તે પણ દેખાઈ આવશે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ બોટાદમાં વિવેકની શ્રેષ્ઠતા કહી" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ||૭૮||



પૂર ત્રેવીશમું : તરંગ - ૭૯

શ્રીહરિએ મિથ્યા ભગવાનનું ખંડન કર્યું

વળી શ્રીહરિ સંતોની આગળ પ્રેમથી બોલ્યા કે, "અમે તમને પોતાના જાણીને વિવેકની વાત યથાર્થ કહીએ છીએ. ૧. જે લોકો વિવેક વગરની જેટલી વાત કરે છે તેઓ અંતરની જ્ઞાનરૂપ આંખોથી અંધ હોય છે અને પશુમાં પણ અધિક પશુ કહેવાય છે. ૨. જે જ્ઞાન પામીને નિરંકુશ થઈ જાય છે તે તો પાપીમાં પણ અધિક પાપી છે, તેને ઓળખી લેવો ૩. અને તે

ચંડાળમાં પણ અધિક ચંડાળ છે. જેની પાસેથી જ્ઞાન શીખ્યો હોય તેની સાથે પણ દૂધ પાયેલો સર્પ જેમ કરડવા ચાહે છે તેમ વર્તે છે. ૪. સાચા ભગવાનનું જ્ઞાન થાય તે માટે અપાર ગ્રંથ અને કીર્તનો રચ્યાં છે. પરંતુ જે ચંડાળ જેવા હોય છે તે ગ્રંથ વગેરેના જ્ઞાનને પામીને પોતે ભગવાન થઈ બેસે છે. ૫. જ્ઞાન શીખ્યા પછી જે પોતે ભગવાન થઈ બેસે છે તે રોજ કોઈ કરોડો વિપ્રોની હત્યા કરે તે જેવો પાપી કહેવાય છે. એવો તે પાપી ચંડાળ જેવો છે. ૬. જે ભગવાનના સાચા ભક્ત હોય તેને ખોટા દેખાડવા માટે અને પોતાને કોઈ ખોટો ન માને તેટલા માટે તે આસુરીજન માયાને રચે છે. ૭. તે કોઈ આશ્ચર્યની વાત નથી. અસુરનો તો એવો જ સ્વભાવ હોય છે. અસુરમાં જેટલી માયા હોય છે તે ભગવાન સન્મુખ પ્રગટ કરે છે-દેખાડે છે. ૮.

ભગવાન રામચંદ્રજી જ્યારે લંકા ગયા ત્યારે તેમની સામે લડવા માટે ઇંદ્રજિત આવ્યો. તેણે લડતાં લડતાં ભગવાનને નાગપાશથી બાંધી દીધા. ૯. પછી જ્યારે ગરુડજી આવ્યા ત્યારે બધા નાગ દૂર થઈ ગયા. તે જોઈને ગરુડજીને મોહ થયો. ગરુડજીનો તે મોહ કાગભુશંડીએ દૂર કર્યો, પણ તેનાથી ભગવાન એક રતીભાર પણ ઓછા થયા નથી. ખર અને દૂષણ નામે જે દૈત્ય હતા તેણે જેટલા ઋષિઓ ભગવાનને ભજતા હતા તે ઋષિઓને મારીને તેમનાં હાડકાંના મોટા મોટા પહાડ કરી દીધા હતા. પણ તેનાથી તે ખર અને દૂષણ કાંઈ અધિક નથી થઈ ગયા. જે દૈત્ય હોય છે તે તો દૈત્ય જ રહે છે અને જે ભક્ત હોય છે તે તો ભક્ત જ રહે છે, પણ જે અજ્ઞાની મનુષ્યો છે તે દૈત્યને અધિક કહે છે. તેણે કરીને દૈત્ય કાંઈ મોટા થયા નથી. તે ચાહે તેવા હોય તોપણ દૈત્ય તો દૈત્ય જ રહે છે. ૧૦-૧૪. કુંભકર્ણ હતો તે રામચંદ્રજીના સૈન્યને ગળી ગયો તોપણ તે દૈત્ય હતો તો દૈત્ય જ રહ્યો. ૧૫. અનંત વાર બ્રહ્માંડ થયા છે, તેમાં સામર્થ્યે કરીને કે બુદ્ધિએ કરીને આજ સુધી કોઈ ભગવાન થઈ શક્યો નથી. ૧૬. દૈત્યોમાં ભગવાન જેવા કલ્યાણકારી ગુણ કોટિ કલ્પે પણ આવતા નથી. તેને ભગવાનના ભક્તો જાણે છે. ૧૭.

જે ભગવાનના ભક્ત ન હોય તે સત્સંગની રીતને જાણતા નથી. તેથી જ જેને તેને ભગવાન માનવા લાગે છે. અને તે પાપે કરીને કાયમ

અજ્ઞાની રહે છે. ૧૮. તેવા અજ્ઞાની લોકોમાં દૈત્યોને ભગવાન થવાનું ફાવે છે. દૈત્યો પાપનો ડર રાખતા નથી એટલે તેઓ ચાહે તેમ બોલે છે. ૧૯. દૈત્યોમાં પાપ કરવાની અપાર કળાઓ રહી છે. જેને પાપનો ડર ન હોય તે ચાહે તેમ બોલતા રહે છે. ૨૦. જે ભગવાનના સાચા ભક્ત હોય છે તે ભગવાન બની બેઠેલા દૈત્યના મુખને ભૂલથી પણ જોતા નથી. ત્યારે જ તે ખરા ભક્ત કહેવાય છે. ૨૧. જે બાઈઓ પાકી હરિભક્ત ન હોય તે સાંખ્યયોગી થઈ હોય, તોપણ ભગવાન બની બેઠેલા દૈત્યની સેવા કરવા રહે છે. ૨૨. તો તેવાની સેવા કરવામાં સુવાસિની સ્ત્રી જાય તેમાં શું કહેવું ? તેમાં કોઈ આશ્ચર્ય નથી.

જે બાઈઓ પરિપક્વ હરિભક્ત હોય તે તો ભગવાન બની બેઠેલા દૈત્યને મળના સમાન સમજીને તેનો ત્યાગ કરે છે અને તેમાં ક્યારેય ભાવ કરતી નથી. જે તેવા દૈત્યને ભગવાન માને છે તેનો તો જમપુરીમાં વાસ થાય છે. ૨૩-૨૪. ઝેર જો અમૃત એવું નામ ધારણ કરે, તોપણ તે ક્યારેય અમૃત થાતું નથી. અને જો અમૃત માનીને ઝેર ખાય તો તે જમનાં ધામમાં જાય છે. ૨૫. દુનિયાને ઠગવા માટે અને પેટ ભરવા માટે જેટલાં લોકો ગમે તેમ ચાલે છે તેઓ તો અંતે ફજેત જ થાય છે. ૨૬. જે ભગવાનના પાકા ભક્ત હોય છે તે દૈત્યની ચાહે તેવી ગૌડ(મેલી)વિદ્યા હોય, તોપણ તેની માયાને દેખીને મોહ પામતા નથી. ૨૭. ગૌડવિદ્યાને પામીને કદાચ કોઈ કરોડપતિ થાય, તેને બધા શીખે તોપણ જે મિથ્યા હોય છે તે ક્યારેય સાચું થતું નથી. ૨૮. અમારી બાબત દેખીને જેને ભગવાનનો ડર નથી એવા કેટલાક મોટા દૈત્ય વિપ્ર જાતિમાં જન્મ ધરીને ભગવાન થઈ બેસશે. તેઓ પાપનો ડર રાખશે નહિ. જેને જમપુરીનો ડર નથી હોતો તેવા લોકોને બીજા શું કરે ? ૨૯-૩૦.

જ્યારે કોઈ મોટો રાજા ભગવાનનો ભક્ત હોય અને આખા દેશમાં તેનું ચલણ હોય તો જ બધું ઠીક રહે છે, તે વિના તો જેટલા મોટા દૈત્યો છે તે મનફાવે તેમ કરતા રહે છે. ૩૧. જે ભગવાનના પાકા ભક્ત બાઈ-ભાઈ હોય તે બધાં ભગવાનની રીતને અને મોક્ષ થવાની પરમપુનિત રીતને જાણતા હોય છે. ૩૨. તે પાકા ભક્તો જે મિથ્યા ભગવાન હોય છે તેને દેખીને

તેનો મળની જેમ દૂરથી જ ત્યાગ કરી દે છે, પણ તે મિથ્યા ભગવાનમાં ક્યારેય આદરભાવ રાખતા નથી. ૩૩.

અત્યારે તો નીતિનું રાજ્ય ચાલી રહ્યું છે. તેથી જેના અંતરમાં સત્સંગ ઉપર દ્વેષ વર્તે છે; એવા ભગવાન બની બેઠેલા દૈત્યોનું હરિભક્તો ઉપર કાંઈ ચાલતું નથી. તેના બધા મનસૂબા મનમાં જ રહી ગયા છે. જે મિથ્યા હોય છે તે ક્યારેય સાચા મનાતા નથી. ૩૪-૩૫. દૈત્યો જ્યારે અતિશય ઢોંગ કરતા હોય છે ત્યારે હરિભક્તો ધીરજ પકડીને બેસી રહે છે, પણ છેવટે તેનો બધો મિથ્યા ઢોંગ આકડાનાં તૂરની જેમ ઊડી જાય છે. ૩૬. આકડાનાં ફળ કેરીના જેવા દેખાય છે. તેની ગમે તેટલી સંભાળ રાખવામાં આવે, તોપણ છેવટે તેમાંથી તૂર જ નીકળે છે. ૩૭. જ્યારે આકડાનાં ફળ કેરીની જેમ ખપવા લાગશે ત્યારે જેટલા મિથ્યા ભગવાન છે તે સાચાં રૂપમાં મનાવા લાગશે. ૩૮. **સત્સંગ તો પોતાના પ્રતાપે કરીને પ્રદીપ્ત અગ્નિ જેવો છે. તે પ્રતાપવાન સત્સંગના અગ્નિને જે પતંગિયા જેવા ઓલવવા આવશે તે પોતે જ બળી જાશે.** તેમાં કોઈ સંશય નથી. તેનાથી જ હરિભક્તોનો રંગ રોજ રોજ અધિક ચઢતો રહે છે.” ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં “શ્રીહરિએ મિથ્યા ભગવાનનું ખંડન કર્યું” એ નામે ઓગણએંસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૮૦

શ્રીહરિએ ગાડીમાં બેસવાનો વિવેક કહ્યો અને બોટાદમાં જમીને ચાલતા થયા

પછી શ્રીજીમહારાજ ફરીને સંતોના પ્રત્યે બોલ્યા, “જેણે જિંદગીભર ગાડી ઉપર બેસવું નહિ, તેવો નિર્ધાર કર્યો હોય તે બધા ઊભા થઈને બોલો. જેથી બધી સભા દેખે અને અમે પણ તેને દેખીએ. ૧-૨. અને કહ્યા સિવાય ક્યારેય ગાડીમાં ન બેસવું; એવો જેણે નિર્ધાર કર્યો હોય તે સહુ સંતો પણ

બોલો." ૩. ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી બોલ્યા, ૪. **"હે મહારાજ ! અમે ગાડીમાં બેસવા માટે સાધુ થયા નથી. અમે આપનાં વચનને વિશે વર્તવામાં જ સર્વોપરિ મોટાઈ માની છે. ૫.** જ્યાં સુધી આપ મળ્યા ન હતા ત્યાં સુધી અમે મનનું ગમતું કર્યું છે. અને તેને લીધે જ જન્મ-મરણ, લખચોરાશીનું દુઃખ અને જમપુરીનું અપાર દુઃખ વારંવાર સહન કર્યું છે. તે દુઃખથી આપે અમને છોડાવ્યા છે, તે આપના ગુણને-ઉપકારને કેમ ભૂલી જઈએ ? ૬-૭.

મનુષ્ય જ્યાં સુધી આપનાં વચન પ્રમાણે વર્તતો નથી ત્યાં સુધી તે જન્મ-મરણનાં દુઃખને અને લખચોરાશી તથા જમપુરીનાં દુઃખને વારંવાર ભોગવતો રહે છે અને તેનો ક્યારેય પાર પામતો નથી. જ્યાં સુધી જીવ આપનાં વચનમાં વર્તતો નથી, ૮-૯. ત્યાં સુધી દુઃખમાત્ર તેના માટે તૈયાર જ રહે છે. પણ તે બાબત સત્સંગ કરે ત્યારે જ ખબર પડે છે. જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી મોહનું અંધારું રહે છે, અને જ્યાં લગી મોહનું અંધારું લાગ્યું રહેશે ત્યાં સુધી જે મોક્ષનો અંકુર કહેવાય છે તે ઉદય પામતો નથી. ઉલ્ટાના અનંત જન્મ વગોવતો-બગાડતો રહે છે. ૧૦-૧૧.

❋ સત્સંગ ભવપાર ઊતરવાની નાવ સમાન છે :

चोपाई :

उद्धार होनेके एक हे द्वारा, सत्संग नाव नविन अब वारा;
एसे नाव कबु न बनेऊ, आगबोट रहेउ निरभेऊ...१२

दोहा : वा सडक की गाडी सम, सत्संग अब रहेउ;
एसे सत्संग न सुने कबु, आज दिन लग तेऊ...१३

અત્યારે તો સત્સંગરૂપી નવું વહાણ જ જીવનો ઉદ્ધાર થવાનું એક દ્વાર છે. આવું બીજું કોઈ વહાણ ક્યારેય બન્યું નથી. આ તો નિર્ભય આગબોટ છે. ૧૨. અથવા તો સડક ઉપરની ગાડીના જેવો અત્યારે સત્સંગ રહ્યો છે. આવો સત્સંગ આજ દિવસ સુધી ક્યારેય સાંભળ્યો નહોતો. ૧૩. **જેટલાં આપનાં વચનોનું ઉલ્લંઘન કરે છે તે ચાહે તેવો મોટો હોય તોપણ તે તુચ્છ થઈ જાય છે." ૧૪.** આટલું કહીને તે સંતો ઊભા થયા.

તે સમયે નિર્માનાનંદસ્વામી બોલ્યા, "હું જિંદગીભર ગાડી ઉપર બેસીશ નહિ. તાવને લીધે જ્યારે શરીરનું ભાન ન રહે અને મને કોઈ ગાડી ઉપર નાખે તો જ્યારે ભાન આવે એટલે તરત જ હું ઊતરી જઈશ." ૧૫-૧૬.

નિર્માનાનંદસ્વામીનાં આવા વચન સાંભળીને શ્રીહરિ પરમ પ્રેમથી વારંવાર ઘણું હસ્યા અને અતિ પ્રસન્ન થઈને બોલ્યા કે, "આ સંત તો ઘણા શૂરવીર છે." આટલી વાત જ્યારે કરી રહ્યા ત્યારે **અદા શેઠ** બોલ્યા, ૧૭-૧૮. "હે મહારાજ ! સવારમાં મારી રસોઈ છે. માટે જમ્યા પછી સહુએ ચાલવાનું છે. હું હાથ જોડીને કહું છું, આટલી મારી વિનંતીને સાંભળો. ૧૯. દિવસ ઊગ્યામાં હું રસોઈ તૈયાર કરાવી રાખીશ. હે હરિ ! આપ અને આપના પ્યારા સંતોને જમાડવાનો અવસર ફરીવાર ક્યારેય નહિ આવે. ૨૦. આમ સમજીને મારાં હૃદયમાં ઘણી ભાવના થઈ છે." પછી શ્રીહરિએ તેનો શુદ્ધભાવ જોઈને તેની રસોઈ માન્ય રાખી. ૨૧. પછી શ્રીહરિ અને સંતો સૂઈ ગયા અને બધા હરિભક્તો ગામમાં ગયા. સવાર થયું ત્યારે જ્યાં વાડીનો ધોરિયો હતો ત્યાં શ્રીહરિએ કાંઈક આડશ કરાવી. ૨૨.

અને મુકુંદાનંદ વર્ણી ગરમ પાણી કરી લાવ્યા. જ્યારે શ્રીહરિ દાતણ કરી રહ્યા ત્યારે શ્રીહરિને અંગ ચોળીને નવડાવ્યા. ૨૩. જ્યારે શ્રીહરિ નાહી રહ્યા ત્યારે રૂમાલથી અંગ લૂછ્યું અને પછી પીતાંબર પહેરી લીધું તથા બીજું પીતાંબર ઓઢી લીધું. ૨૪. શ્રીહરિ ચાખડી પહેરીને આવી બાજોઠ ઉપર બેઠા. ભગવાન બાલમુકુંદ અને શ્રીવિષ્ણુની પૂજા કરી. ૨૫. સેવા કરીને વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું. તે વખતે જયાનંદ વર્ણીએ શ્રીહરિને માટે થાળ તૈયાર કર્યો. ૨૬. તે પણ વિષ્ણુને નિવેદમાં ધરાવીને પછી શ્રીહરિ જમ્યા. પછી શ્રીહરિએ કહ્યું કે, "સહુ તૂંબડાંમાં પાણી ભરી લો. ૨૭.

શ્રીહરિ જમ્યા પછી અશ્વ ઉપર બેઠા. સંતોએ પાણીથી તૂંબડાં ભર્યાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. શ્રીહરિ અદા શેઠને ઘેર આવ્યા ત્યાં સંતોને માટે રસોઈ બનાવી હતી. તે વખતે વિષ્ણુને નૈવેદ્ય ધરાવી રાખ્યું હતું ત્યાં શ્રીહરિ આવીને અશ્વ ઉપરથી ઊતર્યા. ૨૮-૨૯. ઘરની ઓસરીમાં પાટ ઢાળેલી હતી, ત્યાં આવીને પ્રસન્નતાથી તે ઉપર બેઠા. અદા શેઠે શ્રીહરિ અને

સંતોની પૂજા કરી. તેમના સહુ પુત્ર-પરિવારે પૂજા કરી. તેનાં ઘર ઉગમણા બારના હતા. પછી ઘરની આગળ ચોકમાં પંગત કરાવી. ૩૦-૩૧. શ્રીહરિ સંતોને પંગતમાં લાડુ પીરસવા લાગ્યા. દરેક સંતને બબ્બે લાડુ આપ્યા. સહુ સંતો મુખથી 'નારાયણધૂન' બોલતા હતા. ૩૨. જ્યારે શ્રીહરિ લાડુ પીરસી રહ્યા પછી જે શાક કર્યું હતું તે પણ પીરસાઈ ગયું. પાપડ અને અથાણાં પણ જ્યારે પીરસાઈ રહ્યા ત્યારે સંતોએ બધું ભોજન મેળવીને ઉપરથી જળ નાંખ્યું. ૩૩. સંતો શ્રીહરિનું નામ બોલીને જમવા લાગ્યા.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "અત્યારે આપણે ચાલવાનું છે. માટે જે રીતે તકલીફ ન પડે તે રીતે સંભાળીને જમજો." ૩૪. જ્યારે લાડુ જમી રહ્યા ત્યારે જે ભાત કર્યો હતો તે પીરસ્યો. અને ભાતમાં ઘણા ભાવથી મનમાન્યું દહીં પીરસ્યું. ૩૫. જ્યારે સંતો જમી રહ્યા તે વખતે ચાલીને સહુ ઉતારે આવ્યા. સહુ સંતો એક એક ગોદડી પાસે લઈને ઘણા ઉત્સાહથી ચાલતા થયા. ૩૬. જેટલા ગામધણી કાઠી દરબારો હરિભક્ત હતા તે બધા અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા. ૩૭. પચાસ-સાઠ જેટલા અશ્વોની તે સવારી હતી. શ્રીહરિ લોયા જવા નીકળ્યા ત્યારે વચ્ચે બે ગામ આવ્યા. ૩૮. ભાદર નદી લોયા ગામની પાસે છે. તે સમયે લોયાના હરિભક્તો નદી સુધી સામે આવ્યા. ૩૯. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યાં. જે શ્રીફળ લાવ્યાં હતાં તે બધાં ઉત્સાહથી અર્પણ કર્યાં અને સહુ જય જયકાર કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ ગાડીમાં બેસવાનો વિવેક કહ્યો અને બોટાદમાં જમીને ચાલતા થયા" એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૮૧

શ્રીહરિ લોયા પધાર્યા અને સંતો તથા હરિભક્તોને પૂછીને સત્સંગની મોટપનો વિચાર કરતા હતા

નાગડકા ગામના કાઠી હરિભક્તો હતા તે બધા અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૧. તે બધા શ્રીહરિના ચરણમાં પડ્યા. શ્રીહરિ ભાદર નદી ઉતરીને આવ્યા હતા. તે વખતે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૨. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. સુંદર સુરવાળ પહેર્યો હતો તેમાં રેશમની અમૂલ્ય નાડી હતી. ૩. ઢોલ, નગારાં, શરણાઈ અને ભૂંગળ વાગી રહ્યાં હતાં. અત્યંત શોભા થઈ હતી. એવી રીતે શ્રીહરિ **લોયા** ગામમાં આવ્યા. ૪. ગામનો દરવાજો ઉત્તર દિશા તરફ હતો. ત્યાંથી શ્રીહરિએ ગામમાં પ્રવેશ કર્યો. સંતોની જગ્યા પાસે જ સંતો સમાય જાય એટલી પગથાણ હતી ત્યાં સંતોને રહેવાનું કહીને શ્રીહરિ આગળ ચાલ્યા. **સુરા ખાચર**નું ભવન પાસે જ હતું, તેમાં શ્રીહરિએ પોતાનો નિવાસ કર્યો. ૫-૬.

તે ભવનમાં જેટલી બાઈઓ રહેતી હતી તે દૂર રહેલા ભવનમાં ગઈ. તેનું ઘર શ્રીહરિને માટે ખાલી કરી દીધું. પછી શ્રીહરિવરે તેમાં ઉતારો કર્યો. ૭. સંતો અને શ્રીહરિ ઊતર્યા તેની વચ્ચે એક વંડીનું અંતર હતું. સંતો અને હરિભક્તોને જે રીતે શ્રીહરિનાં દર્શન થાય તે રીતે નિષ્કુળાનંદસ્વામીએ પલંગનો મંચ બાંધી દીધો હતો. તેના ઉપર ગાદીતકિયા બિછાવ્યા અને શ્રીહરિ આવીને તેના ઉપર બેસતા હતા. ૮-૯. સંતોનો જેટલામાં ઉતારો હતો તેટલામાં મંડપ બાંધી દીધો. સંતોને ઠંડી ન લાગે તેટલા માટે પ્રેમથી મંડપ બાંધ્યો હતો. ૧૦. શ્રીહરિ પણ તે મંડપમાં આવતા. તે દિવસોમાં ઠંડી ખૂબ પડવા લાગી હતી. તેથી અમદાવાદના શેઠિયા બેચર મણકીના પુત્ર ગિરધરલાલ નામે હતા તેમણે ગરમ પોસની રાતી સુંદર ભાતીદાર ડગલી શ્રીહરિને માટે મોકલી હતી. શ્રીહરિ તે ડગલીને શ્વેત અંગરખાની અંદર નિત્ય પહેરતા હતા અને કેટલાક દિવસ સુધી ચાદર અને ચોફાળ પણ ઓઢતા હતા. ૧૧-૧૩.

સવારે અને સાંજે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીનાં રચેલાં ગરબી રાગનાં કીર્તનો જેનો કંઠ સારો હોય એવા સંતો ઘણા પ્રેમથી ગાતા હતા. શ્રીહરિ પણ તેમની સાથે ગાતા હતા. ૧૪-૧૫. પછી જેમાં સંતો-ભક્તોનું હિત હોય એવી વાતો અંતરમાં જેવી ઊપજતી તેવી શ્રીહરિ રોજ સંતો આગળ કહેતા હતા. ૧૬. શ્રીહરિ જ્યારથી સત્સંગમાં આવ્યા ત્યારથી સંતો અને હરિભક્તોની જેમ વધારે ને વધારે મોટાઈ-શ્રેષ્ઠતા થાય તેવું રાત-દિવસ ચિંતવન કરતા હતા. ૧૭. દેવાનંદસ્વામી નામે જે સંન્યાસી હતા તે રામાનંદસ્વામીના સમયના પ્રતિષ્ઠિત અને વૃદ્ધ સંત હતા. જેને મોટાઈ આપવાની હોય તેના અંતરમાં તે બાબતની વાત ઉતારીને શ્રીહરિ કોઈને મોટપ દેતા હતા. તે પણ મોટાને પૂછીને દેતા.

જેમ કે, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, આનંદાનંદસ્વામી અને શુકાનંદસ્વામી તેમજ બીજા પણ જે નિપુણ નિપુણ સંતો હતા. તથા મયારામ ભટ્ટ આદિક ઝીણાભાઈ જેવા નિપુણ મોટા પાંચેક હરિભક્તો હતા તેમને પૂછીને પછી શ્રીહરિ કોઈકને સત્સંગની મોટપ દેતા હતા. ૧૮-૨૧. શ્રીહરિ હવે પોતાના અંતરની વાત તે ઉપર કહેલા સંતો અને હરિભક્તોની આગળ કહેતા રહેતા. જેમાં સર્વે ભૂમિના ભૂપ જેટલી મોટપ રહી હોય, જેણે સત્તા અને હુકમ પોતાને કબજે કર્યા હોય અને ખંડિયા રાજાઓને પણ પોતાને વશ કર્યા હોય અને જેની દૃષ્ટિમાં નાત કે જાતનો કોઈ વિભાગ નથી, તેની આગળ કોણ શંકા કરે ? કેમ જે, જેની પાસે બુદ્ધિ, હુકમ અને ધન હોય તે બધાના ઉપરી છે. તે જે રીતે નિર્ણય કરે તે પ્રમાણરૂપ થાય છે. પરંતુ પરમેશ્વરથી અધિક કોઈ સમર્થ નથી અને પરમેશ્વરથી એક પણ બાબત અજાણી નથી. ૨૨-૨૪.

માટે ઈશ્વરને આધીન વર્તવું. કેમ જે, જ્યારે ઈશ્વરનું બળ અને ઈશ્વરનું સામર્થ્ય જેમાં પ્રવર્તે છે ત્યારે તે સિંહને પણ કૂતરાના સમાન ગણીને તેને સામે પગલે જાય છે. કારણ કે, તેને મરણની પણ શંકા નથી હોતી, આવો તે સમર્થ થાય છે. ૨૫-૨૬. **ગુણ અને દોષોનો તોલ પરમેશ્વર નિત્ય કરતા રહે છે. પરમેશ્વર છે તે એકલા ગુણને જ ગ્રહણ કરે છે, પણ ક્યારેય દોષને**

જોતા નથી. કેમ જે, જે જેટલા ગુણીજન હોય તે જેમાં જેટલું સારરૂપ તત્ત્વ હોય તેને તેટલું ગ્રહણ કરે છે અને દોષનો ત્યાગ કરી દે છે. ૨૭-૨૮. જે ગુણહીન મનુષ્ય હોય છે તે તો ગુણોનો ત્યાગ કરે છે. ગુણ અને દોષ, એ બંનેની વાતોથી આ આખું બ્રહ્માંડ ભર્યું છે. ૨૯.

જેમાં જેવા ગુણ હોય તે તેવા પ્રગટ દેખાય છે. તેમાંથી ગુણગ્રાહી લોકો એકલા ગુણને ગ્રહણ કરે છે અને દોષનો ત્યાગ કરે છે. ૩૦. દોષનો ત્યાગ કરીને ગુણોને ગ્રહણ કરે છે, તેણે કરીને તે ગુણીજન કહેવાય છે. ગુણીજન અને હંસની એકસરખી રીત છે. સરીતા, સરોવર અને સિંધુમાં સારું-મોળું બધું હોવા છતાં તેને જેમ કોઈ અપવિત્ર ગણતું નથી તેમ કેવળ ગુણ ગ્રહણ કરવાનું ફળ નિર્દોષ રહ્યું છે. ૩૧. આળાં ચામડાંનાં કુડલાનાં જેવું કોઈ હીન પાત્ર દેખાતું નથી. તેમાં ઘી જેટલું શુદ્ધ રહી શકે છે તેટલું સોનાનાં પાત્રમાં શુદ્ધ રહેતું નથી. તે ગુણને લીધે બ્રાહ્મણ સુધ્ધાં તે ઘીને ગ્રહણ કરે છે. હા, મારવાડ દેશના જે હુંબડ, ઢૂંઢિયા વાણિયા છે તે ગાય, ભેંશ અને બકરીનાં દૂધ, દહીં, છાશ અને ઘી જો કુડલામાં રાખેલા હોય તો તેને જિંદગીભર ખાતા નથી. કેમજે, તેમના નાસ્તિક ગ્રંથોમાં તેનો દારૂ અને માંસને તૂલ્ય નિષેધ કરેલો છે.

ચરોતર દેશમાં તમાકુ ખેતરે ખેતરે પાકે છે. તેના જ્યારે પડા બાંધે છે ત્યારે બધા ચંડાળ પર્યંતના હીન જાતિના લોકો મોઢામાં પાણી ભરીને તેનો ફુવારો પડા ઉપર કરે છે. ૩૨-૩૬. તે તમાકુને બધા નાગર વિપ્ર સુધીની ઊંચામાં ઊંચી જાતિઓ ખાય છે તથા સૂંઘે છે છતાં તેમાં કોઈ દોષ દેખતા નથી. ૩૭. વિપ્ર સિવાયના જે લોકો છે તે બધા પણ તમાકુને ખાય છે, પીવે છે અને સૂંઘે છે. તેમાં દોષ દેખતા નથી. બધા ભેખધારીઓ પણ તમાકુને ચાહે છે. ૩૮. અને મોટા મોટા આચાર્યો પણ સૂંઘવાના વ્યસનવાળા હોય છે. સારા સારા મનુષ્યો પણ જો તેમાં દોષ દેખતા ન હોય તો હવે તેમાં કોણ દોષ દેખે ? ૩૯. જે લોટિયા વોરા જાતિના મુસલમાન હોય છે તે તમાકુને સૂંઘતા, ખાતા કે પીતા નથી અને તેનો વેપાર પણ કરતા નથી. ૪૦. જ્યારે ભગવાનનો ખપ થાય છે ત્યારે તે સાચો સત્સંગ કરે છે. તેથી

જેમાં જેટલો દોષ હોય તેને તેવાં રૂપમાં દેખે છે. ૪૧. જેટલી યથાર્થ વાત હોય છે તેમાં છળકપટ હોતું નથી. આ ભૂમિ ઉપર જેટલા સજ્જનો છે તે દગા અને ઘાત રહિત હોય છે. ૪૨. જાહેરમાં કે ખાનગીમાં હું જે કાંઈ કરું છું તે બધી જ બાબતોને ભગવાન જાણે છે; આવું જેનું શુદ્ધ વર્તન હોય તેવા સત્પુરુષ પોતાની પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, એ બધાને નિયમમાં રાખીને જ વર્તે છે. વળી, જેટલા કાંઈ રસ અને સારપમાત્ર છે તેને પણ એક ભગવાનમાં જ દૃઢપણે માને છે, તેણે આખા બ્રહ્માંડને જીતી લીધું છે. તેમાં આવી મોટાઈ છે પણ આ જગતને જરાય દેખાડતા નથી. ૪૩-૪૪. ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ અને જ્ઞાન આદિક અપાર ગુણો છે તે જેટલા દુનિયાને દેખાડવા માટેના હોય છે તે લગાર પણ ઉપયોગમાં આવતા નથી. ૪૫. જો સર્વે ગુણ ભગવાનને દેખાડવા માટે જ હોય તો તે ગુણો સત્ય કહેવાય છે. જેને ધનનો લોભ હોય છે તે લોકોને રાજી કરે છે. ૪૬. તેથી તેને ધન મળે છે તે કાંઈ આશ્ચર્યની વાત નથી. જેટલી ખરાબ બાબત હોય તેનો ત્યાગ કરાવવો, અને સાચા અર્થમાં ભગવાનને ભજાવવા તેમજ ભગવાનને જ અધિક રાખીને ધર્મે સહિત ભગવાનની ઉપાસના કરતા રહેવું તેને સત્ય માર્ગ કહેવાય છે. ૪૭-૪૮.

વાસુદેવાનંદ વર્ણી નાના છે છતાં ભગવાનની જેવી મરજી હોય તેવું જ તેમનું વર્તન છે. ૪૯. તેઓ ભગવાનનો મહિમા અને સંતોનો મહિમા જેવો સમજે છે તેવો જ હરિભક્તોનો પણ યથાર્થ મહિમા સમજે છે. ૫૦. તેથી અધિકાર પામીને પણ તેમને અધિકારનો ગર્વ રહે તેમ નથી. જો કે, બ્રાહ્મણને તો સહેજે ગર્વ રહે છે. ૫૧. ક્યારેય ગર્વ ન આવે તેવા વાસુદેવાનંદ વર્ણી સિવાયના અમારી નજરમાં કોઈ બીજા દેખ્યામાં આવતા નથી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિ લોયા પધાર્યા અને સંતો તથા હરિભક્તોને પૂછીને સત્સંગની મોટપનો વિચાર કરતા હતા" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર ત્રેવીશમું : તરંગ - ૮૨

શ્રીહરિએ પોતાની, રામાનંદસ્વામીની અને આત્માનંદ સ્વામીની વાત કહી

ફરી શ્રીહરિ બોલ્યા કે, "આપણા સત્સંગમાં જેટલા મોક્ષદાતા થયા છે તે બધા વિપ્ર જ્ઞાતિના રહ્યા છે. ૧. અમે અયોધ્યા પ્રદેશના સરવરિયા વિપ્ર છીએ. તેથી અમે વર્ણીના ધર્મમાં રહીને મસ્તક ઉપર કેશ રાખ્યા હતા. ૨. જનોઈ પણ રાખી અને નિત્ય પોતાને હાથે રસોઈ કરીને એક વખત જમતા. અને એ પણ જ્યારે સહેજે મળે ત્યારે. ૩. કેટલાક દિવસ તો અમે ફળ, કંદમૂળ અને પાંદડાં જ જમતા. ઉપવાસ કરીને શરીરને દુર્બળ રાખતા. ૪. ગીતામાં કર્મકાંડ કરતાં જ્ઞાનકાંડ અધિક કહ્યો છે. અને તેના કરતાં પણ ઉપાસનાકાંડ અધિક કહ્યો છે. ૫.

શ્રીકૃષ્ણ ભગવાનથી અધિક અમે કોઈને દેખતા નથી. તેથી એક તેમનાં જ વચનમાં વિશ્વાસ રાખ્યો છે. બીજાનાં વચન તો અપાર છે, પણ શ્રીકૃષ્ણનાં વચન સાથે જેટલાં મળતાં આવે તેટલાં અમે ગ્રહણ કરીએ છીએ. આમ અમે ઉત્તર, પૂર્વ અને દક્ષિણ દિશાઓમાં પર્વત, વન અને તીર્થધામમાં આઠ વર્ષ સુધી ફરતા થકા પંચતીર્થી કરતા રહ્યા. તે વિચરણ દરમ્યાન મોટાં વન અને પર્વતોમાં કેટલાક પાકા દંભી પણ મળ્યા હતા. ૬-૮. પરંતુ તે વનમાં અમને અષ્ટાંગયોગને સિદ્ધ કરી ચૂકેલા એક ગોપાળયોગી મળ્યા. અમે તેમની પાસે અષ્ટાંગયોગનો અભ્યાસ કરીને તે સિદ્ધ કર્યો. ૯. યોગનાં જેટલાં આસનો કહેવાય છે તે બધાં અમે સિદ્ધ કરી લીધાં. અને તે યોગની જેટલી રીત કહેવાય છે તે બધી પણ અમે સિદ્ધ કરી લીધી. ૧૦. યોગ માટે અમે શરીરનાં બધાં સુખનો ત્યાગ કર્યો અને એક યોગમાં જ અનુરાગ કર્યો હતો. કેમ જે, યોગના જેવી બીજી કોઈ વાત નથી. કારણ કે, જેવું ધારીએ તેવું યોગસિદ્ધિથી થાય છે. ૧૧. એવી સામર્થી પ્રાપ્ત થવા છતાં પણ જ્યારે અમે સાધુતા રાખી તે તો સહુથી મોટી વાત છે. જે પોતે નાનું પાત્ર હોય અને તેમાં પાછા બે જણ તેને માનવા-પૂજવા લાગે ત્યારે તેના અંતરમાં સારું-મોળું જેવું વર્તતું હોય તે ઋષિના કૂતરાની જેમ છલકાયા વિના રહે નહિ. ૧૨-૧૩.

❋ દાસતાની મહત્તા :

दोहा : प्रभुता कछु पाईके, समाइके चलत जेहु;
सत्संग में होत पूज्य यह, सहज स्वाभाविक तेहु...१४

सोरठा : संत हरिजन ताके, महिमा समझत जेते जेहु;
चरण की रज वाके, होईके चलत रहेउ...१५
संत हरिजन जेते, ताकि मोटप जितना जेहि;
उर में जानत तेते, तितना बडे होत तेहि...१६

કાંઈ પણ પ્રભુતા પામીને-સામર્થી કે મોટાઈ પામ્યા પછી પણ જે સહુમાં સમાઈને ચાલે છે, અર્થાત્ તે પ્રાપ્તિને છૂપાવી-પચાવી ડૂબીને જીવે છે તે સત્સંગમાં સહજ સ્વાભાવિક રીતે પૂજ્ય બને છે. ૧૪. જે સંતો અને હરિભક્તોનો જેટલો મહિમા સમજે છે તે તેટલા તેમનાં ચરણની રજ થઈને જીવી શકે છે. ૧૫. જે સંતો અને હરિભક્તોની મોટપને જેટલી પોતાના દિલમાં જાણે છે તેટલો તે મોટો થાય છે, અર્થાત્ સંતો-ભક્તોને જે જેટલા મોટા સમજી શકે તેટલી તેનાથી મોટાઈ પચી શકે છે. ૧૬.

चोपाई :

संत हरिजन के दास जेही, मन क्रम वचन होईके तेही;
निष्कपट वरतत रहे ताकू, बडे करी सब मानत वाकू...१७
बडता के गुण रहाये जामें, छिपाये कबहु न रहत तामें;
पोताकी इच्छा कर जेते, बडे बडता कु न इच्छत तेते...१८
सत्संग की बडता ईनकू, आवत रहत हे सहज तिनकू;
भगवान संत हरिजन में जितना, निष्ठा वरतत रहत हे तितना...१९

જે મન, કર્મ, વચને કરીને સંતોનો અને હરિભક્તોનો દાસ થઈને નિષ્કપટભાવે વર્તે છે તેને સહુ મોટો કરીને માને છે. ૧૭. જેમાં મોટપના ગુણ રહ્યા હોય તે ક્યારેય છૂપા રહેતા નથી અને જે મોટા હોય છે તે પોતે પોતાની ઈચ્છાએ કરીને મોટપને ઈચ્છતા નથી. ૧૮. એવા જે હોય તેમાં સત્સંગની મોટપ સહેજે આવતી રહે છે. જેને ભગવાન, સંતો અને હરિભક્તોમાં જેટલી સાચી નિષ્ઠા વર્તતી હોય તેટલા તે મોટાઈને ક્યારેય

ઈચ્છતા નથી, ઉલ્ટાના તે મોટાઈને તો કલંકરૂપ માને છે. તે ઈચ્છતા નથી પણ તેમાં મોટાઈ જરૂર આવે છે. કારણ કે, તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન આવીને બિરાજમાન હોય છે. ૧૯-૨૦. આવી સ્થિતિ પ્રાપ્ત થવા છતાં પણ તેમની સમજણ દાસના દાસ થઈને રહેવાની જ સદા રહે છે. આવી વાત મને રામાનંદસ્વામીએ જે કહી હતી તે હું હવે તમને સહુને કહું છું." ૨૧.

સ્વામીએ કહ્યું હતું કે, "સત્સંગમાં આવીને પણ જે મનધાર્યું વર્તતા હોય તે ગમે તેવી પ્રભુતા કે મોટપ પામે, તોપણ અમે તેને ક્યારેય મોટા માનતા નથી. ૨૨. જે અમારાં વચનને માને છે તેને અમે મોટો માનીએ છીએ. આખા બ્રહ્માંડનો ભાર હોય તેને મચ્છર ઉઠાવે તેવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ૨૩. અનંત કોટિ બ્રહ્માંડો જેના એક રોમમાં ઊડે છે, આવું અક્ષરધામ જેમનું નિવાસસ્થાન છે, એવા આપ પ્રભુ છો. આપ અક્ષરધામમાંથી હરિભક્તોને સુખી કરવા અને તેમનાં દુઃખ ટાળવા માટે પ્રગટ થઈને અહીંયા આવ્યા છો." ૨૪-૨૫. સ્વામીનાં આવાં વચનને અમે જ્યારે શિર પર ચડાવ્યાં ત્યારે સ્વામી અમારા ઉપર અતિશય પ્રસન્ન થયા. ૨૬. **સદ્બુદ્ધિવાળો મનુષ્ય મનમાં એવું સમજે છે કે, મોટાને પ્રસન્ન કરવામાં જ સાધનમાત્ર રહ્યા છે. ૨૭. અને જે કુબુદ્ધિવાળો હોય છે તે મોટાનાં વચન કરતાં સાધનોમાં અધિકતા માને છે. ૨૮. કેટલાક સાધન તો એવાં હોય છે કે, જે સાધકના ઉપર કોપ કરે છે. કારણ કે, જેના રાજીપા માટે સાધન કરે છે તેનાં વચનનો તો તે અનાદર કરે છે. ૨૯.**

પછી તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તેથી જે મોક્ષના દ્વારરૂપ પ્રગટ પ્રભુ પરાયણ સંત છે તેનાથી તે જરૂર વિમુખ થઈ જાય છે. આ બાબતમાં તલભાર પણ ખોટું નથી. ૩૦. જે મોક્ષનાં દ્વારરૂપ હોય છે તેમનું પાછળથી ગમે તેમ ઘસાતું બોલે છે. આવી વાતને અમે જાણતા હતા અને સ્વામીનાં તે વચન અમે માનતા રહ્યા. ૩૧. ત્યારે સ્વામી મારા ઉપર અપરંપાર પ્રસન્ન થયા. સ્વામી તો અયોધ્યાના સરવરિયા અંજન વિપ્ર હતા. ૩૨. સ્વામીના ગુરુ આત્માનંદસ્વામી હાલાર દેશના વિપ્ર હતા. તે ચતુર્વેદી વિપ્ર કહેવાતા અને રાજાના ગુરુના સંબંધી હતા. ૩૩.

આત્માનંદસ્વામીનું વિશ્વંભર નામ હતું. અને તેના પુત્ર ગોપી ભટ્ટ જે અત્યારે વિદ્યમાન છે. ૩૪. તેને અમે ગોરની પદવી આપીને ગઢપુરમાં રાખ્યા છે. આત્માનંદસ્વામી સિદ્ધ હતા. તેઓ ધારે તેમ થાતું હતું. ૩૫. આ શરીરમાં જે રીતે છ ચક્રો રહ્યા છે તેને તેવા રૂપમાં દેખતા હતા, અને જે તેમના આશ્રિતો થતા તેમને ધ્યાનમાં બેસાડીને ષટ્ચક્રની રચના પિંડ અને બ્રહ્માંડમાં જે રીતે રહી છે તે રીતે શરીરમાં દેખાડતા હતા. ૩૬-૩૭. **રામાનંદસ્વામીને ભગવાનની મૂર્તિ સિવાય બીજું કાંઈ રુચતું નહિ. કારણ કે, તેઓ એવા ઘણા જ્ઞાની મહાપુરુષ હતા. ૩૮.** તેઓ રાત-દિવસ ભગવાનની કથા-વાર્તા કરતા અને કીર્તન ગાતા હતા. ભગવાનના સંબંધ વિના તેમનો એક ઘડી જેટલો પણ સમય વ્યર્થ જાતો નહિ. તેમણે કથા-વાર્તા કરીને પ્રસિદ્ધ થયેલો જે સત્સંગ હતો તે અમને સોંપી દીધો અને તેઓ ભગવાનના ધામમાં ચાલ્યા ગયા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ પોતાની, રામાનંદસ્વામીની અને આત્માનંદસ્વામીની વાત કહી" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥

પૂર ત્રેવીશમું : તરંગ - ૮૩

શ્રીહરિએ વાસુદેવાનંદ વર્ણીને વર્ણી તથા સંતોમાં મોટેરા કર્યા

ભગવાન શ્રીસહજાનંદસ્વામી ફરી વાત કહેવા લાગ્યા. તેમની વાતમાં જેટલી જે જે બાબતો કહેવાય છે તે સર્વે રહી છે. ૧. વાત કર્યા વિના જે વાત જેવી હોય તેમ ક્યારેય જાણ્યામાં આવતી નથી. આ વાત આમ જ છે. ૨. લખ્યા વગરની જે જે વાત હોય તે થઈ હોય છતાં ન થયા બરાબર છે. કેમ જે, લખેલી વાત બ્રહ્માંડ રહે ત્યાં સુધી રહે છે. ૩. **જે સંત-ભક્ત હૃદયમાં અતિ પ્રેમ લાવીને ભગવાન સંબંધી વાતને કહેતા-સાંભળતા રહે છે તે સર્વોપરિ કામ કરી રહ્યા છે, એમ જાણવું. ૪.**

ચોપાઈ :

मनुष्य तन के फल हे इतना, भगवान सबंधी बात तितना;
केना सुनना प्रीत अति लाई, गद्‌गद कंठ होईके ताई...५
कहत सुनेमें जितना जाकू, भाव रहे नेत्र महीं ताकू;
प्रगट देखाई आत रहाते, अनादर तितना निंद देखाते...६

ભગવાન સંબંધી વાતોને અતિશય પ્રેમ લાવી તથા ગદ્‌ગદ કંઠ થઈને કહેવી અને સાંભળવી, એટલું જ મનુષ્યદેહનું ફળ છે. ૫. ભગવાન સંબંધી વાત કહેવામાં અને સાંભળવામાં જેટલો જેને ભાવ હોય છે તે તેની આંખમાં પ્રગટ દેખાઈ આવે છે. અને જેટલો ભગવાન સંબંધી વાતનો અનાદર હોય તેટલી તેને નિદ્રા આવતી દેખાય છે. તેમાં જેને જેવો આદર હોય તેને તેવું ફળ મળે છે. શ્રીહરિ કહે છે કે, “અમે વિપ્ર છીએ. રામાનંદસ્વામીએ અમને જે વચનો કહ્યા તે પ્રમાણે અમે સરળ થઈને કર્યું. તેમજ આત્માનંદસ્વામીએ રામાનંદસ્વામીને જે કહ્યું તે રીતે રામાનંદસ્વામી વર્ત્યા અને તેમનાં વચનમાં બહુ હિત માન્યું.” શ્રીહરિ જ્યારે આટલી વાત કહી રહ્યા પછી વાસુદેવાનંદ વર્ણીને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, “અમે જે રીતે વચન કહીએ છીએ તેમાં તમારું હિત રહ્યું છે. ૯-૧૦. અમે રહીએ કે ન રહીએ ત્યારે અમારે ઠેકાણે કોઈ વર્ણી હોય તેને બેસવું-રહેવું. અને તે પણ આખું જગત જાણે તે રીતે બેસવું-રહેવું. ૧૧. અમારી નજરમાં તમે આવ્યા છો. એટલે અમે તમને મોટા કરીએ છીએ.”

આમ કહીને શ્રીહરિએ આસન મગાવ્યું અને તેના ઉપર વાસુદેવાનંદ વર્ણીને બેસાડ્યા. ૧૨. તે સમયે તે વર્ણી બે હાથ જોડીને એમ બોલ્યા કે, “આ મોટા મોટા સંતોની આગળ હું શા લેખામાં ? ૧૩. હું અતિશય નાનો છું. બધા સંતો ઘણા મોટા છે. તેમની આગળ આસન ઉપર બેસવું તે અત્યંત કઠિન છે. ૧૪. આપ તો અક્ષરાધિપતિ પુરુષોત્તમ છો અને આપના આ સંતો તથા વર્ણી પણ સ્વયં મોટા છે. તેમની આગળ ઊંચે આસને બેસવું તે ઘણી કઠણ વાત છે. કોઈ મને વાત પૂછે ત્યારે તેમને હું શું કહું ?” ૧૫-૧૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, “હજી તો અમે બેઠા છીએ ત્યાં સુધી તમે કાંઈ

ચિંતા ન કરો. તમને કોઈ કાંઈ પૂછવા નહિ આવે અને પૂછવા આવશે તો અમે તમને સહાય કરશું." ૧૭. પછી તે વખતે વાસુદેવાનંદ વર્ણી શ્રીહરિને પગે લાગ્યા, સહુ સંતોને મસ્તક પણ નમાવ્યું અને શ્રીહરિનાં વચનને માથે ચઢાવીને તે આસન ઉપર બેઠા. ૧૮. શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે જ બધા સંતો કરતા હતા. કારણ કે, શ્રીહરિ જે જે વાત કરતા હોય તેમાં કેટલાક હેતુઓ રહ્યા હોય છે. ૧૯. આમ સમજીને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી અને શુકાનંદસ્વામી આદિક સંતોએ તે વખતે વર્ણીની પૂજા કરી. વાસુદેવાનંદ વર્ણી તો શ્રીહરિની જેવી મૂર્તિ હતી તેને હૃદયમાં ધારીને બેસી રહ્યા. ૨૦-૨૧. મુકુંદાનંદ વર્ણી આદિક જેટલા વર્ણી હતા તે બધાએ પણ શ્રીહરિના વચનને સહુથી પર માનીને ઘણા હેતથી વાસુદેવાનંદ વર્ણીની પૂજા કરી. ૨૨. વળી, તે વખતે જેટલા હરિભક્તો હતા તેમણે પણ વર્ણીની પૂજા કરી.

ત્યારે શ્રીહરિ ખૂબ રાજી થયા અને સંતોની આગળ બોલ્યા, ૨૩. **"સત્સંગ તો સૂર્ય સમાન છે.** જે ઘુવડ જેવા લોકો છે અને જેને અધર્મ ઉપર રુચિ છે તેમને ધર્મ ઉપર રુચિ નથી હોતી. ૨૪. આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી જે અધર્મી લોકો છે તેમને ધર્મનું આચરણ કોઈ દિવસ ગમશે નહિ. ૨૫. બ્રાહ્મણથી લઈને અંત્યજ સુધી જેટલા અધર્મીઓ છે તે બધા અધર્માચરણને દોષ ગણતા નથી. ૨૬. જેટલા અધર્મીઓ છે તે ધર્મવાળાને અધર્મી માને છે. અને તેઓ ક્યારેય પાપનો ભય રાખતા નથી. જેને પાપનો ડર હોય છે તેને સત્સંગ થાય છે, તેને મનુષ્ય કહેવાય છે અને જેને પાપનો ડર નથી તે મનુષ્ય ગણાતો નથી. ૨૭-૨૮. અમુક બ્રાહ્મણ છે તે પોતાનો ધર્મ વિચારીને ઉપરથી ડર રાખે છે, પણ છાની રીતે તો અંત્યજ સુધીના લોકોની સાથે એકાકારે રહે છે અને તેને સારા કહે છે. ૨૯. જેમાં દોષ રહ્યા હોય એવી સર્વે બાબતોનો જે લોકો ત્યાગ રાખે છે તેમનો તેવા દોષોથી ભરેલા લોકો 'આ આપણી સાથે મળતું આવતું નથી' તેમ જાણીને અને 'તે આપણાથી અલગ વર્તે છે' તેમ માનીને જે ખરેખર નિર્દોષ વર્તે છે તેને નાતબહાર કરે છે. ૩૦-૩૧.

✵ અધર્મીને ધર્મી બનવાનો સર્વોત્તમ ઉપાય :

પોતાના દોષને ઢાંકવા માટે તેઓ જેટલું પોતાનું ચાલે તેટલું કરે છે. જ્યાં સુધી તે દોષવાળાનું જોર ચાલે તેમ ન હોય ત્યાં સુધી તેઓ નિર્દોષને છેડતા નથી, પણ જ્યારે ચાલે તેમ હોય ત્યારે તો તેઓ જરૂર છેડે છે. અને ગમે તેવો કોઈ મોટો અધર્મી હોય, પણ તે જો નિર્દોષને નિર્દોષ જાણીને નિષ્કપટભાવે તેનો ગુણ ગ્રહણ કરે તો તેનો જરૂર ઉદ્ધાર થાય છે, તેમાં તલભાર પણ ખોટું નથી. ૩૨-૩૪. **ભગવાનના ભક્ત જેવા નિર્દોષ હોય છે તેવા નિર્દોષ અભક્ત ક્યારેય હોતા નથી. ૩૫.**

હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષે જ્યારે નિર્દોષ રહીને તપ કર્યું ત્યારે તે બંને કશ્યપના અત્યંત સમર્થ પુત્ર થયા. ૩૬. તેઓ ત્રિલોકીના રાજા થયા અને બધા દેવતાઓને જીતી લીધા, પણ તેમણે ભગવાન અને પ્રહ્લાદનો જ્યારે દ્રોહ કર્યો ત્યારે તે પહેલા નિર્દોષ હોવા છતાં દૈત્ય થઈ ગયા. આવી તો અપાર વાત છે. પ્રહ્લાદ જન્મથી દૈત્ય હતા, પણ તેણે પ્રભુને સારરૂપ જાણ્યા. તેણે કરીને તે પ્રહ્લાદ પરમ ભક્ત થયા. તેમજ બલિ અને વિભીષણ પણ ભક્ત થયા. ૩૭-૩૯. ચાહે તેવો વિપ્ર હોય તોપણ તે રાવણના જેવો વિદ્વાન આજ સુધી કોઈ કહી શકાતો નથી, પણ જ્યારે તેણે ભગવાનનો દ્રોહ કર્યો ત્યારે તે દૈત્ય કહેવાયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ત્રયોવિંશ પૂરમાં "શ્રીહરિએ વાસુદેવાનંદ વર્ણીને વર્ણી તથા સંતોમાં મોટેરા કર્યા" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ત્રયોવિંશ પૂર સંપૂર્ણ ॥૨૩॥



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રી ભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. વિવેકશતક કથા
૧૫. મૂર્ખશતક કથા
૧૬. કુંડળધામ દર્શન
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ-૧ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. જોઈએ તારો પ્યાર *(કીર્તન દર્શન-૧૧)*
૨૬. ઘનશ્યામ ચાલ *(કીર્તન દર્શન-૧૨)*
૨૭. માધુરી મૂર્તિ-૨
૨૮. મે તેરે બલ જાઉં *(કીર્તન દર્શન-૧૪)*
૨૯. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૩૦. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૩૧. શ્રીસ્વા.સત્સંગ શિબિર-૨૨, ૨૩
૩૨. સાગર કથા પૂર-૧ થી ૨૪

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

VCD

૧. મોક્ષનાં સાધનો
૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)
૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान (कीर्तन दर्शन-३)
५. हे नाथ ! (कीर्तन दर्शन-८)
६. घेर बेठा तीरथ भाग-३
७. आपको पाना है (कीर्तन दर्शन-१३)

3D Animation

૧. લીલાછમ વનમાં... DVD

USB AUDIO

પેનડ્રાઈવ મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

हिन्दी किताबें

संस्कृत प्रकाशन



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા 'સત્સંગ સેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





દેવ સરોવર - જેતલપુરધામ





ISBN 978-93-83456-32-1

